શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી પન્નવણા સૂત્ર - ૨

**ગુરુપ્રાણ આગમ બત્રીસી**

**આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ**
**પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી**

# સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો

सल्लं कामा विसं कामा कामा आसीविसोवमा
कामे य पत्थेमाणा वि अकामा जंति दोग्गइं ॥
उत्त॰ अ॰ ९ गा॰ ५३

કામભોગ શલ્ય રૂપ છે કામભોગ વિષ રૂપ છે કામભોગ ઝેરી નાગ સમાન છે ભોગોની ઇચ્છા કરતા કરતા જીવો તેને પ્રાપ્ત કર્યા સિવાય દુર્ગતિમાં ચાલ્યા જાય છે.

उवलेवो होइ भोगेसु अभोगी नोवलिप्पई
भोगी भमइ संसारे अभोगी विप्पमुच्चइ ॥
उत्त॰ अ॰ २५ गा॰ ४१

ભોગોથી કર્મોનો લેપ (બંધન) થાય છે અભોગી (સંસારમાં બંધનથી) લેપાતો નથી. ભોગી સંસારમાં ભમે છે અભોગી સંસારથી છુટી જાય છે

# આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

## શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી

સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ

સ્થવિર રચિત ઉપાંગ સંજ્ઞક

# શ્રી પન્નવણા સૂત્ર – ૨

પદ : ૬ થી ૨૦

*(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)*

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: અનુવાદિકા :**
પૂ. શ્રી સુધાબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન
PARASDHAM
પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ – ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન – ઈ. સ. ૨૦૦૯

**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ – વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

પ્રાપ્તિ સ્થાન :

www.parasdham.org ★ www.jainaagam.org

૧. મુંબઈ –

**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭
ફોન – ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -

**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ –

**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન – ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા –

**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા – ૩૯૦૦૨૩
ફોન – ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ – ફોન : ૦૭૯–૨૫૬૨૩૮૨૮

અ
ભ
ર્પ
ણ

સૌરાષ્ટ્ર કેસરી
બા. બ્ર. પૂ. ગુરુદેવ
શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

# સમર્પણ

પ્રેમજીભાઈને કુંવરબાઈના, હતા હેમવર્ણી ભાણ,

ડુંગર દરબારે ઉદિત થયા,બન્યા તેજસ્વી ગુરુ ત્રાણ,

આગમ ભાવને કથામાં ઝબોળી, પીરસી ગયા નવરસની લ્હાણ,

અમર્ત્યલોકને મર્ત્યલોકમાં, ગુંજી રહ્યું નામ ગુરુ પ્રાણ.

મારામાં તો કશું નથી જે, અર્પુ તને હું તાત,

પ્રજ્ઞાપના સૂત્રના અનુવાદ કાર્યની,

મારી છે શું વિસાત ?

તારું દીધેલું તને આપવા, હરસી રહી છું ગુરુતાત,

સ્વીકારશો મારી પ્રેમ ભરેલી, કાલી ઘેલી વાત.

- પૂ. મુક્ત - લીલમ - ભારતી સુશિષ્યા
સાધ્વી સુધા

# તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના
# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ*
*ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં*
*ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન



હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર (૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર (ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર (શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય
ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ




શતાદિ સદ્ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પત્રાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોધીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)
## શ્રીમતી ફાલ્ગુનીબેન પરાગભાઈ શાહ.
## માતુશ્રી દમયંતિબેન સુમતિભાઈ શાહ.

રામ- લક્ષ્મણ જેવા સોહામણા, લાગણીશીલ, ઉદારતા આદિ ગુણોથી સંપન્ન એવા પરાગભાઈ અને પરેશભાઈ જેવા સુપુત્રો અને પુત્રવધુ ફાલ્ગુનીબેન અને સોનલબેનથી પોતાના સંસારની પરિતૃપ્તિ અનુભવતા પિતા શ્રી સુમતિભાઈ અને માતુશ્રી દમયંતિબેનની આનંદની સીમા ન હતી.

પણ કુદરતને તેઓનું આ સુખ મંજૂર ન હોય તેમ યુવાન પુત્ર ભાઈશ્રી પરાગ અને નાનકડી પૌત્રીએ દુનિયામાંથી વિદાય લઈ લીધી. યુવાન પુત્રવધુ ફાલ્ગુનીબેન ભયંકર જીવલેણ બિમારીથી ગ્રસ્ત બની ગઈ. તેમના જીવનની આવી હૃદય દ્રાવક ક્ષણોમાં પરિવાર જનોના મન - મગજ શૂન્ય બની ગયા હતાં, તેવા સમયે **પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.** ની સાધના શક્તિના પોઝીટીવ વાઈબ્રેશન્સ્નો આ પરિવારને અનુભવ થયો.

ધીરે ધીરે મૃત્યુના મુખમાં ધકેલાઈ રહેલાં ફાલ્ગુની બહેને સફળ સુકાની એવા ગુરુદેવના હાથમાં જીવનનૈયા સુપ્રત કરી દીધી. ગુરુદેવે ખૂબ જ સુંદર અને સૂક્ષ્મ સમજ આપી ભક્તને ભગવાન બનાવ્યા. શક્તિ, ભક્તિ અર્પણ કરી ફાલ્ગુની બહેનનો સંસાર પ્રત્યેનો અને પોતાના એકને એક વ્હાલસોયા પુત્ર ચિ. સ્વપ્નીલ પરાગશાહ પ્રત્યેનો મોહભાવ છોડાવ્યો.

અંતિમ આલોચના સાધના - આરાધના કરાવી તેમના મુત્યુને સમાધિમરણમાં પરિવર્તિત કરાવ્યું. પરિવારજનોને પોઝીટીવ વાઈબ્રેશન્સ્થી પરિસ્થિતિનો સ્વીકાર કરવાની તાકાત આપી અને ગુરુભક્તિની અનુભૂતિ કરાવી. ''ગુરુ ભક્તિ જીવન તો સુધારે જ છે પણ, મૃત્યુને મહોત્સવ બનાવે છે, આવી સુક્તિને ગુરુદેવે ચરિતાર્થ બનાવી.

ગુરુદેવ પ્રત્યેની શ્રદ્ધા અને સમપર્ણતા આ પરિવારને પ્રેરણા આપતી જ રહી અને પરમ સદ્‌ભાગ્યે અસીમ ઉપકારી પૂ. ગુરુદેવના ૩૯ મા જન્મદિને ફાલ્ગુનીબેનને સમાધિ મરણ અર્પનાર ગુરુચરણે ઉપકારભાવ સમર્પિત કરવા શ્રુતાધાર બન્યા. તેઓશ્રીની ગુરુભક્તિને અમારા ધન્યવાદ.

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય સદ્‌વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે – બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ – બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.નું જીવન દર્શન | 13 | સચિત્ત-અચિત્તાદિ યોનિ | ૮૧ |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.નું જીવન દર્શન | 15 | સંવૃત્ત–વિવૃત્તાદિ યોનિ | ૮૩ |
| પૂ. શ્રી રતિલાલજી મ.સા.નું જીવન દર્શન | 17 | મનુષ્યોની ત્રિવિધ વિશિષ્ટ યોનિઓ | ૮૬ |
| પુનઃ પ્રકાશનના બે બોલ | 19 | **પદ–૧૦ : ચરમ પદ** | |
| પૂર્વ પ્રકાશનના બે બોલ | 21 | પરિચય | ૮૮ |
| અભિગમ | 23 | રત્નપ્રભા આદિમાં ચરમ-અચરમ | ૮૯ |
| સંપાદકીય | 27 | ચરમ આદિ છ વિકલ્પોનું અલ્પબહુત્વ | ૯૨ |
| સંપાદન અનુભવો | 39 | પરમાણુ પુદ્ગલમાં ચરમ આદિ | ૯૮ |
| અનુવાદિકાની કલમે | 42 | ૨૬ ભંગોનું સ્વરૂપ | ૧૦૧ |
| ૩૨ અસ્વાધ્યાય | 46 | દ્વિપ્રદેશી આદિમાં ચરમ આદિ | ૧૦૬ |
| **શાસ્ત્ર પ્રારંભ** | | પાંચ સંસ્થાનોમાં ચરમાદિ | ૧૨૦ |
| **પદ–૬ : વ્યુત્ક્રાંતિ પદ** | | ગતિ આદિ ચરમ-અચરમ | ૧૨૬ |
| પરિચય | ૧ | **પદ–૧૧ : ભાષા પદ** | |
| વિષય સૂચક આઠ દ્વાર | ૨ | પરિચય | ૧૩૩ |
| ઉત્પત્તિ અને મરણનો વિરહકાલ | ૨ | અવધારિણી ભાષા | ૧૩૪ |
| સાંતર નિરંતર ઉત્પત્તિ | ૧૨ | ભાષાના ચાર પ્રકાર | ૧૩૫ |
| એક સમયમાં ઉત્પત્તિ અને મરણની સંખ્યા | ૧૪ | પ્રજ્ઞાપની ભાષાના ઉદાહરણો | ૧૩૬ |
| ૨૪ દંડકના જીવોની આગતિ | ૨૭ | નવજાત બાળક અને પશુની ભાષા | ૧૩૯ |
| ૨૪ દંડકના જીવોની ગતિ (ઉદ્વર્તના) | ૪૧ | એકવચન બહુવચન યુક્ત ભાષા | ૧૪૧ |
| પરભવિક આયુષ્યબંધ કાલ | ૫૪ | ત્રણ લિંગમાં પ્રયુકત થતી ભાષા | ૧૪૨ |
| આકર્ષ અને ષડ્વિધ આયુબંધ | ૫૭ | ભાષા સ્વરૂપ | ૧૪૫ |
| **પદ–૭ : ઉચ્છ્વાસ પદ** | | ભાષાના ભેદ–પ્રભેદ | ૧૪૬ |
| પરિચય | ૬૧ | ભાષક અભાષક જીવો | ૧૫૨ |
| ૨૪ દંડકમાં શ્વાસોશ્વાસ કાલમાન | ૬૨ | જીવોમાં ચાર પ્રકારની ભાષા | ૧૫૪ |
| **પદ–૮ : સંજ્ઞા પદ** | | ગ્રહણ યોગ્ય ભાષા દ્રવ્ય | ૧૫૬ |
| પરિચય | ૭૦ | ભાષા દ્રવ્યોની ગ્રહણ–નિસર્ગ પદ્ધતિ | ૧૬૩ |
| દસ પ્રકારની સંજ્ઞા | ૭૧ | ભાષા દ્રવ્યોના પાંચ પ્રકારે ભેદ | ૧૬૬ |
| ચાર સંજ્ઞાઓનું અલ્પબહુત્વ | ૭૨ | પુદ્ગલ ભેદના પ્રકાર | ૧૬૭ |
| **પદ–૯ : યોનિ પદ** | | ૧૯ દંડકના જીવોમાં ગ્રાહ્ય ભાષા દ્રવ્ય | ૧૬૯ |
| પરિચય | ૭૭ | સત્યાદિ રૂપે ભાષા દ્રવ્ય ગ્રહણ–નિઃસરણ | ૧૭૧ |
| શીત-ઉષ્ણાદિ યોનિ | ૭૮ | વચનના સોળ પ્રકાર | ૧૭૨ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| ચાર ભાષાઓમાં આરાધક-વિરાધક | ૧૭૪ | **પ્રથમ ઉદ્દેશક :** વિષય નિર્દેશ | ૩૪૭ |
| ભાષકોનું અલ્પબહુત્વ | ૧૭૪ | ૨૪ દંડકમાં સમાહારાદિ | ૩૪૮ |
| **પદ–૧૨ : શરીર પદ** | | છ લેશ્યાની અપેક્ષાએ સમાહારાદિ | ૩૫૮ |
| પરિચય | ૧૭૬ | **બીજો ઉદ્દેશક :** ૨૪ દંડકમાં લેશ્યા પ્રકાર | ૩૬૩ |
| ૨૪ દંડકવર્તી જીવોના શરીર | ૧૭૯ | ૨૪ દંડકમાં લેશ્યાનું અલ્પબહુત્વ | ૩૬૬ |
| બદ્ધ-મુક્ત પાંચે ય શરીરની સંખ્યા | ૧૮૦ | લેશ્યા સાથે અલ્પર્દ્ધિક-મહર્દ્ધિક | ૩૮૮ |
| ૨૪ દંડકમાં બદ્ધ-મુક્ત શરીર સંખ્યા | ૧૮૬ | **ત્રીજો ઉદ્દેશક :** ઋજુ સૂત્રનયથી ઉત્પત્તિ-ઉદ્વર્તન | ૩૯૧ |
| **પદ–૧૩ : પરિણામ પદ** | | લેશ્યાની અપેક્ષાએ ઉત્પત્તિ-ઉદ્વર્તન | ૩૯૨ |
| પરિચય | ૨૦૭ | લેશ્યાની અપેક્ષા નૈરયિકોનું અવધિજ્ઞાન | ૩૯૭ |
| જીવ પરિણામના ભેદ–પ્રભેદ | ૨૦૮ | લેશ્યાની અપેક્ષાએ જીવોમાં પાંચ જ્ઞાન | ૪૦૦ |
| ૨૪ દંડકના જીવોમાં પરિણામ | ૨૧૩ | **ચોથો ઉદ્દેશક :** લેશ્યા પરિણમન | ૪૦૩ |
| અજીવ પરિણામના ભેદ–પ્રભેદ | ૨૨૦ | લેશ્યાઓના વર્ણાદિ પંદર દ્વાર | ૪૦૬ |
| **પદ–૧૪ : કષાય પદ** | | પ્રશસ્ત આદિ લેશ્યાઓ | ૪૧૩ |
| પરિચય | ૨૨૫ | લેશ્યાઓના ઉત્કૃષ્ટ ૨૪૩ પરિણામ | ૪૧૪ |
| કષાયના ચાર પ્રકાર | ૨૨૬ | લેશ્યા પ્રદેશ, વર્ગણા આદિ | ૪૧૪ |
| કષાયોનું પ્રતિષ્ઠાન(આધાર) | ૨૨૭ | લેશ્યા સ્થાન : અલ્પબહુત્વ | ૪૧૬ |
| કષાયોત્પત્તિના કારણો | ૨૨૮ | **પાંચમો ઉદ્દેશક :** નારકી દેવોમાં અવસ્થિત લેશ્યા | ૪૨૧ |
| કષાયોના ભેદ-પ્રભેદ | ૨૨૮ | **છટ્ઠો ઉદ્દેશક :** મનુષ્યોના ભેદ-પ્રભેદમાં લેશ્યા | ૪૨૪ |
| કષાય વડે કર્મોપચયાદિ | ૨૨૯ | લેશ્યા અને ગર્ભોત્પત્તિ | ૪૨૬ |
| **પદ–૧૫ : ઇન્દ્રિય પદ** | | **પદ–૧૮ : કાયસ્થિતિ પદ** | |
| **પ્રથમ ઉદ્દેશક :** પરિચય | ૨૩૪ | પરિચય | ૪૨૮ |
| ચોવીસ દ્વારોના આધારે ઇન્દ્રિય વર્ણન | ૨૩૬ | ૨૨ દ્વારોના ૧૯૫ ભેદોની કાયસ્થિતિ | ૪૨૯ |
| **દ્વિતીય ઉદ્દેશક :** પરિચય | ૨૬૯ | **પદ–૧૯ : સમ્યકત્વ પદ** | |
| ઇન્દ્રિયોપચય આદિ દસ દ્વાર | ૨૭૦ | પરિચય | ૪૮૨ |
| અતીતાદિ આઠ દ્રવ્યેન્દ્રિયો | ૨૭૯ | ૨૪ દંડકમાં ત્રણ દૃષ્ટિ | ૪૮૩ |
| અતીતાદિ પાંચ ભાવેન્દ્રિયો | ૩૦૪ | **પદ–૨૦ : અંતક્રિયા પદ** | |
| **પદ–૧૬ : પ્રયોગ પદ** | | પરિચય | ૪૮૬ |
| પરિચય | ૩૧૦ | અનંતર પરંપર અંતક્રિયા | ૪૮૯ |
| પ્રયોગના પંદર પ્રકાર | ૩૧૨ | એક સમયમાં અંતક્રિયા | ૪૯૦ |
| ૨૪ દંડકના જીવોમાં પ્રયોગ | ૩૧૪ | ધર્મ શ્રવણાદિ દસ બોલની પ્રાપ્તિ | ૪૯૨ |
| શાશ્વત-અશાશ્વત પ્રયોગના ભંગ | ૩૧૭ | તીર્થંકર, ચક્રવર્તી આદિ પદની પ્રાપ્તિ | ૫૦૪ |
| ગતિ પ્રપાતના પાંચ પ્રકાર | ૩૩૧ | ૧૪ રત્નોમાં જીવોની ઉત્પત્તિ | ૫૧૦ |
| પ્રયોગ ગતિ આદિના ભેદ-પ્રભેદ | ૩૩૨ | ભવિક દ્રવ્ય દેવ આદિની દેવોત્પત્તિ | ૫૧૧ |
| **પદ–૧૭ : લેશ્યા પદ** | | અસંજ્ઞી આયુષ્ય | ૫૧૫ |
| પરિચય | ૩૪૫ | વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા | ૫૧૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **ચાર્ટ / આકૃતિ સૂચિ** | |
| **પદ–૧૦ :** | |
| લોક અને અલોકના ચરમખંડો | ૯૧ |
| ચરમ–અચરમના ભંગો | ૧૦૧ |
| **પદ–૧૧ :** | |
| ભાષાના પ્રકાર | ૧૫૨ |
| ભાષક–અભાષક જીવો | ૧૫૪ |
| ભાષા દ્રવ્યોનું સાંતર ગ્રહણ | ૧૬૪ |
| કષાયના ચાર પ્રકાર | ૨૩૨ |
| કષાયજન્ય બંધાદિ ક્રિયા | ૨૩૩ |
| વૈમાનિક દેવો : કર્મ નિર્જરા પુદ્ગલ | ૨૫૯ |
| ઈન્દ્રિયોના બે-બે ભેદ | ૨૭૩ |
| ગતિ પ્રપાતના પાંચ પ્રકાર | ૩૪૪ |
| **કોષ્ટક સૂચિ** | |
| **પદ–૬ : વ્યુત્ક્રાંતિ** | |
| ઉત્પત્તિ સંખ્યા અને વિરહકાલ | ૧૧ |
| પ્રસ્તુતમાં વર્ણિત જીવના ૧૧૦ ભેદ | ૨૮ |
| જીવના ૧૧૦ ભેદ આધારિત ગતાગત | ૫૦ |
| જીવના ૫૬૩ ભેદ આધારિત ગતાગત | ૫૧ |
| **પદ–૭ : શ્વાસોશ્વાસ** | |
| ચોવીસ દંડકના જીવોનો શ્વાસોશ્વાસકાલ | ૬૯ |
| **પદ–૮ : સંજ્ઞા** | |
| ચાર ગતિમાં સંજ્ઞાઓનું અલ્પબહુત્વ | ૭૬ |
| **પદ–૯ : યોનિ** | |
| ત્રણ પ્રકારની યોનિઓનું અલ્પબહુત્વ | ૮૫ |
| ૨૪ દંડકના જીવોમાં યોનિ | ૮૫ |
| **પદ–૧૦ : ચરમઅચરમ** | |
| રત્નપ્રભા આદિમાં ચરમ અચરમ | ૯૨ |
| રત્નપ્રભાદિ ૩૪ બોલમાં દ્રવ્યાર્થ અલ્પ૦ | ૯૫ |
| રત્નપ્રભાદિ ૩૪ બોલમાં પ્રદેશાર્થ અલ્પ૦ | ૯૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| રત્નપ્રભાદિ ૩૪ બોલમાં દ્રવ્ય-પ્રદેશાર્થ અલ્પ૦ | ૯૬ |
| અલોકમાં ત્રણે ય અલ્પબહુત્વ | ૯૬ |
| લોકાલોકમાં ત્રણે ય અલ્પબહુત્વ | ૯૮ |
| પરમાણુ આદિમાં ૨૬ ભંગોનું દર્શન | ૧૦૫ |
| પુદ્ગલોમાં ઘટિત ન થતા શૂન્ય ભંગ | ૧૧૭ |
| પરમાણુ આદિમાં ચરમ અચરમ ભંગ | ૧૧૮ |
| પાંચ સંસ્થાનોના ચરમાદિનું અલ્પબહુત્વ | ૧૨૬ |
| **પદ–૧૧ : ભાષા** | |
| ભાષાનું સ્વરૂપ | ૧૪૬ |
| સંસારી જીવોમાં ચાર પ્રકારની ભાષા | ૧૫૬ |
| દ્રવ્યાદિની અપેક્ષાએ ગ્રાહ્ય ભાષા પુદ્ગલો | ૧૬૩ |
| સ્પૃષ્ટાદિ ૧૪ બોલયુક્ત ગ્રાહ્ય ભાષા પુદ્ગલો | ૧૬૩ |
| ભાષા દ્રવ્યોનું ગ્રહણ–નિઃસરણ | ૧૬૪ |
| ભાષા દ્રવ્ય ગ્રહણ સ્વરૂપ (૧૫ દ્વારથી) | ૧૬૬ |
| **પદ–૧૨ : શરીર** | |
| ૨૪ દંડકમાં પાંચ શરીર | ૧૮૦ |
| ઔઘિક બદ્ધ-મુક્ત શરીર | ૧૮૬ |
| પાંચ સ્થાવરના બદ્ધ-મુક્ત શરીર | ૧૯૩ |
| વિકલેન્દ્રિયના બદ્ધ-મુક્ત શરીર | ૧૯૬ |
| તિર્યંચ પંચેન્દ્રિય બદ્ધ-મુક્ત શરીર | ૧૯૭ |
| મનુષ્યોના બદ્ધ-મુક્ત શરીર | ૨૦૧ |
| નારકી દેવતાના બદ્ધ-મુક્ત શરીર | ૨૦૫ |
| **પદ–૧૩ : પરિણામ** | |
| ૧૦ પ્રકારના પરિણામના ૫૦ ભેદ | ૨૧૨ |
| ૨૪ દંડકમાં દસ પરિણામ | ૨૧૯ |
| પુદ્ગલ બંધ સંબંધી નિયમો | ૨૨૩ |
| **પદ–૧૫ : ઈન્દ્રિય** | |
| ઈન્દ્રિયમાં અવગાહના, પ્રદેશની અલ્પબહુત્વ | ૨૪૨ |
| અવગાહના પ્રદેશની સાથે અલ્પબહુત્વ | ૨૪૨ |
| કર્કશ-ગુઢ અને મૃદુ-લઘુ ગુણનું અલ્પબહુત્વ | ૨૪૪ |
| કર્કશ-ગુઢ આદિનું સમ્મિલિત અલ્પબહુત્વ | ૨૪૪ |
| જીવોમાં સ્પર્શેન્દ્રિયના સંસ્થાન | ૨૪૯ |

| વિષય | પૃષ્ટ |
|---|---|
| જીવોની ઈન્દ્રિય વિષય ગ્રહણ શક્તિ | ૨૪૩ |
| ચરમ નિર્જરા પુદ્ગલ જાણવા-જોવા | ૨૫૮ |
| ધર્માસ્તિકાયાદિની ક્ષેત્રો સાથે સ્પર્શના | ૨૬૬ |
| પાંચ ઈન્દ્રિયના નવ દ્વાર | ૨૬૭ |
| પાંચ ઈન્દ્રિયના ૧૦ થી ૨૪ દ્વાર | ૨૬૭ |
| ૨૪ દંડકના પ્રત્યેક જીવની ત્રૈકાલિક દ્રવ્યેન્દ્રિયો | ૨૮૩ |
| ૨૪ દંડકના અનેક જીવોની ત્રૈકાલિક દ્રવ્યેન્દ્રિયો | ૨૮૫ |
| જીવોની પરસ્પર ભૂતકાલીન દ્રવ્યેન્દ્રિયો | ૩૦૨ |
| જીવોની પરસ્પર વર્તમાનકાલીન દ્રવ્યેન્દ્રિયો | ૩૦૨ |
| પ્રત્યેક જીવની ૨૪દંડકમાં ભવિષ્ય૰ દ્રવ્યેન્દ્રિયો | ૩૦૩ |
| અનેક જીવોની ૨૪દંડકમાં ભવિષ્ય૰ દ્રવ્યેન્દ્રિયો | ૩૦૩ |
| ૨૪ દંડકના જીવોમાં દ્રવ્યેન્દ્રિય–ભાવેન્દ્રિય | ૩૦૬ |
| ૨૪ દંડકના પ્રત્યેક જીવની ત્રૈકાલિક ભાવેન્દ્રિયો | ૩૦૬ |
| ૨૪ દંડકના અનેક જીવોની ત્રૈકાલિક ભાવેન્દ્રિયો | ૩૦૮ |
| **પદ–૧૬ : પ્રયોગ** | |
| ૨૪ દંડકમાં પ્રયોગ | ૩૧૬ |
| જીવોમાં પ્રયોગ ભંગ | ૩૩૧ |
| **પદ–૧૭ : લેશ્યા** | |
| ૨૪ દંડકના જીવોમાં આહારાદિ દ્વાર | ૩૫૮ |
| ૨૪ દંડકમાં લેશ્યા | ૩૬૬ |
| સલેશી જીવોનું અલ્પબહુત્વ | ૩૬૭ |
| લેશ્યાની અપેક્ષાએ નારકીઓનું અલ્પબહુત્વ | ૩૬૮ |
| લેશ્યાની અપેક્ષાએ એકેન્દ્રિયોનું અલ્પબહુત્વ | ૩૭૦ |
| લેશ્યાની અપેક્ષાએ તિર્યંચ પંચેન્દ્રિયોનું અલ્પ૰ | ૩૭૬ |
| લેશ્યાની અપેક્ષાએ દેવ-દેવીનું અલ્પબહુત્વ | ૩૭૮ |
| ભવનપતિ વ્યંતર દેવ- દેવીઓનું અલ્પબહુત્વ | ૩૮૦ |
| વૈમાનિક દેવ-દેવીઓનું અલ્પબહુત્વ | ૩૮૨ |
| જીવોમાં લેશ્યાના ૪૬ પ્રકારે અલ્પબહુત્વ | ૩૮૪ |
| સાત નરકમાં લેશ્યા : અવધિજ્ઞાન | ૪૦૦ |
| સલેશી જીવોમાં સંભવિત જ્ઞાન | ૪૦૨ |
| છ લેશ્યામાં વર્ણાદિ દ્વાર | ૪૨૦ |

| વિષય | પૃષ્ટ |
|---|---|
| **પદ–૧૮ : કાયસ્થિતિ** | |
| ૨૨ દ્વારોના ૧૯૫ ભેદ | ૪૨૯ |
| **જીવોની કાયસ્થિતિ** | |
| ગતિની અપેક્ષાએ | ૪૩૪ |
| ઈન્દ્રિયની અપેક્ષાએ | ૪૩૮ |
| છ કાયની અપેક્ષાએ | ૪૪૨ |
| સૂક્ષ્મ બાદર જીવોની અપેક્ષાએ કાયસ્થિતિ | ૪૪૭ |
| યોગની અપેક્ષાએ | ૪૫૦ |
| વેદની અપેક્ષાએ | ૪૫૪ |
| કષાયની અપેક્ષાએ | ૪૫૬ |
| લેશ્યાની અપેક્ષાએ | ૪૫૯ |
| દૃષ્ટિની અપેક્ષાએ | ૪૬૧ |
| જ્ઞાન-અજ્ઞાની અપેક્ષાએ | ૪૬૪ |
| દર્શનની અપેક્ષાએ | ૪૬૬ |
| સંયત આદિની અપેક્ષાએ | ૪૬૮ |
| ઉપયોગની અપેક્ષાએ | ૪૬૮ |
| આહારક-અનાહારકની અપેક્ષાએ | ૪૭૨ |
| ભાષક-અભાષક અપેક્ષાએ | ૪૭૩ |
| પરિત્ત-અપરિત્ત અપેક્ષાએ | ૪૭૫ |
| પર્યાપ્ત-અપર્યાપ્ત અપેક્ષાએ | ૪૭૭ |
| સૂક્ષ્મ બાદરની અપેક્ષાએ | ૪૭૮ |
| સંજ્ઞી-અસંજ્ઞીની અપેક્ષાએ | ૪૭૯ |
| ભવી-અભવીની અપેક્ષાએ | ૪૮૦ |
| ચરમ-અચરમની અપેક્ષાએ | ૪૮૧ |
| **પદ–૧૯ : સમ્યક્ત્વ** | |
| જીવોમાં દૃષ્ટિ | ૪૮૫ |
| **પદ–૨૦ : અંતક્રિયા** | |
| જીવોમાં અંતક્રિયા અને તેનું પ્રમાણ | ૪૯૨ |
| જીવોમાં ધર્મ શ્રવણાદિ ૧૦ બોલ | ૫૦૩ |
| ૨૪દંડકમાંથી આવેલાને ધર્મશ્રવણાદિની પ્રાપ્તિ | ૫૦૩ |
| અસંયત ભવિક દ્રવ્ય દેવ આદિની દેવગતિ | ૫૧૪ |
| જીવને પદવી અને ૧૪ રત્નોની પ્રાપ્તિ | ૫૧૬ |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **નામ** | : શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : માંગરોળ. |
| **પિતાશ્રી** | : ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્ગુરુદેવ** | : પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદ્રષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર. તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજ્જ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું

# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ (સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ', રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદૃષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.


શ્રી ગુરુપ્રાણ પ્રકાશન

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુક્તાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ


શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

## અતિ વિજ્ઞાનની આધારશીલા પ્રજ્ઞાપના :–

આજે આપણે પન્નવણા સૂત્રના પાંચ પદથી આગળના પદો ઉપર દષ્ટિપાત કરી, કંઈક મહત્ત્વપૂર્ણ વાતો કહેવાનો પ્રયાસ કરીશું.

સમગ્ર પન્નવણા સૂત્ર વિશે જે કાંઈક મહિમા પ્રગટ કર્યો છે. તે પ્રથમ ભાગના અભિગમમાં પ્રકાશિત થયો છે. એટલે અહીં તે વિષયને ગૌણ કરી, પન્નવણા સૂત્રના આ પદોમાં ભગવાન મહાવીરની વાણી જે રીતે સંકલિત થઈ છે, તેનું 'હાર્દ' સમજવું વધારે રસપ્રદ કે જ્ઞાનપ્રદ બની રહેશે.

પન્નવણા શાસ્ત્ર ખરેખર ! જ્ઞાન અને વિજ્ઞાનનો બહુ મૂલ્ય ભંડાર છે. જેમાં વિજ્ઞાન અને તેનાથી પણ આગળ વધી અતિ વિજ્ઞાનમાં ડોકીયું કરી શકાય, તેવા ભાવો ભરેલા છે. જૈન શાસ્ત્રની એ પરંપરા છે કે ઘણા બધા પ્રશ્નોની ચૌભંગી, અષ્ટભંગી, નવભંગી કે અનેક ભંગી પ્રદર્શિત કરીને, જ્ઞાનનું ગણિત કરવામાં આવે છે. તેમજ તેની સૂક્ષ્મ વિચારણા દ્વારા યોગને ગણિતાનુયોગ સાથે જોડી પ્રશ્નના બધા પાસાઓને સ્પર્શ કરવામાં આવે છે અને સ્પર્શ કરવા છતાં તેને અથવા પ્રશ્નના ઉત્તરને સ્યાદ્વાદ શૈલીથી કથન કરી, બાકીના અકથ્ય ભાવોને મૂકી દેવામાં આવે છે. ક્યારેક શાસ્ત્રકારે સ્વયં કેટલાક પ્રશ્નોને અવક્તવ્ય કહી, "પ્રશ્નની સીમાથી પરે છે" તેવો ભાવ પ્રરૂપિત કર્યો છે, જેમ કે– એક પરમાણુ વિશે ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે અને તેના ગુણધર્મ વિશે જિજ્ઞાસા કરે છે, ત્યારે ભગવાન સ્વયં અવક્તવ્ય કહી, શબ્દાતીત ભાવોને જણાવે છે.

જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓને માલૂમ છે કે– સપ્તભંગીમાં નિરૂપણની શૈલીને સપ્તભંગી તરીકે ઓળખાવી છે. તેમાં એક ભંગ અર્થાત્ ચોથો ભંગ અવક્તવ્યનો છે. આથી સ્પષ્ટ થાય છે કે– જગતનું સૂક્ષ્મ પરિણમન વાણીથી 'પરે' અવક્તવ્ય રહી જાય છે. પ્રજ્ઞાપના સૂત્રમાં અવક્તવ્યનો અનેક સ્થાને ઉલ્લેખ છે. છઠ્ઠા પદથી લઈ વીસ પદ સુધી જાણે પ્રશ્નોનો એક મોટો પહાડ દષ્ટિગત થાય છે. ઘણા પ્રશ્નો જૈન તત્ત્વજ્ઞાનનો સામાન્ય રીતે સ્પર્શ કરે છે. જ્યારે કેટલાક પ્રશ્નો અટપટા, અતિગંભીર અને આપણે આપણી બુદ્ધિથી બિલકુલ જવાબ ન આપી શકીએ તેવા બહુ જાણવા યોગ્ય અને ઊંડાણથી સમજવા યોગ્ય છે.

અભ્યાસીની બુદ્ધિને જાણે ખંડ ખંડ કોરી કોરીને તેમાં જ્ઞાનના તાણા-વાણાઓ

વણવામાં આવ્યા હોય કે જાણે ''નવ કુંકરીનું ભરત'' ખેલાતું હોય ! તેવો આભાસ થાય છે. ધન્ય છે, પ્રશ્ન કર્તા ગૌતમસ્વામી જેવા મહા તપસ્વી, મહાજ્ઞાનીને અને કરોડો કરોડ વંદન છે ઉત્તરદાતા ભગવાન મહાવીર જેવા તીર્થંકર દેવાધિદેવને ! આખું શાસ્ત્ર પ્રશ્નોત્તર રૂપે છે અને લગભગ બધા પ્રશ્નો ગૌતમ સ્વામી પૂછે છે. તેવી શાસ્ત્રકારે અણમોલ રચના કરી છે. હવે આપણે આ પંદર પદોમાં કેટલાક વિશિષ્ટ ભાવો છે. તેના પર યથામતિ પ્રકાશ પાડશું..

પન્નવણાના આ પદોમાં ગૌતમ સ્વામી ભાષા સંબંધી ઘણા વિવિધતા સભર પ્રશ્નો પૂછે છે. તેમાં જાનવરની, પશુ પંખીઓની ભાષાની પણ ચર્ચા કરે છે અને કઈ ભાષા સત્ય અને કઈ ભાષા મિથ્યા, તેનું ઉંડાણથી વિવેચન કરે છે, જે ઘણું જ રસપ્રદ છે. સાધારણપણે બધા જડ પદાર્થોને ભગવાન નપુંસક લિંગમાં મૂકે છે પરંતુ આ જડ પદાર્થો સ્ત્રીલિંગરૂપે અને પુલ્લિંગ રૂપે વ્યવહારમાં વપરાય છે. ગૌતમ સ્વામી પૂછે છે કે– શું આ ભાષા મિથ્યા નથી ? ઉત્તરમાં પ્રભુ કહે છે કે– હે ગૌતમ ! તે મિથ્યા નથી. આ પ્રશ્નનું તાત્પર્ય એ છે કે શબ્દના આગ્રહી લોકો શબ્દનયનું અવલંબન કરી, કેટલા બધા કુતર્કો પેદા કરી કદાગ્રહને જન્મ આપે છે; પરંતુ જે શબ્દો બોલાય છે, તેના મૂળમાં કયા ભાવો છે, તે ઘણા જ મહત્ત્વપૂર્ણ છે. મીમાંસા દર્શનમાં પણ તાત્પયાર્થને પ્રાધાન્ય આપ્યું છે. પન્નવણાની આ ભાષા તાત્પર્યાર્થને અનુસરે છે અને ભાષાના શબ્દોને મૂકી ભાવો પ્રત્યે લક્ષ દોરે છે.

આગળ ચાલીને એ જ રીતે ભાષાનું મૌલિક સ્વરૂપ, તેનો પ્રભાવ અને તેનું અવલંબન તથા પર્યવસાન, આવા ગૂઢ પ્રશ્નો પૂછ્યા છે, જે દાર્શનિક ક્ષેત્રે ઘણા જ મહત્ત્વપૂર્ણ છે. ભાષાના મૂળમાં જીવ છે, પ્રભવમાં શરીર છે, અવલંબન પુદ્ગલ પરમાણુનું છે અને પર્યવસાન લોકના અંત સુધી જડાયેલું છે. આમ આ પ્રશ્ન ઘણો જ વૈજ્ઞાનિક અને ગૂઢ છે. જોકે સંપાદક મંડળ અને અનુવાદક વિદ્વાનો સમગ્ર શાસ્ત્રનું પદે પદનું વિવેચન કરવાના છે. જેથી આખો પ્રશ્ન લખ્યો નથી પરંતુ અહીં કહેવાનું એક માત્ર પ્રયોજન એ છે કે પાઠકો આ બધા પ્રશ્નોને અવશ્ય વાંચે, વિચારે અને વાગોળે. આખા તળાવમાં ઘણી જાતની લતાઓ અને સામાન્ય વેલાઓ પ્રસરેલા હોય, જ્યારે કેટલાક નમૂનેદાર ઉચ્ચકોટિના કમળો વચ-વચમાં ખીલેલા હોય, તેમ અહીં શાસ્ત્રમાં વિસ્તારપૂર્વક ઘણી સામાન્ય વાતો બાલ જીવોને અનુકૂળ થાય તે રીતે લખેલી હોય પરંતુ વચવચમાં હીરાની કણીઓ, માણેક, મોતી કે રત્નો પણ વિખરાયેલા હોય છે. જેથી વાંચનારાઓએ શાસ્ત્રના અધ્યયન વખતે શ્રદ્ધાપૂર્વક અધ્યયન કરવું જોઈએ. અસ્તુ......

જૈન આગમ અને ખાસ કરીને ભગવતી અને પન્નવણા શાસ્ત્રોમાં જે બોલનું વિવેચન હોય તે બોલને દંડક ઉપર ઉતારી નારકી, દેવ, મનુષ્ય અને તિર્યંચ બધા જીવોને આ બધા બોલ કેટલી માત્રામાં, કેવી રીતે લાગુ પડે છે; તેનું અતિ વિસ્તારથી વર્ણન કર્યું છે. ઉપરાંત આ શાસ્ત્રોની શૈલી એવી છે કે પ્રશ્નકારે જે પ્રશ્ન પૂછ્યો હોય, તેનો ઉત્તર

દેતી વખતે સીધો ઉત્તર ન આપતા, આખા પ્રશ્નનો ફરીથી ઉલ્લેખ કરી, તેનો વિગતથી જવાબ આપે છે અને ઉત્તર પ્રાપ્ત કરી પુનઃ સમગ્ર પ્રશ્નનો ફરી ફરી ઉલ્લેખ કરવામાં આવે છે. આજની શૈલીમાં આ પદ્ધતિ બહુ જ ગ્રાહ્ય ન ગણાય, વાંચનારને ખૂબ લાંબુ લાગે, પરંતુ જે યુગમાં શાસ્ત્રો લખાયા ન હતા અને બધા પાઠો કંઠસ્થ રાખવામાં આવતા, ત્યારે આખાને આખા પાઠ સ્વતઃ જીભ ઉપર ચડે, તે રીતે વારંવાર બોલવાની પદ્ધતિ હતી, પન્નવણામાં પણ આ પદ્ધતિનો ભારોભાર ઉપયોગ કરવામાં આવ્યો છે.

હવે આપણે આ પદોમાં બીજા કેટલાક ઉદાહરણોમાંથી એક-બે નો ઉલ્લેખ કરી વિરામ કરીશું. નારકી વિશે ગૌતમસ્વામી પૂછે છે કે– તેઓ બધા સમાન કર્મવાળા છે કે ઓછા વત્તા કર્મવાળા છે ? બધા નારકી સમાન વર્ણવાળા છે અર્થાત્ બધા કાળા જ છે ? અને એ રીતે સમાન વેદનાવાળા છે ? આ પ્રશ્નનો ઉત્તર જે રીતે અપાયો છે, તે એક મહત્ત્વપૂર્ણ ભાવ પ્રગટ કરે છે. જે નારકીઓ પહેલાથી નરકમાં આવી ગયા છે અને જે નારકીઓ બહુ જ પાછળથી આવ્યા છે તે બંને નારકીઓની અસમાનતાનું કારણ તેનો કર્મભોગ છે અર્થાત્ જે નારકીઓ ઘણા કાળ સુધી નરકમાં રહ્યા. તેના કર્મ ખોખરા થઈ ગયા છે. જ્યારે નવા જે નારકી આવ્યા છે તે ઘણા જ ભારે કર્મી છે, અહીં દાર્શનિક પૃષ્ઠભૂમિનો એ વિલક્ષણ જવાબ મળે છે. સાધારણ રૂપે એમ મનાય છે કે જીવનો ભાવ સાથે સંબંધ છે પરંતુ એકાંતે એવું નથી. જે નારકીઓ માર ખાઈ રહ્યા છે તેના ભાવ લગભગ વિષમ હોય છતાં અશુભકર્મ ભોગની ક્રિયાથી તેના કર્મ જરી જાય છે અને તેમના ભાવો કર્મ બંધનમાં વૃદ્ધિ કરી શકતા નથી. જો શાસ્ત્રકારે આ મહાસત્યનો ઉલ્લેખ ન કર્યો હોત અને કેવળ ભાવને આધારે કર્મબંધ થાય છે, તેવું માન્યું હોત તો નરકમાંથી નારકી બહાર નીકળવાની શક્યતા જ ન ધરાવે, તેવી પરિસ્થિતિ સરજાય જાત.

જીવમાં ત્રણ ક્રિયા ચાલુ રહે છે– (૧) ઉદયમાન કર્મને ભોગવવા અને કર્મના બંધોને ઓછા કરવા. (૨) ભોગવતી વખતે વેદન પરિણામોનો અનુભવ કરવો અને (૩) વેદન પરિણામ વખતે સમભાવ કે વિષમભાવ જળવાઈ રહે. આમ સમભાવે કર્મો ભોગવાય, તો નિર્જરા થાય, તે તો હકીકત છે જ, પરંતુ ક્યારેક વિષમભાવે પણ ઉદયમાન કર્મોની વેદનાથી કર્મબંધો હલકા થાય છે અને જીવ લઘુકર્મી બને છે. આ વિષમ ભાવો વિષમ હોવા છતાં ક્રિયાત્મક ન હોવાથી નૈરયિકો પુનઃ નરકગતિનો બંધ કરી શકતા નથી. તેથી જ નારકી જીવો હલકા ફૂલ થઈને પુનઃ તિર્યંચ કે મનુષ્યની ગતિમાં પહોંચી જાય છે. અહીં ભગવાને કેટલી બધી મહત્ત્વપૂર્ણ વાત કરી છે. જે લોકો ફક્ત પરિણામવાદી બની જૈન દર્શનને ક્રિયાવાદથી અલગ કરી, ફક્ત પરિણામોને જ મહત્ત્વ આપે છે. તેઓ એકાંતવાદી છે; તેમ સમજવું જોઈએ. સાથે સાથે નારકી સમાન વર્ણ- વાળા નથી, તેનો જવાબ પણ પ્રભુએ આ જ રીતે આપ્યો છે. હે ગૌતમ ! જે નારકીઓ નરકમાં નવા આવ્યા છે તે ખૂબ જ કાળા હોય છે પરંતુ ઉત્તરોત્તર ઘણો કાળ વ્યતીત થયા પછી નરકમાં લાંબુ આયુષ્ય ભોગવ્યા

પછી ઘણી કાળાશમાં પરિવર્તન કરી, ઉજળા જેવા થઈ જાય છે. આ પ્રશ્ન પણ ઘણો જ મહત્ત્વપૂર્ણ છે. જીવના ભાવ જીવનની વર્તમાન કાલિક ક્રિયાઓ, વર્તમાન કાલિક સંજોગો, તેના દેહ ઉપર, દેહના અંગોપાંગ ઉપર, દેહના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ પૌદ્ગલિક ભાવો ઉપર પણ ઘણો જ પ્રભાવ પાડે છે; આ તો એક જ પ્રશ્ન છે, પણ આ પ્રશ્નના આધારે સમગ્ર જૈન દાર્શનિક થીયરી સ્પષ્ટ થાય છે અને શરીરના કે બીજા સંયોગના સંબંધો ઉપર પણ તેમનું સમગ્ર વર્તમાન જીવન અને તેની પ્રણાલી પર ઊંડો પ્રભાવ પાથરે છે. અસ્તુ...

અહીં આપણે આ બે જ વાત કરી. આવા તો સેંકડો વિષય શાસ્ત્રમાં સંકલિત છે. જે ઊંડા અને ગૂઢ રહસ્યોથી ભરેલા છે.

આટલું લખ્યા પછી આગળના પ્રજ્ઞાપનાના ૨૦ પદો ઉપર પણ દષ્ટિપાત કરીએ તો અનેક અનેક ઉદાહરણો મનને સ્પર્શી જાય છે. એટલું જ નહીં પણ જોરદાર પ્રવાહથી વહેતી નદી આડા અવળા વળાંક લેતી બધા કિનારાઓને સ્પર્શ કરતી, ઊંડી, છીછરી બનતી અને ક્યારેક તો ધોધ રૂપે પણ ઉપરથી નીચે પડતી હોય છે, એવી જ રીતે આ બધા પદોમાં જ્ઞાનનો ધોધ અને જ્ઞાનની ગંગા ગુણાત્મક રીતે મહત્ત્વ ધરાવતી છલોછલ જાણ્યે જ્ઞાનથી ઉભરાઈ રહી છે. તેથી ઉદાહરણને વિશેષ પ્રસ્તુત ન કરતા પ્રજ્ઞાપનાના અતિવિજ્ઞાનનો ઉલ્લેખ સમાપ્ત કરીશું. ભાષા વિશે કહેવાનું જરૂર મન થાય છે કે ભાષા પદમાં મનુષ્યની ભાષા, પશુપંખીની ભાષા, ભાષાનું મૂળ, ભાષાનો પ્રભાવ અને છેવટે લોકાંત સુધી પહોંચીને સમગ્ર વિશ્વમાં ફરીને પર્યવસાન પામે છે; આ બધો મહત્વપૂર્ણ ઉપદેશ જૈન દર્શનની વિરાટ દષ્ટિની કલ્પના આપે છે. ખરેખર ! તો જૈન કોઈ એક સંપ્રદાય નથી, પરંતુ તે કાળ વિશે બ્રહ્માંડ અને વિશ્વનું ગણિતબદ્ધ સમગ્ર જ્ઞાનકોશ છે. આચારકાંડને કારણે અને સ્યાદ્વાદની મર્યાદાનું ઉલ્લંઘન થવાથી જૈનદર્શન, જૈન સંપ્રદાયમાં કારાગૃહ રૂપે પુરાઈ ગયું અને વિતંડાવાદની પણ વર્તમાન સમયમાં અવસ્થાઓ જોવામાં આવે છે. સંપ્રદાયવાદથી થોડા દૂર રહી વ્યાપક દષ્ટિએ જૈનદર્શનનું અધ્યયન કરવામાં આવે અને ખાસ કરીને આ આગમ વિશ્વની જનતા સમક્ષ મૂકવામાં આવે. જે આજે 'પ્રાણગુરુ આગમ પ્રકાશન' સંસ્થાના માધ્યમથી અને વિદ્વાન મહાસતીજીઓના ભગીરથ પ્રયત્નથી રાત દિવસના બેજોડ જ્ઞાનશ્રમથી ઓછામાં ઓછા ગુજરાતની જનતા સામે મૂકાઈ રહ્યા છે. આશા છે કે સમય પાકશે ત્યારે વિશ્વ ભાષામાં આ આગમો અંકિત થઈને શાયદ વિજ્ઞાનને પણ એક નવી દિશા આપે અને સાથે સાથે અહિંસાના પ્રભાવથી માનવજાતિને સુરક્ષિત કરે. અસ્તુ....

હવે આપણે આ લેખ અહીં પૂરો કરી, લખવાની ઘણી શક્યતા હોવા છતાં અહીં વિરામ પામીએ છીએ, ઓછું અધિક કે કાંઈ વિશેષ કહેવાયું હોય, તો અરિહંત સાક્ષીથી ક્ષમાપ્રાર્થી છીએ. આનંદ મંગલમ્....

**જયંતિમુનિ**
**પેટરબાર**

# સંપાદકીય

**અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની**
**બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.**

**આદિ પ્રભુને સમરી ઇન્દ્રિય જીતી અજીત બનું; જ્ઞાન સંભવે આત્મ અભિનંદને સુમતિ–હૃદય પદ્મે ધરું,**
**સંયમ સુપાર્શ્વ, ચિત્ત ચંદ્ર સમ, સુવિધિપૂર્વક; શીતલ બનાવીને શ્રેયાંસના ભાવ વાસુપૂજ્યમય કરું,**
**જાતિ વિમલ, અનંત ધ્રુવ ધર્મ શાંતિમાં રહી; કર્મ કુન્થુ સમ નાશ કરી, અરનાથ મલ્લિની સુગંધ ભરું,**
**મુનિસુવ્રત ધારી નેમિને નમી નેમ પારસ સમ પાળી; પરમ પ્રાણ પ્રજ્ઞા એ સમાધિ વરું.**

પ્રિયપાઠક સાધકગણ, આગમ જિજ્ઞાસુ વર્ગ !

આપની સમક્ષ પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરીને પ્રજ્ઞાપના સૂત્ર ભાગ –ર પ્રકાશિત કરી રહ્યા છીએ તેનો અમને અત્યંત આનંદ છે. પ્રથમ ભાગ આપના કરકમળમાં આવી ગયો હશે ? તેનું સંપાદકીય વાંચીને વિગતથી વાકેફ થયા હશો ?

સંપાદિકાનો ઉપયોગ રૂપ રાજહંસ સ્યાદ્વાદ સરોવરના કિનારે રહેલા અજાયબ ઘરની મહાવ્રત મઢૂલીમાંથી પાંચ મુક્તાફલ લાવીને ૪૭૦ પાનાનું અનુપાન કરી મસ્ત બનતો કલહંસ બની ગયો. તે ઉપયોગ રૂપ કલહંસ આજે આપ સમક્ષ પંદર નવા મુક્તાફલ મહાવ્રતની મઢૂલીમાંથી લાવીને ચેતના બહેન પાસે બેસીને વિજ્ઞપ્તિ કરે છે. કહો બહેન ! આ મુક્તાફલનું રસાસ્વાદવાળુ રસયાણ કેવું હશે ? તેને મારી ચાંચ દ્વારા હું ખોલું છું. તેના રસપાનથી મને શ્રુતજ્ઞાનની અપૂર્વ સ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે. જેથી તમારી પાસે વાંચના લેવા ઈચ્છું છું.

ચેતના બહેન કહે, સૂણો વહાલા મારા વીરા કલહંસ ! તમે તો કલશોર કરી રહ્યા છો મુક્તાફલ ખોલો એટલે તેમાંથી તમને શ્રુતજ્ઞાનની છઠ્ઠા પદની લિપિ વંચાવું. **છઠ્ઠું પદ વ્યુત્ક્રાંતિ. કલહંસ–** હા, બહેન છઠ્ઠું આ મુક્તાફલ, એ ખોલ્યું જુઓ લિપિ દેખાણી. **ચેતના બહેન–** જો હંસ, તેમાં લખ્યુ છે. **વ્યુત્ક્રાંતિ** તેનો અક્ષરશઃ અર્થ સમજી લે–

**વ્ય**તીત થઈ ગયેલો કાળ પાછો આવતો નથી !

**યુ**ગ વિત્યા તોયે ચેતના જાગૃત પૂર્ણ થઈ નથી !

**ત્ય**જ મમતા, ભજ સમતા તો જ પૂર્ણ થવાશે !

**ક્રાં**તિ શુદ્ધિકરણમાં કરતાં, અશુદ્ધિનો વિશાન થાય છે !

**તિ**ન્નાણં તારયાણં બનવા સાચું તીર્થ બનવું પડે છે.

સાંભળ હંસવીરા ! આ વ્યુત્ક્રાંતિ રૂપ મુક્તાફલમાં જીવોની ગતિ-આગતિના કર્મ સ્પર્ધકો ભર્યા છે. જીવ ચારે ય ગતિના જીવોમાંથી નીકળે તેને ઉદ્વર્તના કહેવાય અને જ્યાં

ઉત્પન્ન થાય તેને ઉપપાત કહેવાય. એનું બીજું નામ ગતાગતિ પણ કહેવાય છે. ઉત્પન્ન થઈને ત્યાં રહીને ક્યારે તે નીકળ્યો અને નીકળ્યા પછી ત્યાં ક્યારે પાછો ઉત્પન્ન થાય છે, તેના સમયનું માપ, તેને વિરહકાળ કહેવામાં આવે છે. વિરહકાલ બે પ્રકારે છે. (૧) ઉપપાત વિરહકાલ (૨) ઉદ્વર્તના વિરહકાલ. જેમ કે પ્રથમ નરકમાં વિરહકાલ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ચોવીસ મુંહૂર્તનો છે. ચાર ગતિની અપેક્ષાએ જીવોનો વિરહકાલ બાર મુંહૂર્તનો હોય છે. આવી અનેક અપેક્ષાએ સમજણ આપી છે.

જીવને ઉત્પન્ન થવાની કતાર સતત ચાલે છે, કે પછી અંતર પડે છે. તેનું ગણિત એકેન્દ્રિયમાંથી માંડી પંચેન્દ્રિય સુધીના ચોવીસ દંડકના ભેદથી સમજાવ્યું છે. એકેન્દ્રિયમાં ક્યારેય અંતર પડતું નથી. તે જીવો સતત જીવો ઉત્પન્ન થયા જ કરે છે તેથી તેને નિરંતર ઉત્પન્ન થવાનું દર્શાવ્યું છે. બાકીનાં જીવોમાં અંતર પડે છે તેથી તેને સાંતર શબ્દથી દર્શાવ્યું છે. જીવ ક્યાંથી આવે છે ને આવવા માટે જીવ આયુષ્યનો બંધ પાડે છે. આયુષ્યની મૂડી ગ્રહણ કરવા તેમને જગતમાંથી આયુષ્ય કર્મના દલિકો ગ્રહણ કરવા પડે છે. તે ગ્રહણ કરવાની રીત કેવી છે? ખેંચવામાં પુરુષાર્થ કેટલા પ્રમાણમાં કરવો પડે છે?ને ખેંચવાની પદ્ધત્તિને 'આકર્ષ' શબ્દ આપીને સમજાવ્યું છે. તેનું વર્ણન સોપક્રમ આયુષ્ય, નિરુપક્રમ આયુષ્યના ભાંગા સહિત જીવ કેમ પુરું કરે છે, તે વાત આ મુક્તાફલમાંથી પ્રાપ્ત થશે માટે હે હંસ! તું તેનો ઉપયોગ કરી તારી જિજ્ઞાસારૂપી ક્ષુધાને શાંત કરજે અને સિદ્ધગતિમાં જવાય તેવો પુરુષાર્થ કરજે. આ સાંભળી હંસ ખુશ થયો અને સાતમું મુક્તાફળ ખોલ્યું. **સાતમું પદ : ઉચ્છ્વાસ.** આ સાતમા મુક્તાફલમાં સંસારી જીવોનાં શ્વાસોશ્વાસના કાળની ચર્ચા છે. ઉચ્છ્વાસનો અક્ષરશઃ અર્થ સમજી લે–

**ઉ**પાયો શાસ્ત્ર યોગમાં ભર્યા છે તેમાં લઈ ઉપચાર કરો!

**ચ્યુ**ત થઈ જાય ધર્મથી તો જીવ સંસારમાં રઝળે છે!

**છ**ત્રાતિ છત્ર ધારક તીર્થંકરના માર્ગને અનુસર ભાઈ!

**વા**ટ લાંબી છે તેને ઘટાડવી હોય તો સોહમ્‌ને શોધ!

**સ**હયોગ! અણારંભી પુણ્ય મિત્રનો લઈ શુદ્ધ બુદ્ધ બની જા!

ઉચ્છ્વાસ માત્રમાં મોક્ષ સાધી શકે તેવી શક્તિ તું ધરાવે છે. માટે શ્વાસોશ્વાસ વર્ગણામાં પુદ્‌ગલો લેતા છોડતા સ્વરૂપને સાંભળ. આ પદમાં ૨૪ દંડકના જીવો કેવી રીતે કેટલા સમયે શ્વાસ લે છે અને છોડે છે, તેનું ગણિત દર્શાવ્યું છે.

આચાર્ય મલયગિરિએ લખ્યું છે કે જેટલી દુઃખની માત્રા વધારે તેટલા શ્વાસોશ્વાસ અધિક લેવાય છે. અત્યંત દુઃખી જીવોમાં નિરંતર શ્વાસોશ્વાસની પ્રક્રિયા ચાલુ હોય છે. જેમ કે– (૧) નારકી દુઃખી છે જેથી તેના શ્વાસોશ્વાસ લુહારની ધમણની જેમ ચાલે છે. (૨) જ્યાં સુખની માત્રા વધે છે ત્યાં શ્વાસોશ્વાસ લાંબા સમયે લેવાય છે. જેમ કે દેવલોકના દેવો. શ્વાસોશ્વાસની ક્રિયા પણ દુઃખરૂપ છે કારણ કે તે સુખરૂપ ભાવપ્રાણનો વિકાર વિભાવ છે.

દેવોમાં જેટલી સ્થિતિ લાંબી છે તેટલા પખવાડીયે શ્વાસોશ્વાસની ક્રિયા થાય છે ઇત્યાદિ.

આ પદના મુક્તાફલમાં કોણ કેવા પ્રકારે શ્વાસોશ્વાસ લે છે તેનું નિરૂપણ છે. હંસે કહ્યું– વાહ બહેન વાહ ! આપણે હવે કષાયો ઓછા કરીએ, જેથી દુઃખ જ આવે નહીં અને લાંબા દીર્ઘ શ્વાસોશ્વાસ લેશું, તેવા સારા કાર્ય કરવાનો સંયમ પાળશું અને તેમાં રહીને સહજ સ્વરૂપને ભજશું. એમ કહીને આઠમું મુક્તાફલ ખોલ્યું.

આઠમાં મુક્તાફલને ખોલેલું જોઈને બહેન ચેતના બોલ્યા જો ભાઈ આમાં લખ્યું છે **આઠમું પદ સંજ્ઞા.** તેનો અક્ષરશઃ અર્થ આ પ્રમાણે થાય છે–

**સં**વેગી બન તો અનુત્તર એવા વીતરાગ ધર્મને પામીશ.

**જ્ઞા**ની પુરુષો કદિ કદાગ્રહી હોતા નથી. એમ જાણ.

**સંજ્ઞાનો અર્થ :** જિવિષા, જીવિતાશાને પ્રાપ્ત કરવાનું જાણપણું તેનું નામ સંજ્ઞા. અર્થાત્ પ્રાપ્ત થયેલા શરીરને ટકાવવા માટે આહારાદિ લેવાનું જ્ઞાન, તેનું માપ સંજ્ઞા. આ પદમાં સંજ્ઞાનાં સંબંધમાં જ્ઞાની પુરુષોનું ઊંડાણ ભર્યું ચિંતન છે. સંજ્ઞાની પાછળ વિભાવભાવ કેટલો કામ કરે છે તે વાત ભેદ-પ્રભેદથી સમજાવી છે અને સંજ્ઞાના દસ ભેદ દર્શાવ્યા છે. ક્રોધ સંજ્ઞા, માન, માયા, લોભ, આહાર, ભય, મૈથુન, પરિગ્રહ ઓઘ અને લોક સંજ્ઞા.

મૂળ જ્ઞાનીની સંજ્ઞા તો આત્મ સ્વરૂપના અનુભવને માણવાની હોય છે. પરંતુ સંસારી જીવો પૌદ્ગલિક ભાવોમાં રમતા હોવાથી પ્રાયઃ ઓઘ અને લોક સંજ્ઞામાં બંધાયેલા રહે છે. તે કાર્ય પુરું ન થતાં ક્રોધાદિ સંજ્ઞાનો પરિવાર ઊભો થાય છે.

જ્ઞાની પુરુષોએ ચોવીસ દંડકોના જીવોમાં સંજ્ઞાનું અલ્પબહુત્વ દર્શાવી ચોખ્ખો હિસાબ કરી સરવૈયું કાઢી આપણને કહ્યું કે નારકોમાં ભય સંજ્ઞા ઘણી, તિર્યંચમાં આહાર સંજ્ઞા ઘણી, મનુષ્યમાં મૈથુનસંજ્ઞા ઘણી અને દેવમાં પરિગ્રહ સંજ્ઞા ઘણી હોય છે.

તે સંજ્ઞા ટાળી મનુષ્યનાં ભવમાં જ સંજ્ઞાતીત થવાય છે. માટે તું ભાઈ સર્વવિરતિપણામાં સંજ્ઞાતીત થવાનો પુરુષાર્થ કર અને આ મુક્તાફલનો સ્વાદ લે.

બહેનીની વાત સાંભળી ઉત્સુકતા ભરેલા કલહંસે નવમું મુક્તાફલ ખોલ્યું, ચેતના બહેને કહ્યું આ **નવમું પદ યોનિ** નામનું મુક્તાફલ છે. સંજ્ઞા જીવને ઉત્પન્ન થવાની જગ્યાએ લઈ જાય છે. યોનિનો અક્ષરશઃ અર્થ આ પ્રમાણે છે–

**યો**ગાતીત બન્યા વિના ઉત્પત્તિ ટળતી નથી. !

**નિ**ર્મળ ભાવ કર્યા વિના યોગાતીત થવાતું નથી !

જીવ જે જગ્યાએ ઉત્પન્ન થાય ત્યાં ઔદારિક આદિ શરીર બનાવવા માટે પ્રથમ આહાર ગ્રહણ કરે છે, એ ઉત્પત્તિ સ્થાનને યોનિ કહે છે.

તે ઉત્પન્ન થવાની જગ્યા નવ પ્રકારે વર્ણવી છે. જેમ કે– શીત, ઉષ્ણ, શીતોષ્ણ. સંવૃત્ત, વિવૃત્ત અને સંવૃત્ત-વિવૃત્ત. સચિત્ત, અચિત્ત અને મિશ્ર. આ નવ પ્રકારની જગ્યામાંથી

જીવ તૈજસ-કાર્મણ શરીરની મૂડી લઈને આવે છે ને તે જગ્યાના પુદ્‌ગલો ગ્રહણ કરીને ઔદારિકાદિ શરીરનું નિર્માણ કરે છે. તે જગ્યા ૨૪ દંડકના જીવોને કેવા પ્રકારની મળે છે તેનું પુરું ગણિત આ પદના મુક્તાફલમાં છે. તેને વિચારીશ તો ખ્યાલમાં બેસી જાય તેવી વાત છે.

આ નવ પ્રકારની યોનિ સમસ્ત જીવો માટે છે. એક વિશિષ્ટ વાત એ છે કે મનુષ્યોમાં તીર્થંકરાદિ શ્લાઘનીય પુરુષો જે જન્મ ધારણ કરે છે. તેની માતાની યોનિનો આકાર કેવો હોય છે તેના પણ ત્રણ પ્રકાર આ મુક્તાફલમાં દર્શાવ્યા છે.

**કૂર્મોન્નતા યોનિ–** તીર્થંકર ઉત્તમ પુરુષોની માતાની યોનિનો આકાર કૂર્મોન્નતા જેવો હોય છે. **શંખાવર્ત યોનિ–** ચક્રવર્તીની સ્ત્રીરત્નની યોનિનો આકાર શંખના આવર્તન જેવો હોય છે. તેમાં જીવ જન્મ ધારણ કરે છે પણ વિકાસ પામીને ગર્ભમાંથી બહાર આવતા નથી. તેમાં જ મૃત્યુ પામે છે. **વંશીપત્રા યોનિ–** સર્વ સાધારણ મનુષ્યોને જન્મ લેવાનો યોનિનો આકાર વાંસ પત્ર સમાન હોય છે. આ રીતે જીવને વિવિધ સ્થાનમાં જન્મ ધારણ કરવા પડે છે. જો તેમાં જન્મ ન લેવો હોય, તો વાસનાને તપથી બાળી નાંખવી જોઈએ.

આ વાત સાંભળી કલહંસ થોડીવાર વિચારમાં ડૂબી ગયો. પછી જાગૃત થઈ ચેતના બહેન પાસે વિનમ્ર બની દસમું મુક્તાફલ ખોલીને લાવ્યો. **દસમું પદ ચરમાચરમ.** ચેતના બોલી– વાંચ અક્ષરશઃ ભાઈ ! જો–

**ચ**ક્રરાવો ચાર ગતિનો અટકાવતા શીખો !

**ર**તિ આદિ દુર્ભાવો કોઈ જગ્યાએ ના કરો !

**મા**હણો–માહણોનો સિદ્ધાંત અપનાવો!

**ચ**ણતર એવું કરો કે ચારિત્ર યથાખ્યાત બને !

**ર**ણસંગ્રામ કર્મ સાથે ખેલો જેથી આચરણ શુદ્ધ બને !

**મ**હત્ પુરુષનાં પંથમાં વિચરણ કરતો તું થઈ જા !

જો ભાઈ, ચરમ દ્રવ્ય, ક્ષેત્ર,કાળ,ભાવ,ભવથી બનીશ નહીં તો અચરમમાં ભવભ્રમણ ચાલુ જ રહેશે અને ચરમ બની જઈશ તો ક્યારે ય ચરમાચરમ કરવું નહીં જ પડે.

આ મુક્તાફલમાં ખૂબ-ખૂબ રસાયણ ભર્યું છે. ચિત્તની એકાગ્રતા અર્થે કરી નકશો ગોઠવવો પડે છે, માટે તું તેમાં સ્થિર થઈને નરકથી લઈ અનુત્તર વિમાન સુધીનાં ક્ષેત્રો કેવી રીતે ચરમ ભાગવાળા કહેવાય ? કોની અપેક્ષાએ કહેવાય ? ચરમાંત પ્રદેશવાળા કે અચરમાંત પ્રદેશવાળા કે મધ્યમ કહેવાય ? તેની અનેક દષ્ટિથી વિચારણા જ્ઞાની પુરુષોએ દર્શાવી છે. તેને ખોલીને સ્વાદ માણજે. ૨૬ ભાંગા ક્યાં લાગે છે, તેનો વિચાર વિનિમય કરજે. તારી બુદ્ધિ ઉપર છોડું છું. તેમાં તેના નકશાનાં ચિત્રો આપ્યા છે. માટે પરમાણુ-પરમાણુ એ ચરમઅચરમના ભાવો વિચારી લેજે.

મારા કલહંસે દસમા પદ ઉપર ઘણો વિચાર કરીને અગિયારમું અજાયબી ભરેલું

મુક્તાફલ ખોલીને હવે તે ચબરાક બની ગયો હતો. તેના ભાવ જેવા જિજ્ઞાસુવૃત્તિ ઉત્સાહિત કરીને ચેતના બહેન પાસે આવ્યો ચેતના બહેને આવકાર્યો અને કહ્યું– **અગિયારમું પદ ભાષા.**, નામનું મુક્તાફળ છે તેનો અક્ષરશઃ અર્થ આ રીતે છે–

**ભા**મંડળ નિર્મળ તેજસ્વી બનાવવા ઉર્જા ઊંચે ઉઠાવો !

**ષા**ણ માસિક તાલિમ દરેક કાર્યમાં કુશળ બનવા માટે ઓછામાં ઓછી લેવી જોઈએ.

ભાષાના સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર વગેરે અનેક ભેદ છે. વિચારોનું વાહન તે ભાષા છે. ભાષા ક્યાંથી નીકળે છે ? ક્યાં પૂર્ણ થાય છે ? કેટલા સ્થાનમાં ફેલાય છે ? તેના આકાર, વર્ણ, રસ, સ્પર્શ કેવા પ્રકારનાં છે ? તેને બોલવામાં શ્રુતજ્ઞાન કેમ પ્રગટ કરાય છે ? કોણ કેટલા પ્રકારે બોલી શકે છે ? વીતરાગે ધ્વનિ-વિજ્ઞાન વગેરે ઠસોઠસ આ મુક્તાફલની અજાયબીમાં ભરી દીધું છે.

ભારતીય દર્શન તેને આકાશનો ગુણ માને છે. પરંતુ જૈન દર્શને ઘટસ્ફોટ કરીને પુદ્ગલનો ગુણ સાબિત કર્યો છે. ભાષા વર્ગણા શબ્દથી અભિન્ન છે. તેને સાંભળવાથી શ્રોતાને કેવો સ્પર્શ થાય છે. તેની તલસ્પર્શી વાત આ મુક્તાફલમાં દર્શાવી છે. તેનો પ્રયોગ તારે પોતાને જ કરવો પડશે. આખરમાં જીવનો ગુણ કે આકાશાદિનો ગુણ ભાષા શબ્દ નથી પણ પૌદ્ગલિક ભાવ છે, તેથી અભાષક બનવું જ રહ્યું. કેવળજ્ઞાન પ્રગટ થયા પછી અજોગી અવસ્થામાં જ વાસ્તવિક અભાષક બનાય છે. માટે આ ઉપયોગ રાખજે અને ભાષાનો વિવેક કેળવી, અભાષક બનવાની કોશીષ કરજે.

મારા કલહંસે ચેતના બહેન સામે મસ્તક નમાવી દીધું અને બારમાં મુક્તાફલની અજાયબી બહાર દર્શાવી અને ચેતના બહેન પાસે આતુર ભર્યા નયને જોઈ રહ્યો. ચેતના બહેન સમજી ગયા અને કહ્યું જો. લિપિ વાંચ **બારમું શરીર પદ** એનું નામ છે, આ પદનો અક્ષરશઃ અર્થ છે–

**શ**રીર ભવધારણીય સાથે આવતું નથી !

**રી**ત અનાદિની એ જ છે કે મારું માનેલું અહીં જ રહે છે !

**ર**ત્નત્રયની આરાધના એવમ્ કર્મબંધન સાથે આવે છે !

અહો...! વીરા કલહંસ ! શરીર પાંચ છે. તેમાં પ્રથમ ઔદારિક શરીર છે. તે મળમૂત્રથી ભરેલું છે. છતાં એ કર્મભૂમિના મનુષ્યને મળેલા ઔદારિક શરીર દ્વારા મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. તેથી તેને વખાણ્યું છે. સર્વ સંસારી જીવો સશરીરી છે. ઔદારિક શરીર તિર્યંચ અને મનુષ્યગતિમાં મળે છે. વૈક્રિય શરીર દેવ, નારકીને મળે છે. આહારક શરીર લબ્ધિધારી મુનિરાજને મળે છે, આ ત્રણ શરીર અવયવ અને ઈન્દ્રિયવાળા હોવાથી બહાર નજરે પડે છે. તેના મૂળમાં બે કારણરૂપ શરીર પડ્યા છે. જેનું નામ તૈજસ અને કાર્મણ શરીર છે. તૈજસ શરીર ઔદારિક સાથે રહે છે. આહારની પાચન ક્રિયાનું રસ રક્ત ધાતુ આદિનું

નિર્માણ સંચાલન વગેરે કરે છે અને કાર્મણ શરીર કર્મનો સ્ટોક ભેગો કરે છે. વિભાજન કરી આઠ કર્મના રૂપમાં સંગ્રહ કરે છે. તે સ્ટોકને વાપરે, તેને ઉદય કહે છે. તે પ્રમાણે ઔદારિક શરીર મેળવે છે. તે ફળ રૂપે પ્રગટ થાય છે. ફળ ભોગવાય જાય એટલે આ શરીર ખાલી કરી દેવાય, તેને મુક્કેલગ કહેવાય છે અને શરીરાદિ બાંધવામાં આવે તેને બદ્ધેલક કહેવાય છે. આવા બંગલા જીવે કેટલા બાંધ્યા ? કેટલા છોડ્યા ? તેનું વર્ણન આ પદમાં છે.

તું શાંતિથી વિચારીશ તો ખ્યાલ આવશે જીવની તાકાત કેટલી? જીવ કેટલી ઝડપથી શરીર બાંધે છે અને તે કયારે છૂટે છે, એકેન્દ્રિયથી માંડી ૨૪ દંડકના જીવોની કામગિરી કેવી બેનમૂન છે, તે તને જાણવા મળશે. અસ્તુ ! આપણે આમાંથી છૂટવું હોય તો કાયાની માયા છોડવા કાયોત્સર્ગતપને અપનાવવો જોઈએ. તો જ દેહાતીત દશા સાંપડે.

આ વાત કહી બહેન ચેતના સ્થંભી. કલહંસને જોવા લાગી. કલહંસ આત્મભાવમાં ડૂબકી લગાવી રહ્યો હતો; તેમણે કીધું આવો થાક લાગે તેવા ભવ મારે કરવા નથી. માટે પ્રભુ પાસે એટલું જ માંગુ છું. પ્રભુ મારી જલ્દી દેહાતીત દશા પ્રગટો. આવી ભાવના ભાવી પછી ઊભો થઈને તેરમું મુક્તાફલ લઈ આવીને ખોલ્યું. **તેરમું પદ પરિણામ.**

મુક્તાફલ ખોલીને જિજ્ઞાસાયુક્ત ચેતના બહેન પાસે ફરી આ શું છે ? કર્મનો સ્ટોક કેમ બનતો હશે ? તેનો ઈલાજ કેવો હશે ? દેહાતીત દશા કેમ કેળવવી ? આવા પ્રશ્નો કર્યા. ત્યાં જ ચેતના બોલી.

જો....જો....વહાલા હંસ વીરા....! આ તારા બધા પ્રશ્નના જવાબ આ પદમાં છે વાંચજો શું લખ્યું છે ? હવે લિપિ વાંચતા આવડી ગઈ છે. કલશોર કરતો મારો કલહંસ બોલી ઊઠ્યો **પરિણામ પદ**. ચેતના એ કહ્યું સૃષ્ટિનું સર્જનાર આ જ છે. પરિણામનો અક્ષરશઃ અર્થ આ પ્રમાણે છે–

**પ**રિણામ સારા રાખવા !

**રિ**ઝવતા આવડે તો આત્માને રિઝવો !

**ણા**મ તેનો નાશ થવાનો છે માટે,

**મ**હાવ્રતની મહેફીલ માણી લ્યો !

પૂર્ણ અર્થ થયો જે કાંઈ છે તે પરિણામ જ કરે છે. સંસારમાં ઘૂમાવે તે પરિણામ છે તે જ દેહ સર્જે છે અને વિસર્જન પણ પરિણામ જ કરે છે. શુદ્ધ પારિણામિક ભાવ આત્માનો સ્વભાવ છે. અશુદ્ધ ભાવ તે પરિણામ ભાવનું રૂપાંતર અધ્યવસાય છે. તેનાથી શુભાશુભ કર્મનો સ્ટોક સર્જીને સંસારમાં, ચાર ગતિમાં જવા રૂપ ઔદારિક અથવા વૈક્રિય શરીર મળે છે. તેને ભોગાયતન પણ કહેવાય છે. આ ભોગાયતન મેળવનારના દસ દ્વાર છે. ગતિ, ઈન્દ્રિય, કષાય, લેશ્યા, યોગ, ઉપયોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વેદ.

જીવના શુભાશુભ પરિણામ પ્રમાણે પૌદ્ગલિક સામગ્રી આવે છે અને તેમાંથી

ગતિ પ્રમાણે શરીર ઈન્દ્રિય રચાય છે. તે આત્માને બાંધી લે છે, પીંજરામાં પૂરી દે છે. તેમાં બંધાયેલો આત્મા દુઃખી થઈને કષાયવાળો બને છે. શરીરના પીંજરા સાથે લડાઈ કરતો હોવાથી લેશ્યાનો ગમ તૈયાર થાય છે અને નવા-નવા કર્મ બાંધીને કાર્મણ-તૈજસ શરીર સાથે લઈને જીવ નવા શરીરના પીંજરામાં પૂરાય છે. કષાય, લેશ્યા અને યોગના જોડાણથી ગતિ વગેરે મળતી રહે છે, પરંતુ ક્યારેક જ્ઞાનીનો ઉપદેશ સાંભળી યોગને ફેરવી ઉપયોગવાન બને છે અને જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ રત્નત્રયની આરાધના કરે તો પોતાના શુદ્ધ પરિણામિક ભાવમાં આવી જતા દેહાતીત દશા આવતાં પીંજરું તૂટીને છૂટી જાય છે અને જીવ મુક્ત દશામાં ચાલ્યો જાય છે.

આ વાતનું રસાયણ આ મુક્તાફલમાં ભર્યું છે. તારા બધા જ પ્રશ્નોના ઉત્તર આમાં જ મળી જશે હોને ? આગળ વધો, હજી ઘણી જ ચમત્કારિક વાતો જાણવાની છે મુક્ત કેમ બનવું તેના ઉપાય હવે અવસરે.

લાવો...ચૌદમાં પદનું મુક્તાફલ ખોલો, નાચતો નાચતો હંસ ચાલ્યો અને **ચૌદમું** મુક્તાફલ ખોલ્યું. ચેતના બહેને કહ્યું કે આનું નામ છે **કષાય પદ.** પરિણામ કષાયથી રંજિત થાય, તો જ સંસારી બની જવાય. વાંચ હંસ વીરા ! આનું અક્ષરશઃ અર્થ–

**ક**મળની જેમ નિર્લેપ રહો, કષાયમાં ખૂંચો નહીં !

**ષા**ઢ માસ મેઘ સમ વાત્સલ્ય વરસવાો તો,

**ય**શસ્વી જીવના બની જશે તમારું !

પરિણામ(અધ્યવસાય)ની પૃષ્ટિ કરે તે કષાય. તે સોળ પ્રકારે છે. અનંતાનુબંધી– તે પોતાથી, પરથી, તદુભયથી બંધાય છે. તીવ્ર, મંદ તેનો સ્વભાવ છે. વૈભવની વસ્તુ પ્રાપ્ત કરવા જીવ આ કષાયથી ભીંજાય છે અને ૧૩૦૦ ક્રોધના, ૧૩૦૦ માનના, ૧૩૦૦ માયાના, ૧૩૦૦ લોભના એમ ૫૨૦૦ ભાંગાથી ૮૪નાં ચૌટામાં, બાવન બજારમાં ભ્રમણ કરે છે. માટે જ શ્યામાચાર્યે તેને પરિણામ પદ પછીનો નંબર આપ્યો છે.

આમ તો અનેક પ્રકારે તેની સમજૂતી આપી છે. પરિણામ ચોખ્ખા રાખવા હોય તો કષાયાગ્નિથી બચતું રહેવું. આ સાંભળી કલહંસ ખુશ થયો. કષાયને શાંત કરવા કટિબદ્ધ થયો અને **પંદરમું** મુક્તાફલ લાવીને ખોલ્યું ,તેનું નામ નીકળ્યું **ઈન્દ્રિય પદ.** ઈન્દ્રિયનો અક્ષરશઃ અર્થ આ પ્રમાણે છે–

**ઈ**ન્દ્રિય વિજેતા બનવા વિષયને વમો !

**ન્**યાય માર્ગ વીતરાગનો પરિપૂર્ણ છે તેને અવલંબો !

**દ્યો**ત– પ્રકાશ થઈ જશે તે તમારા જીવનમાં માર્ગ મળતો રહેશે !

**રિ**પુ તમારો કોઈ જગતમાં રહેશે નહીં માટે

**ય**જ્ઞ જ્ઞાનનો કરી કર્મશત્રુનો હોમ કરો. ઈન્દ્રિયના ઈન્દ્ર તમે પોતે જ છો.

ચેતના બહેન બોલ્યા, સાંભળ ભાઈ, આ ઈન્દ્રિય પદનું જ્ઞાન આપે છે. શ્રોતેન્દ્રિયથી લઈને સ્પર્શેન્દ્રિય સુધીની ઈન્દ્રિય કોને કોને હોય ? તેના માધ્યમે કેમ આગળ વધાય ? અને એક પછી એક મળતી ઈન્દ્રિય કેટલી ઉપયોગી છે ? તેનું વર્ણન કષાય પછી કર્યું છે.

મંદ કષાયથી ઈન્દ્રિયની પરિપૂર્ણતા મળે છે. જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયોપશમે જીવ પાંચ ઈન્દ્રિય મેળવે છે. તે કેટલા પ્રમાણમાં તેનો ઉપયોગ થાય છે ? આકાર કેવો છે ? દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય, નિવૃત્તિ ઈન્દ્રિય, લબ્ધિ ઈન્દ્રિય વગેરે ભેદનું જ્ઞાન આપ્યું છે. આ ઈન્દ્રિયથી જાતિ ઓળખાય છે. તેનું સંસ્થાન બાહલ્ય આદિ પચ્ચીસ અધિકાર પ્રથમ ઉદશકમાં છે અને બીજા ઉદશકમાં ઈંદ્રિય ઉપચયથી લઈને ભાવેન્દ્રિય સુધીના ભેદ-પ્રભેદ ગણાવીને જીવે ભૂતકાળમાં કેટલી ઈન્દ્રિય મેળવી હતી, વર્તમાનમાં કેટલી છે અને ભવિષ્યમાં ચોવીસ દંડકના જીવો કેટલી મેળવશે તેનું ગણિત મગજને તરબતર કરી દે છે. તું વાંચ્યા જ કર. આવું અમૃત ભોજન તને બીજી કોઈ જગ્યાએ નહીં મળે.

કલહંસે ઈન્દ્રિય પદને સાંભળી તેનો નાશ કેમ કરાય તેની વાત ચેતના બહેનને પૂછી. ચેતના બહેન બોલ્યા– ભાઈ ! આપણા વીતરાગે કોઈ પણ વાત બાકી રાખી નથી. તારા પ્રશ્નનો જવાબ હવે આ સોળમા પદના મુક્તાફલમાં છે. ખોલી નાંખ...જોઈએ તેમાં શું લખ્યું છે– **સોળમું પદ પ્રયોગ.** પ્રયોગનો અક્ષરશઃ અર્થ આ પ્રમાણે છે–

**પ્ર**પંચથી મુક્ત રહો સદા પ્રસન્ન બની જશો !

**યો**ગને રુંધતા શીખે, તે જ યોગી !

**ગ**ર્વ ગાળી નાંખ, પર્વની જેમ પૂજાઈશ !

પ્રયોગ પદ જ અણમૂલું પદ છે. જ્યાં જુઓ ત્યાં પ્રયોગો જ ચાલે છે. પ્રયોગ એટલે આત્મા વડે વિશેષ રૂપથી મળેલા યોગો દ્વારા ક્રિયા કલાપ કરવા. તેના શાસ્ત્રકારે પંદર ભેદ દર્શાવ્યા છે– મનમાં ૪, વચનનાં ૪, કાયાના ૭, એમ કુલ મળીને ૧૫ ભેદ થાય છે. તેમાં શાશ્વત કેટલા ? અશાશ્વત કેટલા ? કોની પાસે કેટલા હોય ? તે સર્વ વાતનો એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીનો ઈતિહાસ દર્શાવ્યો છે. તે પ્રયોગ ગતિના પ્રવાહની પદ્ધતિ જુદી-જુદી રીતે દર્શાવી છે, જે આપણે પંદર ભેદે જોઈ લીધી. માટે સમજી લે કે (૧) પ્રયોગ ગતિ (૨) તતગતિ (૩) બંધન છેદ ગતિ (૪) ઉપપાત ગતિ (૫) વિહાય ગતિ. આ પાંચમી વિહાય ગતિના ૧૭ પ્રકાર છે. દરેકના અર્થ આ પદમાં વિસ્તારથી આપ્યા છે. તું ભાઈ તેમાંથી જાણીને પ્રયોગ એવો કરજે કે અનાદિનો પ્રવાહ અજીવ સાથેનો અટકી, જીવ સાથે થઈને પ્રયોગ પરમ ચરમ બની જાય અને જલદી સિદ્ધાલયમાં પહોંચી જવાય.

કલહંસે પ્રયોગ પદને આત્મસાત્ કર્યું, દીલચસ્પી ઉપડી અને સત્તરમું અજાયબીનું મુક્તાફલ ખોલીને જલ્દી ચેતના બહેન પાસે આવી ગયો. ચેતના બહેન રાહ જોઈને બેઠા હતા. ખોલેલા મુક્તાફલને જોઈને બોલ્યા. જો શું લખ્યું છે– **સત્તરમું પદ લેશ્યા.** લેશ્યા આપણી શારીરિક સામગ્રીને ચીપકાવાવનું કામ કરે છે. તેનો અર્થ અક્ષરશઃ આ પ્રમાણે

બનશે–

**લે**ખા જોખા કર્મના સમજી સન્માર્ગે વહો !

**શ્યા**મલ કષાયાદિ ભાવોને દૂર કરી આત્મભાવમાં રહો !

**યા**દ કર તું છો નિજ સ્વરૂપના ગુણ ખજાનો !

લેશ્યા છ પ્રકારે છે. તેના બે વિભાગ છે– શુભ અને અશુભ. તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ જીવના ભાવ પ્રમાણે પરિણમે છે અને જગ્યાએ પરિણામાંતર પામી શકે છે? કંઈ જગ્યાએ લેશ્યા બદલતી નથી ? સારી લેશ્યાવાળા જીવો ઉપર ઉઠે છે. નરસી લેશ્યાવાળા જીવો નીચેને નીચે જાય છે; તે સલેશી જીવો કહેવાય છે. જે લેશ્યાના ભાવો હોય તે પ્રમાણે સંબોધન થાય છે, યથા કે કૃષ્ણલેશી, નીલલેશી, કાપોતલેશી, તેજોલેશી, પદ્મલેશી, શુક્લલેશી. આ રીતે ચોવીસ દંડકના જીવોમાં કંઈ લેશ્યા લાભે તેની અવગાહના, આહાર, લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ વગેરેનું વર્ણન છે. તેના છ ઉદ્દેશક છે. તેને બરાબર ખ્યાલમાં રાખીને સમજી લેજે. આ લેશ્યા બે પ્રકારે છે– દ્રવ્યલેશ્યા અને ભાવ લેશ્યા.

વાંચન કરીને પ્રશ્ન ઊઠે તો જ્ઞાની ગુરુદેવો પાસે સમાધાન કરજે કલહંસે જ્ઞાની બનીને કહ્યું બરાબર છે. મારે તો હવે લેશ્યાતીત બનવું છે. મને બરાબર સંસારનું સ્વરૂપ સમજાઈ ગયું છે. હવે અઢારમું મુક્તાફલ લાવું છું.

ચેતના બહેન બોલ્યા, લાવ ભાઈ લાવ. કલહંસ લાવ્યો. ચંચૂપાત કરીને ખોલ્યું. નામ નીકળ્યું **અઢારમું પદ કાયસ્થિતિ.** કાયસ્થિતિનો અક્ષરશઃ અર્થ આ પ્રમાણે છે–

**કા**ર્યાન્વિત રહો શુદ્ધ વ્યવહાર ધર્મમાં

**ય**ત્નાએ ચાલો ઊભો રહો, બેસો, શયન કરો, ભોજન કરો, ભાષા બોલો.

**સ્યા**દ્વાદધર્મને અવલંબે તે સુખી થાય.

**થિ**રિકરણ આત્મભાવનું કરી સંસાર તરીજા.

**તિ**તિક્ષાપૂર્વક પરિષહોને જીતો.

ચેતના બહેન બોલ્યા– સાંભળ વીરા ! સામાન્યરૂપ અથવા વિશેષરૂપ પર્યાયમાં જીવને નિરંતર જન્મ-મરણ કરવાના કાળને કાયસ્થિતિ કહેવાય છે. જે જગ્યાએ કાયા અનેકવાર જન્મ ધારણ કરીને બાહર દેહનું સર્જન કરે, બનાવાય તે કાળનો સરવાળો, તેનું નામ કાયસ્થિતિ. જીવ આ રીતે સાંતર-નિરંતર કંઈ કંઈ જગ્યા ઉપર ભવ કરવા સમર્થ છે; તેનું હુબહુ વર્ણન શરીરથી લઈને સંયમીના ગુણસ્થાન ક્રમારોહ સુધીના ભાવોનું આલેખન કર્યું છે. એક સમયથી લઈને અનેક ક્રોડપૂર્વ અધિક ત્રણ પલ્યોપમ સુધીની વાત તિર્યંચ, મનુષ્ય માટે કરી છે અને દેવ નારકી માટે દસ હજાર વર્ષથી લઈને તેત્રીસ સાગરોપમ સુધીની દર્શાવી છે. તેના બાવીસ દ્વારને વિવિધ રૂપે વિચારી લેજે અને કાયાની માયા છોડવા કાયોત્સર્ગમાં વધારે સમય ગાળ જે તો જ હું તારી પાસે શુદ્ધ બુદ્ધ ચેતના થઈને રહીશ. નિરંજન નિરાકાર દશામાં આપણે બંને

સાથે રહીશું.

મારા કલહંસને મઝા પડી ગઈ. ચેતના બહેનની શીખામણ સાંભળીને, 'મારે સાથે જ રહેવું છે, તમને છોડીને કોઈ જગ્યાએ ચાલ્યો નહીં જાવ'. એમ કહીને ખુશ થતો ઓગણીસમું મુક્તાફલ ખોલીને લાવ્યો.

જુઓ બહેન જુઓ...બહેને જોયું અને વાંચ્યું **ઓગણીસમું પદ સમ્યક્ત્વ.** સમ્યક્ત્વનો અક્ષરશઃ અર્થ આ પ્રમાણે છે–

**સ**મજની એક સેકન્ડ અણસમજનો અનંતકાળ !

**મ્યા**ન–તલવારવત્ શરીર અને આત્માના ભેદ સમજો !

**ય**મ–નિયમ પાત્રતા કેળવવાની જડીબુટ્ટી છે !

**ક્**યારા સંયમના જ્ઞાન વારિથી સીંચો ! **ત્યા**ગ વિના વૈરાગ્ય કદી ટકતો નથી !

**વ**રો શીવપદને જેથી પુનરાગમન ન થાય !

ચેતના બહેન બોલી– સાંભળો વીરા ! આપણે સદાકાળ સાથે જ અપ્રતિબંધ પણે રહેવું હોય તો પ્રતિબંધ કરનાર મિથ્યાત્ત્વાદિ હેતુને ટાળી, સમ્યગ્દૃષ્ટિ કેવળી, ક્ષાયક સમકિતી બની જા. ચારિત્ર મોહનો નાશ કરવા સમ્યગ્દૃષ્ટિનું હથિયાર સમ્યગ્દર્શન કામયાબ બની પડે છે. આવી દૃષ્ટિ ચોવીસ દંડકમાં ભવ્ય જીવોને પંચેન્દ્રિય જીવોને જ પ્રાપ્ત થાય છે. એકેન્દ્રિયમાં તો મિથ્યાદૃષ્ટિ જ હોય છે. વિકલેન્દ્રિયમાં બે દૃષ્ટિ હોય પણ સમ્યગ્દૃષ્ટિ છ આવલિકા પ્રમાણે હોય છે. બાકીના જીવોમાં ત્રણ, બે, એક દૃષ્ટિ હોય છે.

કર્મભૂમિનો માનવ આ શસ્ત્ર દ્વારા મોક્ષ મેળવી શકે છે. તેનું વર્ણન આ મુક્તાફલના રસાયણમાં છે. પદનું નામ જ છે– દેવ, ગુરુ, ધર્મની ઉપર સમ્યગ્ શ્રદ્ધા, દ્રવ્ય અને ભાવથી શુદ્ધ રાખવી. આ મોક્ષ જવાનો ઉપાય છે. હવે ખોલ વીસમું મુક્તાફલ.

કલહંસ સુંદર ગતિથી ચાલીને વીસમું મુક્તાફલ ખોલી નાંખ્યું અને બહેનને દેખાડ્યું બહેન તેની જિજ્ઞાસા ઉપર ઓવારી ગઈ અને બોલી વાંચ જોઈએ. તેણે વાંચ્યું. **વીસમું પદ અંતક્રિયા.** અંતક્રિયાનો અક્ષરશઃ અર્થ કરું છું તે તું સાંભળ–

**અં**તરપટ ખોલી દ્વાદશાંગી આગમનું જ્ઞાન કરો !

**ત**રવાનું પરમ સાધન માનવ દેહ છે !

**ક્રિ**યા સદ્ધર્મની એવી કરો કે મોક્ષે લઈ જાય, તેથી

**યા**ચના ક્યારે ય ભૌતિક સામગ્રીની કરવી ન પડે !

આ છે અંતક્રિયા તે કરવાનો સામાર્થ્યયોગ, એક માનવને જ મળ્યો છે બાકીના શેષ જીવોને તેમાંથી નીકળી મનુષ્યનો ભવ પામે તો જ, પુરુષાર્થ ઉપડે તો જ, કાળલબ્ધિ પાકી ગઈ હોય, તો જ અંતક્રિયા કરી જીવ મોક્ષે જાય છે. કોણ કોનાથી કેટલા જીવો નીકળીને અંતક્રિયા કેમ કરે છે ? તેનું રસાયણ આ મુક્તાફલમાં બહુ મજાનું પડ્યું છે. બસ હવે રાખીશું.

તેં લાવેલા પંદર મુક્તાફલો આપણે જોઈ લીધા. હવે તેનું એકાંતમાં બેસીને પઠન–પાઠન કરતાં જ્ઞાનામૃતનું ભોજન આપણે કરશું. આ અંતક્રિયામાં તીર્થંકરો–ચક્રવર્તીઓ, બળદેવ, વાસુદેવ, માંડલિક રાજા, સેનાપતિ, ગાથાપતિ વગેરે પદવીની વાતો સંગ્રહાયેલી પડી છે. ચક્રવર્તીના ચૌદ રત્નોની ઉત્પત્તિ વગેરે અનેક વાતોથી આ મુક્તાફલ છલોછલ ભર્યું છે. તેને વાગોળીને આપણે વિચાર કરશું.

ચાલો આપણે આપણા સમાચારીના સરોવરમાં પાછા પહોંચી જઈએ. અમે વિચારી તેઓ તાજામાજા બનતા મારા યોગમાં રાજહંસમાંથી કાલહંસ બનેલો ઉપયોગ જોડાઈ ગયો. હવે શું આવશે તે યથા અવસર કહેશું.

આ પ્રજ્ઞાપના સૂત્રનો બીજો ભાગ ગતાગતિ, વ્યુત્ક્રાંતિના છઠ્ઠા પદથી ચાલુ થયો અને અંતક્રિયામાં પૂર્ણ થઈ રહ્યો છે. શ્યામાચાર્યની અજાયબી ૩૬ પદની છે. તેમાંથી ૨૦ પદની અજાયબી પૂરી થાય છે. તે મલયગિરિના મુક્તાફલમાં સમાઈ ગઈ છે.

આ બીજો ભાગ સર્વ જીવોને સુખાવહ નીવડી પ્રજ્ઞાશીલ બનાવે તેવી શુભકામના.

**આભાર–ધન્યવાદ–સાધુવાદ :–**

પ્રસ્તુત આગમના રહસ્યોને ખુલ્લા કરતા અણમોલ દિવ્ય અભિગમ પ્રેષિત કરનાર, મહાઉપકારી ગોંડલ ગચ્છ શિરોમણિ, પરમ દાર્શનિક, અમારા આગમ કાર્યને પ્રોત્સાહિત કરી આશીર્વાદની વર્ષા વરસાવનારા ગુરુદેવ પૂ. **શ્રી જયંતીલાલજી મ.સા.**નો અનન્ય ભાવે આભાર માનું છું અને શતકોટી સાદર ભાવે પ્રણિપાત નમસ્કાર કરું છું. શ્રદ્ધેય, પ્રેરક, માર્ગદર્શક જેમના પસાયે પૂ. ત્રિલોક મુનિ મ.સા.નો યોગ પ્રાપ્ત થયો છે, તેવા વાણીભૂષણ પૂ. **ગિરીશ ગુરુદેવ**નો સહૃદયતાપૂર્વક આભાર માની વંદન કરું છું.

આ આગમને સુશોભિત બનાવનાર, સુંદર હાર્દના ભાવ ભરી અલંકૃત કરનાર, મૂળ પાઠનું સંશોધન કરી વ્યવસ્થિત કરનાર, આગમ મનીષી પૂ. **ત્રિલોકમુનિવર્ય**ને મારી શતકોટી વંદના પાઠવું છું.

મુનિ પુંગવોના ચરણાનુગામી, પ્રારંભેલા કાર્યને પૂર્ણતાના પગથારે પહોંચાડનારા, આગમ ગુજરાતી સંસ્કરણના ઉદ્‌ભાવિકા, ઉત્સાહધરા, નિપુણા, કાર્યનિષ્ઠા, ઉગ્ર તપસ્વિની મમ ભગિની તેમજ સુશિષ્યા સ્વ. સાધ્વી શ્રી **ઉષાને** સ્મરણ સાથે ધન્યવાદ અર્પું છું.

આગમ અવગાહન કાર્યમાં સહયોગી સાધ્વીરત્ના પુષ્પાબાઈ મ., પ્રભાબાઈ મ. એવં ધીરમતી બાઈ મ., હસુમતી બાઈ મ., વીરમતી બાઈ મ. સહિત સેવારત રેણુકાબાઈ મ. આદિ દરેક ગુરુકુલવાસી સાધ્વીવૃંદને અનેકશઃ ધન્યવાદ આપું છું.

પ્રસ્તુત આગમના અનુવાદિકા છે અમારા પ્રશિષ્યા અને વિદુષી ભારતીબાઈ મ.ના શિષ્યા વ્યવહારધર્મ કલા પરાયણા, સુજ્ઞા સાધ્વીજી **બા. બ્ર. સુધાબાઈ મહાસતીજી**. જેમણે મોહમયી નગરીમાં રહી પ્રવચન સંભળાવતા તેમાંથી સમય ફાળવી અનુવાદ કરવાનો સ્વાધ્યાય

કર્યો છે. તેમના પુરુષાર્થને અનેકશઃ સાધુવાદ આપું છું અને મહેચ્છા કરું છું કે તેઓ પ્રજ્ઞાપના સૂત્રને ઘટમાં ઉતારી નિશ્ચય ધર્મકલાને આચરણમય બનાવી, અખંડ પ્રજ્ઞાનું અનુસંધાન કરે.

સતત પ્રયત્નશીલ, અનેક આગમોનું અવગાહન કરીને અનુવાદની કાયાપલટ કરી, આગમને સરલ, સુમધુર, સંમાર્જિત કરનાર, શબ્દાર્થ-ભાવાર્થ અને વિવેચનનું સંતુલન જાળવી રાખનાર, ભગીરથ કાર્યના યશસ્વી સહસંપાદિકા મમ શિષ્યા-પ્રશિષ્યા સાધ્વી રત્ના ડૉ. સાધ્વીશ્રી **આરતી** એવં સાધ્વીશ્રી **સુબોધિકાને** અભિનંદન સહિત સાદર ધન્યવાદ આપું છું.

આગમ નિષ્ઠાથી સેવા આપનાર શ્રમણોપાસક મુકુંદભાઈ પારેખ, મણિભાઈ શાહ એવં જયવંતભાઈ શાહ, કુમારી ભાનુબહેન પારેખને ધન્યવાદ.

પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિભાવ રાખનાર ગુરુપ્રાણ ફાઉન્ડેશનના માનદ્ સભ્ય ભામાશા શ્રીયુત રમણિકભાઈ તથા આગમ પ્રકાશન કરવાના અડગ ભેખધારી, દઢ સંકલ્પી, તપસ્વિની માતા વિજ્યાબહેન તથા ભક્તિસભરહૃદયી પિતા માણેકચંદભાઈ શેઠના સુપુત્ર, નરબંકા, રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખ શ્રુતસેવાસંનિષ્ઠ શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ તથા કાર્યાન્વિત શ્રી મહેન્દ્રભાઈ આદિ સર્વ સભ્યગણ; ધીરુભાઈ, વિનુભાઈ આદિ કાર્યકર્તાઓ; મુદ્રણ કરનાર નેહલભાઈ, તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા સહયોગી કાર્યકરો, આગમના શ્રુતાધાર એવં ચંદનબાઈ મ. ની સંયમ રજત જયંતિના શ્રુતાધાર બનનાર શ્રાવકશ્રીને અને અન્ય દાનદાતા મહાનુભાવો વગેરેને અભિનંદન સાથે સાધુવાદ આપું છું.

આગમના અનુવાદ, સંશોધન, સંપાદનમાં ઉપયોગી થયેલા પૂર્વ પ્રકાશિત આગમોના પ્રકાશકોને સાધુવાદ. આગમ અવગાહન કરવામાં ઉપયોગની શૂન્યતાથી કંઈક શબ્દો, અક્ષરો, પાઠમાં અશુદ્ધિ રહી જવા પામી હોય, વીતરાગ વાણી વિરુદ્ધ લખાયું, વંચાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

પ્રિય પાઠકો ! તમો આગમ વાંચો ત્યારે કંઈક અશુદ્ધિ રહી જવા પામી હોય તે ખ્યાલ આવે તો તેની નોંધ કરી અમને મોકલવા પ્રયત્ન કરશો. **नमामि सव्व जिणाणं–खमामि सव्वजीवाणं ।**

**વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય, તો માગુ પુનઃ પુનઃ ક્ષમાપના,**
**મંગલમૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું છું વિજ્ઞાપના**

પરમ પૂ. સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ.સ.ના

**સુશિષ્યા – આર્યા લીલમ.**

# સંપાદન અનુભવ

ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

શ્રી દષ્ટિવાદ અંગ સૂત્રના નિસ્યંદ રૂપ શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં જીવ-અજીવ દ્રવ્યની સ્વાભાવિક–વૈભાવિક વિવિધ અવસ્થાઓનું ગહનતમ વર્ણન છે.

પ્રત્યેક સાધકનું લક્ષ્ય વિભાવથી દૂર થઈને સ્વભાવમાં સ્થિર થવાનું હોય છે. આગમ ગ્રંથોમાં સ્વભાવ સ્થિરતાના જ ઉપાયો વિવિધ પ્રકારે પ્રદર્શિત કયા હોય છે.

જેમ અંધકારથી દૂર થવા માટે અંધકાર અને તેને દૂર કરવાના ઉપાયોની સ્પષ્ટ માહિતી અનિવાર્ય છે તેમ વિભાવથી દૂર થવા માટે પ્રત્યેક વૈભાવિક પરિસ્થિતિની જાણકારી સાધક જીવનમાં જરૂરી બની જાય છે. તેથી જ પૂર્વાચાર્યોએ દ્રવ્યાનુયોગનું પ્રાધાન્ય ધરાવતા આગમ ગ્રંથોમાં જીવની વિવિધ વૈભાવિક અવસ્થાઓનું સૂક્ષ્મતમ નિરૂપણ કર્યું છે. તે સાધકની અનુપ્રેક્ષાનો મહત્તમ વિષય બની શકે છે. સાધક પોતાની સ્વાભાવિક અને વૈભાવિક પરિસ્થિતિની અનુપ્રેક્ષા કરતાં ક્રમશઃ અતુલ ઊંડાણને પામી, શુદ્ધ સત્ ચિત્ આનંદ સ્વરૂપી આત્મા સાથે અનુસંધાન કરી શકે છે.

આવા ગહનતમ વિષયોનું આલેખન અને સંપાદન અમોને અપ્રમત્ત અને સતત સજગ બનાવે છે. પ્રત્યેક વિષયોના ભાવો વાચકોના અંતરમન સુધી સરળતાથી પહોંચી શકે તે જ અમારો સમગ્ર પુરુષાર્થ છે.

છઠ્ઠા વ્યુત્ક્રાંતિ પદમાં સૂત્રકારે ૨૪ દંડકના જીવોની આગતિ અને ગતિનું વર્ણન જીવના ૧૧૧ ભેદના માધ્યમથી કર્યું છે. પરંતુ થોકડામાં જીવના ૫૬૩ ભેદથી ગતાગતનું વર્ણન પ્રચલિત છે. અમોએ સૂત્રકારના કથનાનુસાર કોષ્ટક આપ્યા પછી ૫૬૩ ભેદના આધારે પણ ગતાગતનું કોષ્ટક આપ્યું છે.

ગતાગતના થોકડામાં છ નરકની ગત ૧૫ કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો અને પાંચ સંજ્ઞી તિર્યંચ તે ૨૦ ભેદના પર્યાપ્ત અને અપર્યાપ્ત આ ૪૦ ભેદની ગત એક સમાન કહી છે. પરંતુ આગમ પાઠમાં આગત પ્રમાણે જ તેની ગતનું કથન કર્યું છે અર્થાત્ છ એ નરકના નારકીની આગતિની જેમ તેની ગતિમાં પણ ભિન્નતા છે.

શ્રી ભગવતી સૂત્રગત ગૌશાલકના અને શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રગત દ્રૌપદીના દીર્ઘકાલીન ભવભ્રમણનો વિચાર કરતાં સ્પષ્ટ થાય છે કે આગમ કથન જ યથાસંગત છે અમે છઠ્ઠા પદમાં તદ્વિષયક સ્પષ્ટીકરણ આપ્યું છે.

પંદરમા ઈન્દ્રિય પદમાં સૂત્રપાઠમાં વનસ્પતિકાયિક જીવોની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો

વિષયક કેટલાક શબ્દો વધારે હોય તેવું જણાય છે.

ઉપલબ્ધ પ્રત્યેક પ્રતમાં તે પાઠ છે. અખિલ ભારતીય જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ દ્વારા પ્રકાશિત પ્રજ્ઞાપના સૂત્રમાં તેની નોંધ અને તદ્વિષયક વિવેચન ટિપ્પણમાં આપ્યું છે. અમે તે સૂત્રપાઠ અને તેના ભાવાર્થને કૌંસમાં ઈટાલી ટાઈપમાં આપ્યો છે અને ત્યાં જ તેનું સ્પષ્ટીકરણ કર્યું છે.

અઢારમા કાયસ્થિતિ પદમાં ગતિ, ઈન્દ્રિય આદિ વીસ દ્વારના માધ્યમથી જીવોની કાયસ્થિતિનું વિસ્તૃત વર્ણન છે. તેમાં મૂળપાઠમાં ક્યાંક લિપિદોષની સંભાવના જણાય છે.

જેમ સૂત્ર નં. ૧૦૯ માં કાય અપરિત્તની સ્થિતિ અનંતકાલ–વનસ્પતિકાલ પ્રમાણ કહી છે. ત્યાં સમજવાનું છે કે નિગોદના જીવો કાય અપરિત્ત છે. સૂત્ર નં.૪૫ માં નિગોદની કાયસ્થિતિ અનંતકાલ–અઢી પુદ્ગલ પરાવર્તન પ્રમાણ કહી છે. અહીં **जाव...** પાઠમાં કંઈક સ્ખલના જણાય છે. **उक्कोसेणं अणंतकालं जाव वणस्सइकालो** ના સ્થાને **जाव अड्ढाइज्जा पोग्गल परियट्टा** પાઠ યથોચિત થઈ શકે છે.

તે જ રીતે આ પદમાં ભાષક-અભાષક જીવોની કાયસ્થિતિનું કથન છે. તેમાં સૂત્ર ૧૦૪માં અભાષક જીવોની કાયસ્થિતિમાં બે પ્રકારના પાઠ ઉપલબ્ધ છે. એક પાઠમાં અભાષક જીવોના ત્રણ ભેદ કહ્યા છે, **अभासए तिविहे पण्णत्ते तंजहा, अणाइए अपज्जवसिए...** અનાદિ અનંત, અનાદિ સાંત અને સાદિ સાન્ત બીજા પાઠમાં અભાષક જીવોના બે ભેદ કહ્યા છે સૂત્ર નં.૧૦૪ **अभासए दुविहे पण्णत्ते तं जहा, साइए सपज्जवसिए...** સાદિ સાન્ત અને સાદિ અનંત.

આ બંને પાઠમાં ત્રણ ભેદવાળા પાઠમાં સિદ્ધ જીવોનો સમાવેશ થાય તેવો ભંગ નથી. સિદ્ધ જીવો અભાષક છે. તેથી શ્રી જીવાભિગમ સૂત્રના આધારે બીજો પાઠ યથાસંગત જણાતા અમે બીજા પાઠને સ્વીકાર્યો છે.

આ રીતે સંપાદન કાર્યમાં ક્યારેક સૂત્રપાઠ વિચારણીય બની જાય, ક્યારેક લિપિદોષ આદિ કારણે ક્યાંક સ્ખલના થઈ હોય તેવું પ્રતીત થાય. ક્યારેક પ્રચલિત પરંપરાથી આગમ પાઠમાં કાંઈક ભિન્નતા જણાય, આવા અનેક પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે અન્ય આગમોના સંદર્ભો તથા ટીકા ગ્રંથોનું અનુશીલન કરીને સંપાદન મંડળે યોગ્ય નિર્ણય કરવો પડે છે. જેથી વાચક વર્ગને આગમ સ્વાધ્યાય કરતાં પરસ્પર વિરોધ ન થાય અને શાસ્ત્રના ભાવોને યથાર્થ રીતે પામી શકે તે માટે યોગ્ય સ્થાને અમે તે તે વિષયોનું વિવેચન આપ્યું છે.

પ્રત્યેક પદના પ્રારંભમાં સંક્ષિપ્ત પરિચય, વિષયાનુસાર વિવેચન, વિવેચનના અંતે તેના સારગર્ભિત કોષ્ટકો, આવશ્યકતા અનુસાર રેખાચિત્રો વગેરે કાર્યો આ સંપાદનની વિશેષતા છે.

આ મહત્તમ કાર્યની સફળતામાં ફક્ત અમારા સતિવૃંદનો પ્રત્યક્ષ પુરુષાર્થ નહીં પરંતુ અદશ્ય શક્તિ અને પરોક્ષ પ્રેરણા કામ કરી રહી છે તેવું અમો સદાય અનુભવી રહ્યા છીએ. અનંત ઉપકારી, શ્રદ્ધા કેન્દ્ર બિંદુ સમ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. ની અહર્નિશ પ્રાપ્ત થતી આશીર્વાદની વર્ષા, સંયમી જીવનના ઘડવૈયા ઉપકારી ગુરુણીમૈયા મુખ્ય સંપાદિકા ભાવયોગિની પૂ. લીલમબાઈ મ.ની પાવન નેશ્રા તથા તેમની જિનવાણી પ્રત્યે તીવ્રતમ રુચિ, કાર્યપૂર્ણતાની અવિરત લગન વગેરે પરિબળોથી જ અમારું કાર્ય પુષ્પિત થઈને ખીલી ઉઠ્યું છે.

અમારા કાર્યનો સંપૂર્ણ ભારવહન કરનાર, પાયાના પથ્થર સમ આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ મ.સા. નો તીવ્ર ક્ષયોપશમ તથા કાર્ય સંપન્નતા માટે અપ્રમત્ત યોગે થઈ રહેલો પુરુષાર્થ અમારા માટે વંદનીય અને અનુમોદનીય છે.

ગુરુણીમૈયા પૂ. વીરમતીબાઈ મ. તરફથી કાર્ય કરવા માટે પ્રાપ્ત થતી સર્વાંગી અનુકૂળતા જ અમારી કાર્યશક્તિ છે. તે જ રીતે ગુરુકુલવાસી પૂ. બિંદુબાઈ મ. આદિ સર્વ રત્નાધિકો તથા અનુજ સતિવૃંદની સદ્ભાવનાનો સથવારો હંમેશાં અમારી સાથે છે.

બસ ! નામી-અનામી સર્વ ઉપકારીજનો પ્રતિ કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કરીએ છીએ. અંતે આ આગમ સંપાદન કાર્ય અમારી બુદ્ધિની શુદ્ધિ કે યોગ શુદ્ધિથી આગળ વધીને ઉપયોગની શુદ્ધિ તરફ લઈ જાય, એ જ મંગલ ભાવના સાથે વિરામ પામીએ છીએ.

આગમ સંપાદનમાં જિનાજ્ઞાથી ઓછી, અધિક કે વિપરીત પ્રરૂપણા થઈ હોય તો પરમેષ્ઠી ભગવંતોની સાક્ષીએ ત્રિવિધે ત્રિવિધે ક્ષમાયાચના...

સદા ઋણી માત-તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત-લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત-તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું **પૂ. મુક્ત-લીલમ-વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– સાધ્વી શ્રી સુધાબાઈ મ.

શ્રી પ્રજ્ઞાપના સૂત્ર ભાગ–રમાં ૬ થી ૨૦ પદનો સમાવેશ કર્યો છે. તેમાં એક દશમા ચરમ પદને છોડીને શેષ સર્વ પદમાં જીવની જ વિવિધ અવસ્થાઓથી સંબંધિત વિષયોનું પ્રતિપાદન છે.

છટ્ઠા વ્યુત્ક્રાંતિ પદમાં ૨૪ દંડકના જીવોના જન્મ અને મરણનો વિરહકાલ તથા તેના આગતિ અને ગતિ સ્થાનોનું વિસ્તૃત વર્ણન છે. સાતમા પદમાં જીવોના શ્વાસોશ્વાસના કાલમાનનું, આઠમા પદમાં દશ પ્રકારની સંજ્ઞાનું, નવમા પદમાં જીવોના ઉત્પત્તિ સ્થાન રૂપ વિવિધ પ્રકારની યોનિનું નિરૂપણ છે.

દશમા ચરમ પદમાં વિવિધ પુદ્‌ગલ સ્કંધોની અવગાહના અનુસાર તેમાં ચરમ-અચરમ વગેરે ૨૬ ભંગોનું સૂક્ષ્મતમ પ્રતિપાદન છે.

અગિયારમા પદમાં ભાષાની ઉત્પત્તિ, ભાષા પરિણમન, ભાષાના ભેદ-પ્રભેદ વગેરે વિષયોનું સ્પષ્ટીકરણ છે. બારમા પદમાં ૨૪ દંડકના જીવોના બદ્ધ અને મુક્ત શરીરની સંખ્યાની પ્રરૂપણા છે, તેરમા પદમાં જીવ અને અજીવના વિવિધ પરિણામો, ચૌદમા પદમાં કષાયના ભેદ-પ્રભેદ અને પંદરમા પદમાં દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય વગેરે ઈન્દ્રિય સંબંધિત ગહનતમ વર્ણન છે. સોળમા પદમાં જીવના પંદર પ્રકારના પ્રયોગ તથા ૨૪ દંડકના જીવોમાં તેની શાશ્વતા-અશાશ્વતતા જન્ય વિવિધ ભંગ-પ્રરૂપણા છે. સત્તરમા પદમાં છ લેશ્યા, તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સ્થિતિ, મૃત્યુ અને જન્મ સમયની લેશ્યાની સમાનતા વગેરે જીવોના આત્મપરિણામોનું ગહનતમ વર્ણન છે, જે સાધકોને પરિણામ વિશુદ્ધિ માટે પ્રેરક બને છે.

અઢારમા પદમાં જીવોની કાયસ્થિતિના કથનથી જીવના અનંત સંસાર પરિભ્રમણને પ્રગટ કર્યું છે. ઓગણીસમાપદમાં સાધનાના પ્રથમ સોપાન સ્વરૂપ સમ્યગ્દર્શનનું ૨૪ દંડકના જીવોમાં પ્રતિપાદન કર્યું છે અને વીસમા પદમાં અંતિમ લક્ષ્ય રૂપ મોક્ષ પ્રાપ્તિ માટે અંતક્રિયા સંબંધી સૂક્ષ્મતમ વિશ્લેષણ છે તેમજ એક સમયમાં અંતક્રિયા કરનારા જીવોની સંખ્યા, તીર્થંકર, ચક્રવર્તી આદિ ઉત્તમ પુરુષોની આગતિનું

વર્ણન છે.

આ પદોમાં પ્રત્યેક વિષયોનું વર્ણન પ્રાયઃ સમુચ્ચય જીવો અને ૨૪ દંડકના જીવોના માધ્યમથી છે.

આ રીતે વિવિધ વિષયોના નિરૂપણ દ્વારા સૂત્રમાં સમસ્ત જીવોની વિવિધ સ્થિતિનું દર્શન છે તેમાંથી સાધક સ્વયંની સ્થિતિ નિશ્ચિત કરીને આત્મવિકાસના એક એક સોપાનનો સર કરતાં અંતે સમસ્ત કર્મોના આત્યંતિક નાશ કરીને અંતક્રિયા કરી શકે છે, તે જ સૂત્રકારનો ઉદ્દેશ્ય સ્પષ્ટ થાય છે.

**કૃતજ્ઞતા : વંદન :–** વિ. સં. ૨૦૫૪ એટલે સૌરાષ્ટ્ર કેસરી મહામહિમ પૂજ્યપાદ દાદા ગુરુદેવ શ્રી પ્રાણગુરુદેવનું જન્મ શતાબ્દી વર્ષ. આ પાવન વર્ષને ચિર સ્મરણીય બનાવવા પ્રાણ પરિવારના સંત-સતીજીઓનો ઉત્સાહભર્યો સહિયારો પુરુષાર્થે આગમમનીષી પૂ. શ્રી ત્રિલોકમુનિ મ.સા, પ્રધાન સંપાદિકા મમ માતામહ ગુરુણીમૈયા ભાવયોગિની પૂ. બા. બ્ર. લીલમબાઈ મ.સ., સહયોગી સંપાદક, પ્રકાશક તથા દાતાઓના તત્ત્વાવધાનમાં એક પછી એક આગમોના અભિનવ સંપાદિત સંસ્કરણો પ્રકાશિત થઈ રહ્યા છે તે આગમોની શૃંખલામાં કડી રૂપે જોડાવા શ્રી પ્રજ્ઞાપના સૂત્ર ભાગ–૨ જ્યારે સાકાર થઈ રહ્યો છે ત્યારે એક-એક કૃપાળુઓની કૃતજ્ઞતા સ્મૃતિ મારા હૃદયને ભીંજવતી જાય છે, આ અનુસંધાને શાસનપતિથી લઈને શ્રુતશાસન સેવકોના આશીષ, સહકાર, સંસ્કારોને તો હું કેમ વિસરી શકું !!

જિનાગમો આત્મ સુધારણા અને આત્મપ્રાપ્તિના અમૂલ્ય દસ્તાવેજો છે. એમાં પણ શ્રી પ્રજ્ઞાપના સૂત્ર દષ્ટિવાદ સૂત્રની 'લઘુત્તમ આવૃત્તિ' કહેવાય છે. આવા ગૂઢતમ આગમ અનુવાદનું મહત્તમ કાર્ય મારા સંવિભાગે આવ્યું અને એ કાર્ય સંપન્ન થયું, એમાં સૌ પ્રથમ ઉપકારી છે શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી અને શ્રી ગણધર ભગવંતો. એમની કૃપા થકી જ મને ગળથૂથીમાં શ્રુત–ચારિત્રરૂપ દ્વિધારમય જયવંતુ જિનશાસન મળ્યું.

પૂર્વજ્ઞાની શ્રી શ્યામાચાર્યનું આ સંકલન વારસામાં મળ્યું. પૂજ્યપાદ શ્રી ડુંગર–જય–માણેક–પ્રાણ ગુરુ સમા ગુણનિધાન ચારિત્ર સંપન્ન મહાપુરુષોનું ઉજ્જવળ ગુરુકુળ સાંપડ્યું. તપ સમ્રાટ–તપોધની પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. ના શ્રીમુખેથી ચારિત્ર રત્ન અને વાત્સલ્ય ભરપૂર શિષ્યત્વ લાધ્યું. આવા દેવાધિદેવ, દેવ–સ્વરૂપ મહાપુરુષોના શ્રી ચરણે આસ્થાભર્યા અંતરના વંદન !!!

ગચ્છશિરોમણી...પરમદાર્શનિક અમારી અણમોલી અમાનત પૂ.બા.બ્ર. શ્રી જયંતિમુનિજી મ. સાહેબે સોનામાં સુગંધ મેળવી આ આગમને એક નૂતન 'અભિગમે'

મંડિત કરી આપ્યું...ગુજરાત કેસરી ગચ્છ નાયક શ્રી બા.બ્ર.પૂ. ગિરીશમુનિ મ.સા, આગમ દિવાકર પૂ. બા. બ્ર. જનકમુનિ મ.સા. તથા નિડરવક્તા પૂ. જગદીશમુનિ મ.સા. કે જેઓએ મને હંમેશા અમી નજરે નિહાળી છે, તે સર્વ પૂજ્યશ્રીઓએ સમયે-સમયે હિત શિક્ષાઓનું દાન કર્યું છે.

આ ભાવાનુવાદના કાર્યનો શુભારંભ જેઓના વાત્સલ્ય વિવેક ભર્યા સાંનિધ્યમાં થયો, મારા મહદ્ ભાગ્યે જેમનું આજ્ઞા સાંનિધ્ય મળ્યું, જેઓના અંતરના આશીર્વાદ નિરંતર અનુભવું છું એવા અધ્યાત્મ યોગીરાજ ધ્યાન સાધક પૂ. બા. બ્ર. શ્રી હસમુખમુનિ મ.સા. તપસ્વીરત્ન સરળમના બા. બ્ર. પૂ. ગજેન્દ્રમુનિ મ.સા. અને શાસન પ્રભાવક પૂ. બા. બ્ર. નમ્રમુનિ મ.સા. આદિ સર્વ ગુરુ બંધુઓને તો હું શેં વીસરું ? એમની પણ સદા સદ્ભાવના રહી છે.

સંસ્કારદાત્રી ગુરુમાતામહ મંગલમૂર્તિ પૂજ્યવરા શ્રી મુક્તાબાઈ મ.સ. અને અપ્રમત્તભાવ સેવી મારા ખાસ ઉપકારી ભાવયોગિની પૂ. બા. બ્ર. લીલમબાઈ મ.સ. એ મારામાં અપૂર્વ સંસ્કારોનું સિંચન કર્યું છે. આ આગમ અનુવાદ ભાવનાના ઉદ્ભાવિકા પૂ. બા. બ્ર. ઉષાબાઈ મ.સ.નું ઋણ મારા અંતરમાં અંકિત છે.

મારા પરમ ઉપકારી ગુરુણીમૈયા જેઓના હૃદયે મારા માટે સ્નેહની અજસ્ર સરવાણી વહી રહી છે, જેઓએ મને હંમેશાં ઉત્તમ કાર્યો પ્રતિ પ્રેરી છે, પ્રશંસી છે, મારી હર ભાવનાના સાક્ષી પૂ. બા. બ્ર. શ્રી ભારતીબાઈ મ. સ. (બાપજી)ની મમતાએ મને સંયમની વાટ દેખાડી છે, પ્રત્યક્ષ પરોક્ષ પ્રેરણાદાત્રી એવા મમ સહોદરી અને ગુરુભગિની સ્વ. પૂ. બા. બ્ર. હર્ષિદાબાઈ મ.સ. આદિ સર્વ ગુરુતત્ત્વના શ્રી ચરણે શ્રદ્ધા ભર્યા વંદન !!!

આગમ સંપાદનના અપદક છતાં સર્વે સર્વા આગમ મનીષી પૂ. બા. બ્ર. શ્રી ત્રિલોકમુનિ મ.સા. કે જેઓના પિતૃહૃદયે મારા પ્રતિ હંમેશ પુત્રીવત્ ભાવના રહી છે. પ્રધાન સંપાદિકા ગુરુણીમૈયા પૂ. બા. બ્ર. લીલમબાઈ મ.સ. તથા સહસંપાદિકા શ્રુતજ્ઞાનના મારા ભૂતપૂર્વ સહાધ્યાયી સાધ્વી શ્રી ડૉ. આરતી અને શ્રી સુબોધિકાજી આદિ સંપાદક મંડળે આ આગમને પારસ સ્પર્શ આપી સો ટચનું સુવર્ણ બનાવ્યું છે. તેઓશ્રીને મારા અહોભાવપૂર્વકના વંદન.

આ ભગીરથ કાર્યમાં મારા ક્ષણેક્ષણના મૂક સાથી, સહયોગી પીઠબળસમા પૂ. બા. બ્ર. પ્રિયદર્શનાબાઈ સ્વામી, શ્રી વિદુબાઈ મ. અને શ્રી રૂપલબાઈ મ. ને પણ મારા ભાવભર્યા વંદન. આ તકે મારા પરમ હિતસ્વી પૂ. બા. બ્ર. શ્રી ઉર્મિબાઈ સ્વામીના ઉપકારને પણ હૃદયથી વંદુ છું.

ઘાટકોપર હિંગવાલા સ્થા. જૈન સંઘ સંચાલિત શ્રમણી વિદ્યાપીઠના પિતૃવત્સલ મોટા પંડિતજી શ્રીમાન શોભાચંદજી ભારિલ્લ તેમજ નાના પંડિતજી શ્રી રોશનલાલજી જૈન, આ બંને પંડિતોનો જ્ઞાનના ક્ષેત્રે મારી શ્રુતદષ્ટિ ખોલવામાં મહત્વનો ફાળો છે, મારા માટે તેઓશ્રીનો ઉપકાર અવિસ્મરણીય છે.

જેઓએ અપાર વાત્સલ્ય સહ ઉત્તમ સંસ્કાર તેમજ ધર્મભાવનાના બીજનું મારામાં વાવેતર કર્યું છે એવા માત–તાત સ્વ. શ્રી લીલાવંતીબેન અને સ્વ. શાંતિલાલ મૂળચંદ ટીંબડીયાની યાવત્ જીવન ૠણી છું.

શરૂઆતથી લઈને અંત સુધી મારા કાર્યને વેગ આપવામાં તથા ભાષા દોષને શુદ્ધ કરી સજાવી કડીબદ્ધ કરવામાં સહયોગી સાક્ષર ડૉ. શ્રી રસિકભાઈ મહેતા (જગડુશા–ઘાટકોપર) તથા શ્રી અશોકભાઈ જયંતિલાલ અજમેરા (રાજાવાડી–ઘાટકોપર) પ્રતિ અહોભાવની લાગણી અનુભવું છું.

આ તબક્કે ગુરુપ્રાણ ફાઉન્ડેશન દ્વારા આગમનું પ્રકાશન કરી રહેલા ભામાશા શ્રી રમણિકભાઈ શાહ, પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ તથા મુદ્રક શ્રી નેહલભાઈને મારા હાર્દિક સાધુવાદ સહ ધન્યવાદ છે.

વૃત્તિકાર આચાર્ય શ્રી મલયગિરિ, યુવાચાર્ય મધુકર મિશ્રીમલજી મ.સા. તથા પૂજ્યવર શ્રી જ્ઞાનમુનિ મ.સા. આદિ પ્રતિ પણ અનુગ્રહિત છું.

આ આગમને ગ્રંથારૂઢ કરવાના યશભાગી શ્રુતાધારોની શ્રુતભક્તિ અને ગુરુભક્તિને અનેકશઃ અભિનંદન સહ સાધુવાદ.

સર્વ નામી અનામી કૃતજ્ઞજનોની સ્નેહ સિક્ત સહાયે આવા ગહન આગમના ભાવોનું યત્કિંચિત્ અવગાહન કરી-કરાવી શકી છું; તે સર્વને કૃતજ્ઞભાવે વંદના... અભિવંદના !!!

મારી છદ્મસ્થતા તથા અલ્પમતિને કારણે જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાણું કે આલેખાણું હોય તો ત્રિવિધે ત્રિયોગે મિચ્છામિ દુક્કડમ્....

–ગુરુપાદ પદ્મરેણુ ભારતશિશુ

**સાધ્વી સુધા**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી પન્નવણા સૂત્ર

સ્થવિર રચિત ઉપાંગ સંજ્ઞક

## ભાગ - ૨

## પદ : ૬ થી ૨૦

મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ

: અનુવાદિકા :
પૂ. શ્રી સુધાબાઈ મ.

આ ઉત્કાલિક સૂત્ર છે. તેના મૂળ પાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાયકાલને છોડીને ગમે ત્યારે થઈ શકે છે.

# છઠ્ઠું પદ

## પરિચય

આ પદનું નામ **વ્યુત્ક્રાંતિ પદ** છે.

**વ્યુત્ક્રાંતિ–** વિ + ઉત્ + ક્રાંતિ = વ્યુત્ક્રાંતિ. વ્યુત્ક્રાંતિ એટલે ઉત્પત્તિ અને ઉદ્‌વર્તના, ઉત્પન્ન થવું અને આયુષ્યનું પૂર્ણ થવું. તાત્પર્ય એ છે કે મનુષ્યાદિ ગતિમાં આવવારૂપ આગતિ અને મનુષ્યાદિ ગતિમાંથી નીકળી અન્યત્ર જવારૂપ ગતિ; આ બંનેનો સમાવેશ વ્યુત્ક્રાંતિ શબ્દમાં થાય છે.

પ્રસ્તુત પદમાં ચર્ચિત વિષયોમાં જીવોની ગતાગત એ મુખ્ય વિષય છે. આ પદમાં વર્ણિત વિષયોના આઠ દ્વાર છે. તે દ્વારોનો નામોલ્લેખ પ્રથમ સૂત્ર(ગાથા)માં છે.

**(૧) દ્વાદશ દ્વાર–** સામાન્યરૂપે ચારે ગતિની અપેક્ષાએ જીવોના ઉપપાત અને ઉદ્‌વર્તનાનો વિરહ-કાલ બાર મુહૂર્તનો છે. **(૨) ચતુર્વિંશતિ દ્વાર–** જીવોના પ્રભેદ સહિતનો ઉત્પત્તિ અને ઉદ્‌વર્તનાનો વિરહકાલ મુખ્યત્વે ચોવીસ મુહૂર્તનો છે. **(૩) સાન્તર દ્વાર–** ૨૪ દંડકના જીવોમાં સાન્તર અને નિરંતર ઉત્પત્તિ અને ઉદ્‌વર્તન થાય છે. **(૪) એક સમય દ્વાર–** એક સમયમાં કેટલા જીવોની ઉત્પત્તિ અને ઉદ્‌વર્તના થાય છે, તેનું કથન છે.

**(૫) કત્તો દ્વાર–** જીવ ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? **(૬) ઉદ્‌વર્તના દ્વાર–** જીવ વર્તમાન ભવમાંથી મૃત્યુ પામી કયા ભવમાં જાય છે ? **(૭) પારભવિકાયુષ્ય દ્વાર–** આગામી ભવનું આયુષ્ય જીવ વર્તમાન ભવમાં ક્યારે બાંધે છે ? **(૮) આકર્ષ દ્વાર–** આયુષ્ય બંધના પ્રકાર, કેટલા આકર્ષોમાં જીવ, ગતિ, જાતિ આદિ નામ વિશિષ્ટ આયુષ્ય કર્મ બાંધે છે ? તથા ન્યૂનાધિક આકર્ષોવાળા આયુષ્યબંધક જીવોના અલ્પ-બહુત્વની વિચારણા કરવામાં આવી છે.

આ રીતે આ પદમાં જીવોની ઉત્પત્તિ અને મરણના વિરહકાલનું, જીવોની આગતિ અને ગતિનું અને વિવિધ સ્થાનોમાં ઉત્પન્ન થવા માટે આયુષ્યબંધ, આયુષ્યબંધકાલ વગેરે વિષયોનું સ્પષ્ટીકરણ કરેલ છે.

પ્રસ્તુત પદના કત્તો દ્વારમાં જીવના જે ભેદોના આધારે આગતિ-ગતિનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે, તેની સંખ્યા ૧૧૦ થાય છે. સૂત્રપાઠમાં સંખ્યાની ગણતરી કરવાની પદ્ધતિ નથી, ત્યાં તો માત્ર જીવના ભેદ જ બતાવવામાં આવ્યા છે, પરંતુ સમજવા અને યાદ રાખવાની સુગમતા માટે આચાર્યોએ વર્ણનના આધારે જીવોના ભેદોની સંખ્યાઓનું સંકલન કર્યું છે.

થોકડાઓમાં જીવના ૫૬૩ ભેદના આધારે જીવોની આગતિ અને ગતિ બતાવવામાં આવી છે તે તે થોકડા ગતાગતના નામે પ્રસિદ્ધ છે.

❖❖❖❖❖

# છઠ્ઠું પદ : વ્યુત્ક્રાન્તિ

**વિષય સૂચક આઠ દ્વારો :–**

**૧** बारस चउवीसाइं, सअंतरं एगसमय कत्तो य ।
उव्वट्टण परभवियाउयं च, अट्ठेव आगरिसा ॥१॥

**ગાથાર્થ**– (૧) દ્વાદશ (બાર) (૨) ચોવીશ (૩) સાન્તર (અંતર સહિત) (૪) એક સમય, (૫) ક્યાંથી ? (૬) ઉદ્‌વર્તના (૭) પરભવ સંબંધી આયુષ્ય અને (૮) આઠ આકર્ષ, આ આઠ વિષય નિરૂપક દ્વાર છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્ર(ગાથા)માં આ પદના વર્ણિત સમસ્ત વિષયોના નિરૂપક આઠ દ્વારોનું સંકલન છે.

**(૧) દ્વાદશ**– આ દ્વારમાં ચાર ગતિના જીવોના ઉપપાત અને ઉદ્‌વર્તનાના અર્થાત્ જન્મ અને મરણના વિરહકાલનું કથન છે. તેનો વિરહકાલ બાર મુહૂર્તનો હોવાથી આ દ્વારનું નામ 'દ્વાદશ' છે.

**(૨) ચોવીસ**– આ દ્વારમાં ૨૪ દંડકના જીવોના વિરહકાલનું નિરૂપણ છે. તેમાં સહુ પ્રથમ રત્નપ્રભા પૃથ્વીના નારકીઓના વિરહનું કથન છે. તેનો વિરહ ૨૪ મુહૂર્તનો હોવાથી આ દ્વારનું નામ 'ચોવીસ' છે.

**(૩) સાન્તર**– સાન્તર કે નિરન્તર ઉત્પન્ન થતાં ચોવીસ દંડકના જીવોની ઉત્પત્તિનું વર્ણન છે, તેથી તેનું નામ 'સાન્તર દ્વાર' છે.

**(૪) એક સમય**– આ દ્વારમાં એક સમયમાં ઉત્પન્ન થતાં ૨૪ દંડકના જીવોની સંખ્યાનું સ્પષ્ટીકરણ છે. તેથી તેનું નામ 'એક સમય' છે.

**(૫) कत्तो** – આ દ્વારમાં ૨૪ દંડકના જીવોની ઉત્પત્તિ–ક્યાંથી આવીને ઉત્પન્ન થાય ? અર્થાત્ આગતિનું વિસ્તૃત વર્ણન છે, તેથી તેનું નામ 'કત્તો દ્વાર' છે.

**(૬) ઉદ્‌વર્તના**– આ દ્વારમાં ૨૪ દંડકના જીવો મૃત્યુ પામીને જ્યાં જાય છે, તે ગતિનું પ્રતિપાદન છે, તેથી તેનું નામ 'ઉદ્‌વર્તના' છે.

**(૭) પરભવ આયુષ્ય**– આ દ્વારમાં પરભવના આયુષ્યના બંધકાલને સમજાવ્યો છે, તેથી તેનું નામ 'પરભવાયુષ્ય' છે.

**(૮) આઠ આકર્ષ**– આ દ્વારમાં આયુષ્યબંધ સમયના આકર્ષોનું(આયુ બંધ માટે કર્મપુદ્‌ગલ ગ્રહણ–ખેંચવા અને બાંધવાની પ્રક્રિયાનું) નિરૂપણ છે, તેથી તેનું નામ 'આકર્ષ' છે.

**(૧) દ્વાદશ દ્વાર : ચાર ગતિમાં ઉત્પત્તિ અને મરણનો વિરહકાળ :–**

**૨** **णिरयगई णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! નરકગતિમાં ઉત્પત્તિનો વિરહકાલ કેટલો છે ? **ઉત્તર**– હે ગૌતમ!

જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનો ઉત્પત્તિનો વિરહકાળ છે.

**३ तिरियगई णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચગતિમાં ઉત્પત્તિનો વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ! તેની ઉત્પત્તિનો વિરહકાલ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનો છે.

**४ मणुयगई णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યગતિમાં ઉત્પત્તિનો વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ! તેની ઉત્પત્તિનો વિરહકાલ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનો છે.

**५ देवगई णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવગતિમાં ઉત્પત્તિનો વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની ઉત્પત્તિનો વિરહકાલ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનો છે.

**६ सिद्धगई णं भंते ! केवइयं कालं विरहिया सिज्झणयाए पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं छम्मासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સિદ્ધગતિમાં સિદ્ધ થવાનો વિરહ કાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસનો વિરહકાલ છે.

**७ णिरयगई णं भंते ! केवइयं कालं विरहिया उव्वट्टणाए पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નરકગતિમાં મરણનો વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના મરણનો વિરહકાલ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનો છે.

**८ तिरियगई णं भंते ! केवइयं कालं विरहिया उव्वट्टणाए पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચગતિમાં મરણનો વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના મરણનો વિરહકાલ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનો છે.

**९ मणुयगई णं भंते ! केवइयं कालं विरहिया उव्वट्टणाए पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યગતિમાં મરણનો વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ! તેના મરણનો વિરહકાલ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનો છે.

**૧૦** **देवगई णं भंते ! केवइयं कालं विरहिया उव्वट्टणाए पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવગતિમાં મરણનો વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના મરણનો વિરહકાલ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનો છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં નરકાદિ ચાર ગતિ અને પાંચમી સિદ્ધગતિના જઘન્ય-ઉત્કૃષ્ટ ઉત્પત્તિ સંબંધી વિરહકાળનું તથા સિદ્ધગતિને છોડી ચાર ગતિના મરણ સંબંધી વિરહકાળનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

આ સંસારમાં અનંત જીવો પરિભ્રમણ કરી રહ્યા છે. તે જીવોના જન્મ-મરણ ચારે ગતિમાં ચાલુ હોય જ છે. તેમ છતાં ક્યારેક એવો સમય આવે કે જ્યારે તે તે ગતિમાં એક પણ જીવ જન્મ કે મરણ પામતા ન હોય. જે સમયે એક પણ જીવનું જન્મ મરણ ન હોય, તે કાલને વિરહકાલ કહે છે. જન્મના વિરહકાલને **ઉપપાત વિરહકાલ** અને મૃત્યુના વિરહકાલને **ઉદ્વર્તના વિરહકાલ** કહે છે.

**ઉપપાત વિરહકાલ :–** તે-તે ગતિમાં જેટલા સમય સુધી એક પણ નવો જીવ જન્મ ધારણ ન કરે; તેટલા સમયને તે-તે ગતિનો ઉપપાત વિરહકાળ કહે છે. **નરકગતિ વિરહકાલ–** જેટલા સમય સુધી સમુચ્ચય નરકગતિમાં– સાતે નરકમાંથી કોઈ પણ નરકમાં નવા નૈરયિકનો જન્મ ન થાય, તેટલા કાલને નરકગતિનો ઉપપાત વિરહકાળ કહે છે. નરકાદિ ચારે ય ગતિઓનો ઓછામાં ઓછો ઉપપાત વિરહકાળ એક સમય અને વધુમાં વધુ બાર મુહૂર્તનો છે અર્થાત્ બાર મુહૂર્ત સુધી નરકગતિમાં એક પણ નવો નારકી ઉત્પન્ન થતો નથી. બાર મુહૂર્ત પછી સાત નરકમાંથી કોઈ પણ નરકમાં એક કે અનેક જીવો અવશ્ય ઉત્પન્ન થઈ જાય છે.

**તિર્યંચગતિ વિરહકાલ–** તિર્યંચગતિમાં પાંચ સ્થાવર જીવોમાં નિરંતર જન્મ-મરણ થયા જ કરે છે. તેથી ત્યાં જન્મ-મરણનો વિરહ નથી. **પરંતુ સૂત્રકારે તિર્યંચગતિમાં બાર મુહૂર્તનો વિરહકાલ કહ્યો છે, તે અન્ય ગતિમાંથી તિર્યંચગતિમાં થતાં જન્મ-મરણની અપેક્ષાએ કહ્યો છે** અર્થાત્ ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત સુધી અન્ય ત્રણ ગતિનો એક પણ જીવ તિર્યંચ ગતિમાં જન્મ ધારણ કરતો નથી. આ રીતે **મનુષ્ય અને દેવગતિમાં** પણ ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનો વિરહકાલ ગતિની અપેક્ષાએ છે. **સિદ્ધગતિ**નો ઉપપાત વિરહકાળ ઉત્કૃષ્ટ છ માસનો છે. છ માસ પછી કોઈ પણ એક જીવ અવશ્ય સિદ્ધ થાય છે. આ રીતે સમુચ્ચય ચારે ગતિનો ઉપપાત વિરહકાળ ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનો છે અને સિદ્ધગતિમાં છ માસનો છે.

**ઉદ્વર્તના વિરહકાળ :–** ઉદ્વર્તના એટલે નરકાદિ ગતિમાંથી નીકળવું. જેટલા સમય સુધી નારકાદિ જીવો પોત-પોતાની ગતિમાંથી મૃત્યુ પામીને ન નીકળે, તેટલા કાળને ઉદ્વર્તના વિરહકાળ કહે છે. ઉદ્વર્તના વિરહકાળ પણ ઉપપાત વિરહકાળની જેમ જ ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનો હોય છે.

ક્યારેક ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત સુધી સાત નરકમાંથી એક પણ નૈરયિકનું મૃત્યુ થતું નથી. તિર્યંચ ગતિમાં પણ ક્યારેક બાર મુહૂર્ત સુધી તિર્યંચગતિનો એક પણ જીવ મૃત્યુ પામીને અન્ય ગતિમાં જતો નથી. તેથી તિર્યંચગતિનો ઉદ્વર્તના વિરહકાલ બાર મુહૂર્તનો છે. તે જ રીતે મનુષ્ય અને દેવગતિનો પણ બાર-બાર મુહૂર્તનો ઉદ્વર્તના વિરહકાલ છે.

સિદ્ધોની સ્થિતિ સાદિ અનંતકાલની છે, **તેથી સિદ્ધગતિમાં ઉદ્વર્તના નથી** અને તેનો વિરહકાળ પણ નથી. સિદ્ધજીવ સદાકાળ સિદ્ધ જ રહે છે.

**(૨) ચતુર્વિંશતિ દ્વાર : ૨૪ દંડકમાં ઉત્પત્તિ–મરણનો વિરહકાલ :–**

**११** **रयणप्पभा-पुढविणेरइया णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોનો ઉપપાત–ઉત્પત્તિનો વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની ઉત્પત્તિનો વિરહકાલ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ૨૪ મુહૂર્તનો છે.

**१२** **सक्करप्पभा-पुढविणेरइया णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं सत्त राइंदियाणि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વીના નૈરયિકોનો ઉપપાત વિરહકાલ કેટલો છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સાત રાત્રિ-દિવસનો છે.

**१३** **वालुयप्पभा-पुढविणेरइया णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं अद्धमासं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાલુકાપ્રભા પૃથ્વીના નૈરયિકોનો ઉપપાત વિરહકાલ કેટલો છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અર્દ્ધમાસ–૧૫ અહોરાત્રિનો છે.

**१४** **पंकप्पभा-पुढविणेरइया णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं मासं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંકપ્રભા પૃથ્વીના નૈરયિકોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ એક માસનો છે.

**१५** **धूमप्पभा-पुढविणेरइया णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं दो मासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધૂમપ્રભા પૃથ્વીના નૈરયિકોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બે માસનો છે.

**१६** **तमा-पुढविणेरइया णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं चत्तारि मासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ચાર માસનો છે.

**१७** **अहेसत्तमा-पुढविणेरइया णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं छम्मासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમસ્તમા પૃથ્વીના નૈરયિકોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસનો છે.

**१८ असुरकुमारा णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ચોવીશ મુહૂર્તનો છે.

**१९ णागकुमारा णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता ।**

**एवं सुवण्णकुमाराणं विज्जुकुमाराणं अग्गिकुमाराणं दीवकुमाराणं उदहिकुमाराणं दिसाकुमाराणं वाउकुमाराणं थणियकुमाराण य पत्तेयं पत्तेयं जहण्णेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નાગકુમાર દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ચોવીસ મુહૂર્તનો છે.

આ જ રીતે સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, વાયુકુમાર અને સ્તનિતકુમાર દેવોમાં પ્રત્યેકનો ઉપપાત વિરહકાળ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ચોવીશ મુહૂર્તનો હોય છે.

**२० पुढविकाइया णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! अणुसमयमविरहियं उववाएणं पण्णत्ता ।**

**एवं आउकाइयाण वि तेउकाइयाण वि वाउकाइयाण वि वणस्सइकाइयाण वि अणुसमयं अविरहिया उववाएणं पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ! તે જીવો પ્રતિસમય અવિરહિત ઉપપાતવાળા હોય છે અર્થાત્ તેનો ઉપપાત નિરંતર થતો જ રહે છે.

આ રીતે અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક જીવો પણ અવિરહિત ઉપપાતવાળા છે અર્થાત્ પાંચે સ્થાવરમાં નિરંતર જન્મ થાય છે.

**२१ बेइंदिया णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं । एवं तेइंदिय-चउरिंदिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તનો છે. તે જ રીતે તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયના ઉપપાત વિરહકાળના વિષયમાં સમજી લેવું જોઈએ.

**२२ सम्मुच्छिम-पंचेंदिय-तिरिक्खजोणिया णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોનો ઉપપાત વિરહકાલ કેટલો

છે ? **ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તનો છે.

**૨૩ गब्भवक्कंतिय-पंचेंदियतिरिक्खजोणिया णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનો છે.

**૨૪ सम्मुच्छिममणुस्सा णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! સંમૂર્ચ્છિમ મનુષ્યોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર**– હે ગૌતમ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ચોવીસ મુહૂર્તનો છે.

**૨૫ गब्भवक्कंतियमणुस्साणं णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं बारस मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! ગર્ભજ મનુષ્યોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનો છે.

**૨૬ वाणमंतराणं णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं उक्कोसेणं चउव्वीसं मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! વાણવ્યંતર દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ચોવીસ મુહૂર્તનો છે.

**૨૭ जोइसियाणं णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જ્યોતિષી દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ચોવીસ મુહૂર્તનો છે.

**૨૮ सोहम्मे कप्पे देवा णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! સૌધર્મ કલ્પના દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ચોવીસ મુહૂર્તનો છે.

**૨૯ ईसाणे कप्पे देवाणं भंते ! केवइयं कालं विरहिया उववाएण पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! ઈશાન કલ્પના દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ચોવીસ મુહૂર્તનો હોય છે.

**३० सणंकुमारदेवाणं भंते ! केवइयं कालं विरहिया उववाएण पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं णव राइंदियाइं वीसा य मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સનત્કુમાર દેવલોકના દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ નવ રાત્રિ-દિવસ અને વીસ મુહૂર્તનો છે.

**३१ माहिंददेवाणं भंते ! केवइयं कालं विरहिया उववाएण पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं बारस राइंदियाइं दस मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! માહેન્દ્ર દેવલોકના દેવોનો ઉપપાત વિરહકાળ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ બાર રાત્રિ-દિવસ અને દસ મુહૂર્તનો છે.

**३२ बंभलोए देवाणं भंते ! केवइयं कालं विरहिया उववाएण पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं अद्धतेवीसं राइंदियाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બ્રહ્મ દેવલોકના દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક સમય, ઉત્કૃષ્ટ સાડા બાવીસ રાત્રિ-દિવસનો છે.

**३३ लंतगदेवाणं भंते ! केवइयं कालं विरहिया उववाएण पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं पणतालीसं राइंदियाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લાંતક દેવલોકના દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ પીસ્તાલીસ રાત્રિ-દિવસનો છે.

**३४ महासुक्कदेवाणं भंते ! केवइयं कालं विरहिया उववाएण पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं असीइं राइंदियाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહાશુક્ર દેવલોકના દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ૮૦ રાત્રિ-દિવસનો છે.

**३५ सहस्सारदेवाणं भंते ! केवइयं कालं विरहिया उववाएण पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं उक्कोसेणं राइंदियसयं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સહસ્રાર દેવલોકના દેવોનો ઉપપાત વિરહકાળ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ૧૦૦ રાત્રિ-દિવસનો છે.

**३६ आणयदेवाणं भंते ! केवइयं कालं विरहिया उववाएण पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं संखेज्जा मासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આનત દેવલોકના દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાતા માસનો છે.

**३७ पाणयदेवाणं भंते ! केवइयं कालं विरहिया उववाएण पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं संखेज्जा मासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રાણત દેવલોકના દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાતા માસનો છે.

**૩૮ आरणदेवाणं भंते ! केवइयं कालं विरहिया उववाएण पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं संखेज्जा वासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આરણ દેવલોકના દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાતા વર્ષોનો છે.

**૩૯ अच्चुयदेवाणं भंते ! केवइयं कालं विरहिया उववाएण पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं संखेज्जा वासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અચ્યુત દેવલોકના દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાતા વર્ષોનો છે.

**૪૦ हेट्ठिमगेवेज्जगदेवाणं भंते ! केवइयं कालं विरहिया उववाएण पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं संखेज्जाइं वाससताइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધસ્તન ગ્રૈવેયકના દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ સંખ્યાતા સો વર્ષોનો છે.

**૪૧ मज्झिमगेवेज्जगदेवाणं भंते ! केवइयं कालं विरहिया उववाएण पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं संखेज्जाइं वाससहस्साइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ ગ્રૈવેયકના દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાતા હજાર વર્ષોનો છે.

**૪૨ उवरिमगेवेज्जगदेवाणं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं संखिज्जाइं वाससयसहस्साइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપરિતન ગ્રૈવયકના દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સંખ્યાતા લાખ વર્ષોનો છે.

**૪૩ विजय-वेजयंत-जयंत-अपराजियदेवाणं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं असंखेज्जं कालं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વિજય, વૈજયન્ત, જયંત અને અપરાજિત દેવલોકના દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલનો છે.

**૪૪ सव्वट्ठसिद्धगदेवा णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं पलिओवमस्स संखेज्जइभागं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોનો ઉપપાત વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–**

હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ પલ્યોપમના સંખ્યાતમા ભાગનો છે.

**૪૫ सिद्धा णं भंते ! केवइयं कालं विरहिया सिज्झणयाए पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं छम्मासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સિદ્ધ જીવોનો સિદ્ધ થવાનો વિરહકાલ કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસનો છે.

**૪૬ रयणप्पभापुढविणेरइया णं भंते ! केवइयं कालं विरहिया उव्वट्टणाए पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं चउव्वीसं मुहुत्ता ।**

**एवं सिद्धवज्जा उव्वट्टणा वि भाणियव्वा** *जाव* **अणुत्तरोववाइय त्ति । णवरं जोइसियवेमाणिएसु चयणं ति अभिलावो कायव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોનો ઉદ્‌વર્તના–મરણનો વિરહકાલ કેટલો છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ચોવીસ મુહૂર્તનો છે.

જે રીતે ઉપપાત વિરહનું કથન કર્યું છે, તે જ રીતે સિદ્ધોને છોડી અનુત્તરૌપપાતિક દેવો સુધી ઉદ્‌વર્તના વિરહકાલ પણ કહેવો જોઈએ. વિશેષતા એ છે કે **જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોના નિરૂપણમાં ઉદ્‌વર્તનાના સ્થાને 'ચ્યવન' શબ્દનો પ્રયોગ કરવો જોઈએ.**

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવોના જન્મ-મરણના વિરહકાલની પ્રરૂપણા કરવામાં આવી છે.

**પ્રથમ નરક પૃથ્વી અને સમુચ્ચય નરકગતિનો ઉપપાત વિરહકાલ :–** પ્રથમ રત્નપ્રભા નરક પૃથ્વીનો ઉપપાત વિરહકાલ ૨૪ મુહૂર્તનો છે અને સમુચ્ચય નરકગતિનો ઉપપાત વિરહકાલ બાર મુહૂર્તનો છે. સમુચ્ચય નરકગતિમાં સાતે નરકના નૈરયિકોનો સમાવેશ થાય છે. તેથી તેનો ઉપપાત વિરહકાલ પ્રથમ નરક પૃથ્વી કરતાં અલ્પ સમયનો છે.

યથા– કોઈ શાળામાં ૮ દિવસ પ્રવેશ નિષેધ કરવામાં આવ્યો હોય, તો આઠ દિવસ સુધી એક પણ વર્ગમાં એક પણ બાળકને પ્રવેશ મળતો નથી. તે જ શાળાના પ્રથમ વર્ગમાં પંદર દિવસનો પ્રવેશ નિષેધ હોય તો પંદર દિવસ સુધી પ્રથમ વર્ગમાં પ્રવેશ ન મળે પરંતુ આઠ દિવસ પછી અન્ય વર્ગમાં પ્રવેશ મળે છે.

તે જ રીતે બાર મુહૂર્ત સુધી સાત નરકમાંથી કોઈ પણ નરકમાં જન્મ થતો નથી, પરંતુ બાર મુહૂર્ત પછી બીજી, ત્રીજી આદિ કોઈ પણ નરકમાં નવા જીવોનો જન્મ થાય છે. આ રીતે એક નરક પૃથ્વીના ઉપપાત વિરહકાલથી સમુચ્ચય નરકગતિનો ઉપપાત વિરહકાલ અલ્પ સમયનો છે.

**जोइसवेमाणिएसु चयणं :– જ્યોતિષ્ક અને વૈમાનિક** આ બંને પ્રકારના દેવોના મૃત્યુ માટે 'ચ્યવન' શબ્દનો પ્રયોગ કરવો જોઈએ. ચ્યવનનો અર્થ છે નીચે આવવું. જ્યોતિષ્ક દેવો તિરછાલોકની આપણી આ પૃથ્વીથી ઉપર છે અને વૈમાનિક દેવો ઊર્ધ્વલોકમાં છે. ત્યાં રહેલા તે દેવો મૃત્યુ પામી તિરછાલોકમાં મનુષ્ય કે તિર્યંચ પંચેન્દ્રિયપણે જન્મ ધારણ કરે છે. તે દેવો પોતાના સ્થાનથી(ઉપરથી) નીચે આવે છે, તેથી તેના મૃત્યુને શાસ્ત્રકાર **ચ્યવન** કહે છે.

## ૨૪ દંડકના જીવોની ઉત્પત્તિ અને મરણ સંખ્યા તથા વિરહકાલ :–

| જીવ પ્રકાર | જઘન્ય વિરહકાળ | ઉત્કૃષ્ટ વિરહકાળ | જઘન્ય ઉત્પત્તિ સંખ્યા | ઉત્કૃષ્ટ ઉત્પત્તિ સંખ્યા |
|---|---|---|---|---|
| સમુચ્ચય નરક ગતિ | એક સમય | ૧૨ મુહૂર્ત | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| સમુચ્ચય તિર્યંચ ગતિ | એક સમય | ૧૨ મુહૂર્ત | એક, બે કે ત્રણ | અનંત |
| સમુચ્ચય મનુષ્ય ગતિ | એક સમય | ૧૨ મુહૂર્ત | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| સમુચ્ચય દેવ ગતિ | એક સમય | ૧૨ મુહૂર્ત | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| સિદ્ધ ગતિ | એક સમય | છ માસ | એક, બે કે ત્રણ | ૧૦૮ |
| પ્રથમ નરક પૃથ્વી | એક સમય | ૨૪ મુહૂર્ત | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| બીજી નરક પૃથ્વી | એક સમય | ૭ અહોરાત્ર | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| ત્રીજી નરક પૃથ્વી | એક સમય | ૧૫ અહોરાત્ર | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| ચોથી નરક પૃથ્વી | એક સમય | ૧ માસ | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| પાંચમી નરક પૃથ્વી | એક સમય | ૨ માસ | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| છઠ્ઠી નરક પૃથ્વી | એક સમય | ૪ માસ | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| સાતમી પૃથ્વી | એક સમય | ૬ માસ | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| ભવનપતિ,વ્યંતર, જ્યોતિષીદેવ | એક સમય | ૨૪ મુહૂર્ત | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| પહેલો-બીજો દેવલોક | એક સમય | ૨૪ મુહૂર્ત | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| ત્રીજો દેવલોક | એક સમય | ૯ દિવસ ૨૦ મુહૂર્ત | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| ચોથો દેવલોક | એક સમય | ૧૨ દિવસ ૧૦ મુહૂર્ત | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| પાંચમો દેવલોક | એક સમય | ૨૨$\frac{૧}{૨}$ દિવસ | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| છઠ્ઠો દેવલોક | એક સમય | ૪૫ અહોરાત્ર | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| સાતમો દેવલોક | એક સમય | ૮૦ અહોરાત્ર | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| આઠમો દેવલોક | એક સયમ | ૧૦૦ અહોરાત્ર | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| નવમો-દસમો દેવલોક | એક સમય | સંખ્યાતમાસ | એક, બે કે ત્રણ | સંખ્યાત |
| અગિયારમો-બારમો દેવલોક | એક સમય | સંખ્યાતાવર્ષ | એક, બે કે ત્રણ | સંખ્યાત |
| એક થી ત્રણ ગ્રૈવેયક | એક સમય | સંખ્યાતા ૧૦૦ વર્ષ | એક, બે કે ત્રણ | સંખ્યાત |
| ચારથી છ ગ્રૈવેયક | એક સમય | સંખ્યાતા ૧૦૦૦ વર્ષ | એક, બે કે ત્રણ | સંખ્યાત |
| સાત થી નવ ગ્રૈવેયક | એક સમય | સંખ્યાતા લાખ વર્ષ | એક, બે કે ત્રણ | સંખ્યાત |
| ચાર અનુત્તર વિમાન | એક સમય | અસંખ્યાત કાળ | એક, બે કે ત્રણ | સંખ્યાત |
| સર્વાર્થસિદ્ધ વિમાન | એક સમય | પલ્યનો અસંખ્યાતમો ભાગ | એક, બે કે ત્રણ | સંખ્યાત |

| જીવ પ્રકાર | જઘન્ય વિરહકાળ | ઉત્કૃષ્ટ વિરહકાળ | જઘન્ય ઉત્પત્તિ સંખ્યા | ઉત્કૃષ્ટ ઉત્પત્તિ સંખ્યા |
|---|---|---|---|---|
| ચાર સ્થાવર | નથી | નથી | – | નિરંતર અસંખ્યાત |
| વનસ્પતિકાય | નથી | નથી | – | નિરંતર અનંત |
| ૩ વિકલે૦, અસંજ્ઞી તિર્યંચ પંચે૦ | એક સમય | અંતર્મુહૂર્ત | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | એક સમય | ૧૨ મુહૂર્ત | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| સંમૂર્ચ્છિમ મનુષ્ય | એક સમય | ૨૪ મુહૂર્ત | એક, બે કે ત્રણ | અસંખ્યાત |
| ગર્ભજ મનુષ્ય | એક સમય | ૧૨ મુહૂર્ત | એક, બે કે ત્રણ | સંખ્યાત |
| ★ અહીં ઉત્પત્તિ અને મરણની જઘન્ય-ઉત્કૃષ્ટ સંખ્યા એક સમયની અપેક્ષાએ છે. | | | | |

**(૩) સાન્તર દ્વાર :–**

**જીવોની સાન્તર-નિરન્તર ઉત્પત્તિ અને ઉદ્‌વર્તન :–**

**૪૭ णेरइया णं भंते ! किं संतरं उववज्जंति, णिरंतरं उववज्जंति ? गोयमा ! संतरं पि उववज्जंति, णिरंतरं पि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાન્તર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે.

**૪૮ तिरिक्खजोणिया णं भंते ! किं संतरं उववज्जंति, णिरंतरं उववज्जंति ? गोयमा ! संतरं पि उववज्जंति, णिरंतरं पि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચયોનિકો શું સાંતર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાન્તર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે.

**૪૯ मणुस्सा णं भंते ! किं संतरं उववज्जंति, णिरंतरं उववज्जंति ? गोयमा ! संतरं पि उववज्जंति, णिरंतरं पि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યો શું સાંતર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાંતર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે.

**૫૦ देवा णं भंते ! किं संतरं उववज्जंति, णिरंतरं उववज्जंति ? गोयमा ! संतरं पि उववज्जंति, णिरंतरं पि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવો શું સાંતર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાંતર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે.

**૫૧ रयणप्पभापुढविणेरइया णं भंते ! किं संतरं उववज्जंति, णिरंतरं उववज्जंति ? गोयमा ! संतरं पि उववज्जंति, णिरंतरं पि उववज्जंति । एवं *जाव* अहेसत्तमाए संतरं पि उववज्जंति, णिरंतरं पि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકો સાંતર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાંતર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે. તે જ રીતે સાતમી નરક પૃથ્વી સુધીના નૈરયિકો સાંતર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે.

**૫૨ असुरकुमारा णं भंते ! देवा किं संतरं उववज्जंति, णिरंतरं उववज्जंति ? गोयमा ! संतरं पि उववज्जंति, णिरंतरं पि उववज्जंति । एवं *जाव* थणियकुमारा संतरं पि उववज्जंति, णिरंतरं पि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવો શું સાંતર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાંતર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે. આ રીતે સ્તનિતકુમાર દેવો સુધી સાંતર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે.

**૫૩ पुढविकाइया णं भंते ! किं संतरं उववज्जंति, णिरंतरं उववज्जंति ? गोयमा ! णो संतरं उववज्जंति, णिरंतरं उववज्जंति । एवं *जाव* वणस्सइकाइया णो संतरं उववज्जंति, णिरंतरं उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો શું સાંતર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે? **ઉત્તર–** હે ગૌતમ ! સાંતર ઉત્પન્ન થતા નથી, પરંતુ નિરંતર ઉત્પન્ન થાય છે. આ જ રીતે વનસ્પતિકાયિક સુધીના જીવો સાન્તર ઉત્પન્ન થતા નથી, પરંતુ નિરંતર ઉત્પન્ન થાય છે.

**૫૪ बेइंदिया णं भंते ! किं संतरं उववज्जंति, णिरंतरं उववज्जंति ? गोयमा ! संतरं पि उववज्जंति, णिरंतरं पि उववज्जंति । एवं *जाव* पंचेंदियतिरिक्खजोणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવો શું સાંતર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાંતર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે. આ જ રીતે પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સુધી જાણવું જોઈએ.

**૫૫ मणुस्सा णं भंते ! किं संतरं उववज्जंति, णिरंतरं उववज्जंति ? गोयमा ! संतरं पि उववज्जंति, णिरंतरं पि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યો શું સાંતર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાંતર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે.

**૫૬ एवं वाणमंतरा जोइसिया सोहम्म-ईसाण-सणंकुमार-माहिंद-बंभलोय-लंतग-महासुक्क-सहस्सार-आणय-पाणय-आरण-अच्चुय-हेट्ठिमगेवेज्जग-मज्झिमगेवेज्जग-उवरिमगेवेज्जग-विजय-वेजयंत-जयंत-अपराजित-सव्वट्ठसिद्धदेवा य संतरं पि उववज्जंति, णिरंतरं पि उववज्जंति।**

**ભાવાર્થ :–** આ જ રીતે વાણવ્યંતર, જ્યોતિષી તથા સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આણત, પ્રાણત, આરણ, અચ્યુત, અધસ્તન ગ્રૈવેયક, મધ્યમ ગ્રૈવેયક, ઉપરિતન ગ્રૈવેયક, વિજય, વૈજયન્ત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધદેવો સાંતર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે.

**૫૭** **सिद्धा णं भंते ! किं संतरं सिज्झंति, णिरंतरं सिज्झंति ? गोयमा ! संतरं पि सिज्झंति, णिरंतरं पि सिज्झंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સિદ્ધો શું સાંતર સિદ્ધ થાય છે કે નિરંતર સિદ્ધ થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાંતર પણ સિદ્ધ થાય છે અને નિરંતર પણ સિદ્ધ થાય છે.

**૫૮** **णेरइया णं भंते ! किं संतरं उव्वट्टंति, णिरंतरं उव्वट्टंति ? गोयमा ! संतरं पि उव्वट्टंति, णिरंतरं पि उव्वट्टंति ।**

**एवं जहा उववाओ भणिओ तहा उव्वट्टणा वि सिद्धवज्जा भाणियव्वा** *जाव* **वेमाणिया। णवरं जोइसिय-वेमाणिएसु चयणं ति अभिलावो कायव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો સાંતર ઉદ્‌વર્તન પામે છે કે નિરંતર ઉદ્‌વર્તન પામે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાંતર પણ ઉદ્‌વર્તન પામે છે અને નિરંતર પણ ઉદ્‌વર્તન પામે છે.

આ રીતે જેમ ઉત્પત્તિના વિષયમાં કથન કર્યું છે, તેમજ સિદ્ધોને છોડીને શેષ વૈમાનિક સુધીના સર્વ જીવો સંબંધી ઉદ્‌વર્તનાના વિષયમાં પણ કહેવું જોઈએ. વિશેષતા એ છે કે જ્યોતિષી અને વૈમાનિક દેવો માટે 'ચ્યવન' શબ્દનો પ્રયોગ કરવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચોવીસ દંડકના જીવો અને સિદ્ધોની સાંતર અને નિરંતર ઉત્પત્તિ અને ઉદ્‌વર્તનાની પ્રરૂપણા છે.

**સાંતર-નિરંતર :–** વ્યવધાન સહિત જીવોની ઉત્પત્તિ થાય, તેને **સાંતર ઉત્પત્તિ** કહે છે. યથા– પ્રથમ સમયે કોઈ જીવ જન્મ પામે પછી ૨,૩,૪ આદિ સમયમાં એક પણ જીવ તે સ્થાનમાં ઉત્પન્ન ન થાય અને ત્યાર પછી પુનઃ ઉત્પન્ન થાય તો તે સાંતર ઉત્પત્તિ કહેવાય છે. પ્રતિસમય, લગાતાર, સમય માત્રના વ્યવધાન વિના, જીવોની ઉત્પત્તિ થાય, તેને **નિરંતર ઉત્પત્તિ** કહે છે.

**પાંચ સ્થાવરોમાં નિરંતર ઉત્પત્તિ અને ઉદ્‌વર્તન થયા કરે છે. શેષ સર્વ સ્થાનોમાં જીવોની ઉત્પત્તિ અને ઉદ્‌વર્તના સાંતર પણ થાય છે અને નિરંતર પણ થાય છે.**

### (૪) એક સમય દ્વાર : એક સમયમાં ઉત્પત્તિ અને ઉદ્‌વર્તનની સંખ્યા :–

**૫૯** **णेरइया णं भंते ! एगसमएणं केवइया उववज्जंति ? गोयमा ! जहण्णेणं एगो वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा उववज्जंति । एवं** *जाव* **अहेसत्तमाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક સમયમાં કેટલા નૈરયિકો ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાતા અથવા અસંખ્યાતા નૈરયિકો ઉત્પન્ન થાય છે. આ જ રીતે ***યાવત્*** સાત નરક પૃથ્વી સુધી જાણવું જોઈએ.

**૬૦** **असुरकुमारा णं भंते ! एगसमएणं केवइया उववज्जंति ? गोयमा ! जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा । एवं णागकुमारा** *जाव* **थणियकुमारा वि भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક સમયમાં કેટલા અસુરકુમાર દેવો ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાતા અથવા અસંખ્યાતા અસુરકુમાર દેવો ઉત્પન્ન થાય છે. આ જ રીતે નાગકુમારથી લઈ સ્તનિતકુમાર દેવો સુધી જાણવું જોઈએ.

**૬૧ पुढविकाइया णं भंते ! एगसमएणं केवइया उववज्जंति ? गोयमा ! अणुसमयं अविरहियं असंखेज्जा उववज्जंति । एवं *जाव* वाउकाइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક સમયમાં કેટલા પૃથ્વીકાયિક જીવો ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પ્રતિસમય, વિરહ વિના(અંતર વિના) અસંખ્યાત જીવો ઉત્પન્ન થાય છે. આ રીતે વાયુકાયિક જીવો સુધી કહેવું જોઈએ.

**૬૨ वणस्सइकाइया णं भंते ! एगसमएणं केवइया उववज्जंति ? गोयमा ! सट्ठाणुववायं पडुच्च अणुसमयं अविरहिया अणंता उववज्जंति ? परट्ठाणुववायं पडुच्च अणुसमयं अविरहिया असंखेज्जा उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક સમયમાં કેટલા વનસ્પતિકાયિક જીવો ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સ્વસ્થાનમાં (વનસ્પતિકાયિકમાંથી વનસ્પતિકાયિકમાં) ઉત્પત્તિની અપેક્ષાએ પ્રતિસમય નિરંતર અનંત જીવો ઉત્પન્ન થાય છે તથા પરસ્થાનમાંથી (ચાર સ્થવારમાંથી વનસ્પતિકાયમાં) ઉત્પત્તિની અપેક્ષાએ પ્રતિસમય નિરંતર અસંખ્યાતા વનસ્પતિ જીવો ઉત્પન્ન થાય છે.

**૬૩ बेइंदिया णं भंते ! एगसमएणं केवइया उववज्जंति ? गोयमा ! जहण्णेणं एगो वा दो वा तिण्णि वा उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा ।**

**एवं तेइंदिया चउरिंदिया सम्मुच्छिमपंचेंदियतिरिक्खजोणिया गब्भवक्कंतिय-पंचेंदिय-तिरिक्खजोणिया सम्मुच्छिममणुसा वाणमंतर-जोइसिय-सोहम्मीसाण-सणंकुमार-माहिंद-बंभलोय-लंतग-महासुक्क-सहस्सारकप्पदेवा, एए जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક સમયમાં કેટલા બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાતા કે અસંખ્યાતા બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે.

આ જ રીતે તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, સંમૂર્ચ્છિમ–અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય સંમૂર્ચ્છિમ મનુષ્ય, વાણવ્યંતર, જ્યોતિષી, સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર અને સહસ્રાર કલ્પના દેવો સુધીની પ્રરૂપણા નૈરયિકોની સમાન જાણવી જોઈએ અર્થાત્ તે જીવો જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે.

**૬૪ गब्भवक्कंतियमणुस-आणय-पाणय-आरण-अच्चुय-गेवेज्जग-अणुत्तरोववाइया य एए जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा उववज्जंति ।**

**ભાવાર્થ :–** ગર્ભજ મનુષ્યો, આનત, પ્રાણત, આરણ, અચ્યુત દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવો જઘન્ય એક, બે કે ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાતા ઉત્પન્ન થાય છે.

**६५** **सिद्धा णं भंते ! एगसमएणं केवइया सिज्झंति ? गोयमा ! जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं अट्ठसयं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક સમયમાં કેટલા જીવો સિદ્ધ થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ એક સો આઠ જીવો સિદ્ધ થાય છે.

**६६** **णेरइया णं भंते ! एगसमएणं केवइया उव्वट्टंति ? गोयमा ! जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा उव्वट्टंति । एवं जहा उववाओ भणिओ तहा उव्वट्टणा वि सिद्धवज्जा भाणियव्वा** *जाव* **अणुत्तरोववाइया । णवरं जोइसिय-वेमाणियाणं चयणेणं अभिलावो कायव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક સમયમાં કેટલા નૈરયિકો ઉદ્‌વર્તન–મરણ પામે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક, બે, ત્રણ ઉત્કૃષ્ટ સંખ્યાત કે અસંખ્યાતા ઉદ્‌વર્તન પામે છે.

આ રીતે જેમ ઉપપાતના વિષયમાં કહ્યું, તે જ રીતે સિદ્ધોને છોડી અનુત્તરૌપપાતિક દેવો પર્યંતના જીવોના ઉદ્‌વર્તનાના વિષયમાં પણ કહેવું જોઈએ. વિશેષતા એ છે કે જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો માટે ઉદ્‌વર્તનાને બદલે 'ચ્યવન' શબ્દનો પ્રયોગ કરવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમસ્ત સંસારી જીવોની એક સમયમાં થતી ઉત્પત્તિ અને ઉદ્‌વર્તનાની સંખ્યા તથા સિદ્ધોની સિદ્ધત્વ પ્રાપ્તિની સંખ્યાનું નિરૂપણ છે.

**એક સાથે એકથી અસંખ્યાત જીવોની ઉત્પત્તિ :–** સાત નરક, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, એકથી આઠ દેવલોકના દેવો, ત્રણ વિકલેન્દ્રિય, સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ એક સાથે સંખ્યાત કે અસંખ્યાત જીવોની ઉત્પત્તિ થાય છે અર્થાત્ તે તે સ્થાનમાં ક્યારેક એક સમયમાં એક જીવની, ક્યારેક એક સમયમાં અસંખ્યાત જીવોની ઉત્પત્તિ થાય છે.

**એક સાથે એકથી સંખ્યાત જીવોની ઉત્પત્તિ :–** ગર્ભજ મનુષ્યો અને નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાન સુધીના દેવોમાં એક સાથે એકથી લઈ સંખ્યાત જીવોની ઉત્પત્તિ થાય છે. ગર્ભજ મનુષ્યો સંખ્યાતા છે અને ગર્ભજ મનુષ્યો જ મરીને નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય છે, તેથી તે સ્થાનોમાં એક સાથે કયારેક એક, બે, ત્રણ જીવોની અને કયારેક એક સાથે ઉત્કૃષ્ટ સંખ્યાતા જીવોની ઉત્પત્તિ થાય છે.

**નિરંતર અસંખ્યાત જીવોની ઉત્પત્તિ :–** પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુકાયમાં પાંચ સ્થાવરની અપેક્ષાએ એક સાથે એક, બે, ત્રણ કે સંખ્યાત જીવોની ઉત્પત્તિ થતી નથી. તે સ્થાનમાં એક સાથે પાંચે ય સ્થાવરના અસંખ્યાત-અસંખ્યાત જીવોની જ ઉત્પત્તિ થાય છે.

**એક સાથે અનંત જીવોની ઉત્પત્તિ :–** સાધારણ વનસ્પતિમાં અનંત જીવો છે. વનસ્પતિકાયિક જીવોની અપેક્ષાએ વનસ્પતિમાં એક સાથે અનંત જીવો નિરંતર ઉત્પન્ન થાય છે.

**વનસ્પતિકાયિકોનો સ્વસ્થાન-પરસ્થાન ઉત્પત્તિ :– स्वस्थानं-वनस्पतीनां वनस्पतित्वं** । વનસ્પતિકાયિક

જીવ મૃત્યુ પામી પુનઃ વનસ્પતિકાયમાં જ ઉત્પન્ન થાય, તો તેને સ્વસ્થાન ઉપપાત કહે છે અને વનસ્પતિ સિવાયના અન્ય કોઈ પણ કાયના જીવો વનસ્પતિમાં ઉત્પન્ન થાય, તો તેને પરસ્થાન ઉપપાત કહે છે. **વનસ્પતિકાયિકના સ્વસ્થાન ઉત્પત્તિમાં નિરંતર અનંત વનસ્પતિકાયિક જીવોનો ઉપપાત થતો જ રહે છે,** કારણ કે પ્રત્યેક નિગોદના અનંત જીવોમાંથી અસંખ્યાતમા ભાગના જીવોનું નિરંતર ઉત્પાદ-ઉદ્‌વર્તન થતું જ રહે છે અને તે જીવો અનંત હોય છે. **પરસ્થાન ઉત્પત્તિની અપેક્ષાએ એટલે ચાર સ્થાવરમાંથી પ્રતિસમય નિરંતર અસંખ્યાત જીવોની ઉત્પત્તિ વનસ્પતિકાયમાં થાય છે,** કારણ કે પૃથ્વીકાય આદિ અન્યકાયના જીવો અસંખ્યાત છે. સંક્ષેપમાં એક સમયમાં વનસ્પતિકાયમાંથી મૃત્યુ પામી વનસ્પતિકાયમાં જ ઉત્પન્ન થનારા જીવો અનંત હોય છે અને અન્ય સ્થાવર કાયમાંથી મૃત્યુ પામી વનસ્પતિકાયમાં ઉત્પન્ન થનારા જીવો અસંખ્યાતા હોય છે.

**(૫) कत्तो (કુતઃ) દ્વાર : નૈરયિકોની આગતિ :–**

**६७ णेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ? किं णेरइएहिंतो उववज्जंति ? तिरिक्खजोणिएहिंतो उववज्जंति, मणुस्सेहिंतो उववज्जंति, देवेहिंतो उववज्जंति ?**

**गोयमा ! णेरइया णो णेरइएहिंतो उववज्जंति, तिरिक्खजोणिएहिंतो उववज्जंति, मणुस्सेहिंतो उववज्जंति, णो देवेहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું નૈરયિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તિર્યંચયોનિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે કે દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક, નૈરયિકોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી, તિર્યંચયોનિકમાંથી આવીને ઉત્પન્ન થાય છે, મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, પરંતુ દેવોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી.

**६८ जइ तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं एगिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, बेइंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, तेइंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, चउरिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, पंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति ?**

**गोयमा ! णो एगिंदियतिरिक्खजोणिएहिंतो, णो बेइंदियतिरिक्खजोणिएहिंतो, णो तेइंदियतिरिक्खजोणिएहिंतो, णो चउरिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति; पंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જો તિર્યંચમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો શું એકેન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, બેઇન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી ઉત્પન્ન થાય છે, તેઇન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી, ચૌરેન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી કે પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય તિર્યંચ યોનિકોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી પરંતુ પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોમાંથી ઉત્પન્ન થાય છે.

**६९ जइ पंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति किं जलयरपंचेंदियतिरिक्खजोणिएहिंतो**

**उववज्जंति, थलयरपंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, खहयरपंचेंदियतिरिक्ख-जोणिएहिंतो उववज्जंति ?**

**गोयमा ! जलयरपंचेंदियतिरिक्खजोणिएहिंतो वि उववज्जंति, थलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो वि उववज्जंति, खहयरपंचेंदियतिरिक्खजोणिएहिंतो वि उववज्जंति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જો પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો શું તે જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી, સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી કે ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી પણ ઉત્પન્ન થાય છે, સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી અને ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી પણ ઉત્પન્ન થાય છે.

**૭૦ जइ जलयरपंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति किं सम्मुच्छिमजलयर-पंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति, गब्भवक्कंतिय-जलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति ?**

**गोयमा ! सम्मुच्छिम-जलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो वि उववज्जंति, गब्भ-वक्कंतिय-जलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જો જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો તે શું સંમૂર્ચ્છિમ જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી ઉત્પન્ન થાય છે કે ગર્ભજ જળચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે સંમૂર્ચ્છિમ જળચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી પણ ઉત્પન્ન થાય છે અને ગર્ભજ જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી પણ ઉત્પન્ન થાય છે.

**૭૧ जइ सम्मुच्छिमजलयर-पंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं पज्जत्तग-सम्मुच्छिम-जलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति, अपज्जत्तगसमुच्छिमजलयर-पंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति ?**

**गोयमा ! पज्जत्तगसम्मुच्छिमजलयरपंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, णो अपज्जत्तग-समुच्छिमजलयर-पंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જો સંમૂર્ચ્છિમ જળચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, તો શું પર્યાપ્ત સંમૂર્ચ્છિમ જળચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્ત સંમૂર્ચ્છિમ જળચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્ત સંમૂર્ચ્છિમ જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી ઉત્પન્ન થાય છે, પરંતુ અપર્યાપ્ત સંમૂર્ચ્છિમ જળચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી આવીને ઉત્પન્ન થતા નથી.

**૭૨ जइ गब्भवक्कंतिय-जलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं पज्जत्तग-**

गब्भवक्कंतिय-जलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति, अपज्जत्तगगब्भ-वक्कंतिय-जलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति ?

गोयमा ! पज्जत्तग-गब्भवक्कंतिय-जलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति, णो अपज्जत्तग-गब्भवक्कंतिय-जलयरपंचेंदिय-तिरिक्जोणिएहिंतो उववज्जंति ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જો ગર્ભજ જળચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિકમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો શું પર્યાપ્તા ગર્ભજ જળચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્તા ગર્ભજ જળચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તા ગર્ભજ જળચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે પરંતુ અપર્યાપ્તા ગર્ભજ જળચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થતા નથી.

**७३** जइ थलयरपंचेदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं चउप्पय-थलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति, परिसप्प-थलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति?

गोयमा ! चउप्पय-थलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो वि उववज्जंति, परिसप्प-थलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो वि उववज्जंति ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો નૈરયિકો, સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, તો શું ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે કે પરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી પણ ઉત્પન્ન થાય છે અને પરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી પણ ઉત્પન્ન થાય છે.

**७४** जइ चउप्पय-थलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं समुच्छिमेहिंतो उववज्जंति, गब्भवक्कंतिएहिंतो उववज्जंति ?

गोयमा ! सम्मुच्छिम-चउप्पयथलयर-पंचेंदिय-तिरिक्खजोणिएहिंतो वि उववज्जंति, गब्भवक्कंतिय-चउप्पएहिंतो वि उववज्जंति ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જો ચતુષ્પદ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, તો શું સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે કે ગર્ભજ ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી પણ ઉત્પન્ન થાય છે અને ગર્ભજ ચતુષ્પદ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી પણ ઉત્પન્ન થાય છે.

**७५** जइ सम्मुच्छिमचउप्पएहिंतो उववज्जंति किं पज्जत्तग-समुच्छिमचउप्पयथलयर पंचेंदिय तिरिक्खिजोणिएहिंतो उववज्जंति, अपज्जत्तग-सम्मुच्छिमचउप्पय-थलयरपंचेदिय-तिरिक्ख-जोणिएहिंतो उववज्जंति ?

गोयमा ! पज्जत्तएहिंतो उववज्जंति, णो अपज्जत्तगसम्मुच्छिमचउप्पथलयर-पंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति ।

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! નૈરયિકો જો સંમૂચ્છિંમ ચતુષ્પદ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, તો શું પર્યાપ્તા સંમૂચ્છિંમ ચતુષ્પદ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્તા સંમૂચ્છિંમ ચતુષ્પદ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! પર્યાપ્તા સંમૂચ્છિંમ ચતુષ્પદ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, પરંતુ અપર્યાપ્તા સંમૂચ્છિંમ ચતુષ્પદ સ્થળચર પંચેદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થતા નથી.

**૭૬ जइ गब्भवक्कंतिय-चउप्पयथलयर-पंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति किं संखेज्जवासाउय-गब्भवक्कंतिय-चउप्पयथलयर-पंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, असंखेज्जवासाउय-गब्भवक्कंतिय-चउप्पयथलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति?**

**गोयमा ! संखेज्जवासाउएहिंतो उववज्जंति, णो असंखेज्जवासाउएहिंतो उववज्जंति।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! નૈરયિકો જો ગર્ભજ ચતુષ્પદ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, તો શું સંખ્યાતવર્ષના આયુષ્યવાળા ગર્ભજ ચતુષ્પદ-સ્થળચર-પંચેંદ્રિય-તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે કે અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા ગર્ભજ ચતુષ્પદ-સ્થલચર પંચેન્દ્રિય-તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! તે સંખ્યાતવર્ષના આયુષ્યવાળા ગર્ભજ ચતુષ્પદ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, પરંતુ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા ગર્ભજ ચતુષ્પદ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થતા નથી.

**૭૭ जइ संखेज्जवासाउय-गब्भवक्कंतिय-चउप्पयथलयर-पंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं पज्जत्तग-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-चउप्पयथलयरपंचेंदिय-तिरिक्ख-जोणिएहिंतो उववज्जंति, अपज्जत्तग-संखेज्जवासाउय-गब्भवक्कंतिय-चउप्पयथलयर पंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति ?**

**गोयमा ! पज्जत्तएहिंतो उववज्जंति, णो अपज्जत्तएहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જો સંખ્યાતવર્ષના આયુષ્યવાળા ગર્ભજ ચતુષ્પદ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, તો શું પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ ચતુષ્પદ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! તે પર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે પરંતુ અપર્યાપ્તા સંખ્યાતવર્ષાયુષ્ક ગર્ભજ ચતુષ્પદ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થતા નથી.

**૭૮ जइ परिसप्पथलयर-पंचेदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति किं उरपरिसप्पथलयर पंचेंदियतिरिखजोणिएहिंतो उववज्जंति ? भुयपरिसप्पथलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति ? गोयमा ! दोहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જો નૈરયિકો, પરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, તો શું ઉરપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે કે ભુજપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય

તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે. **ઉત્તર–** હે ગૌતમ ! ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ બંને સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે.

**૭૯** **जइ उरपरिसप्प-थलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं सम्मुच्छिम-उरपरिसप्पथलयर-पंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, गब्भवक्कंतियउरपरिसप्प-थलयरपंचेदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति ?**

**गोयमा ! सम्मुच्छिमेहिंतो वि उववज्जंति, गब्भवक्कंतिएहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો નૈરયિકો, ઉરપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, તો શું સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચોમાંથી ઉત્પન્ન થાય છે કે ગર્ભજ ઉરપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સંમૂર્ચ્છિમમાંથી પણ ઉત્પન્ન થાય છે અને ગર્ભજમાંથી પણ ઉત્પન્ન થાય છે.

**૮૦** **जइ सम्मुच्छिम-उरपरिसप्पथलयर-पंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति किं पज्जत्तगेहिंतो उववज्जंति, अपज्जत्तगेहिंतो उववज्जंति ?**

**गोयमा ! पज्जत्तगसम्मुच्छिमेहिंतो उववज्जंति, णो अपज्जत्तग-सम्मुच्छिम-उरपरिसप्प-थलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો નૈરયિકો સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, તો શું પર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે પરંતુ અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થતા નથી.

**૮૧** **जइ गब्भवक्कंतिय-उरपरिसप्पथलयर-पंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं पज्जत्तएहिंतो, अपज्जत्तएहिंतो ?**

**गोयमा ! पज्जत्तग-गब्भवक्कंतिएहिंतो उववज्जंति, णो अपज्जत्तग-गब्भवक्कंतिय-उरपरिसप्प-थलयरपंचेंदिय-तिरिक्खजोणिहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો ગર્ભજ ઉરપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, તો શું પર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તા ગર્ભજ ઉરપરિસર્પમાંથી ઉત્પન્ન થાય છે, પરંતુ અપર્યાપ્તા ગર્ભજ ઉરપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થતા નથી.

**૮૨** **जइ भुयपरिसप्प-थलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं सम्मुच्छिम-भुयपरिसप्प-थलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति, गब्भवक्कंतिय-भुयपरिसप्प-थलयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति ? गोयमा ! दोहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જો ભુજપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય

છે તો શું સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે કે ગર્ભજ ભુજપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સંમૂર્ચ્છિમ અને ગર્ભજ બંને પ્રકારના ભુજપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે.

**૮૩ जइ सम्मुच्छिम-भुयपरिसप्पथलयर-पंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति किं पज्जत्तग-सम्मुच्छिम-भुयपरिसप्पथलयर-पंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, अपज्जत्तगसमुच्छिम-भुयपरिसप्पथलयर-पंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति ?**

**गोयमा ! पज्जत्तएहिंतो उववज्जंति, णो अपज्जत्तएहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જો સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, તો શું પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે પરંતુ અપર્યાપ્તામાંથી ઉત્પન્ન થતા નથી.

**૮૪ जइ गब्भवक्कंतियभुयपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति किं पज्जत्तएहिंतो उववज्जंति, अपज्जत्तएहिंतो उववज्जंति ?**

**गोयमा ! पज्जत्तएहिंतो उववज्जंति, णो अपज्जत्तएहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જો ગર્ભજ ભુજપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, તો શું પર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે, પરંતુ અપર્યાપ્તા ભુજપરિસર્પ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થતા નથી.

**૮૫ जइ खहयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं सम्मुच्छिम-खहयर-पंचेंदिय-तिरिक्खजोणिहिंतो उववज्जंति, गब्भक्कंतिय-खहयर-पंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उवज्जंति ? गोयमा ! दोहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ !નૈરયિકો જો ખેચર પંચેંન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે તો શું સંમૂર્ચ્છિમ ખેચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે કે ગર્ભજ ખેચર પંચેંદ્રિય તિર્યંચયોનિકોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સંમૂર્ચ્છિમ અને ગર્ભજ બંને પ્રકારના ખેચર તિર્યંચ પંચેંદ્રિયમાંથી ઉત્પન્ન થાય છે.

**૮૬ जइ सम्मुच्छिम-खहयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं पज्जत्तएहिंतो उववज्जंति, अपज्जत्तएहिंतो उववज्जंति? गोयमा ! पज्जत्तएहिंतो उववज्जंति, णो अपज्जत्तए-हिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો સંમૂર્ચ્છિમ ખેચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, તો શું પર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ખેચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, અપર્યાપ્તામાંથી ઉત્પન્ન થતા નથી.

**८७** **जइ गब्भवक्कंतिय-खहयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं संखिज्ज-वासाउएहिंतो उववज्जंति ? असंखेज्जवासाउएहिंतो उववज्जंति ? गोयमा ! संखिज्ज-वासउएहिंतो उववज्जंति, णो असंखेज्जवासाउएहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જો ગર્ભજ ખેચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, તો શું સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ ખેચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે કે અસંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ ખેચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ ખેચર તિર્યંચ પંચેંદ્રિયમાંથી ઉત્પન્ન થાય છે પરંતુ અસંખ્યાત વર્ષાયુષ્ક ખેચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થતા નથી.

**८८** **जइ संखेज्जवासाउय-गब्भवक्कंतिय-खहयरपंचेंदिय-तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं पज्जत्तएहिंतो उववज्जंति, अपज्जत्तएहिंतो उववज्जंति ? गोयमा ! पज्जत्तएहिंतो उववज्जंति, णो अपज्जत्तएहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જો સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ ખેચર પંચેંદ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, તો શું પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ ખેચર પંચેંદ્રિય તિર્યંચોમાંથી ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ ખેચરોમાંથી ઉત્પન્ન થાય છે, અપર્યાપ્તામાંથી ઉત્પન્ન થતા નથી.

**८९** **जइ मणुस्सेहिंतो उववज्जंति किं सम्मुच्छिममणुस्सेहिंतो उववज्जंति, गब्भवक्कंतिय-मणुस्सेहिंतो उववज्जंति ? गोयमा ! णो सम्मुच्छिम-मणुस्सेहिंतो उववज्जंति, गब्भवक्कंतिय-मणुस्सेहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જો મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું સંમૂર્ચ્છિમ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે કે ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સંમૂર્ચ્છિમ મનુષ્યોમાંથી ઉત્પન્ન થતા નથી, ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે.

**९०** **जइ गब्भवक्कंतियमणुस्सेहिंतो उववज्जंति किं कम्मभूमग-गब्भवक्कंतिय-मणुस्से-हिंतो उववज्जंति ? अकम्मभूमग–गब्भवक्कंतिय–मणुस्सेहिंतो उववज्जंति ? अंतरदीवग-गब्भवक्कंतिय-मणुस्सेहिंतो उववज्जंति ?**

**गोयमा ! कम्मभूमग-गब्भवक्कंतियमणुस्सेहिंतो उववज्जंति, णो अकम्मभूमगगब्भ-वक्कंतियमणुस्सेहिंतो उववज्जंति, णो अंतरदीवग-गब्भवक्कंतिय-मणुस्सेहिंतो उववज्जंति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જો ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, અકર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે કે અન્તર્દ્વીપજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, અકર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થતા નથી અને અન્તર્દ્વીપજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થતા નથી.

**९१** **जइ कम्मभूमग-गब्भवक्कंतियमणुस्सेहिंतो उववज्जंति किं संखेज्जवासाउएहिंतो**

**उववज्जंति असंखेज्जवासाउएहिंतो उववज्जंति ?**

**गोयमा ! संखेज्जवासाउयकम्मभूमग-गब्भवक्कंतियमणुसेहिंतो उववज्जंति, णो असंखेज्जवासाउयकम्मभूमग-गब्भवक्कंतियमणुसेहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જો કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે કે અસંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, પરંતુ અસંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થતા નથી.

**૧૨ जइ संखेज्जवासाउयकम्मभूमग-गब्भवक्कंतियमणुसेहिंतो उववज्जंति किं पज्जत्तएहिंतो उववज्जंति ? अपज्जत्तएहिंतो उववज्जंति ? गोयमा ! पज्जत्तएहिंतो उववज्जंति, णो अपज्जतएहिंतो उववज्जंति ।**

**एवं जहा ओहिया उववइया तहा रयणप्पभापुढविणेरइया वि उववाएयव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો નૈરયિકો, સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું પર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે પરંતુ અપર્યાપ્તામાંથી ઉત્પન્ન થતા નથી.

આ રીતે જેમ સમુચ્ચય નારકીઓની ઉત્પત્તિના વિષયમાં કહ્યું છે, તેમજ રત્નપ્રભાપૃથ્વીના નૈરયિકોની ઉત્પત્તિના વિષયમાં કહેવું જોઈએ.

**૧૩ सक्करप्पभापुढविणेरइयाणं भंते ! कओहिंतो उववज्जंति ? गोयमा ! एते वि जहा ओहिया तहेवोववाएयव्वा । णवरं सम्मुच्छिमेहिंतो पडिसेहो कायव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વીના નૈરયિકો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શર્કરાપ્રભા પૃથ્વીના નૈરયિકોનો ઉપપાત પણ સમુચ્ચય નૈરયિકોના ઉપપાતની જેમ જ જાણવો જોઈએ. તેમાં વિશેષતા એ છે કે સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયમાંથી તેની ઉત્પત્તિનો નિષેધ કરવો જોઈએ અર્થાત્ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયો શર્કરાપ્રભા નરક પૃથ્વીમાં ઉત્પન્ન થતા નથી.

**૧૪ वालुयप्पभा-पुढविणेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ? गोयमा ! जहा सक्करप्पभा-पुढविणेरइया । णवरं भुयपरिसप्पेहिंतो वि पडिसेहो कायव्वो।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાલુકાપ્રભા પૃથ્વીના નૈરયિકો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ શર્કરાપ્રભા પૃથ્વીના નૈરયિકોના ઉપપાતના વિષયમાં કહ્યું છે, તેમ વાલુકાપ્રભાના નૈરયિકોના વિષયમાં કહેવું જોઈએ. વિશેષતા એ છે કે ભુજપરિસર્પ પંચેંદ્રિય તિર્યંચમાંથી તેની ઉત્પત્તિનો નિષેધ કરવો જોઈએ અર્થાત્ ભુજપરિસર્પ તિર્યંચ પંચેંદ્રિયો બે નરક સુધી જ જઈ શકે છે, ત્રીજી વાલુકાપ્રભામાં ઉત્પન્ન થઈ શકતા નથી.

**९५ पंकप्पभापुढविणेरइयाणं भंते ! कओहिंतो उववज्जंति ? गोयमा ! जहा वालुयप्पभा-पुढविणेरइया । णवरं खहयरेहिंतो वि पडिसेहो कायव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંકપ્રભા પૃથ્વીના નૈરયિકો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જેમ વાલુકાપ્રભા પૃથ્વીના નૈરયિકો વિષે કહ્યું તેમ પંકપ્રભા પૃથ્વીના નૈરયિકોની ઉત્પત્તિના વિષયમાં કહેવું જોઈએ. વિશેષતા એ છે કે તેમાં ખેચર પંચેંદ્રિય તિર્યંચનો પણ નિષેધ કરવો અર્થાત્ ખેચર ત્રણ નરક સુધી ઉત્પન્ન થાય છે, ચોથી પંકપ્રભા નરકમાં ઉત્પન્ન થતા નથી.

**९६ धूमप्पभापुढविणेरइयाणं भंते ! कओहिंतो उववज्जंति ? गोयमा ! जहा पंकप्पभा-पुढविणेरइया । णवरं चउप्पएहिंतो वि पडिसेहो कायव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધૂમપ્રભા પૃથ્વીના નૈરયિકો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે પંકપ્રભા પૃથ્વીના નૈરયિકોની ઉત્પત્તિના વિષયમાં કહ્યું તે જ રીતે ધૂમપ્રભા પૃથ્વીના નૈરયિકોની ઉત્પત્તિના વિષયમાં પણ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તેમાં ચતુષ્પદ સ્થળચર તિર્યંચ પંચેંદ્રિયનો પણ નિષેધ કરવો અર્થાત્ ચતુષ્પદ ચોથી નરક સુધી ઉત્પન્ન થઈ શકે છે, પાંચમી ધૂમપ્રભા નરકમાં ઉત્પન્ન થતા નથી.

**९७ तमापुढविणेरइया णं भंते! कओहिंतो उववज्जंति ? गोयमा! जहा धूमप्पभापुढवि-णेरइया, णवरं — जइ पंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति किं जलयरपंचेदिएहिंतो उववज्जंति, थलयरपंचेंदिएहिंतो उववज्जंति, खहयरपंचिंदिएहिंतो उववज्जंति? गोयमा! जलयरपंचेंदिएहिंतो उववज्जंति, णो थलयरेहिंतो णो खहयरेहिंतो उववज्जंति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જેમ ધૂમપ્રભા પૃથ્વીના નૈરયિકોની ઉત્પત્તિ વિષે કહ્યું છે, તેમજ તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકોની ઉત્પત્તિના વિષયમાં જાણવું જોઈએ. વિશેષતા એ છે કે–

**પ્રશ્ન–** હે ભગવન્ ! તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકો જો તિર્યંચ પંચેન્દ્રિયમાંથી ઉત્પન્ન થાય છે, તો શું જળચર પંચેન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, સ્થળચર પંચેન્દ્રિયોમાંથી ઉત્પન્ન થાય છે કે ખેચર પંચેન્દ્રિયોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જળચર પંચેન્દ્રિય તિર્યંચોમાંથી ઉત્પન્ન થાય છે, પરંતુ સ્થળચર કે ખેચર તિર્યંચ પંચેન્દ્રિયમાંથી ઉત્પન્ન થતાં નથી.

**९८ जइ मणुस्सेहिंतो उववज्जंति किं कम्मभूमएहिंतो उववज्जंति, अकम्मभूमएहिंतो उववज्जंति अंतरदीवएहिंतो उववज्जंति ? गोयमा ! कम्मभूमएहिंतो उववज्जंति, णो अकम्मभूमएहिंतो उववज्जंति, णो अंतरदीवएहिंतो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમઃપ્રભાપૃથ્વીના નૈરયિકો જો મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું કર્મભૂમિજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, અકર્મભૂમિજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે કે અન્તર્દ્વીપજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કર્મભૂમિજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, અકર્મભૂમિજ મનુષ્યોમાંથી ઉત્પન્ન

થતા નથી, અન્તર્દ્વીપજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થતા નથી.

**९९ जइ कम्मभूमएहिंतो उववज्जंति किं संखेज्जवासाउएहिंतो उववज्जंति, असंखेज्ज-वासाउहिंतो उववज्जंति ?**

**गोयमा ! संखेज्जवासाउएहिंतो उववज्जंति, णो असंखेज्जवासाउएहिंतो उववज्जंति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકો જો કર્મભૂમિજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે કે અસંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, અસંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થતા નથી.

**१०० जइ संखेज्जवासाउएहिंतो उववज्जंति किं पज्जत्तएहिंतो उववज्जंति ? अपज्जत्तएहिंतो उववज्जंति ? गोयमा ! पज्जत्तएहिंतो उववज्जंति, णो अपज्जत्तएहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકો સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું પર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે ?
**ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે, અપર્યાપ્તામાંથી ઉત્પન્ન થતા નથી.

**१०१ जइ पज्जत्तय-संखेज्जवासाउय-कम्मभूमएहिंतो उववज्जंति किं इत्थीहिंतो उववज्जंति, पुरिसेहिंतो उववज्जंति णपुंसएहिंतो उववज्जंति ? गोयमा ! इत्थीहिंतो वि उववज्जंति, पुरिसेहिंतो वि उववज्जंति, णपुंसएहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકો, પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે તો શું સ્ત્રીઓમાંથી ઉત્પન્ન થાય છે, પુરુષોમાંથી ઉત્પન્ન થાય છે કે નપુંસકોમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે સ્ત્રીઓમાંથી પણ ઉત્પન્ન થાય છે, પુરુષોમાંથી પણ ઉત્પન્ન થાય છે અને નપુંસકોમાંથી પણ ઉત્પન્ન થાય છે.

**१०२ अहेसत्तमापुढविणेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ? गोयमा ! एवं चेव । णवरं इत्थीहिंतो पडिसेहो कायव्वो ।**

**असण्णी खलु पढमं, दोच्चं च सिरीसिवा तइयं पक्खी ।**
**सीहा जंति चउत्थिं, उरगा पुण पंचमं पुढविं ॥१॥**

**छट्ठिं च इत्थियाओ, मच्छा मणुया य सत्तमिं पुढविं ।**
**एसो परमुववाओ, बोधव्वो णरयपुढवीणं ॥२॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધઃસપ્તમ–તમસ્તમા પૃથ્વીના નૈરયિકો ક્યાંથી આવીને ઉત્પન્ન

થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓની ઉત્પત્તિ સંબંધી પ્રરૂપણા છટ્ઠી તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકોની ઉત્પત્તિની સમાન જાણવી જોઈએ. વિશેષતા એ છે કે તમસ્તમા પૃથ્વીમાં સ્ત્રીઓની ઉત્પત્તિનો નિષેધ કરવો જોઈએ અર્થાત્ સ્ત્રી સાતમી નરકમાં ઉત્પન્ન થતી નથી.

**ગાથાર્થ–** અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય પહેલી નરક સુધી, સરીસર્પ–ભુજપરિસર્પ બીજી નરક પૃથ્વી સુધી, પક્ષી–ખેચર ત્રીજી નરક પૃથ્વી સુધી, સિંહ–સ્થલચર ચોથી નરક પૃથ્વી સુધી, ઉરગ–ઉરપરિસર્પ પાંચમી નરક પૃથ્વી સુધી અને જલચર કે મનુષ્ય સ્ત્રીઓ છટ્ઠી નરક પૃથ્વી સુધી, મત્સ્ય–જલચર પુરુષ અને નપુંસક તથા મનુષ્ય પુરુષ અને નપુંસક સાતમી નરક પૃથ્વી સુધી ઉત્પન્ન થાય છે. નરક પૃથ્વીઓમાં(પૂર્વોક્ત જીવોનો) આ ઉત્કૃષ્ટ ઉપપાત જાણવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચોથા **कत्तो** દ્વારમાં નૈરયિકોની ઉત્પત્તિ ક્યાંથી થાય છે, તેનું વિસ્તૃત વર્ણન છે. સૂત્રકારે કઈ નરક પૃથ્વીમાં કોણ ઉત્પન્ન થાય છે અને કોણ ઉત્પન્ન થતા નથી, તેનું વિધિ અને નિષેધ બંને પ્રકારે કથન કર્યું છે.

સામાન્ય રીતે નરકમાં ઉત્પન્ન ન થનારા જીવો આ પ્રમાણે છે– (૧) નારકી મરીને નરકમાં ઉત્પન્ન થતા નથી. (૨) દેવો મરીને નરકમાં ઉત્પન્ન થતા નથી. (૩) પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયો નરકમાં ઉત્પન્ન થતા નથી. (૪) સંજ્ઞી કે અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના અપર્યાપ્તા જીવો નરકમાં ઉત્પન્ન થતાં નથી. (૫) સંમૂર્ચ્છિમ મનુષ્યો મરીને નરકમાં ઉત્પન્ન થતા નથી. (૬) યુગલિક તિર્યંચ અને યુગલિક મનુષ્યો, નરકમાં ઉત્પન્ન થતાં નથી.

નરકમાં ઉત્પન્ન થનારા જીવો આ પ્રમાણે છે– (૧) પર્યાપ્તા સંજ્ઞી–અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને (૨) પર્યાપ્તા કર્મભૂમિના સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ મનુષ્યો નરકમાં ઉત્પન્ન થઈ શકે છે.

તિર્યંચ પંચેન્દ્રિયમાં પણ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવો પહેલી નરક સુધી, ભુજપરિસર્પ બીજી નરક સુધી, ખેચર ત્રીજી નરક સુધી, ચતુષ્પદ સ્થલચર ચોથી નરક સુધી, ઉરપરિસર્પ પાંચમી નરક સુધી, જલચર છટ્ઠી અને સાતમી નરક સુધી જઈ શકે છે. સાતમી નરકમાં મનુષ્ય સ્ત્રી કે તિર્યંચ સ્ત્રી જઈ શકતી નથી અર્થાત્ પુરુષવેદી અને નપુંસકવેદી જલચર જીવો સાતમી નરકમાં જઈ શકે છે. કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો સાતે નરક સુધી અને ગર્ભજ મનુષ્યાણી છટ્ઠી નરક સુધી જઈ શકે છે.

**संखेज्जवासाउय :–** સંખ્યાત વર્ષાયુષ્ક. જે મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયોનું આયુષ્ય એક ક્રોડપૂર્વ વર્ષ કે તેનાથી ઓછું હોય તેને સંખ્યાત વર્ષાયુષ્ક કહે છે.

સાત નીલ, પાંચ ખરબ, સાઠ અબજ(૭,૦૫,૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦) વર્ષ પ્રમાણ અર્થાત્ ચૌદ અંક પ્રમાણ વર્ષોનો એક પૂર્વ થાય. તેવા ક્રોડ પૂર્વ વર્ષ સુધીના આયુષ્યવાળા જીવો સંખ્યાત વર્ષાયુષ્ક કહેવાય છે. ક્રોડ પૂર્વ વર્ષથી એક મુહૂર્ત પણ અધિક આયુષ્ય હોય, તે **અસંખ્યાત વર્ષાયુષ્ક** કહેવાય છે અને તે યુગલિક હોય છે.

પ્રસ્તુત પદમાં જીવના ૧૧૦ ભેદોના આધારે નરકાદિ જીવોની ગતિ-આગતિ દર્શાવી છે. તે ૧૧૦ ભેદ આ પ્રમાણે છે.

**જીવના ૧૧૦ ભેદ :–**

| નારકી–૭ | તિર્યંચ–૪૮ | મનુષ્ય–૬ | દેવ–૪૯ |
|---|---|---|---|
| ૭ નારકી | **પાંચ સ્થાવરના** સૂક્ષ્મ અને બાદર એ ૧૦ અને તેના પર્યાપ્તા, અપર્યાપ્તા એ **૨૦** ભેદ, **ત્રણ વિકલેન્દ્રિયના** પર્યાપ્ત અપર્યાપ્ત એ **૬** ભેદ **પાંચ તિર્યંચ પંચેન્દ્રિયના** સંજ્ઞી, અસંજ્ઞી એ ૧૦ અને તેના પર્યા. અપર્યા. એ **૨૦** સ્થળચર અને ખેચર તિર્યંચ યુગલિકના પર્યાપ્તા એ **૨** ભેદ ૨૦+૬+૨૦+૨=૪૮ ભેદ | **સંમૂર્ચ્છિમ મનુષ્યના** અપર્યાપ્તા, **કર્મભૂમિના મનુષ્યના** પર્યાપ્તા–અપર્યાપ્તા–**૩** અસંખ્યાતવર્ષના આયુવાળા **કર્મભૂમિ, અકર્મભૂમિ અંતરદ્વીપના યુગલિક મનુષ્ય–૩** ૩+૩ = ૬ ભેદ | ૧૦ **ભવનપતિ દેવ** ૮ **વ્યંતર દેવ** ૫ **જ્યોતિષી દેવ** ૨૬ **વૈમાનિક દેવ –** ૧૨ દેવલોક + ૯ ગ્રૈવેયક + ૫ અનુત્તર વિમાન, **૧૦+૮+૫+૧૨+૯+૫**=૪૯ ભેદ. |
| ચારે ય ગતિના કુલ– ૭+૪૮+૬+૪૮ = ૧૧૦ જીવના ભેદ. | | | |

**પ્રથમ નરકમાં આગતિ ૧૧ ભેદની :– તિર્યંચના ૧૦ ભેદ–** પાંચ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય પર્યાપ્ત અને પાંચ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય પર્યાપ્તા. **મનુષ્યનો ૧ ભેદ–** કર્મભૂમિના સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્ય. આ રીતે ૧૦ + ૧ = ૧૧ ભેદ.

**બીજી નરકમાં આગતિ ૬ ભેદની :–** તિર્યંચના **૫** ભેદ– પાંચ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય પર્યાપ્તા અને મનુષ્યનો **૧** ભેદ– કર્મભૂમિના સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્ય. આ રીતે કુલ ૫+૧ = ૬ ભેદ.

**ત્રીજી નરકમાં આગતિ ૫ ભેદની :–** તિર્યંચના **૪** ભેદ– ભુજપરિસર્પ વર્જીને ચાર(જલચર, ચતુષ્પદ, ઉરપરિસર્પ, ખેચર) સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય પર્યાપ્તા. મનુષ્યનો **૧** ભેદ. કુલ ૪ + ૧ = ૫ ભેદ.

**ચોથી નરકમાં આગતિ ૪ ભેદની :–** તિર્યંચના **૩** ભેદ– ભુજપર અને ખેચર વર્જીને ત્રણ(જલચર, ચતુષ્પદ, ઉરપરિસર્પ) સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યનો **૧** ભેદ. કુલ ૩ + ૧ = ૪ ભેદ.

**પાંચમી નરકમાં આગતિ ૩ ભેદની :–** તિર્યંચના **૨** ભેદ– જલચર અને ઉરપરિસર્પ. એ બે તિર્યંચ પંચેન્દ્રિય પર્યાપ્તા અને મનુષ્યનો **૧** ભેદ. કુલ ૨ + ૧ = ૩ ભેદ.

**છટ્ઠી નરકમાં આગતિ ૨ ભેદની :–** તિર્યંચનો **૧** ભેદ– જલચર સંજ્ઞી તિર્યંચનો પર્યાપ્તો અને મનુષ્યનો **૧** ભેદ. કુલ ૧ + ૧ = ૨ ભેદ.

**સાતમી નરકમાં આગતિ ૨ ભેદની :–** જલચર સંજ્ઞી તિર્યંચ અને મનુષ્યનો **૧** ભેદ. બંનેની સ્ત્રીને વર્જીને. કારણ કે સ્ત્રીવેદી જીવો સાતમી નરકમાં ઉત્પન્ન થતા નથી. કુલ ૧+૧ = ૨ ભેદ.

**ભવનપતિ દેવોની આગતિ :–**

**૧૦૩** असुरकुमारा णं भंते ! कओहिंतो उववज्जंति ?

**गोयमा ! णो णेरइएहिंतो उववज्जंति, तिरिक्खजोणिएहिंतो उववज्जंति, मणुएहिंतो उववज्जंति, णो देवेहिंतो उववज्जंति । एवं जेहिंतो णेरइयाणं उववाओ तेहिंतो असुरकुमाराण वि भाणियव्वो । णवरं असंखेज्जवासाउय-कम्मभूमग-अकम्मभूमग, अंतरदीवगमणुस्स-तिरिक्खजोणिएहिंतो वि उववज्जंति । सेसं तं चेव । एवं** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે દેવો નૈરયિકોમાંથી ઉત્પન્ન થતા નથી, તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, દેવોમાંથી ઉત્પન્ન થતા નથી. આ રીતે નૈરયિકોની ઉત્પત્તિ અનુસાર અસુરકુમારોની ઉત્પત્તિ પણ કહેવી જોઈએ. વિશેષતા એ છે કે અસંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ મનુષ્યો, અકર્મભૂમિજ મનુષ્યો, અન્તર્દ્વીપજ મનુષ્યો અને તિર્યંચ પંચેન્દ્રિયમાંથી પણ આવીને ઉત્પન્ન થાય છે. શેષ સમસ્ત વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ. આ જ રીતે સ્તનિતકુમાર દેવો સુધીનો ઉપપાત જાણવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નારકીના અતિદેશપૂર્વક ભવનપતિ દેવોની આગતિનું કથન છે. તેનું વિવરણ આ પ્રમાણે છે– (૧) નારકી અને દેવો મરીને દેવગતિમાં ઉત્પન્ન થતા નથી. (૨) પાંચ સ્થાવર કે ત્રણ વિકલેન્દ્રિય જીવો દેવગતિમાં ઉત્પન્ન થતા નથી. (૩) કોઈ પણ અપર્યાપ્તા જીવો દેવગતિમાં જન્મ ધારણ કરતા નથી. (૪) સંજ્ઞી અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તા તથા કર્મભૂમિ, અકર્મભૂમિ અને અંતરદ્વીપના પર્યાપ્તા ગર્ભજ મનુષ્યો ભવનપતિ દેવોમાં ઉત્પન્ન થાય છે.

**णवरं असंखेज्जवासाउय :–** પ્રસ્તુત સૂત્રમાં દેવોના કથન માટે નરકનો અતિદેશ કરીને, તેની વિશેષતા **णवरं** શબ્દ દ્વારા સ્પષ્ટ કરી છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિક મનુષ્યો નરકમાં ઉત્પન્ન થતા નથી પરંતુ તે દેવગતિમાં ઉત્પન્ન થાય છે. આ રીતે સંક્ષેપમાં પર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિય અને પર્યાપ્તા ગર્ભજ મનુષ્યો ભવનપતિ દેવોમાં ઉત્પન્ન થાય છે.

**ભવનપતિ દેવમાં આગતિ ૧૬ ભેદની :–** પાંચ સંજ્ઞી તિર્યંચના પર્યાપ્તા અને પાંચ અસંજ્ઞી તિર્યંચના પર્યાપ્તા, યુગલિક ખેચર અને યુગલિક ચતુષ્પદ સ્થલચર એ **તિર્યંચના ૧૨ ભેદ;** સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા અને કર્મભૂમિજ, અકર્મભૂમિજ તથા અંતરદ્વીપજ એ ત્રણ યુગલિક મનુષ્યના પર્યાપ્તા એ; આ રીતે **મનુષ્યના ૪ ભેદ.** કુલ મળીને ૧૨ + ૪ = ૧૬ ભેદના જીવો ભવનપતિ દેવોમાં ઉત્પન્ન થાય છે.

**પાંચ સ્થાવર જીવોની આગતિ :–**

**१०४ पुढविकाइया णं भंते ! कओहिंतो उववज्जंति ? किं णेरइएहिंतो उववज्जंति** *जाव* **देवेहिंतो उववज्जंति ? गोयमा ! णो णेरइएहिंतो उववज्जंति, तिरिक्खजोणिएहिंतो मणुस्सेहिंतो देवेहिंतो वि उववज्जंति !**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું તે નરકમાંથી, તિર્યંચમાંથી, મનુષ્યમાંથી કે દેવમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નારકમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. તિર્યંચોમાંથી, મનુષ્યોમાંથી અને દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે.

**१०५ जइ तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं एगिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, *जाव* पंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति ?गोयमा ! एगिंदियतिरिक्खजोणिएहिंतो वि उववज्जंति *जाव* पंचेंदियतिरिक्ख-जोणिएहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો જો તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો શું એકેન્દ્રિય તિર્યંચમાંથી ***યાવત્*** પંચેન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એકેન્દ્રિય તિર્યંચોમાંથી પણ ઉત્પન્ન થાય છે ***યાવત્*** પંચેન્દ્રિય તિર્યંચોમાંથી પણ ઉત્પન્ન થાય છે.

**१०६ जइ एगिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति किं पुढविकाइएहिंतो *जाव* वणस्सइ-काइएहिंतो उववज्जंति ? गोयमा ! पुढविकाइएहिंतो वि *जाव* वणस्सइकाइएहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો જો એકેન્દ્રિય તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે તો શું પૃથ્વીકાયિકોમાંથી ઉત્પન્ન થાય છે કે ***યાવત્*** વનસ્પતિકાયિકોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિકોમાંથી ***યાવત્*** વનસ્પતિકાયિકોમાંથી પણ ઉત્પન્ન થાય છે.

**१०७ जइ पुढविकाइएहिंतो उववज्जंति किं सुहुमपुढविकाइएहिंतो उववज्जंति, बादर-पुढविकाइएहिंतो उववज्जंति ? गोयमा ! दोहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો જો પૃથ્વીકાયિકોમાંથી ઉત્પન્ન થાય, તો શું સૂક્ષ્મ પૃથ્વીકાયિકોમાંથી ઉત્પન્ન થાય કે બાદર પૃથ્વીકાયિકોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બંને પ્રકારના પૃથ્વીકાયિકોમાંથી ઉત્પન્ન થાય છે.

**१०८ जइ सुहुमपुढविकाइएहिंतो उववज्जंति किं पज्जत्त-सुहुमपुढविकाइएहिंतो उववज्जंति, अपज्जत्त-सुहुमपुढविकाइएहिंतो उववज्जंति । गोयमा ! दोहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો જો સૂક્ષ્મ પૃથ્વીકાયિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો શું પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિકોમાંથી ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિકોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બંને પ્રકારના સૂક્ષ્મ પૃથ્વીકાયિકોમાંથી ઉત્પન્ન થાય છે.

**१०९ जइ बादरपुढविकाइएहिंतो उववज्जंति किं पज्जत्तएहिंतो उववज्जंति, अपज्जत्तएहिंतो उववज्जंति ? गोयमा ! दोहिंतो वि उववज्जंति । एवं *जाव* वणस्सइकाइया चउक्कएणं भेएणं उववाएयव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો જો બાદર પૃથ્વીકાયિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે તો શું પર્યાપ્તા બાદર પૃથ્વીકાયિકોમાંથી ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્તા બાદર પૃથ્વીકાયિકોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બંને પ્રકારના બાદર પૃથ્વીકાયિકોમાંથી ઉત્પન્ન થાય છે. આ જ રીતે વનસ્પતિકાયિકો સુધીના ચાર-ચાર ભેદ કરીને પૃથ્વીકાયના ઉપપાતના વિષયમાં કથન કરવું જોઈએ.

**११० जइ बेइंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति किं पज्जत्तयबेइंदिएहिंतो उववज्जंति,**

**अपज्जत्तयबेइंदिएहिंतो उववज्जंति ? गोयमा ! दोहिंतो वि उववज्जंति । एवं तेइंदिय-चउरिंदिएहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો જો બેઇન્દ્રિય તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે તો પર્યાપ્તા બેઇન્દ્રિયોમાંથી ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્તા બેઇન્દ્રિયોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બંને પ્રકારના બેઇન્દ્રિય જીવોમાંથી ઉત્પન્ન થાય છે. આ જ રીતે તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય તિર્યંચમાંથી પણ ઉત્પન્ન થાય છે.

**१११ जइ पंचेंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति किं जलयरपंचेंदिएहिंतो उववज्जंति?**

**एवं जेहिंतो णेरइयाणं उववाओ भणिओ तेहिंतो एएसिं पि भाणियव्वो । णवरं पज्जत्तगअपज्जत्तगेहिंतो वि उववज्जंति, सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો જો પંચેન્દ્રિય તિર્યંચોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું જળચર પંચેન્દ્રિય તિર્યંચોમાંથી ઉત્પન્ન થાય છે કે અન્ય સ્થળચરાદિ તિર્યંચોમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોના ઉપપાતના વિષયમાં તિર્યંચ પંચેન્દ્રિયનું જે પ્રમાણે કથન કર્યું છે, તે પ્રમાણે તેનો પૃથ્વીકાયિકોમાં પણ ઉપપાત કહેવો જોઈએ. વિશેષતા એ છે કે અહીં પર્યાપ્તા અને અપર્યાપ્તા બંને પ્રકારના તિર્યંચ પંચેન્દ્રિયમાંથી ઉત્પન્ન થાય છે, તેમ કથન કરવું જોઈએ, શેષ નિરૂપણ પૂર્વવત્ સમજવું જોઈએ.

**११२ जइ मणुस्सेहिंतो उववज्जंति किं सम्मुच्छिममणुस्सेहिंतो उववज्जंति, गब्भवक्कंतिय मणुस्सेहिंतो उववज्जंति ? गोयमा ! दोहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકો જો મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો શું સંમૂર્ચ્છિમ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે કે ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બંને પ્રકારના મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે.

**११३ जइ गब्भवक्कंतियमणुस्सेहिंतो उववज्जंति किं कम्मभूमग-गब्भवक्कंतियमणुस्सेहिंतो उववज्जंति, अकम्मभूमग-गब्भवक्कंतिय-मणुस्सेहिंतो उववज्जंति ? सेसं जहा णेरइयाणं णवरं अपज्जत्तएहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો જો ગર્ભજ મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો શું કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે કે અકર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! શેષ કથન નૈરયિકોના ઉપપાતના સંબંધમાં કહ્યું છે તે જ રીતે પૃથ્વીકાયિક આદિ એકેન્દ્રિયોના સંબંધમાં સમજી લેવું જોઈએ. વિશેષતા એ છે કે તેઓ અપર્યાપ્તા કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી પણ ઉત્પન્ન થાય છે.

**११४ जइ देवेहिंतो उववज्जंति किं भवणवासि-वाणमंतर-जोइसिय-वेमाणिएहिंतो उववज्जंति? गोयमा ! भवणवासिदेवेहिंतो वि उववज्जंति** *जाव* **वेमाणियदेवेहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો જો દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે તો શું ભવનપતિ વાણવ્યંતર, જ્યોતિષી કે વૈમાનિક દેવોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભવનવાસી દેવોમાંથી પણ ઉત્પન્ન થાય છે ***યાવત્*** વૈમાનિક દેવોમાંથી પણ ઉત્પન્ન થાય છે.

**११५ जइ भवणवासिदेवेहिंतो उववज्जंति किं असुरकुमारदेवेहिंतो** *जाव* **थणियकुमार-देवेहिंतो उववज्जंति । गोयमा ! असुरकुमारदेवेहिंतो वि** *जाव* **थणियकुमारदेवेहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો જો ભવનવાસી દેવોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું અસુરકુમાર દેવોમાંથી ***યાવત્*** સ્તનિતકુમાર દેવોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમાર દેવોમાંથી ***યાવત્*** સ્તનિતકુમાર દેવોમાંથી અર્થાત્ દશે પ્રકારના ભવનવાસી દેવોમાંથી ઉત્પન્ન થાય છે.

**११६ जइ वाणमंतरेहिंतो उववज्जंति किं पिसाएहिंतो** *जाव* **गंधेव्वेहिंतो उववज्जंति? गोयमा ! पिसाएहिंतो वि** *जाव* **गंधव्वेहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો જો વાણવ્યંતર દેવોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું પિશાચોમાંથી ***યાવત્*** ગંધર્વોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પિશાચોમાંથી ***યાવત્*** ગંધર્વ દેવોમાંથી અર્થાત્ બધા પ્રકારના વાણવ્યંતર દેવોમાંથી ઉત્પન્ન થાય છે.

**११७ जइ जोइसियदेवेहिंतो उववज्जंति किं चंदविमाणेहिंतो** *जाव* **ताराविमाणेहिंतो उववज्जंति? गोयमा ! चंदविमाणजोइसियदेवेहिंतो वि** *जाव* **ताराविमाणजोइसियदेवेहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો જો જ્યોતિષી દેવોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું ચંદ્રવિમાનના જ્યોતિષી દેવોમાંથી ઉત્પન્ન થાય છે ***યાવત્*** તારા વિમાનના જ્યોતિષી દેવોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચંદ્ર વિમાનના જ્યોતિષી દેવોમાંથી પણ ઉત્પન્ન થાય છે ***યાવત્*** તારા વિમાનમાંથી અર્થાત્ સર્વ પ્રકારના જ્યોતિષીદેવોમાંથી ઉત્પન્ન થાય છે.

**११८ जइ वेमाणियदेवेहिंतो उववज्जंति किं कप्पोवग-वेमाणियदेवेहिंतो उववज्जंति, कप्पातीतग-वेमाणियदेवेहिंतो उववज्जंति ? गोयमा ! कप्पोवग-वेमाणियदेवेहिंतो उववज्जंति, णो कप्पातीयवेमाणिय- देवेहिंतो उववज्जंति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો જો વૈમાનિક દેવોમાંથી ઉત્પન્ન થાય છે તો શું કલ્પોપપન્ન વૈમાનિક દેવોમાંથી ઉત્પન્ન થાય છે કે કલ્પાતીત વૈમાનિક દેવોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કલ્પોપપન્ન વૈમાનિક દેવોમાંથી ઉત્પન્ન થાય છે, કલ્પાતીત વૈમાનિક દેવોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી.

**११९ जइ कप्पोवग-वेमाणियदेवेहिंतो उववज्जंति किं सोहम्मेहिंतो** *जाव* **अच्चुएहिंतो उववज्जंति । गोयमा ! सोहम्मीसाणेहिंतो उववज्जंति, णो सणंकुमार** *जाव* **अच्चुएहिंतो उववज्जंति । एवं आउक्काइया वि । एवं तेउ-वाऊ वि । णवरं देववज्जेहिंतो उववज्जंति। वणस्सइकाइया जहा पुढविकाइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો જો કલ્પોપપન્ન વૈમાનિક દેવોમાંથી ઉત્પન્ન થાય છે તો શું સૌધર્મ કલ્પના દેવોમાંથી ***યાવત્*** અચ્યુતકલ્પના દેવોમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સૌધર્મ અને ઈશાનકલ્પના દેવોમાંથી ઉત્પન્ન થાય છે, સનત્કુમારથી અચ્યુત કલ્પસુધીના દેવોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. આ જ રીતે અપ્કાયિકોની ઉત્પત્તિના વિષયમાં પણ જાણવું જોઈએ.

આ જ રીતે તેજસ્કાયિકો અને વાયુકાયિકોની ઉત્પત્તિના વિષયમાં જાણવું જોઈએ. વિશેષતા એ છે કે આ બંને સ્થાવરોમાં દેવો ઉત્પન્ન થતા નથી. વનસ્પતિકાયિકોમાં ઉત્પત્તિનું સંપૂર્ણ કથન પૃથ્વીકાયિકોની ઉત્પત્તિ અનુસાર જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચ સ્થાવર જીવોની આગતિનું નિરૂપણ છે.

નરકગતિને છોડીને શેષ ત્રણ ગતિના જીવો મરીને પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે. તેમાં બે દેવલોક સુધીના દેવો જ પૃથ્વી, પાણી અને પ્રત્યેક વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે. ત્રીજા દેવલોકથી ઉપરના દેવલોકના દેવો પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં ઉત્પન્ન થતાં નથી. તે દેવો પંચેન્દ્રિયમાં જ ઉત્પન્ન થાય છે તેથી અહીં તેનો નિષેધ કર્યો છે. તે જ રીતે યુગલિક તિર્યંચ અને યુગલિક મનુષ્યો પણ પૃથ્વી આદિ સ્થાવરમાં ઉત્પન્ન થતા નથી.

આ રીતે પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, સંજ્ઞી તિર્યંચ, અસંજ્ઞી તિર્યંચ, સંમૂર્ચ્છિમ મનુષ્ય, કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને સૌધર્મ–ઈશાન કલ્પના દેવો મરીને પૃથ્વી, પાણી અને વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય છે.

**પૃથ્વી, પાણી, વનસ્પતિમાં આગતિ ૭૪ ભેદની :– તિર્યંચના ૪૬ ભેદ–** પાંચ સ્થાવરના સૂક્ષ્મ–બાદર અને તેના પર્યાપ્તા– અપર્યાપ્તા એ ૫×૨× ૨ = **૨૦;** ત્રણ વિકલેન્દ્રિયના પર્યાપ્તા–અપર્યાપ્તા ૩ × ૨ = **૬;** પાંચ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને પાંચ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તા–અપર્યાપ્તા ૫+૫×૨ = **૨૦;** આ રીતે ૨૦+૬+૨૦ = ૪૬. **મનુષ્યના ૩ ભેદ–** (૧) અસંજ્ઞી મનુષ્ય અપર્યાપ્તા (૨) ગર્ભજ કર્મભૂમિજ મનુષ્યના પર્યાપ્તા અને (૩) અપર્યાપ્તા. **દેવના ૨૫ ભેદ–** અસુરકુમારાદિ ૧૦ ભવનપતિ દેવો, ૮ વ્યંતર દેવો, ૫ જ્યોતિષી દેવો અને પ્રથમના બે દેવલોક. આ રીતે ૧૦+૮+૫+૨ = ૨૫.

સર્વ મળીને ૪૬+૩+૨૫=૭૪ ભેદના જીવો પૃથ્વી, પાણી, વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે. આ સૂત્રમાં સાધારણ અને પ્રત્યેક વનસ્પતિના ભેદ કર્યા વિના જ સમુચ્ચય વનસ્પતિકાયની આગત દર્શાવી છે તેમ છતાં દેવોની આગત પ્રત્યેક વનસ્પતિકાયની અપેક્ષાએ છે, દેવો સાધારણ વનસ્પતિમાં ઉત્પન્ન થતા નથી.

**તેઉકાય–વાયુકાયમાં આગતિ ૪૯ ભેદની :–** કોઈ પણ જાતિના દેવો મરીને તેઉકાય-વાયુકાયમાં ઉત્પન્ન થતા નથી, તેથી પૂર્વોક્ત ૭૪ ભેદમાંથી દેવોના ૨૫ ભેદોને બાદ કરીને શેષ ૪૯ ભેદ અર્થાત્ તિર્યંચના ૪૬ ભેદ અને મનુષ્યના ત્રણ ભેદ. આ રીતે બે ગતિના ૪૬+૩=૪૯ ભેદોના જીવો તેઉ-વાયુમાં ઉત્પન્ન થાય છે.

**વિકલેન્દ્રિય જીવોની આગતિ :–**

**૧૨૦** **बेइंदिय-तेइंदिय-चउरिंदिया एए जहा तेउ-वाऊ देववज्जेहिंतो भाणियव्वा ।**

**ભાવાર્થ :–** બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોની ઉત્પત્તિ, તેઉકાયિકો અને વાયુકાયિકોની સમાન જાણવી. વિકલેન્દ્રિયોમાં તેઉ-વાયુની જેમ દેવોને છોડીને તિર્યંચો અને મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે.

**વિવેચન :–**

દેવો મરીને વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થતાં નથી, તેથી તેઉકાય અને વાયુકાયની જેમ મનુષ્ય અને તિર્યંચગતિના જીવો જ વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે.

**વિકલેન્દ્રિયમાં આગતિ ૪૯ ભેદની :–** તિર્યંચના ૪૬ ભેદ + મનુષ્યના ૩ ભેદ = ૪૯ ભેદના જીવો વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે.

**પંચેન્દ્રિય તિર્યંચોની આગતિ :–**

**૧૨૧ पंचेंदियतिरिक्खजोणिया णं भंते ! कओहिंतो उववज्जंति ? किं णेरइएहिंतो उववज्जंति** *जाव* **देवेहिंतो उववज्जंति ? गोयमा ! णेरइएहिंतो वि तिरिक्खजोणिएहिंतो वि मणूसेहिंतो वि देवेहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું તેઓ નરકમાંથી ઉત્પન્ન થાય છે ***યાવત્*** દેવોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોમાંથી, તિર્યંચોમાંથી, મનુષ્યોમાંથી અને દેવોમાંથી, તેમ ચારે ગતિમાંથી આવીને ઉત્પન્ન થાય છે.

**૧૨૨ जइ णेरइएहिंतो उववज्जंति किं रयणप्पभापुढविणेरइएहिंतो उववज्जंति ?** *जाव* **अहेसत्तमापुढविणेरइएहिंतो उववज्जंति ? गोयमा ! रयणप्पभापुढविणेरइएहिंतो वि** *जाव* **अहेसत्तमापुढविणेरइएहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચ પંચેન્દ્રિય જો નૈરયિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો શું રત્નપ્રભાપૃથ્વીના નૈરયિકોમાંથી ઉત્પન્ન થાય છે ***યાવત્*** અધઃસપ્તમ–તમસ્તમા પૃથ્વી સુધીના નૈરયિકોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાંથી ઉત્પન્ન થાય છે ***યાવત્*** અધઃ સપ્તમ પૃથ્વીના નૈરયિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે.

**૧૨૩ जइ तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं एगिंदिएहिंतो उववज्जंति** *जाव* **पंचेंदिए-हिंतो उववज्जंति ? गोयमा ! एगिंदिएहिंतो** *जाव* **पंचेंदिएहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચ પંચેન્દ્રિય જો તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે, તો શું એકેન્દ્રિય તિર્યંચોમાંથી ઉત્પન્ન થાય છે ***યાવત્*** પંચેન્દ્રિય તિર્યંચોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે એકેન્દ્રિય તિર્યંચોમાંથી ***યાવત્*** પંચેન્દ્રિય તિર્યંચોમાંથી પણ ઉત્પન્ન થાય છે.

**૧૨૪ जइ एगिंदिएहिंतो उववज्जंति किं पुढविकाइएहिंतो उववज्जंति ? एवं जहा पुढविकाइयाणं उववाओ भणिओ तहेव एएसिं पि भाणियव्वो । णवरं देवेहिंतो** *जाव* **सहस्सारकप्पोवग-वेमाणियदेवेहिंतो वि उववज्जंति, णो आणयकप्पोवगवेमाणियदेवेहिंतो** *जाव* **अच्चुएहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચ પંચેન્દ્રિય જો એકેન્દ્રિયોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું પૃથ્વી-કાયિકોમાંથી ઉત્પન્ન થાય છે ***યાવત્*** વનસ્પતિકાયિકોમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ પૃથ્વીકાયિકોનો ઉપપાત કહ્યો છે, તેમ જ પંચેન્દ્રિય તિર્યંચોનો પણ તિર્યંચ સંબંધી ઉપપાત કહેવો જોઈએ. વિશેષતા એ છે કે તિર્યંચ પંચેંદ્રિયો દેવોમાંથી ***યાવત્*** સહસ્રાર કલ્પોપપન્ન વૈમાનિક દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, પરંતુ આનત કલ્પોપપન્ન વૈમાનિક દેવોથી ***યાવત્*** અચ્યુત કલ્પોપપન્ન વૈમાનિક દેવોમાંથી ઉત્પન્ન થતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં તિર્યંચ પંચેન્દ્રિય જીવોની આગતિનું કથન છે. ચારે ગતિના જીવો મરીને તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થઈ શકે છે. યુગલિક તિર્યંચ અને યુગલિક મનુષ્યો દેવગતિને જ પામે છે અને નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો મનુષ્યગતિમાં જ જાય છે, તેથી તે જીવોને છોડીને શેષ સર્વ જીવો તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. સૂત્રકારે સંજ્ઞી કે અસંજ્ઞીતિર્યંચ પંચેન્દ્રિયના ભેદ કર્યા વિના જ સમુચ્ચય રીતે તિર્યંચ પંચેન્દ્રિયની આગતિનું કથન કર્યું છે. તો પણ અહીં સંજ્ઞી તિર્યંચની મુખ્યતાએ આગતિનું કથન છે, તેમ સમજવું. કારણ કે આગતિમાં ૭ નરક અને ૮ દેવલોક કહ્યા છે. જે અસંજ્ઞી તિર્યંચમાં શક્ય નથી.

**સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં આગતિ ૮૭ ભેદની :– નારકીના ૭ ભેદ–** ૭ નરકના પર્યાપ્તા; **તિર્યંચના ૪૬ ભેદ–** પાંચ સ્થાવરના ૨૦, વિકલેન્દ્રિયના–૬, તિર્યંચ પંચેન્દ્રિયના ૨૦(૫ સંજ્ઞી + ૫ અસંજ્ઞીના પર્યાપ્તા-અપર્યાપ્તા); **મનુષ્યના ૩ ભેદ–** અસંજ્ઞી મનુષ્યનો ૧ ભેદ અને સંજ્ઞી મનુષ્યના પર્યાપ્ત–અપર્યાપ્ત; **દેવના ૩૧ ભેદ–** ૧૦ ભવનપતિ, ૮ વ્યંતર, ૫ જ્યોતિષ્કના અને વૈમાનિકમાં ૮ દેવલોકના દેવો– ૧૦+૮+૫+૮ = ૩૧. કુલ મળીને ૭+૪૬+૩+૩૧ = ૮૭ ભેદના જીવો સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે.

સૂત્રમાં અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયની આગતિનું કથન નથી પરંતુ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયની આગતિ ગતાગતના થોકડામાં વિકલેન્દ્રિયોની જેમ બતાવી છે. તેથી અહીં પણ વિકલેન્દ્રિય પ્રમાણે ૪૯ ભેદની જાણવી.

**મનુષ્યોની આગતિ :–**

**૧૨૫ मणुस्सा णं भंते ! कओहिंतो उववज्जंति ? किं णेरइएहिंतो** *जाव* **देवेहिंतो उववज्जंति? गोयमा ! णेरइएहिंतो वि उववज्जंति** *जाव* **देवेहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું નૈરયિકોમાંથી ઉત્પન્ન થાય છે ***યાવત્*** દેવોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોમાંથી પણ ઉત્પન્ન થાય છે અને ***યાવત્*** દેવોમાંથી પણ ઉત્પન્ન થાય છે.

**૧૨૬ जइ णेरइएहिंतो उववज्जंति किं रयणप्पभापुढविणेरइएहिंतो** *जाव* **अहेसत्तमा-पुढविणेरइएहिंतो उववज्जंति । गोयमा ! रयणप्पभापुढविणेरइएहिंतो वि** *जाव* **तमा-पुढविणेरइएहिंतो वि उववज्जंति, णो अहेसत्तमापुढविणेरइएहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યો જો નૈરયિકોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું રત્નપ્રભા પૃથ્વીના

નૈરયિકોમાંથી ઉત્પન્ન થાય છે કે ***યાવત્*** અધઃસપ્તમ પૃથ્વીના નૈરયિકોમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાંથી ***યાવત્*** તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, પરંતુ અધઃસપ્તમ પૃથ્વીના નૈરયિકોમાંથી ઉત્પન્ન થતા નથી.

**૧૨૭ जइ तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं एगिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति?**

**गोयमा ! जेहिंतो पंचेंदियतिरिक्खजोणियाणं उववाओ भणिओ तेहिंतो मणुस्साण वि णिरवसेसो भाणियव्वो । णवरं अहेसत्तमापुढविणेरइय-तेउवाउकाइएहिंतो ण उववज्जंति। सव्वदेवेहिंतो वि उववज्जावेयव्वा** *जाव* **कप्पातीतगवेमाणिय-सव्वट्ठसिद्धदेवेहिंतो वि उववज्जावेयव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! મનુષ્યો જો તિર્યંચોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું એકેન્દ્રિય તિર્યંચોમાંથી ઉત્પન્ન થાય છે ***યાવત્*** પંચેન્દ્રિય તિર્યંચોમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! જે જે સ્થાનોથી પંચેન્દ્રિય તિર્યંચોનો ઉપપાત કહ્યો છે, તે-તે સ્થાનોમાંથી મનુષ્યોનો પણ ઉપપાત કહેવો જોઈએ. વિશેષતા એ છે કે મનુષ્યો, અધઃસપ્તમ નરક પૃથ્વીના નૈરયિકોમાંથી, તેજસ્કાયિકો અને વાયુકાયિકોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. તે ઉપરાંત મનુષ્યનો ઉપપાત સર્વ દેવોમાંથી કહેવો જોઈએ ***યાવત્*** કલ્પાતીત સર્વાર્થસિદ્ધ વિમાન સુધીના વૈમાનિક દેવોમાંથી પણ મનુષ્યોની ઉત્પત્તિ થઈ શકે છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં મનુષ્યોની આગતિનું પ્રતિપાદન છે.

ચારે ગતિના જીવો મરીને મનુષ્યગતિને પ્રાપ્ત કરી શકે છે, પરંતુ તેમાં સાતમી નરકના નૈરયિકો, યુગલિક તિર્યંચો અને મનુષ્યો, તેઉકાય અને વાયુકાયના જીવો મરીને મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી શકતા નથી. સૂત્રકારે સંમૂર્ચ્છિમ કે ગર્ભજ મનુષ્યોના ભેદ કર્યા વિના સમુચ્ચયરૂપે મનુષ્યની આગતિનું કથન કર્યું છે.

**મનુષ્યમાં આગતિ ૯૬ ભેદની :– નારકીના ૬ ભેદ**– પ્રથમ છ નરકના પર્યાપ્તા, **તિર્યંચના ૩૮ ભેદ**– પૃથ્વી, પાણી, વનસ્પતિના ૧૨ ભેદ, વિકલેન્દ્રિયના ૬ ભેદ, પાંચ સંજ્ઞી તિર્યંચ + પાંચ અસંજ્ઞી તિર્યંચના પર્યાપ્તા અને પર્યાપ્તા = ૫+૫×૨ = તિર્યંચ પંચેન્દ્રિયના ૨૦ ભેદ. આ રીતે ૧૨+૬+૨૦ = ૩૮ ભેદ. **મનુષ્યના ૩ ભેદ**– યુગલિક મનુષ્ય વર્જીને સંમૂર્ચ્છિમ મનુષ્યોના અપર્યાપ્તા અને કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોના પર્યાપ્તા તથા અપર્યાપ્તા. **દેવોના ૪૯ ભેદ**– સર્વ પ્રકારના દેવો મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. તેથી આ સર્વ મળીને ૬+૩૮+૩+૪૯ = ૯૬ ભેદના જીવો મનુષ્યમાં ઉત્પન્ન થાય છે.

**વાણવ્યંતર દેવોની આગતિ :-**

**૧૨૮ वाणमंतरदेवा णं भंते ! कओहिंतो उववज्जंति ? किं णेरइएहिंतो** *जाव* **देवेहिंतो उववज्जंति ? गोयमा ! जेहिंतो असुरकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! વાણવ્યંતરદેવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! વાણવ્યંતર દેવોની ઉત્પત્તિ અસુરકુમાર દેવોની સમાન જાણવી જોઈએ.

**વિવેચન :–**

વાણવ્યંતર દેવોનો ઉપપાત અસુરકુમારની સમાન છે.

**વાણવ્યંતર દેવોમાં આગતિ ૧૬ ભેદની :–** પાંચ સંજ્ઞી તિર્યંચ, પાંચ અસંજ્ઞી તિર્યંચના પર્યાપ્તા, યુગલિક ખેચર અને યુગલિક ચતુષ્પદ સ્થલચર એ તિર્યંચના ૧૨ ભેદ; સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા અને કર્મ ભૂમિજ, અકર્મભૂમિજ તથા અંતરદ્વીપજ એ ત્રણ યુગલિક મનુષ્યના પર્યાપ્તા; આ રીતે **મનુષ્યના ૪ ભેદ.** કુલ મળીને ૧૨ + ૪ = ૧૬ ભેદના જીવો વાણવ્યંતર દેવોમાં ઉત્પન્ન થાય છે.

**જ્યોતિષી દેવોની આગતિ :–**

**૧૨૯ जोइसियदेवा णं भंते! कओहिंतो उववज्जंति । गोयमा! एवं चेव । णवरं सम्मुच्छिम असंखेज्जवासाउयखहयर- अंतरदीवगमणुस्सवज्जेहिंतो उववज्जावेयव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યોતિષી દેવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જ્યોતિષી દેવોનો ઉપપાત અસુરકુમારોના ઉપપાતની સમાન જાણવો જોઈએ. તેમાં વિશેષતા એ છે કે સંમૂર્ચ્છિમ–અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, અસંખ્યાત વર્ષાયુષ્ક ખેચર પંચેન્દ્રિય તિર્યંચો તથા અંતર્દ્વીપના મનુષ્યો જ્યોતિષી દેવોમાં ઉત્પન્ન થતા નથી, તેથી તેનો નિષેધ કરવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં જ્યોતિષી દેવોની આગતિનું નિરૂપણ છે. તેની આગતિનું કથન સૂત્રકારે વ્યંતરદેવોના અતિદેશપૂર્વક કર્યું છે અને તેની વિશેષતા **णवरं** શબ્દથી કહી છે.

**णवरं संमुच्छिम... :–** અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, અસંખ્યાત વર્ષાયુષ્ક ખેચર તિર્યંચ પંચેન્દ્રિય અને અંતરદ્વીપના મનુષ્યો મરીને ભવનપતિ અને વ્યંતર જાતિના દેવરૂપે ઉત્પન્ન થઈ શકે છે પરંતુ જ્યોતિષી દેવ થતાં નથી. કારણ કે અસંજ્ઞી જીવો મનના અભાવે પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી અધિક સ્થિતિનો આયુષ્ય બંધ કરી શકતા નથી. અસંખ્યાત વર્ષના ખેચર તિર્યંચ પંચેન્દ્રિયનું અને અંતર્દ્વીપના મનુષ્યોનું આયુષ્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું હોય છે. યુગલિકો માટે સામાન્ય નિયમ છે કે યુગલિકો પોતાના આ ભવના આયુષ્યથી અધિક સ્થિતિ પરભવમાં પ્રાપ્ત કરી શકતા નથી. જ્યોતિષી દેવોની જઘન્ય સ્થિતિ પલ્યોપમના આઠમા ભાગની છે, જે પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી વધુ છે. તેથી અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયો, ખેચર યુગલિકો તથા અંતર્દ્વીપજ મનુષ્યો જ્યોતિષી દેવોમાં ઉત્પન્ન થઈ શકતા નથી.

**જ્યોતિષી દેવોમાં આગતિ ૯ ભેદની :– તિર્યંચના ૬ ભેદ–** પાંચ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તા + ૧ સ્થલચર યુગલિક તિર્યંચ પંચેન્દ્રિય, એ ૬ ભેદ; **મનુષ્યના ૩ ભેદ–** કર્મભૂમિજ સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્યનો પર્યાપ્તો તે ૧ + કર્મભૂમિજ અને અકર્મભૂમિજ યુગલિક મનુષ્ય તે બે; આમ કુલ ૧+૨ = ૩ મનુષ્યના ભેદ. ૬+૩ = ૯ ભેદના જીવો જ્યોતિષી દેવોમાં ઉત્પન્ન થાય છે.

**વૈમાનિક દેવોની આગતિ :–**

**૧૩૦ वेमाणिया णं भंते ! कओहिंतो उववज्जंति ? किं णेरइएहिंतो, तिरिक्खजोणिएहिंतो, मणुस्सेहिंतो, देवेहिंतो उववज्जंति ?**

**गोयमा ! एवं चेव वेमाणिया वि सोहम्मीसाणगा देवावि एवं चेव भाणियव्वा ।**

**एवं सणंकुमारगा वि णवरं असंखेज्जवासाउय-अकम्मभूमगवज्जेहिंतो उववज्जंति । एवं** *जाव* **सहस्सारकप्पोवग-वेमाणियदेवा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈમાનિક દેવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું નૈરયિકોમાંથી, તિર્યંચોમાંથી, મનુષ્યોમાંથી કે દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્યોતિષી દેવોની જેમ જ વૈમાનિક દેવોનું કથન કરવું અને આ જ પ્રમાણે સૌધર્મ અને ઈશાન કલ્પના વૈમાનિક દેવોની ઉત્પત્તિના વિષયમાં કહેવું જોઈએ. સનત્કુમારદેવોના ઉપપાતના વિષયમાં પણ આ જ પ્રમાણે જાણવું જોઈએ. વિશેષતા એ છે કે અસંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ અને અકર્મભૂમિજ મનુષ્યો અહીં ઉત્પન્ન થતાં નથી. આ જ રીતે(સનત્કુમાર દેવોની જેમ) માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર અને સહસ્રારકલ્પના દેવોનો ઉપપાત પણ કહેવો જોઈએ.

**१३१ आणयदेवा णं भंते ! कओहिंतो उववज्जंति ? किं णेरइएहिंतो** *जाव* **देवेहिंतो उववज्जंति ? गोयमा ! णो णेरइएहिंतो उववज्जंति, णो तिरिक्खजोणिएहिंतो उववज्जंति, मणुस्सेहिंतो उववज्जंति, णो देवेहिंतो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આનત દેવલોકના દેવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું નૈરયિકોમાંથી કે ***યાવત્*** દેવોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોમાંથી ઉત્પન્ન થતા નથી, તિર્યંચોમાંથી પણ ઉત્પન્ન થતા નથી, મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, દેવોમાંથી ઉત્પન્ન થતા નથી.

**१३२ जइ मणुस्सेहिंतो उववज्जंति किं सम्मुच्छिममणुस्सेहिंतो, गब्भवक्कंतिय-मणुस्सेहिंतो उववज्जंति ? गोयमा ! गब्भवक्कंतिय-मणुस्सेहिंतो उववज्जंति, णो सम्मुच्छिममणुस्सेहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો આનત દેવલોકના દેવો મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું સંમૂર્ચ્છિમ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે કે ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, સંમૂર્ચ્છિમ મનુષ્યોમાંથી ઉત્પન્ન થતા નથી.

**१३३ जइ गब्भवक्कंतिय-मणुस्सेहिंतो उववज्जंति किं कम्मभूमगेहिंतो उववज्जंति, अकम्मभूमगेहिंतो उववज्जंति, अंतरदीवगेहिंतो उववज्जंति ?**

**गोयमा ! कम्मभूमग-गब्भवक्कंतिय-मणूसेहिंतो उववज्जंति, णो अकम्मभूमगेहिंतो उववज्जंति, णो अंतरदीवगेहिंतो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આનત દેવલોકના દેવો જો ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, અકર્મભૂમિજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે કે અન્તર્દ્વીપજ ગર્ભજ મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, પરંતુ અકર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી કે અન્તર્દ્વીપજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થતા નથી.

**१३४ जइ कम्मभूमगगब्भवक्कंतियमणुस्सेहिंतो उववज्जंति किं संखेज्जवासाउएहिंतो**

**उववज्जंति, असंखेज्जवासाउएहिंतो उववज्जंति ? गोयमा ! संखेज्जवासाउएहिंतो, णो असंखेज्जवासाउएहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આનત દેવલોકના દેવો જો કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો શું સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે કે અસંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, પરંતુ અસંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થતા નથી.

**१३५ जइ संखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणुस्सेहिंतो उववज्जंति किं पज्जत्तएहिंतो, अपज्जत्तएहिंतो उववज्जंति ? गोयमा ! पज्जत्तगसंखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणुसेहिंतो उववज्जंति, णो अपज्जत्तएहिंतो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આનત દેવલોકના દેવો જો સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું પર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, પરંતુ અપર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થતા નથી.

**१३६ जइ पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणुसेहिंतो उववज्जंति किं सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमगेहिंतो उववज्जंति, मिच्छद्दिट्ठिपज्जत्तग-संखेज्जवासाउएहिंतो उववज्जंति, सम्मामिच्छद्दिट्ठिपज्जत्तग-संखेज्ज-वासाउय कम्मभूमग-गब्भवक्कंतिय-मणुस्सेहिंतो उववज्जंति ?**

**गोयमा ! सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणुस्सेहिंतो वि उववज्जंति, मिच्छद्दिट्ठिपज्जत्तगेहिंतो वि उववज्जंति, णो सम्मामिच्छद्दिट्ठिपज्जत्तगेहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આનત દેવલોકના દેવો જો પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે કે મિથ્યાદષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે અથવા મિશ્રદષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે અને મિથ્યાદષ્ટિ પર્યાપ્તા સંખ્યાતા વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી પણ ઉત્પન્ન થાય છે; પરંતુ સમ્યગ્મિથ્યાદષ્ટિ પર્યાપ્તામાંથી ઉત્પન્ન થતા નથી.

**१३७ जइ सम्मद्दिट्ठिपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगवक्कंतियमणुस्सेहिंतो उववज्जंति किं संजतसम्मद्दिट्ठीहिंतो, असंजतसम्मद्दिट्ठिहिंतो, संजयासंजयसम्मद्दिट्ठिहिंतो उववज्जंति?**

**गोयमा ! तीहिंतो वि उववज्जंति । एवं *जाव* अच्चुओ कप्पो । एवं गेवेज्जदेवा वि, णवरं असंजत-संजतासंजतेहिंतो एए पडिसेहेयव्वा । एवं जहेव गेवेज्जगदेवा तहेव अणुत्तरोववाइया वि । णवरं इमं णाणत्तं संजया चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આનત દેવલોકના દેવો જો સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું સંયત સમ્યગ્દષ્ટિમાંથી, અસંયત સમ્યગ્દષ્ટિમાંથી કે સંયતાસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે?

**ઉત્તર–** હે ગૌતમ ! ઉપર્યુક્ત સંયત, અસંયત અને સંયતાસંયત, તે ત્રણે પ્રકારના સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. અચ્યુત દેવલોકના દેવો સુધીના ઉપપાતના વિષયમાં આ જ પ્રમાણે જાણવું જોઈએ.

આ જ પ્રમાણે નવ ગ્રૈવેયક દેવોના ઉપપાતના વિષયમાં પણ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે ગ્રૈવેયક વિમાનના દેવોમાં અસંયત અને સંયતાસંયતની ઉત્પત્તિનો નિષેધ કરવો જોઈએ.

ગ્રૈવેયક દેવોની ઉત્પત્તિના કથનાનુસાર પાંચ અનુત્તર વિમાનોના દેવોની ઉત્પત્તિ જાણવી જોઈએ. તેમાં વિશેષતા એ છે કે સંયત મનુષ્યો જ અનુત્તરૌપપાતિક દેવોમાં ઉત્પન્ન થાય છે.

**१३८ जइ संजत-सम्मद्दिट्ठि-पज्जत्त-संखेज्जवासाउय-कम्मभूमग-गब्भवक्कंतिय-मणुस्सेहिंतो उववज्जंति किं पमत्त-संजत-सम्मद्दिट्ठिपज्जत्तहिंतो अपमत्तसंजतेएहिंतो उववज्जंति ?**

**गोयमा ! अपमत्तसंजएहिंतो उववज्जंति, णो पमत्तसंजएहिंतो उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનુત્તર વિમાનના દેવો જો સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું પ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તામાંથી ઉત્પન્ન થાય છે કે અપ્રમત્ત સંયતમાંથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અપ્રમત્ત સંયતમાંથી ઉત્પન્ન થાય છે, પ્રમત્ત સંયતમાંથી ઉત્પન્ન થતા નથી.

**१३९ जइ अपमत्तसंजएहिंतो उववज्जंति किं इड्ढिपत्त-अपमत्तसंजएहिंतो उववज्जंति? अणिड्ढिपत्त-अपमत्तसंजएहिंतो उववज्जंति ? गोयमा ! दोहिंतो वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનુત્તરૌપપાતિક દેવો જો અપ્રમત્ત સંયતોમાંથી ઉત્પન્ન થાય છે, તો શું ઋદ્ધિ પ્રાપ્ત અપ્રમત્ત સંયતોમાંથી ઉત્પન્ન થાય છે કે ઋદ્ધિ અપ્રાપ્ત અપ્રમત્ત સંયતોમાંથી ઉત્પન્ન થાય છે? **ઉત્તર–** હે ગૌતમ ! ઋદ્ધિ પ્રાપ્ત અને અનૃદ્ધિ પ્રાપ્ત બંને પ્રકારના અપ્રમત્ત સંયતોમાંથી ઉત્પન્ન થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વૈમાનિક દેવોની આગતિનું નિરૂપણ છે.

નારકી, દેવતા, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્યો કોઈ પણ અપર્યાપ્ત જીવો વૈમાનિક જાતિના દેવોમાં ઉત્પન્ન થતા નથી. તે સિવાયના ગર્ભજ મનુષ્યો અને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને વૈમાનિક જાતિના દેવોમાં ઉત્પન્ન થાય છે.

**વૈમાનિક દેવોમાં પ્રથમના બે દેવલોકમાં આગતિ ૯ ભેદની :– તિર્યંચના ૬ ભેદ–** ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તા + ૧ સ્થલચર યુગલિક તિર્યંચ પંચેન્દ્રિય. **મનુષ્યના ૩ ભેદ–** સંજ્ઞી મનુષ્યના પર્યાપ્ત અને કર્મભૂમિજ યુગલિક તથા અકર્મભૂમિજ યુગલિક મનુષ્યના પર્યાપ્તા. ૧+૨ = ૩ ભેદ. આ રીતે કુલ ૬+૩=૯ ભેદ.

**૩ થી ૮ દેવલોકમાં આગતિ ૬ ભેદની :–** ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તા અને સંખ્યાત વર્ષના કર્મભૂમિજ સંજ્ઞી મનુષ્યનો પર્યાપ્ત. આ રીતે ૫+૧ = ૬ ભેદ.

**૯ થી ૧૨ દેવલોકમાં આગતિ ૧ ભેદની :–** કર્મભૂમિના સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્ય પર્યાપ્તાની. તેમાં (૧) સંયત સમ્યગ્દષ્ટિ (૨) અસંયત સમ્યગ્દષ્ટિ (૩) સંયતાસંયત સમ્યગ્દષ્ટિ (૪) મિથ્યાદષ્ટિ, આ ચાર બોલની વિશેષતાવાળા સંજ્ઞી મનુષ્ય ઉત્પન્ન થાય છે.

**૯ ગ્રૈવેયકમાં આગતિ ૧ ભેદની :–** સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તાની. તેમાં– (૧) સંયત સમ્યગ્દષ્ટિ અને (૨) મિથ્યાદષ્ટિ, આ બે બોલની વિશેષતાવાળા સંજ્ઞી મનુષ્ય ઉત્પન્ન થાય છે.

**અનુત્તર વિમાનમાં આગતિ ૧ ભેદની :–** સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તાની. તેમાં– (૧) ઋદ્ધિપ્રાપ્ત અપ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ અને (૨) અઋદ્ધિ પ્રાપ્ત અપ્રમત સંયત સમ્યગ્દષ્ટિ. આ બે બોલની વિશેષતાવાળા સંજ્ઞી મનુષ્ય ઉત્પન્ન થાય છે. મિથ્યાદષ્ટિ ત્યાં ઉત્પન્ન થતા નથી.

વૈમાનિક દેવોમાં બાર દેવલોક સુધી સમકિતી, મિથ્યાત્વી, સંયત, અસંયત કે સંયતાસંયત કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો જઈ શકે છે. નવ ગ્રૈવેયકમાં સમ્યગ્દષ્ટિ કે મિથ્યાદષ્ટિયુક્ત સંયત મનુષ્યો જ ઉત્પન્ન થઈ શકે છે. અભવી જીવો એકાંત મિથ્યાત્વી હોવા છતાં દ્રવ્ય ચારિત્રની અનુપાલના કરીને મિથ્યાત્વ સાથે પણ નવ ગ્રૈવેયકમાં જઈ શકે છે અર્થાત્ **નવ ગ્રૈવેયકમાં ઉત્પન્ન થવા માટે ચારિત્રની અનુપાલના અનિવાર્ય છે, સમકિતની અનિવાર્યતા નથી.**

**પાંચ અનુત્તર વિમાનમાં એકાંત સમ્યગ્દષ્ટિ અપ્રમત્ત સંયત મનુષ્યો જ ઉત્પન્ન થઈ શકે છે. મિથ્યાદષ્ટિ કે અવ્રતી અથવા દૂષિત ચારિત્રવાળા પ્રમાદી ત્યાં ઉત્પન્ન થતાં નથી.**

**(૬) ઉદ્‌વર્તના દ્વાર : નૈરયિકોની ગતિ :–**

**૧૪૦ णेरइया णं भंते ! अणंतरं उववट्टित्ता कहिं गच्छंति ? कहिं उववज्जंति ? किं णेरइएसु उववज्जंति, तिरिक्खजोणिएसु उववज्जंति, मणुस्सेसु उववज्जंति, देवेसु उववज्जंति ?**

**गोयमा ! णो णेरइएसु उववज्जंति, तिरिक्खजोणिएसु उववज्जंति, मणुस्सेसु उववज्जंति, णो देवेसु उववज्जंति ।**

**શબ્દાર્થ :–** उवट्टंति = ઉદ્વર્તન પામીને-નીકળીને, મરીને.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવો નરકમાંથી નીકળીને– મૃત્યુ પામીને અનંતર– તુરંત ક્યાં જાય છે ? ક્યાં ઉત્પન્ન થાય છે ? શું તે નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે, તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે, મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે કે દેવોમાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો મૃત્યુ પામીને તુરંત નૈરયિકોમાં ઉત્પન્ન થતા નથી, તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે અથવા મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે, દેવોમાં ઉત્પન્ન થતા નથી.

**१४१ जइ तिरिक्खजोणिएसु उववज्जंति किं एगिंदिय तिरिक्खजोणिएसु *जाव* पंचेंदिय-तिरिक्खजोणिएसु उववज्जंति ?**

**गोयमा ! णो एगिंदिएसु *जाव* णो चउरिंदिएसु उववज्जंति, पंचिंदिएसु उववज्जंति। एवं जेहिंतो उववाओ भणिओ तेसु उव्वट्टणा वि भाणियव्वा । णवरं सम्मुच्छिमेसु ण उववज्जंति । एवं सव्वपुढवीसु भाणियव्वं । णवरं अहेसत्तमाओ मणुस्सेसु ण उववज्जंति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો મૃત્યુ પામીને તુરંત જો તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે, તો શું એકેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે કે ***યાવત્*** પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય કે ચૌરેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી પરંતુ પંચેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે.

આ રીતે નારકીના ઉપપાત અનુસાર તેની ઉદ્‌વર્તના પણ કહેવી જોઈએ. વિશેષતા એ છે કે તે સંમૂર્ચ્છિમમાં અર્થાત્ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી. આ રીતે સાતે નરક પૃથ્વીઓમાં ઉદ્‌વર્તનાનું કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે સાતમી નરક પૃથ્વીના નૈરયિકો મૃત્યુ પામીને મનુષ્યોમાં ઉત્પન્ન થતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાતે નરકના નારકીની ઉદ્‌વર્તના–ગતિનું નિરૂપણ છે. સામાન્ય રીતે (૧) નારકી જીવો મૃત્યુ પામીને નરક કે દેવગતિમાં જતાં નથી. (૨) એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય કે સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં ઉત્પન્ન થતા નથી. (૩) યુગલિક તિર્યંચ કે યુગલિક મનુષ્યોમાં પણ જતાં નથી. મનુષ્ય અને તિર્યંચ ગતિના શેષ સ્થાનોમાં જાય છે.

**પહેલી–બીજી નરકના નૈરયિકોની ગતિ ૬ ભેદની :–** પાંચ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તા અને એક સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા. પ્રત્યેક જીવોને ઉત્પત્તિના પ્રથમ અંતર્મુહૂર્તમાં અપર્યાપ્તાવસ્થા હોય છે. આ અપર્યાપ્તાવસ્થામાં લબ્ધિ પર્યાપ્તા જીવોને પર્યાપ્ત નામ કર્મનો ઉદય હોય છે અને તેઓ નિશ્ચિતરૂપે સ્વયોગ્ય પર્યાપ્તિને પૂર્ણ કરી પર્યાપ્તાવસ્થાને પ્રાપ્ત કરે જ છે. અહીં છએ ભેદ પર્યાપ્તાના લીધા છે, તે તેઓની લબ્ધિ પર્યાપ્તા અવસ્થાના સૂચક છે.

**ત્રીજી નરકના નૈરયિકોની ગતિ ૫ ભેદની :–** ભુજપરિસર્પ વર્જીને ૪ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય+૧ સંજ્ઞી મનુષ્ય.

**ચોથી નરકના નૈરયિકોની ગતિ ૪ ભેદની :–** ભુજપર, ખેચર વર્જીને ૩ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય+૧ સંજ્ઞી મુનષ્ય.

**પાંચમી નરકના નૈરયિકોની ગતિ ૩ ભેદની :–** ભુજપર, ખેચર, ચતુષ્પદ સ્થલચર વર્જીને ૨ સંજ્ઞી તિર્યંચ + ૧ સંજ્ઞી મનુષ્ય.

**છટ્ઠી નરકના નૈરયિકોની ગતિ ૨ ભેદની :–** પૂર્વોક્ત ત્રણ ભેદમાંથી ઉરપરિસર્પને વર્જીને એક જલચર સંજ્ઞી તિર્યંચ + ૧ સંજ્ઞી મનુષ્ય અને ત્રણે ય વેદમાં જાય.

**સાતમી નરકના નૈરયિકોની ગતિ ૧ ભેદની :–** જલચર સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય પર્યાપ્તા. તે જીવો સ્ત્રી વેદને વર્જીને શેષ બે વેદમાં જાય.

**जेहिंतो उववाओ तेसु उव्वट्टणा :–** નારકીમાં ઉપપાત પ્રમાણે ઉદ્‌વર્તનાનું કથન કરવું. તેમાં વિશેષતા એ છે કે પ્રથમ નરકની ગતમાં અસંજ્ઞી તિર્યંચનો અને સાતમી નરકનીગતમાં મનુષ્યનો નિષેધ કરવો.

તદ્‌નુસાર સાતે નરકની ગતિમાં આગતિની જેમ જ ક્રમશઃ સંજ્ઞી તિર્યંચના એક-એક ભેદ ઘટતા જાય છે. તદ્‌નુસાર પહેલી-બીજી નરકના નારકી મરીને સંજ્ઞી તિર્યંચના પાંચ ભેદમાં જાય, ત્રીજી નરકના નારકી મરીને ભુજપરિસર્પને છોડીને સંજ્ઞી તિર્યંચના ચાર ભેદમાં જાય છે, ચોથી નરકના નારકી મરીને ભુજપરિસર્પ અને ખેચરને છોડીને સંજ્ઞી તિર્યંચના ત્રણ ભેદમાં જાય છે, પાંચમી નરકમાં નારકી મરીને ભુજપરિસર્પ, ખેચર અને ચતુષ્પદ સ્થલચરને છોડીને સંજ્ઞી તિર્યંચના બે ભેદમાં જાય છે, છઠ્ઠી નરકના નારકી મરીને ભુજપરિસર્પ, ખેચર, સ્થલચર અને ઉરપરિસર્પને છોડીને સંજ્ઞી તિર્યંચના એક જલચરમાં જ જાય છે, સાતમી નરકના નારકી મરીને જલચર સ્ત્રીને છોડીને નપુંસકવેદી અને પુરુષવેદી જલચરમાં જ જાય છે. આ રીતે છ નરકના નારકી મરીને કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો અને સંજ્ઞી તિર્યંચોમાં જાય છે. સાતમી નરકના નારકી એક સંજ્ઞી તિર્યંચમાં જ જાય છે.

પ્રચલિત ગતાગતના થોકડામાં સાતે નરકની ગતિમાં પાંચે પાંચ સંજ્ઞી તિર્યંચના ભેદની ગણના કરી છે પરંતુ પ્રસ્તુતમાં નારકીના ઉપપાત પ્રમાણે જ ઉદ્‌વર્તનાનું અતિદેશાત્મક કથન છે તથા શ્રી ભગવતીસૂત્રમાં ગોશાલકના અને શ્રી જ્ઞાતાસૂત્રમાં દ્રૌપદીના દીર્ઘકાલીન ભવભ્રમણનું વિસ્તૃત વર્ણન છે. તેને જોતાં જણાય છે કે સાતે નરકની ગતિમાં ઉપપાત પ્રમાણે જ ઉદ્‌વર્તન થાય છે.

**ભવનપતિ દેવોની ગતિ :–**

**१४२ असुरकुमारा णं भंते ! अणंतरं उव्वट्टित्ता कहिं गच्छंति ? कहिं उववज्जंति? किं णेरइएसु उववज्जंति *जाव* देवेसु उववज्जंति ? गोयमा ! णो णेरइएसु उववज्जंति, तिरिक्खजोणिएसु उववज्जंति, मणुस्सेसु उववज्जंति, णो देवेसु उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવો મૃત્યુ પામીને તુરંત ક્યાં જાય છે ? ક્યાં ઉત્પન્ન થાય છે ? શું નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ***યાવત્*** દેવોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોમાં ઉત્પન્ન થતા નથી, તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે, મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે, દેવોમાં ઉત્પન્ન થતા નથી.

**१४३ जइ तिरिक्खजोणिएसु उववज्जंति किं एगिंदिएसु *जाव* पंचेंदिय-तिरिक्खजोणिएसु उववज्जंति ? गोयमा ! एगिंदियतिरिक्खजोणिएसु उववज्जंति, णो बेइंदिएसु *जाव* णो चउरिंदिएसु उववज्जंति, पंचेंदियतिरिक्खजोणिएसु उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારદેવો જો તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે, તો શું એકેન્દ્રિયોમાં ***યાવત્*** પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એકેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે; બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો અને ચૌરેન્દ્રિયોમાં ઉત્પન્ન થતા નથી, પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે.

**१४४ जइ एगिंदिएसु उववज्जंति किं पुढविकाइयएगिंदिएसु *जाव* वणस्सइकाइय-एगिंदिएसु उववज्जंति ? गोयमा ! पुढविकाइयएगिंदिएसु वि आउकाइयएगिंदिएसु वि उववज्जंति, णो तेउकाइएसु, णो वाउकाइएसु उववज्जंति, वणस्सइकाइएसु उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારદેવો જો એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે, તો શું પૃથ્વીકાયિક

એકેન્દ્રિયોમાં ***યાવત્*** વનસ્પતિકાયિક એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તેઓ પૃથ્વીકાયિક એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે, અપ્કાયિક એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે, તેજસ્કાયિક અને વાયુકાયિક એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થતા નથી, વનસ્પતિકાયિક એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે.

**१४५ जइ पुढविकाइएसु उववज्जंति किं सुहुमपुढविकाइएसु उववज्जंति, बादरपुढवि काइएसु उववज्जंति ? गोयमा ! बादरपुढविकाइएसु उववज्जंति, णो सुहुमपुढविकाइएसु।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! અસુરકુમાર દેવો જો પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય છે તો શું સૂક્ષ્મ પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય છે કે બાદર પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! બાદર પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય છે, સૂક્ષ્મ પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થતા નથી.

**१४६ जइ बादरपुढविकाइएसु उववज्जंति किं पज्जत्तगबादरपुढविकाइएसु उववज्जंति, अपज्जत्तग-बायरपुढविकाइएसु उववज्जंति ? गोयमा ! पज्जत्तएसु उववज्जंति, णो अपज्जत्तएसु । एवं आउ-वणस्सईसु वि भाणियव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! અસુરકુમાર દેવો જો બાદર પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય છે, તો શું પર્યાપ્તા બાદર પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય છે કે અપર્યાપ્તા બાદર પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! તેઓ પર્યાપ્તામાં ઉત્પન્ન થાય છે, અપર્યાપ્તામાં ઉત્પન્ન થતા નથી. આ રીતે અપ્કાયિકો અને વનસ્પતિકાયિકોમાં પણ જાણવું જોઈએ.

**१४७ पंचेंदियतिरिक्खजोणिय-मणूसेसु य जहा णेरइयाणं उव्वट्टणा सम्मुच्छिमवज्जा तहा भाणियव्वा । एवं *जाव* थणियकुमारा ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોમાં અસુરકુમારોની ઉત્પત્તિના વિષયમાં સંમૂર્ચ્છિમને છોડીને નારકોની ઉદ્વર્તનાની સમાન જાણવું અર્થાત્ અસુરકુમાર દેવો અસંજ્ઞી તિર્યંચ છોડીને ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. અસુરકુમારની જેમ સ્તનિતકુમારો સુધીની ઉદ્વર્તના જાણવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભવનપતિ દેવોની ગતિનું નિરૂપણ છે. સામાન્ય રીતે (૧) કોઈ પણ દેવ મરીને નરકગતિ કે દેવગતિમાં ઉત્પન્ન થતાં નથી. (૨) દેવ મરીને તેઉકાય, વાયુકાય, ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય કે સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં ઉત્પન્ન થતાં નથી. (૩) ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને પહેલા-બીજા દેવલોકના દેવો બાદર પૃથ્વી, પાણી અને પ્રત્યેક વનસ્પતિની શ્રેષ્ઠ જાતિઓમાં, બાદર પર્યાપ્તપણે જ ઉત્પન્ન થાય છે. (૪) દેવો સંજ્ઞી તિર્યંચ કે સંજ્ઞી મનુષ્યપણે ઉત્પન્ન થાય પરંતુ યુગલિકપણે ઉત્પન્ન થતા નથી.

**ભવનપતિદેવોની ગતિ ૯ ભેદની**– તિર્યંચના ૮ ભેદ–બાદર પૃથ્વી, પાણી, વનસ્પતિના પર્યાપ્તા, પાંચ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તા, આ ૮ ભેદ અને ૧ સંજ્ઞી મનુષ્યનો પર્યાપ્તો. એ નવ ભેદમાં ભવનપતિ દેવો ઉત્પન્ન થાય છે.

**સ્થાવર અને વિકલેન્દ્રિય જીવોની ગતિ :-**

**१४८ पुढविकाइया णं भंते ! अणंतरं उव्वट्टित्ता कहिं गच्छंति ? कहिं उववज्जंति? किं णेरइएसु *जाव* देवेसु ?**

**गोयमा ! णो णेरइएसु उववज्जंति, तिरिक्खजोणिय-मणुसेसु उववज्जंति, णो देवेसु । एवं जहा एएसिं चेव उववाओ तहा उव्वट्टणा वि देववज्जा भाणियव्वा । एवं आउ-वणस्सइ-बेइंदिय-तेइंदिय-चउरिंदिया वि । एवं तेऊ-वाऊ वि । णवरं मणुस्सवज्जेसु उववज्जंति ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો મૃત્યુ પામીને તુરંત ક્યાં જાય છે ? ક્યાં ઉત્પન્ન થાય છે ? શું તેઓ નૈરયિકોમાં ***યાવત્*** દેવોમાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોમાં ઉત્પન્ન થતા નથી, તિર્યંચો અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે, દેવોમાં ઉત્પન્ન થતા નથી. આ રીતે પૃથ્વીકાયિકોના ઉપપાત પ્રમાણે તેની ઉદ્વર્તના પણ દેવોને છોડીને કહેવી જોઈએ.

આ રીતે અપ્કાયિક, વનસ્પતિકાયિક, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયોની પણ ઉદ્વર્તના જાણવી જોઈએ. આ રીતે તેજસ્કાયિક અને વાયુકાયિકની પણ ઉદ્વર્તના જાણવી જોઈએ. વિશેષતા એ છે કે તેઉકાયિક, વાયુકાયિક જીવો મરીને મનુષ્યમાં ઉત્પન્ન થતા નથી.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય જીવોની ગતિનું પ્રતિપાદન છે.

પાંચ સ્થાવર અને વિકલેન્દ્રિય જીવો મરીને નરક કે દેવગતિને પ્રાપ્ત કરી શકતા નથી. તે જીવો પાસે ઇન્દ્રિયની ન્યૂનતા અને મનનો અભાવ હોવાથી નરકગતિને યોગ્ય અશુભકર્મો કે દેવગતિને યોગ્ય શુભ કર્મો કરી શકતા નથી. તેથી તે જીવો મનુષ્ય અને તિર્યંચગતિને જ પ્રાપ્ત કરે છે. મનુષ્યોમાં પણ યુગલિકપણું પ્રાપ્ત કરી શકતા નથી, કર્મભૂમિના મનુષ્યો જ થાય છે. તેઉકાયિક-વાયુકાયિકના જીવો તો એક તિર્યંચગતિ જ પ્રાપ્ત કરે છે.

**પૃથ્વી - પાણી - વનસ્પતિ - વિકલેન્દ્રિયની ગતિ ૪૯ ભેદની–** તિર્યંચના ૪૮ ભેદ, સ્થલચર અને ખેચર યુગલિક તિર્યંચ પંચેન્દ્રિય, આ બે ભેદ વર્જીને શેષ ૪૬ ભેદ; **મનુષ્યના ત્રણ ભેદ–** સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા અને સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા-અપર્યાપ્તા, કુલ મળીને ૪૬+૩ = ૪૯ ભેદ થાય છે.

**તેઉ–વાયુની ગતિ ૪૬ ભેદની–** તિર્યંચના ૪૮ ભેદ. યુગલિક તિર્યંચના બે ભેદ વર્જીને.

**તિર્યંચ પંચેન્દ્રિય જીવોની ગતિ :-**

**१४९ पंचेंदियतिरिक्जोणिया णं भंते ! अणंतरं उव्वट्टित्ता कहिं गच्छंति कहिं उववज्जंति किं णेरइएसु *जाव* देवेसु ? गोयमा ! णेरइएसु उववज्जंति *जाव* देवेसु उववज्जंति ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચો મૃત્યુ પામીને તુરંત ક્યાં જાય છે ? ક્યાં ઉત્પન્ન

થાય છે ? શું તેઓ નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ***યાવત્*** દેવોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ***યાવત્*** દેવોમાં પણ ઉત્પન્ન થાય છે.

**१५० जइ णेरइएसु उववज्जंति किं रयणप्पभापुढवि-णेरइएसु उववज्जंति** *जाव* **अहेसत्तमा-पुढवि-णेरइएसु उववज्जंति ? गोयमा ! रयणप्पभापुढवि-णेरइएसु वि उववज्जंति** *जाव* **अहेसत्तमापुढवि-णेरइएसु वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જો તિર્યંચ પંચેન્દ્રિયો મૃત્યુ પામીને તુરંત નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે, તો શું રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે કે ***યાવત્*** અધઃસપ્તમ પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં પણ ઉત્પન્ન થાય છે ***યાવત્*** અધઃસપ્તમ પૃથ્વીના નૈરયિકોમાં પણ ઉત્પન્ન થાય છે અર્થાત્ સાતે નરકપૃથ્વીમાં જઈ શકે છે.

**१५१ जइ तिरिक्खजोणिएसु उववज्जंति किं एगिंदिएसु** *जाव* **पंचिंदिएसु ? गोयमा ! एगिंदिएसु वि उववज्जंति** *जाव* **पंचेंदिएसु वि उववज्जंति । एवं जहा एएसिं चेव उववाओ, उव्वट्टणा वि तहेव भाणियव्वा । णवरं असंखेज्जवासाउएसु वि एते उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જો તિર્યંચ પંચેન્દ્રિયો, તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય છે તો શું એકેન્દ્રિયોમાં કે ***યાવત્*** પંચેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! એકેન્દ્રિયોમાં પણ ઉત્પન્ન થાય છે ***યાવત્*** પંચેન્દ્રિયોમાં પણ ઉત્પન્ન થાય છે.

આ રીતે તિર્યંચ પંચેન્દ્રિયના ઉપપાત અનુસાર જ તેની ઉદ્‌વર્તના પણ કહેવી જોઈએ પરંતુ ઉપપાતથી ઉદ્‌વર્તનામાં વિશેષતા એ છે કે તે અસંખ્યાત વર્ષાયુષ્કોમાં પણ ઉત્પન્ન થાય છે.

**१५२ जइ मणुस्सेसु उववज्जंति किं सम्मुच्छिममणुस्सेसु उववज्जंति गब्भवक्कंतिय-मणुस्सेसु उववज्जंति ? गोयमा ! दोसु वि उववज्जंति । एवं जहा उववाओ तहेव उव्वट्टणा वि भाणियव्वा । णवरं अकम्मभूमग-अंतरदीवग-असंखेज्जवासाउएसु वि एते उववज्जंति त्ति भाणियव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જો તિર્યંચ પંચેન્દ્રિયો, મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે, તો શું સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે કે ગર્ભજ મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! બંનેમાં ઉત્પન્ન થાય છે. આ રીતે તિર્યંચ પંચેન્દ્રિયના ઉપપાત અનુસાર જ તેની ઉદ્‌વર્તના પણ કહેવી જોઈએ. વિશેષતા એ છે કે તે અકર્મભૂમિજ, અન્તર્દ્વીપજ અને અસંખ્યાત વર્ષાયુષ્ક મનુષ્યોમાં પણ ઉત્પન્ન થાય છે, એમ કહેવું જોઈએ.

**१५३ जइ देवेसु उववज्जंति किं भवणवासीसु उववज्जंति** *जाव* **किं वेमाणिएसु उववज्जंति? गोयमा ! सव्वेसु चेव उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! તિર્યંચ પંચેન્દ્રિય જો દેવોમાં ઉત્પન્ન થાય છે, તો શું ભવનપતિ દેવોમાં ઉત્પન્ન થાય છે કે ***યાવત્*** વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! સર્વ પ્રકારના દેવોમાં ઉત્પન્ન થાય છે.

**१५४ जइ भवणवासीसु उववज्जंति किं असुरकुमारेसु उववज्जंति** *जाव* **थणियकुमारेसु**

**उववज्जंति ? गोयमा ! सव्वेसु चेव उववज्जंति । एवं वाणमंतर-जोइसिय-वेमाणिएसु णिरंतरं उववज्जंति जाव सहस्सारो कप्पो त्ति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચ પંચેન્દ્રિય જો ભવનપતિ દેવોમાં ઉત્પન્ન થાય છે, તો શું અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે કે ***યાવત્*** સ્તનિતકુમારોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વ ભવનપતિઓમાં ઉત્પન્ન થાય છે. આ રીતે વાણવ્યંતર, જ્યોતિષી અને સહસ્રારકલ્પ સુધીના વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં તિર્યંચ પંચેન્દ્રિય જીવોની ગતિનું કથન છે.

તિર્યંચ પંચેન્દ્રિય મૃત્યુ પામીને ચારે ગતિમાં જઈ શકે છે. સૂત્રકારે સંજ્ઞી-અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના ભેદ કર્યા વિના સમુચ્ચય તિર્યંચ પંચેન્દ્રિયની ગતિનું નિરૂપણ કર્યું છે.

નારક અને દેવોના ઉપપાતને જોતાં સ્પષ્ટ થાય છે કે **અસંજ્ઞી તિર્યંચ** પંચેન્દ્રિય પહેલી નરકમાં અને ભવનપતિ અને વ્યંતર જાતિના દેવોમાં ઉત્પન્ન થાય છે, ત્યાર પછીની નરકમાં અને દેવોમાં ઉત્પન્ન થતા નથી.

**સંજ્ઞી તિર્યંચ** સાતે નરકમાં અને ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને આઠ દેવલોક સુધીના વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થાય છે પરંતુ નવમા દેવલોકથી ઉપરના દેવલોકમાં તે ઉત્પન્ન થતાં નથી. ત્યાં કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો જ જઈ શકે છે.

આ રીતે તિર્યંચ પંચેન્દ્રિયની ઉત્પત્તિ અનુસાર તેની ગતિ સર્વસ્થાનમાં થાય છે. તેની વિશેષતા સૂત્રકારે **णवरं...** શબ્દથી પ્રગટ કરી છે.

**णवरं असंखेज्जवासाउएसु वि एते उववज्जंति :–** તિર્યંચ પંચેન્દ્રિયની આગતિમાં યુગલિક તિર્યંચ અને યુગલિક મનુષ્યોનો નિષેધ કર્યો છે કારણ કે યુગલિકો મરીને દેવગતિમાં જ જાય છે. તિર્યંચ પંચેન્દ્રિયો મરીને યુગલિક તિર્યંચ અને યુગલિક મનુષ્ય રૂપે ઉત્પન્ન થઈ શકે છે. તેમાં સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયો મરીને ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતરદ્વીપ, આ ૮૬ ક્ષેત્રના યુગલિક મનુષ્યપણે અને યુગલિક સ્થલચર, ખેચરપણે ઉત્પન્ન થાય છે તથા અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયો ૫૬ અંતરદ્વીપના યુગલિક મનુષ્યપણે અને સ્થલચર તથા ખેચર તિર્યંચ યુગલિકપણે ઉત્પન્ન થાય છે.

**સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયની ગતિ ૯૨ ભેદની–** નરકના ૭ ભેદ; તિર્યંચના ૪૮ ભેદ; મનુષ્યના ૬ ભેદ– સમૂર્ચ્છિમ મનુષ્યોના અપર્યાપ્તા, સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ મનુષ્યોના પર્યાપ્તા અને અપર્યાપ્તા, અસંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ, અકર્મભૂમિજ અને અંતદ્વીર્પજ તે ત્રણ પ્રકારના યુગલિક મનુષ્યો ૧+૨+૩ = ૬ ભેદ. દેવના આઠમા દેવલોક પર્યંતના(૧૦ ભવનપતિ+૮ વ્યંતર+૫ જ્યોતિષી+૮ દેવલોક) ૩૧ ભેદ; આ સર્વ મળીને ૭+૪૮+૬+૩૧ = ૯૨ જીવના ભેદમાં સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયની ગતિ થાય છે.

અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયની ગતિનું અલગ કથન નથી, છતાં પણ તેમની ગતિ આ પ્રમાણે સમજવી–

**અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયની ગતિ ૭૨ ભેદની– નરકનો ૧ ભેદ**–પ્રથમ નરક, **તિર્યંચના ૪૮ ભેદ, મનુષ્યના ૫ ભેદ**– ૬ ભેદમાંથી અકર્મભૂમિજ યુગલિકને વર્જીને શેષ ૫; **દેવના ૧૮ ભેદ**– ૧૦ ભવનપતિ

અને ૮ વ્યંતર દેવ. આ સર્વ મળીને ૧+૪૮+૫+૧૮ = ૭૨ ભેદ થાય છે.

પ્રસ્તુત પ્રસંગમાં સમુચ્ચય તિર્યંચ પંચેન્દ્રિયની ગતિનું કથન છે. જળચર આદિ પાંચ ભેદોની અપેક્ષાએ સ્પષ્ટીકરણ નથી. પૂર્વ સૂત્રોમાં નરકની આગતિના કથનમાં તેનું સ્પષ્ટીકરણ છે. તદનુસાર જલચર તિર્યંચમાં પુરુષવેદી અને નપુંસકવેદી જલચર તિર્યંચ મરીને સાતે નરકમાં જાય છે. સ્ત્રીવેદી જલચર તિર્યંચ મરીને છ નરકમાં જાય છે. ઉરપરિસર્પ તિર્યંચ પંચેન્દ્રિય મરીને પાંચ નરકમાં જાય છે. ચતુષ્પદ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય મરીને ચાર નરકમાં જાય છે. ખેચર તિર્યંચ મરીને ત્રણ નરકમાં અને ભુજપરિસર્પ તિર્યંચ મરીને બે નરકમાં જાય છે.

ગતાગતના થોકડામાં પણ જળચરાદિ પાંચે સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયની ગતિનું જીવના ૫૬૩ ભેદોની અપેક્ષાએ અલગ-અલગ કથન છે.

**મનુષ્યોની ગતિ :–**

**૧૫૫ मणुस्सा णं भंते ! अणंतरं उव्वट्टित्ता कहिं गच्छंति ? कहिं उववज्जंति ? किं णेरइएसु उववज्जंति** *जाव* **देवेसु उववज्जंति ? गोयमा ! णेरइएसु वि उववज्जंति** *जाव* **देवेसु वि उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યો મૃત્યુ પામીને તુરંત ક્યાં જાય છે ? ક્યાં ઉત્પન્ન થાય છે ? શું તેઓ નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે કે ***યાવત્*** દેવોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! મનુષ્યો મૃત્યુ પામીને નૈરયિકોમાં પણ ઉત્પન્ન થાય છે ***યાવત્*** દેવોમાં પણ ઉત્પન્ન થાય છે.

**૧૫૬ एवं णिरंतरं सव्वेसु ठाणेसु पुच्छा ? गोयमा ! सव्वेसु ठाणेसु उववज्जंति, ण कहिंचि पडिसेहो कायव्वो** *जाव* **सव्वट्ठसिद्धदेवेसु वि उववज्जंति, अत्थेगइया सिज्झंति बुज्झंति मुच्चंति परिणिव्वायंति सव्वदुक्खाणं अंतं करेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું મનુષ્યો મૃત્યુ પામીને નૈરયિકાદિ સર્વ સ્થાનોમાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મનુષ્યો સર્વ સ્થાનોમાં ઉત્પન્ન થાય છે, ક્યાંય પણ તેની ઉત્પત્તિનો નિષેધ નથી ***યાવત્*** સર્વાર્થસિદ્ધ દેવો સુધી મનુષ્ય ઉત્પન્ન થાય છે અને કેટલાક મનુષ્યો સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે મુક્ત થાય છે, પરિનિર્વાણને પ્રાપ્ત કરે છે અને સર્વ દુઃખોનો અંત કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં મનુષ્યોની ગતિનું પ્રતિપાદન છે. મનુષ્યો મૃત્યુ પામીને ચારે ય ગતિના ૨૪ દંડકના દરેક સ્થાનમાં ઉત્પન્ન થાય છે. તે ઉપરાંત કેટલાક કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો સર્વ કર્મોનો ક્ષય કરીને સિદ્ધગતિને પણ પ્રાપ્ત કરે છે.

**સંજ્ઞી મનુષ્યોની ગતિ ૧૧૦ + ૧ સિદ્ધ–૧૧૧ ભેદની–** ચારે ય ગતિના ૧૧૦ ભેદ અને સંજ્ઞી મનુષ્ય સિદ્ધ પણ થઈ શકે છે, તેથી સિદ્ધગતિ સહિત ૧૧૧ ભેદની ગતિ છે.

પ્રસ્તુત સૂત્રમાં સમુચ્ચય રીતે મનુષ્યોની ગતિનું નિરૂપણ છે છતાં અન્ય જીવોની આગતિને જોતાં સંમૂર્ચ્છિમ મનુષ્યોની અને યુગલિક મનુષ્યોની ગતિ આ પ્રમાણે સમજવી–

**સંમૂર્ચ્છિમ મનુષ્યની ગતિ ૪૯ ભેદની :–** સંમૂર્ચ્છિમ મનુષ્યો લબ્ધિ અપર્યાપ્તા જ હોય છે. અપર્યાપ્તાવસ્થામાં જ મૃત્યુ પામે છે, તેથી તે નરક કે દેવગતિમાં જતા નથી, યુગલિક મનુષ્ય કે યુગલિક તિર્યંચરૂપે પણ ઉત્પન્ન થતા નથી. બે યુગલિક તિર્યંચને વર્જીને તિર્યંચના ૪૬ ભેદ અને **મનુષ્યના ૩ ભેદ–** સંમૂર્ચ્છિમ મનુષ્ય તથા સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા અને અપર્યાપ્તા, એ ત્રણ ભેદ; ૪૬+૩ = ૪૯ ભેદ.

**યુગલિક મનુષ્યની ગતિ ૨૫ ભેદની :–** યુગલિક મનુષ્યો મૃત્યુ પામીને એક દેવગતિમાં જ જાય છે. તેમાં ભવનપતિના ૧૦, વ્યંતરના ૮, જ્યોતિષીના ૫ અને ૨ દેવલોક, એમ કુલ ૨૫ ભેદની ગતિ થાય છે.

યુગલિકો પોતાની ઉંમરથી વધુ સ્થિતિ દેવલોકમાં પામતા નથી. તેથી તેઓ પોતાના સ્થાનથી વધુ સ્થિતિવાળા દેવલોકોમાં જન્મ ધારણ કરતા નથી. આ રીતે યુગલિકોની સ્થિતિ અનુસાર ભિન્ન-ભિન્ન ગતિ થાય છે. યથા– (૧) દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્રના યુગલિક મનુષ્યો અને હરિવાસ-રમ્યક્વાસ ક્ષેત્રના યુગલિક મનુષ્યો, બીજા દેવલોક સુધીના ૨૫ પ્રકારના દેવોમાં (૨) હેમવય-હિરણ્યવય ક્ષેત્રના યુગલિકો પ્રથમ દેવલોક સુધીના ૨૪ પ્રકારના દેવોમાં, (૩) અંતરદ્વીપજ મનુષ્યો ભવનપતિ અને વ્યંતર જાતિના ૧૮ પ્રકારના દેવોમાં જન્મ ધારણ કરી શકે છે. (૪) અવસર્પિણીના પહેલા બીજા આરાના યુગલિક મનુષ્યો ૨૫ ભેદોમાં અને ત્રીજા આરાના યુગલિક મનુષ્યો બીજો દેવલોક વર્જીને ૨૪ ભેદોમાં ઉત્પન્ન થાય છે. તેમાં પણ પલ્યોપમથી કંઈક ન્યૂન સ્થિતિવાળા યુગલિકો જ્યોતિષી સુધીના ૨૩ ભેદોમાં અને પલ્યોપમના આઠમા ભાગથી પણ ન્યૂન સ્થિતિવાળા યુગલિક મનુષ્યો ભવનપતિ અને વ્યંતર દેવોના ૧૮ ભેદોમાં ઉત્પન્ન થાય છે.

**વ્યંતર–જ્યોતિષી–વૈમાનિક દેવોની ગતિ :–**

**૧૫૭ वाणमंतर-जोइसिय-वेमाणिया सोहम्मीसाणा य जहा असुरकुमारा । णवरं जोइसियाणं वेमाणियाण य चयंतीति अभिलावो कायव्वो ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતર, જ્યોતિષી અને સૌધર્મ તથા ઈશાન દેવલોકના વૈમાનિક દેવોની ગતિ અસુરકુમારોની સમાન સમજવી. વિશેષતા એ છે કે જ્યોતિષી અને વૈમાનિકદેવો માટે 'ચ્યવન કરે છે', તે પ્રમાણે કહેવું જોઈએ.

**૧૫૮ सणंकुमारदेवाणं पुच्छा ? गोयमा ! जहा असुरकुमारा । णवरं एगिंदिएसु ण उववज्जंति । एवं *जाव* सहस्सारगदेवा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સનત્કુમારદેવો ચ્યવન કરીને ક્યાં જાય છે, ક્યાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે દેવોની વકતવ્યતા અસુરકુમારોની સમાન જાણવી જોઈએ. વિશેષતા એ છે કે તે દેવો એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થતા નથી. આ જ રીતે સહસ્રાર દેવલોકના દેવો સુધીની ગતિ જાણવી જોઈએ.

**૧૫૯ आणय *जाव* अणुत्तरोववाइया देवा एवं चेव । णवरं णो तिरिक्खजोणिएसु उववज्जंति, मणुस्सेसु पज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमग-गब्भवक्कंतियमणुस्सेसु उववज्जंति ।**

**ભાવાર્થ :–** નવમા આનત દેવલોકના દેવોથી લઈને અનુત્તરોપપાતિક વિમાન સુધીના દેવોની વક્તવ્યતા આ જ પ્રમાણે જાણવી જોઈએ. વિશેષતા એ છે કે તે દેવો તિર્યંચોમાં ઉત્પન્ન થતા નથી, મનુષ્યોમાં પણ પર્યાપ્તા સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વ્યંતર-જ્યોતિષી અને વૈમાનિક દેવોની ગતિનું કથન અસુરકુમાર દેવોની ગતિના અતિદેશપૂર્વક કર્યું છે. તેમાં જે વિશેષતા છે તે ભાવાર્થમાં સ્પષ્ટ છે.

**વ્યંતર-જ્યોતિષી અને પહેલા-બીજા દેવલોકના દેવોની ગતિ ૯ ભેદની–** અસુરકુમારની જેમ મનુષ્યનો ૧ ભેદ કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોના પર્યાપ્તા, પાંચ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તા તથા બાદર પૃથ્વી, પાણી અને વનસ્પતિના પર્યાપ્તા તે ૮ ભેદ તિર્યંચના; કુલ ૧ + ૮ = ૯ ભેદ.

**ત્રીજાથી આઠમા દેવલોકના દેવોની ગતિ ૬ ભેદની–** ત્રીજા દેવલોકથી ઉપરના દેવો એકેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી, તેથી પાંચ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તા અને કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોના પર્યાપ્તા, કુલ મળીને ૫+૧ = ૬ ભેદ.

**નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોની ગતિ ૧ ભેદની–** નવમા દેવલોકથી ઉપરના દેવો કર્મભૂમિના સંખ્યાત વર્ષના આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યોના પર્યાપ્તામાં જ ઉત્પન્ન થાય છે. તેથી ૧ ભેદમાં જ તેમની ગતિ થાય છે.

આ રીતે પ્રસ્તુત પદના **કત્તો** દ્વાર અને ઉદ્વર્તના દ્વારમાં ૨૪ દંડકના જીવોના ૧૧૦ ભેદના આધારે ગતાગત દર્શાવી છે. થોકડામાં જીવના ૫૬૩ ભેદના આધારે ગતાગત બતાવવામાં આવે છે. તે બંને પ્રકારની ગતાગતના કોષ્ટકો અહીં આપ્યા છે.

**જીવના ૧૧૦ ભેદ આધારિત આગતિ–ગતિ :–**

| જીવ પ્રકાર | આગતિ | ગતિ |
|---|---|---|
| પ્રથમ નરક | **૧૧ ભેદની–** ૫ સંજ્ઞી તિર્યંચ, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, અને ૧ સંજ્ઞી મનુષ્ય | **૬ ભેદની–** સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને ૧ સંજ્ઞી મનુષ્ય |
| બીજી નરક | **૬ ભેદની–** ૫ સંજ્ઞી તિર્યંચ, + ૧ સંજ્ઞી મનુષ્ય | " " " |
| ત્રીજી નરક | **૫ ભેદની**–(ભુજપર વર્જીને) ૪ સંજ્ઞી તિર્યં૦+ સંજ્ઞી મનુ૦ | ૫ ભેદની (આગતની સમાન) |
| ચોથી નરક | **૪ ભેદની–** (ખેચર વર્જીને) ૩ સંજ્ઞી તિર્યં૦+૧ સંજ્ઞી મનુ૦ | ૪ ભેદની (આગતની સમાન) |
| પાંચમી નરક | **૩ ભેદની–** (સ્થળચર વર્જીને) ૨ સંજ્ઞી તિર્યં૦+૧ સંજ્ઞી મનુ૦ | ૩ ભેદની (આગતની સમાન) |
| છટ્ઠી નરક | **૨ ભેદની–** (ઉરપર વર્જીને)૧ જળચર તિર્યં૦+૧ સંજ્ઞી મનુ૦ | ૨ ભેદની (આગતની સમાન) |
| સાતમી નરક | **૨ ભેદની–** ૧ જળચર તિર્યંચ + ૧ સંજ્ઞી મનુ૦ (બંનેની સ્ત્રી વર્જીનેને) | ૨ ભેદની (આગતની સમાન) |
| ભવનપતિ અને વ્યંતર દેવ | **૧૬ ભેદની–** ૫ સંજ્ઞી તિર્યંચ, ૫ અસંજ્ઞી તિર્યંચ ૨ યુગલિક તિર્યંચ, ૧ સંજ્ઞી મનુ૦, ૩ યુગલિક મનુ૦ | **૯ ભેદની–** બાદર પૃથ્વી,પાણી, વન૦ ૫ સંજ્ઞી તિર્યંચ, ૧ સંજ્ઞી મનુષ્ય. |
| જ્યોતિષ્ક અને બે દેવલોક | **૯ ભેદની–** ૫ સંજ્ઞી તિર્યંચ, ૧ સ્થલચર યુગલિક તિર્યંચ, ૧ સંજ્ઞી મનુષ્ય, ૨ યુગલિક મનુ૦(કર્મભૂમિ, અકર્મભૂમિના) | **૯ ભેદની–** બાદર પૃથ્વી,પાણી, વન૦ ૫ સંજ્ઞી તિર્યંચ, ૧ સંજ્ઞી મનુષ્ય. |
| ૩ થી ૮ દેવલોક | **૬ ભેદની–** ૫ સંજ્ઞી તિર્યંચ, ૧ સંજ્ઞી મનુષ્ય | **૬ ભેદની–** ૫ સંજ્ઞી તિર્યંચ, ૧ સંજ્ઞી મનુષ્ય. |

| જીવ પ્રકાર | આગતિ | ગતિ |
|---|---|---|
| ૯ થી ૧૨ દેવલોક નવ ગ્રૈવેયક | **૧ ભેદની–** સંજ્ઞી મનુષ્ય | **૧ ભેદની–** સંજ્ઞી મનુષ્ય. |
| ૫ અનુત્તર વિમાન | **૧ ભેદની–** અપ્રમત્ત સમ્યગ્દષ્ટિ સંજ્ઞી મનુષ્ય | **૧ ભેદની–** સંજ્ઞી મનુષ્ય. |
| પૃથ્વી, પાણી અને વનસ્પતિ | **૭૪ ભેદની–** તિર્યંચના ૪૬,(૪૮માંથી બે યુગલિક વર્જીને) મનુષ્યના–૩, છ માંથી ત્રણ યુગલિક વર્જીને દેવના–૨૫, બીજા દેવલોક સુધી. આ રીતે ૪૬+૩+૨૫ = ૭૪ ભેદ | **૪૯ ભેદની–** ૪૬ તિર્યંચ ૩ મનુષ્ય. (સંમૂચ્છિમ મનુષ્ય + સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા-અપર્યાપ્તા. ૧+૨ =૩) |
| તેઉ–વાયુ | **૪૯ ભેદની–** ૪૬ તિર્યંચ, ૩ મનુષ્ય | **૪૬ ભેદની–** તિર્યંચના ૪૬ ભેદ |
| વિકલેન્દ્રિય | **૪૯ ભેદની–** ૪૬ તિર્યંચ, ૩ મનુષ્ય | ૪૯ ભેદની– ૪૬ તિર્યંચ, ૩ મનુષ્ય. |
| તિર્યંચ પંચેન્દ્રિય | **૮૭ ભેદની–** ૭ નરકના પર્યા૦,તિર્યંચના ૪૬(બે યુગલિકને વર્જીને), મનુષ્યના ૩ ભેદ (૩ યુગલિક મનુ.ને વર્જીને) દેવના–૩૧ (૧૦ ભવનપતિ, ૮ વ્યંતર,૫ જ્યોતિષી, ૮ દેવલોકના વૈમાનિક દેવ૦) કુલ ૭+૪૬+૩+૩૧ = ૮૭ | **૯૨ ભેદની–** ૭ નારકી, ૪૮તિર્યંચના, મનુષ્યના ૬, દેવના ૩૧. (અથવા– આગતના ૮૭ ભેદમાં તિર્યંચના ૨ યુગલિક અને મનુષ્યના ૩ યુગલિક. આ પાંચ ભેદ ઉમેરતાં ૮૭+૫ = ૯૨) |
| મનુષ્ય | **૯૬ ભેદની–** નારકીના ૬ ભેદ (સાતમી નરક વર્જીને); તિર્યંચના ૩૮ ભેદ– (૪૮માંથી તેઉ–વાયુના ૮ અને યુગલિકના–૨, આ ૧૦ વર્જીને) મનુષ્યના ૩ (યુગલિક વર્જીને) દેવોના ૪૯ (સર્વ ભેદ) કુલ = ૬+૩૮+૩+૪૯ =૯૬ ભેદ. | જીવના સર્વ ૧૧૦ ભેદ અને સિદ્ધ ગતિ |

**નોંધ :–** (૧) નારકી દેવતાની આગતિના ભેદોમાં સર્વત્ર તેના પર્યાપ્તા જ સમજવા. અપર્યાપ્તા જીવ નારકી દેવતામાં ઉત્પન્ન થતાં નથી. (૨) નારકી દેવતાની ગતિમાં અપર્યાપ્ત-પર્યાપ્તનું સ્પષ્ટીકરણ સૂત્રમાં નથી, તેમ છતાં થોકડાના આધારે ગતિમાં તે ભેદોના પર્યાપ્ત-અપર્યાપ્ત બંને સમજી લેવા જોઈએ.

**જીવના ૫૬૩ ભેદ આધારિત આગતિ–ગતિ :–** [૫૬૩ ભેદ માટે જૂઓ પ્રજ્ઞાપના–૧ : પદ–૧, પે. નં..૧૧૦]

| જીવ પ્રકાર | આગતિ | ગતિ |
|---|---|---|
| પ્રથમ નરક | **૨૫** ભેદની. ૧૫ કર્મભૂમિજ મનુષ્યો, ૫ સંજ્ઞી તિર્યંચ, ૫ અસંજ્ઞી તિર્યંચના પર્યાપ્તા. | **૪૦** ભેદની. ૧૫ કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યો, ૫ સંજ્ઞી તિર્યંચ, તે ૨૦ના પર્યાપ્ત-અપર્યાપ્ત. ૨૦ × ૨ = **૪૦** |
| બીજી નરક | **૨૦** ભેદની. ૧૫ કર્મભૂમિના મનુષ્ય + ૫ સંજ્ઞી તિર્યંચ | |
| ત્રીજી નરક | **૧૯** ભેદની. ઉપરોક્ત ૨૦માંથી ભુજપર છોડીને | |
| ચોથી નરક | **૧૮** ભેદની. ઉપરોક્ત ૧૯માંથી ખેચર છોડીને | |
| પાંચમી નરક | **૧૭** ભેદની. ઉપરોક્ત ૧૮માંથી સ્થલચર છોડીને | |
| છઠ્ઠી નરક | **૧૬** ભેદની. ૧૫ કર્મ૦ મનુ૦ + ૧ જલચર સંજ્ઞી તિર્યંચ | |
| સાતમી નરક | **૧૬** ભેદની. ઉપરોક્ત ૧૬ ભેદ અને તેમાંથી સ્ત્રીને છોડીને | **૧૦** ભેદની. ૫ સંજ્ઞી તિર્યંચના પર્યાપ્ત અપર્યાપ્ત ૫ × ૨ = ૧૦ |

| જીવ પ્રકાર | આગતિ | ગતિ |
|---|---|---|
| ભવનપતિ, વ્યંતર દેવ | **૧૧૧** ભેદની. ૧૦૧ ક્ષેત્રના ગર્ભજ મનુષ્ય, ૫ સંજ્ઞી તિર્યંચ, ૫ અસંજ્ઞી તિર્યંચ તે ૧૧૧ના પર્યાપ્ત. | **૪૬** ભેદની. ૧૫ કર્મભૂમિના મનુષ્ય+ ૫ સંજ્ઞી તિર્યંચ + પૃથ્વી, પાણી, વન. તે ૨૩ના પર્યાપ્ત-અપર્યાપ્ત |
| જ્યોતિષી અને પહેલા દેવલોકના દેવ | **૫૦** ભેદની. ૧૫ કર્મભૂમિ મનુષ્ય + ૩૦ અકર્મભૂમિના યુગલિક મનુષ્ય + ૫ સંજ્ઞી તિર્યંચ, તે ૫૦ ના પર્યાપ્ત. | **૪૬** ભેદની. ઉપર પ્રમાણે |
| બીજા દેવલોકના દેવ | **૪૦** ભેદની. ઉપરોક્ત ૫૦માંથી ૫ હેમવત, ૫ હેરણ્યવત આ ૧૦ વર્જીને. | **૪૬** ભેદની. ઉપર પ્રમાણે |
| પ્રથમ કિલ્વીષીના દેવ | **૩૦** ભેદની. ૧૫ કર્મભૂમિ ૫ સંજ્ઞી તિર્યંચ ૫ દેવકુરુ ૫ ઉત્તરકુરુ. આ રીતે ૧૫+૫+૫+૫ = ૩૦. | **૪૬** ભેદની. ઉપર પ્રમાણે |
| ૩ થી ૮ દેવલોક ૯ લોકાંતિક, બીજી, ત્રીજી કિલ્વીષીના દેવ | **૨૦** ભેદની. ૧૫ કર્મભૂમિ મનુષ્ય + ૫ સંજ્ઞી તિર્યંચ, તે ૨૦ના પર્યાપ્તા. | **૪૦** ભેદની. ૧૫ કર્મ. મનુષ્ય+૫ સંજ્ઞી તિર્યંચ તે ૨૦ના પર્યાપ્ત-અપર્યાપ્ત. |
| નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાન | **૧૫** ભેદની. ૧૫ કર્મભૂમિ મનુષ્યના પર્યાપ્ત | **૩૦** ભેદની. ૧૫ કર્મભૂમિ મનુષ્યના પર્યાપ્ત–અપર્યાપ્ત. |
| પૃથ્વી, પાણી અને વનસ્પતિ | **૨૪૩** ભેદની. ૧૭૯ ભેદ ગત પ્રમાણે+૬૪ ભેદ દેવના (૨૫ ભવનપતિ, ૨૬ વ્યંતર, ૧૦ જ્યોતિષી, બે દેવલોક, ૧ કિલ્વિષી=૬૪) ૧૭૯+૬૪ = ૨૪૩. | **૧૭૯** ભેદની. ૧૩૧ ભેદ મનુષ્યના (૧૦૧ સંમૂચ્છિમ મનુ૦ ૧૫ કર્મ.ના પર્યા૦અપર્યા૦=૩૦)૪૮ ભેદ તિર્યંચના |
| તેઉ–વાયુ | **૧૭૯** ભેદની. ઉપર પ્રમાણે | **૪૮** ભેદની. તિર્યંચના ૪૮ ભેદ |
| ત્રણ વિકલેન્દ્રિય | **૧૭૯** ભેદની. ઉપર પ્રમાણે | **૧૭૯** ભેદની. ઉપર પ્રમાણે |
| અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | **૧૭૯** ભેદની. ઉપર પ્રમણે | **૩૯૫** ભેદની.**૨**–પ્રથમ નરકના પર્યા૦ અપર્યા૦ **૪૮**-તિર્યંચના.**૨૪૩**-મનુ૦ના (૩૦૩માંથી અકર્મભૂમિના પર્યા૦- અપર્યા૦૬૦ વર્જિને).**૧૦૨**–દેવતાના. ૨૫ ભવનપતિ+૨૬ વ્યંતરદેવ = ૫૧ના પર્યાપ્તા–અપર્યાપ્તા. |
| સંજ્ઞી તિર્યંચ | **૨૬૭** ભેદની. ૭ નરકના પર્યાપ્ત ૮૧ દેવતાના પર્યાપ્ત (નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધના ૧૮ ભેદ છોડીને) ૧૭૯ ભેદ ઉપર પ્રમાણે. ૭+૮૧+૧૭૯ = ૨૬૭ | **૫૨૭** ભેદની. ૫૬૩માંથી દેવતાના ૩૬ ભેદ વર્જિને(૯ માં દેવલોકથી ઉપરના ૧૮ દેવતાના પર્યા૦-અપર્યા૦) |
| **નોંધ :** સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય ૫ ભેદોની ગતિ– (૧)જળચરની ઉપરોક્ત ૫૨૭ ભેદની. (૨) ઉરપરિસર્પની ૫૨૩ ભેદની (છટ્ઠી-સાતમી નરકના અપર્યાપ્ત-પર્યાપ્ત ૪ ભેદ વર્જીને) (૩) સ્થળચરની ૫૨૧ ભેદની(૫૨૩માંથી પાંચમી નરકના અપર્યાપ્ત-પર્યાપ્ત ૨ ભેદ વર્જીને) (૪) ખેચરની ૫૧૯ ભેદની(૫૨૧માંથી ચોથી નરકના અપર્યાપ્ત-પર્યાપ્ત ૨ ભેદ વર્જીને). (૫) ભુજપરિસર્પની ૫૧૭ ભેદની(૫૧૯માંથી ત્રીજી નરકના અપર્યાપ્ત-પર્યાપ્ત ૨ ભેદ વર્જીને). | | |
| સંમૂર્ચ્છિમ મનુષ્ય | **૧૭૧** ભેદની. ઉપરોક્ત ૧૭૯ ભેદમાંથી તેઉ–વાયુના આઠ ભેદ છોડીને. ૧૭૯–૮ = ૧૭૧. | **૧૭૯** ભેદની. પૂર્વવત્ |

| જીવ પ્રકાર | આગતિ | ગતિ |
|---|---|---|
| ૧૫ કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો | **૨૭૬** ભેદની. ૧૭૧ ઉપર પ્રમાણે, ૯૯ દેવતાના પર્યા. અને ૬ નરકના પર્યા. ૧૭૧+૯૯+૬ = ૨૭૬. | **૫૬૩** ભેદની. ૧૪ નારકી, ૪૮ તિર્યંચ ૩૦૩ મનુષ્ય, ૧૯૮ દેવ = ૫૬૩ ભેદ |
| ૩૦ અકર્મભૂમિના યુગલિક મનુષ્યો | **૨૦** ભેદની. ૧૫ કર્મભૂમિના મનુષ્ય + ૫ સંજ્ઞી તિર્યંચ તે ૨૦ના પર્યાપ્ત. | **૧૨૮** ભેદની ૬૪ જાતિના દેવોના પર્યા. અપર્યા. ૬૪ × ૨ = ૧૨૮ |
| [**નોંધ : અકર્મભૂમિના ૩૦ ભેદોની ગતિ**– (૧) દેવકુરુ-ઉત્તરકુરુના યુગલિક મનુષ્યની ઉપરોક્ત ૧૨૮ ભેદની. (૨) હરિવાસ-રમ્યકવાસની ૧૨૬ ભેદની( પ્રથમ કિલ્વીષીના અપર્યાપ્ત-પર્યાપ્ત બે ભેદ છોડીને) (૩) હેમવય-હિરણ્યવયની ૧૨૪ ભેદની(બીજા દેવલોકના અપર્યાપ્ત-પર્યાપ્ત બે ભેદ છોડીને).] | | |
| ૫૬ અંતરદ્વીપના યુગલિક મનુષ્યો | **૨૫** ભેદની. ૧૫ કર્મભૂમિ મનુષ્ય + ૫ સંજ્ઞી તિર્યંચ+ ૫ અસંજ્ઞી તિર્યંચ, આ ૨૫ના પર્યાપ્ત. | **૧૦૨** ભેદની. ૨૫ ભવનપતિ અને ૨૬ વ્યંતર = ૫૧. તેના પર્યા૦-અપર્યા૦ |
| તીર્થંકર | **૩૮** ભેદની. ૧૨ દેવલોક+૯ લોકાંતિક+૯ ગ્રૈવેયક+ ૫ અનુત્તર વિમાન, તે ૩૫ વૈમાનિક દેવ + ૩ નરકના નારકી = ૩૮ ભેદના પર્યાપ્ત. | મોક્ષ |
| ચક્રવર્તી | **૮૨** ભેદની. ૯૯ જાતિના દેવોમાંથી ૧૫ પરમાધામી + ૩ કિલ્વીષી તે ૧૮ ભેદને છોડીને ૮૧ ભેદ દેવના + પ્રથમ નરક = ૮૨ ભેદના પર્યાપ્ત. | **૧૪** ભેદની. સાત નરકના પર્યાપ્તા અને અપર્યાપ્તા. દીક્ષા લે તો મોક્ષની અથવા વૈમાનિક દેવલોકની |
| વાસુદેવ | **૩૨** ભેદની. ૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, પહેલી–બીજી નરક = ૩૨ ભેદના પર્યાપ્ત. | **૧૪** ભેદની. સાત નરકના પર્યાપ્તા અને અપર્યાપ્તા. |
| બળદેવ | **૮૩** ભેદની. ૯૯ જાતિના દેવોમાંથી ૧૫ પરમાધામી + ૩ કિલ્વીષી તે ૧૮ ભેદનેછોડીને. ૮૧ ભેદ દેવના + ૨ નરક = ૮૩ ભેદના પર્યાપ્ત. | **૭૦** ભેદની. વૈમાનિક જાતિના દેવના ૩૫ ભેદના પર્યાપ્તા અને અપર્યાપ્તા. |
| માંડલિક રાજા | **૨૭૬ ભેદની.** શ્રાવકની આગતિ પ્રમાણે | **૫૩૫ ભેદની.** ૫૬૩ ભેદમાંથી ૯ ગ્રૈવ૦+૫ અનુ૦ વિમાન, તે ૧૪ ભેદના પર્યાપ્ત–અપર્યાપ્ત આ ૨૮ છોડીને ૫૬૩–૨૮ = ૫૩૫. |
| કેવળી | **૧૦૮** ભેદની. ૮૧ દેવતા ૧૫ કર્મભૂમિના મનુષ્યો, ૫ સંજ્ઞી તિર્યંચ, બાદર પૃથ્વી, પાણી, વનસ્પતિ, ૪ નરક, ૮૧+૧૫+૫+૩+૪ = ૧૦૮ ભેદના પર્યાપ્ત | મોક્ષ |
| સાધુ | **૨૭૫** ભેદની.૧૭૧ મનુષ્ય પ્રમાણે, ૯૯ દેવતાના પર્યા. અને ૫ નરકના પર્યા. ૧૭૧+૯૯+૫ = ૨૭૫. | **૭૦** ભેદની. ઉપર પ્રમાણે અથવા મોક્ષ. |
| શ્રાવક | **૨૭૬** ભેદની. ૨૭૫ ભેદ ઉપર પ્રમાણે + ૬ ઠ્ઠીનરક | **૪૨** ભેદની.૧૨ દેવલોક + ૯ લોકાંતિક = ૨૧ દેવના પર્યાપ્તા, અપર્યાપ્તા. |

| જીવ પ્રકાર | આગતિ | ગતિ |
|---|---|---|
| સમ્યગ્દષ્ટિ | **૩૬૩ ભેદની.** નરકના–૭, દેવતાના–૯૯,યુગલિક મનુષ્યના–૮૬ અને ૧૭૧ ભેદ ઉપરવત્ કુલ ૭+૯૯+૮૬+૧૭૧ = ૩૬૩. | **૨૮૨ ભેદની.** ૮૧ દેવતા, ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ, ૫ સંજ્ઞી તિર્યંચ, ૬ નરક, કુલ ૧૩૭ ભેદના પર્યાપ્ત અને અપર્યાપ્ત =૨૭૪ તથા ૫ અસંજ્ઞી તિર્યંચ અને ૩ વિકલેન્દ્રિયના અપર્યાપ્ત ૨૭૪ + ૮ = ૨૮૨ ભેદની. |
| મિથ્યાદષ્ટિ | **૩૭૧ ભેદની.** ૩૬૩ ભેદ સમ્યગ્દષ્ટિની આગત પ્રમાણે + તેઉ-વાયુના–૮, કુલ=૩૭૧ **અથવા** ૫૬૩ ભેદમાંથી ૧૯૨ ભેદ અમર જીવોના વર્જીને (૯૯+૭+૮૬= ૧૯૨). | **૫૫૩ ભેદની.** ૫૬૩ ભેદમાંથી ૫ અનુત્તર વિમાનના પર્યાપ્ત, અપર્યાપ્ત તે દશ ભેદને છોડીને |
| સ્ત્રી વેદની | **૩૭૧ ભેદની.** મિથ્યાદષ્ટિની આગત પ્રમાણે | **૫૬૧ ભેદની.** ૫૬૩ ભેદમાંથી સાતમી નરકના પર્યાપ્તા અપર્યાપ્તા તે બે ભેદને છોડીને |
| પુરુષ વેદની | **૩૭૧ ભેદની.** મિથ્યાદષ્ટિની આગત પ્રમાણે | ૫૬૩ ભેદની. |
| નપુંસક વેદની | **૨૮૫ ભેદની.** ઉપરોક્ત ૩૭૧માંથી ૮૬ યુગલિક વર્જીને. ૩૭૧–૮૬ = ૨૮૫. | ૫૬૩ ભેદની. |

**નોંધ :** (૧) નારકી દેવતાની આગતિમાં સર્વત્ર તે ભેદોના પર્યાપ્તા જ સમજવા. (૨) સાતે ય નારકીની ગતિ આ કોષ્ટકમાં થોકડાની પરંપરા પ્રમાણે દર્શાવી છે. તેમાં ઉપરોક્ત સૂત્રાનુસારી કોષ્ટકથી કંઈક ભિન્નતા છે. તે સંબંધી સ્પષ્ટીકરણ ઉપર વિવેચનમાં કર્યું છે.

### (૭) પારભવિક આયુષ્ય બંધ કાલ :–

**१६० णेरइया णं भंते ! कइभागावसेसाउया परभवियाउयं पकरेंति ? गोयमा ! णियमा छम्मासावसेसाउया परभवियाउयं पकरेंति । एवं असुरकुमारा वि *जाव* थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો આયુષ્યનો કેટલો ભાગ શેષ(બાકી) રહે ત્યારે પરભવના આયુષ્યનો બંધ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓ અવશ્ય છ માસનું આયુષ્ય શેષ(બાકી) રહે ત્યારે પરભવના આયુષ્યનો બંધ કરે છે. આ જ રીતે અસુરકુમારોથી લઈ સ્તનિતકુમારો સુધીના દેવોની પરભવિક આયુષ્યબંધ સંબંધી પ્રરૂપણા જાણવી જોઈએ.

**१६१ पुढविकाइया णं भंते ! कइभागवसेसाउया परभवियाउयं पकरेंति ?**

**गोयमा ! पुढविकाइया दुविहा पण्णत्ता । तं जहा- सोवक्कमाउया य णिरुवक्कमाउया य । तत्थ णं जे ते णिरुवक्कमाउया ते णियमा तिभागावसेसाउया परभवियाउयं पकरेंति। तत्थ णं जे ते सोवक्कमाउया ते सिय तिभागावसेसाउया**

**परभवियाउयं पकरेंति, सिय तिभागतिभागावसेसाउया परभवियाउयं पकरेंति, सिय तिभागतिभागतिभागसेसाउया परभवियाउयं पकरेंति ।**

**आउ-तेउ-वाउ-वणस्सइकाइयाणं, बेइंदिय-तेइंदिय-चउरिंदियाण वि एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો, આયુષ્યનો કેટલો ભાગ શેષ રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવોના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સોપક્રમ આયુષ્યવાળા અને (૨) નિરુપક્રમ આયુષ્યવાળા. તેમાંથી જે નિરુપક્રમ(ઉપક્રમ રહિત) આયુવાળા છે, તે જીવો અવશ્ય આયુષ્યનો ત્રીજો ભાગ શેષ રહે ત્યારે પરભવના આયુષ્યનો બંધ કરે છે અને જેઓ સોપક્રમ (ઉપક્રમ સહિત) આયુષ્યવાળા છે, તેઓ કદાચિત્ આયુષ્યનો ત્રીજો ભાગ શેષ રહે ત્યારે પરભવના આયુનો બંધ કરે છે, કદાચિત્ આયુષ્યના ત્રીજા ભાગનો ત્રીજો ભાગ શેષ રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે અને કદાચિત્ આયુષ્યના ત્રીજા ભાગના, ત્રીજા ભાગનો ત્રીજો ભાગ શેષ રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે.

આ રીતે અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક તથા બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચૌરેન્દ્રિયોના પારભવિક આયુષ્યબંધના કાલનું કથન કરવું જોઈએ.

**१६२ पंचेंदियतिरिक्खजोणिया णं भंते ! कइभागावसेसाउया परभवियाउयं पकरेंति?**

**गोयमा ! पंचेंदियतिरिक्खजोणिया दुविहा पण्णत्ता । तं जहा– संखेज्जवासाउया य असंखेज्जवासाउया य । तत्थ णं जे ते असंखेज्जवासाउया ते णियमा छम्मासावसेसाउया परभवियाउयं पकरेंति । तत्थ णं जे ते संखेज्जवासाउया ते दुविहा पण्णत्ता । तं जहा– सोवक्कमाउया य णिरुवक्कमाउया य ।**

**तत्थ णं जे ते णिरुवक्कमाउया ते णियमा तिभागावसेसाउया परभवियाउयं पकरेंति। तत्थ णं जे ते सोवक्कमाउया ते णं सिय तिभागे परभवियाउयं पकरेंति, सिय तिभागतिभागे य परभवियाउयं पकरेंति, सिय तिभागतिभागतिभागावसेसाउया परभवियाउयं पकरेंति । एवं मणूसा वि । वाणमंतर-जोइसिय-वेमाणिया जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકો, આયુષ્યનો કેટલો ભાગ શેષ રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના બે પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) સંખ્યાત વર્ષના આયુષ્યવાળા અને (૨) અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા. તેમાંથી જે અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા છે; તેના આયુષ્યના છ માસ શેષ રહે ત્યારે તે પરભવનું આયુષ્ય બાંધે છે અને જે સંખ્યાત વર્ષના આયુષ્યવાળા છે. તેના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સોપક્રમ આયુષ્યવાળા અને (૨) નિરુપક્રમ આયુષ્યવાળા.

તેમાં નિરુપક્રમ આયુષ્યવાળા તિર્યંચો અવશ્ય આયુષ્યનો ત્રીજો ભાગ શેષ રહે ત્યારે પરભવનું

આયુષ્ય બાંધે છે. સોપક્રમ આયુષ્યવાળા, કદાચિત્ આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે પરભવનું આયુ બાંધે છે, કદાચિત્ આયુષ્યના ત્રીજા ભાગનો ત્રીજો ભાગ શેષ રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે, કદાચિત્ આયુષ્યના ત્રીજા ભાગના, ત્રીજા ભાગનો, ત્રીજો ભાગ બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. મનુષ્યોના પારભવિક આયુષ્યબંધ સંબંધી સંપૂર્ણ કથન પણ આ જ પ્રમાણે જાણવું જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોના પારભવિક આયુષ્યબંધનું કથન નૈરયિકોની સમાન જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચારેય ગતિના જીવોના આયુષ્ય બંધકાલનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

સંસારી જીવો સમયે સમયે આયુષ્યને છોડીને શેષ સાત કર્મોનો બંધ કરે છે. આયુષ્ય કર્મનો બંધ જીવનમાં એક જ વાર થાય છે. અન્ય કર્મોની પરંપરા ભવ-ભવાંતર સુધી સાથે હોય છે, પરંતુ આયુષ્ય કર્મમાં તે પ્રમાણે થતું નથી. **જીવ પોતાના આ ભવના કર્માનુસાર આગામી એક જ ભવનું આયુષ્ય એક જ વાર બાંધે છે. બે-ત્રણ ભવનું આયુષ્ય સાથે બંધાતું નથી.** આયુષ્ય બંધ પછી તેમાં ફેરફાર થતો નથી. અહીં સૂત્રમાં સંસારી જીવોમાં આયુષ્ય બંધ કાલની વિસ્તૃત પ્રરૂપણા છે. આયુષ્ય બંધ કાલના નિરૂપણ માટે આયુષ્યના બે-બે પ્રકાર કર્યા છે– સોપક્રમ આયુષ્ય અને નિરુપક્રમ આયુષ્ય, તેમજ સંખ્યાત વર્ષાયુષ્ક અને અસંખ્યાત વર્ષાયુષ્ક. આ ભેદોના આધારે જ આયુષ્યબંધના સમયનું નિર્ધારણ દર્શાવ્યું છે.

**સોપક્રમ-નિરુપક્રમ આયુષ્ય–** જે આયુષ્ય ઉપક્રમ સહિત હોય, તીવ્ર વિષ, અગ્નિ, જલ, શસ્ત્ર પ્રયોગ આદિ કોઈ પણ ઉપક્રમરૂપ નિમિત્તથી તૂટી જાય, દીર્ઘકાલમાં ભોગવવા યોગ્ય આયુષ્ય અલ્પકાલમાં જ ભોગવાય જાય તેને **સોપક્રમ આયુષ્ય** કહે છે અને જે આયુષ્ય ઉપક્રમ રહિત હોય, વિષ-અગ્નિ આદિ કોઈ પણ નિમિત્તથી તૂટે નહીં, જેટલા કાલનું આયુષ્ય બાંધ્યું હોય તેટલા જ કાલમાં ભોગવાય, તે આયુષ્યને **નિરુપક્રમ આયુષ્ય** કહે છે. જેમ દશ ફૂટ લાંબી દોરીને એક છેડાથી બાળવામાં આવે તો ક્રમશઃ બળતી બળતી તે આખી દોરી દશ મિનિટમાં બળી જાય છે પરંતુ તે જ દોરીને કોઈ ગૂંચળું વાળીને અગ્નિમાં નાંખી દે, તો તે આખી દોરી બે મિનિટમાં બળી જાય છે. તે જ રીતે સોપક્રમી આયુષ્ય ક્યારેક ગૂંચળું વાળેલી દોરીની સમાન એક સાથે ભોગવાય જાય છે અને નિરુપક્રમી આયુષ્ય લાંબી દોરીની સમાન ક્રમશઃ ભોગવાય છે.

આ રીતે સોપક્રમી આયુષ્યમાં સ્થિતિઘાત શક્ય છે. તેમાં પણ **બે તૃતીયાંશ ભાગનું આયુષ્ય વ્યતીત થયા પછી અને એક તૃતીયાંશ ભાગનું આયુષ્ય શેષ રહે ત્યાર પછી જ કોઈ પણ નિમિત્તથી આયુષ્ય તૂટી શકે છે.**

તત્ત્વાર્થ સૂત્ર અનુસાર **औपपातिक चरमदेहोत्तमपुरुषऽसंख्येयवर्षायुष्काऽनपवर्तनीयाः** । ઔપપાતિક જન્મવાળા નારકી અને દેવો, ચરમ શરીરી જીવો, ઉત્તમ પુરુષો(ત્રેસઠ શલાકા પુરુષ) અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિકો ઇત્યાદિ નિરુપક્રમ(અનપવર્તનીય–અપરિવર્તનીય) આયુષ્યવાળા હોય છે. શેષ જીવો અર્થાત્ પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, સંખ્યાત વર્ષાયુષ્ક તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો સોપક્રમ અને નિરુપક્રમ બંને પ્રકારના આયુષ્યવાળા હોય છે. (તત્ત્વાર્થ સૂત્ર–૨/૨૫)

**આયુષ્ય બંધકાલ–** નારકી, દેવો અને યુગલિકો વર્તમાન ભવના આયુષ્યના છ મહિના શેષ રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે.

શેષ જીવોમાં નિરુપક્રમી આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચો આયુષ્યના બે ભાગ વ્યતીત થાય અને ત્રીજો ભાગ શેષ રહે ત્યારે અવશ્ય પરભવનું આયુષ્ય બાંધે છે. સોપક્રમ આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચોનો

આયુષ્ય બંધકાલ નિશ્ચિત નથી. તે જીવો આયુષ્યનો ત્રીજો ભાગ શેષ રહે ત્યારે અથવા ત્રીજા ભાગનો ત્રીજો ભાગ અર્થાત્ નવમો ભાગ શેષ રહે ત્યારે અથવા તેનો ત્રીજો ભાગ(એટલે આયુષ્યનો ૨૭મો ભાગ) શેષ રહે ત્યારે આયુષ્ય બાંધે. યથા– કોઈ મનુષ્યનું આયુષ્ય ૯૦ વર્ષનું હોય, તો તે બે ભાગ = ૬૦ વર્ષ પૂર્ણ થાય ત્યારે આયુષ્ય બાંધે છે. જો ત્યારે ન બાંધે તો શેષ ૩૦ વર્ષના બે ભાગ = ૨૦ વર્ષ પછી અને ૧૦ વર્ષ શેષ રહે ત્યારે બાંધે, જો ત્યારે પણ ન બાંધે તો ૧૦ વર્ષના ૧૨૦ મહીનામાંથી ૮૦ મહીના પૂર્ણ થયા પછી અને ૪૦ મહિના શેષ રહે ત્યારે બાંધે છે. જો ત્યારે પણ ન બાંધે તો આ રીતે ત્રીજો-ત્રીજો ભાગ કરતાં અંતિમ અંતર્મુહૂર્તમાં અવશ્ય આયુષ્ય બાંધે છે. **પરભવના આયુષ્ય બંધ કર્યા વિના કોઈ પણ જીવનું મૃત્યુ થતું નથી.**

**(૮) આકર્ષ દ્વાર : ષડ્વિધ આયુબંધ :–**

**१६३ कइविहे णं भंते ! आउयबंधे पण्णत्ते ? गोयमा ! छव्विहे आउयबंधे पण्णत्ते तं जहा– जाइणामणिहत्ताउए, गइणामणि-हत्ताउए, ठिईणामणिहत्ताउए, ओगाहणाणामणिहत्ताउए पएसणामणिहत्ताउए, अणुभाव-णामणिहत्ताउए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આયુષ્ય બંધના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ગૌતમ ! આયુષ્યબંધના છ પ્રકાર છે. તે આ પ્રમાણે છે–(૧) જાતિનામ નિધત્તાયુ (૨) ગતિનામ નિધત્તાયુ (૩) સ્થિતિનામ નિધત્તાયુ (૪) અવગાહના નામ નિધત્તાયુ, (૫) પ્રદેશ નામ નિધત્તાયુ અને (૬) અનુભાવ (અનુભાગ) નામ નિધત્તાયુ.

**१६४ णेरइयाणं भंते ! कइविहे आउयबंधे पण्णत्ते ? गोयमा ! छव्विहे आउयबंधे पण्णत्ते। तं जहा– जाइणामणिहत्ताउए गइणामणिहत्ताउए ठिईणामणिहत्ताउए ओगाहणा-णामणिहत्ताउए पएसणामणिहत्ताउए अणुभावणामणिहत्ताउए । एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોના આયુબંધના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોના આયુબંધના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) જાતિનામ નિધત્તાયુ (૨) ગતિનામ નિધત્તાયુ (૩) સ્થિતિનામ નિધત્તાયુ (૪) અવગાહનાનામ નિધત્તાયુ (૫) પ્રદેશ નામ નિધત્તાયુ અને (૬) અનુભાવનામ નિધત્તાયુ. આ રીતે ***યાવત્*** વૈમાનિકો સુધીના સર્વ જીવોના આયુબંધની પ્રરૂપણા સમજવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવોમાં થતા છ પ્રકારના આયુષ્ય બંધનું નિરૂપણ છે.

જીવ જ્યારે આગામી ભવના આયુષ્યનો બંધ કરે ત્યારે તે આયુષ્યને અનુરૂપ ગતિ વગેરે અન્ય છ બોલનો બંધ થાય છે. સૂત્રકારે તે છ બોલને જ આયુષ્યના છ પ્રકાર તરીકે ગણના કરી છે.

**નિધત્તાયુ-નિષિક્તાયુ–** એક સાથે જેટલા કર્મદલિકો જે રૂપે ભોગવાય તે કર્મદલિકોની તે રૂપે રચના થવી તેને નિષેક કહે છે. **निषेकश्च कर्मपुद्गलानामनुभवनार्थंरचना** = પ્રતિ સમયે અનુભવવા યોગ્ય કર્મદલિકોની રચનાને નિષેક કહે છે. પોત પોતાના અબાધાકાળ છોડીને બાકીના સ્થિતિકાળમાં કર્મદલિકોની રચના થાય છે, તેમાં અબાધાકાળ પછીના પ્રથમ સમયે ઘણા દલિકો હોય છે, બીજા સમયે વિશેષહીન દલિકો હોય છે, તેથી ત્રીજા સમયે વિશેષહીન દલિકો હોય છે, તેથી ચોથા સમયે વિશેષહીન દલિકો હોય છે. આમ અંતિમ સમય સુધી અનુક્રમે વિશેષહીન-વિશેષહીન દલિકો હોય છે.

આ રીતે બંધાયેલા કર્મદલિકોની નિષેક–ગોઠવણી થાય તેને નિધત્ત કહે છે અને આયુષ્ય સાથે

જાતિ આદિ કર્મપ્રકૃતિઓનો નિધત્ત રૂપે બંધ થવો તેને નિધત્તાયુ કહે છે.

**(૧) જાતિનામ નિધત્તાયુ :–** આયુષ્ય કર્મના બંધની સાથે તે આયુષ્યને અનુરૂપ એકેન્દ્રિયાદિ પાંચ જાતિમાંથી કોઈપણ એક જાતિનામ કર્મની ગોઠવણી થાય તેને જાતિનામ નિધત્તાયુ કહે છે. જેમ કે પૃથ્વીકાયના આયુષ્યના બંધ સમયે એકેન્દ્રિય જાતિ, મનુષ્યાયુના બંધ સમયે પંચેન્દ્રિય જાતિ નામ કર્મની ગોઠવણી થાય છે, તે જાતિ નામનિધત્તાયુ છે.

**(૨) ગતિનામ નિધત્તાયુ :–** આયુષ્યકર્મના બંધ સાથે નરકાદિ ચાર ગતિમાંથી કોઈ પણ એક ગતિ નામ કર્મની ગોઠવણી થવી, તેને ગતિનામ નિધત્તાયુ કહેવાય છે. જેમ કે પૃથ્વીકાયના આયુષ્યના બંધ સાથે તિર્યંચ ગતિ નામકર્મનો નિષેક થાય છે, તે ગતિનામ નિધત્તાયુ છે.

**(૩) સ્થિતિનામ નિધત્તાયુ :–** આયુષ્ય કર્મ સાથે સ્થિતિનું સંબંધિત થવું. તેને સ્થિતિ નામ નિધત્તાયુ કહે છે. જેમ કે પૃથ્વીકાયના આયુષ્ય બંધ સમયે જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૨૨,૦૦૦ વર્ષના આયુષ્યને અનુરૂપ જાતિ, ગતિ આદિની સ્થિતિનો નિષેક થવો, તે સ્થિતિનામ નિધત્તાયુ છે.

**(૪) અવગાહના નામ નિધત્તાયુ :–** જીવ જેમાં રહે, અવગાહના કરે, તેને અવગાહના કહે છે. જીવ ઔદારિકાદિ શરીરમાં રહે છે. તેનું નિર્માણ કરનાર ઔદારિકાદિ શરીરનામ કર્મ-અવગાહનાનામ છે. આયુષ્ય બંધ સમયે તદનુરૂપ અવગાહના શરીર નામકર્મનો નિષેક થાય છે, તેને અવગાહના નામ નિધત્તાયુ કહે છે. જેમ કે પૃથ્વીકાયના આયુષ્ય બંધ સમયે તદનુરૂપ અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહનાયુક્ત ઔદારિક શરીર નામકર્મનો નિષેક થાય, દેવાયુના બંધ સમયે તદનુરૂપ સાત હાથ પ્રમાણ વગેરે વૈક્રિય શરીરનામ કર્મનો નિષેક થાય, તે અવગાહનાનામ નિધત્તાયુ છે.

**(૫) પ્રદેશનામ નિધત્તાયુ :–** કર્મ પરમાણુઓને પ્રદેશ કહે છે. આયુષ્યકર્મના બંધ સાથે જાતિ, ગતિ આદિ નામ કર્મની પ્રકૃતિઓના પ્રદેશ સંચયનો નિષેક થવો, તેને પ્રદેશ નામ નિધત્તાયુ કહેવાય છે. જેમ કે પૃથ્વીકાયના આયુષ્ય બંધ સમયે એકેન્દ્રિય જાતિ, તિર્યંચગતિ વગેરે નામ કર્મની પ્રકૃતિઓના પ્રદેશોના સંચયરૂપ ગોઠવણી થાય, તે પ્રદેશ નામ નિધત્તાયુ છે.

**(૬) અનુભાવ નામ નિધત્તાયુ :–** અનુભાવ એટલે વિપાકશકિત. આયુષ્યના બંધ સમયે તદનુરૂપ જાતિ વગેરેના તીવ્ર મંદ વિપાક બંધને અનુભાવ નામ નિધત્તાયુ કહે છે. જેમ કે– નરકાયુના ઉદયમાં અશુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ઉપઘાત, અનાદેય, દુઃસ્વર, અયશોકીર્તિ વગેરે નામકર્મ તીવ્ર વિપાક સહિત અનુભવમાં આવે છે, તેવા તીવ્ર વિપાકવાળી કર્મ પ્રકૃતિઓની સાથે નિધત્ત–બંધાતું આયુષ્ય અનુભાવ નામ નિધત્તાયુ છે.

જીવ જ્યારે કોઈ પણ એક ભવનું આયુષ્ય બાંધે ત્યારે તેની સાથે આ છએ બોલોની ગોઠવણી થાય છે. યથા– નરકાયુષ્યનો બંધ થાય, ત્યારે તેની સાથે નરકગતિનામ, પંચેન્દ્રિય જાતિ, ગતિ-જાતિ આદિ નામ કર્મની સ્થિતિ, વૈક્રિય શરીરની અવગાહના, તે કર્મોના પ્રદેશોનો સંચય અને તેનો વિપાક નિશ્ચિત થઈ જાય છે. ઉપરોકત છ પ્રકારમાં ગતિનામ, જાતિનામ અને અવગાહના નામમાં પ્રકૃતિબંધનું ગ્રહણ છે અને સ્થિતિનામ, અનુભાગનામ અને પ્રદેશ નામમાં તે ગતિ આદિના સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશ બંધનું ગ્રહણ કર્યું છે. તે સ્થિતિ આદિ ત્રણે ય ગતિ, જાતિ વગેરે નામ કર્મની પ્રકૃતિઓથી સંબંધિત હોવાથી તેને સ્થિતિનામ આદિ રૂપે કહ્યા છે. તેમજ ગતિનામ આદિ છ એ પ્રકારના કર્મબંધમાં આયુષ્ય કર્મની જ પ્રધાનતા છે, નરકાદિ આયુષ્યના ઉદય સાથે જ તદનુરૂપ જાતિ આદિ નામ કર્મનો ઉદય થાય છે, અન્યથા ઉદય થતો નથી. આમ આયુષ્યની મુખ્યતા બતાવવા માટે આયુષ્યકર્મના વિશેષણ તરીકે તેનો પ્રયોગ કર્યો છે.

**१६५** **जीवा णं भंते! जातिणामणिहत्ताउयं कइहिं आगरिसेहिं पकरेंति ? गोयमा ! जहण्णेणं एक्केण वा, दोहिं वा, तीहिं वा, उक्कोसेणं अट्ठहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ જાતિનામ નિધત્તાયુને કેટલા આકર્ષોથી બાંધે છે ? **ઉત્તર–** ગૌતમ! જઘન્ય એક, બે અથવા ત્રણ અને ઉત્કૃષ્ટ આઠ આકર્ષોથી બાંધે છે.

**१६६** **णेरइया णं भंते ! जाइणामणिहत्ताउयं कइहिं आगरिसेहिं पकरेंति ? गोयमा ! जहण्णेणं एक्केण वा दोहिं वा तीहिं वा, उक्कोसेणं अट्ठहिं । एवं** *जाव* **वेमाणिया ।**

**एवं गतिणामणिहत्ताउए वि ठिईणामणिहत्ताउए वि ओगाहणाणमणिहत्ताउए वि पएसणामणिहत्ताउए वि अणुभावणामणिहत्ताउए वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો જાતિનામ નિધત્તાયુ કેટલા આકર્ષોથી બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક, બે, કે ત્રણ, ઉત્કૃષ્ટ આઠ આકર્ષોથી બાંધે છે. આ જ પ્રમાણે અસુરકુમારોથી ***યાવત્*** વૈમાનિક સુધીના જીવોમાં જાતિનામ નિધત્તાયુની આકર્ષ સંખ્યાનું કથન કરવું જોઈએ. આ જ રીતે સમસ્ત જીવો ગતિનામ નિધત્તાયુ, સ્થિતિનામ નિધત્તાયુ, અવગાહના નામ નિધત્તાયુ, પ્રદેશનામ નિધત્તાયુ અને અનુભાવનામ નિધત્તાયુનો બંધ પણ જઘન્ય એક, બે કે ત્રણ, ઉત્કૃષ્ટ આઠ આકર્ષોથી કરે છે.

**१६७** **एएसि णं भंते ! जीवाणं जाइणामणिहत्ताउयं जहण्णेणं एक्केण वा दोहिं वा तीहिं वा उक्कोसेणं अट्ठहिं आगरिसेहिं पकरेमाणाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा जातिणामणिहत्ताउयं अट्ठहिं आगरिसेहि पकरेमाणा, सत्तहिं आगरिसेहिं पकरेमाणा संखेज्जगुणा, छहिं आगरिसेहिं पकरेमाणा संखेज्जगुणा, एवं पंचहिं आगरिसेहिं पकरेमाणा संखेज्जगुणा, चउहिं आगरिसेहिं पकरेमाणा संखेज्जगुणा, तिहिं आगरिसेहिं पकरेमाणा संखेज्जगुणा, दोहिं संखेज्जगुणा, एगेणं आगरिसेणं पकरेमाणा संखेज्जगुणा ।**

**एवं एएणं अभिलावेणं** *जाव* **अणुभावणिहत्ताउयं । एवं एते छप्पि य अप्पाबहुदंडगा जीवादीया भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ જીવોમાં જઘન્ય એક, બે કે ત્રણ, ઉત્કૃષ્ટ આઠ આકર્ષોથી જાતિનામ નિધત્તાયુ આદિનો બંધ કરનારા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા આઠ આકર્ષોથી જાતિનામ નિધત્તાયુનો બંધ કરનારા જીવો છે, તેનાથી સાત આકર્ષોથી બાંધનારા સંખ્યાતગુણા છે, તેનાથી છ આકર્ષોથી બાંધનારા સંખ્યાતગુણા છે, તે જ રીતે ક્રમશઃ પાંચ આકર્ષોથી બાંધનારા સંખ્યાતગુણા, તેનાથી ચાર આકર્ષોથી બાંધનારા સંખ્યાતગુણા, તેનાથી ત્રણ આકર્ષોથી બાંધનારા સંખ્યાતગુણા, તેનાથી બે આકર્ષોથી બાંધનારા સંખ્યાતગુણા અને તેનાથી એક આકર્ષથી બાંધનારા જીવો સંખ્યાતગુણા છે.

આ રીતે ગતિનામ નિધત્તાયુથી ***યાવત્*** અનુભાવનામ નિધત્તાયુ સુધીના બંધક જીવોનું અને તે છ એ પ્રકારના આયુષ્યબંધના અલ્પબહુત્વસંબંધી કથન સમુચ્ચય જીવ અને ૨૪ દંડકની અપેક્ષાએ કહેવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં આયુષ્ય બંધના આકર્ષો અને તેના અલ્પબહુત્વનું પ્રતિપાદન છે.

**આકર્ષ– आकर्षो नाम तथाविधेन प्रयत्ने कर्मपुद्गलोपादानं ।** કર્મબંધને યોગ્ય પ્રયત્ન વિશેષ રૂપ અધ્યવસાયની ધારાથી કર્મપુદ્‌ગલોને ગ્રહણ કરવા. અધ્યવસાયની તીવ્રતા-મંદતાના આધારે જીવ અલ્પ–બહુ પ્રમાણમાં કર્મદલિકોને ખેંચે છે. આયુષ્યકર્મનો બંધકાલ અંતર્મુહૂર્ત માત્રનો છે. તીવ્ર અધ્યવસાયવાળા જીવો એક જ આકર્ષ વડે આયુષ્યને યોગ્ય સર્વ દલિકો ગ્રહણ કરી લે છે.

જેમ ગાય પાણી પીતી હોય ત્યારે કેટલીક વાર તે સતત પાણીમાં મોઢું રાખીને એક સાથે પર્યાપ્ત પાણી પી લે છે અને ક્યારેક કોઈ પણ ભયાદિના કારણે પાણી પીતી અટકી જાય, મોઢું બહાર કાઢીને ચારે તરફ જુએ અને ફરી પાણીમાં મોઢું નાંખીને પાણી પીવે છે અર્થાત્ અટકી-અટકીને પણ પર્યાપ્ત માત્રામાં પાણી પીએ છે. તેમ જીવ પણ ક્યારેક તીવ્ર પરિણામ ધારામાં એક જ આકર્ષમાં એકવારના ખેંચાણમાં જ આયુષ્યબંધ યોગ્ય સર્વ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. ક્યારેક કોઈ પણ કારણવશાત્ પરિણામની ધારા મંદ થાય તો અટકી-અટકીને પુદ્‌ગલો ગ્રહણ કરે છે. તેના પરિણામોની મંદતા, મંદતરતા, મંદતમતાના આધારે તે બે, ત્રણ, ચાર અને ઉત્કૃષ્ટ આઠ આકર્ષોથી આયુષ્યને યોગ્ય દલિકો ગ્રહણ કરે છે. **કોઈ પણ જીવ જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ આઠ આકર્ષમાં આયુષ્યબંધ કરે છે. આઠથી વધુ આકર્ષો ક્યારેય કોઈને થતાં નથી.**

આયુષ્યબંધના આકર્ષોનો આ નિયમ આયુષ્યકર્મ અને તેની સાથે બંધાતી ગતિ, જાતિ આદિ છએ પ્રકૃતિઓને સમાન રીતે લાગુ પડે છે. અન્ય પ્રકૃતિઓના બંધમાં આકર્ષનો નિયમ નથી.

**આકર્ષ કરનારા જીવોનું અલ્પબહુત્વ–** આયુષ્યકર્મના પુદ્‌ગલોનું ગ્રહણ વધુમાં વધુ આઠ આકર્ષોમાં થાય છે અને આઠ આકર્ષથી આયુકર્મ બાંધનારા જીવો સર્વથી થોડા હોય છે. તેનાથી ક્રમશઃ ઓછા આકર્ષ કરનારા જીવો ઉત્તરોત્તર સંખ્યાત ગુણા અધિક હોય છે. એક આકર્ષથી જાતિ આદિ ષડ્‌વિધ આયુબાંધનારા જીવો સર્વથી અધિક હોય છે.

## ॥ છઠ્ઠું પદ સંપૂર્ણ ॥

# સાતમું પદ

## પરિચય

આ પદનું નામ **'શ્વાસોશ્વાસ પદ'** છે. તેમાં સમસ્ત સંસારી જીવોના શ્વાસોશ્વાસના કાલમાનની વિચારણા છે.

જીવન ધારણ કરવા પ્રત્યેક સંસારી પ્રાણીને શ્વાસોચ્છ્વાસની આવશ્યકતા રહે છે, તેથી જ શ્વાસોચ્છ્વાસ નામના પ્રાણનું અત્યંત મહત્ત્વ છે. જીવના જીવન સાથે તે વિશેષરૂપે સંબંધિત છે. પ્રાયઃ જીવ જીવે છે કે કેમ? તે તેના શ્વાસોચ્છ્વાસ ઉપરથી પ્રમાણિત થાય છે. જીવનના મહત્ત્વપૂર્ણ વિષય સંબંધી જાણકારી આ પદમાં પ્રાપ્ત થાય છે.

સમસ્ત સંસારી જીવોના શ્વાસોચ્છ્વાસના કાલમાનની આ પ્રરૂપણાથી સ્પષ્ટ થાય છે કે **જીવ જેટલો વધુ દુઃખી હોય છે, તેટલી તેની શ્વાસોચ્છ્વાસની ક્રિયા તીવ્ર હોય છે અને દુઃખી જીવોની આ ક્રિયા સતત અવિરતરૂપે ધમણની જેમ ચાલ્યા જ કરે છે. જે જીવો જેટલા અધિક-અધિકતર કે અધિકતમ સુખી હોય છે, તેઓની શ્વાસોચ્છ્વાસ ક્રિયા ઉત્તરોત્તર મંદ, મંદતર, મંદતમ ગતિથી (શાંત-પ્રશાંત રીતે) ચાલે છે.**

પ્રસ્તુત પદમાં ૨૪ દંડકના જીવોના એક શ્વાસોશ્વાસની સંપૂર્ણ પ્રક્રિયાનો સમય ત્રણ પ્રકારે દર્શાવવામાં આવ્યો છે–

(૧) તીવ્રગતિએ લેવાતો શ્વાસોશ્વાસ. નારકીઓ દુઃખ અને વેદનાના કારણે વિરહ વિના, નિરંતર ધમણની જેમ તીવ્રવેગથી શ્વાસોશ્વાસ લે છે.

(૨) મંદગતિએ લેવાતો શ્વાસોશ્વાસ. દેવો સુખી છે તેથી તેમના શ્વાસોશ્વાસ મંદ ગતિએ ચાલે છે અને તે દીર્ઘકાલીન હોય છે. દેવોના શ્વાસોશ્વાસનો સમય જઘન્ય સાત સ્તોક અને ઉત્કૃષ્ટ ૩૩ પખવાડીયાનો છે. અર્થાત્ કેટલાક દેવો સાત સ્તોકાદિ સમય પર્યંત એક શ્વાસોશ્વાસ ક્રિયાને પૂર્ણ કરે છે અને કોઈ દેવો ૩૩ પખવાડીયા પર્યંત એક શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

(૩) વિભિન્ન માત્રાએ લેવાતો શ્વાસોશ્વાસ. મનુષ્ય અને તિર્યંચો વિમાત્રાથી અર્થાત્ અનેક પ્રકારે શ્વાસોશ્વાસ લે છે. તે જીવમાં કેટલાક તીવ્ર-તીવ્રતમ ગતિએ અને કેટલાક મંદ-મંદતમ ગતિએ શ્વાસોશ્વાસ લેવાની પ્રક્રિયા પૂર્ણ કરે છે. અર્થાત્ ઔદારિકના દસ દંડકમાં કોઈપણ જીવ માટે શ્વાસોશ્વાસની મંદતા કે તીવ્રતાનો કોઈ જ નિયમ નથી.

❖❖❖❖❖

# સાતમું પદ : શ્વાસોશ્વાસ

**નૈરયિકોના શ્વાસોશ્વાસ :–**

**૧ णेरइया णं भंते! केवइय कालस्स आणमंति वा पाणमंति वा ऊससंति वा णीससंति वा ? गोयमा ! सययं संयतामेव आणमंति वा पाणमंति वा ऊससंति वा णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો કેટલા કાળે અન્તઃસ્ફુરિત આન-પ્રાણ અને બાહ્ય સ્ફુરિત ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે અને મૂકે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓ સતત નિરંતર આન-પ્રાણ અને ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે અને મૂકે છે.

**વિવેચન :–**

પ્રત્યેક સંસારી પ્રાણીઓમાં જન્મથી મૃત્યુ પર્યંત શ્વાસોશ્વાસની ક્રિયા સહજ રીતે ચાલે જ છે પરંતુ જીવોની તે ક્રિયામાં તીવ્રતા-મંદતારૂપ તરતમતા હોય છે. આ પદમાં તેની સ્પષ્ટતા કરવામાં આવી છે.

**णेरइयाणं भंते ! केवइय कालस्स आणमंति वा पाणमंति वा ?** નૈરયિકો કેટલા કાલે શ્વાસ લે છે અને મૂકે છે ? અર્થાત્ નારકોની શ્વાસોશ્વાસની ક્રિયા કેટલા કાલે થાય છે ? વ્યક્તિ ભેદે શ્વાસોશ્વાસની ગતિમાં ભિન્નતા જોઈ શકાય છે. નારકીની શ્વાસોશ્વાસની ક્રિયા અત્યંત તીવ્ર ગતિથી, નિરંતર ધમણની જેમ છે. દેવોની શ્વાસોશ્વાસ ક્રિયા અત્યંત મંદ ગતિથી થાય છે. મનુષ્યોમાં કેટલાક મનુષ્યોનો શ્વાસોશ્વાસ અત્યંત ઝડપથી ચાલે છે અને કેટલાક મનુષ્યોનો શ્વાસોશ્વાસ મંદ ગતિવાળો હોય છે. કોઈ પણ જીવોનો શ્વાસ અટકી-અટકીને અર્થાત્ વિરહપૂર્વક ચાલતો હોય તેમ જણાતું નથી. તેથી સૂત્રકારનો આશય પ્રત્યેક જીવોના શ્વાસોશ્વાસના કાલમાનને અર્થાત્ કેટલા સમયમાં એક શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ થાય છે, તે કાલમાન પ્રદર્શિત કરવાનો જ હોય તેમ જણાય છે.

**आणमंति पाणमंति ऊससंति णीससंति :–** શ્વાસ ગ્રહણ કરવો અને શ્વાસ છોડવો. આ પદોમાંથી **आणमंति** અને **ऊससंति** આ બે પદોનો અર્થ છે– શ્વાસ લેવો. શ્વાસ લેવાની આભ્યંતર સૂક્ષ્મક્રિયાને **आणमंति** અને શ્વાસ લેવાની બાહ્ય, સ્થૂલક્રિયાને **ऊससंति** કહેવામાં આવે છે. **पाणमंति** અને **णीस्संति** આ બે પદોનો અર્થ છે– શ્વાસ મૂકવો. શ્વાસ મૂકવાની આભ્યંતર સૂક્ષ્મ ક્રિયાને **पाणमंति** અને શ્વાસ મૂકવાની બાહ્ય, સ્થૂલ ક્રિયાને **णीससंति** કહેવામાં આવે છે. સૂત્રકારે શ્વાસ લેવા અને મૂકવાની આભ્યંતર-બાહ્ય ક્રિયાનું સૂચન કરવા આ ચારેય શબ્દોનો પ્રયોગ એક સાથે કર્યો છે. શ્વાસ લેવાની અને મૂકવાની આ સમસ્ત ક્રિયા માટે 'શ્વાસોશ્વાસ' શબ્દનો પ્રયોગ થાય છે.

**ભવનપતિ દેવોના શ્વાસોશ્વાસ :–**

**२ असुरकुमारा णं भंते ! केवइय कालस्स आणमंति व पाणमंति वा ऊससंति वा णीससंति वा ? गोयमा ! जहण्णेणं सत्तण्हं थोवाणं, उक्कोसेणं सातिरेगस्स पक्खस्स वा आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવો કેટલા કાળે શ્વાસ લે છે અને મૂકે છે ? અર્થાત્ કેટલા કાલે શ્વાસોશ્વાસની પ્રક્રિયાને પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓ જઘન્ય સાત સ્તોક અને ઉત્કૃષ્ટ સાધિક એક પખવાડિયે શ્વાસ લે છે અને મૂકે છે અર્થાત્ શ્વાસોશ્વાસની ક્રિયાને પૂર્ણ કરે છે.

**૩ णागकुमारा णं भंते ! केवइय कालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा ! जहण्णेणं सत्तण्हं थोवाणं, उक्कोसेणं मुहुत्तपुहुत्तस्स । एवं** *जाव* **थणियकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નાગકુમાર દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની ક્રિયાને પૂર્ણ કરે છે? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓ જઘન્ય સાત સ્તોક અને ઉત્કૃષ્ટ અનેક મુહૂર્તે શ્વાસોશ્વાસની ક્રિયાને પૂર્ણ કરે છે. આ જ રીતે ***યાવત્*** સ્તનિતકુમારો સુધી શ્વાસોશ્વાસ ક્રિયાના વિષયમાં સમજી લેવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દશ ભવનપતિ દેવોની શ્વાસોશ્વાસની ક્રિયાનું નિરૂપણ છે.

દેવોની શ્વાસોશ્વાસની ક્રિયા દીર્ઘકાલીન હોય છે. ભવનપતિ દેવોમાં શ્વાસોશ્વાસની ક્રિયાનો કાળ જઘન્ય સાત સ્તોક અને ઉત્કૃષ્ટ એક પક્ષનો છે.

**સ્તોક–** જૈન દર્શનાનુસાર કાલનો અવિભાજ્ય અંશ સમય કહેવાય છે. અસંખ્યાત સમય = એક આવલિકા, સંખ્યાત આવલિકા = એક ઉચ્છ્વાસ, સંખ્યાત આવલિકા = નિઃશ્વાસ, એક ઉચ્છ્વાસ નિઃશ્વાસ = ૧ પ્રાણ, સાત પ્રાણ = ૧ સ્તોક, ૭ સ્તોક = ૧ લવ, ૭૭ લવ = ૧ મુહૂર્ત. આ પ્રમાણે ગણના કરતાં એક મુહૂર્તમાં સ્વસ્થ મનુષ્યના ૩૭૭૩ શ્વાસોશ્વાસ થાય છે.

ભવનપતિ દેવોમાં શ્વાસોશ્વાસની ક્રિયા જઘન્ય સાત સ્તોક જેટલા કાળે થાય છે અર્થાત્ મનુષ્યોમાં ૪૯ વાર શ્વાસોશ્વાસની ક્રિયા થાય ત્યારે ભવનપતિ દેવોમાં એક શ્વાસોશ્વાસની ક્રિયા થાય છે.

સામાન્ય રીતે દેવોની જેટલા સાગરોપમની સ્થિતિ હોય તેટલા પખવાડિયે તેઓ એક શ્વાસોશ્વાસની પ્રક્રિયાને પૂર્ણ કરે છે. ભવનપતિ દેવોમાં અસુરકુમારની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક એક સાગરોપમની હોવાથી તે સાધિક એક પખવાડિયે એક શ્વાસોશ્વાસ પૂર્ણ કરે છે. નવનિકાય દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ કંઈક ન્યૂન બે પલ્યોપમની છે. તેથી તેના શ્વાસોશ્વાસનું કાલમાન અનેક મુહૂર્ત છે.

આ રીતે દેવોની સ્થિતિના આધારે તેના શ્વાસોશ્વાસનું કાલમાન નિશ્ચિત થાય છે.

**ઔદારિકના દશ દંડકમાં શ્વાસોશ્વાસ :–**

**૪ पुढविकाइया णं भंते ! केवइय कालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा ! वेमायाए आणमंति वा** *जाव* **णीससंति वा । एवं** *जाव* **मणूसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની ક્રિયાને પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવો વિમાત્રાથી અર્થાત્ વિભિન્ન પ્રકારે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયાને પૂર્ણ કરે છે. આ રીતે અપ્કાયિકથી ***યાવત્*** મનુષ્યો સુધીના જીવોના શ્વાસોશ્વાસના વિષયમાં જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય, ઔદારિકના આ ૧૦ દંડકવર્તી જીવોના શ્વાસોશ્વાસનું પ્રતિપાદન છે.

ઔદારિક શરીરધારી જીવોમાં શ્વાસોશ્વાસની ક્રિયાનું કાલમાન નિશ્ચિત નથી. જે જીવો જીવનમાં જ્યારે સુખી, સ્વસ્થ હોય છે, તે જીવો ત્યારે મંદગતિથી શ્વાસ લે છે અને મૂકે છે અને જે જીવો જ્યારે દુઃખી, રોગી, કષાયાદિના આવેગમાં હોય છે, તે જીવો ત્યારે તીવ્રગતિથી શ્વાસ લે છે અને મૂકે છે. આ વિભિન્નતાને સૂચિત કરવા સૂત્રકારે ઔદારિક દંડકોના જીવો માટે સર્વત્ર 'વિમાત્રા' શબ્દપ્રયોગ કર્યો છે.

**વ્યંતર–જ્યોતિષી–વૈમાનિક દેવોનો શ્વાસોશ્વાસ :–**

**૫ वाणमंतरा जहा णागकुमारा । जोइसिया णं भंते ! केवइय कालस्स आणमंति वा पाणमंति वा उससंति वा णीससंति वा ? गोयमा ! जहण्णेणं मुहुत्तपुहुत्तस्स, उक्कोसेणं वि मुहुत्तपुहुत्तस्स आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતરોના શ્વાસોશ્વાસનું કથન નાગકુમારોના શ્વાસોશ્વાસની સમાન જાણવું જોઈએ. **પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યોતિષી દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે? **ઉત્તર–** હે ગૌતમ ! તે દેવો જઘન્ય અનેક મુહૂર્ત, ઉત્કૃષ્ટ પણ અનેક મુહૂર્તમાં શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**६ वेमाणिया णं भंते! केवइयकालस्स आणमंति वा पाणमंति वा, उससंति वा णीससंति वा ? गोयमा ! जहण्णेणं मुहुत्तपुहुत्तस्स, उक्कोसेणं तेत्तीसाणं पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈમાનિક દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અનેક મુહૂર્ત અને ઉત્કૃષ્ટ તેત્રીસ પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**૭ सोहम्मगदेवा णं भंते ! केवइयकालस्स आणमंति वा पाणमंति वा, उससंति वा णीससंति वा । गोयमा ! जहण्णेणं मुहुत्तपुहुत्तस्स, उक्कोसेणं दोण्हं पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મ કલ્પના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અનેક મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બે પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ?

**૮ ईसाणगदेवा णं भंते ! केवइयकालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा ! जहण्णेणं साइरेगस्स मुहुत्तपुहुत्तस्स, उक्कोसेणं सातिरेगाणं दोण्हं पक्खाणं** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઈશાન કલ્પના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સાધિક અનેક મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક બે પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**૯ सणंकुमारदेवा णं भंते! केवइय कालस्स आणमंति वा जाव णीससंति वा? गोयमा! जहण्णेणं दोण्हं पक्खाणं उक्कोसेणं सत्तण्हं पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સનત્કુમાર દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય બે પખવાડિયે, ઉત્કૃષ્ટ સાત પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**૧૦ माहिंदगदेवा णं भंते! केवइय कालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा! जहण्णेणं सातिरेगाणं दोण्हं पक्खाणं उक्कोसेणं सातिरेगाणं सत्तण्हं पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! માહેન્દ્રકલ્પના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સાધિક બે પખવાડિયે, ઉત્કૃષ્ટ સાધિક સાત પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**११ बंभलोगदेवा णं भंते ! केवइयकालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा! जहण्णेणं सत्तण्हं पक्खाणं, उक्कोसेणं दसण्हं पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બ્રહ્મલોક કલ્પના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સાત પખવાડિયે, ઉત્કૃષ્ટ દશ પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**१२ लंतगदेवा णं भंते ! केवइय कालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा ! जहण्णेणं दसण्हं पक्खाणं, उक्कोसेणं चोद्दसण्हं पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લાન્તક કલ્પના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દશ પખવાડિયે, ઉત્કૃષ્ટ ચૌદ પખવાડિયે આંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે

**१३ महासुक्कदेवा णं भंते ! केवइयकालस्स आणमंति वा** *जाव* **णीससंति वा? गोयमा! जहण्णेणं चोद्दसण्हं पक्खाणं, उक्कोसेणं सत्तरसण्हं पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહાશુક્ર કલ્પના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ચૌદ પખવાડિયે, ઉત્કૃષ્ટ સત્તર પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે

**१४ सहस्सारगदेवा णं भंते ! केवइयकालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा ! जहण्णेणं सत्तरसण्हं पक्खाणं उक्कोसेणं अट्ठारसण्हं पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સહસ્રાર કલ્પના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ

કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સત્તર પખવાડિયે, ઉત્કૃષ્ટ અઢાર પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**१५ आणयदेवा णं भंते ! केवइयकालस्स** *जाव* **णीससंति वा ? गोयमा ! जहण्णेणं अट्ठारसण्हं पक्खाणं उक्कोसेणं एगूणवीसाए पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આનત કલ્પના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અઢાર પખવાડિયે, ઉત્કૃષ્ટ ઓગણીસ પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**१६ पाणयदेवा णं भंते ! केवइय कालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा ! जहण्णेणं एगूणवीसाए पक्खाणं, उक्कोसेणं वीसाए पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રાણત કલ્પના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ઓગણીસ પખવાડિયે, ઉત્કૃષ્ટ વીસ પખવાડિયે આંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**१७ आरणदेवा णं भंते ! केवइय कालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा ! जहण्णेणं वीसाए पक्खाणं, उक्कोसेणं एगवीसाए पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આરણ કલ્પના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય વીસ પખવાડિયે, ઉત્કૃષ્ટ એકવીસ પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**१८ अच्चुयदेवा णं भंते ! केवइयकालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा ! जहण्णेणं एगवीसाए पक्खाणं उक्कोसेणं बावीसाए पक्खाणं आणमंति** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અચ્યુતકલ્પના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એકવીસ પખવાડિયે, ઉત્કૃષ્ટ બાવીસ પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે

**१९ हेट्ठिमहेट्ठिमगेवेज्जगदेवा णं भंते ! केवइयकालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा ! जहण्णेणं बावीसाए पक्खाणं उक्कोसेणं तेवीसाए पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધસ્તન-અધસ્તન ગ્રૈવેયક વિમાનના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય બાવીસ પખવાડિયે, ઉત્કૃષ્ટ ત્રેવીસ પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**२० हेट्ठिम-मज्झिम-मगेवेज्जगदेवा णं भंते ! केवइयकालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा ! जहण्णेणं तेवीसाए पक्खाणं, उक्कोसेणं चउवीसाए पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધસ્તન મધ્યમ ગ્રૈવેયક વિમાનના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ત્રેવીસ પખવાડિયે, ઉત્કૃષ્ટ ચોવીસ પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**૨૧ हेट्ठिमउवरिमगेवेज्जग देवा णं भंते ! केवइयकालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा ! जहण्णेणं चउवीसाए पक्खाणं उक्कोसेणं पणवीसाए पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધસ્તન ઉપરિતન ગ્રૈવેયક વિમાનના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ચોવીસ પખવાડિયે, ઉત્કૃષ્ટ પચ્ચીસ પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**૨૨ मज्झिमहेट्ठिगेवेज्जग देवा णं भंते ! केवइयकालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा ! जहण्णेणं पणवीसाए पक्खाणं उक्कोसेणं छव्वीसाए पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ ગ્રૈવેયક વિમાનના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ !જઘન્ય પચ્ચીસ પખવાડિયે અને ઉત્કૃષ્ટ છવ્વીસ પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**૨૩ मज्झिममज्झिमगेवेज्जगदेवा णं भंते ! केवइयकालस्स आणमंति वा** *जाव* **णीससंति वा? गोयमा ! जहण्णेणं छव्वीसाए पक्खाणं उक्कोसेणं सत्तावीसाए पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ-મધ્યમ ગ્રૈવેયક વિમાનના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય છવ્વીસ પખવાડિયે, ઉત્કૃષ્ટ સત્તાવીસ પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**૨૪ मज्झिमउवरिमगेवेज्जग देवा णं भंते ! केवइयकालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा ! जहण्णेणं सत्तावीसाए पक्खाणं उक्कोसेणं अट्ठावीसाए पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ-ઉપરિતન ગ્રૈવેયક વિમાનના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસો-શ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સત્તાવીસ પખવાડિયે, ઉત્કૃષ્ટ અટ્ઠાવીસ પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**૨૫ उवरिमहेट्ठिमगेवेज्जग देवा णं भंते ! केवइयकालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा ! जहण्णेणं अट्ठावीसाए पक्खाणं उक्कोसेणं एगूणतीसाए पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપરિતન અધસ્તન ગ્રૈવેયક વિમાનના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય

શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અટ્ઠાવીસ પખવાડિયે, ઉત્કૃષ્ટ ઓગણત્રીસ પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**२६ उवरिममज्झिमगेवेज्जगा देवा णं भंते ! केवइयकालस्स आणमंति वा** *जाव* **णीससंति वा? गोयमा ! जहण्णेणं एगूणतीसाए पक्खाणं उक्कोसेणं तीसाए पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપરિતન-મધ્યમ ગ્રૈવેયક વિમાનના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ઓગણત્રીસ પખવાડિયે અને ઉત્કૃષ્ટ ત્રીસ પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**२७ उवरिमउवरिमगेवेज्जग देवा णं भते ! केवइयकालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा ! जहण्णेणं तीसाए पक्खाणं उक्कोसेणं एक्कतीसाए पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપરિતન-ઉપરિતન ગ્રૈવેયક વિમાનના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ત્રીસ પખવાડિયે ઉત્કૃષ્ટ એકત્રીસ પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**२८ विजय-वेजयंत-जयंता-अपराजितविमाणेसु णं भंते ! देवा केवइयकालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा ! जहण्णेणं एक्कतीसाए पक्खाणं उक्कोसेणं तेत्तीसाए पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વિજય, વેજયન્ત, જયંત અને અપરાજિત વિમાનવાસી દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એકત્રીસ પખવાડિયે અને ઉત્કૃષ્ટ તેત્રીસ પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**२९ सव्वट्ठसिद्धगदेवा णं भंते ! केवइयकालस्स आणमंति वा** *जाव* **णीससंति वा ? गोयमा ! अजहण्णमणुक्कोसेणं तेत्तीसाए पक्खाणं आणमंति वा** *जाव* **णीससंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો કેટલા કાળે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અજઘન્ય-અનુત્કૃષ્ટ(જઘન્ય અને ઉત્કૃષ્ટના ભેદથી રહિત) તેત્રીસ પખવાડિયે અંતર્બાહ્ય શ્વાસોશ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોની શ્વાસોચ્છ્વાસની ક્રિયાનું કથન છે.

દેવોમાં વ્યંતર દેવોથી જ્યોતિષી દેવો, જ્યોતિષી દેવોથી વૈમાનિક દેવો વિશેષ સુખી અને દીર્ઘ સ્થિતિવાળા છે. વૈમાનિક દેવોમાં પણ ઉપર-ઉપરના દેવલોકના દેવો ક્રમશઃ વિશેષ સુખી છે. તેથી શ્વાસોચ્છ્વાસની ક્રિયાનું કાલમાન ક્રમશઃ વધતું જાય છે. તેની શ્વાસોચ્છ્વાસની ક્રિયા અત્યંત મંદ, મંદતર, મંદતમ થતી જાય છે. શેષ કથન ભાવાર્થથી સ્પષ્ટ છે.

**૨૪ દંડકના જીવોનો શ્વાસોચ્છ્વાસ કાલ :–**

| જીવ | જઘન્ય કાળ | ઉત્કૃષ્ટ કાળ | જીવ | જઘન્ય કાળ | ઉત્કૃષ્ટ કાળ |
|---|---|---|---|---|---|
| નારકી | સતત નિરંતર | સતત નિરંતર | આરણ દેવલોક | ૨૦ પક્ષ | ૨૧ પક્ષ |
| અસુરકુમાર દેવ | ૭ સ્તોક | સાતિરેક એક પક્ષ | અચ્યુત દેવલોક | ૨૧ પક્ષ | ૨૨ પક્ષ |
| નવનિકાયના દેવો | ૭ સ્તોક | અનેક મુહૂર્ત | ૧લી ગ્રૈવેયક | ૨૨ પક્ષ | ૨૩ પક્ષ |
| વાણવ્યંતર | ૭ સ્તોક | અનેક મુહૂર્ત | ૨જી ગ્રૈવેયક | ૨૩ પક્ષ | ૨૪ પક્ષ |
| ઔદારિકના ૧૦દંડક | વિમાત્રા(વિવધ પ્રકારે) | વિમાત્રા | ૩જી ગ્રૈવેયક | ૨૪ પક્ષ | ૨૫ પક્ષ |
| જ્યોતિષી દેવ | અનેક મુહૂર્ત | અનેક મુહૂર્ત | ૪થી ગ્રૈવેયક | ૨૫ પક્ષ | ૨૬ પક્ષ |
| સૌધર્મ દેવલોક | અનેક મુહૂર્ત | ૨ પક્ષ | ૫મી ગ્રૈવેયક | ૨૬ પક્ષ | ૨૭ પક્ષ |
| ઈશાન દેવલોક | સાધિક અનેક મુહૂર્ત | સાધિક ૨ પક્ષ | ૬ટ્ઠી ગ્રૈવેયક | ૨૭ પક્ષ | ૨૮ પક્ષ |
| સનત્કુમાર દેવલોક | ૨ પક્ષ | ૭ પક્ષ | ૭મી ગ્રૈવેયક | ૨૮ પક્ષ | ૨૯ પક્ષ |
| માહેન્દ્ર દેવલોક | સાધિક ૨ પક્ષ | સાધિક ૭ પક્ષ | ૮મી ગ્રૈવેયક | ૨૯ પક્ષ | ૩૦ પક્ષ |
| બ્રહ્મલોક દેવલોક | ૭ પક્ષ | ૧૦ પક્ષ | ૯મી ગ્રૈવેયક | ૩૦ પક્ષ | ૩૧ પક્ષ |
| લાંતક દેવલોક | ૧૦ પક્ષ | ૧૪ પક્ષ | અનુત્તર વિમાન | ૩૧ પક્ષ | ૩૩ પક્ષ |
| મહાશુક્ર દેવલોક | ૧૪ પક્ષ | ૧૭ પક્ષ | સર્વાર્થસિદ્ધ વિમાન | જઘન્ય ઉત્કૃષ્ટના ભેદ રહિત ૩૩ પક્ષ | |
| સહસ્રાર દેવલોક | ૧૭ પક્ષ | ૧૮ પક્ષ | | | |
| આનત દેવલોક | ૧૮ પક્ષ | ૧૯ પક્ષ | | | |
| પ્રાણત દેવલોક | ૧૯ પક્ષ | ૨૦ પક્ષ | | | |

## ॥ સાતમું પદ સંપૂર્ણ ॥

# આઠમું પદ

**પરિચય**

આ પદનું નામ **'સંજ્ઞાપદ'** છે.

સંજ્ઞા શબ્દ જૈન દર્શનનો પારિભાષિક શબ્દ છે. વ્યુત્પત્તિ અનુસાર તેની ભિન્ન-ભિન્ન પરિભાષા થઈ શકે છે. સામાન્ય રીતે સંજ્ઞા એટલે જીવોની મનોવૃત્તિ અને તેનું પ્રગટીકરણ. સંજ્ઞા દ્વારા કોઈ પણ પ્રાણીના જીવનનું અધ્યયન થઈ શકે છે. વ્યક્તિ પોતાની સંજ્ઞાઓનું ઊંડાણપૂર્વક આત્મનિરીક્ષણ કરીને ક્રમશઃ આંતરિક પરિવર્તન પામી શકે છે. આ રીતે આધ્યાત્મિક સાધનામાં સંજ્ઞાઓનું જ્ઞાન, તેની તીવ્રતા-મંદતા વગેરે વિગતો ઉપયોગી સિદ્ધ થાય છે.

આ પદમાં સર્વપ્રથમ આહારાદિ દશ સંજ્ઞાઓનો નામોલ્લેખ કરીને સમુચ્ચયરૂપે નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધીના સર્વ સંસારી જીવોમાં આ દશે ય સંજ્ઞાઓનો ન્યૂનાધિકરૂપે સદ્ભાવ દર્શાવ્યો છે. એકેન્દ્રિય જીવોમાં આ સંજ્ઞાઓ અવ્યક્તરૂપે હોય છે અને ઉત્તરોત્તર ઇન્દ્રિયોના વિકાસની સાથે જીવોમાં સંજ્ઞાઓ સ્પષ્ટરૂપે ઉપલબ્ધ થાય છે. ત્યાર પછી આ દશ સંજ્ઞાઓમાંથી આહારાદિ ચાર મુખ્ય સંજ્ઞાઓના અલ્પબહુત્વની ચાર ગતિના જીવોની અપેક્ષાએ વિચારણા કરવામાં આવી છે.

**નિષ્કર્ષ :– (૧) નારકીમાં** પ્રાયઃ ભય સંજ્ઞા, અને ક્રોધ સંજ્ઞા અધિક હોય છે. **(૨) તિર્યંચોમાં** પ્રાયઃ આહાર સંજ્ઞા અને માયા સંજ્ઞા અધિક હોય છે. **(૩) મનુષ્યોમાં** પ્રાયઃ મૈથુન સંજ્ઞા અને માન સંજ્ઞા અધિક હોય છે. **(૪) દેવતાઓમાં** પ્રાયઃ પરિગ્રહ સંજ્ઞા અને લોભ સંજ્ઞા અધિક હોય છે.

પ્રસ્તુત પદમાં આહારાદિ ચારે સંજ્ઞાની ઉત્પત્તિના કારણોનું કથન નથી પરંતુ શ્રી સ્થાનાંગ સૂત્ર સ્થાન–૪માં તેના કારણોનું નિરૂપણ છે. તે આ પ્રમાણે છે–

**આહાર સંજ્ઞા ઉત્પન્ન થવાનાં ચાર કારણો–** (૧) ક્ષુધાવેદનીયના ઉદયથી (૨) આહારનું ચિંતન કરવાથી, (૩) પેટ ખાલી થવાથી અને (૪) ખાદ્ય સામગ્રી જોવાથી.

**ભય સંજ્ઞા ઉત્પન્ન થવાનાં ચાર કારણો–** (૧) ભયમોહનીય કર્મના ઉદયથી (૨) ભયનું ચિંતન કરવાથી, (૩) અધીરાઈથી અને (૪) ભયોત્પાદક દશ્ય જોવાથી.

**મૈથુન સંજ્ઞા ઉત્પન્ન થવાનાં ચાર કારણો–** (૧) વેદમોહનીય કર્મના ઉદયથી, (૨) સ્ત્રી, પુરુષનું ચિંતન કરવાથી, (૩) હાંડ માંસ પુષ્ટ થવાથી અને (૪) સ્ત્રી, પુરુષને જોવાથી.

**પરિગ્રહ સંજ્ઞા ઉત્પન્ન થવાનાં ચાર કારણો–** (૧) લોભ મોહનીય કર્મના ઉદયથી (૨) પરિગ્રહની સામગ્રીનું ચિંતન કરવાથી (૩) ગરીબાઈથી અને (૪) પરિગ્રહ યોગ્ય સામગ્રી જોવાથી.

બાહ્ય અને આભ્યંતર કારણોને લઈ ચાર સંજ્ઞાના ઉત્પન્ન થવાના આ ચાર-ચાર કારણો કહ્યા છે. તેમાં સામગ્રી અને વાતાવરણ, તે બાહ્ય કારણ છે તથા વૃત્તિ અને કર્મોદય, તે આભ્યંતર કારણ છે.

❖❖❖❖❖

# આઠમું પદ : સંજ્ઞા

**સંજ્ઞાઓના પ્રકાર :–**

**૧** **कइ णं भंते ! सण्णाओ पण्णत्ताओ ?**

**गोयमा ! दस सण्णाओ पण्णत्ताओ, तं जहा- आहारसण्णा, भयसण्णा, मेहुणसण्णा, परिग्गहसण्णा, कोहसण्णा, माणसण्णा, मायासण्णा, लोभसण्णा, लोगसण्णा, ओघसण्णा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંજ્ઞાઓના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંજ્ઞાઓના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આહાર સંજ્ઞા (૨) ભય સંજ્ઞા (૩) મૈથુન સંજ્ઞા (૪) પરિગ્રહ સંજ્ઞા (૫) ક્રોધ સંજ્ઞા (૬) માન સંજ્ઞા (૭) માયા સંજ્ઞા (૮) લોભ સંજ્ઞા (૯) લોક સંજ્ઞા અને (૧૦) ઓઘ સંજ્ઞા.

**વિવેચન :–**

**सण्णाओ:–** (૧) **संज्ञानं संज्ञा आभोग इत्यर्थः** । સંજ્ઞા એટલે આભોગ– ઈચ્છાપૂર્વકની, સંકલ્પપૂર્વકની પ્રવૃત્તિ. (૨) **संज्ञायतेऽनया अयं जीव इति संज्ञा** । જેના વડે 'આ જીવ છે' તેમ સંસારી જીવની ઓળખાણ થાય, તેને સંજ્ઞા કહે છે. (૩) વેદનીય અને મોહનીય કર્મના ઉદયથી તથા જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી આહારાદિ પ્રાપ્તિની અભિલાષા, રુચિ કે મનોવૃત્તિરૂપ વિવિધ પ્રકારની ક્રિયા થાય તેને સંજ્ઞા કહે છે.

**(૧) આહાર સંજ્ઞા–** ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી આહારને માટે તથાવિધ પુદ્‌ગલોને ગ્રહણ કરવાની ઈચ્છા થવી, તે આહાર સંજ્ઞા છે.

**(૨) ભય સંજ્ઞા :–** ભય મોહનીય કર્મના ઉદયથી થતાં ભયના પરિણામ, તેમજ ભયાક્રાંત દષ્ટિ, મુખના વિકારો, રોમાંચ, કંપન આદિ જે ક્રિયા થાય, તે ભય સંજ્ઞા છે.

**(૩) મૈથુન સંજ્ઞા :–** પુરુષવેદ મોહનીયકર્મના ઉદયથી સ્ત્રીની અભિલાષા, સ્ત્રીવેદ મોહનીય કર્મના ઉદયથી પુરુષની અભિલાષા અને નપુંસકવેદ મોહનીય કર્મના ઉદયથી બંનેની અભિલાષા, તે મૈથુન સંજ્ઞા છે તેમજ અંગસ્પર્શન, વદનની પ્રસન્નતા, દર્શનની ઝંખના આદિ દ્વારા મૈથુનેચ્છા પ્રગટ થાય, તે મૈથુનસંજ્ઞા છે.

**(૪) પરિગ્રહ સંજ્ઞા :–** લોભ મોહનીય કર્મના ઉદયથી સચિત્ત-અચિત્ત પદાર્થોને આસક્તિપૂર્વક સંચય કરવાની ક્રિયા, તે પરિગ્રહસંજ્ઞા છે.

**(૫) ક્રોધ સંજ્ઞા :–** ક્રોધ મોહનીય કર્મના ઉદયથી પ્રાણીના મુખ કે શરીર આદિ વિકૃત થવા, નેત્ર લાલ થવા, હોઠ ફરકવા આદિ ક્રિયા, તે ક્રોધસંજ્ઞા.

**(૬) માન સંજ્ઞા :–** માન મોહનીય કર્મના ઉદયથી અહંકાર, દર્પ, ગર્વ આદિના પરિણામ થાય, તે માન સંજ્ઞા.

**(૭) માયા સંજ્ઞા :–** માયા મોહનીય કર્મના ઉદયથી અશુભ અધ્યવસાયપૂર્વક મિથ્યાભાષણ, કપટ આદિ ક્રિયા કરવાની વૃત્તિ, તે માયા સંજ્ઞા.

**(૮) લોભ સંજ્ઞા :–** લોભ મોહનીય કર્મના ઉદયથી અપ્રાપ્ત સચેત-અચેત પદાર્થોને પ્રાપ્ત કરવાની લાલસા તે લોભ સંજ્ઞા.

**(૯) લોક સંજ્ઞા :–** લોકરૂઢિનું અનુસરણ કરવાની વૃત્તિ અને લોકૈષણા તે લોક સંજ્ઞા. સંસારના સુંદર, રુચિકર પદાર્થોને વિશેષરૂપે જાણવાની કે જોવાની તથા શબ્દો સાંભળવાની તીવ્ર અભિલાષા, તે પણ લોક સંજ્ઞા છે.

**(૧૦) ઓઘ સંજ્ઞા :–** વિચાર્યા વિના ધૂનમાં ને ધૂનમાં કોઈ કાર્ય કરવાની વૃત્તિ કે પ્રવૃત્તિ ઓઘ સંજ્ઞા છે. અજ્ઞાન દશાથી વિવેક કે વિચારણા વિના આદત અને સંસ્કારને આધીન થઈને થતી પ્રવૃત્તિઓ, તે ઓઘ સંજ્ઞા છે. જેમ કે પ્રયોજન વિના જ હાથ પગ હલાવવા, ઉપયોગ વિના લીલા ઘાસ પર ચાલવું, પાન તોડવા, વૃક્ષ ઉપર ચઢવું વગેરે.

આ રીતે દશે સંજ્ઞાઓની વ્યાખ્યા પંચેન્દ્રિય જીવોની મુખ્યતાએ કરવામાં આવે છે. એકેન્દ્રિયાદિ અસંજ્ઞી જીવોમાં આ સર્વે ય સંજ્ઞાઓ અવ્યક્ત રૂપે હોય છે.

**૨૪ દંડકના જીવોમાં સંજ્ઞા :–**

**२ णेरइयाणं भंते ! कइ सण्णाओ पण्णत्ताओ ? गोयमा ! दस सण्णाओ पण्णत्ताओ, तं जहा- आहारसण्णा, भयसण्णा, मेहुणसण्णा, परिग्गहसण्णा, कोहसण्णा, माणसण्णा, मायासण्णा, लोभसण्णा, लोगसण्णा, ओघसण्णा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોમાં કેટલી સંજ્ઞા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોમાં દશ સંજ્ઞાઓ હોય છે, તે આ પ્રમાણે છે– (૧) આહાર સંજ્ઞા (૨) ભય સંજ્ઞા (૩) મૈથુન સંજ્ઞા (૪) પરિગ્રહ સંજ્ઞા (૫) ક્રોધ સંજ્ઞા (૬) માન સંજ્ઞા (૭) માયા સંજ્ઞા (૮) લોભ સંજ્ઞા (૯) લોક સંજ્ઞા અને (૧૦) ઓઘસંજ્ઞા.

**३ असुरकुमाराणं भंते ! कइ सण्णाओ पण्णत्ताओ ? गोयमा ! दस सण्णाओ पण्णत्ताओ। तं जहा- आहारसण्णा *जाव* ओघसण्णा । एवं *जाव* थणियकुमाराणं । एवं पुढविकाइयाणं वेमाणियावसाणाणं णेयव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવોમાં કેટલી સંજ્ઞાઓ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમાર દેવોમાં દશ સંજ્ઞાઓ હોય છે. તે આ પ્રમાણે– આહાર સંજ્ઞા ***યાવત્*** ઓઘ સંજ્ઞા. આ જ રીતે સ્તનિતકુમાર દેવો સુધી જાણવું જોઈએ, તેમજ પૃથ્વીકાયિકોથી વૈમાનિક પર્યંતના પ્રત્યેક દંડકના જીવોમાં પણ આ દશે ય સંજ્ઞાઓ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચોવીસ દંડકોના જીવોની સંજ્ઞાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સમુચ્ચયરૂપે ચોવીસ દંડકવર્તી સમસ્ત સાંસારિક જીવોમાં દશે દશ સંજ્ઞાઓ ઉપલબ્ધ હોય છે. એકેન્દ્રિય આદિ અસંજ્ઞી જીવોમાં આ સંજ્ઞાઓ અવ્યક્તરૂપે અને સંજ્ઞી પંચેન્દ્રિયોમાં તે સંજ્ઞાઓ વ્યક્ત અને સ્પષ્ટ રૂપે હોય છે.

**નારકીમાં સંજ્ઞાઓનું અલ્પબહુત્વ :–**

**४ णेरइया णं भंते! किं आहारसण्णोवउत्ता भयसण्णोवउत्ता मेहुणसण्णोवउत्ता परिग्गहसण्णोवउत्ता ?**

**गोयमा! ओसण्णं कारणं पडुच्च भयसण्णोवउत्ता, संतइभावं पडुच्च आहार-सण्णोवउत्ता वि** *जाव* **परिग्गहसण्णोवउत्ता वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો શું આહાર સંજ્ઞોપયુક્ત(આહાર સંજ્ઞાથી યુક્ત), ભય સંજ્ઞોપયુક્ત, મૈથુનસંજ્ઞોપયુક્ત કે પરિગ્રહ સંજ્ઞોપયુક્ત હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! બહુલતા અને બાહ્ય કારણની અપેક્ષાએ તેઓ ભય સંજ્ઞાથી ઉપયુક્ત હોય છે અને આંતરિક પરિણામોના અસ્તિત્વની અપેક્ષાએ નૈરયિકો આહાર સંજ્ઞોપયુક્ત પણ હોય છે ***યાવત્*** પરિગ્રહ સંજ્ઞોપયુક્ત પણ હોય છે.

**૫ एएसि णं भंते ! णेरइयाणं आहारसण्णोवउत्ताणं भयसण्णोवउत्ताणं मेहुणसण्णोवउत्ताणं परिग्गहसण्णोवउत्ताण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा?**

**गोयमा ! सव्वत्थोवा णेरइया मेहुणसण्णोवउत्ता आहारसण्णोवउत्ता संखेज्जगुणा, परिग्गहसण्णोवउत्ता संखेज्जगुणा, भयसण्णोवउत्ता संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આહાર સંજ્ઞોપયુક્ત, ભય સંજ્ઞોપયુક્ત, મૈથુન સંજ્ઞોપયુક્ત અને પરિગ્રહ સંજ્ઞોપયુક્ત નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા મૈથુન સંજ્ઞોપયુક્ત નૈરયિકો છે, તેનાથી આહાર સંજ્ઞોપયુક્ત નૈરયિકો સંખ્યાતગુણા છે, તેનાથી પરિગ્રહ સંજ્ઞોપયુક્ત નૈરયિકો સંખ્યાતગુણા છે અને તેનાથી ભય સંજ્ઞોપયુક્ત નૈરયિકો સંખ્યાતગુણા અધિક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં બે દષ્ટિએ આહારાદિ ચાર સંજ્ઞાઓમાંથી નારકોમાં પ્રાપ્ત થતી સંજ્ઞાઓ તથા તેના અલ્પબહુત્વની વિચારણા છે.

નૈરયિકોમાં આહારાદિ ચારે સંજ્ઞાઓ હોય છે. તેમ છતાં ત્યાંના બાહ્ય વાતાવરણ આદિની અપેક્ષાએ અને નારકોની આંતરિક પરિણતિની અપેક્ષાએ તેની સંજ્ઞામાં તરતમતા પ્રતીત થાય છે. સૂત્રકારે તેના માટે બે શબ્દોનો પ્રયોગ કર્યો છે.

(૧) **ओसण्णं कारणं पडुच्च– तत्रोत्सन्नशब्देन बाहुल्यमुच्यते कारणशब्देन च बाह्य कारणं ।** ઉત્સન્ન = બાહુલ્ય, પ્રાયઃ, અધિકાંશ રૂપે અને કારણ = બાહ્ય કારણ– બાહ્ય અપેક્ષાએ નૈરયિકોમાં પ્રાયઃ ભયસંજ્ઞા અધિક હોય છે. નરકપૃથ્વીનું વાતાવરણ અત્યંત ભયજનક હોય છે. નૈરયિકોને ક્ષેત્રકૃત, દેવકૃત અને પરસ્પરકૃત વેદનાનો ભય સતત રહે છે. તેથી તેમાં ભય સંજ્ઞાની બહુલતા છે.

(૨) **संतइभावं पडुच्च– इहान्तरोऽनुभवभाव सन्ततिभावमुच्यते ।** પ્રસ્તુતમાં આંતરિક અનુભૂતિને, અસ્તિત્વને સંતતિભાવ કહ્યો છે. બાહ્ય કારણની વિવક્ષા વિના નૈરયિકોના આંતરિક પરિણામોમાં આહાર, ભય, મૈથુન કે પરિગ્રહ તે ચારે સંજ્ઞાના ભાવો અવશ્ય હોય છે.

**નૈરયિકોમાં ચારેય સંજ્ઞાઓનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા મૈથુન સંજ્ઞોપયુક્ત નૈરયિકો છે, કારણ કે નૈરયિકોનું શરીર રાત-દિવસ નિરંતર દુઃખની અગ્નિમાં સંતપ્ત રહે છે. તેઓને ક્ષણ માત્ર સુખ

મળતું નથી. અહર્નિશ દુઃખની આગમાં સંતપ્ત જીવોને મૈથુનેચ્છા પ્રાયઃ થતી નથી. કદાચિત્ કોઈને મૈથુન સંજ્ઞા હોય તો પણ થોડો જ સમય સુધી રહે છે. તેથી મૈથુન સંજ્ઞોપયુક્ત નૈરયિકો સર્વથી થોડા છે. (ર) તેનાથી આહાર સંજ્ઞોપયુક્ત નૈરયિકો સંખ્યાતગુણા છે, કારણ કે આહાર સંજ્ઞા લાંબા કાળ સુધી રહે છે. (૩) તેનાથી પરિગ્રહ સંજ્ઞોપયુક્ત નારકી સંખ્યાતગુણા કારણ કે આહારસંજ્ઞા માત્ર શરીર માટે હોય છે જ્યારે પરિગ્રહ– આસક્તિના ભાવો આહાર સિવાય અન્ય સાધન સામગ્રી-શસ્ત્રાદિમાં પણ હોય છે અને તે આહાર કરતાં ચિરસ્થાયી હોય છે (૪) તેનાથી ભયસંજ્ઞોપયુક્ત સંખ્યાતગુણા છે. કારણ કે તેઓને મૃત્યુપર્યંત સતત મરણનો ભય રહ્યા જ કરે છે. નૈરયિકોમાં નરકપાલ, પરમાધાર્મિક અસુરો દ્વારા વિક્રિયા(વિકુર્વણા)થી બનાવેલા શૂળ, શક્તિ, ભાલા આદિ ભયોત્પાદક શસ્ત્રોનો ભય હોય છે. આ રીતે નારકીમાં સર્વાધિક ભય સંજ્ઞા હોય છે.

**તિર્યંચોમાં સંજ્ઞાઓનું અલ્પબહુત્વ :-**

**૬ तिरिक्खजोणिया णं भंते! किं आहारसण्णोवउत्ता *जाव* परिग्गहसण्णोवउत्ता ? गोयमा ! ओसण्णं कारणं पडुच्च आहारसण्णोवउत्ता, संतइभावं पडुच्च आहारसण्णोवउत्ता वि *जाव* परिग्गहसण्णोवउत्ता वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચયોનિક જીવો શું આહાર સંજ્ઞોપયુક્ત ***યાવત્*** પરિગ્રહ સંજ્ઞોપયુક્ત હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બહુલતાની અપેક્ષાએ તિર્યંચો આહાર સંજ્ઞોપયુક્ત હોય છે અને અસ્તિત્વની અપેક્ષાએ તિર્યંચો આહાર સંજ્ઞોપયુક્ત પણ હોય છે ***યાવત્*** પરિગ્રહ સંજ્ઞોપયુક્ત પણ હોય છે.

**૭ एएसि णं भंते ! तिरिक्खजोणियाणं आहारसण्णोवउत्ताणं *जाव* परिग्गहसण्णोवउत्ताण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा तिरिक्खजोणिया परिग्गहसण्णोवउत्ता, मेहुणसण्णोवउत्ता संखेज्जगुणा, भयसण्णोवउत्ता संखेज्जगुणा, आहारसण्णोवउत्ता संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આહારસંજ્ઞોપયુક્ત ***યાવત્*** પરિગ્રહ સંજ્ઞોપયુક્ત તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા પરિગ્રહ સંજ્ઞોપયુક્ત છે, તેનાથી મૈથુન સંજ્ઞોપયુક્ત સંખ્યાતગુણા છે, તેનાથી ભયસંજ્ઞોપયુક્ત તિર્યંચ સંખ્યાતગુણા હોય છે અને તેનાથી આહાર સંજ્ઞોપયુક્ત તિર્યંચયોનિકો સંખ્યાતગુણા હોય છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં તિર્યંચોમાં રહેલી સંજ્ઞાઓની તરતમતાનું પ્રતિપાદન છે.

બાહ્ય રીતે જોઈએ તો તિર્યંચોમાં પ્રાયઃ આહાર સંજ્ઞાની અધિકતા હોય છે અને આંતરિક પરિણામોમાં, ચારે સંજ્ઞા ન્યૂનાધિકરૂપે અસ્તિત્વમાં હોય છે.

**અલ્પબહુત્વ :–** (૧) તિર્યંચોમાં સર્વથી થોડા પરિગ્રહસંજ્ઞોપયુક્ત જીવો છે. કારણ કે એકેન્દ્રિયાદિ જીવોમાં મૂર્ચ્છાના ભાવો અવ્યક્ત છે અને તિર્યંચ જીવોને પરિગ્રહ સંજ્ઞા અલ્પકાલીન હોય છે. (ર) તેનાથી મૈથુન સંજ્ઞોપયુક્ત જીવો સંખ્યાતગુણા છે કારણ કે મૈથુન સંજ્ઞાના ભાવો અપેક્ષાકૃત દીર્ઘકાલ સુધી રહે છે. (૩)

તેનાથી ભય સંજ્ઞોપયુક્ત જીવો સંખ્યાતગુણા છે કારણ કે તિર્યંચોને અન્ય તિર્યંચ જીવો અને મનુષ્યાદિનો ભય રહ્યા કરે છે. ભયસંજ્ઞાનો કાલ પણ અધિક હોય છે. (૪) તેનાથી આહાર સંજ્ઞોપયુક્ત જીવો સંખ્યાતગુણા છે કારણ કે બધા તિર્યંચોમાં પ્રાયઃ આહાર સંજ્ઞાનો સદ્ભાવ હોય છે.

**મનુષ્યોમાં સંજ્ઞાનું અલ્પબહુત્વ :–**

**૮ मणुस्सा णं भंते ! किं आहारसण्णोवउत्ता** *जाव* **परिग्गहसण्णोवउत्ता ? गोयमा ! ओसण्णकारणं पडुच्च मेहुणसण्णोवउत्ता, संततिभावं पडुच्च आहारसण्णोवउत्ता वि** *जाव* **परिग्गहसण्णोवउत्ता वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું મનુષ્યો આહાર સંજ્ઞોપયુક્ત ***યાવત્*** પરિગ્રહ સંજ્ઞોપયુક્ત હોય છે?

**ઉત્તર–** હે ગૌતમ ! બહુલતાની અપેક્ષાએ મનુષ્યો પ્રાયઃ મૈથુન સંજ્ઞોપયુક્ત હોય છે અને અસ્તિત્વની અપેક્ષાએ તેઓ ન્યૂનાધિક આહાર સંજ્ઞોપયુક્ત પણ હોય છે ***યાવત્*** પરિગ્રહ સંજ્ઞોપયુક્ત પણ હોય છે.

**૯ एएसि णं भंते ! मणुस्साणं आहारसण्णोवउत्ताणं** *जाव* **परिग्गहसण्णोवउत्ताण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा मणुस्सा भयसण्णोवउत्ता, आहारसण्णवउत्ता संखेज्जगुणा, परिग्गहसण्णोवउत्ता संखेज्जगुणा, मेहुणसण्णोवउत्ता संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આહાર સંજ્ઞોપયુક્ત ***યાવત્*** પરિગ્રહ સંજ્ઞોપયુક્ત મનુષ્યોમાં કોણ-કોનાથી બહુ, અધિક, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા ભય સંજ્ઞોપયુક્ત મનુષ્યો હોય છે કારણ કે મનુષ્યોમાં ભયસંજ્ઞા અલ્પ સમય સુધી જ રહે છે. (૨) તેનાથી આહાર સંજ્ઞોપયુક્ત મનુષ્યો સંખ્યાતગુણા છે કારણ કે મનુષ્યોમાં ભય કરતાં આહાર સંજ્ઞાનો સમય અધિક હોય છે. (૩) તેનાથી પરિગ્રહ સંજ્ઞોપયુક્ત મનુષ્યો સંખ્યાતગુણા છે કારણ કે મનુષ્યોને આહાર કરતાં પણ પરિગ્રહની ચિંતા અને લાલસા વધુ હોય છે. (૪) તેનાથી મૈથુન સંજ્ઞોપયુક્ત મનુષ્યો સંખ્યાતગુણા અધિક છે, કારણ કે મૈથુન નિમિત્તક પાંચ ઈન્દ્રિયોના વિષયોની સામગ્રી તેમજ મૈથુન સંજ્ઞાનો કાળ અધિક હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં મનુષ્યોમાં પ્રાપ્ત થતી સંજ્ઞાઓની તરતમતાનું નિરૂપણ છે.

મનુષ્યોમાં વિષય વિકારને ઉત્તેજિત કરે તેવું વાતાવરણ ચારે બાજુ હોવાથી બહુલતાની અપેક્ષાએ પ્રાયઃ મૈથુનસંજ્ઞોપયુક્ત જીવો અધિક છે. મનુષ્યોમાં ભય, આહાર, પરિગ્રહ અને મૈથુન સંજ્ઞોપયુક્ત જીવો ક્રમશઃ સંખ્યાતગુણા છે. તેના કારણો ભાવાર્થથી સ્પષ્ટ છે.

**દેવોમાં સંજ્ઞાઓનું અલ્પબહુત્વ :–**

**૧૦ देवा णं भंते ! किं आहारसण्णोवउत्ता** *जाव* **परिग्गहसण्णोवउत्ता ? गोयमा ! ओस्सण्णं कारणं पडुच्च परिग्गहसण्णोवउत्ता, संततिभावं पडुच्च आहारसण्णोवउत्ता वि** *जाव* **परिग्गहसण्णोवउत्ता वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું દેવો આહાર સંજ્ઞોપયુક્ત ***યાવત્*** પરિગ્રહ સંજ્ઞોપયુક્ત હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! બહુલતાની અપેક્ષાએ દેવો પ્રાયઃ પરિગ્રહ સંજ્ઞોપયુક્ત હોય છે અને ન્યૂનાધિક અસ્તિત્વની અપેક્ષાએ તેઓ આહાર સંજ્ઞોપયુક્ત પણ હોય છે ***યાવત્*** પરિગ્રહ સંજ્ઞોપયુક્ત પણ હોય છે.

**૧૧ एएसिं णं भंते ! देवाणं आहारसण्णोवउत्ताणं** *जाव* **परिग्गहसण्णोवउत्ताण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया ?**

**गोयमा ! सव्वत्थोवा देवा आहारसण्णोवउत्ता, भयसण्णोवउत्ता संखेज्जगुणा, मेहुणसण्णोवउत्ता संखेज्जगुणा, परिग्गहसण्णोवउत्ता संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આહાર સંજ્ઞોપયુક્ત ***યાવત્*** પરિગ્રહ સંજ્ઞોપયુક્ત દેવોમાં કોણ-કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા આહાર સંજ્ઞોપયુક્ત દેવો છે, કારણ કે દેવોને આહારેચ્છાનો વિરહકાળ ઘણો લાંબો હોય છે અને આહાર સંજ્ઞાના ઉપયોગનો કાળ બહુ અલ્પ હોય છે. (૨) તેનાથી ભયસંજ્ઞોપયુક્ત દેવો સંખ્યાતગુણા છે કારણ કે ભય સંજ્ઞાનો કાળ દીર્ઘ છે. (૩) તેનાથી મૈથુન સંજ્ઞોપયુક્ત દેવો સંખ્યાતગુણા છે અને (૪) તેનાથી પરિગ્રહ સંજ્ઞોપયુક્ત દેવો સંખ્યાતગુણા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દેવોમાં પ્રાપ્ત થતી ચાર સંજ્ઞા અને ચાર સંજ્ઞાની તરતમતાનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

દેવોમાં આસક્તિજનક મણિ, મોતી, રત્નો, રૂપસુંદરી દેવીઓ વગેરે સચેત અને અચેત પદાર્થોની પ્રચુરતા હોવાથી બાહ્ય કારણો અને બહુલતાની અપેક્ષાએ દેવો પ્રાયઃ પરિગ્રહ સંજ્ઞોપયુક્ત હોય છે. ન્યૂનાધિક અસ્તિત્વની અપેક્ષાએ આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ ચારે ય સંજ્ઞોપયુક્ત દેવો હોય છે અને તે ક્રમશઃ સંખ્યાતગુણા હોય છે.

**ચાર ગતિના જીવોમાં ચાર સંજ્ઞાઓનું અલ્પબહુત્વ :–**

| જીવ પ્રકાર | આહાર સંજ્ઞોપયુક્ત | ભય સંજ્ઞોપયુક્ત | મૈથુન સંજ્ઞોપયુક્ત | પરિગ્રહ સંજ્ઞોપયુક્ત |
|---|---|---|---|---|
| નારકી | ૨ સંખ્યાતગુણા | ૪ સંખ્યાતગુણા | ૧ સર્વથી થોડા | ૩ સંખ્યાતગુણા |
| તિર્યંચ | ૪ સંખ્યાતગુણા | ૩ સંખ્યાતગુણા | ૨ સંખ્યાતગુણા | ૧ સર્વથી થોડા |
| મનુષ્ય | ૨ સંખ્યાતગુણા | ૧ સર્વથી થોડા | ૪ સંખ્યાતગુણા | ૩ સંખ્યાતગુણા |
| દેવ | ૧ સર્વથી થોડા | ૨ સંખ્યાતગુણા | ૩ સંખ્યાતગુણા | ૪ સંખ્યાતગુણા |

## ॥ આઠમું પદ સંપૂર્ણ ॥

# નવમું પદ

## પરિચય

આ પદનું નામ **'યોનિપદ'** છે.

કોઈ પણ જીવ એક ભવનું આયુષ્ય પૂર્ણ થાય ત્યારે સ્થૂલ શરીરને છોડીને તૈજસ અને કાર્મણ શરીર સહિત ઉત્પત્તિ સ્થાનમાં પહોંચે છે. તે સ્થાનમાં પહોંચીને, ઔદારિક આદિ સ્થૂલ શરીરના નિર્માણ માટે આહારના પુદ્ગલોને ગ્રહણ કરે છે. આ ઉત્પત્તિસ્થાનને 'યોનિ' કહેવામાં આવે છે.

પ્રત્યેક પ્રાણીના જીવનમાં યોનિનું ઘણુ મહત્ત્વ છે. જીવ જે યોનિમાં ઉત્પન્ન થાય ત્યાંનું વાતાવરણ, પ્રકૃતિ, સંસ્કાર, પરંપરાગત પ્રવૃત્તિ આદિનો પ્રભાવ તે પ્રાણીના જીવન પર પડે છે.

આ પદમાં યોનિનું અનેક દષ્ટિઓથી નિરૂપણ છે, જેમ કે– (૧) શીત, ઉષ્ણ અને શીતોષ્ણ, (૨) સચિત્ત, અચિત્ત અને મિશ્ર (૩) સંવૃત્ત, વિવૃત્ત અને સંવૃત્ત-વિવૃત્ત આદિ યોનિઓની વિચારણા છે. તે ઉપરાંત મનુષ્યોની કૂર્મોન્નતા, શંખાવર્ત્તા, વંશીપત્રા, આ ત્રણ વિશિષ્ટ યોનિઓનો ઉલ્લેખ કરી, તે યોનિ-વાળી સ્ત્રીઓનું તથા તે યોનિમાં જન્મ લેનારા મનુષ્યોનું પ્રતિપાદન કર્યું છે.

જીવોની કુલ યોનિઓ ચોરાશી લાખ છે, તે સર્વનો સમાવેશ આ નવ પ્રકારની યોનિઓમાં થાય છે. આ યોનિઓ જ વર્ણ, ગંધ, રસ, સ્પર્શના ભેદથી અનેક પ્રકારની થઈ જાય છે. તેમાં પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુની સાત-સાત લાખ, પ્રત્યેક વનસ્પતિની દશ લાખ, સાધારણ વનસ્પતિની ચૌદ લાખ, ત્રણ વિકલેન્દ્રિયની બે-બે લાખ, દેવ, નારક, તિર્યંચ પંચેન્દ્રિયની ચાર-ચાર લાખ, મનુષ્યોની ચૌદ લાખ જીવાયોનિઓની ગણના થાય છે. કુલ મળીને સર્વ જીવોની ૮૪ લાખ જીવાયોનિ થાય છે.

જીવો અનંત હોવાથી વ્યક્તિ ભેદે અનંત યોનિ થાય છે પરંતુ અપેક્ષિત સમાનતાવાળી યોનિઓને એક રૂપે ગણના કરતાં ૮૪ લાખ જીવાયોનિ(ઉત્પત્તિસ્થાનો) થાય છે.

❖❖❖❖❖

# નવમું પદ : યોનિ

**શીત–ઉષ્ણ આદિ યોનિ :-**

**૧ कइविहा णं भंते ! जोणी पण्णत्ता ? गोयमा ! तिविहा जोणी पण्णत्ता, तं जहा- सीया जोणी, उसिणा जोणी, सीयोसिणा जोणी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! યોનિના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! યોનિના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શીતયોનિ, ઉષ્ણયોનિ અને શીતોષ્ણયોનિ.

**વિવેચન :-**

**યોનિ અને તેના પ્રકાર :–** 'યોનિ' શબ્દ **'यु' मिश्रणे** ધાતુથી નિષ્પન્ન થયો છે, જેનો વ્યુત્પત્યર્થ– **युवन्ति तैजसकार्मणशरीरवन्तः सन्त औदारिकादि शरीरप्रायोग्य पुद्‌गलस्कन्धसमुदायेन मिश्रीभवन्त्यस्यामिति योनिः उत्पत्तिस्थानं ।** તૈજસ અને કાર્મણ શરીરી જીવ જે સ્થાનમાં ઔદારિક આદિ સ્થૂલ શરીરને યોગ્ય પુદ્‌ગલ સ્કંધોના સમુદાયની સાથે મિશ્રિત થાય છે, તે યોનિ છે. આ રીતે યોનિનો અર્થ ઉત્પત્તિસ્થાન થાય છે.

જે યોનિ(ઉત્પત્તિ સ્થાન) શીતસ્પર્શવાળી હોય તે **શીતયોનિ**, જે યોનિ ઉષ્ણસ્પર્શવાળી હોય તે **ઉષ્ણયોનિ** અને જે યોનિ શીત અને ઉષ્ણ (ઉભય) સ્પર્શવાળી ન હોય(સમ શીતોષ્ણ હોય) તે **શીતોષ્ણયોનિ.** આ પ્રકારની યોનિઓમાં ઉત્પન્ન થનારા જીવો જન્મ સમયે સર્વપ્રથમ તે યોનિગત અર્થાત્ ઉત્પત્તિ સ્થાનમાં રહેલા શીત કે ઉષ્ણ આદિ પુદ્‌ગલોનો આહાર ગ્રહણ કરીને ઔદારિકાદિ શરીરોનું નિર્માણ કરે છે.

**૨૪ દંડકમાં શીતાદિ યોનિ :-**

**૨ णेरइयाणं भंते ! किं सीया जोणी, उसिणा जोणी, सियोसिणा जोणी ? गोयमा ! सीया वि जोणी, उसिणा वि जोणी, णो सीयोसिणा जोणी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિકોની શીતયોનિ હોય છે, ઉષ્ણયોનિ હોય છે કે શીતોષ્ણયોનિ હોય છે? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોની શીતયોનિ પણ હોય છે, ઉષ્ણયોનિ પણ હોય છે પરંતુ શીતોષ્ણયોનિ નથી.

**૩ असुरकुमाराणं भंते ! किं सीया जोणी, उसिणा जोणी, सीयोसिणा जोणी ? गोयमा ! णो सीया, णो उसिणा, सीयोसिणा जोणी । एवं *जाव* थणियकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અસુરકુમાર દેવોની શીતયોનિ હોય છે, ઉષ્ણયોનિ હોય છે કે શીતોષ્ણયોનિ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમાર દેવોની શીતયોનિ નથી, ઉષ્ણયોનિ નથી પરંતુ શીતોષ્ણયોનિ હોય છે. આ રીતે ***યાવત્*** સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.

**૪ पुढविकाइयाणं भंते ! किं सीया जोणी उसिणा जोणी सीयोसिणा जोणी ? गोयमा ! सीया वि जोणी, उसिणा वि जोणी, सीयोसिणा वि जोणी ।**

**एवं आउ-वाउ-वणस्सइ-बेइंदिय-तेइंदिय-चउरिंदियाण वि पत्तेयं भाणियव्वं । तेउक्काइयाणं णो सीया, उसिणा, णो सीयोसिणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્! શું પૃથ્વીકાયિકોની શીતયોનિ હોય છે, ઉષ્ણયોનિ હોય છે કે શીતોષ્ણયોનિ હોય છે? **ઉત્તર**– હે ગૌતમ ! તેઓની શીતયોનિ પણ હોય છે, ઉષ્ણયોનિ પણ હોય છે અને શીતોષ્ણયોનિ પણ હોય છે.

આ રીતે અપ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોની પણ શીત, ઉષ્ણ અને શીતોષ્ણ, તે ત્રણે પ્રકારની યોનિ હોય છે. તેજસ્કાયિક જીવોને શીતયોનિ નથી, ઉષ્ણયોનિ હોય છે, શીતોષ્ણયોનિ નથી.

**૫ पंचेंदियतिरिक्खजोणियाणं भंते ! किं सीया जोणी, उसिणा जोणी, सीयोसिणा जोणी ? गोयमा ! सीया वि जोणी, उसिणा वि जोणी, सीयोसिणा वि जोणी । सम्मुच्छिम-पंचेंदियतिरिक्खजोणियाणं एवं चेव तिविहा जोणी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્! શું પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવોની શીતયોનિ હોય છે, ઉષ્ણયોનિ હોય છે કે શીતોષ્ણ યોનિ હોય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તેઓની શીત યોનિ પણ હોય છે, ઉષ્ણ યોનિ પણ હોય છે અને શીતોષ્ણ યોનિ પણ હોય છે. આ જ રીતે સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચોની પણ ત્રણે પ્રકારની યોનિ હોય છે.

**૬ गब्भवक्कंतिय-पंचेंदियतिरिक्खजोणियाणं भंते ! किं सीया जोणी, उसिणा जोणी, सीयोसिणा जोणी ? गोयमा ! णो सीया जोणी, णो उसिणा जोणी, सीयोसिणा जोणी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્! શું ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોની શીતયોનિ હોય છે, ઉષ્ણયોનિ હોય છે કે શીતોષ્ણયોનિ હોય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયની શીતયોનિ નથી, ઉષ્ણયોનિ નથી પરંતુ શીતોષ્ણ યોનિ હોય છે.

**૭ मणुस्साणं भंते ! किं सीया जोणी, उसिणा जोणी, सीयोसिणा जोणी ? गोयमा ! सीया वि जोणी, उसिणा वि जोणी, सीयोसिणा वि जोणी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! શું મનુષ્યોની શીતયોનિ હોય છે, ઉષ્ણયોનિ હોય છે કે શીતોષ્ણયોનિ હોય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! મનુષ્યોની શીતયોનિ પણ હોય છે, ઉષ્ણયોનિ પણ હોય છે અને શીતોષ્ણયોનિ પણ હોય છે.

**૮ सम्मुच्छिममणुस्साणं भंते ! किं सीया जोणी, उसिणा जोणी, सीयोसिणा जोणी ? गोयमा ! तिविहा वि जोणी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! શું સંમૂર્ચ્છિમ મનુષ્યોની શીતયોનિ હોય છે, ઉષ્ણયોનિ હોય છે કે શીતોષ્ણયોનિ હોય છે. **ઉત્તર**– હે ગૌતમ ! તેઓની ત્રણેય પ્રકારની યોનિ હોય છે.

**૯ गब्भवक्कंतियमणुस्साणं भंते ! किं सीया जोणी, उसिणा जोणी, सीयोसिणा जोणी? गोयमा ! णो सीया जोणी, णो उसिणा जोणी, सीयोसिणा जोणी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું ગર્ભજ મનુષ્યોની શીતયોનિ હોય છે, ઉષ્ણયોનિ હોય છે કે શીતોષ્ણયોનિ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓની શીતયોનિ નથી, ઉષ્ણયોનિ નથી પરંતુ શીતોષ્ણયોનિ હોય છે.

**१० वाणमंतरदेवाणं भंते ! किं सीया जोणि, उसिणा जोणी, सियोसिणा जोणी ? गोयमा ! णो सीया जोणी, णो उसिणा जोणी, सीयोसिणा जोणी । जोइसिय-वेमाणियाण वि एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું વાણવ્યંતર દેવોની શીતયોનિ હોય છે, ઉષ્ણયોનિ હોય છે કે શીતોષ્ણયોનિ હોય છે. **ઉત્તર–** હે ગૌતમ ! તેઓની શીતયોનિ નથી, ઉષ્ણયોનિ નથી પરંતુ શીતોષ્ણયોનિ હોય છે. આ જ રીતે જ્યોતિષ્કો અને વૈમાનિકોની યોનિના વિષયમાં પણ જાણવું જોઈએ.

**११ एएसि णं भंते ! जीवाणं सीयजोणियाणं उसिणजोणियाणं सीयोसिणजोणियाणं अजोणियाणं य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा सीयोसिणजोणिया, उसिणजोणिया असंखेज्जगुणा, अजोणिया अणंतगुणा, सीयजोणिया अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શીતયોનિક જીવો, ઉષ્ણયોનિક જીવો, શીતોષ્ણયોનિક જીવો તથા અયોનિક જીવોમાં કોણ-કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા શીતોષ્ણયોનિક જીવો છે, તેનાથી ઉષ્ણયોનિક જીવો અસંખ્યાતગુણા અધિક છે, તેનાથી અયોનિક જીવો અનંતગુણા છે અને તેનાથી શીતયોનિક જીવો અનંતગુણા છે.

**વિવેચન :–**

**સાત નરક પૃથ્વીઓમાં યોનિ :–** સમુચ્ચય રીતે નારકીમાં બે યોનિઓ હોય છે– શીત યોનિ અને ઉષ્ણયોનિ. રત્નપ્રભા, શર્કરાપ્રભા અને વાલુકાપ્રભામાં– બધા જ ઉપપાત ક્ષેત્રો (કુંભીઓ) શીતસ્પર્શવાળા હોય છે. પંકપ્રભાપૃથ્વીમાં– અધિકાંશ ઉપપાત ક્ષેત્રો શીત સ્પર્શવાળા અને થોડા ક્ષેત્રો ઉષ્ણસ્પર્શવાળા હોય છે. ધૂમપ્રભાપૃથ્વીમાં અધિકાંશ ઉપપાત ક્ષેત્રો ઉષ્ણસ્પર્શવાળા હોય છે, થોડાક ક્ષેત્રો શીતસ્પર્શવાળા હોય છે. તમઃપ્રભા અને તમસ્તમઃપ્રભા પૃથ્વીમાં– બધા જ ઉપપાત ક્ષેત્રો ઉષ્ણસ્પર્શવાળા છે. દરેક નરકમાં નૈરયિકોને ઉત્પન્ન થવાની કુંભીઓમાં જે સ્પર્શ હોય, તેનાથી વિપરીત સ્પર્શ કુંભીની બહારના સર્વ સ્થાનોમાં હોય છે અને તેથી કુંભીમાં જન્મ ધારણ કરીને બહાર નીકળતાં જ વિપરીત સ્પર્શના અનુભવથી નૈરયિકો તીવ્ર વેદનાનો અનુભવ કરે છે.

**દેવ અને ગર્ભજ મનુષ્ય-તિર્યંચમાં શીતોષ્ણ યોનિ :–** ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો, ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયો, ગર્ભજ મનુષ્યોના ઉપપાત ક્ષેત્રો અર્થાત્ તેઓની યોનિ શીત અને ઉષ્ણ બંને સ્વભાવવાળી ન હોવાથી શીતોષ્ણ કહેવાય છે. અર્થાત્ તિર્યંચ અને મનુષ્યોના ઉત્પત્તિ સ્થાનરૂપ સ્ત્રીનું ગર્ભાશય અતિ ઉષ્ણ કે અતિ શીત હોતું નથી પરંતુ સહજ સામાન્ય સ્વભાવી હોય છે તેમજ દેવોના ઉત્પત્તિ સ્થાનરૂપ શય્યાઓ પણ શીત–ઉષ્ણતાથી ભિન્ન સહજ સામાન્ય સ્વભાવી એટલે સમશીતોષ્ણ હોય છે.

**ત્રણે ય પ્રકારની યોનિ :–** તેજસ્કાયિક સિવાયના અન્ય સમસ્ત એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ

પંચેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્યોના ઉત્પત્તિસ્થાન શીત, ઉષ્ણ કે શીતોષ્ણ, તે ત્રણેય સ્પર્શવાળા હોય છે. તેમાં ત્રણે પ્રકારની યોનિ હોય છે.

અપ્કાયિક જીવોમાં સૂત્રકારે ત્રણે પ્રકારની યોનિનું કથન કર્યું છે તેથી જ ઉષ્ણ જલના દ્રહ કે નદી વગેરે હોય છે. તે જ રીતે શીતોષ્ણ યોનિ પણ આ અપ્કાયમાં શક્ય છે. તેમ છતાં બહુલતાએ અપ્કાયિક જીવોમાં શીતયોનિ જ હોય છે.

**ઉષ્ણ યોનિ :–** તેજસ્કાયિક જીવોની એક ઉષ્ણયોનિ હોય છે; અર્થાત્ તેજસ્કાયિક જીવોના ઉત્પત્તિ સ્થાનમાં ઉષ્ણ પુદ્ગલો હોવા અનિવાર્ય છે. શીત કે શીતોષ્ણ પુદ્ગલ યુક્ત સ્થાનમાં અગ્નિકાયિક જીવોની ઉત્પત્તિ થતી નથી. કારણ કે તે સ્થાન અગ્નિકાયિક જીવોની ઉત્પત્તિ માટે યોગ્ય નથી.

**ત્રિવિધયોનિકો અને અયોનિકોનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા શીતોષ્ણયોનિ યુક્ત જીવો હોય છે કારણ કે તેમાં ચાર પ્રકારના દેવો, ગર્ભજ તિર્યંચો અને ગર્ભજ મનુષ્યો જ હોય છે. (૨) તેનાથી ઉષ્ણયોનિક જીવો અસંખ્યાતગુણા છે, કારણ કે તેજસ્કાયિકો, અધિકાંશ નૈરયિકો, કેટલાક પૃથ્વીકાયિક, અપ્કાયિક, વાયુકાયિક તથા પ્રત્યેક વનસ્પતિકાયિક જીવોને ઉષ્ણયોનિ પણ હોય છે. (૩) તેનાથી અયોનિક(યોનિ રહિત એટલે સિદ્ધ) જીવો અનંતગુણા છે, કારણ કે સિદ્ધ અનંત છે. (૪) તેનાથી શીતયોનિક અનંતગુણા છે, કારણ કે વનસ્પતિમાં ત્રણે પ્રકારની યોનિ હોવા છતાં અનંતકાયિક જીવો શીતયોનિવાળા હોય છે અને જીવો સિદ્ધો કરતાં અનંતગુણા છે.

**સચિત્ત–અચિત્ત આદિ ત્રણ યોનિ :–**

**૧૨ कइविहा णं भंते ! जोणी पण्णत्ता ? गोयमा ! तिविहा जोणी पण्णत्ता, तं जहा- सचित्ता, अचित्ता, मीसिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! યોનિના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! યોનિના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સચિત્તયોનિ (૨) અચિત્તયોનિ અને (૩) મિશ્રયોનિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સચેત-અચેતાદિની અપેક્ષાએ યોનિના ત્રણ પ્રકારનું વર્ણન છે.

**સચિત્ત-અચિત્ત-મિશ્ર યોનિ :– सचित्ता-जीवप्रदेशसंबद्धा, अचित्ता-सर्वथा जीवविप्रमुक्ता, मिश्रा- जीवविप्रमुक्त अविप्रमुक्त स्वरूपा ।** જે ઉત્પત્તિ સ્થાન જીવપ્રદેશોથી યુક્ત હોય તેને સચિત્તયોનિ, જે ઉત્પત્તિ સ્થાન જીવપ્રદેશોથી મુક્ત હોય તેને અચિત્તયોનિ અને જે ઉત્પત્તિસ્થાન કંઈક અંશે જીવપ્રદેશોથી યુક્ત અને કંઈક અંશે જીવપ્રદેશોથી મુક્ત હોય તેને મિશ્રયોનિ કહે છે. જે જીવોની જે પ્રકારની યોનિ હોય, તે પ્રમાણે તે જીવ ઉત્પત્તિના પ્રથમ સમયે આહારના પુદ્ગલો ગ્રહણ કરે છે.

**૨૪ દંડકમાં સચિતાદિ યોનિ :–**

**૧૩ णेरइयाणं भंते ! किं सचित्ता जोणी, अचित्ता जोणी मीसिया जोणी ? गोयमा ! णो सचित्ता जोणी, अचित्ता जोणी, णो मीसिया जोणी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિકોની સચિત્ત યોનિ હોય છે, અચિત્ત યોનિ હોય છે કે મિશ્રયોનિ

હોય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! નૈરયિકોની સચિત્ત યોનિ નથી, અચિત્ત યોનિ હોય છે, મિશ્ર યોનિ નથી.

**૧૪ असुरकुमाराणं भंते ! किं सचित्ता जोणी, अचित्ता जोणी, मीसिया जोणी? गोयमा ! णो सचित्ता जोणी, अचित्ता जोणी, णो मीसिया जोणी । एवं** *जाव* **थणियकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! શું અસુરકુમારોની સચિત્ત યોનિ હોય છે, અચિત્ત યોનિ હોય છે કે મિશ્ર હોય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! અસુરકુમારોની સચિત્ત યોનિ નથી, અચિત્તયોનિ હોય છે, મિશ્રયોનિ નથી. આ રીતે ***યાવત્*** સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.

**૧૫ पुढविकाइयाणं भंते ! किं सचित्ता जोणी, अचित्ता जोणी, मीसिया जोणी?**

**गोयमा ! सचित्ता वि जोणी, अचित्ता वि जोणी, मीसिया वि जोणी । एवं** *जाव* **चउरिंदियाणं । सम्मुच्छिमपंचिंदियतिरिक्खजोणियाणं सम्मुच्छिममणुस्साण य एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! શું પૃથ્વીકાયિક જીવોની સચિત્ત યોનિ હોય છે, અચિત્ત યોનિ હોય છે કે મિશ્ર યોનિ હોય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવોની સચિત્ત યોનિ હોય છે, અચિત્ત યોનિ હોય છે અને મિશ્ર યોનિ પણ હોય છે. આ જ રીતે ચૌરેન્દ્રિય જીવો સુધી જાણવું જોઈએ.

સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ યોનિકો અને સંમૂર્ચ્છિમ મનુષ્યોની યોનિના વિષયમાં પણ આ જ પ્રમાણે જાણવું જોઈએ અર્થાત્ તેની સચિત્ત, અચિત્ત અને મિશ્ર, તે ત્રણે પ્રકારની યોનિ હોય છે.

**૧૬ गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणियाणं गब्भवक्कंतियमणुस्साण य णो सचित्ता, णो अचित्ता, मीसिया जोणी ।**

**वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा असुरकुमाराणं ।**

**ભાવાર્થ :–** ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો તથા ગર્ભજ મનુષ્યોની સચિત્ત યોનિ નથી, અચિત્ત યોનિ નથી, પરંતુ મિશ્રયોનિ હોય છે.

વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોનું યોનિ વિષયક કથન અસુરકુમારોની સમાન જાણવું જોઈએ અર્થાત્ દેવોની અચિત્ત યોનિ હોય છે.

**૧૭ एएसि णं भंते ! जीवाणं सचित्तजोणीणं अचित्तजोणीणं मीसजोणीणं अजोणीण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा मीसजोणिया, अचित्तजोणिया असंखेज्जगुणा, अजोणिया अणंतगुणा, सचित्तजोणिया अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! આ ઉપરોક્ત સચિત્તયોનિક, અચિત્તયોનિક, મિશ્રયોનિક તથા અયોનિક જીવોમાં કોણ-કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! (૧) સર્વથી થોડા મિશ્રયોનિક જીવો છે. (કારણ કે તે માત્ર ગર્ભજ તિર્યંચ અને

ગર્ભજ મનુષ્યને જ હોય છે.) (૨) તેનાથી અચિત્તયોનિક જીવો અસંખ્યાતગુણા છે (કારણ કે સમસ્ત દેવો અને સમસ્ત નૈરયિકો, અનંતકાય સિવાયના કેટલાક પાંચ સ્થાવરો, કેટલાક ત્રણ વિકલેન્દ્રિયો, સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયો અને સંમૂર્ચ્છિમ મનુષ્યો અચિત્તયોનિવાળા હોય છે.) (૩) તેનાથી અયોનિક જીવો અનંતગુણા છે, (કારણ કે સિદ્ધ જીવો અનંત છે.) (૪) તેનાથી સચિત્તયોનિક જીવો અનંતગુણા અધિક છે. (કારણ કે નિગોદના જીવો સચિત્તયોનિક હોય છે અને તેઓ સિદ્ધ કરતાં અનંતગુણા છે.)

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચોવીસ દંડકવર્તી જીવોમાં સચિત્તાદિ ત્રણ પ્રકારની યોનિનું કથન કરી તેના અલ્પબહુત્વની વિચારણા કરી છે.

કોઈ પણ જીવ જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે ઉત્પત્તિ સ્થાનમાં પ્રથમ આહાર ગ્રહણ કરે છે. તે આહાર સચિત્ત, અચિત્ત અથવા મિશ્ર જેવો હોય તે પ્રમાણે તેની યોનિ નિશ્ચિત થાય છે. જો જીવનો પ્રથમ આહાર સચિત્ત હોય તો સચિત્તયોનિ, પ્રથમ આહાર અચિત્ત હોય તો અચિત્તયોનિ અને પ્રથમ આહાર મિશ્ર હોય તો મિશ્રયોનિ હોય છે.

**નૈરયિકો અને દેવોમાં** અચિત્તયોનિ છે કારણ કે દેવો પોતાના ઉત્પત્તિસ્થાન રૂપ દેવશય્યામાંથી અચિત્ત પુદ્‌ગલોનો પ્રથમ આહાર કરે છે. તે જ રીતે નૈરયિકો પણ પોતાના ઉત્પત્તિસ્થાન રૂપ કુંભીમાંથી અચિત્ત પુદ્‌ગલોનો જ આહાર ગ્રહણ કરે છે. તેથી નારકી અને દેવોની અચિત્તયોનિ કહી છે. સૂક્ષ્મ જીવો આખા લોકમાં વ્યાપ્ત છે પણ તે વ્યવહાર ભોગ્ય નથી, તેથી દેવ-નારકીની યોનિસ્થાનમાં સૂક્ષ્મ જીવો હોવા છતાં તે યોનિ અચિત જ કહેવાય છે.

**પૃથ્વીકાયિકોથી સંમૂર્ચ્છિમ મનુષ્ય સુધી** સર્વ જીવોની યોનિ સચિત્ત, અચિત્ત અને મિશ્ર, ત્રણેય પ્રકારની હોય છે. **ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યોની** મિશ્રયોનિ હોય છે. ગર્ભજ જીવો પ્રથમ આહાર રજ અને વીર્યનો ગ્રહણ કરે છે. તેમાં શુક્ર-વીર્ય અચિત્ત અને શોણિત-રજ સચિત્ત હોય છે. આ રીતે તેનો આહાર મિશ્ર હોવાથી તેની યોનિ મિશ્ર કહેવાય છે. અલ્પ બહુત્વના કારણો ભાવાર્થથી સ્પષ્ટ છે.

**સંવૃત્તાદિ ત્રિવિધ યોનિઓ :–**

**૧૮ कइविहा णं भंते ! जोणि पण्णत्ता ? गोयमा ! तिविहा जोणि पण्णत्ता, तं जहा- संवुडा जोणी, वियडा जोणी, संवुडवियडा जोणी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! યોનિના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! યોનિના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સંવૃત્તયોનિ (૨) વિવૃત્તયોનિ અને (૩) સંવૃત્તવિવૃત્તયોનિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રકારાન્તરે યોનિના ત્રણ ભેદ કર્યા છે.

(૧) જે યોનિ આચ્છાદિત (ઢાંકેલી) હોય, તે **સંવૃત્ત યોનિ** છે (૨) જે યોનિ ખુલી હોય અથવા બહારથી સ્પષ્ટ દેખાતી હોય તે **વિવૃત્ત યોનિ.** (૩) જે યોનિ ઢાંકેલી અને ખુલ્લી બંને પ્રકારની હોય તે **સંવૃત્તવિવૃત્ત યોનિ** છે.

**૨૪ દંડકમાં સંવૃતાદિ યોનિ :-**

**૧૯ णेरइयाणं भंते ! किं संवुडा जोणी, वियडा जोणी, संवुडवियडा जोणी ? गोयमा ! संवुडा जोणी, णो वियडा जोणी, णो संवुडवियडा जोणी । एवं *जाव* वणस्सइकाइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિકોની સંવૃત્ત યોનિ હોય છે, વિવૃત્ત યોનિ હોય છે કે સંવૃત્ત-વિવૃત્ત યોનિ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોમાં સંવૃત્ત યોનિ હોય છે, વિવૃત્ત કે સંવૃત્ત-વિવૃત્ત યોનિ હોતી નથી. આ જ રીતે વનસ્પતિકાયિક જીવો સુધી જાણવું જોઈએ. અર્થાત્ દશ ભવનપતિ દેવો અને પાંચ સ્થાવરની સંવૃત્ત યોનિ હોય છે.

**૨૦ बेइंदियाणं पुच्छा ? गोयमा ! णो संवुडा जोणी, वियडा जोणी, णो संवुडवियडा जोणी । एवं *जाव* चउरिंदियाणं। सम्मुच्छिमपंचेंदियतिरिक्खजोणियाणं सम्मुच्छिममणुस्साणं च एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** શું બેઇન્દ્રિય જીવોની સંવૃત્ત યોનિ હોય છે, વિવૃત્ત યોનિ હોય છે કે સંવૃત્ત વિવૃત્ત યોનિ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓની સંવૃત્ત યોનિ નથી, વિવૃત્ત યોનિ હોય છે , સંવૃત્ત-વિવૃત્ત યોનિ નથી. આ જ રીતે ચૌરેન્દ્રિય જીવો સુધી જાણવું જોઈએ.

સંમૂચ્છિર્મ પંચેંદ્રિય તિર્યંચયોનિકો તથા સંમૂચ્છિર્મ મનુષ્યોની યોનિના વિષયમાં પણ વિકલેંદ્રિય પ્રમાણે જાણવું જોઈએ અર્થાત્ તેની વિવૃત્ત યોનિ હોય છે.

**૨૧ गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणियाणं गब्भवक्कंतियमणुस्साण य णो संवुडा जोणी, णो वियडा जोणी, संवुडवियडा जोणी ।**

**वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा णेरइयाणं ।**

**ભાવાર્થ :–** ગર્ભજ પંચેદ્રિય તિર્યંચ અને ગર્ભજ મનુષ્યોની સંવૃત્ત યોનિ નથી, વિવૃત્ત યોનિ નથી પરંતુ સંવૃત્તવિવૃત્ત યોનિ હોય છે.

વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોની (યોનિના સંબંધમાં) નૈરયિકોની સમાન જાણવું જોઈએ અર્થાત્ તેની સંવૃત્તયોનિ હોય છે.

**૨૨ एएसि णं भंते ! जीवाणं संवुडजोणियाणं वियडजोणियाणं संवुडवियडजोणियाणं अजोणियाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा संवुडवियडजोणिया, वियडजोणिया असंखेज्जगुणा, अजोणिया अणंतगुणा, संवुडजोणिया अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંવૃત્તયોનિક જીવો, વિવૃત્તયોનિક જીવો, સંવૃત્તવિવૃત્તયોનિક જીવો તથા અયોનિક જીવોમાં કોણ કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા સંવૃત્ત-વિવૃત્તયોનિક જીવો છે, કારણ કે ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય અને ગર્ભજ મનુષ્યો જ સંવૃત્ત-વિવૃત્ત યોનિવાળા છે. તેનાથી વિવૃત્તયોનિક જીવો અસંખ્યાતગુણા છે; કારણ

કે વિકલેન્દ્રિયો તથા સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેંદ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્યો વિવૃત્તયોનિવાળા છે. તેનાથી અયોનિક જીવો સિદ્ધોની અપેક્ષાએ અનંતગુણા છે. તેનાથી સંવૃત્તયોનિક જીવો અનંતગુણા અધિક છે, કારણ કે વનસ્પતિકાયિક જીવોમાં અનંતાનંત જીવો સંવૃત્તયોનિક હોય છે.)

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવોની સંવૃત્તાદિ યોનિ સંબંધી પ્રરૂપણા કરીને તે યોનિયુક્ત જીવોના અલ્પબહુત્વનું નિરૂપણ કર્યું છે.

નૈરયિકોના ઉત્પત્તિ સ્થાનરૂપ કુંભીનું મુખ ખુલ્લું હોય છે તોપણ તેમાં જ્યાં નારકી ઉત્પન્ન થાય છે, તે અંગુલના અસંખ્યાતમાં ભાગની અવગાહના જેટલું સ્થાન ચારે તરફથી ઢાંકેલું હોય છે તેથી નૈરયિકોની સંવૃત્તયોનિ કહેવાય છે.

ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોની યોનિ પણ સંવૃત્ત હોય છે, કારણ કે દેવોની ઉપપાત શય્યા દેવદૂષ્ય(વસ્ત્ર)થી આચ્છાદિત હોય છે અને દેવદૂષ્યથી આચ્છાદિત દેવશય્યામાં દેવનો જન્મ થાય છે તેથી દેવોની સંવૃત્તયોનિ કહેવાય છે.

એકેન્દ્રિય જીવો પણ સંવૃત્ત યોનિવાળા હોય છે, કારણ કે તેઓની યોનિ સ્પષ્ટ રીતે દષ્ટિગત થતી નથી.

ત્રણ વિકલેન્દ્રિય તથા સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેદ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્યોની યોનિ વિવૃત્ત હોય છે કારણ કે તેઓની યોનિ–ઉત્પત્તિસ્થાન જલાશયો વગેરેમાં છે અને તે સ્પષ્ટ વિવૃત્ત પ્રતીત થાય છે. ગર્ભજ તિર્યંચ અને મનુષ્યોની યોનિ સંવૃત્ત-વિવૃત્ત હોય છે, કારણ કે ઉદરમાં રહેલો ગર્ભ પ્રત્યક્ષ દેખાતો નથી, પરંતુ ઉદરની વૃદ્ધિ આદિથી ગર્ભ ઉપલક્ષિત થાય છે. તેથી તે સંવૃત્તવિવૃત્ત યોનિ કહેવાય છે. અલ્પબહુત્વ ભાવાર્થથી સ્પષ્ટ છે.

**ત્રણ–ત્રણ પ્રકારની યોનિઓનું અલ્પબહુત્વ :–**

| યોનિ પ્રકાર | અલ્પબહુત્વ | યોનિ પ્રકાર | અલ્પબહુત્વ | યોનિ પ્રકાર | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|---|
| સચિત્ત | ૪ અનંતગુણા | શીત | ૪ અનંતગુણા | સંવૃત્ત | ૪ અનંતગુણા |
| અચિત્ત | ૨ સંખ્યાતગુણા | ઉષ્ણ | ૨ અસંખ્યાતગુણા | વિવૃત્ત | ૨ અસંખ્યાતગુણા |
| મિશ્ર | ૧ સર્વથી થોડા | શીતોષ્ણ | ૧ સર્વથી થોડા | સંવૃત્તવિવૃત્ત | ૧ સર્વથીથોડા |
| અયોનિક | ૩ અનંતગુણા | અયોનિક | ૩ અનંતગુણા | અયોનિકો | ૩ અનંતગુણા |

**૨૪ દંડકના જીવોમાં યોનિ :–**

| જીવ પ્રકાર | શીત–ઉષ્ણ–શીતોષ્ણ યોનિ | સચિત્ત–અચિત્ત–મિશ્ર યોનિ | સંવૃત્ત–વિવૃત્ત–સંવૃત્તવિવૃત્ત યોનિ |
|---|---|---|---|
| નારકી : ૧, ૨, ૩ નરક<br>૪, ૫ નરક<br>૬, ૭ નરક | શીત યોનિ<br>શીત અને ઉષ્ણ<br>ઉષ્ણ યોનિ | અચિત્ત | સંવૃત્ત |

| જીવ પ્રકાર | શીત–ઉષ્ણ–શીતોષ્ણ યોનિ | સચિત્ત–અચિત્ત–મિશ્ર યોનિ | સંવૃત્ત–વિવૃત્ત–સંવૃત્તવિવૃત્ત યોનિ |
|---|---|---|---|
| સર્વ દેવો | શીતોષ્ણ | અચિત્ત | સંવૃત્ત |
| ચાર સ્થાવર | શીત, ઉષ્ણ, શીતોષ્ણ | સચિત્ત, અચિત્ત, મિશ્ર | સંવૃત્ત |
| તેઉકાય | ઉષ્ણ | સચિત્ત, અચિત્ત, મિશ્ર | સંવૃત્ત |
| ત્રણ વિકલેન્દ્રિય | શીત, ઉષ્ણ, શીતોષ્ણ | સચિત્ત, અચિત્ત, મિશ્ર | વિવૃત્ત |
| અસંજ્ઞી પંચેન્દ્રિય | શીત, ઉષ્ણ, શીતોષ્ણ | સચિત્ત, અચિત્ત, મિશ્ર | વિવૃત્ત |
| સંજ્ઞી તિર્યંચ-મનુષ્ય | શીતોષ્ણ | મિશ્ર | સંવૃત્તવિવૃત્ત–મિશ્ર |

**મનુષ્યોની ત્રિવિધ વિશિષ્ટ યોનિઓ :-**

**૨૩ कइविहा णं भंते ! जोणी पण्णत्ता ? गोयमा ! तिविहा जोणी पण्णत्ता, तं जहा- कुम्मुण्णया संखावत्ता वंसीपत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! યોનિના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! યોનિના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) કૂર્મોન્નતા, (૨) શંખાવર્તા અને (૩) વંશીપત્રા.

**૨૪ कुम्मुण्णया णं जोणी उत्तमपुरिसमाऊणं । कुम्मुण्णयाए णं जोणीए उत्तमपुरिसा गब्भे वक्कमंति, तं जहा- अरहंता चक्कवट्टी बलदेवा वासुदेवा ।**

**ભાવાર્થ :–** કૂર્મોન્નતા યોનિ ઉત્તમ પુરુષોની માતાઓની હોય છે. કૂર્મોન્નતા યોનિમાં અરિહંત(તીર્થંકર) ચક્રવર્તી, બળદેવ અને વાસુદેવ આદિ ઉત્તમ પુરુષો ઉત્પન્ન થાય છે.

**૨૫ संखावत्ता णं जोणी इत्थिरयणस्स । संखावत्ताए णं जोणीए बहवे जीवा य पोग्गला य वक्कमंति विउक्कमंति चयंति उवचयंति, णो चेव णं णिप्फज्जंति ।**

**ભાવાર્થ :–** શંખાવર્તાયોનિ ચક્રવર્તીના સ્ત્રીરત્નની હોય છે. શંખાવર્તાયોનિમાં ઘણા જીવો અને પુદ્‌ગલો આવે છે, ગર્ભરૂપે ઉત્પન્ન થાય છે. સામાન્ય અને વિશેષરૂપે તેની વૃદ્ધિ(ચય-ઉપચય) થાય છે પરંતુ તેની નિષ્પત્તિ થતી નથી.

**૨૬ वंसीपत्ता णं जोणी पिहुजणस्स । वंसीपत्ताए णं जोणीए पिहुजणे गब्भे वक्कमंति।**

**ભાવાર્થ :–** વંશીપત્રાયોનિ સાધારણ મનુષ્યોની માતાઓની હોય છે. વંશીપત્રાયોનિમાં સાધારણ જીવો ગર્ભમાં આવે છે.

**વિવેચન :-**

આ સૂત્રમાં મનુષ્યોની કૂર્મોન્નતા આદિ ત્રણ વિશિષ્ટ યોનિઓનું, તે યોનિવાળી સ્ત્રીઓનું અને તે યોનિમાં જન્મ લેનારા મનુષ્યોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**કૂર્મોન્નતા યોનિ**– કાચબાની પીઠ જેવી ઉન્નત-ઊંચી ઉભરેલી હોય છે. **શંખાવર્ત્તાયોનિ**– શંખના ઉતાર-ચડાવની જેમ તે યોનિમાં આવર્ત્ત (આંટા) હોય છે. સ્ત્રીરત્નની અર્થાત્ ચક્રવર્તીની પટરાણીની શંખાવર્તા યોનિ હોય છે. તેમાં ઘણા જીવો આવે છે, ગર્ભરૂપે ઉત્પન્ન થાય છે વૃદ્ધિ પણ પામે છે પરંતુ તે ગર્ભ પૂર્ણતાને પ્રાપ્ત થતા નથી. ગર્ભમાં જ નષ્ટ થઈ જાય છે. **વંશીપત્રાયોનિ**– સંયુક્ત વાંસનાપત્રોના આકારવાળી હોય છે.

ઉપરોક્ત ત્રણે પ્રકારની યોનિનું કથન સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના મનુષ્યોની અપેક્ષાએ છે. સૂત્રકારે તેના અલ્પબહુત્વનું કથન કર્યું નથી પરંતુ થોકડામાં તેના અલ્પબહુત્વનું નિરૂપણ છે. (૧) સર્વથી થોડા શંખાવર્તા યોનિવાળા જીવો. (૨) તેનાથી કૂર્મોન્નતા યોનિવાળા જીવો સંખ્યાતગુણા છે. (૩) તેનાથી વંશીપત્રા યોનિવાળા જીવો સંખ્યાતગુણા છે.

## ॥ નવમું પદ સંપૂર્ણ ॥

# દશમું પદ

## પરિચય

આ પદનું નામ **ચરમપદ** છે. તેમાં રત્નપ્રભા આદિ સાત નરક પૃથ્વી, સિદ્ધશિલા, દેવલોક, સમગ્ર લોક, અલોક, પરમાણુ પુદ્ગલ, સ્કંધ આદિની વિવિધ અપેક્ષાએ ચરમ-અચરમની અને તેના અલ્પબહુત્વની વિચારણા છે.

ચરમ એટલે અંતિમ વિભાગ અને અચરમ એટલે અંતિમ ન હોય, તેવો મધ્યવર્તી વિભાગ. કોઈ પણ વસ્તુનો અંતિમ વિભાગ મધ્યવિભાગની અને મધ્ય વિભાગ અંતિમ વિભાગની અપેક્ષા રાખે છે. આ રીતે ચરમ-અચરમ શબ્દ સાપેક્ષ છે.

પ્રસ્તુતમાં ચરમ અને અચરમના છ વિકલ્પો કર્યા છે– (૧) એક ચરમ (૨) એક અચરમ (૩) અનેક ચરમ (૪) અનેક અચરમ (૫) ચરમાન્ત પ્રદેશો (૬) અચરમાન્ત પ્રદેશો.

લોક કે અલોકને તેમજ રત્નપ્રભા પૃથ્વી આદિ લોકના કોઈ પણ વિભાગને એક અખંડ દ્રવ્ય રૂપે સ્વીકારીએ, તો તેમાં અખંડ દ્રવ્ય દષ્ટિએ એક પણ વિકલ્પ ઘટિત થતો નથી. પરંતુ તેના અનેક અવયવોની સીમાંત–વિભાગોની વિવક્ષા કરીએ, તો તે દષ્ટિએ તેમાં ચરમ આદિ ચાર વિકલ્પો ઘટિત થાય છે.

લોક, અલોક, દ્વીપ, નરક પૃથ્વી આદિ પ્રત્યેક શાશ્વત સ્થાનો અનેક ખૂણાઓવાળા એટલે કરવતના દાંતાની જેમ વિષમ સીમાંત વિભાગવાળા છે. તેથી તેમાં (૧) તે સીમાંત વિભાગો અનેક ચરમ (૨) તે ખૂણાઓ સિવાયનો મધ્યભાગ એક અચરમ (૩) ચરમ વિભાગોના પ્રદેશો, ચરમાન્ત પ્રદેશો અને (૪) અચરમ વિભાગના પ્રદેશો, અચરમાંત પ્રદેશો, કહેવાય છે. આ રીતે પ્રત્યેક સ્થાનમાં ચાર ચાર વિકલ્પો ઘટિત થાય છે. આ રીતે પ્રત્યેક સ્થાનમાં પ્રાપ્ત થતાં આ ચાર-ચાર વિકલ્પોમાં (૧) દ્રવ્યાર્થ (૨) પ્રદેશાર્થ અને (૩) દ્રવ્યાર્થ-પ્રદેશાર્થ સમ્મિલિતની અપેક્ષાએ અલ્પબહુત્વનું નિરૂપણ પણ આ પદમાં છે.

પુદ્ગલ સ્કંધોમાં ચરમ, અચરમ અને અવક્તવ્ય, આ ત્રણ પદોના એકવચનાંત છ અને બહુવચનાંત છ પદો પરથી અસંયોગી, દ્વિકસંયોગી, ત્રિકસંયોગી ૨૬ ભંગ (વિકલ્પો) કઈ રીતે બને છે ? એક પરમાણુ પુદ્ગલ તથા દ્વિપ્રદેશીથી લઈ અનંતપ્રદેશી સુધીના પ્રત્યેક સ્કંધમાં ૨૬ ભંગોમાંથી કેટલા-કેટલા ભંગો પ્રાપ્ત થાય છે, તેની ગહન ચર્ચા કરવામાં આવી છે.

ભેદ-પ્રભેદ સહિત પરિમંડળાદિ પાંચ સંસ્થાનો, તેના પ્રદેશ, અગવાહના અને ચરમાદિની વિચારણા આ પદમાં કરી છે.

પદની સમાપ્તિમાં ગતિ, સ્થિતિ, ભવ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, આહાર, વર્ણ, ભાવ, ગંધ, રસ અને સ્પર્શ આ ૧૧ દ્વારના માધ્યમથી ચોવીસ દંડકના જીવોના ચરમ-અચરમ આદિનું પ્રતિપાદન છે.

❖❖❖❖❖

# દશમું પદ : ચરમ

**આઠ પૃથ્વીઓ :–**

**૧** **कइ णं भंते! पुढवीओ पण्णत्ताओ ? गोयमा ! अट्ठ पुढवीओ पण्णत्ताओ, तं जहा- रयणप्पभा सक्करप्पभा वालुयप्पभा पंकप्पभा धूमप्पभा तमप्पभा तमतमप्पभा ईसीपब्भारा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીઓ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીઓ આઠ છે, તે આ પ્રમાણે છે–(૧) રત્નપ્રભા (૨) શર્કરાપ્રભા (૩) વાલુકાપ્રભા (૪) પંકપ્રભા (૫) ધૂમપ્રભા (૬) તમઃપ્રભા (૭) તમસ્તમઃપ્રભા અને (૮) ઈષત્પ્રાગ્ભારા.

**રત્નપ્રભા પૃથ્વી આદિમાં ચરમ–અચરમ :–**

**૨** **इमा णं भंते ! रयणप्पभा पुढवी किं चरिमा अचरिमा चरिमाइं अचरिमाइं चरिमंत- पएसा अचरिमंतपएसा ?**

**गोयमा ! इमा णं रयणप्पभा पुढवी णो चरिमा णो अचरिमा णो चरिमाइं णो अचरिमाइं णो चरिमंतपएसा णो अचरिमंतपएसा, णियमा अचरिमं च चरिमाणि य चरिमंत- पएसा च अचरिमंतपएसा य ।**

**एवं** *जाव* **अहेसत्तमा पुढवी । सोहम्मा** *जाव* **अणुत्तरविमाणा एवं चेव । ईसीपब्भारा वि एवं चेव । लोगे वि एवं चेव । एवं अलोगे वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રત્નપ્રભાપૃથ્વી શું (૧) ચરમ છે (૨) અચરમ છે (૩) અનેક ચરમ છે (૪) અનેક અચરમ છે (૫) ચરમાન્ત બહુપ્રદેશરૂપ છે કે (૬) અચરમાન્ત બહુપ્રદેશરૂપ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ રત્નપ્રભાપૃથ્વી અખંડ એક દ્રવ્યાપેક્ષયા (૧) ચરમ નથી (૨) અચરમ નથી (૩) અનેક ચરમ નથી (૪) અનેક અચરમ નથી (૫) ચરમાંત બહુ પ્રદેશરૂપ નથી (૬) અચરમાંત બહુ પ્રદેશરૂપ પણ નથી પરંતુ વિભાગાપેક્ષયા નિયમા(૧) એક અચરમ (૨) અનેક ચરમ(૩) ચરમાન્ત પ્રદેશ અને (૪) અચરમાન્ત પ્રદેશરૂપ છે.

આ જ રીતે ***યાવત્*** તમસ્તમઃપ્રભા સાતમી પૃથ્વી સુધી અર્થાત્ સાતે નરક પૃથ્વીઓ, સૌધર્માદિ દેવલોકથી લઈને અનુત્તર વિમાન સુધી અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી તથા લોક અને અલોકના વિષયમાં પણ કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં રત્નપ્રભા આદિ આઠ પૃથ્વીઓ, સૌધર્મ આદિ દેવલોક વગેરે લોકના વિવિધ વિભાગોમાં ચરમ-અચરમ સંબંધી છ વિકલ્પોનું સ્પષ્ટીકરણ છે.

(૧) **चरिमा–** ચરમ, એક અંતિમ વિભાગ. કોઈ પણ વસ્તુ, પૃથ્વી આદિના પર્યંતવર્તી અંતિમ

ભાગને કે સ્થાનને ચરમ કહે છે. (૨) **अचरिमा–** અચરમ, એક મધ્યવર્તી વિભાગ. કોઈ પણ વસ્તુના અંતિમ નહીં પરંતુ મધ્યવર્તી ભાગને અચરમ કહે છે. (૩) **चरिमाइं–** અનેક ચરમ. અંતિમ અનેક વિભાગો. (૪) **अचरिमाइं–** અનેક અચરમ. મધ્યવર્તી અનેક વિભાગો. (૫) **चरिमांत पएसा–** ચરમાંત પ્રદેશો. અંતિમ વિભાગોના અનેક પ્રદેશો. (૬) **अचरिमांत पएसा–** અચરમાંત પ્રદેશો. મધ્યવર્તી વિભાગના અનેક પ્રદેશો.

ઉપરોક્ત છ વિકલ્પોમાં પ્રથમના ચાર વિકલ્પો દ્રવ્યાપેક્ષાએ છે. તે ચારમાં પણ પ્રથમ બે એક વચનથી અને બીજા બે બહુવચનથી છે. અંતિમ બે વિકલ્પો વિભાગગત પ્રદેશોની અપેક્ષાએ છે.

ચરમ-અચરમ શબ્દો પરસ્પર સાપેક્ષ છે. જેમ કે એક જ ઓરડો હોય, તો તે ચરમ–અંતિમ ન કહેવાય અને અચરમ–મધ્યવર્તી પણ ન કહેવાય. એક જ ઓસરીએ બે ઓરડા બાજુ-બાજુમાં હોય, તો બંને ઓરડાઓ એકબીજાની અપેક્ષાએ ચરમ કહેવાય છે. જો ત્રણ ઓરડા હોય, તો તેમાં બંને કિનારાના ઓરડાઓ ચરમ કહેવાય અને કિનારાના ઓરડાની અપેક્ષાએ વચલા ઓરડાને અચરમ કહેવાય છે.

આ જ રીતે સૂત્રોક્ત વસ્તુઓ એક જ હોવાથી તે ચરમ પણ નથી અને અચરમ પણ નથી પરંતુ તે જ ઓરડામાં અનેક વિભાગની કલ્પના કરીએ, તો તેના ચારે કોરના ખૂણાઓ તેના ચરમ વિભાગ કહેવાય, તેથી તેમાં અનેક ચરમ રૂપ **ત્રીજો વિકલ્પ** ઘટિત થાય છે અને તે સિવાયનો મધ્યભાગ એક અચરમરૂપ છે. તેથી તેમાં **બીજો વિકલ્પ** ઘટિત થાય છે.

તે અનેક ચરમોના પ્રદેશોની વિવક્ષા કરીએ, તો તેના પ્રદેશો ચરમાંત પ્રદેશો રૂપ **પાંચમો વિકલ્પ** અને ચરમાન્ત પ્રદેશો સિવાયના મધ્યવર્તી વિભાગના પ્રદેશોમાં અચરમાન્ત પ્રદેશો રૂપ **છઠ્ઠો વિકલ્પ** ઘટિત થાય છે.

આ રીતે એક અખંડ દ્રવ્યની અપેક્ષાએ એક પણ વિકલ્પ ઘટિત થતો નથી પરંતુ તેના વિભાગોની કલ્પના કરીએ, તો બીજો, ત્રીજો, પાંચમો અને છઠ્ઠો આ ચાર વિકલ્પો ઘટિત થાય છે.

આ રીતે રત્નપ્રભા આદિ પૃથ્વીઓમાં સૂત્રકારે છએ પ્રશ્નોના ઉત્તરો બે પ્રકારે આપ્યા છે– (૧) અખંડ એક દ્રવ્યની અપેક્ષાએ અને (૨) તેના અવયવ–વિભાગની અપેક્ષાએ.

**(૧) દ્રવ્યાપેક્ષા :–** રત્નપ્રભા આદિ આઠે પૃથ્વીઓ, વિમાનો વગેરે લોકના પ્રત્યેક ક્ષેત્રો તેમજ અલોક વગેરે દરેક સ્થાન અખંડ એક-એક દ્રવ્યરૂપે સ્થિત છે. તે એક રૂપ હોવાથી તેને ચરમ-અચરમ કહી શકાય નહીં. ચરમ કે અચરમ ન હોવાથી અનેક ચરમ કે અનેક અચરમ પણ કહી શકાય નહીં. તે અખંડ એક દ્રવ્યરૂપ હોવાથી, તેમાં ખંડ–વિભાગ સંભવિત નથી અને વિભાગ ન હોવાથી ચરમાંત પ્રદેશ કે અચરમાંત પ્રદેશ પણ કહી શકાતા નથી. આ રીતે રત્નપ્રભા આદિ પૃથ્વીમાં દ્રવ્યની અપેક્ષાએ ચરમાદિ છ એ છ વિકલ્પોનો નિષેધ કરવામાં આવ્યો છે.

**(૨) વિભાગ–ખંડ અપેક્ષાએ :–** રત્નપ્રભા પૃથ્વી આદિ દરેક સ્થાનોમાં વિભાગોની કલ્પના થઈ શકે છે, કારણ કે તે પ્રત્યેક સ્થાનના કિનારાઓ સમચક્રાકાર(સીધા) નથી, વિષમચક્રાકાર એટલે દંતાકાર છે, તેમાં અનેક નિષ્કૂટો(ખૂણાઓ) છે.

## લોક અને અલોકના ચરમ ખંડો :–



ઉપરોક્ત લોકની આકૃતિમાં દેખાતા અંતિમ અનેક ખૂણાઓને મધ્યવર્તી ભાગની અપેક્ષાએ ચરમ કહેવાય છે. તે નિષ્કૂટ ભાગો અનેક હોવાથી અનેક ચરમ રૂપ **ત્રીજો ભંગ** ઘટિત થાય છે. ચરમ ખંડો ઘણા જ હોવાથી તેમાં એક ચરમ રૂપ **પ્રથમ ભંગ** થતો નથી. તે નિષ્કૂટ ભાગોને છોડીને શેષ ભાગ મધ્યભાગ કહેવાય છે, તે મધ્યભાગ એક જ છે અને નિષ્કૂટ ભાગોની અપેક્ષાએ અચરમ હોવાથી એક અચરમરૂપ છે. તેથી તેમાં **બીજો ભંગ** ઘટિત થાય છે. તેમજ તે મધ્યભાગ(અચરમખંડ) પિંડરૂપે એક જ હોવાથી અનેક અચરમરૂપ **ચોથો ભંગ** ઘટિત થતો નથી.

આ ઉપરોક્ત ઘટિત થતાં ભંગરૂપ અનેક ચરમ અને એક અચરમ વિભાગોના પ્રદેશોને ક્રમશઃ ચરમાંત પ્રદેશો અને અચરમાંત પ્રદેશો કહેવાય છે, તેથી તે બંનેમાં **પાંચમો, છઠ્ઠો** ભંગ ઘટિત થાય છે. આ રીતે રત્નપ્રભા આદિ લોકના કોઈ પણ સ્થાનમાં બીજો, ત્રીજો, પાંચમો અને છઠ્ઠો તે ચાર ભંગ ઘટિત થાય છે.

તે જ રીતે અલોકમાં પણ પૂર્વવત્ ચાર ભંગ જ થાય છે. કારણ કે લોકના નિષ્કૂટો અલોકના ખૂણાઓમાં પ્રવિષ્ટ છે, તેમજ અલોકના નિષ્કૂટો લોક ખૂણાઓમાં પ્રવિષ્ટ છે. તેથી અલોકમાં પણ ચાર ભંગ થાય છે.

**રત્નપ્રભા પૃથ્વી આદિમાં ચરમ-અચરમના વિકલ્પો :–**[દ્રવ્યાપ્રેક્ષયા અને વિભાગાપેક્ષયા]

| વિકલ્પો | દ્રવ્યાપેક્ષયા | વિભાગાપેક્ષયા |
|---|---|---|
| ૧. ચરમ | × | × |
| ૨. અચરમ | × | ✓ |
| ૩. અનેક ચરમ | × | ✓ |
| ૪. અનેક અચરમ | × | × |
| ૫. ચરમાંત પ્રદેશ | × | ✓ |
| ૬. અચરમાંત પ્રદેશ | × | ✓ |

**ચરમ આદિ છ વિકલ્પોનું અલ્પબહુત્વ :–**

**३** **इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए अचरिमस्स य चरिमाण य चरिमंतपएसाण य अचरिमंतपएसाण य दव्वट्ठयाए, पएसट्ठयाए, दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवे इमीसे रयणप्पभाए पुढवीए दव्वट्ठयाए- एगे अचरिमे, चरिमाइं असंखेज्जगुणाइं, अचरिमं च चरिमाणि य दो वि विसेसाहियाइं। पएसट्ठयाए- सव्वत्थोवा इमीसे रयणप्पभाए पुढवीए चरिमंतपएसा, अचरिमंतपएसा असंखेज्जगुणा, चरिमंतपएसा य अचरिमंतपएसा य दो वि विसेसाहिया । दव्वट्ठपएसट्ठयाए- सव्वत्थोवा इमीसे रयणप्पभाए पुढवीए दव्वट्ठयाए एगे अचरिमे, चरिमाइं असंखेज्जगुणाइं, अचरिमं च चरिमाणि य दो वि विसेसाहियाइं, चरिमंतपएसा असंखेज्जगुणा, अचरिमंतपएसा असंखेज्जगुणा, चरिमंत- पएसा य अचरिमंतपएसा य दो वि विसेसाहिया ।एवं** *जाव* **अहेसत्तमा । सोहम्मस ।** *जाव* **लोगस्स य एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના એક અચરમ અને અનેક ચરમ, ચરમાંતપ્રદેશો તથા અચરમાન્ત પ્રદેશોમાં દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ અને દ્રવ્ય-પ્રદેશ (બંને)ની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! **દ્રવ્યની અપેક્ષાએ**– (૧) સર્વથી અલ્પ રત્નપ્રભા પૃથ્વીનો એક અચરમ છે. (૨) તેનાથી અનેક ચરમ અસંખ્યાત ગુણા છે. (૩) તેનાથી એક અચરમ અને અનેક ચરમ; આ બંને મળીને વિશેષાધિક છે. **પ્રદેશોની અપેક્ષાએ** (૧) સર્વથી થોડા રત્નપ્રભા પૃથ્વીના ચરમાન્ત પ્રદેશો છે. (૨) તેનાથી અચરમાન્ત પ્રદેશો અસંખ્યાતગુણા છે. (૩) તેનાથી ચરમાન્ત-અચરમાન્ત પ્રદેશો વિશેષાધિક છે. **દ્રવ્ય–પ્રદેશની અપેક્ષાએ** (૧) સર્વથી અલ્પ રત્નપ્રભા પૃથ્વીનો એક અચરમ છે. (૨) તેનાથી અનેક ચરમ અસંખ્યાતગુણા છે. (૩) તેનાથી એક અચરમ, અનેક ચરમ વિશેષાધિક છે. (૪) તેનાથી ચરમાન્ત પ્રદેશો અસંખ્યાત ગુણા છે. (૫) તેનાથી અચરમાન્ત પ્રદેશો અસંખ્યાત ગુણા છે. (૬) ચરમાન્ત-અચરમાન્ત પ્રદેશો વિશેષાધિક છે.

આ રીતે શર્કરાપ્રભાથી લઈને નીચે સાતમી તમસ્તમાપૃથ્વી સુધી તથા સૌધર્મ દેવલોકથી લઈને અચ્યુત દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન, ઈષત્પ્રાગ્ભારાપૃથ્વી અને લોક સુધીના પ્રત્યેક સ્થાનમાં પૂર્વોક્ત રીતે અલ્પબહુત્વની પ્રરૂપણા કરવી જોઈએ.

**૪ अलोगस्स णं भंते ! अचरिमस्स य चरिमाण य चरिमंतपएसाण य अचरिमंतपएसाण य दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवे अलोगस्स दव्वट्ठयाए-एगे अचरिमे, चरिमाइं असंखेज्जगुणाइं, अचरिमं च चरिमाणि य दो वि विसेसाहियाइं । पएसट्ठयाए- सव्वत्थोवा अलोगस्स चरिमंतपएसा, अचरिमंतपएसा अणंतगुणा, चरिमंतपएसा य अचरिमंतपएसा य दो वि विसेसाहिया। दव्वट्ठ-पएसट्ठयाए- सव्वत्थोवे अलोगस्स दव्वट्ठयाए एगे अचरिमे, चरिमाइं असंखेज्जगुणाइं, अचरिमं च चरिमाणि य दो वि विसेसाहियाइं, चरिमंतपएसा असंखेज्जगुणा, अचरिमंतपएसा अणंतगुणा, चरिमंतपएसा य अचरिमंतपएसा य दो वि विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અલોકનો એક અચરમ, અનેક ચરમ, ચરમાંતપ્રદેશો અને અચરમાંત પ્રદેશોમાંથી દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ અને દ્રવ્ય-પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! **દ્રવ્યની અપેક્ષાએ** (૧) સર્વથી અલ્પ અલોકનો એક અચરમ છે. (૨) તેનાથી અનેક ચરમ અસંખ્યાતગુણા છે. (૩) તેનાથી એક અચરમ અને અનેક ચરમ, આ બંને મળીને વિશેષાધિક છે. **પ્રદેશોની અપેક્ષાએ**–(૧) સર્વથી અલ્પ અલોકના ચરમાંત પ્રદેશો છે, (૩) તેનાથી અચરમાંતપ્રદેશો અનંતગુણા છે. (૩) તેનાથી ચરમાંત પ્રદેશો અને અચરમાંત પ્રદેશો, આ બંને મળીને વિશેષાધિક છે. **દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ**– (૧) સર્વથી અલ્પ અલોકનો એક અચરમ છે, (૨) તેનાથી અનેક ચરમ અસંખ્યાતગુણા છે. (૩) તેનાથી એક અચરમ અને અનેક ચરમ, આ બંને વિશેષાધિક

છે. (૪) તેનાથી ચરમાન્ત પ્રદેશો અસંખ્યાતગુણા છે. (૫) તેનાથી અચરમાન્ત પ્રદેશો અનંતગુણા છે. (૬) તેનાથી ચરમાંત પ્રદેશો અને અચરમાંત પ્રદેશો, આ બંને મળીને વિશેષાધિક છે.

**૫ लोगालोगस्स णं भंते ! अचरिमस्स य चरिमाण य चरिमंतपएसाण य अचरिमंत-पएसाण य दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवे लोगालोगस्स दव्वट्ठयाए- एगमेगे अचरिमे, लोगस्स चरिमाइं असंखेज्जगुणाइं, अलोगस्स चरिमाइं विसेसाहियाइं, लोगस्स य अलोगस्स च अचरिमं चरिमाणि य दो वि विसेसाहियाइं । पएसट्ठयाए- सव्वत्थोवा लोगस्स चरिमंतपएसा, अलोगस्स चरिमंतपएसा विसेसाहिया, लोगस्स अचरिमंतपएसा असंखेज्जगुणा, अलोगस्स अचरिमंतपएसा अणंतगुणा, लोगस्स य अलोगस्स य चरिमंतपएसा य अचरिमंतपएसा य दो वि विसेसाहिया । दव्वट्ठ-पएसट्ठयाए- सव्वत्थोवे लोगालोगस्स दव्वट्ठयाए एगमेगे अचरिमे, लोगस्स चरिमाइं असंखेज्जगुणाइं, अलोगस्स चरिमाइं विसेसाहियाइं, लोगस्स य अलोगस्स य अचरिमं च चरिमाणि य दो वि विसेसाहियाइं, लोगस्स चरिमंतपएसा असंखेज्ज- गुणा, अलोगस्स चरिमंतपएसा विसेसाहिया, लोगस्स अचरिमंतपएसा असंखेज्जगुणा, अलोगस्स अचरिमंतपएसा अणंतगुणा, लोगस्स य अलोगस्स य चरिमंतपएसा य अचरिमंत- पएसा य दो वि विसेसाहिया, सव्वदव्वा विसेसाहिया, सव्वपएसा अणंतगुणा, सव्वपज्जवा अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોકાલોકનો એક અચરમ, અનેક ચરમ, ચરમાંત પ્રદેશો અને અચરમાંત- પ્રદેશોમાં દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ, દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! **દ્રવ્યની અપેક્ષાએ–** (૧) સર્વથી અલ્પ લોકાલોકનો એક-એક અચરમ છે. (૨) તેનાથી લોકના અનેક ચરમ અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી અલોકના અનેક ચરમ વિશેષાધિક છે, (૪) તેનાથી લોક અને અલોકનો અચરમ અને અનેકચરમ, આ બંને વિશેષાધિક છે. **પ્રદેશોની અપેક્ષાએ–** (૧) સર્વથી અલ્પ લોકના ચરમાંત પ્રદેશો છે, (૨) તેનાથી અલોકના ચરમાંતપ્રદેશો વિશેષાધિક છે, (૩) તેનાથી લોકના અચરમાંત પ્રદેશો અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી અલોકના અચરમાંત પ્રદેશો અનંતગુણા છે. (૫) તેનાથી લોક અને અલોકના ચરમાંત પ્રદેશો અને અચરમાંત પ્રદેશો વિશેષાધિક છે. **દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ–** (૧) સર્વથી અલ્પ લોક-અલોકનો એક-એક અચરમ છે, (૨) તેનાથી લોકના અનેક ચરમો અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી અલોકના અનેક ચરમ વિશેષાધિક છે. (૪) તેનાથી લોક અને અલોકના અચરમ અને અનેક ચરમ, આ બંને વિશેષાધિક છે. (૫) તેનાથી લોકના ચરમાંતપ્રદેશો અસંખ્યાતગુણા છે, (૬) તેનાથી અલોકના ચરમાંત પ્રદેશો વિશેષાધિક છે, (૭) તેનાથી લોકના અચરમાંત-પ્રદેશો અસંખ્યાતગુણા છે, (૮) તેનાથી અલોકના અચરમાંત પ્રદેશો અનંતગુણા છે, (૯) તેનાથી લોક-અલોકના ચરમાંત પ્રદેશો અને અચરમાંત પ્રદેશો, આ બંને વિશેષાધિક છે. (૧૦) તેનાથી સર્વ દ્રવ્ય વિશેષાધિક છે, (૧૧) તેનાથી સર્વ પ્રદેશો અનંતગુણા છે અને તેનાથી સર્વ પર્યાયો અનંતગુણા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં રત્નપ્રભા પૃથ્વી આદિ લોકના વિવિધ વિભાગો અને લોક-અલોકમાં પ્રાપ્ત થતાં ચરમ આદિ ચારે ભંગના અલ્પબહુત્વનું કથન છે.

**દ્રવ્યની અપેક્ષાએ અલ્પબહુત્વ :–** (૧) રત્નપ્રભા પૃથ્વીનો અચરમ ખંડ એકજ છે અને તે સૌથી અલ્પ છે. (૨) તેનાથી અનેક ચરમ અસંખ્યાતગુણા છે, કારણ કે ચરમખંડો(લોકાંત નિષ્કુટો) અસંખ્યાતા છે. (૩) તેનાથી એક અચરમ અને અનેક ચરમ, આ બંને મળીને અનેક ચરમથી વિશેષાધિક થાય છે. એક અચરમ દ્રવ્યને ચરમ દ્રવ્યોમાં ભેળવતાં અનેક ચરમોમાં એક સંખ્યાનો વધારો થાય છે, તેથી બંનેનો સમુદાય વિશેષાધિક કહેવાય છે.

**પ્રદેશોની અપેક્ષાએ :–** પ્રદેશોની દષ્ટિએ (૧) સર્વથી અલ્પ ચરમાંતપ્રદેશો છે, કારણ કે મધ્યનો અચરમખંડ વિસ્તૃત છે અને તેની અપેક્ષાએ ચરમખંડો નાના છે, તેથી તેના ચરમાંત પ્રદેશો અલ્પ છે. (૨) તેનાથી અચરમાંત પ્રદેશો અસંખ્યાતગુણા છે, કારણ કે તે ક્ષેત્ર અસંખ્યાતગુણું છે. (૩) તેનાથી ચરમાંતપ્રદેશો અને અચરમાંત પ્રદેશો બંને મળીને વિશેષાધિક છે, કારણ કે ચરમાંતપ્રદેશો અચરમાંતપ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. તેથી અચરમાંતપ્રદેશોમાં ચરમાંતપ્રદેશો ઉમેરતાં તે અચરમાંત પ્રદેશોથી વિશેષાધિક જ થાય છે.

**દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ :–** (૧) રત્નપ્રભા પૃથ્વીનો અચરમ એક હોવાથી સૌથી અલ્પ છે. (૨) તેનાથી અનેક ચરમ અસંખ્યાતગુણા અધિક છે. (૩) તેનાથી અચરમ અને અનેકચરમ બંને મળીને વિશેષાધિક છે. (૪) તેનાથી ચરમાન્ત પ્રદેશો અસંખ્યાતગુણા છે, કારણ કે દરેક ચરમખંડો અસંખ્ય પ્રદેશાત્મ હોય છે. તેથી ચરમાંત ખંડોથી ચરમાંતપ્રદેશો અસંખ્યાતગુણા થાય છે. તેનાથી અચરમાંતપ્રદેશો અસંખ્ય ગુણા છે (૬) તેનાથી ચરમાંત પ્રદેશો અને અચરમાંત પ્રદેશો બંને મળીને વિશેષાધિક છે.

રત્નપ્રભાપૃથ્વીના ચરમાચરમાદિ સંબંધી અલ્પબહુત્વની પ્રરૂપણા સમાન જ શર્કરાપ્રભાથી લોક સુધીના સૂત્રોક્ત સ્થળોમાં પ્રાપ્ત ચરમાચરમાદિ ભંગોનું અલ્પબહુત્વ સમજી લેવું જોઈએ.

**રત્નપ્રભા આદિમાં ચરમ-અચરમનું દ્રવ્યની અપેક્ષાએ અલ્પબહુત્વ :–**

| વિકલ્પ | પ્રમાણ | કારણ |
|---|---|---|
| (૧) અચરમ | સર્વથી અલ્પ | મધ્યવર્તી ખંડ એક જ છે. |
| (૨) અનેક ચરમ | અસંખ્યાત ગુણા | પર્યંતવર્તી નિષ્કુટો(ખૂણાઓ) અસંખ્યાત છે. |
| (૩) અચરમ અને અનેક ચરમ | વિશેષાધિક | ચરમ અને અચરમ બંને મળતાં એકનો વધારો થાય છે. |

**રત્નપ્રભા આદિમાં ચરમ-અચરમનું પ્રદેશની અપેક્ષાએ અલ્પબહુત્વ :–**

| વિકલ્પ | પ્રમાણ | કારણ |
|---|---|---|
| (૧) ચરમાંત પ્રદેશો | સર્વથી અલ્પ | ખંડો નાના છે |
| (૨) અચરમાંત પ્રદેશો | અસંખ્યાતગુણા | ક્ષેત્ર અસંખ્યાતગણું મોટું છે. |
| (૩) ચરમાંત-અચરમાંત પ્રદેશો | વિશેષાધિક | બંને પ્રકારના પ્રદેશોની સાથે ગણના છે. |

**રત્નપ્રભા આદિમાં ચરમ-અચરમનું દ્રવ્ય અને પ્રદેશની અપેક્ષાએ અલ્પબહુત્વ :–**

| વિકલ્પ | પ્રમાણ | કારણ |
|---|---|---|
| (૧) અચરમ દ્રવ્ય | સર્વથી અલ્પ | મધ્યવર્તી ખંડ એક જ છે. |
| (૨) અનેક ચરમ દ્રવ્યો | અસંખ્યાત ગુણા | નિષ્કૂટો અસંખ્યાત છે. |
| (૩) અચરમ–ચરમ દ્રવ્યો | વિશેષાધિક | અચરમ–ચરમની સાથે ગણના છે. |
| (૪) ચરમાંત પ્રદેશો | અસંખ્યાતગુણા | દરેક ચરમાંત ખંડો અસંખ્યાત પ્રદેશી છે. |
| (૫) અચરમાંત પ્રદેશો | અસંખ્યાત ગુણા | ક્ષેત્ર અસંખ્યાતગણું મોટું છે |
| (૬) ચરમાંત–અચરમાંત પ્રદેશો | વિશેષાધિક | ચરમાંત-અચરમાંત પ્રદેશોની ગણના સાથે છે. |

**નોંધ :** રત્નપ્રભાદિ ૭ પૃથ્વીઓ, ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી, ૨૬ દેવવિમાનો અને લોક. આ રીતે ૭+૧+૨૬ = ૩૪ બોલોમાં ઉપરોક્તમાં ચરમાદિનું અલ્પબહુત્વ થાય છે.

**અલોકના ચરમ-અચરમાદિનું અલ્પબહુત્વ :– દ્રવ્યની અપેક્ષાએ–** સર્વથી અલ્પ અલોકનો અચરમ છે, કારણ કે અચરમ ખંડ એક જ છે. (૨) તેનાથી ચરમખંડો અસંખ્યાતગુણા છે, કારણ કે તે લોકના ચરમ ખંડોની સમાન અસંખ્ય હોય છે. (૩) તેનાથી અચરમ અને ચરમખંડો, બંને મળીને વિશેષાધિક છે.

**પ્રદેશોની અપેક્ષાએ–** (૧) અલોકના ચરમાંતપ્રદેશ સર્વથી અલ્પ છે, કારણ કે નિષ્કૂટ પ્રદેશોમાં જ તેનો સદ્ભાવ હોય છે. (૨) તેનાથી અચરમાંતપ્રદેશો અનંતગુણા છે, કારણ કે અલોક અનંત છે. (૩) તેનાથી ચરમાંતપ્રદેશો અને અચરમાંતપ્રદેશો બંને મળીને વિશેષાધિક છે, કારણ કે ચરમાન્ત પ્રદેશો અચરમાંતપ્રદેશોના અનન્તમા ભાગે છે તેથી ચરમાંતપ્રદેશોને અચરમાંતપ્રદેશોમાં ઉમેરતાં તે રાશિ અચરમાંતપ્રદશોથી વિશેષાધિક જ થાય છે.

**દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ–** (૧) સર્વથી અલ્પ અલોકનો એક અચરમ છે. (૨) તેનાથી (અનેક)ચરમખંડો અસંખ્યાતગુણા છે. (૩) તેનાથી અચરમ અને ચરમખંડો બંને મળીને વિશેષાધિક છે. (૪) તેનાથી ચરમાંતપ્રદેશો અસંખ્યાતગુણા છે, કારણ કે પ્રત્યેક ચરમ ખંડ અસંખ્ય પ્રદેશાત્મક છે. (૫) તેનાથી અચરમાંતપ્રદેશો અનંતગુણા છે અને (૬) તેનાથી ચરમાંતપ્રદેશ અને અચરમાંતપ્રદેશો વિશેષાધિક છે કારણ કે બંનેની ગણના સાથે છે.

**અલોકમાં ચરમ-અચરમનું દ્રવ્યની અપેક્ષાએ અલ્પબહુત્વ :–**

| વિકલ્પ | પ્રમાણ | કારણ |
|---|---|---|
| (૧) અચરમ | સર્વથી અલ્પ | લોકની સમીપેના નિષ્કૂટો સિવાય સંપૂર્ણ અલોક એક રૂપ છે. |
| (૨) અનેક ચરમ | અસંખ્યાત ગુણા | લોક સમીપેના અલોકના નિષ્કૂટો અસંખ્યાત છે. |
| (૩) અચરમ–ચરમ | વિશેષાધિક | બંનેની ગણના સાથે છે. |

**અલોકમાં ચરમ-અચરમનું પ્રદેશની અપેક્ષાએ અલ્પબહુત્વ :–**

| વિકલ્પ | પ્રમાણ | કારણ |
|---|---|---|
| (૧) ચરમાંત પ્રદેશો | સર્વથી અલ્પ | નિષ્કૂટોનું ક્ષેત્ર અલ્પ છે. |
| (૨) અચરમાંત પ્રદેશો | અનંતગુણા | નિષ્કૂટો સિવાયનું અલોક ક્ષેત્ર અનંતગણું મોટું છે. |
| (૩) ચરમાંત–અચરમાંત પ્રદેશો | વિશેષાધિક | બંનેની ગણના સાથે છે. |

**અલોકમાં ચરમ-અચરમનું દ્રવ્ય અને પ્રદેશની અપેક્ષાએ અલ્પબહુત્વ :–**

| વિકલ્પ | પ્રમાણ | કારણ |
|---|---|---|
| (૧) અચરમ | સર્વ અલ્પ | એક ખંડ રૂપ છે. |
| (૨) અનેક ચરમ | અસંખ્યાત ગુણા | નિષ્કૂટો અસંખ્યાત છે. |
| (૩) અચરમ–ચરમ | વિશેષાધિક | બંનેની સાથે ગણના છે. |
| (૪) ચરમાંત પ્રદેશો | અસંખ્યાતગુણા | અલોકના પ્રત્યેક નિષ્કૂટો અસંખ્યાત પ્રદેશી છે. |
| (૫) અચરમાંત પ્રદેશો | અનંતગુણા | નિષ્કૂટ સિવાયનું અલોક ક્ષેત્ર અનંત છે. |
| (૬) ચરમાંત–અચરમાંત પ્રદેશો | વિશેષાધિક | બંને પ્રકારના પ્રદેશોની સાથે ગણના છે. |

**લોકાલોકના ચરમ-અચરમાદિનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા લોક અને અલોકના અચરમ ખંડ છે કારણ કે તે એક-એક જ છે. (૨) તેનાથી લોકના અનેક ચરમખંડો અસંખ્યાતગુણા છે. (૩) તેનાથી અલોકના અનેક ચરમખંડો વિશેષાધિક છે. અલોક અનંત છે. તેનો અંતિમ ભાગ નથી પરંતુ લોકને સ્પર્શતા જે અલોકના નિષ્કૂટો છે તે જ ખૂણાના વિભાગો અલોકના ચરમખંડ કહેવાય છે. લોકના ચરમ ખંડોથી અલોકના ચરમખંડો વિશેષાધિક થાય છે. (૪) તેનાથી લોકના અને અલોકના અચરમ અને ચરમખંડો બંને મળીને વિશેષાધિક હોય છે. (૫) તેનાથી લોકના ચરમાંત પ્રદેશો અસંખ્યાતગુણા છે. લોકના અસંખ્યાત નિષ્કૂટો અસંખ્યાત પ્રદેશી છે, તેથી ચરમાંત પ્રદેશો અસંખ્યાત ગુણા થાય છે. (૬) તેનાથી અલોકના ચરમાંત પ્રદેશો વિશેષાધિક છે. લોકના ચરમખંડો(નિષ્કૂટો) કરતાં અલોકના નિષ્કૂટો કાંઈક વધુ છે. અલોકમાં અંતભાગ જેવું નથી. પરંતુ જ્યાં લોકના ખૂણાના ભાગ છે ત્યાં અલોકના પણ કરવતની જેમ દંતાકાર ભાગ સર્જાય છે. તે લોક કરતાં કાંઈક વધુ છે. તે અસંખ્યાત પ્રદેશી આકાશ ખંડો હોવાથી તેના પ્રદેશ પણ વિશેષાધિક છે. (૭) તેનાથી લોકના અચરમાંત પ્રદેશો અસંખ્યાતગુણા છે. લોક અસંખ્યાત પ્રદેશાત્મક છે. નિષ્કૂટ સિવાયનો મધ્યવર્તી લોક વિભાગ પણ અસંખ્યાત પ્રદેશાત્મક છે માટે અચરમાંત પ્રદેશો અસંખ્યાતગુણા છે. (૮) તેનાથી અલોકના અચરમાંત પ્રદેશો અનંતગુણા છે. લોકાન્ત સમીપે લોકના ખૂણાઓની વચ્ચે-વચ્ચે અલોકના ખૂણાઓ છે. આ દંતાકાર ભાગ સિવાયનો અલોક અનંતગુણો વિસ્તૃત છે, તેથી તેના અચરમાંત પ્રદેશો અનંતગુણા છે. (૯) તેનાથી લોક-અલોક બંનેના ચરમાંત-અચરમાંત પ્રદેશો વિશેષાધિક છે. ચરમાંત- અચરમાંત બંને ખંડના પ્રદેશોની સાથે ગણના છે તેથી સર્વ સમ્મિલિત પ્રદેશો વિશેષાધિક થાય છે.

(૧૦) તેનાથી સર્વ દ્રવ્ય વિશેષાધિક છે. અહીં સર્વ દ્રવ્યમાં ધર્માસ્તિકાયાદિ છએ દ્રવ્યોની ગણના કરવામાં આવી છે. તે આકાશના પ્રદેશોની સંખ્યા કરતાં બમણા થતા નથી માટે સર્વ દ્રવ્યો, લોક-અલોકના ચરમાંત-અચરમાંત પ્રદેશ કરતાં વિશેષાધિક કહ્યા છે.

સામાન્ય દષ્ટિએ અલોકાકાશના પ્રદેશોથી સર્વ દ્રવ્યો અનંતમા ભાગ પ્રમાણ છે અર્થાત્ સર્વ દ્રવ્યો થોડા છે અને આકાશ પ્રદેશ અનંતગુણા છે. વિશેષ અપેક્ષાએ અલોકના ચરમાંત પ્રદેશમાં લોકના ચરમાંતથી સંબંધિત શ્રેણિઓના પ્રદેશોની જ ગણના કરવામાં આવે છે, તેમાં સર્વ આકાશ પ્રદેશોની ગણના કરવામાં આવતી નથી. માટે અપેક્ષિત અપૂર્ણ અલોકના આકાશ પ્રદેશોથી સર્વ દ્રવ્ય વિશેષાધિક થાય, તે શક્ય છે. (૧૧) તેનાથી સર્વ પ્રદેશો(અલોકના આકાશ પ્રદેશોની અપેક્ષાએ)અનંતગુણા છે. (૧૨) તેનાથી સર્વ પર્યાયો અનંતગુણા છે. પ્રત્યેક પ્રદેશના અનંત પર્યાયો હોય છે.

**લોકાલોકમાં ચરમ-અચરમનું દ્રવ્યની અપેક્ષાએ અલ્પબહુત્વ :–**

| વિકલ્પ | પ્રમાણ | કારણ |
|---|---|---|
| (૧) લોક–અલોકના અચરમ દ્રવ્ય | સર્વથી અલ્પ અને પરસ્પર તુલ્ય | બંને એક–એક અચરમ ખંડ છે. |
| (૨) લોકના ચરમ દ્રવ્યો | અસંખ્યાતગુણા | લોકના પર્યંતવર્તી નિષ્કૂટો અસંખ્યાત છે. |
| (૩) અલોકના ચરમ દ્રવ્યો | વિશેષાધિક | લોકના નિષ્કૂટ કરતાંઅલોકના નિષ્કૂટ કાંઈક વધુ છે. |
| (૪) લોક-અલોકના અચરમ-ચરમ દ્રવ્યો | વિશેષાધિક | ઉપરોક્ત ત્રણે બોલની સાથે ગણના છે. |

**લોકાલોકમાં ચરમ-અચરમનું પ્રદેશની અપેક્ષાએ અલ્પબહુત્વ :–**

| વિકલ્પ | પ્રમાણ | કારણ |
|---|---|---|
| (૧) લોકના ચરમાંત પ્રદેશો | સર્વથી અલ્પ | લોક નિષ્કૂટોનું ક્ષેત્ર નાનું છે. |
| (૨) અલોકના ચરમાંત પ્રદેશો | વિશેષાધિક | લોક નિષ્કૂટ કરતાં અલોક નિષ્કૂટ કિંચિત્ વધુ છે. |
| (૩) લોકના અચરમાંત પ્રદેશો | અસંખ્યાતગુણા | નિષ્કૂટ સિવાયનું લોક ક્ષેત્ર અસંખ્યાતગણું મોટુ છે. |
| (૪) અલોકના અચરમાંત પ્રદેશો | અનંતગુણા | નિષ્કૂટ સિવાયનું અલોકક્ષેત્ર અનંતગણું મોટું છે. |
| (૫) લોક-અલોકના ચરમાંત અચરમાંત પ્રદેશો | વિશેષાધિક | ઉપરોક્ત ચારે ય બોલની સાથે ગણના છે. |

**લોકાલોકમાં ચરમ-અચરમનું દ્રવ્ય અને પ્રદેશની અપેક્ષાએ અલ્પબહુત્વ :–**

| વિકલ્પ | પ્રમાણ | કારણ |
|---|---|---|
| (૧) લોક–અલોકના અચરમ દ્રવ્ય | સર્વથી અલ્પ અને પરસ્પર તુલ્ય | બંને એક-એક, કુલ બે જ ખંડ રૂપ છે. |
| (૨) લોકના ચરમ દ્રવ્યો | અસંખ્યાતગુણા | લોકના નિષ્કૂટો અસંખ્યાત છે |
| (૩) અલોકના ચરમ દ્રવ્યો | વિશેષાધિક | લોક નિષ્કૂટ કરતાં અલોક નિષ્કૂટ વધુ છે. |
| (૪) લોક-અલોકના અચરમ-ચરમ દ્રવ્યો | વિશેષાધિક | ઉપરોક્ત ત્રણે બોલોની ગણના છે. |
| (૫) લોકના ચરમાંત પ્રદેશો | અસંખ્યાતગુણા. | લોકના અસંખ્યાત નિષ્કૂટો અસંખ્યાતપ્રદેશી છે. |
| (૬) અલોકના ચરમાંત પ્રદેશો | વિશેષાધિક | લોકના નિષ્કૂટ કરતાં અલોકના નિષ્કૂટ વધુ છે. |
| (૭) લોકના અચરમાંત પ્રદેશો | અસંખ્યાતગુણા | લોકાલોકના નિષ્કૂટ કરતાં લોકનો મધ્યખંડ અસંખ્યાતગણો મોટો છે. |
| (૮) અલોકના અચરમાંત પ્રદેશો | અનંતગુણા | ક્ષેત્ર અનંતગણું મોટું છે. |
| (૯) લોકાલોકના ચરમાંત અચરમાંત પ્રદેશો | વિશેષાધિક | ઉપરોક્ત ચારેનો સમાવેશ થાય છે. |
| (૧૦) સર્વ દ્રવ્ય | વિશેષાધિક | ધર્માસ્તિકાયાદિ પાંચે ય દ્રવ્યોનો સમાવેશ થાય છે. |
| (૧૧) સર્વ પ્રદેશો | અનંતગુણા | પુદ્ગલાદિ દ્રવ્યના પ્રદેશો અનંત છે. |
| (૧૨) સર્વ પર્યાયો | અનંતગુણા | પ્રત્યેક પ્રદેશના અગુરુલઘુ પર્યાયો અનંત છે. |

**પરમાણુ પુદ્ગલમાં ચરમ અચરમ આદિ :–**

**૬** **परमाणुपोग्गले णं भंते ! किं चरिमे, अचरिमे, अवत्तव्वए, चरिमाइं, अचरिमाइं, अवत्तव्वयाइं ?**

**उदाहु चरिमे य अचरिमे य, उदाहु चरिमे य अचरिमाइं च, उदाहु चरिमाइं च अचरिमे य, उदाहु चरिमाइं च अचरिमाइं च ? पढमा चउभंगी । उदाहु चरिमे य अवत्तव्वए य, उदाहु चरिमे य अवत्तव्वयाइं च, उदाहु चरिमाइं च अवत्तव्वए य, उदाहु चरिमाइं च अवत्तव्वयाइं च ? बीया चउभंगी । उदाहु अचरिमे य अवत्तव्वए य, उदाहु अचरिमे य अवत्तव्वयाइं च, उदाहु अचरिमाइं च अवत्तव्वए य, उदाहु अचरिमाइं च अवत्तव्वयाइं च ? तइया चउभंगी ।**

**उदाहु चरिमे य अचरिमे य अवत्तव्वए य, उदाहु चरिमे य अचरिमे य अवत्तव्वयाइं च, उदाहु चरिमे य अचरिमाइं च अवत्तव्वए य, उदाहु चरिमे य अचरिमाइं च अवत्तव्वयाइं च, उदाहु चरिमाइं च अचरिमे य अवत्तव्वए य, उदाहु चरिमाइं च अचरिमे य अवत्तव्वयाइं च, उदाहु चरिमाइं च अचरिमाइं च अवत्तव्वए य, उदाहु चरिमाइं च अचरिमाइं च अवत्तव्वयाइं च ? एवं एए छव्वीसं भंगा ।**

**गोयमा । परमाणुपोग्गले णो चरिमे, णो अचरिमे, णियमा अवत्तव्वए, सेसा भंगा पडिसेहेयव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરમાણુ પુદ્ગલ શું (૧) ચરમ છે (૨) અચરમ છે (૩) અવક્તવ્ય છે, (૪) અનેક ચરમ છે (૫) અનેક અચરમ છે (૬) અનેક અવક્તવ્ય છે; (અસંયોગી–૬ ભંગ છે).

અથવા (૭) એક ચરમ અને એક અચરમ છે (૮) એકચરમ અને અનેક અચરમ છે (૯) અનેક ચરમ અને એક અચરમ છે કે (૧૦) અનેક ચરમ અને અનેક અચરમ છે; (આ દ્વિસંયોગી પ્રથમ ચતુર્ભંગી છે.)

અથવા (૧૧) એક ચરમ અને એક અવક્તવ્ય છે (૧૨) એક ચરમ અને અનેક અવક્તવ્ય છે, (૧૩) અનેક ચરમ અને એક અવક્તવ્ય છે કે (૧૪) અનેક ચરમ અને અનેક અવક્તવ્ય છે; (આ દ્વિસંયોગી બીજી ચતુર્ભંગી છે.)

અથવા (૧૫) એક અચરમ અને એક અવક્તવ્ય છે (૧૬) એક અચરમ અને અનેક અવક્તવ્ય છે (૧૭) અનેક અચરમ અને એક અવક્તવ્ય છે કે (૧૮) અનેક અચરમ અને અનેક અવક્તવ્ય છે ? આ દ્વિસંયોગી ત્રીજી ચતુર્ભંગી છે; (કુલ દ્વિસંયોગી ૧૨ ભંગ છે.)

અથવા (૧૯) એક ચરમ, એક અચરમ અને એક અવક્તવ્ય છે (૨૦) એક ચરમ, એક અચરમ અને અનેક અવક્તવ્ય છે (૨૧) એક ચરમ, અનેક અચરમ અને એક અવક્તવ્ય છે કે (૨૨) એક ચરમ, અનેક અચરમ અને અનેક અવક્તવ્ય છે; (આ ત્રણ સંયોગીની પ્રથમ ચૌભંગી.)

અથવા (૨૩) અનેક ચરમ, એક અચરમ અને એક અવક્તવ્ય છે (૨૪) અનેક ચરમ, એક અચરમ અને અનેક અવક્તવ્ય છે (૨૫) અનેક ચરમ, અનેક અચરમ અને એક અવક્તવ્ય છે, અથવા (૨૬) અનેક ચરમ, અનેક અચરમ અને અનેક અવક્તવ્ય છે ? આ ત્રણ સંયોગીની બીજી ચૌભંગી છે કુલ ત્રણ સંયોગી ૮ ભંગ થયા. આ પ્રમાણે ચરમ, અચરમ અને અવક્તવ્યથી કુલ છવ્વીશ ભંગ થાય છે, તેમાંથી પરમાણુ પુદ્ગલમાં કયા ભંગ લાભે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પરમાણુ પુદ્ગલ નિયમા(ત્રીજા ભંગ રૂપ) અવક્તવ્ય છે. શેષ (૧) ચરમ, (૨) અચરમ આદિ ૨૫ ભંગોનો પરમાણુ પુદ્ગલમાં નિષેધ કરવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પરમાણુ પુદ્ગલમાં ચરમ, અચરમ અને અવક્તવ્યના એકવચન, બહુવચનના અસંયોગી અને સંયોગી ભંગોની પ્રરૂપણા છે.

તેમાં ચરમ, અચરમ અને અવક્તવ્ય, તે ત્રણ બોલ છે. તેના એકવચન અને બહુવચનના અસંયોગી ૬, દ્વિક સંયોગી ૧૨ અને ત્રિક સંયોગી ૮ ભંગ, એ રીતે કુલ ૨૬ ભંગ થાય છે.

**અસંયોગીના છ ભંગ :–** (૧) એક ચરમ, (૨) એક અચરમ, (૩) એક અવક્તવ્ય, (૪) અનેક ચરમ, (૫) અનેક અચરમ અને (૬) અનેક અવક્તવ્ય.

**દ્વિસંયોગી (ત્રણ ચૌભંગી) – ૧૨ ભંગ :–**

**(૧) દ્વિસંયોગીની પ્રથમ ચૌભંગી –**

(૭) એક ચરમ–એક અચરમ, (૯) અનેક ચરમ–એક અચરમ

(૮) એક ચરમ–અનેક અચરમ (૧૦) અનેક ચરમ–અનેક અચરમ

**(૨) દ્વિસંયોગીની બીજી ચૌભંગી :–**

(૧૧) એક ચરમ–એક અવક્તવ્ય (૧૩) અનેક ચરમ–એક અવક્તવ્ય,

(૧૨) એક ચરમ–અનેક અવક્તવ્ય (૧૪) અનેક ચરમ–અનેક અવક્તવ્ય.

**(૩) દ્વિસંયોગીની ત્રીજી ચૌભંગી :–**

(૧૫) એક અચરમ–એક અવક્તવ્ય (૧૭) અનેક અચરમ–એક અવક્તવ્ય

(૧૬) એક અચરમ–અનેક અવક્તવ્ય (૧૮) અનેક અચરમ–અનેક અવક્તવ્ય

**ત્રિસંયોગીના આઠ ભંગ :–**

(૧૯) એક ચરમ – એક અચરમ – એક અવક્તવ્ય,
(૨૦) એક ચરમ – એક અચરમ – અનેક અવક્તવ્ય,
(૨૧) એક ચરમ – અનેક અચરમ – એક અવક્તવ્ય
(૨૨) એક ચરમ – અનેક અચરમ – અનેક અવક્તવ્ય
(૨૩) અનેક ચરમ – એક અચરમ – એક અવક્તવ્ય
(૨૪) અનેક ચરમ – એક અચરમ – અનેક અવક્તવ્ય
(૨૫) અનેક ચરમ – અનેક અચરમ – એક અવક્તવ્ય
(૨૬) અનેક ચરમ – અનેક અચરમ – અનેક અવક્તવ્ય.

આ રીતે અસંયોગીના–છ ભંગ, દ્વિસંયોગીના–બાર ભંગ, ત્રિસંયોગીના–આઠ ભંગ. કુલ – ૬+૧૨+૮ = ૨૬ ભંગ થાય છે.

**છવ્વીસ ભંગોનું સ્વરૂપ :–**

**(૧) એક ચરમ–** દ્વિપ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ જ્યારે એક પ્રતરના બે આકાશ પ્રદેશ ઉપર એક શ્રેણીમાં સ્થિત થાય છે, ત્યારે એક પ્રદેશની અપેક્ષાએ બીજો અને બીજા પ્રદેશની અપેક્ષાએ પહેલો પ્રદેશ ચરમ કહેવાય છે. આ રીતે એક ચરમ રૂપ આ પ્રથમ ભંગ ઘટિત થાય છે.



**(૨) એક અચરમ–** અચરમ એટલે મધ્યમ. ચરમ વિના મધ્યમ શક્ય નથી, તેથી આ ભંગ શૂન્ય છે.

**(૩) એક અવક્તવ્ય–** પરમાણુથી અનંત પ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ જ્યારે એક આકાશ પ્રદેશ ઉપર સ્થિત થાય છે, ત્યારે તે ચરમ અથવા અચરમ શબ્દથી વાચ્ય થતો ન હોવાથી એક અવક્તવ્ય કહેવાય છે.



**(૪) અનેક ચરમ–** અચરમ વિના અનેક ચરમ શક્ય ન હોવાથી આ ભંગ શૂન્ય છે.

**(૫) અનેક અચરમ–** ચરમ વિના અચરમ શક્ય ન હોવાથી આ ભંગ શૂન્ય છે.

**(૬) અનેક અવક્તવ્ય–** ચરમ-અચરમ વિના અનેક અવક્તવ્ય સંભવિત ન હોવાથી આ ભંગ શૂન્ય છે.

**(૭) એક ચરમ, એક અચરમ–** પાંચ પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ જ્યારે એક પ્રતરના પાંચ આકાશ પ્રદેશ પર આડી ઊભી શ્રેણી રૂપે સ્થિત થાય, ત્યારે તેમાં એક પ્રદેશ મધ્યમાં હોય છે અને તેની ચારે દિશામાં એક-એક પ્રદેશ હોય છે. આ રીતે સ્થિત તે સ્કંધોમાં મધ્યનો એક પ્રદેશ અચરમ કહેવાય છે અને ચારે દિશાના ચાર પ્રદેશો ગોળાઈમાં એક પ્રતર પર સ્થિત હોવાથી એકત્વની વિવક્ષાએ એક ચરમ કહેવાય છે.



**(૮) એક ચરમ, અનેક અચરમ–** છ પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ જ્યારે એક પ્રતરના છ આકાશ પ્રદેશ ઉપર આડી ઊભી શ્રેણી રૂપે સ્થિત થાય, ત્યારે તેમાં બે પ્રદેશ મધ્યમાં હોય છે અને તેની ચારે દિશામાં એક-એક પ્રદેશ હોય છે. આ રીતે સ્થિત તે સ્કંધમાં મધ્યના બે પ્રદેશ અનેક અચરમ છે અને ચારે દિશાના એક-એક પ્રદેશ સાતમા ભંગની જેમ એકત્વ પરિણામે પરિણત હોવાથી એક ચરમ કહેવાય છે. આ રીતે આ ભંગ સાતમા ભંગની સમાન છે પરંતુ આ ભંગમાં મધ્યવર્તી બે અચરમ હોય છે.



**(૯) અનેક ચરમ, એક અચરમ–** ત્રણ પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ જ્યારે એક પ્રતરના ત્રણ આકાશ પ્રદેશ ઉપર એક શ્રેણીમાં સ્થિત થાય, ત્યારે તેમાં મધ્યવર્તી એક પ્રદેશ અચરમ હોય છે અને તેની આજુબાજુના બે પ્રદેશ અનેક ચરમ રૂપ હોવાથી આ ભંગ ઘટિત થાય છે.



**(૧૦) અનેક ચરમ, અનેક અચરમ–** ચાર પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ જ્યારે એક પ્રતરના ચાર આકાશ પ્રદેશ ઉપર એક શ્રેણીમાં સ્થિત થાય, ત્યારે તેમાં મધ્યવર્તી બે પ્રદેશ અનેક અચરમ હોય છે અને તેની આજુબાજુના બે પ્રદેશ અનેક ચરમ રૂપ હોવાથી આ ભંગ ઘટિત થાય છે. આ ભંગ નવમા ભંગની સમાન છે પરંતુ આ ભંગમાં મધ્યવર્તી અચરમ બે હોય છે.



**(૧૧) એક ચરમ, એક અવક્તવ્ય–** ત્રણ પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ જ્યારે બે પ્રતરના ત્રણ આકાશ પ્રદેશ ઉપર સ્થિત થાય, ત્યારે તેમાં બે પ્રદેશ એક પ્રતરના બે આકાશ પ્રદેશ ઉપર એક શ્રેણીમાં હોય અને તે બે પ્રદેશમાંથી કોઈ એક પ્રદેશની ઉપર અથવા નીચે બીજા પ્રતરમાં એક પ્રદેશ સ્થિત હોય ત્યારે આ ભંગ ઘટિત થાય છે. આ ભંગમાં પ્રથમ ભંગની જેમ બે પ્રદેશ પરસ્પર એક ચરમ છે અને બીજા પ્રતર પરનો એક પ્રદેશ એક અવક્તવ્ય છે.



**(૧૨) એક ચરમ, અનેક અવક્તવ્ય–** ચાર પ્રદેશી સ્કંધથી અનંતપ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ જ્યારે ત્રણ પ્રતરના ચાર આકાશ પ્રદેશ પર સ્થિત થાય, ત્યારે તેમાં એક પ્રતરની એક શ્રેણીમાં બે આકાશ પ્રદેશ પર બે પ્રદેશ સ્થિત હોય અને તેની ઉપર તથા નીચેના પ્રતરોમાં એક-એક આકાશ પ્રદેશ ઉપર એક-એક પ્રદેશ સ્થિત હોય ત્યારે આ ભંગ ઘટિત થાય છે. આ ભંગ અગિયારમા ભંગની સમાન છે પરંતુ આમાં એક અવક્તવ્ય વધુ હોય છે.



**(૧૩) અનેક ચરમ, એક અવક્તવ્ય–** પાંચ પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ જ્યારે ત્રણ પ્રતરના પાંચ આકાશ પ્રદેશ ઉપર સ્થિત થાય, ત્યારે તેમાં એક પ્રતરની એક શ્રેણીમાં બે આકાશ પ્રદેશ પર બે પ્રદેશ સ્થિત હોય અને તેની ઉપર બીજા પ્રતરમાં તે જ રીતે એક શ્રેણીએ બે પ્રદેશ સ્થિત હોય અને ત્રીજા પ્રતરમાં એક પ્રદેશ સ્થિત થાય ત્યારે આ ભંગ ઘટિત થાય છે. તેમાં બે પ્રતરના બે-બે પ્રદેશ અનેક ચરમ છે અને ત્રીજા પ્રતર પરનો એક પ્રદેશ એક અવક્તવ્ય છે.



**(૧૪) અનેક ચરમ, અનેક અવક્તવ્ય–** છ પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ જ્યારે ચાર પ્રતરના છ આકાશ પ્રદેશ ઉપર સ્થિત થાય ત્યારે તેમાં મધ્યવર્તી બે પ્રતરમાં તેરમા ભંગની જેમ એક-એક શ્રેણીએ બે-બે પ્રદેશ સ્થિત થાય અને તેની ઉપર તથા નીચેના એક-એક પ્રતરના એક-એક આકાશ પ્રદેશ પર એક-એક પ્રદેશ સ્થિત થાય ત્યારે આ ભંગ ઘટિત થાય છે. તેમાં મધ્યના બે પ્રતરના બે-બે પ્રદેશ અનેક ચરમ અને ઉપર-નીચેના પ્રતરના એક-એક પ્રદેશ અનેક અવક્તવ્ય છે.



**(૧૫ થી ૧૮)** એક અચરમ એક અવક્તવ્ય, એક અચરમ અનેક અવક્તવ્ય, અનેક અચરમ એક અવક્તવ્ય અને અનેક ચરમ અનેક અવક્તવ્ય; આ ચાર ભંગમાં ચરમ વિના અચરમનું કથન છે, તેમ શક્ય ન હોવાથી, આ ચારે ભંગ શૂન્ય છે.

**(૧૯) એક ચરમ, એક અચરમ, એક અવક્તવ્ય–** છ પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ જ્યારે બે પ્રતરના છ આકાશ પ્રદેશ ઉપર સ્થિત થાય, ત્યારે તેમાં એક પ્રતરના પાંચ આકાશ પ્રદેશોમાંથી મધ્યમાં એક પ્રદેશ અને ચાર દિશામાં ચાર પ્રદેશ સ્થિત હોય તથા તેની ઉપરના અથવા નીચેના કોઈપણ એક પ્રતરમાં એક આકાશ પ્રદેશ ઉપર એક પ્રદેશ સ્થિત હોય ત્યારે આ ભંગ ઘટિત થાય છે. તેમાં મધ્યનો એક પ્રદેશ એક અચરમ, ચારે દિશાના ચાર પ્રદેશો એકત્વની વિવક્ષાથી



એક ચરમ છે અને બીજા પ્રતરનો એક પ્રદેશ એક અવક્તવ્ય છે. આ રીતે આ ભંગમાં સાતમા ભંગ કરતાં એક અવક્તવ્ય વધુ છે. શેષ સર્વ વિગત સાતમા ભંગની સમાન છે.

**(૨૦) એક ચરમ, એક અચરમ, અનેક અવક્તવ્ય**– સાત પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ, જ્યારે ત્રણ પ્રતરના સાત આકાશ પ્રદેશ ઉપર સ્થિત થાય, ત્યારે તેમાં મધ્યવર્તી પ્રતરના પાંચ આકાશ પ્રદેશોમાંથી વચ્ચે એક પ્રદેશ અને તેની ચાર દિશામાં ચાર પ્રદેશ સ્થિત થાય અને ઉપરના તથા નીચેના પ્રતરોમાં એક-એક આકાશ પ્રદેશ ઉપર એક-એક પ્રદેશ સ્થિત થાય ત્યારે આ ભંગ ઘટિત થાય છે. તેમાં મધ્યવર્તી પ્રતરમાં એક ચરમ, એક અચરમ અને ઉપર-નીચેના પ્રતરોમાં બે(અનેક)અવક્તવ્ય છે. આ રીતે આ ભંગમાં ઓગણીસમા ભંગથી એક અવક્તવ્ય વધુ છે. શેષ સર્વ વિગત તેની સમાન છે.



**(૨૧) એક ચરમ, અનેક અચરમ, એક અવક્તવ્ય**– સાત પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ જ્યારે બે પ્રતરના સાત આકાશ પ્રદેશ ઉપર સ્થિત થાય ત્યારે તેમાં એક પ્રતરના છ આકાશ પ્રદેશ પર મધ્યમાં બે અને તેની ચાર દિશામાં ચાર પ્રદેશ સ્થિત થાય તથા ઉપરના કે નીચેના એક પ્રતરના એક આકાશ પ્રદેશ પર એક પ્રદેશ સ્થિત થાય ત્યારે આ ભંગ ઘટિત થાય છે. તેમાં પ્રથમ પ્રતરમાં મધ્યવર્તી બે પ્રદેશ અનેક (બે) અચરમ, ચાર દિશાના ચાર પ્રદેશ એક ચરમ અને અન્ય પ્રતરનો એક પ્રદેશ એક અવક્તવ્ય છે. આ રીતે આ ભંગમાં ઓગણીસમા ભંગ કરતાં એક અચરમ વધુ છે. શેષ સર્વ વિગત તેની સમાન છે.



**(૨૨) એક ચરમ, અનેક અચરમ, અનેક અવક્તવ્ય**– આઠ પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ જ્યારે ત્રણ પ્રતરના આઠ આકાશ પ્રદેશ ઉપર સ્થિત થાય, ત્યારે તેમાં એક પ્રતરના છ આકાશ પ્રદેશ પર મધ્યમાં બે અને તેની ચાર દિશામાં ચાર પ્રદેશ સ્થિત થાય અને ઉપર તથા નીચેના બંને પ્રતરોમાં એક-એક આકાશ પ્રદેશ ઉપર એક-એક પ્રદેશ સ્થિત થાય ત્યારે આ ભંગ ઘટિત થાય છે. તેમાં મધ્યના પ્રતરમાં મધ્યવર્તી બે પ્રદેશ અનેક અચરમ છે, ચાર દિશાના ચાર પ્રદેશો એકત્વની વિવક્ષાથી એક ચરમ છે અને ઉપર-નીચેના પ્રતરોના એક-એક પ્રદેશ અનેક અવક્તવ્ય છે. આ રીતે આ ભંગમાં એકવીસમા ભંગથી એક અવક્તવ્ય વધુ છે, શેષ સર્વ વિગત તેની સમાન છે.



**(૨૩) અનેક ચરમ, એક અચરમ, એક અવક્તવ્ય**– ચાર પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ જ્યારે બે પ્રતરના ચાર આકાશ પ્રદેશ ઉપર સ્થિત થાય, ત્યારે તેમાં એક પ્રતરની એક શ્રેણીએ ત્રણ આકાશ પ્રદેશ પર ત્રણ પ્રદેશ સ્થિત થાય અને ઉપર કે નીચેના કોઈપણ એક પ્રતરમાં એક આકાશ પ્રદેશ પર એક પ્રદેશ સ્થિત થાય ત્યારે આ ભંગ ઘટિત થાય છે. તેમાં એક પ્રતર પરના ત્રણ પ્રદેશોમાં મધ્યવર્તી એક પ્રદેશ એક અચરમ છે, તેની આજુબાજુના બે પ્રદેશ અનેક ચરમ છે અને ઉપર કે નીચેના પ્રતરનો એક પ્રદેશ એક અવક્તવ્ય છે. આ રીતે આ ભંગમાં નવમા ભંગ કરતા એક અવક્તવ્ય વધુ છે, શેષ સર્વ વિગત તેની સમાન છે.



**(૨૪) અનેક ચરમ, એક અચરમ, અનેક અવક્તવ્ય–** પાંચ પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ જ્યારે ત્રણ પ્રતરના પાંચ આકાશ પ્રદેશ ઉપર સ્થિત થાય, ત્યારે તેમાં ત્રેવીસમા ભંગની જેમ એક પ્રતરની એક શ્રેણીમાં ત્રણ પ્રદેશ અને તેની ઉપર તથા નીચેના પ્રતરમાં એક-એક પ્રદેશ સ્થિત થાય ત્યારે આ ભંગ ઘટિત થાય છે. તેમાં મધ્યના પ્રતરમાં વચ્ચેનો એક પ્રદેશ એક અચરમ છે અને આજુબાજુના બે પ્રદેશ અનેક ચરમ છે તથા ઉપર-નીચેના પ્રતરમાં સ્થિત એક-એક પ્રદેશ અનેક (બે) અવક્તવ્ય છે.આ રીતે આ ભંગમાં ત્રેવીસમા ભંગથી એક અવક્તવ્ય વધુ છે.



**(૨૫) અનેક ચરમ, અનેક અચરમ, એક અવક્તવ્ય–** પાંચ પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ જ્યારે બે પ્રતરના પાંચ આકાશ પ્રદેશ ઉપર સ્થિત થાય ત્યારે તેમાં એક પ્રતરની એક શ્રેણીમાં ચાર આકાશ પ્રદેશો પર ચાર પ્રદેશ સ્થિત થાય અને ઉપર કે નીચેના કોઈ પણ એક પ્રતરના એક આકાશ પ્રદેશ પર એક પ્રદેશ સ્થિત થાય ત્યારે આ ભંગ ઘટિત થાય છે. તેમાં એક પ્રતરના ચાર પ્રદેશોમાં મધ્યના બે પ્રદેશ અનેક (બે) અચરમ છે, આજુબાજુના બે પ્રદેશ અનેક (બે) ચરમ છે અને ઉપરના પ્રતરનો એક પ્રદેશ એક અવક્તવ્ય છે. આ રીતે આ ભંગમાં દસમા ભંગથી એક અવક્તવ્ય વધુ છે, શેષ સર્વ વિગત તેની સમાન છે.



**(૨૬) અનેક ચરમ, અનેક અચરમ, અનેક અવક્તવ્ય–** છ પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સુધીનો કોઈપણ સ્કંધ જ્યારે ત્રણ પ્રતરના છ આકાશ પ્રદેશ ઉપર સ્થિત થાય, ત્યારે તેમાં એક પ્રતરની એક શ્રેણીમાં ચાર આકાશ પ્રદેશ ઉપર ચાર પ્રદેશ સ્થિત થાય અને ઉપર તથા નીચેના પ્રતરોમાં એક-એક આકાશ પ્રદેશ પર એક-એક પ્રદેશ સ્થિત થાય ત્યારે આ ભંગ ઘટિત થાય છે. તેમાં એક પ્રતરના ચાર પ્રદેશમાંથી મધ્યના બે પ્રદેશ અનેક અચરમ છે અને આજુબાજુના બે પ્રદેશ અનેક ચરમ છે, ઉપર-નીચેના પ્રતરવર્તી એક-એક પ્રદેશ અનેક અવક્તવ્ય છે. આ રીતે આ ભંગમાં પચીસમા ભંગ કરતાં એક અવક્તવ્ય વધુ છે, શેષ સર્વ વિગત તેની સમાન છે.



**આકૃતિના સંકેત :–**  = એક પ્રતર,  = એક આકાશ પ્રદેશ, ● = પુદ્‌ગલ પ્રદેશ.

**દરેક ભંગમાં અનેક સ્કંધોનો સમાવેશ :–** અલ્પપ્રદેશી સ્કંધમાં પ્રાપ્ત થતાં ભંગ વધુ પ્રદેશી સ્કંધમાં પણ ઘટિત થાય છે. તે ભંગોમાં આકાશ પ્રદેશ તો અલ્પપ્રદેશી સ્કંધની સમાન જ હોય છે. પરંતુ તેમાં એક-એક આકાશ પ્રદેશ પર સ્કંધ પ્રમાણે વધુ-વધુ પ્રદેશો સ્થિત થાય છે. જેમ કે– **અનેક ચરમ એક અચરમ** નામના નવમા ભંગમાં ત્રણ આકાશપ્રદેશ ઉપર ત્રણ પ્રદેશી સ્કંધ સ્થિત થાય ત્યારે દરેક આકાશ પ્રદેશ પર એક-એક પ્રદેશ રહે છે અને જ્યારે ત્રણ આકાશ પ્રદેશ પર છ પ્રદેશી સ્કંધ સ્થિત થાય તો એક-એક આકાશપ્રદેશ પર બે-બે પ્રદેશ રહે છે. આ રીતે જેટલા પ્રદેશી સ્કંધ હોય તેના સર્વ પ્રદેશો આ નવમા ભંગમાં ત્રણ આકાશપ્રદેશોમાં સમાવિષ્ટ થઈ જાય છે. આ રીતે ત્રણ પ્રદેશીથી લઈને અનંત પ્રદેશી સુધીના સર્વ સ્કંધોમાં આ નવમો ભંગ ઘટિત થાય છે. આ જ રીતે અન્ય ભંગોમાં વધુ પ્રદેશી સ્કંધોને સમજી લેવા જોઈએ. યથા– (□ = આકાશ પ્રદેશ,● = સ્કંધ પ્રદેશ) નવમા ભંગમાં ત્રણ પ્રદેશી સ્કંધની આકૃતિ 
છ પ્રદેશી સ્કંધની આકૃતિ  દશ પ્રદેશી સ્કંધની આકૃતિ 

## છવ્વીસ ભંગોની પરમાણુ આદિમાં ઉપલબ્ધિનું દર્શન :–

| ક્રમ | ભંગનું નામ | આકૃતિ | વિવરણ |
|---|---|---|---|
| ૧ | એક ચરમ |  | એક જ પ્રતરમાં બે આકાશ પ્રદેશ ઉપર સ્થિત<br>બે પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |
| ૨ | એક અચરમ | × | કોઈપણ સ્કંધમાં સંભવિત નથી. |
| ૩ | એક અવક્તવ્ય |  | એક આકાશ પ્રદેશ ઉપર સ્થિત<br>પરમાણુથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |
| ૪ | અનેક ચરમ | × | કોઈપણ સ્કંધમાં સંભવિત નથી. |
| ૫ | અનેક અચરમ | × | કોઈપણ સ્કંધમાં સંભવિત નથી. |
| ૬ | અનેક અવક્તવ્ય | × | કોઈપણ સ્કંધમાં સંભવિત નથી. |
| ૭ | એક ચરમ<br>એક અચરમ |  | એક પ્રતરમાં પાંચ આકાશ પ્રદેશ પર સ્થિત<br>પાંચ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |
| ૮ | એક ચરમ<br>અનેક અચરમ |  | એક પ્રતરમાં છ આકાશ પ્રદેશ પર સ્થિત<br>છ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |
| ૯ | અનેક ચરમ<br>એક અચરમ |  | એક પ્રતરમાં ત્રણ આકાશ પ્રદેશ પર સ્થિત<br>ત્રણ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |
| ૧૦ | અનેક ચરમ<br>અનેક અચરમ |  | એક પ્રતરમાં ચાર આકાશ પ્રદેશ પર સ્થિત<br>ચાર પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |
| ૧૧ | એક ચરમ<br>એક અવક્તવ્ય |  | બે પ્રતરમાં ત્રણ આકાશ પ્રદેશ પર સ્થિત<br>ત્રણ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |
| ૧૨ | એક ચરમ<br>અનેક અવક્તવ્ય |  | ત્રણ પ્રતરમાં ચાર આકાશ પ્રદેશ પર સ્થિત<br>ચાર પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |
| ૧૩ | અનેક ચરમ<br>એક અવક્તવ્ય |  | ત્રણ પ્રતરમાં પાંચ આકાશ પ્રદેશ પર સ્થિત<br>પાંચ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |
| ૧૪ | અનેક ચરમ<br>અનેક અવક્તવ્ય |  | ચાર પ્રતરમાં છ આકાશ પ્રદેશ પર સ્થિત<br>છ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |
| ૧૫ | એક અચરમ<br>એક અવક્તવ્ય | × | કોઈપણ સ્કંધમાં સંભવિત નથી. |
| ૧૬ | એક અચરમ<br>અનેક અવક્તવ્ય | × | કોઈપણ સ્કંધમાં સંભવિત નથી. |
| ૧૭ | અનેક અચરમ<br>એક અવક્તવ્ય | × | કોઈપણ સ્કંધમાં સંભવિત નથી. |
| ૧૮ | અનેક અચરમ<br>અનેક અવક્તવ્ય | × | કોઈપણ સ્કંધમાં સંભવિત નથી. |
| ૧૯ | એક ચરમ<br>એક અચરમ<br>એક અવક્તવ્ય |  | બે પ્રતરમાં છ આકાશ પ્રદેશ પર સ્થિત<br>છ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |

| ક્રમ | ભંગનું નામ | આકૃતિ | વિવરણ |
|---|---|---|---|
| ૨૦ | એક ચરમ<br>એક અચરમ<br>અનેક અવક્તવ્ય |  | ત્રણ પ્રતરમાં સાત આકાશ પ્રદેશ પર સ્થિત<br>સાત પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |
| ૨૧ | એક ચરમ<br>અનેક અચરમ<br>એક અવક્તવ્ય |  | બે પ્રતરમાં સાત આકાશ પ્રદેશ પર સ્થિત<br>સાત પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |
| ૨૨ | એક ચરમ<br>અનેક અચરમ<br>અનેક અવક્તવ્ય |  | ત્રણ પ્રતરમાં આઠ આકાશ પ્રદેશ પર સ્થિત<br>આઠ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |
| ૨૩ | અનેક ચરમ<br>એક અચરમ<br>એક અવક્તવ્ય |  | બે પ્રતરમાં ચાર આકાશ પ્રદેશ પર સ્થિત<br>ચાર પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |
| ૨૪ | અનેક ચરમ<br>એક અચરમ<br>અનેક અવક્તવ્ય |  | ત્રણ પ્રતરમાં પાંચ આકાશ પ્રદેશ પર સ્થિત<br>પાંચ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |
| ૨૫ | અનેક ચરમ<br>અનેક અચરમ<br>એક અવક્તવ્ય |  | બે પ્રતરમાં પાંચ આકાશ પ્રદેશ પર સ્થિત<br>પાંચ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |
| ૨૬ | અનેક ચરમ<br>અનેક અચરમ<br>અનેક અવક્તવ્ય |  | ત્રણ પ્રતરમાં છ આકાશ પ્રદેશ પર સ્થિત<br>છ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધોમાં હોય છે. |

**પરમાણુ પુદ્ગલમાં એક ત્રીજો ભંગ–** પ્રસ્તુત સૂત્રમાં પરમાણુ પુદ્ગલનું કથન છે, તે અપ્રદેશી અને નિરંશ હોવાથી તેમાં કોઈ અવયવ કે વિભાગની કલ્પના થઈ શકતી નથી, તેથી તેમાં ચરમત્વ, અચરમત્વ કે એકવચન, બહુવચન સંબંધી કોઈ પણ ભંગ ઘટિત થતા નથી; તેમાં એક માત્ર ત્રીજો અવક્તવ્ય ભંગ જ ઘટિત થાય છે.

**દ્વિપ્રદેશી સ્કંધમાં ચરમ આદિ :–**

**૭ दुपएसिए णं भंते ! खंधे पुच्छा ? गोयमा ! दुपएसिए खंधे सिय चरिमे, णो अचरिमे, सिय अवत्तव्वए सेसा भंगा पडिसेहेयव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્વિપ્રદેશી સ્કંધ શું ચરમ છે, ઇત્યાદિ છવ્વીસ ભંગાત્મક પ્રશ્ન પૂર્વવત્? **ઉત્તર–** હે ગૌતમ ! દ્વિપ્રદેશી સ્કંધ (૧) કદાચિત્ ચરમ હોય છે, (૨) અચરમ હોતો નથી, (૩) કદાચિત્ અવક્તવ્ય હોય છે. શેષ સર્વ ભંગોનો નિષેધ કરવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં દ્વિપ્રદેશી સ્કંધમાં બે ભંગ (૧, ૩) હોવાનું નિરૂપણ છે. તે આ પ્રમાણે છે–

**(૧) પ્રથમ ભંગ–** દ્વિપ્રદેશી સ્કંધ જ્યારે એક જ પ્રતરના બે આકાશ પ્રદેશ પર એક શ્રેણીમાં સ્થિત હોય,

ત્યારે તે સ્કંધના બંને પ્રદેશોમાંથી કોઈ પણ એક પ્રદેશ બીજાની અપેક્ષાએ ચરમ થાય છે. તેથી તેમાં **એક ચરમ** નામનો આ **ભંગ** ઘટિત થાય છે.

**(૨) ત્રીજો ભંગ**– દ્વિપ્રદેશી સ્કંધ જ્યારે એક જ આકાશ પ્રદેશ પર સ્થિત હોય, ત્યારે તથાવિધ એકત્વ પરિણામે પરિણત હોવાથી તેમાં પરમાણુની જેમ **એક અવક્તવ્ય** નામનો **આ ભંગ** ઘટિત થાય છે. આ રીતે દ્વિપ્રદેશી સ્કંધમાં છવ્વીસ ભંગમાંથી બે ભંગ પ્રાપ્ત થાય છે, શેષ ૨૪ ભંગ પ્રાપ્ત થતા નથી.

**ત્રણ પ્રદેશી સ્કંધમાં ચરમાદિ :–**

**૮ तिपएसिए णं भंते! खंधे पुच्छा ? गोयमा ! तिपएसिए खंधे सिय चरिमे, णो अचरिमे, सिय अवत्तव्वए, णो चरिमाइं, णो अचरिमाइं, णो अवत्तव्वयाइं; णो चरिमे अचरिमे य, णो चरिमे य अचरिमाइं च, सिय चरिमाइं च अचरिमे य, णो चरिमाइं च अचरिमाइं च, सिय चरिमे य अवत्तव्वए य, सेसा भंगा पडिसेहेयव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! ત્રિપ્રદેશી સ્કંધ શું ચરમ છે, ઇત્યાદિ છવ્વીસ ભંગાત્મક પ્રશ્ન પૂર્વવત્?

**ઉત્તર**– હે ગૌતમ ! ત્રિપ્રદેશી સ્કંધ (૧) કદાચિત્ ચરમ છે, (૨) અચરમ નથી, (૩) કદાચિત્ અવક્તવ્ય છે, (૪) અનેક ચરમ નથી (૫) અનેક અચરમ નથી (૬) અનેક અવક્તવ્ય નથી (૭) એક ચરમ અને એક અચરમ નથી (૮) એક ચરમ અને અનેક અચરમ નથી (૯) કદાચિત્ અનેક ચરમ અને એક અચરમ છે, (૧૦) અનેક ચરમ અને અનેક અચરમ નથી, (૧૧) કદાચિત્ એક ચરમ અને એક અવક્તવ્ય છે. શેષ ભંગોનો નિષેધ કરવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ત્રણ પ્રદેશી સ્કંધમાં ચાર ભંગ (૧, ૩, ૯, ૧૧) હોવાનું નિરૂપણ છે. તે આ પ્રમાણે છે–

**(૧) પ્રથમ ભંગ**– ત્રિપ્રદેશી સ્કંધ જ્યારે એક પ્રતરના બે આકાશ પ્રદેશ પર સ્થિત હોય, ત્યારે **એક ચરમ** નામનો આ પ્રથમ ભંગ ઘટિત થાય છે.

**(૨) ત્રીજો ભંગ**– ત્રિપ્રદેશી સ્કંધ જ્યારે એક જ આકાશ પ્રદેશ પર સ્થિત હોય, ત્યારે તેમાં **એક અવક્તવ્ય** નામનો આ ત્રીજો ભંગ ઘટિત થાય છે.

**(૩) નવમો ભંગ**– ત્રિપ્રદેશી સ્કંધ જ્યારે એક જ પ્રતરના ત્રણ આકાશ પ્રદેશ પર એક શ્રેણીમાં સ્થિત હોય, ત્યારે વચ્ચેના પ્રદેશની અપેક્ષાએ આજુબાજુના બંને પ્રદેશ અંતિમ હોવાથી બે ચરમ છે અને મધ્યનો પ્રદેશ અચરમ છે. તેથી **અનેક ચરમ–એક અચરમ** નામનો આ નવમો ભંગ ઘટિત થાય છે.

**(૪) અગિયારમો ભંગ**– ત્રિપ્રદેશી સ્કંધ જ્યારે બે પ્રતરના ત્રણ આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને તેમાંથી બે પ્રદેશો એક પ્રતરમાં સમશ્રેણીએ બે આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને એક પ્રદેશ બીજા પ્રતરના એક આકાશ પ્રદેશ પર સ્થિત હોય, ત્યારે સમશ્રેણીમાં સ્થિત બે પ્રદેશ એકબીજાની અપેક્ષાએ પરસ્પર ચરમ છે, તેથી એક ચરમ અને બીજા પ્રતરગત એક પ્રદેશ અવક્તવ્ય છે, તેથી તેમાં **એક ચરમ એક અવક્તવ્ય** નામનો આ અગિયારમો ભંગ ઘટિત થાય છે. આ રીતે ત્રિપ્રદેશી સ્કંધમાં છવ્વીસ ભંગમાંથી ચાર ભંગ પ્રાપ્ત થાય છે, શેષ બાવીસ ભંગ પ્રાપ્ત થતા નથી.

**ચાર પ્રદેશી સ્કંધમાં ચરમ અચરમ આદિ :–**

**९** चउपएसिए णं भंते ! खंधे पुच्छा ?

गोयमा ! चउपएसिए णं खंधे सिय चरिमे, णो अचरिमे, सिय अवत्तव्वए , णो चरिमाइं, णो अचरिमाइं, णो अवत्तव्वयाइं; णो चरिमे य अचरिमे य, णो चरिमे य अचरिमाइं च, सिय चरिमाइं च अचरिमे य, सिय चरिमाइं च अचरिमाइं च; सिय चरिमे य अवत्तव्वए य, सिय चरिमे य अवत्तव्वयाइं च, णो चरिमाइं च अवत्तव्वए य, णो चरिमाइं च अवत्तव्वयाइं च; णो अचरिमे य अवत्तव्वए य, णो अचरिमे य अवत्तव्वयाइं च, णो अचरिमाइं च अवत्तव्वए य, णो अचरिमाइं च अवत्तव्वयाइं च; णो चरिमे य अचरिमे य अवत्तव्वए य, णो चरिमे य अचरिमे य अवत्तव्वयाइं च, णो चरिमे य अचरिमाइं च अवत्तव्वए य, णो चरिमे य अचरिमाइं च अवत्तव्वयाइं च; सिय चरिमाइं च अचरिमे य अवत्तव्वए य, सेसा भंगा पडिसेहेयव्वा ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચતુષ્પ્રદેશી સ્કંધ શું ચરમ છે, ઈત્યાદિ છવ્વીસ ભંગાત્મક પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચતુષ્પ્રદેશી સ્કંધ (૧) કદાચિત્ ચરમ છે, (૨) અચરમ નથી, (૩) કદાચિત્ અવક્તવ્ય છે, (૪) અનેક ચરમ નથી (૫) અનેક અચરમ નથી (૬) અનેક અવક્તવ્ય નથી(૭) એક ચરમ અને એક અચરમ નથી (૮) એક ચરમ અને અનેક અચરમ નથી (૯) કદાચિત અનેક ચરમ અને એક અચરમ છે, (૧૦) કદાચિત્ અનેક ચરમ અને અનેક અચરમ હોય છે, (૧૧) કદાચિત્ એકચરમ અને એક અવક્તવ્ય છે (૧૨) કદાચિત્ એક ચરમ અને અનેક અવક્તવ્ય છે, (૧૩) અનેક ચરમ અને એક અવક્તવ્ય હોતો નથી(૧૪) અનેક ચરમ અને અનેક અવક્તવ્ય નથી (૧૫) એક અચરમ અને એક અવક્તવ્ય નથી (૧૬) એક અચરમ અને અનેક અવક્તવ્ય નથી (૧૭) અનેક અચરમ અને એક અવક્તવ્ય નથી (૧૮) અનેક અચરમ અને અનેક અવક્તવ્ય નથી (૧૯) એક ચરમ, એક અચરમ અને એક અવક્તવ્ય નથી(૨૦) એક ચરમ, એક અચરમ અને અનેક અવક્તવ્ય નથી (૨૧) એક ચરમ, અનેક અચરમ અને એક અવક્તવ્ય નથી (૨૨) એક ચરમ, અનેક અચરમ અને અનેક અવક્તવ્ય નથી (૨૩) કદાચિત્ અનેક ચરમ, એક અચરમ અને એક અવક્તવ્ય છે. શેષ ભંગોનો નિષેધ કરવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચાર પ્રદેશી સ્કંધમાં સાત ભંગ(૧, ૩, ૯, ૧૦, ૧૧, ૧૨, ૨૩) હોવાનું નિરૂપણ છે. તે આ પ્રમાણે છે–

**(૧) પ્રથમ ભંગ–** ચાર પ્રદેશી સ્કંધ જ્યારે એક પ્રતરના બે આકાશ પ્રદેશ પર સ્થિત હોય, ત્યારે તેમાં **એક ચરમ** નામનો આ પ્રથમ ભંગ ઘટિત થાય છે.

**(૨) ત્રીજો ભંગ–** ચાર પ્રદેશી સ્કંધ જ્યારે એક પ્રતરના એક આકાશ પ્રદેશ પર સ્થિત હોય, ત્યારે તેમાં **એક અવક્તવ્ય** નામનો આ ત્રીજો ભંગ ઘટિત થાય છે.

**(૩) નવમો ભંગ–** ચાર પ્રદેશી સ્કંધ જ્યારે એક પ્રતરના ત્રણ આકાશ પ્રદેશ પર સમશ્રેણીએ સ્થિત હોય, ત્યારે તેમાં **અનેક ચરમ એક અચરમ** નામનો આ નવમો ભંગ ઘટિત થાય છે.

**(૪) દશમો ભંગ–** ચાર પ્રદેશી સ્કંધ જ્યારે એક જ પ્રતરના ચાર આકાશ પ્રદેશ પર સમશ્રેણીએ સ્થિત

હોય, ત્યારે તેમાં બંને છેવટના પ્રદેશ ચરમ હોય છે અને વચ્ચેના બંને પ્રદેશ અચરમ હોય છે. તેથી તેમાં **અનેક ચરમ અનેક અચરમ** નામનો આ દસમો ભંગ ઘટિત થાય છે.

**(૫) અગિયારમો ભંગ–** ચાર પ્રદેશી સ્કંધ જ્યારે બે પ્રતરના ત્રણ આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને તેમાંથી બે કે ત્રણ પ્રદેશ એક પ્રતરના બે આકાશ પ્રદેશ પર સમશ્રેણીએ સ્થિત હોય અને એક કે બે પ્રદેશ બીજા પ્રતરમાં એક આકાશ પ્રદેશ પર સ્થિત હોય, ત્યારે તેમાં **એક ચરમ એક અવક્તવ્ય** નામનો આ અગિયારમો ભંગ ઘટિત થાય છે.

**(૬) બારમો ભંગ–** ચાર પ્રદેશી સ્કંધ જ્યારે ત્રણ પ્રતરના ચાર આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને તેમાંથી બે પ્રદેશ એક પ્રતરના બે આકાશપ્રદેશ પર સમશ્રેણીએ સ્થિત હોય અને બે પ્રદેશ અલગ-અલગ ઉપર નીચેના બે પ્રતરોમાં એક-એક આકાશ પ્રદેશ પર સ્થિત હોય, ત્યારે સમશ્રેણીમાં સ્થિત બે પ્રદેશ પરસ્પર એક બીજાની અપેક્ષાએ(એક) ચરમરૂપ છે અને અન્ય બે જુદા જુદા પ્રતરમાં રહેલા બંને પ્રદેશ બે અવક્તવ્ય છે, ત્યારે તેમાં **એક ચરમ અનેક અવક્તવ્ય** નામનો આ બારમો ભંગ ઘટિત થાય છે.

**(૭) ત્રેવીસમો ભંગ–** ચાર પ્રદેશી સ્કંધ જ્યારે બે પ્રતરના ચાર આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને તેમાંથી ત્રણ પ્રદેશ એક પ્રતરના ત્રણ આકાશ પ્રદેશ પર સમશ્રેણીએ સ્થિત હોય અને એક પ્રદેશ બીજા પ્રતરમાં એક પ્રદેશાવગાઢ હોય, ત્યારે એક શ્રેણીગત ત્રણ પ્રદેશમાંથી આદિ અને અંતના બે પ્રદેશ પર્યંતવર્તી હોવાથી અનેક ચરમ અને વચ્ચેનો એક પ્રદેશ એક અચરમ હોય છે તથા બીજા પ્રતરમાં રહેલો એક પ્રદેશ, એક આકાશ પ્રદેશાવગાઢ હોવાથી અવક્તવ્ય છે. આ રીતે **અનેક ચરમ એક અચરમ અને એક અવક્તવ્ય** નામનો આ ત્રેવીસમો ભંગ ઘટિત થાય છે.

આ રીતે ચાર પ્રદેશી સ્કંધમાં છવ્વીસ ભંગમાંથી સાત ભંગ પ્રાપ્ત થાય છે, શેષ ૧૯ ભંગ પ્રાપ્ત થતા નથી.

**પાંચપ્રદેશી સ્કંધમાં ચરમ–અચરમ આદિ :–**

**૧૦** पंचपएसिए णं भंते ! खंधे पुच्छा ?

**गोयमा ! पंचपएसिए णं खंधे सिय चरिमे, णो अचरिमे, सिय अवत्तव्वए, णो चरिमाइं, णो अचरिमाइं, णो अवत्तव्वयाइं; सिय चरिमे य अचरिमे य, णो चरिमे य अचरिमाइं च, सिय चरिमाइं य अचरिमे य, सिय चरिमाइं च अचरिमाइं च; सिय चरिमे य अवत्तव्वए य, सिय चरिमे य अवत्तव्वयाइं च, सिय चरिमाइं च अवत्तव्वए य, णो चरिमाइं च अवत्तव्वयाइं च; णो अचरिमे य अवत्तव्वए य, णो अचरिमे य अवत्तव्वयाइं च, णो अचरिमाइं च अवत्तव्वए य, णो अचरिमाइं च अवत्तव्वयाइं च; णो चरिमे य अचरिमे य अवत्तव्वए य, णो चरिमे य अचरिमे य अवत्तव्वयाइं च, णो चरिमे य अचरिमाइं च अवत्तव्वए य, णो चरिमे य अचरिमाइं च अवत्तव्वयाइं च, सिय चरिमाइं च अचरिमे य अवत्तव्वए य, सिय चरिमाइं च अचरिमे य अवत्तव्वयाइं च, सिय चरिमाइं च अचरिमाइं च अवत्तव्वए य, णो चरिमाइं च अचरिमाइं च अवत्तव्वयाइं च ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચપ્રદેશી સ્કંધ શું ચરમ છે, ઈત્યાદિ છવ્વીસ ભંગાત્મક પ્રશ્ન પૂર્વવત્ ?

**ઉત્તર–** હે ગૌતમ ! પંચપ્રદેશી સ્કંધ (૧) કદાચિત્ ચરમ છે, (૨) અચરમ નથી, (૩) કદાચિત્

અવક્તવ્ય છે, (૪) અનેક ચરમ નથી (૫) અનેક અચરમ નથી (૬) અનેક અવક્તવ્ય નથી (૭) કદાચિત્ એક ચરમ અને એક અચરમ છે, (૮) એક ચરમ અને અનેક અચરમ નથી (૯) કદાચિત્ અનેક ચરમ અને એક અચરમ છે. (૧૦) કદાચિત્ અનેક ચરમ અને અનેક અચરમ છે, (૧૧) કદાચિત્ એક ચરમ અને એક અવક્તવ્ય છે, (૧૨) કદાચિત્ એકચરમ અને અનેક અવક્તવ્ય છે, (૧૩) કદાચિત્ અનેક ચરમ અને એક અવક્તવ્ય છે, (૧૪) અનેક ચરમ અને અનેક અવક્તવ્યરૂપ નથી (૧૫) એક અચરમ અને એક અવક્તવ્ય નથી (૧૬) એક અચરમ અને અનેક અવક્તવ્ય નથી (૧૭) અનેક અચરમ અને એક અવક્તવ્ય નથી (૧૮) અનેક અચરમ અને અનેક અવક્તવ્ય નથી (૧૯) એક ચરમ, એક અચરમ અને એક અવક્તવ્ય નથી (૨૦) એક ચરમ, એક અચરમ અને અનેક અવક્તવ્ય નથી (૨૧) એક ચરમ, અનેક ચરમ અને એક અવક્તવ્ય નથી (૨૨) એક ચરમ, અનેક અચરમ અને અનેક અવક્તવ્ય નથી (૨૩) કદાચિત્ અનેક ચરમ એક અચરમ અને એક અવક્તવ્ય છે (૨૪) કદાચિત્ અનેક ચરમ, એક અચરમ અને અનેક અવક્તવ્ય છે (૨૫) કદાચિત્ અનેક અચરમ, અનેક અચરમ અને એક અવક્તવ્ય છે (૨૬) અનેક ચરમ, અનેક અચરમ અને અનેક અવક્તવ્ય નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પાંચ પ્રદેશી સ્કંધના અગિયાર ભંગ (૧, ૩, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૨૩, ૨૪, ૨૫) હોવાનું નિરૂપણ છે. તે આ પ્રમાણે છે–

**(૧) પ્રથમ ભંગ–** પાંચ પ્રદેશી સ્કંધ જ્યારે એક પ્રતરના બે આકાશ પ્રદેશ પર સમશ્રેણીએ સ્થિત હોય, ત્યારે તેમાં **એક ચરમ** નામનો આ પ્રથમ ભંગ ઘટિત થાય છે.

**(૨) ત્રીજો ભંગ–** પાંચ પ્રદેશી સ્કંધ જ્યારે એક આકાશ પ્રદેશ પર સ્થિત હોય, ત્યારે તેમાં **એક અવક્તવ્ય** નામનો આ ત્રીજો ભંગ ઘટિત થાય છે.

**(૩) સાતમો ભંગ–** પાંચ પ્રદેશી સ્કંધ જ્યારે એક જ પ્રતરની આડી-ઊભી(વચ્ચેથી પરસ્પર ક્રોશ કરતી) બે શ્રેણીઓમાં પાંચ આકાશપ્રદેશ પર સ્થિત હોય, ત્યારે તથાવિધ એકત્વ પરિણામે પરિણત હોવાથી બાહ્યવર્તી ચાર દિશાગત ચાર પ્રદેશ એક ચરમ હોય છે અને વચ્ચેનો એક પ્રદેશ એક અચરમ હોય છે. આ રીતે પાંચપ્રદેશીસ્કંધમાં **'એક ચરમ અને એક અચરમ'** નામનો આ સાતમો ભંગ ઘટિત થાય છે.

**(૪) નવમો ભંગ–** પાંચ પ્રદેશી સ્કંધ જ્યારે એક જ પ્રતરના ત્રણ આકાશ પ્રદેશ પર એક શ્રેણીમાં સ્થિત હોય, ત્યારે તેમાં **અનેક ચરમ એક અચરમ** નામનો આ નવમો ભંગ ઘટિત થાય છે.

**(૫) દસમો ભંગ–** પાંચ પ્રદેશી સ્કંધ જ્યારે એક જ પ્રતરના ચાર આકાશ પ્રદેશ પર એક શ્રેણીમાં સ્થિત હોય, ત્યારે તેમાં **અનેક ચરમ અનેક અચરમ** નામનો આ દસમો ભંગ ઘટિત થાય છે.

**(૬) અગિયારમો ભંગ–** પાંચ પ્રદેશી સ્કંધ જ્યારે બે પ્રતરના ત્રણ આકાશ પ્રદેશ પર સ્થિત હોય, ત્યારે તેમાં બે પ્રદેશો એક પ્રતરમાં એક શ્રેણીમાં બે આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને એક પ્રદેશ તેની ઉપર કે નીચેના અન્ય પ્રતરના, એક આકાશ પ્રદેશ પર સ્થિત હોય ત્યારે તેમાં **એક ચરમ એક અવક્તવ્ય** નામનો આ અગિયારમો ભંગ ઘટિત થાય છે.

**(૭) બારમો ભંગ–** પાંચ પ્રદેશી સ્કંધ જ્યારે ત્રણ પ્રતરના ચાર આકાશ પ્રદેશ પર સ્થિત હોય, ત્યારે તેમાં બે પ્રદેશો એક પ્રતરમાં એક શ્રેણીએ સ્થિત હોય અને તેની ઉપર-નીચેની એક-એક પ્રતરમાં મધ્ય પ્રતરવર્તી કોઈપણ એક પ્રદેશની ઉપર નીચે એક-એક આકાશપ્રદેશ ઉપર સ્થિત હોય, ત્યારે **એક ચરમ અનેક અવક્તવ્ય** નામનો આ બારમો ભંગ ઘટિત થાય છે.

**(૮) તેરમો ભંગ**– પાંચ પ્રદેશીસ્કંધ જ્યારે ત્રણ પ્રતરના પાંચ આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને તેમાં એક પ્રતરની એક શ્રેણીમાં બે પ્રદેશ સ્થિત હોય, બીજા બે પ્રદેશ બીજા પ્રતર પર એક શ્રેણીમાં સ્થિત હોય તથા તે પ્રતરની ઉપર કે નીચેના ત્રીજા પ્રતરમાં કોઈપણ એક પ્રદેશની ઉપર કે નીચે એક પ્રદેશ સ્થિત હોય ત્યારે બે પ્રતરના બે-બે આકાશ પ્રદેશ સ્થિત બે-બે પ્રદેશ બે(અનેક) ચરમ થાય અને અન્ય ત્રીજા પ્રતરમાં રહેલો એક પ્રદેશ એક અવકતવ્ય હોય છે. આ રીતે **અનેક ચરમ** એક **અવક્તવ્ય** નામનો આ તેરમો ભંગ ઘટિત થાય છે.

**(૯) ત્રેવીસમો ભંગ**– પાંચ પ્રદેશી સ્કંધ જ્યારે બે પ્રતરના ચાર આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને તેમાં ત્રણ આકાશ પ્રદેશો એક જ પ્રતરમાં સમશ્રેણીએ સ્થિત હોય તથા એક આકાશ પ્રદેશ અન્ય પ્રતરમાં ઉપર કે નીચે હોય, ત્યારે **અનેક ચરમ એક અચરમ એક અવક્તવ્ય ભંગ** નામનો આ ત્રેવીસમો ભંગ થાય છે.

**(૧૦) ચોવીશમો ભંગ**– પાંચ પ્રદેશી સ્કંધ જ્યારે ત્રણ પ્રતરના પાંચ આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને તેમાં ત્રણ પ્રદેશ એક પ્રતરના ત્રણ આકાશપ્રદેશ ઉપર એક શ્રેણીએ સ્થિત હોય તથા તેની ઉપર અને નીચેના પ્રતરમાં એક-એક પ્રદેશ સ્થિત હોય ત્યારે એક શ્રેણીગત આદિ અને અંતના બે પ્રદેશ અનેક ચરમ છે, મધ્યનો એક પ્રદેશ એક અચરમ છે અને ભિન્ન પ્રતરોના બે પ્રદેશ અનેક અવકતવ્ય છે. આ રીતે **અનેક ચરમ, એક અચરમ અને અનેક અવકતવ્ય** નામનો આ ચોવીસમો ભંગ ઘટિત થાય છે.

**(૧૧) પચ્ચીસમો ભંગ**– પાંચ પ્રદેશી સ્કંધ જ્યારે બે પ્રતરના પાંચ આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને તેમાં ચાર પ્રદેશ એક શ્રેણીમાં સ્થિત હોય તથા એક પ્રદેશ ભિન્ન પ્રતરમાં સ્થિત હોય, ત્યારે એક શ્રેણીમાં સ્થિત ચાર પ્રદેશોમાંથી આદિ અને અંતના બંને પ્રદેશો અનેક ચરમ, મધ્યના બે પ્રદેશો અનેક અચરમ અને ભિન્ન પ્રતરનો એક પ્રદેશ એક અવક્તવ્ય છે. આ રીતે **અનેક ચરમ અનેક અચરમ અને એક અવક્તવ્ય** નામનો આ પચીસમો ભંગ ઘટિત થાય છે.

આ પ્રમાણે પાંચપ્રદેશી સ્કંધમાં છવ્વીસ ભંગમાંથી અગિયાર ભંગ પ્રાપ્ત થાય છે. શેષ ૧૫ ભંગ પ્રાપ્ત થતા નથી.

**છ પ્રદેશી સ્કંધમાં ચરમ અચરમ આદિ :–**

**११** **छप्पएसिए णं भंते ! खंधे पुच्छा ? गोयमा ! छप्पएसिए णं खंधे सिय चरिमे, णो अचरिमे, सिय अवत्तव्वए, णो चरिमाइं, णो अचरिमाइं, णो अवत्तव्वयाइं;**

**सिय चरिमे य अचरिमे य, सिय चरिमे य अचरिमाइं च, सिय चरिमाइं च अचरिमे य, सिय चरिमाइं च अचरिमाइं च; सिय चरिमे य अवत्तव्वए य, सिय चरिमे य अवत्तव्वयाइं च, सिय चरिमाइं च अवत्तव्वए य, सिय चरिमाइं च अवत्तव्वयाइं च; णो अचरिमे य अवत्तव्वए य, णो अचरिमे य अवत्तव्वयाइं च, णो अचरिमाइं च अवत्तव्वए य, णो अचरिमाइं च अवत्तव्वयाइं च;**

**सिय चरिमे च अचरिमे य अवत्तव्वए य, णो चरिमे य अचरिमे य अवत्तव्वयाइं च, णो चरिमे य अचरिमाइं च अवत्तव्वए य, णो चरिमे य अचरिमाइं च अवत्तव्वयाइं च; सिय चरिमाइं च अचरिमे य अवत्तव्वए य, सिय चरिमाइं च अचरिमे य अवत्तव्वयाइं च, सिय चरिमाइं च अचरिमाइं च अवत्तव्वए य, सिय चरिमाइं च अचरिमाइं च अवत्तव्वयाइं च ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! છ પ્રદેશી સ્કંધ શું ચરમ છે, ઇત્યાદિ છવ્વીસ ભંગાત્મક પ્રશ્ન પૂર્વવત્?

**ઉત્તર–** હે ગૌતમ ! છ પ્રદેશી સ્કંધ (૧) કદાચિત્ ચરમ હોય છે, (૨) અચરમ હોતો નથી, (૩) કદાચિત્ અવક્તવ્ય હોય છે, (૪) અનેક ચરમરૂપ હોતો નથી (૫) અનેક અચરમરૂપ હોતો નથી (૬) અનેક અવક્તવ્યરૂપ હોતો નથી.

(૭) કદાચિત્ એક ચરમ અને એક અચરમ હોય છે, (૮) કદાચિત્ એક ચરમ અને અનેક અચરમ હોય છે, (૯) કદાચિત્ અનેક ચરમ અને એક અચરમ હોય છે, (૧૦) કદાચિત્ અનેક ચરમ અને અનેક અચરમ હોય છે (૧૧) કદાચિત્ એક ચરમ અને એક અવક્તવ્ય હોય છે, (૧૨) કદાચિત્ એક ચરમ અને અનેક અવક્તવ્ય હોય છે, (૧૩) કદાચિત્ અનેક ચરમ અને એક અવક્તવ્ય હોય છે, (૧૪) કદાચિત્ અનેક ચરમ અને અનેક અવક્તવ્ય હોય છે, (૧૫) એક અચરમ અને એક અવક્તવ્ય હોતો નથી (૧૬) એક અચરમ અને અનેક અવક્તવ્ય હોતો નથી (૧૭) અનેક અચરમ અને એક અવક્તવ્ય હોતો નથી (૧૮) અનેક અચરમરૂપ અને અનેક અવક્તવ્યરૂપ હોતો નથી.

(૧૯) કદાચિત્ એક ચરમ, એક અચરમ અને એક અવક્તવ્ય હોય છે, (૨૦) એક ચરમ, એક અચરમ અને અનેક અવક્તવ્ય હોતો નથી (૨૧) એક ચરમ, અનેક અચરમ અને એક અવક્તવ્ય હોતો નથી (૨૨) એક ચરમ, અનેક અચરમ અને અનેક અવક્તવ્ય હોતો નથી (૨૩) કદાચિત્ અનેક ચરમ, એક અચરમ અને એક અવક્તવ્ય હોય છે, (૨૪) કદાચિત્ અનેક ચરમ, એક અચરમ અને અનેક અવક્તવ્ય હોય છે, (૨૫) કદાચિત્ અનેક ચરમ, અનેક અચરમ અને એક અવક્તવ્ય હોય છે અને (૨૬) કદાચિત્ અનેક ચરમ, અનેક અચરમ અને અનેક અવક્તવ્ય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં છ પ્રદેશી સ્કંધમાં ૧૫ ભંગ(૧,૩,૭,૮,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૯,૨૩,૨૪,૨૫, ૨૬) હોવાનું નિરૂપણ છે. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

**(૧) પ્રથમ ભંગ–** છ પ્રદેશી સ્કંધ જ્યારે એક પ્રતરના બે આકાશ પ્રદેશ પર સ્થિત હોય, ત્યારે તે **એક ચરમ** છે.

**(૨) ત્રીજોભંગ–** છ પ્રદેશી સ્કંધ જ્યારે એક આકાશ પ્રદેશ પર સ્થિત હોય, ત્યારે તે **એક અવક્તવ્ય** છે.

**(૩) સાતમો ભંગ–** છ પ્રદેશી સ્કંધ જ્યારે એક પ્રતરની આડી ઊભી પરસ્પર ક્રોશ કરતી બે શ્રેણીમાં પાંચ આકાશ પ્રદેશ પર સ્થિત હોય, ત્યારે તે **એક ચરમ એક અચરમ** છે.

**(૪) આઠમો ભંગ–**છ પ્રદેશી સ્કંધના જ્યારે એક પ્રતરની આડી-ઊભી પરસ્પર ક્રોશ કરતી બે શ્રેણીઓમાં છ આકાશપ્રદેશ પર સ્થિત હોય અને તેમાં બે પ્રદેશ મધ્યમાં તથા તેની ચારે દિશામાં એક-એક પ્રદેશ હોય, ત્યારે તે ચાર દિશાના ચાર પ્રદેશ એકત્વ પરિણામે પરિણત હોવાથી એક ચરમ છે અને મધ્યના બે પ્રદેશ તથાવિધ ભિન્ન પરિણામે પરિણત હોવાથી બે અચરમ છે. આ રીતે **એક ચરમ અને અનેક અચરમ** રૂપ આ આઠમો ભંગ ઘટિત થાય છે.

**(૫) નવમો ભંગ–** છ પ્રદેશી સ્કંધ જ્યારે એક પ્રતરના ત્રણ આકાશપ્રદેશ પર એક શ્રેણીમાં સ્થિત હોય, ત્યારે તે **અનેક ચરમ એક અચરમ** છે.

**(૬) દસમો ભંગ–** છ પ્રદેશી સ્કંધ જ્યારે એક પ્રતરના ચાર આકાશપ્રદેશ પર એક શ્રેણીમાં સ્થિત હોય, ત્યારે તે **અનેક ચરમ અનેક અચરમ** છે.

**(૭) અગિયારમો ભંગ**– છ પ્રદેશી સ્કંધ જ્યારે બે પ્રતરના ત્રણ આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને તેમાંથી બે આકાશ પ્રદેશ સમશ્રેણીએ એક પ્રતરમાં અને એક આકાશ પ્રદેશ ઉપર કે નીચેના બીજા પ્રતરમાં હોય, ત્યારે **એક ચરમ એક અવક્તવ્ય** નામો આ અગિયારમો ભંગ ઘટિત થાય છે.

**(૮) બારમો ભંગ**– છ પ્રદેશી સ્કંધ જ્યારે ત્રણ પ્રતરના ચાર આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને તેમાંથી બે આકાશ પ્રદેશ એક પ્રતરની સમશ્રેણીએ તથા બે આકાશપ્રદેશ ઉપર-નીચેના એક-એક પ્રતર પર હોય, ત્યારે તે **એક ચરમ અને અનેક અવક્તવ્ય** છે.

**(૯) તેરમો ભંગ**– છ પ્રદેશી સ્કંધ જ્યારે ત્રણ પ્રતરના પાંચ આકાશ પ્રદેશ પર સ્થિત હોય, ત્યારે તેમાંથી ઉપર નીચેના બે ભિન્ન પ્રતરોમાં બે-બે આકાશપ્રદેશ પર અને ત્રીજા પ્રતરમાં એક આકાશપ્રદેશ પર સ્થિત હોય, ત્યારે તે **અનેક ચરમ અને એક અવક્તવ્ય** છે.

**(૧૦) ચૌદમો ભંગ**– છ પ્રદેશીસ્કંધ જ્યારે ચાર પ્રતરના છ આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને તેમાં ઉપર નીચેના બે ભિન્ન પ્રતરોના બે-બે આકાશ પ્રદેશ પર અને તેની ઉપર-નીચેના અન્ય પ્રતરોના એક-એક આકાશ પ્રદેશ પર હોય, ત્યારે તે **અનેક ચરમ અને અનેક અવકતવ્ય** છે. આ ભંગમાં સમશ્રેણિગત બે-બે પ્રદેશો અનેક ચરમ અને ત્રીજા-ચોથા પ્રતરમાં રહેલા એક-એક પ્રદેશો અનેક અવકતવ્ય છે.

**(૧૧) ઓગણીસમો ભંગ :**– છ પ્રદેશી સ્કંધ જ્યારે બે પ્રતરના છ આકાશપ્રદેશ ઉપર સ્થિત હોય અને તેમાં એક પ્રતરમાંચાર દિશામાં ચાર અને મધ્યમાં એક પ્રદેશ અને બીજા પ્રતરમાં એક પ્રદેશ હોય, ત્યારે એકત્વ પરિણામથી પરિણત ચાર દિશાના ચાર પ્રદેશ એક ચરમ, મધ્યનો પ્રદેશ એક અચરમ અને બીજા પ્રતરનો એક પ્રદેશ અવક્તવ્ય હોવાથી તેમાં **એક ચરમ, એક અચરમ અને એક અવકતવ્ય** નામનો આ ઓગણીસમો ભંગ ઘટિત થાય છે.

**(૧૨) ત્રેવીસમો ભંગ :**– છ પ્રદેશી સ્કંધ જ્યારે બે પ્રતરના ચાર આકાશપ્રદેશ પર સ્થિત હોય અને તેમાં ત્રણ પ્રદેશો એક પ્રતરમાં ત્રણ આકાશ પ્રદેશ પર સમશ્રેણીએ તથા એક પ્રદેશ અન્ય પ્રતરમાં ઉપર કે નીચે હોય ત્યારે તે **અનેક ચરમ, એક અચરમ અને એક અવક્તવ્ય** છે.

**(૧૩) ચોવીસમો ભંગ :**– છ પ્રદેશી સ્કંધ જ્યારે ત્રણ પ્રતરના પાંચ આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને તેમાં તેના ચાર પ્રદેશ એક પ્રતરના ત્રણ આકાશપ્રદેશ પર સમશ્રેણીમાં હોય અને તેના શેષ બે પ્રદેશ ઉપર તથા નીચેના એક એક પ્રતરમાં એક-એક આકાશ પ્રદેશ પર સ્થિત હોય, ત્યારે તે **અનેક ચરમ, એક અચરમ અને અનેક અવક્તવ્ય** છે.

**(૧૪) પચ્ચીસમો ભંગ :**– છ પ્રદેશ સ્કંધ જ્યારે બે પ્રતરના પાંચ આકાશપ્રદેશ પર સ્થિત હોય અને તેમાં ચાર પ્રદેશ એક પ્રતરની સમશ્રેણીમાં તથા એક પ્રદેશ અન્ય પ્રતરમાં હોય ત્યારે તે **અનેક ચરમ, અનેક અચરમ અને એક અવક્તવ્ય** છે.

**(૧૫) છવ્વીસમો ભંગ :**– છ પ્રદેશી સ્કંધ જ્યારે ત્રણ પ્રતરના છ આકાશ પ્રદેશ ઉપર સ્થિત હોય અને તેમાં ચાર પ્રદેશ એક પ્રતરમાં સમશ્રેણીમાં હોય તથા બે પ્રદેશ ઉપર-નીચેના પ્રતરમાં હોય ત્યારે તે **અનેક ચરમ,અનેક અચરમ અને અનેક અવકતવ્ય** છે.

આ રીતે છ પ્રદેશી સ્કંધમાં છવ્વીસ ભંગમાંથી પંદર ભંગ ઘટિત થાય છે, શેષ ૧૧ ભંગ ઘટિત થતા નથી.

**સપ્તપ્રદેશી સ્કંધમાં ચરમ અચરમ આદિ :–**

**१२** सत्तपएसिए णं भंते ! खंधे पुच्छा ? गोयमा ! सत्तपएसिए णं खंधे सिय चरिमे,

**णो अचरिमे, सिए अवत्तव्वए, णो चरिमाइं, णो अचरिमाइं, णो अवत्तव्वयाइं;**

**सिय चरिमे य अचरिमे य, सिय चरिमे य अचरिमाइं च, सिय चरिमाइं च अचरिमे य, सिय चरिमाइं च अचरिमाइं च; सिय चरिमे य अवत्तव्वए य, सिय चरिमे य अवत्तव्वयाइं च, सिय चरिमाइं च अवत्तव्वए य, सिय चरिमाइं च अवत्तव्वयाइं च; णो अचरिमे य अवत्तव्वए य, णो अचरिमे य अवत्तव्वयाइं च, णो अचरिमाइं च अवत्तव्वए य, णो अचरिमाइं च अवत्तव्वयाइं च;**

**सिय चरिमे अचरिमे य अवत्तव्वए य, सिय चरिमे य अचरिमे य अवत्तव्वयाइं च, सिय चरिमे य अचरिमाइं च अवत्तव्वए य, णो चरिमे य अचरिमाइं च अवत्तव्वयाइं च; सिय चरिमाइं च अचरिमे य अवत्तव्वए य, सिय चरिमाइं च अचरिमे य अवत्तव्वयाइं च, सिय चरिमाइं च अचरिमाइं च अवत्तव्वए य, सिय चरिमाइं च अचरिमाइं च अवत्तव्वयाइं च ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સાત પ્રદેશી સ્કંધ શું ચરમ છે, ઇત્યાદિ છવ્વીસ ભંગાત્મક પ્રશ્ન પૂર્વવત્ ?

**ઉત્તર–** હે ગૌતમ ! સાતપ્રદેશી સ્કંધ (૧) કદાચિત્ ચરમ હોય છે, (૨) અચરમ હોતો નથી, (૩) કદાચિત્ અવક્તવ્ય હોય છે, (૪) અનેક ચરમ હોતો નથી, (૫) અનેક અચરમ હોતો નથી, (૬) અનેક અવક્તવ્ય હોતો નથી; (૭) કદાચિત્ એક ચરમ અને એક અચરમ હોય છે, (૮) કદાચિત્ એક ચરમ અને અનેક અચરમ હોય છે, (૯) કદાચિત્ અનેક ચરમ અને એક અચરમ હોય છે, (૧૦) કદાચિત્ અનેક ચરમ અને અનેક અચરમ હોય છે; (૧૧) કદાચિત્ એક ચરમ અને એક અવક્તવ્ય હોય છે, (૧૨) કદાચિત્ એક ચરમ અને અનેક અવક્તવ્ય હોય છે, (૧૩) કદાચિત્ અનેક ચરમ અને એક અવક્તવ્ય હોય છે, (૧૪) કદાચિત્ અનેક ચરમ અને અનેક અવક્તવ્ય હોય છે; (૧૫) એક અચરમ અને એક અવક્તવ્ય નથી, (૧૬) એક અચરમ અને અનેક અવક્તવ્ય હોતો નથી, (૧૭) અનેક અચરમ અને એક અવક્તવ્ય હોતો નથી, (૧૮) અનેક અચરમ અને અનેક અવક્તવ્ય હોતો નથી;

(૧૯) કદાચિત્ એક ચરમ, એક અચરમ અને એક અવક્તવ્ય હોય છે, (૨૦) કદાચિત્ એક ચરમ, એક અચરમ અને અનેક અવક્તવ્ય હોય છે, (૨૧) કદાચિત્ એક ચરમ, અનેક અચરમ અને એક અવક્તવ્ય હોય છે, (૨૨) એક ચરમ, અનેક અચરમ અને અનેક અવક્તવ્ય નથી, (૨૩) કદાચિત્ અનેક ચરમ, એક અચરમ અને એક અવક્તવ્ય હોય છે, (૨૪) કદાચિત્ અનેક ચરમ, એક અચરમ અને અનેક અવક્તવ્ય હોય છે, (૨૫) કદાચિત્ અનેક ચરમ, અનેક અચરમ અને એક અવક્તવ્ય હોય છે તથા (૨૬) કદાચિત્ અનેક ચરમ, અનેક અચરમ અને અનેક અવક્તવ્ય હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાત પ્રદેશી સ્કંધમાં ૧૭ ભંગ(૧,૩,૭,૮,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪, ૧૯,૨૦,૨૧, ૨૩, ૨૪,૨૫,૨૬) હોવાનું નિરૂપણ છે, જેમાં વીસમા અને એકવીસમા ભંગ સિવાય ૧૫ ભંગો પૂર્વોક્ત યુક્તિ અનુસાર સમજવા.

**વીસમો ભંગ–** સાત પ્રદેશી સ્કંધ જ્યારે ત્રણ પ્રતરના સાત આકાશ પ્રદેશો પર સ્થિત હોય અને તેમાં ચાર પ્રદેશો એક પ્રતરમાં આડી-ઊભી બે શ્રેણીમાં ચારે દિશામાં, એક પ્રદેશ તેની મધ્યમાં તથા બીજા બે પ્રદેશો ઉપર-નીચેના ભિન્ન-ભિન્ન પ્રતરમાં હોય, ત્યારે ચાર દિશાના ચાર પ્રદેશ એકત્વ પરિણામે પરિણત

હોવાથી એક ચરમ છે, મધ્યનો પ્રદેશ એક અચરમ અને ઉપર-નીચેના બે પ્રતરના એક-એક પ્રદેશ અનેક અવક્તવ્ય છે. આ રીતે **એક ચરમ-એક અચરમ અને અનેક અવકતવ્યરૂપ** આ ભંગ ઘટિત થાય છે.

**એકવીસમો ભંગ–** સાત પ્રદેશી સ્કંધ જ્યારે બે પ્રતરના સાત આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને તેમાં એક જ પ્રતરમાં આડી-ઊભી બે શ્રેણીમાં ચારે દિશામાં ચાર પ્રદેશો, મધ્યમાં બે પ્રદેશો તથા એક પ્રદેશ અન્ય પ્રતરમાં ઉપર અથવા નીચે હોય, ત્યારે ચાર દિશાના ચાર પ્રદેશ તથાવિધ એકત્વ પરિણામી હોવાથી એક ચરમ છે. મધ્યના બે પ્રદેશ તથાવિધ ભિન્ન પરિણામે પરિણત હોવાથી અનેક અચરમ છે અને બીજા પ્રતરમાં સ્થિત એક પ્રદેશાવગાઢ એક પ્રદેશ એક અવકતવ્ય છે, આમ સાત પ્રદેશી સ્કંધમાં **એક ચરમ, અનેક અચરમ અને એક અવક્તવ્ય** નામનો આ એકવીસમો ભંગ ઘટિત થાય છે. આ રીતે સાત પ્રદેશી સ્કંધમાં છવ્વીસ ભંગમાંથી કુલ ૧૫+૨ = ૧૭ ભંગ ઘટિત થાય છે. શેષ નવ ભંગ ઘટિત થતા નથી.

**આઠ પ્રદેશી આદિ સ્કંધમાં ચરમાદિ :-**

**૧૩ अट्ठपएसिए णं भंते ! खंधे पुच्छा ? गोयमा ! अट्ठपएसिए खंधे सिय चरिमे, णो अचरिमे, सिय अवत्तव्वए, णो चरिमाइं, णो अचरिमाइं, णो अवत्तव्वयाइं;**

**सिय चरिमे य अचरिमे य, सिय चरिमे य अचरिमाइं च, सिय चरिमाइं च अचरिमे य, सिय चरिमाइं च अचरिमाइं च; सिय चरिमे य अवत्तव्वए य, सिय चरिमे य अवत्तव्वयाइं च, सिय चरिमाइं च अवत्तव्वए य, सिय चरिमाइं च अवत्तव्वयाइं च; णो अचरिमे य अवत्तव्वए य, णो अचरिमे य अवत्तव्वयाइं च, णो अचरिमाइं च अवत्तव्वए य, णो अचरिमाइं च अवत्तव्वयाइं च;**

**सिय चरिमे य अचरिमे य अवत्तव्वए य, सिय चरिमे य अचरिमे य अवत्तव्वयाइं च, सिय चरिमे य अचरिमाइं च अवत्तव्वए य, सिय चरिमे य अचरिमाइं च अवत्तव्वयाइं च; सिय चरिमाइं च अचरिमे य अवत्तव्वए य, सिय चरिमाइं च अचरिमे य अवत्तव्वयाइं च, सिय चरिमाइं च अचरिमाइं च अवत्तव्वए य, सिय चरिमाइं च अचरिमाइं च अवत्तव्वयाइं च।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આઠ પ્રદેશી સ્કંધ શું ચરમ છે, ઇત્યાદિ છવ્વીસ ભંગાત્મક પ્રશ્ન પૂર્વવત્? **ઉત્તર–** હે ગૌતમ ! આઠ પ્રદેશી સ્કંધ (૧) કદાચિત્ ચરમ છે, (૨) અચરમ હોતો નથી, (૩) કદાચિત્ અવક્તવ્ય છે, (૪) અનેક ચરમરૂપ હોતો નથી, (૫) અનેક અચરમરૂપ હોતો નથી, (૬) અનેક અવક્તવ્યરૂપ હોતો નથી;

(૭) કદાચિત્ એક ચરમ અને એક અચરમ હોય છે, (૮) કદાચિત્ એક ચરમ અને અનેક અચરમ હોય છે, (૯) કદાચિત્ અનેક ચરમ અને એક અચરમ હોય છે, (૧૦) કદાચિત્ અનેક ચરમ અને અનેક અચરમ હોય છે; (૧૧) કદાચિત્ એક ચરમ અને એક અવક્તવ્ય હોય છે, (૧૨) કદાચિત્ એક ચરમ અને અનેક અવક્તવ્ય હોય છે, (૧૩) કદાચિત્ અનેક ચરમ અને એક અવક્તવ્ય હોય છે, (૧૪) કદાચિત્ અનેક ચરમ અને અનેક અવક્તવ્ય હોય છે; (૧૫) એક અચરમ અને એક અવક્તવ્ય હોતો નથી, (૧૬) એક અચરમ અને અનેક અવક્તવ્ય હોતો નથી, (૧૭) અનેક અચરમ અને એક અવક્તવ્ય હોતો નથી, (૧૮) અનેક અચરમ અને અનેક અવક્તવ્ય હોતો નથી;

(૧૯) કદાચિત્ એક ચરમ, એક અચરમ અને એક અવક્તવ્ય હોય છે, (૨૦) કદાચિત્ એક ચરમ, એક અચરમ અને અનેક અવક્તવ્ય હોય છે, (૨૧) કદાચિત્ એક ચરમ, અનેક અચરમ અને એક અવક્તવ્ય હોય છે, (૨૨) કદાચિત્ એક ચરમ, અનેક અચરમ અને અનેક અવક્તવ્ય હોય છે; (૨૩) કદાચિત્ અનેક ચરમ, એક અચરમ અને એક અવક્તવ્ય હોય છે, (૨૪) કદાચિત્ અનેક ચરમ, એક અચરમ અને અનેક અવક્તવ્ય હોય છે, (૨૫) કદાચિત્ અનેક ચરમ, અનેક અચરમ અને એક અવક્તવ્ય હોય છે તથા (૨૬) કદાચિત્ અનેક ચરમ, અનેક અચરમ અને અનેક અવક્તવ્ય હોય છે.

**१४ संखेज्जपएसिए असंखेज्जपएसिए अणंतपएसिए खंधे जहेव अट्ठपएसिए तहेव पत्तेयं भाणियव्वं ।**

**परमाणुम्मि य तइओ, पढमो तइओ य होंति दुपएसे ।**
**पढमो तइओ णवमो, एक्कारसमो य तिपएसे ॥१॥**

**पढमो तइओ णवमो, दसमो एक्कारसो य बारसमो ।**
**भंगा चउप्पएसे, तेवीसइमो य बोद्धव्वो ॥२॥**

**पढमो तइओ सत्तम, णव दस एक्कार बार तेरसमो ।**
**तेवीस चउव्वीसो, पणुवीसइमो य पंचमए ॥३॥**

**बि चउत्थ पंच छट्ठं, पणरस सोलं च सत्तरट्ठारं ।**
**वीसेक्कवीस बावीसगं च, वज्जेज्ज छट्ठम्मि ॥४॥**

**बि चउत्थ पंच छट्ठं, पण्णर सोलं च सत्तरट्ठारं ।**
**बावीसइमविहूणा, सत्तपएसम्मि खंधम्मि ॥५॥**

**बि चउत्थ पंच छट्ठं, पण्णर सोलं च सत्तरट्ठारं ।**
**एते वज्जिय भंगा, सेसा सेसेसु खंधेसु ॥६॥**

**ભાવાર્થ :–** સંખ્યાતપ્રદેશી, અસંખ્યાત પ્રદેશી અને અનંત પ્રદેશી, પ્રત્યેક સ્કંધના વિષયમાં આઠ પ્રદેશી સ્કંધની સમાન જાણવું. **[ગાથાર્થ] પરમાણુ** પુદ્ગલમાં ત્રીજો ભંગ હોય છે, **દ્વિપ્રદેશી** સ્કંધમાં પહેલો અને ત્રીજો આ બે ભંગ હોય છે, **ત્રણ પ્રદેશી** સ્કંધમાં પહેલો, ત્રીજો, નવમો અને અગિયારમો તે ચાર ભંગ હોય છે. ॥૧॥

**ચાર પ્રદેશી** સ્કંધમાં પહેલો, ત્રીજો, નવમો, દશમો, અગિયારમો, બારમો અને ત્રેવીસમો આ સાત ભંગ જાણવા જોઈએ. ॥૨॥

**પાંચ પ્રદેશી** સ્કંધમાં પહેલો, ત્રીજો, સાતમો, નવમો, દશમો, અગિયારમો, બારમો, તેરમો, ત્રેવીસમો, ચોવીસમો અને પચીસમો, આ અગિયાર ભંગ જાણવા જોઈએ. ॥૩॥

**છ પ્રદેશી** સ્કંધમાં બીજો, ચોથો, પાંચમો, છટ્ઠો, પંદરમો, સોળમો, સત્તરમો, અઢારમો, વીસમો, એકવીસમો અને બાવીસમો, આ અગિયાર ભંગને છોડીને શેષ પંદર ભંગ જાણવા જોઈએ. ॥૪॥

**સાતપ્રદેશી** સ્કંધમાં બીજો, ચોથો, પાંચમો, છટ્ઠો, પંદરમો, સોળમો, સત્તરમો, અઢારમો અને

બાવીસમો, આ નવ ભંગ વર્જીને શેષ સત્તર ભંગ જાણવા જોઈએ. ।।૫।।

શેષ **અષ્ટપ્રદેશીથી લઈને શેષ સર્વ**(સંખ્યાતપ્રદેશી, અસંખ્યાત પ્રદેશી અને અનંતપ્રદેશી) સ્કંધોમાં બીજો, ચોથો, પાંચમો, છટ્ઠો, પંદરમો, સોળમો, સત્તરમો, અઢારમો, આ આઠ ભંગોને છોડીને શેષ અઢાર ભંગ જાણવા જોઈએ. ।।૬।।

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં આઠ પ્રદેશીસ્કંધમાં અને સંખ્યાત પ્રદેશી આદિ સર્વ સ્કંધોના ૧૮ ભંગ (૧,૩,૭,૮,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૯,૨૦,૨૧,૨૨, ૨૩,૨૪,૨૫,૨૬) નિરૂપણ છે. તેમજ ગાથાઓ દ્વારા સંક્ષિપ્તમાં સંપૂર્ણ વિષયનું પુનઃ કથન કર્યું છે. તેમાં ૧૭ ભંગ પૂર્વોક્ત યુક્તિ અનુસાર સમજવા, શેષ એક બાવીશમો ભંગ આ પ્રમાણે છે–

**(૨૨) એક ચરમ અનેક અચરમ અને અનેક અવકતવ્ય :–** આઠ પ્રદેશી સ્કંધ જ્યારે ત્રણ પ્રતરના આઠ આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને તેમાં એક જ પ્રતરના આડી-ઊભી બે શ્રેણીમાં ચારે દિશામાં ચાર પ્રદેશો, મધ્યમાં બે પ્રદેશો તથા ઉપર અને નીચેના ભિન્ન ભિન્ન બે પ્રતરોમાં બે પ્રદેશો સ્થિત હોય, ત્યારે ચાર દિશાના ચાર પ્રદેશ તથાવિધ એકત્વ પરિણામી હોવાથી એક ચરમ છે. મધ્યના બે પ્રદેશ તથાવિધ ભિન્ન પરિણામે પરિણત હોવાથી અનેક અચરમ છે અને ઉપર અને નીચે ભિન્ન-ભિન્ન પ્રતરમાં એક-એક આકાશ પ્રદેશાવગાઢ એક-એક પ્રદેશ, તે અનેક અવક્તવ્ય છે તેથી આઠ પ્રદેશી સ્કંધમાં આ બાવીસમો ભંગ ઘટિત થાય છે. આ રીતે આઠપ્રદેશી સ્કંધમાં કુલ ૧૭+ ૧ = ૧૮ ભંગ ઘટિત થાય છે. શેષ આઠ ભંગ ઘટિત થતા નથી.

આ જ રીતે સંખ્યાત,અસંખ્યાત અને અનંતપ્રદેશી સ્કંધોમાં પણ છવ્વીસ ભંગમાંથી અઢાર ભંગ ઘટિત થાય છે. શેષ આઠ ભંગ (૨,૪,૫,૬,૧૫,૧૬,૧૭,૧૮) હોતા નથી, કારણ કે તે ભંગ શૂન્ય છે અર્થાત્ તે ભંગ પરમાણુથી લઈને અનંત પ્રદેશીસુધી કોઈપણ સ્કંધમાં થતા નથી. તે આઠ ભંગમાંથી ૨,૫,૧૫,૧૬,૧૭, ૧૮ આ છ ભંગ અચરમના અથવા અચરમ-અવકતવ્યના છે અને ચરમ વિના કેવલ અચરમ કદાપિ સંભવિત નથી. તેથી તે ભંગો ઘટી શકતા નથી. પાંચમો ભંગ અનેક ચરમનો છે. અનેક ચરમ પણ વચ્ચે અચરમ આવ્યા વિના થઈ શકતા નથી તેથી તે ભંગ પણ શૂન્ય છે. છટ્ઠો ભંગ અનેક અવકતવ્યનો છે અને ચરમ વિના માત્ર અનેક અવકતવ્ય થઈ શકતા નથી. તેથી આ ભંગ પણ શૂન્ય છે.

**કોઈપણ પુદ્ગલમાં ઘટિત ન થતા આઠ શૂન્ય ભંગ :–**

| ક્રમ | ભંગાંક | ભંગ નામ | શૂન્યતાનું કારણ |
|---|---|---|---|
| ૧ | બીજો | એક અચરમ | ચરમ વિના અચરમ(મધ્યમ) થતા નથી |
| ૨ | ચોથો | અનેક ચરમ | મધ્યના અચરમ વિના કેવળ અનેક ચરમ થતા નથી |
| ૩ | પાંચમો | અનેક અચરમ | ચરમ વિના અચરમ થતા નથી |
| ૪ | છટ્ઠો | અનેક અવક્તવ્ય | ચરમ કે અચરમ વિના કેવળ અનેક અવ્યક્તવ્ય શક્ય નથી. |
| ૫–૮ | ૧૫ થી ૧૮ | અચરમ અને અવક્તવ્યના સંયોગવાળા ચાર ભંગ | ચરમ વિના અચરમ(મધ્યમ) ન હોય, તેથી ચરમ રહિત કેવળ અચરમ અને અવક્તવ્યના સંયોગવાળા ભંગ થતા નથી. |

## પરમાણુ આદિમાં ચરમ–અચરમ સંબંધી ભંગ :–

| ભંગ | આકૃતિ | પરમાણુ | દ્વિપ્રદેશી સ્કંધ | ત્રણ પ્રદેશી સ્કંધ | ચાર પ્રદેશી સ્કંધ | પાંચ પ્રદેશી સ્કંધ | છ પ્રદેશી સ્કંધ | સાત પ્રદેશી સ્કંધ | આઠ પ્રદેશીથી અનંત પ્રદેશી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ એક ચરમ |  | × | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૨ એક અચરમ | × | × | × | × | × | × | × | × | × |
| ૩ એક અવક્તવ્ય |  | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૪ અનેક ચરમ | × | × | × | × | × | × | × | × | × |
| ૫ અનેક અચરમ | × | × | × | × | × | × | × | × | × |
| ૬ અનેક અવક્તવ્ય | × | × | × | × | × | × | × | × | × |
| ૭ એક ચરમ એક અચરમ |  | × | × | × | × | ✓ | ✓ | ✓ | ✓ |
| ૮ એક ચરમ અનેક અચરમ |  | × | × | × | × | × | ✓ | ✓ | ✓ |
| ૯ અનેક ચરમ એક અચરમ |  | × | × | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૦ અનેક ચરમ અનેક અચરમ |  | × | × | × | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૧ એક ચરમ એક અવક્તવ્ય |  | × | × | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૨ એક ચરમ અનેક અવક્તવ્ય |  | × | × | × | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૩ અનેક ચરમ એક અવક્તવ્ય |  | × | × | × | × | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૪ અનેક ચરમ અનેક અવક્તવ્ય |  | × | × | × | × | × | ✓ | ✓ | ✓ |
| ૧૫ એક અચરમ એક અવક્તવ્ય | × | × | × | × | × | × | × | × | × |
| ૧૬ એક અચરમ અનેક અવક્તવ્ય | × | × | × | × | × | × | × | × | × |
| ૧૭ અનેક અચરમ એક અવક્તવ્ય | × | × | × | × | × | × | × | × | × |

| ભંગ | આકૃતિ | પરમાણુ | દ્વિપ્રદેશી સ્કંધ | ત્રણ પ્રદેશી સ્કંધ | ચાર પ્રદેશી સ્કંધ | પાંચ પ્રદેશી સ્કંધ | છ પ્રદેશી સ્કંધ | સાત પ્રદેશી સ્કંધ | આઠ પ્રદેશીથી અનંત પ્રદેશી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ અનેક અચરમ અનેક અવક્તવ્ય | × | × | × | × | × | × | × | × | × |
| ૧૯ એક ચરમ એક અચરમ એક અવક્તવ્ય |  | × | × | × | × | × | ✓ | ✓ | ✓ |
| ૨૦ એક ચરમ એક અચરમ અનેક અવક્તવ્ય |  | × | × | × | × | × | × | ✓ | ✓ |
| ૨૧ એક ચરમ અનેક અચરમ એક અવક્તવ્ય |  | × | × | × | × | × | × | ✓ | ✓ |
| ૨૨ એક ચરમ અનેક અચરમ અનેક અવક્તવ્ય |  | × | × | × | × | × | × | × | ✓ |
| ૨૩ અનેક ચરમ એક અચરમ એક અવક્તવ્ય |  | × | × | × | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૨૪ અનેક ચરમ એક અચરમ અનેક અવક્તવ્ય |  | × | × | × | × | ✓ | ✓ | ✓ | ✓ |
| ૨૫ અનેક ચરમ અનેક અચરમ એક અવક્તવ્ય |  | × | × | × | × | ✓ | ✓ | ✓ | ✓ |
| ૨૬ અનેક ચરમ અનેક અચરમ અનેક અવક્તવ્ય |  | × | × | × | × | × | ✓ | ✓ | ✓ |
| **કુલ ભંગ** | | **૧** | **૨** | **૪** | **૭** | **૧૧** | **૧૫** | **૧૭** | **૧૮** |

★ ૨૬ ભંગમાં અસંયોગી–૬ ભંગ, દ્વિસંયોગી–૧૨ ભંગ અને ત્રિસંયોગી–૮ ભંગ છે. ★ ૨૬ ભંગમાં ૨, ૪, ૫, ૬, ૧૫, ૧૬, ૧૭, ૧૮ તે આઠ શૂન્ય ભંગ છે. ★ આઠ પ્રદેશી સ્કંધની જેમ સંખ્યાત, અસંખ્યાત અને અનંતપ્રદેશી સ્કંધોમાં ૧૮ ભંગ હોય છે. ★ પરમાણુ આદિ જે કોલમમાં × આ ચિહ્ન છે તેમાં તેની સીધવાળા નંબરનો ભંગ હોતો નથી અને જેમાં ✓ ચિહ્ન છે તે પરમાણુ આદિમાં તેના સીધવાળા નંબરનો ભંગ હોય છે, તેમ સમજવું.

**સંસ્થાનની અપેક્ષાએ ચરમાદિની પ્રરૂપણા :–**

**१५ कइ णं भंते ! संठाणा पण्णत्ता ? गोयमा ! पंच संठाणा पण्णत्ता, तं जहा- परिमंडले वट्टे तंसे चउरंसे आयते ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! સંસ્થાનના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સંસ્થાનના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે –(૧) પરિમંડળ, (૨) વૃત્ત, (૩) ત્ર્યસ્ર, (૪) ચતુરસ્ર અને (૫) આયત.

**१६ परिमंडला णं भंते ! संठाणा किं संखेज्जा असंखेज्जा अणंता ? गोयमा ! णो संखेज्जा, णो असंखेज्जा, अणंता । एवं *जाव* आयता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરિમંડળ સંસ્થાન શું સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનંત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સંખ્યાત નથી, અસંખ્યાત નથી, પરંતુ અનંત છે. આ જ પ્રમાણે વૃત્તથી લઈ ***યાવત્*** આયત સુધીના સંસ્થાનોના વિષયમાં જાણવું જોઈએ.

**१७ परिमंडले णं भंते ! संठाणे किं संखेज्जपएसिए असंखेज्जपएसिए अणंतपएसिए ? गोयमा ! सिय संखेज्जपएसिए सिय असंखेज्जपएसिए सिय अणंतपएसिए । एवं *जाव* आयते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરિમંડળ સંસ્થાન શું સંખ્યાત પ્રદેશી છે, અસંખ્યાતપ્રદેશી છે કે અનંતપ્રદેશી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે કદાચિત્ સંખ્યાત પ્રદેશી છે, કદાચિત્ અસંખ્યાતપ્રદેશી છે અને કદાચિત્ અનંત પ્રદેશી છે. આ જ રીતે ***યાવત્*** આયત સંસ્થાન સુધી સમજી લેવું જોઈએ.

**१८ परिमंडले णं भंते ! संठाणे संखेज्जपएसिए किं संखेज्जपएसोगाढे असंखेज्ज पएसोगाढे अणंतपएसोगाढे ? गोयमा ! संखेज्जपएसोगाढे, णो असंखेज्जपएसोगाढे, णो अणंतपएसोगाढे। एवं *जाव* आयते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંખ્યાત પ્રદેશી પરિમંડળ સંસ્થાન શું સંખ્યાત પ્રદેશોમાં અવગાઢ હોય છે, અસંખ્યાત પ્રદેશોમાં અવગાઢ હોય છે કે અનંત પ્રદેશોમાં અવગાઢ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંખ્યાત પ્રદેશી પરિમંડળ સંસ્થાન સંખ્યાત પ્રદેશોમાં અવગાઢ હોય છે, અસંખ્યાતપ્રદેશોમાં અવાગઢ હોતા નથી અને અનંત પ્રદેશોમાં અવગાઢ હોતા નથી. આ જ રીતે આયત સંસ્થાન સુધી કથન કરવું જોઈએ.

**१९ परिमंडले णं भंते ! संठाणे असंखेज्जपएसिए किं संखेज्जपएसोगाढे असंखेज्ज-पएसोगाढे अणंतपएसोगाढे ? गोयमा ! सिय संखेज्जपएसोगाढे सिय असंखेज्जपएसोगाढे, णो अणंतपएसोगाढे। एवं *जाव* आयते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસંખ્યાત પ્રદેશી પરિમંડળ સંસ્થાન શું સંખ્યાત પ્રદેશોમાં અવગાઢ હોય છે, અસંખ્યાત પ્રદેશોમાં અવગાઢ હોય છે કે અનંત પ્રદેશોમાં અવગાઢ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્યાત પ્રદેશી પરિમંડળ સંસ્થાન કદાચિત્ સંખ્યાત પ્રદેશોમાં અવગાઢ

હોય છે, કદાચિત્ અસંખ્યાત પ્રદેશોમાં અવગાઢ હોય છે પરંતુ અનંત પ્રદેશોમાં અવગાઢ હોતું નથી. આ જ રીતે આયત સંસ્થાન સુધી કહેવું જોઈએ.

**२० परिमंडले णं भंते ! संठाणे अणंतपएसिए किं संखेज्जपएसोगाढे असंखेज्ज-पएसोगाढे अणंतपएसोगाढे ? गोयमा ! सिय संखेज्जपएसोगाढे सिय असंखेज्जपएसोगाढे, णो अणंतपएसोगाढे । एवं** *जाव* **आयते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનંત પ્રદેશી પરિમંડળ સંસ્થાન શું સંખ્યાત પ્રદેશોમાં અવગાઢ હોય છે, અસંખ્યાત પ્રદેશોમાં અવગાઢ હોય છે કે અનંતપ્રદેશોમાં અવગાઢ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનંત પ્રદેશી પરિમંડળ સંસ્થાન કદાચિત્ સંખ્યાત પ્રદેશોમાં અવગાઢ હોય છે. કદાચિત્ અસંખ્યાત પ્રદેશોમાં અવગાઢ હોય છે, અનંત પ્રદેશાવગાઢ હોતું નથી. આ જ રીતે આયત સંસ્થાન સુધીજાણવું જોઈએ.

**२१ परिमंडले णं भंते ! संठाणे संखेज्जपएसिए संखेज्जपएसोगाढे किं चरिमे अचरिमे चरिमाइं अचरिमाइं चरिमंतपएसा अचरिमंतपएसा ?**

**गोयमा ! परिमंडले णं संठाणे संखेज्जपएसिए संखेज्जपदेसोगाढे णो चरिमे णो अचरिमे णो चरिमाइं णो अचरिमाइं णो चरिमंतपएसा णो अचरिमंतपएसा, णियमा अचरिमं च चरिमाणि य चरिमंतपएसा य अचरिमंतपएसा य । एवं** *जाव* **आयते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંખ્યાત પ્રદેશી, સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડળ સંસ્થાન શું ચરમ છે, અચરમ છે, અનેક ચરમ છે, અનેક અચરમ છે, ચરમાંત પ્રદેશો છે કે અચરમાંત પ્રદેશો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંખ્યાત પ્રદેશી અને સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડળ સંસ્થાન દ્રવ્યની અપેક્ષાએ ચરમ નથી, અચરમ નથી, અનેક ચરમ નથી, અનેક અચરમ નથી, ચરમાંત પ્રદેશ નથી અને અચરમાન્ત પ્રદેશ પણ નથી, પરંતુ વિભાગની અપેક્ષાએ નિયમથી એક અચરમ, અનેક ચરમ, ચરમાંત પ્રદેશો અને અચરમાંત પ્રદેશો છે. આ જ રીતે સંખ્યાત પ્રદેશી-સંખ્યાત પ્રદેશાવગાઢ વૃત્ત સંસ્થાનથી લઈ આયત સંસ્થાન સુધી જાણવું જોઈએ.

**२२ परिमंडले णं भंते ! संठाणे असंखेज्जपएसिए संखेज्जपएसोगाढे किं चरिमे पुच्छा? गोयमा ! असंखेज्जपएसिए संखेज्जपएसोगाढे जहा संखेज्जपएसिए। एवं** *जाव* **आयते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસંખ્યાત પ્રદેશી અને સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાન શું ચરમ છે, અચરમ છે, અનેક ચરમ છે, અનેક અચરમ છે, ચરમાંતપ્રદેશ છે કે અચરમાંત પ્રદેશ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્યાત પ્રદેશી-સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનના વિષયમાં સંખ્યાત પ્રદેશી પરિમંડલ સંસ્થાનની સમાન જ જાણવું જોઈએ. આ જ રીતે અસંખ્યાત પ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢ આયત સંસ્થાન સુધી જાણવું જોઈએ.

**२३ परिमंडले णं भंते । संठाणे असंखेज्जपएसिए असंखेज्जपएसोगाढे किं चरिमे पुच्छा ? गोयमा ! असंखेज्जपएसिए असंखेज्जपएसोगाढे णो चरिमे, एवं जहा संखेज्ज-पएसिए संखेज्जपएसोगाढे । एवं** *जाव* **आयते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસંખ્યાતપ્રદેશી અને અસંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાન શું ચરમ છે, ઇત્યાદિ પ્રશ્નો પૂર્વવત્ ? **ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્યાત પ્રદેશી અસંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાન ચરમ નથી, ઈત્યાદિ સમગ્ર પ્રરૂપણા સંખ્યાત પ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનની સમાન જાણવી જોઈએ. આ જ રીતે ***યાવત્*** આયત સંસ્થાન સુધી જાણવું જોઈએ.

**૨૪ परिमंडले णं भंते ! संठाणे अणंतपएसिए संखेज्जपएसोगाढे किं चरिमे, पुच्छा ? गोयमा ! तहेव *जाव* आयते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનંતપ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાન શું ચરમ છે, ઈત્યાદિ પ્રશ્નો પૂર્વવત્ ? **ઉત્તર–** હે ગૌતમ ! સંખ્યાત પ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનની જેમ અનંત પ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાન જાણવું. આ જ રીતે આયત સંસ્થાન સુધી જાણવું જોઈએ.

**૨૫ अणंतपएसिए असंखेज्जपएसोगाढे जहा संखेज्जपएसोगाढे । एवं *जाव* आयते ।**

**ભાવાર્થ :–** અનંત પ્રદેશી અસંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનના ચરમાચરમાદિના વિષયમાં પણ ઉપરોક્ત સંખ્યાત પ્રદેશાવગાઢ અનુસાર જાણવું. આ જ રીતે આયત સંસ્થાન સુધી જાણવું જોઈએ.

**૨૬ परिमंडलस्स णं भंते ! संठाणस्स संखेज्जपएसियस्स संखेज्जपएसोगाढस्स अचरिमस्स य चरिमाण य चरिमंतपएसाण य अचरिमंतपएसाण य दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवे परिमंडलस्स संठाणस्स संखेज्जपएसियस्स संखेज्जपएसो-गाढस्स दव्वट्ठयाए एगे अचरिमे, चरिमाइं संखेज्जगुणाइं, अचरिमं च चरिमाणि य दो वि विसेसाहियाइं । पएसट्ठयाए- सव्वत्थोवा परिमंडलस्स संठाणस्स संखेज्जपएसियस्स संखेज्जपएसोगाढस्स चरिमंतपएसा, अचरिमंतपएसा संखेज्जगुणा, चरिमंतपएसा य अचरिमंत पएसा य दो वि विसेसाहिया । दव्वट्ठपएसट्ठयाए- सव्वत्थोवे परिमंडलस्स संठाणस्स संखेज्जपएसियस्स संखेज्जपएसोगाढस्स दव्वट्ठयाए एगे अचरिमे, चरिमाइं संखेज्जगुणाइं, अचरिमं च चरिमाणि य दो वि विसेसाहियाइं, चरिमंतपएसा संखेज्जगुणा, अचरिमंतपएसा संखेज्जगुणा, चरिमंतपएसा य अचरिमंतपएसा य दो वि विसेसाहिया । एवं वट्ट-तंस-चउरंस-आयतेसु वि जोएयव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંખ્યાત પ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનના અચરમ, અનેક ચરમ, ચરમાંત પ્રદેશ અને અચરમાંત પ્રદેશોમાંથી દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ અને દ્રવ્ય પ્રદેશ આ બંનેની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! **દ્રવ્યની અપેક્ષાએ** (૧) સર્વથી અલ્પ સંખ્યાતપ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનનો એક અચરમ છે. (૨) તેનાથી અનેક ચરમ સંખ્યાતગુણા અધિક છે, (૩) તેનાથી અચરમ અને અનેક ચરમ બંને મળીને વિશેષાધિક છે. **પ્રદેશોની અપેક્ષાએ–** (૧) સર્વથી અલ્પ

સંખ્યાતપ્રદેશી, સંખ્યાતપ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનના ચરમાંત પ્રદેશો છે. (૨) તેનાથી અચરમાંત પ્રદેશો સંખ્યાતગુણા છે. (૩) તેનાથી ચરમાન્તપ્રદેશો અને અચરમાન્ત પ્રદેશો બંને મળીને વિશેષાધિક છે. **દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ**–(૧) સર્વથી અલ્પ સંખ્યાતપ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનનો એક અચરમ છે. (૨) તેનાથી અનેક ચરમ સંખ્યાત ગુણા છે. (૩) તેનાથી એક અચરમ અને અનેક ચરમ બંને મળીને વિશેષાધિક છે. (૪)તેનાથી ચરમાંત પ્રદેશો સંખ્યાતગુણા. (૫) તેનાથી અચરમાંત પ્રદેશો સંખ્યાતગુણા. (૬) તેનાથી ચરમાંત અને અચરમાંત પ્રદેશો બંને મળીને વિશેષાધિક છે.

આ જ રીતે વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર અને આયાત સંસ્થાનના ચરમાદિનું અલ્પબહુત્વ જાણવું જોઈએ.

**૨૭ परिमंडलस्स णं भंते ! संठाणस्स असंखेज्जपएसियस्स संखेज्जपएसोगाढस्स अचरिमस्स य चरिमाण य चरिमंतपएसाण य अचरिमंतपएसाण य दव्वट्ठयाए, पएसट्ठयाए, दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवे परिमंडलस्स संठाणस्स असंखेज्जपएसियस्स संखेज्ज-पएसोगाढस्स दव्वट्ठयाए- एगे अचरिमे, चरिमाइं संखेज्जगुणाइं, अचरिमं च चरिमाणि य दो वि विसेसाहियाइं । पएसट्ठयाए- सव्वत्थोवा परिमंडलस्स संठाणस्स असंखेज्जपए सियस्स संखेज्जपएसोगाढस्स चरिमंतपएसा, अचरिमंतपएसा संखेज्जगुणा, चरिमंतपए सा य अचरिमंतपएसा य दो वि विसेसाहिया । दव्वट्ठ-पएसट्ठयाए- सव्वत्थोवे परिमंडलस्स संठाणस्स असंखेज्जपएसियस्स संखेज्जपएसोगाढस्स दव्वट्ठयाए एगे अचरिमे, चरिमाइं संखेज्जगुणाइं, अचरिमं च चरिमाणि य दो वि विसेसाहियाइं, चरिमंतपएसा संखेज्जगुणा, अचरिमंतपएसा संखेज्जगुणा, चरिमंतपएसा य अचरिमंतपएसा य दो वि विसेसाहिया । एवं *जाव* आयते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસંખ્યાતપ્રદેશી અને સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનના અચરમ, અનેક ચરમ, ચરમાંત પ્રદેશો અને અચરમાંત પ્રદેશોમાંથી દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ અને દ્રવ્યપ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! **દ્રવ્યની અપેક્ષાએ** (૧) અસંખ્યાત પ્રદેશી અને સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનમાં (એક) અચરમ છે. (૨)તેનાથી અનેક ચરમ સંખ્યાતગુણા અધિક છે. (૩)તેનાથી એક અચરમ અને અનેક ચરમ બંને મળીને વિશેષાધિક છે. **પ્રદેશોની અપેક્ષાએ** (૧) અસંખ્યાત પ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનના ચરમાંત પ્રદેશો સર્વથી થોડા છે.(૨)તેનાથી અચરમાન્ત પ્રદેશો સંખ્યાતગુણા છે. (૩)તેનાથી ચરમાંત પ્રદેશો અને અચરમાંત પ્રદેશો બંને મળીને વિશેષાધિક છે. **દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ** (૧)સર્વથી થોડા અસંખ્યાત પ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનનું એક અચરમ છે. (૨)તેનાથી અનેક ચરમ સંખ્યાતગુણા અધિક છે. (૩) તેનાથી એક અચરમ અને અનેક ચરમ બંને મળીને વિશેષાધિક છે. (૪) તેનાથી ચરમાંતપ્રદેશો સંખ્યાતગુણા છે. (૫)તેનાથી અચરમાંતપ્રદેશો સંખ્યાતગુણા છે. (૬) તેનાથી ચરમાંત પ્રદેશો અને અચરમાંત પ્રદેશો બંને મળીને વિશેષાધિક છે. આ જ રીતે આયત સંસ્થાન સુધીના ચરમાદિનું અલ્પબહુત્વ જાણવું જોઈએ.

**૨૮ परिमंडलस्स णं भंते ! संठाणस्स असंखेज्जपएसियस्स असंखेज्जपएसोगाढस्स**

**अचरिमस्स य चरिमाण य चरिमंतपएसाण य अचरिमंतपएसाण य दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! जहा रयणप्पभाए अप्पाबहुयं तहेव णिरवसेसं भाणियव्वं एवं *जाव* आयते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનના એક અચરમ, અનેક ચરમ, ચરમાંત પ્રદેશો અને અચરમાંત પ્રદેશોમાંથી દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ તથા દ્રવ્ય-પ્રદેશ બંનેની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેવી રીતે રત્નપ્રભા પૃથ્વીના ચરમાદિના અલ્પબહુત્વનું કથન કર્યું છે તેવી જ રીતે અહીં પણ સંપૂર્ણ અલ્પબહુત્વનું કથન કરવું. આ જ રીતે આયત સંસ્થાન સુધી જાણવું જોઈએ.

**२९ परिमंडलस्स णं भंते ! संठाणस्स अणंतपएसियस्स संखेज्जपएसोगाढस्स अचरिमस्स य चरिमाण य चरिमंतपएसाण य अचरिमंतपएसाण य दव्वट्ठयाए, पएसट्ठयाए, दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! जहा संखेज्जपएसियस्स संखेज्जपएसोगाढस्स णवरं संकमे अणंतगुणा । एवं *जाव* आयते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનંત પ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનના એક અચરમ, અનેક ચરમ, ચરમાંતપ્રદેશો અને અચરમાંત પ્રદેશોમાંથી દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ, દ્રવ્ય-પ્રદેશ બંનેની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે સંખ્યાત પ્રદેશાવગાઢ સંખ્યાત પ્રદેશી પરિમંડલ સંસ્થાનના ચરમાદિના અલ્પબહુત્વના વિષયમાં કહ્યું, તે જ રીતે અનંત પ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનના વિષયમાં પણ કહેવું જોઈએ. વિશેષતા એ છે કે સંક્રમમાં એટલે દ્રવ્ય પછી પ્રદેશનો બોલ આવે ત્યાં અનંતગુણા છે. આ જ રીતે વૃત્ત સંસ્થાનથી લઈને આયત સંસ્થાન સુધી કહેવું જોઈએ.

**३० परिमंडलस्स णं भंते ! संठाणस्स अणंतपएसियस्स असंखेज्जपएसोगाढस्स अचरिमस्स य चरिमाण य चरिमंतपएसाण य अचरिमंतपएसाण य दव्वट्ठयाए, पएसट्ठयाए, दवट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! जहा रयणप्पभाए, णवरं संकमे अणंतगुणा । एवं *जाव* आयते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનંતપ્રદેશી,અસંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનના એક અચરમ, અનેક ચરમ, ચરમાંત પ્રદેશો અને અચરમાંત પ્રદેશોમાંથી દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ, દ્રવ્ય-પ્રદેશ બંનેની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે રત્નપ્રભા પૃથ્વીના ચરમ, અચરમ, આદિના વિષયમાં અલ્પબહુત્વ કહ્યું છે, તે જ રીતે અનંત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશાવગાઢ પરિમંડલ સંસ્થાનના ચરમ, અચરમ આદિના અલ્પબહુત્વના વિષયમાં સમજી લેવું જોઈએ. વિશેષતા એ છે કે સંક્રમમાં અર્થાત્ અલ્પબહુત્વમાં જ્યાં દ્રવ્ય પછી પ્રદેશનો બોલ આવે ત્યાં અનંતગુણા છે.

આ જ રીતે વૃત્ત સંસ્થાનથી લઈને આયત સંસ્થાન સુધીના ચરમાદિ બોલોનું અલ્પબહુત્વ સમજી લેવું જોઈએ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં પરિમંડલ આદિ સંસ્થાનોના સંખ્યાત પ્રદેશી આદિ તથા સંખ્યાત પ્રદેશાવગાઢ આદિનું પ્રતિપાદન કરીને તેના અચરમ-ચરમાદિના અલ્પબહુત્વની પ્રરૂપણા છે.

આ લોકમાં અનંતાનંત પુદ્‌ગલ સ્કંધો છે. તેમાં પરિમંડલ આદિ પાંચે સંસ્થાનવાળા પુદ્‌ગલો પણ અનંત-અનંત છે; તેમાંથી કેટલાક પરિમંડલ આદિ સંખ્યાત પ્રદેશી, કેટલાક અસંખ્યાતપ્રદેશી અને કેટલાક અનંતપ્રદેશી છે.

**સંસ્થાનોની અવગાહના :–** સંખ્યાત પ્રદેશી પરિમંડલ આદિ સંસ્થાનવાળા સ્કંધો જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા આકાશપ્રદેશ પર સ્થિત થઈ શકે છે.

અસંખ્યાત પ્રદેશી પરિમંડલ આદિ સંસ્થાનવાળા સ્કંધો જઘન્ય એક, બે, ત્રણ ઉત્કૃષ્ટ સંખ્યાતા કે અસંખ્યાતા આકાશ પ્રદેશો પર અવગાઢ થઈ શકે છે.

તે જ રીતે અનંત પ્રદેશી પરિમંડલ આદિ સંસ્થાનવાળા સ્કંધો જઘન્ય એક, બે, ત્રણ ઉત્કૃષ્ટ સંખ્યાત કે અસંખ્યાત આકાશ પ્રદેશો પર અવગાઢ થઈ શકે છે. લોકાકાશના અસંખ્યાત પ્રદેશો જ હોવાથી કોઈ પણ સ્કંધની અવગાહના અસંખ્યાત પ્રદેશથી અધિક થતી નથી.

સંક્ષેપમાં જેટલા પ્રદેશી સ્કંધ હોય તેટલા પ્રદેશમાં તે ઉત્કૃષ્ટ અવગાહના પામી શકે છે. તેનાથી ન્યૂન અવગાહના પામી શકે છે, પરંતુ અધિક અવગાહના પામી શકતા નથી. જેમ કે પચાસ પ્રદેશી સ્કંધ જઘન્ય ૧, ૨, ૩ પ્રદેશો પર અને ઉત્કૃષ્ટ ૫૦ આકાશપ્રદેશો પર સ્થિત થાય છે. ૫૦ થી અધિક પ્રદેશો પર સ્થિત થઈ શકતો નથી. અનંત પ્રદેશી સ્કંધ ઉત્કૃષ્ટ અસંખ્યાત આકાશ પ્રદેશ પર અવગાહન કરી શકે છે, કારણ કે લોકમાં સર્વ આકાશ પ્રદેશો અસંખ્યાત જ છે.

**સંસ્થાનોમાં ચરમ–અચરમ આદિ :–** દ્રવ્યની અપેક્ષાએ પાંચે સંસ્થાન એકત્વ પરિણામ વડે પરિણત હોવાથી એક દ્રવ્યરૂપ છે, તેથી તેમાં ચરમ કે અચરમપણું ઘટિત થતું નથી. પરંતુ પરિમંડલ આદિ પાંચે સંસ્થાન સંખ્યાત, અસંખ્યાત કે અનંત પ્રદેશી તેમજ સંખ્યાત કે અસંખ્યાત પ્રદેશાવગાઢ હોય છે; તેથી તેમાં વિભાગની અપેક્ષાએ અવયવોની કલ્પના કરી શકાય છે, જેથી રત્નપ્રભાપૃથ્વીની જેમ તેમાં (૧) અનેક ચરમ (૨) એક અચરમ (૩) ચરમાંત પ્રદેશ (૪) અચરમાંત પ્રદેશ રૂપ ચાર ભંગ ઘટિત થાય છે.

જેમ કે (૧) કોઈપણ સંસ્થાનવાળા સ્કંધમાં દંતાકાર ખૂણાઓ હોય તો વિભાગાપેક્ષયા તેના અનેક ચરમ હોય છે. (૨) મધ્યનો ભાગ હોય તો તે એક અચરમ હોય છે. (૩) તેમાં ચરમ વિભાગોના પ્રદેશો ચરમાન્ત પ્રદેશો હોય છે અને (૪) અચરમ વિભાગના પ્રદેશો અચરમાન્ત પ્રદેશો હોય છે.

પ્રસ્તુત સૂત્રોમાં પરિમંડલ આદિ સંસ્થાનોના પ્રદેશ અને અવગાહનાના સંયોગે પાંચ વિકલ્પ કર્યા છે–(૧)સંખ્યાત પ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢ. (૨) અસંખ્યાત પ્રદેશી-સંખ્યાત પ્રદેશાવગાઢ(૩)અસંખ્યાત-પ્રદેશી અસંખ્યાત પ્રદેશાવગાઢ. (૪) અનંત પ્રદેશી-સંખ્યાત પ્રદેશાવગાઢ. (૫) અનંત પ્રદેશી-અસંખ્યાત-પ્રદેશાવગાઢ. આ પાંચેય પ્રકારના વિશેષણોથી યુક્ત પરિમંડલાદિ સંસ્થાનોમાં વિભાગાદેશથી(અવયવોની અપેક્ષાએ)– (૧) અનેક ચરમ (૨) એક અચરમ (૩) ચરમાંત પ્રદેશો (૪) અચરમાંત પ્રદેશો, તે ચાર-

ચાર ભંગ ઘટિત થાય છે. તેને સ્વીકારીને સૂત્રમાં દ્રવ્યાર્થ, પ્રદેશાર્થ અને દ્રવ્યાર્થ-પ્રદેશાર્થના અલ્પબહુત્વનું નિરૂપણ કર્યું છે. જે ભાવાર્થથી સ્પષ્ટ છે.

**णवरं संकमे अणंतगुणा :–** દ્રવ્ય અને પ્રદેશના સમ્મિલિત અલ્પબહુત્વમાં જ્યાં દ્રવ્યના બોલ પછી પ્રદેશના બોલ પ્રારંભ થાય છે ત્યાં તે અલ્પબહુત્વ દ્રવ્યથી પ્રદેશમાં સંક્રમિત થાય છે. આ સંક્રમણ સ્થાનને સૂચવવા સૂત્રમાં **संकमे** શબ્દનો પ્રયોગ થયો છે.

પ્રસ્તુતમાં સંસ્થાનોના પ્રદેશ અને અવગાહનાની અપેક્ષાએ પાંચ પ્રકારે અલ્પબહુત્વનું કથન પાંચ સૂત્રોમાં છે. તેમાંથી (૧) સંખ્યાત પ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢ અને (૨) અસંખ્યાત પ્રદેશી-સંખ્યાત પ્રદેશાવગાઢના બે સૂત્રોનો પાઠ પરિપૂર્ણ છે. **ત્રીજું** અસંખ્યાત પ્રદેશી અસંખ્યાત પ્રદેશાવગાઢનો સૂત્રપાઠ નરકના સૂત્રની સમાન કહ્યો છે. ચોથું અને પાંચમું સૂત્ર અનંત પ્રદેશીનું હોવાથી નરકના સૂત્રની સમાન કહીને પણ વિશેષતા દર્શાવી છે, કારણ કે નરકપૃથ્વીના અસંખ્યાત પ્રદેશ હોવાથી તેમાં પ્રદેશથી અસંખ્યાતગુણા હોય છે અને અહીં અનંત પ્રદેશી સ્કંધ હોવાથી દ્રવ્યના ત્રણ બોલ પછી પ્રદેશના ચોથા બોલ માટે અનંતગુણાનું સૂચન છે અને તેના માટે **णवरं संकमे अणंतगुणा** તેમ કથન કર્યું છે.

**પાંચ સંસ્થાનોમાં ચરમાદિનું અલ્પબહુત્વ :–**

| ચરમાદિ વિકલ્પો | સંખ્યાત પ્રદેશી સં. પ્રદેશાવગાઢ | અસં. પ્રદેશી સં. પ્રદેશાવગાઢ | અસં. પ્રદેશી અસં. પ્રદેશાવગાઢ | અનંત પ્રદેશી સં. પ્રદેશાવગાઢ | અનંત પ્રદેશી અસં. પ્રદેશાવગાઢ |
|---|---|---|---|---|---|
| (૧) એક અચરમ | ૧ સર્વથી થોડા | ૧ સર્વથી થોડા | ૧ સર્વથી થોડા | ૧ સર્વથી થોડા | ૧ સર્વથી થોડા |
| (૨) અનેક ચરમ | ૨ સંખ્યાતગુણા | ૨ સંખ્યાતગુણા | ૨ અસંખ્યાતગુણા | ૨ દ્રવ્યથી અનંતગુણા ક્ષેત્રથી સં. ગુણા | ૨ દ્રવ્યથી–અનંતગુણા ક્ષેત્રથી–અસં.ગુણા |
| (૩) ચરમ–અચરમ સમ્મિલિત | ૩ વિશેષાધિક | ૩ વિશેષાધિક | ૩ વિશેષાધિક | ૩ વિશેષાધિક | ૩ વિશેષાધિક |
| (૪) ચરમાંત પ્રદેશો | ૪ સંખ્યાતગુણા | ૪ સંખ્યાતગુણા | ૪ અસંખ્યાતગુણા | ૪ અનંતગુણા | ૪ અનંતગુણા |
| (૫) અચરમાંત પ્રદેશો | ૫ સંખ્યાતગુણા | ૫ અસંખ્યાતગુણા | ૫ અસંખ્યાતગુણા | ૫ અસંખ્યગુણા | ૫ અસંખ્યગુણા |
| (૬) ચરમાંત-અચરમાંત પ્રદેશો | ૬ વિશેષાધિક | ૬ વિશેષાધિક | ૬ વિશેષાધિક | ૬ વિશેષાધિક | ૬ વિશેષાધિક |

**ગતિ આદિની અપેક્ષાએ જીવોમાં ચરમાચરમ :–**

**૩૧ जीवे णं भंते ! गइचरिमेणं किं चरिमे अचरिमे ? गोयमा ! सिय चरिमे सिय अचरिमे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ ગતિ ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવ ગતિ ચરમની અપેક્ષાએ કદાચિત્ ચરમ છે, કદાચિત્ અચરમ છે.

**३२** **णेरइए णं भंते ! गइचरिमेणं किं चरिमे अचरिमे ? गोयमा ! सिय चरिमे सिय अचरिमे । एवं णिरंतरं** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિક ગતિ ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ ?**ઉત્તર–** હે ગૌતમ ! તે ગતિ ચરમની અપેક્ષાએ કદાચિત્ ચરમ છે અને કદાચિત્ અચરમ છે. આ જ રીતે એક અસુરકુમારથી લઈને વૈમાનિકદેવ સુધી જાણવું જોઈએ.

**३३** **णेरइया णं भंते ! गइचरिमेणं किं चरिमा अचरिमा ? गोयमा ! चरिमा वि अचरिमा वि । एवं णिरंतरं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકો ગતિ ચરમથી શું ચરમ છે કે અચરમ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનેક નૈરયિકો ગતિ ચરમની અપેક્ષાએ ચરમ પણ છે અને અચરમ પણ છે. આ જ રીતે વૈમાનિકદેવો સુધી જાણવું જોઈએ.

**३४** **णेरइए णं भंते ! ठिईचरिमेणं किं चरिमे अचरिमे ? गोयमा ! सिय चरिमे सिय अचरिमे । एवं णिरंतरं** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિક સ્થિતિ ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક નૈરયિક સ્થિતિ ચરમની અપેક્ષાએ કદાચિત્ ચરમ છે, કદાચિત્ અચરમ છે. આ જ રીતે વૈમાનિક દેવપર્યંત જાણવું જોઈએ.

**३५** **णेरइया णं भंते ! ठिईचरिमेणं किं चरिमा अचरिमा ? गोयमा ! चरिमा वि अचरिमा वि । एवं णिरंतरं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકો સ્થિતિ ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે? **ઉત્તર–** હે ગૌતમ ! સ્થિતિ ચરમની દષ્ટિએ અનેક નૈરયિકો ચરમ પણ છે અને અચરમ પણ છે. આ જ રીતે વૈમાનિક દેવો સુધી જાણવું જોઈએ.

**३६** **णेरइए णं भंते ! भवचरिमेणं किं चरिमे अचरिमे ? गोयमा ! सिय चरिमे सिय अचरिमे । एवं णिरंतरं** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિક ભવચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભવચરમની અપેક્ષાએ એક નૈરયિક કદાચિત્ ચરમ છે અને કદાચિત્ અચરમ છે. આ જ રીતે વૈમાનિકદેવો સુધી જાણવું જોઈએ.

**३७** **णेरइया णं भंते ! भवचरिमेणं किं चरिमा अचरिमा ? गोयमा ! चरिमा वि अचरिमा वि । एवं णिरंतरं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકો ભવચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનેક નૈરયિકો ભવચરમની અપેક્ષાએ ચરમ પણ છે અને અચરમ પણ છે. આ જ રીતે વૈમાનિકદેવો સુધી જાણવું જોઈએ.

**३८** **णेरइए णं भंते ! भासाचरिमेणं किं चरिमे अचरिमे ? गोयमा ! सिय चरिमे सिय अचरिमे । एवं एगिंदियवज्जा णिरंतरं** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિક ભાષા ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક નૈરયિક ભાષાચરમની અપેક્ષાએ કદાચિત્ ચરમ છે, કદાચિત્ અચરમ છે. આ જ રીતે એકેન્દ્રિયને વર્જીને વૈમાનિક દેવો પર્યંત જાણવું જોઈએ. એકેન્દ્રિયમાં ભાષા નથી માટે તેનો અહીં નિષેધ કર્યો છે.

**३९** **णेरइया णं भंते भासाचरिमेणं किं चरिमा अचरिमा ? गोयमा ! चरिमा वि अचरिमा वि । एवं एगिंदियवज्जा णिरंतरं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકો ભાષા ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનેક નૈરયિકો ભાષા ચરમની અપેક્ષાએ ચરમ પણ છે અને અચરમ પણ છે. આ જ રીતે એકેન્દ્રિય જીવોને છોડી વૈમાનિક દેવો સુધી જાણવું જોઈએ.

**४०** **णेरइए णं भंते ! आणापाणुचरिमेणं किं चरिमे अचरिमे ? गोयमा ! सिय चरिमे सिय अचरिमे । एवं णिरंतरं** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિક શ્વાસોશ્વાસ ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે? **ઉત્તર–** હે ગૌતમ ! એક નૈરયિક શ્વાસોશ્વાસ ચરમની અપેક્ષાએ કદાચિત્ ચરમ છે, કદાચિત્ અચરમ છે. આ જ રીતે વૈમાનિક દેવો પર્યંત જાણવું જોઈએ.

**४१** **णेरइया णं भंते ! आणापाणुचरिमेणं किं चरिमा अचरिमा ? गोयमा ! चरिमा वि अचरिमा वि । एवं णिरंतरं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકો શ્વાસોશ્વાસ ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનેક નૈરયિકો શ્વાસોશ્વાસની અપેક્ષાએ ચરમ પણ છે અને અચરમ પણ છે. આ જ રીતે વૈમાનિક દેવો સુધી જાણવું જોઈએ.

**४२** **णेरइए णं भंते ! आहारचरिमेणं किं चरिमे अचरिमे ? गोयमा ! सिय चरिमे सिय अचरिमे । एवं णिरंतरं** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિક આહાર ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે? **ઉત્તર–** હે ગૌતમ ! એક નૈરયિક આહાર ચરમની અપેક્ષાએ કદાચિત્ ચરમ છે અને કદાચિત્ અચરમ છે. આ જ રીતે વૈમાનિક દેવો પર્યંત જાણવું જોઈએ.

**४३** **णेरइया णं भंते ! आहारचरिमेणं किं चरिमा अचरिमा ? गोयमा ! चरिमा वि अचरिमा वि । एवं णिरंतरं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકો આહાર ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે? **ઉત્તર–** હે ગૌતમ ! ચરમ પણ છે અને અચરમ પણ છે. આ જ રીતે વૈમાનિક સુધી જાણવું જોઈએ.

**૪૪ णेरइए णं भंते ! भावचरिमेणं किं चरिमे अचरिमे ? गोयमा ! सिय चरिमे सिय अचरिमे । एवं णिरंतरं *जाव* वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિક ભાવ ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે ?
**ઉત્તર–** હે ગૌતમ એક નૈરયિક ભાવ ચરમની અપેક્ષાએ કદાચિત્ ચરમ છે અને કદાચિત્ અચરમ છે. આ જ રીતે વૈમાનિક દેવો પર્યંત જાણવું જોઈએ.

**૪૫ णेरइया णं भंते ! भावचरिमेणं किं चरिमा अचरिमा ? गोयमा ! चरिमा वि अचरिमा वि । एवं णिरंतरं *जाव* वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકો ભાવ ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે ?
**ઉત્તર–** હે ગૌતમ અનેક નૈરયિક ભાવ ચરમની અપેક્ષાએ ચરમ પણ છે અને અચરમ પણ છે. આ જ રીતે વૈમાનિક દેવો પર્યંત જાણવું જોઈએ.

**૪૬ णेरइए णं भंते ! वण्णचरिमेणं किं चरिमे अचरिमे ? गोयमा ! सिय चरिमे सिय अचरिमे । एवं णिरंतरं *जाव* वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિક વર્ણ ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે ?
**ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ ચરમ છે અને કદાચિત્ અચરમ છે. આ જ રીતે વૈમાનિક દેવો સુધી જાણવું જોઈએ.

**૪૭ णेरइया णं भंते ! वण्णचरिमेणं किं चरिमा अचरिमा ? गोयमा ! चरिमा वि अचरिमा वि । एवं णिरंतरं *जाव* वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકો વર્ણ ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે ?
**ઉત્તર–** હે ગૌતમ ! વર્ણ ચરમની અપેક્ષાએ નૈરયિકો ચરમ પણ છે અને અચરમ પણ છે. આ જ રીતે અનેક વૈમાનિક દેવો સુધી જાણવું જોઈએ.

**૪૮ णेरइए णं भंते ! गंधचरिमेणं किं चरिमे अचरिमे ? गोयमा ! सिय चरिमे सिय अचरिमे । एवं णिरंतरं *जाव* वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિક ગંધ ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે ?
**ઉત્તર–** હે ગૌતમ ! એક નૈરયિક ગંધ ચરમની અપેક્ષાએ કદાચિત્ ચરમ છે અને કદાચિત્ અચરમ છે. આ જ રીતે વૈમાનિક દેવો પર્યંત જાણવું જોઈએ.

**૪૯ णेरइया णं भंते ! गंधचरिमेणं किं चरिमा अचरिमा ? गोयमा ! चरिमा वि अचरिमा वि । एवं णिरंतरं *जाव* वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકો ગંધ ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે ?
**ઉત્તર–** હે ગૌતમ ! અનેક નૈરયિકો ગંધ ચરમની અપેક્ષાએ ચરમ પણ છે અને અચરમ પણ છે. આ જ રીતે વૈમાનિક દેવો સુધી જાણવું જોઈએ.

**૫૦ णेरइए णं भंते ! रसचरिमेणं किं चरिमे अचरिमे ? गोयमा ! सिय चरिमे सिय अचरिमे । एवं णिरंतरं *जाव* वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિક રસ ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! રસ ચરમની અપેક્ષાએ કદાચિત્ ચરમ છે અને કદાચિત્ અચરમ છે. આ જ રીતે વૈમાનિક દેવો સુધી જાણવું જોઈએ.

**૫૧ णेरइया णं भंते ! रसचरिमेणं किं चरिमा अचरिमा ? गोयमा ! चरिमा वि अचरिमा वि । एवं णिरंतरं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકો રસ ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ ? **ઉત્તર–** હે ગૌતમ ! રસ ચરમની અપેક્ષાએ ચરમ પણ છે અને અચરમ પણ છે. આ જ રીતે વૈમાનિક દેવો સુધી જાણવું જોઈએ.

**૫૨ णेरइए णं भंते ! फासचरिमेणं किं चरिमे अचरिमे ? गोयमा ! सिय चरिमे सिय अचरिमे । एवं णिरंतरं** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક નૈરયિક સ્પર્શ ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક નૈરયિક સ્પર્શ ચરમની અપેક્ષાએ કદાચિત્ ચરમ છે અને કદાચિત્ અચરમ છે. આ જ રીતે વૈમાનિક દેવો સુધી જાણવું જોઈએ.

**૫૩ णेरइया णं भंते ! फासचरिमेणं किं चरिमा अचरिमा ? गोयमा ! चरिमा वि अचरिमा वि । एवं णिरंतरं** *जाव* **वेमाणिया ।**

**गइ ठिई भवे य भासा, आणापाणुचरिमे य बोद्धव्वे ।**
**आहारा भावचरिमे य, वण्ण रस गंध फासे य ॥१॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકો સ્પર્શ ચરમની અપેક્ષાએ શું ચરમ છે કે અચરમ છે? **ઉત્તર–** હે ગૌતમ ! અનેક નૈરયિકો સ્પર્શ ચરમની અપેક્ષાએ ચરમ પણ છે અને અચરમ પણ છે. આ જ રીતે વૈમાનિક દેવો સુધી જાણવું જોઈએ.

**ગાથાર્થ–** (૧) ગતિ, (૨) સ્થિતિ, (૩) ભવ, (૪) ભાષા, (૫) આનાપાન(શ્વાસોશ્વાસ), (૬) આહાર, (૭) ભાવ, (૮) વર્ણ, (૯) ગંધ, (૧૦) રસ અને (૧૧) સ્પર્શ (આ અગિયાર દ્વારોની અપેક્ષાએ જીવોની ચરમ-અચરમ પ્રરૂપણા) જાણવી જોઈએ. ॥૧॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ગતિ આદિ અગિયાર દ્વારોની અપેક્ષાએ ચોવીશ દંડકવર્તી જીવોના ચરમ-અચરમનું નિરૂપણ છે.

**ગતિ ચરમ આદિ પદોની વ્યાખ્યા :–**

**ગતિ ચરમ-અચરમ :–** વર્તમાનમાં(પૃચ્છા સમયે) જે જીવ અંતિમ ગતિ પર્યાયમાં હોય, તેને **ગતિચરમ** કહે છે. જેમ કે તદ્ભવ મોક્ષગામી જીવ વર્તમાને મનુષ્ય ગતિમાં છે અને મનુષ્ય ગતિમાંથી તે મોક્ષને પ્રાપ્ત કરવાનો છે તેમજ ફરી કોઈપણ ગતિમાં જન્મ ધારણ કરવાનો નથી, તે ગતિ ચરમ કહેવાય છે. જે જીવ આ ભવ પછી કોઈપણ ગતિમાં જન્મ ધારણ કરવાનો હોય, તેને **ગતિઅચરમ** કહે છે.

આ રીતે તદ્‌ભવ મોક્ષગામી મનુષ્યો જ સમુચ્ચય ગતિચરમ હોય છે કારણ કે મનુષ્ય ગતિમાંથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તે સિવાય સર્વ ગતિના જીવો ગતિઅચરમ હોય છે.

તેમ છતાં તે તે ગતિની અપેક્ષાએ ચારે ગતિના જીવોમાં ચરમ-અચરમપણુ ઘટિત થાય છે. તે જ રીતે સ્થિતિ, ભવ આદિ પ્રત્યેક બોલમાં તે તે ભવની સ્થિતિ આદિની અપેક્ષાએ જ ૨૪ દંડકના એક અને અનેક જીવોમાં ચરમ-અચરમપણુ ઘટિત થાય છે.

**નરકગતિ ચરમ-અચરમ :–** નરકગતિમાં રહેલો જે નારકી ત્યાંથી નીકળ્યાં પછી ફરી ક્યારે ય નરકગતિમાં ઉત્પન્ન થવાનો ન હોય તેને **નરકગતિ ચરમ** કહે છે અને જે નારકી ત્યાંથી નીકળીને ભવભ્રમણ કરતાં-કરતાં ફરી ક્યારેક નરકમાં ઉત્પન્ન થવાના હોય તેને **નરકગતિ અચરમ** કહે છે.

એક નારકીની પૃચ્છામાં તે જીવ નરકગતિનો ચરમ હોય અથવા નરકગતિનો અચરમ હોય છે અર્થાત્ એક નારકીમાં બેમાંથી કોઈપણ એક અવસ્થા હોય છે.

અનેક નારકી જીવોની પૃચ્છામાં ઘણા નૈરયિકો નરકગતિ ચરમ પણ હોય છે અને ઘણા નૈરયિકો નરકગતિ અચરમ પણ હોય છે અર્થાત્ અનેક જીવોમાં બંને પ્રકારની અવસ્થાવાળા જીવો હંમેશાં હોય જ છે.

આ રીતે ચોવીસ દંડકમાં એક અને અનેક જીવોની અપેક્ષાએ ચરમ અને અચરમપણુ સમજી લેવું જોઈએ.

**(૨) સ્થિતિ ચરમ-અચરમ :–** તેના બે પ્રકારે અર્થ થાય છે– (૧) વર્તમાનમાં(પૃચ્છા સમયે) જે જીવ પોતાની સ્થિતિ(ઉંમર)ના અંતિમ સમયમાં વર્તતા હોય તે સ્થિતિચરમ અને તે સિવાયના સમયમાં વર્તતા જીવો સ્થિતિ અચરમ. (૨) નારકી આદિ જે દંડકના જીવ પૃચ્છા સમયે જે સ્થિતિ–આયુષ્યનો અનુભવ કરી રહ્યા હોય, તે સ્થિતિ તેની અંતિમ હોય, ફરી એ સ્થિતિ(ઉંમર)ને ક્યારેય પ્રાપ્ત કરવાના ન હોય તે સ્થિતિ ચરમ અને જો ભવિષ્યમાં ફરી તે સ્થિતિને પ્રાપ્ત કરવાના હોય તો તે સ્થિતિ અચરમ છે.

આ બે અર્થમાંથી અહીં બીજો અર્થ પ્રસંગોચિત છે. કારણ કે પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે અનેક જીવોની પૃચ્છામાં સ્થિતિ ચરમ અને સ્થિતિ અચરમ બંને પ્રકારના જીવોને શાશ્વત કહ્યા છે. તે બંને પ્રકારના જીવો હંમેશાં હોય છે.

છટ્ઠા વ્યુત્ક્રાંતિ પદમાં નરકાદિ ચારે ગતિનો વિરહકાલ બાર મુહૂર્તનો કહ્યો છે. નરકાદિ ગતિના વિરહકાલમાં એક પણ નારકી પોતાના આયુષ્યના–સ્થિતિના અંતિમ સમયમાં વર્તતો નથી. જેથી પ્રથમ અર્થાનુસાર ચારે ગતિના વિરહકાલની અપેક્ષાએ સ્થિતિ ચરમ જીવો હંમેશાં હોતા નથી.

બીજા અર્થ અનુસાર અનેક જીવોમાંથી કેટલાક જીવો પોતાની તે એક સાગરોપમ આદિ સ્થિતિને ભવભ્રમણ કરતાં ક્યારે ય પ્રાપ્ત કરવાના નથી, તે **સ્થિતિ ચરમ** છે અને કેટલાક જીવો ભવભ્રમણ કરતાં પોતાની તે સાગરોપમ આદિ સ્થિતિને ફરી પ્રાપ્ત કરવાના હોય, તે સ્થિતિ અચરમ છે. આ રીતે ૨૪ દંડકના અનેક જીવોમાં સ્થિતિ ચરમ અને **સ્થિતિ અચરમ** બંને પ્રકારના જીવો હંમેશાં હોય છે. આ રીતે બીજો અર્થ સૂત્રના તાત્પર્યમાં સંગત જણાય છે.

એક નારકીની પૃચ્છામાં તે જીવ ક્યારેક સ્થિતિ ચરમ હોય છે અને ક્યારેક સ્થિતિ અચરમ હોય છે. અર્થાત્ જો તે નારકી પોતાની તે સ્થિતિને ફરી ક્યારે ય પ્રાપ્ત કરવાનો ન હોય, તો તે સ્થિતિચરમ અને જો તે પોતાની સ્થિતિને ભવભ્રમણ કરતાં ફરી ક્યારે ય પ્રાપ્ત કરવાનો હોય, તો તે સ્થિતિ અચરમ છે. આ રીતે ૨૪ દંડકના એક જીવમાં પૃચ્છા સમયે સ્થિતિ ચરમ અથવા સ્થિતિ અચરમ બેમાંથી એક અવસ્થા હોય છે.

**(૩) ભવચરમ-અચરમ :–** નારકી આદિ જે જીવનો વર્તમાન ભવ અંતિમ હોય, ફરીથી તે ભવને પ્રાપ્ત કરવાના ન હોય, તે તે જીવ ભવચરમ છે અને જેનો તે અંતિમ ભવ ન હોય અર્થાત્ ભવભ્રમણ કરતાં ફરીવાર ક્યારેક તે ભવને પ્રાપ્ત કરવાના હોય તો તે જીવ ભવ અચરમ છે. ૨૪ દંડકના કોઈપણ એક જીવમાં ભવચરમ અને ભવ અચરમ આ બેમાંથી એક અવસ્થા હોય અને અનેક જીવોમાં બંને પ્રકારના જીવો હંમેશાં હોય છે.

**(૪) ભાષા ચરમ-અચરમ :–** જેને વર્તમાન ભવ નિમિત્તક ભાષા અંતિમ હોય, ફરી ક્યારેય તે ભવમાં આવવાનો ન હોય, તે જીવ તે ભવની ભાષાની અપેક્ષાએ ભાષા ચરમ છે, જેને ફરી તે ભવરૂપે ભાષા પ્રાપ્ત થવાની હોય, તે ભાષા અચરમ છે. એકેન્દ્રિય જીવ ભાષારહિત હોય છે, કારણ કે તેને જિહ્વેન્દ્રિય નથી, તેથી તેઓ ભાષા ચરમ કે ભાષા અચરમની કોટિમાં ગણાતા નથી. માટે મૂળપાઠમાં તેનો નિષેધ છે.

**(૫) શ્વાસોશ્વાસ ચરમઅચરમ :–** જેને વર્તમાન નરકાદિ ભવ નિમિત્તક શ્વાસોશ્વાસ અંતિમ હોય, ફરીર ક્યારે ય તે ભવમાં આવવાનો ન હોય, તો તે જીવ તે ભવની અપેક્ષાએ શ્વાસોશ્વાસ ચરમ છે. જેને ફરી ક્યારેક તે ભવરૂપે શ્વાસોશ્વાસ પ્રાપ્ત થવાના હોય, તે શ્વાસોશ્વાસ અચરમ છે.

**(૬) આહાર ચરમ-અચરમ :–** જેને વર્તમાન નરકાદિ ભવ નિમિત્તક આહાર અંતિમ હોય, ફરીવાર તે જીવ તે ભવમાં ક્યારે ય આવવાનો ન હોય, તો તે નારકી આદિ તે ભવની અપેક્ષાએ આહાર ચરમ છે. જેને ફરી ક્યારેક તે ભવરૂપે આહાર ગ્રહણ કરવાનો છે, તે આહાર અચરમ છે.

**(૭) ભાવ ચરમ-અચરમ :–** જેને વર્તમાન નરકાદિ ભવ નિમિત્તક ઔદયિક આદિ ભાવો અંતિમ હોય, ફરીવાર તે જીવ તે દંડકમાં ક્યારે ય આવવાનો ન હોય તો તે નારકી આદિ તે દંડકની અપેક્ષાએ ભાવ ચરમ છે. જેને ફરીવાર ક્યારેક તે ભવરૂપે ઔદયિક આદિ ભાવો પ્રાપ્ત થવાના હોય, તે ભાવ અચરમ છે. પાંચ ભાવમાંથી ઔદયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક આ ત્રણ ભાવની અપેક્ષાએ જ ભાવચરમ ઘટી શકે છે. શેષ ક્ષાયિક અને પારિણામિક ભાવ સિદ્ધ અવસ્થામાં હોવાથી તેનો અંત કે અંતિમ સમય હોતો નથી.

**(૮ થી ૧૧) વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ચરમ અચરમ :–** જે નારકી આદિ જીવને માટે વર્તમાન ભવમાં પ્રાપ્ત વર્ણ, ગંધ, રસ કે સ્પર્શ અંતિમ હોય, ફરી તે જીવ તે ભવને પ્રાપ્ત થવાના ન હોય તો તે જીવ તે ભવની અપેક્ષાએ વર્ણાદિ ચરમ છે. જેને ભવ ભ્રમણ કરતાં ફરી તે ભવરૂપે વર્ણાદિ પ્રાપ્ત થવાના હોય, તે વર્ણાદિ અચરમ છે.

સંક્ષેપમાં એક વચનાત્મક નારકી આદિ તે-તે જીવ ક્યારેક ચરમ હોય અને ક્યારેક અચરમ હોય, અર્થાત્ તે એક જીવમાં બેમાંથી કોઈપણ એક જ અવસ્થા હોય છે. બહુવચનાત્મક નારકી આદિ જીવોમાં ઘણા જીવો ચરમ પણ હોય છે અને ઘણા જીવો અચરમ પણ હોય છે.

**॥ દશમું પદ સંપૂર્ણ ॥**

# અગિયારમું પદ

## પરિચય

આ પદનું નામ **ભાષા પદ** છે. તેમાં ભાષાની ઉત્પત્તિ, તેના પ્રકાર, કાલમાન તથા ભાષક જીવો વગેરે વિષયોની વિસ્તૃત ચર્ચા છે.

વિચારોને પ્રગટ કરવાનું માધ્યમ ભાષા છે. ભાષા દ્વારા જ પરસ્પરનો વ્યવહાર થાય છે. ભાષાથી જ તીર્થંકરો દ્વારા શાસનની સ્થાપના અને શાસનની પરંપરા ચાલે છે. આ રીતે સાંસારિક અને આધ્યાત્મિક ક્ષેત્રે ભાષાનું સ્થાન આગવું હોવાથી સૂત્રકારે તેનું સાંગોપાંગ વર્ણન કર્યું છે.

ભાષા પર્યાપ્તિથી પર્યાપ્ત ત્રસ જીવોને જ્યારે બોલવાની ઈચ્છા થાય ત્યારે તે ભાષા વર્ગણાના પુદ્ગલોને કાયયોગ દ્વારા ગ્રહણ કરે, તે ગ્રહણ કરેલા પુદ્ગલોને વચનયોગથી ભાષારૂપે પરિણત કરે અર્થાત્ ભાષા બોલે છે.

જીવ, ભાષા વર્ગણાના– સ્થિત, અનંતપ્રદેશી, અસંખ્યાત પ્રદેશાવગાઢ, એક સમયથી લઈને અસંખ્યાત સમયની સ્થિતિવાળા, ચઉસ્પર્શી, સ્પૃષ્ટ, આત્મપ્રદેશાવગાઢ, અનંતરાવગાઢ પુદ્ગલ દ્રવ્યોને ગ્રહણ કરે છે.

**તીવ્ર પ્રયત્નવાન** વક્તા જ્યારે ભાષા દ્રવ્યનો ત્યાગ કરે, ત્યારે તે દ્રવ્ય સૂક્ષ્મ ખંડ-ખંડ રૂપે ભેદાઈને નીકળે છે. તે સૂક્ષ્મ દલિકો અન્ય અનેક દ્રવ્યોને વાસિત કરી, અનંતગુણ વૃદ્ધિ પામતા લોકાંત સુધી ફેલાઈ જાય છે. **મંદ પ્રયત્નવાન** વક્તાના ભાષા દ્રવ્યો અખંડ રૂપે બહાર નીકળે છે. તે પુદ્ગલો સ્થૂલ હોવાથી સમગ્ર લોકમાં વ્યાપ્ત થતા નથી. સંખ્યાત યોજન સુધી જઈને નાશ પામી જાય છે અર્થાત્ ભાષા પરિણામનો ત્યાગ કરે છે.

ભાષા જીવના પ્રયત્ન વિશેષથી બોલાતી હોવાથી તેનું આદિ કારણ જીવ છે, તેનું ઉત્પત્તિ સ્થાન ઔદારિકાદિ સ્થૂલ શરીર છે. **કાયયોગ દ્વારા ભાષા દ્રવ્યોનું ગ્રહણ થાય અને વચનયોગ દ્વારા તેનો ત્યાગ થાય છે.** ભાષા પુદ્ગલોનું સંસ્થાન વજ્ર જેવું છે. તેનો અંત લોકાંતે થાય છે. કદાચિત્ સંખ્યાત યોજન પ્રમાણ ક્ષેત્રમાં અંત થાય છે.

ભાષાના મુખ્ય ચાર પ્રકાર છે– (૧) સત્ય (૨) અસત્ય (૩) સત્યાસત્ય–મિશ્ર ભાષા અને (૪) અસત્યામૃષા–વ્યવહાર ભાષા. તેના ક્રમશઃ દશ, દશ, દશ અને બાર ભેદ છે. સૂત્રમાં તે પ્રત્યેક ભેદનું સ્પષ્ટીકરણ છે.

પાંચ સ્થાવર જીવોને છોડીને શેષ ૧૯ દંડકના જીવો ભાષક છે. સંજ્ઞી જીવો ચારે પ્રકારની ભાષા બોલી શકે છે. અસંજ્ઞી જીવો માત્ર વ્યવહાર ભાષા જ બોલે છે.

તે ઉપરાંત વ્યક્તિ અને જાતિની અપેક્ષાએ પ્રજ્ઞાપની આદિ ભાષામાં સત્ય-અસત્યનો નિર્ણય કર્યો છે. ત્યારપછી સોળ પ્રકારનાં વચન, ભાષાનો ઉપયોગપૂર્વક પ્રયોગ કરનારા(બોલનારા) અને ઉપયોગ રહિત બોલનારા જીવોમાં આરાધક અને વિરાધક તથા સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહારભાષક જીવોનું અલ્પબહુત્વ આદિ વિષયોની વિશદ ચર્ચા કરવામાં આવી છે.

❖❖❖❖❖

# અગિયારમું પદ : ભાષા

**અવધારિણી ભાષા :-**

**१ से णूणं भंते ! मण्णामीति ओहारिणी भासा, चिंतेमीति ओहारिणी भासा, अह मण्णामीति ओहारिणी भासा, अह चिंतेमीति ओहारिणी भासा, तह मण्णामीति ओहारिणी भासा, तह चिंतेमीति ओहारिणी भासा ?**

**हंता गोयमा ! मण्णामीति ओहारिणी भासा, चिंतेमीति ओहारिणी भासा, अह मण्णामीति ओहारिणी भासा, अह चिंतेमीति ओहारिणो भासा, तह मण्णामीति ओहारिणी भासा, तह चिंतेमीति ओहारिणी भासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! હું માનું છું કે ભાષા અવધારિણી–પદાર્થનો અવબોધ કરાવનારી છે; હું ચિંતન કરું છું કે ભાષા અવધારિણી છે; શું હું એ પ્રમાણે માનું કે ભાષા અવધારિણી છે ? શું હું એ પ્રમાણે ચિંતન કરું કે ભાષા અવધારિણી છે ? પહેલા હું માનતો હતો તે જ પ્રમાણે અત્યારે પણ માનું કે ભાષા અવધારિણી છે ? તે જ પ્રમાણે હું ચિંતન કરું કે ભાષા અવધારિણી છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તમે માનો કે ભાષા અવધારિણી છે, તમે ચિંતન કરો કે ભાષા અવધારિણી છે, તમે એ પ્રમાણે માનો અને ચિંતન કરો કે ભાષા અવધારિણી છે, પહેલા માનતા હતા તે જ રીતે તમે અત્યારે પણ માનો અને ચિંતન કરો કે ભાષા અવધારિણી છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં ભાષાના માહાત્મ્ય દર્શાવતાં તેના અવધારણ ગુણને પ્રગટ કર્યો છે.

**से णूणं मण्णामीतिः–** સૂત્રમાં છ વાક્યો છે, જેમાં પ્રથમ બે વાક્યાંશમાં પોતાના ભાવનું નિવેદન માત્ર છે– (૧) હે ભગવન્ ! હું એમ માનું છું કે ભાષા અવધારિણી છે, (ર) હે ભગવન્ ! હું એમ ચિંતન કરું છું કે ભાષા અવધારિણી છે, અહીં **णूणं** શબ્દ પ્રયોગ વાક્યાલંકાર રૂપે છે.

**अह मण्णामीति :– अथ** શબ્દપ્રયોગ પ્રશ્નાર્થવાચક છે, તેથી આ બે વાક્યાંશ પ્રશ્નાર્થ રૂપે છે. (૩) હે ભગવન્ ! શું હું એમ માનું કે ભાષા અવધારિણી છે ? (૪) શું હું એમ ચિંતન કરું કે ભાષા અવધારિણી છે? અર્થાત્ શું મારી આ માન્યતા નિર્દોષ છે ?

**तह मण्णामीति :–** અહીં **तथा** શબ્દપ્રયોગ નિર્દેશવાચક છે, ગૌતમસ્વામી પોતાની ભૂતકાલીન અને વર્તમાનકાલીન વિચારધારાની યથાર્થતા અંગે પુનઃ પ્રશ્ન પૂછે કે (૫) પહેલા માનતો હતો, તે જ રીતે હું માનું કે ભાષા અવધારિણી છે ? (૬) પહેલા માનતો હતો, તે જ રીતે ચિંતન કરું કે ભાષા અવધારિણી છે ? ભગવાન ગૌતમસ્વામીના વિવિધ પ્રકારના ભાવોના ઉત્તર પણ તે જ શબ્દોથી આપે છે.

**हंता गोयमा ! मण्णामीतिः–** અહીં **हंता** શબ્દપ્રયોગ પ્રત્યવધારણ અર્થમાં છે અર્થાત્ હે ગૌતમ ! તારી માન્યતા બરાબર છે. **मण्णामि** ક્રિયાપદ ઉત્તમ પુરુષમાં છે પરંતુ પ્રાકૃતશૈલી અને સૂત્ર રચનાની વિશિષ્ટતાથી

તે મધ્યમ પુરુષનો વાચક છે. (૧) હે ગૌતમ ! તું માન કે ભાષા અવધારિણી છે (૨) હે ગૌતમ ! તું ચિંતન કર કે ભાષા અવધારિણી છે.

**अह मण्णामीतिः–** અહીં **अथ** શબ્દપ્રયોગ આનંતર્ય અર્થમાં છે. ભગવાન કહે છે કે હું તે વાત કેવળ-જ્ઞાનથી જાણું છું, તેથી તે વાત મને સંમત હોવાથી (૩) તું નિઃશંકપણે માન, કે ભાષા અવધારિણી છે (૪) હવે પછી તું નિઃશંકપણે ચિંતન કર કે ભાષા અવધારિણી છે.

**तह मण्णामीतिः–** (૫) તું જેમ માનતો હતો, તે જ રીતે માન કે ભાષા અવધારિણી છે (૬) તું જેમ ચિંતન કરતો હતો, તે જ રીતે ચિંતન કર કે ભાષા અવધારિણી છે અર્થાત્ તારી ભૂતકાલીન અને વર્તમાનકાલીન માન્યતા યથાર્થ અને નિર્દોષ છે.

**ભાષા :– भाष्यते इति भाषा** । જે બોલી શકાય, તે ભાષા છે અથવા ભાષાને યોગ્ય ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને, તેને ભાષારૂપે પરિણમાવીને, મુખ આદિથી નીકળતા દ્રવ્યસંઘાતને ભાષા કહે છે.

**અવધારિણી ભાષા :– अवधारयते–अवगम्यतेऽर्थोऽनयेत्यवधारिणी–अवबोधबीजभूता इत्यर्थः**। જેના દ્વારા પદાર્થનો બોધ કે નિશ્ચય થાય તેને અવધારિણી કહે છે. ભાષા દ્વારા પદાર્થનો બોધ થાય છે, તેથી ભાષા અવધારિણી કહેવાય છે. અવધારિણી વિશેષણ ભાષાનું સ્વરૂપદર્શક વિશેષણ છે.

**ભાષાના ચાર પ્રકાર :–**

**२ ओहारिणी णं भंते ! भासा किं सच्चा मोसा सच्चामोसा असच्चामोसा ? गोयमा ! सिय सच्चा, सिय मोसा, सिय सच्चामोसा, सिय असच्चा मोसा ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ओहारिणी णं भासा सिय सच्चा सिय मोसा सिय सच्चामोसा सिय असच्चामोसा ?**

**गोयमा ! आराहणी सच्चा, विराहणी मोसा, आराहणविराहणी सच्चामोसा, जा णेव आराहणी णेव विराहणी णेव आराहणविराहणी असच्चामोसा णाम सा चउत्थी भासा। से एएणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- ओहारिणी णं भासा सिय सच्चा सिय मोसा सिय सच्चामोसा सिय असच्चामोसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અવધારિણી ભાષા શું સત્ય છે, મૃષા–અસત્ય છે, સત્યમૃષા–મિશ્ર છે કે અસત્યામૃષા–વ્યવહારભાષા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અવધારિણી ભાષા કદાચિત્ સત્ય હોય છે, કદાચિત્ અસત્ય હોય છે, કદાચિત્ મિશ્ર હોય છે અને કદાચિત્ વ્યવહાર ભાષા હોય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે અવધારિણી ભાષા કદાચિત્ સત્ય, કદાચિત્ અસત્ય, કદાચિત્ મિશ્ર અને કદાચિત્ વ્યવહાર ભાષા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે ભાષા આરાધની છે, તે સત્ય છે. જે ભાષા વિરાધની છે, તે અસત્ય છે. જે ભાષા આરાધની-વિરાધની ઉભયરૂપ છે, તે મિશ્ર છે અને જે ભાષા આરાધની નથી, વિરાધની નથી, આરાધની-વિરાધની નથી, તે ચોથી વ્યવહાર ભાષા નામની ભાષા છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કથન કર્યું છે કે અવધારિણી ભાષા કદાચિત્ સત્ય, કદાચિત્ અસત્ય, કદાચિત્ મિશ્ર અને કદાચિત્ વ્યવહાર ભાષા હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સત્ય આદિ ચાર ભાષાઓ માટે આરાધના-વિરાધના સંબંધી વિચારણા છે.

**(૧) સત્યભાષા :–** સત્ શબ્દના ત્રણ અર્થ થાય છે– (૧) સત્ એટલે મુનિઓ (૨) ગુણો અને (૩) વિદ્યમાન પદાર્થો; તેથી સત્યભાષાની વ્યાખ્યા ત્રણ પ્રકારે થાય છે.

**૧. सद्भ्यो हिता सत्या** । સજ્જનોને હિતકારી ભાષા તે સત્યભાષા. સત્ = સંતો, મુનિઓ. સંતો ભગવાનની આજ્ઞાના આરાધક હોવાથી સત્–સજ્જન કહેવાય છે. તેમને હિતકારક એટલે મોક્ષ પ્રાપ્તિમાં સહાયક હોય, તે સત્ય ભાષા છે. **૨. સત્ –** શ્રેષ્ઠ ગુણ. મોક્ષ પ્રાપ્તિની સાધનામાં મૂળગુણ અને ઉત્તરગુણની આરાધના જ શ્રેષ્ઠ છે, તેથી મૂળગુણ અને ઉત્તરગુણ માટે હિતકારી હોય, મૂળગુણ-ઉત્તરગુણની પોષક હોય, તે સત્ય ભાષા છે. **૩. સત્ –** વિદ્યમાન પદાર્થો. જગતના વિદ્યમાન પદાર્થોનું યથાર્થ દર્શન કરાવે, તે સત્યભાષા છે. **आराहणी सच्चा–** આરાધની ભાષા સત્યભાષા છે. જેના દ્વારા સમ્યગ્દર્શનાદિ મોક્ષ માર્ગની આરાધના થાય, તે સત્યભાષા છે. જેમ કે આત્મા સ્વરૂપથી સત્ છે, પર રૂપથી અસત્ છે, દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ નિત્ય છે, પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અનિત્ય છે, ઈત્યાદિ વિવિધ નય–દષ્ટિકોણથી વસ્તુ સ્વરૂપનું યથાર્થ પ્રતિપાદન કરનારી ભાષા જ સમ્યગ્દર્શનનું કારણ છે અને તે જ મોક્ષ માર્ગની આરાધનામાં સહાયક બને છે, તેથી સત્યભાષા આરાધની ભાષા છે.

**(૨) મૃષાભાષા :–** સત્યભાષાથી વિપરીત સ્વરૂપવાળી હોય, તે મૃષા ભાષા છે. **विराहणी मोसा**-વિરાધની ભાષા, અસત્યભાષા છે. જેના દ્વારા મુક્તિમાર્ગની વિરાધના થાય, તે વિરાધની ભાષા છે. જેમ કે– આત્મા નથી, આત્મા એકાંતે નિત્ય છે કે એકાંતે અનિત્ય છે ઈત્યાદિ. તેમજ જે ભાષા સત્ય હોવા છતાં પણ પરપીડાજનક હોય, તે ભાષા પણ વિરાધની છે. આ પ્રમાણે જે ભાષા રત્નત્રયરૂપ મુક્તિમાર્ગની વિરાધના કરનારી હોય, તે પણ વિરાધની છે; આવી વિરાધની ભાષા મૃષાભાષા કહેવાય છે.

**(૩) સત્યમૃષા–** જેમાં સત્ય અને અસત્ય બંને અંશ મિશ્રિત હોય, તે સત્યમૃષા ભાષા છે. **आराहणविराहणी सच्चामोसा**- જે ભાષા આરાધની-વિરાધની ઉભયરૂપવાળી હોય અર્થાત્ જે આંશિકરૂપે આરાધની અને આંશિકરૂપે વિરાધની હોય, તે આરાધની-વિરાધની ભાષા કહેવાય છે. જેમ કે કોઈ ગ્રામ કે નગરમાં પાંચ બાળકોનો જન્મ થયો હોય પરંતુ કોઈ પૂછે ત્યારે કહી દે કે આજે દશેક બાળકોનો જન્મ થયો છે.' આ કથનમાં બાળકોનો જન્મ થયો એટલો અંશ સત્ય હોવાથી આરાધની છે, પરંતુ સંખ્યા ખોટી છે. પાંચ બાળકોનો જન્મ થયો છે, દશનો નહીં એટલે અંશે અસત્ય હોવાથી વિરાધની છે. આ રીતે સત્ય અને અસત્ય બંને અંશોથી મિશ્રિત ભાષા મિશ્રમૃષા છે અને તે આરાધની-વિરાધની ભાષા કહેવાય છે.

**(૪) અસત્યામૃષા –** જે ભાષા આ ત્રણેય ભાષામાં સમાવિષ્ટ ન થઈ શકે અથવા જેમાં ઉપરોક્ત ત્રણે ભાષાના અને આરાધની કે વિરાધની ભાષાના લક્ષણો ઘટિત થતાં ન હોય, વ્યવહારમાં ઉપયોગી હોય, તેવી ભાષા અસત્યામૃષા છે. આમંત્રણ માટે બોલાવવા કે સંબોધન કરવા અથવા આજ્ઞા કરવી હોય ત્યારે આ ભાષાનો પ્રયોગ થાય છે. **णेव आराहणी-णेव विराहणी-णेव आराहणी विराहणी-असच्चामोसा** । જે ભાષા આરાધની, વિરાધની કે આરાધની-વિરાધની ન હોય તે ભાષા અસત્યામૃષા(વ્યવહાર) ભાષા કહેવાય છે. જેમ કે હે મુને ! પ્રતિક્રમણ કરો, સ્થંડિલ ભૂમિનું પ્રતિલેખન કરો આદિ; તેને વ્યવહાર ભાષા કહે છે.

**પ્રજ્ઞાપની ભાષાના ઉદાહરણો :–**

**३** **अह भंते! गाओ, मिया, पसू, पक्खी पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ?**

**हंता गोयमा ! गाओ, मिया, पसू, पक्खी पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગાય, મૃગ, પશુ, પક્ષી આ પ્રકારની ભાષા શું પ્રજ્ઞાપની ભાષા છે ? શું આ ભાષા મૃષા નથી ? **ઉત્તર–** હા, ગૌતમ ! ગાય, મૃગ, પશુ, પક્ષી, આ પ્રકારની સંબોધનકારી કે નામોચ્ચારણકારી ભાષા (બોલવી) પ્રજ્ઞાપની ભાષા છે, આ પ્રકારે ભાષા બોલવી તે મૃષા નથી.

**૪ अह भंते ! जा य इत्थिवऊ, जा य पुमवऊ, जा य णपुंसगवऊ, पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ? हंता गोयमा ! जा य इत्थिवऊ, जा य पुमवऊ, जा य णपुंसगवऊ, पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સ્ત્રીવચનવાળી, પુરુષવચનવાળી અને નપુંસકવચનવાળી (સ્ત્રી લિંગી, પુરુષલિંગી અને નપુંસકલિંગી શબ્દોવાળી) ભાષા શું પ્રજ્ઞાપની ભાષા છે ? શું તે ભાષા મૃષા નથી? **ઉત્તર–** હા, ગૌતમ ! સ્ત્રીલિંગી, પુરુષલિંગી અને નપુંસકલિંગી શબ્દોવાળી ભાષા પ્રજ્ઞાપની ભાષા છે; તે ભાષા મૃષા નથી.

**૫ अह भंते ! जा य इत्थिआणमणी, जा य पुमआणमणी, जा य णपुंसगआणमणी पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ? हंता गोयमा ! जा य इत्थिआणमणी, जा य पुमआणमणी, जा य णपुंसगआणमणी पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ જે સ્ત્રી આજ્ઞાપની, પુરુષ આજ્ઞાપની, નપુંસક આજ્ઞાપની છે, તે ભાષા શું પ્રજ્ઞાપની ભાષા છે ? શું તે ભાષા મૃષા નથી ? **ઉત્તર–** હા, ગૌતમ ! સ્ત્રી આજ્ઞાપની, પુરુષ આજ્ઞાપની અને નપુંસક આજ્ઞાપની, ભાષા પ્રજ્ઞાપની ભાષા છે. તે ભાષા મૃષા નથી.

**૬ अह भंते ! जा य इत्थीपण्णवणी, जा य पुमपण्णवणी, जा य णपुंसगपण्णवणी पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ? हंता गोयमा ! जा य इत्थीपण्णवणी, जा य पुमपण्णवणी, जा य णपुंसगपण्णवणी पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સ્ત્રીપ્રજ્ઞાપની, પુરુષપ્રજ્ઞાપની અને નપુંસકપ્રજ્ઞાપની ભાષા છે તે ભાષા શું પ્રજ્ઞાપની ભાષા છે ? શું તે ભાષા મૃષા નથી ? **ઉત્તર–** હા ગૌતમ ! સ્ત્રી પ્રજ્ઞાપની, પુરુષપ્રજ્ઞાપની અને નપુંસક પ્રજ્ઞાપની ભાષા, પ્રજ્ઞાપની ભાષા છે, તે ભાષા મૃષા નથી.

**૭ अह भंते ! जा जाईइ इत्थिवऊ, जाईइ पुमवऊ, जाईइ णपुंसगवऊ, पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ? हंता गोयमा ! जाईइ इत्थिवऊ, जाईइ पुमवऊ, जाईइ णपुंसगवऊ पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જાતિરૂપે સ્ત્રીલિંગી, જાતિરૂપે પુરુષલિંગી અને જાતિરૂપે નપુંસક લિંગી શબ્દવાળી ભાષા શું પ્રજ્ઞાપની ભાષા છે ? શું તે મૃષા ભાષા નથી ? **ઉત્તર–** હા, ગૌતમ ! જાતિરૂપે સ્ત્રીલિંગી, જાતિરૂપે પુરુષલિંગી અને જાતિરૂપે નપુંસકલિંગી શબ્દોવાળી ભાષા, પ્રજ્ઞાપની ભાષા છે; તે ભાષા મૃષા નથી.

**૮ अह भंते ! जाईइ इत्थिआणमणी जाईइ पुमआणमणी जाईइ णपुंसगआणमणी पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ? हंता गोयमा ! जाईइ इत्थीआणमणी जाईइ**

**पुमआणमणी जाईइ णपुंसगाणमणी पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે ભાષા જાતિરૂપે સ્ત્રી આજ્ઞાપની, જાતિરૂપે પુરુષ આજ્ઞાપની અને જાતિરૂપે નપુંસક આજ્ઞાપની ભાષા, શું પ્રજ્ઞાપની ભાષા છે ? શું તે ભાષા મૃષા નથી ? **ઉત્તર–** હા, ગૌતમ! ભાષા જાતિરૂપે સ્ત્રી આજ્ઞાપની, જાતિરૂપે પુરુષ આજ્ઞાપની અને જાતિરૂપે નપુંસક આજ્ઞાપની છે, તે ભાષા પ્રજ્ઞાપની ભાષા છે, તે ભાષા મૃષા નથી.

**९ अह भंते ! जाईइ इत्थिपण्णवणी, जाईइ पुमपण्णवणी, जाईइ णपुंसगपण्णवणी, पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ? हंता गोयमा ! जाईइ इत्थिपण्णवणी, जाईइ पुमपण्णवणी जाईइ णपुंसगपण्णवणी पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જાતિરૂપે સ્ત્રી પ્રજ્ઞાપની, જાતિરૂપે પુરુષ પ્રજ્ઞાપની અને જાતિરૂપે નપુંસક પ્રજ્ઞાપની ભાષા શું પ્રજ્ઞાપની ભાષા છે ? શું તે ભાષા મૃષા નથી ? **ઉત્તર–** હા ગૌતમ ! જાતિરૂપે સ્ત્રી પ્રજ્ઞાપની, જાતિરૂપે પુરુષ પ્રજ્ઞાપની અને જાતિરૂપે નપુંસક પ્રજ્ઞાપની ભાષા, પ્રજ્ઞાપની ભાષા છે; તે ભાષા મૃષા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ઉદાહરણ સાથે વિવિધ રીતે પ્રજ્ઞાપની ભાષાઓનું નિરૂપણ છે.

**પ્રજ્ઞાપની ભાષા :–** જેનાથી પદાર્થનું પ્રજ્ઞાપન-પ્રરૂપણ કે પ્રતિપાદન કરવામાં આવે, તેને પ્રજ્ઞાપની ભાષા કહે છે. આ ભાષાને પ્રરૂપણીય અર્થપ્રતિપાદિની પણ કહી શકાય. પ્રજ્ઞાપની ભાષાથી વસ્તુનો યથાર્થ બોધ થતો હોવાથી તે સત્ય છે, અસત્ય નથી.

**(१) गाओ मिया पसु...** ગાય, પશુ, પક્ષી આદિ જાતિવાચક શબ્દો વ્યાકરણશાસ્ત્રના નિયમાનુસાર પુલિંગના શબ્દો છે. તેમ છતાં જાતિવાચક શબ્દો ત્રણે લિંગનો બોધ કરાવે છે. જેમ કે કાગડો, કોયલ અને કોયલનું બચ્ચું, આ ત્રણે શબ્દો ક્રમશઃ પુલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગના શબ્દ છે, તે ત્રણે માટે પક્ષી શબ્દનો પ્રયોગ થઈ શકે છે. આ રીતે ગાય, પશુ, પક્ષી આદિ જાતિવાચક શબ્દોથી વસ્તુનો યથાર્થ બોધ થાય છે. તેમ જ આ ભાષા પરપીડાકારી કે દુષ્ટ આશયવાળી નથી, તેથી તે પ્રજ્ઞાપની ભાષા છે. તેમજ તે ભાષા અસત્ય નથી.

**(२) जा य इत्थिवऊ...** શાળા, માળા વગેરે સ્ત્રીલિંગના શબ્દોમાં, ઘટ, પટ આદિ પુલિંગના શબ્દોમાં અને વન, જલ આદિ નપુંસકલિંગના શબ્દોમાં સ્ત્રી, પુરુષ કે નપુંસકના કોઈપણ લક્ષણો નથી, તેમ છતાં વ્યાકરણશાસ્ત્રના નિયમાનુસાર અથવા ગુરુ પરંપરા અનુસાર શબ્દોનું ત્રણે લિંગમાં વિભાજન થયેલું છે અને આ પ્રકારના વચન વ્યવહારથી વસ્તુનો યથાર્થ બોધ થાય છે, તેથી તે પ્રજ્ઞાપની ભાષા છે.

**(३) जा य इत्थि आणवणी...** હે સીતા ! ધર્મની આરાધના કરો. આ રીતે સ્ત્રીને આજ્ઞા કરનારી ભાષા સ્ત્રી આજ્ઞાપની ભાષા છે. પુરુષને આજ્ઞા કરનારી ભાષા પુરુષ આજ્ઞાપની અને નપુંસકને આજ્ઞા કરનારી ભાષા નપુંસક આજ્ઞાપની ભાષા છે અને તે પ્રજ્ઞાપની ભાષા છે. આજ્ઞાપની ભાષા અનુસાર કદાચ કાર્ય નિષ્પન્ન ન પણ થાય, તેમ છતાં આજ્ઞાપની ભાષા પર પીડાકારી કે પરલોકનો પ્રતિઘાત કરનારી ન હોવાથી તે પ્રજ્ઞાપની ભાષા છે.

**(૪) जा य इत्थिपण्णवणी...** યોનિ, ચંચળતા, અસ્થિરતા, મુગ્ધતા ઇત્યાદિ સ્ત્રીના લક્ષણો પ્રગટ કરનારી ભાષા સ્ત્રી પ્રજ્ઞાપની ભાષા છે. પુરુષ ચિહ્ન, કઠોરતા, દઢતા વગેરે પુરુષના લક્ષણને પ્રગટ કરનારી ભાષા પુરુષ પ્રજ્ઞાપની ભાષા છે. સ્ત્રી-પુરુષ બંનેના લક્ષણોના સદ્ભાવ અને અભાવ યુક્ત નપુંસકના લક્ષણને પ્રગટ કરનારી ભાષા નપુંસક પ્રજ્ઞાપની ભાષા છે.

સ્ત્રી લિંગવાચી સર્વ શબ્દોમાં સ્ત્રીના લક્ષણો હોતા નથી પરંતુ પ્રસ્તુત સ્ત્રી પ્રજ્ઞાપની ભાષા સ્ત્રીના લક્ષણોથી યુક્ત છે. આ રીતે સ્ત્રી વગેરેના લક્ષણોનું બે પ્રકારે કથન થાય છે– (૧) શાબ્દિક વ્યવહારથી અને (૨) શાસ્ત્રગત લક્ષણોથી. આ બંને પ્રકારથી કથિત ભાષા પ્રજ્ઞાપની ભાષા છે.

**(૫) जा य जाईत्ति इत्थिवऊ...** જાતિરૂપે સ્ત્રીલિંગવાચી શબ્દો, જેમ કે સત્તા. 'સત્તા' શબ્દનો પ્રયોગ અસ્તિત્વ ધરાવતી સમસ્ત વસ્તુ માટે થાય છે. સત્તા શબ્દ જાતિવાચક સ્ત્રીલિંગ શબ્દ છે. તે જ રીતે જગતમાં જે જે પદાર્થોનો સદ્ભાવ છે તેના માટે 'ભાવ' શબ્દનો પ્રયોગ થાય છે. 'ભાવ' શબ્દ જાતિવાચક પુલિંગ શબ્દ છે. જે જે પદાર્થોમાં સામાન્ય ધર્મ છે તેના માટે 'સામાન્ય' શબ્દનો પ્રયોગ થાય છે. વસ્તુમાં રહેલા સમાન પરિણામને સામાન્ય ધર્મ કહે છે. પ્રત્યેક વસ્તુમાં સામાન્ય અને વિશેષ ગુણધર્મો હોય જ છે. 'સામાન્ય' શબ્દ જાતિવાચક નપુંસકલિંગ છે.

આ રીતે સત્તા, ભાવ અને સામાન્ય શબ્દ જાતિવાચક સ્ત્રીલિંગ, પુરુષલિંગ અને નપુંસકલિંગના શબ્દો છે. તેનાથી સમસ્ત પદાર્થોનો બોધ થાય છે, તેથી તે પણ પ્રજ્ઞાપની ભાષા છે.

**(૬) जा जाईत्ति आणवणी...** સમગ્ર સ્ત્રીજાતિને આજ્ઞા કરનારી ભાષા જાતિરૂપે સ્ત્રી આજ્ઞાપની ભાષા છે. જેમ કે સ્ત્રીઓ પુરુષને અનુસરે છે. તે જ રીતે જાતિરૂપે પુરુષ આજ્ઞાપની અને જાતિરૂપે નપુંસક આજ્ઞાપની ભાષા પણ પ્રજ્ઞાપની ભાષા છે.

**(૭) जा जाईत्ति पण्णवणी...** એક સાથે સમગ્ર સ્ત્રી જાતિના સ્વભાવનું પ્રતિપાદન કરનારી ભાષા જાતિરૂપે સ્ત્રી પ્રજ્ઞાપની ભાષા છે. જેમ કે સ્ત્રીઓ સ્વાભાવિક રીતે તુચ્છ દષ્ટિવાળી, અભિમાની અને ચંચળ હોય છે. તે જ રીતે સમગ્ર પુરુષ જાતિના અને નપુંસક જાતિના સ્વભાવનું પ્રતિપાદન કરનારી ભાષા જાતિરૂપે પુરુષ પ્રજ્ઞાપની અને નપુંસક પ્રજ્ઞાપની ભાષા છે. તેમાં કદાચ કોઈક સ્ત્રી કે પુરુષનો સ્વભાવ ઉપરોક્ત લક્ષણ અનુસાર ન પણ હોય; તેમ છતાં બહુલતાની અપેક્ષાએ કથન હોવાથી તે પ્રજ્ઞાપની ભાષા છે પરંતુ તે ભાષા અસત્ય નથી.

આ રીતે કોઈપણ લિંગ કે વચનમાં બોલાયેલી ભાષાથી વસ્તુતત્ત્વનો યથાર્થ બોધ થતો હોય અને તે ભાષા પર પીડાકારી કે પરલોક પ્રતિઘાતિની ન હોય, તો તે પ્રજ્ઞાપની ભાષા છે પરંતુ તે ભાષા અસત્ય ભાષા નથી.

**નવજાત બાળકો અને પશુ આદિની ભાષા :–**

**૧૦ अह भंते ! मंदकुमारए वा मंदकुमारिया वा जाणइ बुयमाणे अहमेसे बुयामि अहमेसे बुयामीति ? गोयमा ! णो इणट्ठे समट्ठे, णण्णत्थ सण्णिणो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નવજાત બાળક કે નવજાત બાલિકા બોલવાના સમયે એ પ્રમાણે જાણે છે કે હું બોલી રહેલ છું ? **ઉત્તર–** હે ગૌતમ ! અવધિજ્ઞાની કે જાતિસ્મરણ જ્ઞાની આદિ વિશિષ્ટ જ્ઞાનવાળા સંજ્ઞી જીવો સિવાય તેમ શક્ય નથી.

**११ अह भंते ! मंदकुमारए वा मंदकुमारिया वा जाणइ आहारमाहारेमाणे अहमेसे आहारमाहारेमि अहमेसे आहारमाहारेमि त्ति ? गोयमा ! णो इणट्ठे समट्ठे, णण्णत्थ सण्णिणो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નવજાત બાળક કે નવજાત બાલિકા આહાર કરવાના સમયે એ પ્રમાણે જાણે છે કે હું આહાર કરું છું ? **ઉત્તર–** હે ગૌતમ ! વિશિષ્ટ જ્ઞાનવાળા સંજ્ઞી જીવો સિવાયના બીજા જીવોને તેમ શક્ય નથી.

**१२ अह भंते ! मंदकुमारए वा मंदकुमारिया वा जाणइ अयं मे अम्मापियरो, अयं मे अम्मापियरो ? गोयमा ! णो इणट्ठे समट्ठे, णण्णत्थ सण्णिणो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નવજાત બાળક કે નવજાત બાલિકા એ પ્રમાણે જાણે છે કે આ મારા માતા-પિતા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વિશિષ્ટ જ્ઞાનવાળા સંજ્ઞી જીવો સિવાય તેમ શક્ય નથી.

**१३ अह भंते । मंदकुमारए वा मंदकुमारिया वा जाणइ अयं मे अतिराउले, अयं मे अतिराउले त्ति ? गोयमा ! णो इणट्ठे समट्ठे, णण्णत्थ सण्णिणो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નવજાત બાળક કે નવજાત બાલિકા એ પ્રમાણે જાણે છે કે આ મારા સ્વામીનું ઘર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વિશિષ્ટ જ્ઞાનવાળા સંજ્ઞી (અવધિજ્ઞાનાદિ વિશિષ્ટ મનવાળા) જીવો સિવાય તેમ શક્ય નથી.

**१४ अह भंते । मंदकुमारए वा मंदकुमारिया वा जाणइ अयं मे भट्टिदारए अयं मे भट्टिदारए त्ति ? गोयमा ! णो इणट्ठे समट्ठे, णण्णत्थ सण्णिणो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નવજાત બાળક કે નવજાત બાલિકા એ પ્રમાણે જાણે છે કે આ મારા સ્વામીનો પુત્ર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વિશિષ્ટ જ્ઞાનવાળા સંજ્ઞી જીવો સિવાય તેમ શક્ય નથી.

**१५ अह भंते ! उट्टे गोणे खरे घोडए अए एलए जाणइ बुयमाणे अहमेसे बुयामि अहमेसे बुयामि ? गोयमा ! णो इणट्ठे समट्ठे, णण्णत्थ सण्णिणो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું ઊંટ, બળદ, ગધેડા, ઘોડા, બકરા અને ઘેટા વગેરે પશુઓ શું બોલવાના સમયે એ પ્રમાણે જાણે છે કે હું આ બોલી રહ્યો છું, હું આ બોલી રહ્યો છું ? **ઉત્તર–** હે ગૌતમ ! વિશિષ્ટ જ્ઞાનવાળા સંજ્ઞી જીવો સિવાય તેમ શક્ય નથી.

**१६ अह भंते ! उट्टे *जाव* एलए जाणइ आहारेमाणे अहमेसे आहारेमि अहमेसे आहारेमि त्ति ? गोयमा ! णो इणट्ठे समट्ठे, णण्णत्थ सण्णिणो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું ઊંટ ***યાવત્*** ઘેટા વગેરે પશુઓ આહાર કરવાના સમયે એ પ્રમાણે જાણે છે કે હું આ આહાર કરું છું ? **ઉત્તર–** હે ગૌતમ ! વિશિષ્ટ જ્ઞાનવાળા સંજ્ઞી જીવો સિવાય તેમ શક્ય નથી.

**१७ अह भंते ! उट्टे गोणे खरे घोडए अए एलए जाणइ अयं मे अम्मा-पियरो, अयं मे अम्मा-पियरो त्ति ? गोयमा । णो इणट्ठे समट्ठे, णण्णत्थ सण्णिणो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઊંટ ***યાવત*** ઘેટા વગેરે પશુઓ શું એ પ્રમાણે જાણે છે કે આ મારા માતા-પિતા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વિશિષ્ટ જ્ઞાનવાળા સંજ્ઞી જીવો સિવાય તેમ શક્ય નથી.

**१८ अह भंते ! उट्टे** *जाव* **एलए जाणइ अयं मे अतिराउले, अयं मे अतिराउले ? गोयमा ! णो इणट्ठे समट्ठे, णण्णत्थ सण्णिणो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું ઊંટ ***યાવત્*** ઘેટા વગેરે એ પ્રમાણે જાણે છે કે આ મારા સ્વામીનું ઘર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વિશિષ્ટ જ્ઞાનવાળા સંજ્ઞી જીવો સિવાય તેમ શક્ય નથી.

**१९ अह भंते ! उट्टे** *जाव* **एलए जाणइ अयं मे भट्टिदारए, अयं मे भट्टिदारए ? गोयमा ! णो इणट्ठे समट्ठे, णण्णत्थ सण्णिणो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું ઊંટ ***યાવત્*** ઘેટા વગેરે પશુઓ શું એ પ્રમાણે જાણે છે કે આ મારા સ્વામીનો પુત્ર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વિશિષ્ટ જ્ઞાનવાળા સંજ્ઞી જીવો સિવાય તેમ શક્ય નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં નવજાત બાળકો તથા પશુઓના જ્ઞાન અને સમજણ સંબંધી વિચારણા છે. તેમાં પાંચ સૂત્ર નવજાત કુમાર-કુમારિકાઓથી સંબંધિત છે અને પાંચ સૂત્ર પશુઓથી સંબંધિત છે.

**मंदकुमारए-मंदकुमारिया :–** નવજાત બાળક, નવજાત બાલિકા. **मंदकुमारकः उत्तानशायो बालकः ।** ચત્તા સુઈ રહેનારા બાળકો અર્થાત્ પડખું ફેરવતા આવડ્યું ન હોય, તેવા નાના જન્મેલા બાળકો. તેમનું જ્ઞાન પરિપક્વ ન હોવાથી તેમને અહીં મંદ કહેવામાં આવ્યા છે.

ભાષાદિ પર્યાપ્તિથી પર્યાપ્તા આ નવજાત બાળકો બોલવાની તથા ખાવા–પીવાદિની ક્રિયા કરે, તે સમયે તેઓ 'હું બોલું છું, ખાઉં છું. આ મારા માતા-પિતા છે' વગેરે જાણી શકતા નથી. તેઓ મનપર્યાપ્તિથી પર્યાપ્તા છે પરંતુ તેમનું મનરૂપી સાધન વિકસિત ન હોવાથી તેનો ક્ષયોપશમ મંદ હોય છે, તેથી બોલતા સમયે હું બોલું છું, તેમ તે જાણતા-સમજતા નથી.

તેમાં જે સંજ્ઞી જીવો છે અર્થાત્ અવધિજ્ઞાન, જાતિસ્મરણ જ્ઞાન વગેરે વિશિષ્ટ જ્ઞાનવાળા છે, તેવા નવજાત બાળકો ભાષા બોલતા સમયે 'હું બોલું છું, આ મારા માતા-પિતા' વગેરે છે, તેમ જાણે-સમજે છે. સામાન્ય રીતે સંજ્ઞી એટલે 'મનવાળા જીવો' તેમ અર્થ થાય છે પરંતુ પ્રસ્તુત સૂત્રમાં તે અર્થ સ્વીકાર્ય નથી. કારણ કે નવજાત બાળકો અને સૂત્રોક્ત પશુઓ સર્વે ય મનવાળા–સંજ્ઞી તો હોય જ છે. તેથી અહીં સંજ્ઞી એટલે 'સંજ્ઞી જીવોને થતા અવધિ, જાતિસ્મરણ આદિ વિશિષ્ટ જ્ઞાન' તે પ્રમાણેનો અર્થ સ્વીકાર્ય છે.

મંદકુમારાદિની જેમ પશુઓમાં અપરિપક્વ મનવાળા ઊંટ, હાથી, બળદ વગેરે બોલવાની ક્રિયા સમયે 'હું બોલું છું, ખાઉં છું, આ મારા માતા-પિતા કે મારા સ્વામી વગેરે છે', તેમ જાણતા નથી. સૂત્રમાં ઊંટ, બળદ વગેરે નામ આપ્યા છે પણ અહીં બાલ્યવસ્થાવાળા સર્વ પશુઓ ગ્રહણ કરવાના છે. પરિપક્વ પશુઓ પોતાના માલિક વગેરેને ઓળખતા હોય, તેવું જોવા મળે છે. તેમજ અવધિ આદિ વિશિષ્ટ જ્ઞાન-વાળા બાલ્યાવસ્થાવાળા પશુ પણ પોતાની ભોજનાદિ ક્રિયા, માલિક વગેરેને જાણે છે.

**એકવચન : બહુવચન યુક્ત ભાષા :–**

**२० अह भंते ! मणुस्से महिसे आसे हत्थी सीहे वग्घे विगे दीविए अच्छे तरच्छे**

**परस्सरे रासभे सियाले विराले सुणए कोलसुणए कोकंतिए ससए चित्तए चिल्ललए जेयावण्णे तहप्पगारा सव्वा सा एगवऊ ? हंता गोयमा ! मणुस्से** *जाव* **चिल्ललए जेयावण्णे तहप्पगारा सव्वा सा एगवऊ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્ય, ભેંસ, અશ્વ, હાથી, સિંહ, વાઘ, વરૂ, દીપડો, રીંછ, તરક્ષ-એક જાતના વાઘ, ગેંડો, ગધેડો, શિયાળ, બિલાડો, કૂતરો, શિકારી કૂતરો, લોમડી, સસલું, ચિત્તો અને ચિલ્લલક-વન્ય હિંસક પશુ, આ અને આવા પ્રકારના જે અન્ય, જીવ સૂચક શબ્દો છે, શું તે બધા એકવચનવાળા શબ્દો છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! મનુષ્યથી લઈને ચિલ્લલક સુધીના પ્રાણીઓ અને તેવા પ્રકારના અન્ય પ્રાણીઓ સૂચક શબ્દપ્રયોગ એકવચનવાળા હોય છે. અન્ય જેટલા પણ જીવો સંબંધી વચનપ્રયોગ છે, તે બધા એકવચન છે.

**२१ अह भंते ! मणुस्सा** *जाव* **चिल्ललगा जे यावण्णे तहप्पगारा सव्वा सा बहुवऊ ? हंता गोयमा ! मणुस्सा** *जाव* **चिल्ललगा सव्वा सा बहुवऊ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યોથી લઈને ચિલ્લલકો અને તેવા પ્રકારના જે અન્ય પ્રાણીવાચી શબ્દો છે, શું તે બધા બહુવચનાન્ત શબ્દો છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! મનુષ્યો ***યાવત્*** ચિલ્લલકો અને અન્ય પણ તેવા પ્રકારના જે પ્રાણી વાચક શબ્દપ્રયોગ છે, તે બધા બહુવચનાંત શબ્દો છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભાષાપ્રયોગમાં પ્રયુક્ત એકવચન અને બહુવચનનું સાપેક્ષ કથન સ્પષ્ટ કર્યું છે.

જ્યારે બહુસંખ્યક વસ્તુઓનો કે જીવોનો સંગ્રહરૂપે એકવચનમાં પ્રયોગ કરાય ત્યારે તે અનેકના બોધ કરાવનાર શબ્દ પણ એકવચન રૂપ હોય છે. જેમ કે આ સેનામાં હાથી, ઘોડા, રથ અને પદાતિ છે; આ વનમાં સિંહ, વાઘ, રીંછ, ચિત્તા આદિ હિંસક પશુ ફરે છે; વગેરે. ભાષાપ્રયોગમાં એકવચનાંત પદ છે.

જ્યારે બહુસંખ્યક વસ્તુઓની કે જીવોની બહુ સંખ્યાને પ્રમુખતા આપીને તે શબ્દોનો બહુવચનાંત પ્રયોગ કરવામાં આવે તો તે બહુવચન રૂપ હોય છે. જેમ કે આ સાર્થમાં મનુષ્યો અને વાહનો છે. સંક્ષેપમાં મનુષ્ય, અશ્વ વગેરે શબ્દો બહુસંખ્યક જાતિવાચક છે. તેમાં પ્રયોગ વિશેષથી એકવચનનો પ્રયોગ હોય તો તે ભાષા દૃષ્ટિએ એકવચન કહેવાય અને બહુવચનનો પ્રયોગ હોય તો તે ભાષા દૃષ્ટિએ બહુવચન કહેવાય.

**ત્રણે ય લિંગમાં પ્રયુક્ત થતી ભાષા :–**

**२२ अह भंते ! मणुस्सी महिसी बलवा हत्थिणिया सीही वग्घी विगी दीविया अच्छी तरच्छी परस्सरी रासभी सियाली विराली सुणिया कोलसुणिया कोकंतिया ससिया चित्तिया चिल्ललिया जायावण्णा तहप्पगारा सव्वा सा इत्थिवऊ ? हंता गोयमा ! मणुस्सी** *जाव* **चिल्ललिया जायावण्णा तहप्पगारा सव्वा सा इत्थिवऊ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યાણી, ભેંસ, ઘોડી, હાથણી, સિંહણ, વાઘણ, વરૂ(સ્ત્રી), દીપડી, રીંછણ, એક પ્રકારની વાઘણ, ગેંડી, ગધેડી, શિયાલણી, બિલાડી, કૂતરી, શિકારી કૂતરી, લોમડી, સસલી, ચિત્તા (સ્ત્રી), ચિલ્લલિકા અને આ પ્રકારના અન્ય સ્ત્રી જાતિવાચી જે શબ્દો છે, તે બધા શું સ્ત્રીલિંગી શબ્દો છે? **ઉત્તર–** હા ગૌતમ! મનુષ્યાણી ***યાવત્*** ચિલ્લલિકા અને અન્ય આ પ્રકારના જે સ્ત્રી જાતિવાચી શબ્દો છે, તે બધા શબ્દો સ્ત્રીલિંગી શબ્દો છે.

**२३** **अह भंते ! मणुस्से** *जाव* **चिल्ललए जेयावण्णे तहप्पगारा सव्वा सा पुमवऊ ? हंता गोयमा ! मणुस्से महिसे आसे हत्थी सीहे वग्घे विगे दीविए अच्छे तरच्छे परस्सरे रासभे सियाले विराले सुणए कोलसुणए कोक्कंतिए ससए चित्तए चिल्ललए जेयावण्णे तहप्पगारा सव्वा सा पुमवऊ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્ય ***યાવત્*** ચિલ્લલક અને અન્ય આ પ્રકારના પુરુષ જાતિવાચી જે શબ્દો છે, શું તે બધા પુલ્લિંગી શબ્દો છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! મનુષ્ય, પાડો, અશ્વ, હાથી, સિંહ, વાઘ, વરૂ, દીપડો, રીંછ, એક પ્રકારનો વાઘ, ગેંડો, શિયાળ, બિલાડો, શ્વાન, શિકારી શ્વાન, લોંકડી, સસલું, ચિત્તો, ચિલ્લક અને આવા પ્રકારના અન્ય જેટલા પુરુષ જાતિવાચી શબ્દો છે, તે બધા પુલ્લિંગ શબ્દો છે.

**२४** **अह भंते ! कंसं कंसोयं परिमंडलं सेलं थूभं जालं थालं तारं रूवं अच्छिपव्वं कुंडं पउमं दुद्धं दहियं णवणीयं असणं सयणं भवणं विमाणं छत्तं चामरं भिंगारं अंगणं णिरंगणं आभरणं रयणं जेयावण्णे तहप्पगारा सव्वं तं णपुंसगवऊ ? हंता गोयमा ! कंसं** *जाव* **रयणं जेयावण्णे तहप्पगारा सव्वं तं णपुंसगवऊ ?**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાંસુ, કંસોલ, પરિમંડળ, શૈલ, સ્તૂપ, જાળ, સ્થાળ, તાર, રૂપ, નેત્ર, પર્વ (પોર), કુંડ, પદ્મ, દૂધ, દહીં, માખણ, આસન, શયન, ભવન, વિમાન, છત્ર, ચામર, ભૃંગાર, આંગણું નિરંજન, આભૂષણ, રત્ન અને આ પ્રકારના અન્ય શબ્દો નપુંસકલિંગવાચી શબ્દો છે ? **ઉત્તર–** હા, ગૌતમ! કાંસ્ય ***યાવત્*** રત્ન અને આ પ્રકારના અન્ય બધા શબ્દો નપુંસક લિંગવાચી શબ્દો છે. (અર્ધમાગધી ભાષા પ્રમાણે આ બધા શબ્દો નપુંસકલિંગવાચી છે. ગુજરાતી ભાષામાં સ્તૂપ જેવા કેટલાક શબ્દો પુલ્લિંગવાચી છે.)

**२५** **अह भंते ! पुढवीति इत्थीवऊ आउ त्ति पुमवऊ, धण्णे त्ति णपुंसगवऊ, पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ? हंता गोयमा ! पुढवी ति इत्थिवऊ, आउ त्ति पुमवऊ, धण्णे त्ति णपुंसगवऊ पण्णवणी णं एसा भासा, ण भासा मोसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વી શબ્દ સ્ત્રીલિંગી છે, પાણી શબ્દ પુલ્લિંગી છે અને 'ધાન્ય' શબ્દ નપુંસકલિંગી શબ્દ છે, શું આ ભાષા પ્રજ્ઞાપની છે ? આ ભાષા મૃષા નથી ? **ઉત્તર–** હા ગૌતમ ! પૃથ્વી આ શબ્દ સ્ત્રીલિંગી છે. પાણી શબ્દ પુલ્લિંગી છે અને 'ધાન્ય' શબ્દ નપુંસકલિંગી છે. આ ભાષા પ્રજ્ઞાપની છે, આ ભાષા મૃષા નથી. (આ કથન અર્ધમાગધી ભાષાની અપેક્ષાએ છે. ગુજરાતી ભાષાની અપેક્ષાએ તેમાં ભિન્નતા પણ છે).

**२६** **अह भंते ! पुढवीति इत्थीआणमणी आउ त्ति पुमआणमणी धण्णेति णपुंसगाणमणी पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ? हंता गोयमा ! पुढवीति इत्थिआणमणी, आउ त्ति पुमआणमणी, धण्णे त्ति णपुंसगआणमणी, पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વી શબ્દ સ્ત્રી આજ્ઞાપની ભાષા છે, પાણી શબ્દ રૂપ ભાષા પુરુષ

આજ્ઞાપની ભાષા છે અને ધાન્ય શબ્દ રૂપ ભાષા નપુંસક આજ્ઞાપની ભાષા છે ? શું આ ભાષા પ્રજ્ઞાપની છે? આ ભાષા મૃષા નથી? **ઉત્તર–** હા, ગૌતમ ! 'પૃથ્વી' શબ્દરૂપ ભાષા સ્ત્રી આજ્ઞાપની ભાષા છે, પાણી શબ્દરૂપ ભાષા પુરુષ આજ્ઞાપની ભાષા છે અને ધાન્ય શબ્દરૂપ ભાષા નપુંસક આજ્ઞાપની ભાષા છે ઈત્યાદિ ભાષા પ્રજ્ઞાપની ભાષા છે, આ ભાષા મૃષા નથી.

**૨૭ अह भंते ! पुढवीति इत्थिपण्णवणी, आउ त्ति पुमपण्णवणी, धण्णे त्ति णपुंसग-पण्णवणी आराहणी णं एसा भासा ? ण एसा भासा मोसा ? हंता गोयमा ! पुढवीति इत्थि-पण्णवणी, आउ त्ति पुमपण्णवणी, धण्णे त्ति णपुंसगपण्णवणी; आराहणी णं एसा भासा, ण एसा भासा मोसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! 'પૃથ્વી' શબ્દરૂપ ભાષા સ્ત્રી પ્રજ્ઞાપની ભાષા છે, પાણી શબ્દરૂપ ભાષા પુરુષ પ્રજ્ઞાપની ભાષા છે અને ધાન્ય શબ્દરૂપ ભાષા નપુંસક પ્રજ્ઞાપની ભાષા છે, શું આ પ્રકારની ભાષા આરાધની ભાષા છે ? શું આ ભાષા મૃષા નથી ?

**ઉત્તર–** હા, ગૌતમ ! પૃથ્વી રૂપ ભાષા સ્ત્રી પ્રજ્ઞાપની ભાષા છે, અપ્ રૂપ ભાષા પુરુષ પ્રજ્ઞાપની ભાષા છે અને ધાન્ય રૂપ ભાષા નપુંસક પ્રજ્ઞાપની ભાષા છે; આ પ્રકારની ભાષા આરાધની છે, પરંતુ આ ભાષા મૃષા નથી.

**૨૮ इच्चेवं भंते ! इत्थिवयणं वा पुमवयणं वा णपुंसगवयणं वा वयमाणे पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ? हंता गोयमा ! इच्चेवं इत्थिवयणं वा पुमवयणं वा णपुंसगवयणं वा वयमाणे पण्णवणी णं एसा भासा । ण एसा भासा मोसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ પ્રમાણે સ્ત્રીવચન, પુરુષવચન કે નપુંસકવચન(નપુંસકલિંગી શબ્દ) બોલનાર વ્યક્તિની ભાષા શું પ્રજ્ઞાપની છે ? શું તે મૃષાભાષા નથી ? **ઉત્તર–** હા, ગૌતમ ! સ્ત્રીવચન, પુરુષવચન અથવા નપુંસકવચન બોલનાર વ્યક્તિની આ ભાષા પ્રજ્ઞાપની છે, આ ભાષા મૃષા નથી.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રજ્ઞાપની ભાષાના વિષયમાં વચન, લિંગ, આજ્ઞાપન, પ્રજ્ઞાપન આદિની અપેક્ષાએ વિચારણા છે. નિર્ણયાત્મક વિચાર કરવામાં આવ્યા છે, તેમજ જાતિવાચક શબ્દોમાં ત્રણ લિંગવાચી શબ્દો-વાળી ભાષાનું પ્રતિપાદન છે.

ભાષાપ્રયોગમાં ક્યારેક સ્ત્રી, પુરુષ અને નપુંસકના ગુણધર્મ અનુસાર સ્ત્રીવાચી, પુરુષવાચી અને નપુંસકવાચી શબ્દોનો પ્રયોગ થાય છે. ક્યારેક સ્ત્રી, પુરુષ અને નપુંસકના ગુણધર્મ ન હોય તોપણ વ્યાકરણની અપેક્ષાએ તે-તે શબ્દો સ્ત્રીલિંગવાચી, પુરુષલિંગવાચી અને નપુંસકલિંગવાચી હોય છે.

કોઈપણ લિંગમાં પ્રયુક્ત ભાષાથી વસ્તુનો બોધ થાય છે, તેથી તે ભાષા પ્રજ્ઞાપની ભાષા છે, તે ભાષા અસત્ય નથી.

**पुढवीति इत्थिआणमणी...** પૃથ્વી શબ્દ સ્ત્રીલિંગી શબ્દ છે, 'અપ્'–પાણી શબ્દ પ્રાકૃત ભાષામાં પુલ્લિંગી શબ્દ અને ધાન્ય શબ્દ નપુંસક લિંગી શબ્દ છે. કોઈપણ લિંગવાચી શબ્દોથી આજ્ઞા કરનારી ભાષાથી

પદાર્થનો યથાર્થ બોધ થઈ જાય છે જેમ કે પૃથ્વી ખોદો, પાણી લાવો, ધાન્ય લઈ જાઓ. આ પ્રકારની ભાષાથી પદાર્થનો યથાર્થ બોધ થતો હોવાથી તે પ્રજ્ઞાપની ભાષા છે.

**पुढवीति इत्थिपण्णवणी...** પૃથ્વી, અપ્ અને ધાન્ય તે ત્રણ શબ્દો ક્રમશઃ સ્ત્રી, પુરુષ, નપુંસક આ ત્રણે લિંગવાચી છે. તે ભાષા પરલોકની સાધનામાં બાધક ન હોવાથી આરાધની છે, તે અસત્ય ભાષા નથી.

**इत्थिवयणं...** વ્યાકરણશાસ્ત્રના નિયમાનુસાર ત્રણે લિંગના શબ્દોનો પ્રયોગ કરનાર વ્યક્તિ પ્રજ્ઞાપની ભાષા જ બોલે છે કારણ કે લોક વ્યવહાર તે રીતે જ થાય છે.

**ભાષાનું સ્વરૂપ :-**

**૨૯ भासा णं भंते ! किमादीया, किं पभवा, किं संठिया, किं पज्जवसिया ? गोयमा ! भासा णं जीवादीया सरीरपभवा, वज्जसंठिया, लोगंतपज्जवसिया पण्णत्ता ।**

**भासा कओ य पभवइ, कइहिं च समएहिं भासती भासं ।**
**भासा कइप्पगारा, कइ वा भासा अणुमयाओ ॥**

**सरीरप्पभवा भासा, दोहि य समएहिं भासती भासं ।**
**भासा चउप्पगारा, दोण्णि य भासा अणुमयाओ ॥**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! ભાષાનું આદિ(મૂળ) કારણ શું છે ? ભાષાનું ઉત્પત્તિ સ્થાન શું છે ? ભાષાનું સંસ્થાન કેવું છે ? ભાષાનો અંત ક્યાં થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભાષાનું મૂળ કારણ જીવ છે. તેનું ઉત્પત્તિ સ્થાન શરીર છે. ભાષાનું સંસ્થાન વજ્ર જેવું છે. લોકના અંતે તેનો અંત થાય છે.

**ગાથાર્થ–** ભાષા ક્યાંથી ઉત્પન્ન થાય છે ? ભાષા કેટલા સમયમાં બોલાય છે ? ભાષાના કેટલા પ્રકાર છે અને કેટલા પ્રકારની ભાષા અનુમત–બોલવા માટે માન્ય છે ?

ભાષાનું ઉદ્ભવસ્થાન શરીર છે. ભાષા બે સમયમાં બોલાય છે. ભાષાના ચાર પ્રકાર છે, તેમાંથી બે પ્રકારની ભાષા અનુમત છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં ભાષા સંબંધી વિવિધ વિષયોનું નિરૂપણ છે.

**ભાષાનું મૂળ કારણ :–** ભાષાનું મૂળભૂત કારણ જીવ છે. જીવના તથાવિધ ઉચ્ચારણાદિના પ્રયત્નથી જ ભાષાની ઉત્પત્તિ થાય છે. નિર્જીવ પદાર્થમાંથી ભાષા ઉત્પન્ન થતી નથી.

**ભાષાનું ઉત્પત્તિ સ્થાન :–** ભાષાનું ઉત્પત્તિ સ્થાન શરીર છે. ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરથી જ ભાષાની ઉત્પત્તિ થાય છે, આ ત્રણમાંથી કોઈ એક શરીરના માધ્યમથી ભાષા બોલાય છે. ભાષાનું ઉત્પત્તિ સ્થાન શરીર હોવાથી સશરીરી જીવોને જ ભાષા હોય છે.

**ભાષાનું સંસ્થાન :–** ભાષાનો આકાર વજ્ર સમાન હોય છે. (૧) જીવના વિશિષ્ટ પ્રયત્ન દ્વારા નીકળેલા ભાષાના પુદ્ગલો સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત થઈ જાય છે અને લોકનો આકાર વજ્ર જેવો છે, તેથી ભાષાનું સંસ્થાન વજ્ર સમાન કહ્યું છે. (૨) ભાષારૂપે પરિણત થઈને નિઃસરણ થતા પુદ્ગલો વજ્ર આકારવાળા હોય છે.

**ભાષાનું પર્યવસાન :–** ભાષાનો અંત લોકાંતે થાય છે.અલોકમાં ધર્માસ્તિકાય દ્રવ્ય ન હોવાથી ભાષાના પુદ્‌ગલોની ત્યાં ગતિ થતી નથી, તેથી જ્યાં લોકનો અંત થાય છે ત્યાં જ ભાષાનો અંત થાય છે.

**ભાષાનો ઉદ્‌ભવ યોગ :– सरीर प्पहवा**– ભાષા શરીરથી ઉત્પન્ન થાય છે. વૃત્તિકારે તેનું સ્પષ્ટીકરણ કરતા કહ્યું છે કે **शरीर ग्रहणेन शरीरयोगः परिगृह्यते** । શરીરના ગ્રહણથી શરીરયોગ એટલે કાયયોગનું ગ્રહણ થાય છે. જીવ કાયયોગથી ભાષાને યોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરીને, તેને ભાષારૂપે પરિણમાવી પછી વચનયોગથી તેનો ત્યાગ કરે છે અર્થાત્ ભાષાનું ઉચ્ચારણ કરે છે.

જીવ વચનયોગથી ભાષા બોલે છે તોપણ ભાષાવર્ગણાને છોડવા માટે તેને શરીરનું જ (મુખાદિનું) આલંબન હોય છે

**ભાષાનો કાળ :–** જીવ બે સમયમાં ભાષા બોલે છે, પ્રથમ સમયે ભાષા યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરે છે અને બીજા સમયમાં તેને ભાષારૂપે પરિણત કરીને બોલે છે.

**ભાષાના પ્રકાર :–** ભાષાના ચાર પ્રકાર છે – સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર ભાષા.

**અનુમત ભાષા :–** ઉપરોક્ત ચાર પ્રકારની ભાષામાંથી સાધક જીવોને સત્ય અને વ્યવહાર, આ બે પ્રકારની ભાષા બોલવા યોગ્ય છે. અસત્ય અને મિશ્ર, આ બે ભાષા બોલવા યોગ્ય નથી, કારણ કે તે બંને ભાષાઓ યથાર્થ વસ્તુ સ્વરૂપનું પ્રતિપાદન કરતી નથી, આ બંને ભાષાઓ મોક્ષની વિરોધિની છે.

**ભાષાનું સ્વરૂપ :–**

| ક્રમ | દ્વાર | વિગત |
|---|---|---|
| ૧ | ભાષાનું મૂળભૂત કારણ | જીવ છે. |
| ૨ | ઉત્પત્તિ સ્થાન | ઔદારિક, વૈક્રિય, આહારક, આ ત્રણ સ્થૂલ શરીર છે. |
| ૩ | સંસ્થાન | વજ્ર જેવું છે. |
| ૪ | અંત | લોકાંતે – તીવ્ર પ્રયત્ન સાથે ઉચ્ચારિત શબ્દો લોકાંતે પહોંચે છે. |
| ૫ | ઉદ્‌ભવ યોગ | કાયયોગથી ભાષા વર્ગણાને ગ્રહણ કરે છે. |
| ૬ | નિઃસરણ યોગ | વચનયોગથી ભાષાપણે પરિણમન કરીને છોડે છે. |
| ૭ | ભાષણ કાલ | બે સમય. પ્રથમ સમયે ભાષા વર્ગણા–દ્રવ્ય ગ્રહણ કરે, બીજા સમયે ભાષા રૂપે પરિણમન કરીને ભાષા પુદ્‌ગલોનું નિઃસરણ થાય છે. |
| ૮ | ભાષાના પ્રકાર | ૪– સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર ભાષા. |
| ૯ | અનુમત ભાષા | ૨–સત્ય અને વ્યવહાર. |

**ભાષા અને તેના ભેદ પ્રભેદો :-**

**३० कइविहा णं भंते ! भासा पण्णत्ता ? गोयमा ! दुविहा भासा पण्णता । तं जहा- पज्जत्तिया य अपज्जत्तिया य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાષાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભાષાના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પર્યાપ્તિકા ભાષા. અને અપર્યાપ્તિકા ભાષા.

**૩૧** **पज्जत्तिया णं भंते ! भासा कइविहा पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता । तं जहा- सच्चा य मोसा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તિકા ભાષાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તિકા ભાષાના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સત્ય અને મૃષા.

**૩૨** **सच्चा णं भंते ! भासा पज्जत्तिया कइविहा पण्णत्ता ? गोयमा ! दसविहा पण्णत्ता। तं जहा- जणवयसच्चा, सम्मतसच्चा, ठवणासच्चा, णामसच्चा, रूवसच्चा, पडुच्चसच्चा, ववहारसच्चा, भावसच्चा, जोगसच्चा, ओवम्मसच्चा ।**

**जणवय सम्मत ठवणा, णामे रूवे पडुच्चसच्चे य ।**
**ववहार भाव जोगे, दसमे ओवम्मसच्चे य ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સત્યપર્યાપ્તિકા ભાષાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) જનપદ સત્ય, (૨) સંમત સત્ય, (૩) સ્થાપના સત્ય, (૪) નામ સત્ય, (૫) રૂપ સત્ય, (૬) પ્રતીત્ય સત્ય, (૭) વ્યવહાર સત્ય, (૮) ભાવ સત્ય, (૯) યોગ સત્ય અને (૧૦) ઔપમ્ય સત્ય. [**ગાથાર્થ**] જનપદ, સંમત, સ્થાપના, નામ, રૂપ, પ્રતીત્ય, વ્યવહાર, ભાવ, યોગ, ઔપમ્ય. આ દસ પ્રકારની સત્ય ભાષા છે.

**૩૩** **मोसा णं भंते ! भासा पज्जत्तिया कइविहा पण्णत्ता ?**

**गोयमा ! दसविहा पण्णत्ता, तं जहा- कोहणिस्सिया, माणणिस्सिया, मायाणिस्सिया, लोभणिस्सिया, पेज्जणिस्सिया, दोसणिस्सिया, हासणिस्सिया, भयणिस्सिया, अक्खाइया-णिस्सिया, उवघायणिस्सिया ।**

**कोहे माणे माया, लोभे पेज्जे तहेव दोसे य ।**
**हास भए अक्खाइय, उवघाइयणिस्सिया दसमा ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મૃષા પર્યાપ્તિકા ભાષાના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેના દશ પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) ક્રોધ નિઃસૃત, (૨) માન નિઃસૃત, (૩) માયા નિઃસૃત, (૪) લોભ નિઃસૃત, (૫) રાગ નિઃસૃત (૬) દ્વેષ નિઃસૃત, (૭) હાસ્ય નિઃસૃત, (૮) ભય નિઃસૃત, (૯) આખ્યાયિકા નિઃસૃત અને (૧૦) ઉપઘાત નિઃસૃત.

**ગાથાર્થ–** ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, હાસ્ય, ભય, આખ્યાયિકા અને દશમી ઉપઘાત નિઃસૃત, દશ પ્રકારની અસત્ય ભાષા.

**૩૪** **अपज्जत्तिया णं भंते ! भासा कइविहा पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- सच्चामोसा य असच्चमोसा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તિકા ભાષાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– મિશ્ર ભાષા અને વ્યવહાર ભાષા.

**૩૫** **सच्चामोसा णं भंते ! भासा अपज्जत्तिया कइविहा पण्णत्ता ?**

गोयमा ! दसविहा पण्णत्ता, तं जहा- उप्पण्णमिस्सिया, विगयमिस्सिया, उप्पण्णविगयमिस्सिया, जीवमिस्सिया, अजीवमिस्सिया, जीवाजीवमिस्सिया, अणंतमिस्सिया, परित्तमिस्सिया, अद्धामिस्सिया, अद्धद्धामिस्सिया ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મિશ્ર અપર્યાપ્તિકા ભાષાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઉત્પન્ન મિશ્રિત, (૨) વિગત મિશ્રિત, (૩) ઉત્પન્ન-વિગત મિશ્રિત, (૪) જીવ મિશ્રિત, (૫) અજીવ મિશ્રિત, (૬) જીવાજીવ મિશ્રિત (૭) અનંત મિશ્રિત (૮) પરિત્ત મિશ્રિત, (૯) અદ્ધા મિશ્રિત અને (૧૦) અદ્ધાદ્ધા મિશ્રિત.

**३६** असच्चामोसा णं भंते ! भासा अपज्जत्तिया कइविहा पण्णत्ता ? गोयमा ! दुवालसविहा पण्णत्ता, तं जहा -

आमंतणी आणमणी, जायणी तह पुच्छणी य पण्णवणी ।
पच्चक्खाणी भासा, भासा इच्छाणुलोमा, य ॥
अणभिग्गहिया भासा, भासा य अभिग्गहम्मि बोद्धव्वा ।
संसयकरणी भासा, वोयडा अव्वोयडा चेव ॥

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વ્યવહાર અપર્યાપ્તિકા ભાષાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ! તેના બાર પ્રકાર છે. તે આ પ્રમાણે છે– **ગાથાર્થ–** (૧) આમંત્રણી, (૨) આજ્ઞાપની, (૩) યાચની, (૪) પૃચ્છની, (૫) પ્રજ્ઞાપની, (૬) પ્રત્યાખ્યાની, (૭) ઇચ્છાનુલોમા ભાષા, (૮) અનભિગૃહિતા ભાષા, (૯) અભિગૃહિતા ભાષા, (૧૦) સંશયકરણી ભાષા, (૧૧) વ્યાકૃતા ભાષા અને (૧૨) અવ્યાકૃતા ભાષા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પર્યાપ્તિકા અને અપર્યાપ્તિકા ભાષાના ભેદ-પ્રભેદોનું નિરૂપણ છે.

**પર્યાપ્તિકા ભાષા :–** જે ભાષા નિશ્ચિતરૂપે અને સ્પષ્ટપણે બોધ કરાવી શકે છે, તે ભાષા પર્યાપ્તિકા ભાષા કહેવાય છે. સત્ય ભાષા અને અસત્ય ભાષા પર્યાપ્તિકા ભાષા છે. આ બે ભાષાથી સત્ય રૂપે કે અસત્યરૂપે પદાર્થનો ચોક્કસ પ્રકારે બોધ થાય છે. **અપર્યાપ્તિકા ભાષા–** જે ભાષા સત્ય-અસત્યથી મિશ્રિત રૂપ હોવાથી તેમજ સત્ય-અસત્ય બંનેના પ્રતિષેધ રૂપ હોવાથી પદાર્થનો ચોક્કસ પ્રકારે બોધ કરાવી શકે નહીં, તે અપર્યાપ્તિકા ભાષા કહેવાય છે. મિશ્ર ભાષા અને વ્યવહાર ભાષા અપર્યાપ્તિકા ભાષા છે.

**સત્ય–પર્યાપ્તિકા ભાષાના દશ ભેદ :–**

**(૧) જનપદ સત્ય :–** જનપદ એટલે દેશ. ભિન્ન-ભિન્ન દેશ, પ્રાન્ત કે પ્રદેશોમાં વસ્તુના બોધ માટે જે ભાષાનો પ્રયોગ થતો હોય તે પ્રસિદ્ધ થયેલી ભાષા જનપદ સત્ય કહેવાય છે. જેમ કે કોંકણ દેશમાં પાણી માટે **पिच्च** શબ્દ પ્રયોગ થાય છે. **पिच्च** શબ્દ પ્રયોગથી તે દેશના લોકોને પાણીનો બોધ ચોક્કસપણે થઈ જાય છે, તેથી તે જનપદ સત્ય છે.

**(૨) સંમત્ત સત્ય :–** સંમત્ત એટલે માન્ય. લોકોએ માન્ય કરેલી ભાષા, લોક પ્રસિદ્ધ ભાષા 'સંમત્ત સત્ય' છે. જેમ કે શેવાળ અને કમળ બંને કીચડમાં ઉત્પન્ન થાય છે તેમ છતાં પંકજ શબ્દપ્રયોગ કમળ માટે જ પ્રસિદ્ધ થયેલો છે, તે સંમત સત્ય છે.

**(૩) સ્થાપના સત્ય :–** સદશ, વિસદશ આકારવાળી કોઈ વસ્તુમાં અન્ય વસ્તુની સ્થાપના કરીને, સ્થાપિત વસ્તુના નામથી ઓળખવામાં આવે, તો તે ભાષા 'સ્થાપના સત્ય' કહેવાય છે. સ્થાપના સત્યના બે પ્રકાર છે– સદ્‌ભાવ સ્થાપના અને અસદ્‌ભાવ સ્થાપના. **સદ્‌ભાવ સ્થાપના–** જેની સ્થાપના કરવી હોય, તેના જેવો જ આકાર બનાવીને સ્થાપના કરવી. જેમ કે ઘોડાના આકારનું રમકડું બનાવી તેને ઘોડો કહેવો, તે સદ્‌ભાવ સ્થાપના છે. **અસદ્‌ભાવ સ્થાપના–** જેની સ્થાપના કરવી હોય, તેના આકાર આદિની અપેક્ષા રાખ્યા વિના ગમે તેમાં સ્થાપના કરવી. જેમ કે કોઈ પત્થરને સિંદૂર લગાડી તેને શીતળા માતા કહેવા, તે અસદ્‌ભાવ સ્થાપના છે.

**(૪) નામ સત્ય–** ગુણની અપેક્ષા રાખ્યા વિના જે નામ માત્રથી સત્ય હોય, તેને નામ સત્ય કહે છે. જેમ કે મહાવીર સ્વામીના ગુણ ન હોવા છતાં મહાવીર નામની વ્યક્તિને મહાવીર નામથી બોલાવવી.

**(૫) રૂપ સત્ય–** વેશ જોઈને તદ્‌નુરૂપ શબ્દપ્રયોગ કરવો અર્થાત્ વેશ માત્રથી જે સત્ય હોય તેને 'રૂપ સત્ય' કહે છે. જેમ કે સાધુનો વેશ ધારણ કરનાર બહુરૂપીયાને સાધુ કહેવું.

**(૬) પ્રતીત્ય સત્ય–** અન્યની અપેક્ષાએ સત્ય હોય તે પ્રતીત્ય સત્ય છે. જેમ કે અનામિકા આંગળીને ટચલી આંગળીની અપેક્ષાએ લાંબી અને મધ્યમ(બીજી) આંગળીની અપેક્ષાએ ટૂંકી કહેવી.

**(૭) વ્યવહાર સત્ય–** લોક વ્યવહારમાં સત્ય રૂપે પ્રસિદ્ધ હોય તે વ્યવહાર સત્ય છે. જેમ કે 'નળ આવ્યો' વાસ્તવિક રીતે નળ તો તે સ્થાનમાં છે જ, નળમાં પાણી આવે છે; તેમ છતાં તથાપ્રકારના શબ્દપ્રયોગથી લોકો નળમાં પાણી આવવાનો બોધ પ્રાપ્ત કરે છે, તેથી તે શબ્દપ્રયોગ વ્યવહારથી સત્ય છે. ગામ આવી ગયું, પહાડ બળે છે, વગેરે વ્યવહાર સત્યનાં ઉદાહરણ છે.

**(૮) ભાવ સત્ય–** ભાવથી એટલે વર્ણાદિ અથવા જ્ઞાનાદિ ગુણોમાંથી કોઈ ગુણની પ્રધાનતાથી કથન કરવું તે ભાવસત્ય છે. જેમ કે બગલામાં પાંચ વર્ણ હોવા છતાં શ્વેત વર્ણની પ્રધાનતાથી બગલાને શ્વેત કહેવો. જ્ઞાનીઓની સભામાં એકાદ વ્યક્તિ મૂર્ખ હોવા છતાં તે સભાને જ્ઞાનીની સભા કહેવી, તે ભાવ સત્ય છે.

**(૯) યોગ સત્ય–** યોગ એટલે સંબંધ. વસ્તુના યોગથી(સંબંધથી) તે વસ્તુનું કથન કરવું, તે યોગ સત્ય છે. જેમ કે ગુજરાતમાં રહેનારાને ગુજરાતી કહેવાય, પરંતુ તે વ્યક્તિ ગુજરાતની બહાર ગમે તે ક્ષેત્રમાં હોય તો પણ તે ગુજરાતનો વતની હોવાથી ગુજરાતી કહેવો. દંડના સંબંધથી(દંડ ધારણ કરનારને) દંડી કહેવો.

**(૧૦) ઉપમા સત્ય–** ઉપમા આપીને કથન કરવું એટલે ઉપમાની અપેક્ષાએ જે સત્ય હોય તે ઉપમા સત્ય છે. જેમ કે આ સ્ત્રીનું મુખ ચંદ્ર જેવું છે. સ્ત્રીના મુખમાં ચંદ્ર જેવી સૌમ્યતા વગેરે ગુણોની સમાનતા હોવાથી ચંદ્રની ઉપમાથી તેને 'ચંદ્રમુખી' કહેવું, સિંહ જેવા શૌર્યવાળી વ્યક્તિને 'કેસરી' કહેવું.

ઉપમા સત્યના ચાર પ્રકાર છે. (૧) સત્‌ને સત્‌ની ઉપમા. આ પુત્ર તેના પિતા જેવો જ છે. (૨) સત્‌ને અસત્‌ની ઉપમા– નારકી, દેવતાનું આયુષ્ય, પલ્યોપમ અને સાગરોપમ પ્રમાણ છે. અહીં આયુષ્ય સત્ છે પરંતુ તેના માટે વપરાયેલી પલ્યોપમ કે સાગરોપમની ઉપમા અસત્ છે. (૩) અસત્‌ને સત્‌ની ઉપમા– **પીપળ પાન ખરંતા, હસતી કૂંપળિયા; અમ વીતી તુમ વીતશે, ધીરી બાપુડીયા.** અહીં પાન અને કૂંપળનો સંવાદ અસત્ છે, કારણ કે વનસ્પતિમાં તથાપ્રકારનો વાર્તાલાપ થતો નથી પરંતુ જે કથન છે તે સત્ છે, (૪) અસત્‌ને અસત્‌ની ઉપમા– ઘોડાના શીંગડા ગધેડા જેવા છે, અહીં ઉપમા અને ઉપમેય બંને અસત્ છે.

**પર્યાપ્તિકા મૃષા ભાષાના દશ પ્રકાર :–**

**(૧) ક્રોધ નિઃસૃત :–** ક્રોધના આવેશમાં બોલાયેલી ભાષા ક્રોધ નિઃસૃત અસત્ય ભાષા છે. ક્રોધી વ્યક્તિ

વિવેક ભૂલી જાય છે, તેથી ક્રોધમાં સત્ય કે અસત્ય ગમે તે ભાષાનો પ્રયોગ થાય, તે અસત્ય જ ગણાય છે; કારણ કે તેમાં તેનો આશય દુષ્ટ છે.

**(૨) માન નિઃસૃત :–** અભિમાનમાં બોલાયેલી ભાષા માન નિઃસૃત અસત્ય ભાષા છે. જેમ કે– પોતાનું ઐશ્વર્ય પ્રગટ કરવા કોઈ અભિમાનપૂર્વક કહે કે 'અમે કાંઈ જેવા તેવા નથી, મારા દાદા પણ અબજોપતિ હતા'. અહંકારથી બોલાયેલી ભાષા અસત્ય છે.

**(૩) માયા નિઃસૃત :–** માયા-કપટપૂર્વક બોલાયેલી ભાષા માયા નિઃસૃત અસત્ય ભાષા છે. જેમ કે– પોતાના વ્યાપારમાં ભાગ ન પડે તેવા ભાવથી કહેવું કે 'આ વ્યાપારમાં ઘણું જોખમ છે.'

**(૪) લોભ નિઃસૃત :–** લોભથી બોલાયેલી ભાષા લોભ નિઃસૃત અસત્ય છે. જેમ કે વસ્તુના વેંચાણ માટે લોભ બુદ્ધિથી કહેવું કે 'મારો માલ સો એ સો ટકા સારો છે.'

**(૫) પ્રેય નિઃસૃત :–** રાગને વશ થઈને બોલાયેલી ભાષા પ્રેય નિઃસૃત અસત્ય ભાષા છે. જેમ કે પોતાની અનુરાગી વ્યક્તિને કહેવું કે 'હું તમારો દાસ છું'.

**(૬) દ્વેષ નિઃસૃત :–** દ્વેષથી બોલાયેલી ભાષા દ્વેષ નિઃસૃત અસત્યભાષા છે. જેમ કે દ્વેષ બુદ્ધિથી તીર્થંકરાદિ સત્ પુરુષોના અવર્ણવાદ બોલવા.

**(૭) હાસ્ય નિઃસૃત :–** હાસ્યમાં બોલાયેલી ભાષા હાસ્ય નિઃસૃત અસત્ય ભાષા છે. જેમ કે કોઈની મશ્કરી કરતાં અસત્ય ભાષણ કરવું.

**(૮) ભય નિઃસૃત :–** ડરથી બોલાયેલી ભાષા ભય નિઃસૃત અસત્ય ભાષા છે.

**(૯) આખ્યાયિકા નિઃસૃત :–** કાલ્પનિક કથાનકને સત્ય કહેવું તે આખ્યાયિકા નિઃસૃત અસત્ય ભાષા છે. કથા-વાર્તા કહેતાં અતિશયોક્તિ કરતાં અસત્ય કથન કરવું.

**(૧૦) ઉપઘાત નિઃસૃત :–** અન્ય જીવોનો ઉપઘાત થાય તેવા આક્ષેપાત્મક વચનો બોલવા જેમ કે તું ચોર છે.

આ દશ પ્રકારના અસત્ય ભાષાના સ્વરૂપને જોતાં સ્પષ્ટ થાય છે કે કષાયવશ બોલાયેલી ભાષા અથવા દુષ્ટ આશયથી બોલાયેલી ભાષા સત્ય હોય કે અસત્ય, તોપણ તે અસત્ય ભાષા કહેવાય છે.

**અપર્યાપ્તિકા મિશ્ર ભાષાના દશ પ્રકાર :–**

**(૧) ઉત્પન્ન મિશ્રિત :–** ઉત્પત્તિના વિષયમાં સત્ય-અસત્ય બંને ભાષાનું મિશ્રણ કરવું. જેમ કે– ગામમાં કેટલાક બાળકોનો જન્મ થયો હોય. તેની ચોક્કસ સંખ્યાનું જાણપણું ન હોય તેમ છતાં કહી દેવું કે આજે દશ બાળકોનો જન્મ થયો છે. આ કથનમાં બાળકોનો જન્મ થયો છે તેટલો અંશ સત્ય છે પરંતુ દશ સંખ્યાનું કથન અસત્ય છે. આ રીતે સત્ય-અસત્ય બંને ભાષાનું મિશ્રણ હોવાથી તેને મિશ્ર ભાષા કહે છે. તે રીતે દશે પ્રકારમાં સમજવું.

**(૨) વિગત મિશ્રિત :–** મૃત્યુના વિષયમાં સત્ય-અસત્ય ભાષાનું મિશ્રણ કરવું, તે વિગત મિશ્રિત મિશ્ર ભાષા છે. જેમ કે– મૃત્યુ આંક ખબર ન હોવા છતાં કહે કે– આજે દસ મૃત્યુ થયા.

**(૩) ઉત્પન્ન-વિગત મિશ્રિત–** જન્મ અને મૃત્યુ બંનેની સંખ્યામાં ઓછા કે અધિક કહેવા.

**(૪) જીવ મિશ્રિત–** શંખાદિનો ઢગલો હોય, જેમાં જીવતા શંખ ઘણા હોય અને મરેલા ઓછા હોય પણ એ ઢગલો જોઈને કહે કે આ મોટો જીવનો ઢગલો છે. તે જીવ મિશ્રિત ભાષા છે.

**(૫) અજીવ મિશ્રિત** – શંખના ઢગલામાં મરેલા શંખ ઘણા હોય અને જીવિત અલ્પ હોય, તેને જોઈને કહે કે આ મોટો મરેલાનો ઢગલો છે. આ ભાષા અજીવ મિશ્રિત ભાષા છે.

**(૬) જીવાજીવ મિશ્રિત**– શંખના ઢગલામાં જીવિત મૃતકની સંખ્યા અનિયત હોવા છતાં નિશ્ચિતરૂપે કહી દે કે આ ઢગલામાં પચાસ મૃતક છે અને પચાસ જીવિત છે. તે ઢગલામાં જીવિત અને મૃતકની વિદ્યમાનતા સત્ય છે પણ સંખ્યા નિશ્ચિત કહેવી મૃષા છે.

**(૭) અનંત મિશ્રિત** – મૂળા, ગાજર આદિ અનંતકાયની સાથે કોઈક પ્રત્યેક વનસ્પતિ હોય તેમ છતાં કહે કે આ બધા અનંતકાયિક છે જેમ કે પાન સહિત મૂળો હોય તો આખાને અનંતકાયિક કહે.

**(૮) પરિત્ત(પ્રત્યેક) મિશ્રિત**– પ્રત્યેક વનસ્પતિકાયિકની સાથે થોડી અનંતકાયિક વનસ્પતિ હોય તો પણ કહે કે આ બધી પ્રત્યેક વનસ્પતિકાયિક છે. આ પરિત્ત મિશ્રિત ભાષા છે.

**(૯) અદ્ધા મિશ્રિત**– અદ્ધા એટલે કાળ. અહીં અદ્ધા શબ્દથી દિવસ કે રાત્રિ અર્થ ગ્રહણ થાય છે. તે બંનેનું મિશ્રણ કરીને કહેવું તે અદ્ધા મિશ્રિત ભાષા છે. જેમ કે– હજુ દિવસ શેષ હોય ત્યારે કહે કે રાત પડી ગઈ અને રાત્રિ શેષ હોવા છતાં કહે ઊઠો સૂર્યોદય થઈ ગયો.

**(૧૦) અદ્ધાદ્ધા મિશ્રિત**– અદ્ધાદ્ધા એટલે દિવસ કે રાત્રિના એક દેશને તે અંશોમાં મિશ્રણ કરીને બોલવું તે અદ્ધાદ્ધા મિશ્રિત ભાષા છે. જેમ કે– હજુ પહેલો પહોર ચાલતો હોય તો કોઈ ઉતાવળ કરાવવાની દષ્ટિએ કહે કે જલ્દી ચાલ, મધ્યાહ્ન થઈ ગયો.

**અપર્યાપ્તિકા વ્યવહાર ભાષાના બાર પ્રકાર :–**

**(૧) આમંત્રણી**– હે દેવદત્ત !, આ પ્રકારની સંબોધન રૂપ ભાષા.

**(૨) આજ્ઞાપની**– આ કાર્ય કરો, ઊભા થાઓ, આ પ્રકારની આજ્ઞાકારી ભાષા.

**(૩) યાચની**– મને આ વસ્તુ આપો, અમે અહીં રહીએ, આ પ્રકારની યાચનાકારી ભાષા.

**(૪) પૃચ્છની**– આ શબ્દનો અર્થ શું છે ? આ રીતે પૂછવા રૂપ ભાષા.

**(૫) પ્રજ્ઞાપની**– અહિંસાના પાલનથી નીરોગી કાયા મળે છે, આ પ્રકારની ઉપદેશાત્મક ભાષા.

**(૬) પ્રત્યાખ્યાની**– પચ્ચક્ખાણ કરવા–કરાવવા રૂપ ભાષા અથવા માંગનારને ના પાડવા રૂપ ભાષા.

**(૭) ઇચ્છાનુલોમા**– કાર્યારંભ માટે કોઈ પૂછે ત્યારે કહે– જેવી તમારી ઇચ્છા, આ પ્રકારની બીજાને સુખપ્રદ, અનુકૂળ, સન્માન સૂચક ભાષા.

**(૮) અનભિગૃહિતા**– ઘણા કાર્ય સમયે કોઈ પૂછે કે કયું કાર્ય કરું ? ત્યારે કહે કે જે ઠીક લાગે તે કરો, આ પ્રકારની અનિર્ણયાત્મક ભાષા.

**(૯) અભિગૃહિતા**– ઘણા કાર્ય સમયે કોઈ પૂછે કે કયું કાર્ય કરું ? ત્યારે કહે કે આ કાર્ય કરો, આ કાર્ય ન કરો, આ પ્રકારની નિર્ણયાત્મક, નિશ્ચયાત્મક ભાષા.

**(૧૦) સંશયકારિણી**– સૈંધવ શબ્દના ઘોડો, મીઠું, વસ્ત્ર, પુરુષ વગેરે અનેક અર્થ થાય છે. તેના પ્રયોગપૂર્વક

શેઠ નોકરને કહે કે સૈંધવ આપો, ત્યારે નોકરને સંશય થાય કે આ ચાર વસ્તુમાંથી કઈ વસ્તુ આપું ? આ પ્રકારની સંશયકારી ભાષા.

**(૧૧) વ્યાકૃતા–** આ ઘડો છે, આ પ્રકારની સ્પષ્ટ અર્થવાળી ભાષા.

**(૧૨) અવ્યાકૃતા–**અતિ ગંભીર અને ગૂઢ અર્થવાળી ભાષા.

આ બાર પ્રકારની વ્યવહાર ભાષામાં સત્ય, અસત્ય કે મિશ્ર, તે ત્રણે ભાષાના લક્ષણો ઘટિત થતાં નથી; તે ભાષા કેવળ વ્યવહાર પ્રવર્તક છે, તેથી વ્યવહાર ભાષા કહેવાય છે.

**ભાષાના પ્રકાર**

પર્યાપ્તિકા ભાષા — અપર્યાપ્તિકા ભાષા

| પર્યાપ્તિકા ભાષા | | અપર્યાપ્તિકા ભાષા | |
|---|---|---|---|
| સત્યભાષા (૧૦) | અસત્યભાષા (૧૦) | મિશ્ર ભાષા (૧૦) | વ્યવહાર ભાષા (૧૨) |
| (૧) જનપદ સત્ય | (૧) ક્રોધ નિઃસૃત અસત્ય | (૧) ઉત્પન્ન મિશ્રિત | (૧) આમંત્રણી |
| (૨) સંમત સત્ય | (૨) માન નિઃસૃત અસત્ય | (૨) વિગત મિશ્રિત | (૨) આજ્ઞાપની |
| (૩) સ્થાપના સત્ય | (૩) માયા નિઃસૃત અસત્ય | (૩) ઉત્પન્ન વિગત મિશ્રિત | (૩) યાચની |
| (૪) નામ સત્ય | (૪) લોભ નિઃસૃત અસત્ય | (૪) જીવ મિશ્રિત | (૪) પૃચ્છની |
| (૫) રૂપ સત્ય | (૫) રાગ નિઃસૃત અસત્ય | (૫) અજીવ મિશ્રિત | (૫) પ્રજ્ઞાપની |
| (૬) પ્રતીત્ય સત્ય | (૬) દ્વેષ નિઃસૃત અસત્ય | (૬) જીવાજીવ મિશ્રિત | (૬) પ્રત્યાખ્યાની |
| (૭) વ્યવહાર સત્ય | (૭) હાસ્ય નિઃસૃત અસત્ય | (૭) અનંત મિશ્રિત | (૭) ઇચ્છાનુલોમા |
| (૮) ભાવ સત્ય | (૮) ભય નિઃસૃત અસત્ય | (૮) પરિત્ત મિશ્રિત | (૮) અનભિગૃહિતા |
| (૯) યોગ સત્ય | (૯) આખ્યાયિકા નિઃસૃત અસત્ય | (૯) અદ્ધા મિશ્રિત | (૯) અભિગૃહિતા |
| (૧૦) ઉપમા સત્ય | (૧૦) ઉપઘાત નિઃસૃત અસત્ય | (૧૦) અદ્ધાદ્ધા મિશ્રિત | (૧૦) સંશયકરણી |
| | | | (૧૧) વ્યાકૃતા |
| | | | (૧૨) અવ્યાકૃતા |

**ભાષક-અભાષક જીવો :–**

**૩૭ जीवा णं भंते ! किं भासगा अभासगा ? गोयमा ! जीवा भासगा वि अभासगा वि। से केणट्ठेणं भंते ! एवं वुच्चइ- जीवा भासगा वि अभासगा वि ?**

**गोयमा ! जीवा दुविहा पण्णत्ता, तं जहा- संसारसमावण्णगा य असंसारसमावण्णगा य । तत्थ णं जे ते असंसारसमावण्णगा ते णं सिद्धा । सिद्धा णं अभासगा । तत्थ णं जे ते संसारसमावण्णगा ते णं दुविहा पण्णत्ता, तं जहा- सेलेसिपडिवण्णगा य असेलेसि-पडिवण्णगा य । तत्थ णं जे ते सेलेसिपडिवण्णगा ते णं अभासगा । तत्थ णं जे ते असेलेसि-**

**पडिवण्णगा ते दुविहा पण्णत्ता, तं जहा- एगिंदिया य अणेगिंदिया य ।तत्थ णं जे ते एगिंदिया ते णं अभासगा । तत्थ णं जे ते अणेगिंदिया ते दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तगा य अपज्जत्तगा । तत्थ णं जे ते अपज्जत्तगा ते णं अभासगा । तत्थ णं जे ते पज्जत्तगा ते णं भासगा । से एएणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- जीवा भासगा वि अभासगा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવો ભાષક છે કે અભાષક ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવો ભાષક પણ છે અને અભાષક પણ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જીવો ભાષક પણ છે, અભાષક પણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવોના બે પ્રકાર છે– સંસાર સમાપન્નક અને અસંસાર સમાપન્નક. તેમાંથી જે અસંસાર સમાપન્નક જીવો છે, તે સિદ્ધ છે અને તે અભાષક છે. જે સંસાર સમાપન્નક(સંસારી) જીવો છે, તેના બે પ્રકાર છે– શૈલેશી પ્રતિપન્નક અને અશૈલેશી પ્રતિપન્નક. તેમાંથી જે શૈલેશી પ્રતિપન્નક છે, તે અભાષક છે અને જે અશૈલેશી પ્રતિપન્નક છે, તેના બે પ્રકાર છે– એકેન્દ્રિય અને અનેકેન્દ્રિય. તેમાંથી જે એકેન્દ્રિય છે તે અભાષક છે અને જે અનેકેન્દ્રિય(ત્રસ) છે, તેના બે પ્રકાર છે, યથા– પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેમાં જે અપર્યાપ્ત છે તે અભાષક છે અને જે પર્યાપ્ત છે તે ભાષક છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહેવાય છે કે જીવો ભાષક પણ છે અને અભાષક પણ છે.

**३८ णेरइया णं भंते ! किं भासगा अभासगा ? गोयमा ! णेरइया भासगा वि अभासगा वि । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ- णेरइया भासगा वि अभासगा वि ?**

**गोयमा ! णेरइया दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तगा य अपज्जत्तगा य, तत्थ णं जे ते अपज्जत्तगा ते णं अभासगा, तत्थ णं जे ते पज्जत्तगा ते णं भासगा, से एएणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- णेरइया भासगा वि अभासगा वि । एवं एगिंदियवज्जाणं णिरंतरं भाणियव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો ભાષક છે કે અભાષક ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો ભાષક પણ છે અને અભાષક પણ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નૈરયિકો ભાષક પણ છે અને અભાષક પણ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોના બે પ્રકાર છે. તે આ પ્રમાણે છે– પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાંથી જે અપર્યાપ્તા છે તે અભાષક છે અને જે પર્યાપ્તા છે તે ભાષક છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કથન કર્યું છે કે નૈરયિકો ભાષક પણ છે અને અભાષક પણ છે. આ જ રીતે એકેન્દ્રિયોને છોડીને નિરંતર(બેઇન્દ્રિયથી લઈ વૈમાનિક દેવો પર્યંતના દંડકમાં) કહેવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જીવોમાં ભાષક-અભાષકનું નિરૂપણ છે.

સયોગી, પર્યાપ્તા ત્રસ જીવો જ ભાષા બોલી શકે છે. સિદ્ધ જીવો અશરીરી છે અને શૈલેશી પ્રતિપન્નક જીવોએ યોગનો નિરોધ કર્યો છે. તેથી તે જીવો ભાષાક નથી. જે જીવોને એક સ્પર્શેન્દ્રિય જ હોય છે તે ભાષા બોલી શકતા નથી, તેથી પાંચ સ્થાવર જીવો અભાષક છે અને શેષ ૧૯ દંડકના જીવોમાં અપર્યાપ્ત જીવો અભાષક છે અને પર્યાપ્ત જીવો ભાષક છે.

**ભાષક–અભાષક જીવો**




**જીવોમાં ચાર પ્રકારની ભાષા :–**

**૩૯ कइ णं भंते ! भासज्जाता पण्णत्ता ? गोयमा ! चत्तारि भासज्जाता पण्णत्ता । तं जहा- सच्चमेगं भासज्जायं, बिइयं मोसं, तइयं सच्चामोसं, चउत्थं असच्चामोसं ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાષાજાત–ભાષાના પ્રકાર કેટલા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભાષાના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સત્ય ભાષા જાત, (૨) મૃષા ભાષા જાત, (૩) મિશ્ર ભાષા જાત અને (૪) વ્યવહાર ભાષા જાત.

**૪૦ जीवा णं भंते । किं सच्चं भासं भासंति ? मोसं भासं भासंति ? सच्चामोसं भासं भासंति ? असच्चामोसं भासं भासंति । गोयमा ! जीवा सच्चं पि भासं भासंति, मोसं पि भासं भासंति, सच्चामोसं पि भासं भासंति, असच्चामोसं पि भासं भासंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ શું સત્ય ભાષા બોલે છે, અસત્ય ભાષા બોલે છે, મિશ્ર ભાષા બોલે છે કે વ્યવહાર ભાષા બોલે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવ સત્ય ભાષા પણ બોલે છે, અસત્ય ભાષા પણ બોલે છે, મિશ્ર ભાષા પણ બોલે છે અને વ્યવહાર ભાષા પણ બોલે છે.

**૪૧ णेरइया णं भंते ! किं सच्चं भासं भासंति** ***जाव*** **किं असच्चामोसं भासं भासंति**

**? गोयमा ! णेरइया णं सच्चं पि भासं भासंति** *जाव* **असच्चामोसं पि भासं भासंति । ए वं असुरकुमारा** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિકો સત્ય ભાષા બોલે છે, અસત્ય ભાષા બોલે છે, મિશ્ર બોલે છે કે વ્યવહાર ભાષા બોલે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો સત્ય ભાષા પણ બોલે છે, અસત્ય ભાષા પણ બોલે છે, મિશ્ર ભાષા પણ બોલે છે અને વ્યવહાર ભાષા પણ બોલે છે. આ જ રીતે અસુરકુમારોથી સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.

**૪૨ बेइंदिय-तेइंदिय-चउरिंदिया य णो सच्चं, णो मोसं, णो सच्चामोसं भासं भासंति, असच्चामोसं भासं भासंति ।**

**ભાવાર્થ :–** બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવો સત્ય, અસત્ય કે મિશ્ર ભાષા બોલતા નથી, તેઓ વ્યવહાર ભાષા બોલે છે.

**૪૩ पंचेंदियतिरिक्खजोणिया णं भंते ! किं सच्चं भासं भासंति** *जाव* **असच्चामोसं भासं भासंति ? गोयमा ! पंचेंदियतिरिक्खजोणिया णो सच्चं भासं भासंति, णो मोसं भासं भासंति, णो सच्चामोसं भासं भासंति, एगं असच्चामोसं भासं भासंति, णण्णत्थ सिक्खापुव्वगं उत्तरगुणलद्धिं वा पडुच्च सच्चं पि भासं भासंति, मोसं पि भासं भासंति, सच्चामोसं पि भासं भासंति, असच्चामोसं पि भासं भासंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેંદ્રિય તિર્યંચ જીવો શું સત્યભાષા બોલે છે ? કે ***યાવત્*** વ્યવહાર ભાષા બોલે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પંચેંદ્રિય તિર્યંચ જીવો સત્યભાષા, અસત્ય ભાષા અને મિશ્ર ભાષા બોલતા નથી, તેઓ માત્ર વ્યવહાર ભાષા બોલે છે, પરંતુ શિક્ષાપૂર્વક અથવા ઉત્તરગુણલબ્ધિની અપેક્ષાએ (પંચેંદ્રિય તિર્યંચો) સત્યભાષા પણ બોલે છે, અસત્ય ભાષા પણ બોલે છે, મિશ્ર ભાષા પણ બોલે છે અને વ્યવહાર ભાષા પણ બોલે છે.

**૪૪ मणुस्सा** *जाव* **वेमाणिया एए जहा जीवा तहा भाणियव्वा ।**

**ભાવાર્થ :–** મનુષ્યોથી લઈને વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો સુધીની ભાષાના વિષયમાં ઔઘિક જીવોની સમાન જાણવું જોઈએ અર્થાત્ દેવો ચારે પ્રકારની ભાષા બોલે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જીવોમાં ચાર પ્રકારની ભાષાનું નિરૂપણ છે.

જે જીવોને ઇન્દ્રિય અને મનની પરિપક્વતા હોય, સમ્યગ્ જ્ઞાન હોય અર્થાત્ દીર્ઘકાલિકી સંજ્ઞા હોય તે જીવો જ શુભાશુભ આશયથી પૂર્વાપરના સંબંધપૂર્વક સત્ય, અસત્ય કે મિશ્ર ભાષાનો પ્રયોગ કરી શકે છે. તેમજ વ્યવહાર ભાષાનો પણ ઉપયોગ કરી શકે છે.

જે જીવોને ઇન્દ્રિય અને મનની પરિપક્વતા ન હોય, સમ્યગ્જ્ઞાન ન હોય, દીર્ઘકાલિકી સંજ્ઞા ન હોય તે જીવો પૂર્વાપરનો સંબંધ કરી શકતા ન હોવાથી સત્ય, અસત્ય કે મિશ્ર ભાષાનો પ્રયોગ કરી શકતા નથી. તે જીવોને જીહ્વેન્દ્રિય હોવાથી એક માત્ર વ્યવહાર ભાષાનું ઉચ્ચારણ કરે છે.

**ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો એક માત્ર વ્યવહાર ભાષા જ બોલે છે.** સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવો સામાન્ય રીતે વ્યવહાર ભાષા જ બોલે છે. જો તે જીવોને શિક્ષિત કરવામાં આવે અથવા જાતિસ્મરણજ્ઞાન આદિ કોઈ લબ્ધિ પ્રગટ થાય, તો ક્ષયોપશમની વિશેષતાથી તે જીવો સત્ય આદિ ચારે પ્રકારની ભાષા બોલી શકે છે. મનુષ્યો તથા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો ચારે પ્રકારની ભાષા બોલે છે.

**સંસારી જીવોમાં ૪ પ્રકારની ભાષા :–**

| જીવ | સત્યભાષા | મૃષા ભાષા | મિશ્ર ભાષા | વ્યવહાર ભાષા |
|---|---|---|---|---|
| એકેન્દ્રિય | × | × | × | × |
| વિકલેન્દ્રિય અસંજ્ઞી પંચેન્દ્રિય | × | × | × | ✓ |
| સામાન્ય સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | × | × | × | ✓ |
| વિશેષ જ્ઞાની કે શિક્ષિત સંજ્ઞી તિર્યંચ પંચે૦ | ✓ | ✓ | ✓ | ✓ |
| સંજ્ઞી મનુષ્ય અને નારકી, દેવતા | ✓ | ✓ | ✓ | ✓ |

**ગ્રહણયોગ્ય ભાષા દ્રવ્યોની યોગ્યતા :-**

**૪૫ जीवे णं भंते ! जाइं दव्वाइं भासत्ताए गेण्हति ताइं किं ठियाइं गेण्हइ, अठियाइं गेण्हइ ? गोयमा ! ठियाइं गेण्हइ, णो अठियाइं गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ જે દ્રવ્યોને ભાષારૂપે ગ્રહણ કરે છે, તે સ્થિત(ગમનક્રિયા રહિત, અચલાયમાન) દ્રવ્યોને ગ્રહણ કરે છે કે અસ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવ સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે, અસ્થિત દ્રવ્યોને ગ્રહણ કરતા નથી.

**૪૬ जाइं भंते ! ठियाइं गेण्हइ ताइं किं दव्वओ गेण्हइ, खेत्तओ गेण्हइ, कालओ गेण्हइ, भावओ गेण्हइ ? गोयमा ! दव्वओ वि गेण्हइ, खेत्तओ वि गेण्हइ, कालओ वि गेण्हइ, भावओ वि गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ જે સ્થિત ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે સ્થિત ભાષા દ્રવ્યોને દ્રવ્યથી ગ્રહણ કરે છે, ક્ષેત્રથી ગ્રહણ કરે છે, કાલથી ગ્રહણ કરે છે કે ભાવથી ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સ્થિત ભાષા દ્રવ્યોને દ્રવ્યથી ગ્રહણ કરે છે, ક્ષેત્રથી પણ ગ્રહણ કરે છે, કાલથી પણ ગ્રહણ કરે છે અને ભાવથી પણ ગ્રહણ કરે છે.

**૪૭ जाइं भंते ! दव्वओ गेण्हइ ताइं किं एगपएसियाइं गेण्हइ, दुपएसियाइं गेण्हइ** *जाव* **अणंतपएसियाइं गेण्हइ ? गोयमा ! णो एगपएसियाइं गेण्हइ** *जाव* **णो असंखेज्जपएसियाइं गेण्हइ, अणंतपएसियाइं गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ જે સ્થિત ભાષા દ્રવ્યોને દ્રવ્યથી ગ્રહણ કરે છે, તે શું એક પ્રદેશી દ્રવ્યોને ગ્રહણ કરે છે, દ્વિ પ્રદેશી દ્રવ્યોને ગ્રહણ કરે છે ***યાવત્*** અનંત પ્રદેશી દ્રવ્યોને ગ્રહણ કરે છે ? **ઉત્તર–**

હે ગૌતમ ! જીવ એક પ્રદેશી દ્રવ્યોને **યાવત્** અસંખ્યાત પ્રદેશી દ્રવ્યોને ગ્રહણ કરતા નથી પરંતુ અનંતપ્રદેશી દ્રવ્યોને ગ્રહણ કરે છે.

**૪૮ जाइं भंते ! खेत्तओ ताइं किं एगपएसोगाढाइं गेण्हइ दुपएसोगाढाइं गेण्हइ** *जाव* **असंखेज्जपएसोगाढाइं गेण्हइ ? गोयमा ! णो एगपएसोगाढाइं गेण्हइ** *जाव* **णो संखेज्ज-पएसोगाढाइं गेण्हइ असंखेज्जपएसोगाढाइं गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ જે સ્થિત દ્રવ્યોને ક્ષેત્રથી ગ્રહણ કરે છે, તે શું એક પ્રદેશાવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે, દ્વિ પ્રદેશાવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે **યાવત્** અસંખ્યાત પ્રદેશાવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવ એક પ્રદેશાવગાઢ દ્રવ્યોને **યાવત્** સંખ્યાત પ્રદેશાવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરતા નથી પરંતુ અસંખ્યાત પ્રદેશાવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે.

**૪૯ जाइं भंते ! कालओ गेण्हइ, ताइं किं एगसमयट्ठिईयाइं गेण्हइ, दुसमयठिईयाइं गेण्हइ** *जाव* **असंखेज्जसमयठिईयाइं गेण्हइ ? गोयमा ! एगसमयठिईयाइं पि गेण्हइ, दुसमयठिईयाइं पि गेण्हइ,** *जाव* **असंखेज्जसमयठिईयाइं पि गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ જે સ્થિત ભાષા દ્રવ્યોને કાળથી ગ્રહણ કરે છે, તે શું એક સમયની સ્થિતિવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે, બે સમયની સ્થિતિવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે **યાવત્** અસંખ્યાત સમયની સ્થિતિવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે એક સમયની સ્થિતિવાળા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે, બે સમયની સ્થિતિવાળા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે **યાવત્** અસંખ્યાત સમયની સ્થિતિવાળા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે.

**૫૦ जाइं भंते ! भावओ गेण्हइ ताइं किं वण्णमंताइं गेण्हइ, गंधमंताइं गेण्हइ, रसमंताइं गेण्हइ, फासमंताइं गेण्हइ ? गोयमा ! वण्णमंताइं पि गेण्हइ** *जाव* **फासमंताइं पि गेण्हइ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ જે સ્થિત દ્રવ્યોને ભાવથી ગ્રહણ કરે છે, તે શું વર્ણવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે, ગંધવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે, રસવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે કે સ્પર્શવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે વર્ણવાળા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે, ગંધવાળા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે **યાવત્** સ્પર્શવાળા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે.

**૫૧ जाइं भंते ! भावओ वण्णमंताइं गेण्हइ, ताइं किं एगवण्णाइं गेण्हइ** *जाव* **पंचवण्णाइं गेण्हइ ? गोयमा ! गहणदव्वाइं पडुच्च एगवण्णाइं पि गेण्हइ** *जाव* **पंचवण्णाइं पि गेण्हइ, सव्वग्गहणं पडुच्च णियमा पंचवण्णाइं गेण्हइ, तं जहा- कालाइं णीलाइं लोहियाइं हालिद्दाइं सुक्किलाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ ભાવથી જે વર્ણવાળા દ્રવ્યોને ગ્રહણ કરે તે શું એક વર્ણવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે **યાવત્** પાંચ વર્ણવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ગ્રહણ દ્રવ્યોની અપેક્ષાએ તે એક વર્ણવાળા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે **યાવત્** પાંચ વર્ણવાળા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે અને સર્વ ગ્રહણની અપેક્ષાએ તે નિયમા પાંચ વર્ણવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે. જેમ કે– કાળા, નીલા, લાલ, પીળા અને સફેદ.

**૫૨ जाइं भंते ! वण्णओ कालाइं गेण्हइ, ताइं किं एगगुणकालाइं गेण्हइ** *जाव* **अणंतगुणकालाइं गेण्हइ ? गोयमा ! एगगुणकालाइं पि गेण्हइ** *जाव* **अणंतगुणकालाइं पि गेण्हइ। एवं** *जाव* **सुक्किलाइं पि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ વર્ણથી કાળા વર્ણવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે શું એક ગુણ કાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે **યાવત્** અનંત ગુણ કાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ! તે એક ગુણ કાળા ભાષા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે **યાવત્** અનંત ગુણ કાળા ભાષા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે. આ જ રીતે શુક્લવર્ણ સુધી જાણવું જોઈએ.

**૫૩ जाइं भंते ! भावओ गंधमंताइं गेण्हइ, ताइं किं एगगंधाइं गेण्हइ दुगंधाइं गेण्हइ ? गोयमा ! गहणदव्वाइं पडुच्च एगगंधाइं पि गेण्हइ दुगंधाइं पि गेण्हइ, सव्वग्गहणं पडुच्च णियमा दुगंधाइं गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ ભાવથી જે ગંધવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે શું એક ગંધવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે કે બે ગંધવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ગ્રહણ દ્રવ્યોની અપેક્ષાએ તે એક ગંધવાળા ભાષા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે તથા બે ગંધવાળા ભાષા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે અને સર્વ ગ્રહણની અપેક્ષાએ નિયમા બે ગંધવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે.

**૫૪ जाइं गंधओ सुब्भिगंधाइं गेण्हइ, ताइं किं एगगुणसुब्भिगंधाइं गेण्हइ** *जाव* **अणंतगुणसुब्भिगंधाइं गेण्हइ ? गोयमा ! एगगुणसुब्भिगंधाइं पि गेण्हइ** *जाव* **अणंतगुणसुब्भिगंधाइं पि गेण्हइ । एवं दुब्भिगंधाइं पि गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ ગંધથી સુગંધવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે શું એક ગુણ સુગંધવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે **યાવત્** અનંત ગુણ સુગંધવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે એક ગુણ સુગંધવાળા ભાષા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે **યાવત્** અનંતગુણ સુગંધવાળા ભાષા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે. આ જ રીતે તે એક ગુણ દુર્ગંધવાળા ભાષા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે **યાવત્** અનંત ગુણ દુર્ગંધવાળા ભાષા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે.

**૫૫ जाइं भंते ! भावओ रसमंताइं गेण्हइ, ताइं किं एगरसाइं गेण्हइ** *जाव* **किं पंचरसाइं गेण्हइ ? गोयमा ! गहणदव्वाइं पडुच्च एगरसाइं पि गेण्हइ** *जाव* **पंचरसाइं पि गेण्हइ, सव्वगहणं पडुच्च णियमा पंचरसाइं गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ ભાવથી રસવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે શું એક રસવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે ***યાવત્*** પાંચ રસવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ! ગ્રહણ દ્રવ્યોની અપેક્ષાએ તે એક રસવાળા ભાષા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે **યાવત્** પાંચ રસવાળા ભાષા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે અને સર્વ ગ્રહણની અપેક્ષાએ નિયમા પાંચ રસવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે.

**૫૬ जाइं भंते ! रसओ तित्तरसाइं गेण्हइ, ताइं किं एगगुणतित्तरसाइं गेण्हइ** *जाव* **अणंतगुणतित्तरसाइं गेण्हइ ? गोयमा ! एगगुणतित्तरसाइं पि गेण्हइ** *जाव* **अणंतगुणतित्तरसाइं पि गेण्हइ । एवं** *जाव* **महुरो रसो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રસથી તીખા રસવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે શું એકગુણ તીખા રસવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે ***યાવત્*** અનંત ગુણ તીખા રસવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે?

**ઉત્તર–** હે ગૌતમ ! તે એક ગુણ તીખા રસવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે ***યાવત્*** અનંત ગુણ તીખા રસવાળા ભાષા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે . આ જ રીતે ***યાવત્*** મધુર રસ સુધી જાણવું જોઈએ.

**૫૭ जाइं भंते ! भावतो फासमंताइं गेण्हइ, ताइं किं एगफासाइं गेण्हइ** *जाव* **अट्ठफासाइं गेण्हइ ?**

**गोयमा ! गहणदव्वाइं पडुच्च णो एगफासाइं गेण्हइ, दुफासाइं गेण्हइ** *जाव* **चउफासाइं पि गेण्हइ, णो पंचफासाइं गेण्हइ** *जाव* **णो अट्ठफासाइं पि गेण्हइ । सव्वग्गहणं पडुच्च णियमा चउफासाइं गेण्हइ, तं जहा– सीयफासाइं गेण्हइ, उसिणफासाइं गेण्हइ, णिद्धफासाइं गेण्हइ, लुक्खफासाइं गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ ભાવથી સ્પર્શવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે શું એક સ્પર્શ-વાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે **યાવત્** આઠ સ્પર્શવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ગ્રહણ દ્રવ્યોની અપેક્ષાએ એક સ્પર્શવાળા દ્રવ્યોને ગ્રહણ કરતા નથી, બે સ્પર્શવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે ***યાવત્*** ચાર સ્પર્શવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે, પાંચ સ્પર્શવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરતા નથી ***યાવત્*** આઠ સ્પર્શવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરતા નથી. સર્વ ગ્રહણની અપેક્ષાએ નિયમથી ચાર સ્પર્શવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે. તે ચાર સ્પર્શવાળા દ્રવ્ય આ પ્રમાણે છે– શીત સ્પર્શવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે, ઉષ્ણ સ્પર્શવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે, સ્નિગ્ધ સ્પર્શવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે અને રૂક્ષ સ્પર્શવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે.

**૫૮ जाइं भंते ! फासओ सीयाइं गेण्हइ ताइं किं एगगुणसीयाइं गेण्हइ** *जाव* **अणंतगुणसीयाइं गेण्हइ ? गोयमा ! एगगुणसीयाइं पि गेण्हइ** *जाव* **अणंतगुणसीयाइं पि गेण्हइ । एवं उसिण-णिद्ध-लुक्खाइं** *जाव* **अणंतगुणलुक्खाइं पि गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ !જીવ સ્પર્શથી શીત સ્પર્શવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે શું એક ગુણ શીતસ્પર્શવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે **યાવત્** અનંત ગુણ શીત સ્પર્શવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે? **ઉત્તર–** હે ગૌતમ ! તે એકગુણ શીત સ્પર્શવાળા ભાષા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે **યાવત્** અનંત ગુણ શીત સ્પર્શવાળા ભાષા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે. આ જ રીતે ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શવાળા ભાષા દ્રવ્યોના ગ્રહણના વિષયમાં જાણવું ***યાવત્*** અનંત ગુણ રૂક્ષ સ્પર્શવાળા દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે.

**૫૯ जाइं भंते !** *जाव* **अणंतगुणलुक्खाइं गेण्हइ; ताइं किं पुट्ठाइं गेण्हइ, अपुट्ठाइं गेण्हइ? गोयमा ! पुट्ठाइं गेण्हइ, णो अपुट्ठाइं गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ એક ગુણ કૃષ્ણવર્ણથી લઈને રૂક્ષ સ્પર્શ સુધીના ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે શું સ્પૃષ્ટ દ્રવ્યોને ગ્રહણ કરે છે કે અસ્પૃષ્ટ દ્રવ્યોને ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સ્પૃષ્ટ ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે, અસ્પૃષ્ટ દ્રવ્યોને ગ્રહણ કરતા નથી.

**६० जाइं भंते ! पुट्ठाइं गेण्हइ, ताइं किं ओगाढाइं गेण्हइ अणोगाढाइं गेण्हइ ? गोयमा ! ओगाढाइं गेण्हइ, णो अणोगाढाइं गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ સ્પૃષ્ટ ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે શું અવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે કે અનવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે અવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે, અનવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરતા નથી.

**६१ जाइं भंते ! ओगाढाइं गेण्हइ, ताइं किं अणंतरोगाढाइं गेण्हइ, परंपरोगाढाइं गेण्हइ? गोयमा ! अणंतरोगाढाइं गेण्हइ, णो परंपरोगाढाइं गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ અવગાઢ ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે શું અનંતરાવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે કે પરંપરાવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે અનંતરાવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે, પરંપરાવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરતા નથી.

**६२ जाइं भंते ! अणंतरोगाढाइं गेण्हइ ताइं किं अणूइं गेण्हइ ? बादराइं गेण्हइ ? गोयमा ! अणूइं पि गेण्हइ, बादराइं पि गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ અનંતરાવગાઢ દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે શું અણુરૂપ દ્રવ્યોને ગ્રહણ કરે છે કે બાદરરૂપ દ્રવ્યોને ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે અણુરૂપ દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે અને બાદરરૂપ દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે.

**६३ जाइं भंते ! अणूइं पि गेण्हइ, ताइं किं उड्ढं गेण्हइ ? अहे गेण्हइ ? तिरियं गेण्हइ? गोयमा ! उड्ढं पि गेण्हइ, अहे वि गेण्हइ, तिरियं पि गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ અણુરૂપ દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે શું ઊર્ધ્વ દિશામાં સ્થિત, અધો દિશામાં સ્થિત કે તિરછી દિશામાં સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવ અણુરૂપ દ્રવ્યોને ગ્રહણ કરે છે તે ઊર્ધ્વ દિશામાં, અધો દિશા અને તિરછી દિશા, આ ત્રણે ય દિશામાં સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે.

**६४ जाइं भंते ! उड्ढं पि गेण्हइ, अहे वि गेण्हइ, तिरियं वि गेण्हइ, ताइं किं आइं गेण्हइ? मज्झे गेण्हइ ? पज्जवसाणे गेण्हइ ? गोयमा ! आइं पि गेण्हइ, मज्झे वि गेण्हइ, पज्जवसाणे वि गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઊર્ધ્વ, અધો અને તિર્યગ્દિશામાં સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે તે શું તેને (ભાષા ઉચ્ચારણના) પ્રારંભમાં ગ્રહણ કરે છે, મધ્યમાં ગ્રહણ કરે છે કે અંતમાં ગ્રહણ કરે છે ? **ઉત્તર–** ગૌતમ ! તેને આદિમાં પણ ગ્રહણ કરે છે, મધ્યમાં પણ ગ્રહણ કરે છે અને અંતમાં પણ ગ્રહણ કરે છે.

**६५ जाइं भंते ! आइं पि गेण्हइ मज्झे वि गेण्हइ पज्जवसाणे वि गेण्हइ ताइं किं सविसए गेण्हइ ? अविसए गेण्हइ ? गोयमा ! सविसए गेण्हइ, णो अविसए गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ આદિમાં, મધ્યમાં અને અંતમાં ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે શું સ્વવિષયક (સ્પૃષ્ટ, અવગાઢ અને અનંતરાવગાઢ) દ્રવ્યોને ગ્રહણ કરે છે કે અવિષયક દ્રવ્યોને ગ્રહણ કરે છે? **ઉત્તર–** હે ગૌતમ ! તે સ્વવિષયક દ્રવ્યોને ગ્રહણ કરે છે, અવિષયક દ્રવ્યોને ગ્રહણ કરતા નથી.

**૬૬** **जाइं भंते ! सविसए गेण्हइ, ताइं किं आणुपुव्विं गेण्हइ ? अणाणुपुव्विं गेण्हइ ? गोयमा ! आणुपुव्विं गेण्हइ, णो अणाणुपुव्विं गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ સ્વવિષયક દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે શું તેને અનુક્રમે ગ્રહણ કરે છે અથવા વ્યુત્ક્રમે ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવ તે સ્વગોચર દ્રવ્યોને અનુક્રમે ગ્રહણ કરે છે, વ્યુત્ક્રમે ગ્રહણ કરતા નથી.

**૬૭** **जाइं भंते ! आणुपुव्विं गेण्हइ, ताइं किं तिदिसिं गेण्हइ** *जाव* **छद्दिसिं गेण्हइ? गोयमा ! णियमा छद्दिसिं गेण्हइ ।**

**पुट्ठोगाढ अणंतरं, अणू य तह बायरे य उड्ढमहे ।**
**आदि विसयाणुपुव्विं, णियमा तह छद्दिसिं चेव ॥१॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ જે દ્રવ્યોને અનુક્રમે ગ્રહણ કરે છે, શું તેને ત્રણ દિશામાંથી ગ્રહણ કરે છે કે ***યાવત્*** છ દિશાઓથી ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે જીવ તે દ્રવ્યોને નિયમા છ દિશામાંથી ગ્રહણ કરે છે. **ગાથાર્થ–** સંક્ષેપમાં– ભાષા ઉચ્ચારણ કરવા માટે જીવ સ્પૃષ્ટ, અવગાઢ, અનંતરાવગાઢ, અણુ તથા બાદર, ઊર્ધ્વ, અધો, તિર્યગ્લોક આદિ, સ્વવિષયક, આનુપૂર્વીથી તથા નિયમા છ દિશામાંથી ભાષા યોગ્ય દ્રવ્યોને ગ્રહણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જીવ ભાષા બોલવાના સમયે જે ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે, તે ભાષા દ્રવ્યોની યોગ્યતાનું વિસ્તૃત વર્ણન છે.

**ભાષા વર્ગણા–** ભાષા રૂપે પરિણત થઈ શકે તેવા પુદ્ગલ સ્કંધોને ભાષા વર્ગણા કહેવામાં આવે છે. વક્તાને જ્યારે ભાષાનો પ્રયોગ કરવો હોય ત્યારે તે પ્રથમ ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે, ત્યાર પછી તે પુદ્ગલોને ભાષારૂપે પરિણત કરીને ભાષા બોલે છે.

ગ્રાહ્ય ભાષા વર્ગણાના પુદ્ગલોના સ્વરૂપને અહીં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ તથા સ્પૃષ્ટાદિ ૧૪ બોલોના માધ્યમે સ્પષ્ટ કર્યું છે.

**ગ્રાહ્ય ભાષા દ્રવ્યોનું નિરૂપણ :–** જીવ સ્થિત પુદ્ગલોને જ ગ્રહણ કરે છે, જે દ્રવ્ય કંપનયુક્ત કે ગમન ક્રિયાયુક્ત હોય, તે ભાષા દ્રવ્ય જીવને અગ્રાહ્ય છે.

**દ્રવ્યથી–** એક પ્રદેશીથી અસંખ્યાતપ્રદેશી સ્કંધને જીવ ગ્રહણ કરતો નથી, અનંતપ્રદેશી ભાષા વર્ગણાના સ્કંધોને જ ગ્રહણ કરે છે. **ક્ષેત્રથી–** એક પ્રદેશાવગાઢથી સંખ્યાત પ્રદેશાવગાઢ સ્કંધને જીવ ગ્રહણ કરતો નથી. અસંખ્યપ્રદેશાવગાઢ અનંત પ્રદેશી સ્કંધને જીવ ગ્રહણ કરે છે. **કાલથી–** એકથી અસંખ્યાત સમયની સ્થિતિવાળા દ્રવ્યોને ગ્રહણ કરે છે. **ભાવથી–** વર્ણ, ગંધ, રસ અને સ્પર્શયુક્ત દ્રવ્યોને ગ્રહણ કરે છે. અહીં વર્ણાદિનું કથન ગ્રાહ્ય પ્રત્યેક દ્રવ્યની અપેક્ષાએ અને સર્વ દ્રવ્યોની અપેક્ષાએ, તેમ બે પ્રકારે છે.

**गहण दव्वाइं**– ગ્રહણ દ્રવ્ય. એકવારમાં ભાષા દ્રવ્યના જે સ્કંધોનું ગ્રહણ થાય, તે પ્રત્યેક સ્કંધોના વર્ણાદિની વિવક્ષાને **ગ્રહણ દ્રવ્ય** કહેવામાં આવે છે. આ સ્કંધોમાં કેટલાક સ્કંધ એક વર્ણવાળા, કેટલાક સ્કંધ બે વર્ણવાળા, કેટલાક સ્કંધ ત્રણ, કેટલાક સ્કંધ ચાર અને કેટલાક સ્કંધ પાંચ વર્ણવાળા હોય છે. આ રીતે

જીવ ગ્રહણ દ્રવ્યની અપેક્ષાએ એક, બે, ત્રણ, ચાર કે પાંચ વર્ણવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે.

**सव्व गहणं**– સર્વ ગ્રહણ. એકવારમાં ભાષા દ્રવ્યના જે સ્કંધોનું ગ્રહણ થાય, તે સમસ્ત સ્કંધોના વર્ણાદિનું સમુચ્ચય રૂપે કથન કરવાને **સર્વ ગ્રહણ** કહેવામાં આવે છે. સર્વ ગ્રહણની અપેક્ષાએ અર્થાત્ સમસ્ત દ્રવ્યોના સમુદાયની અપેક્ષાએ જીવ પાંચે ય વર્ણવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે.

તે જ રીતે ગ્રહણ દ્રવ્યની અપેક્ષાએ જીવ એક કે બે ગંધવાળા; એક, બે, ત્રણ, ચાર કે પાંચ રસ-વાળા; બે, ત્રણ કે **ચાર સ્પર્શવાળા પુદ્ગલોને ગ્રહણ કરે છે** અને સમસ્ત દ્રવ્યોના સમુદાયની અપેક્ષાએ બે ગંધ, પાંચ રસ અને ચાર સ્પર્શવાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે. ભાષા દ્રવ્ય અનંતપ્રદેશી સૂક્ષ્મ સ્કંધ હોવાથી તેમાં શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ તે ચાર સ્પર્શ જ હોય છે.

પ્રત્યેક વર્ણ, ગંધ, રસ કે સ્પર્શમાં એક ગુણથી અનંતગુણની તરતમતા હોય છે અર્થાત્ જીવ એક ગુણથી અનંતગુણ કાળા વર્ણવાળા પુદ્ગલો ગ્રહણ કરે છે; આ રીતે પ્રત્યેક વર્ણાદિમાં જાણવું.

**સ્પૃષ્ટ**– જીવ આત્મ પ્રદેશોને સ્પર્શેલા ભાષા દ્રવ્યોના પુદ્ગલોને ગ્રહણ કરે છે, અસ્પૃષ્ટને નહીં.

**અવગાઢ**– જીવ પ્રદેશો જેટલા આકાશ પ્રદેશ ઉપર અવગાહિત–સ્થિત હોય, તેટલા આકાશ પ્રદેશ અવગાઢ કહેવાય છે અર્થાત્ શરીર પ્રમાણ ક્ષેત્ર અવગાઢ કહી શકાય. જીવ આત્માવગાઢ ભાષા પુદ્ગલોને ગ્રહણ કરે છે. અનાવગાઢ ક્ષેત્રમાં રહેલા ભાષા દ્રવ્યો ગ્રહણ થતાં નથી.

**અનંતરાવગાઢ**– અંતર–વ્યવધાન રહિત. શરીર પ્રમાણ અવગાઢ ક્ષેત્રમાંથી જે આત્મપ્રદેશ જે આકાશપ્રદેશ ઉપર છે, તે જ આકાશ પ્રદેશ ઉપર સ્થિત ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે. અન્ય હાથ-પગાદિ ક્ષેત્રમાં સ્થિત ભાષા દ્રવ્યો અર્થાત્ પરંપરાવગાઢ ભાષા દ્રવ્યો ગ્રહણ થતાં નથી. અથવા ભાષા ઉચ્ચારણ કરનાર અવયવોના અવગાઢ દ્રવ્યો અનંતરાવગાઢ કહેવાય છે, શેષ શરીરાવગાઢ દ્રવ્યો પરંપરાવગાઢ કહેવાય છે.

**અણુ-બાદર**– જીવ અનંત પ્રદેશી ભાષા સ્કંધોને ગ્રહણ કરે છે. અનંતના અનંત ભેદ છે. તેમાં અલ્પ સંખ્યક અનંત પ્રદેશી સ્કંધ અણુ કહેવાય છે અને વધુ સંખ્યક અનંત પ્રદેશી સ્કંધ બાદર કહેવાય છે. જીવ અણુ અને બાદર બંને પ્રકારના અનંત પ્રદેશી ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે.

**ઊર્ધ્વ, અધો અને તિરછી દિશા**– જેટલા ક્ષેત્રમાં જીવના ગ્રહણ યોગ્ય ભાષા દ્રવ્યો અવસ્થિત છે એટલે કે શરીરસ્થ જીવ પ્રદેશોથી અવગાહિત ક્ષેત્રના ઉપર, નીચે અને તિરછી ત્રણે દિશામાંથી ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે.

**આદિ, મધ્યમ, અંત**– ભાષા બોલવાનો કાળ અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત પ્રમાણ છે. જીવ તેના પ્રારંભના, મધ્યના અને અંતના ત્રણે વિભાગમાં ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે.

**સ્વ વિષય**– જીવ બોલવાના સમયે, સ્પૃષ્ટ, અવગાઢ અને અનંતરાવગાઢ ભાષા વર્ગણા સ્વ વિષય કહેવાય છે. સ્પૃષ્ટ, અવગાઢ અને અનંતરાવગાઢ આકાશ પ્રદેશ ઉપર સર્વપ્રકારની વર્ગણાઓ હોય છે, બોલવાના સમયે જીવ ભાષા વર્ગણાને (ભાષા દ્રવ્યોને) જ ગ્રહણ કરે છે.

**આનુપૂર્વી**– અનંતરાવગાઢ ક્ષેત્રમાં અનંત ભાષા દ્રવ્યો હોય છે, તેને જીવ અનુક્રમથી ગ્રહણ કરે છે. આ ક્રમપૂર્વકના ગ્રહણને આનુપૂર્વી ગ્રહણ કહે છે.

**છ દિશા**– જીવ છ દિશામાંથી અવગાઢ ક્ષેત્રમાં આવેલા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે. ત્રસ જીવો જ ભાષા બોલી શકે છે. ત્રસ જીવો ત્રસ નાડીમાં જ હોય છે, તેથી **તેઓ છ દિશાના ભાષા દ્રવ્યોને**

**ગ્રહણ કરે છે.** લોકાંતે રહેલા જીવોને અલોક આવી જવાથી છ દિશા પ્રાપ્ત થતી નથી. ત્રસ નાડીની મધ્યમાં રહેલા જીવોને અવશ્ય છ દિશા પ્રાપ્ત થાય છે.

**દ્રવ્યાદિની અપેક્ષાએ ગ્રાહ્ય ભાષા પુદ્ગલો :–**

| | | દ્રવ્યથી | | ક્ષેત્રથી | | કાળથી | ભાવથી |
|---|---|---|---|---|---|---|---|
| સ્થિત | ગતિશીલ | સંખ્યાત-અસંખ્યાત પ્રદેશી | અનંત પ્રદેશી | સંખ્યાત પ્રદેશાવગાઢ | અસંખ્યાત પ્રદેશાવગાઢ | એકથી અસંખ્યાત સમય સ્થિતિક | વર્ણાદિ ૧૬ બોલ યુક્ત (૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૪ સ્પર્શ) |
| ✓ | × | × | ✓ | × | ✓ | ✓ | ✓ |

**સ્પૃષ્ટાદિ ૧૪ બોલથી યુક્ત ગ્રાહ્ય ભાષા પુદ્ગલો :–**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સ્પૃષ્ટ ✓ | | અસ્પૃષ્ટ × | ૯.૧૦.૧૧ | આદિ ✓ | મધ્ય ✓ | અંત ✓ |
| ૨ | અવગાઢ ✓ | | અનવગાઢ × | ૧૨ | સ્વ વિષય ✓ | | પર વિષય × |
| ૩ | અનંતરાવગાઢ ✓ | | પરંપરાવગાઢ × | ૧૩ | અનુક્રમ ✓ | | અનનુક્રમ × |
| ૪. | અણુ ✓ | | બાદર ✓ | ૧૪ | એકથી પાંચ દિશા × | | છ દિશા ✓ |
| ૬-૭-૮ | ઊર્ધ્વ ✓ | અધો ✓ | તિર્યગ્ ✓ | | | | |

**ભાષા દ્રવ્યોની ગ્રહણ અને નિસર્ગ પદ્ધતિ :–**

**૬૮** **जीवे णं भंते ! जाइं दव्वाइं भासत्ताए गेण्हइ ताइं किं संतरं गेण्हइ, णिरंतरं गेण्हइ ? गोयमा ! संतरं पि गेण्हइ णिरंतरं पि गेण्हइ । संतरं गिण्हमाणे जहण्णेणं एगं समयं, उक्कोसेणं असंखेज्जसमए अंतरं कट्टु गेण्हइ । णिरंतरं गिण्हमाणे जहण्णेणं दो समए, उक्कोसेणं असंखेज्जसमए अणुसमयं अविरहियं णिरंतरं गेण्हइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ જે ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે, તેને શું સાંતર ગ્રહણ કરે છે કે નિરંતર ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવ તે દ્રવ્યોને સાંતર પણ ગ્રહણ કરે છે અને નિરંતર પણ ગ્રહણ કરે છે. સાંતર ગ્રહણ કરે, તો જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત સમયના આંતરે ગ્રહણ કરે છે અને નિરંતર ગ્રહણ કરે, તો જઘન્ય બે સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત સમય સુધી પ્રતિ સમય વિરહ રહિત નિરંતર ગ્રહણ કરે છે.

**૬૯** **जीवे णं भंते ! जाइं दव्वाइं भासत्ताए गहियाइं णिसिरइ ताइं किं संतरं णिसिरइ णिरंतरं णिसिरइ ? गोयमा ! संतरं णिसिरइ, णो णिरंतरं णिसिरइ । संतरं णिसिरमाणे एगेणं समएणं गेण्हइ एगेणं समएणं णिसिरइ, एएणं गहण-णिसिरणोवाएणं जहण्णेणं**

## दुसमइयं उक्कोसेणं असंखेज्जसमइयं अंतोमुहुत्तयं गहण-णिसिरणं करेइ ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે દ્રવ્યોને જીવ ભાષારૂપે ગ્રહણ કરીને છોડે છે, તેને શું સાંતર છોડે છે કે નિરંતર છોડે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવ તેને સાંતર છોડે છે, નિરંતર છોડતો નથી. સાંતર છોડે તો તે એક સમયમાં ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે અને એક સમયે છોડે છે. એ જ રીતે ગ્રહણ અને નિઃસરણ(બહાર કાઢવાના) પ્રયત્ન વડે જઘન્ય બે સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત સુધી ગ્રહણ અને નિઃસરણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ભાષા દ્રવ્યને ગ્રહણ કરવા અને છોડવાની પદ્ધતિનું નિરૂપણ છે. કોઈપણ પ્રાણીને કાંઈપણ બોલવું હોય ત્યારે તે ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે, ભાષારૂપે પરિણમાવે અને પછી તે દ્રવ્યોને છોડે છે, ત્યારે જ બોલાય છે. સ્વર, વ્યંજનાદિ એક-એક અક્ષરના ઉચ્ચારણમાં અસંખ્યાત સમય વ્યતીત થાય છે. આ અસંખ્યાત સમય પર્યંત જીવ ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે.

તેમાં પ્રથમ સમયે ભાષા દ્રવ્યોનું ગ્રહણ થાય છે, બીજા સમયે તે દ્રવ્યોને છોડે છે, બીજા સમયે ગ્રહણ કરેલા દ્રવ્યોને ત્રીજા સમયે છોડે છે, આ રીતે ક્રમશઃ ગ્રહણ અને નિઃસરણની પ્રક્રિયા ચાલે છે. જ્યારે વક્તાને બોલવાની ઈચ્છા સમાપ્ત થાય ત્યારે તે ભાષા દ્રવ્યને ગ્રહણ કરતો નથી, પરંતુ પૂર્વના સમયે ગ્રહણ કરેલા દ્રવ્યનું નિઃસરણ માત્ર કરે છે. આ રીતે પ્રથમ સમયે ભાષા દ્રવ્યનું ગ્રહણ માત્ર થાય, અંતિમ સમયે નિઃસરણ માત્ર થાય અને મધ્યના સમયોમાં ગ્રહણ અને નિઃસરણ બંને ક્રિયા થતી રહે છે. તેની સ્થાપના આ પ્રમાણે છે.

**ભાષા દ્રવ્યોનું ગ્રહણ અને નિઃસરણ :–**

| ૧લો સમય | બીજો સમય | ત્રીજો સમય | ચોથો સમય | સંખ્યાતમો | અસંખ્યાતમો |   |
|---|---|---|---|---|---|---|
| × | છોડે | છોડે | છોડે | છોડે | છોડે | |
| ગ્રહણ | ગ્રહણ | ગ્રહણ | ગ્રહણ | ગ્રહણ | × | |

**સાંતર ગ્રહણ :–** જીવ ભાષા દ્રવ્યને સાંતર(અંતર પાડીને) ગ્રહણ કરે તો જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત સમયના અંતર પછી ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે.

બોલવામાં પ્રવૃત્ત જીવની અપેક્ષાએ જઘન્ય ૧ સમયનું અંતર ઘટિત થાય છે. સતત લાંબા સમય સુધી બોલનાર વ્યક્તિને અસંખ્યાત સમયના ભાષા દ્રવ્યના ગ્રહણ પછી, તેના ગ્રહણ કરવામાં અવશ્ય અંતર પડે છે. ભાષકના અસંખ્યાત સમય સુધી પ્રતિ સમય ભાષા દ્રવ્ય ગ્રહણ અને છોડવાના પ્રયત્ન પછી, તેના અંતિમ સમયે જીવ ભાષા દ્રવ્યોને ગ્રહણ ન કરે, માત્ર છોડે અને ત્યારપછીના સમયે ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે તો જઘન્ય એક સમયનું અંતર થાય છે અને ૨,૩,૪ ***યાવત્*** અસંખ્યાત સમય પછી ભાષા દ્રવ્યને ગ્રહણ કરે તો ઉત્કૃષ્ટ અસંખ્યાત સમયનું અંતર થાય છે.



**નિરંતર ગ્રહણ :–** અંતર(વ્યવધાન) વિના જીવ નિરંતર ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે તો જઘન્ય ર સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત સુધી નિરંતર ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે. નિરંતર ગ્રહણને સમજાવતા સૂત્રકારે **अणुसमयं अविरहियं** અને **णिरंतरं** આ ત્રણ શબ્દોનો પ્રયોગ કર્યો છે. અનુસમય = પ્રતિ સમય. ભાષા પ્રયોગ માટે જીવ અસંખ્યાત સમયમાં એકવાર નહીં પણ પ્રત્યેક સમયે(પ્રતિ સમય) ભાષા દ્રવ્યને ગ્રહણ કરે છે, તે સૂચવવા **अणुसमयं** નો પ્રયોગ છે. અસંખ્યાત સમયના પ્રતિ સમયના ગ્રહણ દરમ્યાન (વચ્ચે) વ્યવધાન–અંતર થતું નથી, તે સૂચવવા 'અવિરહિયં'નો પ્રયોગ છે, આ રીતે અંતર વિના પ્રતિ સમયે નિરંતર ભાષા દ્રવ્યોને વક્તા ગ્રહણ કરે છે.

**સાંતર નિસર્ગ :–** નિસર્ગ એટલે છોડવા, મૂકવા, ત્યાગ કરવો. ગ્રહણ કરેલા ભાષા દ્રવ્યોનો નિસર્ગ સાંતર થાય છે. જીવ પ્રથમ સમયે ગ્રહણ કરેલા બધા જ ભાષા દ્રવ્યોને બીજા સમયે છોડે છે અને બીજા સમયે ગ્રહણ કરેલા સર્વ ભાષા દ્રવ્યોને ત્રીજા સમયે છોડે છે. આ રીતે ગ્રહણાપેક્ષયા સમયાંતરે(એક સમયના) અંતરથી નિસર્ગ ક્રિયા થાય છે. પ્રતિ સમયે ભાષા દ્રવ્યોનો નિસર્ગ થવા છતાં અહીં નિરંતર નિસર્ગ ન કહેતા સાંતર નિસર્ગ કહેવાનું કારણ એ છે કે નિસર્ગ ગ્રહણપૂર્વક જ સંભવે, અગૃહીત દ્રવ્યોનો નિસર્ગ થતો નથી અને પ્રથમ સમયે, માત્ર ગ્રહણ છે નિસર્ગ નથી માટે સાંતર નિસર્ગ થાય છે, તે પ્રકારનું કથન છે.

**ગ્રહણ–નિસર્ગ :–** ભાષા બોલવા માટે ભાષા દ્રવ્યોનું ગ્રહણ અને નિસર્ગ બંને આવશ્યક છે. ગ્રહણ-નિસર્ગનો કાળ જઘન્ય ર સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત સમય છે, પછી અવશ્ય અંતર પડે છે. વક્તા જ્યારે બોલવાથી વિરામ પામે, ત્યારે ભાષા દ્રવ્યના ગ્રહણ-નિસર્ગની ક્રિયા પૂર્ણ થાય છે.

**भिण्णाइं पि णिस्सरइः–** જીવ જે ભાષા દ્રવ્યોને છોડે છે તે ભાષા દ્રવ્યોને ભેદ કરીને અર્થાત્ ટુકડા, ચૂર્ણાદિ રૂપે ભેદીને છોડે છે અથવા ભેદ કર્યા વિના પણ છોડે છે, તે વક્તાના પ્રયત્ન પર આધારિત છે.

વક્તાના બે પ્રકાર છે– તીવ્ર પ્રયત્નવાન અને મંદ પ્રયત્નવાન. જે વક્તા રોગી, જરાગ્રસ્ત કે અનાદર ભાવ યુક્ત હોય, તે મંદ પ્રયત્નવાન હોય છે અને તેના દ્વારા છોડાયેલા ભાષા દ્રવ્યો અભિન્ન–સ્થૂળ ખંડરૂપ અને અવ્યક્ત હોય છે. જે વક્તા નિરોગી, બળવાન અને આદરભાવથી સંપન્ન હોય, તે તીવ્ર પ્રયત્નવાન છે; તે ભાષા દ્રવ્યોને છોડે ત્યારે તેના ભાષા દ્રવ્યો ભેદાય જાય છે, અનેક સ્કંધરૂપે ભેદને પામે છે.

તીવ્ર પ્રયત્નવાન વક્તા દ્વારા છોડાયેલા ભાષા દ્રવ્યો ભેદાયેલા, સૂક્ષ્મ અને ઘણા હોવાથી અન્ય ઘણા દ્રવ્યોને વાસિત કરે છે. તે અન્ય દ્રવ્યોને વાસિત કરતાં અનંત ગુણ વૃદ્ધિને પ્રાપ્ત થઈને લોકાંત સુધી પહોંચે છે અને સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત થઈ જાય છે. મંદ પ્રયત્નવાન વક્તા દ્વારા છોડાયેલા ભાષા દ્રવ્યો લોકાંત સુધી પહોંચી શકતા નથી. તે અસંખ્યાત અવગાહના વર્ગણા સુધી અર્થાત્ અસંખ્યાત યોજન સુધી જઈને ભેદને પામે છે. પછી સંખ્યાતા યોજન સુધી આગળ જઈને નાશ પામે છે અર્થાત્ ભાષા પરિણામને છોડી દે છે.

**ओगाहणा वग्गणाओ :–** અવગાહના વર્ગણા. એક એક ભાષા દ્રવ્યનું આધારભૂત ક્ષેત્ર અસંખ્યાત પ્રદેશી છે. તે એક ક્ષેત્ર વિભાગને અવગાહન કહે છે. તેવા અવગાહન સ્થાનના સમૂહને અવગાહના વર્ગણા કહે છે. એક અંગુલ પ્રમાણ ક્ષેત્રમાં અસંખ્યાત અવગાહના વર્ગણા હોય છે.

**भेयमावज्जंतिः–** ભેદને પ્રાપ્ત કરે છે. પ્રસ્તુત પ્રસંગમાં ભેદનો અર્થ 'પુદ્ગલના પાંચ પ્રકારનો ભેદ' નથી પરંતુ અન્ય પુદ્ગલોને વાસિત કરવાની શક્તિ ઓછી થવી તેને ભેદ કહ્યો છે. મંદ પ્રયત્નવાન વક્તાના શબ્દો અભિન્નપણે નીકળે છે, તેથી તે લોક વ્યાપી બનતા નથી અસંખ્યાત યોજન સુધી જઈને ભેદને પ્રાપ્ત થાય છે અર્થાત્ તે પુદ્ગલોની અન્ય પુદ્ગલોને વાસિત કરવાની શક્તિ ઘટી જાય છે.

**विद्धंसमागच्छंतिः–** વિધ્વંશ–નાશ પામે છે. અન્ય પુદ્ગલોને વાસિત કરવાની શક્તિનો પૂર્ણ રૂપે નાશ થવો, તરંગિત ન થવું, શબ્દ વર્ગણા રૂપે ન રહેવું. મંદ પ્રયત્નવાન વક્તાના શબ્દો અસંખ્યાત યોજન સુધી જાય, ત્યારે અન્ય પુદ્ગલોને વાસિત કરવાની તેની શક્તિ ઘટી જાય અને ત્યાંથી સંખ્યાત યોજન સુધી જઈને તેની તે અન્ય પુદ્ગલને વાસિત કરવાની શક્તિ સંપૂર્ણતયા નાશ પામે છે.

**ભાષા દ્રવ્યના ગ્રહણ-નિઃસરણનું સ્વરૂપ :–**

| દ્વાર | | વિગત |
|---|---|---|
| ૧ | દ્રવ્યથી | અનંતપ્રદેશી સ્કંધને ગ્રહણ કરે |
| ૨ | ક્ષેત્રથી | અસંખ્યાત પ્રદેશાવગાઢ સ્કંધને ગ્રહણ કરે |
| ૩ | કાલથી | એક સમયથી અસંખ્યાત સમયની સ્થિતિવાળા સ્કંધને ગ્રહણ કરે |
| ૪ | ભાવથી | પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને ચાર સ્પર્શી (શીત-ઉષ્ણ, સ્નિગ્ધ-રૂક્ષ) એકથી અનંતગુણ યુક્ત પુદ્ગલ સ્કંધને ગ્રહણ કરે |
| ૫ | સ્પૃષ્ટ | આત્મપ્રદેશો સાથે સ્પૃષ્ટ–સ્પર્શેલા સ્કંધને ગ્રહણ કરે |
| ૬ | અવગાઢ | આત્માના એક ક્ષેત્રાવગાઢ પુદ્ગલ સ્કંધને ગ્રહણ કરે |
| ૭ | અનંતરાવગાઢ | ભાષક શરીરવયવ સાથે અનંતરાવગાઢ થયેલા પુદ્ગલ સ્કંધને ગ્રહણ કરે |
| ૮ | અણુ–બાદર | અલ્પપ્રદેશી અણુરૂપ સ્કંધને અને બહુપ્રદેશી બાદર સ્કંધને ગ્રહણ કરે |
| ૯ | ઊર્ધ્વાદિ દિશા | સ્વક્ષેત્રની અપેક્ષાએ આત્માવગાઢ ઊર્ધ્વ, અધો અને તિરછું ગ્રહણ કરે |
| ૧૦ | આદિ મધ્ય અંત સમય | અંતર્મુહૂર્તના ગ્રહણ કાલમાં આદિ, મધ્ય અને અંત, સર્વ સમયે ગ્રહણ કરે |
| ૧૧ | સ્વવિષય ભૂત | પોતાના પ્રયોજન યોગ્ય ભાષા વર્ગણાના પુદ્ગલ સ્કંધને ગ્રહણ કરે |
| ૧૨ | આનુપૂર્વી | એક ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને ક્રમશઃ (અનુક્રમે) ગ્રહણ કરે |
| ૧૩ | દિશા | દિશાઓની અપેક્ષા છ એ દિશામાંથી ગ્રહણ કરે |
| ૧૪ | સાન્તર–નિરંતર ગ્રહણ | બંને પ્રકારે ગ્રહણ કરે–<br>**સાંતર**–જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યાત સમયના આંતરે ગ્રહણ કરે<br>**નિરંતર**– જઘન્ય બે સમય, ઉત્કૃષ્ટ અસંખ્યાત સમય સુધી ગ્રહણ કરે<br>પ્રથમ સમયે કેવળ ગ્રહણ, બીજા સમયે પૂર્વે ગ્રહણ કરેલાનું નિઃસરણ અને નવા પુદ્ગલોનું ગ્રહણ, આ રીતે અસંખ્યાત સમય સુધી ગ્રહણ–નિઃસરણ બંને થાય અને અંતિમ સમયે કેવળ નિઃસરણ થાય |
| ૧૫ | ભિન્ન–અભિન્ન | છોડેલા પુદ્ગલો ભેદાયેલા અને અભેદાયેલા, બંને પ્રકારે નીકળે.<br>**તીવ્ર પ્રયત્નવાન**– ભિન્ન–ભેદાયેલા પુદ્ગલો છોડે, તે સૂક્ષ્મ અને બહુ હોવાથી અન્ય અનેક દ્રવ્યોને વાસિત કરી લોકાંત સુધી જાય.<br>**મંદ પ્રયત્નવાન**– અભિન્ન–નહીં ભેદાયેલા પુદ્ગલોને છોડે. તે પુદ્ગલો સંખ્યાત યોજન સુધી જઈને નાશ પામે છે. |

**ભાષા દ્રવ્ય નિઃસરણ ભેદ :–**

**૭૦ जीवे णं भंते ! जाइं दव्वाइं भासत्ताए गहियाइं णिसिरइ ताइं किं भिण्णाइं णिसिरइ,**

**अभिण्णाइं णिसिरइ ? गोयमा ! भिण्णाइं पि णिसिरइ, अभिण्णाइं पि णिसिरइ । जाइं भिण्णाइं णिसिरइ ताइं अणंतगुणपरिवड्ढीए परिवड्ढमाणाइं परिवड्ढमाणाइं लोयंतं फुसंति । जाइं अभिण्णाइं णिसिरइ ताइं असंखेज्जाओ ओगाहणवग्गणाओ गंता भेयमावज्जंति, संखेज्जाइं जोयणाइं गंता विद्धंसमागच्छंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ ભાષા રૂપે ગ્રહણ કરેલા જે દ્રવ્યોને છોડે છે, તે દ્રવ્યોને ભિન્ન–ભેદાયેલા છોડે છે કે અભિન્ન–ભેદાયા વિનાના છોડે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભિન્ન અને અભિન્ન બંને પ્રકારના દ્રવ્યોને છોડે છે. જો ભિન્ન દ્રવ્યો છોડે છે, તો તે દ્રવ્યો અનંતગુણ વૃદ્ધિ પામતાં-પામતાં લોકાંતનો સ્પર્શ કરે છે. જો અભિન્ન દ્રવ્યોને છોડે તો તે દ્રવ્યો અસંખ્યાત યોજન સુધી જઈને ભેદાય છે અને પછી સંખ્યાત યોજન સુધી આગળ જઈને નાશ પામે છે અર્થાત્ શબ્દ પરિણામનો ત્યાગ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં, જે વક્તા ભાષા દ્રવ્યોને ભેદીને(ટુકડા કરીને) છોડે અને જે વક્તા ભાષા દ્રવ્યોનું ભેદન કર્યા વિના સ્થૂલ, અસ્ફુટ, અખંડ રૂપે છોડે છે, તે બંનેની ગતિ અને ગંતવ્ય ક્ષેત્રનું વર્ણન છે. ભાષા દ્રવ્યોનું ભેદન થવામાં કે ન થવામાં વક્તાનો પ્રયત્ન આધારભૂત બને છે. વક્તાના બે પ્રકાર છે– (૧) મંદ પ્રયત્નવાન અને (૨) તીવ્ર પ્રયત્નવાન.

**भिण्णाइं णिसिरइ :–** તીવ્ર પ્રયત્નવાન વક્તા ગ્રહણ કરેલા ભાષા દ્રવ્યોને છોડે ત્યારે તે ભાષા દ્રવ્યો ખંડ-ખંડ થઈને વિખેરાય જાય છે. તે ભાષા દ્રવ્યો સૂક્ષ્મ, ઘણા અને સ્ફુટ હોય છે. આ ભાષા દ્રવ્યો સૂક્ષ્મ હોવાથી છએ દિશામાં સમશ્રેણીએ ગમન કરે છે. આ ભાષા દ્રવ્યો અન્ય ઘણા દ્રવ્યોને વાસિત કરતાં-કરતાં અનંત ગુણ વૃદ્ધિને પ્રાપ્ત થઈને ચાર સમયોમાં લોકાંતે પહોંચે છે અને સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત થઈ જાય છે. વક્તાની છએ દિશાની સમશ્રેણીમાં છોડેલા અને વાસિત એમ મિશ્ર ભાષા દ્રવ્યો હોય છે જ્યારે વિશ્રેણીમાં વાસિત ભાષા દ્રવ્યો હોય છે.

**अभिण्णाइं णिसिरइ:–** મંદ પ્રયત્નવાન વક્તા ભાષા દ્રવ્યોને છોડે ત્યારે ખંડ-ખંડ ન થવાથી તેમાં અન્ય દ્રવ્યોને વાસિત કરવાની શક્તિ વધતી નથી. આ ભાષા દ્રવ્યો સંખ્યાત યોજનની અસંખ્યાત અવગાહના વર્ગણા સુધી જઈને ભેદાય છે.

**ओगाहणवग्गणाओ :–** એક-એક ભાષા દ્રવ્યના આધારભૂત અસંખ્યાત પ્રદેશી ક્ષેત્રના વિભાગને અવગાહન કહે છે અને તેની વર્ગણા–સમુદાયને અવગાહન વર્ગણા કહેવામાં આવે છે. એક અંગુલ પ્રમાણ ક્ષેત્રમાં અસંખ્યાત અવગાહન વર્ગણા હોય છે.

આ રીતે ગતિ વિશેષથી થતો ભેદ તે ભાષા દ્રવ્યોના નાશનું કારણ બને છે. અસંખ્યાત અવગાહન વર્ગણા સુધી પહોંચતા આ ભાષા દ્રવ્યો ભેદાય છે અને તેની અન્ય પુદ્ગલોને વાસિત કરવાની શક્તિ ક્ષીણ થઈ જાય છે. તે ભેદાયેલા ભાષા દ્રવ્યો સંખ્યાત યોજન સુધી જતાં તેનો વિધ્વંસ થાય છે અર્થાત્ તે પુદ્ગલો શબ્દ પરિણામનો ત્યાગ કરે છે.

**પુદ્ગલ ભેદના પ્રકાર :–**

**૭૧ तेसि णं भंते ! दव्वाणं कइविहे भेए पण्णत्ते ? गोयमा ! पंचविहे भेए पण्णत्ते । तं**

जहा- खंडाभेए, पयराभेए, चुण्णियाभेए, अणुतडियाभेए, उक्करियाभेए ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પુદ્ગલ દ્રવ્યનો ભેદ કેટલા પ્રકારે થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પુદ્ગલ દ્રવ્યોનો ભેદ પાંચ પ્રકારે થાય છે. તે આ પ્રમાણે છે – (૧) ખંડ ભેદ, (૨) પ્રતર ભેદ (૩) ચૂર્ણિકા ભેદ, (૪) અનુતટિકા ભેદ અને (૫) ઉત્કટિકા(ઉત્કરિકા) ભેદ

**૭૨** से किं तं खंडाभेए ? जण्णं अयखंडाण वा, तउखंडाण वा, तंबखंडाण वा, सीसगखंडाण वा रययखंडाण वा, जायरूवखंडाण वा, खंडएण भेदे भवइ । से तं खंडाभेए ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ખંડ ભેદનું સ્વરૂપ કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જેમ લોખંડના ટુકડા, જસતના ખંડો, ત્રાંબાના ટુકડા, સીસાના ટુકડા, ચાંદીના ટુકડા કે સોનાના ટુકડા વગેરેનો ટુકડા રૂપે ભેદ થાય, તેને ખંડ ભેદ કહે છે. આ ખંડ ભેદનું સ્વરૂપ છે.

**૭૩** से किं तं पयराभेए ? जण्णं वंसाण वा वेत्ताण वा णलाण वा कयलिथंभाण वा अब्भपडलाण वा पयरएणं भेए भवइ । से तं पयराभेदे ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રતર ભેદનું સ્વરૂપ કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જે વાંસનો, નેતરનો, બરુનો, કેળના સ્તંભનો કે અબરખના પડનો પ્રતરરૂપે ભેદ થાય, તેને પ્રતર ભેદ કહે છે

**૭૪** से किं तं चुण्णियाभेए ? जण्ण तिलचुण्णाण वा मुग्गचुण्णाण वा मासचुण्णाण वा पिप्पलिचुण्णाण वा मिरियचुण्णाण वा सिंगबेरचुण्णाण वा चुण्णियाए भेए भवइ । से तं चुण्णियाभेए ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચૂર્ણિકાભેદનું સ્વરૂપ કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જેમ તલનું ચૂર્ણ, મગનો લોટ, અડદનો લોટ, પીપરનું ચૂર્ણ, મરીનું ચૂર્ણ, આદુનુ ચૂર્ણ; ઈત્યાદિ ચૂર્ણ કે ભૂકારૂપે ભેદ થાય, તે ચૂર્ણિકા ભેદ છે.

**૭૫** से किं तं अणुतडियाभेए ? जण्णं अगडाण वा तलागाण वा दहाण वा णईण वा वावीण वा पुक्खरिणीण वा दीहियाण वा गुंजालियाण वा सराण वा सरपंतियाण वा सरसरपंतियाण वा अणुतडियाए भेए भवइ । से तं अणुतडियाभेए ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** અનુતટિકા ભેદનું સ્વરૂપ કેવું છે ? **ઉત્તર–** જેમ કૂવાનો, તળાવોનો, દ્રહોનો, નદીઓનો, વાવડીઓનો, પુષ્કરિણીઓ(ગોળાકાર વાવડીઓ)નો, દીર્ઘિકાઓનો(લાંબી વાવડીઓનો), ગુંજાલિકાઓ (વાંકીચૂંકી વાવડીઓ)નો, સરોવરોનો, પંક્તિબદ્ધ સરોવરોનો અનુતટિકારૂપે(તે પાણી સૂકાતાં જમીનમાં તીરાડોરૂપે) જે ભેદ થાય તે અનુતટિકા ભેદ છે.

**૭૬** से किं तं उक्करियाभेदे ? जण्णं मूसगाण वा मगूसाण वा तिलसिंगाण वा मुग्गसिंगाण वा माससिंगाण वा एरंडबीयाण वा फुडित्ता उक्करियाए भेए भवइ । से तं उक्करियाभेए ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** ઉત્કરિકા ભેદનું સ્વરૂપ કેવું છે ? **ઉત્તર–** મસૂર, મગફળી કે ચોળીની શિંગ, તલની શિંગ, મગની શિંગ, અડદની શિંગ કે એરંડબીજ ફાટે ત્યારે જે ભેદ થાય છે, તે ઉત્કટિકા–ઉત્કરિકા ભેદ છે. આ ઉત્કરિકા ભેદનું સ્વરૂપ છે.

**૭૭ एएसि णं भंते ! दव्वाणं खंडाभेएणं पयराभेएणं चुण्णियाभेएणं अणुतडियाभेए णं उक्कारियाभेएण य भिज्जमाणाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा, विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवाइं दव्वाइं उक्करियाभेएणं भिज्जमाणाइं, अणुतडियाभेएणं भिज्जमाणाइं अणंतगुणाइं, चुण्णियाभेएणं भिज्जमाणाइं अणंतगुणाइं, पयराभेएणं भिज्जमाणाइं अणंतगुणाइं, खंडाभेएणं भिज्जमाणाइं अणंतगुणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ખંડ ભેદથી, પ્રતર ભેદથી, ચૂર્ણિકા ભેદથી, અનુતટિકા ભેદથી અને ઉત્કરિકા ભેદથી ભેદાયેલા પુદ્‍ગલ દ્રવ્યોમાં કોણ કોનાથી અલ્પ, અધિક, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા ઉત્કરિકા ભેદથી ભેદાયેલા દ્રવ્યો છે, તેનાથી અનુતટિકા ભેદથી ભેદાયેલા દ્રવ્યો અનંતગુણા છે, તેનાથી ચૂર્ણિકાભેદથી ભેદાયેલા દ્રવ્યો અનંત ગુણા છે, તેનાથી પ્રતર ભેદથી ભેદાયેલા દ્રવ્યો અનંતગુણા છે, તેનાથી ખંડ ભેદથી ભેદાયેલા દ્રવ્યો અનંત ગુણા અધિક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પુદ્‍ગલના પાંચ પ્રકારોનું નિરૂપણ છે. સંઘાત અને ભેદ–ભેગા થવું અને છૂટા પડવું તે પુદ્‍ગલનો ધર્મ છે. પુદ્‍ગલના ભેદમાં પાંચ ચોક્કસ પ્રકારની વિવિધતા છે.

**(૧) ખંડ ભેદ :–** લોખંડ, સોનું, ચાંદી આદિ ધાતુઓના કોઈપણ શસ્ત્રથી ટુકડા થવાની જેમ ટુકડા રૂપ ભેદ થાય, તેને ખંડ ભેદ કહે છે.

**(૨) પ્રતર ભેદ :–** પ્રતર = પડ. અબરખના પડ, કેળના સ્તંભના પડની જેમ પડરૂપે ભેદ થાય તેને પ્રતર ભેદ કહે છે.

**(૩) ચૂર્ણિકા ભેદ :–** ઘઉં, જૂવાર, બાજરો વગેરે ધાન્યના લોટ, સૂંઠ, મરી વગેરેના ચૂર્ણની જેમ ચૂર્ણ રૂપ ભેદ થાય, તેને ચૂર્ણિકા ભેદ કહે છે.

**(૪) અનુતટિકા ભેદ :–** વિવિધ પ્રકારના જલસ્થાનોમાં પાણી સૂકાઈ જાય ત્યારે માટીમાં જે તિરાડ પડે, તેની જેમ જે ભેદ થાય, તેને અનુતટિકા ભેદ કહે છે.

**(૫) ઉત્કરિકા ભેદ :–** મગ, મઠ આદિ કઠોળની શિંગ અથવા એરંડ બીજ ફાટે, તેની જેમ જે ભેદ થાય, તેને ઉત્કરિકા ભેદ કહે છે.

**૧૯ દંડકના જીવોમાં ગ્રાહ્ય ભાષા દ્રવ્ય :–**

**૭૮ णेरइए णं भंते ! जाइं दव्वाइं भासत्ताए गेण्हइ ताइं किं ठियाइं गेण्हइ ? अठियाइं गेण्हइ ? गोयमा ! एवं चेव जहा जीवे वतव्वया भणिया तहा णेरइयस्सवि *जाव* अप्पाबहुयं। एवं एगिंदयवज्जो दंडओ *जाव* वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જે દ્રવ્યોને ભાષારૂપે ગ્રહણ કરે છે તે સ્થિત પુદ્‍ગલોને ગ્રહણ કરે છે કે અસ્થિત પુદ્‍ગલોને ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (ઔઘિક) જીવની સમાન અલ્પબહુત્વ

સુધીની સમગ્ર વક્તવ્યતા નૈરયિકોના વિષયોમાં પણ જાણવી જોઈએ. આ જ રીતે એકેન્દ્રિયને છોડીને શેષ વૈમાનિક સુધીના દંડક કહેવા જોઈએ.

**૭૯ जीवा णं भंते ! जाइं दव्वाइं भासत्ताए गेण्हंति ताइं किं ठियाइं गेण्हइ ? अठियाइं गेण्हइ ? गोयमा ! एवं चेव पुहुत्तेण वि णेयव्वं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવો જે દ્રવ્યોને ભાષારૂપે ગ્રહણ કરે છે, તે શું સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે કે અસ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે એકવચનથી કથન કર્યું તે જ રીતે બહુવચનમાં પણ નૈરયિકોથી લઈ વૈમાનિકો સુધી સમજી લેવું જોઈએ.

**૮૦ जीवे णं भंते ! जाइं दव्वाइं सच्चभासत्ताए गेण्हइ ताइं किं ठियाइं गेण्हइ ? अठियाइं गेण्हइ ? गोयमा ! जहा ओहियदंडओ तहा एसो वि । णवरं- विगलेंदिया ण पुच्छिज्जंति एवं मोसभासाए वि सच्चामोसभासाए वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવો જે દ્રવ્યોને સત્ય ભાષારૂપે ગ્રહણ કરે છે, શું તે સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે કે અસ્થિત દ્રવ્યોને ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ ઔધિક જીવ વિષયક દંડક(આલાપક) છે, તેમજ આ સત્ય ભાષા વિષયક દંડક પણ કહેવો જોઈએ. વિશેષતા એ છે કે અહીં વિકલેંદ્રિયોના વિષયમાં પૃચ્છા ન કરવી અને તે જ રીતે મૃષા ભાષા તથા મિશ્ર ભાષા દ્રવ્યોના ગ્રહણના વિષયમાં પણ કહેવું જોઈએ.

**૮૧ असच्चामोसभासाए वि एवं चेव, णवरं-असच्चामोसभासाए विगलिंदिया वि पुच्छिज्जंति इमेणं अभिलावेणं-**

**विगलिंदिए णं भंते ! जाइं दव्वाइं असच्चामोसभासत्ताए गेण्हइ ताइं किं ठियाइं गेण्हइ ? अठियाइं गेण्हइ ? गोयमा ! जहा ओहियदंडओ । एवं एए एगत्तपुहत्तेणं दस दंडगा भाणियव्वा ।**

**ભાવાર્થ :–** વ્યવહાર ભાષા દ્રવ્યોના ગ્રહણના વિષયમાં પણ આ જ રીતે જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તેમાં વિકલેંદ્રિયોની પૃચ્છા પણ આ પ્રમાણે કરવી જોઈએ–

**પ્રશ્ન–** હે ભગવન્ ! વિકલેંદ્રિય જીવ જે દ્રવ્યોને વ્યવહાર ભાષા રૂપે ગ્રહણ કરે છે, તો શું તે સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે કે અસ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઔધિક દંડકની સમાન જાણવું. આ રીતે સમુચ્ચય ભાષાના અને સત્ય વગેરે ચાર ભાષાના તેમ પાંચ એકવચનના અને પાંચ બહુવચનના કુલ દશ આલાપક કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૧૯ દંડકના એક અને અનેક જીવોમાં તેમ જ ચાર પ્રકારની ભાષા માટે ગ્રાહ્ય ભાષા દ્રવ્યની યોગ્યતા સંબંધી અતિદેશાત્મક નિરૂપણ છે.

૨૪ દંડકના જીવોમાંથી પાંચ સ્થાવર જીવોને ભાષા નથી, તેથી તેનું કથન થતું નથી.

ઔઘિક એક જીવને ગ્રાહ્ય ભાષા દ્રવ્યની યોગ્યતાનું કથન સૂત્રમાં વિસ્તારથી છે. તેનો એક આલાપક થાય છે. શેષ નવ આલાપકોનું કથન તેની સમાન જાણવું છે. વિશેષતા એ છે કે ઔઘિક ભાષા સંબંધી એક અને અનેક જીવના બંને આલાપકોમાં ૨૪ દંડકનું કથન છે. સત્ય આદિ ત્રણ ભાષાઓના એક અને અનેક જીવના બંને આલાપકોમાં ૧૬ દંડકનું કથન છે અને વ્યવહાર ભાષાના એક અને અનેક જીવના બંને આલાપકોમાં ૧૯ દંડકનું કથન છે. આ રીતે સૂત્રોમાં ત્રણ ભાષાના કથનમાં વિકલેન્દ્રિય શબ્દથી આઠ દંડક(પાંચ સ્થાવર + ત્રણ વિકલેંદ્રિય)નો નિષેધ છે અને વ્યવહાર ભાષાના કથનમાં વિકલેન્દ્રિય શબ્દથી કેવલ એકેન્દ્રિયનો(પાંચ દંડકનો) જ નિષેધ છે.

**दस दंडगा :–** દસ આલાપક. તે આ પ્રમાણે છે– (૧) સમુચ્ચય ભાષા સંબંધી એકવચનમાં સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના એક એક જીવની ગ્રાહ્ય ભાષા દ્રવ્યોની યોગ્યતા માટે પૃચ્છા (૨–૫) ચારે ભાષા માટે યથાયોગ્ય દંડકમાં ભાષા દ્રવ્યોની યોગ્યતા માટે એક એક જીવની પૃચ્છા (૬) સમુચ્ચય ભાષા માટે અનેક જીવોની અપેક્ષાએ ૨૪ દંડકમાં પૃચ્છા (૭–૧૦) ચારે ભાષા માટે અનેક જીવોની અપેક્ષાએ યથાયોગ્ય દંડકમાં પૃચ્છા. આ રીતે સ્પષ્ટ થાય છે કે સર્વ ભાષક જીવો બોલવા સમયે સ્થિતાદિ સમાન વિશેષતા- વાળા ભાષા દ્રવ્યોને ગ્રહણ કરે છે.

**ભાષા દ્રવ્યોને સત્ય આદિ રૂપે ગ્રહણ નિઃસરણ :–**

**૮૨ जीवे णं भंते ! जाइं दव्वाइं सच्चभासत्ताए गेण्हइ ताइं किं सच्चभासत्ताए णिसिरइ? मोसभासत्ताए णिसिरइ ? सच्चामोसभासत्ताए णिसिरइ ? असच्चामोसभासत्ताए णिसिरइ ?**

**गोयमा ! सच्चभासत्ताए णिसिरइ, णो मोसभासत्ताए णिसिरइ, णो सच्चामोसभासत्ताए णिसिरइ, णो असच्चामोसभासत्ताए णिसिरइ । एवं एगिंदिय-विगलिंदियवज्जो दंडओ *जाव* वेमाणिए । एवं पुहुत्तेण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ જે દ્રવ્યોને સત્ય ભાષા રૂપે ગ્રહણ કરે છે, તેને શું તે સત્ય ભાષારૂપે જ છોડે છે, અસત્ય ભાષારૂપે છોડે છે, મિશ્ર ભાષારૂપે છોડે છે કે વ્યવહાર ભાષા રૂપે છોડે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સત્ય ભાષા રૂપે ગૃહીત દ્રવ્યોને સત્યભાષા રૂપે છોડે છે. તે અસત્ય ભાષા રૂપે, મિશ્ર ભાષારૂપે કે વ્યવહાર ભાષારૂપે છોડતા નથી. આ જ રીતે ***યાવત્*** એકેન્દ્રિય અને વિકલેંદ્રિયને છોડી વૈમાનિક સુધી એકવચનનો દંડક–આલાપક કહેવો જોઈએ તથા તે જ રીતે બહુવચનનો આલાપક પણ કહેવો જોઈએ.

**૮૩ जीवे णं भंते ! जाइं दव्वाइं मोसभासत्ताए गेण्हइ ताइं किं सच्चभासत्ताए णिसिरइ? मोसभासत्ताए णिसिरइ ? सच्चामोसभासत्ताए णिसिरइ ? असच्चामोसभासत्ताए णिसिरइ?**

**गोयमा ! णो सच्चभासत्ताए णिसिरइ, मोसभासत्ताए णिस्सिरइ, णो सच्चामोसभासत्ताए णिसिरइ, णो असच्चामोसभासत्ताए णिसिरइ । एवं सच्चामोसभासत्ताए वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ જે દ્રવ્યોને અસત્યભાષા રૂપે ગ્રહણ કરે છે, શું તેને સત્ય ભાષા રૂપે છોડે છે કે અસત્ય ભાષા રૂપે છોડે છે, કે મિશ્ર ભાષા રૂપે છોડે છે કે વ્યવહાર ભાષા રૂપે છોડે છે ?

**ઉત્તર–** ગૌતમ ! મૃષા ભાષારૂપે ગૃહીત દ્રવ્યોને સત્ય ભાષારૂપે નહીં પરંતુ અસત્ય ભાષા રૂપે જ

છોડે છે. મિશ્ર ભાષા રૂપે કે વ્યવહાર ભાષા રૂપે પણ છોડતા નથી. આ જ રીતે મિશ્ર ભાષા રૂપે ગૃહીત દ્રવ્યોના વિષયમાં પણ સમજવું જોઈએ.

**૮૪ असच्चामोसभासत्ताए वि एवं चेव । णवरं असच्चामोसभासत्ताए विगलिंदिया तहेव पुच्छिज्जंति । जाए चेव गेण्हइ ताए चेव णिसिरइ । एवं एते एगत्त-पुहत्तिया अट्ठ दंडगा भाणियव्वा ।**

**ભાવાર્થ :–** આ રીતે વ્યવહાર ભાષા રૂપે ગૃહીત દ્રવ્યોના વિષયમાં પણ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે વ્યવહાર ભાષા રૂપે ગૃહીત દ્રવ્યોના વિષયમાં વિકલેંન્દ્રિયોની પણ પૃચ્છા કરવી. સર્વત્ર જે ભાષા રૂપે દ્રવ્યો ગ્રહણ કરે છે તે જ ભાષારૂપે તે દ્રવ્યોનો ત્યાગ કરે છે, તેમ કથન કરવું. આ રીતે એકવચન અને બહુવચનથી ચારે ભાષાના આઠ આલાપક કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ''જે ભાષા રૂપે દ્રવ્યોનું ગ્રહણ તે જ ભાષા રૂપે તે દ્રવ્યોનું નિસ્સરણ'' આ સિદ્ધાંતનું નિરૂપણ છે.

ભાષા વર્ગણામાં કોઈપણ પ્રકારનો તફાવત હોતો નથી. વક્તા જે આશયથી ભાષા દ્રવ્યને ગ્રહણ કરે છે, તે જ રૂપે તેનું પરિણમન થાય અને તે જ રૂપે તેને છોડે છે. આ રીતે સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર ભાષાનું વિભાજન વક્તાના આશય પર આધારિત છે. સત્ય ભાષા રૂપે ગ્રહણ કરેલા ભાષા દ્રવ્યોને સત્ય ભાષારૂપે જ છોડે છે, તેમાં કોઈ પરિવર્તન થતું નથી. તે જ રીતે અસત્ય, મિશ્ર અને વ્યવહાર ભાષા રૂપે ગ્રહણ કરેલા ભાષા દ્રવ્યને ક્રમશઃ તે તે રૂપે જ છોડે છે.

આ રીતે પાંચ સ્થાવરને છોડીને શેષ જીવોમાં એકવચન અને બહુવચનની અપેક્ષાએ કથન છે. તેના કુલ દશ આલાપક થાય છે. વિકલેન્દ્રિયને એક વ્યવહાર ભાષા જ હોય છે, તેથી સત્ય, અસત્ય, મિશ્ર ભાષામાં તેનું કથન કર્યું નથી.

**एगत्त पुहुत्तिया अट्ठ दंडगा :–** એકવચન અને બહુવચનના આઠ આલાપક. ભાષા દ્રવ્યોની યોગ્યતા માટેના પૂર્વ સૂત્રોમાં દસ આલાપક કહ્યા છે અને પ્રસ્તુત સૂત્રોમાં આઠ આલાપકનું કથન છે. કારણ કે ભાષા દ્રવ્યોની યોગ્યતાના સંબંધમાં સમુચ્ચય ભાષાનો આલાપક થાય છે. પરંતુ સત્ય આદિ જે ભાષા રૂપે દ્રવ્યો ગ્રહણ કરે તે જ રૂપે છોડવાના કથનમાં સમુચ્ચય ભાષાનો આલાપક થતો નથી, ચાર ભાષા રૂપે જે દ્રવ્યો ગ્રહણ કરે તેને તે જ ભાષા રૂપે છોડે છે. આ રીતે ચાર ભાષા માટે એક-એક જીવની પૃચ્છાના ચાર આલાપક અને અનેક જીવોની પૃચ્છાના ચાર આલાપક મળીને કુલ આઠ આલાપક થાય છે.

ત્રણ ભાષાનું કથન ૧૬ દંડકમાં અને વ્યવહાર ભાષાનું કથન ૧૯ દંડકમાં થાય છે.

**વચનના સોળ પ્રકાર :–**

**૮૫ कइविहे णं भंते ! वयणे पण्णत्ते ? गोयमा ! सोलसविहे वयणे पण्णत्ते, तं जहा– एगवयणे, दुवयणे, बहुवयणे, इत्थिवयणे, पुमवयणे, णपुंसगवयणे, अज्झत्थवयणे, उवणीयवयणे, अवणीयवयणे, उवणीयावणीयवयणे, अवणीयउवणीयवयणे, तीयवयणे, पडुप्पण्णवयणे, अणागयवयणे, पच्चक्खवयणे, परोक्खवयणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વચનના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વચનના સોળ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) એકવચન (૨) દ્વિવચન (૩) બહુવચન (૪) સ્ત્રીવચન (૫) પુરુષવચન (૬) નપુંસકવચન (૭) અધ્યાત્મવચન (૮) ઉપનીતવચન (૯) અપનીતવચન (૧૦) ઉપનીતાપનીતવચન (૧૧) અપનીતોપનીતવચન (૧૨) અતીતવચન. (૧૩) પ્રત્યુત્પન્ન વચન (૧૪) અનાગત વચન (૧૫) પ્રત્યક્ષવચન અને (૧૬) પરોક્ષવચન.

**૮૬ इच्चेयं भंते ! एगवयणं वा** *जाव* **परोक्खवयणं वा वयमाणे पण्णवणी णं एसा भासा? ण एसा भासा मोसा ? हंता गोयमा ! इच्चेयं एगवयणं वा** *जाव* **परोक्खवयणं वा वयमाणे पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ પ્રમાણે એકવચનથી, પરોક્ષવચન સુધીના ૧૬ પ્રકારના વચનને બોલતા જીવની ભાષા શું પ્રજ્ઞાપની છે ? શું તે ભાષા મૃષા નથી ? **ઉત્તર–** હા, ગૌતમ ! આ પ્રમાણે એકવચનથી લઈ પરોક્ષ વચન સુધી ૧૬ પ્રકારના વચનને બોલતા જીવની ભાષા પ્રજ્ઞાપની છે, તે ભાષા મૃષા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સોળ પ્રકારના વચન તથા તેની સત્યતાની પ્રરૂપણા છે.

**વચનના સોળ પ્રકાર :– (૧) એકવચન–** એક માટે વપરાતો વચનપ્રયોગ, એક સૂચક વિભક્ત્યન્તપદ, જેમકે– **पुरुषः** (એકપુરુષ) **(૨) દ્વિવચન–** બે માટે વપરાતો વચન પ્રયોગ, બે સૂચક વિભક્ત્યન્ત પદ, જેમ કે– **पुरुषौ** (બે પુરુષ) **(૩) બહુવચન–** બેથી વધુ માટે વપરાતો વચન પ્રયોગ, ત્રણાદિ સૂચક વિભક્ત્યન્તપદ, જેમ કે **पुरुषाः** (ઘણા પુરુષો) સંસ્કૃત ભાષામાં દ્વિવચન પ્રયોગ અલગ છે. ગુજરાતી ભાષામાં એકવચન–બહુવચન બે જ પ્રયોગ છે. **(૪) સ્ત્રી વચન–** સ્ત્રીલિંગ વાચી શબ્દ, જેમ કે– **इयं स्त्री**- આ સ્ત્રી છે. **(૫) પુરુષવચન–** પુરુષલિંગવાચી શબ્દ, જેમકે– **अयं पुमान्**-આ પુરુષ છે. **(૬) નપુંસક વચન–** નપુંસકલિંગ વાચક શબ્દ, જેમકે– **इदं कुंडं**- આ કુંડ છે.(કુંડ શબ્દ સંસ્કૃતમાં નપુંસકલિંગી છે, ગુજરાતીમાં પુલિંગવાચી છે). **(૭) અધ્યાત્મ વચન–** મનમાં કાંઈક અલગ વિચારી વચનથી કંઈક અલગ કહેવા ઈચ્છે પરંતુ અચાનક મુખમાંથી જે વિચાર્યું હોય તે જ બોલાય જાય, હૈયાની વાત હોઠે આવી જાય તે. **(૮) ઉપનીતવચન–** પ્રશંસા વાચક શબ્દ, જેમ કે– આ સ્ત્રી અત્યંત સુશીલ છે. **(૯) અપનીત વચન–** નિંદાત્મક વચન, જેમ કે– આ કન્યા કુરૂપા છે. **(૧૦) ઉપનીતાપનીત વચન–** પહેલા પ્રશંસા કરીને પછી નિંદાત્મક શબ્દ કહેવા, જેમ કે– આ સુંદરી છે પરંતુ તે દુઃશીલા છે. **(૧૧) અપનીતોપનીત વચન–** પહેલા નિંદા કરીને પછી પ્રશંસા વાચક શબ્દ કહેવા, જેમ કે– આ કન્યા જો કે કુરૂપા છે, પરંતુ તે અતિ સુશીલ છે. **(૧૨) અતીત વચન–** ભૂતકાળદ્યોતક વચન, જેમ કે– **अकरोत्**-કર્યું હતું. **(૧૩) પ્રત્યુત્પન્નવચન–** વર્તમાનકાળ વાચક વચન, જેમ કે **करोति**– કરે છે. **(૧૪) અનાગત વચન–** ભવિષ્યકાળ વાચક શબ્દ, જેમકે **करिष्यति** કરશે. **(૧૫) પ્રત્યક્ષવચન–** સામે રહેલ વ્યક્તિ કે વસ્તુ માટે કહેવું. જેમકે– આ ઘર છે.**(૧૬) પરોક્ષવચન–** સામે ન હોય તેવી વ્યક્તિ કે વસ્તુ માટે કહેવું જેમકે તે અહીંયા રહેતો હતો.

આ સોળ પ્રકારના વચન યથાવસ્થિત વસ્તુ વિષયક છે, તે કાલ્પનિક નથી, તેથી જ્યારે કોઈ આ

વચનોનો સમ્યગ્રૂપે ઉપયોગ કરીને બોલે છે, ત્યારે તેની ભાષા પ્રજ્ઞાપની સમજવી જોઈએ. તે ભાષાથી ચોક્કસ અર્થનો બોધ થાય છે તેથી તે મૃષા નથી.

**ચાર ભાષાઓની અપેક્ષાએ આરાધક-વિરાધક :–**

**૮૭ कइ णं भंते ! भासज्जाया पण्णत्ता ? गोयमा ! चत्तारि भासज्जाया पण्णत्ता, तं जहा– सच्चमेगं भासज्जायं, बिइयं मोसं भासज्जायं, तइयं सच्चामोसं भासज्जायं, चउत्थं असच्चामोसं भासज्जायं ।**

**भावार्थ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાષા જાત–ભાષાના પ્રકાર કેટલા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભાષાના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ભાષાનો પહેલો પ્રકાર છે સત્ય ભાષા (૨) ભાષાનો બીજો પ્રકાર છે અસત્ય ભાષા (૩) ભાષાનો ત્રીજો પ્રકાર છે મિશ્ર ભાષા અને (૪) ભાષાનો ચોથો પ્રકાર છે– વ્યવહાર ભાષા.

**૮૮ इच्चेयाइं भंते ! चत्तारि भासज्जायाइं भासमाणे किं आराहए, विराहए ?**

**गोयमा ! इच्चेयाइं चत्तारि भासज्जायाइं आउत्तं भासमाणे आराहए, णो विराहए । तेण परं असंजए अविरए अपडिहय-पच्चक्खायपावकम्मे सच्चं वा मोसं वा सच्चामोसं वा असच्चामोसं वा भासं भासमाणे णो आराहए, विराहए ।**

**भावार्थ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ ચાર પ્રકારની ભાષા બોલતો જીવ આરાધક છે કે વિરાધક ? **ઉત્તર–** હે ગૌતમ ! આ ચારે ય પ્રકારની ભાષાઓને ઉપયોગપૂર્વક બોલનારો આરાધક છે, વિરાધક નથી. તે સિવાય ઉપયોગ રહિત બોલનારો જે અસંયત, અવિરત, પાપકર્મના પ્રતિઘાત અને પ્રત્યાખ્યાન ન કરનાર વ્યક્તિ સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર કોઈપણ ભાષા બોલતો આરાધક નથી, પરંતુ વિરાધક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચારે પ્રકારની ભાષા બોલનાર વક્તાની આરાધકતા-વિરાધકતાનું નિરૂપણ છે.

સૂત્રકારે આરાધકતાના આધારભૂત **आउत्तं** શબ્દનો પ્રયોગ કર્યો છે, તેથી સ્પષ્ટ થાય છે કે ઉપયોગપૂર્વક, વિવેકપૂર્વક, સાવધાનીપૂર્વક ચારે પ્રકારની ભાષા બોલનાર સંયમી પુરુષ આરાધક છે અને ઉપયોગ રહિત બોલનાર અસંયમી પુરુષ વિરાધક છે, કારણ કે ઉપયોગ રહિત, વિવેક વિનાના આચરણ વિરાધકતા મૂલક હોય છે.

**ભાષકોનું અલ્પબહુત્વ :–**

**૮૯ एएसि णं ते ! जीवाणं सच्चभासगाणं मोसभासगाणं सच्चामोसभासगाणं असच्चा-मोसभासगाणं अभासगाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा, तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा जीवा सच्चाभासगा, सच्चामोसभासगा असंखेज्जगुणा, मोसभासगा असंखेज्जगुणा, असच्चामोसभासगा असंखेज्जगुणा, अभासगा अणंतगुणा ।**

**भावार्थ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ સત્ય ભાષક, અસત્ય ભાષક, મિશ્ર ભાષક અને વ્યવહાર ભાષક તથા અભાષક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી

થોડા સત્ય ભાષક જીવો છે, તેનાથી મિશ્ર ભાષક જીવો અસંખ્યાતગુણા છે, તેનાથી અસત્ય ભાષક જીવો અસંખ્યાતગુણા છે, તેનાથી વ્યવહાર ભાષક જીવો અસંખ્યાતગુણા છે અને તેનાથી અભાષક જીવો અનંત ગુણા છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં ચાર પ્રકારના ભાષકોનું અલ્પહુત્વ છે.

(૧) સર્વથી થોડા સત્ય ભાષક છે. સમ્યક્ ઉપયોગપૂર્વક, વસ્તુતત્ત્વનું પ્રતિપાદન કરવાની બુદ્ધિથી જે બોલે છે, તે જ સત્ય ભાષક છે અને તેવા જીવો બહુજ ઓછા હોય છે, (૨) તેનાથી મિશ્ર ભાષા બોલનારા અસંખ્યાતગુણા છે. લોકમાં સાચું-ખોટું બોલનારો વર્ગ વધુ છે (૩) તેનાથી અસત્ય ભાષક અસંખ્યાતગુણા છે, કારણ કે ક્રોધાદિને વશીભૂત થઈને બોલનારા જીવો સંસારમાં ઘણા હોય છે અને તે મૃષા ભાષક છે. (૪) તેનાથી વ્યવહાર ભાષક અસંખ્યાતગુણા અધિક છે, કારણ કે બેઈન્દ્રિયથી પંચેંદ્રિય સુધીના જીવો વ્યવહાર ભાષક હોય છે. (૫) તેનાથી અભાષક અનંતગુણા છે, કારણ કે અભાષકોની ગણનામાં સિદ્ધો તથા એકેન્દ્રિય જીવો આવે છે અને તે બંને જીવો અનંત છે.

**॥ અગિયારમું પદ સંપૂર્ણ ॥**

# બારમું પદ

**પરિચય**

આ પદનું નામ **શરીર પદ** છે. તેમાં સંસારી જીવોને પ્રાપ્ત પાંચ શરીરનું વિસ્તૃત વર્ણન છે.

સંસારી જીવો સશરીરી જ હોય છે. સિદ્ધ જીવ અશરીરી છે. શરીર સાથે સંસારી જીવોને ઘનિષ્ઠ સંબંધ છે. અનાદિકાલીન ભવભ્રમણમાં જીવે પોતાના સ્થાનાનુસાર ભિન્ન-ભિન્ન પ્રકારના શરીર ધારણ કરીને છોડ્યા છે. સૂક્ષ્મ શરીર જીવની સાથે ભવાંતરમાં જાય છે અને પ્રત્યેક ભવમાં જીવ નૂતન સ્થૂલ શરીર ધારણ કરે છે. શરીર કે શરીરથી સંબંધિત સ્વજનો અને શરીરની સુરક્ષા માટેના સાધનો તથા તેની આસક્તિ જ જીવના કર્મબંધનું કારણ છે. તે આસક્તિથી જ સમસ્ત સંસારનું સર્જન થયું છે.

પ્રસ્તુત પદમાં ક્રમશઃ પાંચ પ્રકારના શરીર અને તેમાંથી ૨૪ દંડકના જીવોને પ્રાપ્ત થતાં શરીર, સમુચ્ચય રીતે પાંચ શરીરનું સંખ્યા પ્રમાણ તેમજ ૨૪ દંડકના જીવોએ ગ્રહણ કરેલા બદ્ધ શરીર અને જીવે છોડેલા મુક્ત શરીરોનું વિસ્તૃત વર્ણન છે.

**શરીર–** પ્રતિક્ષણ વિનાશ ભાવને પ્રાપ્ત થાય તે શરીર છે. તે પૌદ્‌ગલિક હોવાથી જડ–અચેતનમય છે, પરંતુ ચૈતન્યમય જીવના સંયોગે શ્વાસોચ્છ્‌વાસ હલન-ચલન વગેરે વિવિધ ક્રિયાઓ તેમાં થાય છે. શરીરના પાંચ પ્રકાર છે–

**ઔદારિક શરીર :–** (૧) જે શરીર ઉદાર-સ્થૂલ પુદ્‌ગલોનું બન્યું હોય તે ઔદારિક શરીર. (૨) જે ઉદાર-મોક્ષના પ્રયોજનભૂત છે તે ઔદારિક શરીર. (૩) જે ઉદાર એટલે અવગાહનાની અપેક્ષાએ વિશાળ છે તે ઔદારિક શરીર છે.

**વૈક્રિય શરીર :–** જે શરીર વિવિધ રૂપો બનાવવામાં સમર્થ હોય તે વૈક્રિય શરીર છે. તે નારકી અને દેવોને જન્મથી જ હોય છે. મનુષ્ય અને તિર્યંચોને લબ્ધિથી પ્રાપ્ત થાય છે.

**આહારક શરીર :–** ચૌદ પૂર્વધર મુનિવર આહારક લબ્ધિજન્ય ઉત્તમ પુદ્‌ગલોથી જે શરીર બનાવે તે આહારક શરીર છે. તે શરીરની સહાયતાથી મુનિરાજ તીર્થંકરના દર્શનાદિ કરવા જઈ શકે છે, પ્રશ્ન પૂછીને સમાધાન પ્રાપ્ત કરી શકે છે.

**તૈજસ શરીર :–** તેજોમય પુદ્‌ગલોનું બનેલું હોય, જે આહાર પાચનનું કાર્ય કરે છે અને તેજોલબ્ધિવંત પુરુષ તેના દ્વારા તેજોલેશ્યા મૂકે છે.

**કાર્મણ શરીર :–** કર્મના પુદ્‌ગલથી બનેલું શરીર. કર્મોનું સંકલન-સંગ્રહ રાખનાર તથા સર્વ કર્મોનું સંચાલન કરનાર. કાર્મણ શરીર દ્વારા જીવ કર્મ પુદ્‌ગલોને ગ્રહણ કરીને કર્મરૂપે પરિણત કરે છે.

આ પાંચ શરીરમાં તૈજસ અને કાર્મણ શરીર સૂક્ષ્મ છે. તે અનાદિકાલથી જીવની સાથે જ હોય છે અને જીવ સિદ્ધ ન થાય ત્યાં સુધી સાથે રહે છે. ઔદારિક, વૈક્રિય અને આહારક, આ ત્રણ શરીર સ્થૂલ છે. જીવ જ્યારે એક ભવનું આયુષ્ય પૂર્ણ કરી બીજા ભવમાં ઉત્પન્ન થવા માટે ગતિ કરે છે ત્યારે તેની પાસે તૈજસ-કાર્મણ શરીર હોય છે. ત્યારપછી જ્યાં જન્મ થાય તે ગતિ અનુસાર તે જીવ સ્થૂલ શરીરનું નિર્માણ કરે

છે. મનુષ્ય કે તિર્યંચ ગતિમાં જન્મ થાય તો ઔદારિક શરીરનું અને દેવ કે નરક ગતિમાં જન્મ થાય, તો વૈક્રિય શરીરનું નિર્માણ કરે છે. આહારક શરીર, આહારક લબ્ધિ ધારક મુનિરાજને જ હોય શકે છે.

૨૪ દંડકના જીવોમાં નારકી અને દેવના કુલ ચૌદ દંડકમાં વૈક્રિય, તૈજસ અને કાર્મણ, આ ત્રણ શરીર હોય છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વનસ્પતિ, ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્ય અને યુગલિક મનુષ્ય-તિર્યંચને ઔદારિક, તૈજસ અને કાર્મણ, આ ત્રણ શરીર હોય છે. વાયુકાય અને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ, આ ચાર શરીર હોય છે અને કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોને પાંચ શરીર હોય છે.

સમુચ્ચય રીતે જીવે ગ્રહણ કરેલા બદ્ધ ઔદારિક શરીર અને બદ્ધ વૈક્રિય શરીર અસંખ્યાતા, આહારક શરીર કદાચિત્ હોય અથવા ન હોય, જો હોય તો જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ અનેક હજાર હોય છે. તૈજસ-કાર્મણ શરીર જીવોની સંખ્યા પ્રમાણે અનંત હોય છે.

જીવે છોડેલા મુક્ત ઔદારિક આદિ પાંચે શરીર અનંત હોય છે, કારણ કે એક શરીર જીવથી અલગ થાય ત્યારે તેના અનંત ખંડ થઈને લોકમાં પ્રસરી જાય છે.

આ જીવે પ્રત્યેક દંડકમાં જન્મ ધારણ કરી શરીર બનાવ્યા છે અને સમય-મર્યાદા પૂર્ણ થતાં તે શરીર છોડી દીધા છે. આમ અનંતકાલમાં જીવે અનંત શરીર ધારણ કરીને છોડયા છે. તેમ છતાં છોડેલા તે શરીર ખંડ અસંખ્યકાલ સુધી જ લોકમાં રહે છે ત્યારપછી પરિણામાંતરને પ્રાપ્ત થાય છે.

આ રીતે જીવને પ્રત્યેક જન્મમાં નવીન શરીરની પ્રાપ્તિ થાય છે અને તે છૂટી જાય છે. આ જાણી મોક્ષાર્થી સાધક, શરીર પ્રત્યે રાગ ભાવને ન્યૂન ન્યૂનતમ કરતાં શરીરાસક્તિ છોડીને આત્મ ભાવોમાં, સંયમ તપમાં પુરુષાર્થશીલ બને.

❖❖❖❖❖

# બારમું પદ : શરીર

**શરીરના પાંચ પ્રકાર :–**

**१ कइ णं भंते ! सरीरा पण्णत्ता ? गोयमा ! पंच सरीरा पण्णत्ता, तं जहा- ओरालिए, वेउव्विए, आहारए, तेयए, कम्मए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શરીરના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઔદારિક શરીર, (૨) વૈક્રિય શરીર, (૩) આહારક શરીર, (૪) તૈજસ શરીર, (૫) કાર્મણ શરીર.

**વિવેચન :–**

**जीर्यते शीर्यते इति शरीरः** । જે જીર્ણ–શીર્ણ થાય તે શરીર. જન્મથી મૃત્યુ પર્યંત નિરંતર જર્જરિત થાય, શીર્ણ થાય તે શરીર કહેવાય છે.

**(૧) ઔદારિક શરીર :–** ઔદારિક શબ્દ–ઉદાર શબ્દથી બન્યો છે. ઉદાર શબ્દના ચાર અર્થ છે– (૧) ઉદાર=પ્રધાન, (૨) ઉદાર=વિશાળ, વિસ્તૃત, (૩) ઉદાર=માંસ, મજ્જા, હાડકા વગેરે (૪) ઉદાર–સ્થૂલ.

(૧) જે શરીર પ્રધાન હોય તે ઔદારિક શરીર કહેવાય છે. તીર્થંકરો, ગણધરો આદિ ચરમ શરીરી જીવોને આ શરીર હોય છે તથા ઔદારિક શરીર દ્વારા જ જીવ મુક્તિ ગમનમાં સહાયક એવી સંયમ સાધના કરી શકે છે, માટે અન્ય શરીરોમાં તે પ્રધાન છે (૨) ઔદારિક શરીરની અવગાહના અન્ય શરીર કરતાં વધુ મોટી હોય છે. વનસ્પતિકાયિક જીવોની અપેક્ષાએ ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના હજાર યોજન છે. વૈક્રિય શરીરની અવગાહના ૫૦૦ ધનુષ્યની છે, જોકે ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના લાખ યોજનની છે પણ તે અલ્પકાળ માટે જ હોય છે, ભવ પર્યંત રહેતી નથી તેથી તેની ગણના ન કરતાં ઔદારિક શરીર જ અન્ય શરીરોમાં વિશાળ હોવાથી તેને ઉદાર–ઔદારિક શરીર કહે છે. (૩) માંસ, હાડકા, સ્નાયુ વગેરેથી બદ્ધ શરીર ઔદારિક શરીર કહેવાય છે. પાંચ શરીરમાંથી એક માત્ર ઔદારિક શરીર જ માંસ, મજ્જા, લોહી વગેરે સપ્ત ધાતુનું બનેલું હોય છે. અન્ય શરીરમાં સપ્તધાતુઓ હોતી નથી. (૪) ઔદારિક શરીર વૈક્રિયાદિ શરીરોની અપેક્ષાએ ઉદાર–સ્થૂલ પુદ્ગલોથી બનેલું હોવાથી તે ઔદારિક શરીર કહેવાય છે. આ શરીર મનુષ્ય અને તિર્યંચોને હોય છે.

**(૨) વૈક્રિય શરીર :–** વિવિધ, વિશિષ્ટ ક્રિયાઓ જે શરીર દ્વારા થઈ શકે, નાના-મોટા, દશ્ય-અદશ્ય આદિ અનેક રૂપો જે શરીર દ્વારા થઈ શકે તે વૈક્રિય કહેવાય છે. તેના બે ભેદ છે– (૧) લબ્ધિ પ્રત્યયિક (૨) ભવ પ્રત્યયિક. (૧) વિશિષ્ટ લબ્ધિના પ્રયોગથી જે શરીર વૈક્રિય પુદ્ગલ દ્વારા બનાવવામાં આવે તે **લબ્ધિ પ્રત્યયિક** વૈક્રિય શરીર કહેવાય છે. (૨) દેવ-નારકીને જે વૈક્રિય શરીર ભવના નિમિત્તથી જ પ્રાપ્ત થાય છે, તે **ભવ પ્રત્યયિક** વૈક્રિય શરીર કહેવાય છે. લબ્ધિપ્રત્યયિક વૈક્રિય શરીર મનુષ્ય અને તિર્યંચને હોય છે. ભવપ્રત્યયિક વૈક્રિય શરીર દેવ અને નારકીને હોય છે.

**(૩) આહારક શરીર :–** ચૌદ પૂર્વધર મુનિ વિશિષ્ટ પ્રયોજન માટે પોતાના યોગબળથી જે શરીરનું

નિર્માણ કરે છે, તે આહારક શરીર કહેવાય છે. આહારક લબ્ધિ પ્રાપ્ત મુનિને જ્યારે કોઈપણ જિજ્ઞાસાનું સમાધાન પ્રાપ્ત કરવાનું હોય અને તે સમયે પોતાના ક્ષેત્રમાં કેવળજ્ઞાની ભગવંત ન હોય, અન્ય ક્ષેત્રમાં હોય, જ્યાં ઔદારિક શરીરથી પહોંચી શકાય તેમ ન હોય, ત્યારે મુનિ લબ્ધિ વિશેષથી અતિ વિશુદ્ધ, સ્ફટિક સમાન નિર્મળ એક હાથનું શરીર બનાવીને તે શરીર દ્વારા તે ક્ષેત્રમાં જઈને તીર્થંકર કે કેવળી ભગવાન પાસેથી સમાધાન મેળવે છે, તે શરીર આહારક શરીર કહેવાય છે. આ શરીરનું નિર્માણ પ્રમત્ત સંયત, છટ્ઠા ગુણસ્થાનવર્તી મુનિ કરે છે.

**(૪) તૈજસ શરીર :–** સ્થૂલ શરીરની દીપ્તિ અને પ્રભાનું જે કારણ છે તે તૈજસ શરીર છે. તે સૂક્ષ્મ શરીર છે. તૈજસ શરીર તેજોમય હોવાથી ભોજનને પચાવે છે. તેજના વિકારરૂપ હોવાથી તે તૈજસ શરીર કહેવાય છે. તે બે પ્રકારનું છે– **(૧) અનિઃસરણાત્મક–** સ્થૂલ શરીરની સાથે રહીને જે આહારના પાચનનું કાર્ય કરે, તે અનિઃસરણાત્મક તૈજસ શરીર કહેવાય છે. તે ઔદારિક, વૈક્રિય, આહારક શરીરમાં તેજ, પ્રભા, કાંતિનું નિમિત્ત બને છે. અનિઃસરણાત્મક તૈજસ શરીર સર્વ સંસારી જીવને અવશ્ય હોય છે. **(૨) નિઃસરણાત્મક–** તેજોલબ્ધિના પ્રયોગથી થતું તૈજસ શરીર નિઃસરણાત્મક છે. તેમાં જે શુભ છે તે સુભિક્ષ, શાંતિ, અનુગ્રહ વગેરેનું કારણ બને છે અને અશુભ છે તે દુર્ભિક્ષ અશાંતિ, શાપ વગેરેમાં કારણ બને છે. આ શરીર લબ્ધિ પ્રત્યયિક છે, તે તેજોલબ્ધિવાન તિર્યંચ, મનુષ્ય અને દેવોને હોય છે.

**(૫) કાર્મણ શરીર :–** આઠ પ્રકારના કર્મ સમુદાયથી જે નિષ્પન્ન થાય છે તથા ઔદારિક વગેરે શરીરનું જે કારણ છે તે કાર્મણ શરીર કહેવાય છે. આ શરીર પણ સર્વ સંસારી જીવોને હોય છે.

આ પાંચે શરીરોમાં ઔદારિક શરીર સ્વલ્પ પુદ્ગલોનું બને છે અને તે સૌથી વધુ સ્થૂલ છે અર્થાત્ તેમાં પોલાણ ભાગ વધુ છે. ત્યાર પછીના શરીરો ક્રમશઃ સૂક્ષ્મ-સૂક્ષ્મતર હોવાથી અધિક-અધિકતર પુદ્ગલના બનેલા હોય છે. અંતિમ ત્રણે શરીર આંખથી દષ્ટિગોચર થતા નથી, પરમાવધિજ્ઞાની કે કેવળ જ્ઞાની જ તેને જોઈ શકે છે. વૈક્રિય શરીર ચર્મચક્ષુથી દષ્ટિગોચર અને અદષ્ટિગોચર બંને પ્રકારના હોય છે.

**ચોવીસ દંડકવર્તી જીવોના શરીર :–**

**२ णेरइयाणं भंते ! कइ सरीरा पण्णत्ता ? गोयमा ! तओ सरीरा पण्णत्ता, तं जहा- वेउव्विए, तेयए, कम्मए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નારકીઓને કેટલા શરીર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નારકીઓને ત્રણ શરીર હોય છે, તે આ પ્રમાણે છે– (૧) વૈક્રિય, (૨) તૈજસ, (૩) કાર્મણ.

**३ असुरकुमाराणं भंते ! कइ सरीरा पण्णत्ता ? गोयमा ! तओ सरीरा पण्णत्ता, तं जहा- वेउव्विए तेयए कम्मए । एवं तिण्णि तिण्णि एए चेव सरीरा *जाव* थणियकुमाराणं भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવોને કેટલા શરીર હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેને ત્રણ શરીર હોય છે, તે આ પ્રમાણે છે– (૧) વૈક્રિય, (૨) તૈજસ, (૩) કાર્મણ. આ જ રીતે સ્તનિતકુમાર સુધીના દેવોને આ જ ત્રણ-ત્રણ શરીર હોય છે.

**४ पुढवीकाइयाणं भंते ! कइ सरीरा पण्णत्ता ? गोयमा ! तओ सरीरा पण्णत्ता, तं**

**जहा- ओरालिए, तेयए, कम्मए । एवं आउ-तेउ-वणस्सकाइयाण वि एए चेव तिण्णि सरीरा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોને કેટલા શરીર હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેને ત્રણ શરીર હોય છે, તે આ પ્રમાણે છે– ઔદારિક, તૈજસ અને કાર્મણ. પૃથ્વીકાયિક જીવોની જેમ જ પાણી, અગ્નિ અને વનસ્પતિના જીવોને પણ ત્રણ-ત્રણ શરીર હોય છે.

**૫ वाउकाइयाणं भंते ! कइ सरीरा पण्णत्ता ? गोयमा ! चत्तारि सरीरा पण्णत्ता, तं जहा- ओरालिए, वेउव्विए, तेयए, कम्मए । बेइंदिय तेइंदिय चउरिंदियाणं जहा पुढवीकाइयाणं । पंचेंदियतिरिक्खजोणियाणं जहा वाउकाइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–**હે ભગવન્ ! વાયુકાયિક જીવોને કેટલા શરીર હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વાયુકાયિક જીવોને ચાર શરીર હોય છે, તે આ પ્રમાણે છે – (૧) ઔદારિક, (૨) વૈક્રિય, (૩) તૈજસ (૪) કાર્મણ. પૃથ્વીકાયિક જીવોની જેમ બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચૌરેન્દ્રિય જીવોને ઔદારિક, તૈજસ અને કાર્મણ. આ ત્રણ શરીર હોય છે. વાયુકાયની જેમ પંચેન્દ્રિય તિર્યંચોને ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ, આ ચાર શરીર હોય છે.

**૬ मणूसाणं भंते ! कइ सरीरा पण्णत्ता ? गोयमा ! पंच सरीरा पण्णत्ता, तं जहा- ओरालिए, वेउव्विए, आहारए, तेयए, कम्मए । वाणमंतराणं जोइसियाणं वेमाणियाणं जहा णेरइयाणं, वेउव्विय-तेयग-कम्मगा तिण्णि तिण्णि सरीरा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–**હે ભગવન્ ! મનુષ્યોને કેટલા શરીર હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! મનુષ્યોને પાંચ શરીર હોય છે, તે આ પ્રમાણે છે– ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ. નારકીની જેમ વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોને વૈક્રિય, તૈજસ અને કાર્મણ, આ ત્રણ-ત્રણ શરીર હોય છે.

**વિવેચન :–**

પાંચ શરીરમાંથી તૈજસ અને કાર્મણ આ બે શરીર તો સર્વ સંસારી જીવોને હોય જ છે. મનુષ્ય અને તિર્યંચોને ભવસ્વભાવથી ઔદારિક શરીર અને દેવ-નારકીને ભવસ્વભાવથી વૈક્રિય શરીર હોય છે. આહારક શરીર લબ્ધિધારી મનુષ્યોને જ હોય છે. મનુષ્ય અને તિર્યંચોમાં વૈક્રિય શરીર લબ્ધિજન્ય હોય છે. કેટલાક બાદર વાયુકાયને વૈક્રિય શરીર હોય છે તેથી તેમાં ચાર શરીર હોય છે.

**૨૪ દંડકમાં પાંચ શરીર :–**

| નારકી–દેવતા | પૃથ્વી, પાણી, અગ્નિ, વનસ્પતિ, વિકલેન્દ્રિય | વાયુકાય, તિર્યંચ પંચેન્દ્રિય | મનુષ્ય |
|---|---|---|---|
| ૩ શરીર<br>વૈક્રિય, તૈજસ, કાર્મણ | ૩ શરીર<br>ઔદારિક, તૈજસ, કાર્મણ | ૪ શરીર<br>ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ | ૫ શરીર<br>ઔદારિક, વૈક્રિય,આહારક, તૈજસ,કાર્મણ |

**ઔદારિક શરીર સંખ્યા પરિમાણ :–**

**૭ केवइया णं भंते ! ओरालियसरीरा पण्णत्ता ?**

**गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे ते बद्धेल्लया ते णं असंखेज्जा, असंखेज्जाहिं उस्सप्पिणी ओसप्पिणीहिं अवहीरंति कालओ, खेत्तओ असंखेज्जा लोगा । तत्थ णं जे से मुक्केल्लया ते णं अणंता, अणंताहिं उस्सप्पिणी ओसप्पिणीहिं अवहीरंति कालओ, खेत्तओ अणंता लोगा, दव्वओ अभवसिद्धिएहिं अणंतगुणा, सिद्धाणं अणंतभागो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઔદારિક શરીરના બે પ્રકાર છે. બદ્ધેલક–બદ્ધ ઔદારિક શરીર અને મુક્કેલગ–મુક્ત ઔદારિક શરીર. તેમાં બદ્ધ ઔદારિક શરીર અસંખ્યાત છે. તે કાળની અપેક્ષાએ અસંખ્યાત ઉત્સર્પિણી- અવસર્પિણી કાલમાં અપહૃત થાય તેટલા છે અને ક્ષેત્રની અપેક્ષાએ અસંખ્યાત લોક પ્રમાણ છે. જે મુક્ત ઔદારિક શરીર છે, તે અનંત છે. કાળથી અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી કાલમાં અપહૃત થાય તેટલા છે. ક્ષેત્રથી અનંત લોકપ્રમાણ–લોકપ્રદેશ તુલ્ય છે. દ્રવ્યની અપેક્ષાએ મુક્ત ઔદારિક શરીરની સંખ્યા અભવ્ય જીવોથી અનંત ગુણ અધિક અને સિદ્ધોના અનંતમા ભાગ પ્રમાણ છે.

**વિવેચન :–**

આ સૂત્રમાં બદ્ધ ઔદારિક શરીર અને મુક્ત ઔદારિક શરીરની સંખ્યાનું પરિમાણ બતાવ્યું છે અર્થાત્ વર્તમાનકાલિક ઔદારિક શરીર અને ભૂતકાલિક મુક્ત ઔદારિક શરીર સંખ્યાની વિચારણા છે.

**બદ્ધેલક–બદ્ધ શરીર :–** વર્તમાનમાં જીવે જે શરીર ધારણ કર્યું હોય, તે શરીર બદ્ધેલક(બદ્ધ) શરીર કહેવાય છે. વર્તમાન ભવની જેટલી સ્થિતિ હોય તેટલા સમય સુધી તે બદ્ધેલક શરીરરૂપે રહે છે.

**મુક્કેલગ–મુક્ત શરીર :–** જીવે પૂર્વભવમાં જે શરીરો ગ્રહણ કરીને છોડી દીધા છે, વર્તમાન ભવની સ્થિતિ પૂર્ણ થતાં જીવ જે શરીરને છોડી દે છે, તે છૂટેલા શરીરો મુક્કેલગ–મુક્ત શરીર કહેવાય છે. તે શરીર ખંડ-ખંડ થઈ જાય તોપણ જ્યાં સુધી ઔદારિકાદિપણાનો ત્યાગ ન કરે ત્યાં સુધી તે શરીર ખંડો તે જીવના મુક્કેલગ શરીર કહેવાય છે.

અસંખ્યાત કાળ સુધી તે પુદ્ગલ તે શરીર રૂપે (અનંત ખંડ-ખંડ થઈને) રહે છે અર્થાત્ મુક્કેલગ શરીરની ઉત્કૃષ્ટ સ્થિતિ અસંખ્યાત કાલની છે. તેટલા કાલ સુધી તે મુક્ત પુદ્ગલ બીજા કોઈ પ્રયોગ પરિણત કે વિસ્રસા પરિણત થયા વિના અને કોઈ શરીરના બદ્ધેલક થયા વિના રહી શકે છે. તે પુદ્ગલો દ્રવ્ય નિક્ષેપથી ઔદારિક શરીર કહેવાય છે. અહીં તેને મુક્કેલગ ઔદારિક શરીર કહ્યા છે.

**ઔદારિક શરીર પરિમાણ :–** બદ્ધેલક ઔદારિક શરીર અસંખ્યાત અને મુક્ત ઔદારિક શરીર અનંત છે. અસંખ્યાત અને અનંતની આ રાશિને સૂત્રકારે કાલથી, ક્ષેત્રથી અને દ્રવ્યથી સમજાવી છે.

**કાલથી બદ્ધ ઔદારિક શરીર પરિમાણ :–** બદ્ધ ઔદારિક શરીર અસંખ્યાત છે. તે અસંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણીના જેટલા સમય છે તેટલા જાણવા અર્થાત્ અસત્ કલ્પનાથી પ્રત્યેક સમયે એક-એક બદ્ધેલક શરીરને દૂર કરવામાં આવે તો અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ વ્યતીત થાય ત્યારે બધા બદ્ધેલક ઔદારિક શરીર દૂર થાય. કાળની અપેક્ષાએ અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીના જેટલા સમય છે તેટલા બદ્ધ ઔદારિક શરીર છે.

**ક્ષેત્રથી બદ્ધ ઔદારિક શરીર પરિમાણ :–** ક્ષેત્રની અપેક્ષાએ અસંખ્યાત લોક પ્રમાણ છે અર્થાત્ એક-એક ઔદારિક શરીરને લોકમાં રહેલા એક-એક આકાશ પ્રદેશ પર સ્થાપિત કરવામાં આવે તો આખા લોકના સર્વ આકાશપ્રદેશ તો બદ્ધ ઔદારિક શરીરથી વ્યાપ્ત થઈ જાય અને આ લોક જેવડા બીજા અસંખ્યાત લોકના આકાશપ્રદેશ પણ બદ્ધ ઔદારિક શરીરથી વ્યાપ્ત થઈ જાય અર્થાત્ અસંખ્યાત લોકના જેટલા આકાશપ્રદેશ છે, તેટલા બદ્ધેલક ઔદારિક શરીર છે.

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય કે વનસ્પતિમાં અનંત જીવ છે, તો તેના બદ્ધ ઔદારિક શરીર અસંખ્યાત કેમ હોય શકે ? તેનું સમાધાન એ છે કે વનસ્પતિમાં નિગોદ(સાધારણ વનસ્પતિ)માં એક-એક શરીરમાં અનંત-અનંત જીવો રહે છે. તેઓને જુદા-જુદા ઔદારિક શરીર હોતા નથી માટે જીવો અનંત છે પણ તેના ઔદારિક શરીર અસંખ્યાતા જ છે.

**મુક્ત ઔદારિક શરીર પરિમાણ :–** મુક્ત ઔદારિક શરીર અનંત છે. બદ્ધ ઔદારિક શરીર અસંખ્ય છે તેમ છતાં મુક્ત ઔદારિક શરીર અનંત છે કારણ કે એક મુક્ત ઔદારિક શરીર અનંત સ્કંધોમાં વિભાજિત થઈ જાય છે. તે સ્કંધો જ્યાં સુધી ઔદારિકપણાનો ત્યાગ કરે નહીં, બીજા પરિણામે પરિણત થાય નહીં, ત્યાં સુધી તે વિભાજિત થયેલા અનંત સ્કંધો ઔદારિક શરીરના મુક્કેલગ કહેવાય છે, તેથી એક-એક ઔદારિક શરીરના અનંત મુક્કેલગ છે. તે જ રીતે વૈક્રિય શરીર કે આહારક શરીરના મુક્કેલગ પણ અનંત છે.

**કાળથી મુક્ત ઔદારિક શરીર પરિમાણ :–** કાળની અપેક્ષાએ મુક્ત ઔદારિક શરીર અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીના જેટલા સમય છે તેટલા જાણવા. પ્રત્યેક સમયે એક એક મુક્ત ઔદારિક શરીરનો અપહાર કરવામાં આવે તો અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી પસાર થઈ જાય છે.

**ક્ષેત્રથી મુક્ત ઔદારિક શરીર પરિમાણ :–** ક્ષેત્રની અપેક્ષાએ મુક્ત ઔદારિક શરીર અનંત લોક પ્રમાણ છે. એક લોકના અસંખ્યાત આકાશપ્રદેશ છે. તેવા અનંત લોકના આકાશપ્રદેશ પ્રમાણ મુક્કેલગ ઔદારિક શરીર હોય છે.

**દ્રવ્યથી મુક્ત ઔદારિક શરીર પરિમાણ :–**દ્રવ્યની અપેક્ષાએ મુક્ત ઔદારિક શરીર અભવ્ય જીવોથી અનંતગુણ અધિક અને સિદ્ધોના અનંતમા ભાગ પ્રમાણ હોય છે.

**વૈક્રિય શરીર સંખ્યા પરિમાણ :–**

**૮** केवइया णं भंते ! वेउव्वियसरीरा पण्णत्ता ?

**गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे ते बद्धेल्लया ते णं असंखेज्जा, असंखेज्जाहिं उस्सप्पिणीओसप्पिणीहिं अवहीरंति कालओ, खेत्तओ असंखेज्जाओ सेढीओ, पयरस्स असंखेज्जइभागो । तत्थ णं जे ते मुक्केल्लया ते णं अणंता, अणंताहिं उस्सप्पिणी-ओसप्पिणीहिं अवहीरंति कालओ, सेसं जहा ओरालियस्स मुक्केल्लया तहा एते वि भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈક્રિય શરીરના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વૈક્રિય શરીરના બે પ્રકાર છે. (૧) બદ્ધેલક–બદ્ધ (૨) મુક્કેલગ–મુક્ત. બદ્ધ વૈક્રિય શરીર અસંખ્યાત છે. કાળની અપેક્ષાએ અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી દ્વારા અપહૃત થાય

છે. ક્ષેત્રથી તે પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્યાત શ્રેણી પ્રમાણ છે. મુક્ત વૈક્રિય શરીર અનંત છે. કાળથી તે અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી દ્વારા અપહૃત થાય છે. શેષ કથન ઔદારિક શરીર પ્રમાણે જાણવું.

**વિવેચન :–**

દેવો અને નારકીને ભવ પર્યંત બદ્ધ વૈક્રિય શરીર હોય છે. મનુષ્ય અને તિર્યંચમાં વૈક્રિય લબ્ધિધારી મનુષ્ય કે તિર્યંચ જેટલો સમય વૈક્રિય શરીર બનાવે તેટલો સમય બદ્ધ વૈક્રિય શરીર હોય છે અને તે શરીર છૂટી જાય પછી તે મુક્ત વૈક્રિય શરીર કહેવાય છે.

**વૈક્રિય શરીર પરિમાણ :–** બદ્ધ વૈક્રિય શરીર અસંખ્યાત છે. મુક્ત વૈક્રિય શરીર અનંત છે.

**કાળથી બદ્ધ વૈક્રિય શરીર :–** કાળની અપેક્ષાએ અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીના જેટલા સમય છે, તેટલા બદ્ધ વૈક્રિય શરીર છે. સમયે સમયે એક બદ્ધ વૈક્રિય શરીરને દૂર કરવામાં આવે તો અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાલ વ્યતીત થાય, તેટલા બદ્ધ વૈક્રિય શરીર છે.

**ક્ષેત્રથી બદ્ધ વૈક્રિય શરીર :–** ક્ષેત્રની અપેક્ષાએ અસંખ્યાત શ્રેણી પ્રમાણ બદ્ધ વૈક્રિય શરીર છે. તે શ્રેણીઓ પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જાણવી. ઘનીકૃત લોકના એક પ્રતરના અસંખ્યાતમા ભાગમાં જેટલી શ્રેણીઓ હોય અને તે શ્રેણીઓમાં જેટલા આકાશપ્રદેશ હોય તેટલા બદ્ધ વૈક્રિય શરીર હોય છે.

**મુક્ત વૈક્રિય શરીર પરિમાણ :–** મુક્ત વૈક્રિય શરીર અનંત છે. ઔદારિક મુક્ત શરીરની જેમ જ **કાળથી** અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીના સમય પ્રમાણ, **ક્ષેત્રથી** અનંત લોકના આકાશ પ્રદેશ પ્રમાણ અને **દ્રવ્યથી** અભવ્ય જીવોથી અનંતગુણ અધિક અને સિદ્ધોના અનંતમા ભાગ પ્રમાણ મુક્ત વૈક્રિય શરીર હોય છે.

પ્રસ્તુત સૂત્રોમાં અનેક સ્થાને બદ્ધ–મુક્ત શરીરોનું પ્રમાણ ઘનીકૃત લોક, શ્રેણી, પ્રતર વગેરેના આધારે સમજાવ્યું છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે.

**ઘનીકૃત લોક, પ્રતર અને શ્રેણી :–** લોકનો આકાર બે પગ પહોળા રાખીને, કમ્મર ઉપર બે હાથ રાખી ફૂદરડી ફરતા પુરુષની આકૃતિ જેવો સર્વત્ર ગોળાકાર છે. લોક નીચેથી ઉપર ૧૪ રાજુ પ્રમાણ છે અને લંબાઈ-પહોળાઈમાં નીચે ૭ રાજૂ, મધ્યમાં ૧ રાજૂ, પાંચમા દેવલોક પાસે ૫ રાજૂ અને ઉપર લોકાંતે ૧ રાજૂ છે.

અસત્કલ્પનાથી તેના જુદા-જુદા વિભાગો કરીને જોડવામાં આવે તો તે ૭ રાજૂ લાંબો-પહોળો અને ૭ રાજૂ જાડાઈવાળો **ઘનીકૃત લોક** થાય છે. (આકૃતિ સાથે સમજવા માટે જુઓ– ***અનુયોગ દ્વાર સૂત્ર પેઈજ નં. ૩૩૪–૩૩૫***) તેની ૭ રાજૂની જાડાઈમાં એકપ્રદેશી જાડાઈવાળા અસંખ્ય પ્રતર(૭ રાજૂ લાંબા-પહોળા) થાય છે અને તે દરેક પ્રતરમાં એકપ્રદેશી પહોળી અને ૭ રાજૂ લાંબી અસંખ્ય શ્રેણીઓ થાય છે. તે દરેક શ્રેણીમાં અસંખ્ય આકાશપ્રદેશો હોય છે.

**દૃષ્ટાંત :–** કોઈ એક પુસ્તક આઠ ઈંચ લાંબું, ૬ ઈંચ પહોળું અને ૨ ઈંચ જાડાઈવાળું હોય તે ઘન રૂપ છે. તે પુસ્તકના એક-એક પાના પ્રતર રૂપ છે, તે પાનાની એક-એક લાઈન શ્રેણી રૂપ છે, તે લાઈનના એક-એક અક્ષર પ્રદેશ રૂપ છે.

**આહારક શરીર સંખ્યા પરિમાણ :–**

**૧ केवइया णं भंते ! आहारगसरीरा पण्णत्ता ?**

**गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे ते बद्धेल्लया ते णं सिय अत्थि सिय णत्थि, जइ अत्थि जहण्णेणं एगो वा दो वा तिण्णि वा, उक्कोसेणं सहस्सपुहत्तं । तत्थ णं जे ते मुक्केल्लया ते णं अणंता, जहा ओरालियसरीरस्स मुक्केल्लया तहा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આહારક શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આહારક શરીરના બે પ્રકાર છે– બદ્ધ અને મુક્ત. તેમાંથી બદ્ધ આહારક શરીર ક્યારેક હોય, ક્યારેક હોતા નથી. જ્યારે હોય ત્યારે જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ અનેક હજાર (પરંપરાથી– બે થી નવ હજાર) હોય છે. મુક્ત આહારક શરીર અનંત છે. તે ઔદારિક શરીર પ્રમાણે જાણવા.

**વિવેચન :–**

લબ્ધિધારી, ચૌદપૂર્વી સાધુને જ આહારક શરીર હોય છે અને તે પણ જ્યારે બનાવે ત્યારે જ હોય છે. તેની સમય મર્યાદા પણ અલ્પ છે અને સંખ્યા પણ નિયત છે. આહારક શરીરનો વિરહ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસનો છે અર્થાત્ ક્યારેક છમાસ પર્યંત આહારક શરીર હોતું નથી.

**બદ્ધ આહારક શરીરનું પરિમાણ :–** જ્યારે હોય ત્યારે જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ અનેક હજાર હોય છે અર્થાત્ બે હજાર થી નવ હજાર સુધીની કોઈપણ સંખ્યામાં હોય છે.

**મુક્ત આહારક શરીરનું પરિમાણ :–** મુક્ત ઔદારિક શરીરની સમાન તે અનંત હોય છે. અનંતના અનંત ભેદ છે. વાસ્તવમાં મુક્ત ઔદારિક શરીરથી અનંતમા ભાગ જેટલા મુક્ત આહારક હોય છે.

**તૈજસ–કાર્મણ શરીર સંખ્યા પરિમાણ :–**

**१०** केवइया णं भंते ! तेयगसरीरा पण्णत्ता ?

**गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे ते बद्धेल्लया ते णं अणंता, अणंताहिं उस्सप्पिणीओसप्पिणीहिं अवहीरंति कालओ, खेत्तओ अणंता लोगा, दव्वओ सिद्धेहिंतो अणंतगुणा सव्वजीवाणं अणंतभागूणा । तत्थ णं जे ते मुक्केल्लया ते णं अणंता, अणंताहिं उस्सप्पिणीओसप्पिणीहिं अवहीरंति कालओ, खेत्तओ अणंता लोगा, दव्वओ सव्वजीवेहिं अणंतगुणा जीववग्गस्स अणंतभागो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તૈજસ શરીરના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** તૈજસ શરીરના બે પ્રકાર છે– બદ્ધ અને મુક્ત. તેમાં બદ્ધ તૈજસ શરીર અનંત છે. તે **કાળથી** અનંત ઉત્સર્પિણી અવસર્પિણીથી અપહૃત થાય છે. **ક્ષેત્રથી** અનંત લોકપ્રમાણ છે, દ્રવ્યથી સિદ્ધો કરતાં અનંતગુણ અધિક અને સર્વ જીવોથી અનંતમા ભાગે ન્યૂન છે.

મુક્ત તૈજસ શરીર પણ અનંત છે. તે કાળથી અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીથી અપહૃત થાય છે. ક્ષેત્રથી અનંત લોકપ્રમાણ છે. દ્રવ્યથી સર્વ જીવોથી અનંતગુણ અધિક અને જીવવર્ગના અનંતમા ભાગે છે.

**११** **केवइया णं भंते ! कम्मयसरीरा पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा-**

**बद्धेल्लया य मुक्केल्लया य । जहा तेयगसरीरा तहा कम्मगसरीरा वि भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાર્મણ શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કાર્મણ શરીરના બે પ્રકાર છે. બદ્ધ અને મુક્ત. જે રીતે તૈજસ શરીરની વક્તવ્યતા પૂર્વે કહી છે તે જ રીતે કાર્મણ શરીર માટે કહેવું.

**વિવેચન :–**

**બદ્ધ તૈજસ શરીર પરિમાણ :–** બદ્ધ તૈજસ શરીર અનંત છે. સર્વ સંસારી જીવને તૈજસ શરીર સ્વતંત્ર– પોતપોતાનું હોય છે. સાધારણ શરીરી નિગોદના જીવોને ઔદારિક શરીર સાધારણ હોય છે એટલે કે અનંતજીવોનું એક ઔદારિક શરીર હોય છે, જ્યારે તૈજસ-કાર્મણ શરીર પોત-પોતાના અલગ-અલગ હોય છે. તેથી જેટલા સંસારી જીવ છે, તેટલા જ બદ્ધ તૈજસ શરીર હોય છે. તેની સંખ્યા અનંત છે. **(૧) કાળથી** તે અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણીના જેટલા સમય છે તેટલા તૈજસ શરીર છે. **(૨) ક્ષેત્રથી** અનંત લોકપ્રમાણ છે અર્થાત્ અનંતલોકના જેટલા આકાશપ્રદેશ છે તેટલા બદ્ધ તૈજસ શરીર છે. **(૩) દ્રવ્યથી** સિદ્ધ જીવોથી અનંતગુણ અધિક અને સર્વ જીવો કરતાં અનંતમા ભાગે ન્યૂન હોય છે.

તૈજસ શરીર સર્વ સંસારી જીવને અવશ્ય હોય છે. સંસારી જીવો સિદ્ધો કરતાં અનંત ગુણ અધિક છે, તેથી બદ્ધ શરીર પણ સિદ્ધ કરતાં અનંત ગુણ અધિક થાય છે. સર્વ જીવ રાશિમાંથી સિદ્ધ જીવોને તૈજસ કાર્મણ શરીર ન હોય, સિદ્ધો સર્વ જીવ રાશિથી અનંતમા ભાગ જેટલા ન્યૂન છે, તેથી તે ઓછા કરતાં તૈજસ શરીર સર્વ જીવોના અનંતમા ભાગે ન્યૂન થાય છે. આ રીતે બદ્ધ તૈજસ શરીર સિદ્ધોથી અનંત ગુણ અધિક અથવા સર્વ જીવરાશિના અનંતમા ભાગે ન્યૂન હોય છે.

**તૈજસ કાર્મણ શરીરના મુક્કેલગ :–** આ બંને શરીર જીવ સાથે અનાદિકાલથી છે. જીવ જ્યારે સિદ્ધ થાય ત્યારે જ તે આ બે શરીરને છોડે છે, તો પ્રશ્ન થાય છે કે સિદ્ધ થયા પહેલાં જીવને તૈજસ કાર્મણ શરીરના મુક્કેલગ કેમ હોય ? સમાધાન એ છે કે શરીરધારી જીવના ઔદારિક, તૈજસ, કાર્મણ આદિ શરીરના પુદ્ગલ સમયે-સમયે ક્ષીણ થતા રહે છે. તેમાં ચય અને ઉપચય થતા રહે છે, તેથી તે શરીરના જીર્ણ-શીર્ણ અને ત્યક્ત પુદ્ગલ લોકમાં રહે છે. માટે દરેક જીવને તૈજસ, કાર્મણ શરીરના મુક્કેલગ અનંત હોય છે.

**મુક્ત તૈજસ શરીર પરિમાણ :–** મુક્ત તૈજસ શરીર પણ અનંત છે. **(૧) કાળથી** તે અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીના સમય પ્રમાણ છે, **(૨) ક્ષેત્રથી** અનંત લોક પ્રમાણ છે અર્થાત્ અનંત લોકના જેટલા આકાશપ્રદેશ છે, તેટલા મુક્ત તૈજસ શરીર છે. **(૩) દ્રવ્યથી** મુક્ત તૈજસ શરીર સર્વ જીવોથી અનંતગુણ અધિક છે. તેમજ સર્વ જીવ વર્ગના અનંતમા ભાગ પ્રમાણ છે અર્થાત્ સર્વ જીવ સંખ્યાને તે જ સંખ્યાથી ગુણતાં જે રાશિ પ્રાપ્ત થાય, તેના અનંતમા ભાગ જેટલા તૈજસના મુક્ત શરીર છે.

પ્રત્યેક જીવે ભૂતકાળમાં અનંત-અનંત તૈજસ શરીરોને છોડ્યા છે. જીવ તે શરીરને છોડી દે પછી અસંખ્યાતકાળ સુધી તૈજસ પુદ્ગલ રૂપે તે મુક્ત તૈજસ શરીર રહી શકે છે. પ્રત્યેક જીવના મુક્ત તૈજસ શરીર અનંત હોવાથી તેની સંખ્યા સમસ્ત જીવોથી અનંતગુણી અધિક થાય છે. બીજી રીતે કહેવું હોય તો એમ કહી શકાય કે જીવોની વર્ગ સંખ્યાના અનંતમા ભાગ પ્રમાણ છે.

કોઈપણ રાશિને તે જ રાશિથી ગુણવામાં આવે તે વર્ગ કહેવાય છે. જેમ કે ૪×૪ = ૧૬. આ ૧૬ સંખ્યા ચારનો વર્ગ કહેવાય. જીવરાશિને જીવરાશિથી ગુણવાથી જે રાશિ પ્રાપ્ત થાય તે જીવવર્ગ કહેવાય.

સર્વ જીવરાશિને આપણે ૧૦,૦૦૦ કલ્પીએ અને અનંતની જગ્યાએ ૧૦૦ કલ્પીએ. મુક્ત તૈજસ શરીર સર્વ જીવથી અનંતગુણ અધિક છે. સર્વ જીવ એટલે ૧૦૦૦૦ અને અનંત એટલે ૧૦૦ ને ગુણતા ૧૦૦૦૦× ૧૦૦ = ૧૦૦૦૦૦૦ (૧૦ લાખ) થાય છે. અન્ય રીતે જોઈએ તો સર્વ જીવરાશિના વર્ગના અનંતમા ભાગે છે. સર્વ જીવરાશિનો વર્ગ એટલે ૧૦,૦૦૦ × ૧૦,૦૦૦ = ૧૦૦૦૦૦૦૦ (૧૦ કરોડ) જીવવર્ગ થાય અને તેનો અનંતમો ભાગ એટલે ૧૦૦ મો ભાગ અર્થાત્ ૧૦ કરોડ ÷ ૧૦૦ = ૧૦ લાખ. ૧૦ લાખ તે ૧૦ કરોડનો ૧૦૦ મો ભાગ થાય. આમ સર્વ જીવવર્ગના અનંતમા ભાગ પ્રમાણ મુક્ત તૈજસ શરીર જાણવા. **દ્રવ્યની અપેક્ષાએ** મુક્ત તૈજસ શરીર સર્વ જીવોથી અનંતગણા છે અથવા સર્વ જીવવર્ગના અનંતમા ભાગે છે. આ બંને કથનનું તાત્પર્ય એક જ છે, કથનમાં ભિન્નતા છે અર્થમાં નહીં.

કાર્મણ શરીર પણ સર્વ સંસારી જીવોને હોય છે, તૈજસ અને કાર્મણ બંને શરીર સાથે જ રહે છે તેથી બંનેનું સંખ્યા પરિમાણ સમાન છે.

**ઔધિક બદ્ધ મુક્ત પાંચ શરીર :–**

| શરીર | બદ્ધ | મુક્ત |
|---|---|---|
| ૧. ઔદારિક | **અસંખ્યાત**<br>**ક્ષેત્રથી–** અસંખ્યાત લોક પ્રમાણ<br>**કાલથી–** અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણીના સમય પ્રમાણ | **અનંત**<br>**દ્રવ્યથી–** અભવ્ય જીવોથી અનંતગુણા, સિદ્ધ જીવોના અનંતમા ભાગ પ્રમાણ<br>**ક્ષેત્રથી–** અનંત લોક પ્રમાણ<br>**કાલથી–** અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીના સમય પ્રમાણ. |
| ૨. વૈક્રિય | **અસંખ્યાત**<br>**ક્ષેત્રથી–** ઘનીકૃત લોક પ્રતરના અસંખ્યાતમા ભાગની શ્રેણીના આકાશ પ્રદેશ પ્રમાણ<br>**કાલથી–** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીના સમય પ્રમાણ | **અનંત**<br>મુક્ત ઔદારિક વત્ |
| ૩ આહારક | ક્યારેક હોય, ક્યારેક ન હોય,<br>હોય તો જઘન્ય–૧, ૨, ૩ ઉત્કૃષ્ટ અનેક હજાર | **અનંત**<br>મુક્ત ઔદારિક વત્ |
| ૪-૫ તૈજસકાર્મણ | **અનંત**<br>**દ્રવ્યથી–** સિદ્ધ જીવોથી અનંતગુણા, સર્વ જીવોના અનંતમા ભાગ પ્રમાણ<br>**ક્ષેત્રથી–** અનંત લોક પ્રમાણ<br>**કાલથી–** અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીના સમય પ્રમાણ | **અનંત**<br>**દ્રવ્યથી–** સર્વ જીવોથી અનંતગુણા, અથવા જીવ વર્ગના અનંતમા ભાગ પ્રમાણ<br>**ક્ષેત્રથી–** અનંત લોક પ્રમાણ<br>**કાલથી–** અનંત ઉત્સર્પિણી–અવસર્પિણીના સમય પ્રમાણ |

**નારકોમાં પાંચે શરીરનું સંખ્યા પરિમાણ :-**

**१२ णेरइयाणं भंते ! केवइया ओरालियसरीरा पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे ते बद्धेल्लया ते णं णत्थि । तत्थ णं**

**जे ते मुक्केल्लया ते अणंता, जहा ओहिया ओरालिया तहा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવોને કેટલા ઔદારિક શરીર હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઔદારિક શરીરના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– બદ્ધ અને મુક્ત. તેમાંથી બદ્ધ ઔદારિક શરીર નારકીઓને હોતા નથી અને મુક્ત ઔદારિક શરીરનું કથન ઔઘિક ઔદારિક શરીર પ્રમાણે જાણવું અર્થાત્ નારકીઓના મુક્ત ઔદારિક શરીર અનંત છે.

**१३ णेरइयाणं भंते ! केवइया वेउव्वियसरीरा पण्णत्ता ?**

**गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे ते बद्धेल्लया ते णं असंखेज्जा, असंखेज्जाहिं उस्सप्पिणीओसप्पिणीहिं अवहीरंति कालओ, खेत्तओ असंखेज्जाओ सेढीओ, पयरस्स असंखेज्जइभागो । तासि णं सेढीणं विक्खंभसूई अंगुलपढमवग्गमूलं बितियवग्गमूलपडुप्पण्णं, अहवा णं अंगुलबितियवग्गमूल घणपमाण- मेत्ताओ सेढीओ । तत्थ णं जे ते मुक्केल्लया ते णं जहा ओहिया ओरालियसरीरा तहा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નારકીઓને વૈક્રિય શરીર કેટલા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નારકીઓને વૈક્રિય શરીર બે પ્રકારના છે– (૧) બદ્ધ (૨) મુક્ત. તેમાં બદ્ધ વૈક્રિય શરીર અસંખ્યાત છે. (૧) કાળથી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળના સમય પ્રમાણ, (૨) ક્ષેત્રથી અસંખ્યાત શ્રેણી પ્રમાણ છે. તે શ્રેણીઓ પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. તે શ્રેણીઓની વિષ્કંભસૂચી–પહોળાઈ અંગુલ પ્રદેશના પ્રથમ વર્ગમૂળને બીજા વર્ગમૂળથી ગુણિત કરતાં જે રાશિ નિષ્પન્ન થાય તેટલા પ્રદેશ પ્રમાણ હોય છે અથવા અંગુલના બીજા વર્ગમૂળના ઘનપ્રમાણ શ્રેણીઓ જાણવી અર્થાત્ અંગુલના બીજા વર્ગમૂળ પ્રમાણ આકાશ પ્રદેશોને ત્રણ વાર ગુણવાથી જે રાશિ થાય તેટલી શ્રેણીઓ અને તે શ્રેણીઓના પ્રદેશ તુલ્ય નારકીના બદ્ધ વૈક્રિય શરીર જાણવા. મુક્ત વૈક્રિય શરીર ઔઘિક મુક્ત ઔદારિક શરીર જેટલા છે.

**१४ णेरइयाणं भंते ! केवइया आहारगसरीरा पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे ते बद्धेल्लया ते णं णत्थि । तत्थ णं जे ते मुक्केल्लया ते जहा ओहिया ओरालिया तहा भाणियव्वा । तेयग-कम्मगसरीरा जहा एतेहिं चेव वेउव्वियसरीरा तहा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નારકીઓને કેટલા આહારક શરીર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આહારક શરીરના બે પ્રકાર છે. બદ્ધ અને મુક્ત. નારકીઓને બદ્ધ આહારક શરીર નથી. મુક્ત આહારક શરીરનું કથન ઔઘિક મુક્ત ઔદારિક શરીર પ્રમાણે જાણવું. નારકીના વૈક્રિય શરીરના વિષયમાં કહ્યું તે જ પ્રમાણે તૈજસ–કાર્મણ શરીર માટે જાણવું.

**વિવેચન :-**

આ સૂત્રોમાં નારકીઓના બદ્ધ અને મુક્ત પાંચે શરીરનું પરિમાણ બતાવ્યું છે.

**નારકીના ઔદારિક શરીર :–** નારકીઓ વૈક્રિય શરીરધારી છે, તેથી તે જીવોને બદ્ધ ઔદારિક શરીર હોતું નથી. પૂર્વ પ્રજ્ઞાપના નયની અપેક્ષાએ નારકીઓને ઔદારિક શરીર હોય છે. નારકીઓ પૂર્વભવમાં મનુષ્ય કે તિર્યંચ પર્યાયમાં હોય ત્યારે તેમને ઔદારિક શરીર હોય છે. તે ઔદારિક શરીરને છોડીને નારક પર્યાયમાં આવે છે. છોડેલા તે ઔદારિક શરીરના ખંડ-ખંડ થઈ જાય, તોપણ તે નારકીના મુક્કેલગ ઔદારિક શરીર જ કહેવાય છે. કારણ કે જ્યાં સુધી તે ખંડો અન્ય વર્ગણા રૂપે પરિણત ન થાય ત્યાં સુધી તે ઔદારિક શરીરના મુક્કેલગ જ કહેવાય છે; તેથી નારકીઓને મુક્ત ઔદારિક શરીર અનંત હોય છે. તે અનંતની સંખ્યા સામાન્ય જીવના મુક્ત ઔદારિક શરીર પ્રમાણ હોય છે.

**નારકીના વૈક્રિયશરીર :–** નારકીઓને જન્મથી જ વૈક્રિય શરીર હોય છે, તેથી જેટલા નારકી તેટલા બદ્ધ વૈક્રિય શરીર હોય. નારકીઓ અસંખ્યાત છે અને પ્રત્યેકને પોત-પોતાનું વૈક્રિય શરીર હોવાથી બદ્ધ વૈક્રિય શરીર અસંખ્યાત હોય છે. આ અસંખ્યાતનું પરિમાણ કાળ અને ક્ષેત્રથી દર્શાવ્યું છે. **કાળથી** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીના જેટલા સમય તેટલા નારકીઓના બદ્ધ વૈક્રિય શરીર છે. **ક્ષેત્રથી** ઘનીકૃત લોકની અસંખ્યાત શ્રેણી પ્રમાણ નારકીના બદ્ધ વૈક્રિય શરીર છે. અસંખ્યાત શ્રેણીનું માપ બતાવવા સૂત્રકાર કહે છે કે **'पयरस्स असंखेज्जभागो'** ઘનીકૃત લોકના એક પ્રતરના અસંખ્યાતમા ભાગમાં જેટલી શ્રેણી હોય તેટલી શ્રેણીમાં જેટલા આકાશ પ્રદેશ છે તેટલા નારકીઓના બદ્ધ વૈક્રિય શરીરો છે.તે શ્રેણીઓના સમૂહને વિષ્કંભ સૂચી કહે છે.

**વિષ્કંભસૂચી :–** વિષ્કંભ = પહોળાઈ, સૂચી = શ્રેણી. વિષ્કંભ સૂચી = શ્રેણીઓની પહોળાઈ. ઘનીકૃત લોકની એક પ્રદેશી પહોળી અને સાત રાજુ લાંબી શ્રેણી હોય છે. એવી અનેક કે અસંખ્ય શ્રેણીઓ ગ્રહણ કરવામાં આવે ત્યારે તેની જે પહોળાઈ હોય તે વિષ્કંભ સૂચી કહેવાય. જેમ કે અસત્કલ્પનાથી કોઈ દંડકના જીવોની ગણતરી માટે પચાસ શ્રેણીઓ ગ્રહણ કરવી હોય તો તે સાત રાજુ લાંબી શ્રેણિઓની વિષ્કંભ સૂચી પચાસ પ્રદેશી કહેવાય અને અસંખ્ય શ્રેણીઓ ગ્રહણ કરવી હોય તો તેની વિષ્કંભ સૂચી અસંખ્ય પ્રદેશી કહેવાય.

**નારકીના બદ્ધ વૈક્રિય શરીર માટે વિષ્કંભ સૂચીનું પ્રમાણ :–** નારકીના બદ્ધ વૈક્રિય શરીરનું પ્રમાણ બતાવવા પ્રતરના અસંખ્યાતમા ભાગમાં શ્રેણી હોય તેટલી શ્રેણીમાં રહેલા આકાશ પ્રદેશ ગ્રહણ કર્યા છે. ત્યારે પ્રશ્ન થાય કે પ્રતરના અસંખ્યાતમા ભાગમાં તો અસંખ્યાત યોજન કોટિ પ્રમાણ શ્રેણીઓ સમાવિષ્ટ થઈ શકે અને અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ શ્રેણીઓ પણ થઈ શકે, તો કેટલી આકાશ શ્રેણી ગ્રહણ કરવી ? તેના માટે શાસ્ત્રકારે તેની વિષ્કંભ સૂચી બતાવી છે. આ વિષ્કંભ સૂચીના પ્રમાણના આધારે જ અસંખ્યાત શરીરમાંથી કોના અસંખ્યાત નાના છે અને કોના અસંખ્યાત મોટા છે તે નિશ્ચિત થાય છે. ૨૪ દંડકના બદ્ધેલક શરીરોનું પરિમાણ, આ વિષ્કંભ સૂચીના આધારે બતાવ્યું છે.

તેનો આશય એ છે કે અંગુલ પ્રમાણ ક્ષેત્રમાં જે પ્રદેશ રાશિ છે, તેના અસંખ્યાત વર્ગમૂળ થાય છે. તેમાંથી પ્રથમ વર્ગમૂળને દ્વિતીય વર્ગમૂળથી ગુણતાં જે રાશિ આવે તેટલી શ્રેણી ગ્રહણ કરવી, તેટલા પ્રમાણવાળી વિષ્કંભ સૂચી અહીં ગ્રહણ કરવાની છે. આ સંખ્યા પરિમાણને સમજવા અસંખ્યેય પ્રદેશાત્મક અંગુલ ક્ષેત્રમાં અસત્કલ્પનાથી ૨૫૬ શ્રેણીઓ છે, તેમ માની લઈ એ તો ૨૫૬નું પ્રથમ વર્ગમૂળ ૧૬ થાય (૧૬×૧૬ = ૨૫૬) તેનું બીજું વર્ગમૂળ ૪ થાય (૪×૪ = ૧૬) અને ત્રીજું વર્ગમૂળ ૨ થાય (૨×૨ = ૪). પ્રથમ વર્ગમૂળ ૧૬ સાથે દ્વિતીય વર્ગમૂળ ૪ ને ગુણતા ૧૬×૪ = ૬૪ થાય. ૬૪ રાશિ જેટલી શ્રેણીની વિષ્કંભ સૂચી ગ્રહણ કરવાની છે.

બીજી રીતે શ્રેણીનું પ્રમાણ બતાવતા સૂત્રકારે કહ્યું છે કે અંગુલના બીજા વર્ગમૂળના ઘનપ્રમાણ શ્રેણીઓ ગ્રહણ કરવી અર્થાત્ અંગુલમાત્ર ક્ષેત્રમાં જેટલા પ્રદેશ છે, તેના બીજા વર્ગમૂળનો ઘન કરી તેટલા પ્રમાણવાળી શ્રેણી ગ્રહણ કરવી. જે રાશિનો વર્ગ હોય તેને તે જ રાશિથી ફરી ગુણતા ઘન થાય છે. અસત્કલ્પનાએ અસંખ્યાત પ્રદેશાત્મક અંગુલ ક્ષેત્રમાં ૨૫૬ શ્રેણી કલ્પી છે. તેનું પ્રથમ વર્ગમૂળ ૧૬ અને બીજું વર્ગમૂળ–૪ છે. આ બીજા વર્ગમૂળ–૪નો ઘન કરતાં ૪×૪×૪ = ૬૪ અથવા બીજું વર્ગમૂળ–૪ છે તેનો વર્ગ ૧૬ ને તે જ રાશિ એટલે ૪ થી ગુણતા–૧૬×૪ = ૬૪ થાય. ૬૪ શ્રેણી પ્રમાણ વિષ્કંભ સૂચી થાય છે. આ ૬૪ની સંખ્યા તો કલ્પનાથી છે, સિદ્ધાંત દષ્ટિએ અસંખ્યાત શ્રેણીની વિષ્કંભ સૂચી છે. તે શ્રેણીગત જેટલા આકાશ પ્રદેશો છે તેટલા નારકીના બદ્ધ વૈક્રિય શરીર છે.

નારકીના મુક્ત વૈક્રિય શરીર મુક્ત ઔદારિક શરીરની જેમ અનંત છે. નારકીને બદ્ધ આહારક શરીર નથી. મુક્ત આહારક શરીર મુક્ત ઔદારિક શરીરની જેમ અનંત છે. બદ્ધ અને મુક્ત તૈજસ-કાર્મણ શરીર, બદ્ધ-મુક્ત વૈક્રિય શરીરની સમાન છે કારણ કે આ બંને શરીર બધા જ નારકીઓને હોય છે. વૈક્રિય શરીર પણ બધા નારકીને છે, તેથી તેની સમાન તૈજસ-કાર્મણ શરીરનું વક્તવ્ય જાણવું.

**ભવનપતિદેવોમાં શરીર પરિમાણ :–**

**१५ असुरकुमाराणं भंते ! केवइया ओरालियसरीरा पण्णत्ता ? गोयमा ! जहा णेरइयाणं ओरालियसरीरा तहा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારોને કેટલા ઔદારિક શરીર છે ? **ઉત્તર–** અસુરકુમારો માટે નારકીની જેમ ઔદારિક શરીરનું કથન કરવું અર્થાત્ બદ્ધ ઔદારિક શરીર નથી. મુક્ત ઔદારિક શરીર અનંત છે, તે નારકી પ્રમાણે છે.

**१६ असुरकुमाराणं भंते ! केवइया वेउव्वियसरीरा पण्णत्ता ?**

**गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे ते बद्धेल्लया ते णं असंखेज्जा, असंखेज्जाहिं उस्सप्पिणी ओसप्पिणीहिं अवहीरंति कालओ, खेत्तओ असंखेज्जाओ सेढीओ पयरस्स असंखेज्जइभागो, तासि णं सेढीणं विक्खंभसूई अंगुलपढमवग्गमूलस्स संखेज्जइभागो । तत्थ णं जे ते मुक्केल्लया ते णं अणंता, जहा ओहिया ओरालियसरीरा तहा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારોને કેટલા વૈક્રિય શરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમારના વૈક્રિય શરીરના બે પ્રકાર કહ્યા છે, જેમકે બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ વૈક્રિય શરીર છે, તે અસંખ્યાત છે. કાળથી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીથી અપહૃત થાય છે. ક્ષેત્રથી અસંખ્યાત શ્રેણીઓ જેટલા છે અને તે શ્રેણીઓ પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. તે શ્રેણીઓની વિષ્કંભ સૂચી અંગુલના પ્રથમ વર્ગમૂળના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે. મુક્ત વૈક્રિય શરીર મુક્ત ઔદારિક શરીરની જેમ અનંત છે.

**१७ असुरकुमाराणं भंते ! केवइया आहारगसरीरा पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । जहा एएसिं चेव ओरालियसरीरा तहा**

**भाणियव्वा। तेयग-कम्मगसरीरा जहा एएसिं चेव वेउव्वियसरीरा तहा भाणियव्वा । जहा असुरकुमाराणं तहा** *जाव* **थणियकुमाराणं भाणियव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારોને કેટલા આહારક શરીર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આહારક શરીરના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– બદ્ધ અને મુક્ત. તે બંને પ્રકારના શરીરનું પ્રમાણ તેના જ ઔદારિક શરીરની સમાન જાણવું.

અસુરકુમારોના વૈક્રિય શરીરની જેમ તેના તૈજસ અને કાર્મણ શરીર સંબંધી બદ્ધ-મુક્ત શરીરની વક્તવ્યતા જાણવી. નાગકુમારથી લઈ સ્તનિતકુમાર સુધીના સર્વ ભવનવાસી દેવોના પાંચ શરીર સંબંધી કથન અસુરકુમારની જેમ જ જાણવું.

**વિવેચન :–**

નારકીની જેમ અસુરકુમારાદિ દસે પ્રકારના ભવનપતિ દેવો ભવસ્થ વૈક્રિયશરીરવાળા છે, તેથી તેમને બદ્ધ ઔદારિક શરીર હોતું નથી. પૂર્વભવોમાં ઔદારિક શરીર છોડીને આવ્યા હોવાથી તેઓને મુક્ત ઔદારિક શરીર અનંત હોય છે.

ભવનપતિ દેવોને બદ્ધ વૈક્રિય શરીર અસંખ્યાત છે. પ્રત્યેક ભવનપતિ દેવને એક-એક વૈક્રિય શરીર છે માટે જેટલી ભવનપતિ દેવોની સંખ્યા તેટલી બદ્ધ વૈક્રિય શરીરની સંખ્યા છે. તે અસંખ્યાત બદ્ધ વૈક્રિય શરીરનું પરિમાણ– **કાળથી** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીના સમય પ્રમાણ છે. **ક્ષેત્રથી** પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાત શ્રેણીઓના પ્રદેશ પ્રમાણ છે. આ શ્રેણીઓની વિષ્કંભ સૂચી પણ અંગુલ પ્રમાણ ક્ષેત્રના પ્રદેશોની રાશિના પ્રથમ વર્ગમૂળના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે. આ વિષ્કંભ સૂચી નારકોની વિષ્કંભ સૂચીની અપેક્ષાએ અસંખ્યાતમા ભાગ પ્રમાણવાળી છે. નારકીમાં અંગુલ પ્રમાણ ક્ષેત્રમાં માનેલી ૨૫૬ શ્રેણીના પ્રથમ વર્ગમૂળથી બીજા વર્ગમૂળને ગુણી ૬૪ શ્રેણી ગ્રહણ કરી હતી. અહીં તે ૨૫૬ શ્રેણીના પ્રથમ વર્ગમૂળ ૧૬ ના સંખ્યાતમા ભાગ પ્રમાણ અર્થાત્ પાંચ કે છ શ્રેણી પ્રમાણ ગ્રહણ કરવાની છે. અસત્કલ્પનાથી સિદ્ધ થયેલી આ નારકીની ૬૪ શ્રેણીઓ અને ભવનપતિ દેવોની પાંચ કે છ શ્રેણીઓ વાસ્તવમાં અસંખ્યાત છે. તેથી ૬૪ અને પાંચ કે છ શ્રેણીઓ વચ્ચે અસંખ્યાતગુણ હીનાધિકતા ઘટિત થાય છે. તેથી ૯૮ બોલના અલ્પબહુત્વમાં(ત્રીજા પદમાં) સમસ્ત ભવનપતિ દેવોથી પ્રથમ નરકના નારકીને અસંખ્યાતગુણ અધિક કહ્યા છે. આ રીતે પ્રથમ નરકના નારકીની અપેક્ષાએ સમસ્ત ભવનવાસી દેવ અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. તેમજ સમસ્ત નારકીઓની અપેક્ષાએ પણ અસુરકુમાર અસંખ્યાતમા ભાગ પ્રમાણ જ હોય છે.

ભવનપતિ દેવોના મુક્ત વૈક્રિય શરીર મુક્ત ઔદારિકની જેમ અનંત છે. ભવનપતિ દેવોને બદ્ધ આહારક શરીર નથી. મુક્ત આહારક શરીર અનંત છે. ભવનપતિ દેવોને વૈક્રિયશરીરની જેમ તૈજસ–કાર્મણ શરીર અવશ્ય હોય છે માટે વૈક્રિય શરીરની જેમ બદ્ધ તૈજસ-કાર્મણ અસંખ્યાત છે અને મુક્ત અનંત છે.

**પૃથ્વી–પાણી–અગ્નિમાં શરીર પરિમાણ :–**

**१८ पुढविकाइयाणं भंते ! केवइया ओरालियसरीरा पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । एवं जहा ओहिया ओरालियसरीरा तहा भाणियव्वा।**

**पुढविकाइयाणं भंते ! केवइया वेउव्वियसरीरा पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे ते बद्धेल्लया ते णं णत्थि । मुक्केल्लया जहा ओहिया ओरालियसरीरा तहा भाणियव्वा ।**

**आहारगसरीरा वि एवं चेव भाणियव्वा । तेयगकम्मगसरीराणं जहा एएसिं चेव ओरालियसरीरा तहा भाणियव्वा । जहा पुढविकाइयाणं एवं आउकाइयाणं तेउकाइयाण य सव्वसरीरा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકોને કેટલા ઔદારિક શરીર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓના ઔદારિક શરીરના બે પ્રકાર છે– બદ્ધ અને મુક્ત. આ બંને પ્રકારના શરીરોની સંખ્યા ઔઘિક બદ્ધ અને મુક્ત ઔદારિક શરીર પ્રમાણે જાણવી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકોને કેટલા વૈક્રિય શરીર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે– બદ્ધ અને મુક્ત. આ બે પ્રકારના શરીરમાંથી તેને બદ્ધ વૈક્રિય શરીર નથી. મુક્ત વૈક્રિય શરીર મુક્ત ઔદારિક શરીરની જેમ અનંત છે.

આહારક શરીરની વક્તવ્યતા પણ વૈક્રિય શરીરની જેમ જાણવી જોઈએ. બદ્ધ અને મુક્ત તૈજસ-કાર્મણ શરીરની પ્રરૂપણા તેના બદ્ધ-મુક્ત ઔદારિક શરીર પ્રમાણે જાણવી. જે રીતે પૃથ્વીકાયિકોમાં પાંચ શરીરનું સંખ્યા પરિમાણ બતાવ્યું, તે પ્રમાણે અપ્કાય અને તેઉકાયમાં પાંચે શરીરનું સંખ્યા પરિમાણ જાણવું.

**વિવેચન :–**

પૃથ્વી, પાણી અને અગ્નિ ભવ સ્વભાવથી ઔદારિક શરીરધારી છે. તેમના બદ્ધ ઔદારિક શરીર ઔઘિક બદ્ધ ઔદારિકની જેમ અસંખ્યાત છે અને મુક્ત ઔદારિક શરીર ઔઘિક મુક્ત ઔદારિકની જેમ અનંત છે.

આ ત્રણે સ્થાવરકાયને બદ્ધ વૈક્રિય અને બદ્ધ આહારક શરીર ભવ સ્વભાવથી હોતા નથી. પૂર્વભવોની અપેક્ષાએ મુક્ત વૈક્રિયશરીર મુક્ત ઔદારિક શરીરની જેમ અનંત છે અને પૂર્વના મનુષ્ય ભવની અપેક્ષાએ મુક્ત આહારક શરીર પણ અનંત છે. બદ્ધ-મુક્ત તૈજસ-કાર્મણ શરીર, ઐઘિક ઔદારિક શરીરવત્ જાણવા અર્થાત્ બદ્ધ તૈજસ કાર્મણ શરીર અસંખ્યાત છે અને મુક્ત તૈજસ કાર્મણ શરીર અનંત છે. પૃથ્વી, પાણી અને અગ્નિ, આ ત્રણે પ્રત્યેક શરીરી છે, તેથી જેટલા ઔદારિક શરીર હોય તેટલા જ તૈજસ-કાર્મણ શરીર હોય, તેથી બદ્ધ-મુક્ત તૈજસ, કાર્મણ શરીરમાં ઔદારિક શરીરનો જ અતિદેશ કર્યોછે.

**વાયુકાયિકમાં શરીર પરિમાણ :–**

**१९ वाउकाइयाणं भंते ! केवइया ओरालियसरीरा पण्णत्ता ? गोयमा ! जहा पुढविकाइयाणं ओरालियसरीरा तहा भाणियव्वा ।**

**वाउकाइयाणं भंते ! केवइया वेउव्वियसरीरा पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे ते बद्धेल्लया ते णं असंखेज्जा, समएसमए अवहीरमाणा पलिओवमस्स असंखेज्जइभागमेत्तेणं कालेणं**

**अवहीरंति । णो चेव णं अवहिया सिया । मुक्केल्लया जहा ओहिया ओरालियमुक्केल्लया । आहारग-तेयग- कम्मगसरीरा जहा पुढविकाइयाणं तहा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાયુકાયિકોને કેટલા ઔદારિક શરીર છે ? **ઉત્તર–** પૃથ્વીકાયિકોના ઔદારિક શરીરની જેમ બદ્ધ ઔદારિક શરીર અસંખ્યાત અને મુક્ત ઔદારિક શરીર અનંત છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! વાયુકાયિકોને કેટલા વૈક્રિય શરીર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વાયુકાયિકોના વૈક્રિય શરીરના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– બદ્ધ અને મુક્ત. તેમાં બદ્ધ વૈક્રિય શરીર અસંખ્યાત છે. જો સમયે-સમયે એક-એક શરીરનું અપહરણ કરવામાં આવે તો (ક્ષેત્ર) પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળમાં સંપૂર્ણ રીતે અપહરણ કરી શકાય, પરંતુ તેવો અપહાર ક્યારે ય થયો નથી. મુક્ત વૈક્રિય શરીર ઔધિક મુક્ત ઔદારિક શરીર પ્રમાણે જાણવા. તેને બદ્ધ આહારક શરીર નથી. મુક્ત આહારક શરીર અનંત છે. બદ્ધ-મુક્ત તૈજસ-કાર્મણ શરીરની વક્તવ્યતા પૃથ્વીકાયિકના બદ્ધ-મુક્ત તૈજસ-કાર્મણ પ્રમાણે જાણવી.

**વિવેચન :–**

વાયુકાયિક જીવોના ઔદારિક, આહારક, તૈજસ, કાર્મણ શરીર તો પૃથ્વીકાયિકની જેમ જ જાણવા તેમાં કોઈ વિશેષતા નથી. માત્ર વૈક્રિય શરીરમાં વિશેષતા છે. વાયુકાયમાં બદ્ધ વૈક્રિય શરીર અસંખ્યાત છે તે અસંખ્યાતનું પરિમાણ બતાવતા કહ્યું છે કે સમયે-સમયે તેના એક-એક વૈક્રિય શરીરને બહાર કાઢવામાં આવે તો પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં તે કાઢી શકાય. આ પ્રરૂપણા કેવળ સમજાવવા માટે છે. આ રીતે વાયુકાયના વૈક્રિય શરીરનું અપહરણ કોઈ વ્યક્તિએ ક્યારે ય કર્યું નથી.

અહીં મૂળપાઠમાં, પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં અપહરણ થાય તેટલા વાયુકાયના બદ્ધ વૈક્રિય શરીર છે, તેમ સામાન્ય રીતે કથન છે, પરંતુ વ્યાખ્યામાં તેના માટે ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમય જેટલા વાયુકાયના બદ્ધ વૈક્રિય શરીર હોય છે, તેમ સ્પષ્ટીકરણ છે.

વાયુકાયિક જીવોની સંખ્યા તો અસંખ્યાત લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે, છતાં તેઓના બદ્ધ વૈક્રિય અલ્પ છે તેનું કારણ એ છે કે વાયુકાયિકના ચાર પ્રકાર છે– (૧) સૂક્ષ્મ અપર્યાપ્તા, (૨) સૂક્ષ્મ પર્યાપ્તા, (૩) બાદર અપર્યાપ્તા, (૪) બાદર પર્યાપ્તા; તે ચારમાંથી **પર્યાપ્તા બાદર વાયુકાયને વૈક્રિયલબ્ધિ હોય છે. પર્યાપ્ત બાદર વાયુકાયમાં પણ ત્રસ નાડીમાં રહેલા જીવોના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જીવોને જ વૈક્રિય લબ્ધિ હોય છે. વૈક્રિય લબ્ધિવાળા બાદર વાયુકાયિકોના અસંખ્યાતમા ભાગવર્તી જીવો જ વૈક્રિય શરીર બનાવે છે, તેથી તેનું પ્રમાણ અલ્પ છે** અને તે ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ છે.

**વનસ્પતિકાયમાં શરીર પરિમાણ :–**

**૨૦** **वणस्सइकाइयाणं ओरालिय-वेउव्विय-आहारगसरीरा जहा पुढविकाइया तहा भाणियव्वा । वणस्सइकाइयाणं भंते ! केवइया तेयग-कम्मगसरीरा पण्णत्ता ? गोयमा ! जहा ओहिया तेयग-कम्मगसरीरा तहा वणस्सइकाइयाण वि तेयग, कम्मगसरीरा भाणियव्वा।**

**ભાવાર્થ :–** વનસ્પતિકાયિક જીવોના ઔદારિક, વૈક્રિય અને આહારક શરીર પૃથ્વીકાયિકોના ઔદારિક શરીરની જેમ જાણવા જોઈએ.

**પ્રશ્ન–** હે ભગવન્ ! વનસ્પતિકાયિક જીવોને તૈજસ-કાર્મણ શરીર કેટલા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઔઘિક તૈજસ-કાર્મણ શરીરનું જેટલું પ્રમાણ કહ્યું છે, તેટલા વનસ્પતિકાયિકોના તૈજસ-કાર્મણ શરીર જાણવા.

**વિવેચન :–**

વનસ્પતિના બદ્ધ ઔદારિક શરીર અસંખ્યાત છે. વનસ્પતિમાં અનંત જીવો છે પણ અનંત અનંત જીવોનું ઔદારિક શરીર એક એક હોવાથી ઔદારિક શરીર અસંખ્યાત જ છે. બદ્ધ વૈક્રિય કે બદ્ધ આહારક શરીર નથી. મુક્ત ઔદારિક, વૈક્રિય, આહારક શરીર અનંત છે.

વનસ્પતિમાં બદ્ધ તૈજસ-કાર્મણ શરીર અનંત છે. જેટલા વનસ્પતિકાયિક જીવો તેટલા જ બદ્ધ તૈજસ-કાર્મણ શરીર છે. અનંત-અનંત જીવોનું ઔદારિક શરીર એક હોવા છતાં સર્વ જીવોના તૈજસ-કાર્મણ શરીર સ્વતંત્ર છે, તેથી વનસ્પતિમાં અનંત જીવો છે તેટલા જ અનંત બદ્ધ તૈજસ-કાર્મણ શરીર છે. મુક્ત તૈજસ-કાર્મણ શરીર પણ અનંત છે. તેનું પ્રમાણ ઔઘિક વર્ણન અનુસાર સમજવું અર્થાત્ સર્વ જીવોથી અનંતગુણા છે અને સર્વ જીવોના વર્ગથી અનંતમા ભાગે છે.

**પાંચ સ્થાવરના બદ્ધેલક–મુક્કેલગ(બદ્ધ–મુક્ત) શરીર :–**

| જીવ | ઔદારિક | | વૈક્રિય | | આહારક | | તૈજસ–કાર્મણ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | **બદ્ધ** | **મુક્ત** | **બદ્ધ** | **મુક્ત** | **બદ્ધ** | **મુક્ત** | **બદ્ધ** | **મુક્ત** |
| પૃથ્વી, પાણી અને અગ્નિ | **અસંખ્યાત** ઔઘિક બદ્ધ ઔદારિક વત્ | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | નથી | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | નથી | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | **અસંખ્યાત** ઔઘિક બદ્ધ ઔદારિક વત્ | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ |
| વાયુ | **અસંખ્યાત** ઔઘિક બદ્ધ ઔદારિક વત્ | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | **અસંખ્યાત** ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગના પ્રદેશ જેટલા | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | નથી | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | **અસંખ્યાત** ઔઘિક બદ્ધ ઔદારિક વત્ | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ |
| વનસ્પતિ | **અસંખ્યાત** ઔઘિક બદ્ધ ઔદારિક વત્ | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | નથી | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | નથી | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | **અનંત** ઔઘિક બદ્ધ તૈજસ-કાર્મણવત્ | **અનંત** ઔઘિક મુક્ત તૈજસ-કાર્મણવત્ |

**નોંધ :–** ઔઘિક પાંચ શરીરનું કોષ્ટક સૂત્ર–૧૧ ના વિવેચનમાં છે. પૃષ્ઠ ૧૮૯ છે.

**વિકલેન્દ્રિય જીવોમાં શરીર પરિમાણ :–**

**૨૧** बेइंदियाणं भंते ! केवइया ओरालियसरीरा पण्णत्ता ?

गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा– बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे ते बद्धेल्लया ते णं असंखेज्जा, असंखेज्जाहिं उस्सप्पिणी ओसप्पिणीहिं अवहीरंति कालओ, खेत्तओ असंखेज्जाओ सेढीओ पयरस्स असंखेज्जइभागो, तासि णं सेढीणं विक्खंभसूई असंखेज्जाओ जोयणकोडाकोडीओ, असंखेज्जाइं सेढी वग्गमूलाइं; बेइंदियाणं ओरालिय- सरीरेहिं बद्धेल्लएहिं पयरं अवहीरइ असंखेज्जाहिं उस्सप्पिणी-ओसप्पिणीहिं कालओ, खेत्तओ अंगुलपयरस्स आवलियाए य असंखेज्जइभागपडिभागेणं । मुक्केल्लया जहा ओहिया ओरालियसरीरा तहा भाणियव्वा ।

वेउव्विय-आहारग सरीरा णं बद्धेल्लया णत्थि, मुक्केल्लया जहा ओरालिय सरीरा ओहिया तहा भाणियव्वा । तेयगकम्मगसरीरा जहा एएसिं चेव ओरालियसरीरा तहा भाणियव्वा । जहा बेइंदियाणं तहा तेइंदियाणं चउरिंदियाण वि भाणियव्वं ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઈંદ્રિય જીવોને કેટલા ઔદારિક શરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! બેઈંદ્રિયોના ઔદારિક શરીરના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– બદ્ધ અને મુક્ત. બદ્ધ ઔદારિક શરીર અસંખ્યાત છે. કાળથી અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણીના જેટલા સમય તેટલા બદ્ધ ઔદારિક શરીર છે. ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાત શ્રેણીના પ્રદેશ પ્રમાણ છે. તે શ્રેણીઓની વિષ્કંભ સૂચી અસંખ્યાત કોટાકોટિ યોજન પ્રમાણ છે. તે વિષ્કંભ સૂચી એક શ્રેણીપ્રદેશના અસંખ્યાત વર્ગમૂળના યોગ પ્રમાણ છે. બેઈંદ્રિયોના બદ્ધ ઔદારિક શરીર દ્વારા પ્રતર અપહત કરાય તો અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળમાં અપહત થાય છે. **ક્ષેત્રથી** અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ પ્રતરથી અને આવલિકાના અસંખ્યાતમા ભાગરૂપ પ્રતિભાગથી સંપૂર્ણ પ્રતર અપહત થાય તેટલા બેઈંદ્રિયના બદ્ધ ઔદારિક શરીર છે. મુક્ત ઔદારિક શરીર ઔઘિક મુક્ત ઔદારિક શરીર જેટલા હોય છે.

બેઈંદ્રિયોને બદ્ધ વૈક્રિય અને બદ્ધ આહારક શરીર નથી. મુક્ત વૈક્રિય શરીર અને મુક્ત આહારક શરીર, મુક્ત ઔદારિક શરીર પ્રમાણે છે. બદ્ધ અને મુક્ત તૈજસ-કાર્મણ શરીર તેના બદ્ધ-મુક્ત ઔદારિક શરીર પ્રમાણે છે.

તેઈંદ્રિય અને ચૌરેન્દ્રિયના બદ્ધ અને મુક્ત પાંચે શરીરનું પ્રમાણ બેઈંદ્રિય પ્રમાણે કહેવું.

**વિવેચન :–**

બેઈંદ્રિય જીવો પ્રત્યેક શરીરી છે, તેથી જેટલા બેઈંદ્રિય જીવો છે તેટલા તેના બદ્ધ ઔદારિક શરીર જાણવા. બેઈંદ્રિય જીવો અસંખ્યાત છે તેથી બદ્ધ ઔદારિક શરીર અસંખ્યાત છે. **કાળથી–** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીના જેટલા સમય છે તેટલા છે. **ક્ષેત્રથી–** પ્રતરના અસંખ્યાતમા ભાગમાં અસંખ્યાત

કોટાકોટિ યોજનની વિષ્કંભસૂચી પ્રમાણ અસંખ્યાત શ્રેણીઓમાં જેટલા આકાશ પ્રદેશ હોય તેટલા બદ્ધ ઔદારિક શરીર બેઇંદ્રિય જીવોમાં હોય છે.

**શ્રેણીની વિષ્કંભ સૂચીનું માપ :–** ઘનીકૃત લોકની એક પ્રદેશી એક શ્રેણીના જેટલા આકાશપ્રદેશ છે તેના વર્ગમૂળનું વર્ગમૂળ કાઢતાં અસંખ્ય વર્ગમૂળ પ્રાપ્ત થાય તે બધાનો સરવાળો કરતાં જે રાશિ થાય તેટલી શ્રેણીઓ સમજવી. તે શ્રેણીઓની વિષ્કંભ સૂચી અસંખ્ય ક્રોડાક્રોડી યોજન પ્રમાણ થઈ જાય છે. અસંખ્ય વર્ગમૂળને સમજવા માટે એક પ્રદેશી આકાશ શ્રેણીમાં રહેલ સમસ્ત પ્રદેશ અસંખ્યાત હોય છે, તેને અસત્કલ્પનાથી ૬૫૫૩૬ છે તેમ સમજી લઈએ અર્થાત્ ૬૫૫૩૬ અસંખ્યાતની બોધક સંખ્યા સ્વીકાર કરતાં તે સંખ્યાનું પ્રથમ વર્ગમૂળ ૨૫૬, બીજું વર્ગમૂળ–૧૬, ત્રીજું વર્ગમૂળ–૪ અને ચોથું વર્ગમૂળ ૨ છે. કલ્પિત આ વર્ગમૂળ અસંખ્યાત વર્ગમૂળ રૂપ છે. આ વર્ગમૂળોનો સરવાળો કરવાથી ૨૫૬+૧૬+૪+૨ = ૨૭૮ થાય છે. આ ૨૭૮ પ્રદેશવાળી તે વિષ્કંભ સૂચી જાણવી.

બેઇંદ્રિય જીવોના બદ્ધ ઔદારિક શરીરની અસંખ્યાત સંખ્યાનું પરિમાણ સૂત્રકાર બીજી રીતે અર્થાત્ અપહાર વિધિથી બતાવે છે–

**पयरं अवहीरइ :–** પ્રતર અપહાર. અસત્કલ્પનાથી પ્રતરના આકાશપ્રદેશોનો અપહાર કરવામાં આવે, તે આકાશ પ્રદેશોને બહાર કાઢવામાં આવે, તે 'પ્રતર અપહાર' કહેવાય છે.

**કાળક્ષેત્રથી પ્રતર અપહાર વિધિ :– अंगुलपयरस्स आवलियाए य असंखेज्जइभागपडिभागेणं** એક પ્રતર સાત રાજુ લાંબો અને સાત રાજુ પહોળો હોય છે. તે પ્રતરના અંગુલ પ્રમાણ ક્ષેત્રને અંગુલ પ્રતર કહે છે. તેનો અસંખ્યાતમો ભાગ અહીં વિવક્ષિત છે. તે પ્રતરનો પ્રતિભાગ કહેવાય છે. પ્રતિભાગ એટલે પ્રતરનો ખંડ કે વિભાગ. તાત્પર્ય એ છે કે અંગુલ પ્રતરના અસંખ્યાતમા-અસંખ્યાતમા ભાગ ઉપર ક્રમથી એક એક બેઇંદ્રિય જીવને સ્થાપવા અથવા અંગુલ પ્રતરના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહનાવાળા બેઇંદ્રિય જીવને પ્રતર ઉપર સ્થાપવા.

**आवलियाए य :–** આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા સમયે તે પ્રતર પર સ્થાપિત બેઇંદ્રિય જીવોનો અપહાર કરવો. આ રીતે અપહાર કરતાં-કરતાં સંપૂર્ણ પ્રતરને ખાલી થતાં અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ વ્યતીત થાય છે. પ્રતર પર સ્થાપિત અંગુલ પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અવગાહનાવાળા બેઇંદ્રિય જીવને, આવલિકાના અસંખ્યાતમા ભાગે અપહાર કરતાં સંપૂર્ણ પ્રતર બેઇંદ્રિયોથી ખાલી થઈ જાય, એક પણ બેઇંદ્રિય જીવ શેષ ન રહે, તેટલા બેઇંદ્રિયોના બદ્ધ ઔદારિક શરીર છે.

આ રીતે બેઇન્દ્રિય જીવોના બદ્ધેલક ઔદારિક શરીર (૧) કાલથી અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણીના સમય પ્રમાણ છે– (૨) ક્ષેત્રથી– ઘનીકૃત લોકની અસંખ્ય ક્રોડાક્રોડ યોજન પ્રમાણ વિષ્કંભ સૂચીવાળી શ્રેણીઓના આકાશપ્રદેશ પ્રમાણ છે. (૩) દ્રવ્યથી– અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા પ્રતર ક્ષેત્રમાં આવલિકાના અસંખ્યાતમા ભાગે એક–એક બેઇન્દ્રિયને સ્થાપિત કરતાં સંપૂર્ણ પ્રતર ભરાઈ જાય તેટલી સંખ્યા બેઇન્દ્રિય જીવોની અને તેના બદ્ધ ઔદારિક શરીરની છે.

**વિકલેન્દ્રિયના બદ્ધેલક–મુક્કેલગ(બદ્ધ–મુક્ત) શરીર :–**

| ઔદારિક | | વૈક્રિય | | આહારક | | તૈજસ–કાર્મણ | |
|---|---|---|---|---|---|---|---|
| બદ્ધ | મુક્ત | બદ્ધ | મુક્ત | બદ્ધ | મુક્ત | બદ્ધ | મુક્ત |
| **અસંખ્યાત** **કાળથી**– અસંખ્યાત ઉત્સર્પિણી – અવસર્પિણીના સમય જેટલા **ક્ષેત્રથી**– એક શ્રેણીના સર્વ વર્ગમૂળરૂપ, અસંખ્યાત કોટાકોટિ યોજન પ્રમાણ શ્રેણીઓના પ્રદેશ જેટલા **દ્રવ્યથી**– અંગુલ પ્રતરના અસંખ્યાતમા ભાગ પર સ્થાપિત બેઈંદ્રિયોને આવલિકાના અસંખ્યાતમા ભાગે અપહાર કરતાં-કરતાં સંપૂર્ણ પ્રતર ખાલી થઈ જાય તેટલા | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | નથી | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | નથી | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | **અસંખ્યાત** પોતાના બદ્ધ ઔદારિક વત્ | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ |

**તિર્યંચ પંચેન્દ્રિયોમાં શરીર પરિમાણ :–**

**૨૨** **पंचेंदियतिरिक्खजोणियाण ओरालियसरीरा जहा बेइंदियाणं ओरालियसरीरा तहा भाणियव्वा ।**

**ભાવાર્થ :–** તિર્યંચ પંચેંદ્રિય જીવોના ઔદારિક શરીરની સર્વ વક્તવ્યતા બેઈંદ્રિય જીવોના ઔદારિક શરીર પ્રમાણે જાણવી.

**૨૩** **पंचेंदियतिरिक्खजोणियाणं भंते ! केवइया वेउव्वियसरीरा पण्णत्ता ?**

**गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे ते बद्धेल्लया ते णं असंखेज्जा, असंखेज्जाहिं उस्सप्पिणी-ओसप्पिणीहिं अवहीरंति कालओ, खेत्तओ असंखेज्जाओ सेढीओ, पयरस्स असंखेज्जइभागो तासि णं सेढीणं विक्खंभसूई अंगुलपढमवग्गमूलस्स असंखेज्जइभागो । मुक्केल्लया जहा ओहिया ओरालिया। आहारग- सरीरा जहा बेइंदियाणं । तेयग-कम्मगसरीरा जहा ओरालिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેંદ્રિય તિર્યંચયોનિક જીવોને કેટલા વૈક્રિય શરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તિર્યંચ પંચેન્દ્રિયોના વૈક્રિય શરીરના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– બદ્ધ અને મુક્ત. તેમાં બદ્ધ વૈક્રિય શરીર અસંખ્યાત છે. તે અસંખ્યાતનું પરિમાણ, **કાળની અપેક્ષાએ** અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણીકાળના જેટલા સમય તેટલા બદ્ધ વૈક્રિય શરીર છે. **ક્ષેત્રની અપેક્ષાએ** પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્ય શ્રેણીઓની વિષ્કંભ સૂચીના આકાશપ્રદેશ પ્રમાણ છે. તે વિષ્કંભ સૂચી અંગુલ પ્રમાણ ક્ષેત્રના અસંખ્ય આકાશપ્રદેશના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જાણવી. મુક્ત વૈક્રિય શરીર ઔઘિક મુક્ત ઔદારિક શરીર પ્રમાણે અનંત જાણવા. આહારક શરીરનું વક્તવ્ય બેઈંદ્રિય પ્રમાણે જાણવું અર્થાત્ તિર્યંચ પંચેંદ્રિયોને બદ્ધ આહારક શરીર નથી. મુક્ત આહારક શરીર

અનંત છે. બદ્ધ-મુક્ત તૈજસ-કાર્મણ શરીર તેના જ બદ્ધ-મુક્ત ઔદારિક શરીર પ્રમાણે જાણવા.

**વિવેચન :–**

આ સૂત્રોમાં તિર્યંચ પંચેન્દ્રિયના પાંચે શરીરના બદ્ધેલક મુક્કેલગનું વર્ણન છે. તેમાં તેના ઔદારિક શરીરના બદ્ધેલક મુક્કેલગ બેઇન્દ્રિયની સમાન કહ્યા છે. લોકમાં બેઇન્દ્રિય જીવો પંચેન્દ્રિયથી વિશેષાધિક છે માટે પંચેન્દ્રિયના બદ્ધેલક શરીર બેઇન્દ્રિયથી કંઈક ન્યૂન સમજવા. તિર્યંચ પંચેન્દ્રિયના આહારક, તૈજસ, કાર્મણ શરીરના બદ્ધેલક મુક્કેલગ સૂત્રથી જ સ્પષ્ટ છે અર્થાત્ તે પણ બેઇન્દ્રિયની સમાન છે. તિર્યંચ પંચેન્દ્રિયમાં વૈક્રિય શરીર હોય છે. તે બદ્ધ વૈક્રિય શરીરનું પ્રમાણ પ્રતરના અસંખ્યાત ભાગની અસંખ્ય શ્રેણીઓના પ્રદેશ તુલ્ય છે. તે શ્રેણીઓ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે. તે શ્રેણીઓની વિષ્કંભ સૂચી અંગુલ પ્રમાણ શ્રેણીના આકાશ પ્રદેશના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જાણવી. અસત્‌કલ્પનાથી સૂચી અંગુલના અસંખ્યાત આકાશપ્રદેશને ૬૫૫૩૬ માની લઈએ, તો તેનું પ્રથમ વર્ગમૂળ ૨૫૬ થાય. પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અર્થાત્ કલ્પિત ૨૫૬ના અસંખ્યાતમા ભાગ પ્રમાણ તિર્યંચ પંચેંદ્રિયના બદ્ધ વૈક્રિયશરીર છે. તાત્પર્ય એ છે કે આ બદ્ધ વૈક્રિયશરીર અસત્કલ્પનાના એક અંક જેટલા પણ નથી. તેનું કારણ એ છે કે પર્યાપ્તા સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાંથી કેટલાકને જ વૈક્રિય લબ્ધિ હોય છે તેથી તેના બદ્ધ વૈક્રિય શરીરની સંખ્યા નારકી કે દેવતાઓથી ઘણી અલ્પ(અસંખ્યાતમા ભાગ પ્રમાણ) હોય છે.

**તિર્યંચ પંચેન્દ્રિયના બદ્ધેલક–મુક્કેલગ(બદ્ધ–મુક્ત) શરીર :–**

| ઔદારિક | | વૈક્રિય | | આહારક | | તૈજસ–કાર્મણ | |
|---|---|---|---|---|---|---|---|
| બદ્ધ | મુક્ત | બદ્ધ | મુક્ત | બદ્ધ | મુક્ત | બદ્ધ | મુક્ત |
| **અસંખ્યાત** **કાળથી**– અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણીના સમય જેટલા **ક્ષેત્રથી**– બેઇન્દ્રિયોના બદ્ધ ઔદારિક શરીરથી કંઈક ન્યૂન જાણવા | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | **અસંખ્યાત** કાળથી– અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણીના પ્રદેશ જેટલા **ક્ષેત્રથી**– અંગુલ પ્રમાણ ક્ષેત્ર પ્રદેશોના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગમાં રહેલી શ્રેણીઓના પ્રદેશ જેટલા | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | નથી | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | **અસંખ્યાત** પોતાના બદ્ધ ઔદારિક વત્ | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ |

**મનુષ્યોમાં શરીર પરિમાણ :–**

**૨૪** **मणूसाणं भंते ! केवइया ओरालियसरीरा पण्णत्ता ?**

**गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे ते बद्धेल्लया ते णं सिय संखेज्जा सिय असंखेज्जा । जहण्णपदे संखेज्जा, संखेज्जाओ**

**कोडाकोडीओ, एगुणतीसं ठाणाइं, तिजमलपयस्स उवरिं चउजमलपयस्स हेट्ठा, अहव णं छट्ठो वग्गो पंचमवग्गपडुप्पण्णो, अहव णं छण्णउइ-छेयणग-दाइरासी । उक्कोसपदे असंखेज्जा, असंखेज्जाहिं उस्सप्पिणी-ओसप्पिणीहिं अवहीरंति कालओ, खेत्तओ उक्कोसपए रूव-पक्खित्तेहिं मणूसेहिं सेढी अवहीरंति, असंखेज्जाहिं उस्सप्पिणी-ओसप्पिणीहिं कालओ, खेत्तओ अंगुलपढमवग्गमूलं ततियवग्गमूल पडुप्पण्णं । मुक्केल्लया जहा ओहिया ओरालिया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યોને કેટલા ઔદારિક શરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મનુષ્યોમાં ઔદારિક શરીરના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– બદ્ધ અને મુક્ત. તેમાં બદ્ધ ઔદારિક શરીર કદાચિત્ સંખ્યાત હોય, કદાચિત્ અસંખ્યાત હોય. જઘન્ય પદે સંખ્યાત હોય છે. તે સંખ્યાત ક્રોડાક્રોડી અર્થાત્ ૨૯ આંક પ્રમાણ હોય છે. તે ૨૯ આંક ત્રણ યમલથી વધુ અને ૪ યમલથી ઓછા પ્રમાણમાં છે અથવા પંચમવર્ગથી ગુણિત છટ્ઠા વર્ગપ્રમાણ હોય છે અથવા ૯૬ છેદનક રાશિ જેટલા હોય છે.

મનુષ્ય ઉત્કૃષ્ટ પદે અસંખ્યાત છે. **કાલથી** અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણીમાં તેનો અપહાર થાય છે. **ક્ષેત્રથી** એક રૂપ એટલે એક(મનુષ્ય) પ્રક્ષિપ્ત કરવાથી મનુષ્યો વડે એક શ્રેણીનો અપહાર થાય છે. ક્ષેત્રની અપેક્ષાએ આ રીતે સમજવો– અંગુલ પ્રદેશના પ્રથમ વર્ગમૂળને તૃતીય વર્ગમૂળથી ગુણતાં જે રાશિ પ્રાપ્ત થાય તેટલા ક્ષેત્રમાં એક એક મનુષ્યને રાખે તો એક શ્રેણી પૂરિત થાય અને એક મનુષ્યની જગ્યા બાકી રહે તેટલા ઉત્કૃષ્ટ મનુષ્યો જાણવા અથવા તેટલા પ્રદેશોથી એક એક મનુષ્યનો અપહાર થાય તો શ્રેણી પ્રદેશોમાં એક મનુષ્યના પ્રદેશ બાકી રહે ત્યારે સર્વ મનુષ્યોનો અપહાર પૂર્ણ થઈ જાય. મુક્ત ઔદારિક શરીર મુક્ત ઔઘિક ઔદારિક શરીર પ્રમાણ જાણવા.

**૨૫ मणुसाणं भंते ! केवइया वेउव्वियसरीरा पण्णत्ता ।**

**गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे ते बद्धेल्लया ते णं संखेज्जा, समए समए अवहीरमाणा संखेज्जेणं कालेणं अवहीरंति, णो चेव णं अवहिया सिया । मुक्केल्लया जहा ओहिया ओरालिया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યોને કેટલા વૈક્રિય શરીર હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મનુષ્યોમાં વૈક્રિય શરીરના બે પ્રકાર છે. યથા– બદ્ધ અને મુક્ત. તેમાં જે બદ્ધ વૈક્રિય શરીર છે તે સંખ્યાત છે. સમયે–સમયે અપહૃત કરતાં, સંખ્યાતકાળમાં અપહૃત થાય છે પણ તેમ કોઈ અપહૃત કરતું નથી. મુક્ત વૈક્રિય શરીર, મુક્ત ઔદારિક પ્રમાણે જાણવા.

**૨૬ मणूसाणं भंते ! केवइया आहारयसरीरा पण्णत्ता ?**

**गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे ते बद्धेल्लया ते णं सिय अत्थि सिय णत्थि जइ अत्थि जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा उक्कोसेणं सहस्सपुहुत्तं । मुक्केल्लया जहा ओहिया ओरालिया ।**

**तेयग-कम्मसरीरा जहा एएसिं चेव ओहिया ओरालिया तहा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યોને કેટલા આહારક શરીર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મનુષ્યોમાં આહારક શરીરના બે પ્રકાર છે. યથા– બદ્ધ અને મુક્ત. તેમાં બદ્ધ આહારક શરીર ક્યારેક હોય, ક્યારેક ન હોય. જ્યારે હોય ત્યારે જઘન્ય એક-બે-ત્રણ અને ઉત્કૃષ્ટ અનેક હજાર (પરંપરાએ બે હજારથી નવ હજાર) હોય છે. મુક્ત આહારક શરીર, મુક્ત ઔદારિક શરીરની જેમ અનંત હોય છે. મનુષ્યના બદ્ધ-મુક્ત તૈજસ અને કાર્મણ શરીર, મનુષ્યોના બદ્ધ-મુક્ત ઔદારિક શરીર પ્રમાણે જાણવા.

**વિવેચન :–**

મનુષ્યોને ભવ સ્વભાવથી ઔદારિક શરીર છે. મનુષ્યોના બદ્ધ ઔદારિક શરીર કદાચિત્ સંખ્યાત હોય, કદાચિત્ અસંખ્યાત હોય. મનુષ્યો બે પ્રકારના છે. (૧) ગર્ભજ (૨) સંમૂર્ચ્છિમ. સંમૂર્ચ્છિમ મનુષ્યોનો ઉત્પત્તિ વિરહકાળ ૨૪ મુહૂર્તનો હોય છે. જ્યારે સંમૂર્ચ્છિમ મનુષ્યોનો વિરહકાળ હોય ત્યારે એક પણ સંમૂર્ચ્છિમ મનુષ્ય ન હોય. તે સમયે કેવળ ગર્ભજ મનુષ્યો જ હોય છે, ત્યારે તે સંખ્યાત હોય છે, તેથી બદ્ધ ઔદારિક શરીર કદાચિત્ સંખ્યાત હોય છે અને સંમૂર્ચ્છિમ મનુષ્યનો વિરહકાળ ન હોય ત્યારે મનુષ્યોના ઔદારિક શરીર અસંખ્યાત હોય છે. સંમૂર્ચ્છિમ મનુષ્યો એક શ્રેણીના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશ પ્રદેશ હોય તેટલા હોય છે. ગર્ભજ અને સંમૂર્ચ્છિમ બંને મનુષ્યો મળીને અસંખ્યાત થાય છે માટે બંનેના મળીને બદ્ધ ઔદારિક શરીર પણ અસંખ્યાત હોય છે. ગર્ભજ મનુષ્યો સંખ્યાત છે. તેનું સંખ્યાત કોટાકોટિનું પરિમાણ શાસ્ત્રકારે જુદી-જુદી અનેક રીતે બતાવ્યું છે. જેમકે –

**(૧)** ગર્ભજ મનુષ્યો જઘન્યપદે સંખ્યાત કોટાકોટિ પ્રમાણ છે. આ સંખ્યાત કોટાકોટિ ૨૯ અંક પ્રમાણ છે અર્થાત્ ગર્ભજ મનુષ્યો ૨૯ અંક પ્રમાણ હોય છે. તે અંક સ્થાપના આ પ્રમાણે છે. ૭૯૨૨૮૧૬૨, ૫૧૪૨૬૪ ૩૩, ૭૫૯૩૫૪૩૯, ૫૦૩૩૬. આ ૨૯ આંક ત્રણ યમલપદથી વધુ અને ૪ યમલ પદની અંદર છે. શાસ્ત્રીય પરિભાષા અનુસાર આઠ-આઠ પદોને એક યમલ કહેવામાં આવે છે. **આઠ અંક પ્રમાણ રાશિને એક યમલ કહેવાય છે.** ૩ યમલ એટલે ૩×૮ = ૨૪ અંક થાય. ગર્ભજ મનુષ્યો ૨૯ અંક પ્રમાણ હોવાથી ૩ યમલ–૨૪ અંક કરતાં પાંચ અંક વધુ થાય, માટે ત્રણ યમલથી વધુ અને ચોથા યમલમાં ૩ અંક ઓછા રહે તેથી ૪ યમલની અંદર કહ્યા છે.

**(૨)** ગર્ભજ મનુષ્યો સંખ્યાત કોટાકોટિ (૨૯ અંક) પ્રમાણ છે, તે બીજી રીતે સૂત્રકાર સ્પષ્ટ કરે છે. પંચમ વર્ગથી છઠા વર્ગને ગુણતાં જે રાશિ પ્રાપ્ત થાય તે રાશિપ્રમાણ ગર્ભજ મનુષ્યોની સંખ્યા છે.

કોઈપણ અંક રાશિને તે જ અંક રાશિથી ગુણતાં જે રાશિ આવે તે વર્ગ કહેવાય છે. વર્ગનો પ્રારંભ બે સંખ્યાથી થાય છે, એકને એકથી ગુણતા ગુણનફળ એક જ આવે તેમાં સંખ્યામાં વૃદ્ધિ થતી નથી, તેથી એકની વર્ગરૂપે ગણના થતી નથી. વર્ગની શરૂઆત બેથી થાય છે ૨×૨ = ૪, ચાર પ્રથમ વર્ગ છે. ૪×૪ = ૧૬ સોળ તે બીજો વર્ગ, ૧૬×૧૬ = ૨૫૬ તે ત્રીજો વર્ગ છે. તે જ રીતે ૨૫૬×૨૫૬ = ૬૫૫૩૬ તે ચોથો વર્ગ છે. તેમજ ૬૫૫૩૬×૬૫૫૩૬ = ૪૨૯૪૯૬૭૨૯૬. (૪ અરબ, ૨૯ કરોડ, ૪૯ લાખ, ૬૭ હજાર ૨૯૬) તે પાંચમો વર્ગ છે અને આ અંકરાશિને પરસ્પર ગુણતા ૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૬ રાશિ થાય તે છટ્ઠો વર્ગ છે. આ છટ્ઠાવર્ગને પાંચમાં વર્ગથી ગુણિત કરતાં ૭૯૨૨૮૧૬૨૫૧૪૨૬૪૩૩૭૫૯૩૫ ૪૩૯૫૦૩૩૬ આ ૨૯ અંક પ્રમાણ રાશિ નિષ્પન્ન થાય છે. જઘન્ય પદે ગર્ભજ મનુષ્યો આ ૨૯ આંક પ્રમાણ જાણવા. તે ૨૯ આંકને કથન કરવાની રીત આ પ્રમાણે છે.

સાત ક્રોડાક્રોડ–ક્રોડાક્રોડ, ૯૨ લાખ ક્રોડાક્રોડ–ક્રોડ, ૨૮ હજાર ક્રોડાક્રોડ–ક્રોડ, ૧૦૦ ક્રોડાક્રોડ–ક્રોડ, ૬૨ ક્રોડાક્રોડ–ક્રોડ, ૫૧ લાખ ક્રોડાક્રોડ, ૪૨ હજાર ક્રોડાક્રોડ, ૬૦૦ ક્રોડાક્રોડ, ૪૩ ક્રોડાક્રોડ, ૩૭ લાખ ક્રોડ, ૫૯ હજાર ક્રોડ, ૩૦૦ ક્રોડ, ૫૪ ક્રોડ, ૩૯ લાખ, ૫૦ હજાર ૩૩૬.

(૩) મનુષ્યોના બદ્ધ ઔદારિક શરીર જઘન્યપદે ૯૬ છેદનકદાયીરાશિ તુલ્ય હોય છે. અંક રાશિના અર્ધભાગ કરવામાં આવે તે છેદનક કહેવાય છે. **એકવાર અર્ધભાગ થાય તો એક છેદનક કહેવાય.** બે વાર અર્ધભાગ કરી એક પર્યંત પહોંચાય તો તેના બે છેદનક કહેવાય અને ત્રણ અર્ધભાગ થાય તો તેના ૩ છેદનક કહેવાય. જેમ કે પ્રથમ વર્ગ ૪ છે. તેના બે છેદનક થશે. પહેલો અર્ધભાગ–૨ થશે અને તે બે નો પાછો અર્ધભાગ કરતાં એક થશે. માટે ૪ અંકના બે છેદનક કહેવાય. બીજો વર્ગ ૧૬ છે તો તેના ૪ છેદનક થાય. પ્રથમ છેદનક ૮, બીજો છેદનક–૪, ત્રીજો છેદનક–૨ અને ચોથો છેદનક એક થશે. તૃતીય વર્ગ ૨૫૬ના આઠ છેદનક છે. ચોથા વર્ગના ૧૬, પંચમવર્ગના ૩૨ અને છઠા વર્ગના ૬૪ છેદનક છે. પાંચમા અને છઠા વર્ગના છેદનકને જોડવાથી ૯૬ છેદનક થશે. આ ૯૬ છેદનક કરનારી રાશિ છે અથવા એક અંકને સ્થાપિત કરી ઉત્તરોત્તર ૯૬ વાર બમણા-બમણા(ડબલ-ડબલ) કરતાં જે રાશિ આવે તે ૯૬ છેદનક રાશિ કહેવાય છે. ૯૬ વાર છેદ આપી શકાય તેવી રાશિ ૨૯ અંક પ્રમાણ છે અને તેટલા ગર્ભજ મનુષ્યો હોય છે. તેટલા જ જઘન્યપદે બદ્ધ ઔદારિક શરીર જાણવા.

ઉત્કૃષ્ટ પદે મનુષ્યો અને મનુષ્યોના બદ્ધ ઔદારિક શરીર અસંખ્યાત છે. સંમૂર્ચ્છિમ મનુષ્યો અસંખ્યાત છે. સંમૂર્ચ્છિમ મનુષ્યોનો જ્યારે વિરહકાળ ન હોય ત્યારે મનુષ્યો અસંખ્યાત હોય છે. અસંખ્યાતના અસંખ્યાત ભેદ હોય છે, તેથી અસંખ્યાતનું પરિમાણ સૂત્રકારે કાળ અને ક્ષેત્રથી બતાવ્યું છે. **કાળથી** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીના જેટલા સમય તેટલા બદ્ધ ઔદારિક શરીર છે. **ક્ષેત્રથી** અંગુલ પ્રમાણ પ્રદેશના પ્રથમ વર્ગમૂલને તૃતીય વર્ગમૂલથી ગુણન કરતાં ઉપલબ્ધ રાશિના આકાશપ્રદેશ પર એક એક મનુષ્યને સ્થાપિત કરતાં એક શ્રેણી ભરાય અને એક મનુષ્યની જગ્યા રહે. તાત્પર્ય એ છે કે સર્વ અસંખ્ય મનુષ્ય એક શ્રેણીના પ્રદેશોથી પણ અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. તે ઉત્કૃષ્ટ પદે બદ્ધ ઔદારિક શરીર જાણવા.

મનુષ્યોને બદ્ધવૈક્રિય શરીર સંખ્યાત છે. વૈક્રિય લબ્ધિ કર્મભૂમિના પર્યાપ્તા ગર્ભજ મનુષ્યોને જ હોય છે અને તેમાં પણ બધા મનુષ્યોને નથી હોતી, કેટલાકને જ હોય છે, તેથી તે સંખ્યાત જ હોય છે. મુક્ત વૈક્રિય શરીર અનંત છે.

મનુષ્યોમાં બદ્ધ આહારક શરીર ક્યારેક હોય ક્યારેક ન હોય. જ્યારે હોય ત્યારે જઘન્ય એક-બે-ત્રણ ઉત્કૃષ્ટ અનેક હજાર (૨ થી ૯ હજાર) સંભવે છે. મુક્ત આહારક શરીર અનંત છે. બદ્ધ તૈજસ-કાર્મણ શરીર ઔદારિક શરીરની જેમ બધાને જ હોય છે અર્થાત્ બદ્ધ સંખ્યાત કે અસંખ્યાત અને મુક્ત, તૈજસ-કાર્મણ શરીર અનંત છે.

મનુષ્યોમાં પાંચે શરીરના બદ્ધ-મુક્ત શરીરનું સંખ્યા પરિમાણ બતાવ્યું, તે અનેક જીવોની અપેક્ષાએ તથા કાળની ભિન્નતાની અપેક્ષાએ છે. કોઈ એક મનુષ્યને એક સાથે પાંચે શરીર સંભવિત નથી. એક જીવને એક સમયે વધુમાં વધુ ચાર શરીર હોય છે. વૈક્રિય અને આહારક બંને લબ્ધિઓ એક સાથે એક મનુષ્યને સંભવે છે પરંતુ બંને લબ્ધિનો પ્રયોગ એક સાથે થતો નથી, તેથી લબ્ધિજન્ય આ બંને શરીર એક સાથે સંભવિત નથી.

આહારક શરીરની સંખ્યામાં જઘન્ય એક, બે, ત્રણ કહ્યા છે અને વૈક્રિય શરીરની સંખ્યામાં જઘન્ય એક, બે, ત્રણ કહ્યા નથી. કારણ કે આહારક શરીરી મનુષ્ય ક્યારેક હોય, ક્યારેક ન હોય અને જ્યારે હોય, ત્યારે એકાદ વ્યક્તિ પણ આહારક શરીર બનાવે તેવું સંભવિત છે તેથી આહારક શરીર જઘન્ય એક, બે કે ત્રણની સંખ્યા પણ હોય શકે છે. પરંતુ વૈક્રિય શરીરધારી મનુષ્ય સદા સંખ્યાતા હોય જ. આ સૂત્રથી અને ભગવતી સૂત્રથી પણ સિદ્ધ છે કે **મનુષ્યમાં વૈક્રિય શરીરી જીવો શાશ્વતા હોય છે, તેનો વિરહ થતો નથી, કારણ કે ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ વગેરે સમૃદ્ધિ સંપન્ન મનુષ્યોમાં કોઈક મનુષ્યો વૈક્રિય લબ્ધિનો પ્રયોગ કરતા જ રહે છે. તેથી મનુષ્યોમાં વૈક્રિય યોગ અને વૈક્રિય મિશ્રયોગ બંને શાશ્વત કહ્યા છે.**

**મનુષ્યોના બદ્ધ–મુક્ત શરીર :–**

| શરીર | બદ્ધ | મુક્ત |
|---|---|---|
| ૧. ઔદારિક, તૈજસ અને કાર્મણ | **સંખ્યાત અથવા અસંખ્યાત**<br>સંમૂર્ચ્છિમ મનુષ્યો ન હોય ત્યારે ગર્ભજ મનુષ્યો સંખ્યાતા હોય.<br>(૧) સંખ્યાત કોટાકોટી પ્રમાણ, ૨૯ અંક પ્રમાણ,<br>(૨) ત્રણ યમલથી ઉપર, ચાર યમલથી નીચે,<br>(૩) પાંચમા વર્ગથી ગુણિત છટ્ઠા વર્ગ પ્રમાણ,<br>(૪) ૯૬ છેદનક રાશિ પ્રમાણ જઘન્ય મનુષ્યો હોય,<br>સંમૂર્ચ્છિમ મનુષ્યો હોય ત્યારે ઉત્કૃષ્ટ અસંખ્યાતા હોય.<br>**કાલથી**– અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલના સમય પ્રમાણ<br>**ક્ષેત્રથી**– એક આકાશ શ્રેણીના પ્રદેશોથી અસંખ્યાતમા ભાગ પ્રમાણ, અંગુલ પ્રમાણ આકાશપ્રદેશોના પ્રથમ વર્ગમૂળથી ગુણિત ત્રીજા વર્ગમૂળ પ્રમાણ ક્ષેત્રમાં એક-એક મનુષ્યને સ્થાપિત કરતાં સંપૂર્ણ શ્રેણી ભરાઈ જાય અને એક મનુષ્યની જગ્યા ખાલી રહે. | **અનંત**<br>ઔઘિક<br>મુક્ત ઔદારિક શરીર પ્રમાણ |
| વૈક્રિય | સંખ્યાત<br>**કાલથી**– સંખ્યાત કાલના સમય પ્રમાણ | **અનંત**<br>મુક્ત ઔદા૦ શરીર પ્રમાણ |
| આહારક | કદાચિત્ હોય, કદાચિત્ ન હોય, હોય તો જઘન્ય–૧,૨,૩ ઉત્કૃષ્ટ અનેક હજાર | **અનંત**<br>મુક્ત ઔદા૦ શરીર પ્રમાણ |

**વાણવ્યંતર દેવોમાં શરીર પરિમાણ :–**

**૨૭ वाणमंतराणं ओरालियसरीरा जहा णेरइयाणं । वाणमंतराणं भंते ! केवइया वेउव्वियसरीरा पण्णत्ता ?**

**गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे ते बद्धेल्लया ते णं असंखेज्जा, असंखेज्जाहिं उस्सप्पिणी ओसप्पिणीहिं अवहीरंति कालओ, खेत्तओ असंखेज्जाओ सेढीओ, पयरस्स असंखेज्जइभागो, तासि णं सेढीणं विक्खंभसूई (...) संखेज्जजोयणसयवग्गपलिभागो पयरस्स । मुक्केल्लया जहा ओहिया ओरालिया ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતર દેવોના ઔદારિક શરીરનું પ્રમાણ નરકના ઔદારિક શરીર જેમ જ જાણવું

અર્થાત્ વાણવ્યંતર દેવોને બદ્ધ–ઔદારિક શરીર નથી અને મુક્ત ઔદારિક શરીર અનંત છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! વાણવ્યંતર દેવોને કેટલા વૈક્રિય શરીર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓને બે પ્રકારના વૈક્રિય શરીર છે– બદ્ધ અને મુક્ત. તેમાં બદ્ધ વૈક્રિય શરીર અસંખ્યાત છે, કાલની અપેક્ષાએ અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાલમાં અપહૃત થાય છે. ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાત શ્રેણી જેટલા છે. (તે શ્રેણીઓની વિષ્કંભ સૂચી તિર્યંચ પંચેંદ્રિયથી અસંખ્યાતમા ભાગ હીન જાણવી). પ્રતરના સંખ્યાત સો યોજન વર્ગ પ્રમાણ ક્ષેત્રથી એક-એક વ્યંતર દેવનો અપહાર થાય તો આખો પ્રતર ખાલી થઈ જાય તેટલા વ્યંતર દેવો છે. મુક્ત વૈક્રિયશરીર ઔઘિક મુક્ત ઔદારિક પ્રમાણે જાણવા.

**૨૮ आहारगसरीरा दुविहा वि जहा असुरकुमाराणं । वाणमंतराणं भंते ! केवइया तेयग-कम्मगसरीरा पण्णत्ता ? गोयमा ! जहा एएसिं चेव वेउव्वियसरीरा तहा तेयग-कम्मगसरीरा वि भाणियव्वा ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતરોના બંને પ્રકારના આહારક શરીરનું પરિમાણ અસુરકુમાર દેવોના આહારક શરીરની જેમ જાણવું.

**પ્રશ્ન–** હે ભગવન્ ! વાણવ્યંતર દેવોને કેટલા તૈજસ–કાર્મણ શરીર છે ? **ઉત્તર–** હે ગૌતમ! તેના તૈજસ-કાર્મણ શરીરનું પ્રમાણ તેના જ વૈક્રિય શરીર પ્રમાણે જાણવું.

**વિવેચન :–**

વાણવ્યંતર દેવો વૈક્રિય શરીરધારી છે, તેથી તેઓને બદ્ધ ઔદારિક શરીર નથી. મુક્ત ઔદારિક શરીર પૂર્વભવોની અપેક્ષાએ અનંત છે. વૈક્રિય શરીર અસંખ્યાત છે. વાણવ્યંતરના બદ્ધ વૈક્રિય શરીરનું પરિમાણ ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ક્ષેત્રમાં રહેલી અસંખ્યાત શ્રેણી પ્રમાણ છે. તે અસંખ્યાત શ્રેણીની વિષ્કંભ સૂચીનું માપ પ્રસિદ્ધ હોવાથી સૂત્રકારે સૂત્રમાં બતાવ્યું નથી. ટીકાકારે તેનું સ્પષ્ટીકરણ આપ્યું છે કે વ્યંતર દેવો તિર્યંચ પંચેન્દ્રિય કરતાં અસંખ્યાત ગુણ હીન છે માટે તેની વિષ્કંભ સૂચી તિર્યંચ પંચેન્દ્રિયની વિષ્કંભ સૂચી કરતાં અસંખ્યાત ભાગ હીન જાણવી. પ્રસ્તુત સંસ્કરણમાં આ પ્રસિદ્ધ પાઠને સૂચવવા સૂત્રપાઠમાં આ (...) અધ્યાહાર ચિહ્ન મૂક્યું છે. દ્રવ્યથી વ્યંતર જીવોના પરિમાણમાં પણ સૂત્રકારે **संखेज्ज जोयणसय वग्गपलिभागो पयरस्स** કહ્યું છે. તેને સ્પષ્ટ કરતાં ટીકાકારે કહ્યું છે કે સંખ્યાત સો યોજન વર્ગ જેટલા પ્રતરના પ્રતિભાગ–ખંડ ઉપર વ્યંતરને સ્થાપતાં સંપૂર્ણ પ્રતર ભરાઈ જાય તેટલા વ્યંતરના બદ્ધ વૈક્રિય શરીર છે. વ્યંતરોમાં બદ્ધ આહારક શરીર નથી અને તેના બદ્ધ તૈજસ-કાર્મણ શરીરનું પ્રમાણ વૈક્રિય શરીર પ્રમાણે જાણવું.

**જ્યોતિષ્ક દેવોમાં શરીર પરિમાણ :–**

**૨૯ जोइसियाणं भंते ! केवइया ओरालियसरीरा पण्णत्ता ? गोयमा ! जहा णेरइयाणं तहा भाणियव्वा । जोइसियाणं भंते ! केवइया वेउव्वियसरीरा पण्णत्ता ?**

**गोयमा ! दुविहा पण्णत्ता ! तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे**

**ते बद्धेल्लया** *जाव* **तासि णं सेढीणं विक्खंभसूई(...) बेछप्पण्णंगुलसयवग्ग-पलिभागो पयरस्स । मुक्केल्लया जहा ओहियओरालिया ।**

**आहारयसरीरा जहा णेरइयाणं तहा भाणियव्वा । तेयग-कम्मगसरीरा जहा एए सिं चेव वेउव्विया तहा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યોતિષ્ક દેવોના ઔદારિક શરીર કેટલા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જ્યોતિષ્ક દેવોના ઔદારિક શરીરો નારકોના ઔદારિક શરીરની સમાન છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યોતિષ્ક દેવોના વૈક્રિય શરીર કેટલા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેઓને બે પ્રકારના વૈક્રિય શરીર છે – બદ્ધ અને મુક્ત. તેમાં બદ્ધ વૈક્રિય શરીર ***યાવત્*** તેઓની વિષ્કંભ સૂચી સુધીનું વર્ણન વ્યંતર દેવોની જેમ કહેવું. પ્રતરના પૂરણ અપહારમાં બસો છપ્પન અંગુલ વર્ગ ક્ષેત્રમાં એક એક જ્યોતિષી દેવને રાખે તો પ્રતર પૂરિત થાય તેટલા જ્યોતિષી દેવો છે અથવા બસો છપ્પન અંગુલ વર્ગ ક્ષેત્રથી એક એક જ્યોતિષીનો અપહાર થાય તો આખો પ્રતર ખાલી થઈ જાય તેટલા જ્યોતિષી દેવો છે. તેના મુક્ત વૈક્રિય શરીર ઔધિક મુક્ત ઔદારિક શરીર પ્રમાણે જાણવા.

જ્યોતિષ્ક દેવોના આહારક શરીર નારકોના આહારક શરીર પ્રમાણે જાણવા અર્થાત્ બદ્ધ આહારક શરીર નથી અને મુક્ત આહારક શરીર અનંત છે. જ્યોતિષ્ક દેવોના બદ્ધ-મુક્ત તૈજસ-કાર્મણ શરીર તેના બદ્ધ-મુક્ત વૈક્રિય શરીર જેટલા છે.

**વિવેચન :–**

જ્યોતિષ્ક દેવોને બદ્ધ ઔદારિક અને બદ્ધ આહારક શરીર નથી. બદ્ધ વૈક્રિય શરીર અસંખ્યાત છે. **કાલની અપેક્ષાએ** અસંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલના સમય પ્રમાણ છે. **ક્ષેત્રની અપેક્ષાએ** પ્રતરના અસંખ્યાતમા ભાગની અસંખ્યાત શ્રેણીઓના પ્રદેશ પ્રમાણ છે. વ્યંતર દેવોની જેમ જ્યોતિષ્ક દેવોમાં પણ સૂત્રકારે વિષ્કંભ સૂચીનું માપ અધ્યાહાર રાખ્યું છે. ટીકાકારે તેની સ્પષ્ટતા કરી છે કે વ્યંતરો કરતાં જ્યોતિષી દેવો સંખ્યાતગુણ અધિક છે માટે તેઓની વિષ્કંભ સૂચી સંખ્યાતગુણ અધિક જાણવી. પાઠના આ અધ્યાહારને સૂચવવા મૂળપાઠમાં (...) આ નિશાન પ્રસ્તુત સૂત્રમાં મૂક્યું છે. અહીં જ્યોતિષીની અસંખ્ય સંખ્યાનું પરિમાણ બતાવતા શાસ્ત્રકારે કહ્યું છે કે ૨૫૬ અંગુલ વર્ગ પ્રમાણ પ્રતરખંડ પર એક એક જ્યોતિષ્કના બદ્ધ વૈક્રિય શરીરને સ્થાપે તો સંપૂર્ણ પ્રતર વૈક્રિય શરીરથી ભરાઈ જાય અથવા તે સ્થાપિત શરીરોને બહાર કાઢવામાં આવે તો ૨૫૬ અંગુલ વર્ગ પ્રમાણ પ્રતરખંડથી એક એક જ્યોતિષીનો અપહાર થાય તો જ્યોતિષીના સર્વ બદ્ધ વૈક્રિય શરીર નીકળી જાય ત્યારે એક પ્રતર ખાલી થાય.

**વૈમાનિક દેવોમાં શરીર પરિમાણ :–**

**૩૦ वेमाणियाणं भंते ! केवइया ओरालियसरीरा पण्णत्ता ? गोयमा ! जहा णेरइयाणं तहा भाणियव्वा । वेमाणियाणं भंते ! केवइया वेउव्वियसरीरा पण्णत्ता ?**

**गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- बद्धेल्लया य मुक्केल्लया य । तत्थ णं जे**

**ते बद्धेल्लया ते णं असंखेज्जा, असंखेज्जाहिं उस्सप्पिणी ओसप्पिणीहिं अवहीरंति कालओ, खेत्तओ असंखेज्जाओ सेढीओ, पयरस्स असंखेज्जइभागो, तासि णं सेढीणं विक्खंभसूई अंगुलबिइयवग्गमूलं तइयवग्गमूलपडुप्पण्णं, अहवा णं अंगुलतइयवग्गमूलघणप्पमाणमेत्ताओ सेढीओ। मुक्केल्लया जहा ओहिया ओरालिया।**

**आहारयसरीरा जहा णेरइयाणं । तेयग-कम्मगसरीरा जहा एएसिं चेव वेउव्वियसरीरा तहा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈમાનિક દેવોના ઔદારિક શરીર કેટલા છે ? **ઉત્તર–** હે ગૌતમ! નારકીના ઔદારિક શરીરની જેમ વૈમાનિક દેવના ઔદારિક શરીરની વક્તવ્યતા જાણવી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! વૈમાનિક દેવોના વૈક્રિય શરીર કેટલા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વૈમાનિક દેવના વૈક્રિય શરીર બે પ્રકારના છે– બદ્ધ અને મુક્ત. તેમાં બદ્ધ વૈક્રિયશરીર અસંખ્યાત છે, કાળથી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળમાં અપહૃત થાય છે.

ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાત શ્રેણીઓ જેટલા છે. તે શ્રેણીઓની વિષ્કંભ સૂચી અંગુલ પ્રદેશના બીજા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળથી ગુણતાં પ્રાપ્ત રાશિ પ્રમાણ અથવા ત્રીજા વર્ગમૂળનો ઘન કરતાં પ્રાપ્ત રાશિ પ્રમાણ છે. મુક્ત વૈક્રિય શરીર ઔઘિક ઔદારિક શરીર પ્રમાણ છે.

વૈમાનિક દેવોના બદ્ધ મુક્ત આહારક શરીર, નારકીના બદ્ધ-મુક્ત આહારક શરીર જેટલા છે અને તેના બદ્ધ-મુક્ત તૈજસ, કાર્મણ શરીર તેઓના જ બદ્ધ-મુક્ત વૈક્રિય શરીરાનુસાર છે.

**વિવેચન :–**

નારકીની જેમ વૈમાનિક દેવોમાં બદ્ધ ઔદારિક શરીર અને બદ્ધ આહારક શરીર નથી અને મુક્ત ઔદારિક અને આહારક શરીર પૂર્વભવોની અપેક્ષાએ અનંત છે.

વૈમાનિક દેવોમાં બદ્ધ વૈક્રિય શરીર અસંખ્યાત છે. સમયે-સમયે એક-એક બદ્ધ વૈક્રિય શરીરનું અપહરણ કરતાં અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ વ્યતીત થઈ જાય. ક્ષેત્રની અપેક્ષાએ પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાત શ્રેણીઓના જેટલા પ્રદેશ છે, તેટલા વૈમાનિક દેવોના બદ્ધ વૈક્રિય શરીર છે. તે વાતને સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે આ શ્રેણીઓની વિષ્કંભ સૂચીનું પ્રમાણ અંગુલ પ્રદેશના તૃતીય વર્ગમૂળથી ગુણિત દ્વિતીય વર્ગમૂળ પ્રમાણ છે અથવા અંગુલ પ્રદેશના તૃતીય વર્ગમૂળનો ઘન કરતાં પ્રાપ્ત સંખ્યાનુસાર શ્રેણીઓની વિષ્કંભ સૂચી હોય છે.

અસત્કલ્પનાથી અંગુલના (અસંખ્યાતમા ભાગમાં) ૨૫૬ પ્રદેશ છે તેમ માનવું, તેનું પ્રથમ વર્ગમૂળ ૧૬, બીજું વર્ગમૂળ ૪ અને તૃતીય વર્ગમૂળ ૨ થાય. આ બીજાવર્ગમૂળને ત્રીજા વર્ગમૂળથી ગુણતા ૪×૨ = ૮ થાય. આ આઠને આપણે અસંખ્યાત શ્રેણીઓની વિષ્કંભ સૂચી જાણવી. આ વિષ્કંભ સૂચી રૂપ અસંખ્યાત શ્રેણીઓના જેટલા આકાશ પ્રદેશ છે તેટલા બદ્ધ વૈક્રિય શરીર હોય છે. અથવા એક અંગુલમાં ૨૫૬ આકાશ પ્રદેશો છે. તેનું તૃતીય વર્ગમૂળ ૨ છે તેનો ઘન કરતા ૨×૨×૨ = ૮ થાય. તે આઠ એટલે અસંખ્યાત શ્રેણીઓની વિષ્કંભસૂચી જાણવી. આ બંન્ને પ્રકારના કથનમાં કોઈ અર્થ ભેદ નથી. વૈમાનિક દેવોમાં જેટલા દેવો તેટલાં જ બદ્ધ વૈક્રિય, તૈજસ-કાર્મણ શરીર હોય છે. તેના મુક્ત વૈક્રિય શરીર પૂર્વવત્ અનંત હોય છે.

## નારકી દેવતાના બદ્ધેલક–મુક્કેલગ(બદ્ધ–મુક્ત) શરીર :–

| દંડક | ઔદારિક | | વૈક્રિય | | આહારક | | તૈજસ–કાર્મણ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | બદ્ધ | મુક્ત | બદ્ધ | મુક્ત | બદ્ધ | મુક્ત | બદ્ધ | મુક્ત |
| નારકી | નથી | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | **અસંખ્યાત** **કાળથી–** અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણીના સમય જેટલા **ક્ષેત્રથી–** અંગુલ પ્રમાણ ક્ષેત્રના પ્રદેશોના પ્રથમ વર્ગમૂળને બીજા વર્ગમૂળ સાથે ગુણતા અથવા બીજા વર્ગમૂળનો ઘન કરતાં પ્રાપ્ત રાશિ તુલ્ય તથા પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી શ્રેણીઓના પ્રદેશ જેટલા (અસત્કલ્પનાથી ૬૪ શ્રેણીના પ્રદેશ પ્રમાણ) | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | નથી | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | **અસંખ્ય** પોતાના બદ્ધ વૈક્રિય વત્ | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ |
| ભવન પતિદેવ | નથી | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | **અસંખ્યાત** **કાળથી–** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીના સમય જેટલા **ક્ષેત્રથી–** અંગુલ પ્રમાણ ક્ષેત્રના પ્રદેશોના પ્રથમ વર્ગમૂળના સંખ્યાતમા ભાગપ્રમાણ વિષ્કંભસૂચી તુલ્ય તથા પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્ય શ્રેણીઓના પ્રદેશ તુલ્ય (અસત્કલ્પનાથી ૫–૬ શ્રેણીના પ્રદેશ પ્રમાણ) | **અનંત** ઔઘિક ઔદારિક વત્ | નથી | **અનંત** ઔઘિક ઔદારિક વત્ | **અસંખ્ય** પોતાના બદ્ધ વૈક્રિય વત્ | **અનંત** ઔઘિક ઔદારિક વત્ |
| વાણ– વ્યંતર દેવ | નથી | **અનંત** ઔઘિક ઔદારિક વત્ | **અસંખ્યાત** **કાળથી–** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીના સમય જેટલા. **ક્ષેત્રથી–** પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાત ક્રોડાક્રોડ યોજન પ્રમાણ શ્રેણીઓના પ્રદેશ જેટલા. **અથવા** એક પ્રતરના સંખ્યાત સો યોજનના વર્ગ પ્રમાણના પ્રતર જેટલા ખંડ થાય, તેટલા | **અનંત** ઔઘિક ઔદારિક વત્ | નથી | **અનંત** ઔઘિક ઔદારિક વત્ | **અસંખ્ય** પોતાના બદ્ધ વૈક્રિય | **અનંત** ઔઘિક ઔદારિક વત્ |
| જ્યો– તિષી દેવ | નથી | **અનંત** ઔઘિક ઔદારિક વત્ | **અસંખ્યાત** **કાળથી–** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીના સમય જેટલા. **ક્ષેત્રથી–** પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી ક્રોડાક્રોડ યોજન પ્રમાણ અસંખ્યાત શ્રેણીઓના પ્રદેશ તુલ્ય વ્યંતરથી સંખ્યાતગુણ અધિક. **અથવા** ૨૫૬ અંગુલ વર્ગ જેવડા ખંડ કરતાં એક પ્રતરના જેટલા ખંડ થાય તેટલા. | **અનંત** ઔઘિક ઔદારિક વત્ | નથી | **અનંત** ઔઘિક ઔદારિક વત્ | **અસંખ્ય** પોતાના બદ્ધ વૈક્રિય વત્ | **અનંત** ઔઘિક ઔદારિક વત્ |

| દંડક | ઔદારિક | | વૈક્રિય | | આહારક | | તૈજસ–કાર્મણ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | બદ્ધ | મુક્ત | બદ્ધ | મુક્ત | બદ્ધ | મુક્ત | બદ્ધ | મુક્ત |
| વૈમા–નિક દેવ | નથી | **અનંત** ઔઘિક ઔદારિક વત્ | **અસંખ્યાત** **કાળથી–** અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણના સમય પ્રમાણ **ક્ષેત્રથી–** પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્ય શ્રેણીઓના પ્રદેશ જેટલા. વિષ્કંભ સૂચિ અંગુલ પ્રમાણ ક્ષેત્ર પ્રદેશોના બીજા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળથી ગુણતાં અથવા ત્રીજા વર્ગમૂળનો ઘન કરતાં પ્રાપ્ત રાશિતુલ્ય શ્રેણીઓના પ્રદેશ જેટલા. (અસત્કલ્પના ૮ શ્રેણીના પ્રદેશ પ્રમાણ) | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | નથી | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ | **અસંખ્ય** પોતાના બદ્ધ વૈક્રિય વત્ | **અનંત** ઔઘિક મુક્ત ઔદારિક વત્ |

## ॥ બારમું પદ સંપૂર્ણ ॥

# તેરમું પદ

## પરિચય

આ પદનું નામ **પરિણામ પદ** છે.

પરિણામ શબ્દના અહીં બે અર્થ અભિપ્રેત છે– (૧) મૂળ સ્વરૂપને છોડયા વિના દ્રવ્યોનું એક અવસ્થામાંથી બીજી અવસ્થા(પર્યાય)માં પરિવર્તિત થવાને પરિણામ કહે છે. (૨) પૂર્વવર્તી વિદ્યમાન પર્યાયના વિનાશ અને ઉત્તરવર્તી અવિદ્યમાન પર્યાયના પ્રાદુર્ભાવને **પરિણામ** કહે છે. આ પદમાં જીવ અને અજીવ બંનેના પરિણામોનો વિચાર કરવામાં આવ્યો છે.

જૈન દર્શનાનુસાર કોઈપણ વસ્તુનો સર્વથા વિનાશ થતો નથી, તેનું રૂપાંતર કે અવસ્થાંતર થાય છે. પૂર્વની અવસ્થાનો નાશ થાય છે અને નવી અવસ્થાનો પ્રાદુર્ભાવ થાય છે. વસ્તુનો આ પ્રકારનો ધ્રુવ સ્વભાવ છે.

વસ્તુમાં બે અંશ છે. એક અંશ ધ્રુવ–શાશ્વત છે અને બીજો અંશ અશાશ્વત પરિવર્તનશીલ છે. વસ્તુનો ધ્રુવ અંશ હંમેશાં સ્વરૂપમાં સ્થિત રહે છે અને અશાશ્વત અંશમાં ઉત્પાદ, વ્યય રૂપ પરિવર્તન થયા કરે છે. આ રીતે વસ્તુ પોતાના સ્વરૂપમાં સ્થિર રહીને પરિણમન પામે છે. વસ્તુનું પરિણમન થવું, તે જ પરિણામ છે.

છ એ દ્રવ્યમાં પર્યાયોનું પરિણમન સતત થયા જ કરે છે. તેમ છતાં સંસારી જીવોની અને પુદ્ગલોની પરિવર્તન પામતી વિવિધ અવસ્થાઓ પ્રત્યક્ષ દેખાય છે. આ પદમાં સંસારી જીવોની મુખ્યતાએ જીવ દ્રવ્યના દશ પરિણામોનું અને અજીવ દ્રવ્યમાં પુદ્ગલાસ્તિકાય દ્રવ્યની મુખ્યતાએ દશ પ્રકારના પરિણામ અને તેના ભેદોનું કથન કર્યું છે. તેમ છતાં અગુરુલઘુ પરિણામ ધર્માસ્તિકાયાદિ અરૂપી દ્રવ્યમાં પણ હોય છે.

આ પદમાં દશ પ્રકારના જીવ પરિણામના પ્રભેદોનું કથન કરીને ત્યારપછી ૨૪ દંડકના જીવોમાં પ્રાપ્ત થતાં પરિણામોનું નિરૂપણ છે અને ત્યારપછી અજીવ પરિણામોના ભેદ-પ્રભેદોનું પ્રતિપાદન છે.

❖❖❖❖❖

# તેરમું પદ : પરિણામ

**પરિણામના પ્રકાર :–**

**૧ कइविहे णं भंते ! परिणामे पण्णत्ते ? गोयमा ! दुविहे परिणामे पण्णत्ते, तं जहा- जीवपरिणामे य अजीवपरिणामे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પરિણામના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– જીવ પરિણામ અને અજીવ પરિણામ.

**વિવેચન :–**

**પરિણામ–** પ્રસ્તુત સૂત્રગત 'પરિણામ' શબ્દ આગમિક પારિભાષિક શબ્દ છે. તેનો વ્યુત્પત્તિલભ્ય અર્થ આ પ્રમાણે થાય છે– **परिणमनं परिणामः कथञ्चित अवस्थितस्य वस्तुनः पूर्व अवस्था परित्यागेन उत्तरावस्थागमन्** । અવસ્થિત વસ્તુમાં પૂર્વાવસ્થાનો ત્યાગ કરીને ઉત્તરાવસ્થાની પ્રાપ્તિ થવી, તે પરિણામ છે. એક પર્યાયનું બીજી પર્યાયમાં, એક અવસ્થાનું બીજી અવસ્થામાં રૂપાંતરિત થવું તે પરિણામ છે.

જૈન દર્શનની દષ્ટિએ પ્રત્યેક પદાર્થ પરિણમનશીલ અને નિત્ય છે. દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ નિત્ય હોવા છતાં તેની અવસ્થાઓ સતત બદલાતી જ રહે છે. આ રીતે વસ્તુ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. વસ્તુના અનિત્ય ધર્મના આધારે જ તેમાં પરિણમન થયા કરે છે.

ત્રિકાલસ્થાયી દ્રવ્ય પોતાના સત્ સ્વરૂપમાં અવસ્થિત રહીને ધર્માન્તરને કે અવસ્થાન્તરને પામે છે, તે જ પરિણામ છે. દ્રવ્ય સર્વથા નિત્ય પણ રહેતું નથી અને તેનો સર્વથા વિનાશ પણ થતો નથી. તે સત્ પદાર્થો વિવિધ અવસ્થાઓ ધારણ કરતા રહે છે, તે જ પરિણામ છે.

જેમ કે– આત્મ દ્રવ્ય સ્વયં સત્ સ્વરૂપે હંમેશાં સ્થિત રહીને નારકી, તિર્યંચ આદિ અવસ્થાઓ ધારણ કરે છે તે જીવ પરિણામ છે.

પૂર્વવતી સત્ પર્યાયનો વિનાશ થવો અને ઉત્તરવર્તી અસત્ પર્યાયનો પ્રાદુર્ભાવ થવો તે પરિણામ છે. જેમ કે– એક મનુષ્ય મરીને દેવગતિમાં ઉત્પન્ન થાય છે તો તેના આત્મદ્રવ્યમાં વર્તતી મનુષ્ય પર્યાયનો નાશ થઈને ત્યાર પછી દેવપર્યાય ઉત્પન્ન થાય છે. આ પ્રકારે અવસ્થાઓનું પરિવર્તન થાય તે પરિણામ છે.

**પરિણામના ભેદ :–** જીવ અને અજીવ બંને દ્રવ્યમાં ઉપરોક્ત પ્રકારે પરિણમન થયા જ કરે છે તેથી પરિણામના બે પ્રકાર છે– (૧) જીવ દ્રવ્યમાં થતાં પરિણમનને **જીવ પરિણામ** અને (૨) અજીવ દ્રવ્યમાં થતાં પરિણમનને **અજીવ પરિણામ** કહે છે.

**જીવ પરિણામના ભેદ-પ્રભેદ :–**

**૨ जीवपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! दसविहे पण्णत्ते, तं जहा- गइपरिणामे, इंदियपरिणामे, कसायपरिणामे, लेस्सापरिणामे, जोगपरिणामे, उवओगपरिणामे,**

**णाणपरिणामे, दंसणपरिणामे, चरित्तपरिणामे, वेदपरिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**–હે ભગવન્ ! જીવ પરિણામના કેટલા પ્રકાર છે? **ઉત્તર**– હે ગૌતમ ! જીવ પરિણામના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ગતિ પરિણામ, (૨) ઇન્દ્રિય પરિણામ (૩) કષાય પરિણામ, (૪) લેશ્યા પરિણામ (૫) યોગ પરિણામ (૬) ઉપયોગ પરિણામ (૭) જ્ઞાન પરિણામ (૮) દર્શન પરિણામ (૯) ચારિત્ર પરિણામ અને (૧૦) વેદ પરિણામ.

**३ गइपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! चउविहे पण्णत्ते, तं जहा- णिरयगइपरिणामे, तिरियगइपरिणामे, मणुयगइपरिणामे, देवगइपरिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! ગતિ પરિણામના કેટલા પ્રકાર છે? **ઉત્તર**– હે ગૌતમ ! ગતિ પરિણામના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) નરક ગતિ પરિણામ (૨) તિર્યંચગતિ પરિણામ (૩) મનુષ્ય ગતિ પરિણામ અને (૪) દેવ ગતિ પરિણામ.

**४ इंदियपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा- सोइंदियपरिणामे, चक्खिंदियपरिणामे, घाणिंदियपरिणामे, जिब्भिदियपरिणामे, फासिंदिय- परिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! ઇન્દ્રિય પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર**– હે ગૌતમ ! ઇન્દ્રિય પરિણામના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શ્રોતેન્દ્રિય પરિણામ, (૨) ચક્ષુરિન્દ્રિય પરિણામ (૩) ઘ્રાણેન્દ્રિય પરિણામ (૪) જિહ્વેન્દ્રિય પરિણામ અને (૫) સ્પર્શેન્દ્રિય પરિણામ.

**५ कसायपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा- कोहकसायपरिणामे, माणकसायपरिणामे, मायाकसायपरिणामे, लोभकसायपरिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! કષાય પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર**– હે ગૌતમ ! કષાય પરિણામના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ક્રોધ કષાય પરિણામ, (૨) માન કષાય પરિણામ (૩) માયા કષાય પરિણામ અને (૪) લોભ કષાય પરિણામ.

**६ लेस्सापरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! छव्विहे पण्णत्ते, तं जहा- कण्हलेस्सापरिणामे, णीललेस्सा-परिणामे, काउलेस्सापरिणामे, तेउलेस्सापरिणामे, पम्हलेस्सापरिणामे, सुक्कलेस्सापरिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! લેશ્યા પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર**– હે ગૌતમ ! લેશ્યા પરિણામના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–(૧) કૃષ્ણ લેશ્યા પરિણામ (૨) નીલ લેશ્યા પરિણામ (૩) કાપોત લેશ્યા પરિણામ (૪) તેજો લેશ્યા પરિણામ (૫) પદ્મ લેશ્યા પરિણામ અને (૬) શુકલ લેશ્યા પરિણામ.

**७ जोगपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! तिविहे पण्णत्ते, तं जहा- मणजोगपरिणामे, वइजोगपरिणामे, कायजोग परिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! યોગ પરિણામના કેટલા પ્રકાર કહ્યા છે ? **ઉત્તર**– હે ગૌતમ ! યોગ

પરિણામના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) મનોયોગ પરિણામ (૨) વચનયોગ પરિણામ અને (૩) કાયયોગ પરિણામ.

**८ उवओगपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा- सागारोवओगपरिणामे य, अणागारोवओगपरिणामे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપયોગ પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઉપયોગ પરિણામના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સાકારોપયોગ પરિણામ અને (૨) અનાકારોપયોગ પરિણામ.

**९ णाणपरिणामे णं भंते! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते । तं जहा- आभिणिबोहियणाणपरिणामे, सुयणाणपरिणामे, ओहिणाणपरिणामे, मणपज्जवणाणपरिणामे, केवलणाणपरिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાન પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જ્ઞાન પરિણામના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–(૧) મતિજ્ઞાન પરિણામ, (૨) શ્રુતજ્ઞાન પરિણામ, (૩) અવધિજ્ઞાન પરિણામ (૪) મનઃપર્યવજ્ઞાન પરિણામ અને (૫) કેવળજ્ઞાન પરિણામ.

**१० अण्णाणपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! तिविहे पण्णत्ते, तं जहा- मइअण्णाणपरिणामे, सुयअण्णाणपरिणामे, विभंगणाणपरिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અજ્ઞાન પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અજ્ઞાન પરિણામના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–(૧) મતિ અજ્ઞાન પરિણામ (૨) શ્રુત અજ્ઞાન પરિણામ અને (૩) વિભંગજ્ઞાન પરિણામ.

**११ दंसणपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! तिविहे पण्णत्ते, तं जहा- सम्मदंसणपरिणामे, मिच्छादंसणपरिणामे, सम्मामिच्छादंसणपरिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દર્શન પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! દર્શન પરિણામના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સમ્યગ્દર્શન પરિણામ, (૨) મિથ્યાદર્શન પરિણામ અને (૩) મિશ્રદર્શન પરિણામ.

**१२ चरित्तपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा- सामाइय-चरित्तपरिणामे, छेदोवट्ठावणिय-चरित्तपरिणामे, परिहारविसुद्धिय-चरित्तपरिणामे, सुहुमसंपराय-चरित्तपरिणामे, अहक्खाय-चरित्तपरिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચારિત્ર પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચારિત્ર પરિણામના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સામાયિક ચારિત્ર પરિણામ (૨) છેદોપસ્થાપનીય ચારિત્ર પરિણામ (૩) પરિહાર વિશુદ્ધ ચારિત્ર પરિણામ (૪) સૂક્ષ્મસંપરાય ચારિત્ર પરિણામ અને (૫) યથાખ્યાત ચારિત્ર પરિણામ.

**१३ वेयपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! तिविहे पण्णत्ते, तं जहा-**

**इत्थिवेयपरिणामे, पुरिसवेयपरिणामे, णपुंसगवेयपरिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદ પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વેદ પરિણામના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–(૧) સ્ત્રીવેદ પરિણામ (૨) પુરુષવેદ પરિણામ અને (૩) નપુંસક વેદ પરિણામ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં જીવના દશ પ્રકારના પરિણામ અને તેના ઉત્તર ભેદોનું નિરૂપણ છે.

**(૧) ગતિ પરિણામ–** ગતિ નામકર્મના ઉદયથી જીવ નરકાદિ ગતિમાં જન્મ ધારણ કરે, તેને ગતિ પરિણામ કહે છે. નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ, તે ચાર ગતિના આધારે ગતિ પરિણામના ચાર પ્રકાર છે.

**(૨) ઇન્દ્રિય પરિણામ– इन्दनात् इन्दः । आत्मज्ञानलक्षण परमैक्तर्ययोगात् तस्येदं ।** જ્ઞાનરૂપ ઐશ્વર્યના યોગથી આત્મા 'ઇન્દ્ર' છે. ઇન્દ્રનું લિંગ અર્થાત્ આત્માની ઓળખનું સાધન, તે ઇન્દ્રિય છે. શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જીહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય, તે પાંચ ઇન્દ્રિયની અપેક્ષાએ ઇન્દ્રિય પરિણામના પાંચ ભેદ છે. કેવલી ભગવાનને કેવળજ્ઞાન હોવાથી ઇન્દ્રિય જ્ઞાનની આવશ્યકતા રહેતી નથી તેથી તે જીવોને અનિન્દ્રિય પરિણામ હોય છે. આ રીતે ઇન્દ્રિય પરિણામના ૫+૧ (અનિન્દ્રિય પરિણામ) = ૬ ભેદ થાય છે.

**(૩) કષાય પરિણામ– कर्षन्ति हिंसन्ति प्राणिनोऽस्मिन्निति कषः संसारस्तमर्यते इति कषायः ।** જેમાં પ્રાણી પરસ્પર એકબીજાની હિંસા કરે છે તે કષ, આય એટલે સંસારને પ્રાપ્ત કરાવે તે કષાય. કષાયના ક્રોધ, માન, માયા, લોભ, તે ચાર પ્રકાર છે અને કષાયનો ઉપશમ કે ક્ષય થઈ જાય ત્યારે જીવ વીતરાગી થાય છે. તે જીવોને અકષાય પરિણામ પ્રગટ થાય છે. કષાય પરિણામના ૪+૧ (અકષાય પરિણામ) = ૫ ભેદ થાય છે.

**(૪) લેશ્યા પરિણામ–** કષાય અને યોગથી અનુરંજિત આત્મ પરિણામોને લેશ્યા કહે છે. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ, તે લેશ્યાના છ પ્રકારની અપેક્ષાએ લેશ્યા પરિણામના છ પ્રકાર છે તથા કષાય અને યોગનો નાશ થતાં અયોગી કેવળીને અલેશ્યા પરિણામ પ્રગટ થાય છે, તેથી લેશ્યા પરિણામના ૬ + ૧ (અલેશ્યા પરિણામ) = ૭ ભેદ થાય છે.

**(૫) યોગ પરિણામ–** મન, વચન, કાયાના વ્યાપારને યોગ કહે છે. તેના ત્રણ પ્રકાર છે અને યોગનો નાશ થતાં અયોગ પરિણામ પ્રગટ થાય છે, તેથી યોગ પરિણામના ૩ + ૧ (અયોગ પરિણામ) = ૪ ભેદ થાય છે.

**(૬) ઉપયોગ પરિણામ–** ચેતના શક્તિના સાકાર–જ્ઞાનાત્મક અને અનાકાર–દર્શનાત્મક વ્યાપારને ઉપયોગ કહે છે. તેના બે ભેદ છે– સાકારોપયોગ અને અનાકારોપયોગ.

**(૭) જ્ઞાન-અજ્ઞાન પરિણામ–** મતિજ્ઞાનાદિ પરિણામને જ્ઞાન પરિણામ કહે છે. પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનના આધારે જ્ઞાન પરિણામના પાંચ ભેદ છે અને અજ્ઞાન પરિણામના ત્રણ ભેદ છે, તેથી જ્ઞાન-અજ્ઞાન પરિણામના કુલ ૫+૩ = ૮ ભેદ થાય છે.

**(૮) દર્શન પરિણામ–** સમ્યગ્દર્શનાદિ પરિણામને દર્શન પરિણામ કહે છે. તેના ત્રણ ભેદ છે– સમ્યગ્દર્શન, મિથ્યાદર્શન અને મિશ્રદર્શન પરિણામ.

**(૯) ચારિત્ર પરિણામ–** સામાયિક ચારિત્ર આદિના પરિણામોને ચારિત્ર પરિણામ કહે છે. પાંચ ચારિત્રના આધારે ચારિત્ર પરિણામના પાંચ પ્રકાર છે. તે ઉપરાંત દેશવિરતિ ચારિત્ર અને અચારિત્રના પરિણામની

ગણના કરતાં ચારિત્ર પરિણામના કુલ ૫+૨ = ૭ ભેદ થાય છે.

**(૧૦) વેદ પરિણામ–** વેદ મોહનીય કર્મના ઉદયથી ભોગની ઇચ્છા થવી તે વેદ પરિણામ છે. ત્રણ વેદના આધારે વેદ પરિણામના ત્રણ પ્રકાર છે અને વેદ મોહનીય કર્મનો ઉપશમ કે ક્ષય થતાં અવેદ પરિણામ પ્રગટ થાય છે. તેથી વેદ પરિણામના ૩ + ૧(અવેદ પરિણામ) = ૪ ભેદ થાય છે.

દશ પરિણામોના ઉત્તર ભેદોમાં–અનિન્દ્રિય પરિણામ, અકષાય પરિણામ, અલેશ્યા પરિણામ, અયોગ પરિણામ, અચારિત્ર પરિણામ, દેશવિરતિ પરિણામ અને અવેદ પરિણામનું કથન નથી, પરંતુ ત્યાર પછીના ૨૪ દંડકના વર્ણનમાં આ સર્વ બોલોનું કથન યથાસ્થાને થયું છે. તેથી થોકડામાં તે સર્વનો સમાવેશ ઉત્તર ભેદોની ગણનામાં કર્યો છે.

આ રીતે સૂત્રના તાત્પર્યથી દશ પ્રકારના પરિણામોના ઉત્તર ભેદ ક્રમશઃ ૪+૬+૫+૭+૪+ ૨+૮+૩+૭+૪ = ૫૦ થાય છે.

**દશપ્રકારના પરિણામોના ક્રમની સાર્થકતા :–** વૃત્તિકારે દશ પ્રકારના પરિણામના ક્રમની સાર્થકતાને સિદ્ધ કરી છે.

**૧.** સંસારી જીવોમાં ઔદયિક આદિ ભાવોને આશ્રિત સર્વ ભાવો ગતિ પરિણામ સિવાય પ્રગટ થતા નથી, તેથી સર્વ પ્રથમ ગતિ પરિણામ છે . **૨.** પ્રત્યેક ગતિના જીવોને ઓછામાં ઓછી એક ઇન્દ્રિય અવશ્ય હોય છે તેથી ત્યાર પછી ઇન્દ્રિય પરિણામ છે. **૩.** ઇન્દ્રિય પરિણામ થવાથી ઇષ્ટ-અનિષ્ટ વિષયોમાં રાગદ્વેષના પરિણામ થાય છે માટે ત્યાર પછી કષાય પરિણામ છે. **૪.** કષાય પરિણામ હોય ત્યાં લેશ્યા પરિણામ અવશ્ય હોય છે. લેશ્યા વિના કષાય હોતા નથી. લેશ્યા પરિણામ ૧૩ ગુણસ્થાન સુધી હોય છે પરંતુ કષાય પરિણામ દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન સુધી જ હોય છે. ૧૧-૧૨-૧૩ મા ગુણસ્થાને કષાયના ભાવો વિના પણ લેશ્યા હોય છે, તેથી કષાય પછી લેશ્યા પરિણામ છે. **૫.** લેશ્યા યોગના પરિણામરૂપ છે, કારણ કે **योग परिणामो लेश्या** । તેથી લેશ્યા પછી યોગ પરિણામ છે. **૬.** સંસારી જીવોને યોગ પરિણામ થયા પછી ઉપયોગના પરિણામ થાય છે, તેથી ત્યારપછી ઉપયોગ પરિણામ છે. **૭.**ઉપયોગ પરિણામ સાકાર– જ્ઞાનાત્મક હોય છે, તેથી ત્યારપછી જ્ઞાન પરિણામ છે. જ્ઞાન પરિણામ બે પ્રકારે છે– સમ્યગ્જ્ઞાન પરિણામ અને મિથ્યા જ્ઞાન પરિણામ, તેથી જ્ઞાન પરિણામ પછી અજ્ઞાન પરિણામ છે. **૮.** જ્ઞાન અને અજ્ઞાન પરિણામ સમ્યગ્દર્શન કે મિથ્યાદર્શન સિવાય થતા નથી, તેથી ત્યારપછી દર્શન પરિણામ છે. **૯.**સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્દર્શનના પ્રભાવે જીવની ભાવવિશુદ્ધિ થતા ક્રમશઃ ચારિત્રાવરણ કર્મના ક્ષયોપશમે ચારિત્ર પરિણામ થાય છે, માટે દર્શન પરિણામ પછી ચારિત્ર પરિણામ છે. **૧૦.** ચારિત્ર પરિણામથી મહાસત્ત્વવાળા વીર્યવાન આત્માઓ વેદ પરિણામનો નાશ કરે છે, માટે ચારિત્ર પછી વેદ પરિણામ છે.

**દશ પ્રકારના પરિણામ અને તેના ૫૦ ભેદ :–**

| પરિણામ | ભેદ | વિવરણ |
|---|---|---|
| ૧ ગતિ પરિણામ | ૪ | નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ પરિણામ |
| ૨ ઇન્દ્રિય પરિણામ | ૬ | શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જીહ્વેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય, અનિન્દ્રિય પરિણામ |
| ૩ કષાય પરિણામ | ૫ | ક્રોધ, માન, માયા, લોભ કષાય અને અકષાય પરિણામ |
| ૪ લેશ્યા પરિણામ | ૭ | કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લલેશ્યા પરિણામ અને અલેશ્યા પરિણામ |

| | | |
|---|---|---|
| ૫ યોગ પરિણામ | ૪ | મનયોગ, વચનયોગ, કાયયોગ અને અયોગ પરિણામ |
| ૬ ઉપયોગ પરિણામ | ૨ | સાકારોપયોગ પરિણામ, અનાકારોપયોગ પરિણામ |
| ૭ જ્ઞાન-અજ્ઞાન પરિણામ | ૮ | પાંચ જ્ઞાન– મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન; ત્રણ અજ્ઞાન– મતિ અજ્ઞાન, શ્રુતાજ્ઞાન, વિભંગજ્ઞાન પરિણામ. |
| ૮ દર્શન પરિણામ | ૩ | સમ્યગ્દર્શન, મિથ્યાદર્શન, મિશ્રદર્શન પરિણામ |
| ૯ ચારિત્ર પરિણામ | ૭ | સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ચારિત્ર, દેશવિરતિ ચારિત્ર અને અચારિત્ર પરિણામ |
| ૧૦ વેદ પરિણામ | ૪ | સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, અવેદક પરિણામ |
| **કુલ** | **૫૦** | |

**નૈરયિકોમાં પરિણામો :–**

**१४ णेरइया गइपरिणामेणं णिरयगइया, इंदियपरिणामेणं पंचिंदिया, कसायपरिणामेणं कोहकसाई वि** *जाव* **लोभकसाई वि, लेस्सापरिणामेणं कण्हलेस्सा वि णीललेस्सा वि काउलेस्सा वि, जोगपरिणामेणं मणजोगी वि वइजोगी वि कायजोगी वि, उवओगपरिणामेणं सागारोवउत्ता वि अणागारोवउत्ता वि, णाणपरिणामेणं आभिणिबोहियणाणी वि सुयणाणी वि ओहिणाणी वि, अण्णाणपरिणामेणं मइअण्णाणी वि सुयअण्णाणी वि विभंगणाणी वि, दंसण परिणामेणं सम्मद्दिट्ठी वि मिच्छादिट्ठी वि, सम्मामिच्छादिट्ठी वि, चरित्तपरिणामेणं णो चरित्ती णो चरित्ताचरित्ती अचरित्ती, वेदपरिणामेणं णो इत्थिवेयगा णो पुरिसवेयगा णपुंसगवेयगा ।**

**ભાવાર્થ :–** નૈરયિકો ગતિ પરિણામની અપેક્ષાએ નરકગતિક (નરક ગતિ યુક્ત) છે ; ઇન્દ્રિયપરિણામથી પંચેંદ્રિય છે, કષાય પરિણામથી ક્રોધ કષાયી ***યાવત્*** લોભ કષાયી છે ; લેશ્યા પરિણામથી કૃષ્ણલેશી, નીલ-લેશી અને કાપોતલેશી છે ; યોગ પરિણામથી મનયોગી, વચનયોગી અને કાયયોગી છે; ઉપયોગ પરિણામથી સાકારોપયોગી અને અનાકારોપયોગી છે ; જ્ઞાન પરિણામથી મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની અને અવધિજ્ઞાની છે. અજ્ઞાન પરિણામથી મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની અને વિભંગજ્ઞાની છે; દર્શન પરિણામથી સમ્યગ્દષ્ટિ પણ છે, મિથ્યાદષ્ટિ પણ છે અને મિશ્ર સમ્યગ્દષ્ટિ પણ છે; ચારિત્ર પરિણામથી ચારિત્રી નથી, ચારિત્રાચારિત્રી નથી, અચારિત્રી છે ; વેદ પરિણામથી નારકી જીવો સ્ત્રીવેદી નથી, પુરુષવેદી નથી, પરંતુ નપુંસકવેદી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નૈરયિકોમાં ગતિ આદિ દશ પરિણામમાંથી પ્રાપ્ત થતાં પરિણામોનું નિરૂપણ છે.

**લેશ્યા પરિણામ–** નૈરયિકોને ત્રણ અશુભ લેશ્યા જ હોય છે. તેમાં પહેલી બે નરકમાં કાપોતલેશ્યા, ત્રીજી નરકમાં કાપોત અને નીલલેશ્યા, ચોથી નરકમાં નીલ લેશ્યા, પાંચમી નરકમાં નીલ અને કૃષ્ણલેશ્યા, છઠ્ઠી- સાતમી નરકમાં કૃષ્ણલેશ્યા હોય છે. અહીં સૂત્રપાઠમાં નરક ગતિમાં સમુચ્ચય ત્રણ લેશ્યાનું કથન કર્યું છે.

**જ્ઞાન–અજ્ઞાન પરિણામ**– નૈરયિકોને ભવ સ્વભાવથી જ અવધિજ્ઞાન અથવા વિભંગજ્ઞાન હોય છે, તેથી સમ્યગ્દૃષ્ટિ નૈરયિકોને મતિ, શ્રુત અને અવધિજ્ઞાન, તે ત્રણ જ્ઞાન પરિણામ તથા મિથ્યાદષ્ટિ નૈરયિકોને ત્રણ અજ્ઞાન પરિણામ હોય છે.

**ચારિત્ર પરિણામ :**– ચોવીસ દંડકના જીવોમાંથી તિર્યંચપંચેન્દ્રિય અને મનુષ્ય સિવાય અન્ય કોઈપણ દંડકના જીવોમાં ભવ સ્વભાવથી જ ચારિત્ર પરિણામ હોતા નથી, તેથી નૈરયિકો અચારિત્રી છે.

**વેદ પરિણામ :**– નૈરયિકોને તથા સંમૂર્ચ્છિમ જીવો અને અસંજ્ઞી જીવોને એક નપુંસક વેદ જ હોય છે. નૈરયિકોમાં સ્ત્રીવેદ કે પુરુષવેદ નથી, એક નપુંસક વેદ જ છે. શેષ કથન ભાવાર્થથી સ્પષ્ટ છે.

આ રીતે નૈરયિકોને દશ પ્રકારના પરિણામોના ૫૦ ઉત્તરભેદમાંથી ગતિ–૧, ઈન્દ્રિય–૫, કષાય–૪, લેશ્યા–૩, યોગ–૩, ઉપયોગ–૨, જ્ઞાન–૩, અજ્ઞાન–૩, દર્શન–૩, અચારિત્ર–૧, વેદ–૧ = કુલ ૨૯ પ્રકારના પરિણામ હોય છે.

**ભવનપતિ દેવોમાં પરિણામો :–**

**१५ असुरकुमारा जहा णेरइया, णवरं- गईपरिणामेणं देवगइया, लेस्सा परिणामेणं कण्हलेसा वि *जाव* तेउलेसा वि, वेदपरिणामेणं इत्थिवेयगा वि पुरिसवेयगा वि, णो णपुंसगवेयगा । सेसं तं चेव । एवं *जाव* थणियकुमारा ।**

**ભાવાર્થ :–** અસુરકુમારોની પરિણામ સંબંધી વક્તવ્યતા નૈરયિકોની સમાન જાણવી જોઈએ. વિશેષતા એ છે કે તેઓ ગતિ પરિણામથી દેવગતિક હોય છે; લેશ્યા પરિણામથી પ્રથમ ચાર લેશ્યા હોય છે. વેદ પરિણામથી તેઓ સ્ત્રીવેદી છે, પુરુષવેદી છે પરંતુ નપુંસકવેદી નથી. શેષ કથન નારકી પ્રમાણે પૂર્વવત્ જાણવું જોઈએ. તે જ રીતે સ્તનિતકુમારો સુધીના દશે ભવનપતિ દેવોમાં પરિણામ સંબંધી પ્રરૂપણા કરવી જોઈએ.

**વિવેચન :–**

સૂત્રોમાં દશ પ્રકારના ભવનપતિ દેવોના દશવિધ પરિણામોની પ્રરૂપણા નારકીઓના અતિદેશ-પૂર્વક કરી છે. નારકી અને ભવનપતિ દેવોમાં ત્રણ પ્રકારના પરિણામમાં તફાવત છે.

**ગતિ પરિણામ**– ભવનપતિ દેવોમાં દેવગતિ પરિણામ હોય છે.

**લેશ્યા પરિણામ**– નારકીમાં પ્રથમ ત્રણ અશુભ લેશ્યા હોય છે પરંતુ ભવનપતિ દેવોમાં પ્રથમની ચાર લેશ્યા હોય છે.

**વેદ પરિણામ**– નારકી એકાંત નપુંસકવેદી હોય છે. દેવોમાં નપુંસક વેદ નથી. દેવોમાં સ્ત્રીવેદ અને પુરુષવેદ બે વેદ હોય છે.

આ રીતે ભવનપતિ દેવોમાં ગતિ–૧, ઈન્દ્રિય–૫, કષાય–૪, લેશ્યા–૪, યોગ–૩, ઉપયોગ–૨, જ્ઞાન–૩, અજ્ઞાન–૩, દર્શન–૩, અચારિત્ર–૧, વેદ–૨ = કુલ ૩૧ પ્રકારના પરિણામ હોય છે.

**પાંચ સ્થાવરમાં પરિણામો :–**

**१६ पुढविकाइया गइपरिणामेणं तिरियगइया, इंदियपरिणामेणं एगिंदिया, सेसं जहा णेरइयाणं, णवरं लेस्सापरिणामेणं तेउलेस्सा वि, जोगपरिणामेणं कायजोगी, णाणपरिणामो**

**णत्थि, अण्णाणपरिणामेणं मइअण्णाणी वि सुयअण्णाणी वि, दंसणपरिणामेणं मिच्छद्दिट्ठी। सेसं तं चेव । एवं आउ-वणस्सइकाइया वि । तेऊ वाऊ एवं चेव, णवरं लेस्सापरिणामेणं जहा णेरइया ।**

**ભાવાર્થ :–** પૃથ્વીકાયિક જીવ ગતિ પરિણામથી તિર્યંચગતિક છે; ઇન્દ્રિય પરિણામથી એકેન્દ્રિય છે, શેષ વક્તવ્યતા નૈરયિકો સમાન જાણવી. વિશેષતા એ છે કે – લેશ્યા પરિણામથી તેઓ તેજોલેશી પણ હોય છે; યોગ પરિણામથી માત્ર કાયયોગી જ હોય છે. તે જીવોમાં જ્ઞાન પરિણામ નથી; અજ્ઞાન પરિણામથી મતિ અજ્ઞાની અને શ્રુત અજ્ઞાની હોય છે. દર્શન પરિણામથી મિથ્યાદષ્ટિ હોય છે. શેષ વર્ણન નારકીવત્ જાણવું જોઈએ. આ જ રીતે અપ્કાયિક અને વનસ્પતિકાયિકોની પરિણામ સંબંધી વક્તવ્યતા જાણવી.

તેજસ્કાયિકો અને વાયુકાયિકોની પણ પરિણામ સંબંધી વક્તવ્યતા પૃથ્વીકાયિકોની સમાન જાણવી. વિશેષતા માત્ર એ છે કે તેની લેશ્યા સંબંધી પ્રરૂપણા નૈરયિકોની સમાન જાણવી અર્થાત્ તેમાં ત્રણ લેશ્યા હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં એકેન્દ્રિય જીવોમાં પરિણામનું કથન નારકીના અતિદેશપૂર્વક છે.

નારકી કરતાં એકેન્દ્રિયોમાં છ પરિણામોમાં વિશેષતા છે. **(૧) ગતિ પરિણામ–** એકેન્દ્રિયો તિર્યંચયોનિક છે. **(૨) ઇન્દ્રિય પરિણામ–** એકેન્દ્રિય જીવોમાં એક સ્પર્શેન્દ્રિય પરિણામ છે **(૩) લેશ્યા પરિણામ–** પૃથ્વી-પાણી-વનસ્પતિ આ ત્રણ એકેન્દ્રિયમાં પ્રથમના ચાર લેશ્યા પરિણામ હોય છે. સૌધર્મ–ઈશાન દેવલોક સુધીના ચોસઠ જાતિના તેજોલેશી દેવો પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં ઉત્પન્ન થાય ત્યારે અપર્યાપ્તાવસ્થામાં તેને તેજોલેશ્યા હોય છે. તેઉ-વાયુમાં નારકીની જેમ પ્રથમની ત્રણ લેશ્યા હોય છે. **(૪) યોગપરિણામ–** એકેન્દ્રિયોમાં એક કાયયોગ હોય છે. **(૫) જ્ઞાન પરિણામ–** એકેન્દ્રિય જીવો મિથ્યા દષ્ટિ હોવાથી તેમાં જ્ઞાન પરિણામ નથી. મતિ-શ્રુત અજ્ઞાન, તે બે અજ્ઞાન પરિણામ જ છે. **(૬) દર્શન પરિણામ–** નારકીમાં ત્રણેય દર્શન હોય છે જ્યારે એકેન્દ્રિયમાં માત્ર એક મિથ્યાદર્શન પરિણામ જ હોય છે. શેષ પરિણામો નૈરયિકવત્ જાણવા.

આ રીતે પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં ગતિ–૧, ઇન્દ્રિય–૧, કષાય–૪, લેશ્યા–૪, યોગ–૧, ઉપયોગ–૨, અજ્ઞાન–૨, દર્શન–૧, અચારિત્ર–૧, વેદ–૧ = કુલ ૧૮ પ્રકારના પરિણામ હોય છે અને તેઉકાય અને વાયુકાયમાં તેજોલેશ્યાને છોડીને ૧૭ પ્રકારના પરિણામ હોય છે.

**ત્રણ વિકલેન્દ્રિયમાં પરિણામો :–**

**૧૭ बेइंदिया गइपरिणामेणं तिरियगइया, इंदियपरिणामेणं बेइंदिया, सेसं जहा णेरइयाणं, णवरं जोगपरिणामेणं वइजोगी वि कायजोगी वि, णाणपरिणामेणं आभिणिबोहियणाणी वि सुयणाणी वि, अण्णाणपरिणामेणं मइअण्णाणी वि सुयअण्णाणी वि, णो विभंगणाणी, दंसणपरिणामेणं सम्मद्दिट्ठी वि, मिच्छद्दिट्ठी वि, णो सम्मामिच्छद्दिट्ठी । सेसं तं चेव ।**

**एवं** *जाव* **चउरिंदिया, णवरं इंदियपरिवुड्ढी कायव्वा ।**

**ભાવાર્થ :–** બેઇન્દ્રિય જીવ ગતિ પરિણામથી તિર્યંચગતિક છે; ઇન્દ્રિય પરિણામથી તેને બે ઇન્દ્રિયો હોય છે; શેષ કથન નૈરયિકોની સમાન જાણવું જોઈએ. વિશેષતા એ છે કે બેઇન્દ્રિય જીવો યોગ પરિણામથી-વચન યોગી અને કાયયોગી; જ્ઞાન પરિણામથી મતિજ્ઞાની અને શ્રુતિજ્ઞાની; અજ્ઞાન પરિણામથી મતિ અજ્ઞાની અને શ્રુત અજ્ઞાની છે. દર્શન પરિણામથી સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ હોય છે, શેષ કથન પૂર્વવત્ જાણવું.

આ રીતે તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોનું કથન જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તેમાં એક-એક ઇન્દ્રિયની વૃદ્ધિ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વિકલેન્દ્રિય જીવોના પરિણામોનું કથન નારકીના અતિદેશપૂર્વક છે. નારકીના પરિણામથી વિકલેન્દ્રિય જીવોના પરિણામોમાં પાંચ પ્રકારે વિશેષતા છે.

**(૧) ગતિ–** વિકલેન્દ્રિય જીવો તિર્યંચગતિક હોય છે. **(૨) ઇન્દ્રિયપરિણામ–** બેઇન્દ્રિયમાં સ્પર્શેન્દ્રિય અને રસેન્દ્રિય બે ઇન્દ્રિય પરિણામ, તેઇન્દ્રિયમાં સ્પર્શન, રસન, ઘ્રાણ આ ત્રણ ઇન્દ્રિય પરિણામ અને ચૌરેન્દ્રિયમાં, સ્પર્શન, રસન, ઘ્રાણ અને ચક્ષુ, આ ચાર ઇન્દ્રિય પરિણામ હોય છે. **(૩) યોગ પરિણામ–** વિકલેંદ્રિયોમાં વચનયોગ અને કાયયોગ આ બે યોગ પરિણામ હોય છે. **(૪) જ્ઞાન-અજ્ઞાન પરિણામ–** સાસ્વાદન સમ્યક્ત્વી જીવ મૃત્યુ પામી વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થાય, ત્યારે કરણ અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમ્યક્ત્વની અપેક્ષાએ મતિજ્ઞાન અને શ્રુત જ્ઞાન આ બે જ્ઞાન પરિણામ હોય છે. સાસ્વાદન સમકિતના અભાવમાં મતિ અજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન પરિણામ, આ બે અજ્ઞાન પરિણામ હોય છે **(૫) દર્શન પરિણામ–** વિકલેન્દ્રિયોમાં સાસ્વાદન સમકિતની અપેક્ષાએ સમ્યગ્દર્શન પરિણામ અને મિથ્યાત્વની અપેક્ષાએ મિથ્યાદર્શન પરિણામ આ બે દર્શન પરિણામ હોય છે. શેષ પરિણામ નારકીની સમાન છે.

આ રીતે બેઇન્દ્રિયમાં ગતિ–૧, ઇન્દ્રિય–૨, કષાય–૪, લેશ્યા–૩, યોગ–૨, ઉપયોગ–૨, જ્ઞાન–૨, અજ્ઞાન–૨, દર્શન–૨, અચારિત્ર–૧, વેદ–૧ = ૨૨ પ્રકારના પરિણામ હોય છે. તેઇન્દ્રિયમાં એક ઇન્દ્રિય વધતાં ૨૩ અને ચૌરેન્દ્રિયમાં એક ઇન્દ્રિય વધતાં ૨૪ પ્રકારના પરિણામ હોય છે.

**૧૮ पंचेंदियतिक्खजोणिया गइपरिणामेणं तिरियगईया । सेसं जहा णेरइयाणं, णवरं लेस्सापरिणामेणं** *जाव* **सुक्कलेस्सा वि, चरित्तपरिणामेणं णो चरित्ती, अचरित्ती वि चरित्ताचरित्ती वि, वेदपरिणामेणं इत्थिवेयगा वि पुरिसवेयगा वि णपुंसगवेयगा वि ।**

**ભાવાર્થ :–** પંચેદ્રિય તિર્યંચયોનિક જીવો ગતિ પરિણામથી તિર્યંચગતિક છે. શેષ કથન નૈરયિકોની સમાન જાણવું. વિશેષતા એ છે કે તિર્યંચ યોનિક જીવ લેશ્યા પરિણામથી કૃષ્ણ ***યાવત્*** શુકલલેશી પણ હોય છે; ચારિત્ર પરિણામમાં તેઓને ચારિત્ર નથી, અચારિત્ર અને ચારિત્રાચારિત્રી(દેશ ચારિત્ર) હોય છે; વેદ પરિણામથી સ્ત્રીવેદી, પુરુષવેદી અને નપુંસક વેદી હોય છે.

**વિવેચન :–**

નારકીઓ કરતાં તિર્યંચ પંચેંદ્રિયોના ચાર પરિણામોમાં તફાવત છે– **(૧) ગતિ પરિણામ–** તિર્યંચ પંચેદ્રિય તિર્યંચ ગતિક છે **(૨) લેશ્યા પરિણામ–** તિર્યંચ પંચેન્દ્રિયમાં છ એ લેશ્યાના પરિણામો છે **(૩) ચારિત્ર પરિણામ–** તિર્યંચ પંચેન્દ્રિયમાં સર્વ વિરતિ ચારિત્ર નથી, પરંતુ કેટલાક તિર્યંચો દેશ

વિરતિ પરિણામ પામે છે અને શેષ જીવોને અચારિત્ર પરિણામ હોય છે. **(૪) વેદ પરિણામ–** તિર્યંચ પંચેદ્રિયોમાં ત્રણે ય વેદો હોય છે. શેષ પરિણામોનું કથન નારકીની સમાન છે.

આ રીતે તિર્યંચ પંચેન્દ્રિયમાં ગતિ–૧, ઇન્દ્રિય–૫, કષાય–૪, લેશ્યા–૬, યોગ–૩, ઉપયોગ–૨, જ્ઞાન–૩, અજ્ઞાન–૩, દર્શન–૩, અચારિત્ર, દેશ ચારિત્ર–૨, વેદ–૩ = કુલ ૩૫ પ્રકારના પરિણામ હોય છે.

**મનુષ્યોમાં પરિણામો :–**

**૧૧ मणुस्सा गइपरिणामेणं मणुयगइया, इंदियपरिणामेणं पंचेंदिया अणिंदिया वि, कसायपरिणामेणं कोहकसाई वि *जाव* अकसाई वि, लेस्सापरिणामेणं कण्हलेस्सा वि *जाव* अलेस्सा वि, जोगपरिणामेणं मणजोगी वि *जाव* अजोगी वि, उवओगपरिणामेणं जहा णेरइया, णाणपरिणामेणं आभिणिबोहियणाणी वि *जाव* केवलणाणी वि, अण्णाणपरिणामेणं तिण्णि वि अण्णाणा, दंसणपरिणामेणं तिण्णि वि दंसणा, चरित्तपरिणामेणं चरित्ती वि अचरित्ती वि चरित्ताचरित्ती वि, वेदपरिणामेणं इत्थिवेयगा वि पुरिसवेयगा वि णपुंसगवेयगा वि अवेयगा वि ।**

**ભાવાર્થ :–** મનુષ્યો ગતિ પરિણામથી મનુષ્યગતિક છે; ઇન્દ્રિય પરિણામથી પંચેન્દ્રિય અને અનિન્દ્રિય પરિણામ; કષાય પરિણામથી ક્રોધાદિ ચારે કષાય અને અકષાય પરિણામ હોય છે; લેશ્યા પરિણામથી કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશી અને અલેશી હોય છે ; યોગ પરિણામથી મનયોગી, વચનયોગી, કાયયોગી અને અયોગી પણ હોય છે. ઉપયોગ પરિણામથી નારકીની સમાન છે. જ્ઞાન પરિણામમાં મતિજ્ઞાન ***યાવત્*** કેવળજ્ઞાન હોય છે; અજ્ઞાન પરિણામમાં ત્રણે ય અજ્ઞાન પરિણામ હોય છે; દર્શન પરિણામમાં ત્રણેય દર્શન પરિણામ હોય છે. ચારિત્ર પરિણામમાં પાંચ ચારિત્ર, અચારિત્ર અને ચારિત્રાચારિત્ર પરિણામ હોય છે. વેદ પરિણામમાં સ્ત્રીવેદી, પુરુષવેદી અને નપુંસકવેદી અને અવેદી હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં મનુષ્યોમાં દશ પ્રકારના પરિણામોની વિચારણા કરવામાં આવી છે.

મનુષ્યોમાં અન્ય જીવોથી કેટલાક પરિણામોમાં વિશિષ્ટતા છે. મનુષ્યો પોતાના પુરુષાર્થ દ્વારા કેટલાક કર્મજન્ય ભાવોનો અંત કરી શકે છે તેમજ કેટલાક આત્મગુણોને પ્રગટ કરી શકે છે, તેથી અનિન્દ્રિય, અલેશી, અકષાયી, અયોગી, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, કેવળદર્શન, અવેદી, આ આઠ પરિણામો તેને વિશેષ હોય છે.

કેવળી ભગવાન કેવળજ્ઞાન દ્વારા જ લોકાલોકના ભાવોને જાણે છે તેઓને ઇન્દ્રિયના પ્રયોગની આવશ્યકતા નથી, તેથી કેવળી ભગવાન અનિન્દ્રિય કહેવાય છે. અગિયારથી ચૌદમા ગુણસ્થાનવર્તી જીવો અકષાયી હોય છે. ચૌદમા ગુણસ્થાનવર્તી અયોગી કેવળીમાં યોગનો અભાવ હોવાથી તે અયોગી અને અલેશી હોય છે.

કેટલાક અપ્રમત્ત સંયમી મનુષ્યો મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત કરે છે, કેટલાક વીતરાગી પુરુષો ચાર ઘાતિકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન–કેવળદર્શન પ્રગટ કરે છે અને કેટલાક મનુષ્યો વેદ મોહનીય કર્મનો ઉપશમ અથવા ક્ષય કરીને અવેદીપણાને પ્રાપ્ત કરે છે. તેથી મનુષ્યોમાં ગતિ–૧, ઇન્દ્રિય–૬(૫ ઇન્દ્રિય +

અનિંદ્રિય), કષાય–૫(૪ કષાય + અકષાય), લેશ્યા–૭(૬ લેશ્યા + અલેશ્યા), યોગ–૪(૩ યોગ + અયોગી), ઉપયોગ–૨, જ્ઞાન–૫, અજ્ઞાન–૩, દર્શન–૩, ચારિત્ર–૭(૫ ચરિત્ર + દેશવિરતિ + અચારિત્ર), વેદ–૪ (૩ વેદ + અવેદી) = કુલ ૪૭ પ્રકારના પરિણામો હોય છે.

**વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોમાં પરિણામો :–**

**૨૦ वाणमंतरा गइपरिणामेणं देवगइया जहा असुरकुमारा । एवं जोइसिया वि, णवरं लेस्सापरिणामेणं तेउलेस्सा । वेमाणिया वि एवं चेव, णवरं लेस्सापरिणामेणं तेउलेस्सा वि पम्हलेस्सा वि सुक्कलेस्सा वि । से तं जीवपरिणामे ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતર દેવો ગતિ પરિણામથી દેવગતિક છે, આ રીતે પરિણામ સંબંધી સમસ્ત વક્તવ્યતા, અસુરકુમારોની જેમ જ જાણવી.

આ જ રીતે જયોતિષી દેવોના સમસ્ત પરિણામોના વિષયમાં પણ જાણવું જોઈએ. વિશેષતા માત્ર એ છે કે લેશ્યા પરિણામથી તેઓ માત્ર તેજોલેશ્યાયુક્ત જ હોય છે.

વૈમાનિક દેવોની પરિણામ સંબંધી પ્રરૂપણા પણ આ જ પ્રમાણે જાણવી જોઈએ, વિશેષતા એ છે કે લેશ્યા પરિણામથી તેઓ તેજોલેશી, પદ્મલેશી અને શુક્લલેશી હોય છે **આ જીવ પરિણામ છે.**

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ક્રમશઃ વાણવ્યંતર, જયોતિષ્ક અને વૈમાનિક દેવોના પરિણામ સંબંધી પ્રરૂપણા અસુરકુમારના અતિદેશપૂર્વક કરવામાં આવી છે.

વાણવ્યંતર જાતિના દેવોમાં અસુરકુમારની જેમ ૩૧ પ્રકારના પરિણામો હોય છે. જ્યોતિષી દેવોમાં એક માત્ર તેજોલેશ્યા છે, તેથી તેમાં ગતિ–૧, ઇન્દ્રિય–૫, કષાય–૪, લેશ્યા–૧, યોગ–૩, ઉપયોગ–૨, જ્ઞાન–૩, અજ્ઞાન–૩, દર્શન–૩, અચારિત્ર–૧, વેદ–૨ = કુલ ૨૮ પ્રકારના પરિણામો હોય છે.

સૂત્રપાઠમાં અહીં વૈમાનિક દેવોનું સમુચ્ચય કથન છે તેથી તેમાં સમુચ્ચય ત્રણ શુભલેશ્યા કહી છે. તેમાંથી પહેલા-બીજા દેવલોકમાં તેજોલેશ્યા, ત્રીજા, ચોથા, પાંચમા દેવલોકમાં પદ્મલેશ્યા અને છટ્ઠા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાન સુધી એક શુક્લલેશ્યા હોય છે.

દર્શન પરિણામમાં નવ ગ્રૈવેયક સુધી ત્રણ દર્શન અને પાંચ અનુત્તર વિમાનમાં એક સમ્યગ્દર્શન હોય છે.

વેદ પરિણામમાં પહેલા, બીજા દેવલોકમાં સ્ત્રીવેદ અને પુરુષવેદ, તે બે વેદ હોય છે અને ત્રીજા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાન સુધીમાં એક પુરુષવેદ હોય છે.

આ રીતે પહેલા, બીજા દેવલોકમાં જ્યોતિષી દેવોની જેમ ૨૮ પ્રકારના પરિણામો છે. ત્રીજા દેવલોકથી નવ ગ્રૈવેયક સુધીમાં સ્ત્રીવેદને બાદ કરતાં ૨૭ પ્રકારના પરિણામો છે. પાંચ અનુત્તર વિમાનમાં ત્રણ અજ્ઞાન અને મિથ્યાદષ્ટિને બાદ કરતાં ૨૪ પ્રકારના પરિણામો હોય છે અને સમુચ્ચય રીતે વૈમાનિક જાતિના દેવોમાં ગતિ–૧, ઇન્દ્રિય–૫, કષાય–૪, લેશ્યા–૩ શુભ, યોગ–૩, ઉપયોગ–૨, જ્ઞાન–૩, અજ્ઞાન–૩, દર્શન–૩, અચારિત્ર–૧, વેદ–૨ = ૩૦ પ્રકારના પરિણામ હોય છે.

**૨૪ દંડકના જીવોના દશ પ્રકારના પરિણામ :–**

| જીવ | ગતિ ૪ | ઈન્દ્રિય ૬ | કષાય ૫ | લેશ્યા ૭ | યોગ ૪ | ઉપયોગ ૨ | જ્ઞાન ૫ | અજ્ઞાન ૩ | દર્શન ૩ | ચારિત્ર ૭ | વેદ ૪ | કુલ ૫૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નારકી | ૧ | ૫ | ૪ | ૩ | ૩ | ૨ | ૩ | ૩ | ૩ | ૧ અચારિત્ર | ૧ | ૨૯ |
| ભવનપતિ, વ્યંતર દેવ | ૧ | ૫ | ૪ | ૪ | ૩ | ૨ | ૩ | ૩ | ૩ | ૧ અચારિત્ર | ૨ | ૩૧ |
| જ્યોતિષી ૧,૨ દેવ | ૧ | ૫ | ૪ | ૧ તેજો | ૩ | ૨ | ૩ | ૩ | ૩ | ૧ અચારિત્ર | ૨ | ૨૮ |
| ૩,૪,૫ દેવલોક | ૧ | ૫ | ૪ | ૧ પદ્મ | ૩ | ૨ | ૩ | ૩ | ૩ | ૧ અચારિત્ર | ૧ પુરુષ | ૨૭ |
| છટ્ઠાથી ગ્રૈવેયક સુધી | ૧ | ૫ | ૪ | ૧ શુક્લ | ૩ | ૨ | ૩ | ૩ | ૩ | ૧ અચારિત્ર | ૧ | ૨૭ |
| અનુત્તર વિમાન | ૧ | ૫ | ૪ | ૧ શુક્લ | ૩ | ૨ | ૩ | × | ૧ સમ્ય. | ૧ અચારિત્ર | ૧ | ૨૨ |
| પૃથ્વી, પાણી, વનસ્પતિ | ૧ | ૧ | ૪ | ૪ | ૧ | ૨ | × | ૨ | ૧ | ૧ અચારિત્ર | ૧ | ૧૮ |
| તેઉકાય, વાયુકાય | ૧ | ૧ | ૪ | ૩ | ૧ | ૨ | × | ૨ | ૧ | ૧ અચારિત્ર | ૧ | ૧૭ |
| બેઇન્દ્રિય | ૧ | ૨ | ૪ | ૩ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૧ અચારિત્ર | ૧ | ૨૨ |
| તેઇન્દ્રિય | ૧ | ૩ | ૪ | ૩ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૧ અચારિત્ર | ૧ | ૨૩ |
| ચૌરેન્દ્રિય | ૧ | ૪ | ૪ | ૩ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૧ અચારિત્ર | ૧ | ૨૪ |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૧ | ૫ | ૪ | ૬ | ૩ | ૨ | ૩ | ૩ | ૩ | ૨ અચા૰દેશ૰ | ૩ | ૩૫ |
| મનુષ્ય | ૧ મનુષ્યગતિ | ૬ ૫+૧ અનિ. ન્દ્રિય | ૫ ૪+૧ અકષાયી | ૭ ૬+૧ અલેશી | ૪ ૩+૧ અયોગી | ૨ | ૫ | ૩ | ૩ | ૭ ૫ ચારિત્ર+ દેશવિરતિ+ અચારિત્ર | ૪ ૩+૧ અવેદી | ૪૭ |

**અજીવ પરિણામ અને તેના ભેદ-પ્રભેદ :–**

**२१ अजीवपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! दसविहे, पण्णत्ते तं जहा- बंधणपरिणामे, गइपरिणामे, संठाणपरिणामे, भेदपरिणामे, वण्णपरिणामे, गंधपरिणामे, रस- परिणामे, फासपरिणामे, अगरुयलहुयपरिणामे, सद्दपरिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અજીવ પરિણામના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અજીવ પરિણામના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) બંધન પરિણામ (૨) ગતિ પરિણામ (૩) સંસ્થાન પરિણામ (૪) ભેદ પરિણામ (૫) વર્ણ પરિણામ (૬) ગંધ પરિણામ (૭) રસ પરિણામ (૮) સ્પર્શ પરિણામ, (૯) અગુરુલઘુ પરિણામ અને (૧૦) શબ્દ પરિણામ.

**२२ बंधणपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा- णिद्धबंधणपरिणामे य, लुक्खबंधण परिणामे य ।**

**समणिद्धयाए बंधो ण होइ, समलुक्खयाए वि ण होइ ।**
**वेमायणिद्ध-लुक्खत्तणेण, बंधो उ खंधाणं ॥१॥**
**णिद्धस्स णिद्धेण दुयाहिएणं, लुक्खस्स लुक्खेण दुयाहिएणं ।**
**णिद्धस्स लुक्खेण उवेइ बंधो, जहण्णवज्जो विसमो समो वा ॥२॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બંધન પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બંધન પરિણામના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સ્નિગ્ધ બંધન પરિણામ અને (૨) રૂક્ષ બંધન પરિણામ.

**ગાથાર્થ–** સમાન સ્નિગ્ધ ગુણવાળા સ્કંધોમાં બંધ થતો નથી, સમાન રૂક્ષ ગુણવાળા સ્કંધોમાં બંધ થતો નથી, વિમાત્રા(વિષમ માત્રા)વાળા સ્નિગ્ધ અને રૂક્ષ ગુણોવાળા સ્કંધોનો બંધ થાય છે **॥૧॥** બે ગુણ અધિક સ્નિગ્ધ સ્કંધ સાથે સ્નિગ્ધ ગુણવાળા સ્કંધનો બંધ થાય છે અને બે ગુણ અધિક રૂક્ષ સ્કંધની સાથે રૂક્ષ સ્કંધનો બંધ થાય છે તથા સ્નિગ્ધ સ્કંધનો રૂક્ષ સ્કંધ સાથે જઘન્યગુણ છોડીને, સમ કે વિષમ ગુણવાળા સ્કંધમાં બંધ થાય છે.**॥૨॥**

**२३ गइपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा- फुसमाणगइ- परिणामे य अफुसमाणगइ-परिणामे य, अहवा दीहगइपरिणामे य हस्सगइपरिणामे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગતિ પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ગતિ પરિણામના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સ્પૃશદ્‌ગતિ પરિણામ અને (૨) અસ્પૃશદ્‌ગતિ પરિણામ અથવા (૧) દીર્ઘગતિ પરિણામ અને (૨) હ્રસ્વ ગતિ પરિણામ.

**२४ संठाणपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा- परिमंडलसंठाणपरिणामे *जाव* आययसंठाणपरिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંસ્થાન પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સંસ્થાન પરિણામના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પરિમંડળ સંસ્થાન પરિણામ (૨) વૃત્તસંસ્થાન પરિણામ, (૩) ત્ર્યંસ સંસ્થાન પરિણામ, (૪) ચતુરસ્ર સંસ્થાન પરિણામ અને (૫) આયત સંસ્થાન.

**૨૫ भेदपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे । तं जहा- खंडाभेदपरिणामे** *जाव* **उक्करियाभेदपरिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભેદ પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભેદ પરિણામના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ખંડ ભેદ પરિણામ (૨) પ્રતર ભેદ પરિણામ, (૩) ચૂર્ણિકા ભેદ પરિણામ (૪) અનુતટિકા ભેદ પરિણામ અને (૫) ઉત્કરિકા ભેદ પરિણામ.

**૨૬ वण्णपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा- किण्हवण्णपरिणामे** *जाव* **सुक्किलवण्णपरिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વર્ણ પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વર્ણ પરિણામના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) કાળાવર્ણ પરિણામ (૨) નીલાવર્ણ પરિણામ, (૩) લાલવર્ણ પરિણામ, (૪) પીળાવર્ણ પરિણામ અને (૫) શ્વેતવર્ણ પરિણામ

**૨૭ गंधपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा- सुब्भिगंधपरिणामे य दुब्भिगंधपरिणामे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગંધ પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ગંધ પરિણામના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સુગંધ પરિણામ અને (૨) દુર્ગંધ પરિણામ.

**૨૮ रसपरिणामे णं भंते । कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा- तित्तरसपरिणामे** *जाव* **महुररस परिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રસ પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! રસ પરિણામના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) તિક્ત રસ પરિણામ (૨) કટુ રસ પરિણામ, (૩) કષાય રસ પરિણામ, (૪) અમ્લ રસ પરિણામ અને (૫) મધુર રસ પરિણામ.

**૨૯ फासपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! अट्ठविहे पण्णत्ते, तं जहा- कक्खडफासपरिणामे य** *जाव* **लुक्खफास- परिणामे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સ્પર્શ પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સ્પર્શ પરિણામના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–(૧) કર્કશ સ્પર્શ પરિણામ (૨) મૃદુ સ્પર્શ પરિણામ, (૩) ગુરુ સ્પર્શ પરિણામ, (૪) લઘુ સ્પર્શ પરિણામ (૫) ઉષ્ણ સ્પર્શ પરિણામ, (૬) શીત સ્પર્શ પરિણામ, (૭) સ્નિગ્ધ સ્પર્શ પરિણામ અને (૮) રૂક્ષ સ્પર્શ પરિણામ.

**૩૦ अगरुयलहुयपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! एगागारे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અગુરુલઘુ પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અગુરુલઘુ પરિણામનો એક જ પ્રકાર છે.

**૩૧ सद्दपरिणामे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा- सुब्भिसद्दपरिणामे य दुब्भि सद्दपरिणामे य । से तं अजीवपरिणामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શબ્દ પરિણામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શબ્દ પરિણામના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શુભ એટલે મનોજ્ઞ શબ્દ પરિણામ અને અશુભ એટલે અમનોજ્ઞ શબ્દ પરિણામ. આ અજીવ પરિણામની પ્રરૂપણા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અજીવ પરિણામ અને તેના ભેદ-પ્રભેદોનું વિસ્તૃત વર્ણન છે.

**અજીવ પરિણામ–** અજીવ દ્રવ્યમાં થતાં પરિણમનને અજીવ પરિણામ કહે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલદ્રવ્ય અને પુદ્ગલાસ્તિકાય, આ પાંચ દ્રવ્ય અજીવ છે. તે બધામાં સતત પરિણમન થયા જ કરે છે, પરંતુ ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્ય અરૂપી છે તેનું પરિણમન દષ્ટિગોચર થતું નથી. તેથી પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે પુદ્ગલાસ્તિકાયના દશ પ્રકારના પરિણામોનું કથન કર્યું છે.

**(૧) બંધન પરિણામ–** બે કે બેથી અધિક પરમાણુઓ અથવા સ્કંધોના પરસ્પરના જોડાણને, એકમેક થવાને બંધન પરિણામ કહે છે. પુદ્ગલ દ્રવ્યમાં પરસ્પર બંધ થવાનું કારણ સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શ છે, તેથી બંધન પરિણામના બે પ્રકાર છે– (૧) સ્નિગ્ધ બંધન પરિણામ અને (૨) રૂક્ષ બંધન પરિણામ.

બે સ્નિગ્ધ પુદ્ગલોના બંધને અર્થાત્ જોડાણને સ્નિગ્ધ બંધન પરિણામ અને બે રૂક્ષ પુદ્ગલોના બંધનને રૂક્ષ બંધન પરિણામ કહે છે.

સૂત્રકારે પરમાણુ પુદ્ગલના બંધ માટે આવશ્યક સ્નિગ્ધ અને રૂક્ષ ગુણની માત્રાનું વિધિ અને નિષેધથી નિરૂપણ કર્યું છે.

**સમાન સ્પર્શવાળા પુદ્ગલોમાં બંધ :–** સમાન ગુણવાળા સમાન સ્પર્શી પુદ્ગલોમાં બંધ થતો નથી. અર્થાત્ બે ગુણ સ્નિગ્ધ સ્પર્શી પુદ્ગલનો બે ગુણ સ્નિગ્ધ સ્પર્શી પુદ્ગલ સાથે બંધ થતો નથી. તે જ રીતે બે ગુણ રૂક્ષ સ્પર્શી પુદ્ગલનો બે ગુણ રૂક્ષ સ્પર્શી પુદ્ગલ સાથે બંધ થતો નથી. બે સ્નિગ્ધ પુદ્ગલ સ્કંધોની સ્નિગ્ધતાની માત્રામાં વિષમતા હોય તો જ બંધ થાય છે. તે જ રીતે બે રૂક્ષ પુદ્ગલ સ્કંધોની રૂક્ષતાની માત્રામાં વિષમતા હોય તો જ બંધ થાય છે. સમાન સ્પર્શી પુદ્ગલ સ્કંધોમાં સ્નિગ્ધતા કે રૂક્ષતાની માત્રામાં કેટલી વિષમતા હોય, તો બંધ થાય ? તેના માટે સૂત્રકારે નિયમ આપ્યો છે. **णिद्धस्स णिद्धेण दुयाहिए णं...** બે સ્નિગ્ધ પુદ્ગલોમાં એક ગુણ માત્રાની વિષમતા હોય, તો પણ બંધ થતો નથી પરંતુ તેમાં બે ગુણ કે બે થી અધિક ગુણની વિષમતા હોય તો જ બંધ થાય છે. બે ગુણ સ્નિગ્ધ પુદ્ગલનો ત્રણ ગુણ સ્નિગ્ધ પુદ્ગલ સાથે બંધ થતો નથી, પરંતુ ચાર કે ચારથી અધિક ગુણવાળા સ્નિગ્ધ પુદ્ગલ સાથે બંધ થાય છે. તે જ રીતે બે ગુણ રૂક્ષ પુદ્ગલનો ચાર કે ચારથી અધિક ગુણવાળા રૂક્ષ પુદ્ગલ સાથે બંધ થાય છે.

**વિષમ સ્પર્શવાળા પુદ્ગલમાં બંધ–** સ્નિગ્ધ પુદ્ગલનો રૂક્ષ પુદ્ગલ સાથે બંધ થાય છે, પરંતુ તેમાં **जहण्णवण्णो विसमो समो वा...** જઘન્ય ગુણવાળા પુદ્ગલ સ્કંધનો પરસ્પર બંધ થતો નથી. એક ગુણ સ્નિગ્ધ પુદ્ગલનો એક ગુણ કે બે, ત્રણ ગુણવાળા રૂક્ષ પુદ્ગલ સાથે બંધ થતો નથી. બે સ્કંધમાંથી કોઈ પણ એક સ્કંધમાં જઘન્ય ગુણ હોય ત્યાં બંધ થતો નથી. જઘન્ય ગુણથી અધિક ગુણવાળા પુદ્ગલ સ્કંધનો જ પરસ્પર બંધ થાય છે. અર્થાત્ બે ગુણ સ્નિગ્ધ પુદ્ગલનો બે ગુણ રૂક્ષ પુદ્ગલ સાથે બંધ થાય છે, તે જ રીતે બે ગુણ સ્નિગ્ધ પુદ્ગલનો ત્રણ, ચાર કે તેથી અધિક ગુણવાળા રૂક્ષ પુદ્ગલ સાથે પણ બંધ થાય છે.

શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં પણ પુદ્‌ગલ દ્રવ્યના બંધ વિષયક ચાર સૂત્રો છે. **स्निग्धरुक्षत्वाद्‌बन्धः ।** પુદ્‌ગલ દ્રવ્યમાં રહેલા સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શના કારણે બે સ્કંધોનો પરસ્પર બંધ થાય છે. **न जघन्य गुणानाम्** । જઘન્ય ગુણવાળા પુદ્‌ગલ સ્કંધનો બંધ થતો નથી. **गुणसाम्येऽसदृशानाम्** । ગુણની સમાનતા હોય ત્યારે સમાન સ્પર્શી પુદ્‌ગલનો બંધ થતો નથી પરંતુ અસમાન સ્પર્શી પુદ્‌ગલનો બંધ થાય છે. અર્થાત્ બે ગુણ સ્નિગ્ધ સ્કંધનો બે ગુણ સ્નિગ્ધ સ્કંધ સાથે બંધ થતો નથી પરંતુ બે ગુણ સ્નિગ્ધ સ્કંધનો બે ગુણ રૂક્ષ સ્કંધ સાથે બંધ થાય છે. **द्वयाधिकादिगुणानां तु** । સમાન સ્પર્શી પુદ્‌ગલ સ્કંધમાં સ્નિગ્ધ કે રૂક્ષ ગુણની માત્રા બે, ત્રણ, ચાર આદિ ગુણ અધિક હોય તો બંધ થાય છે. બે ગુણ સ્નિગ્ધ પુદ્‌ગલોનો ચાર કે ચારથી અધિક ગુણવાળા સ્નિગ્ધ સ્કંધ સાથે બંધ થાય છે. આ રીતે સ્નિગ્ધ અને રૂક્ષ ગુણનો યોગ્યતા પ્રમાણે બંધ થાય છે.

**પુદ્‌ગલ બંધ સંબંધી નિયમો :–**

| પુદ્‌ગલ પ્રકાર | બંધ થાય કે નહી ? |
|---|---|
| એક ગુણ સ્નિગ્ધ + એક ગુણ સ્નિગ્ધ | × |
| એક ગુણ સ્નિગ્ધ + બે ગુણ સ્નિગ્ધ | × |
| એક ગુણ સ્નિગ્ધ + ત્રણ ગુણ સ્નિગ્ધ | × |
| એક ગુણ સ્નિગ્ધ + ચાર ગુણ સ્નિગ્ધથી અનંતગુણ સ્નિગ્ધ | × |
| બે ગુણ સ્નિગ્ધ + બે ગુણ સ્નિગ્ધ | × |
| બે ગુણ સ્નિગ્ધ + ત્રણ ગુણ સ્નિગ્ધ | × |
| બે ગુણ સ્નિગ્ધ + ચાર ગુણ સ્નિગ્ધ | ✓ |
| બે ગુણ સ્નિગ્ધ + પાંચ, છ આદિ ગુણ સ્નિગ્ધ | ✓ |
| એક ગુણ સ્નિગ્ધ + એક ગુણ રૂક્ષ | × |
| એક ગુણ સ્નિગ્ધ + બે ગુણ રૂક્ષ | × |
| બે ગુણ સ્નિગ્ધ + એક ગુણ રૂક્ષ | × |
| બે ગુણ સ્નિગ્ધ + બે ગુણ રૂક્ષ | ✓ |
| બે ગુણ સ્નિગ્ધ + ત્રણ, ચાર આદિ ગુણ રૂક્ષ | ✓ |

**(૨) ગતિ પરિણામ :–** ગમન રૂપ પરિણામ ગતિ પરિણામ છે. તેના બે પ્રકાર છે – સ્પૃશદ્‌ગતિ પરિણામ અને અસ્પૃશદ્ ગતિ પરિણામ.

એક પરમાણુ એક સમયમાં લોકાંત સુધી પહોંચી જાય, તે અસ્પૃશદ્‌ગતિ છે, મુક્ત થયેલા જીવ એક સમયમાં લોકાંતે સિદ્ધક્ષેત્ર સુધી પહોંચી જાય, તે અસ્પૃશદ્‌ગતિ છે, અથવા ગતિ બે પ્રકારની છે, દીર્ઘ અને હ્રસ્વ. અતિદૂર વર્તી દેશમાં જવા માટે જે ગતિ થાય, તેને દીર્ઘગતિ પરિણામ કહે છે. નિકટવર્તી દેશમાં જવા માટે જે ગતિ થાય, તેને હ્રસ્વગતિ પરિણામ કહે છે.

**(૩) સંસ્થાન પરિણામ :–** પુદ્‌ગલોમાં વિવિધ પ્રકારના આકાર હોય છે, તેને સંસ્થાન પરિણામ કહે છે, તેના પાંચ પ્રકાર છે. (૧) પરિમંડલ સંસ્થાન– ગોળ ચૂડીનો આકાર (૨) વૃત્ત સંસ્થાન– ગોળ લાડવાનો

આકાર (૩) ત્ર્યસ્ર સંસ્થાન– ત્રિકોણ આકાર (૪) ચતુરસ્ર સંસ્થાન– ચોરસ આકાર (૫) આયત સંસ્થાન– લાંબી લાકડીનો આકાર.

**(૪) ભેદ પરિણામ :–** પુદ્‌ગલ દ્રવ્યમાં ભેદ થવો, તે ભેદ પરિણામ છે. પુદ્‌ગલ સ્કંધનો ભેદ પાંચ પ્રકારે થાય છે– (૧) ખંડ ભેદ– લોખંડ આદિના ટુકડાની જેમ ભેદ થાય તે (૨) પ્રતર ભેદ– અબરખના પડની જેમ ભેદ થાય તે (૩) ચૂર્ણિકા ભેદ– ઘઉં આદિના લોટની જેમ ચૂર્ણ– ભૂકો થાય તે (૪) અનુતટિકાભેદ– નદી આદિ જલાશયના કિનારે માટી સૂકાઈ જાય અને તેમાં તિરાડ પડવાની જેમ ભેદ થાય તે, (૫) ઉત્કરિકાભેદ– મગફળી આદિની શીંગ ફાટવાની જેમ ભેદ થાય તે.

**(૫–૮) વર્ણ પરિણામ :–** પુદ્‌ગલના વર્ણરૂપ પરિણામ, તે વર્ણ પરિણામ છે. તે જ રીતે ગંધ પરિણામ, રસરૂપ પરિણામ, સ્પર્શરૂપ પરિણામના ભેદ ભાવાર્થથી સ્પષ્ટ છે.

**(૯) અગુરુલઘુ પરિણામ :–** જે પુદ્‌ગલ દ્રવ્ય ભારે ન હોય અને હળવો પણ ન હોય તેને અગુરુલઘુ પરિણામ કહે છે. પુદ્‌ગલ દ્રવ્યમાં ચાર સ્પર્શી ભાષા વર્ગણા, મનોવર્ગણા અને કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો તેમજ અમૂર્ત આકાશાદિ દ્રવ્ય અગુરુલઘુ છે અને આઠ સ્પર્શી ઔદારિક, વૈક્રિય, આહારક અને તૈજસ વર્ગણાના પુદ્‌ગલો ગુરુલઘુ છે.

**(૧૦) શબ્દ પરિણામ :–** શબ્દ અજીવ પરિણામ છે છતાં, ઉત્પત્તિ નિમિત્તના કારણે તેના ત્રણ પ્રકાર થાય છે– (૧) જીવ શબ્દ (૨) અજીવ શબ્દ (૩) મિશ્ર શબ્દ. તે ત્રણે પ્રકારના શબ્દો શુભ અને અશુભ, તેમ બે પ્રકારના હોય છે. પ્રસ્તુત સૂત્રમાં જીવ શબ્દ આદિ ત્રણ ભેદનું કથન નથી પરંતુ શુભ શબ્દ અને અશુભ શબ્દ તેમ બે ભેદ કર્યા છે. (૧) શ્રોતાને પ્રિય લાગે તેવા શબ્દોને **શુભ શબ્દ પરિણામ** અને શ્રોતાને અપ્રિય લાગે તેને **અશુભ શબ્દ પરિણામ** કહે છે.

## ॥ તેરમું પદ સંપૂર્ણ ॥

# ચૌદમું પદ

## પરિચય

આ પદનું નામ **કષાયપદ** છે.

કષાય, સંસારની વૃદ્ધિ કરનાર, પુનર્ભવના મૂળનું સિંચન કરનાર, શુદ્ધ સ્વભાવી આત્માને વિકારોથી મલિન કરનાર તથા અષ્ટવિધ કર્મોના ચય,ઉપચય, બંધ, ઉદીરણા, વેદના આદિમાં કારણભૂત ભાવો કષાય કહેવાય છે.

કષાય સંસાર પરિભ્રમણનું કારણ હોવાથી મોક્ષ પ્રાપ્તિ માટે કષાયનું સ્વરૂપ જાણવું અત્યંત આવશ્યક છે. આ પદમાં કષાયના ભેદ-પ્રભેદ તથા તેના પરિણામે થતી બંધ અને નિર્જરા વગેરે વિવિધ પ્રક્રિયાનું વિશ્લેષણ છે.

પ્રસ્તુત પદમાં કષાયોના ક્રોધાદિ ચાર મુખ્ય પ્રકાર, ક્રોધાદિ ચારેય કષાયોના તેના પ્રતિષ્ઠાન– આધાર સ્થાન, ક્રોધાદિ ઉત્પન્ન થવાનાં ચાર-ચાર કારણો, અનંતાનુબંધી આદિ તથા આભોગનિર્વર્તિત આદિ ચાર-ચાર પ્રકાર બતાવીને, સમસ્ત સંસારી જીવોમાં તેનું અસ્તિત્વ અને અંતે જીવ દ્વારા કૃત ક્રોધાદિ કષાયોના ફળ રૂપે આઠ પ્રકૃતિઓના ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદના અને નિર્જરા, આ છ પ્રક્રિયાનું કથન કર્યું છે.

જૈન આગમોમાં આત્માના વિવિધ દોષો-વિકારોનું વર્ણન અનેક પ્રકારે કરવામાં આવ્યું છે. ક્યાંક સંક્ષિપ્ત રૂપે રાગ–દ્વેષને કર્મબંધના બીજ કહ્યા છે, ક્યાંક રાગ, દ્વેષ, મોહ, આ ત્રણને આત્માના મલીન ભાવો રૂપે વર્ણવ્યા છે. આ ચૌદમા પદમાં મોહનીય કર્મના મુખ્ય ભેદ રૂપ ચાર કષાયના આધારે વિચારણા કરવામાં આવી છે.

ઉપરોક્ત સમગ્ર વિષયોનું કથન પહેલાં સમુચ્ચય જીવની અપેક્ષાએ કરીને પછી ૨૪ દંડકના જીવોની અપેક્ષાએ કર્યું છે. તેથી તેના ૩૪૦૦ આલાપક થાય છે.

❖❖❖❖❖

# ચૌદમું પદ : કષાય

**કષાયના ચાર પ્રકાર :–**

**૧ कइ णं भंते ! कसाया पण्णत्ता ? गोयमा! चत्तारि कसाया पण्णत्ता, तं जहा- कोहकसाए, माणकसाए, मायाकसाए, लोभकसाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કષાયના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કષાયના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ક્રોધ કષાય (૨) માન કષાય (૩) માયા કષાય અને (૪) લોભ કષાય.

**વિવેચન :–**

**કષાય :–** કષાય શબ્દના ત્રણ વ્યુત્પત્તિલભ્ય અર્થ થાય છે– **(૧) 'कषः संसारः, तस्य आयःलाभः कषाय :** । કષ = સંસાર, તેનો આય = લાભ જેનાથી થાય, તે કષાય છે. **(૨) 'कृषन्ति विलिखन्ति कर्मरुप क्षेत्र सुखदुःखस्योत्पादनायेति कषायाः ।' 'कृष'** ધાતુ– વિલેખન ખેડવા, જોતરવાના અર્થમાં છે, કૃષ ધાતુનો કષ આદેશ થઈને 'આય' પ્રત્યય લાગવાથી કષાય શબ્દ બને છે. તેથી તેનો અર્થ થાય છે– જે કર્મરૂપી ક્ષેત્રને (ખેતરને) સુખદુઃખરૂપી ધાન્યની ઉપજ માટે વિલેખન-કર્ષણ કરે છે, ખેડે છે, તે કષાયો છે. **(૩) 'कलुषयन्ति शुद्धस्वभाव सन्तं कर्ममलिनं कुर्वन्ति जीवमिति कषायाः ।'** સ્વભાવથી શુદ્ધ જીવને કર્મોથી કલુષિત કરે છે, તે કષાયો છે. કષાયના મુખ્ય ચાર પ્રકાર છે–

**(૧) ક્રોધ :–** ક્રોધ મોહનીય કર્મના ઉદયથી થતાં પ્રજ્વલન રૂપ, ક્ષમા ગુણના નાશક આત્મપરિણામોને ક્રોધ કહે છે. ક્રોધી વ્યક્તિ આવેશમાં આવીને ભાન ભૂલી જાય, તેથી કોઈપણ પ્રકારના વિચાર કે વિવેક ભૂલીને ગમે તેવું વર્તન કરે છે. ક્રોધથી મિત્રતાનો નાશ થાય છે.

**(૨) માન :–** માન મોહનીય કર્મના ઉદયથી જાતિ આદિની વિશિષ્ટતામાં અહંકાર બુદ્ધિ રૂપ આત્મ પરિણામોને માન કહે છે, અભિમાની વ્યક્તિ પોતાની મોટાઈમાં બીજાની અવહેલના કરે છે, તેનાથી નમ્રતાનો નાશ થાય છે.

**(૩) માયા :–** માયા મોહનીય કર્મના ઉદયથી મન, વચન, કાયાની કુટિલતા, પરવંચના(અન્યને છેતરવા) કે ઠગાઈ રૂપ આત્મ પરિણામોને માયા કહે છે. કુટિલતાના પરિણામથી સરળતાનો નાશ થાય છે.

**(૪) લોભ :–** લોભ મોહનીય કર્મના ઉદયથી પદાર્થો પ્રતિ મૂર્ચ્છા, આસક્તિ, તૃષ્ણા કે મમત્વના ભાવને લોભ કહે છે. તેનાથી સંતોષનો નાશ થાય છે.

આ રીતે ચારે કષાયના ભાવોથી આત્મગુણોનો નાશ થાય છે અને સંસાર પરિભ્રમણ વધે છે.

**૨૪ દંડકના જીવોમાં કષાય :–**

**૨ णेरइयाणं भंते ! कइ कसाया पण्णत्ता ? गोयमा ! चतारि कसाया पण्णत्ता, तं जहा- कोहकसाए *जाव* लोभकसाए । एवं *जाव* वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવોમાં કેટલા કષાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે જીવોમાં ચારે ય કષાય હોય છે, તે આ પ્રમાણે છે– ક્રોધ કષાય, માન કષાય, માયા કષાય અને લોભ કષાય. આ જ રીતે વૈમાનિક સુધીના ૨૪ દંડકવર્તી જીવોમાં ચારે ય કષાયો હોય.

**વિવેચન :–**

૨૪ દંડકવર્તી જીવોમાં ચારેય પ્રકારના કષાયોનો સદ્ભાવ છે. તેમ છતાં પ્રત્યેક જીવોના કર્મો પ્રમાણે તેમાં તરતમતા હોય છે. નારકીમાં ક્રોધની, તિર્યંચમાં માયાની, મનુષ્યોમાં માનની અને દેવોમાં લોભની પ્રબળતા હોય છે.

**કષાયોનું પ્રતિષ્ઠાન :–**

**३ कइपइट्ठिए णं भंते ! कोहे पण्णत्ते ? गोयमा ! चउपइट्ठिए कोहे पण्णत्ते, तं जहा- आयपइट्ठिए, परपइट्ठिए, तदुभय पइट्ठिए, अप्पइट्ठिए । एवं णेरइयादीणं** *जाव* **वेमाणियाणं दंडओ । एवं माणेणं दंडओ, मायाए दंडओ, लोभेणं दंडओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્રોધ શેના આધારે હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ક્રોધ ચાર નિમિત્તો પર પ્રતિષ્ઠિત (આધારિત) હોય છે, તે આ પ્રમાણે છે– (૧) આત્મપ્રતિષ્ઠિત (૨) પર પ્રતિષ્ઠિત, (૩) ઉભય પ્રતિષ્ઠિત અને (૪) અપ્રતિષ્ઠિત.

આ જ પ્રમાણે નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધી ૨૪ દંડકવર્તી જીવોના વિષયમાં આલાપક છે. ક્રોધની જેમ માન, માયા અને લોભની અપેક્ષાએ પણ એક-એક આલાપક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચારેય કષાયોના ચાર પ્રતિષ્ઠાન-આધાર સ્થાન બતાવ્યા છે.

કષાય મોહનીય કર્મના ઉદયે જીવને ક્રોધાદિ કષાયોના પરિણામ થાય છે ત્યારે તે કષાયના ભાવો કોના આધારે થાય છે અને કોના આધારે રહે છે ? તેની વિચારણા આ સૂત્રમાં કરી છે. કષાયના પ્રતિષ્ઠાન– આશ્રયરૂપ ચાર સ્થાન છે.

**(૧) આત્મપ્રતિષ્ઠિત ક્રોધાદિ–** સ્વયં પોતાના પર જ આધારિત હોય, સ્વયં આચરિત કર્મના ફળ સ્વરૂપે જ્યારે કોઈ જીવ પોતાનું ઇહલૌકિક અનિષ્ટ ફળ જુએ છે, ત્યારે તે સ્વયં પોતાના ઉપર ક્રોધાદિ કરે છે, તે આત્મ પ્રતિષ્ઠિત ક્રોધાદિ છે. આ ક્રોધાદિ પોતાની જાત પર જ કરવામાં આવે છે. **(૨) પર પ્રતિષ્ઠિત ક્રોધાદિ –** જ્યારે કોઈ જીવ અન્ય વ્યક્તિ કે અન્ય પદાર્થને પોતાના અનિષ્ટમાં નિમિત્ત માનીને ક્રોધાદિ કરે છે, તે પર પ્રતિષ્ઠિત છે અથવા જ્યારે એક વ્યકિત આક્રોશ આદિ કરીને બીજી વ્યકિતને ક્રોધાદિ ઉત્પન્ન કરાવે છે, તેને ઉશ્કેરે છે, ત્યારે તેના પ્રત્યે જે ક્રોધાદિ ઉત્પન્ન થાય છે, તે પર પ્રતિષ્ઠિત ક્રોધાદિ છે. **(૩) ઉભય પ્રતિષ્ઠિત ક્રોધાદિ–** જીવ પોતાના અને બીજાના દ્વારા કરેલા અપરાધના કારણે સ્વપર વિષયક ક્રોધાદિ કરે, ત્યારે તે ક્રોધાદિ ઉભય પ્રતિષ્ઠિત હોય છે.

**(૪) અપ્રતિષ્ઠિત ક્રોધાદિ :–** જ્યારે ક્રોધ આદિ કષાય કોઈપણ પ્રકારના નિમિત્ત વિના, કેવળ ક્રોધ આદિ મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે, ત્યારે તે ક્રોધાદિ અપ્રતિષ્ઠિત કહેવાય છે. આ રીતે અધિકરણના આધારે કષાયના ચાર પ્રકાર છે.

**કષાયોની ઉત્પત્તિનાં ચાર કારણો :–**

**૪ कइहिं णं भंते ! ठाणेहिं कोहुप्पत्ती भवइ ? गोयमा ! चउहिं ठाणेहिं कोहुप्पत्ती भवइ, तं जहा- खेत्तं पडुच्च, वत्थुं पडुच्च, सरीरं पडुच्च, उवहिं पडुच्च । एवं णेरइयाईणं** *जाव* **वेमाणियाणं । एवं माणेण वि मायाए वि लोभेण वि । एवं एए वि चत्तारि दंडगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્રોધની ઉત્પત્તિ કેટલા કારણોથી થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચાર કારણોથી ક્રોધની ઉત્પત્તિ થાય છે, તે આ પ્રમાણે છે– (૧) ક્ષેત્ર–ખેતર કે ખુલ્લી જમીનના નિમિત્તથી, (૨) વાસ્તુ–મકાન આદિના નિમિત્તથી, (૩) શરીરના નિમિત્તથી અને (૪) ઉપધિ–સાધન સામગ્રીના નિમિત્તથી.

આ રીતે નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધીના ૨૪ દંડકના જીવોમાં આ ચાર નિમિત્તોથી ક્રોધ કષાયની ઉત્પત્તિ થાય છે. જે રીતે ક્રોધોત્પત્તિના વિષયમાં કહ્યું છે, તે જ રીતે માન, માયા અને લોભની ઉત્પત્તિના વિષયમાં પણ ઉપર્યુક્ત ચાર કારણો કહેવા જોઈએ. આ પ્રમાણે ચાર આલાપક થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ક્રોધાદિ કષાયોની ઉત્પત્તિના ચાર કારણોનું નિરૂપણ છે. કષાયની ઉત્પત્તિના નિમિત્ત સેંકડો કે હજારો થાય છે, અહીં સંક્ષેપમાં તેને ચાર પ્રકારે કહ્યા છે.

**(૧) ક્ષેત્ર–** ખુલ્લી જમીન, ખેતર, વાડી આદિ, **(૨) વત્થુ–** ઢાંકેલી જમીન, મકાન, દુકાન, વખાર આદિ સ્થાનો, **(૩) શરીર–** પોતાનું શરીર અને શરીરથી સંબંધિત સ્વજનો અને **(૪) ઉપધિ–** સર્વ પ્રકારની બાહ્ય સાધન સામગ્રી. આ ચાર પ્રકારના નિમિત્તમાં લોકના તમામ પદાર્થોનો સમાવેશ થાય છે. કોઈ પણ કારણથી ક્ષેત્ર, વત્થુ આદિ સાધન સામગ્રીમાં ક્ષતિ પહોંચે ત્યારે ક્રોધ, તેને છુપાવવા માટે માયા–કપટ, ઇચ્છાનુસાર તેની વૃધ્ધિ થાય ત્યારે માન કે લોભના ભાવો થાય છે.

૨૪ દંડકના જીવો પાસે પોતાની યોગ્યતા પ્રમાણે જે-જે ક્ષેત્રાદિ હોય અને સજીવ કે નિર્જીવ પદાર્થો હોય, તેના નિમિત્તથી તેને કષાયના ભાવો થાય છે.

**કષાયોના ભેદ-પ્રભેદ :–**

**૫ कइविहे णं भंते ! कोहे पण्णत्ते ? गोयमा ! चउव्विहे कोहे पण्णत्ते, तं जहा- अणंताणुबंधी कोहे, अप्पच्चक्खाणे कोहे, पच्चक्खाणावरणे कोहे, संजलणे कोहे ।**

**एवं णेरइयाणं** *जाव* **वेमाणियाणं । एवं माणेणं मायाए लोभेणं । एए वि चत्तारि दंडगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્રોધના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ક્રોધના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અનંતાનુબંધી ક્રોધ, (૨) અપ્રત્યાખ્યાની ક્રોધ, (૩) પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ અને (૪) સંજ્વલન ક્રોધ.

આ જ રીતે નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધીના ૨૪ દંડકવર્તી જીવોમાં ક્રોધના ચારે પ્રકારોનું કથન જાણવું. આ જ રીતે માન, માયા અને લોભના ઉપરોકત ચાર ભેદોનું નૈરયિકોથી લઈ વૈમાનિકો સુધીમાં કથન કરવું જોઈએ. આ રીતે તેના ચાર આલાપક થાય છે.

**६** **कइविहे णं भंते ! कोहे पण्णत्ते ? गोयमा ! चउव्विहे कोहे पण्णत्ते, तं जहा- आभोगणिव्वत्तिए, अणाभोग-णिव्वत्तिए उवसंते, अणुवसंते । एवं णेरइयाणं** *जाव* **वेमाणियाणं। एवं माणेण वि मायाए वि लोभेण वि चत्तारि दंडगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્રોધના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ક્રોધના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આભોગ નિર્વર્તિત, (૨) અનાભોગ નિર્વર્તિત, (૩) ઉપશાંત અને (૪) અનુપશાંત.

આ જ રીતે નારકોથી લઈને વૈમાનિક સુધી ૨૪ દંડકના જીવોમાં ચાર પ્રકારના ક્રોધનું કથન કરવું જોઈએ. ક્રોધની સમાન માન, માયા અને લોભના (આભોગ નિર્વર્તિત આદિ) ચાર-ચાર ભેદ હોય છે તથા નારકોથી લઈ વૈમાનિકો સુધીના ૨૪ દંડકના જીવોમાં માન, માયા અને લોભના પણ આ ચાર-ચાર આલાપક હોય છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં બે પ્રકારે કષાયોના ભેદોનું વિશ્લેષણ છે.

**(૧) કષાયની તીવ્રતા**-મંદતાના આધારે તેના ચાર ભેદ આ પ્રમાણે છે– **૧.** અનંતાનુબંધી કષાય– અનંત સંસારનો અનુબંધ કરાવે તેવા તીવ્રતમ કષાયને અનંતાનુબંધી કહે છે. તે આત્માના સમ્યક્ત્વગુણનો વિઘાતક છે. જ્યાં સુધી અનંતાનુબંધી કષાયનો ઉદય હોય, ત્યાં સુધી જીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત થતું નથી. **૨.** અપ્રત્યાખ્યાની કષાય– જે કષાય દેશવિરતિપણાના વિઘાતક હોય તેને અપ્રત્યાખ્યાની કષાય કહે છે. તે કષાયના ઉદયમાં જીવો શ્રાવકપણાનો સ્વીકાર કરી શકતા નથી, નવકારશી આદિ કોઈ પણ વ્રત પ્રત્યાખ્યાન લઈ શકતા નથી. **૩.** પ્રત્યાખ્યાનાવરણ કષાય– જે કષાય સર્વવિરતિ–સાધુપણાના ભાવોનો ઘાત કરે, જે કષાયના ઉદયમાં જીવ સર્વાંશે પ્રત્યાખ્યાન ગ્રહણ કરી ન શકે તેને પ્રત્યાખ્યાનાવરણ કષાય કહે છે. **૪.** સંજ્વલન કષાય– જે કષાય આત્માના યથાખ્યાતચારિત્ર ગુણનો ઘાત કરે, તે સંજ્વલન કષાય છે. તે કષાયના ઉદયમાં જીવને યથાખ્યાતચારિત્ર કે વીતરાગદશા પ્રાપ્ત થઈ શકતી નથી.

ચોવીસ દંડકના જીવોમાં ચાર પ્રકારના કષાયો હોય છે. પ્રત્યેક જીવની યોગ્યતાનુસાર કષાયના ભાવોની તરતમતા, તીવ્રતા-મંદતા હોય છે.

**(૨)** પ્રકારાંતરથી કષાયના ચાર પ્રકાર આ પ્રમાણે છે– **૧.** આભોગ નિર્વર્તિત કષાય– ઉપયોગપૂર્વક સભાન અવસ્થામાં, સંકલ્પપૂર્વક ઉત્પન્ન થયેલો કષાય. **૨.** અનાભોગ નિર્વર્તિત કષાય– ઉપસ્થિત પ્રસંગમાં ભાન ભૂલી જવાથી અણધાર્યો ઉત્પન્ન થયેલો કષાય. **૩.** ઉપશાંત કષાય– વચન અને પ્રવૃત્તિથી અપ્રગટ કષાય. **૪.**અનુપશાંત કષાય– વચન અને પ્રવૃત્તિથી પ્રગટ થયેલા કષાય. આ ચારે કષાય ૨૪ દંડકના જીવોમાં પોતાની યોગ્યતા પ્રમાણે હોઈ શકે છે.

**કષાય વડે કર્મોનો ચય આદિ :-**

**૭** **जीवा णं भंते ! कइहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ चिणिंसु ? गोयमा ! चउहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ चिणिंसु, तं जहा- कोहेणं, माणेणं, मायाए, लोभेणं । एवं णेरइयाणं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવોએ કેટલા કારણોથી આઠ કર્મપ્રકૃતિઓનો ચય-સંચય કર્યો હતો? **ઉત્તર–** હે ગૌતમ ! ચાર કારણોથી જીવોએ આઠ કર્મપ્રકૃતિઓનો ચય કર્યો હતો, તે આ પ્રમાણે છે– ક્રોધથી, માનથી, માયાથી અને લોભથી. આ જ રીતે નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધીના ૨૪ દંડકના જીવોમાં જાણવું જોઈએ.

**૮ जीवा णं भंते ! कइहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ चिणंति ? गोयमा ! चउहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ चिणंति, तं जहा- कोहेणं, माणेणं, मायाए, लोभेणं । एवं णेरइया** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવો કેટલાં કારણોથી આઠ કર્મપ્રકૃતિઓનો ચય કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચાર કારણોથી જીવ આઠ કર્મપ્રકૃતિઓનો ચય કરે છે, તે આ પ્રમાણે છે– (૧) ક્રોધથી, માનથી, માયાથી અને લોભથી. આ જ રીતે નૈરયિકોથી લઈ વૈમાનિકો સુધીના ૨૪ દંડકના જીવોમાં જાણવું.

**૯ जीवा णं भंते ! कइहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ चिणिस्संति ? गोयमा ! चउहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ चिणिस्संति, तं जहा- कोहेणं, माणेणं, मायाए, लोभेणं । एवं णेरइया** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવો કેટલાં કારણે આઠ કર્મપ્રકૃતિઓનો ચય કરશે ? **ઉત્તર–** હે ગૌતમ! ચાર કારણે આઠ કર્મ પ્રકૃતિઓનો ચય કરશે, તે આ પ્રમાણે છે– ક્રોધથી, માનથી, માયાથી અને લોભથી. આ જ રીતે નૈરયિકોથી લઈ વૈમાનિક સુધીના ૨૪ દંડકના જીવોમાં જાણવું જોઈએ.

**૧૦ जीवा णं भंते ! कइहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ उवचिणिंसु ? गोयमा ! चउहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ उवचिणिंसु, तं जहा- कोहेणं, माणेणं, मायाए, लोभेणं । एवं णेरइया** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! જીવોએ કેટલાં કારણોથી આઠ કર્મપ્રકૃતિઓનો ઉપચય કર્યો હતો ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવોએ ચાર કારણોથી આઠ કર્મ પ્રકૃતિઓનો ઉપચય કર્યો હતો, તે આ પ્રમાણે છે– ક્રોધથી, માનથી, માયાથી અને લોભથી. આ જ રીતે નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધીના ૨૪ દંડકના જીવોમાં જાણવું જોઈએ.

**૧૧ जीवा णं भंते ! कइहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ उवचिणंति ? गोयमा ! चउहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ उवचिणंति तं जहा- कोहेणं** *जाव* **लोभेणं । एवं णेरइया** *जाव* **वेमाणिया । एवं उवचिणिस्संति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવો કેટલાં કારણોથી આઠ કર્મપ્રકૃતિઓનો ઉપચય કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચાર કારણોથી જીવ આઠ કર્મપ્રકૃતિઓનો ઉપચય કરે છે, તે આ પ્રમાણે છે– ક્રોધથી, માનથી, માયાથી અને લોભથી. આ જ રીતે નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધીના ૨૪ દંડકના જીવોમાં જાણવું જોઈએ.

આ જ રીતે પૂર્વોક્ત ચાર કારણોથી જીવ આઠ કર્મ પ્રકૃતિઓનો ઉપચય કરશે.

**૧૨** **जीवा णं भंते ! कइहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ बंधिंसु ? गोयमा ! चउहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ बंधिंसु तं जहा- कोहेणं** *जाव* **लोभेणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવોએ કેટલાં કારણોથી આઠ કર્મપ્રકૃતિઓ બાંધી હતી ? બાંધે છે ? બાંધશે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચાર કારણોથી જીવોએ આઠ કર્મ પ્રકૃતિઓ બાંધી હતી, બાંધે છે અને બાંધશે, તે આ પ્રમાણે છે– ક્રોધથી ***યાવત્*** લોભથી.

**૧૩** **एवं णेरइया** *जाव* **वेमाणिया बंधेंसु बंधंति बंधिस्संति, उदीरेंसु उदीरंति उदीरिस्संति, वेइंसु वेएंति वेइस्संति, णिज्जरेंसु णिज्जरंति णिज्जरिस्संति । एवं एते जीवाइया वेमाणियपज्जवसाणा अट्ठारस दंडगा** *जाव* **वेमाणिया णिज्जरिंसु णिज्जरंति णिज्जरिस्संति।**

**आयपइट्ठिय खेत्तं पडुच्च,अणंताणुबंधि आभोगे ।**
**चिण उवचिण बंध उईर, वेय तह णिज्जरा चेव ॥१॥**

**ભાવાર્થ :–** આ જ રીતે નૈરયિકોથી વૈમાનિક સુધીના જીવોએ ચાર કષાયોના કારણે આઠ કર્મ પ્રકૃતિઓને બાંધી હતી, બાંધે છે અને બાંધશે, ઉદીરણા કરી હતી, ઉદીરણા કરે છે અને ઉદીરણા કરશે તથા વેદન કર્યું હતું, વેદન કરે છે અને વેદન કરશે, નિર્જરા કરી હતી, નિર્જરા કરે છે અને નિર્જરા કરશે.

આ પ્રમાણે સમુચ્ચય જીવો તથા નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધીના ૨૪ દંડકના જીવોમાં આઠ કર્મ પ્રકૃતિઓના ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદન અને નિર્જરા, ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળની અપેક્ષાએ થાય છે. તેથી કુલ ૬×૩ = ૧૮. આ અઢાર આલાપક થાય છે.

**ગાથાર્થ–** આ પદમાં આત્મપ્રતિષ્ઠિત આદિ કષાયો, ક્ષેત્ર આદિની અપેક્ષાએ થતા કષાયો, અનંતાનુબંધી આદિ કષાયો, આભોગનિર્વર્તિત આદિ કષાયો, આઠ કર્મ પ્રકૃતિઓના ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદના તથા નિર્જરા; આ વિષયો છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય જીવો તથા ચોવીશ દંડકવર્તી જીવો દ્વારા આઠ કર્મ પ્રકૃતિઓના ત્રૈકાલિક ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદન અને નિર્જરાના કારણભૂત ચારે ય કષાયોની પ્રરૂપણા છે.

ભૂત, વર્તમાન અને ભવિષ્ય આ ત્રણે ય કાલોમાં સમુચ્ચય જીવો તથા નારકીથી લઈ વૈમાનિકો સુધી ૨૪ દંડકોના જીવો દ્વારા ક્રોધ, માન, માયા અને લોભના કારણે આઠ કર્મપ્રકૃતિઓનો ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદના તથા નિર્જરા કરી હતી, કરે છે અને કરશે. ત્રણે કાલમાં કર્મબંધનું કારણ ક્રોધાદિ કષાય જ છે.

**ચય-ઉપચય આદિ :– ચય–** કષાય પરિણત જીવ દ્વારા કર્મયોગ્ય પુદ્ગલોનું ગ્રહણ કરવું. **ઉપચય–**જ્ઞાનાવરણીયાદિ કર્મપુદ્ગલોને ભોગવવા માટે કર્મ પુદ્ગલોનો નિષેક–રચનાને ઉપચય કહે છે. તે નિષેક રચનાનો ક્રમ આ પ્રમાણે છે– પ્રથમ સ્થિતિમાં સૌથી અધિક દ્રવ્ય, બીજા સમયમાં વિશેષહીન, ત્રીજા સમયમાં તેનાથી પણ વિશેષહીન, આ પ્રમાણે ઉત્તરોત્તર વિશેષહીન-વિશેષહીન કર્મ પુદ્ગલોને વિપાકોદયમાં લાવવા માટે પંક્તિબદ્ધ સ્થાપિત કરવામાં આવે તેને ઉપચય કહે છે. **બંધ–** રાગ, દ્વેષાદિ

કાષાયિક પરિણામોથી જ્ઞાનાવરણીયાદિ કર્મ પુદ્ગલોનું આત્મપ્રદેશો સાથે ક્ષીર-નીરની જેમ એકમેક થઈ જવું, તેને બંધ કહે છે.

**ઉદીરણા :–** અબાધાકાલ પૂર્ણ થયા પછી ઉદયમાં ન આવેલા કર્મોને પ્રયત્નવિશેષથી ઉદયાવલિકામાં લાવવા, તે કર્મોને ઉદયયોગ્ય બનાવવા તે ઉદીરણા છે. **વેદન–** ઉદયમાં આવેલા કર્મોના ફળની અનુભૂતિ કરવી તે વેદન કહેવાય છે. **નિર્જરા-** કર્મોનું વેદન થઈ ગયા પછી, ફળ આપ્યા પછી અકર્મરૂપ થઈ જવું અર્થાત્ આત્મપ્રદેશોથી ખરી જવું તે નિર્જરા છે.

સંક્ષેપમાં કર્મ પુદ્ગલોનું ગ્રહણ કરવું તે **ચય**, કર્મ પુદ્ગલોની ગોઠવણી–નિષેક રચના કરવી, તે **ઉપચય**, કર્મ પુદ્ગલોનું આત્મપ્રદેશો સાથે એકમેક થવું, તે **બંધ**, પ્રયત્નપૂર્વક કર્મોને ઉદયમાં લાવવા તે **ઉદીરણા**, કર્મફળની અનુભૂતિ કરવી તે **વેદન** અને કર્મનું આત્મપ્રદેશોથી છૂટું પડી જવું તે **નિર્જરા** છે.

આ રીતે ચય, ઉપચય આદિ છ એ પ્રકારની પ્રક્રિયા ચાર કષાયથી થાય છે. પ્રસ્તુત પ્રસંગમાં કષાયના ઉદય પછી થતી નિર્જરાનું કથન છે. ૨૪ દંડકના જીવો સમયે-સમયે કર્મોનું વેદન કરે છે અને કર્મ પોતાનું ફળ આપ્યા પછી અકર્મરૂપ બનીને આત્મપ્રદેશોથી ખરી જાય છે, તેને નિર્જરા કહે છે, પરંતુ તે સકામ નિર્જરા નથી. સમ્યગ્દષ્ટિ જીવને ધર્મભાવપૂર્વક, તપ-સંયમાનુષ્ઠાન દ્વારા જે નિર્જરા થાય તે સકામ નિર્જરા છે. સંક્ષેપમાં સકષાયી જીવોની સમયે સમયે થતી નિર્જરા અકામ નિર્જરા છે અને તે અકામ નિર્જરા પ્રત્યેક સંસારી જીવોમાં હોય છે. તે નિર્જરા સાથે કર્મ બંધની પણ પ્રચૂરતા હોય છે. ધર્મનિષ્ઠ સમ્યગ્દષ્ટિ જીવોને સકામ નિર્જરા થાય છે અને તે નિર્જરા સાથે કર્મબંધ અલ્પ થાય છે.

**કષાયના ચાર પ્રકાર**




૧+૨૪ = ૨૫×૧૬ = ૪૦૦. ચારે કષાયના ૪૦૦×૪ = ૧૬૦૦ આલાપક




ચયાદિ છ ક્રિયા ૬×ભૂતકાલાદિ ૩ કાળ = ૧૮× જીવાદિ ૨૫ = ૪૫૦ × ૪ કષાય = ૧૮૦૦ આલાપક (વિકલ્પ) થાય. કુલ ૧૬૦૦+૧૮૦૦ = ૩૪૦૦ આલાપક થાય છે.

[થોકડામાં કષાયના ૫૨૦૦ ભંગ કહ્યા છે. તેમાં સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના જીવ, આ ૨૫ ભેદમાં એકવચન અને બહુવચનની અપેક્ષાએ ગણના કરી છે. ચય, ઉપચય આદિ છ પ્રક્રિયા ત્રણે કાલમાં કરે છે, તેથી ૬×૩×૫૦ = ૯૦૦ ભેદ થાય છે.

ચારે કષાયજન્ય ચય, ઉપચય આદિ ક્રિયા ૯૦૦ ભેદે થાય છે. તેથી ૯૦૦×૪ = ૩૬૦૦ ભેદ થાય અને કષાયના ૧૬૦૦ પ્રકારને ઉમેરતાં ૩૬૦૦+૧૬૦૦ = ૫૨૦૦ ભંગ થાય છે.]

## ॥ ચૌદમું કષાય પદ પૂર્ણ ॥

# પંદરમું પદ : પ્રથમ ઉદ્દેશક

## પરિચય

આ પદનું નામ **ઇન્દ્રિય પદ** છે.

ઇન્દ્રિયો આત્માની ઓળખ માટેનું લિંગ(પ્રતીક) છે, તેનાથી જ આત્માના અસ્તિત્વની પ્રતીતિ થાય છે.આ પદમાં ઇન્દ્રિયોનું સમસ્ત દષ્ટિકોણથી વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

આ પદના બે ઉદ્દેશક છે. પ્રથમ ઉદ્દેશકમાં ૨૪ દ્વારના માધ્યમથી વિષય નિરૂપણ છે.

**સંસ્થાન–** શ્રોતેન્દ્રિયનું સંસ્થાન કદંબ પુષ્પ, ચક્ષુરિન્દ્રિયનું મસૂરદાળ, ઘ્રાણેન્દ્રિયનું અર્ધ મુક્તાફળ, જીહ્વેન્દ્રિયનું ખુરપા–અસ્ત્રાની ધાર અને સ્પર્શેન્દ્રિયનું વિવિધ પ્રકારનું હોય છે.

**લંબાઈ–પહોળાઈ–** પાંચે ઇન્દ્રિયની પહોળાઈ-જાડાઈ અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે. લંબાઈ જિહ્વેન્દ્રિયની અનેક અંગુલ, સ્પર્શેન્દ્રિયની શરીર પ્રમાણ અને શેષ ત્રણે ઇન્દ્રિયની અંગુલના અસંખ્યાતમાં ભાગની છે.

**પ્રદેશ–**પાંચે ઇન્દ્રિયોના અનંતપ્રદેશ છે અને તે અસંખ્યાત આકાશ પ્રદેશો પર અવગાઢ છે.

**અલ્પબહુત્વ–** સર્વથી નાની ચક્ષુરિન્દ્રિય, તેનાથી શ્રોતેન્દ્રિય સંખ્યાતગુણી, તેનાથી ઘ્રાણેન્દ્રિય સંખ્યાતગુણી, તેનાથી જિહ્વેન્દ્રિય અસંખ્યાતગુણી અને સ્પર્શેન્દ્રિય સંખ્યાતગુણી છે. તે જ રીતે તેના પ્રદેશો ન્યૂનાધિકતા હોય છે.

**ચાર સ્પર્શ–** ઇન્દ્રિયના પુદ્ગલોમાં કર્કશ અને ભારે તથા મૃદુ અને લઘુ આ ચાર સ્પર્શ છે. તે ચારે સ્પર્શ અનંતગુણ હોય છે.

આ પદમાં જીવોમાં પ્રાપ્ત થતી ઇન્દ્રિયો અને તેમાં સંસ્થાનાદિ દ્વારોની ચોવીસ દંડકના માધ્યમે વિચારણા છે.

**સ્પૃષ્ટ–પ્રવિષ્ટ–** શ્રોતેન્દ્રિય સ્પૃષ્ટ-પ્રવિષ્ટ શબ્દને સાંભળે છે, ચક્ષુરિન્દ્રિય દૂરથી રૂપને જોઈ શકે છે. જોવા યોગ્ય પદાર્થો આંખ સાથે સ્પર્શ કે પ્રવેશ પામતા નથી, તેથી તે અસ્પૃષ્ટ અને અપ્રવિષ્ટ રૂપને જુએ છે. ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય બદ્ધ-સ્પૃષ્ટ-પ્રવિષ્ટ ગંધ, રસ અને સ્પર્શને ગ્રહણ કરે છે.

**વિષય –** ચક્ષુરિન્દ્રિય જઘન્ય અંગુલના સંખ્યાતમા ભાગ અને શેષ ચાર ઇન્દ્રિયો અંગુલના અસંખ્યાતમા ભાગ દૂરથી વિષયને ગ્રહણ કરે છે અને શ્રોતેન્દ્રિય ઉત્કૃષ્ટ બાર યોજન, ચક્ષુરિન્દ્રિય સાધિક લાખ યોજન શેષ ત્રણ ઇન્દ્રિય નવ યોજન દૂરથી પોત-પોતાના વિષયને ગ્રહણ કરી શકે છે.

**નિર્જરાના પુદ્ગલોનું જ્ઞાન–** મુકત થનારા જીવોના ચરમ નિર્જરાના પુદ્ગલો સમસ્ત લોકમાં વ્યાપ્ત થઈ જાય છે પરંતુ તે અત્યંત સૂક્ષ્મ હોવાથી એક પણ ઇન્દ્રિય તેને જાણી શકતી નથી. વિશિષ્ટ અવધિજ્ઞાની કેટલાક મનુષ્યો અને સમ્યગ્દષ્ટિ વૈમાનિક દેવો તે નિર્જરા પુદ્ગલોને અવધિજ્ઞાન દ્વારા જાણી શકે છે.

**પ્રતિબિંબ–** દર્પણ, મણિ, તલવાર આદિ ચમકીલા પદાર્થોમાં વસ્તુનું પ્રતિબિંબ પડે છે. ચક્ષુરિન્દ્રિય તે

ચમકીલા પદાર્થને જુએ છે. તેમાં પડતા પદાર્થોના પ્રતિબિંબને પણ જુએ છે પરંતુ પ્રતિબિંબિત પદાર્થોને જોતી નથી.

**સ્પર્શના–** ફેલાવેલું કે ઘડી કરેલું વસ્ત્ર દેખાવમાં નાનું મોટું પ્રતીત થાય છે પરંતુ તે એક સમાન આકાશ પ્રદેશોને સ્પર્શે છે, તે જ રીતે અન્ય પદાર્થો પોતાની કોઈપણ અવસ્થામાં એક સમાન આકાશપ્રદેશોને સ્પર્શે છે.

**લોકાલોકની અન્ય દ્રવ્ય સાથે સ્પર્શના–** અનંત આકાશ દ્રવ્યરૂપ વિશાળ વસ્ત્રમાં લોક એક નાના થીગડાં જેવો છે, તેથી સૂત્રકારે લોક માટે **આકાશથિગ્ગલ** શબ્દ પ્રયોગ કર્યો છે.

આ લોક ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાય પ્રદેશ, અધર્માસ્તિકાય, અધર્માસ્તિ કાયપ્રદેશ, આકાશાસ્તિકાય દેશ, આકાશાસ્તિકાય પ્રદેશ, પુદ્‌ગલાસ્તિકાય અને પાંચ સ્થાવર જીવોને સ્પર્શે છે. ત્રસકાયિક જીવો અને કાલદ્રવ્યને કદાચિત સ્પર્શે છે અને ધર્માસ્તિકાય દેશ, અધર્માસ્તિકાય દેશ તેમજ આકાશાસ્તિકાય દ્રવ્યને સ્પર્શતો નથી.

તે જ રીતે જંબૂદ્વીપ આદિ અઢીદ્વીપ-સમુદ્રોના કોઈ પણ ક્ષેત્રો (૧–૨)ધર્માસ્તિકાયના દેશ-પ્રદેશને, (૩–૪) અધર્માસ્તિકાયના દેશ–પ્રદેશને, (૫–૬) આકાશાસ્તિકાયના દેશ-પ્રદેશને, ત્રસકાયિક જીવોને કદાચિત્ સ્પર્શે છે.

અઢીદ્વીપની બહારના ક્ષેત્રો કાલદ્રવ્યને સ્પર્શતા નથી. શેષ સ્પર્શના પૂર્વવત્ છે. **અલોક–** આકાશા-સ્તિકાયના દેશ-પ્રદેશને જ સ્પર્શે છે. અલોકમાં અન્ય દ્રવ્યો નથી.

આ રીતે ૨૪ દ્વારમાંથી નવમા વિષય દ્વાર સુધી પાંચે ઇન્દ્રિયોથી સંબંધિત વિચારણા છે. દસમા અણગાર અને અગિયારમાં આહાર દ્વારમાં વિશેષતઃ ચક્ષુરિન્દ્રિય સંબંધી નિરૂપણ છે. બારમાથી અઢારમાં દ્વાર સુધીનાં સાત દ્વારોમાં ચક્ષુરિન્દ્રિય સંબંધી અને કંબલાદિ છ દ્વારમાં સ્પર્શેન્દ્રિય સંબંધી પ્રરૂપણા છે.

આ રીતે **પ્રથમ ઉદ્દેશક** પૂર્ણ થાય છે.

❖❖❖❖❖

# પંદરમું પદ : ઇન્દ્રિય

## પ્રથમ ઉદ્દેશક

**પદમાં વર્ણિત વિષયોના ચોવીસ દ્વાર :–**

**૧**

**संठाणं बाहल्लं, पोहत्तं कइपएस ओगाढे ।**
**अप्पाबहु पुट्ठ पुविट्ठ, विसय अणगार आहारे ॥१॥**

**अद्दाय असी य मणी, उडुपाणे तेल्ल फाणिय वसा य ।**
**कंबल थूणा थिग्गल, दीवोदहि लोगअलोगे य ॥२॥**

**ગાથાર્થ**– (૧) સંસ્થાન, (૨) બાહલ્ય(જાડાઈ), (૩) પૃથુત્વ(પહોળાઈ), (૪) કતિપ્રદેશ (પ્રદેશ પ્રમાણ), (૫) અવગાઢ, (૬) અલ્પબહુત્વ, (૭) સ્પૃષ્ટ, (૮) પ્રવિષ્ટ, (૯) વિષય, (૧૦) અણગાર, (૧૧) આહાર, (૧૨) આદર્શ(દર્પણ), (૧૩) અસિ(તલવાર), (૧૪) મણિ, (૧૫) ઊંડું પાણી, (૧૬) તેલ, (૧૭) ફાણિત–ઢીલો ગોળ, (૧૮) વસા–ચરબી, (૧૯) કંબલ, (૨૦) સ્થૂણા(સ્તંભ), (૨૧) લોકથિગ્ગલ(આકાશનાં થીગડાંરૂપ), (૨૨) દ્વીપોદધિ, (૨૩) લોક અને (૨૪) અલોક. આ રીતે આ પદમાં ચોવીસ દ્વારોના માધ્યમે ઇન્દ્રિયસંબંધી પ્રરૂપણા છે. ॥૧–૨॥

**વિવેચન :–**

પ્રસ્તુત બંને ગાથાઓ દ્વારા પ્રથમ ઉદ્દેશકમાં પ્રરૂપિત ઇન્દ્રિય સંબંધી ચોવીશ દ્વારોનો નામોલ્લેખ કરવામાં આવ્યો છે.

**ચોવીસ દ્વારોનું સ્પષ્ટીકરણ :– (૧) સંસ્થાન દ્વાર**– દ્રવ્યેન્દ્રિયોના સંસ્થાન-આકારની પ્રરૂપણા. **(૨) બાહલ્ય દ્વાર**– ઇન્દ્રિયોની જાડાઈ. **(૩) પૃથુત્વ દ્વાર**– ઇન્દ્રિયોના વિસ્તારનું નિરૂપણ. **(૪) કતિ-પ્રદેશ**– કઈ-કઈ ઇન્દ્રિયોના કેટલા-કેટલા પ્રદેશો હોય છે ? તે પ્રદેશોનું પ્રમાણ. **(૫) અવગાઢ દ્વાર**– કઈ ઇન્દ્રિય કેટલા પ્રદેશોમાં અવગાઢ છે, **(૬) અલ્પબહુત્વ દ્વાર**– અવગાહના અને કર્કશાદિ ગુણ સંબંધી અલ્પબહુત્વનું કથન. **(૭) સ્પૃષ્ટ**– ઇન્દ્રિયો પોત-પોતાના વિષયને સ્પૃષ્ટ કે અસ્પૃષ્ટરૂપે ગ્રહણ કરે, તદ્ વિષયક પ્રરૂપણા. **(૮) પ્રવિષ્ટ દ્વાર**– પ્રવિષ્ટ-અપ્રવિષ્ટ સંબંધી ચર્ચા. **(૯) વિષય દ્વાર**– વિષયોનાં પરિમાણનું વર્ણન. **(૧૦) અણગાર દ્વાર**– ભાવિતાત્મા અણગારની ચરમ નિર્જરાના પુદ્ગલોને જાણવાની ક્ષમતા-અક્ષમતા **(૧૧) આહાર દ્વાર**– ચરમ નિર્જરા પુદ્ગલોના આહાર-વિષયક વિચારણા. **(૧૨) આદર્શ દ્વાર (૧૩) અસિ દ્વાર (૧૪) મણિ દ્વાર (૧૫) ઊંડું પાણી દ્વાર (૧૬) તેલ દ્વાર (૧૭) ફાણિત દ્વાર (૧૮) વસા દ્વાર**– ૧૨ થી ૧૮ દ્વારમાં કથિત પદાર્થોમાં પડતાં પ્રતિબિંબના જોવા વિષયક વિચારણા. **(૧૯) કમ્બલ દ્વાર (૨૦) સ્થૂણા દ્વાર**– આ બંને દ્વારમાં કંબલ અને સ્તૂપને થતી આકાશ પ્રદેશોની સ્પર્શનાનું કથન છે. **(૨૧) થિગ્ગલ દ્વાર**– આકાશ થીંગડાના વિષયમાં વર્ણન. **(૨૨) દ્વીપોદધિ**

**દ્વાર**– દ્વીપ અને સમુદ્રની ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો સાથે સ્પર્શના વિષયક વર્ણન. **(૨૩) લોક દ્વાર (૨૪) અલોક દ્વાર**– લોક-અલોક ની ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો સાથે થતી સ્પર્શના સંબંધી પ્રરૂપણા.

**ઇન્દ્રિયોના પ્રકાર :-**

**૨ कइ णं भंते ! इंदिया पण्णत्ता ? गोयमा ! पंच इंदिया पण्णत्ता, तं जहा- सोइंदिए, चक्खिदिए, घाणिंदिए, जिब्भिदिए, फासिंदिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! ઈન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર**– હે ગૌતમ ! ઈન્દ્રિયો પાંચ છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રોતેન્દ્રિય, (૨) ચક્ષુરિન્દ્રિય, (૩) ઘ્રાણેંદ્રિય, (૪) જિહ્વેન્દ્રિય અને (૫) સ્પર્શેન્દ્રિય.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં ઈન્દ્રિયોની સંખ્યા અને નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે ભાવાર્થથી સ્પષ્ટ છે. શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં ઈન્દ્રિયના ભેદનું વર્ણન આ પ્રમાણે છે–

પ્રત્યેક ઈન્દ્રિયના બે-બે ભેદ છે– (૧) દ્રવ્યેન્દ્રિય (૨) ભાવેન્દ્રિય. **દ્રવ્યેન્દ્રિયના** બે ભેદ છે– (૧) નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય, (૨) ઉપકરણ દ્રવ્યેન્દ્રિય. **ભાવેન્દ્રિયના** પણ બે ભેદ છે– (૧) લબ્ધિરૂપ ભાવેન્દ્રિય અને (૨) ઉપયોગરૂપ ભાવેન્દ્રિય.

**(૧) નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય**– નિર્વૃત્તિ એટલે રચના. ઈન્દ્રિયોની પૌદ્ગલિક રચનાને નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય કહે છે. તેના બે ભેદ છે. બાહ્ય નિર્વૃતિ અને આભ્યંતર નિર્વૃતિ. ઈન્દ્રિયોની બાહ્ય રચના બાહ્ય નિર્વૃતિ છે. જાતિ ભેદથી તેના વિવિધ આકાર હોય છે. જેમ કે મનુષ્યના કાન તેની આંખની બંને બાજુમાં હોય છે પરંતુ ઘોડાના કાન તેની આંખની ઉપર હોય છે. મનુષ્ય અને ઘોડા બંનેના કાનના આકારમાં પણ ભિન્નતા છે. ઈન્દ્રિયોની આભ્યંતર રચના આભ્યંતર નિર્વૃતિ છે, તે સર્વ પ્રાણીઓમાં એક સમાન હોય છે. ઈન્દ્રિયોના સંસ્થાન, બાહલ્ય, પૃથુત્વ આદિનું કથન આભ્યંતર નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિયની અપેક્ષાએ છે.

**(૨) ઉપકરણ દ્રવ્યેન્દ્રિય**– નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિયને પુદ્ગલ ગ્રહણમાં ઉપકારક બને, તે ઉપકરણ દ્રવ્યેન્દ્રિય છે અર્થાત્ નિર્વૃતિ દ્રવ્યેન્દ્રિયની પુદ્ગલ ગ્રહણ કરવાની શક્તિ ઉપકરણ કહેવાય છે. તેના પણ બે ભેદ છે, બાહ્ય અને આભ્યંતર.જેમ કે આંખની અંદરનો ભાગ કે જે દશ્યને ગ્રહણ કરે છે, તે આભ્યંતર ઉપકરણ છે અને ડોળા બાહ્ય ઉપકરણ છે.

**(૩) લબ્ધિરૂપ ભાવેન્દ્રિય**– ભાવેન્દ્રિય આત્મપરિણામ રૂપ છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ લબ્ધિરૂપ ભાવેન્દ્રિય છે.

**(૪) ઉપયોગરૂપ ભાવેન્દ્રિય**– લબ્ધિનો વ્યાપાર–ઉપયોગ કરવો, તે ઉપયોગરૂપ ભાવેન્દ્રિય છે.

આ રીતે દ્રવ્યેન્દ્રિય દ્વારા વિષય ગ્રહણ થાય છે અને ભાવેન્દ્રિય દ્વારા વિષયનો બોધ થાય છે.

**(૧) સંસ્થાન દ્વાર :-**

**૩ सोइंदिए णं भंते ! किसंठिए पण्णत्ते ? गोयमा ! कलंबुयापुप्फसंठाणसंठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! શ્રોતેન્દ્રિયનો આકાર કેવો છે ? **ઉત્તર**– હે ગૌતમ ! શ્રોતેન્દ્રિયનો આકાર કદંબ પુષ્પ જેવો છે.

**૪ चक्खिंदिए णं भंते ! किंसंठिए पण्णत्ते ? गोयमा ! मसूरचंदसंठाणसंठिए पण्णत्ते।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** હે ભગવન્ ! ચક્ષુરિન્દ્રિયનો આકાર કેવો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચક્ષુરિન્દ્રિયનો આકાર મસૂરની દાળ જેવો છે.

**૫ घाणिंदिए णं भंते ! किं संठिए पण्णत्ते ? गोयमा ! अइमुत्तचंदसंठाणसंठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** હે ભગવન્ ! ઘ્રાણેન્દ્રિયનો આકાર કેવો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઘ્રાણેન્દ્રિયનો આકાર અર્ધ મુક્તાફળ જેવો છે.

**૬ जिब्भिंदिए णं भंते ! किं संठिए पण्णत्ते ? गोयमा ! खुरप्पसंठाणसंठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** હે ભગવન્ ! જિહ્વેન્દ્રિયનો આકાર કેવો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જિહ્વેન્દ્રિયનો આકાર અસ્ત્રા જેવો છે

**૭ फासिंदिए णं भंते ! किं संठिए पण्णत्ते ? गोयमा ! णाणासंठाणसंठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** હે ભગવન્ ! સ્પર્શેન્દ્રિયનો આકાર કેવો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સ્પર્શેન્દ્રિયનો આકાર અનેક પ્રકારનો છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચ ઇન્દ્રિયોનાં સંસ્થાનનું નિરૂપણ છે. તે ભાવાર્થથી સ્પષ્ટ છે. તેમાં ચક્ષુરિન્દ્રિયનું સંસ્થાન મસૂરની દાળ સમાન અર્ધ ગોળ છે અને ઘ્રાણેન્દ્રિયનું સંસ્થાન શ્રેષ્ઠ અર્ધ મુક્તાફળ સમાન અર્ધગોળ છે. અખંડ મસૂરમાં ગોળાઈથી જાડાઈ અલ્પ હોય છે જ્યારે શ્રેષ્ઠ મુક્તાફળમાં ગોળાઈ અને જાડાઈ સમપરિણામમાં હોય છે. પ્રસ્તુતમાં ચંદ્ર શબ્દ અર્ધ ખંડ માટે પ્રયુક્ત છે.

**(૨) બાહલ્ય દ્વાર :–**

**૮ सोइंदिए णं भंते ! केवइयं बाहल्लेणं पण्णत्ते ? गोयमा ! अंगुलस्स असंखेज्जइभागं बाहल्लेणं पण्णत्ते । एवं *जाव* फासिंदिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શ્રોતેન્દ્રિયની જાડાઈ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શ્રોતેંદ્રિયની જાડાઈ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. આ જ રીતે ચક્ષુરિન્દ્રિય ***યાવત્*** સ્પર્શેન્દ્રિયની જાડાઈના વિષયમાં જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચ ઇન્દ્રિયોની જાડાઈનું નિરૂપણ છે.

જાડાઈની અપેક્ષાએ બધી ઇન્દ્રિયો અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. આંખ, કાન આદિ ઇન્દ્રિયો શરીરના એક એક નિશ્ચિત સ્થાને જ હોય છે પરંતુ સ્પર્શેન્દ્રિય સમગ્ર શરીરમાં વ્યાપ્ત છે અને સર્વત્ર તેની જાડાઈ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે; તેથી જ સર્વત્ર શીત આદિ સ્પર્શનો અનુભવ થાય છે.

તલવાર આદિ શસ્ત્રનો ઘા લાગવાથી જે વેદન થાય છે તે વેદન સ્પર્શેન્દ્રિયથી નહીં પરંતુ સમગ્ર

આત્મપ્રદેશોથી થાય છે. વેદન કરવું તે સ્પર્શેન્દ્રિયનો નહીં પરંતુ આત્માનો સ્વભાવ છે. સ્પર્શેન્દ્રિયનો વિષય શીત-ઉષ્ણ આદિ સ્પર્શનું જ્ઞાન કરવાનો છે.

**(૩) પૃથુત્વ દ્વાર :–**

**૯ सोइंदिए णं भंते ! केवइयं पोहत्तेणं पण्णत्ते ? गोयमा ! अंगुलस्स असंखेज्जइ भागं पोहत्तेणं पण्णत्ते । एवं चक्खिदिए वि घाणिंदिए वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શ્રોતેન્દ્રિય કેટલી પૃથુ-વિશાળ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શ્રોતેન્દ્રિય અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ વિસ્તારવાળી છે. આ જ રીતે ચક્ષુરિન્દ્રિય અને ઘ્રાણેંદ્રિય પણ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.

**૧૦ जिब्भिदिए णं भंते ! केवइयं पोहत्तेणं पण्णत्ते ? गोयमा ! अंगुलपुहत्तं पोहत्तेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જિહ્વેન્દ્રિય કેટલા વિસ્તારવાળી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જિહ્વેન્દ્રિય અનેક અંગુલ વિસ્તૃત છે.

**૧૧ फासिंदिए णं भंते ! केवइयं पोहत्तेणं पण्णत्ते ? गोयमा ! सरीरपमाणमेत्ते पोहत्तेणं पण्णत्ते ।**

**પ્રશ્ન–** હે ભગવન્ ! સ્પર્શેન્દ્રિય કેટલી વિશાળ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સ્પશેન્દ્રિય શરીર પ્રમાણ પૃથુ (વિસ્તૃત) છે.

**વિવેચન :–**

પૂર્વ સૂત્રમાં બાહલ્ય શબ્દથી જાડાઈનું કથન છે અને પ્રસ્તુત સૂત્રોમાં **पोहत्त** શબ્દથી ઈન્દ્રિયોના પૃથુત્વ–વિસ્તારનું(લંબાઈનું) પ્રતિપાદન છે. તેમાં શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિયનો વિસ્તાર અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અને રસનેન્દ્રિયનો વિસ્તાર અનેક અંગુલ પ્રમાણ છે. અહીં અંગુલથી આત્માંગુલ સમજવું. સ્પર્શેન્દ્રિય પોતપોતાના શરીર પ્રમાણ હોય છે.

શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં ત્રણ પ્રકારના અંગુલનું કથન છે. **(૧) આત્માંગુલ–** દરેક મનુષ્યની પોતાના અંગુલની પહોળાઈને આત્માંગુલ કહે છે. કાલના પરિવર્તન પ્રમાણે તેમાં પરિવર્તન થયા કરે છે. **(૨) ઉત્સેધાંગુલ–** પરમાણુ, ત્રસરેણુ, રથરેણુ, વાલાગ્ર, લીખ, જૂ અને જવ. તે ક્રમશઃ ઉત્તરોત્તર આઠ-આઠ ગુણા થાય છે. તેવા આઠ જવના મધ્યભાગ પ્રમાણ એક ઉત્સેધાંગુલ છે. ઉત્સેધાંગુલનું માપ નિશ્ચિત હોય છે. **(૩) પ્રમાણાંગુલ–** ઉત્સેધાંગુલથી હજાર ગુણા અધિક માપને પ્રમાણાંગુલ કહે છે. ઉત્સેધાંગુલનું માપ નિશ્ચિત હોવાથી પ્રમાણાંગુલનું માપ પણ નિશ્ચિત થાય છે.

પ્રસ્તુત પાઠમાં ચાર ઈન્દ્રિય માટે પ્રયુક્ત અંગુલ આત્માંગુલ છે એટલે ચારે ય ઈન્દ્રિયોનું સૂત્રોક્ત પ્રમાણ પોતપોતાના અંગુલના માપથી સમજવું. આ રીતે શ્રોતેન્દ્રિયાદિ ત્રણ ઈન્દ્રિયો પોતાના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. રસનેન્દ્રિય પોતાના અંગુલથી અનેક અંગુલ પ્રમાણ હોય છે. સ્પર્શેન્દ્રિય માટે અંગુલ શબ્દપ્રયોગ નથી, તેથી તેને પોતાના શરીર પ્રમાણ સહજ સમજી શકાય છે. શરીરની

અવગાહના ઉત્સેધાંગુલથી મપાય છે તેથી સ્પર્શેન્દ્રિયનો વિસ્તાર ઉત્સેધાંગુલથી અને શેષ ચાર ઇન્દ્રિયોનો વિસ્તાર આત્માંગુલથી માપવામાં આવે છે, તેમ સમજવું જોઈએ.

**(૪) કતિપ્રદેશ દ્વાર :–**

**૧૨ सोइंदिए णं भंते ! कइपएसिए पण्णत्ते ? गोयमा ! अणंतपएसिए पण्णत्ते । एवं** *जाव* **फासिंदिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શ્રોતેન્દ્રિય કેટલા પ્રદેશવાળી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શ્રોતેન્દ્રિય અનંત પ્રદેશી છે. આ જ રીતે ***યાવત્*** સ્પર્શેન્દ્રિય અનંતપ્રદેશી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પાંચ ઇન્દ્રિયોના પ્રદેશોનું નિરૂપણ છે. જીવ અનંત પ્રદેશી સ્કંધોને જ ગ્રહણ કરે છે. તેથી ઇન્દ્રિય યોગ્ય પુદ્‌ગલો પણ અનંત પ્રદેશી જ હોય છે, તેથી પ્રત્યેક ઇન્દ્રિય અનંત પ્રદેશી છે.

**(૫) અવગાઢ દ્વાર :–**

**૧૩ सोइंदिए णं भंते ! कइपएसोगाढे पण्णत्ते ? गोयमा ! असंखेज्जपएसोगाढे पण्णत्ते। एवं** *जाव* **फासिंदिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શ્રોતેન્દ્રિય કેટલા આકાશ પ્રદેશોમાં અવગાઢ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શ્રોતેન્દ્રિય અસંખ્યાત આકાશ પ્રદેશાવગાઢ છે. આ જ રીતે ચક્ષુરિન્દ્રિયથી લઈને સ્પર્શેન્દ્રિય સુધીની ઇન્દ્રિયો અસંખ્યાત પ્રદેશાવગાઢ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચ ઇન્દ્રિયોના અવગાઢ પ્રદેશોનું નિરૂપણ છે. કોઈ પણ જીવ અસંખ્યાત પ્રદેશ પર જ સ્થિત થાય છે. તે જ રીતે તેની પ્રત્યેક ઇન્દ્રિય પણ અસંખ્યાત પ્રદેશ પર અવગાઢ હોય છે.

**(૬) અવગાહના આદિની દષ્ટિએ અલ્પબહુત્વ :–**

**૧૪ एएसि णं भंते! सोइंदिय-चक्खिदिय-घाणिंदिय-जिब्भिदिय-फासिंदियाण ओगाहण-ट्ठयाए पएसट्ठयाए ओगाहणपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवे चक्खिदिए ओगाहणट्ठयाए, सोइंदिए ओगाहणट्ठयाए संखेज्जगुणे, घाणिंदिए ओगाहणट्ठयाए संखेज्जगुणे, जिब्भिदिए ओगाहणट्ठयाए असंखेज्जगुणे, फासिंदिए ओगाहणट्ठयाए संखेज्जगुणे पएसट्ठयाए- सव्वत्थोवे चक्खिदिए पएसट्ठयाए, सोइंदिए पएसट्ठयाए संखेज्जगुणे, घाणिंदिए पएसट्ठयाए संखेज्जगुणे, जिब्भिंदिए पएसट्ठयाए असंखेज्जगुणे, फासिंदिए पएसट्ठयाए संखेज्जगुणे । ओगाहणट्ठ-पएसट्ठयाए - सव्वत्थोवे चक्खिदिए ओगाहणट्ठयाए, सोइंदिए ओगाहणट्ठयाए संखेज्जगुणे, घाणिंदिए**

**ओगाहणट्ठयाए संखेज्जगुणे, जिब्भिदिए ओगाहणट्ठयाए असंखेज्जगुणे, फासिंदिए ओगाहणट्ठयाए संखेज्जगुणे, फासिंदियस्स ओगाहणट्ठयाएहिंतो चक्खिदिए पएसट्ठयाए अणंतगुणे, सोइंदिए पएसट्ठयाए संखेज्जगुणे, घाणिंदिए पएसट्ठयाए संखेज्जगुणे, जिब्भिदिए पएसट्ठयाए असंखेज्जगुणे, फासिंदिए पएसट्ठयाए संखेज्जगुणे।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયમાંથી અવગાહનાની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ તથા અવગાહના અને પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી, અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અવગાહનાની અપેક્ષાએ– સર્વથી અલ્પ ચક્ષુરિન્દ્રિય છે, તેનાથી શ્રોતેન્દ્રિય અવગાહનાની અપેક્ષાએ સંખ્યાત ગુણી છે, તેનાથી ઘ્રાણેન્દ્રિય અવગાહનાની અપેક્ષાએ સંખ્યાતગુણી છે, તેનાથી જિહ્વેન્દ્રિય અવગાહનાની અપેક્ષાએ અસંખ્યાતગુણી છે, તેનાથી સ્પર્શેન્દ્રિય અવગાહનાની અપેક્ષાએ સંખ્યાતગુણી છે. પ્રદેશોની અપેક્ષાએ– સર્વથી થોડા ચક્ષુરિન્દ્રિયના પ્રદેશો છે, તેનાથી શ્રોતેન્દ્રિયના પ્રદેશો સંખ્યાતગુણા છે, તેનાથી ઘ્રાણેન્દ્રિયના પ્રદેશો સંખ્યાતગુણા છે, તેનાથી જિહ્વેન્દ્રિયના પ્રદેશો અસંખ્યાતગુણા છે, તેનાથી સ્પર્શેન્દ્રિયના પ્રદેશો સંખ્યાતગુણા છે. અવગાહના અને પ્રદેશોની અપેક્ષાએ– સર્વથી અલ્પ અવગાહનાની દષ્ટિએ ચક્ષુરિન્દ્રિય, તેનાથી શ્રોતેન્દ્રિય અવગાહનાની દષ્ટિએ સંખ્યાતગુણી છે, તેનાથી ઘ્રાણેન્દ્રિય અવગાહનાની દષ્ટિએ સંખ્યાતગુણી છે, તેનાથી જિહવેન્દ્રિય અવગાહનાની દષ્ટિએ અસંખ્યાત ગુણી છે, તેનાથી સ્પર્શેન્દ્રિય અવગાહનાની દષ્ટિએ સંખ્યાતગુણી છે. તેનાથી ચક્ષુરિન્દ્રિય પ્રદેશોની અપેક્ષાએ અનંતગુણી છે, તેનાથી શ્રોતેન્દ્રિય પ્રદેશોની અપેક્ષાએ સંખ્યાતગુણી છે. તેનાથી ઘ્રાણેન્દ્રિય પ્રદેશોની અપેક્ષાએ સંખ્યાતગુણી છે, તેનાથી જિહ્વેન્દ્રિય પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણી છે, તેનાથી સ્પર્શેન્દ્રિય પ્રદેશોની અપેક્ષાએ સંખ્યાતગુણી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ઈન્દ્રિયોની અવગાહના સંબંધી, અલ્પબહુત્વનું પ્રતિપાદન છે. ઈન્દ્રિયોની જાડાઈ અને વિસ્તાર અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોવા છતાં અસંખ્યાતમા ભાગના અસંખ્યાત ભેદ હોવાથી તેમાં તરતમતા-અલ્પબહુત્વ થઈ શકે છે.

(૧) સર્વથી થોડી ચક્ષુરિન્દ્રિયની અવગાહના છે, તે સર્વથી અલ્પ આકાશ પ્રદેશોમાં અવગાઢ હોય છે.

(૨) તેનાથી શ્રોતેન્દ્રિયની અવગાહના સંખ્યાતગુણી છે, કારણ કે ચક્ષુરિન્દ્રિયની અપેક્ષાએ સંખ્યાતગુણા અધિક આકાશ પ્રદેશોમાં અવગાઢ હોય છે.

(૩) તેનાથી ઘ્રાણેન્દ્રિયની અવગાહના સંખ્યાતગુણી છે કારણ કે તે શ્રોતેન્દ્રિયથી સંખ્યાતગુણા અધિક આકાશપ્રદેશોમાં અવગાઢ હોય છે.

(૪) તેનાથી જિહ્વેન્દ્રિયની અવગાહના અસંખ્યાતગુણી છે કારણ કે જિહ્વેન્દ્રિયનો વિસ્તાર–લંબાઈ અનેક અંગુલ પ્રમાણ છે. ચક્ષુ આદિ ત્રણે ઈન્દ્રિયો અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે, તેથી જિહ્વેન્દ્રિયની અવગાહના તેનાથી અસંખ્યાતગુણી થઈ જાય છે.

(૫) તેનાથી સ્પર્શેન્દ્રિયની અવગાહના સંખ્યાતગુણી છે, કારણ કે તે શરીર પ્રમાણ છે અને કોઈ પણ જીવની

જિહ્વેન્દ્રિય પોતાના શરીરની અવગાહનાથી સંખ્યાતમા ભાગ પ્રમાણ જ હોય છે. દરેક જીવનું શરીર પોતાના અંગુલથી સંખ્યાત અંગુલનું હોય છે અને જિહ્વા પણ સંખ્યાત અંગુલની હોય છે તેથી તેમાં સંખ્યાતગણી તરતમતા જ થઈ શકે છે. આ જ ક્રમથી પ્રદેશોની અપેક્ષાએ તથા અવગાહના-પ્રદેશની સમ્મિલિત અપેક્ષાએ અલ્પબહુત્વ થાય છે.

**ઈંદ્રિયમાં અવગાહના અને પ્રદેશથી અલ્પબહુત્વ :–**

| ઈંદ્રિય | અવગાહનાથી | પ્રદેશથી | કારણ |
|---|---|---|---|
| ચક્ષુરિન્દ્રિય | સર્વથી અલ્પ | સર્વથી અલ્પ | અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. |
| શ્રોતેન્દ્રિય | સંખ્યાતગુણ | સંખ્યાતગુણ | વધુ પ્રદેશોમાં અવગાઢ છે. |
| ઘ્રાણેન્દ્રિય | સંખ્યાતગુણ | સંખ્યાતગુણ | વધુ પ્રદેશોમાં અવગાઢ છે. |
| જિહ્વેન્દ્રિય | અસંખ્યાતગુણ | અસંખ્યાતગુણ | અનેક અંગુલ પ્રમાણ વિસ્તૃત છે. |
| સ્પર્શેન્દ્રિય | સંખ્યાતગુણ | સંખ્યાતગુણ | શરીર પ્રમાણ વિસ્તૃત છે. |

**અવગાહના અને પ્રદેશ સમ્મિલિતરૂપે અલ્પબહુત્ત્વ :–**

| | | |
|---|---|---|
| અવગાહનાથી | ચક્ષુરિન્દ્રિય | સર્વથી અલ્પ |
| અવગાહનાથી | શ્રોતેન્દ્રિય | સંખ્યાતગુણ |
| અવગાહનાથી | ઘ્રાણેન્દ્રિય | સંખ્યાતગુણ |
| અવગાહનાથી | જિહ્વેન્દ્રિય | અસંખ્યાતગુણ |
| અવગાહનાથી | સ્પર્શેન્દ્રિય | સંખ્યાતગુણ |
| પ્રદેશાર્થથી | ચક્ષુરિન્દ્રિય | અનંતગુણ |
| પ્રદેશાર્થથી | શ્રોતેન્દ્રિય | સંખ્યાતગુણ |
| પ્રદેશાર્થથી | ઘ્રાણેન્દ્રિય | સંખ્યાતગુણ |
| પ્રદેશાર્થથી | જિહ્વેન્દ્રિય | અસંખ્યાતગુણ |
| પ્રદેશાર્થથી | સ્પર્શેન્દ્રિય | સંખ્યાતગુણ |

**કર્કશ–મૃદુ આદિ ગુણની અપેક્ષાએ અલ્પબહુત્વ :–**

**૧૫ सोइंदियस्स णं भंते ! केवइया कक्खडगरुयगुणा पण्णत्ता ? गोयमा ! अणंता कक्खडगरुयगुणा पण्णत्ता । एवं *जाव* फासिंदियस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શ્રોતેન્દ્રિયના કર્કશ અને ગુરુ ગુણ કેટલા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શ્રોતેન્દ્રિયના અનંત કર્કશ અને ગુરુ ગુણ હોય છે. આ જ રીતે ચક્ષુરિન્દ્રિયથી લઈને સ્પર્શેન્દ્રિય સુધીની પાંચે ઈન્દ્રિયોમાં અનંત કર્કશ અને ગુરુ ગુણ હોય છે.

**૧૬ सोइंदियस्स णं भंते ! केवइया मउयलहुयगुणा पण्णत्ता ? गोयमा ! अणंता मउयलहुयगुणा पण्णत्ता । एवं *जाव* फासिंदियस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શ્રોતેન્દ્રિયના મૃદુ અને લઘુ ગુણ કેટલા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શ્રોતેન્દ્રિયના મૃદુ અને લઘુ ગુણ અનંતા છે. આ જ રીતે ચક્ષુરિન્દ્રિયથી લઈ સ્પર્શનેન્દ્રિય સુધીની પાંચે ઈન્દ્રિયોના અનંત મૃદુ-લઘુ ગુણ હોય છે.

**૧૭ एएसि णं भंते! सोइंदिय-चक्खिदिय-धाणिंदिय-जिब्भिदिय-फासिंदियाणं कक्खड-गरुयगुणाणं मउयलहुयगुणाणं, कक्खडगरुयगुण-मउयलहुयगुणाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा चक्खिदियस्स कक्खडगरुयगुणा, सोइंदियस्स कक्खड-गरुयगुणा अणंतगुणा, घाणिंदियस्स कक्खडगरुयगुणा अणंतगुणा, जिब्भिदियस्स कक्खड-गरुयगुणा अणंतगुणा, फासिंदियस्स कक्खडगरुयगुणा अणंतगुणा । मउयलहुयगुणाणं– सव्वत्थोवा फासिंदियस्स मउयलहुयगुणा, जिब्भिदियस्स मउयलहुयगुणा अणंतगुणा, धाणिंदियस्स मउयलहुयगुणा अणंतगुणा; सोइंदियस्स मउयलहुयगुणा अणंतगुणा। चक्खिंदियस्स मउय लहुय गुणा अणंतगुणा । कक्खडगरुयगुणाणं मउयलहुयगुणाण य– सव्वत्थोवा चक्खिदियस्स कक्खडगरुयगुणा, सोइंदियस्स कक्खडगरुयगुणा अणंतगुणा, फासिंदियस्स कक्खडगरुय-गुणा अणंतगुणा, फासिंदियस्स कक्खडगरुयगुणेहिंतो तस्स चेव मउयलहुयगुणा अणंतगुणा, जिब्भिदियस्स मउयलहुयगुणा अणंतगुणा, घाणिंदियस्स मउयलहुयगुणा अणंतगुणा, सोइंदियस्स मउयलहुयगुणा अणंतगुणा, चक्खिदियस्स मउयलहुयगुणा अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયના કર્કશ- ગુરુ ગુણો અને મૃદુ-લઘુ ગુણોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી અલ્પ ચક્ષુરિન્દ્રિયના કર્કશ- ગુરુ ગુણ છે, તેનાથી શ્રોતેન્દ્રિયના કર્કશ ગુરુ ગુણ અનંતગુણા છે, તેનાથી ઘ્રાણેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણ અનંતગુણા છે, તેનાથી જિહ્વેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણ અનંતગુણા છે, તેનાથી સ્પર્શેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણ અનંતગુણા છે.

મૃદુ-લઘુ ગુણોમાં સર્વથી અલ્પ સ્પર્શેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણ છે. તેનાથી જિહ્વેન્દ્રિયના મૃદુલઘુ ગુણ અનંતગુણા છે, તેનાથી ઘ્રાણેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણ અનંતગુણા છે, તેનાથી શ્રોતેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણ અનંતગુણા છે, તેનાથી ચક્ષુરિન્દ્રિયના મૃદુ-લઘુ ગુણ અનંતગુણા છે.

કર્કશ-ગુરુગુણો અને મૃદુ લઘુ ગુણોમાં– (૧) સર્વથી અલ્પ ચક્ષુરિન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો છે, (૨) તેનાથી શ્રોતેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનંતગુણા છે, (૩) તેનાથી ઘ્રાણેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનંતગુણા છે, (૪) તેનાથી જિહ્વેન્દ્રિયના કર્કશ ગુરુ ગુણો અનંતગુણા છે, (૫) તેનાથી સ્પર્શેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અનંતગુણા છે. (૬) તેનાથી તેના જ અર્થાત્ સ્પર્શેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો કરતાં સ્પર્શેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો અનંતગુણા છે. (૭) તેનાથી જિહ્વેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો અનંતગુણા છે, (૮) તેનાથી ઘ્રાણેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો અનંતગુણા છે, (૯) તેનાથી શ્રોતેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો અનંતગુણા છે, (૧૦) તેનાથી ચક્ષુરિન્દ્રિયના મૃદુ-લઘુ ગુણો અનંતગુણા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ઇન્દ્રિયોના કર્કશ અને ગુરુ તથા મૃદુ અને લઘુ ગુણોના અલ્પબહુત્વનું કથન છે.

ચક્ષુરિન્દ્રિય, શ્રોતેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયના કર્કશ અને ગુરુ ગુણ ક્રમશઃ અનંતગુણ અધિક છે અને તેના મૃદુ-લઘુ ગુણ ક્રમશઃ અલ્પ-અલ્પ છે, તેથી તેના અલ્પબહુત્વમાં પશ્ચાનુક્રમથી ઇન્દ્રિયોનું ગ્રહણ થાય છે. યથા– સ્પર્શેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, શ્રોતેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિયના મૃદુ અને લઘુ ગુણ ક્રમશઃ અનંતગુણ અધિક થાય છે.

સમ્મિલિત અલ્પબહુત્વમાં સ્પર્શેન્દ્રિયના કર્કશ અને ગુરુગુણથી મૃદુ અને લઘુગુણ અનંતગુણા થાય છે કારણ કે શરીરની ઉપરના ભાગમાં કેટલાક પ્રદેશો શીત–ઉષ્ણાદિ સ્પર્શથી કર્કશ થઈ જાય છે. તે સિવાય અંદરના ઘણા પ્રદેશો મૃદુ જ હોય છે તેથી સ્પર્શેન્દ્રિયના કર્કશ અને ગુરુગુણથી મૃદુ અને લઘુગુણ અનંતગુણા થઈ જાય છે.

**ઇંદ્રિયમાં કર્કશ–ગુરુનું અલ્પબહુત્વ મૃદુ–લઘુગુણનું અલ્પબહુત્વ :–**

| ઇન્દ્રિય | અલ્પહુત્વ | ઈન્દ્રિય | અલ્પહુત્વ |
|---|---|---|---|
| ચક્ષુરિન્દ્રિયના કર્કશ–ગુરુ ગુણ | સર્વથી અલ્પ | સ્પર્શેન્દ્રિયના મૃદુ–લઘુ ગુણ | સર્વથી અલ્પ |
| શ્રોતેન્દ્રિય કર્કશ–ગુરુ ગુણ | અનંતગુણા | જિહ્વેન્દ્રિયના મૃદુ–લઘુ ગુણ | અનંતગુણા |
| ઘ્રાણેન્દ્રિય કર્કશ–ગુરુ ગુણ | અનંતગુણા | ઘ્રાણેન્દ્રિયના મૃદુ–લઘુ ગુણ | અનંતગુણા |
| જિહ્વેન્દ્રિય કર્કશ–ગુરુ ગુણ | અનંતગુણા | શ્રોતેન્દ્રિયના મૃદુ–લઘુ ગુણ | અનંતગુણા |
| સ્પર્શેન્દ્રિય કર્કશ–ગુરુ ગુણ | અનંતગુણા | ચક્ષુરિન્દ્રિયના મૃદુ–લઘુ ગુણ | અનંતગુણા |

**ઇન્દ્રિયમાં કર્કશ–ગુરુ, મૃદુ–લઘુ ગુણનું સમ્મિલિતરૂપે અલ્પબહુત્વ :–**

| ઇન્દ્રિય | અલ્પબહુત્વ |
|---|---|
| ચક્ષુરિન્દ્રિયના કર્કશ ગુરુ ગુણ | સર્વથી થોડા |
| શ્રોતેન્દ્રિયના કર્કશ ગુરુ ગુણ | અનંતગુણા |
| ઘ્રાણેન્દ્રિયના કર્કશ ગુરુ ગુણ | અનંતગુણા |
| જિહ્વેન્દ્રિયના કર્કશ ગુરુ ગુણ | અનંતગુણા |
| સ્પર્શેન્દ્રિયના કર્કશ ગુરુ ગુણ | અનંતગુણા |
| સ્પર્શેન્દ્રિયના મૃદુ–લઘુ ગુણ | અનંતગુણા |
| જિહ્વેન્દ્રિયના મૃદુ–લઘુ ગુણ | અનંતગુણા |
| ઘ્રાણેન્દ્રિયના મૃદુ–લઘુ ગુણ | અનંતગુણા |
| શ્રોતેન્દ્રિયના મૃદુ–લઘુ ગુણ | અનંતગુણા |
| ચક્ષુરિન્દ્રિયના મૃદુ–લઘુ ગુણ | અનંતગુણા |

**ચોવીસ દંડકોમાં ઇન્દ્રિયો તથા સંસ્થાન આદિ :–**

**१८ णेरइयाणं भंते ! कइ इंदिया पण्णत्ता ? गोयमा ! पंच इंदिया पण्णत्ता, तं जहा- सोइंदिए** *जाव* **फासिंदिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલી ઈન્દ્રિયો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોને પાંચ ઈન્દ્રિયો હોય છે, તે આ પ્રમાણે છે– શ્રોતેન્દ્રિય ***યાવત્*** સ્પર્શેન્દ્રિય.

**१९ णेरइयाणं भंते ! सोइंदिए किं संठिए पण्णत्ते ? गोयमा ! कलंबुयासंठाणसंठिए पण्णत्ते । एवं जहेव ओहियाणं वत्तवया भणिया तहेव णेरइयाणं पि** *जाव* **अप्पाबहुयाणि दोण्णि वि, णवरं णेरइयाणं भंते ! फासिंदिए किंसंठिए पण्णत्ते ?**

**गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा- भवधारणिज्जे य उत्तरवेउव्विए य, तत्थ णं जे से भवधारणिज्जे से णं हुंडसंठाणसंठिए पण्णत्ते, तत्थ णं जे से उत्तरवेउव्विए से वि तहेव। सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોની શ્રોતેન્દ્રિયનો આકાર કેવો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોની શ્રોતેન્દ્રિય કદંબ પુષ્પના આકારની હોય છે. જે રીતે સમુચ્ચય પંચેન્દ્રિય જીવોની ઈન્દ્રિય સંબંધી વક્તવ્યતા કહી છે, તે જ રીતે નારકીની ઈન્દ્રિયોના સંસ્થાન, જાડાઈ, લંબાઈ, કતિપ્રદેશ, અવગાઢ અને અલ્પબહુત્વ આ છ દ્વારોની પણ વક્તવ્યતા છે. વિશેષતા એ છે કે નૈરયિકોની સ્પર્શેન્દ્રિય કયા આકારની છે ? હે ગૌતમ ! નારકોની સ્પર્શેન્દ્રિય બે પ્રકારની છે– ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાંથી ભવધારણીય સ્પર્શેન્દ્રિયનું હુંડ સંસ્થાન અને ઉત્તરવૈક્રિય સ્પર્શેન્દ્રિયનું પણ હુંડ સંસ્થાન છે. શેષ પૂર્વવત્ જાણવું જોઈએ.

**२० असुरकुमाराणं भंते ! कइ इंदिया पण्णत्ता ?**

**गोयमा ! पंच इंदिया पण्णत्ता । एवं जहा ओहियाणं** *जाव* **अप्पाबहुयाणि दोण्णि वि। णवरं फासिंदिए दुविहे पण्णत्ते, तं जहा- भवधारणिज्जे य उत्तरवेउव्विए य । तत्थ णं जे से भवधारणिज्जे से णं समचउरंस-संठाणसंठिए पण्णत्ते। तत्थ णं जे से उत्तरवेउव्विए से णं णाणा-संठाणसंठिए पण्णत्ते। सेसं तं चेव। एवं** *जाव* **थणियकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારોની ઈન્દ્રિયો કેટલી કહી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પાંચ ઈન્દ્રિય હોય છે. જે રીતે સમુચ્ચય પંચેન્દ્રિય જીવોની ઈન્દ્રિયો સંબંધી વક્તવ્યતા કહી છે, તે જ રીતે અસુરકુમારોની ઈન્દ્રિય સંબંધી વક્તવ્યતા છે. વિશેષતા એ છે કે અસુરકુમારોની સ્પર્શેન્દ્રિય બે પ્રકારની છે– ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં ભવધારણીય સ્પર્શેન્દ્રિયનું સમચતુરસ્ર સંસ્થાન અને ઉત્તરવૈક્રિય સ્પર્શેન્દ્રિયનું વિવિધ પ્રકારનું સંસ્થાન હોય છે. આ જ રીતે નાગકુમારથી સ્તનિતકુમાર સુધીના દેવોની ઈન્દ્રિય સંબંધી વક્તવ્યતા જાણવી જોઈએ.

**२१ पुढविकाइयाणं भंते ! कइ इंदिया पण्णत्ता ? गोयमा ! एगे फासिंदिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકોને કેટલી ઇન્દ્રિયો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક સ્પર્શેન્દ્રિય જ હોય છે.

**२२ पुढविकाइयाणं भंते ! फासिंदिए किं संठिए पण्णत्ते ? गोयमा ! मसूरचंदसंठाणसंठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકોની સ્પર્શેન્દ્રિયનો આકાર કેવો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ! તેઓનો આકાર મસૂર દાળની સમાન હોય છે.

**२३ पुढविकाइयाणं भंते ! फासिंदिए केवइयं बाहल्लेण पण्णत्ते ? गोयमा ! अंगुलस्स असंखेज्जइभागं बाहल्लेण पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકોની સ્પર્શેન્દ્રિયની જાડાઈ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની જાડાઈ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે

**२४ पुढविकाइयाणं भंते ! फासिंदिए केवइयं पोहत्तेण पण्णत्ते ? गोयमा ! सरीरपमाणमेत्ते पोहत्तेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકોની સ્પર્શેન્દ્રિયનો વિસ્તાર કેટલો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેનો વિસ્તાર શરીર પ્રમાણ હોય છે.

**२५ पुढविकाइयाणं भंते ! फासिंदिए कइपएसिए पण्णत्ते ? गोयमा ! अणंतपएसिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકોની સ્પર્શેન્દ્રિયના કેટલા પ્રદેશો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ! અનંત પ્રદેશો હોય છે.

**२६ पुढविकाइयाणं भंते ! फासिंदिए कइपएसोगाढे पण्णत्ते ? गोयमा ! असंखेज्जपए सोगाढे पण्णत्ते ?**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકોની સ્પર્શેન્દ્રિય કેટલા પ્રદેશાવગાઢ છે ? **ઉત્તર–** હે ગૌતમ! અસંખ્યાત પ્રદેશાવગાઢ છે.

**२७ एएसि णं भंते ! पुढविकाइयाणं फासिंदियस्स ओगाहण-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवे पुढ विकाइयाणं फासिंदियस्स ओगाहणट्ठयाए, से चेव पएसट्ठयाए अणंतगुणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકોની સ્પર્શેન્દ્રિય, અવગાહના અને પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિકોની સ્પર્શેન્દ્રિય, અવગાહનાની અપેક્ષાએ સર્વથી અલ્પ છે અને તેનાથી પ્રદેશોની અપેક્ષાએ અનંતગુણી અધિક છે.

**२८ पुढविकाइयाणं भंते ! फासिंदियस्स केवइया कक्खडगरुयगुणा पण्णत्ता ? गोयमा ! अणंता । एवं मउयलहुयगुणा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકોની સ્પર્શેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણ કેટલા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત છે. આ જ રીતે તેના મૃદુ-લઘુ ગુણના વિષયમાં પણ જાણવું જોઈએ.

**૨૯ एएसि णं भंते ! पुढविकाइयाणं फासिंदियस्स कक्खडगरुय- गुण-मउयलहुयगुणाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा पुढविकाइयाणं फासिंदियस्स कक्खडगरुयगुणा, तस्स चेव मउयलहुयगुणा अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકોની સ્પર્શેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણો અને મૃદુ-લઘુ ગુણોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા પૃથ્વીકાયિકોની સ્પર્શેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણ છે અને તેનાથી મૃદુ-લઘુ ગુણ અનંતગુણા છે.

**૩૦ एवं आउक्काइयाण वि** *जाव* **वणस्सइकाइयाणं, णवरं संठाणे इमो विसेसो दट्ठव्वो- आउक्काइयाणं थिबुगबिंदुसंठाणसंठिए पण्णत्ते, तेउक्काइयाणं सूईकलावसंठाणसंठिए पण्णत्ते, वाउक्काइयाणं पडागासंठाणसंठिए पण्णत्ते, वणस्सइकाइयाणं णाणासंठाणसंठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :–** પૃથ્વીકાયિકોની વક્તવ્યતા અનુસાર અપ્કાયિકથી લઈને વનસ્પતિકાયિક સુધીની ઈન્દ્રિય સંબંધી વક્તવ્યતા છે; પરંતુ તેઓના સંસ્થાનના વિષયમાં વિશેષતા છે– અપ્કાયિકોની સ્પર્શેન્દ્રિય જલબિંદુના આકારની છે, તેજસ્કાયિકોની સ્પર્શેન્દ્રિય સૂચિકલાપ–સોઈના ઢગલાના આકારની છે, વાયુકાયિકોની સ્પર્શેન્દ્રિય ધ્વજા પતાકાના આકારની છે અને વનસ્પતિકાયિકોની સ્પર્શેન્દ્રિય વિવિધ આકારની છે.

**૩૧ बेइंदियाणं भंते ! कइ इंदिया पण्णत्ता ।**

**गोयमा ! दो इंदिया पण्णत्ता, तं जहा- जिब्भिंदिए य फासिंदिए य । दोण्हं पि इंदियाणं संठाणं, बाहल्लं, पोहत्तं, पएसा, ओगाहणा य जहा ओहियाणं भणिया तहा भाणियव्वा, णवरं फासिंदिए हुंडसंठाणसंठिए पण्णत्ते त्ति इमो विसेसो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઈન્દ્રિય જીવોને કેટલી ઈન્દ્રિયો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બે ઈન્દ્રિય હોય છે– જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય. બંને ઈન્દ્રિયોના સંસ્થાન, જાડાઈ, લંબાઈ, પ્રદેશ અને અવગાહનાનું કથન સમુચ્ચય જીવોની ઈન્દ્રિયોના સંસ્થાનાદિના વિષયમાં કહ્યું છે, તે જ રીતે જાણવું જોઈએ. વિશેષતા એ છે કે બેઈન્દ્રિયની સ્પર્શેન્દ્રિય હુંડ સંસ્થાનવાળી છે.

**૩૨ एएसि णं भंते ! बेइंदियाण जिब्भिंदिय-फासिंदियाणं ओगाहणट्ठयाए, पएसट्ठयाए, ओगाहणपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवे बेइंदियाणं जिब्भिंदिए ओगाहणट्ठयाए, फासिंदिए ओगाहणाट्ठयाए संखेज्जगुणे; पएसट्ठयाए-सव्वत्थोवे बेइंदियाणं जिब्भिंदिए पएसट्ठयाए,**

**फासिंदिए पएसट्ठयाए संखेज्जगुणे; ओगाहणपएसट्ठयाए- सव्वत्थोवे बेइंदियस्स जिब्भिंदिए ओगाहणट्ठयाएफासिंदिए ओगाहणट्ठयाए संखेज्जगुणे, फासिंदियस्स ओगाहणट्ठयाए हिंतो जिब्भिंदिए पएसट्ठयाए अणंतगुणे, फासिंदिए पएसट्ठयाए संखेज्जगुणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયમાંથી અવગાહનાની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ તથા અવગાહના અને પ્રદેશોની સમ્મિલિત અપેક્ષાએ કોણ, કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અવગાહનાની અપેક્ષાએ સર્વથી અલ્પ બેઇન્દ્રિયની જિહ્વેન્દ્રિય છે. તેનાથી સ્પર્શેન્દ્રિય સંખ્યાતગુણી છે. પ્રદેશની અપેક્ષાએ સર્વથી અલ્પ જિહ્વેન્દ્રિયના પ્રદેશો છે. તેનાથી સ્પર્શેન્દ્રિયના પ્રદેશો સંખ્યાતગુણા છે. અવગાહના–પ્રદેશની અપેક્ષાએ સર્વથી અલ્પ જિહ્વેન્દ્રિયની અવગાહના છે. તેનાથી સ્પર્શેન્દ્રિયની અવગાહના સંખ્યાતગુણી છે. તેનાથી જિહ્વેન્દ્રિયના પ્રદેશો અનંતગુણા છે. તેનાથી સ્પર્શેન્દ્રિયના પ્રદેશો સંખ્યાતગુણા છે.

**३३ बेइंदियाणं भंते ! जिब्भिंदियस्स केवइया कक्खडगरुयगुणा पण्णत्ता ? गोयमा ! अणंता । एवं फासिंदियस्स वि । एवं मउयलहुयगुणा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણ કેટલા છે ? **ઉત્તર–** હે ગૌતમ! જિહ્વેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણ અનંત છે. તે જ રીતે સ્પર્શેન્દ્રિયના પણ કર્કશ-ગુરુ ગુણ અનંત છે. તે જ રીતે જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણ પણ અનંત જાણવા જોઈએ.

**३४ एएसि णं भंते ! बेइंदियाणं जिब्भिंदिय-फासिंदियाणं कक्खडगरुयगुणाणं मउय-लहुयगुणाणं, कक्खडगरुयगुण-मउयलहुयगुणाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा बेइंदियाणं जिब्भिंदियस्स कक्खडगरुयगुणा, फासिंदियस्स कक्खडगरुयगुणा अणंतगुणा, फासिंदियस्स कक्खडगुरुयगुणेहिंतो तस्स चेव मउयलहुयगुणा अणंतगुणा, जिब्भिंदियस्स मउयलहुयगुणा अणंतगुणा ।**

**एवं** *जाव* **चउरिंदिय त्ति, णवरं इंदियपरिवुड्ढी कायव्वा । तेइंदियाणं घाणिंदिए थोवे, चउरिंदियाणं चक्खिंदिए थोवे । सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણ તથા મૃદુ-લઘુ ગુણમાંથી કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી અલ્પ બેઇન્દ્રિયોની જિહ્વેન્દ્રિયના કર્કશ ગુરુ ગુણ છે, તેનાથી સ્પર્શેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણ અનંતગુણા છે. સ્પર્શેન્દ્રિયના કર્કશ-ગુરુ ગુણોથી તેના જ મૃદુ-લઘુ ગુણ અનંતગુણા છે અને તેનાથી જિહ્વેન્દ્રિયના મૃદુ-લઘુ ગુણ અનંતગુણા છે.

આ જ રીતે તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયના સંસ્થાન, જાડાઈ આદિના વિષયમાં જાણવું જોઈએ. વિશેષતા એ છે કે– તેમાં ઉત્તરોત્તર એક-એક ઇન્દ્રિયની વૃદ્ધિ થાય છે. તેઇન્દ્રિય જીવોની ઘ્રાણેન્દ્રિયની અવગાહના

સર્વથી અલ્પ હોય છે અને ચૌરેન્દ્રિય જીવોની ચક્ષુરિન્દ્રિયની અવાગહના સર્વથી અલ્પ હોય છે. શેષ કથન પૂર્વવત્ જાણવું.

**૩૫** **पंचिंदियतिरिक्खजोणियाणं मणूसाणं च जहा णेरइयाणं । णवरं फासिंदिए छव्विह-संठाणसंठिए पण्णत्ते, तं जहा- समचउरंसे, णग्गोह-परिमंडले, सादि, खुज्जे, वामणे, हुंडे ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોની ઇન્દ્રિય સંસ્થાનાદિ વક્તવ્યતા નારકીની ઇન્દ્રિય-સંસ્થાનાદિ સંબંધી વક્તાવ્યતાનુસાર જાણવી જોઈએ. વિશેષતા એ છે કે તેઓની સ્પર્શેન્દ્રિય છ સંસ્થાનયુક્ત હોય છે. તે આ પ્રમાણે છે– (૧) સમચતુરસ્ર (૨) ન્યગ્રોધ પરિમંડળ (૩) સાદિ (૪) કુબ્જ (૫) વામન અને (૬) હુંડ.

**૩૬** **वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा असुरकुमाराणं ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોની ઇન્દ્રિય-સંસ્થાનાદિની વક્તવ્યતા અસુરકુમારોની જેમ જાણવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકવર્તી જીવોની ઇન્દ્રિયોના સંસ્થાન, બાહલ્ય–જાડાઈ, પૃથુત્વ–વિશાળતા, પ્રદેશ, અવગાહના, અને અલ્પબહુત્વ સંબંધી પ્રરૂપણા છે. જે વિષયો પ્રાયઃ ભાવાર્થથી સ્પષ્ટ છે.

પ્રત્યેક જીવોની સ્પર્શેન્દ્રિય પોત-પોતાના શરીર પ્રમાણ હોય છે, તેથી તે જીવના શરીરના સંસ્થાન પ્રમાણે તેની સ્પર્શેન્દ્રિયનું સંસ્થાન હોય છે.

**૨૪ દંડકમાં સ્પર્શેન્દ્રિયના સંસ્થાન–** નૈરયિકોને અશુભ કર્મના ઉદયે ભવધારણીય અને ઉત્તર વૈક્રિય બંને પ્રકારના શરીરનું હુંડ સંસ્થાન હોય છે, તેથી તેની સ્પર્શેન્દ્રિયનું હુંડ સંસ્થાન છે.

દેવોને શુભ કર્મોના ઉદયે ભવધારણીય શરીરનું સમચતુરસ્ર સંસ્થાન હોય છે, તેથી તેની સ્પર્શેન્દ્રિયનું સમચતુરસ્ર સંસ્થાન હોય છે. દેવો વૈક્રિય લબ્ધિથી પોતાની ઇચ્છા અનુસાર વિવિધ રૂપો બનાવી શકે છે, તેથી તેના ઉત્તર વૈક્રિય શરીરની સ્પર્શેન્દ્રિય, શરીર અનુસાર વિવિધ સંસ્થાનવાળી હોય છે.

પાંચ સ્થાવર જીવોનું શરીર હુંડ સંસ્થાનવાળું હોય છે. તેમ છતાં પ્રસ્તુત સૂત્રોમાં તેના વિશિષ્ટ આકારોનું સ્પષ્ટીકરણ કર્યું છે. યથા– પૃથ્વીકાયનું સંસ્થાન મસૂરદાળ સમાન, અપ્કાયનું સંસ્થાન જલબિંદુ સમાન, તેઉકાયનું સંસ્થાન સૂચિકલાપ(સોયના જથ્થા) સમાન, વાઉકાયનું સંસ્થાન ધ્વજાપતાકા સમાન છે. આ શરીરના આકારો સમાન જ સ્પર્શેન્દ્રિયોનો આકાર હોય છે. વિકલેન્દ્રિય જીવોની સ્પર્શેન્દ્રિયનું હુંડ સંસ્થાન છે.

તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોની સ્પર્શેન્દ્રિય, છ સંસ્થાનમાંથી કોઈ પણ સંસ્થાનવાળી હોય છે. આ રીતે જે જીવોને જે શરીર-સંસ્થાન હોય, તે પ્રમાણે જ તેની સ્પર્શેન્દ્રિયનું સંસ્થાન હોય છે.

**૨૪ દંડકના જીવોની સ્પર્શેન્દ્રિયના(શરીરના) સંસ્થાન :–**

| **જીવ પ્રકાર** | **સ્પર્શેન્દ્રિય–સંસ્થાન** |
|---|---|
| નારકી | ભવધારણીય હુંડ–અશુભ, ઉત્તર વૈક્રિય હુંડ |
| ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક દેવો | ભવધારણીય–સમચતુસ્ર, ઉત્તર વૈક્રિય–ઇચ્છા પ્રમાણે વિવિધ |
| પૃથ્વીકાય | મસુર દાળ |

| જીવ પ્રકાર | સ્પર્શેન્દ્રિય–સંસ્થાન |
|---|---|
| અપ્કાય | સ્તિબુક–જલબિંદુ |
| તેઉકાય | સૂચિકલાપ–ભેગી કરેલી સોઈઓ |
| વાયુકાય | ધ્વજા પતાકા |
| વનસ્પતિકાય | વિવિધ પ્રકાર |
| ત્રણ વિકલેન્દ્રિય | હુંડ |
| તિર્યંચ પંચેન્દ્રિય | છ સંસ્થાનમાંથી કોઈપણ |
| મનુષ્ય | છ સંસ્થાનમાંથી કોઈપણ |

**(૭) સ્પૃષ્ટ દ્વાર :–**

**૩૭ पुट्ठाइं भंते ! सद्दाइं सुणेइ ? अपुट्ठाइं सद्दाइं सुणेइ ? गोयमा ! पुट्ठाइं सद्दाइं सुणेइ, णो अपुट्ठाइं सद्दाइं सुणेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શ્રોતેન્દ્રિય સ્પૃષ્ટ શબ્દોને સાંભળે છે કે અસ્પૃષ્ટ શબ્દોને સાંભળે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સ્પૃષ્ટ શબ્દોને સાંભળે છે, અસ્પૃષ્ટ શબ્દોને સાંભળતી નથી.

**૩૮ पुट्ठाइं भंते ! रूवाइं पासइ ? अपुट्ठाइं रूवाइं पासइ ? गोयमा ! णो पुट्ठाइं रूवाइं पासइ, अपुट्ठाइं रूवाइं पासइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચક્ષુરિન્દ્રિય સ્પૃષ્ટ રૂપને જુએ છે કે અસ્પૃષ્ટ રૂપને જુએ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસ્પૃષ્ટ રૂપને જ જુએ છે, સ્પૃષ્ટ રૂપને જોતી નથી.

**૩૯ पुट्ठाइं भंते ! गंधाइं अग्घाइ ? अपुट्ठाइं गंधाइं अग्घाइ ? गोयमा ! पुट्ठाइं गंधाइं अग्घाइ, णो अपुट्ठाइं गंधाइं अग्घाइ । एवं रसाण वि फासाण वि, णवरं- रसाइं अस्साएइ, फासाइं पडिसंवेदेइ त्ति अभिलावो कायव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઘ્રાણેન્દ્રિય સ્પૃષ્ટ ગંધને સૂંઘે છે કે અસ્પૃષ્ટ ગંધને સૂંઘે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સ્પૃષ્ટ ગંધને સૂંઘે છે, અસ્પૃષ્ટ ગંધને સૂંઘતી નથી.

આ જ રીતે રસના અને સ્પર્શના ગ્રહણના વિષયમાં પણ સમજી લેવું જોઈએ. વિશેષતા એ છે કે જિહ્વેન્દ્રિય રસનું આસ્વાદન કરે છે અને સ્પર્શેન્દ્રિય સ્પર્શનો અનુભવ કરે છે; તે પ્રમાણે કથન કરવું જોઈએ અર્થાત્ જિહ્વેન્દ્રિય સ્પૃષ્ટ રસનો આસ્વાદ લે છે અને સ્પર્શેન્દ્રિય સ્પૃષ્ટ સ્પર્શને અનુભવે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ઈન્દ્રિયોના વિષયને ગ્રહણ કરવાની પદ્ધતિનું નિરૂપણ છે. ઈન્દ્રિયોની વિષય ગ્રહણ કરવાની પદ્ધતિના બે પ્રકાર છે– સ્પૃષ્ટ અને અસ્પૃષ્ટ.

**સ્પૃષ્ટ–** વિષયોનો ઈન્દ્રિય સાથે સ્પર્શ થવો. વૃત્તિકારે સ્પર્શ થવાના બે પ્રકાર કરીને તેનું સ્પષ્ટીકરણ કર્યું

છે. (૧) **स्पृश्यन्ते इति स्पृष्टाः** । શરીર પર રેતી લાગવાની જેમ વિષયોનો ઇન્દ્રિય સાથે સ્પર્શ માત્ર થાય તો તેને સ્પૃષ્ટ કહે છે. **(૨) બદ્ધ-સ્પૃષ્ટ–** ઇન્દ્રિય વિષયોનું આત્મપ્રદેશો સાથે એકમેક થઈ જવું. વિષયોનો ઇન્દ્રિયો સાથે ગાઢ સ્પર્શ થાય તો તેને બદ્ધસ્પૃષ્ટ કહે છે.

**અસ્પૃષ્ટ–** વિષયોનો ઇન્દ્રિય સાથે સ્પર્શ ન થાય, ઇન્દ્રિય દૂર રહેલા વિષયને ગ્રહણ કરે, તેને અસ્પૃષ્ટ કહે છે.

ઇન્દ્રિયોની વિષયને ગ્રહણ કરવાની પટુતા કે મંદતા તેમજ ગ્રાહ્ય વિષયોના પુદ્‌ગલોની સ્થૂળતા કે સૂક્ષ્મતાના આધારે ઇન્દ્રિયોની વિષય ગ્રહણની પદ્ધતિ નિશ્ચિત થાય છે. જેમ કે– શ્રોતેન્દ્રિય પોતાના વિષયને ગ્રહણ કરવામાં પટુ છે. તેમજ શ્રોતેન્દ્રિયને ગ્રાહ્ય શબ્દના પુદ્‌ગલો અત્યંત સૂક્ષ્મ છે. તેમજ સૂક્ષ્મ પુદ્‌ગલો અન્ય પુદ્‌ગલોને પણ વાસિત કરે છે, તેથી તે પુદ્‌ગલોની પણ પ્રચુરતા થઈ જાય છે. તેથી શ્રોતેન્દ્રિયની નિર્વૃતિ ઇન્દ્રિય શબ્દના પુદ્‌ગલોનો સ્પર્શ માત્ર કરે ત્યાં જ તેની ઉપકરણ ઇન્દ્રિય શીઘ્રતાથી તે પુદ્‌ગલોને ગ્રહણ કરી લે છે અને ત્યાર પછી તેની ભાવેન્દ્રિયથી શબ્દનો બોધ થાય છે.

ચક્ષુરિન્દ્રિય પોતાના વિષયને ગ્રહણ કરવામાં અત્યંત પટુ છે અને રૂપના પુદ્‌ગલોનો સ્પર્શ કર્યા વિના જ રૂપને જાણે છે, તેથી તે અપ્રાપ્યકારી કહેવાય છે. ચક્ષુરિન્દ્રિય પ્રાપ્ત વિષયોને અર્થાત્ આંખ સાથે સંયોગ પામેલા પુદ્‌ગલોને જોઈ શકતી નાથી. જેમ કે આંખમાં આંજેલા કાજળને આંખ જોઈ શકતી નથી પરંતુ આંખ સાથે સંયોગ પામેલા ન હોય તેવા દૂર રહેલા અસ્પૃષ્ટ પદાર્થોને ચક્ષુરિન્દ્રિય જોઈ શકે છે.

ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય પોત-પોતાના વિષયને ગ્રહણ કરવામાં મંદ છે. તેમજ ગંધ, રસ તથા સ્પર્શ યોગ્ય પુદ્‌ગલો પણ સ્થૂળ હોય છે, તેથી તે પુદ્‌ગલોનો નિર્વૃતિ ઇન્દ્રિયો સાથે ગાઢ સ્પર્શ થાય ત્યારે જ તે વિષયોનો બોધ કરી શકે છે. આ રીતે શ્રોતેન્દ્રિય સ્પૃષ્ટ શબ્દને, ચક્ષુરિન્દ્રિય અસ્પૃષ્ટ રૂપને, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય ક્રમશઃ બદ્ધસ્પૃષ્ટ ગંધ, રસ અને સ્પર્શને ગ્રહણ કરે છે

શ્રી નંદીસૂત્રમાં એક ગાથામાં ઉપરોક્ત વિષયને સ્પષ્ટ કર્યો છે.

**पुट्ठं सुणेइ सद्दं, रूवं पुण पासइ अपुट्ठं तु ।**
**गंधं रसं च फासं च, बद्धपुट्ठं वियागरे ॥**

સ્પર્શ પામેલો શબ્દ સંભળાય છે, સ્પર્શ નહીં પામેલું (અસ્પૃષ્ટ)રૂપ દેખાય છે અને બદ્ધસ્પૃષ્ટ ગંધ, રસ અને સ્પર્શનો બોધ થાય છે.

**(૮) પ્રવિષ્ટ દ્વાર :–**

**૪૦ पविट्ठाइं भंते ! सद्दाइं सुणेइ ? अपविट्ठाइं सद्दाइं सुणेइ ? गोयमा ! पविट्ठाइं सद्दाइं सुणेइ, णो अपविट्ठाइं सद्दाइं सुणेइ । एवं जहा पुट्ठाणि तहा पविट्ठाणि वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શ્રોતેન્દ્રિય પ્રવિષ્ટ શબ્દોને સાંભળે છે કે અપ્રવિષ્ટ શબ્દોને સાંભળે છે? **ઉત્તર–** હે ગૌતમ ! પ્રવિષ્ટ શબ્દોને સાંભળે છે, અપ્રવિષ્ટ શબ્દોને સાંભળતી નથી. જે રીતે સ્પૃષ્ટના વિષયમાં કહ્યું છે, તે જ રીતે પ્રવિષ્ટના વિષયમાં પણ કહેવું જોઈએ.

**વિવેચન :–**

સ્પૃષ્ટ–અસ્પૃષ્ટના કથન પછી પ્રસ્તુત સૂત્રમાં પ્રવિષ્ટ-અપ્રવિષ્ટ દ્વારથી ઇન્દ્રિયના વિષય ગ્રહણની પદ્ધતિને સ્પષ્ટ કરી છે.

**પ્રવિષ્ટ–અપ્રવિષ્ટ :–** સ્પૃષ્ટ અને પ્રવિષ્ટમાં અંતર છે, સ્પૃષ્ટ– સ્પર્શ શરીર પર રેતી લાગવાની જેમ હોય છે અને પ્રવિષ્ટ– પ્રવેશ. મોઢામાં કોળિયો(ગ્રાસ) જવાની જેમ છે. ઇન્દ્રિયો દ્વારા પોત પોતાના ઉપકરણેન્દ્રિયમાં પ્રવિષ્ટ વિષયને ગ્રહણ કરવા તે પ્રવિષ્ટ કહેવાય છે. જેમ કે કાનમાં પ્રવિષ્ટ-પ્રાપ્ત શબ્દોને શ્રોતેન્દ્રિય સાંભળી શકે છે. ચક્ષુરિન્દ્રિય અપ્રવિષ્ટ અસ્પૃષ્ટ રૂપને ગ્રહણ કરે છે. ઇન્દ્રિય વિષયના પુદ્‌ગલો પહેલાં ઇન્દ્રિયમાં પ્રવિષ્ટ થાય છે અને પછી તેની સાથે સ્પૃષ્ટ થાય છે.

**(૯) વિષય પરિમાણ દ્વાર :–**

**૪૧ सोइंदियस्स णं भंते ! केवइए विसए पण्णत्ते ? गोयमा ! जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागाओ, उक्कोसेणं बारसहिं जोयणेहिंतो अच्छिण्णे पोग्गले पुट्ठे पविट्ठाइं सद्दाइं सुणेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શ્રોતેન્દ્રિયનો વિષય કેટલો છે ? અર્થાત્ કેટલે દૂરથી આવતા પુદ્‌ગલોને શ્રોતેન્દ્રિય ગ્રહણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ બાર યોજન દૂરથી આવેલા, અવિચ્છિન્ન– વાતાદિથી નહીં ભેદાયેલા, સામર્થ્યવાળા, સ્પૃષ્ટ અને પ્રવિષ્ટ શબ્દોને સાંભળે છે.

**૪૨ चक्खिदियस्स णं भंते ! केवइए विसए पण्णत्ते ? गोयमा ! जहण्णेणं अंगुलस्स संखेज्जइभागाओ, उक्कोसेणं साइरेगाओ जोयणसयसहस्साओ अच्छिण्णे पोग्गले अपुट्ठे अपविट्ठाइं रूवाइं पासइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચક્ષુરિન્દ્રિયનો વિષય કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ કંઈક અધિક એક લાખ યોજન દૂરના અવિચ્છિન્ન, અસ્પૃષ્ટ અને અપ્રવિષ્ટ રૂપયુક્ત પુદ્‌ગલોને જુએ છે.

**૪૩ घाणिंदियस्स णं भंते ! केवइए विसए पण्णत्ते ? गोयमा ! जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागाओ, उक्कोसेणं णवहिं जोयणेहिंतो अच्छिण्णे पोग्गले पुट्ठे पविट्ठाइं गंधाइं अग्घाइ । एवं जिब्भिदियस्स वि फासिंदियस्स वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઘ્રાણેન્દ્રિયનો વિષય કેટલો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ નવ યોજન દૂરથી આવેલા અવિચ્છિન્ન સ્પૃષ્ટ પ્રવિષ્ટ, ગંધોને અર્થાત્ ગંધ યુક્ત પુદ્‌ગલોને સૂંઘે છે. તેવી જ રીતે જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયના વિષય-પરિમાણના સંબંધમાં પણ ઉત્કૃષ્ટ નવ યોજન જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ઇન્દ્રિયોની વિષય ગ્રહણની ક્ષમતાનું નિરૂપણ છે.

**ઇન્દ્રિયોનો જઘન્ય વિષય :–** શ્રોતેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ દૂરથી પોત-પોતાના વિષયને ગ્રહણ કરે છે. કારણ કે શ્રોતેન્દ્રિય સ્પૃષ્ટ શબ્દને અને ઘ્રાણેન્દ્રિયાદિ ત્રણે ઇન્દ્રિયો બદ્ધ સ્પૃષ્ટ વિષયોને ગ્રહણ કરે છે. તેથી અંગુલના અસંખ્યાતમા ભાગ દૂરથી

આવેલા પોત-પોતાના વિષયો ઈન્દ્રિયો સાથે સ્પૃષ્ટ કે બદ્ધ સ્પૃષ્ટ થાય ત્યારપછી તેનો બોધ થાય છે અને ચક્ષુરિન્દ્રિય જઘન્ય અંગુલના સંખ્યાતમા ભાગ દૂરથી પોતાના વિષયને ગ્રહણ કરે છે કારણ કે અત્યંત નજીકના પદાર્થો, કાજળ, કીકી વગેરેને આંખ જોઈ શકતી નથી, પરંતુ દૂરના અસ્પૃષ્ટ રૂપને જ જોઈ શકે છે.

**ઈન્દ્રિયોનો ઉત્કૃષ્ટ વિષય :–** શ્રોતેન્દ્રિય– ઉત્કૃષ્ટ બાર યોજન દૂરથી આવેલા શબ્દોને સાંભળે છે, પરંતુ તે શબ્દો, અન્ય શબ્દો કે વાયુ આદિથી વ્યાઘાત પામે તો સંભળાતા નથી. જો કોઈ પણ પ્રકારનો વ્યાઘાત ન હોય અને શબ્દના પુદ્ગલો શ્રોતેન્દ્રિય સાથે સ્પૃષ્ટ અને નિર્વૃત્તિ ઈન્દ્રિયમાં પ્રવિષ્ટ થાય તો જ સંભળાય છે. બાર યોજનથી અધિક દૂરથી આવેલા શબ્દો તથાપ્રકારના પરિણામથી જ મંદ પરિણામી થઈ જાય છે તેથી શ્રોતેન્દ્રિય દ્વારા તેનો બોધ થતો નથી પરંતુ ધ્વનિ વિસ્તારક યંત્રાદિની સહાયતાથી શબ્દ પ્રસારિત થાય, તો બાર યોજનથી અધિક દૂરથી પણ શબ્દ સાંભળી શકાય છે.

ચક્ષુરિન્દ્રિય ઉત્કૃષ્ટ એક લાખ યોજન દૂરના દિવાલ આદિ કોઈપણ અન્ય પદાર્થોનો વ્યાઘાત નહીં પામેલા રૂપને જોઈ શકે છે અને મણિ, ચંદ્ર, સૂર્ય જેવા સ્વયં પ્રકાશમાન પદાર્થો તેનાથી પણ અધિક દૂરથી જોઈ શકાય છે.

ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય ઉત્કૃષ્ટ નવ યોજન દૂરના, અન્ય દ્રવ્યો દ્વારા વ્યાઘાત નહીં પામેલા ક્રમશઃ ગંધ, રસ અને સ્પર્શના પુદ્ગલોને ગ્રહણ કરે છે. ગંધ યોગ્ય પુદ્ગલો અત્યંત સૂક્ષ્મ છે તેમજ તેમાં અન્ય દ્રવ્યને વાસિત કરવાની શક્તિ હોય છે, તેથી ગંધ દ્રવ્ય અન્ય પુદ્ગલોને ગંધથી વાસિત કરે છે.

આ રીતે વાસિત દ્રવ્યોની અપેક્ષાએ નવ યોજન દૂરના લગભગ ૪૦૦-૫૦૦ યોજન દૂરથી આવેલા ગંધ દ્રવ્યો ગ્રહણ થાય છે. રસ અને સ્પર્શના પુદ્ગલોમાં અન્ય દ્રવ્યોને વાસિત કરવાની શક્તિ હોતી નથી. તેથી જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય ઉત્કૃષ્ટ નવ યોજન દૂરથી જ પોતાના વિષયને ગ્રહણ કરી શકે છે.

ઈન્દ્રિયોની વિષય ગ્રહણની ઉત્કૃષ્ટ ક્ષમતાનું ઉપરોક્ત કથન સંજ્ઞી પંચેન્દ્રિય જીવોની અપેક્ષાએ છે. એકેન્દ્રિયાદિ જીવોની ઉત્કૃષ્ટ ક્ષમતા અલ્પ હોય છે. સૂત્રકારે તેમજ ટીકાકારે તેનું કથન કર્યું નથી પરંતુ હસ્તલિખિત ટબ્બામાં એકેન્દ્રિયાદિ જીવોની વિષય ગ્રહણ શક્તિનું વર્ણન પ્રાપ્ત થાય છે. તેના આધારે થોકડામાં તે વિષય પ્રચલિત છે.

**એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવોની વિષય ગ્રહણ શક્તિ :–**

| જીવ પ્રકાર | સ્પર્શેન્દ્રિય વિષય | જિહ્વેન્દ્રિય વિષય | ઘ્રાણેન્દ્રિય વિષય | ચક્ષુરિન્દ્રિય વિષય | શ્રોતેન્દ્રિય વિષય |
|---|---|---|---|---|---|
| એકેન્દ્રિય | ૪૦૦ ધનુષ | – | – | – | – |
| બેઇન્દ્રિય | ૮૦૦ ધનુષ | ૬૪ ધનુષ | – | – | – |
| તેઇન્દ્રિય | ૧૬૦૦ ધનુષ | ૧૨૮ ધનુષ | ૧૦૦ ધનુષ | – | – |
| ચૌરેન્દ્રિય | ૩૨૦૦ ધનુષ | ૨૫૬ ધનુષ | ૨૦૦ ધનુષ | ૨૯૫૪ ધનુષ | – |
| અસંજ્ઞી પંચેન્દ્રિય | ૬૪૦૦ ધનુષ | ૫૧૨ ધનુષ | ૪૦૦ ધનુષ | ૫૯૦૮ ધનુષ | ૧ યોજન |
| સંજ્ઞી પંચેન્દ્રિય | ૯ યોજન | ૯ યોજન | ૯ યોજન | એક લાખ યોજન | ૧૨ યોજન |

ઇન્દ્રિયોના આ વિષયો આત્માંગુલથી છે કે ઉત્સેધાંગુલથી માપવામાં આવે છે ? તેનું સ્પષ્ટીકરણ આગમ પાઠોમાં મળતું નથી તેમ છતાં વિચારણા કરતાં તે આત્માંગુલથી માપવાનું સમીચીન જણાય છે.

જો વિષયોનું પરિમાણ ઉત્સેધાંગુલથી મપાય તો ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા મનુષ્યોમાં વિષય ગ્રહણમાં વિરોધ પ્રાપ્ત થાય છે. જેમ કે– ભરત ચક્રવર્તીના સમયે આત્માંગુલ અને પ્રમાણાંગુલ બંને સમાન હોય છે. એક હજાર ઉત્સેધાંગુલનો એક પ્રમાણાંગુલ થાય છે. ભરત ચક્રવર્તીની અયોધ્યા નગરી તે મનુષ્યોના આત્માંગુલથી બાર યોજન પ્રમાણ હતી. તે ઉત્સેધાંગુલના માપથી બાર હજાર યોજન પ્રમાણ હતી. જો શ્રોતેન્દ્રિયની વિષય ગ્રહણની શક્તિ ઉત્સેધાંગુલથી બાર યોજન પ્રમાણ સ્વીકારીએ તો અયોધ્યા નગરીની આયુધ શાળામાં વગાડવામાં આવતી વિજય ભેરીનો નાદ બાર હજાર યોજન વિસ્તારમાં રહેલા સમસ્ત નગરજનો સાંભળી શકે નહીં. પરંતુ વિજય ભેરીનો નાદ સમસ્ત નગરજનો સાંભળે જ છે. તેથી સિદ્ધ થાય છે કે ઇન્દ્રિયોના વિષય ગ્રહણની શક્તિનું માપ આત્માંગુલથી જ મપાય છે; જેથી તે-તે કાલના મનુષ્યો પોત-પોતાની ઇન્દ્રિયોથી શબ્દાદિ વિષયને ગ્રહણ કરી શકે છે.

**(૧૦) અણગાર દ્વાર :–**

**૪૪ अणगारस्स णं भंते ! भावियप्पणो मारणंतियसमुग्घाएणं समोहयस्स जे चरिमा णिज्जरापोग्गला, सुहुमा णं ते पोग्गला पण्णत्ता समणाउसो ! सव्वलोगं पि य णं ते ओगाहित्ता णं चिट्ठंति ?**

**हंता गोयमा ! अणगारस्स णं भावियप्पणो मारणंतियसमुग्घाएणं समोहयस्स जे चरिमा णिज्जरापोग्गला सुहुमा णं ते पोग्गला पण्णत्ता समणाउसो ! सव्वलोगं पि य णं ते ओगाहित्ता णं चिट्ठंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતને પામેલા ભાવિતાત્મા અણગારના ચરમ-અંતિમ નિર્જરાના પુદ્‌ગલો, શું સૂક્ષ્મ હોય છે ? હે આયુષ્યમાન્ શ્રમણ ! શું તે પુદ્‌ગલો સંપૂર્ણ લોકમાં અવગાહીને રહે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! મારણાંતિક સમુદ્‌ઘાતને પામેલા ભાવિતાત્મા અણગારના ચરમ-અંતિમ નિર્જરાના પુદ્‌ગલો સૂક્ષ્મ હોય છે અને હે આયુષ્યમાન શ્રમણ ! તે સમગ્રલોકમાં અવગાહન કરીને રહે છે.

**૪૫ छउमत्थे णं भंते ! मणूसे तेसिं णिज्जरापोग्गलाणं किं आणत्तं वा णाणत्तं ओमत्तं वा तुच्छत्तं वा गरुयत्तं वा लहुयत्तं वा जाणइ पासइ ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્ય તે ચરમ નિર્જરાના પુદ્‌ગલોનું અન્યપણું, વિવિધપણું. હીનપણું, તુચ્છપણું, ગુરુપણું અને લઘુપણું જાણે છે અને જુએ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે પ્રમાણે શક્ય નથી.

**૪૬ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ- छउमत्थे णं मणूसे तेसिं णिज्जरापोग्गलाणं णो किंचि आणत्तं वा णाणत्तं वा ओमत्तं वा तुच्छत्तं वा गरुयत्तं वा लहुयत्तं वा जाणइ पासइ?**

**गोयमा ! देवे वि य णं अत्थेगइए जे णं तेसिं णिज्जरापोग्गलाणं णो किंचि आणत्तं वा णाणत्तं वा ओमत्तं वा तुच्छत्तं वा गरुयत्तं वा लहुयत्तं वा जाणइ पासइ, से**

**तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- छउमत्थे णं मणूसे तेसिं णिज्जरापोग्गलाणं णो किंचि आणत्तं वा णाणत्तं वा ओमत्तं वा तुच्छत्तं वा गरुयत्तं वा लहुयत्तं वा जाणइ पासइ, सुहुमा णं ते पोग्गला पण्णत्ता समणाउसो ! सव्वलोगं पि य णं ते ओगाहित्ताणं चिट्ठंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે છદ્મસ્થ મનુષ્ય(ભાવિતાત્મા અણગારના) ચરમ નિર્જરાના પુદ્ગલોનું અન્યપણું,વિવિધપણુ, હીનપણું, તુચ્છપણું , ગુરુપણુ કે લઘુપણુ જાણતા નથી અને જોતા પણ નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! કોઈ વિશિષ્ટ દેવો પણ તે નિર્જરા પુદ્ગલોનું અન્યત્વ, વિવિધત્વ, હીનત્વ, તુચ્છત્વ, ગુરુત્વ કે લઘુત્વને જરામાત્ર પણ જાણતા નથી કે જોતા નથી. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરાના પુદ્ગલોનું, અન્યત્વ, વિવિધત્વ, હીનત્વ, તુચ્છત્વ, ગુરુત્વ કે લઘુત્વને જાણી શકતા નથી કે જોઈ શકતા નથી. હે આયુષ્યમાન શ્રમણ ! તે ચરમ નિર્જરાના પુદ્ગલો સૂક્ષ્મ છે. તે સંપૂર્ણ લોકને અવગાહન કરીને રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભાવિતાત્મા અણગારના સૂક્ષ્મ અને સર્વલોકાવગાઢ પુદ્ગલોને છદ્મસ્થો દ્વારા જાણવા-જોવાની અસમર્થતાનું કથન છે.

**ભાવિતાત્મા અણગાર :–** જેને દ્રવ્ય કે ભાવથી કોઈ આગાર– ઘર નથી, તે અણગાર છે. જે અણગારે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ વિશેષથી પોતાના આત્માને ભાવિત કરે છે અર્થાત્ ચારિત્રની આરાધનામાં જે તલ્લીન રહે છે તે ભાવિતાત્મા અણગાર કહેવાય છે.

**ચરમ-નિર્જરાના પુદ્ગલો :–** ઉક્ત ભાવિતાત્મા અણગારના ચરમ અર્થાત્ શૈલેષી અવસ્થાના અંતિમ સમયના નિર્જરાના પુદ્ગલો ચરમ નિર્જરાના પુદ્ગલ કહેવાય છે.

જોકે શૈલેશી અવસ્થામાં મારણાંતિક સમુદ્ઘાત હોતો નથી પરંતુ શૈલેશી અવસ્થા ચૌદમા ગુણસ્થાને પ્રાપ્ત થાય છે. તે તેના જીવનની અંતિમ અવસ્થા છે. તેથી સૂત્રકારે તેના મરણ સમયને માટે જ **मारणंतिय समुग्घाएणं** શબ્દનો પ્રયોગ કર્યો છે.

ચરમ નિર્જરાના પુદ્ગલો અત્યંત સૂક્ષ્મ અને સમસ્ત લોકવ્યાપી હોય છે, તેને વિશિષ્ટ અવધિજ્ઞાન રહિત છદ્મસ્થ મનુષ્યો જાણી શકતા નથી, કારણ કે છદ્મસ્થ મનુષ્યોને ઈન્દ્રિયજન્ય જ્ઞાન હોય છે. ઈન્દ્રિયો સ્થૂલ પુદ્ગલોને જ ગ્રહણ કરીને પોતાનો વિષય બનાવે છે. અત્યંત સૂક્ષ્મ પુદ્ગલોનો ઈન્દ્રિયો સાથે સ્પર્શ કે પ્રવેશ થતો નથી, તેથી ઈન્દ્રિયો દ્વારા તે નિર્જરાના પુદ્ગલોનું જ્ઞાન થતું નથી.

દેવોની ઈન્દ્રિયો મનુષ્યોની ઈન્દ્રિયોથી વિશેષ પટુ હોય છે. તેમજ દેવો અવધિજ્ઞાની હોય છે. તેમ છતાં જે દેવોને કાર્મણવર્ગણાને જાણી શકે તેટલું અવધિજ્ઞાન ન હોય તે દેવો પણ નિર્જરાના પુદ્ગલોને જાણી શકતા નથી, વિશિષ્ટ અવધિજ્ઞાની જ તેને જાણી શકે છે.

સૂત્રકારે તેના માટે અન્યત્વ આદિ છ શબ્દોનો પ્રયોગ કર્યો છે– **आणत्तं**- અન્યત્વ. આ નિર્જરાના પુદ્ગલો અમુક શ્રમણના જ છે, તેમ તેનું ભિન્નત્વ જાણવું, **णाणत्तं**- એક જ શ્રમણના નિર્જરાના પુદ્ગલોની વર્ણાદિ સંબંધિત વિવિધતા જાણવી. **ओमत्तं**- તેમાં ઓછાવત્તાપણું જાણવું. **तुच्छत्तं**- તેની નિઃસારતા જાણવી.

**गरुयत्तं**- તેની ગુરુતા–ભારેપણું. **लहुयत्तं**- લઘુતા–હળવાપણું જાણવું.

**(૧૧) આહાર દ્વાર :-**

**૪૭ णेरइया णं भंते ! ते णिज्जरापोग्गले किं जाणंति पासंति आहारेंति ? उदाहु ण जाणंति ण पासंति ण आहारेंति ? गोयमा ! णेरइया णं ते णिज्जरापोग्गले ण जाणंति ण पासंति, आहारेंति । एवं** *जाव* **पंचेदियतिरिक्खजोणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો તે નિર્જરા પુદ્ગલોને જાણે છે, જુએ છે અને તેનો આહાર કરે છે ? કે જાણતા નથી, જોતા નથી અને તેનો આહાર કરતાં નથી ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો નિર્જરા પુદ્ગલોને જાણતા નથી, જોતા નથી પરંતુ તેનો આહાર કરે છે. તે જ રીતે અસુરકુમારથી લઈને પંચેદ્રિય તિર્યંચો સુધી જાણવું.

**૪૮ मणूसा णं भंते ! ते णिज्जरापोग्गले किं जाणंति पासंति आहारेंति ? उदाहु ण जाणंति ण पासंति ण आहारेति ? गोयमा ! अत्थेगइया जाणंति पासंति आहारेंति, अत्थेगइया ण जाणंति ण पासंति आहारेंति ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ अत्थेगइया जाणंति पासंति आहारेंति ? अत्थेगइया ण जाणंति ण पासंति आहारेंति ?**

**गोयमा ! मणूसा दुविहा पण्णत्तं, तं जहा- सण्णिभूया य असण्णिभूया य । तत्थ णं जे ते असण्णिभूया ते णं ण जाणंति ण पासंति आहारेंति । तत्थ णं जे ते सण्णिभूया ते दुविहा पण्णत्ता, तं जहा- उवउत्ता य अणुवउत्ता य । तत्थ णं जे ते अणुवउत्ता ते णं ण जाणंति ण पासंति आहारेंति, तत्थ णं जे ते उवउत्ता ते णं जाणंति पासंति आहारेंति, से एएणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- अत्थेगइया ण जाणंति ण पासंति आहारेंति, अत्थेगइया जाणंति पासंति आहारेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યો તે નિર્જરાના પુદ્ગલોને શું જાણે છે, જુએ છે અને તેનો આહાર કરે છે ? કે જાણતા નથી, જોતા નથી અને તેનો આહાર કરતા નથી ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક મનુષ્યો જાણે છે, જુએ છે અને આહાર કરે છે અને કેટલાક મનુષ્યો જાણતા નથી, જોતા નથી અને તેનો આહાર કરે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કેટલાક મનુષ્યો જાણે છે, જુએ છે અને તેનો આહાર કરે છે, કેટલાક જાણતા નથી, જોતા નથી પરંતુ તેનો આહાર કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મનુષ્યોના બે પ્રકાર છે– સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત. તેમાં જે અસંજ્ઞીભૂત (વિશિષ્ટ અવધિજ્ઞાનથી રહિત) છે, તેઓ જાણતા નથી, જોતા નથી અને તેનો આહાર કરે છે. સંજ્ઞીભૂત વિશિષ્ટ અવધિજ્ઞાની મનુષ્યોના બે પ્રકાર છે– ઉપયોગયુક્ત અને ઉપયોગ રહિત. તેમાં જે ઉપયોગ રહિત છે, તેઓ જાણતા નથી, જોતા નથી અને તેનો આહાર કરે છે અને જેઓ ઉપયોગ સહિત છે, તેઓ જાણે છે જુએ છે અને તેનો આહાર કરે છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કથન કર્યું છે કે કેટલાક જાણતા નથી, જોતા નથી અને આહાર કરે છે અને કેટલાક જાણે છે , જુએ છે અને તેનો આહાર કરે છે.

**૪૯** **वाणमंतर-जोइसिया जहा णेरइया ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતરો અને જયોતિષ્કદેવોનું નિર્જરાના પુદ્ગલોને જાણવા વિષયક વર્ણન નૈરયિકોની જેમ જાણવું

**૫૦** **वेमाणिया णं भंते ! ते णिज्जरापोग्गले किं जाणंति पासंति आहारेंति ?**

**गोयमा ! जहा मणूसा । णवरं वेमाणिया दुविहा पण्णत्ता, तं जहा- माइ मिच्छद्दिट्ठि-उववण्णगा य अमाइसम्मदिट्ठिउववण्णगा य । तत्थ णं जे ते माइमिच्छद्दिट्ठिउववण्णगा ते णं ण जाणंति ण पासंति आहारेंति । तत्थ णं जे ते अमाइसम्मदिट्ठिउववण्णगा ते दुविहा पण्णता, तं जहा- अणंतरोववण्णगा य परंपरोववण्णगा य । तत्थ णं जे ते अणंतरोववण्णगा ते णं ण जाणंति ण पासंति आहारेंति । तत्थ णं जे ते परंपरोववण्णगा ते दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तगा य अपज्जत्तगा य । तत्थ णं जे ते अपज्जत्तगा ते णं ण जाणंति ण पासंति आहारेंति । तत्थ णं जे ते पज्जत्तगा ते दुविहा पण्णत्ता, तं जहा-उवउत्ता य अणुवउत्ता य । तत्थ णं जे ते अणुवउत्ता ते णं ण जाणंति ण पासंति आहारेंति, तत्थ णं जे ते उवउत्ता ते णं जाणंति पासंति आहारेंति । से एएणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-अत्थेगइया ण जाणंति ण पासंति आहारेंति, अत्थेगइया जाणंति पासंति आहारेंति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! વૈમાનિકો તે નિર્જરા પુદ્ગલોને શું જાણે છે, જુએ છે અને તેનો આહાર કરે છે?

**ઉત્તર–** હે ગૌતમ ! તેનું કથન મનુષ્યોની જેમ જાણવું. તેમાં વિશેષતા એ છે કે વૈમાનિક દેવો બે પ્રકારના છે, તે આ પ્રમાણે છે– માયી મિથ્યાદષ્ટિ ઉત્પન્ન અને અમાયી સમ્યક્ દષ્ટિ ઉત્પન્ન. તેમાં જે માયી મિથ્યાદષ્ટિ ઉત્પન્ન છે તેઓ જાણતા નથી, જોતા નથી પરંતુ તેનો આહાર કરે છે અને જે અમાયીસમ્યગ્ દષ્ટિ ઉત્પન્ન દેવો છે; તેના બે પ્રકાર છે– અનંતરોત્પન્નક અને પરમ્પરોત્પન્નક. તેમાં જે અનન્તરોત્પન્નક છે તે જાણતા નથી જોતા નથી પરંતુ તેનો આહાર કરે છે અને જે પરંપરોત્પન્નક છે, તેના પણ બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં અપર્યાપ્તા જાણતા નથી, જોતા નથી પરંતુ તેનો આહાર કરે છે અને જેઓ પર્યાપ્તા છે, તેના પણ બે પ્રકાર છે– ઉપયોગ સહિત અને ઉપયોગ રહિત. તેમાં જેઓ ઉપયોગ રહિત છે, તે જાણતા નથી, જોતા નથી પરંતુ તેનો આહાર કરે છે અને જે ઉપયોગ સહિત છે, તે જાણે છે, જુએ છે અને તેનો આહાર કરે છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કથન કર્યું છે કે કેટલાક જાણતા નથી, જોતા નથી અને આહાર કરે છે અને કેટલાક જાણે છે, જુએ છે અને તેનો આહાર કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવો દ્વારા નિર્જરાના પુદ્ગલોને જાણવા, જોવા અને તે પુદ્ગલોને આહાર રૂપે ગ્રહણ કરવા સંબંધી પ્રરૂપણા છે.

પર્યાયોનું પરિવર્તન તે પુદ્ગલનો સ્વભાવ છે. તે સ્વભાવ અનુસાર નિર્જરિત થયેલા કાર્મણ વર્ગણાના પુદ્ગલો કાલક્રમે ઔદારિકાદિ વર્ગણા રૂપે પરિણત થઈ જાય છે. સંસારી જીવો તે પુદ્ગલોને રોમાહારાદિરૂપે ગ્રહણ કરી શકે છે. **आहारयन्तीति च सर्वत्रापि लोमाहारेणेति प्रतिपत्तव्यं** । પ્રસ્તુત પ્રસંગમાં 'આહાર'થી લોમાહાર–રોમાહાર સમજવું જોઈએ. કોઈપણ જીવોને રોમાહાર રૂપે ગ્રહણ કરાતા

પુદ્ગલોનું જ્ઞાન હોવું જરૂરી નથી. તે તે પુદ્ગલોનું જ્ઞાન ન હોવા છતાં પણ જીવો દ્વારા રોમાહાર રૂપે તેનું ગ્રહણ થાય છે.

જે અવધિજ્ઞાની લોકના સંખ્યાતમા ભાગ જેટલું ક્ષેત્ર અને પલ્યોપમના અનેક સંખ્યાત ભાગ જેટલાં ભૂત-ભવિષ્યકાલને જાણી શકે છે તે અવધિજ્ઞાની દ્રવ્યથી કાર્મણ વર્ગણાને જાણી શકે છે.

નારકી, દશ ભવનપતિ દેવો, વ્યંતર દેવો, જ્યોતિષી દેવો, તિર્યંચ પંચેન્દ્રિય તે ચૌદ દંડકના જીવોને વિશિષ્ટ અવધિજ્ઞાન હોતું નથી. પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય તે આઠ દંડકના જીવોને અવધિજ્ઞાન જ હોતું નથી. આ રીતે ૧૪ + ૮ = ૨૨ દંડકના જીવો નિર્જરિત કાર્મણ વર્ગણાના પુદ્ગલો જાણી કે જોઈ શકતા નથી પરંતુ તેને આહારરૂપે ગ્રહણ કરે છે. કેટલાક મનુષ્યો અને કેટલાક વૈમાનિક દેવો તેને જાણે છે, જુએ છે અને આહાર રૂપે ગ્રહણ કરે છે.

**सण्णिभूया–असण्णिभूया :–** પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે મનુષ્યોના બે પ્રકાર કહ્યા છે– (૧) સંજ્ઞીભૂત અને (૨) અસંજ્ઞીભૂત. **संज्ञी चेह विशिष्टावधिज्ञानी परिगृह्यते यस्य कार्मणशरीर पुद्गला विषयभावं बिभ्रति ।** અહીં સંજ્ઞી શબ્દથી જે કાર્મણવર્ગણાના પુદ્ગલોને જાણી શકે તેવા વિશિષ્ટ અવધિજ્ઞાની મનુષ્યનું ગ્રહણ થાય છે. વિશિષ્ટ અવધિજ્ઞાનરહિત મનુષ્યો અહીં અસંજ્ઞી શબ્દથી સૂચિત કરાયા છે. વિશિષ્ટ અવધિજ્ઞાની મનુષ્યો પણ જ્યારે અવધિજ્ઞાનના ઉપયોગ સહિત હોય ત્યારે જ તે નિર્જરિત કાર્મણ વર્ગણાના પુદ્ગલોને જાણી શકે છે પરંતુ અવધિજ્ઞાનના ઉપયોગ રહિત હોય ત્યારે જાણી શકતા નથી. ઉક્ત બંને પ્રકારના મનુષ્યો તે નિર્જરા પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે.

**माइमिच्छदिट्ठी–अमाइ सम्मदिट्ठी :–** પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે વૈમાનિક દેવોના બે પ્રકાર કહ્યા છે– માયી મિથ્યાદષ્ટિ અને અમાયી સમ્યગ્દષ્ટિ. મિથ્યાદષ્ટિ દેવોને આટલું વિશિષ્ટ અવધિજ્ઞાન ન હોવાથી તે નિર્જરિત કાર્મણ વર્ગણાના પુદ્ગલોને જાણી શકતા નથી.

સમ્યગ્દષ્ટિ દેવોના પણ બે પ્રકાર છે– (૧) ઉત્પત્તિના પ્રથમ સમયવર્તી અનંતરોત્પન્નક અને (૨) ઉત્પત્તિના દ્વિતીયાદિ સમયવર્તી પરંપરોત્પન્નક. અનંતરોત્પન્નકની સ્થિતિ એક સમયની જ હોય છે. છદ્મસ્થ જીવોનો ઉપયોગ અસંખ્યાત સમયનો હોવાથી એક સમયની સ્થિતિમાં અનંતરોત્પન્નક સમ્યગ્દષ્ટિ દેવો તેને જાણી શકતા નથી. પરંપરોત્પન્નક દેવોના બે પ્રકાર છે– (૧) પર્યાપ્તા અને (૨) અપર્યાપ્તા. અપર્યાપ્તા-વસ્થામાં તે જાણી શકતા નથી. પર્યાપ્ત દેવોના પણ બે પ્રકાર છે– અવધિજ્ઞાનના ઉપયોગ રહિત અને અવધિજ્ઞાનના ઉપયોગ સહિત દેવો. ઉપયોગ રહિત દેવો જાણી શકતા નથી પરંતુ ઉપયોગ સહિત, પર્યાપ્તા, પરંપરોત્પન્નક, અમાયી, સમ્યગ્દષ્ટિ દેવો જાણી શકે છે તથા આહારરૂપે ગ્રહણ કરે છે અને ઉપયોગ રહિત, અપર્યાપ્તા, અનંતરોત્પન્નક, માયી મિથ્યાદષ્ટિ દેવો જાણતા નથી, છતાં આહારરૂપે ગ્રહણ કરે છે.

**૨૪ દંડકના જીવોનું ચરમ નિર્જરા પુદ્ગલને જાણવા–જોવાનું સામર્થ્ય :–**

| ૨૪ દંડકના જીવ | જાણવું–જોવું | આહાર રૂપે ગ્રહણ |
|---|---|---|
| નારકી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી દેવ, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય તિર્યંચ પંચેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્ય | જાણે નહીં, જુએ નહીં | ✓ |
| માયી મિથ્યાદષ્ટિ વૈમાનિક દેવ | જાણે નહીં, જુએ નહીં | ✓ |

| ૨૪ દંડકના જીવ | જાણવું–જોવું | આહાર રૂપે ગ્રહણ |
|---|---|---|
| ઉપયોગયુક્ત સમ્યગ્દષ્ટિ વૈમાનિક દેવ | જાણે–જુએ | ✓ |
| ઉપયોગયુક્ત, સંજ્ઞી ભૂત(વિશિષ્ટ જ્ઞાની) મનુષ્ય | જાણે–જુએ | ✓ |
| અસંજ્ઞીભૂત મનુષ્ય (વિશિષ્ટ જ્ઞાનથી રહિત) | જાણે નહીં, જુએ નહીં | ✓ |




(✓) કર્મ નિર્જરાના પુદ્‌ગલો જાણે છે.
(×) કર્મ નિર્જરાના પુદ્‌ગલો જાણતા નથી.

**(૧૨–૧૮) આદર્શાદિ દ્વાર :–**

**૫૧ अद्दाए णं भंते ! पेहमाणे मणूसे किं अद्दायं पेहइ ? अत्ताणं पेहइ ? पलिभागं पेहइ? गोयमा ! अद्दायं पेहइ णो अत्ताणं पेहइ, पलिभागं पेहइ । एवं एएणं अभिलावेणं असिं, मणिं, उडुपाणं, तेल्लं, फाणियं, वसं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દર્પણ જોતો મનુષ્ય, દર્પણને જુએ છે, પોતાના શરીરને જુએ છે કે પોતાના પ્રતિબિંબને જુએ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે દર્પણને જુએ છે, પોતાના શરીરને જોતો નથી, પરંતુ શરીરના પ્રતિબિંબને જુએ છે. જે રીતે દર્પણના સંબંધમાં કથન કર્યું તે જ રીતે ક્રમશઃ અસિ, મણિ, ઊંડું પાણી, તેલ, ફાણિત–ઢીલો ગોળ અને વસા–ચરબીના વિષયમાં કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં દર્પણ આદિ પદાર્થોમાં પડતા પ્રતિબિંબ સંબંધી કથન છે.

દર્પણ, તલવાર, મણિ, ઊંડું પાણી, તેલ, ઢીલો ગોળ (રાબ) અને ચરબી, આ પદાર્થો ચળકતી

સપાટીવાળા હોય છે. તેમાં મનુષ્યનું પ્રતિબિંબ પડે છે. ચક્ષુરિન્દ્રિય તે પ્રતિબિંબને જુએ છે.

સૂત્રકારે ત્રણ વિકલ્પથી પ્રશ્નો પૂછ્યા છે. દર્પણમાં જોનારી વ્યક્તિ (૧) શું દર્પણને જુએ છે (૨) પોતાના શરીરને જુએ છે કે (૩) પોતાના શરીરના પ્રતિબિંબને જુએ છે ? તેનો ઉત્તર આપતા સૂત્રકાર જણાવે છે કે– (૧) દર્પણમાં જોનારી વ્યક્તિ દર્પણને જુએ છે, કારણ કે દર્પણ ચક્ષુગોચર એક સ્વતંત્ર પદાર્થ છે, તેથી દષ્ટા તેને સ્પષ્ટ રીતે જુએ છે. (૨) તે દર્પણમાં પોતાના શરીરને જોતા નથી, કારણ કે પોતાનું શરીર પોતાની પાસે જ છે, તે દર્પણમાં નથી. (૩) દર્પણમાં પડતા પોતાના શરીરના પ્રતિબિંબને જુએ છે. કારણ કે દર્પણમાં શરીર પ્રતિબિંબિત થઈ રહ્યું છે.

ઈન્દ્રિય ગોચર પ્રત્યેક પદાર્થો સ્થૂલ હોય છે. તે પૌદ્‌ગલિક હોવાથી ચય-અપચય ધર્માત્મક હોય છે. સમયે સમયે પ્રત્યેક પદાર્થમાંથી પદાર્થની જ આકૃતિવાળા કિરણો પ્રવાહિત થાય છે. તે કિરણો જ પુદ્‌ગલની છાયારૂપ છે. તે છાયારૂપ કિરણો દર્પણ આદિ તથાપ્રકારની સામગ્રીનો સંયોગ પામી પ્રતિબિંબનું રૂપ ધારણ કરી તેમાં પ્રતિબિંબિત થાય છે. દિવસે સૂર્યપ્રકાશમાં તે કોઈ પણ અભાસમાન(અપ્રકાશમાન) પદાર્થો પર પ્રતિબિંબિત થાય, તો તે શ્યામ વર્ણને અને રાતે ગાઢ કૃષ્ણ વર્ણને ધારણ કરે છે, પરંતુ દર્પણ આદિ ચળકતા પદાર્થોમાં પ્રતિબિંબિત થાય ત્યારે તે પદાર્થોનો જેવો વર્ણ હોય તેવો જ વર્ણ ધારણ કરે છે. આ રીતે દર્પણમાં જોનારી વ્યક્તિ પોતાના શરીર જેવા પ્રતિબિંબને ચક્ષુરિન્દ્રિય દ્વારા જુએ છે.

**(૧૯–૨૦) કંબલ દ્વાર : સ્થૂણા દ્વાર :–**

**૫૨ कंबलसाडए णं भंते ! परिवेढिय-परिवेढिए समाणे जावइयं ओवासंतरं फुसित्ता णं चिट्ठइ विरल्लिए वि य णं समाणे तावइयं चेव ओवासंतरं फुसित्ता णं चिट्ठइ ? हंता गोयमा ! कंबलसाडए णं आवेढिय-परिवेढिए समाणे, जावइयं तं चेव *जाव* चिट्ठए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આવેષ્ટિત–પરિવેષ્ટિત એટલે કે ઘડી કરેલી–સંકેલેલી કંબલ(સાલ) જેટલા આકાશ પ્રદેશોને સ્પર્શે છે, તેટલા જ આકાશ પ્રદેશને શું ફેલાવેલી(ખુલ્લી) કંબલ સ્પર્શે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! સંકેલેલું વસ્ત્ર જેટલા આકાશ પ્રદેશોને સ્પર્શીને રહે છે, તે જ રીતે ફેલાવેલું વસ્ત્ર પણ તેટલા જ આકાશ પ્રદેશોને સ્પર્શીને રહે છે અર્થાત્ સંકેલેલી કે ફેલાવેલી બંને અવસ્થામાં વસ્ત્ર, એક સરખા આકાશ પ્રદેશોને જ સ્પર્શે છે.

**૫૩ थूणा णं भंते ! उड्ढं ऊसिया समाणी जावइयं खेत्तं ओगाहित्ता णं चिट्ठइ तिरियं पि य णं आयया समाणी तावइयं चेव खेत्तं ओगाहित्ता णं चिट्ठइ ? हंता गोयमा ! थूणा णं उड्ढं ऊसिया तं चेव *जाव* चिट्ठइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઠૂંઠું કે થાંભલો ઊભો હોય ત્યારે જેટલા ક્ષેત્રને અવગાહીને રહે છે, તે જ શું તિરછો કે આડો પડ્યો હોય ત્યારે પણ તેટલા જ ક્ષેત્રને સ્પર્શીને રહે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! ઠૂંઠું કે થાંભલો ઊભો હોય કે આડો પડ્યો હોય, ગમે તે અવસ્થામાં હોય, એક સમાન આકાશપ્રદેશોને સ્પર્શીને રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કંબલ અને ઠૂંઠાની વિવિધ અવસ્થામાં થતી આકાશ પ્રદેશોની સ્પર્શના અને ક્ષેત્રાવગાહનાની વિચારણા છે.

ફેલાવેલું વસ્ત્ર પ્રતર રૂપ છે અને સંકેલેલું વસ્ત્ર ઘનરૂપ છે. પ્રતર રૂપ વસ્ત્ર ફેલાયેલું હોવાથી મોટું

દેખાય અને તે જ વસ્ત્રની પાંચ છ ઘડી કરીને સંકેલતા તે ઘનરૂપ બની જતાં નાનું દેખાય છે, પરંતુ વસ્ત્ર એક જ છે, તેથી તે સંકેલેલું હોય કે ફેલાવેલું હોય, બંને અવસ્થામાં એક સમાન આકાશપ્રદેશોને સ્પર્શે છે.

આ દષ્ટાંતમાં અસત્કલ્પનાથી એક ફૂટ = એક આકાશ પ્રદેશનું ગ્રહણ કર્યું છે, તેથી ૨૭ આકાશ પ્રદેશોને સ્પર્શે છે. જેમ ૩ ફૂટ લાંબો-પહોળો અને જાડો એક ઘનચોરસ છે. તે ૩×૩×૩ = ૨૭ આકાશ પ્રદેશોને સ્પર્શે છે. તે ઘન ચોરસના પ્રતર બનાવીએ, તો ૩ ફૂટની લંબાઈ-પહોળાઈવાળા ત્રણ પ્રતર થાય છે. એક પ્રતર ૩×૩ = ૯ આકાશ પ્રદેશોને સ્પર્શે, ત્રણ પ્રતર ૯×૩ = ૨૭ પ્રદેશોને સ્પર્શે. આ રીતે વસ્તુ ઘન રૂપ હોય કે તેને પ્રતર રૂપ ફેલાવીએ, તો પણ તે સમાન આકાશ પ્રદેશોને જ સ્પર્શે છે.

તે જ રીતે થાંભલો ઊભો, આડો કે તિરછો રાખીએ પરંતુ થાંભલો એક જ છે, તેથી તેની કોઈ પણ અવસ્થામાં તે એક સમાન આકાશ પ્રદેશોમાં અવગાહન કરે છે, એક સમાન આકાશપ્રદેશોને સ્પર્શે છે.

**(૨૧) આકાશ થિગ્ગલ દ્વાર :–**

**૫૪ आगासथिग्गले णं भंते ! किंण्णा फुडे ? कइहिं वा काएहिं फुडे ? किं धम्मत्थिकाएणं फुडे ? किं धम्मत्थिकायस्स देसेणं फुडे ? धम्मत्थिकायस्स पएसेहिं फुडे ? एवं अधम्मत्थिकाएणं आगासत्थिकाएणं ? एएणं भेएणं** *जाव* **किं पुढविकाइएणं फुडे** *जाव* **तसकाएणं फुडे ? अद्धासमएणं फुडे ?**

**गोयमा ! धम्मत्थिकाएणं फुडे, णो धम्मत्थिकायस्स देसेणं फुडे, धम्मत्थिकायस्स पएसेहिं फुडे । एवं अधम्मत्थिकाएणं वि । णो आगासत्थिकाएणं फुडे, आगासत्थिकायस्स देसेणं फुडे, आगासत्थिकायस्स पएसेहिं फुडे** *जाव* **वणप्फइकाइएणं फुडे । तसकाएणं सिय फुडे, सिय णो फुडे । अद्धासमएणं देसे फुडे, देसे णो फुडे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આકાશથિગ્ગલ(લોક) કોનાથી સ્પૃષ્ટ છે? કેટલી કાય દ્વારા સ્પૃષ્ટ છે? શું તે ધર્માસ્તિકાયથી સ્પૃષ્ટ છે, ધર્માસ્તિકાયના દેશ વડે સ્પૃષ્ટ છે, ધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પૃષ્ટ છે ? તે જ રીતે અધર્માસ્તિકાયના ત્રણ ભેદથી સ્પૃષ્ટ છે ? શું આકાશાસ્તિકાયના ત્રણ ભેદથી સ્પૃષ્ટ છે ? તે જ રીતે પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય તથા પૃથ્વીકાયથી ***યાવત્*** વનસ્પતિકાય તથા ત્રસકાયથી કે અદ્ધાસમયથી સ્પૃષ્ટ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે આકાશથિગ્ગલ(લોક) ધર્માસ્તિકાયથી સ્પૃષ્ટ છે, ધર્માસ્તિકાયના દેશથી સ્પૃષ્ટ નથી, ધર્માસ્તિકાયના પ્રદેશોથી સ્પૃષ્ટ છે. આ રીતે અધર્માસ્તિકાયથી સ્પૃષ્ટ છે. અધર્માસ્તિકાયના દેશથી સ્પૃષ્ટ નથી, અધર્માસ્તિકાયના પ્રદેશોથી સ્પૃષ્ટ છે. આકાશાસ્તિકાયથી સ્પૃષ્ટ નથી, આકાશાસ્તિકાયના દેશથી સ્પૃષ્ટ છે, આકાશાસ્તિકાયના પ્રદેશોથી પણ સ્પૃષ્ટ છે. પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય, પૃથ્વીકાય ***યાવત્*** વનસ્પતિકાયથી સ્પૃષ્ટ છે. ત્રસકાયથી કદાચિત્ સ્પૃષ્ટ છે અને કદાચિત્ સ્પૃષ્ટ નથી, અદ્ધા સમયના– કાળદ્રવ્યના દેશથી સ્પૃષ્ટ છે અને દેશથી સ્પૃષ્ટ નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત આકાશ થિગ્ગલ દ્વારમાં લોક કેટલા દ્રવ્યોથી સ્પૃષ્ટ છે ? તે વિષયની પ્રરૂપણા છે.

**आगासथिग्गल:–** આકાશથિગ્ગલ = લોક. સંપૂર્ણ આકાશ પ્રદેશ એક વિસ્તૃત પટ(વસ્ત્ર) સમાન છે. તેની વચ્ચે લોક તે વિસ્તૃત વસ્ત્ર પર લાગેલા થીંગડા સમાન થાય છે, તેથી લોકાકાશને અહીં થીંગડું કહ્યું છે.

**ધર્માસ્તિકાય–** ધર્માસ્તિકાય દ્રવ્ય લોક પ્રમાણ એક અખંડ દ્રવ્ય છે. તેના કોઈ પણ વિભાગ–ખંડને ધર્માસ્તિકાયનો દેશ કહેવાય છે અને તેના અવિભાજ્ય અંશ પ્રદેશ કહેવાય છે. ધર્માસ્તિકાય દ્રવ્ય લોકવ્યાપી હોવાથી લોક ધર્માસ્તિકાય દ્રવ્યથી સ્પૃષ્ટ છે, પરંતુ તેના એક વિભાગ રૂપ ખંડથી સંપૂર્ણ લોક સ્પૃષ્ટ નથી, તેના પ્રદેશો સમસ્ત લોકમાં વ્યાપ્ત હોવાથી લોક ધર્માસ્તિકાયના પ્રદેશોથી સ્પૃષ્ટ છે. આ રીતે લોક (૧) ધર્માસ્તિકાય દ્રવ્યથી અને (૨) તેના પ્રદેશોથી સ્પૃષ્ટ છે, પરંતુ તેના દેશથી સ્પૃષ્ટ નથી.

**અધર્માસ્તિકાય–** અધર્માસ્તિકાય દ્રવ્ય પણ લોક વ્યાપી, એક, અખંડ દ્રવ્ય છે અને તેના અસંખ્યાત પ્રદેશો સમસ્ત લોકમાં વ્યાપ્ત છે. તેથી લોક (૧) અધર્માસ્તિકાય દ્રવ્યથી અને (૨) તેના પ્રદેશોથી સ્પૃષ્ટ છે પરંતુ તેના દેશથી સ્પૃષ્ટ નથી.

**આકાશાસ્તિકાય–** આકાશાસ્તિકાય દ્રવ્ય લોકાલોકવ્યાપી, એક અખંડ દ્રવ્ય છે અને તેના અનંત પ્રદેશો સમસ્ત લોકાલોકમાં વ્યાપ્ત છે. લોક સમસ્ત આકાશ દ્રવ્યના એક વિભાગ રૂપ છે અને તેમાં આકાશાસ્તિકાય દ્રવ્યના અસંખ્યાત પ્રદેશો છે. તેથી લોક આકાશાસ્તિકાય દ્રવ્યને અખંડપણે સ્પર્શી શકતો નથી પરંતુ તેના એક વિભાગ રૂપ (૧) દેશને અને (૨) તેના અસંખ્યાત પ્રદેશોને સ્પર્શે છે.

**પુદ્‌ગલાસ્તિકાય–** પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય અનંત દ્રવ્ય રૂપ છે. તે અનંત દ્રવ્ય રૂપે સમસ્ત લોકમાં વ્યાપ્ત છે, તેથી લોક પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યથી સ્પૃષ્ટ છે.

**જીવાસ્તિકાય–** જીવાસ્તિકાય દ્રવ્ય પણ અનંત જીવ દ્રવ્યપણે સમસ્ત લોકમાં વ્યાપ્ત છે, તેમાં પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય પાંચ સ્થાવર જીવોના સૂક્ષ્મ જીવો સમસ્ત લોકમાં વ્યાપ્ત છે. ત્રસ જીવો લોકના એક વિભાગ રૂપ ત્રસનાડીમાં જ રહે છે, પરંતુ કેવળી ભગવાન કેવળી સમુદ્‌ઘાતના ચોથા સમયે પોતાના આત્મપ્રદેશોને લોકવ્યાપી બનાવે છે. તેની અપેક્ષાએ ત્રસ જીવો પણ ક્યારેક લોકવ્યાપી બને છે. તે સિવાય ત્રસ જીવો લોકવ્યાપી બનતા નથી.

આ રીતે લોક પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવર જીવોથી સંપૂર્ણપણે સ્પૃષ્ટ છે અને ત્રસજીવોથી લોક (કેવલી સમુદ્‌ઘાતની અપેક્ષા) ક્યારેક સ્પૃષ્ટ હોય છે, ક્યારેક સ્પૃષ્ટ હોતો નથી.

**અદ્ધા સમયકાલ :–** અદ્ધાસમય(કાલ)અઢીદ્વીપ ક્ષેત્રમાં જ હોય છે. સમસ્ત લોકમાં નથી, તેથી લોક અદ્ધાસમય(કાલ)થી કથંચિત્(દેશથી) સ્પૃષ્ટ છે અને કથંચિત્ સ્પૃષ્ટ નથી.

આ રીતે (૧) ધર્માસ્તિકાય (૨) તેનો દેશ (૩) તેના પ્રદેશ (૪) અધર્માસ્તિકાય (૫) તેનો દેશ (૬) તેના પ્રદેશ (૭) આકાશાસ્તિકાય (૮) તેનો દેશ (૯) તેના પ્રદેશ (૧૦) પુદ્‌ગલાસ્તિકાય (૧૧ થી ૧૫) પાંચ સ્થાવર જીવો (૧૬) ત્રસકાયના જીવો (૧૭) અદ્ધાસમય–કાલ. આ સત્તર બોલમાંથી આકાશ થિગ્ગલ એટલે લોક, (૧–૨) ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય બંને અખંડ દ્રવ્યોને (૩–૪) બંનેના અસંખ્ય પ્રદેશોને (૫) આકાશાસ્તિકાયના દેશને (૬) તેના પ્રદેશોને (૭) પુદ્‌ગલાસ્તિકાયને (૮ થી ૧૨) પાંચ સ્થાવર જીવોને; આ રીતે બાર બોલોને પૂર્ણપણે સ્પર્શે છે. ત્રસકાયના જીવો અને અદ્ધાસમયકાલ, આ બે બોલને કથંચિત્ સ્પર્શે છે પરંતુ ધર્માસ્તિકાયનો દેશ અને અધર્માસ્તિકાયનો દેશ, તેમજ આકાશાસ્તિકાય રૂપ અખંડ દ્રવ્યને, આ રીતે ત્રણ બોલની સ્પર્શના થતી નથી.

**(૨૨) દ્વીપ–ઉદધિ દ્વાર :–**

**૫૫** **जंबुद्दीवे णं भंते ! दीवे किण्णा फुडे ? कइहिं वा काएहिं फुडे किं धम्मत्थिकाएणं** *जाव* **आगासत्थिकाएणं फुडे ?**

**गोयमा ! णो धम्मत्थिकाएणं फुडे, धम्मत्थिकायस्स देसेणं फुडे, धम्मत्थिकायस्स पएसेहिं फुडे, एवं अधम्मत्थिकायस्स वि आगासत्थिकायस्स वि; पुढविकाएणं फुडे** *जाव* **वणप्फइकाएणं फुडे, तसकाएणं सिय फुडे, सिय णो फुडे, अद्धासमएणं फुडे ।**

**एवं लवणसमुद्दे, धायइसंडे दीवे, कालोए समुद्दे, अब्भिंतरपुक्खरद्धे । बाहिर पुक्खरद्धे वि एवं चेव, णवरं- अद्धासमएणं णो फुडे । एवं** *जाव* **सयंभुरमणे समुद्दे । एसा परिवाडी इमाहिं गाहाहिं अणुगंतव्वा । तं जहा -**

**जंबुद्दीवे लवणे, धायइ कालोय पुक्खरे वरुणे ।**
**खीर घय खोय णंदि य, अरुणवरे कुंडले रुयए ॥१॥**

**आभरण-वत्थ-गंधे, उप्पल-तिलए य(पउमे य) पुढवि-णिहि-रयणे ।**
**वासहर-दह-णईओ, विजया वक्खार-कप्पिंदा ॥२॥**

**कुरु-मंदर-आवासा, कूडा णक्खत्त-चंद-सूरा य ।**
**देवे णागे जक्खे, भूए य सयंभूरमणे य ॥३॥**

**एवं जहा बाहिरपुक्खरद्धे भणिए तहा** *जाव* **सयंभुरमणे समुद्दे** *जाव* **अद्धासमएणं णो फुडे ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** હે ભગવન્ ! જંબૂદ્વીપ નામે દ્વીપ કોનાથી સ્પૃષ્ટ છે ? કેટલી કાયથી સ્પૃષ્ટ– સ્પર્શાયેલો છે ? શું તે ધર્માસ્તિકાયથી ***યાવત્*** આકાશાસ્તિકાયથી સ્પૃષ્ટ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જંબૂદ્વીપ ધર્માસ્તિકાય વડે સ્પૃષ્ટ નથી, ધર્માસ્તિકાયના દેશ અને ધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પૃષ્ટ છે. તે જ રીતે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના દેશ અને પ્રદેશોથી સ્પૃષ્ટ છે, પૃથ્વીકાયથી ***યાવત્*** વનસ્પતિકાયથી સ્પૃષ્ટ છે, ત્રસકાયથી ક્યાંક સ્પૃષ્ટ છે અને ક્યાંક સ્પૃષ્ટ નથી; અદ્ધાસમય કાળ દ્રવ્યથી સ્પૃષ્ટ છે.

આ રીતે લવણ સમુદ્ર, ધાતકીખંડ દ્વીપ, કાલોદધિ સમુદ્ર, આભ્યંતર પુષ્કરાર્ધ દ્વીપ અને બાહ્ય પુષ્કરાર્ધ દ્વીપના વિષયમાં ધર્માસ્તિકાય આદિથી લઈને અદ્ધા સમય સુધીના દ્રવ્યોની અપેક્ષાએ સ્પૃષ્ટ- અસ્પૃષ્ટની પ્રરૂપણા કરવી જોઈએ. વિશેષતા એ છે કે બાહ્ય પુષ્કરાર્ધ દ્વીપ અને આગળના સર્વ દ્વીપ અને સમુદ્રો અદ્ધા સમયથી સ્પૃષ્ટ નથી. આ રીતે સ્વયંભૂરમણ સમુદ્ર સુધીના સર્વ દ્વીપ-સમુદ્રોના વિષયમાં જાણવું. દ્વીપ- સમુદ્રોનો ક્રમ ગાથાનુસાર જાણવો જોઈએ. જેમ કે–

**ગાથાર્થ–** (૧) જંબૂદ્વીપ (૨) લવણસમુદ્ર (૩) ધાતકીખંડદ્વીપ (૪) પુષ્કર દ્વીપ (૫) વરૂણદ્વીપ (૬) ક્ષીરવર (૭) ઘૃત વર (૮) ક્ષોદ(ઇક્ષુ) (૯) નંદીશ્વર (૧૦) અરુણવર (૧૧) કુંડલવર (૧૨) રુચક

(૧૩) આભરણ (૧૪) વસ્ત્ર (૧૫) ગંધ (૧૬) ઉત્પલ (૧૭) તિલક(પદ્મ) (૧૮) પૃથ્વી (૧૯) નિધિ (૨૦) રત્ન (૨૧) વર્ષધર (૨૨) દ્રહ (૨૩) નદીઓ (૨૪) વિજય (૨૫) વક્ષસ્કાર (૨૬) કલ્પ (૨૭) ઈન્દ્ર (૨૮) કુરુ (૨૯) મંદર (૩૦) આવાસ (૩૧) કૂટ (૩૨) નક્ષત્ર (૩૩) ચંદ્ર (૩૪) સૂર્ય (૩૫) દેવ (૩૬) નાગ (૩૭) યક્ષ (૩૮) ભૂત(આ નામના દ્વીપ-સમુદ્રો) અને (૩૯) સ્વયંભૂરમણ સમુદ્ર.

બાહ્ય પુષ્કરાર્ધ દ્વીપના વિષયમાં કહ્યું છે, તેમજ વરુણ દ્વીપથી લઈને સ્વયંભૂરમણ સમુદ્ર સુધીના દ્વીપ-સમુદ્રો અદ્ધા સમયથી સ્પૃષ્ટ થતા નથી, તેમ કહેવું જોઈએ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રત્યેક દ્વીપ-સમુદ્રની ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો સાથે અને તેના દેશ, પ્રદેશો સાથે સ્પર્શના સંબંધી નિરૂપણ છે.

**અસંખ્યાત દ્વીપ-સમુદ્રો :–** લોકના એક વિભાગ રૂપ મધ્યલોકમાં અસંખ્યાત દ્વીપ-સમુદ્રો છે. સર્વ દ્વીપ-સમુદ્રોની મધ્યમાં સહુથી નાનો એક લાખ યોજન લાંબો-પહોળો જંબૂદ્વીપ છે. તે થાળીના આકારે ગોળ છે. તેની ચારે બાજુ બે લાખ યોજનનો લવણસમુદ્ર છે. તે ચૂડીના આકારે ગોળ છે. તેની ચારે બાજુ ચાર લાખ યોજનનો ધાતકીખંડ છે, તેની ચારે બાજુ આઠ લાખ યોજનનો કાલોદધિ સમુદ્ર છે. તેની ચારે બાજુ સોળ લાખ યોજનનો પુષ્કર દ્વીપ છે. તે સોળ લાખ યોજનની મધ્યમાં મનુષ્યક્ષેત્રની મર્યાદા કરનાર માનુષોત્તર પર્વત વલયાકારે સ્થિત છે. તેનાથી પુષ્કર દ્વીપના બે વિભાગ થાય છે– આભ્યંતર અને બાહ્ય. તેમાં આભ્યંતર પુષ્કરાર્ધ ક્ષેત્ર આઠ લાખ યોજન પ્રમાણ છે અને બાહ્ય પુષ્કરાર્ધ દેશોન આઠ લાખ યોજન પ્રમાણ છે. કારણ કે વચ્ચે માનુષોત્તર પર્વત છે. આ રીતે જંબૂદ્વીપ અને ધાતકી ખંડ, તે બે દ્વીપ તથા અર્ધો પુષ્કર દ્વીપ તેમ અઢી દ્વીપ થાય છે. લવણસમુદ્ર તથા કાલોદધિ સમુદ્ર એમ બે સમુદ્ર છે, તે સર્વ મળીને ૪૫ લાખ યોજન વિસ્તારવાળું મનુષ્ય ક્ષેત્ર છે.

**૪૫ લાખ યોજનનું મનુષ્ય ક્ષેત્ર :–** જંબૂદ્વીપ થાળીના આકારે ગોળ છે. તેની લંબાઈ પહોળાઈ એક લાખ યોજનની છે. ત્યારપછી તેને ફરતાં ચૌતરફ ચૂડીના આકારે ગોળ લવણ સમુદ્ર છે. તેના ચક્રવાલ વિષ્કંભ બે લાખ યોજન છે. તેથી તેની પહોળાઈ પૂર્વદિશામાં બે લાખ યોજન અને પશ્ચિમ દિશામાં બે લાખ યોજનની થાય છે. આ રીતે પછીના પ્રત્યેક દ્વીપ–સમુદ્ર ચક્રવાલ વિષ્કંભનું પ્રમાણ સૂત્રકારે કહ્યું છે. તેથી અઢીદ્વીપ ક્ષેત્રની લંબાઈ-પહોળાઈની ગણનામાં તે પ્રત્યેક દ્વીપ સમુદ્રોના બંને દિશાના માપની ગણના થાય છે.

ઉક્ત ગણના વિધિ અનુસાર જંબૂદ્વીપ–૧ લાખ યોજન + લવણ સમુદ્ર–૨+૨ લાખ યોજન + ધાતકી ખંડ–૪+૪ લાખ યોજન + કાલોદધિ સમુદ્ર–૮+૮ લાખ યોજન + આભ્યંતર પુષ્કરાર્દ્ધ દ્વીપ–૮+૮ લાખ યોજન = ૪૫ લાખ યોજન થાય છે. અર્થાત્ ૧+૪+૮+૧૬+૧૬ = ૪૫ થાય છે.

ત્યારપછી પણ એક દ્વીપ અને એક સમુદ્ર તે રીતે અસંખ્યાતા દ્વીપ અને સમુદ્રો ઉત્તરોત્તર બમણા–બમણા વિસ્તારવાળા અને ચૂડીના આકારે સ્થિત છે. સૂત્રકારે કેટલાક નામો ગાથામાં આપ્યા છે. તે દરેક નામના દ્વીપ અને તે જ નામના સમુદ્રો છે. પુષ્કર દ્વીપ પછી પુષ્કર સમુદ્ર, વરુણવર દ્વીપ, વરુણવર સમુદ્ર, ક્ષીરવર દ્વીપ, ક્ષીરવર સમુદ્ર. આ રીતે પ્રત્યેક નામમાં સમજવું. અરુણ દ્વીપથી એક જ નામના ત્રણ દ્વીપ અને ત્રણ સમુદ્રો છે. જેમ કે– (૧) અરુણ દ્વીપ, અરુણ સમુદ્ર (૨) અરુણ વરદ્વીપ, અરુણવર સમુદ્ર (૩) અરુણવરાવભાસ દ્વીપ અને અરુણવરાવભાસ સમુદ્ર. આ રીતે એક મૂળ નામનો દ્વીપ-સમુદ્ર, ત્યારપછી

તેને 'વર' અને 'વરાવભાસ' શબ્દો ક્રમશઃ જોડીને બીજા બે-બે દ્વીપ સમુદ્રો છે.

લોકમાં જેટલા ઉત્તમ પદાર્થો, ક્ષેત્રો, પર્વતો, દ્રહો અને નદીઓ આદિ છે તે દરેક નામના દ્વીપ-સમુદ્રો છે. છેલ્લે દેવ, નાગ, યક્ષ, ભૂત અને સ્વયંભૂરમણ, આ પાંચ નામના પાંચ દ્વીપ અને સમુદ્રો એક-એક છે. મધ્યલોકનું અંતિમ ક્ષેત્ર સ્વયંભૂરમણ સમુદ્ર છે.

આ પ્રત્યેક દ્વીપ અને સમુદ્ર લોકના એક-એક વિભાગ રૂપ છે, તેથી તે ધર્માસ્તિકાય આદિ દ્રવ્યને અખંડપણે સ્પર્શતા નથી, પરંતુ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય, આ ત્રણે દ્રવ્યોના દેશ અને પ્રદેશોને સ્પર્શે છે. પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાયના સૂક્ષ્મ જીવો લોકના પ્રત્યેક વિભાગમાં વ્યાપ્ત છે. ત્રસ જીવો દ્વીપ સમુદ્રોમાં સર્વત્ર વ્યાપ્ત નથી. આમ પ્રત્યેક દ્વીપ અને સમુદ્રો પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય, પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવર જીવોને પૂર્ણપણે સ્પર્શે છે અને ત્રસકાય જીવોને કથંચિત્ સ્પર્શે છે, કથંચિત્ સ્પર્શતા નથી; કારણ કે ત્રસ જીવો દ્વીપ સમુદ્રોમાં ક્યાંક હોય છે, ક્યાંક હોતા નથી.

અદ્ધાસમય કાલ અઢીદ્વીપ ક્ષેત્રમાં વર્તી રહ્યો છે, તેથી અઢીદ્વીપ ક્ષેત્ર અદ્ધા સમય(કાલ દ્રવ્ય)ને સ્પર્શે છે. ત્યારપછીના દ્વીપ-સમુદ્રો કાલ દ્રવ્યને સ્પર્શતા નથી.

**(૨૩–૨૪) લોક–અલોક દ્વાર :–**

**૫૬ लोगे णं भंते ! किण्णा फुडे ? कइहिं वा काएहिं फुडे** *जाव* **अद्धसमएणं फुडे ? गोयमा ! जहा आगासथिग्गले वत्तव्वया भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોક કોનાથી સ્પૃષ્ટ છે ? તે કેટલી કાયથી સ્પૃષ્ટ છે ***યાવત્*** શું અદ્ધાસમયથી સ્પૃષ્ટ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સમસ્ત વક્તવ્યતા આકાશથિગ્ગલના વિષયમાં કહેવામાં આવી છે, તે જ પ્રમાણે કહેવી જોઈએ.

**૫૭ अलोए णं भंते ! किणा फुडे ? कतिहिं वा काएहिं फुडे** *जाव* **अद्धासमएणं फुडे?**

**गोयमा ! णो धम्मत्थिकाएणं फुडे** *जाव* **णो आगासत्थिकाएणं फुडे, आगासत्थिकायस्स देसेणं फुडे आगासत्थिकायस्स पएसेहिं फुडे, णो पुढविक्काएणं फुडे** *जाव* **णो अद्धासमएणं फुडे, एगे अजीवदव्वदेसे अगुरुलहुए अणंतेहिं अगरुलहुयगुणेहिं संजुत्ते सव्वागासे अणंतभागूणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અલોક કોનાથી સ્પૃષ્ટ છે ? તે કેટલી કાયથી સ્પૃષ્ટ છે ***યાવત્*** શું અદ્ધાસમયથી સ્પૃષ્ટ છે. ?

**ઉત્તર–** હે ગૌતમ ! અલોક ધર્માસ્તિકાયથી સ્પૃષ્ટ નથી, અધર્માસ્તિકાય ***યાવત્*** આકાશાસ્તિકાય દ્રવ્યથી સ્પૃષ્ટ નથી; આકાશાસ્તિકાયના દેશથી સ્પૃષ્ટ છે તથા આકાશાસ્તિકાયના પ્રદેશોથી સ્પૃષ્ટ છે ; (પરંતુ) પૃથ્વીકાયથી સ્પૃષ્ટ નથી ***યાવત્*** કાળ દ્રવ્યથી સ્પૃષ્ટ નથી. અલોક એક અજીવ દ્રવ્યનો દેશ છે, તે અનંત અગુરુ લઘુગુણોથી સંયુક્ત છે, સર્વાકાશથી અનંતમો ભાગ ન્યૂન છે. (લોકાકાશને છોડીને સર્વાકાશ પ્રમાણ છે.)

**વિવેચન :–**

પ્રસ્તુત લોક અને અલોક દ્વારમાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો સાથે લોક-અલોકની સ્પર્શનાનું નિરૂપણ છે.

**ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો સાથે લોકની સ્પર્શના :–** સૂત્રકારે લોકની ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો સાથે સ્પર્શનાનું કથન આકાશથિગ્ગલના અતિદેશપૂર્વક કર્યું છે. અનંત આકાશરૂપ વસ્ત્રમાં એક થીંગડાં જેવા લોકને જ આકાશથિગ્ગલ કહે છે. આ રીતે લોક અને આકાશથિગ્ગલ બંને પર્યાયવાચી શબ્દો છે. તેથી ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો સાથે લોકની સ્પર્શનાનું કથન આકાશ થિગ્ગલની સમાન જાણવું.

**ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો સાથે અલોકની સ્પર્શના :–** અલોકમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય,જીવાસ્તિકાય કે અદ્ધા સમય–કાલ દ્રવ્ય નથી.

અલોક અખંડ એક આકાશાસ્તિકાય દ્રવ્યના વિભાગ રૂપ છે. તેથી ત્યાં આકાશાસ્તિકાય દ્રવ્યના દેશ અને તેના પ્રદેશ હોય છે. ત્યાં બે બોલની જ સ્પર્શના થાય છે, શેષ ૧૫ બોલની સ્પર્શના થતી નથી. આકાશાસ્તિ- કાય દ્રવ્ય અમૂર્ત હોવાથી અગુરુલઘુગુણ અને તેની અનંત પર્યાયથી યુક્ત છે.

સમગ્ર આકાશાસ્તિકાય દ્રવ્યની અપેક્ષાએ અલોક અનંતમો ભાગ ન્યૂન છે. લોકાકાશ સમગ્ર આકાશના અનંતમા ભાગ પ્રમાણ છે તેથી અલોક સમગ્ર આકાશથી અનંતમો ભાગ ન્યૂન થાય છે.

**ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના ૧૭ બોલની વિવિધ ક્ષેત્રો સાથે સ્પર્શના :–**

| ક્ષેત્ર | ૧થી૬ બોલ ધર્મા. અધર્મા | | | ૭થી૯ બોલ આકાશાસ્તિકાય | | | ૧૦મો બોલ | ૧૧થી૧૫ બોલ | ૧૬મો બોલ | ૧૭મો બોલ | કુલ સ્પર્શના |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અખંડ દ્રવ્ય ૨ | દેશ ૨ | પ્રદેશ ૨ | અખંડ દ્રવ્ય | દેશ | પ્રદેશ | પુદ્‌ગલાસ્તિકાય | સ્થાવર જીવો | ત્રસ જીવો | અદ્ધા સમય (કાલ) | |
| આકાશથિગ્ગલ (લોક) | ✓ ૨ | × ૨ | શ્ચ ૨ | × ૧ | શ્ચ ૧ | શ્ચ ૧ | શ્ચ ૧ | શ્ચ ૫ | કથંચિત્ ૧ | કથંચિત્ ૧ | ૧૨ બોલની પૂર્ણ<br>૨ બોલની કથંચિત્ છે<br>૩ બોલની નથી |
| જંબૂદ્વીપાદિ અઢીદ્વીપના ક્ષેત્રો | × ૨ | શ્ચ ૨ | શ્ચ ૨ | × ૧ | શ્ચ ૧ | શ્ચ ૧ | શ્ચ ૧ | શ્ચ ૫ | કથંચિત્ ૧ | શ્ચ ૧ | ૧૩ બોલની પૂર્ણ છે<br>૧ બોલની કથંચિત્ છે<br>૩ બોલની નથી |
| અઢીદ્વીપની બહારના દ્વીપ સમુદ્રો | × ૨ | શ્ચ ૨ | શ્ચ ૨ | × ૧ | શ્ચ ૧ | શ્ચ ૧ | શ્ચ ૧ | શ્ચ ૫ | કથંચિત્ ૧ | × ૧ | ૧૨ બોલની પૂર્ણ છે<br>૧ બોલની કથંચિત્ છે<br>૪ બોલની નથી |
| લોક | શ્ચ ૨ | × ૨ | શ્ચ ૨ | × ૧ | શ્ચ ૧ | શ્ચ ૧ | શ્ચ ૧ | શ્ચ ૫ | કથંચિત્ ૧ | કથંચિત્ ૧ | ૧૨ બોલની પૂર્ણ છે<br>૨ બોલની કથંચિત્ છે<br>૩ બોલની નથી |
| અલોક | × ૨ | × ૨ | × ૨ | × ૧ | શ્ચ ૧ | શ્ચ ૧ | × ૧ | × ૫ | × ૧ | × ૧ | ૨ બોલની પૂર્ણ છે<br>૧૫ બોલની નથી. |

**નોંધ :–** (શ્ચ) સ્પર્શના છે. (×) સ્પર્શના નથી. કથંચિત્ = ક્યાંક સ્પર્શના હોય, ક્યાંક ન હોય.

## પાંચ ઈન્દ્રિયના નવ દ્વાર :–

| દ્વાર | શ્રોતેન્દ્રિય | ચક્ષુરિન્દ્રિય | ઘ્રાણેન્દ્રિય | જિહ્વેન્દ્રિય | સ્પર્શેન્દ્રિય |
|---|---|---|---|---|---|
| ૧. સંસ્થાન | કદંબ પુષ્પ | મસૂર દાળ | અતિમુક્તક પુષ્પ | ખુરપા | વિવિધ આકાર |
| ૨. જાડાઈ | અંગુલનો અસંખ્ભાગ | અંગુલનો અસંખ્ભાગ | અંગુલનો અસંખ્ભાગ | અંગુલનો અસંખ્ભાગ | અંગુલનો અસંખ્ભાગ |
| ૩. વિસ્તાર | અંગુલનો અસંખ્ભાગ | અંગુલનો અસંખ્ભાગ | અંગુલનો અસંખ્ભાગ | અનેક અંગુલ | શરીર પ્રમાણ |
| ૪. કતિ પ્રદેશ | અનંત પ્રદેશ | અનંત પ્રદેશ | અનંત પ્રદેશ | અનંત પ્રદેશ | અનંત પ્રદેશ |
| ૫. અવગાઢ | અસંખ્ય પ્રદેશાવગાઢ | અસંખ્ય પ્રદેશાવગાઢ | અસંખ્ય પ્રદેશાવગાઢ | અસંખ્ય પ્રદેશાવગાઢ | અસંખ્ય પ્રદેશાવગાઢ |
| ૬. અલ્પબહુત્વ અવગાહનાથી | ૨ સંખ્યાતગુણ | ૧ સર્વથી અલ્પ | ૩ સંખ્યાતગુણ | ૪ અસંખ્યાતગુણ | ૫ સંખ્યાતગુણ |
| પ્રદેશોથી અલ્પબહુત્વ | ૨ સંખ્યાત ગુણ | ૧ સર્વથી અલ્પ | ૩ સંખ્યાતગુણ | ૪ અસંખ્યાતગુણ | ૫ સંખ્યાતગુણ |
| કર્કશ–ગુરુ સ્પર્શ | અનંત | અનંત | અનંત | અનંત | અનંત |
| મૃદુ–લઘુ સ્પર્શ | અનંત | અનંત | અનંત | અનંત | અનંત |
| કર્કશ–ગુરુ ગુણ અલ્પબહુત્વ | ૨ અનંતગુણ | ૧ સર્વથી અલ્પ | ૩ અનંતગુણ | ૪ અનંતગુણ | ૫ અનંતગુણ |
| મૃદુ–લઘુ ગુણ અલ્પબહુત્વ | ૪ અનંતગુણ | ૫ અનંતગુણ | ૩ અનંતગુણ | ૨ અનંતગુણ | ૧ સર્વથી અલ્પ |
| ૭. સ્પૃષ્ટ કે અસ્પૃષ્ટ | સ્પૃષ્ટ ગ્રહણ કરે | અસ્પૃષ્ટ ગ્રહણ કરે | બદ્ધ સ્પૃષ્ટ ગ્રહણ કરે | બદ્ધ સ્પૃષ્ટ ગ્રહણ કરે | બદ્ધ સ્પૃષ્ટ ગ્રહણ કરે |
| ૮. પ્રવિષ્ટ કે અપ્રવિષ્ટ | પ્રવિષ્ટ ગ્રહણ કરે | અપ્રવિષ્ટ ગ્રહણ કરે | પ્રવિષ્ટ ગ્રહણ કરે | પ્રવિષ્ટ ગ્રહણ કરે | પ્રવિષ્ટ ગ્રહણ કરે |
| ૯. વિષય જઘન્ય | અંગુલનો અસંખ્ભાગ | અંગુલનો સંખ્ભાગ | અંગુલનો અસંખ્ભાગ | અંગુલનો અસંખ્ભાગ | અંગુલનો અસંખ્ભાગ |
| ઉત્કૃષ્ટ | ૧૨ યોજન | સાધિક એક લાખ | ૯ યોજન | ૯ યોજન | ૯ યોજન |

## પાંચ ઈન્દ્રિયના ૧૦ થી ૨૪ દ્વાર :–

| દ્વાર | વિષય |
|---|---|
| ૧૦. અણગાર દ્વાર | ભાવિતાત્મા અણગારના ચરમ નિર્જરાના પુદ્‌ગલો સૂક્ષ્મ હોવાથી ગ્રાહ્ય બનતા નથી. વિશિષ્ટ અવધિજ્ઞાની અને કેવળજ્ઞાની તેને જાણી શકે છે. |
| ૧૧. આહાર દ્વાર | ચરમ નિર્જરાના પુદ્‌ગલોને વિશિષ્ટ અવધિજ્ઞાની મનુષ્યો, કેટલાક વૈમાનિક દેવો જાણે છે અને આહાર રૂપે ગ્રહણ કરે છે. શેષ જીવો જાણતા નથી, પરંતુ આહાર રૂપે ગ્રહણ કરે છે. |
| ૧૨-૧૮. અરીસો અસિ, મણિ, ઊંડું પાણી, તેલ આદિ | આદર્શ–દર્પણાદિમાં જોનાર વ્યક્તિ દર્પણને જુએ છે, પોતાના શરીરને જોતા નથી. શરીરના પ્રતિબિંબને જુએ છે. |
| ૧૯-૨૦. | કંબલ અને સ્થૂણા દ્વાર કંબલ સંકેલેલી હોય કે ફેલાવેલી હોય, સ્થૂણા–ઠૂંઠું ઊભું, આડું કે તિરછું પડ્યું હોય, પણ તે સમાન આકાશ પ્રદેશોને સ્પર્શે છે. |
| ૨૧. આકાશથિગ્ગલ(લોક) દ્વાર | લોક ધર્માસ્તિકાય, તેના પ્રદેશો, અધર્માસ્તિકાય, તેના પ્રદેશો, આકાશાસ્તિકાયના દેશ, તેના પ્રદેશો, પુદ્‌ગલાસ્તિકાય, પાંચ સ્થાવર જીવો, આ ૧૨ બોલને સ્પર્શે છે. ત્રસકાય અને અદ્ધાસમય(કાળ), આ બે બોલને કદાચિત્ સ્પર્શે છે અને ધર્માસ્તિકાય દેશ, અધર્માસ્તિકાય દેશ અને આકાશાસ્તિકાય દ્રવ્ય, આ ત્રણ બોલને સ્પર્શતા નથી. |

| દ્વાર | વિષય |
|---|---|
| ૨૨. દ્વીપ–ઉદધિ દ્વાર | ધર્મા૦નો દેશ, તેના પ્રદેશો, અધર્મા૦નો દેશ, તેના પ્રદેશો, આકાશા૦ દેશ અને તેના પ્રદેશો, પુદ્ગલાસ્તિકાય પાંચ સ્થાવર જીવો, આ ૧૨ બોલને સ્પર્શે, ત્રસ જીવોને કદાચિત્ સ્પર્શે, અઢીદ્વીપ ક્ષેત્રના દ્વીપ–સમુદ્રો અદ્ધાસમય–કાલને સ્પર્શે, બહારના દ્વીપ સમુદ્રો કાલને સ્પર્શે નહીં. |
| ૨૩. લોક દ્વાર | આકાશ થિગ્ગલ પ્રમાણે |
| ૨૪. અલોક દ્વાર | આકાશાસ્તિકાયના દેશ, પ્રદેશોને સ્પર્શે, ત્યાં અન્ય દ્રવ્ય નથી. |

**॥ ૧૫/૧ ઉદ્દેશક સંપૂર્ણ ॥**

# પંદરમું પદ : દ્વિતીય ઉદ્દેશક

## પરિચય

આ ઉદ્દેશકમાં ઈન્દ્રિયની બાહ્ય-આભ્યંતર રચના, તેનો કાલ, દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય રૂપ ઈન્દ્રિયના ભેદ-પ્રભેદોનું અને જીવોને પ્રાપ્ત થતી ત્રૈકાલિક ઈન્દ્રિયોનું વિસ્તૃત વર્ણન બાર દ્વારોના માધ્યમથી કર્યું છે.

જીવ સહુ પ્રથમ ઈન્દ્રિયને યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરીને તેનો ઉપચય–સંગ્રહ કરે છે, ત્યારપછી તેમાંથી ઈન્દ્રિયોની નિર્વૃત્તિ રચના થાય છે. પ્રત્યેક ઈન્દ્રિયની રચનામાં અંતર્મુહૂર્ત પ્રમાણકાલ વ્યતીત થાય છે. ઈન્દ્રિયોની તથાપ્રકારની પૌદ્‌ગલિક રચનાને દ્રવ્યેન્દ્રિય કહે છે. તે અંગોપાંગ નામ કર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે.

તદાવરણીય કર્મના ક્ષયોપશમ અને તેના વિષયનો બોધ થવો. તે ભાવેન્દ્રિય છે. પ્રત્યેક ઈન્દ્રિયનો ઉપયોગકાલ અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

**ઈન્દ્રિય જ્ઞાનનો પ્રાપ્તિ ક્રમ–** અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા દ્વારા ઈન્દ્રિયજન્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે.

સહુ પ્રથમ ઈન્દ્રિયોના વિષય યોગ્ય પુદ્‌ગલોનો ઈન્દ્રિય સાથે સંયોગ થાય છે. જેમ કે શબ્દના પુદ્‌ગલોનો કાન સાથે સ્પર્શ થાય તેને **વ્યંજનાવગ્રહ** કહે છે, ત્યારપછી અત્યંત અસ્પષ્ટ કંઈક અવાજ છે તેવું જ્ઞાન થાય તેને **અર્થાવગ્રહ** કહે છે, ત્યારપછી આ કોનો અવાજ છે ? તદ્‌વિષયક વિચારણા થાય, વિચારણા કરતાં-કરતાં આ અવાજ મારા મિત્રનો લાગે છે. આ પ્રકારના નિર્ણય તરફ ઝૂકતી તેમ છતાં સંશયાત્મક વિચારણાને **ઈહા** કહે છે અને ત્યારપછી આ મારા મિત્રનો જ અવાજ છે, આ પ્રકારનું નિર્ણયાત્મક જ્ઞાન **અવાય** છે અને તે અવાજને સ્મૃતિમાં રાખવો તે **ધારણા જ્ઞાન** છે.

પાંચે ઈન્દ્રિયો દ્વારા આ પ્રકારનું જ્ઞાન થાય છે. એક ચક્ષુરિન્દ્રિય અપ્રાપ્ત વિષયને ગ્રહણ કરતી હોવાથી તેમાં વ્યંજનાવગ્રહ થતો નથી.

**દ્રવ્યેન્દ્રિયના ભેદ :–** બે કાન, બે આંખ, બે નસકોરા, એક જિહ્વા અને એક સ્પર્શેન્દ્રિય, આ દ્રવ્યેન્દ્રિયના આઠ ભેદ છે. એકેન્દ્રિયને એક, બેઈન્દ્રિયને બે, તેઈન્દ્રિયને ચાર, ચૌરેન્દ્રિયને છ અને પંચેન્દ્રિયને આઠ દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત થાય છે.

ત્યારપછી (૧) ૨૪ દંડકના પ્રત્યેક જીવની (૨) ચોવીસ દંડકના અનેક જીવોની (૩) ૨૪ દંડકના પ્રત્યેક જીવની ૨૪ દંડકપણે (૪) ૨૪ દંડકના અનેક જીવોની ૨૪ દંડકપણે આ ચારે ય આલાપકમાં ભૂતકાલમાં પ્રાપ્ત થયેલી, વર્તમાનમાં પ્રાપ્ત અને ભવિષ્યમાં પ્રાપ્ત થનારી દ્રવ્યેન્દ્રિયોનું વિસ્તૃત વર્ણન છે.

**ભાવેન્દ્રિય :–** બે કાન, બે આંખ, બે નાક આદિ વિષયને ગ્રહણ કરવાના સાધનરૂપ દ્રવ્યેન્દ્રિય બે-બે હોવા છતાં વિષયને જાણવાની ક્ષયોપશમ શક્તિ અને તેના વ્યાપાર(ઉપયોગ)રૂપ ભાવેન્દ્રિય એક-એક જ છે, તેથી ભાવેન્દ્રિય કુલ પાંચ છે– શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય.

ઉપરોક્ત દ્રવ્યેન્દ્રિયમાં કરાયેલા ચાર આલાપકોના માધ્યમે ભાવેન્દ્રિયનું પણ ત્રૈકાલિક વિસ્તૃત વર્ણન છે.

❖❖❖❖❖

# પંદરમું પદ : બીજો ઉદ્દેશક

**ઉદ્દેશકમાં વર્ણિત વિષય :–**

**૧** **इंदिय उवचय णिव्वत्तणा य, समया भवे असंखेज्ज ।
लद्धी उवओगद्धा, अप्पाबहुए विसेसहिया ॥१॥
ओगाहणा अवाए, ईहा तह वंजणोग्गहे चेव ।
दव्विंदिया भाविंदिय, तीया बद्धा पुरेक्खडिया ॥२॥**

**ભાવાર્થ :– (ગાથાર્થ)** (૧) ઇન્દ્રિયોપચય (૨) (ઇન્દ્રિય) નિર્વર્તના (૩) નિર્વર્તનાના અસંખ્યાત સમય (૪) લબ્ધિ (૫) ઉપયોગકાળ (૬) અલ્પબહુત્વ (૭) અવગ્રહ (૮) અવાય (૯)ઈહા (૧૦)વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ (૧૧) અતીતબદ્ધપુરસ્કૃત દ્રવ્યેન્દ્રિય અને (૧૨) ભાવેન્દ્રિય આ બાર દ્વારોના માધ્યમથી આ ઉદ્દેશકમાં ઇન્દ્રિયવિષયક પ્રરૂપણા છે. ॥૧–૨॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રની ગાથાઓમાં આ ઉદ્દેશકના વિષયોનું સૂચન છે.

**(૧) ઇન્દ્રિયોપચય :– उपचयं नीयते इन्द्रियमनेनेत्युपचयः** । જેના દ્વારા ઇન્દ્રિયો ઉપચયને પ્રાપ્ત થાય અર્થાત્ ઇન્દ્રિયોને યોગ્ય પુદ્‌ગલોનો સંગ્રહ થવો તે ઇન્દ્રિયોપચય છે. ઇન્દ્રિય પર્યાપ્તિ દ્વારા જ ઇન્દ્રિયોને યોગ્ય પુદ્‌ગલોનો સંગ્રહ થાય છે તેથી ઇન્દ્રિય પર્યાપ્તિને ઇન્દ્રિયોપચય કહે છે.

**(૨) નિર્વૃત્તિ :–** રચના. ઇન્દ્રિયોના બાહ્ય અને આભ્યંતર આકારની રચના થવી.

**(૩) સમય :–** ઇન્દ્રિયોના આકારની રચનામાં લાગતા સમયો.

**(૪) લબ્ધિ :–** ઇન્દ્રિયો દ્વારા વિષયોનો બોધ થવા માટે તદાવરણીય કર્મોનો ક્ષયોપશમ તે લબ્ધિ.

**(૫) ઉપયોગ :–** તદાવરણીય કર્મોના ક્ષયોપશમના માધ્યમે ઇન્દ્રિય દ્વારા પદાર્થોનો બોધ કરવામાં ઉપયુક્ત થવા, લીન થવું તે ઉપયોગ અર્થાત્ પ્રાપ્ત થયેલી ક્ષયોપશમરૂપ લબ્ધિનો પ્રયોગ કરવો, તે ઉપયોગ.

**(૬) અલ્પબહુત્વ :–** પાંચ ઇન્દ્રિયોના ઉપયોગની સમય મર્યાદા(સ્થિતિ)માં થતી ન્યૂનાધિકતાનું નિરૂપણ.

**(૭) અવગ્રહ :– अवग्रहणं-परिच्छेदो वक्तव्यः** । ઇન્દ્રિયો દ્વારા વસ્તુ તત્ત્વનો બોધ કરવો. તેના અવાય આદિ અનેક ભેદ છે.

**(૮) અવાય :–** ઇન્દ્રિયો દ્વારા વસ્તુ તત્ત્વનો નિર્ણય કરવો.

**(૯) ઈહા :–** ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ કરેલા વિષયની વિચારણા કરવી.

**(૧૦) વ્યંજનાવગ્રહ–અર્થાવગ્રહ :–** ઇન્દ્રિયો સાથે વિષયનો સંયોગ થવો, તે વ્યંજનાવગ્રહ અને ત્યારપછી વિષયોનો આંશિક બોધ થવો તે અર્થાવગ્રહ.

**(૧૧) દ્રવ્યેન્દ્રિય :–** બે કાન, બે આંખ, બે નસકોરા, એક જીભ અને એક સ્પર્શેન્દ્રિય, તે આઠ દ્રવ્યેન્દ્રિય છે.

**(૧૨) ભાવેન્દ્રિય :–** શ્રોતેન્દ્રિયાદિ પાંચ ઈન્દ્રિયોથી થતા બોધમાં અંતરંગ કારણરૂપ ઈન્દ્રિયનો ક્ષયોપશમ, તે ભાવેન્દ્રિય છે.

અગિયારમા અને બારમા બંને દ્વારોમાં અતીત, બદ્ધ અને પુરસ્કૃત ઈન્દ્રિયોનું વર્ણન છે અર્થાત્ સંસારી જીવો દ્વારા ભૂતકાળમાં પ્રાપ્ત કરેલી, વર્તમાનમાં પ્રાપ્ત અને ભવિષ્યમાં પ્રાપ્ત થનારી ઈન્દ્રિયોનું એકવચન અને બહુવચનના માધ્યમે ચાર વિકલ્પો દ્વારા વિસ્તૃત નિરૂપણ છે.

**(૧) ઇન્દ્રિયોપચય દ્વાર :–**

**२ कइविहे णं भंते ! इंदिओवचए पण्णत्ते ? गोयमा ! पंचविहे इंदिओवचए पण्णत्ते, तं जहा- सोइंदिओवचए चक्खिंदिओवचए घाणिंदिओवचए जिब्भिंदिओवचए फासिंदिओवचए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! ઈન્દ્રિયોપચયના કેટલા પ્રકાર છે? **ઉત્તર–** હે ગૌતમ! ઈન્દ્રિયોપચયના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રોતેન્દ્રિયોપચય, (૨) ચક્ષુરિન્દ્રિયોપચય, (૩) ઘ્રાણેંદ્રિયોપચય,(૪) જિહ્વેન્દ્રિયોપચય, અને (૫) સ્પર્શેન્દ્રિયોપચય.

**३ णेरइयाणं भंते ! कइविहे इंदिओवचए पण्णत्ते ? गोयमा ! पंचविहे इंदिओवचए पण्णत्ते, तं जहा-सोइंदिओवचए** *जाव* **फासिंदिओवचए । एवं** *जाव* **वेमाणियाणं । जस्स जइ इंदिया तस्स तइविहो चेव इंदिओवचयो भाणियव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોના ઈન્દ્રિયોપચયના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોના ઈન્દ્રિયોપચયના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શ્રોતેન્દ્રિયોપચય ***યાવત્*** સ્પર્શેન્દ્રિયોપચય

આ જ રીતે અસુરકુમારોથી વૈમાનિક દેવો પર્યંતના ઈન્દ્રિયોપચયના વિષયમાં જેને જેટલી ઈન્દ્રિયો હોય તે પ્રમાણે કથન કરવું જોઈએ.

**(૨–૩) નિર્વર્તના-સમય દ્વાર :–**

**४ कइविहा णं भंते ! इंदियणिव्वत्तणा पण्णत्ता ? गोयमा ! पंचविहा इंदियणिव्वत्तणा पण्णत्ता, तं जहा- सोइंदियणिव्वत्तणा** *जाव* **फासिंदियणिव्वत्तणा ।एवं णेरइयाणं** *जाव* **वेमाणियाणं । णवरं- जस्स जइ इंदिया अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઈન્દ્રિય નિર્વર્તના(નિર્વૃત્તિ)ના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઈન્દ્રિયનિર્વર્તનાના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શ્રોતેન્દ્રિયનિર્વર્તના ***યાવત્*** સ્પર્શેન્દ્રિયનિર્વર્તના.

આ રીતે નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધી નિર્વર્તના-વિષયક પ્રરૂપણા કરવી જોઈએ. વિશેષતા એ છે કે જેને જેટલી ઈન્દ્રિયો હોય તેટલી ઈન્દ્રિયનિર્વર્તના કહેવી જોઈએ.

**५ सोइंदियणिव्वत्तणा णं भंते ! कइसमइया पण्णत्ता ? गोयमा ! असंखिज्जसमइया अंतोमुहुत्तिया पण्णत्ता, एवं** *जाव* **फासिंदियणिव्वत्तणा। एवं णेरइयाणं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શ્રોતેન્દ્રિયની નિર્વર્તનામાં(રચનામાં) કેટલા સમય થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્યાત સમયોનું અંતર્મુહૂર્ત થાય છે. આ રીતે સ્પર્શેન્દ્રિય સુધી પાંચે ઇન્દ્રિય નિર્વર્તનામાં અસંખ્યાત સમયનું અંતર્મુહૂર્ત થાય છે.

આ જ રીતે નૈરયિકોથી વૈમાનિકો સુધીની ઇન્દ્રિય નિર્વર્તનાના કાળ સંબંધી કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ઇન્દ્રિયોની નિર્વર્તના(રચના) અને તેના સમયનું નિરૂપણ છે.

ઇન્દ્રિયોની રચનાના બે પ્રકાર છે– આભ્યંતર નિર્વૃત્તિ અને બાહ્ય નિર્વૃત્તિ.

ઇન્દ્રિયોના બાહ્ય આકારની રચનાને **બાહ્યનિર્વૃત્તિ** કહે છે. તે પ્રત્યેક પ્રાણીમાં ભિન્ન ભિન્ન હોય છે. ઇન્દ્રિયોના આભ્યંતર આકારની રચનાને **આભ્યંતર નિર્વૃત્તિ** કહે છે. પ્રત્યેક જીવોમાં આભ્યંતર નિર્વૃત્તિ એક સમાન હોય છે. ઇન્દ્રિયોના સંસ્થાનનું કથન આભ્યંતર નિર્વૃત્તિની અપેક્ષાએ છે. ઇન્દ્રિયોની રચના અંગોપાંગ નામકર્મના ઉદયથી થાય છે. તે પૌદ્ગલિક છે.

દ્રવ્યેન્દ્રિયના બે પ્રકાર છે– નિર્વૃત્તિ અને ઉપકરણ. અંગોપાંગ નામકર્મના ઉદયથી થતી ઇન્દ્રિયોની બાહ્ય અને આંતરિક રચનાને નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય કહે છે, નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય પર ઉપકાર કરે તે શબ્દ, રૂપ આદિ વિષય ગ્રહણ કરવાની પૌદ્ગલિક શક્તિને ઉપકરણ દ્રવ્યેન્દ્રિય કહે છે. વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી ઉપકરણ દ્રવ્યેન્દ્રિય શબ્દ આદિ પુદ્ગલોને ગ્રહણ કરી શકે છે.

આ રીતે નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય તલવાર સમાન અને ઉપકરણ દ્રવ્યેન્દ્રિય તલવારની ધાર સમાન છે.

બંને પ્રકારની દ્રવ્યેન્દ્રિયની રચનામાં અસંખ્યાત સમયનું અંતર્મુહૂર્ત વ્યતીત થાય છે.

**(૪–૫) લબ્ધિ, ઉપયોગ દ્વાર :–**

**૬ कइविहा णं भंते ! इंदियलद्धी पण्णत्ता ? गोयमा ! पंचविहा इंदियलद्धी पण्णत्ता, तं जहा- सोइंदियलद्धी *जाव* फासिंदिय- लद्धी । एवं णेरइयाणं *जाव* वेमाणियाणं । णवरं- जस्स जइ इंदिया अत्थि तस्स तावइया लद्धी भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઇન્દ્રિયલબ્ધિના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઇન્દ્રિયલબ્ધિના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શ્રોતેન્દ્રિયલબ્ધિ ***યાવત્*** સ્પર્શેન્દ્રિય લબ્ધિ. આ રીતે નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધી ઇન્દ્રિય લબ્ધિની પ્રરૂપણા કરવી જોઈએ, વિશેષતા એ છે કે જેને જેટલી ઇન્દ્રિયો છે તેટલી જ ઇન્દ્રિયલબ્ધિ કહેવી જોઈએ.

**૭ कइविहा णं भंते इंदियउवओगद्धा पण्णत्ता ? गोयमा ! पंचविहा इंदियउवओगद्धा पण्णत्ता, तं जहा- सोइंदियउवओगद्धा *जाव* फासिंदिय-उवओगद्धा ।एवं णेरइयाणं *जाव* वेमायियाणं । णवरं जस्स जइ इंदिया अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઇન્દ્રિયોના ઉપયોગ કાળના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઇન્દ્રિયોના ઉપયોગકાળના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શ્રોતેન્દ્રિય ઉપયોગકાળ ***યાવત્*** સ્પર્શેન્દ્રિય-ઉપયોગકાળ.

આ રીતે નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધીના જીવોમાં ઇન્દ્રિય-ઉપયોગકાળના વિષયમાં જાણવું જોઈએ વિશેષતા એ છે કે જેને જેટલી ઇન્દ્રિયો હોય તેને તેટલી ઇન્દ્રિયોનો ઉપયોગકાલ કહેવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં લબ્ધિ અને ઉપયોગદ્ધા દ્વારમાં ઇન્દ્રિયોની લબ્ધિ અને તેના ઉપયોગ કાલનું નિરૂપણ છે.

પ્રત્યેક જીવને અંગોપાંગ નામ કર્મના ઉદયે દ્રવ્યેન્દ્રિયની પ્રાપ્તિ થાય છે. તેમજ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી વિષયને જાણવાની શક્તિ–લબ્ધિ પ્રાપ્ત થાય છે. જે જીવોને જેટલી ઇન્દ્રિયો હોય, તેટલી ઇન્દ્રિય લબ્ધિ પ્રાપ્ત થાય છે.

વિષયને જાણવાની શક્તિનો વ્યાપાર (ઉપયોગ) અસંખ્યાત સમયના અંતર્મુહૂર્તમાં થાય છે. જેટલા કાલ પર્યંત તે વ્યાપાર થતો રહે તેને ઉપયોગકાલ કહે છે. પ્રત્યેક ઇન્દ્રિયોનો ઉપયોગકાલ અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત પ્રમાણ છે. છદ્મસ્થ જીવોનો કોઈપણ ઉપયોગ અસંખ્યાત સમયનો જ હોય છે.




ઈંદ્રિયના ઉપરોક્ત પ્રકારો રેડિયાના દષ્ટાંતથી સમજી શકાય છે. વિવિધ આકારવાળા રેડિયાના મોડેલ, તે બાહ્ય રચના છે. રેડિયાની અંદર નાની મોટી કાચની ટયૂબો આદિ આભ્યંતર રચના છે. આ આભ્યંતર રચનાની અર્થાત્ કાચની ટયૂબો, તેની અંદરના પદાર્થોની અવાજ તરંગોને ગ્રહણ કરવાની શક્તિને ઉપકરણ કહે છે. ઇલેક્ટ્રિક કનેકશનને લબ્ધિ અને રેડિયાચાલુ કરવાને ઉપયોગ(પ્રયોગ) કહી શકાય. તે જ રીતે કાન વગેરે ઈંદ્રિયોના આકારને બાહ્ય નિર્વૃત્તિ, અંદરના ભાગમાં વિશિષ્ટ રચના કે જેના દ્વારા વિષય ગ્રહણ થાય છે, તેને આભ્યંતર નિર્વૃત્તિ કહે છે. તે પુદ્ગલની પૌદ્ગલિક શક્તિને, વિષયગ્રહણની શક્તિને ઉપકરણેન્દ્રિય કહે છે. મતિ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમને લબ્ધિ ભાવેન્દ્રિય અને તેના પ્રયોગને અર્થાત્ વિષય ગ્રહણમાં પ્રવૃત્ત થવાને ઉપયોગ ભાવેન્દ્રિય કહે છે.

**(૬) ઉપયોગ કાલનું અલ્પબહુત્વ :–**

**૮ एएसि णं भंते ! सोइंदिय-चक्खिंदिय-घाणिंदिय-जिब्भिंदिय-फासिंदियाणं जहण्णियाए उवओगद्धाए उक्कोसियाए उवओगद्धाए जहण्णुक्कोसियाए उवओगद्धाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा चक्खिदियस्स जहण्णिया उवओगद्धा, सोइंदियस्स जहण्णिया उवओगद्धा विसेसाहिया, घाणिंदियस्स जहण्णिया उवओगद्धा विसेसाहिया, जिब्भिंदियस्स जहण्णिया उवओगद्धा विसेसाहिया, फासेंदियस्स जहण्णिया उवओगद्धा विसेसाहिया ।**

**उक्कोसियाए उवओगद्धाए सव्वत्थोवा चक्खिदियस्स उक्कोसिया उवओगद्धा, सोइंदियस्स उक्कोसिया उवओगद्धा विसेसाहिया, घाणिंदियस्स उक्कोसिया उवओगद्धा विसेसाहिया जिब्भिंदियस्स उक्कोसिया उवओगद्धा विसेसाहिया, फासेंदियस्स उक्कोसिया उवओगद्धा विसेसाहिया ।**

**जहण्णुक्कोसियाए उवओगद्धाए सव्वत्थोवा चक्खिदियस्स जहण्णिया उवओगद्धा सोइंदियस्स जहण्णिया उवओगद्धा विसेसाहिया, घाणिंदियस्स जहण्णिया उवओगद्धा विसेसाहिया, जिब्भिंदियस्स जहण्णिया उवओगद्धा विसेसाहिया, फासेंदियस्स जहण्णिया उवओगद्धा विसेसाहिया, फासेंदियस्स जहण्णियाहिंतो उवओगद्धाहिंतो चक्खिदियस्स उक्कोसिया उवओगद्धा विसेसाहिया, जिब्भिंदियस्स उक्कोसिया उवओगद्धा विसेसाहिया, फासेंदियस्स उक्कोसिया उवओगद्धा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેંદ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયના જઘન્ય ઉપયોગ-કાલ, ઉત્કૃષ્ટ ઉપયોગ-કાલ અને જઘન્યોત્કૃષ્ટ ઉપયોગ-કાલમાં કોણ, કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ઉપયોગ કાળની અપેક્ષાએ–(૧) સર્વથી થોડો ચક્ષુરિન્દ્રિયનો જઘન્ય ઉપયોગ કાળ સર્વથી અલ્પ છે, (૨) તેનાથી શ્રોતેન્દ્રિયનો જઘન્ય ઉપયોગ-કાલ વિશેષાધિક છે, (૩) તેનાથી ઘ્રાણેન્દ્રિયનો જઘન્ય ઉપયોગ-કાલ વિશેષાધિક છે, (૪) તેનાથી જિહ્વેન્દ્રિયનો જઘન્ય ઉપયોગ-કાલ વિશેષાધિક છે, (૫) તેનાથી સ્પર્શેન્દ્રિયનો જઘન્ય ઉપયોગ-કાલ વિશેષાધિક છે.

ઉત્કૃષ્ટ ઉપયોગ-કાલની અપેક્ષાએ– (૧) સર્વથી થોડો ચક્ષુરિન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ-કાલ, (૨) તેનાથી શ્રોતેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ-કાલ વિશેષાધિક, (૩) તેનાથી ઘ્રાણેંદ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ-કાલ વિશેષાધિક, (૪) તેનાથી જિહ્વેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ-કાલ વિશેષાધિક, (૫) તેનાથી સ્પર્શેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ-કાલ વિશેષાધિક.

જઘન્ય અને ઉત્કૃષ્ટ ઉપયોગકાલની અપેક્ષાએ– (૧) સર્વથી અલ્પ ચક્ષુરિન્દ્રિયનો જઘન્ય ઉપયોગ-કાલ છે, (૨) તેનાથી શ્રોતેન્દ્રિયનો જઘન્ય ઉપયોગ-કાલ વિશેષાધિક છે,(૩) તેનાથી ઘ્રાણેન્દ્રિયનો જઘન્ય ઉપયોગ-કાલ વિશેષાધિક છે, (૪) તેનાથી જિહ્વેન્દ્રિયનો જઘન્ય ઉપયોગ-કાલ વિશેષાધિક છે, (૫) તેનાથી સ્પર્શેન્દ્રિયનો જઘન્ય ઉપયોગ-કાલ વિશેષાધિક છે, (૬) સ્પર્શેન્દ્રિયના જઘન્ય ઉપયોગ-કાલથી ચક્ષુરિન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ-કાલ વિશેષાધિક છે, (૭) તેનાથી શ્રોતેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ-કાલ વિશેષાધિક છે, (૮) તેનાથી ઘ્રાણેદ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ-કાલ વિશેષાધિક છે, (૯) તેનાથી જિહ્વેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ-કાલ વિશેષાધિક છે. (૧૦) તેનાથી સ્પર્શેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગ-કાલ વિશેષાધિક છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં ઈન્દ્રિયોના ઉપયોગકાલના અલ્પબહુત્વનું નિરૂપણ છે, પ્રત્યેક ઈન્દ્રિયનો ઉપયોગકાલ અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત પ્રમાણ છે. અસંખ્યાત સમયના અસંખ્યાત ભેદ હોવાથી પાંચે ઈન્દ્રિયોના ઉપયોગકાલમાં ન્યૂનાધિકતા છે. અલ્પબહુત્વ ભાવાર્થથી સ્પષ્ટ છે.

**(૭ થી ૧૦) ઇન્દ્રિય-અવગ્રહણ, અવાય-ઈહા-અવગ્રહ દ્વાર :-**

**९ कइविहा णं भंते ! इंदियओगाहणा पण्णत्ता ? गोयमा ! पंचविहा इंदियओगाहणा पण्णत्ता, तं जहा- सोइंदियओगाहणा** *जाव* **फार्सेदिय-ओगाहणा । एवं णेरइयाणं** *जाव* **वेमाणियाणं । णवरं- जस्स जइ इंदिया अत्थि ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! ઈન્દ્રિય અવગ્રહણના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ભગવન્ ! ઈન્દ્રિય અવગ્રહણના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શ્રોતેન્દ્રિયાવગ્રહણ ***યાવત્*** સ્પર્શેન્દ્રિયાવગ્રહણ.

આ જ રીતે નૈરયિકોથી લઈને વૈમાનિક સુધીના જીવોમાં જેને જેટલી ઈન્દ્રિય હોય, તેટલા અવગ્રહણનું કથન કરવું જોઈએ.

**१० कइविहे णं भंते ! इंदियअवाए पण्णत्ते ? गोयमा ! पंचविहे इंदियअवाये पण्णत्ते, तं जहा- सोइंदियअवाए** *जाव* **फार्सेदियअवाए ।एवं णेरइयाणं** *जाव* **वेमाणियाणं । णवरं जस्स जत्तिया इंदिया अत्थि ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! ઈન્દ્રિય અવાયના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઈન્દ્રિય અવાયના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શ્રોતેન્દ્રિય અવાય ***યાવત્*** સ્પર્શેન્દ્રિય અવાય.

આ રીતે નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધીના જીવોમાં જેને જેટલી ઈન્દ્રિય હોય તેટલા ઈન્દ્રિયોના અવાય કહેવા જોઈએ.

**११ कइविहा णं भंते ! ईहा पण्णत्ता ? गोयमा ! पंचविहा ईहा पण्णत्ता, तं जहा- सोइंदियईहा** *जाव* **फार्सेदियईहा । एवं** *जाव* **वेमाणियाणं, णवरं जस्स जइ इंदिया ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! ઈહાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઈહાના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શ્રોતેન્દ્રિય ઈહા ***યાવત્*** સ્પર્શેન્દ્રિય ઈહા. આ જ રીતે વૈમાનિકો સુધીના જીવોમાં જેને જેટલી ઈંદ્રિયો છે, તેટલી ઈહા કહેવી જોઈએ.

**१२ कइविहे णं भंते ! उग्गहे पण्णत्ते ? गोयमा ! दुविहे उग्गहे पण्णत्ते, तं जहा- अत्थोग्गहे य वंजणोग्गहे य ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! અવગ્રહના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અવગ્રહના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ.

**१३ वंजणोग्गहे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा- सोइंदियवंजणोग्गहे घाणिंदियवंजणोग्गहे जिब्भिंदियवंजणोग्गहे फासिंदियवंजणोग्गहे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વ્યંજનાવગ્રહના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વ્યંજનાવગ્રહના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શ્રોતેન્દ્રિયવ્યંજનાવગ્રહ, ઘ્રાણેન્દ્રિયવ્યંજનાવગ્રહ, જિહ્વેન્દ્રિયવ્યંજનાવગ્રહ અને સ્પર્શેન્દ્રિયવ્યંજનાવગ્રહ.

**१४ अत्थोगहे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! छव्विहे अत्थोग्गहे पण्णत्ते, तं जहा- सोइंदियअत्थोग्गहे चक्खिदियअत्थोग्गहे घाणिंदियअत्थोग्गहे जिब्भिदियअत्थोग्गहे फासिंदियअत्थोग्गहे णोइंदियअत्थोग्गहे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અર્થાવગ્રહના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અર્થાવગ્રહના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શ્રોતેન્દ્રિય અર્થાવગ્રહ, ચક્ષુરિન્દ્રિય અર્થાવગ્રહ, ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ, જિહ્વેન્દ્રિય અર્થાવગ્રહ, સ્પર્શેન્દ્રિય અર્થાવગ્રહ અને નોઈન્દ્રિય(મન) અર્થાવગ્રહ.

**१५ णेरइयाणं भंते ! कइविहे उग्गहे पण्णत्ते ? गोयमा ! दुविहे उग्गहे पण्णत्ते, तं जहा- अत्थोग्गहे य वंजणोग्गहे य । एवं असुरकुमाराणं *जाव* थणियकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલા અવગ્રહ છે ? **ઉત્તર–** ગૌતમ ! નૈરયિકોને બે પ્રકારના અવગ્રહ છે– અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ.

આ જ રીતે અસુરકુમારોથી લઈ સ્તનિતકુમારો સુધીના દેવોના અવગ્રહના વિષયમાં કહેવું જોઈએ.

**१६ पुढविकाइयाणं भंते ! कइविहे उग्गहे पण्णत्ते ? गोयमा ! दुविहे उग्गहे पण्णत्ते, तं जहा- अत्थोग्गहे य वंजणोग्गहे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકોને કેટલા અવગ્રહ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બે પ્રકારના અવગ્રહ હોય છે, તે આ પ્રમાણે છે– અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ.

**१७ पुढविकाइयाणं भंते ! वंजणोग्गहे कइविहे पण्णत्ते ? गोयमा ! एगे फासिंदिय-वंजणोग्गहे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પૃથ્વીકાયિકોને કેટલા પ્રકારના વ્યંજનાવગ્રહ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિકોને માત્ર એક સ્પર્શેન્દ્રિય વ્યંજનાવગ્રહ હોય છે.

**१८ पुढविकाइयाणं भंते ! कइविहे अत्थोग्गहे पण्णत्ते ? गोयमा ! एगे फासिंदियअत्थोग्गहे पण्णत्ते । एवं *जाव* वणस्सइकाइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકોને કેટલા અર્થાવગ્રહ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિકોને માત્ર એક સ્પર્શેન્દ્રિય અર્થાવગ્રહ હોય છે. આ જ રીતે અપ્કાયિકો ***યાવત્*** વનસ્પતિકાયિકોના વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહના વિષયમાં જાણવું જોઈએ.

**१९ बेइंदियाण वि एवं चेव णवरं- बेइंदियाणं वंजणोग्गहे दुविहे पण्णत्ते, अत्थोग्गहे दुविहे पण्णत्ते । एवं तेइंदिय-चउरिंदियाण वि, णवरं इंदियपरिवुड्ढी कायव्वा । चउरिंदियाणं वंजणोग्गहे तिविहे पण्णत्ते, अत्थोग्गहे चउव्विहे पण्णत्ते ।**

**सेसाणं जहा णेरइयाणं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :–** આ રીતે બેઇન્દ્રિયોના અવગ્રહના વિષયમાં જાણવું જોઈએ. વિશેષતા એ છે કે બેઇન્દ્રિયોને બે પ્રકારના વ્યંજનાવગ્રહ હોય છે અને બે પ્રકારના અર્થાવગ્રહ હોય છે.

આ રીતે તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોના વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહના વિષયમાં પણ જાણવું જોઈએ. તેમાં વિશેષતા એ છે કે ઉત્તરોત્તર એક-એક ઇન્દ્રિયની પરિવૃદ્ધિ થવાથી એક-એક વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહની પણ વૃદ્ધિ કરવી જોઈએ. ચૌરેન્દ્રિય જીવોના વ્યંજનાવગ્રહ ત્રણ પ્રકારના અને અર્થાવગ્રહ ચાર પ્રકારના હોય છે.

વૈમાનિકો સુધી શેષ સમસ્ત જીવોના અવગ્રહના વિષયમાં નૈરયિકોની સમાન સમજી લેવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત ચાર દ્વારમાં ઇન્દ્રિયજન્ય જ્ઞાનની અવસ્થાઓનું નિરૂપણ છે.

**અવગ્રહણ :–** ઇન્દ્રિયો દ્વારા વિષયોનું ગ્રહણ થાય તેને અવગ્રહણ કહે છે. અવગ્રહ, ઈહા, અવાય અને ધારણરૂપ વિષય ગ્રહણની સર્વ અવસ્થાઓનો સમાવેશ અવગ્રહણમાં થઈ જાય છે. ઇન્દ્રિયો પાંચ છે અને તેના વિષયો પણ પાંચ છે તેમજ તેના ગ્રહણ રૂપ અવગ્રહણ પણ પાંચ છે.

શ્રી નંદીસૂત્રમાં મતિજ્ઞાનની ક્રમિક અવસ્થાનું વિસ્તૃત વર્ણન છે. તે પ્રમાણે મતિજ્ઞાનના ચાર ભેદ છે– અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા.

**અવગ્રહ :–** તેના બે ભેદ છે– વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ.

**વ્યંજનાવગ્રહ :– व्यज्यंते अनेन अर्थः ।** જેના વડે અર્થ પ્રગટ કરાય તે વ્યંજન. ઉપકરણરૂપ દ્રવ્યેન્દ્રિય અને શબ્દાદિ દ્રવ્યોનો પરસ્પર સંબંધ થાય, ત્યાર પછી જ શ્રોતેન્દ્રિય આદિ ઇન્દ્રિયો શબ્દાદિ વિષયોને વ્યક્ત કરવામાં સમર્થ થાય છે, તેથી ઇન્દ્રિય અને તેના વિષયનો સંબંધ વ્યંજન કહેવાય છે. વ્યંજનાવગ્રહની વ્યાખ્યા ત્રણ પ્રકારે થાય છે – (૧) ઉપકરણેંદ્રિય અને તેના વિષયનો સંબંધ, તે વ્યંજનાગ્રહણ. (૨) ઉપકરણેન્દ્રિયની સહાયતાથી વિષય ગ્રહણ થયા પછી જ વ્યક્ત થાય છે, તેથી ઉપકરણેન્દ્રિય પણ વ્યંજન કહેવાય છે અને (૩) ઉપકરણેન્દ્રિય દ્વારા વિષય ગ્રહણ થયા પછી શબ્દાદિ વિષયો જ પ્રગટ થાય છે, તેથી વ્યક્ત થવા યોગ્ય શબ્દાદિ વિષય પણ વ્યંજન કહેવાય છે.

ઉપકરણેન્દ્રિય અને વિષયોનો સંબંધ ચાર પ્રાપ્યકારી ઇન્દ્રિયોમાં જ થાય છે, ચક્ષુ અને મન આ બંને અપ્રાપ્યકારી છે, તેથી તે બંનેનો વ્યંજનાવગ્રહ થતો નથી શેષ ચાર ઇન્દ્રિયોનો વ્યંજનાવગ્રહ થાય છે.

**અર્થાવગ્રહ :– अर्थस्यावग्रहोऽर्थावग्रहः । अनिर्देश्यसामान्यरूपाद्यर्थग्रहणमिति भावः ।** અર્થ–વિષયના ગ્રહણને અર્થાવગ્રહ કહે છે. જેનો નિર્દેશ થઈ શકે નહીં તેવું સામાન્યરૂપે વિષયોનું જ્ઞાન થાય, આ કાંઈક છે તેવું અત્યંત અસ્પષ્ટ જ્ઞાન થાય તેને અર્થાવગ્રહ કહે છે. તેમાં દૂરથી કાંઈ દેખાતા આ કંઈક દેખાય છે, તેવો માત્ર અસ્પષ્ટ બોધ થાય છે. અર્થાવગ્રહ પાંચ ઇન્દ્રિય અને નોઇન્દ્રિય–મનથી થાય છે, તેથી તેના છ ભેદ થાય છે. જે જીવોને જેટલી ઇન્દ્રિયો હોય તેટલા પ્રકારે અર્થાવગ્રહ થાય છે.

**ઈહા :–** અવગ્રહ દ્વારા જાણેલા અર્થમાં વિશેષ વિચારણા થાય તેને ઈહા કહે છે. તેમાં પદાર્થના સદ્‌ભૂત ગુણધર્મોની વિશેષ વિચારણા અને અસદ્‌ભૂત ગુણધર્મોનો ત્યાગ થવા રૂપ વિચારણા થાય છે. જેમ કે દૂરથી

દેખાતી વસ્તુ મનુષ્ય છે કે ઠૂંઠું ? તેવો સંશય થાય, ત્યાર પછી તેના પર વિશેષ વિચારણા કરતાં જણાય છે કે તેમાં હલનચલન થઈ રહ્યું છે તેથી તે મનુષ્ય હોવો જોઈએ, ઠૂંઠું લાગતું નથી.

આ રીતે ઈહાજ્ઞાન દ્વારા વ્યક્તિ સંશયને દૂર કરીને નિર્ણય તરફ ઝૂકી જાય છે પરંતુ ચોક્કસ નિર્ણય થતો નથી. ઈહાજ્ઞાન પણ પાંચ ઇન્દ્રિય અને મનથી થાય છે તેથી તેના છ ભેદ છે.

**અવાય :–** ઈહા દ્વારા જાણેલા પદાર્થનો ચોક્કસ બોધ થઈ જવો. આ મનુષ્ય જ છે, ઠૂંઠું નથી. આ પ્રકારના નિશ્ચયાત્મક બોધને અવાય કહે છે. તેના પણ પૂર્વવત્ છ ભેદ છે. જે જીવોને જેટલી ઇન્દ્રિયો હોય તેટલા પ્રકારે ઈહા અને અવાય તેને થાય છે.

**ધારણા :–** અવાય દ્વારા નિશ્ચિત થયેલા બોધને સંખ્યાત કે અસંખ્યાતકાલ પર્યંત સ્મૃતિ રૂપે ધારણ કરવું તેને ધારણા કહે છે. તેના પણ પૂર્વવત્ છ ભેદ છે.

પ્રસ્તુત પ્રસંગમાં ઇન્દ્રિય–અવાય અને ઇન્દ્રિય–ઈહાના જ ભેદોનું કથન કર્યું હોવાથી નોઇન્દ્રિય અવાય અને નોઇન્દ્રિય ઈહાના ભેદની ગણના કરી નથી, તેથી બંનેના પાંચ–પાંચ ભેદોનું જ કથન કર્યું છે.

તેમજ અન્ય સૂત્રોમાં મતિજ્ઞાનની ક્રમિક અવસ્થાઓ અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા તે રીતે ચાર અવસ્થાઓ છે. પરંતુ પ્રસ્તુત પ્રસંગમાં અવાય, ઈહા અને અવગ્રહ તે ક્રમથી નિરૂપણ કર્યું છે. અવગ્રહણમાં જ્ઞાન પ્રાપ્તિની સર્વ અવસ્થાઓ સમાવિષ્ટ છે, જ્યારે **उग्गह**–અવગ્રહમાં પ્રથમ અવસ્થાનું જ ગ્રહણ થાય છે. તે ઉપરાંત ધારણા મતિજ્ઞાનનો પણ પ્રસ્તુતમાં ઉલ્લેખ નથી. તેનું કારણ અજ્ઞાત છે.

**(૧૧) દ્રવ્યેન્દ્રિય દ્વાર :–**

**२० कइविहा णं भंते ! इंदिया पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा- दव्विंदिया य भाविंदिया य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઇન્દ્રિયોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઇન્દ્રિયોના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય.

**२१ कइ णं भंते ! दव्विंदिया पण्णत्ता ? गोयमा ! अट्ठ दव्विंदिया पण्णत्ता । तं जहा- दो सोया दो णेत्ता दो घाणा जीहा फासे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્રવ્યેન્દ્રિયોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! દ્રવ્યેન્દ્રિયોના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– બે શ્રોત, બે નેત્ર, બે ઘ્રાણ (નાક), એક જિહ્વા અને એક સ્પર્શન.

**२२ णेरइयाणं भंते । कइ दव्विंदिया पण्णत्ता ? गोयमा ! अट्ठ, एते चेव । एवं असुरकुमाराणं** *जाव* **थणियकुमाराणं वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલી દ્રવ્યેન્દ્રિયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોને આઠ દ્રવ્યેન્દ્રિયો છે. આ જ રીતે અસુરકુમારોથી સ્તનિતકુમારો સુધીના દશ ભવનપતિ દેવોને આઠ દ્રવ્યેન્દ્રિયો હોય છે.

**२३ पुढविकाइयाणं भंते ! कइ दव्विंदिया पण्णत्ता ? गोयमा ! एगे फासेंदिए पण्णत्ते। एवं** *जाव* **वणस्सइकाइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકોને કેટલી દ્રવ્યેન્દ્રિયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિકોને માત્ર એક સ્પર્શેન્દ્રિય છે. આ જ રીતે અપ્કાયિકો ***યાવત્*** વનસ્પતિકાયિકો સુધીના સ્થાવર જીવોને એક સ્પર્શેન્દ્રિય જ હોય છે.

**૨૪ बेइंदियाणं भंते ! कइ दव्विंदिया पण्णत्ता ? गोयमा ! दो दव्विंदिया पण्णत्ता, तं जहा- फासिंदिए य जिब्भिंदिए य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિયોને કેટલી દ્રવ્યેન્દ્રિયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બેઇન્દ્રિયોને બે દ્રવ્યેન્દ્રિયો છે, તે આ પ્રમાણે છે– સ્પર્શેન્દ્રિય અને જિહ્વેન્દ્રિય.

**૨૫ तेइंदियाणं भंते ! कइ दव्विंदिया पण्णत्ता ? गोयमा ! चत्तारि दव्विंदिया पण्णत्ता, तं जहा- दो घाणा जीहा फासे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેઇન્દ્રિયોને કેટલી દ્રવ્યેન્દ્રિયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઇન્દ્રિયોને ચાર દ્રવ્યેન્દ્રિયો છે, તે આ પ્રમાણે- બે ઘ્રાણ, એક જિહ્વેન્દ્રિય અને એક સ્પર્શેન્દ્રિય.

**૨૬ चउरिंदियाणं भंते ! कइ दव्विंदिया पण्णत्ता ? गोयमा ! छ दव्विंदिया पण्णत्ता, तं जहा- दो णेत्ता दो घाणा जीहा फासे । सेसाणं जहा णेरइयाणं *जाव* वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચૌરેન્દ્રિયોને કેટલી દ્રવ્યેન્દ્રિયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચૌરેન્દ્રિયોને છ દ્રવ્યેન્દ્રિયો છે, તે આ પ્રમાણે છે– બે નેત્ર, બે ઘ્રાણ, એક જિહ્વેન્દ્રિય અને એક સ્પર્શેન્દ્રિય. શેષ સર્વને ***યાવત્*** વૈમાનિક દેવોને નૈરયિકોની જેમ આઠ દ્રવ્યેન્દ્રિયો હોય છે, તે આ પ્રમાણે છે– બે શ્રોત્ર, બે ચક્ષુ, બે ઘ્રાણ, એક જિહ્વા, એક સ્પર્શેન્દ્રિય.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દ્રવ્યેન્દ્રિયોના પ્રકાર અને ૨૪ દંડકમાં તેની પ્રરૂપણા છે. ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોતેન્દ્રિય આમ તો એક જ છે, પરંતુ તેની રચના અને વિષય ગ્રહણ કરવાના બાહ્ય સ્થાનો બે–બે છે, તેથી તેના બે-બે ભેદ કર્યા છે. આ રીતે બે શ્રોત્ર, બે ચક્ષુ, બે ઘ્રાણ, એક જિહ્વા અને એક સ્પર્શન, કુલ આઠ દ્રવ્યેન્દ્રિય થાય છે.

**૨૪ દંડકના પ્રત્યેક જીવની ત્રૈકાલિક દ્રવ્યેન્દ્રિયો :–**

**૨૭ एगमेगस्स णं भंते ! णेरइयस्स केवइया दव्विंदिया अतीता ? गोयमा ! अणंता । केवइया बद्धेल्लगा ? गोयमा ! अट्ठ ।**

**केवइया पुरेक्खडा ? गोयमा ! अट्ठ वा सोलस वा सतरस वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકોને ભૂતકાલીન દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! પ્રત્યેક નૈરયિકને ભૂતકાલમાં દ્રવ્યેન્દ્રિયો અનંત થઈ છે. **પ્રશ્ન–** ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આઠ બદ્ધ દ્રવ્યેન્દ્રિયો છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકોને પુરસ્કૃત–ભવિષ્યમાં કેટલી દ્રવ્યેન્દ્રિયો થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! આઠ, સોળ, સંખ્યાત, અસંખ્યાત, અથવા અનંત દ્રવ્યેન્દ્રિયો થશે.

**૨૮ एगमेगस्स णं भंते! असुरकुमारस्स केवइया दव्विंदिया अतीता ? गोयमा ! अणंता। केवइया बद्धेल्लगा ? गोयमा ! अट्ठ ।**

**केवइया पुरेक्खडा ? गोयमा ! अट्ठ वा णव वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा । एवं** *जाव* **थणियकुमाराणं तहेव तं चेव भाणियव्वं ।**

**एवं पुढविक्काइय-आउक्काइय-वणस्सइकाइयस्स वि, णवरं- केवइया बद्धेल्लगा त्ति पुच्छाए उत्तरं एक्के फासिंदिए पण्णत्ते ।**

**एवं तेउक्काइय-वाउक्काइयस्स वि, णवरं- पुरेक्खडा णव वा दस वा ।**

**एवं बेइंदियाण वि । णवरं बद्धेल्लगपुच्छाए दोण्णि । एवं तेइंदियस्स वि, णवरं बद्धेल्लगा चत्तारि ।एवं चउरिंदियस्स वि, णवरं बद्धेल्लगा छ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક અસુરકુમારને ભૂતકાલમાં કેટલી દ્રવ્યેન્દ્રિયો થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પ્રત્યેક અસુરકુમાર દેવને ભૂતકાલમાં અનંત દ્રવ્યેન્દ્રિયો થઈ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક અસુરકુમાર દેવને બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આઠ દ્રવ્યેન્દ્રિયો છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક અસુરકુમાર દેવને પુરસ્કૃત–ભવિષ્યકાલમાં કેટલી દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! આઠ, નવ, સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત થશે.

આ જ રીતે નાગકુમારથી લઈને સ્તનિતકુમાર સુધીના દેવોની અતીત, બદ્ધ અને ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયોના વિષયમાં પણ કહેવું જોઈએ.

આ જ રીતે પૃથ્વીકાયિક અપ્કાયિક અને વનસ્પતિકાયિક જીવોની અતીત અને આગામી દ્રવ્યેન્દ્રિયોના વિષયમાં પણ જાણવું જોઈએ,વિશેષતા એ છે કે તે પ્રત્યેક જીવોને બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે? આ પ્રશ્નના ઉત્તરમાં એક સ્પર્શેન્દ્રિય છે, તેમ કથન કરવું.

આ જ રીતે તેજસ્કાયિક અને વાયુકાયિકની અતીત અને બદ્ધ દ્રવ્યેન્દ્રિયોના વિષયમાં પણ કહેવું જોઈએ. વિશેષતા એ છે કે તેઓને ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયો નવ, દશ, સંખ્યાતા આદિ હોય છે.

આ જ રીતે પ્રત્યેક બેઇન્દ્રિયની અતીત-આગામી દ્રવ્યેન્દ્રિયોના વિષયમાં પણ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે બેઇન્દ્રિયની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો બે કહેવી જોઈએ. આ જ રીતે તેઇન્દ્રિયની અતીત અને આગામી દ્રવ્યેન્દ્રિયોના વિષયમાં પણ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તેઇન્દ્રિયની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો ચાર છે. આ જ રીતે ચૌરેન્દ્રિયની પણ અતીત અને આગામી દ્રવ્યેન્દ્રિયોના વિષયમાં જાણવું જોઈએ. વિશેષતા એ છે કે ચૌરેન્દ્રિયની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો છ હોય છે.

**૨૯ पंचेदियतिरिक्खजोणिय-मणूस-वाणमंतर-जोइसिय-सोहम्मीसाणग देवस्स जहा असुरकुमारस्स । णवरं- मणूसस्स पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्सअत्थि अट्ठ वा णव वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને સૌધર્મ-ઈશાન દેવોની અતીત, બદ્ધ અને ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયોનું કથન અસુરકુમારની જેમ જાણવું જોઈએ. પરંતુ મનુષ્યમાં વિશેષતા એ છે કે ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયો કોઈક મનુષ્યને હોય છે, કોઈકને હોતી નથી. જેને હોય છે, તેને આઠ, નવ, સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત હોય છે.

**૩૦ सणंकुमार-माहिंद-बंभ-लंतग-सुक्क-सहस्सार-आणय-पाणय-आरण-अच्चुय-गेवेज्जग देवस्स य जहा णेरइयस्स ।**

**ભાવાર્થ :–** સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આણત, પ્રાણત આરણ, અચ્યુત અને ગ્રૈવેયક દેવની અતીત, બદ્ધ અને ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયોનું કથન નૈરયિકોની સમાન જાણવું જોઈએ.

**૩૧ एवमेगस्स णं भंते ! विजय-वेजयंत-जयंत-अपराजियदेवस्स केवइया दव्विंदिया अतीता ? गोयमा ! अणंता । केवइया बद्धेल्लगा ? गोयमा ! अट्ठ ।**

**केवइया पुरेक्खडा ? गोयमा ! अट्ठ वा सोलस वा चउवीसा वा संखेज्जा वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક વિજય, વૈજયન્ત, જયંત, અને અપરાજિત દેવની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત થઈ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! ચાર અનુત્તર વિમાનના દેવોને બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બદ્ધ દ્રવ્યેન્દ્રિયો આઠ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! ચાર અનુત્તર વિમાનના પ્રત્યેક દેવને ભવિષ્યમાં કેટલી દ્રવ્યેન્દ્રિયો થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! આઠ, સોળ, ચોવીસ કે સંખ્યાત દ્રવ્યેન્દ્રિયો થશે ?

**૩૨ सव्वट्ठसिद्धदेवस्स अतीता अणंता, बद्धेल्लगा अट्ठ, पुरेक्खडा अट्ठ ।**

**ભાવાર્થ :–** પ્રત્યેક સર્વાર્થસિદ્ધદેવને અતીત દ્રવ્યેન્દ્રિયો અનંત થઈ છે, બદ્ધ દ્રવ્યેન્દ્રિયો આઠ છે અને ભવિષ્યમાં આઠ દ્રવ્યેન્દ્રિયો થશે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં એક જીવની અપેક્ષાએ ચોવીસ દંડકના જીવોમાં ભૂતકાલીન, વર્તમાનકાલીન અને ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયનું નિરૂપણ છે.

**ભૂતકાલીન દ્રવ્યેન્દ્રિયો :–** પ્રત્યેક સંસારી જીવે ભૂતકાલમાં અનંત જન્મ-મરણ કર્યા છે, તેથી તે સર્વ જીવોની ભૂતકાલીન દ્રવ્યેન્દ્રિયો અનંત થાય છે.

**વર્તમાનકાલીન બદ્ધ દ્રવ્યેન્દ્રિયો :–** વર્તમાનમાં જીવને જે ભવનું જે જાતિનું શરીર હોય તે પ્રમાણે તેને દ્રવ્યેન્દ્રિયો હોય છે.

જેમ કે– પાંચ સ્થાવરના પાંચ દંડકના જીવોને એક માત્ર સ્પર્શેન્દ્રિય જ હોય છે. બેઈન્દ્રિયમાં સ્પર્શેન્દ્રિય અને જિહ્વેન્દ્રિય, આ બે દ્રવ્યેન્દ્રિયો હોય છે. તેઈન્દ્રિયમાં સ્પર્શેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને બે ઘ્રાણ, આ ચાર દ્રવ્યેન્દ્રિયો હોય છે. ચૌરેન્દ્રિયમાં સ્પર્શેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, બે ઘ્રાણ, બે ચક્ષુ, આ છ દ્રવ્યેન્દ્રિયો હોય છે અને પંચેન્દ્રિયમાં નારકી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો તથા તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય, આ સોળ દંડકના જીવોમાં આઠ-આઠ દ્રવ્યેન્દ્રિયો હોય છે.

**ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયો :–** જે જીવ ભવિષ્યમાં જેટલા ભવ ધારણ કરવાનો હોય, તે પ્રમાણે તેને ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત થાય છે.

**નૈરયિકની ભવિષ્યની દ્રવ્યેન્દ્રિયો :–** નારકી જીવ ભવિષ્યમાં આઠ, સોળ, સત્તર, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે.

**(૧) આઠ દ્રવ્યેન્દ્રિયો :–** કોઈ નારકી મૃત્યુ પામી મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને સિદ્ધ થાય, તો તેને મનુષ્ય ભવની **આઠ દ્રવ્યેન્દ્રિયો** પ્રાપ્ત થશે.

**(૨) સોળ દ્રવ્યેન્દ્રિયો :–** કોઈ નારકી મૃત્યુ પામી તિર્યંચ પંચેન્દ્રિયનો અથવા મનુષ્યનો ભવ કરીને ત્યારપછી બીજો મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને સિદ્ધ થાય, તો તેને તિર્યંચ પચેન્દ્રિય અથવા મનુષ્યના ભવની આઠ + બીજા મનુષ્ય ભવની આઠ = **સોળ દ્રવ્યેન્દ્રિયો** પ્રાપ્ત થશે.

**(૩) સત્તર, સંખ્યાત, અસંખ્યાત, અનંત દ્રવ્યેન્દ્રિયો :–** કોઈ નારકી મૃત્યુ પામી તિર્યંચ પંચેન્દ્રિય અને એકેન્દ્રિયનો ભવ કરીને ત્યારપછી મનુષ્યભવ પ્રાપ્ત કરીને સિદ્ધ થાય, તો તેને તિર્યંચ પંચેન્દ્રિયનાભવની આઠ + એકેન્દ્રિયની એક + મનુષ્યની આઠ = સત્તર દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત થશે. આ રીતે તે નારકી સંખ્યાત, અસંખ્યાત કે અનંત ભવ કરે, તો તે ક્રમશઃ સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયોને પ્રાપ્ત થશે.

**અસુરકુમારની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો :–** અસુરકુમાર દેવ મનુષ્ય ભવ પ્રાપ્ત કરી સિદ્ધ થાય તો પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો **આઠ હોય** છે. કોઈ અસુરકુમાર દેવ પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયનો ભવ કરીને પછી મનુષ્યભવ પ્રાપ્ત કરી સિદ્ધ થાય, તો તેને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિય પૃથ્વીકાયના ભવની એક + મનુષ્ય ભવની આઠ = **નવ હોય** છે. જે અસુરકુમાર દેવ સંખ્યાત, અસંખ્યાત કે અનંત ભવભ્રમણ કરે, તો તેને પુરસ્કૃત (આગામી)દ્રવ્યેન્દ્રિયો ક્રમશઃ સંખ્યાત, અસંખ્યાત અને અનંત હોય છે.

**પૃથ્વી–પાણી–વનસ્પતિકાયની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો :–** પૃથ્વીકાયિક આદિ જીવ મનુષ્યભવ પ્રાપ્ત કરીને સિદ્ધ થાય, તો તેને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો મનુષ્યના ભવ આશ્રી આઠ હોય છે. કોઈ પૃથ્વીકાયિક આદિ જીવ ફરી પૃથ્વીકાય આદિ એકેન્દ્રિયનો ભવ કરીને પછી મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને સિદ્ધ થાય, તો તેને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો **નવ હોય** છે.

**તેજસ્કાયિક, વાયુકાયિક અને વિકલેન્દ્રિયની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિય :–** તેજસ્કાયિક અને વાયુકાયિકો મનુષ્ય ભવ પામતા નથી. ત્રણ વિકલેન્દ્રિય જીવો મનુષ્ય ભવ તો પામી શકે, પરંતુ તે ભવમાં તેઓ સિદ્ધ થઈ શકતા નથી. તેથી તે જીવ અનંતર ભવમાં પૃથ્વી, પાણી કે વનસ્પતિમાં ઉત્પન્ન થઈને ત્યારપછી મનુષ્યભવ પ્રાપ્ત કરીને સિદ્ધ થાય, તો તે જીવને પૃથ્વી આદિના ભવની એક + મનુષ્ય ભવની આઠ = **નવ દ્રવ્યેન્દ્રિયો** થાય છે. જો તે જીવ બે વાર પૃથ્વી આદિના ભવ ધારણ કરીને ત્યાર પછી મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને સિદ્ધ થાય તો પૃથ્વી આદિના બે ભવની ક્રમશઃ ૧+૧ અને મનુષ્ય ભવની ૮ = ૧૦ દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે. આ રીતે તે જીવો પોતાના ભવભ્રમણ પ્રમાણે અગિયાર, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે.

**તિર્યંચ પંચેન્દ્રિય, વ્યંતર, જ્યોતિષી અને બે દેવલોકના દેવોની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો :–** તે જીવોને અસુરકુમારની જેમ આઠ, નવ, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત થશે.

**મનુષ્યોની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો :–** તદ્ભવ મોક્ષગામી મનુષ્યો આ મનુષ્ય જન્મમાં જ સિદ્ધ થાય છે તેને ભવિષ્યમાં દ્રવ્યેન્દ્રિયો થતી નથી. તે સિવાયના મનુષ્યોને ભવિષ્યમાં દ્રવ્યેન્દ્રિયો થાય છે. જે જીવ એક મનુષ્યભવ પ્રાપ્ત કરીને સિદ્ધ થાય, તેને **આઠ દ્રવ્યેન્દ્રિયો**, એક પૃથ્વીકાય આદિનો ભવ કરીને ત્યારપછી

મનુષ્યભવ પ્રાપ્ત કરીને સિદ્ધ થાય, તો **નવ દ્રવ્યેન્દ્રિયો** થાય છે. આ રીતે તેના ભવભ્રમણ પ્રમાણે સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો થાય છે.

**ત્રીજા દેવલોકથી નવ ગ્રૈવેયકના દેવોની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો :–** સનત્કુમારાદિ દેવ પૃથ્વીકાયાદિમાં ઉત્પન્ન થતા નથી. તે દેવ પંચેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે. તેઓને ભવિષ્યમાં નૈરયિકની જેમ આઠ, સોળ, સંખ્યાતાદિ દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત થશે.

**વિજયાદિ ચાર અનુત્તર વિમાનના દેવોની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો :–** જે અનંતરભવમાં જ મનુષ્યભવ પ્રાપ્ત કરીને સિદ્ધ થાય તેને આઠ દ્રવ્યેન્દ્રિયો થાય છે. એક વાર મનુષ્ય થઈને પુનઃમનુષ્યભવ પામી સિદ્ધ થાય, તેને સોળ દ્રવ્યેન્દ્રિયો થાય છે. જો એક મનુષ્ય, એક દેવ ભવ કરીને, પછી મનુષ્ય થઈ સિદ્ધ થાય તો તેને ૨૪ દ્રવ્યેન્દ્રિયો હોય છે. વિજયાદિ ચાર વિમાનના દેવ અસંખ્યાત ભવ કે અનંતભવ સુધી સંસારમાં રહેતા નથી, તેથી તેની દ્રવ્યેન્દ્રિયો સંખ્યાતી જ થાય છે; અસંખ્યાત કે અનંત થતી નથી.

**સવાર્થસિદ્ધ વિમાનના દેવની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો :–** સવાર્થસિદ્ધ વિમાનના દેવ નિયમા મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને તે જ ભવે સિદ્ધ થાય છે, તેથી તેની આગામી દ્રવ્યેન્દ્રિયો આઠ જ થાય છે.

**૨૪ દંડકના પ્રત્યેક જીવની ત્રૈકાલિક દ્રવ્યેન્દ્રિયો :–**

| જીવ પ્રકાર | ભૂત કાલીન | વર્તમાન કાલીન | ભવિષ્યકાલીન | ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયનું કારણ |
|---|---|---|---|---|
| નારકી | અનંત | ૮ | ૮, ૧૬, ૧૭ સંખ્યાત અસંખ્યાત, અનંત | મનુષ્ય જન્મ પામી મોક્ષે જાય તો ૮. તિર્યંચ પંચેન્દ્રિયના ભવ પછી મનુષ્ય જન્મમાં મોક્ષે જાય તો ૧૬. તિર્યંચ પંચેન્દ્રિય, પૃથ્વી આદિના ભવ પછી મોક્ષે જાય તો ૧૭, ૧૮ આદિ થાય. |
| દશ ભવનપતિ | અનંત | ૮ | ૮, ૯, ૧૦ સંખ્યાત અસંખ્યાત, અનંત | પૂર્વવત્ ૮. વચ્ચે એકેન્દ્રિયનો ભવ કરે તો ૯, ૧૦ આદિ થાય. |
| પૃથ્વી, પાણી, વનસ્પતિ | અનંત | ૧ | ૮, ૯, ૧૦ સંખ્યાત અસંખ્યાત, અનંત | પૂર્વવત્ ૮. વચ્ચે એકેન્દ્રિયનો ભવ કરે તો ૯, ૧૦ આદિ થાય. |
| તેઉકાય, વાયુકાય | અનંત | ૧–૧ | ૯, ૧૦ સંખ્યાત અસંખ્યાત, અનંત | પૃથ્વી આદિનો એક ભવ કરીને મનુષ્ય જન્મમાંથી મોક્ષે જાય તો ૯. બે વાર એકેન્દ્રિયના ભવ કરીને મનુષ્ય જન્મમાંથી મોક્ષે જાય તો ૧૦. |
| ત્રણ વિકલેન્દ્રિય | અનંત | ૨,૪,૬ | ૯, ૧૦ સંખ્યાત અસંખ્યાત, અનંત | તેઉકાય–વાયુકાયની સમાન |
| તિર્યંચ પંચેન્દ્રિય | અનંત | ૮ | ૮, ૯, ૧૬ સંખ્યાત અસંખ્યાત, અનંત | ભવનપતિની સમાન |
| મનુષ્ય | અનંત | ૮ | × / ૮, ૯, ૧૬ સંખ્યાત, અસંખ્યાત, અનંત | તદ્ભવ મોક્ષગામીને ભવિષ્યમાં દ્રવ્યેન્દ્રિય પ્રાપ્ત થતી નથી. બીજા મનુષ્યોને પ્રાપ્ત થાય તો ૮, ૯ વગેરે ભવનપતિની સમાન |

| જીવ પ્રકાર | ભૂત કાલીન | વર્તમાન કાલીન | ભવિષ્યકાલીન | ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયનું કારણ |
|---|---|---|---|---|
| વ્યંતર, જ્યોતિષી બે દેવલોકના દેવો | અનંત | ૮ | ૮, ૯, ૧૦, સંખ્યાત, અસંખ્યાત, અનંત | ભવનપતિની જેમ |
| ત્રીજા દેવલોકથી નવ ગ્રૈવેયકના દેવો | અનંત | ૮ | ૮, ૧૬, ૧૭ સંખ્યાત અસંખ્યાત, અનંત | નારકીની જેમ |
| ચાર અનુત્તર વિમાન | અનંત | ૮ | ૮, ૧૬, ૨૪, સંખ્યાત | મનુષ્ય જન્મ પામી મોક્ષે જાય તો **૮**. બે વાર મનુષ્ય જન્મ પામી મોક્ષે જાય તો **૧૬**.મનુષ્ય, દેવ, મનુષ્ય, તેમ ત્રણ ભવે મોક્ષે જાય તો **૨૪–૩૨** આદિ થાય. |
| સર્વાર્થસિદ્ધ | અનંત | ૮ | ૮ | એક મનુષ્યભવ પામી મોક્ષે જાય તેથી ૮ થાય |

★ કોઈપણ જીવ સંખ્યાતા ભવ કરીને મોક્ષે જાય, તે સંખ્યાત દ્રવ્યેન્દ્રિયો પામે છે. અસંખ્યાત ભવ કરીને મોક્ષે જાય, તે અસંખ્યાત દ્રવ્યોન્દ્રિયો પામે છે. અનંત ભવ કરીને મોક્ષે જાય, તે અનંત દ્રવ્યેન્દ્રિયો પામે છે.

**૨૪ દંડકના અનેક જીવોની ત્રૈકાલિક દ્રવ્યેન્દ્રિયો :–**

**૩૩ णेरइयाणं भंते ! केवइया दव्विंदिया अतीता ? गोयमा ! अणंता । केवइया बद्धेल्लगा ? गोयमा ! असंखेज्जा । केवइया पुरेक्खडा ? गोयमा ! अणंता । एवं** *जाव* **गेवेज्जगदेवाणं, णवरं– मणूसाणं बद्धेल्लगा सिय संखेज्जा सिय असंखेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકોને ભૂતકાલમાં કેટલી દ્રવ્યેન્દ્રિયો થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત દ્રવ્યેન્દ્રિયો થઈ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકોને બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી હોય છે? **ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્યાત દ્રવ્યેન્દ્રિયો હોય છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિકોને પુરસ્કૃત–ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત દ્રવ્યેન્દ્રિયો થશે.

આ રીતે અનેક અસુરકુમારથી લઈને ***યાવત્*** અનેક ગ્રૈવેયકદેવો સુધીની અતીત, બદ્ધ અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયોના વિષયમાં જાણવું જોઈએ. અર્થાત્ ભવનપતિ, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય મનુષ્ય, વ્યંતર, જ્યોતિષ્ક અને ગ્રૈવેયક સુધીના વૈમાનિક દેવોને ભૂતકાલીન દ્રવ્યેન્દ્રિયો અનંત, વર્તમાનમાં બદ્ધ દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાત અને ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયો અનંત થશે. તેમાં વિશેષતા એ છે કે મનુષ્યોની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કદાચિત્ સંખ્યાત અને કદાચિત્ અસંખ્યાત હોય છે.

**૩૪ विजय-वेजयंत-जयंत-अपराजियदेवाणं केवइया दव्विंदिया अतीता ? गोयमा ! अतीता अणंता, बद्धेल्लगा असंखेज्जा, पुरेक्खडा असंखेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક વિજય, વૈજયન્ત, જયંત અને અપરાજિત વિમાનના દેવોની અતીત, બદ્ધ અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓની અતીત દ્રવ્યેન્દ્રિયો અનંત છે, બદ્ધ દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાત છે અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાત છે.

**૩૫** **सव्वट्ठसिद्धगदेवाणं केवइया दव्विंदिया अतीता ? गोयमा ! अतीता अणंता, बद्धेल्लगा संखेज्जा, पुरेक्खडा संखेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોની અતીત, બદ્ધ, પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓની અતીત દ્રવ્યેન્દ્રિયો અનંત છે, બદ્ધ દ્રવ્યેન્દ્રિયો સંખ્યાત છે અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો સંખ્યાત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ૨૪ દંડકના અનેક જીવોમાં ત્રૈકાલિક દ્રવ્યેન્દ્રિયોનું નિરૂપણ છે.

**અતીતકાલીન દ્રવ્યેન્દ્રિયો :–** ૨૪ દંડકના અનેક જીવોનું સંસાર પરિભ્રમણ અનંતકાલીન છે, તેથી અનેક જીવોની અપેક્ષાએ ચોવીસે દંડકના જીવોમાં અતીતકાલીન અનંત દ્રવ્યેન્દ્રિયો થાય છે.

**બદ્ધ દ્રવ્યેન્દ્રિયો :–** ૨૪ દંડકના અનેક જીવોની શરીરની સંખ્યા પ્રમાણે બદ્ધ દ્રવ્યેન્દ્રિયો થાય છે. **સર્વાર્થસિદ્ધ વિમાનમાં** દેવો સંખ્યાત છે તેથી તેમાં અનેક જીવોની અપેક્ષાએ પણ સંખ્યાતા બદ્ધ દ્રવ્યેન્દ્રિયો હોય છે. **વનસ્પતિકાયમાં** જીવો અનંત છે પણ તેઓના શરીર અસંખ્યાતા જ હોવાથી શરીરાશ્રિત બદ્ધ– દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાત જ હોય છે. **મનુષ્યોમાં** ગર્ભજ મનુષ્યો સંખ્યાતા જ હોય છે પરંતુ સંમૂર્ચ્છિમ મનુષ્યો અસંખ્યાતા હોય છે, તેથી સમુચ્ચય મનુષ્યોની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાત છે. સંમૂર્ચ્છિમ મનુષ્યોના ચોવીસ મુહૂર્તના વિરહકાલમાં તે જીવો એક પણ ન હોય, ફક્ત ગર્ભજ મનુષ્યો જ હોય છે ત્યારે ગર્ભજ મનુષ્યોની અપેક્ષાએ બદ્ધ દ્રવ્યેન્દ્રિયો સંખ્યાત જ હોય છે. તેથી સૂત્રમાં મનુષ્યો માટે સંખ્યાત અથવા અસંખ્યાત બદ્ધ દ્રવ્યેન્દ્રિયનું કથન છે. શેષ પ્રત્યેક દંડકના જીવોમાં અસંખ્યાત જીવો હોવાથી બદ્ધ દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાત જ હોય છે.

**પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો :–** પાંચ અનુત્તર વિમાનના દેવોને છોડીને શેષ દંડકના જીવોને ભવિષ્યમાં અનંતકાલીન ભવભ્રમણની સંભાવના છે. તેથી અનેક જીવોની અપેક્ષાએ તે દરેક દંડકના જીવોમાં અનંત ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયો હોય છે. **ચાર અનુત્તર વિમાનના દેવોને–** ભવિષ્યમાં સંખ્યાતકાલનું સંસાર પરિભ્રમણ શેષ હોય છે. પરંતુ તે દેવોની સંખ્યા અસંખ્યાત હોવાથી અનેક દેવોની અપેક્ષાએ તેની ભવિષ્યકાલીન અસંખ્યાત દ્રવ્યેન્દ્રિયો થાય છે. **સર્વાર્થસિદ્ધ વિમાનના સમસ્ત દેવો** એકાવતારી છે અને તે દેવોની સંખ્યા પણ સંખ્યાત જ છે તેથી અનેક દેવોની અપેક્ષાએ તેની સંખ્યાત પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો થાય છે.

**૨૪ દંડકનાં અનેક જીવોની ત્રૈકાલિક ઇન્દ્રિયો :–**

| જીવ પ્રકાર | ભૂતકાલીન દ્રવ્યેન્દ્રિયો | વર્તમાનકાલીન–બદ્ધ દ્રવ્યેન્દ્રિયો | ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયો |
|---|---|---|---|
| નારકી, દશ ભવનપતિ વ્યંતર, જ્યોતિષી, ૧ થી ૧૨ દેવલોક, નવ ગ્રૈવેયકના દેવો | અનંત | જીવો અસંખ્યાત હોવાથી **અસંખ્યાત** | અનંતકાલીન ભવભ્રમણની સંભાવના હોવાથી **અનંત** |
| ચાર અનુત્તર વિમાનના દેવો | અનંત | દેવો અસંખ્યાત હોવાથી **અસંખ્યાત** | સંખ્યાતકાલીન ભવભ્રમણ હોવા છતાં દેવો અસંખ્યાત હોવાથી **અસંખ્યાત** |

| જીવ પ્રકાર | ભૂતકાલીન દ્રવ્યેન્દ્રિયો | વર્તમાનકાલીન–બદ્ધ દ્રવ્યેન્દ્રિયો | ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયો |
|---|---|---|---|
| સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો | અનંત | દેવો સંખ્યાત હોવાથી **સંખ્યાત** | એક જ ભવ બાકી હોવાથી અને દેવોની સંખ્યા પણ સંખ્યાત હોવાથી **સંખ્યાત** |
| પાંચ સ્થાવર | અનંત | **અનંત** | અનંતકાલીન ભવભ્રમણની અપેક્ષાએ **અનંત** |
| ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય | અનંત | જીવો અસંખ્યાત હોવાથી **અસંખ્યાત** | અનંતકાલીન ભવભ્રમણની અપેક્ષાએ **અનંત** |
| મનુષ્યો | અનંત | **અસંખ્યાત** (અસંખ્યાત શરીર હોવાથી) સંમૂર્ચ્છિમ મનુષ્યના વિરહમાં ગર્ભજ મનુષ્યોની અપેક્ષાએ સંખ્યાત અને સંમૂર્ચ્છિમ મનુષ્યની અપેક્ષાએ અસંખ્યાત | અનંતકાલીન ભવભ્રમણની અપેક્ષાએ **અનંત** |

**૨૪ દંડકના પ્રત્યેક જીવની ૨૪ દંડક આશ્રી ત્રૈકાલિક દ્રવ્યેન્દ્રિયો :–**

**૩૬ एगमेगस्स णं भंते ! णेरइयस्स णेरइयत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा ! अणंता । केवइया बद्धेल्लगा ? गोयमा ! अट्ठ ।**

**केवइया पुरेक्खडा ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ वा सोलस वा चउवीसा वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને નૈરયિકપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ છે? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત દ્રવ્યેન્દ્રિયો થઈ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને નૈરયિકપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આઠ બદ્ધ દ્રવ્યેન્દ્રિય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને નૈરયિકપણાની કેટલી પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિય થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો, કોઈક નારકીઓને થશે અને કોઈકને થશે નહીં. જેને થશે તેને આઠ, સોળ ચોવીસ, સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત થશે.

**૩૭ एगमेगस्स णं भंते ! णेरइयस्स असुरकुमारत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा! अणंता । केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि ।**

**केवइया पुरेक्खडा ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ वा सोलस वा चउवीसा वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा । एवं *जाव* थणियकुमारत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને અસુરકુમારપણાની અતીત દ્રવ્યેંદ્રિયો કેટલી થઈ છે? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત દ્રવ્યેન્દ્રિયો થઈ છે.**પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને અસુરકુમારપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બદ્ધ નથી.

**પ્રશ્ન**– હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને અસુરકુમારપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર**– હે ગૌતમ ! કેટલાક નારકીઓને થશે અને કેટલાકને થશે નહીં, જેને થશે તેને આઠ, સોળ, ચોવીશ, સંખ્યાત અસંખ્યાત અથવા અનંત દ્રવ્યેન્દ્રિયો થશે. આ રીતે પ્રત્યેક નૈરયિકને નાગકુમારથી લઈને સ્તનિતકુમારપણાની અતીત, બદ્ધ અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયોના વિષયમાં કહેવું જોઈએ.

**૩૮ एगमेगस्स णं भंते ! णेरइयस्स पुढविकाइयत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा ! अणंता । केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि ।**

**केवइया पुरेक्खडा ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि एक्को वा दो वा तिण्णि वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा । एवं *जाव* वणस्सइकाइयत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને પૃથ્વીકાયપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ ? **ઉત્તર**– હે ગૌતમ ! અનંત દ્રવ્યેન્દ્રિયો થઈ છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને પૃથ્વીકાયપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તેઓની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો નથી.

**પ્રશ્ન**– હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને પૃથ્વીકાયપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી પ્રાપ્ત થશે ? **ઉત્તર**– હે ગૌતમ ! કેટલાક નૈરયિકને થશે, કેટલાકને થશે નહીં, જેને થશે તેને એક, બે, ત્રણ, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો થશે. આ રીતે પ્રત્યેક નારકીઓની અપ્કાયથી વનસ્પતિકાયિકપણાની અતીત, બદ્ધ અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયોના વિષયમાં કહેવું જોઈએ.

**૩૯ एगमेगस्स णं भंते ! णेरइयस्स बेइंदियत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा ! अणंता । केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि ।**

**केवइया ! पुरेक्खडा ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि दो वा चत्तारि वा छ वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा । एवं तेइंदियत्ते वि, णवरं- पुरेक्खडा चत्तारि वा अट्ठ वा बारस वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा । एवं चउरिंदियत्ते वि, णवरं पुरेक्खडा छ वा बारस वा अट्ठारस वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा । पंचेंदियतिरिक्खजोणियत्ते जहा असुरकुमारत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને બેઈન્દ્રિયપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ ? **ઉત્તર**– હે ગૌતમ ! અનંત દ્રવ્યેન્દ્રિયો થઈ છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને બેઈન્દ્રિયપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર**– હે ગૌતમ ! બદ્ધ દ્રવ્યેન્દ્રિયો નથી.

**પ્રશ્ન**– હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને બેઈન્દ્રિયપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર**– હે ગૌતમ ! કેટલાક નૈરયિકને થશે અને કેટલાકને થશે નહીં. જેને થશે તેને બે, ચાર, છ, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો થશે. આ જ રીતે પ્રત્યેક નૈરયિકને તેઈન્દ્રિયપણાની અતીત અને બદ્ધ દ્રવ્યેન્દ્રિયના વિષયમાં જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તેની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો ચાર, આઠ, બાર,સંખ્યાત, અસંખ્યાત કે અનંત હોય છે.

આ જ રીતે પ્રત્યેક નૈરયિકને ચૌરેન્દ્રિયપણાની અતીત અને બદ્ધ દ્રવ્યેદ્રિયોના વિષયમાં જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તેને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો છ, બાર, અઢાર, સંખ્યાત, અસંખ્યાત કે અનંત પ્રાપ્ત થશે.

પ્રત્યેક નૈરયિકને પંચેન્દ્રિય તિર્યંચપણે અતીત, બદ્ધ અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયોના વિષયમાં અસુરકુમારપણે પ્રાપ્ત થતી દ્રવ્યેન્દ્રિયોના વિષયમાં કહ્યું છે, તે પ્રમાણે કહેવું જોઈએ.

**૪૦ मणुसत्ते वि एवं चेव, णवरं- केवइया पुरेक्खडा ? गोयमा ! अट्ठ वा सोलस वा चउवीसा वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा । सव्वेसिं मणुसवज्जाणं पुरेक्खडा मणुसत्ते कस्सइ अत्थि कस्सइ णत्थि त्ति एवं ण वुच्चइ ।**

**ભાવાર્થ :–** પ્રત્યેક નૈરયિકને મનુષ્યપણાની અતીતાદિ દ્રવ્યેન્દ્રિયોના વિષયમાં પણ આ જ રીતે કહેવું જોઈએ. વિશેષતાએ છે કે **પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને મનુષ્યપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! આઠ, સોળ, ચોવીશ, સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત દ્રવ્યેન્દ્રિયો થશે.

મનુષ્યોને છોડીને શેષ ૨૩ દંડકોના જીવોને મનુષ્યપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો "કેટલાકને થશે અને કેટલાકને થશે નહીં," એ પ્રમાણે કહેવું નહીં અર્થાત્ **૨૩ દંડકના જીવોને ભવિષ્યકાલમાં મનુષ્યપણાની દ્રવ્યેન્દ્રિયો થાય જ છે.**

**૪૧ वाणमंतर-जोइसिय-सोहम्मग *जाव* गेवेज्जगदेवत्ते अतीता अणंता । बद्धेल्लगा णत्थि। पुरेक्खडा कस्सइ अत्थि, कस्सइ णत्थि; जस्स अत्थि अट्ठ वा सोलस वा चउवीसा वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा ।**

**ભાવાર્થ :–** પ્રત્યેક નૈરયિકને વાણવ્યંતર, જ્યોતિષ્ક અને સૌધર્મ દેવલોકથી લઈને ગ્રૈવેયક સુધીના દેવરૂપે અતીત દ્રવ્યેન્દ્રિયો અનંત છે. બદ્ધ નથી અને પુરસ્કૃત ઈન્દ્રિયો કેટલાકને થશે, કેટલાકને થશે નહીં, જેને થશે તેને આઠ, સોળ, ચોવીસ, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો થશે.

**૪૨ एगमेगस्स णं भंते ! णेरइयस्स विजय-वेजयंत-जयंत-अपराजियदेवत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा ! णत्थि । केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि । केवइया पुरेक्खडा ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ वा सोलस वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત વિમાનના દેવપણાની કેટલી અતીત દ્રવ્યેન્દ્રિયો થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અતીત દ્રવ્યેન્દ્રિયો હોતી નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને ચાર અનુત્તર વિમાનના દેવપણાની બદ્ધ દ્રવ્યેંદ્રિયો કેટલી હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બદ્ધ દ્રવ્યેન્દ્રિયો હોતી નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને ચાર અનુત્તર વિમાનના દેવપણાની આગામી દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાકને થશે, કેટલાકને થશે નહીં; જેને પ્રાપ્ત થશે તેને આઠ કે સોળ દ્રવ્યેન્દ્રિયો થશે.

**૪૩ सव्वट्ठसिद्धगदेवत्ते अतीता णत्थि; बद्धेल्लगा णत्थि; पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ ।**

**ભાવાર્થ :–** પ્રત્યેક નૈરયિકને સર્વાર્થસિદ્ધ દેવપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો નથી, બદ્ધ પણ નથી, પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલાકને થશે અને કેટલાકને થશે નહીં; જેને થશે તેને આઠ દ્રવ્યેન્દ્રિયો થશે.

**૪૪** **एवं जहा णेरइयदंडओ णीओ तहा असुरकुमारेण वि णेयव्वो** *जाव* **पंचेंदिय-तिरिक्खजोणिएणं । णवरं जस्स सट्ठाणे जइ इंदियाणि तस्स तत्तिया बद्धेल्लगा भाणियव्वा।**

**ભાવાર્થ :–** જે રીતે પ્રત્યેક નૈરયિકને નૈરયિકાદિ ૨૪ દંડકપણે પ્રાપ્ત થતી અતીત, બદ્ધ અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયોના વિષયમાં કથન કર્યું છે. તે જ રીતે અસુરકુમારથી સ્તનિતકુમાર સુધીના દેવો તથા પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિયો, પંચેંદ્રિય તિર્યંચો સુધીના વિષયમાં કહેવું જોઈએ. વિશેષતા એ છે કે જેની સ્વસ્થાનમાં જેટલી દ્રવ્યેન્દ્રિયો છે, તેને તેટલી બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કહેવી જોઈએ.

**૪૫** **एगमेगस्स णं भंते ! मणुसस्स णेरइयत्ते केवइया दव्वेंदिया अतीता ? गोयमा ! अणंता । केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि ।**

**केवइया पुरेक्खडा ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ वा सोलस वा चउवीसा वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा ।**

**एवं** *जाव* **पंचेदियतिरिक्खजोणियत्ते, णवरं- एगिंदिय-विगलिंदिएसु जस्स जत्तिया पुरेक्खडा तस्स तत्तिया भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક મનુષ્યને નૈરયિકપણે અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ છે? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત દ્રવ્યેન્દ્રિયો થઈ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક મનુષ્યને નૈરયિકપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બદ્ધ દ્રવ્યેન્દ્રિયો હોતી નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક મનુષ્યને નૈરયિકપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી પ્રાપ્ત થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાકને પ્રાપ્ત થશે, કેટલાકને પ્રાપ્ત થશે નહીં, જેને પ્રાપ્ત થશે, તેને આઠ, સોળ, ચોવીસ, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત થશે.

આ જ રીતે પ્રત્યેક મનુષ્યને ભવનપતિથી ***યાવત્*** પંચેન્દ્રિય તિર્યંચોપણે પ્રાપ્ત અતીત, બદ્ધ અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયોના વિષયમાં કહેવું જોઈએ. વિશેષતા એ છે કે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોમાંથી જેને જેટલી પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો થાય, તદનુસાર તેની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કહેવી જોઈએ. (અર્થાત્ પ્રત્યેક મનુષ્યને ભવનપતિ, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયપણે ભૂતકાલીન દ્રવ્યેન્દ્રિયો અનંત થઈ છે, વર્તમાનમાં બદ્ધ દ્રવ્યેન્દ્રિયો નથી અને ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયો **ભવનપતિ** અને **તિર્યંચ પંચેન્દ્રિય**પણે કોઈને થશે, કોઈને નહીં થશે; જો થશે તો આઠ, સોળ ***યાવત્*** અનંત થશે. **એકેન્દ્રિયપણે** એક, બે, ત્રણ ***યાવત્*** અનંત થશે; **બેઈન્દ્રિયપણે** બે, ચાર ***યાવત્*** અનંત થશે; **તેઈન્દ્રિયપણે** ચાર, આઠ ***યાવત્*** અનંત થશે અને **ચૌરેન્દ્રિયપણે** છ, બાર ***યાવત્*** અનંત દ્રવ્યેન્દ્રિયો થશે.)

**૪૬** **एगमेगस्स ण भंते ! मणूसस्स मणूसत्ते केवइया दव्विंदिया अतीता? गोयमा ! अणंता । केवइया बद्धेल्लगा ? गोयमा ! अट्ठ ।**

**केवइया पुरेक्खडा ? कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ वा सोलस वा चउवीसा वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा । वाणमंतर-जोइसिय** *जाव* **गेवेज्जगदेवत्ते जहा णेरइयत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક મનુષ્યને મનુષ્યપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત દ્રવ્યેન્દ્રિયો થઈ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક મનુષ્યને મનુષ્યપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આઠ દ્રવ્યેન્દ્રિયો છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક મનુષ્યને મનુષ્યપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર–** હે ગૌતમ! કેટલાકને થશે, કેટલાકને થશે નહીં. જેને થશે, તેને આઠ, સોળ, ચોવીસ, સંખ્યાત, અસંખ્યાત કે અનંત થશે. આ રીતે પ્રત્યેક મનુષ્યને વાણવ્યંતર, જ્યોતિષ્ક અને સૌધર્મ દેવલોકથી લઈને ***યાવત્*** ગ્રૈવેયક દેવપણાની અતીત આદિ દ્રવ્યેન્દ્રિયોનું કથન કરવું જોઈએ.

**૪૭ एगमेगस्स णं भंते! मणूसस्स विजय-वेजयंत-जयंत-अपराजियदेवत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ वा सोलस वा । केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि । केवइया पुरेक्खडा ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ वा सोलस वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક મનુષ્યને વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત દેવપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાકને થઈ છે, કેટલાકને થઈ નથી, જેને થઈ છે તેને આઠ કે સોળ દ્રવ્યેન્દ્રિયો થઈ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક મનુષ્યની ચાર અનુત્તર વિમાનના દેવપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક મનુષ્યની ચાર અનુત્તર વિમાનના દેવપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાકને થશે અને કેટલાકને થશે નહીં. જેને થશે, તેને આઠ કે સોળ જ થશે.

**૪૮ एगमेगस्स णं भंते ! मणूसस्स सव्वट्ठसिद्धगदेवत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ । केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि ।**

**केवइया पुरेक्खडा ? गोयमा कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ । वाणमंतर-जोइसिए जहा णेरइए ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક મનુષ્યને સર્વાર્થસિદ્ધ દેવપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ છે? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાકને થઈ છે, કેટલાકને થઈ નથી. જેને થઈ છે તેને આઠ થઈ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક મનુષ્યને સર્વાર્થસિદ્ધ વિમાનના દેવપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! હોતી નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક મનુષ્યને સર્વાર્થસિદ્ધ વિમાનના દેવપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાકને થશે, કેટલાકને થશે નહીં. જેને થશે તેને આઠ દ્રવ્યેન્દ્રિયો થશે.

વાણવ્યંતર અને જ્યોતિષ્ક દેવની અતીત, બદ્ધ અને પુરસ્કૃત દ્રવ્યેંદ્રિયોની વક્તવ્યતા પણ નૈરયિકની વક્તવ્યતા સમાન કહેવી જોઈએ.

**૪૯ सोहम्मगदेवे वि जहा णेरइए, णवरं- सोहम्मगदेवस्स विजय-वेजयंत-जयंत अपराजियत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्सत्थि अट्ठ । केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि ।**

**केवइया पुरेक्खडा ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ वा सोलस वा । सव्वट्ठसिद्धगदेवत्ते जहा णेरइयस्स । एवं** *जाव* **गेवेज्जगदेवस्स सव्वट्ठ सिद्धगदेवत्ते ताव णेयव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૌધર્મકલ્પ દેવની અતીતાદિ દ્રવ્યેન્દ્રિયોની વક્તવ્યતા પણ નૈરયિકની વક્તવ્યતા સમાન કહેવી જોઈએ. વિશેષતા એ છે કે સૌધર્મ દેવને વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત દેવપણે અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાકને હોય છે અને કેટલાકને હોતી નથી, જેને હોય છે તેને આઠ હોય છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મ કલ્પના દેવોને ચાર અનુત્તર વિમાનના દેવપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બદ્ધ દ્રવ્યેન્દ્રિયો નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મ કલ્પના દેવને ચાર અનુત્તર વિમાનના દેવપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાકને થશે, કેટલાકને થશે નહીં, જેને થશે તેને આઠ કે સોળ જ થશે. સૌધર્મ દેવની સર્વાર્થસિદ્ધ દેવપણામાં અતીત, બદ્ધ કે પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયોની વક્તવ્યતા જેમ નૈરયિકને સર્વાર્થસિદ્ધ દેવપણાની વક્તવ્યતા કહી છે, તે પ્રમાણે જાણવી.

આ જ રીતે ઈશાન દેવલોકથી લઈને ગ્રૈવેયકદેવ સુધીની ***યાવત્*** સર્વાર્થસિદ્ધ દેવપણે અતીત, બદ્ધ, પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયોની વક્તવ્યતા જાણવી જોઈએ.

**૫૦ एगमेगस्स णं भंते ! विजय-वेजयंत-जयंत-अपराजियदेवस्स णेरइयत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा ! अणंता । केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि ।**

**केवइया पुरेक्खडा ? गोयमा ! णत्थि । एवं** *जाव* **पंचेंदियतिरिक्खजोणियत्ते ।**

**मणूसत्ते अतीता अणंता, बद्धेल्लगा णत्थि, पुरेक्खडा अट्ठ वा सोलस वा चउवीसा वा संखेज्जा वा । वाणमंतर-जोइसियत्ते जहा णेरइयत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત દેવને નૈરયિકપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત દ્રવ્યેન્દ્રિયો થઈ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! ચાર અનુત્તર વિમાનના પ્રત્યેક દેવને નૈરયિકપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બદ્ધ દ્રવ્યેન્દ્રિયો નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! ચાર અનુત્તર વિમાનના પ્રત્યેક દેવને નૈરયિકપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે દેવને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો થશે નહીં.

આ જ રીતે વિજયાદિ ચાર અનુત્તર વિમાનના પ્રત્યેક દેવની અસુરકુમારથી લઈને ***યાવત્*** તિર્યંચ પંચેન્દ્રિયરૂપે અતીત, બદ્ધ, પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયોની વક્તવ્યતા પણ જાણવી જોઈએ.

ચાર અનુત્તર વિમાનના પ્રત્યેક દેવને મનુષ્યપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો અનંત થઈ છે, બદ્ધ દ્રવ્યેન્દ્રિયો નથી, પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો આઠ, સોળ કે ચોવીસ અથવા સંખ્યાત પ્રાપ્ત થશે.

આ જ રીતે ચાર અનુત્તર વિમાનના પ્રત્યેક દેવને વાણવ્યંતર અને જ્યોતિષ્ક દેવપણાની અતીત, બદ્ધ અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો સંબંધી વકતવ્યતા નૈરયિકની અતીતાદિ વકતવ્યતા અનુસાર જાણવી જોઈએ.

**૫૧ सोहम्मगदेवत्ते अतीता अणंता । बद्धेल्लगा णत्थि । पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ वा सोलस वा चउवीसा वा संखेज्जा वा । एवं *जाव* गेवेज्जगदेवत्ते ।**

**ભાવાર્થ :–** ચાર અનુત્તર વિમાનના પ્રત્યેક દેવને સૌધર્મ દેવપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો અનંત થઈ છે, બદ્ધ દ્રવ્યેન્દ્રિયો નથી અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલાક દેવને પ્રાપ્ત થશે, કેટલાકને પ્રાપ્ત થશે નહીં, જેને થશે તેને આઠ, સોળ, ચોવીસ કે સંખ્યાત પ્રાપ્ત થશે.

આ જ રીતે ચાર અનુત્તર વિમાનના પ્રત્યેક દેવની ઈશાન દેવલોકના દેવથી લઈને ***યાવત્*** ગ્રૈવેયક સુધીના દેવપણાની અતીતાદિ દ્રવ્યેન્દ્રિયો સંબંધી વક્તાવ્યતા જાણવી જોઈએ.

**૫૨ विजय-वेजयंत-जयंत-अपराजियत्ते कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ । केवइया बद्धेल्लगा ? गोयमा ! अट्ठ ।**

**केवइया पुरेक्खडा ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ ।**

**ભાવાર્થ :–** આ રીતે ચાર અનુત્તર વિમાનના પ્રત્યેક દેવની વિજય, વૈજયન્ત, જયંત અને અપરાજિત દેવપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલાકને હોય છે, કેટલાકને હોતી નથી, જેને હોય છે, તેને આઠ હોય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! ચાર અનુત્તર વિમાનના પ્રત્યેક દેવને ચાર અનુત્તર વિમાનના દેવપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આઠ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! ચાર અનુત્તર વિમાનના પ્રત્યેક દેવને ચાર અનુત્તર વિમાનના દેવપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાકને થશે, કેટલાને થશે નહીં, જેને થશે, તેને આઠ જ થશે.

**૫૩ एगमेगस्स णं भंते ! विजय-वेजयंत-जयंत-अपराजियदेवस्स सव्वट्ठसिद्धगदेवत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा ! णत्थि । केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि।**

**केवइया पुरेक्खडा ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વિજય, વૈજયન્ત, જયંત અને અપરાજિત વિમાનના પ્રત્યેક દેવને સર્વાર્થસિદ્ધ વિમાનના દેવપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! થઈ નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! ચાર અનુત્તર વિમાનના પ્રત્યેક દેવને સર્વાર્થસિદ્ધ વિમાનના દેવપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! ચાર અનુત્તર વિમાનના પ્રત્યેક દેવને સર્વાર્થસિદ્ધ વિમાનના દેવપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાકને થશે, કેટલાને થશે નહીં, જેને થશે, તેને આઠ જ થશે.

**૫૪ एगमेगस्स णं भंते ! सव्वट्ठसिद्धगदेवस्स णेरइयत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा ! अणंता । केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि ।**

**केवइया पुरेक्खडा ? गोयमा ! णत्थि । एवं मणूसवज्जं *जाव* गेवेज्जगदेवत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક સર્વાર્થસિદ્ધ વિમાનના દેવને નૈરયિકપણાની અતીત દ્રવ્યન્દ્રિયો કેટલી થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત દ્રવ્યેન્દ્રિયો થઈ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ વિમાનના દેવને નૈરયિકપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ વિમાનના દેવને નૈરયિકપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે? **ઉત્તર–** હે ગૌતમ ! નારકપણાની દ્રવ્યેન્દ્રિયો થશે નહીં.

આ જ રીતે સર્વાર્થસિદ્ધ વિમાનના પ્રત્યેક દેવને પ્રાપ્ત થતી અતીતાદિ દ્રવ્યેન્દ્રિયો મનુષ્યને છોડીને શેષ અસુરકુમારથી લઈને ગ્રૈવેયક દેવપણાની દ્રવ્યેન્દ્રિયોની વક્તવ્યતા સમજવી જોઈએ.

**૫૫ एगमेगस्स णं भंते! सव्वट्ठसिद्धग देवस्स मणुसत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा! अणंता । केवइया बद्धेल्लगा ? गोयमा !णत्थि। केवइया पुरेक्खडा ? गोयमा! अट्ठ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ વિમાનના પ્રત્યેક દેવને મનુષ્યપણે અતીતમાં કેટલી દ્રવ્યેન્દ્રિયો થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વાર્થસિદ્ધ વિમાનના પ્રત્યેક દેવને મનુષ્યપણે અતીત દ્રવ્યેન્દ્રિયો અનંત થઈ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ વિમાનના પ્રત્યેક દેવને મનુષ્યપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ વિમાનના પ્રત્યેક દેવને મનુષ્યપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! આઠ દ્રવ્યેન્દ્રિયો થશે.

**૫૬ एगमेगस्स णं भंते ! सव्वट्ठसिद्धगदेवस्स विजय-वेजयंत-जयंत-अपराजियदेवत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा ! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि अट्ठ । केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि । केवइया पुरेक्खडा ? गोयमा ! णत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ વિમાનના પ્રત્યેક દેવને વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત દેવપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાકને થઈ છે અને કેટલાકને થઈ નથી. જેને થઈ છે, તેને આઠ થઈ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ વિમાનના પ્રત્યેક દેવને ચાર અનુત્તર વિમાનના દેવપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ વિમાનના પ્રત્યેક દેવને ચાર અનુત્તર વિમાનના દેવપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! થશે નહીં.

**૫૭ एगमेगस्स णं भंते ! सव्वट्ठसिद्धगदेवस्स सव्वट्ठसिद्धगदेवत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा ! णत्थि । केवइया बद्धेल्लगा ? गोयमा ! अट्ठ । केवइया पुरेक्खडा ? गोयमा ! णत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ વિમાનના પ્રત્યેક દેવને, સર્વાર્થસિદ્ધ દેવપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી પ્રાપ્ત થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! થઈ નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આઠ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના પ્રત્યેક જીવને ૨૪ દંડકના જીવપણે પ્રાપ્ત થતી ત્રૈકાલિક દ્રવ્યેન્દ્રિયોનું નિરૂપણ છે.

**૨૪ દંડકના જીવની ભૂતકાલીન દ્રવ્યેન્દ્રિયો :–** પ્રત્યેક જીવે પોતાના અનંત સંસાર પરિભ્રમણમાં ભૂતકાલમાં પાંચ અનુત્તર વિમાનને છોડીને શેષ સર્વ સ્થાનમાં અનંત-અનંત જન્મ મરણ કર્યા હોય છે, તેથી પ્રત્યેક દંડકના જીવને પાંચ અનુત્તર વિમાનને છોડીને શેષ સર્વ સ્થાનમાં ભૂતકાલીન અનંત દ્રવ્યેન્દ્રિયો થઈ છે. **અનંત ભવભ્રમણમાં જીવ ચાર અનુત્તર વિમાનમાં બે વાર અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં એક જ વાર ઉત્પન્ન થઈ શકે છે,** તેથી પાંચ અનુત્તર વિમાનના દેવપણે કોઈપણ જીવ અનંત દ્રવ્યેન્દ્રિયો કરી શકતા નથી. તે ઉપરાંત એક વાર પાંચ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા પછી તે જીવ સંજ્ઞી મનુષ્ય અને વૈમાનિક દેવ સિવાય અન્ય કોઈ પણ સ્થાનમાં જન્મ ધારણ કરતા નથી, તેથી મનુષ્ય અને વૈમાનિક દેવને છોડીને શેષ ૨૨ દંડકના જીવોએ ભૂતકાલમાં પાંચ અનુત્તર વિમાનના દેવપણે દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરી નથી.

મનુષ્ય અને વૈમાનિક દેવ પણ જો ભૂતકાલમાં પાંચ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા ન હોય, તો તેને પણ અનુત્તર વિમાનના દેવપણાની દ્રવ્યેન્દ્રિયો હોતી નથી અને જો ઉત્પન્ન થયા હોય, તો તેને પાંચ અનુત્તર વિમાનના દેવપણાની દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરી હોય છે.

**મનુષ્યોની ભૂતકાલીન દ્રવ્યેન્દ્રિયો :–** પાંચ અનુત્તર વિમાનને છોડીને શેષ સર્વ સ્થાનમાં ભૂતકાલમાં અનંત જન્મ-મરણ કર્યા હોવાથી અનંત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરી છે.

જો મનુષ્ય ભૂતકાલમાં ચાર અનુત્તર વિમાનમાં એકવાર ઉત્પન્ન થયા હોય, તો અનુત્તર વિમાનના દેવપણે આઠ દ્રવ્યેન્દ્રિયો અને બે વાર ઉત્પન્ન થયા હોય, તો સોળ દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરી હોય છે.

કોઈપણ જીવ ચાર અનુત્તરવિમાનમાં બે વાર જ ઉત્પન્ન થઈ શકે છે અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં એક જ વાર ઉત્પન્ન થઈ શકે છે. તેથી કોઈપણ મનુષ્યે ભૂતકાલમાં ચાર અનુત્તર વિમાનના દેવપણાની સોળ અને સર્વાર્થસિદ્ધ વિમાનના દેવપણાની આઠ દ્રવ્યેન્દ્રિયો જ પ્રાપ્ત કરી હોય છે.

**વૈમાનિક દેવની ભૂતકાલીન દ્રવ્યેન્દ્રિયો :–** મનુષ્યની જેમ વૈમાનિક દેવે પણ પાંચ અનુત્તર વિમાનને છોડીને શેષ સર્વ સ્થાનમાં અનંત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરી હોય છે.

વૈમાનિક દેવ ભૂતકાલમાં ચાર અનુત્તર વિમાનના દેવપણે એક જ વાર ઉત્પન્ન થયા હોય છે. બીજી વાર અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયેલો જીવ મનુષ્ય જન્મ પામીને અવશ્ય મોક્ષે જાય છે, તેથી એક વૈમાનિક દેવે ભૂતકાલમાં અનુત્તર વિમાનના દેવપણે આઠ જ દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરી હોય છે.

વૈમાનિક દેવ ભૂતકાલમાં સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયો હોતો નથી, કારણ કે સર્વાર્થસિદ્ધ વિમાનના દેવ મનુષ્ય જન્મ પામીને અવશ્ય મોક્ષે જાય છે; તેથી વૈમાનિક દેવે ભૂતકાલમાં સર્વાર્થસિદ્ધ વિમાનના દેવપણે દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરી હોતી નથી.

**૨૪ દંડકના જીવની બદ્ધ–વર્તમાનકાલીન દ્રવ્યેન્દ્રિયો :–** જીવ જે ભવમાં વર્તતો હોય તેને અનુરૂપ તેની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો હોય છે. નારકી, દેવતા, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોને આઠ બદ્ધ દ્રવ્યેન્દ્રિયો, એકેન્દ્રિયને એક, બેઇન્દ્રિયને બે, તેઇન્દ્રિયને ચાર, ચૌરેન્દ્રિયને છ બદ્ધ દ્રવ્યેન્દ્રિયો હોય છે.

**૨૪ દંડકના જીવની પુરસ્કૃત–ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયો :–** જે દંડકના જીવોને જે જે સ્થાનમાં

આગામીકાલમાં જન્મ-મરણની શક્યતા હોય, તે સ્થાનમાં તે જીવોની ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયો થાય છે અને જે સ્થાનમાં ભવિષ્યમાં ઉત્પન્ન થતા નથી તે સ્થાનની દ્રવ્યેન્દ્રિયો તેને થતી નથી.

**એક નારકીની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો**– જો તે નારકી ફરી એકવાર નરકમાં ઉત્પન્ન થાય, તો નારકપણે આઠ દ્રવ્યેન્દ્રિયો, બે વાર નરકમાં ઉત્પન્ન થાય, તો નારકપણે સોળ દ્રવ્યેન્દ્રિયો, તે રીતે ચોવીસ, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો કરશે. નારકીનો જીવ ભવ ભ્રમણ કરતાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, બાર દેવલોક અને નવ ગ્રૈવેયકના દેવપણે ભવિષ્યમાં એક, બે, ત્રણ કે સંખ્યાત, અસંખ્યાત કે અનંતવાર ઉત્પન્ન થાય, તો તે પ્રમાણે તે જીવ તે તે સ્થાનમાં આઠ, સોળ, ચોવીસ, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે.

નારકીનો જીવ ભવભ્રમણ કરતાં ભવિષ્યમાં ચાર અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય અથવા ન પણ થાય, જો ઉત્પન્ન થાય તો એક કે બે વાર જ ઉત્પન્ન થઈ શકે છે, તેથી ભવિષ્યમાં અનુત્તર વિમાનના દેવપણે આઠ કે સોળ દ્રવ્યેન્દ્રિયો જ પ્રાપ્ત કરશે.

નારકીનો જીવ ભવભ્રમણ કરતાં ભવિષ્યમાં સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય અથવા ન પણ થાય, જો ઉત્પન્ન થાય તો એક જ વાર ઉત્પન્ન થાય છે, તેથી ભવિષ્યમાં સર્વાર્થસિદ્ધ વિમાનના દેવપણે આઠ દ્રવ્યેન્દ્રિયો જ પ્રાપ્ત કરશે.

નારકીનો જીવ ભવભ્રમણ કરતાં ભવિષ્યમાં પાંચ સ્થાવરમાં ઉત્પન્ન થાય અથવા ન પણ થાય. જો થાય, તો જેટલીવાર ઉત્પન્ન થાય તે પ્રમાણે ભવિષ્યમાં દ્રવ્યેન્દ્રિયો કરશે. આ રીતે નારકીનો જીવ ભવિષ્યમાં પાંચ સ્થાવરપણે એક, બે, ત્રણ, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો કરશે.

તે જ રીતે નારકીનો જીવ ભવિષ્યમાં બેઇન્દ્રિયપણે બે, ચાર, છ, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો કરશે. તેઇન્દ્રિયપણે ચાર, આઠ, બાર, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો અને ચૌરેન્દ્રિયપણે છ, બાર, અઢાર, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો કરશે.

નારકીનો જીવ ભવિષ્યમાં તિર્યંચ પંચેન્દ્રિયપણે આઠ, સોળ, ચોવીસ, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો કરશે.

નારકીનો જીવ ભવિષ્યમાં મનુષ્ય જન્મ ધારણ કરીને જ મોક્ષમાં જઈ શકે છે તેથી તેને ભવિષ્યમાં અવશ્ય મનુષ્યપણે દ્રવ્યેન્દ્રિયો થાય છે. જો તે જીવ એક મનુષ્યનો ભવ પ્રાપ્ત કરીને મોક્ષે જાય તો આઠ દ્રવ્યેન્દ્રિયો કરશે. જો તે મનુષ્યના બે ભવ કરીને મોક્ષે જાય તો સોળ દ્રવ્યેન્દ્રિયો કરશે. તે જ રીતે તે મનુષ્યપણે ૨૪, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો કરશે.

આ જ રીતે નારકીની જેમ જ ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયના પ્રત્યેક જીવની પણ પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો તેના ભવભ્રમણ અનુસાર જાણવી.

**એક મનુષ્યની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો :–** જો મનુષ્ય તદ્ભવ મોક્ષગામી હોય, તો તેને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત થતી નથી અને જો તેનું ભવભ્રમણ બાકી હોય, તો તે મનુષ્ય જે જે સ્થાનમાં જન્મ ધારણ કરે તે તે પ્રમાણે તેને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો થાય છે.

જો મનુષ્ય મરીને નરકમાં એક ભવ કરે તો નારકીપણે આઠ દ્રવ્યેન્દ્રિયો, નરકમાં બે ભવ કરે તો નારકીપણે સોળ દ્રવ્યેન્દ્રિયો, આ રીતે સંખ્યાત, અસંખ્યાત કે અનંતવાર નરકમાં જન્મ ધારણ કરે તો ક્રમશઃ

સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો કરશે.

આ જ રીતે એક મનુષ્ય, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, બાર દેવલોક, નવ ગ્રૈવેયકના દેવપણે પણ આઠ, સોળ, ચોવીસ, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો કરશે.

એક મનુષ્ય પાંચ સ્થાવરપણે એક, બે, ત્રણ આદિ; બેઇન્દ્રિયપણે બે, ચાર, છ આદિ; તેઇન્દ્રિયપણે ચાર, આઠ, બાર આદિ; ચૌરેન્દ્રિયપણે બાર, અઢાર, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો કરશે.

એક મનુષ્ય ચાર અનુત્તર વિમાનના દેવપણે એક કે બે વાર ઉત્પન્ન થઈ શકે છે, તેથી તે અનુત્તર વિમાનના દેવપણે આઠ કે સોળ દ્રવ્યેન્દ્રિયો કરશે.

એક મનુષ્ય સર્વાર્થસિદ્ધ વિમાનના દેવપણે એક જ વાર ઉત્પન્ન થઈ શકે છે તેથી તે સર્વાર્થસિદ્ધ વિમાનના દેવપણે આઠ જ દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે.

**વૈમાનિક દેવની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો :–** પહેલા સૌધર્મ દેવલોકથી નવ ગ્રૈવેયક સુધીના કોઈપણ દેવ નારકીપણે ઉત્પન્ન થાય, તો આઠ, સોળ, ચોવીસ, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે.

તે જ રીતે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, બાર દેવલોક અને નવ ગ્રૈવેયકના દેવપણે ઉત્પન્ન થાય તો આઠ, સોળ, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે.

ભવિષ્યમાં તે વૈમાનિક દેવમાંથી કોઈ દેવ ચાર અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય છે, કોઈ ઉત્પન્ન થતા નથી; જો ઉત્પન્ન થાય તો એક કે બે વાર જ ઉત્પન્ન થાય છે તેથી તે ચાર અનુત્તર વિમાનના દેવપણે આઠ કે સોળ દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે.

તે વૈમાનિક દેવ સર્વાર્થસિદ્ધ વિમાનના દેવપણે જો ઉત્પન્ન થાય, તો એક જ વાર ઉત્પન્ન થાય છે, તેથી સર્વાર્થસિદ્ધ વિમાનના દેવપણે આઠ જ દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે.

તે વૈમાનિક દેવ ભવિષ્યમાં પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિયમાં જેટલા ભવ કરે તે પ્રમાણે દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે. જો તે તે ભવમાં ઉત્પન્ન ન થાય, તો તે ભવની દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે નહીં.

તે વૈમાનિક દેવ ભવિષ્યમાં મનુષ્યપણે અવશ્ય ઉત્પન્ન થાય છે, તેથી મનુષ્યપણે આઠ, સોળ, ચોવીસ, સંખ્યાત, અસંખ્યાત કે અનંત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે.

**ચાર અનુત્તર વિમાનના દેવની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો :–** ચાર અનુત્તર વિમાનના દેવ ભવિષ્યમાં નારક, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી દેવ, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય કે તિર્યંચ પંચેન્દ્રિયપણે(૨૨ દંડકમાં)ઉત્પન્ન થતા નથી.

ચાર અનુત્તર વિમાનના દેવ સંખ્યાતા(ઉત્કૃષ્ટ ૧૩) ભવમાં જ મોક્ષ પ્રાપ્ત કરે છે અને મોક્ષ પ્રાપ્ત ન થાય ત્યાં સધી મનુષ્ય અને વૈમાનિક દેવના જ ભવ કરે છે. તેથી તે દેવ મનુષ્યપણે આઠ, સોળ, ચોવીસ કે સંખ્યાત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે. તે ચાર અનુત્તર વિમાનના દેવ બાર દેવલોક અને નવ ગ્રૈવેયકના દેવપણે ઉત્પન્ન થાય છે અથવા થતા નથી. જો તે દેવ મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને મોક્ષે જાય તો વૈમાનિક દેવપણે દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરતા નથી અને જો તેનું ભવભ્રમણ બાકી હોય તો પહેલા દેવલોકથી નવ ગ્રૈવેયક સુધીના દેવપણે આઠ, સોળ, ચોવીસ કે સંખ્યાત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે.

ચાર અનુત્તર વિમાનના કેટલાક દેવ ભવિષ્યમાં ચાર અનુત્તર વિમાનમાં કે સવાર્થસિદ્ધ વિમાનમાં

ઉત્પન્ન થાય, કેટલાક ઉત્પન્ન થતા નથી. જો ઉત્પન્ન થાય તો એક જ વાર ઉત્પન્ન થઈ શકે છે, તેથી તે દેવો ચાર અનુત્તર વિમાન અથવા સર્વાર્થસિદ્ધપણાની આઠ જ દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે.

**સર્વાર્થસિદ્ધ વિમાનના દેવની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો :–** સર્વાર્થસિદ્ધ વિમાનના દેવને એક જ ભવ શેષ હોય છે. તે દેવ મનુષ્યપણે જ એક વાર ઉત્પન્ન થાય છે તેથી મનુષ્યપણે આઠ દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે. અન્ય કોઈ પણ સ્થાનમાં તે ઉત્પન્ન થતા ન હોવાથી દ્રવ્યેન્દ્રિયો કરશે નહીં.

**અનેક જીવોની ૨૪ દંડકમાં ત્રૈકાલિક દ્રવ્યેન્દ્રિયો :–**

**૫૮ णेरइयाणं भंते ! णेरइयत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा ! अणंता । केवइया बद्धेल्लगा ? गोयमा ! असंखेज्जा । केवइया पुरेक्खडा ? गोयमा ! अणंता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઘણા નૈરયિકોને નારકીપણાની અતીતમાં દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત દ્રવ્યેન્દ્રિયો થઈ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! ઘણા નારકીઓને નારકીપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્યાત છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! ઘણા નારકીઓને નારકીપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત થશે.

**૫૯ णेरइयाणं भंते ! असुरकुमारत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा ! अणंता। केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि । केवइया पुरेक्खडा ? गोयमा ! अणंता । एवं** *जाव* **गेवेज्जगदेवत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઘણા નૈરયિકોને અસુરકુમાર દેવપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત થઈ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! ઘણા નારકીઓને અસુરકુમાર દેવપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! ઘણા નારકીઓને અસુરકુમાર દેવપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત થશે.

આ જ રીતે ઘણા નૈરયિકોને નાગકુમાર દેવપણાની ***યાવત્*** ગ્રૈવેયક દેવપણાની અતીત, બદ્ધ અને પુરસ્કૃતદ્રવ્યેન્દ્રિયોની વકતવ્યતા જાણવી જોઈએ.

**૬૦ णेरइयाणं भंते ! विजय-वेजयंत-जयंत-अपराजियदेवत्ते केवइया दव्विंदिया अतीता? गोयमा ! णत्थि । केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि । केवइया पुरेक्खडा ? गोयमा ! असंखेज्जा । एवं सव्वट्ठसिद्धगदेवत्ते वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઘણા નૈરયિકોને વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત દેવપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! થઈ નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! ઘણા નારકીઓને વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત દેવપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! ઘણા નારકીઓને વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત દેવપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્યાત થશે. તે જ રીતે નૈરયિકોને સર્વાર્થસિદ્ધ દેવપણાની અતીત-બદ્ધ અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયોની વકતવ્યતા જાણવી જોઈએ.

**૬૧ एवं** *जाव* **पंचेदियतिरिक्खजोणियाणं सव्वट्ठसिद्धगदेवत्ते भाणियव्वं । णवरं**

**वणस्सइकाइयाणं विजय वेजयंत जयंत अपराजियदेवत्ते सव्वट्ठसिद्धदेवत्ते य पुरेक्खडा अणंता ।** [*सव्वेसिं मणूस-सव्वट्ठसिद्धगवज्जाणं सट्ठाणे बद्धेल्लगा असंखेज्जा, परट्ठाणे बद्धेल्लगा णत्थि । वणस्सइकाइयाणं सट्ठाणे बद्धेल्लगा अणंता ।*]

**ભાવાર્થ :–** આ જ રીતે (ઘણા નૈરયિકોની જેમ)ઘણા અસુરકુમારો ***યાવત્*** ઘણા પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની નૈરયિકપણે ***યાવત્*** સર્વાર્થસિદ્ધ દેવપણે અતીતાદિ દ્રવ્યેન્દ્રિયોની પ્રરૂપણા જાણવી જોઈએ. વિશેષતા એ છે કે વનસ્પતિકાયિકોની વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત દેવપણાની તથા સર્વાર્થસિદ્ધ દેવપણાની પુરસ્કૃત–ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયો અનંત થશે. (અર્થાત્ ઘણા નૈરયિકોની જેમ ઘણા ભવનપતિ, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિય જીવોને નૈરયિકથી નવ ગ્રૈવેયકપણે ભૂતકાલીન દ્રવ્યેન્દ્રિયો અનંત થઈ છે; વર્તમાનમાં બદ્ધ દ્રવ્યેન્દ્રિયો સ્વસ્થાનમાં અસંખ્ય છે અને પરસ્થાનમાં નથી તથા પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો અનંત થશે. આ સર્વ જીવોને પાંચ અનુત્તર વિમાનપણે ભૂતકાલીન દ્રવ્યેન્દ્રિયો નથી, વર્તમાન બદ્ધ દ્રવ્યેન્દ્રિયો નથી અને ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયો નારકીની જેમ અસંખ્ય થશે, પરંતુ ઘણા વનસ્પતિ જીવોને પાંચ અનુત્તર વિમાનપણે અનંત દ્રવ્યેન્દ્રિયો થશે.) [*મનુષ્યો અને સર્વાર્થસિદ્ધ વિમાનોના ઘણા દેવોને છોડીને બધાની સ્વસ્થાનમાં બદ્ધ દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાત છે, પરસ્થાનમાં બદ્ધ દ્રવ્યેન્દ્રિયો નથી. વનસ્પતિકાયિકોની સ્વસ્થાનમાં બદ્ધ દ્રવ્યેન્દ્રિયો અનંત છે.*]

***અહીં ઇટાલી ટાઈપવાળો આ પાઠ અપ્રાસંગિક જણાય છે. કારણ કે આ સૂત્ર પાઠમાં ભવનપતિ, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિય સુધીના જીવોનું જ વર્ણન છે; મનુષ્યનું વર્ણન આગળના સૂત્ર ૬૨થી શરૂ થાય છે. ૬૨ થી ૬૮ સુધીના તે સૂત્રોમાં મનુષ્યો અને અનુત્તર વિમાનના દેવોની બદ્ધ દ્રવ્યેન્દ્રિયોનું પણ સ્પષ્ટ કથન છે અને સૂત્ર ૬૮ પર્યંત અનુત્તર વિમાન સુધીના દેવોનું સ્વતંત્ર કથન છે. માટે અહીં ઇટાલી ટાઈપવાળા પાઠમાં આવેલું મનુષ્યોનું અને સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોનું સ્વસ્થાન સંબંધી કથન પ્રાસંગિક નથી તથા પ્રસ્તુત ઈટાલી પાઠગત વનસ્પતિકાયિક માટે બદ્ધ દ્રવ્યેન્દ્રિયોની અનંતતાનું કથન પણ, આ પદના સૂત્ર ૩૩ અને ૭૬ના ભાવોથી વિપરીત થાય છે. તેમ છતાં પ્રાયઃ પ્રતોમાં આ ચર્ચિત પાઠ ઉપલબ્ધ હોવાથી અહીં તે પાઠ અને ભાવાર્થને ઇટાલી ટાઈપમાં રાખ્યો છે.***

**६२ मणुस्साणं णेरइयत्ते अतीता अणंता, बद्धेल्लगा णत्थि, पुरेक्खडा अणंता ।**

**एवं** *जाव* **गेवेज्जगदेवत्ते । णवरं सट्ठाणे अतीता अणंता, बद्धेल्लगा सिय संखेज्जा सिय असंखेज्जा, पुरेक्खडा अणंता ।**

**ભાવાર્થ :–** મનુષ્યોને નૈરયિકપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો અનંત છે, બદ્ધ દ્રવ્યેન્દ્રિયો નથી અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો અનંત છે.

મનુષ્યોને અસુરકુમાર ***યાવત્*** ગ્રૈવેયકદેવપણાની અતીત, બદ્ધ અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયોની પ્રરૂપણા પૂર્વવત્ જાણવી જોઈએ વિશેષતા એ છે કે મનુષ્યોને સ્વસ્થાનમાં અતીત દ્રવ્યેન્દ્રિયો અનંત છે, બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કદાચિત્ સંખ્યાત, કદાચિત્ અસંખ્યાત છે અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો અનંત છે.

**६३ मणूसाणं भंते । विजय-वेजयंत-जयंत-अपराजियदेवत्ते केवइया दव्विंदिया अतीता? गोयमा ! संखेज्जा । केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि । केवइया पुरेक्खडा ? सिय**

**संखेज्जा सिय असंखेज्जा । एवं सव्वट्ठसिद्धगदेवत्ते वि । वाणमंतर-जोइसियाणं जहा णेरइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યોને વિજય,વૈજયંત, જયંત અને અપરાજિત વિમાનના દેવપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સંખ્યાત દ્રવ્યેન્દ્રિયો થઈ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યોને ચાર અનુત્તર વિમાનના દેવપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યોને ચાર અનુત્તર વિમાનના દેવપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે? **ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ સંખ્યાત અને કદાચિત્ અસંખ્યાત થશે. આ જ રીતે સર્વાર્થસિદ્ધ વિમાનના દેવપણાની અતીતાદિ દ્રવ્યેન્દ્રિયોની વક્તવ્યતા જાણવી જોઈએ. ઘણા વાણવ્યંતર અને જ્યોતિષ્કદેવોની અતીતાદિ દ્રવ્યેન્દ્રિયોની વક્તવ્યતા નૈરયિકોની સમાન જાણવી જોઈએ.

**६४ सोहम्मगदेवाणं एवं चेव । णवरं विजय-वेजयंत-जयंत-अपराजियदेवत्ते अतीता असंखेज्जा, बद्धेल्लगा णत्थि, पुरेक्खडा असंखेज्जा । सव्वट्ठसिद्धगदेवत्ते अतीता णत्थि, बद्धेल्लगा णत्थि, पुरेक्खडा असंखेज्जा । एवं *जाव* गेवेज्जगदेवाणं ।**

**ભાવાર્થ :–** સૌધર્મ દેવલોકના દેવોની અતીતાદિ દ્રવ્યેન્દ્રિયોની વક્તવ્યતા પૂર્વવત્ જાણવી. વિશેષતા એ છે કે વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત વિમાનના દેવપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાત છે, બદ્ધ દ્રવ્યેન્દ્રિયો નથી અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાત છે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો નથી, બદ્ધ દ્રવ્યેન્દ્રિયો પણ નથી અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાત છે.

આ જ રીતે ઘણા ઈશાનદેવોથી લઈને ***યાવત્*** ઘણા ગ્રૈવેયકદેવોની અતીતાદિ દ્રવ્યેન્દ્રિયોની વક્તવ્યતા પણ જાણવી જોઈએ.

**६५ विजय-वेजयंत-जयंत-अपराजियदेवाणं भंते ! णेरइयत्ते केवइया दव्विंदिया अतीता? गोयमा ! अणंता । केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि । केवइया पुरेक्खडा ? गोयमा ! णत्थि।**

**एवं *जाव* जोइसियत्ते । णवरं एएसिं मणुसत्ते अतीता अणंता; बद्धेल्लगा णत्थि; पुरेक्खडा असंखेज्जा ।एवं *जाव* गेवेज्जगदेवत्ते ।**

**सट्ठाणे अतीता असंखेज्जा । केवइया बद्धेल्लगा ? गोयमा ! असंखेज्जा । केवइया पुरेक्खडा ? गोयमा ! असंखेज्जा ।**

**सव्वट्ठसिद्धगदेवत्ते अतीता णत्थि, बद्धेल्लगा णत्थि, पुरेक्खडा असंखेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વિજય, વૈજયંત, જયંત, અપરાજિત વિમાનના દેવોને નારકીપણાની અતીતકાલમાં કેટલી દ્રવ્યેંદ્રિયો થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અતીતકાલમાં અનંત દ્રવ્યેંદ્રિયો થઈ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! વિજયાદિ વિમાનના દેવને નારકીપણાની કેટલી બદ્ધ દ્રવ્યેન્દ્રિયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! વિજયાદિ વિમાનના દેવને નારકીપણાની કેટલી પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! થશે નહીં.

આ જ રીતે ***યાવત્*** જ્યોતિષી દેવપણાની અતીત, બદ્ધ અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો સુધીનું કથન કરવું જોઈએ. તેમાં વિશેષતા એ છે કે–

ચાર અનુત્તર વિમાનના દેવોને મનુષ્યપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો અનંત થઈ છે. બદ્ધ દ્રવ્યેન્દ્રિયો નથી અને તે દેવોને મનુષ્યપણે પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાત થશે.

આ જ રીતે(મનુષ્યપણા પ્રમાણે) ચાર અનુત્તર વિમાનના ઘણા દેવોને સૌધર્મ દેવપણાની ***યાવત્*** ગ્રૈવેયક દેવપણાની અતીત, બદ્ધ અને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો જાણવી.

તે ચાર અનુત્તર વિમાનના દેવોને સ્વસ્થાનમાં અતીત દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાત થઈ છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! તેને બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર**– હે ગૌતમ ! અસંખ્યાત છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! તેઓને પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર**– હે ગૌતમ ! અસંખ્યાત થશે.

આ જ રીતે ચાર અનુત્તર વિમાનના ઘણા દેવોને સર્વાર્થસિદ્ધ દેવપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો થઈ નથી, બદ્ધ દ્રવ્યેન્દ્રિયો નથી પરંતુ પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાત થશે.

**૬૬ सव्वट्ठसिद्धगदेवाणं भंते ! णेरइयत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा ! अणंता। केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि । केवइया पुरेक्खडा ? गोयमा ! णत्थि ।**

**एवं मणूसवज्जं *जाव* गेवेज्जगदेवत्ते । मणूसत्ते अतीता अणंता, बद्धेल्लगा णत्थि, पुरेक्खडा संखेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! ઘણા સર્વાર્થસિદ્ધ દેવોને નૈરયિકપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ છે ? **ઉત્તર**– હે ગૌતમ ! અનંત થઈ છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! ઘણા સર્વાર્થસિદ્ધ દેવોને નૈરયિકપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર**– હે ગૌતમ ! નથી. **પ્રશ્ન**– હે ભગવન્ ! ઘણા સર્વાર્થસિદ્ધ દેવોને નૈરયિકપણાની પુરસ્કૃત ઈન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર**– હે ગૌતમ ! એકપણ થશે નહીં.

આ રીતે સર્વાર્થસિદ્ધ દેવની, મનુષ્યને છોડીને ***યાવત્*** ગ્રૈવેયક દેવપણાની અતીતાદિ દ્રવ્યેન્દ્રિયોની વક્તવ્યતા કહેવી જોઈએ. સર્વાર્થસિદ્ધ દેવને મનુષ્યપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો અનંત છે, બદ્ધ દ્રવ્યેન્દ્રિય નથી, પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો સંખ્યાત છે.

**૬૭ विजय-वेजयंत-जयंतापराजियदेवत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा ! संखेज्जा। केवइया बद्धेल्लगा ? गोयमा ! णत्थि । केवइया पुरेक्खडा ? गोयमा ! णत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ દેવોને વિજય,વૈજયંત, જયંત અને અપરાજિત દેવપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ છે ? **ઉત્તર**– હે ગૌતમ ! સંખ્યાત થઈ છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ દેવને ચાર અનુત્તર વિમાનના દેવપણાની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર**– હે ગૌતમ ! નથી. **પ્રશ્ન**– હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ દેવને ચાર અનુત્તર વિમાનના દેવપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર**– હે ગૌતમ ! થશે નહીં.

**૬૮ सव्वट्ठसिद्धगदेवाणं भंते ! सव्वट्ठसिद्धगदेवत्ते केवइया दव्विंदिया अतीता ? गोयमा ! णत्थि । केवइया बद्धेल्लगा ? गोयमा ! संखेज्जा । केवइया पुरेक्खडा ? गोयमा ! णत्थि।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધદેવોને સર્વાર્થસિદ્ધ દેવપણાની અતીત દ્રવ્યેન્દ્રિયો કેટલી થઈ છે ? **ઉત્તર**– હે ગૌતમ ! નથી. **પ્રશ્ન**– હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ દેવોને સર્વાર્થસિદ્ધ દેવપણાની બદ્ધ

દ્રવ્યેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર**– હે ગૌતમ ! સંખ્યાત છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ દેવોને સર્વાર્થસિદ્ધ દેવપણાની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર**– હે ગૌતમ ! થશે નહિ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવોને ૨૪ દંડકના જીવપણે થતી ત્રૈકાલિક દ્રવ્યેન્દ્રિયોનું નિરૂપણ છે.

**૨૪ દંડકના અનેક જીવોની ભૂતકાલીન દ્રવ્યેન્દ્રિયો :**– પાંચ અનુત્તર વિમાનને છોડીને શેષ સર્વ સ્થાનમાં પ્રત્યેક દંડકના જીવોએ ભૂતકાલમાં અનંત જન્મ-મરણ કર્યા છે, તેથી પ્રત્યેક દંડકના જીવોએ પાંચ અનુત્તર વિમાનને છોડીને શેષ સર્વ સ્થાનમાં ભૂતકાલમાં અનંત દ્રવ્યેન્દ્રિયો કરી છે.

નારકી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયના જીવો ભૂતકાલમાં ક્યારે ય અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા નથી, તેથી તે જીવોએ પાંચ અનુત્તર વિમાનના દેવપણાની દ્રવ્યેન્દ્રિયો કરી નથી.

સંજ્ઞી મનુષ્ય ભૂતકાલમાં ચાર અનુત્તર વિમાનમાં એક કે બે વાર અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં એક જ વાર ઉત્પન્ન થયા હોય છે. સંજ્ઞી મનુષ્યો સંખ્યાતા જ છે અને પાંચ અનુત્તર વિમાનમાં પણ એક કે બે વાર જ ઉત્પન્ન થયા હોવાથી ભૂતકાલમાં સંખ્યાત દ્રવ્યેન્દ્રિયો જ કરી હોય છે.

પહેલા સૌધર્મ દેવલોકથી ચાર અનુત્તર વિમાનના વૈમાનિક દેવો ભૂતકાલમાં ચાર અનુત્તર વિમાનમાં એક જ વાર ઉત્પન્ન થયા હોય છે, પરંતુ વૈમાનિક દેવો અસંખ્યાતા હોવાથી તે દેવોએ ચાર અનુત્તર વિમાનના દેવપણાની અસંખ્યાત દ્રવ્યેન્દ્રિયો કરી હોય છે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોમાં મનુષ્ય સિવાયના કોઈપણ જીવો ભૂતકાલમાં ઉત્પન્ન થયેલા નથી, તેથી વૈમાનિક દેવોએ ભૂતકાલમાં સર્વાર્થસિદ્ધ વિમાનના દેવપણાની દ્રવ્યેન્દ્રિયો કરી નથી.

સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો ભૂતકાલમાં ચાર અનુત્તર વિમાનમાં એક જ વાર ઉત્પન્ન થયા હોય છે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો સંખ્યાતા હોવાથી તે દેવોને ચાર અનુત્તર વિમાનના દેવપણાની સંખ્યાત દ્રવ્યેન્દ્રિયો થઈ હોય છે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવ સર્વાર્થસિદ્ધ દેવપણે અતીતકાલમાં ઉત્પન્ન થયા નથી અને ભવિષ્યમાં પણ ઉત્પન્ન થશે નહીં; તેથી તેની અતીત તથા પુરસ્કૃત ઈન્દ્રિયો નથી, વર્તમાનમાં સંખ્યાત છે.

**૨૪ દંડકના અનેક જીવોની વર્તમાનકાલીન–બદ્ધ દ્રવ્યેન્દ્રિયો :**– પ્રત્યેક દંડકના જીવોની સંખ્યા અનુસાર તેની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો હોય છે.

નારકી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, પહેલા દેવલોકથી ચાર અનુત્તર વિમાનના વૈમાનિક દેવો, પાંચ સ્થાવર જીવો, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિયને અસંખ્યાત બદ્ધ(વર્તમાનકાલીન)દ્રવ્યેન્દ્રિયો હોય છે.

**मणूसाणं बद्धेलगा सिय संखिज्जा सिय असंखिज्जा :**– મનુષ્યોની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો કદાચિત્ સંખ્યાત અને કદાચિત્ અસંખ્યાત હોય છે. મનુષ્યોમાં ગર્ભજ મનુષ્યો સંખ્યાત હોય છે અને સંમૂર્ચ્છિમ મનુષ્યોનો વિરહકાલ હોય, ત્યારે ગર્ભજ મનુષ્યો જ હોવાથી બદ્ધ દ્રવ્યેન્દ્રિયો સંખ્યાત હોય છે અને સંમૂર્ચ્છિમ મનુષ્યો હોય ત્યારે બદ્ધ દ્રવ્યેન્દ્રિયો અસંખ્યાત હોય છે.

સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો સંખ્યાતા હોવાથી તેની બદ્ધ દ્રવ્યેન્દ્રિયો સંખ્યાત જ હોય છે. પ્રત્યેક જીવોને સ્વસ્થાનમાં પોતે જે ભવમાં હોય તેની અપેક્ષાએ બદ્ધ દ્રવ્યેન્દ્રિયો હોય છે. પરસ્થાનની અપેક્ષાએ બદ્ધ દ્રવ્યેન્દ્રિયો હોતી નથી.

**૨૪ દંડકના અનેક જીવોની પુરસ્કૃત દ્રવ્યેન્દ્રિયો :–** પાંચ અનુત્તર વિમાનના દેવોને છોડીને શેષ સર્વ સ્થાનના જીવો સર્વ દંડકમાં ભવિષ્યમાં અનંત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે.

વનસ્પતિકાયિક જીવો અનંત હોવાથી તે જીવો પાંચ અનુત્તર વિમાનના દેવપણે ભવિષ્યમાં અનંત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે. શેષ સર્વ દંડકના જીવો અસંખ્યાતા હોવાથી અનુત્તર વિમાનના દેવપણે અસંખ્યાત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે. ગર્ભજ મનુષ્યો સંખ્યાતા જ હોવાથી તે જીવો પાંચ અનુત્તર વિમાનમાં દેવપણે સંખ્યાત દ્રવ્યેન્દ્રિયો અને સંમૂર્ચ્છિમ મનુષ્યોની અપેક્ષાએ અસંખ્યાત દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે.

ચાર અનુત્તર વિમાનના દેવો ભવિષ્યમાં મનુષ્ય અને વૈમાનિક દેવપણે જન્મધારણ કરતા હોવાથી તે દેવો શેષ બાવીસ દંડકમાં દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત કરશે નહીં અને મનુષ્ય તથા વૈમાનિક દેવપણે અસંખ્યાત દ્રવ્યેન્દ્રિયો કરશે.

સર્વાર્થ સિદ્ધ વિમાનના દેવો ભવિષ્યમાં મનુષ્ય જન્મ જ ધારણ કરે છે તેથી તે દેવો સંખ્યાતા હોવાથી મનુષ્યપણે સંખ્યાત દ્રવ્યેન્દ્રિયો કરશે. તે દેવો અન્યત્ર જન્મ ધારણ કરતા ન હોવાથી અન્ય દંડકમાં દ્રવ્યેન્દ્રિયો કરતા નથી.

**૨૪ દંડકના એક અને અનેક જીવોની ૨૪ દંડકમાં ભૂતકાલીન દ્રવ્યેન્દ્રિયો :–**

| ક્રમ | જીવ | દંડકના જીવોમાં | એક જીવની દ્રવ્યેન્દ્રિયો | અનેક જીવોની દ્રવ્યેન્દ્રિયો |
|---|---|---|---|---|
| ૧ | ૨૪ દંડકના જીવ | ૨૩ દંડકમાં (વૈમાનિક છોડીને) | અનંત | અનંત |
| ૨ | ૨૪ દંડકના જીવ | વૈમાનિકમાં (નવ ગ્રૈવેયક સુધી) | અનંત | અનંત |
| ૩ | ૨૨ દંડકના જીવ(મનુષ્ય અને વૈમાનિકને છોડીને) | ૪ અનુત્તર વિમાનમાં | કરી નથી | × |
| ૪ | મનુષ્ય | ૪ અનુત્તર વિમાનમાં | × / ૮ / ૧૬ | સંખ્યાત |
| ૫ | મનુષ્ય | સર્વાર્થસિદ્ધ વિમાનમાં | × / ૮ | સંખ્યાત |
| ૬ | પ્રથમ દેવલોકથી ચાર અનુત્તર વિમાનના દેવો | ૪ અનુત્તર વિમાનમાં | × / ૮ | અસંખ્યાત |
| ૭ | પ્રથમ દેવલોકથી ચાર અનુત્તર વિમાનના દેવો | સર્વાર્થસિદ્ધ વિમાનમાં | × | × |
| ૮ | સર્વાર્થસિદ્ધ વિમાનના દેવ | ચાર અનુત્તર વિમાનમાં | ×/૮ | સંખ્યાત |
| ૯ | સર્વાર્થસિદ્ધ વિમાનના દેવ | સર્વાર્થ સિદ્ધ વિમાનમાં | × | × |

**૨૪ દંડકમાં એક–અનેક જીવોની ૨૪ દંડકમાં બદ્ધ (વર્તમાનકાલીન) દ્રવ્યેન્દ્રિય :–**

| જીવ | એક જીવની | | અનેક જીવોની | |
|---|---|---|---|---|
| | સ્વસ્થાનમાં | પરસ્થાનમાં | સ્વસ્થાનમાં | પરસ્થાનમાં |
| એકેન્દ્રિય | ૧ | × | અસંખ્ય | × |
| બેઇન્દ્રિય | ૨ | × | અસંખ્ય | × |
| તેઇન્દ્રિય | ૪ | × | અસંખ્ય | × |
| ચૌરેન્દ્રિય | ૬ | × | અસંખ્ય | × |

| જીવ | એક જીવની | | અનેક જીવોની | |
|---|---|---|---|---|
| | સ્વસ્થાનમાં | પરસ્થાનમાં | સ્વસ્થાનમાં | પરસ્થાનમાં |
| પંચેન્દ્રિય ચારે ય ગતિ | ૮ | × | અસંખ્ય | × |
| મનુષ્ય | ૮ | × | સંખ્યાત કે અસંખ્યાત | × |
| સર્વાર્થસિદ્ધ દેવ | ૮ | × | સંખ્યાત | × |
| વનસ્પતિ | ૧ | × | અસંખ્ય | × |

**૨૪ દંડકના પ્રત્યેક જીવની ૨૪ દંડકમાં ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયો :–**

| જીવ | નારકી અને દેવતા (નવ ગ્રૈવેયક સુધી) | ચાર અનુત્તર દેવને | સર્વાર્થ સિદ્ધ દેવને | મનુષ્યને / તિર્યંચને |
|---|---|---|---|---|
| એકેન્દ્રિયપણે | × / ૧, ૨ આદિ | × | × | × / ૧, ૨ આદિ |
| બેઇન્દ્રિયપણે | × / ૨, ૪ આદિ | × | × | × / ૨, ૪ આદિ |
| તેઇન્દ્રિયપણે | × / ૪, ૮ આદિ | × | × | × / ૪, ૮ આદિ |
| ચૌરેન્દ્રિયપણે | × / ૬, ૧૨ આદિ | × | × | × / ૬, ૧૨ આદિ |
| નારકીપણે | × / ૮, ૧૬ આદિ | × | × | × / ૮, ૧૬ આદિ |
| નવ ગ્રૈવેયક સુધી | × / ૮, ૧૬ આદિ | × / ૮, ૧૬, સંખ્યાત | × | × / ૮, ૧૬ આદિ |
| ચાર અનુત્તર દેવપણે | × / ૮ કે ૧૬. | × / ૮ | × | × / ૮, ૧૬ |
| સર્વાર્થસિદ્ધ દેવપણે | × / ૮, વધુ નથી | × / ૮ | × | × / ૮ |
| તિર્યંચ પંચેન્દ્રિયપણે | × / ૮, ૧૬ આદિ | × | × | × / ૮, ૧૬ આદિ |
| મનુષ્યપણે | ૮, ૧૬ આદિ | ૮, ૧૬, સંખ્યાત | ૮ | × / ૮, ૧૬ આદિ |

**૨૪ દંડકના અનેક જીવોની ૨૪ દંડકમાં ભવિષ્યકાલીન દ્રવ્યેન્દ્રિયો :–**

| ક્રમ | અનેક જીવો | જીવોમાં | દ્રવ્યેન્દ્રિયો |
|---|---|---|---|
| ૧ | ૨૩ દંડકના જીવો | ૨૩ દંડકપણે | અનંત |
| ૨ | નવ ગ્રૈવેયક સુધીના દેવો | ૨૩ દંડકપણે | અનંત |
| ૩ | ૪ અનુત્તર વિમાનના દેવો | ૨૨ દંડકપણે | × |
| ૪ | ૪ અનુત્તર વિમાનના દેવો | મનુષ્યપણે | અસંખ્યાત |
| ૫ | ૪ અનુત્તર વિમાનના દેવો | નવ ગ્રૈવેયક સુધીના દેવપણે | અસંખ્યાત |
| ૬ | ૪ અનુત્તર વિમાનના દેવો | ૪ અનુત્તર વિમાનના દેવપણે | અસંખ્યાત |
| ૭ | ૪ અનુત્તર વિમાનના દેવો | સર્વાર્થસિદ્ધના દેવપણે | સંખ્યાત |
| ૮ | સર્વાર્થસિદ્ધના દેવો | ૨૨ દંડકપણે | × |
| ૯ | સર્વાર્થસિદ્ધના દેવો | મનુષ્યપણે | સંખ્યાત |
| ૧૦ | સર્વાર્થસિદ્ધના દેવો | ૫ અનુત્તર વિમાનના દેવપણે | × |

**(૧૨) ભાવેન્દ્રિય દ્વાર :-**

**૬૯ कइ णं भंते ! भाविंदिया पण्णत्ता ? गोयमा ! पंच भाविंदिया पण्णत्ता, तं जहा- सोइंदिए *जाव* फासिंदिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાવેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભાવેન્દ્રિયો પાંચ છે, તે આ પ્રમાણે છે– શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય.

**૭૦ णेरइयाणं भंते ! कइ भाविंदिया पण्णत्ता ? गोयमा ! पंच भाविंदिया पण्णत्ता, तं जहा- सोइंदिए *जाव* फासेंदिए । एवं जस्स जइ इंदिया तस्स तत्तिया भाणियव्वा *जाव* वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલી ભાવેન્દ્રિયો કહી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પાંચ ભાવેન્દ્રિયો હોય છે, તે આ પ્રમાણે છે– શ્રોતેન્દ્રિય ***યાવત્*** સ્પર્શેન્દ્રિય. આ રીતે વૈમાનિક સુધીના જીવોમાં જેને જેટલી ઈન્દ્રિયો છે, તેટલી ભાવેન્દ્રિયો કહેવી જોઈએ.

**૨૪ દંડકના પ્રત્યેક જીવની ત્રૈકાલિક ભાવેન્દ્રિયો :-**

**૭૧ एगमेगस्स णं भंते ! णेरइयस्स केवइया भाविंदिया अतीता ? गोयमा ! अणंता ! केवइया बद्धेल्लगा ? पंच । केवइया पुरेक्खडा ? पंच वा दस वा एक्कारस वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને કેટલી અતીત ભાવેન્દ્રિયો થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ! તે અનંત છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને બદ્ધ ભાવેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પાંચ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકને પુરસ્કૃત ભાવેન્દ્રિયો કેટલી થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! પાંચ, દશ, અગિયાર, સંખ્યાત, અસંખ્યાત કે અનંત પુરસ્કૃત ભાવેન્દ્રિયો થશે.

**૭૨ असुरकुमारस्स वि एवं चेव, णवरं पुरेक्खडा पंच वा छ वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा । एवं *जाव* थणियकुमारस्स ।**

**पुढविकाइय-आउकाइय-वणस्सइकाइयस्स वि एवं चेव णवरं बद्धेलगा एक्कं । पुरेक्खडा तं चेव । तेउक्काइय-वाउक्काइयस्स वि एवं चेव, णवरं पुरेक्खडा छ वा सत्त वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा ।**

**बेइंदिय-तेइंदिय-चउरिंदियस्स वि एवं चेव, णवरं बद्धेलगस्स इमं णाणंत्तं- बेइंदियस्स दोण्णि, तेइंदियस्स तिण्णि, चउरिंदियस्स चत्तारि। सेसं तं चेव ।**

**ભાવાર્થ :–** આ રીતે અસુરકુમારોની ભાવેન્દ્રિયોના વિષયમાં કહેવું જોઈએ વિશેષતા એ છે કે તેની પુરસ્કૃત ભાવેંદ્રિયો પાંચ, છ, સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત છે. આ જ રીતે સ્તનિતકુમાર સુધીના દેવોની ભાવેન્દ્રિયોના વિષયમાં જાણવું જોઈએ.

પ્રત્યેક પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયની અતીતાદિ ભાવેન્દ્રિયોના વિષયમાં અસુરકુમારની

સમાન જાણવું પરંતુ બદ્ધ ભાવેન્દ્રિય એક-એક છે. પુરસ્કૃત ભાવેન્દ્રિય અસુરકુમારની સમાન પાંચ, છ આદિ છે. તેઉકાય-વાયુકાયનું કથન પૃથ્વીકાયની સમાન છે, પરંતુ પુરસ્કૃત ભાવેન્દ્રિયો છ, સાત, સંખ્યાત, અસંખ્યાત અને અનંત આદિ છે.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયની ભાવેન્દ્રિયો તેઉકાયની સમાન છે પરંતુ બદ્ધ ભાવેન્દ્રિયો ક્રમશઃ બેઇન્દ્રિયની બે, તેઇન્દ્રિયની ત્રણ અને ચૌરેન્દ્રિયની ચાર છે. શેષ સર્વ કથન તેઉકાયની સમાન છે અર્થાત્ પુરસ્કૃત ભાવેન્દ્રિયો, તેઉકાયની સમાન છ, સાત, આદિ છે.

**૭૩ पंचेदियतिरिक्खजोणियस्स** *जाव* **ईसाणस्स जहा असुरकुमारस्स णवरं- मणूसस्स पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ णत्थि त्ति भाणियव्वं ।**

**ભાવાર્થ :–** પંચેંદ્રિય તિર્યંચ યોનિકથી લઈને ***યાવત્*** ઈશાનદેવોની અતીતાદિ ભાવેન્દ્રિયોનું કથન અસુરકુમારોની સમાન કહેવું જોઈએ. વિશેષતા એ છે કે મનુષ્યને પુરસ્કૃત ભાવેન્દ્રિય કોઈને હોય છે અને કોઈને હોતી નથી, તે પ્રમાણે કહેવું જોઈએ.

**૭૪ सणंकुमार** *जाव* **गेवेज्जगस्स जहा णेरइयस्स ।**

**ભાવાર્થ :–** સનત્કુમાર દેવલોકથી લઈ ગ્રૈવેયક સુધીના દેવોની અતીતાદિ ભાવેન્દ્રિયોનું કથન, નૈરયિકોની સમાન કહેવું જોઈએ.

**૭૫ विजय-वेजयंत-जयंत-अपराजियदेवस्स अतीता अणंता, बद्धेल्लगा पंच, पुरेक्खडा पंच वा दस वा पण्णरस वा संखेज्जा वा ।**

**सव्वट्ठसिद्धगदेवस्स अतीता अणंता, बद्धेल्लगा पंच । पुरेक्खडा पंच ।**

**ભાવાર્થ :–** વિજય, વૈજયન્ત, જયંત અને અપરાજિત દેવની અતીત ભાવેંદ્રિયો અનંત છે, બદ્ધ ભાવેન્દ્રિયો પાંચ છે અને પુરસ્કૃત ભાવેન્દ્રિયો પાંચ, દશ, પંદર કે સંખ્યાત છે.

સર્વાર્થસિદ્ધ દેવની અતીત ભાવેન્દ્રિયો અનંત છે, બદ્ધ પાંચ છે અને પુરસ્કૃત ભાવેન્દ્રિયો પાંચ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના પ્રત્યેક જીવની ત્રૈકાલિક ભાવેન્દ્રિયોનું નિરૂપણ છે.

ભાવેન્દ્રિયો પાંચ છે– શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય અર્થાત્ જીવને જેટલી ઇન્દ્રિયો છે તેટલી જ ભાવેન્દ્રિયો છે. ભાવેન્દ્રિયનું સંપૂર્ણ કથન દ્રવ્યેન્દ્રિય પ્રમાણે જ છે, પરંતુ જઘન્ય સંખ્યામાં તફાવત થાય છે. દ્રવ્યેન્દ્રિયો આઠ હોય ત્યાં ભાવેન્દ્રિયો પાંચ હોય છે. આ રીતે દરેક સ્થાને જાણવું.

**૨૪ દંડકના પ્રત્યેક જીવની ભૂતકાલીન દ્રવ્યેન્દ્રિયો :–** ૨૪ દંડકના પ્રત્યેક જીવે ભૂતકાલમાં અનંત જન્મ-મરણ કર્યા હોવાથી તેને અનંત ભાવેન્દ્રિયો થઈ છે.

**૨૪ દંડકના પ્રત્યેક જીવની વર્તમાનકાલીન ભાવેન્દ્રિયો :–** જીવના ભવ અનુસાર તેને બદ્ધ ભાવેન્દ્રિયો હોય છે. નારકી, દેવતા, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોને પાંચ; પૃથ્વી આદિ એકેન્દ્રિય જીવોને એક, બેઇન્દ્રિયને બે, તેઇન્દ્રિયને ત્રણ અને ચૌરેન્દ્રિયને ચાર ભાવેન્દ્રિયો હોય છે.

**૨૪ દંડકના જીવોની દ્રવ્યેન્દ્રિયો–ભાવેન્દ્રિયો :–**

| જીવ | દ્રવ્યેન્દ્રિયો–૮ | ભાવેન્દ્રિયો–૫ |
|---|---|---|
| નારકી, દેવતા તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય | ૮–બે કાન, બે આંખ, બે નાક, જીહ્વા અને સ્પર્શેન્દ્રિય | ૫–શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય જિહ્વેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય |
| પાંચ સ્થાવર | ૧–સ્પર્શેન્દ્રિય | ૧–સ્પર્શેન્દ્રિય. |
| બેઇન્દ્રિય | ૨–સ્પર્શેન્દ્રિય, જિહ્વેન્દ્રિય | ૨–સ્પર્શેન્દ્રિય, જિહ્વેન્દ્રિય. |
| તેઇન્દ્રિય | ૪–સ્પર્શેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, બે નાક. | ૩–સ્પર્શેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય. |
| ચૌરેન્દ્રિય | ૬–સ્પર્શેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, બે નાક, બે આંખ | ૪–સ્પર્શેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય |

**૨૪ દંડકના પ્રત્યેક જીવની પુરસ્કૃત ભાવેન્દ્રિયો :–** જે જીવોને ભવિષ્યમાં જેટલા જન્મ–મરણની સંભાવના હોય તે પ્રમાણે ભાવેન્દ્રિયો થાય છે.

એક નારકી ભવિષ્યમાં પાંચ, દશ, અગિયાર, સંખ્યાત, અસંખ્યાત કે અનંત ભાવેન્દ્રિયો પ્રાપ્ત કરશે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, પહેલા, બીજા દેવલોકના દેવો ભવિષ્યમાં પાંચ, છ, સંખ્યાત, અસંખ્યાત કે અનંત ભાવેન્દ્રિયો કરશે; ત્રીજા દેવલોકથી નવગ્રૈવેયક સુધીના દેવો પાંચ, દશ, સંખ્યાત, અસંખ્યાત કે અનંત ભાવેન્દ્રિયો કરશે; ચાર અનુત્તર વિમાનના દેવો પાંચ, દશ કે અસંખ્યાત ભાવેન્દ્રિયો કરશે; સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો ભવિષ્યમાં પાંચ જ ભાવેન્દ્રિયો પ્રાપ્ત કરશે. પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાયના જીવો, પાંચ, છ, સાત, સંખ્યાત, અસંખ્યાત કે અનંત ભાવેન્દ્રિયો કરશે; તેઉકાય, વાયુકાય, ત્રણ વિકલેન્દ્રિય જીવો છ, સાત, સંખ્યાત, અસંખ્યાત કે અનંત ભાવેન્દ્રિયો કરશે; તિર્યંચ પંચેન્દ્રિયો પાંચ, છ, સાત, સંખ્યાત, અસંખ્યાત કે અનંત ભાવેન્દ્રિયો કરશે; મનુષ્યોમાં કેટલાક મનુષ્યો તે જ ભવમાં સિદ્ધ થાય તો તે ભવિષ્યમાં ભાવેન્દ્રિયો કરશે નહીં અને જે ભવભ્રમણ કરવાના છે તે મનુષ્યો પાંચ, છ, સાત, સંખ્યાત, અસંખ્યાત કે અનંત ભાવેન્દ્રિયો કરશે.

**૨૪ દંડકના પ્રત્યેક જીવોની ત્રૈકાલિક ભાવેન્દ્રિયો :–**

| જીવ પ્રકાર | ભૂતકાલીન | વર્તમાનકાલીન | ભવિષ્યકાલીન |
|---|---|---|---|
| ૧–૪ નરકના નારકી | અનંત | ૫ | ૫, ૧૦, ૧૫, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| ૫–૭ નરકના નારકી | અનંત | ૫ | ૧૦,૧૫, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી ૧, ૨ દેવલોકના દેવ | અનંત | ૫ | ૫, ૬, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| ત્રીજા દેવલોકથી નવ ગ્રૈવેયકના દેવ | અનંત | ૫ | ૫, ૧૦, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| ચાર અનુત્તર વિમાનના દેવ | અનંત | ૫ | ૫, ૧૦, સંખ્યાત |
| સર્વાર્થસિદ્ધ વિમાનના દેવ | અનંત | ૫ | ૫. |

| જીવ પ્રકાર | ભૂતકાલીન | વર્તમાનકાલીન | ભવિષ્યકાલીન |
|---|---|---|---|
| પૃથ્વી, પાણી, વનસ્પતિ | અનંત | ૧ | ૫,૬,૭, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| તેઉકાય, વાયુકાય | અનંત | ૧ | ૬, ૭, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| ત્રણ વિકલેન્દ્રિય | અનંત | ૨,૩,૪ | ૬,૭, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| તિર્યંચ પંચેન્દ્રિય | અનંત | ૫ | ૫,૬,૭, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| મનુષ્ય | અનંત | ૫ | × / ૫,૬,૭, સંખ્યાત, અસંખ્યાત, અનંત |

### ૨૪ દંડકના અનેક જીવોની ત્રૈકાલિક ભાવેન્દ્રિય :-

**૭૬ णेरइयाणं भंते ! केवइया भाविंदिया अतीता ? गोयमा ! अणंता । केवइया बद्धेल्लगा ? असंखेज्जा । केवइया पुरेक्खडा ? अणंता ।**

**एवं जहा दव्विंदिएसु पोहत्तेणं दंडओ भणिओ तहा भाविंदिएसु वि पोहत्तेणं दंडओ भाणियव्वो, णवरं- वणस्सइकाइयाणं बद्धेल्लगा वि अणंता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઘણા નૈરયિકોને અતીત ભાવેન્દ્રિયો કેટલી થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ! અનંત થઈ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! ઘણા નૈરયિકોને બદ્ધ ભાવેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** તે અસંખ્યાત છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! ઘણા નૈરયિકોને પુરસ્કૃત ભાવેન્દ્રિયો કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત છે.

જેમ દ્રવ્યેન્દ્રિયોમાં બહુવચનનો આલાપક કહ્યો છે, તેમજ ભાવેન્દ્રિયોમાં પણ બહુવચનનો આલાપક કહેવો જોઈએ. વિશેષતા એ છે કે વનસ્પતિકાયિકોને બદ્ધ ભાવેન્દ્રિયો પણ અનંત છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના અનેક જીવોની ત્રૈકાલિક ભાવેન્દ્રિયોનું કથન છે.

૨૪ દંડકના અનેક જીવોએ પાંચ અનુત્તર વિમાનને છોડીને શેષ સર્વસ્થાનમાં અનંત જન્મ-મરણ કર્યા છે, તેથી પાંચ અનુત્તર વિમાનને છોડી શેષ સર્વસ્થાનમાં અનંત ભાવેન્દ્રિયો થઈ છે.

૨૪ દંડકના અનેક જીવોની વર્તમાનકાલીન ભાવેન્દ્રિયો તે તે દંડકના જીવોની સંખ્યા અનુસાર થાય છે. યથા– નારકી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, પ્રથમ દેવલોકથી અનુત્તર વિમાનના દેવો, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં અસંખ્યાત ભાવેન્દ્રિયો હોય છે, વનસ્પતિકાયમાં અનંત જીવો હોવાથી અનંત ભાવેન્દ્રિયો હોય છે. સંજ્ઞી મનુષ્યો અને સર્વાર્થસિદ્ધ વિમાના દેવો સંખ્યાતા હોવાથી તેમને સંખ્યાત ભાવેન્દ્રિયો હોય છે.

૨૪ દંડકના અનેક જીવોની ભવિષ્યકાલીન ભાવેન્દ્રિયો પાંચ અનુત્તર વિમાનને છોડીને શેષ જીવોને અનંત થશે.

ચાર અનુત્તર વિમાનના દેવોનું ભવભ્રમણ સંખ્યાતકાલનું જ હોય છે પરંતુ તે દેવોની સંખ્યા અસંખ્યાત હોવાથી તે દેવોને ભવિષ્યકાલીન ભાવેન્દ્રિયો અસંખ્યાત થશે.

સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો એક મનુષ્યનો ભવ પ્રાપ્ત કરીને સિદ્ધ થવાના છે. તે દેવો સંખ્યાતા હોવાથી તેને સંખ્યાતા ભાવેન્દ્રિયો પ્રાપ્ત થશે.

**वणस्सइ काइयाणं बद्धेलगा अणंता :–** વનસ્પતિકાયિક જીવો અનંત હોવાથી બદ્ધ ભાવેન્દ્રિય અનંત છે. ભાવેન્દ્રિય જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવ રૂપ હોય છે, તેથી પ્રત્યેક જીવની ભાવેન્દ્રિય પૃથક્-પૃથક્ હોય છે.

**૨૪ દંડકના અનેક જીવોની ત્રૈકાલિક ભાવેન્દ્રિય :–**

| જીવ પ્રકાર | ભૂતકાલીન | વર્તમાનકાલીન | ભવિષ્યકાલીન |
|---|---|---|---|
| નારકી, ભવનપતિથી નવ ગ્રૈવેયકના દેવો | અનંત | અસંખ્યાત | અનંત |
| ચાર અનુત્તર વિમાનના દેવો | અનંત | અસંખ્યાત | અસંખ્યાત |
| સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો | અનંત | સંખ્યાત | સંખ્યાત |
| પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ, પંચે૦ | અનંત | અસંખ્યાત | અનંત |
| વનસ્પતિ | અનંત | અનંત | અનંત |
| મનુષ્યો | અનંત | સંખ્યાત કે અસંખ્યાત | અનંત |

**એક–અનેક જીવની ૨૪ દંડકમાં પ્રાપ્ત થતી ત્રૈકાલિક ઇન્દ્રિયો :–**

**૭૭ एगमेगस्स णं भंते ! णेरइयस्स णेरइयत्ते केवइया भाविंदिया अतीता ?**

**गोयमा ! अणंता, बद्धेल्लगा पंच, पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि- पंच वा दस वा पण्णरस वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा । एवं असुरकुमारत्ते *जाव* थणियकुमारत्ते, णवरं बद्धेल्लगा णत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક નૈરયિકની નૈરયિકપણે કેટલી અતીત ભાવેન્દ્રિયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે અનંત છે.

બદ્ધ ભાવેન્દ્રિયો પાંચ છે અને પુરસ્કૃત ભાવેન્દ્રિયો કેટલાક નારકીને હોય છે, કેટલાકને હોતી નથી. જેને હોય તેને પાંચ, દશ, પંદર, સંખ્યાત, અસંખ્યાત કે અનંત હોય છે.

આ જ રીતે પ્રત્યેક નૈરયિકને અસુરકુમારપણાની ***યાવત્*** સ્તનિતકુમારપણાની અતીત ભાવેન્દ્રિયોનું કથન કરવું જોઈએ, વિશેષતા એ છે કે તેઓને બદ્ધ ભાવેન્દ્રિય હોતી નથી.

**૭૮ पुढविक्काइयत्ते *जाव* बेइंदियत्ते जहा दव्विंदिया ।**

**ભાવાર્થ:–** પ્રત્યેક નૈરયિકને પૃથ્વીકાય ***યાવત્*** બેઇન્દ્રિયપણાની અતીતાદિ ભાવેન્દ્રિયોનું કથન દ્રવ્યેન્દ્રિયોની જેમ કરવું જોઈએ.

**૭૯ तेइंदियत्ते तहेव, णवरं- पुरेक्खडा तिण्णि वा छ वा णव वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा । एवं चउरिंदियत्ते वि णवरं- पुरेक्खडा चतारि वा अट्ठ वा बारस वा संखेज्जा वा असंखेज्जा वा अणंता वा ।**

**ભાવાર્થ :–** તેઈન્દ્રિયપણે થતી ભાવેન્દ્રિયોનું કથન પણ પૂર્વવત્ જાણવું, તેમાં વિશેષતા એ છે કે તેની પુરસ્કૃત ભાવેન્દ્રિયો ત્રણ, છ, નવ, સંખ્યાત,અસંખ્યાત અથવા અનંત હોય છે.

તે જ રીતે પ્રત્યેક નૈરયિકની ચૌરેન્દ્રિયપણે થતી ભાવેન્દ્રિયનું કથન પણ જાણવું, તેમાં વિશેષતા એ છે કે તેની પુરસ્કૃત ભાવેન્દ્રિયો ચાર, આઠ, બાર, સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત હોય છે.

**૮૦ एवं एए चेव चत्तारि गमा णेयव्वा जे चेव दव्विंदिएसु । णवरं- तइयगमे जाणियव्वा जस्स जइ इंदिया ते पुरेक्खडेसु मुणेयव्वा । चउत्थगमे जहेव दव्वेंदिया** *जाव* **सव्वट्ठसिद्धगदेवाणं सव्वट्ठसिद्धगदेवत्ते केवइया भाविंदिया अतीता ? णत्थि, बद्धेल्लगा संखेज्जा, पुरेक्खडा णत्थि ।**

**ભાવાર્થ :–** આ રીતે દ્રવ્યેન્દ્રિયોની સમાન ભાવેન્દ્રિયોમાં પણ ત્રૈકાલિક ચાર આલાપક અહીં જાણવા જોઈએ. વિશેષતા એ છે કે તૃતીય આલાપકમાં જેને જેટલી ભાવેન્દ્રિયો હોય, તેને તેટલી પુરસ્કૃત ભાવેન્દ્રિયોની ગણના કરવી જોઈએ. ચતુર્થ આલાપકમાં દ્રવ્યેન્દ્રિયની સમાન જ સર્વ કથન કરવું જોઈએ ***યાવત્ પ્રશ્ન***– સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોની સર્વાર્થસિદ્ધ વિમાનના દેવપણે કેટલી અતીત ભાવેન્દ્રિયો થઈ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઓને અતીત ભાવેન્દ્રિયો નથી. બદ્ધ ભાવેન્દ્રિયો સંખ્યાત છે, પુરસ્કૃત ભાવેન્દ્રિયો નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવોમાં એકત્વ–બહુત્વની અપેક્ષાએ ૨૪ દંડકના જીવપણે પ્રાપ્ત થતી અતીત, બદ્ધ અને પુરસ્કૃત ભાવેન્દ્રિયોનું કથન કર્યું છે. જેમાં ત્રીજા આલાપકનું કથન પૂર્ણ કર્યા પછી ચોથા આલાપકનું કથન અતિદેશપૂર્વક કર્યું છે. ચાર આલાપક આ પ્રમાણે છે– (૧) ૨૪ દંડકના પ્રત્યેક જીવની ત્રૈકાલિક ભાવેન્દ્રિયો, (૨) ૨૪ દંડકના અનેક જીવોની ત્રૈકાલિક ભાવેન્દ્રિયો, (૩) ૨૪ દંડકના પ્રત્યેક જીવની ૨૪ દંડકમાં ત્રૈકાલિક ભાવેન્દ્રિયો, (૪) ૨૪ દંડકના અનેક જીવોની ૨૪ દંડકમાં ત્રૈકાલિક ભાવેન્દ્રિયો.

ભાવેન્દ્રિયોના પ્રથમ આલાપકનું કથન સૂત્ર ૭૧ થી ૭૫ સુધીમાં છે, બીજા આલાપકનું કથન સૂત્ર ૭૬માં છે, ત્રીજા આલાપકનું કથન સૂત્ર ૭૭ થી ૭૯ સુધીમાં છે અને સૂત્ર ૮૦માં ચોથા આલાપક માટે સંક્ષિપ્ત કથન છે.

**॥ બીજો ઉદ્દેશક સંપૂર્ણ ॥**

**॥ પંદરમું પદ સંપૂર્ણ ॥**

# સોળમું પદ

## પરિચય

આ પદનું નામ **પ્રયોગપદ** છે.

મન, વચન અને કાયાના માધ્યમથી થનારા આત્માના વ્યાપારને(પ્રવૃત્તિને) પ્રયોગ કહે છે. મન, વચન અને કાયા આ ત્રણ યોગ પુદ્ગલનું જ પરિણમન છે. તથાપ્રકારના કર્મના ઉદયે જીવ મનોવર્ગણાને ગ્રહણ કરી, તેને મન રૂપે પરિણમાવીને માનસિક વિચાર રૂપ ક્રિયા કરે છે. આ જ રીતે ભાષા વર્ગણાના માધ્યમથી વચનની ક્રિયા અને શરીર વર્ગણાના માધ્યમથી કાયાની ક્રિયા થાય છે. સંક્ષેપમાં ત્રણે ય યોગ પુદ્ગલજન્ય હોવા છતાં તેમાં આત્મપુરુષાર્થ અનિવાર્ય છે. તેથી જ સર્વ યોગોની પ્રવૃત્તિને ' આત્મ યોગ'કહે છે. આ પદમાં આત્મ યોગને **પ્રયોગ** કહીને તેના વિષયમાં અનેક દષ્ટિકોણથી વિચારણા કરી છે.

પ્રસ્તુત પદમાં પ્રતિપાદિત વિષય, બે વિભાગોમાં વિભાજિત થાય છે– (૧) પ્રયોગ અને તેના પ્રકાર તથા ચોવીસ દંડકોમાં પ્રાપ્ત થતાં પ્રયોગો અને તેમાં શાશ્વત, અશાશ્વત યોગનું નિરૂપણ (૨) ગતિ પ્રપાતના ભેદ-પ્રભેદો દ્વારા તેના સ્વરૂપનું નિરૂપણ.

પ્રયોગના પંદર ભેદ છે. યથા– (૧) સત્ય મનપ્રયોગ (૨) અસત્ય મનપ્રયોગ (૩) મિશ્ર મનપ્રયોગ (૪) વ્યવહાર મનપ્રયોગ તે ચાર મનપ્રયોગ છે, તે જ રીતે (૫-૮) ચાર વચનપ્રયોગ છે અને સાત કાયાના પ્રયોગ (૯) ઔદારિક કાયપ્રયોગ (૧૦) ઔદારિક મિશ્રકાયપ્રયોગ (૧૧) વૈક્રિયકાય પ્રયોગ (૧૨) વૈક્રિય મિશ્રકાયપ્રયોગ (૧૩) આહારક કાયપ્રયોગ (૧૪) આહારક મિશ્ર કાયપ્રયોગ અને (૧૫) કાર્મણકાય પ્રયોગ. આ રીતે કુલ ૪+૪+૭ = ૧૫ પ્રકારના પ્રયોગ થાય છે.

સમુચ્ચય જીવમાં પંદર પ્રકારના પ્રયોગ હોય છે. ચોવીસ દંડકના જીવોમાંથી **નારકી–દેવતા**ને ચાર મનના પ્રયોગ, ચાર વચનના પ્રયોગ તથા વૈક્રિયકાય પ્રયોગ, વૈક્રિય મિશ્ર કાયપ્રયોગ અને કાર્મણ કાયપ્રયોગ, તે ત્રણ કાયના, એમ કુલ **અગિયાર પ્રયોગ** હોય છે. વાયુકાયને છોડીને શેષ **ચાર સ્થાવર** જીવોને ઔદારિક કાયપ્રયોગ, ઔદારિક મિશ્ર કાયપ્રયોગ અને કાર્મણ કાયપ્રયોગ, તે **ત્રણ કાયા**ના પ્રયોગ હોય છે. **વાયુકાય**ને પૂર્વોક્ત ત્રણ અને વૈક્રિય કાયપ્રયોગ તથા વૈક્રિય મિશ્ર કાયપ્રયોગ સહિત **પાંચ પ્રયોગ** હોય છે. **ત્રણ વિકલેન્દ્રિય** જીવોને વ્યવહાર વચનપ્રયોગ, ઔદારિક કાયપ્રયોગ, ઔદારિકમિશ્ર કાયપ્રયોગ અને કાર્મણ કાયપ્રયોગ, આ **ચાર પ્રયોગ** હોય છે. **તિર્યંચ પંચેન્દ્રિય**ને આહારકના બે પ્રયોગ છોડીને **તેર પ્રયોગ** અને **મનુષ્યોને પંદરે પ્રયોગ** હોય છે.

જે પ્રયોગવાળા જીવો હંમેશાં પ્રાપ્ત થાય, તેને **શાશ્વત પ્રયોગ** કહે છે અને જે પ્રયોગવાળા જીવો હંમેશાં ન હોય, એટલે ક્યારેક તેનો અભાવ થાય, તો તેને **અશાશ્વત પ્રયોગ** કહે છે.

**સમુચ્ચય જીવોમાં**– આહારક શરીરનું અંતર ઉત્કૃષ્ટ છ મહિનાનું હોવાથી ક્યારેક આહારક કાયપ્રયોગ અને આહારક મિશ્રકાયપ્રયોગ કરનારા જીવો હોતા નથી, તેથી તે બંને પ્રકારના પ્રયોગ અશાશ્વત છે અને શેષ તેર પ્રકારના પ્રયોગો સમુચ્ચય જીવમાં શાશ્વત છે.

**નારકી અને દેવતામાં–** ઉપપાત વિરહકાલમાં કાર્મણકાય પ્રયોગ કરનારા જીવો હોતા નથી, તેથી અગિયાર પ્રકારના પ્રયોગમાંથી એક કાર્મણ કાયયોગ અશાશ્વત છે અને શેષ દશ પ્રયોગ શાશ્વત છે.

**પાંચ સ્થાવર જીવોમાં–** તે જીવોમાં પ્રાપ્ત થતા સર્વપ્રયોગ(ત્રણ કે પાંચે પ્રયોગ) શાશ્વત છે.

**ત્રણ વિકલેન્દ્રિયમાં–** ચાર પ્રકારના પ્રયોગમાંથી ઉપપાત વિરહકાલની અપેક્ષાએ કાર્મણ કાયપ્રયોગ અશાશ્વત અને શેષ ત્રણ પ્રયોગ શાશ્વત છે.

**તિર્યંચ પંચેન્દ્રિયમાં–** તેર પ્રકારના પ્રયોગમાંથી એક કાર્મણ કાયપ્રયોગ અશાશ્વત છે અને શેષ બાર પ્રયોગ શાશ્વત છે.

**મનુષ્યોમાં–** પંદર પ્રકારના પ્રયોગમાંથી ઔદારિક મિશ્ર કાયપ્રયોગ, કાર્મણ કાયપ્રયોગ, આહારક કાયપ્રયોગ અને આહારક મિશ્રકાય પ્રયોગ; એ ચાર પ્રયોગ અશાશ્વત છે અને શેષ અગિયાર પ્રયોગ શાશ્વત છે.

જે દંડકમાં શાશ્વત અને અશાશ્વત બંને પ્રકારના પ્રયોગો પ્રાપ્ત થતાં હોય ત્યાં સૂત્રકારે તેના અસંયોગી, દ્વિસંયોગી આદિ વિકલ્પો–ભંગોનું કથન કર્યું છે.

**ગતિ પ્રપાત :–** ગતિના પાંચ પ્રકાર છે– (૧) પ્રયોગગતિ, (૨) તતગતિ, (૩) બંધન છેદન ગતિ, (૪) ઉપપાતગતિ અને (૫) વિહાયોગતિ.

પંદર પ્રકારના પ્રયોગને **પ્રયોગગતિ** કહે છે, ગંતવ્ય સ્થાન સુધી પહોંચવા માટે એક-એક કદમ ચાલવા રૂપ ગતિ **તતગતિ** કહે છે. શરીરના બંધન છૂટ્યા પછી થતી જીવની ગતિને **બંધન છેદનગતિ** કહે છે. **ઉપપાત ગતિમાં** નરકાદિ ચાર ભવોપપાત ગતિ, ક્ષેત્રોપપાત ગતિ અને નોભવોપપાત ગતિનું વર્ણન છે. આકાશથી સંબંધિત ગતિને વિહાયોગતિ કહે છે અર્થાત્ ભવાંતરમાં ગમન કરતાં જીવની અને સ્કંધાંતરમાં જતાં પુદ્ગલોની ગતિને **વિહાયોગતિ** કહે છે.

આ રીતે અનેક પ્રકારની ગતિઓનું આ પદમાં ભેદ-પ્રભેદપૂર્વક વર્ણન છે.

❖❖❖❖❖

# સોળમું પદ : પ્રયોગ

**પ્રયોગ અને તેના પ્રકાર :–**

**१** कइविहे णं भंते ! पओगे पण्णत्ते ?

**गोयमा ! पण्णरसविहे पण्णत्ते, तं जहा- सच्चमणप्पओगे, मोसमणप्पओगे, सच्चामोस-मणप्पओगे, असच्चामोसमणप्पओगे, एवं वइप्पओगे वि चउहा, ओरालिय-सरीरकायप्पओगे, ओरालियमीसासरीरकायप्पओगे, वेउव्वियसरीरकायप्पओगे, वेउव्विय-मीसासरीरकायप्पओगे, आहारग-सरीरकायप्पओगे, आहारगमीसासरीरकायप्पओगे, कम्मासरीरकायप्पओगे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રયોગના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પ્રયોગના પંદર પ્રકાર છે, તે આ પ્રમાણે– (૧) સત્ય મનપ્રયોગ, (૨) અસત્ય (મૃષા) મનપ્રયોગ, (૩) સત્યમૃષા (મિશ્ર) મનપ્રયોગ, (૪) અસત્યામૃષા (વ્યવહાર) મનપ્રયોગ, આ રીતે વચન પ્રયોગના પણ ચાર પ્રકાર છે. યથા– (૫) સત્યભાષાપ્રયોગ, (૬) અસત્ય ભાષા પ્રયોગ, (૭) સત્યમૃષા ભાષા પ્રયોગ, (૮) અસત્યામૃષા ભાષા પ્રયોગ, કાય પ્રયોગના સાત પ્રકાર છે (૯) ઔદારિક શરીર કાયપ્રયોગ, (૧૦) ઔદારિક મિશ્ર શરીરકાય પ્રયોગ, (૧૧) વૈક્રિય શરીર કાયપ્રયોગ, (૧૨) વૈક્રિય મિશ્ર શરીર કાયપ્રયોગ, (૧૩) આહારક શરીર કાયપ્રયોગ, (૧૪) આહારક મિશ્ર શરીર કાયપ્રયોગ અને (૧૫) કાર્મણ શરીર કાયપ્રયોગ.

**વિવેચન :–**

આ સૂત્રમાં પંદર પ્રકારના પ્રયોગોનો નામોલ્લેખ કરવામાં આવ્યો છે.

**પ્રયોગ :– प्र** ઉપસર્ગ પૂર્વક **' युज् '** ધાતુથી ' પ્રયોગ' શબ્દ નિષ્પન્ન થાય છે. તેના સ્વરૂપને નિમ્ન પ્રકારે સમજી શકાય છે. (૧) જેના દ્વારા આત્મા પ્રકર્ષપણે(ઉત્કૃષ્ટપણે) ક્રિયાઓથી યુક્ત–સંબંધિત થાય તે પ્રયોગ છે. (૨) જીવોની કર્મગ્રહણમાં કારણ રૂપ શક્તિને પ્રયોગ કહે છે (૩) જેના દ્વારા આત્મા સાંપરાયિક કે ઐર્યાપથિક કર્મબંધથી સંબંધિત થાય, તેને પ્રયોગ કહે છે. જીવ દ્વારા થતાં પુદ્ગલોના પરિણમન અને પુદ્ગલ ગ્રહણના સાધનને પ્રયોગ કહે છે. (૪) વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમ કે ક્ષયથી થતાં આત્મપ્રદેશોના પરિસ્પંદનને પ્રયોગ કહે છે. શ્રી ભગવતી સૂત્રના પચીસમા શતકમાં 'યોગ' શબ્દનો પ્રયોગ છે અને તે જ યોગ માટે અહીં પ્રયોગ શબ્દ પ્રયુક્ત છે.

તે પ્રયોગના મુખ્ય ત્રણ પ્રકાર છે. મનોપ્રયોગ, વચનપ્રયોગ અને કાયપ્રયોગ. આત્મપ્રદેશોના પરિસ્પંદનમાં મન, વચન કે કાયા નિમિત્ત ભૂત થાય છે. તેમજ તે ત્રણે ય પુદ્ગલ ગ્રહણ કરવામાં સાધન રૂપ છે. આ મુખ્ય ત્રણ પ્રયોગના ૧૫ પ્રભેદ છે જે ભાવાર્થમાં દર્શાવ્યા છે. તે ૧૫ પ્રયોગોનું સ્વરૂપ આ પ્રમાણે છે–

**(૧) સત્ય મનપ્રયોગ :–** પ્રાણીમાત્રને માટે હિતકારી વિચારણા, મોક્ષ તરફ લઈ જનારી વિચારણા અને

સત્‌પદાર્થોની અનેકાંતરૂપ યથાર્થ વિચારણા, તે સત્ય મનપ્રયોગ છે.

**(૨) અસત્ય મનપ્રયોગ :–** સત્યથી વિપરીત અર્થાત્ સંસાર તરફ લઈ જનારી; પ્રાણીઓને માટે અહિતકારી વિચારણા અને જીવાદિ તત્ત્વો સંબંધી એકાંત મિથ્યા વિચારણા, તે અસત્ય મનપ્રયોગ છે.

**(૩) મિશ્ર મનપ્રયોગ :–** વ્યવહારથી સત્ય હોવા છતાં પણ જે વિચાર નિશ્ચયથી પૂર્ણ સત્ય ન હોય અર્થાત્ સત્ય અને અસત્યથી મિશ્રિત વિચારણા, તે મિશ્ર મનપ્રયોગ છે.

**(૪) વ્યવહાર મનપ્રયોગ :–** જે વિચાર સત્ય પણ ન હોય અને અસત્ય પણ ન હોય, જેનો માત્ર વ્યવહારમાં ઉપયોગ થતો હોય, તેવી વિચારણા વ્યવહાર મનપ્રયોગ છે. સંજ્ઞી જીવોમાં ચારે પ્રકારના મનપ્રયોગ હોય છે.

**(૫) સત્ય વચનપ્રયોગ (૬) અસત્ય વચનપ્રયોગ (૭) મિશ્ર વચનપ્રયોગ (૮) વ્યવહાર વચન પ્રયોગ :–** તેનું સ્વરૂપ મનપ્રયોગની સમાન સમજવું જોઈએ. મનપ્રયોગમાં કેવલ વિચાર માત્રનું ગ્રહણ છે અને વચનપ્રયોગમાં વાણીનું ગ્રહણ છે. વાણી દ્વારા ભાવોને પ્રગટ કરવા તે વચનપ્રયોગ છે. સંજ્ઞી જીવોમાં આ ચાર પ્રકારના વચનપ્રયોગ હોય છે અને વિકલેન્દ્રિય જીવોમાં એક વ્યવહાર વચન પ્રયોગ હોય છે.

**(૯) ઔદારિક કાયપ્રયોગ :–** કાયનો અર્થ છે સમૂહ. ઔદારિક શરીર, ઔદારિક શરીર યોગ્ય પુદ્‌ગલ સ્કંધોના સમૂહરૂપ હોવાથી 'ઔદારિકકાય' કહેવાય છે, તેનાથી થતો વ્યાપાર તે ઔદારિક કાયપ્રયોગ છે. આ યોગ મનુષ્ય અને તિર્યંચોમાં હોય છે.

**(૧૦) ઔદારિક મિશ્ર કાયપ્રયોગ :–** ઔદારિક અને કાર્મણ, ઔદારિક અને વૈક્રિય, ઔદારિક અને આહારક, આ બે-બે શરીર દ્વારા થતા વીર્યશક્તિના પ્રયોગને ઔદારિક મિશ્ર કાયપ્રયોગ કહે છે. તે યોગ જન્મના પ્રથમ સમયથી શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી સર્વ ઔદારિકશરીરધારી જીવોને હોય છે. લબ્ધિધારી મનુષ્યો અને તિર્યંચો જ્યારે વૈક્રિયશરીરનો ત્યાગ કરે અને લબ્ધિધારી મુનિ જ્યારે આહારક શરીરનો ત્યાગ કરે ત્યારે ઔદારિક મિશ્ર કાયપ્રયોગ હોય છે. કેવલી ભગવાન જ્યારે કેવલી સમુદ્‌ઘાત કરે ત્યારે બીજા, છટ્ઠા અને સાતમા સમયે ઔદારિક મિશ્ર કાયપ્રયોગ હોય છે.

**(૧૧) વૈક્રિય કાયપ્રયોગ :–** વૈક્રિય શરીર દ્વારા થતો વીર્યશક્તિનો પ્રયોગ તે વૈક્રિય કાયપ્રયોગ કહેવાય છે. તે દેવ અને નારકીઓને હોય છે. મનુષ્યો અને તિર્યંચો વૈક્રિયલબ્ધિથી વૈક્રિયશરીર બનાવી લે તત્પશ્ચાત્ વૈક્રિય કાયપ્રયોગ થાય છે.

**(૧૨) વૈક્રિયમિશ્ર કાયપ્રયોગ :–** વૈક્રિય અને કાર્મણ, વૈક્રિય અને ઔદારિક, આ બે શરીર દ્વારા થતા વીર્ય– શક્તિના પ્રયોગને વૈક્રિયમિશ્ર કાયપ્રયોગ કહે છે. વૈક્રિય અને કાર્મણ સંબંધી વૈક્રિયમિશ્ર કાયપ્રયોગ દેવો તથા નારકીઓને જન્મના સમયથી શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી રહે છે અને મનુષ્યો અને તિર્યંચો જ્યારે લબ્ધિજન્ય વૈક્રિય શરીર બનાવે ત્યારે વૈક્રિય અને ઔદારિક આ બે શરીર દ્વારા થતો વૈક્રિયમિશ્ર કાયપ્રયોગ, હોય છે.

**(૧૩) આહારક કાયપ્રયોગ :–** આહારક શરીરની સહાયતાથી થતાં વીર્યશક્તિના પ્રયોગને આહારક કાયપ્રયોગ કહે છે. તે ઋદ્ધિ પ્રાપ્ત પ્રમત્ત સંયતને હોય છે. આહારક લબ્ધિપ્રયોગનો પ્રારંભ પ્રમત્તાવસ્થામાં જ થાય છે પરંતુ આહારક શરીર બની જાય પછી કદાચિત્ થોડીક ક્ષણો અપ્રમત્ત અવસ્થા પણ આવી શકે છે.

**(૧૪) આહારક મિશ્ર કાયપ્રયોગ :–** આહારક અને ઔદારિક આ બે શરીરો દ્વારા થતા વીર્યશક્તિના પ્રયોગને આહારક મિશ્ર કાયપ્રયોગ કહે છે. ચૌદપૂર્વધર મુનિ આહારક શરીર બનાવવાનો પ્રારંભ કરે

ત્યારે તેને આહારક મિશ્ર કાયપ્રયોગ હોય છે અને આહારક શરીરનો ત્યાગ કરે ત્યારે તેને ઔદારિક મિશ્ર કાયપ્રયોગ હોય છે.

**(૧૫) કાર્મણ કાયપ્રયોગ :–** કેવળ કાર્મણ શરીરની સહાયતાથી થતાં વીર્યશક્તિના પ્રયોગને કાર્મણ કાયપ્રયોગ કહે છે. તે યોગ વિગ્રહ ગતિમાં અનાહારક અવસ્થામાં સર્વ જીવોને હોય છે. કેવલી સમુદ્ઘાતના ત્રીજા, ચોથા અને પાંચમા સમયે અનાહારક અવસ્થામાં કેવલી ભગવાનને કાર્મણ કાયપ્રયોગ હોય છે.

કાર્મણ કાયપ્રયોગની જેમ તૈજસ કાયપ્રયોગને પૃથક્ સ્વીકાર્યો નથી કારણકે તૈજસ અને કાર્મણ બંને શરીર હંમેશાં સાથે જ હોય છે. બંનેનો વીર્ય શક્તિનો વ્યાપાર પણ સાથે જ થાય છે, તેથી કાર્મણ કાયપ્રયોગમાં તૈજસ કાયપ્રયોગનો સમાવેશ થઈ જાય છે.

પૂર્વોક્ત મન, વચન અને કાયાના પ્રયોગથી પરિણત પુદ્ગલ દ્રવ્યને ક્રમશઃ મનપ્રયોગ પરિણત પુદ્ગલ, વચન પ્રયોગ પરિણત પુદ્ગલ અને કાય પ્રયોગ પરિણત પુદ્ગલ કહે છે.

**સમુચ્ચય જીવ અને ચોવીશ દંડકોમાં પ્રયોગ :–**

**૨ जीवाणं भंते ! कइविहे पओगे पण्णत्ते ? गोयमा ! पण्णरसविहे पओगे पण्णत्ते, तं जहा- सच्चमणप्पओगे** *जाव* **कम्मासरीरकायप्पओगे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવોને કેટલા પ્રકારના પ્રયોગ હોય છે ?**ઉત્તર–** હે ગૌતમ ! જીવોને પંદર પ્રકારના પ્રયોગ હોય છે, તે આ પ્રમાણે છે– સત્ય મનપ્રયોગ ***યાવત્*** કાર્મણ શરીર પ્રયોગ.

**૩ णेरइयाणं भंते ! कइविहे पओगे पण्णत्ते ? गोयमा ! एक्कारसविहे पओगे पण्णत्ते, तं जहा- सच्चमणप्पओगे** *जाव* **असच्चामोसवइप्पओगे वेउव्वियसरीरकायप्पओगे, वेउव्विय-मीससरीरकायप्पओगे, कम्मासरीरकायप्पओगे। एवं असुरकुमारण वि** *जाव* **थणियकुमाराणं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારના પ્રયોગ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોને અગિયાર પ્રયોગ હોય છે, તે આ પ્રમાણે છે–(૧ થી ૮) સત્યમનપ્રયોગ ***યાવત્*** અસત્યામૃષા- વચનપ્રયોગ, (૯) વૈક્રિય શરીર કાયપ્રયોગ (૧૦) વૈક્રિયમિશ્ર શરીર કાયપ્રયોગ અને (૧૧) કાર્મણ શરીર કાયપ્રયોગ.

આ રીતે અસુરકુમારોથી સ્તનિતકુમારો સુધીના દેવોમાં અગિયાર પ્રકારના પ્રયોગ હોય છે.

**૪ पुढविक्काइयाणं णं भंते ! कइविहे पओगे पण्णत्ते ।**

**गोयमा! तिविहे पओगे पण्णत्ते, तं जहा- ओरालियसरीरकायप्पओगे, ओरालियमीसा-सरीरकायप्पओगे, कम्मासरीरकायप्पओगे । एवं** *जाव* **वणस्सइकाइयं, णवरं वाउक्काइयाणं पंचविहे पओगे पण्णत्ते, तं जहा- ओरालिय-सरीरकायप्पओगे, ओरालियमीसासरीर- कायप्पओगे, वेउव्विए दुविहे, कम्मासरीरकायप्पओगे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિકોને કેટલા પ્રકારના પ્રયોગ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિકોને ત્રણ પ્રયોગ હોય છે, તે આ પ્રમાણે છે– (૧) ઔદારિક શરીર કાયપ્રયોગ, (૨) ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગ અને (૩) કાર્મણ શરીર કાયપ્રયોગ. આ જ રીતે

અપ્કાયિકોથી લઈ વનસ્પતિકાયિકો સુધી જાણવું જોઈએ. વિશેષતા એ છે કે વાયુકાયિકોને પાંચ પ્રકારના પ્રયોગ હોય છે, તે આ પ્રમાણે છે– (૧) ઔદારિક શરીર કાયપ્રયોગ, (૨) ઔદારિક મિશ્ર શરીર કાય પ્રયોગ (૩) વૈક્રિય શરીર કાયપ્રયોગ (૪) વૈક્રિય મિશ્ર શરીર કાયપ્રયોગ અને (૫) કાર્મણ શરીર કાય- પ્રયોગ.

**૫** **बेइंदियाणं णं भंते! कइविहे पओगे पण्णत्ते ? गोयमा! चउव्विहे पओगे पण्णत्ते, तं जहा- असच्चामोसवइप्पओगे, ओरालियसरीर कायप्पओगे । ओरालियमीससरीरकायप्पओगे, कम्मासरीरकायप्पओगे । एवं** *जाव* **चउरिंदियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવોને કેટલા પ્રકારના પ્રયોગ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચાર પ્રકારના પ્રયોગ હોય છે, તે આ પ્રમાણે છે– (૧) અસત્યામૃષા વચન પ્રયોગ, (૨) ઔદારિક શરીર કાયપ્રયોગ (૩) ઔદારિક મિશ્ર શરીરકાય પ્રયોગ અને (૪) કાર્મણ શરીરકાય પ્રયોગ. આ જ રીતે તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોના પ્રયોગના વિષયમાં જાણવું જોઈએ.

**૬** **पंचेदियतिरिक्खजोणियाणं णं भंते ! कइविहे पओगे पण्णत्ते ?**

**गोयमा ! तेरसविहे पओगे पण्णत्ते, तं जहा- सच्चमणप्पओगे, मोसमणप्पओगे, सच्चा-मोसमणप्पओगे, असच्चामोसमणप्पओगे, एवं वइप्पओगे वि, ओरालियसरीर-कायप्पओगे, ओरालियमीसासरीरकायप्पओगे, वेउव्वियसरीरकायप्पओगे, वेउव्वियमीसासरीरकायप्पओगे, कम्मासरीकायप्पओगे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને કેટલા પ્રકારના પ્રયોગ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેર પ્રકારના પ્રયોગ હોય છે, તે આ પ્રમાણે – (૧) સત્યમનપ્રયોગ, (૨) મૃષા મનપ્રયોગ, (૩) સત્યમૃષા મનપ્રયોગ, (૪) અસત્યામૃષા મનપ્રયોગ, આ જ રીતે ચાર પ્રકારના (૫થી૮) વચનપ્રયોગ, (૯) ઔદારિક શરીર કાયપ્રયોગ, (૧૦) ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગ (૧૧) વૈક્રિય શરીર કાયપ્રયોગ, (૧૨) વૈક્રિય મિશ્ર શરીર કાયપ્રયોગ અને (૧૩) કાર્મણ શરીર કાયપ્રયોગ.

**૭** **मणूसाणं णं भंते ! कइविहे पओगे पण्णत्ते ? गोयमा ! पण्णरसविहे पओगे पण्णत्ते। तं जहा- सच्चमणप्पओगे** *जाव* **कम्मासरीरकायप्पओगे । वाणमंतर जोइसिय-वेमाणियाणं जहा णेरइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યોને કેટલા પ્રકારના પ્રયોગ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પંદર પ્રકારના પ્રયોગ હોય છે, તે આ પ્રમાણે છે– સત્યમનપ્રયોગથી લઈ કાર્મણ શરીર કાયપ્રયોગ. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોના પ્રયોગના વિષયમાં નૈરયિકોની સમાન જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જીવોને પ્રાપ્ત થતાં પ્રયોગોનું નિરૂપણ છે.

**સમુચ્ચય જીવ–** સમુચ્ચય જીવમાં ૨૪ દંડકના સર્વ જીવોનો સમાવેશ થતો હોવાથી તેમાં ચાર મનના, ચાર વચનના અને સાત કાયાના કુલ પંદર પ્રકારના પ્રયોગ હોય છે.

**નારકી-દેવતા–** નારકી અને દેવો સંજ્ઞી પંચેન્દ્રિય છે અને વૈક્રિય શરીર ધારી છે તેથી તેમાં ચાર મનના, ચાર વચનના અને વૈક્રિય કાયપ્રયોગ, વૈક્રિયમિશ્રકાયપ્રયોગ,કાર્મણકાયપ્રયોગ તે ત્રણ કાયાના પ્રયોગ કુલ ૪+૪+ ૩ = ૧૧ પ્રયોગ હોય છે. નારકી-દેવોને ઔદારિક શરીર અને આહારકશરીર નથી, તેથી તેના ૪ પ્રયોગો હોતા નથી.

**પૃથ્વી, પાણી, અગ્નિ અને વનસ્પતિ–** આ ચાર સ્થાવર જીવો એકેન્દ્રિય હોવાથી તેમાં મન કે વચનના પ્રયોગ નથી અને તે જીવો ઔદારિક શરીરી હોવાથી તેમાં ઔદારિક કાયપ્રયોગ, ઔદારિકમિશ્ર કાયપ્રયોગ અને કાર્મણ કાયપ્રયોગ, આ ત્રણ પ્રયોગ હોય છે.

**વાયુકાય–** ત્રસનાડીમાં રહેલા કેટલાક બાદર પર્યાપ્ત વાયુકાયિક એકેન્દ્રિય જીવોમાં વૈક્રિયલબ્ધિ હોય છે. તેથી તેમાં ઉપરોક્ત ત્રણ પ્રયોગ ઉપરાંત વૈક્રિય કાયપ્રયોગ અને વૈક્રિયમિશ્ર કાયપ્રયોગ પણ હોય છે તેથી કુલ ૩+૨ = ૫ પ્રયોગ હોય છે.

**ત્રણ વિકલેન્દ્રિય–** તે જીવો અસંજ્ઞી છે, તેથી તેમાં મનપ્રયોગ નથી તેમજ સત્ય,અસત્ય આદિ કોઈ ચોક્કસ ભાષાપ્રયોગ ન હોવાથી તે જીવોને એક વ્યવહાર વચનપ્રયોગ જ હોય છે. ઔદારિક શરીરી હોવાથી તેને ઔદારિક કાયપ્રયોગ, ઔદારિકમિશ્ર કાયપ્રયોગ તથા કાર્મણ કાયપ્રયોગ, આ ત્રણ કાયાના પ્રયોગ હોય છે. આ રીતે કુલ ૧+૩ = ૪ પ્રયોગ હોય છે.

**તિર્યંચ પંચેન્દ્રિય–** સંજ્ઞી અને અસંજ્ઞી બંને પ્રકારના જીવોનો સમાવેશ થતો હોવાથી તિર્યંચ પંચેન્દ્રિયમાં સામાન્ય રીતે ચાર મનના, ચાર વચનના પ્રયોગ હોય છે, તે જીવો ઔદારિક શરીરી છે અને તેમાં કેટલાક જીવોને વૈક્રિયલબ્ધિ પણ હોય છે. તેથી તેમાં ઔદારિક કાયપ્રયોગ, ઔદારિક મિશ્ર કાયપ્રયોગ, વૈક્રિય કાયપ્રયોગ,વૈક્રિયમિશ્ર કાયપ્રયોગ અને કાર્મણ કાયપ્રયોગ, આ પાંચ કાયપ્રયોગ હોય છે, આ રીતે કુલ ૪+૪+૫ = ૧૩ પ્રયોગ હોય છે.

**મનુષ્ય–** સંજ્ઞી અને અસંજ્ઞી બંને પ્રકારના મનુષ્યોનો અહીં સમાવેશ થાય છે. કેટલાક સંજ્ઞી મનુષ્યોમાં વૈક્રિયલબ્ધિ હોય છે અને કેટલાક મનુષ્યોને આહારક લબ્ધિ હોયછે. તેથી મનુષ્યોમાં ચાર મનના + ચાર વચનના અને + સાત કાયાના કુલ પંદર પ્રયોગ હોય છે.

**૨૪ દંડકમાં પ્રયોગ :–**

| જીવ પ્રકાર | કુલ પ્રયોગ | વિવરણ |
|---|---|---|
| નારકી–દેવતા | ૧૧ | મનના–૪,વચનના–૪,કાયાના–૩,વૈક્રિય,વૈક્રિય મિશ્ર,કાર્મણ કાયપ્રયોગ |
| પૃથ્વી, પાણી, અગ્નિ વનસ્પતિ | ૩ | કાયાના–૩, ઔદારિક, ઔદારિક મિશ્ર અને કાર્મણ કાયપ્રયોગ. |
| વાયુકાય | ૫ | કાયાના–૫,ઔદારિક, ઔદારિક મિશ્ર, વૈક્રિય, વૈક્રિય મિશ્ર અને કાર્મણ. |
| ત્રણ વિકલેન્દ્રિય અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | ૪ | વ્યવહાર વચનપ્રયોગ, ઔદારિક, ઔદારિક મિશ્ર અને કાર્મણ કાયપ્રયોગ. |
| સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | ૧૩ | મનના–૪, વચનના–૪ અને કાયાના–૫ ઉપરવત્. |
| સંમૂર્ચ્છિમ મનુષ્ય | ૩ | કાયાના–૩, ઔદારિક, ઔદારિક મિશ્ર અને કાર્મણ કાયપ્રયોગ |
| યુગલિક મનુષ્ય | ૧૧ | મનના–૪, વચનના–૪ ઔદારિક, ઔદારિક મિશ્ર અને કાર્મણકાયપ્રયોગ. |
| કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય | ૧૫ | મનના–૪, વચનના–૪ અને કાયાના–૭, સર્વે પ્રયોગ. |

**સમુચ્ચય જીવોમાં પ્રયોગ ભંગ :–**

**૮** **जीवा णं भंते ! किं सच्चमणप्पओगी** *जाव* **किं कम्मासरीरकायप्पओगी ?**

**गोयमा ! जीवा सव्वे वि ताव होज्जा सच्चमणप्पओगी वि** *जाव* **वेउव्वियमीसासरीरकायप्पओगी वि कम्मासरीरकायप्पओगी वि; अहवेगे आहारगसरीरकायप्पओगी य, अहवेगे आहारगसरीरकायप्पओगिणो य, अहवेगे आहारग मीसासरीरकायप्पओगी य, अहवेगे आहारगमीसासरीरकायप्पओगिणो य, चउभंगो ।**

**अहवेगे आहारगसरीरकायप्पओगी य आहारगमीसा सरीरकायप्पओगी य, अहवेगे आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीर कायप्पओगिणो य, अहवेगे आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य, अहवेगे आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगिणो य । एए जीवाणं अट्ठ भंगा।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જીવો સત્ય મનપ્રયોગી હોય છે કે ***યાવત્*** કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! (૧) કોઈ સમયે સર્વ જીવો સત્યમનપ્રયોગી ***યાવત્*** વૈક્રિયમિશ્ર શરીરકાય પ્રયોગી અને કાર્મણ શરીરકાય પ્રયોગી હોય છે. (આ રીતે તેર પ્રયોગવાળા જીવો હંમેશાં હોય છે.) તેર પ્રયોગી ઘણા જીવો સાથે દ્વિસંયોગીના ૪ ભંગ– (૧) ક્યારેક તેર પ્રયોગી જીવોમાંથી એક જીવ આહારક શરીર કાયપ્રયોગી પણ હોય છે, (૨) ક્યારેક તેમાં ઘણા જીવો આહારકશરીર કાયપ્રયોગી પણ હોય છે, (૩) ક્યારેક તે તેર પ્રયોગી જીવોમાંથી એક જીવ આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી પણ હોય છે, (૪) ક્યારેક તેમાં ઘણા જીવો આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી પણ હોય છે, આ ચાર ભંગ દ્વિસંયોગીના થાય છે.

તેર પ્રયોગી ઘણા જીવો સાથે ત્રણ સંયોગીના ચાર ભંગ– (૧) ક્યારેક તેરપ્રયોગી જીવોમાંથી એક જીવ આહારક શરીર કાયપ્રયોગી અને એક જીવ આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી હોય છે, (૨) ક્યારેક તેમાં એક જીવ આહારક શરીર કાયપ્રયોગી અને ઘણા આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી હોય છે, (૩) ક્યારેક તેમાં ઘણા આહારક શરીર કાયપ્રયોગી અને એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી હોય છે, (૪) ક્યારેક તેમાં ઘણા આહારક શરીરકાયપ્રયોગી અને ઘણા આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી પણ હોય છે. આ ચાર ત્રિસંયોગી ભંગ થાય છે. આ રીતે સમુચ્ચય જીવોના અશાશ્વત આઠ ભંગ થાય છે. (તેમાં તેર પ્રયોગનો પ્રથમ શાશ્વત ભંગ ઉમેરતાં કુલ નવ ભંગ થાય છે.)

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સમુચ્ચય જીવોમાં પ્રાપ્ત થતા પંદર પ્રકારના પ્રયોગના ૯ ભંગોનું કથન છે.

**સમુચ્ચય જીવોમાં શાશ્વત તેર પ્રયોગ :–** સમુચ્ચય જીવોમાં ચારે ગતિના જીવોનો સમાવેશ થાય છે. તેમાં (૧-૧૦)સંજ્ઞી જીવોની અપેક્ષાએ ચાર મનના, ચાર વચનના, વૈક્રિય અને વૈક્રિયમિશ્રકાયપ્રયોગી જીવો લોકમાં શાશ્વત છે.(૧૧-૧૨) મનુષ્ય અને તિર્યંચના દસ દંડકોની અપેક્ષાએ ઔદારિકઅને ઔદારિકમિશ્રપ્રયોગી જીવો શાશ્વત છે. (૧૩) પાંચ સ્થાવર જીવોમાં ઉત્પત્તિનો વિરહ નથી, તેની અપેક્ષાએ કાર્મણપ્રયોગી જીવો શાશ્વત છે. આ રીતે સંસારના સર્વ જીવોની અપેક્ષાએ સમુચ્ચયજીવમાં સર્વ મળીને ૧૩ પ્રયોગ શાશ્વત થાયછે.

**સમુચ્ચય જીવોમાં અશાશ્વત બે પ્રયોગ–** સમુચ્ચય જીવોમાં આહારક કાયપ્રયોગ અને આહારકમિશ્ર કાયપ્રયોગ અશાશ્વત છે, કારણ કે લોકમાં આહારકશરીરી જીવો હંમેશાં હોતા નથી. ચૌદપૂર્વધારી આહારક લબ્ધિવાન મનુષ્યો આહારક લબ્ધિનો પ્રયોગ ક્યારેક જ કરે છે. તેથી તેનો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ છ માસનો વિરહકાલ છે. તે સમય દરમ્યાન લોકમાં એકે ય આહારક શરીર હોતું નથી, તેથી જ આહારક કાયપ્રયોગ અને આહારકમિશ્ર કાયપ્રયોગ ક્યારેક હોય છે અને ક્યારેક આ બંને પ્રયોગ હોતા નથી. આ રીતે ૧૩ શાશ્વત પ્રયોગનો એક ભંગ અને ક્યારેક થતા બે અશાશ્વત પ્રયોગોના સંયોગથી ૮ ભંગ, એમ કુલ ૯ ભંગ સમુચ્ચય જીવના સૂત્રમાં કહ્યા છે.

**શાશ્વત અશાશ્વત પ્રયોગી ભંગ–** અસંયોગી એક ભંગ–સર્વ જીવો તેર પ્રયોગવાળા હોય છે.

**ચાર દ્વિસંયોગીભંગ–**(૧) તેર પ્રયોગી ઘણા જીવો અને આહારક કાયપ્રયોગી એક જીવ. (૨) તેર પ્રયોગી ઘણા જીવો અને આહારક કાયપ્રયોગી પણ ઘણા જીવો. (૩) તેર પ્રયોગી ઘણા જીવો અને આહારક મિશ્રપ્રયોગી એક જીવ.(૪) તેર પ્રયોગી ઘણા જીવો અને આહારકમિશ્ર કાયપ્રયોગી પણ ઘણા જીવો.

**ચાર ત્રિસંયોગી ભંગ–** (૧) તેર પ્રયોગી ઘણા જીવો અને એક આહારક કાયપ્રયોગી + એક આહારક મિશ્રકાયપ્રયોગી. (૨) તેર પ્રયોગી ઘણા જીવો અને એક આહારક કાયપ્રયોગી + અનેક આહારક મિશ્રકાયપ્રયોગી. (૩) તેર પ્રયોગી ઘણા જીવો અને અનેક આહારક કાયપ્રયોગી + એક આહારક મિશ્રકાયપ્રયોગી. (૪) તેર પ્રયોગી ઘણા જીવો અને અનેક આહારક કાયપ્રયોગી + અનેક આહારક મિશ્રકાયપ્રયોગી. આ રીતે કુલ સમુચ્ચય જીવોમાં પ્રયોગ સંબંધી ૧ + ૪ + ૪ = ૯ ભંગ થાય છે.

**નૈરયિકો અને ભવનપતિ દેવોમાં પ્રયોગ ભંગ :–**

**९ णेरइया णं भंते ! किं सच्चमणप्पओगी** *जाव* **किं कम्मासरीरकायप्पओगी ?**

**गोयमा ! णेरइया सव्वे वि ताव होज्जा सच्चमणप्पओगी वि जाव वेउव्वियमीसा-सरीरकायप्पओगी वि; अहवेगे य कम्मासरीकायप्पओगी य; अहवेगे य कम्मासरीर-कायप्पओगिणो य । एवं असुरकुमारा वि** *जाव* **थणियकुमारा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક સત્ય મનપ્રયોગી હોય છે કે ***યાવત્*** કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! બધા સત્યમનપ્રયોગી હોય છે ***યાવત્*** વૈક્રિયમિશ્ર શરીર કાયપ્રયોગી હોય છે; અથવા (ક્યારેક) **૧.** કોઈ એક નૈરયિક કાર્મણ શરીરકાય પ્રયોગી પણ હોય છે, **૨.** અથવા (ક્યારેક) અનેક નૈરયિકો કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે. આ જ રીતે અસુરકુમારોથી સ્તનિતકુમાર સુધીના દેવોની પ્રયોગ પ્રરૂપણા પણ જાણવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નારકી અને ભવનપતિ દેવોમાં શાશ્વત-અશાશ્વત પ્રયોગના ભંગોનું કથન છે.

**શાશ્વત દશ પ્રયોગ :–** નારકી અને દેવોમાં ચાર મનના પ્રયોગ, ચાર વચનના પ્રયોગ, વૈક્રિયકાયપ્રયોગ, વૈક્રિયમિશ્ર કાયપ્રયોગ અને કાર્મણકાયપ્રયોગ, તે અગિયારપ્રયોગ હોય છે. તેમાંથી કાર્મણ કાયપ્રયોગને છોડીને શેષ દશ પ્રયોગવાળા અનેક જીવો હંમેશાં હોય છે, તેથી તે દશ પ્રયોગ શાશ્વત છે.

**વૈક્રિયમિશ્ર કાયપ્રયોગી શાશ્વત :–** નારકી–દેવોને જન્મથી જ વૈક્રિય શરીર હોય છે. સામાન્ય રીતે તેનીપર્યાપ્તાવસ્થામાં વૈક્રિયકાયપ્રયોગ અને અપર્યાપ્તાવસ્થામાં વૈક્રિયમિશ્રકાયપ્રયોગહોય છે. નારકી અને દેવોની ઉત્પત્તિના વિરહકાલમાં અપર્યાપ્ત જીવો હોતા નથી.તેમ છતાં આ સૂત્રમાં વૈક્રિયમિશ્રકાય પ્રયોગને શાશ્વત કહ્યો છે, તે આ પ્રમાણે સમજવો–**यद्यपि द्वादशमुहूर्तिको तत्थुपपातविरहकालस्तथापि, तदानीमपि उत्तरवैक्रियारम्भिणः संभवन्ति, उत्तरवैक्रियारम्भे च भवधारणीयं वैक्रियमिश्रं, तद्बलेनोत्तरवैक्रियारम्भात् भवधारणीय प्रवेशे चोत्तरवैक्रियमिश्रं, उत्तरवैक्रियबलेन भवधारणीये प्रवेशात्** ।

પર્યાપ્તા નારકી અને દેવો ઉત્તરવૈક્રિય શરીર બનાવવાનો પ્રારંભ કરે ત્યારે નવા વૈક્રિય વર્ગણાના પુદ્ગલોનું ગ્રહણ કરેછે. તે પુદ્ગલોનું ભવધારણીય શરીરના પુદ્ગલો સાથે મિશ્રણ થતું હોવાથી ત્યારે વૈક્રિયમિશ્ર કાયપ્રયોગ હોય છે. તે જ રીતે ઉત્તરવૈક્રિયમાંથી ભવધારણીય શરીરમાં પ્રવેશ કરે ત્યારે પણ ઉત્તરવૈક્રિય અને ભવધારણીયનું મિશ્રણ થતું હોવાથી વૈક્રિયમિશ્ર કાયપ્રયોગ હોયછે. આ રીતે ઉત્તર વૈક્રિય શરીર બનાવવાના પ્રારંભ સમયે અને છોડવાના સમયે નારકી અને દેવોને વૈક્રિયમિશ્ર કાયપ્રયોગ હોય છે. નારકી દેવોમાં વૈક્રિયલબ્ધિપ્રયોગ કરનારા જીવો હંમેશાં પ્રાપ્ત થતાં હોવાથી વૈક્રિયમિશ્ર કાયપ્રયોગ શાશ્વત છે. શ્રીભગવતીસૂત્ર શતક–૮–૧ સૂત્ર ૫૯માં નારકી અને દેવોની અપર્યાપ્તાવસ્થામાં જ વૈક્રિયમિશ્ર કાયયોગનું કથન છે. તેમ છતાં પ્રસ્તુતસૂત્રમાં **વિશિષ્ટ અપેક્ષાએ** નારકી-દેવોમાં વૈક્રિયમિશ્રકાયપ્રયોગને તેના ઉત્તરવૈક્રિયની અપેક્ષાએ શાશ્વત કહ્યો છે. ભગવતી સૂત્રમાં તે અપેક્ષાને નગણ્ય(ગૌણ)કરવામાં આવી છે.

**કાર્મણ પ્રયોગ અશાશ્વત :–** કાર્મણ કાયપ્રયોગ જન્મસમયે વિગ્રહગતિમાં હોય છે. નારકી-દેવોની ઉત્પત્તિના વિરહકાલમાં વિગ્રહગતિના જીવો હોતા નથી અને ઉત્પત્તિનો વિરહકાલ પૂર્ણ થાય ત્યારે એક જીવ ઉત્પન્ન થાય તો એક કાર્મણ કાયપ્રયોગી અને ક્યારેક અનેક જીવો ઉત્પન્ન થાય તો અનેક કાર્મણ કાયપ્રયોગી જીવો હોય છે. આ રીતે નારકી-દેવોમાં ચાર મનના, ચાર વચનના તથા વૈક્રિય કાયપ્રયોગી અને વૈક્રિયમિશ્ર કાયપ્રયોગી, તે દશ પ્રયોગવાળા જીવો શાશ્વતા છે અને એક કાર્મણ કાયપ્રયોગી જીવો અશાશ્વતા છે.

**શાશ્વત–અશાશ્વત પ્રયોગી ભંગ :–** અસંયોગી ૧ ભંગ–(૧) સર્વ જીવો દશપ્રયોગી. દ્વિસંયોગીના બે ભંગ– (૧) દશપ્રયોગી ઘણા જીવો + કાર્મણ કાયપ્રયોગી એક જીવ (૨) દશપ્રયોગી ઘણા જીવો + કાર્મણ કાયપ્રયોગી અનેક જીવો. કુલ ૧+૨ = ૩ ભંગ થાય છે.

**એકેન્દ્રિયોમાં પ્રયોગ ભંગ :–**

**१० पुढविकाइया णं भंते ! किं ओरालियसरीरकायप्पओगी ओरायलियमीस-सरीरकायप्पओगी कम्मासरीरकायप्पओगी ?**

**गोयमा ! पुढविकाइया णं ओरालियसरीरकायप्पओगी वि ओरालियमीस-सरीरकायप्पओगी वि कम्मासरीरकायप्पओगी वि । एवं** *जाव* **वणस्सइकाइयाणं । णवरं– वाउक्काइया वेउव्वियसरीरकायप्पओगी वि वेउव्वियमीससरीरकायप्पओगी वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો શું ઔદારિક શરીર કાયપ્રયોગી છે, ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી છે કે કાર્મણ શરીર કાયપ્રયોગી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવો ઔદારિક શરીર કાયપ્રયોગી હોય છે, ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગી હોય છે અને કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે.

આ જ રીતે અપ્કાયિક જીવોથી લઈને વનસ્પતિકાયિકો સુધીના જીવોના પ્રયોગ સંબંધી વક્તવ્યતા કહેવી. વિશેષતા એ છે કે વાયુકાયિક જીવો વૈક્રિય શરીર કાયપ્રયોગી પણ હોય છે અને વૈક્રિયમિશ્ર શરીર કાયપ્રયોગી પણ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પાંચ સ્થાવર જીવોના પ્રયોગ સંબંધી ભંગનું કથન છે.

**પાંચ સ્થાવરમાં શાશ્વત પ્રયોગ–** પૃથ્વી,પાણી, અગ્નિ અને વનસ્પતિમાં ઔદારિક કાયપ્રયોગ, ઔદારિક મિશ્રકાયપ્રયોગ અને કાર્મણ કાયપ્રયોગ, આ ત્રણ પ્રયોગ તથા વાયુકાયમાં વૈક્રિય કાયપ્રયોગ અને વૈક્રિયમિશ્ર કાયપ્રયોગ સહિત પાંચ પ્રયોગ હોય છે.

પાંચ સ્થાવર જીવોમાં સમયે સમયે અસંખ્યાત કે અનંત જીવોની ઉત્પત્તિ થાય છે. ઘણા જીવો વિગ્રહગતિમાં અને અપર્યાપ્તાવસ્થામાં હોય જ છે, તેથી ઔદારિકમિશ્ર પ્રયોગી અને કાર્મણ કાયપ્રયોગી જીવો હંમેશાં પ્રાપ્ત થાય છે.

વાયુકાયિક જીવોમાં કેટલાક જીવોને વૈક્રિયલબ્ધિ હોય છે. તેમ છતાં વૈક્રિયલબ્ધિનો પ્રયોગ કરનાર અસંખ્યાત જીવો હંમેશાં હોય જ છે, તેથી વૈક્રિય કાયપ્રયોગી અને વૈક્રિયમિશ્ર કાયપ્રયોગી જીવો પણ સદાકાલ પ્રાપ્ત થાય છે.

આ રીતે વાયુકાયને છોડીને શેષ ચાર સ્થાવરમાં ત્રણ પ્રયોગ અને વાયુકાયમાં પાંચ પ્રયોગ શાશ્વત છે, અશાશ્વત પ્રયોગ નથી; તેથી તેમાં અન્ય વિકલ્પ–ભંગ હોતા નથી.

**વિકલેન્દ્રિયોમાં પ્રયોગ–ભંગ :–**

**૧૧ बेइंदिया णं भंते ! किं ओरालियसरीरकायप्पओगी** *जाव* **कम्मासरीरकायप्पओगी? गोयमा ! बेइंदिया सव्वे वि ताव होज्जा असच्चामोसवइप्पओगी वि ओरालियसरीरकायप्पओगी वि ओरालियमीससरीरकायप्पओगी वि; अहवेगे कम्मासरीरकायप्पओगी य; अहवेगे कम्मासरीरकायप्पओगिणो य । एवं** *जाव* **चउरिंदिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવો શું ઔદારિકશરીરકાય પ્રયોગી છે ***યાવત્*** કાર્મણ શરીર કાયપ્રયોગી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કોઈ સમયે બધા બેઇન્દ્રિય જીવો અસત્યામૃષા વચનપ્રયોગી, ઔદારિક શરીર કાયપ્રયોગી અને ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી હોય છે. (આ ત્રણ યોગવાળા બેઇન્દ્રિય જીવો હંમેશાં હોય છે.) ક્યારેક તે ત્રણ પ્રયોગી બેઇન્દ્રિય સાથે એક બેઇન્દ્રિય કાર્મણ શરીરકાય પ્રયોગી પણ હોય છે અને ક્યારેક ઘણા બેઇન્દ્રિયો કાર્મણશરીર કાયપ્રયોગી પણ હોય છે.

તે જ રીતે તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોની પ્રયોગ સંબંધી વક્તવ્યતા પણ સમજવી જોઈએ.

**વિવેચનઃ–**

પ્રસ્તુત સૂત્રમાં વિકલેન્દ્રિય જીવોના પ્રયોગ સંબંધી ભંગોનું કથન છે.

વિકલેન્દ્રિય જીવોમાં વ્યવહાર વચનપ્રયોગ, ઔદારિકકાયપ્રયોગ, ઔદારિકમિશ્ર કાયપ્રયોગ અને

કાર્મણકાયપ્રયોગ, આ ચાર પ્રયોગ હોય છે.

**શાશ્વત યોગ :–** વિકલેન્દ્રિયોમાં વ્યવહાર વચનપ્રયોગ, ઔદારિકકાયપ્રયોગ, ઔદારિક મિશ્ર કાયપ્રયોગ.આત્રણ પ્રયોગવાળા અનેક જીવો હંમેશાં પ્રાપ્ત થાય છે. તેથી તે ત્રણ પ્રયોગ શાશ્વત છે.

વિકલેન્દ્રિય જીવોમાં ઔદારિકમિશ્રકાયપ્રયોગ અપર્યાપ્તાવસ્થામાં હોવા છતાં તે શાશ્વતછે. તેનું કારણ એ છે કે વિકલેન્દ્રિયોમાં ઉપપાત વિરહકાલના અંતર્મુહૂર્તની અપેક્ષાએ અપર્યાપ્તાવસ્થાના અંતર્મુહૂર્તની કાલ મર્યાદા અધિક છે. તેથી પૂર્વે ઉત્પન્ન થયેલા વિકલેન્દ્રિય જીવોની અપર્યાપ્તાવસ્થા પૂર્ણ થાય તે પહેલા જ ઉત્પત્તિનો વિરહકાલ પૂર્ણ થઈ જાય અને નવા જીવો ઉત્પન્ન થવા લાગે એટલે નવા અપર્યાપ્તા જીવોનો પ્રારંભ થઈ જાય છે. આ રીતે વિકલેન્દ્રિય જીવોમાં અપર્યાપ્તાવસ્થાવાળા જીવો શાશ્વત રહેવાથી ઔદારિકમિશ્ર કાયપ્રયોગ શાશ્વત રહે છે.

**અશાશ્વત યોગ :–** વિકલેન્દ્રિય જીવોના ઉત્પત્તિ સંબંધી વિરહકાલમાં કાર્મણ કાયપ્રયોગી જીવો હોતા નથી. કારણ કે કાર્મણ કાયપ્રયોગની સ્થિતિ ૧-૨ સમયની જ હોય છે. તેથી કાર્મણકાયપ્રયોગી અશાશ્વત છે.

**શાશ્વત–અશાશ્વત પ્રયોગી ભંગ :–** વિકલેન્દ્રિય જીવોમાં શાશ્વત-અશાશ્વત યોગના ત્રણ ભંગ થાય છે. અસંયોગી ૧ ભંગ–(૧) ત્રણ પ્રયોગી સર્વ જીવો. દ્વિસંયોગી ૨ ભંગ– (૧) ત્રણપ્રયોગી ઘણા જીવો + કાર્મણ કાયપ્રયોગી એક જીવ (૨) ત્રણપ્રયોગી ઘણા જીવો + કાર્મણ કાયપ્રયોગી અનેક જીવો. આ રીતે વિકલેન્દ્રિયમાં પ્રયોગ સંબંધિત કુલ ૧+૨ = ૩ ભંગ થાય છે.

**તિર્યંચ પંચેન્દ્રિયોમાં પ્રયોગ–ભંગ :-**

**૧૨ पंचेदियतिरिक्खजोणिया जहा णेरइया, णवरं ओरालियसरीरकायप्पओगी वि ओरालिय- मीसासरीरकायप्पओगी वि, अहवेगे कम्मासरीरकायप्पओगी य, अहवेगे कम्मासरीर- कायप्पओगिणो य ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની પ્રયોગ સંબંધી વક્તવ્યતા નૈરયિકોની પ્રયોગ વક્તવ્યતા સમાન કહેવી જોઈએ. વિશેષતા એ છે કે પંચેદ્રિય તિર્યંચ યોનિક જીવોમાં ઔદારિકશરીર કાયપ્રયોગી તથા ઔદારિક મિશ્રશરીર કાયપ્રયોગી પણ શાશ્વત હોય છે. બાર શાશ્વત પ્રયોગની સાથે ક્યારેક કોઈ એક પંચેન્દ્રિય તિર્યંચયોનિક કાર્મણશરીર કાયપ્રયોગી પણ હોય છે અને ક્યારેક ઘણા પંચેન્દ્રિય તિર્યંચો કાર્મણ શરીર કાયપ્રયોગી પણ હોય છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં તિર્યંચ પંચેન્દ્રિયોમાં થતાં પ્રયોગોના ભંગોનું સંક્ષિપ્ત નિરૂપણ છે.

નૈરયિકોમાં અગિયાર પ્રયોગ હોય છે અને તિર્યંચ પંચેન્દ્રિયમાં તેર પ્રયોગ હોય છે– ચાર મનના પ્રયોગ, ચારવચનના પ્રયોગ,ઔદારિક કાયપ્રયોગ,ઔદારિકમિશ્ર કાયપ્રયોગ, વૈક્રિય કાયપ્રયોગ, વૈક્રિયમિશ્ર કાયપ્રયોગ અને કાર્મણ કાયપ્રયોગ. કુલ ૪+ ૪ +૫ =૧૩ પ્રયોગ હોય છે.

**શાશ્વત પ્રયોગ–૧૨ :–** કાર્મણ કાયપ્રયોગને છોડીને શેષ બાર પ્રયોગવાળા જીવો તિર્યંચ પંચેન્દ્રિયમાં હંમેશાં હોય છે, તેથી બાર પ્રયોગ શાશ્વત છે; તે આ પ્રમાણે સમજવા–

અનેક સંજ્ઞી જીવો સદા હોય છે તેથી **ચાર મનના** અને **ચાર વચનના** પ્રયોગ શાશ્વત હોય છે.

તિર્યંચ પંચેન્દ્રિયો સર્વે ય ઔદારિક શરીરી છે. તેથી ઔદારિકપ્રયોગ શાશ્વત છે. તેને અપર્યાપ્ત અવસ્થામાં ઔદારિકમિશ્ર કાયપ્રયોગ હોય છે. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના અપર્યાપ્તા શાશ્વત છે કારણ કે તેના ઉપપાત વિરહકાલનો અંતર્મુહૂર્ત વિકલેન્દ્રિય જીવોની જેમ અલ્પ હોય છે અને અપર્યાપ્તાવસ્થાનું અંતર્મુહૂર્ત મોટું હોય છે. આ રીતે તેની અપર્યાપ્તાવસ્થા શાશ્વત હોવાથીઔદારિક મિશ્ર કાયપ્રયોગ પણ શાશ્વત છે.

સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં અનેક જીવોને વૈક્રિયલબ્ધિ હોય છે. તે જીવો વૈક્રિયલબ્ધિનો પ્રયોગ કરીને વૈક્રિય શરીર બનાવે ત્યારે વૈક્રિયમિશ્ર કાયપ્રયોગ હોય છે અને વૈક્રિયશરીર બની જાય પછી વૈક્રિય કાયપ્રયોગ હોય છે. વૈક્રિયલબ્ધિનો પ્રયોગ કરનારા અસંખ્ય જીવો હોવાથી સંજ્ઞી તિર્યંચની અપેક્ષાએ વૈક્રિય કાયપ્રયોગ અને વૈક્રિય મિશ્રકાય પ્રયોગવાળા જીવો હંમેશાં પ્રાપ્ત થાય છે.

આ રીતે સમુચ્ચય તિર્યંચ પંચેન્દ્રિયમાં બાર પ્રયોગ શાશ્વત છે.

**અશાશ્વત પ્રયોગ :–** તિર્યંચ પંચેન્દ્રિયના ઉત્પત્તિના વિરહકાલમાં વિકલેન્દ્રિયની જેમ કાર્મણકાયપ્રયોગી જીવો હોતા નથી. તેથી તે અશાશ્વત છે અને વિરહકાલ પછી જીવો ઉત્પન્ન થાય ત્યારે તે જઘન્ય ૧, ૨, ૩ અને ઉત્કૃષ્ટ અસંખ્ય ઉત્પન્ન થાય છે.

**શાશ્વત–અશાશ્વત પ્રયોગી ભંગ :–** અસંયોગ ૧ ભંગ–(૧) સર્વ જીવો બાર પ્રયોગી. દ્વિસંયોગ ૨ ભંગ– (૧) બાર પ્રયોગી ઘણા જીવો + કાર્મણપ્રયોગી એક જીવ. (૨) બાર પ્રયોગી ઘણા જીવો + કાર્મણ પ્રયોગી અનેક જીવો. આ રીતે કુલ ૧+૨ = ૩ ભંગ થાય છે.

**મનુષ્યોમાં પ્રયોગ ભંગ :–**

**૧૩ मणूसा णं भंते ! किं सच्चमणप्पओगी *जाव* किं कम्मासरीरकायप्पओगी ?**

**गोयमा ! मणूसा सव्वे वि ताव होज्जा सच्चमणप्पओगी वि *जाव* ओरालियसरीर-कायप्पओगी वि वेउव्वियसरीरकायप्पओगी वि वेउव्वियमीसासरीर-कायप्पओगी वि । अहवेगे ओरालिय मीसासरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य, अहवेगे आहारग सरीरकायप्पओगी य, अहवेगे आहारगसरीरकायप्पओगिणो य, अहवेगे आहारगमीसासरीर कायप्पओगी य, अहवेगे आहारगमीसासरीरकायप्पओगिणो य, अहवेगे कम्मगसरीरकायप्पओगी य, अहवेगे कम्मगसरीरकायप्पओगिणो य, एते अट्ठ भंगा पत्तेयं ।**

**अहवेगे ओरालियमीससरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीससरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगिणो य, अहवेगे ओरालियमीसा-सरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीर-काय-प्पओगिणो य आहारगसरीरकायप्पओगिणो य, एवं एते चत्तारि भंगा । अहवेगे ओरालियमीसा सरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकाय-प्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य, अहवेगे ओरालियमीसासरीर-कायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारग-मीसासरीरकायप्पओगिणो य, चतारि भंगा ; अहवेगे ओरालियमीसासरीरकायप्पओगी य, कम्मासरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगी य**

कम्मासरीरकायप्पओगिणो य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य कम्मासरीर-कायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य कम्मासरीरकायप्पओगिणो य, एते चत्तारि भंगा ।

अहवेगे आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य, अहवेगे आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य, अहवेगे आहारगसरीर-कायप्पओगिणो य आहारग मीसासरीरकायप्पओगी य, अहवेगे आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगिणो य चत्तारि भंगा । अहवेगे आहारगसरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगी य, अहवेगे आहारगसरीरकायपओगी य कम्मासरीरकायप्पओगिणो य, अहवेगे आहारगसरीर कायप्पओगिणो य कम्मासरीरकायप्पओगी य, अहवेगे आहारग-सरीरकायप्पओगिणो य कम्मासरीरकायप्पओगिणो, चत्तारि भंगा । अहवेगे आहारगमीसा-सरीरकायप्पओगी य कम्मगसरीर कायप्पओगी य, अहवेगे आहारगमीसासरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगिणो य, अहवेगे आहारगमीसागसरीरकायप्पओगिणो य कम्मग-सरीरकायप्पओगी य, अहवेगे आहारगमीसासरीरकायपओगिणो य कम्मगसरीरकायप्पओगिणो य, चत्तारि भंगा । एवं एए दुयासंजोगेणं छ चउभंगा, सव्वे वि मिलिया चउवीसं भंगा ।

अहवेगे ओरालियमीसगसरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगी य आहारग-मीसासरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीर-कायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य, अहवेगे ओरालियमीसगसरीर-कायप्पओगी य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीर-कायप्पओगिणो य; अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य आहरगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य, अहवेगे ओरालियमीसा-सरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसा-सरीरकायप्पओगिणो य, एते अट्ठ भंगा ।

अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगी य कम्मग-सरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगिणो य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीर-कायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगी य आहारसरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगिणो य, अहवेगे ओरालियमीसासरीर-कायप्पओगिणो य आहारगसरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगी य, अहवेगे ओरालिय-

मीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगिणो य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगिणो य कम्मगसरीर-कायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगिणो य, एते अट्ठ भंगा ।

अहवेगे ओरालियमीसासरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगी य आहारगमीसा-सरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगिणो य, अहवेगे ओरालियमीसासरीर– कायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसा-सरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगिणो य; अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारमीसासरीरकायप्पओगी य कम्मगसरीर-कायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगिणो य, अहवेगे ओरालियमीसासरीर-कायप्पओगिणो य आहारग– मीसासरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगिणो य, एते अट्ठ भंगा ।

अहवेगे आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य कम्मग-सरीरकायप्पओगी य, अहवेगे आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगिणो य, अहवेगे आहारगसरीरकायप्पओगी य आहारग-मीसासरीर-कायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगी य, अहवेगे आहारगसरीरकायप्पओगी आहारग-मीसासरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगिणो य; अहवेगे आहारगसरीरकाय-प्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगी य, अहवेगे आहारगसरीर- कायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य कम्मगसरीर-कायप्पओगिणो य, अहवेगे आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगी य, अहवेगे आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसा-सरीरकायप्पओगिणो य कम्मग- सरीरकायप्पओगिणो य, एवं एते तियसंजोएणं चत्तारि अट्ठभंगा, सव्वे वि मिलिया बत्तीसं भंगा।

अहवेगे ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगी य आहारगमीसा सरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगी य, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगिणो य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगी य आहारगमीसा-सरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगी

य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मगसरीर-कायप्पओगिणो य; चउभंगा ।

अहवेगे ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीर कायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य, कम्मगसरीरकायप्पओगिणो य, अहवेगे ओरालिय मीसासरीरकायप्पओगी य आहारगसरीर-कायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगिणो य आहारग-मीसासरीर-कायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगिणो य; चउभंगा ।

अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीकायप्पओगी य आहरग मीसासरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीर-कायप्पओगिणो य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य कम्मग-सरीर-कायप्पओगिणो य, अहवेगे ओरालिय मीसासरीरकायप्पओगिणो य आहारगसरीर- कायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो कम्मगसरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीर-कायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगिणो य; चउभंगा ।

अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य, आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारग सरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगिणो य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य, आहारग-सरीरकायप्पओगिणो य, आहारगमीसासरीरकायप्पओगी य, कम्मगसरीरकायप्पओगी य, अहवेगे ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीर- कायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगिणो य, एवं एते चउसंजोएणं सोलस भंगा भवंति । सव्वे वि य संपिंडिया असीइ भंगा भवंति ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યો શું સત્યમન પ્રયોગી હોય છે કે ***યાવત્*** કાર્મણશરીરકાયપ્રયોગી હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! મનુષ્યો સત્યમન પ્રયોગી ***યાવત્*** (અર્થાત્ ચાર પ્રકારના મનપ્રયોગી, ચાર પ્રકારના વચનપ્રયોગી તથા ઔદારિકશરીર કાયપ્રયોગી,વૈક્રિયશરીર કાયપ્રયોગી અને વૈક્રિયમિશ્રશરીર કાયપ્રયોગી પણ હોય છે. આ અગિયાર પ્રયોગો મનુષ્યોમાં હંમેશાં હોય છે.

આ ૧૧ પ્રયોગી ઘણા જીવો સાથે દ્વિસંયોગીના ભંગ– (૧) ક્યારેક કોઈ એક મનુષ્ય ઔદારિક મિશ્રશરીર કાયપ્રયોગી હોય, (૨) ક્યારેક અનેક મનુષ્યો ઔદારિક મિશ્રશરીર કાયપ્રયોગી હોય છે. (૩) ક્યારેક કોઈ એક આહારકશરીર કાયપ્રયોગી હોય છે, (૪) ક્યારેક અનેક આહારકશરીર કાયપ્રયોગી

હોય છે, (૫) ક્યારેક કોઈ એક આહારકમિશ્રશરીર કાયપ્રયોગી હોય છે, (૬) ક્યારેક અનેક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી હોય છે. (૭) ક્યારેક કોઈ એક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે, (૮) ક્યારેક અનેક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે. આ પ્રમાણે એક-એકના સંયોગે આઠ ભંગ થાય છે.

ઘણા અગિયાર પ્રયોગી સાથે ત્રિસંયોગીના ૨૪ ભંગ– (૧) ક્યારેક કોઈ એક ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગી અને એક આહારક શરીર કાયપ્રયોગી હોય છે, (૨) ક્યારેક એક ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગી અને અનેક આહારક શરીર કાયપ્રયોગી હોય છે, (૩) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી હોય છે અને એક આહારક શરીર કાયપ્રયોગી હોય છે. (૪) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી અને અનેક આહારક શરીર કાયપ્રયોગી હોય છે, આ **ચાર** ભંગ થાય છે. અથવા (૧) ક્યારેક એક મનુષ્ય ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગી હોય છે અને એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી હોય છે, (૨) ક્યારેક એક ઔદારિકમિશ્રશરીર કાયપ્રયોગી હોય છે અને અનેક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી હોય છે. (૩) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી અને એક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી હોય છે, (૪) ક્યારેક અનેક ઔદારિક મિશ્રશરીર કાયપ્રયોગી અને અનેક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી હોયછે, આ પ્રમાણે **ચાર** ભંગ થાય છે. અથવા (૧) ક્યારેક એક મનુષ્ય ઔદારિક મિશ્રશરીર કાયપ્રયોગી અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૨) ક્યારેક એક ઔદારિક મિશ્રશરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે, (૩) ક્યારેક કોઈ અનેક ઔદારિક મિશ્રશરીર કાયપ્રયોગી અને એક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે. (૪) ક્યારેક અનેક ઔદારિક મિશ્રશરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, આ પ્રમાણે પણ **ચાર** ભંગ થાય છે. (આ રીતે ઔદારિક મિશ્ર સાથેના કુલ ૪ +૪ +૪= ૧૨ ભંગ થાય છે).

અથવા (૧) ક્યારેક એક આહારક શરીર કાયપ્રયોગી અને એક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી હોય છે, (૨)ક્યારેક એક આહારક શરીર કાયપ્રયોગી અને અનેક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી હોય છે, (૩)ક્યારેક અનેક આહારક શરીર કાયપ્રયોગી અને એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી હોય છે, (૪)ક્યારેક અનેક આહારક શરીર કાયપ્રયોગી અને અનેક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી હોય છે. આ પ્રમાણે **પ્રથમ** ચૌભંગી થાય છે. અથવા (૧) ક્યારેક કોઈ એક આહારક શરીર કાયપ્રયોગી અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૨) ક્યારેક એક આહારક શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૩) ક્યારેક અનેક આહારક શરીર કાયપ્રયોગી અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૪) ક્યારેક અનેક આહારક શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે. આ પ્રમાણે **બીજી** ચૌભંગી થાય છે.

અથવા (૧) ક્યારેક કોઈ એક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી અને એક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે, (૨) ક્યારેક એક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી હોય છે અને અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે.(૩) ક્યારેક અનેક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૪) ક્યારેક અનેક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, આ પ્રમાણે **ત્રીજી** ચોભંગી થાય છે. (આ આહારક શરીર કાયપ્રયોગી આદિની સાથેના કુલ ૪+૪+૪ = ૧૨ ભંગ થાય છે અને ઔદારિક મિશ્ર સાથેના ઉપરોક્ત ૧૨ ભંગ મેળવતાં ૧૨+૧૨ = ૨૪ ભંગ થાય છે).

**ઘણા ૧૧ પ્રયોગી સાથે ચાર સંયોગીના ૩૨ ભંગ :–** (૧)ક્યારેક એક ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગી, એક આહારક શરીર કાયપ્રયોગી અને એક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી હોય છે, (૨) ક્યારેક એક

ઔદારિક મિશ્રશરીર કાયપ્રયોગી, એક આહારક શરીર કાયપ્રયોગી અને અનેક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી હોય છે, (૩) ક્યારેક એક ઔદારિક મિશ્રશરીર કાય પ્રયોગી, અનેક આહારક શરીર કાયપ્રયોગી અને એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી હોય છે, (૪) ક્યારેક એક ઔદારિક મિશ્રશરીર કાયપ્રયોગી, અનેક આહારક શરીર કાયપ્રયોગી અને અનેક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી હોય છે; (૫) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, એક આહારક શરીર કાયપ્રયોગી અને એક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી હોય છે, (૬) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, એક આહારક શરીર કાયપ્રયોગી, અને અનેક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી હોય છે, (૭) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, અનેક આહારક શરીર કાયપ્રયોગી અને એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી હોય છે, (૮) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી અનેક આહારક શરીર કાયપ્રયોગી અને અનેક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી હોય છે, આ પ્રથમ **આઠ ભંગ** થાય છે.

અથવા (૧) ક્યારેક કોઈ એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી એક આહારક શરીર કાયપ્રયોગી અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૨) ક્યારેક એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, એક આહારક શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે, (૩) ક્યારેક એક ઔદારિક મિશ્રશરીર કાયપ્રયોગી અનેક આહારક શરીર કાયપ્રયોગી અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૪) ક્યારેક એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી અનેક આહારક શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે; (૫) ક્યારેક અનેક ઔદારિક મિશ્રશરીર કાયપ્રયોગી, એક આહારક શરીર કાયપ્રયોગી અને એક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે, (૬) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, એક આહારક શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે, (૭) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, અનેક આહારક શરીર કાયપ્રયોગી અને એક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે, (૮) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, અનેક આહારક શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે, આ પ્રમાણે **બીજા આઠ ભંગ** થાય છે.

અથવા (૧) ક્યારેક એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, એક આહારક મિશ્ર શરીર કાય પ્રયોગી અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૨) ક્યારેક એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે. (૩) ક્યારેક એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, અનેક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૪) ક્યારેક એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, અનેક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે; (૫) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૬) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૭) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર કાયપ્રયોગી, અનેક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી, એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૮) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, અનેક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, આ પ્રમાણે **ત્રીજા આઠ ભંગ** થાય છે.

અથવા (૧) ક્યારેક એક આહારક શરીર કાયપ્રયોગી, એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૨) ક્યારેક એક આહારક શરીર કાયપ્રયોગી, એક આહારક

મિશ્ર શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૩) ક્યારેક એક આહારક શરીર કાયપ્રયોગી, અનેક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૪) ક્યારેક એક આહારક શરીર કાયપ્રયોગી, અનેક આહારકમિશ્ર શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે; (૫) ક્યારેક અનેક આહારક શરીર કાયપ્રયોગી, એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૬) ક્યારેક અનેક આહારક શરીર કાયપ્રયોગી, એક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે, (૭) ક્યારેક અનેક આહારક શરીર કાયપ્રયોગી, અનેક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૮) ક્યારેક અનેક આહારક શરીર કાયપ્રયોગી, અનેક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, આ પ્રમાણે **ચોથા આઠ ભંગ** થાય છે. આમ સર્વ મળીને કુલ–૮ +૮+ ૮ +૮= **૩૨ ભંગ** ચાર સંયોગીના થાય છે.

**ઘણા ૧૧ પ્રયોગી સાથે પાંચ સંયોગીના૧૬ ભંગ–** (૧) ક્યારેક કોઈ એક ઔદારિક મિશ્ર શરીર કાય પ્રયોગી, એક આહારક શરીર કાયપ્રયોગી, એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૨) અથવા એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, એક આહારક શરીર કાયપ્રયોગી, એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૩) ક્યારેક એક ઔદારિક મિશ્રશરીર કાયપ્રયોગી, એક આહારક શરીર કાયપ્રયોગી, અનેક આહારકમિશ્ર શરીર કાયપ્રયોગી અને એક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે, (૪) ક્યારેક એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, એક આહારક શરીર કાયપ્રયોગી, અનેક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે;

(૫) ક્યારેક એક ઔદારિક શરીર કાયપ્રયોગી, અનેક આહારક શરીર કાયપ્રયોગી, એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૬) ક્યારેક એક ઔદારિક શરીર કાયપ્રયોગી, અનેક આહારક શરીર કાયપ્રયોગી, એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૭) ક્યારેક એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, અનેક આહારક શરીર કાયપ્રયોગી, અનેક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને એક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે, (૮) ક્યારેક એક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, અનેક આહારક શરીર કાયપ્રયોગી, અનેક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે;

(૯) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, એક આહારક શરીર કાયપ્રયોગી, એક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૧૦) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, એક આહારક શરીર કાયપ્રયોગી, એક આહારક મિશ્ર શરીરકાયપ્રયોગી અને અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૧૧) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, એક આહારક શરીર કાયપ્રયોગી, અનેક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી, અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૧૨) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, એક આહારક શરીર કાયપ્રયોગી, અનેક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે;

(૧૩) ક્યારેક અનેક ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગી, અનેક આહારકશરીર કાયપ્રયોગી, એક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી અને એક કાર્મણશરીર કાયપ્રયોગી હોય છે, (૧૪) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, અનેક આહારક શરીર કાયપ્રયોગી, એક આહારક મિશ્રશરીર કાયપ્રયોગી

અને અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૧૫) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી, અનેક આહારક શરીર કાયપ્રયોગી, અનેક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને એક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, (૧૬) ક્યારેક અનેક ઔદારિક મિશ્ર શરીર કાયપ્રયોગી અનેક આહારક શરીર કાયપ્રયોગી, અનેક આહારક મિશ્ર શરીર કાયપ્રયોગી અને અનેક કાર્મણ શરીર કાયપ્રયોગી હોય છે, આ પ્રમાણે **સોળ ભંગ** થાય છે. સર્વે મળીને અસંયોગી–૧(શાશ્વત), દ્વિસંયોગીના–૮, ત્રિસંયોગીના– ૨૪, ચાર સંયોગીના–૩૨ અને પાંચ સંયોગીના–૧૬, એમ કુલ ૧+૮+૨૪ + ૩૨ + ૧૬ = ૮૧ ભંગ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં મનુષ્યોના પ્રયોગ સંબંધી ભંગોનું નિરૂપણ છે.

**મનુષ્યોમાં શાશ્વત પ્રયોગ–** મનુષ્યોમાં પંદર પ્રયોગ હોય છે, તેમાંથી ચાર મનના પ્રયોગ, ચાર વચનના પ્રયોગ, ઔદારિક કાયપ્રયોગ, વૈક્રિય કાયપ્રયોગ અને વૈક્રિયમિશ્ર કાયપ્રયોગ, આ અગિયાર પ્રયોગવાળા અનેક જીવો હંમેશાં હોય છે; તેથી અગિયાર પ્રયોગ શાશ્વત છે. મનુષ્યોમાં વિદ્યાધરો, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ આદિ અનેક મનુષ્યોને વૈક્રિય લબ્ધિ હોય છે. પંદર કર્મભૂમિ ક્ષેત્રની અપેક્ષાએ વિકુવર્ણા કરનારા જીવો હંમેશાં પ્રાપ્ત થાય છે. તેથી વૈક્રિય કાયપ્રયોગી અને વૈક્રિયમિશ્ર કાયપ્રયોગી જીવો શાશ્વત છે.

**મનુષ્યોમાં અશાશ્વત પ્રયોગ–** મનુષ્યોમાં ઔદારિક મિશ્ર કાયપ્રયોગ, કાર્મણ કાયપ્રયોગ, આહારક કાયપ્રયોગ અને આહારક મિશ્ર કાયપ્રયોગ, આ ચાર પ્રયોગ અશાશ્વત છે. મનુષ્યોમાં ઉત્પત્તિનો વિરહકાલ બાર મુહૂર્તનો છે. તે વિરહકાલમાં એક પણ જીવ વિગ્રહગતિમાં હોતા નથી, તેથી તે સમયે કાર્મણ કાયપ્રયોગી મનુષ્યો હોતા નથી અને તે સમયે અપર્યાપ્તા મનુષ્યો પણ ન હોવાથી ઔદારિક મિશ્ર કાયપ્રયોગી હોતા નથી. આ રીતે ઉત્પત્તિ વિરહકાલની અપેક્ષાએ– (૧) ઔદારિક મિશ્ર કાયપ્રયોગ અને (૨) કાર્મણ શરીર કાયપ્રયોગ અશાશ્વત છે.

શ્રી ભગવતીસૂત્ર શતક–૮–૧ પ્રમાણે મનુષ્યોને પર્યાપ્તાવસ્થામાં પણ ઔદારિક મિશ્રકાયપ્રયોગ હોવાનું સ્પષ્ટ થાય છે. તે અનુસાર વૈક્રિય કે આહારક લબ્ધિનું સંહરણ કરીને મૂળ ઔદારિક શરીરમાં આવવાના સમયે ઔદારિક મિશ્ર કાયપ્રયોગ હોય છે. તેમ છતાં અત્યંત અલ્પ સમયના કારણે તે લબ્ધિ નિમિત્તક ઔદારિક મિશ્ર કાયપ્રયોગ પણ અશાશ્વત હોય છે. આ રીતે અપર્યાપ્તાવસ્થામાં ઔદારિક મિશ્ર કાયપ્રયોગી જીવો અને વૈક્રિય કે આહારક લબ્ધિની સંહરણ અવસ્થાના ઔદારિક મિશ્ર કાયપ્રયોગી જીવો, તેમ બંને મળીને પણ સદા પ્રાપ્ત થતા નથી. તેથી મનુષ્યોમાં ઔદારિક મિશ્ર કાયપ્રયોગ અશાશ્વત હોય છે.

આહારક શરીરી જીવોનું ઉત્કૃષ્ટ અંતર છ માસનું છે. આહારક શરીરના અંતરમાં આહારક કાયપ્રયોગી અને આહારક મિશ્ર કાયપ્રયોગી મનુષ્યો હોતા નથી.

આ રીતે મનુષ્યોમાં ચાર પ્રયોગ અશાશ્વત અને શેષ અગિયાર પ્રયોગ શાશ્વત છે.

**ભંગસંખ્યા–** જ્યારે ઔદારિક મિશ્ર આદિ ચારે અશાશ્વતપ્રયોગી જીવો ન હોય ત્યારે ચાર મનના, ચાર વચનના અને ઔદારિક કાયપ્રયોગ, વૈક્રિય કાયપ્રયોગ અને વૈક્રિયમિશ્ર કાયપ્રયોગ; તે અગિયાર પ્રયોગવાળા મનુષ્યો ઘણાં-ઘણાં હોય છે, તેથી તે શાશ્વતનો એક પ્રથમ ભંગ થાય છે.

**શાશ્વત સાથેના દ્વિસંયોગી આઠ ભંગ–** (૧) ઘણા જીવો અગિયાર પ્રયોગવાળા +(એક મનુષ્ય ઉત્પન્ન

થાય ત્યારે) એક ઔદારિકમિશ્ર કાયપ્રયોગી. (૨) અગિયાર પ્રયોગી ઘણા જીવો + (અનેક મનુષ્યો ઉત્પન્ન થાય ત્યારે) અનેક ઔદારિકમિશ્ર કાયપ્રયોગી. આ જ રીતે (૩-૪) કાર્મણ કાયપ્રયોગીના સંયોગે એક અને અનેક જીવના બે ભંગ (૫-૬) આહારક કાયપ્રયોગીના સંયોગે બે ભંગ (૭-૮) આહારકમિશ્ર કાયપ્રયોગીના સંયોગે બે ભંગ. આ રીતે શાશ્વત સાથે ચાર અશાશ્વતપ્રયોગીના એકવચન અને બહુવચનની અપેક્ષાએ કુલ ૮ ભંગ થાય છે.

**શાશ્વત સાથે ત્રિસંયોગી ચોવીસ ભંગ–** ચારે અશાશ્વત પ્રયોગના બે-બે સંયોગ કરતાં છ વિકલ્પ થાય છે, તે પ્રત્યેક વિકલ્પની ચૌભંગી રૂપે કુલ ચોવીસ ભંગ થાય છે. તે છ વિકલ્પો આ પ્રમાણે છે–

(૧) ઔદારિક મિશ્ર કાયપ્રયોગ અને આહારક કાયપ્રયોગના એકવચન, બહુવચનના સંયોગે ચૌભંગી.

(૨) ઔદારિક મિશ્ર કાયપ્રયોગ અને આહારકમિશ્ર કાયપ્રયોગની ચૌભંગી.

(૩) ઔદારિક મિશ્ર કાયપ્રયોગ અને કાર્મણ કાયપ્રયોગની ચૌભંગી.

(૪) આહારક કાયપ્રયોગ અને આહારકમિશ્ર કાયપ્રયોગની ચૌભંગી.

(૫) આહારક કાયપ્રયોગ અને કાર્મણ કાયપ્રયોગની ચૌભંગી.

(૬) આહારકમિશ્ર કાયપ્રયોગ અને કાર્મણ કાયપ્રયોગની ચૌભંગી થાય.

**શાશ્વત સાથે ચાર સંયોગી ૩૨ ભંગ–** ચાર અશાશ્વત પ્રયોગોના ત્રણ-ત્રણના સંયોગે ચાર વિકલ્પ થાય છે અને તે પ્રત્યેક વિકલ્પમાં આઠ-આઠ ભંગ થતાં કુલ ૮×૪ = ૩૨ ભંગ થાય છે. તે ચાર વિકલ્પ આ પ્રમાણે છે–

(૧) ઔદારિક મિશ્ર કાયપ્રયોગ, આહારક કાયપ્રયોગ અને આહારક મિશ્ર કાયપ્રયોગ, આ ત્રણ પદના એકવચન અને બહુવચનની અપેક્ષાએ **આઠ ભંગ.** (૨) ઔદારિક મિશ્ર કાયપ્રયોગ, આહારક કાયપ્રયોગ અને કાર્મણ કાયપ્રયોગ, આ ત્રણ પદના **આઠ ભંગ.** (૩) ઔદારિક મિશ્ર કાયપ્રયોગ, આહારકમિશ્ર કાયપ્રયોગ અને કાર્મણ કાયપ્રયોગ, આ ત્રણ પદના **આઠ ભંગ.**(૪) આહારક કાયપ્રયોગ, આહારક મિશ્રકાયપ્રયોગ અને કાર્મણ કાયપ્રયોગ, આ ત્રણ પદના **આઠ ભંગ.**

**શાશ્વત સાથે પાંચ સંયોગી ૧૬ ભંગ–** ઔદારિક મિશ્ર કાયપ્રયોગ, આહારક કાયપ્રયોગ, આહારક મિશ્ર કાયપ્રયોગ અને કાર્મણ કાયપ્રયોગ, આ ચારે ય પદનો ચાર સંયોગી એક જ વિકલ્પ થાય છે તે એક વિકલ્પમાં પણ એકવચન અને બહુવચનની અપેક્ષાએ સોળ ભંગ થાય છે.

આ રીતે મનુષ્યોમાં અશાશ્વતપ્રયોગોના– દ્વિસંયોગી ૮ ભંગ, ત્રિસંયોગી ૨૪ ભંગ, ચાર સંયોગી ૩૨ ભંગ, પાંચ સંયોગી ૧૬ ભંગ થાય છે અને અગિયાર શાશ્વતપ્રયોગોનો અસંયોગી એક ભંગ છે. તે સર્વે ય મળીને કુલ ૮+૨૪+૩૨+૧૬ +૧ = ૮૧ ભંગ થાય છે. આ સર્વ ભંગો ભાવાર્થથી સ્પષ્ટ છે.

**વાણવ્યંતરાદિ દેવોમાં પ્રયોગ ભંગ :–**

**૧૪** वाणमंतरजोइसिय-वेमाणिया जहा असुरकुमारा ।

**ભાવાર્થ :–** વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોના પ્રયોગ સંબંધી કથન અસુરકુમારોના પ્રયોગની સમાન સમજવું જોઈએ.

**સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના જીવોમાં પ્રયોગ–ભંગ :–**

| જીવ પ્રકાર | કુલ પ્રયોગ | શાશ્વત પ્રયોગ | અશાશ્વત પ્રયોગ | શાશ્વત પ્રયોગ ભંગ | શાશ્વત–અશાશ્વત પ્રયોગ ભંગ | | | | કુલ ભંગ | દંડક પ્રમાણે ભંગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | દ્વિ સંયોગી | ત્રિ સંયોગી | ચાર સંયોગી | પંચ સંયોગી | | |
| સમુચ્ચય જીવ | ૧૫ | ૧૩ | ૨ પ્રયોગ | ૧ | ૪ | ૪ | × | × | ૯ | ૧×૯ = ૯ |
| નારકી અને દેવતા | ૧૧ | ૧૦ | ૧ કાર્મણ | ૧ | ૨ | × | × | × | ૩ | ૧૪×૩=૪૨ |
| પૃથ્વી, પાણી, અગ્નિ વનસ્પતિ | ૩ | ૩ | × | ૧ | × | × | × | × | ૧ | ૪×૧ = ૪ |
| વાયુકાય | ૫ | ૫ | × | ૧ | × | × | × | × | ૧ | ૧×૧ = ૧ |
| ત્રણ વિકલેન્દ્રિય | ૪ | ૩ | ૧ કાર્મણ | ૧ | ૨ | × | × | × | ૩ | ૩×૩ = ૯ |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૧૩ | ૧૨ | ૧ કાર્મણ | ૧ | ૨ | × | × | × | ૩ | ૧×૩ = ૩ |
| મનુષ્ય | ૧૫ | ૧૧ | ૪ પ્રયોગ | ૧ | ૮ | ૨૪ | ૩૨ | ૧૬ | ૮૧ | ૧ × ૮૧ = ૮૧ |
| | | | | | | | | | | **કુલ = ૧૪૯ ભંગ** |

**નોંધ :** ૪ પ્રયોગ અશાશ્વત હોય છે. અશાશ્વત પ્રયોગ એક હોય તો–૩ ભંગ. અશાશ્વત પ્રયોગ બે હોય તો–૯ ભંગ. અશાશ્વત પ્રયોગ ત્રણ હોય તો–૨૭ ભંગ અને અશાશ્વત ચાર હોય તો–૮૧ ભંગ થાય છે.
★ **કોષ્ટકમાં સૂચિત : અશાશ્વત પ્રયોગ–૨** = આહારક અને આહારક મિશ્ર પ્રયોગ. **અશાશ્વત પ્રયોગ–૪** = ઔદારિક મિશ્ર, કાર્મણ, આહારક, આહારક મિશ્ર પ્રયોગ.

**ગતિપ્રપાત :–**

**૧૫ कइविहे णं भंते ! गइप्पवाए पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा- पओगगई, ततगई बंधणच्छेयणगई, उववायगई, विहायगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગતિપ્રપાતના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ગતિ પ્રપાતના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પ્રયોગગતિ, (૨) તતગતિ, (૩) બંધનછેદનગતિ, (૪) ઉપપાતગતિ અને (૫) વિહાયોગતિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રયોગગતિ આદિ પાંચ પ્રકારના ગતિપ્રપાતનું પ્રતિપાદન છે.

**ગતિપ્રપાત :– गमनं गतिः प्राप्तिरित्यर्थः, प्राप्ति च देशान्तरविषया पर्यायान्तर विषया च ।** ગમન કરવું, પ્રાપ્ત કરવું તે ગતિ. ગતિ અથવા પ્રાપ્તિના બે પ્રકાર છે–(૧) દેશાન્તર પ્રાપ્તિ– એક સ્થાનથી બીજા સ્થાને જવું, તે દેશાન્તર રૂપ ગતિ અથવા દેશાન્તરની પ્રાપ્તિ છે અને (૨) પર્યાયાન્તર પ્રાપ્તિ–એક અવસ્થાને છોડીને બીજી અવસ્થાને પ્રાપ્ત થવું. જેમ કે મનુષ્ય મરીને દેવ થાય. ત્યારે તે આત્મા મનુષ્ય અવસ્થાને છોડીને દેવ અવસ્થાને પ્રાપ્ત થાય છે, તે પર્યાયાન્તરરૂપ ગતિ(પ્રાપ્તિ) છે.

**गतेः प्रपातो गतिप्रपातः इति गतिप्रपातः** । વિવિધ પ્રકારની ગતિને પ્રાપ્ત થવું , બે માંથી કોઈ પણ ગતિમાં પ્રવૃત થવું , તે ગતિપ્રપાત છે. પ્રસ્તુત સૂત્રમાં તેના પાંચ પ્રકાર કહ્યા છે.

**(૧) પ્રયોગગતિ :–** આત્માના વિશેષ વ્યાપાર રૂપ પંદર યોગની પ્રવૃત્તિને પ્રયોગ કહે છે. તે દેશાંતર પ્રાપ્તિરૂપ છે, કારણ કે જીવ દ્વારા ગ્રહણ કરીને છોડાયેલા સત્યમન આદિના પુદ્ગલો નજીક કે દૂરના દેશાન્તર સુધી ગમન કરે છે.

**(૨) તતગતિ :–** વિસ્તારવાળી ગતિ. જેમ કે કોઈ મનુષ્ય કોઈ ગામ કે સંનિવેશ તરફ પ્રયાણ કરે અને ગંતવ્ય સ્થાને પહોંચે નહીં ત્યાં સુધી માર્ગમાં એક-એક પગલું મૂકતાં મૂકતાં જે દેશાન્તર પ્રાપ્તિરૂપ ગતિ થાય, તે ગતિ તતગતિ કહેવાય છે. જો કે એક-એક પગલું ચાલવું તે શરીરના વ્યાપાર રૂપ પ્રયોગ જ છે, તેમ છતાં તેમાં વિસ્તારની વિશેષતા હોવાથી પ્રયોગગતિ નામે તેનું અલગ કથન કર્યું છે.

**(૩) બંધન-છેદનગતિ :–** બંધનનું છેદન થવાથી જે ગતિ થાય, તે બંધન છેદન ગતિ છે. જીવથી મુક્ત શરીરની કે શરીરથી મુક્ત જીવની આ ગતિ હોય છે.

**(૪) ઉપપાતગતિ :–** ઉપપાત એટલે પ્રાદુર્ભાવ–ઉત્પત્તિ. નવા સ્થાનમાં જન્મ ધારણ કરવા માટે થતી ગતિને ઉપપાતગતિ કહે છે.

**(૫) વિહાયોગતિ –** વિહાયસ્ અર્થાત્ આકાશમાં થતી ગતિને વિહાયોગતિ કહે છે.

**પ્રયોગગતિના ભેદ–પ્રભેદ :-**

**૧૬ से किं तं भंते ! पओगगई ? गोयमा ! पओगगई पण्णरसविहा पण्णत्ता, तं जहा- सच्चमणप्पओगगई *जाव* कम्मगसरीरकायप्पओगगई । एवं जहा पओगो भणिओ तहा एसा वि भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રયોગગતિના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પ્રયોગગતિના પંદર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સત્યમનપ્રયોગ ગતિ **યાવત્** કાર્મણ શરીરકાય પ્રયોગગતિ. જે રીતે પ્રયોગ પંદર પ્રકારના કહ્યા છે ; તે જ રીતે પ્રયોગ ગતિનું કથન કરવું જોઈએ.

**૧૭ जीवाणं भंते ! कइविहा पओगगई पण्णत्ता ? गोयमा ! पण्णरसविहा पण्णत्ता, तं जहा- सच्चमणप्पओगगई *जाव* कम्मासरीरकायप्पओगगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવોની પ્રયોગગતિ કેટલા પ્રકારની છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પંદર પ્રકારની છે, તે આ પ્રમાણે છે– સત્યમન પ્રયોગગતિ ***યાવત્*** કાર્મણ શરીર પ્રયોગગતિ.

**૧૮ णेरइयाणं भंते ! कइविहा पओगगई पण्णत्ता ? गोयमा ! एक्कारसविहा पण्णत्ता, तं जहा- सच्चमणप्पओगगई एवं उवउज्जिऊण जस्स जइविहा तस्स तइविहा भाणियव्वा *जाव* वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોની કેટલા પ્રકારની પ્રયોગગતિ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોની પ્રયોગગતિના અગિયાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સત્યમન પ્રયોગગતિ ઈત્યાદિ વૈમાનિક સુધીના સર્વ જીવોમાં જેને જેટલા પ્રયોગ છે, તેને તેટલા પ્રકારની પ્રયોગ ગતિ ઉપયોગપૂર્વક કહેવી જોઈએ.

**૧૯ जीवा णं भंते ! किं सच्चमणप्पओगगई** *जाव* **कम्मगसरीरकायप्पओगगई ? गोयमा! जीवा सव्वे वि ताव होज्जा सच्चमणप्पओगगई वि, एवं तं चेव पुव्ववणियं भाणियव्वं, भंगा तहेव** *जाव* **वेमाणियाणं, से तं पओगगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક જીવો શું સત્યમન પ્રયોગ ગતિવાળા છે ***યાવત્*** કાર્મણ શરીર કાયપ્રયોગ ગતિવાળા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વ જીવો સત્યમન પ્રયોગગતિવાળા પણ હોય છે, ઈત્યાદિ પૂર્વવત્ અનેક જીવોમાં સર્વ ભંગોનું કથન કરવું જોઈએ. આ રીતે નૈરયિકોથી લઈ વૈમાનિકો સુધી કહેવું જોઈએ. આ પ્રયોગગતિની પ્રરૂપણા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રયોગગતિના ભેદ અને ૨૪ દંડકમાં પ્રાપ્ત થતી પ્રયોગગતિનું નિરૂપણ છે.

પ્રયોગના પંદર ભેદની જેમ પ્રયોગગતિના પણ પંદર ભેદ છે. પ્રયોગની જેમ જ સમુચ્ચય જીવોમાં પંદર પ્રકારની પ્રયોગગતિ હોય છે.

નારકી-દેવતામાં અગિયાર પ્રકારની પ્રયોગગતિ; પૃથ્વી,પાણી, અગ્નિ, વનસ્પતિમાં ત્રણ પ્રકારની પ્રયોગ ગતિ; વાયુકાયમાં પાંચ પ્રકારની પ્રયોગ ગતિ; ત્રણ વિકલેન્દ્રિયમાં ચાર પ્રકારની પ્રયોગ ગતિ; તિર્યંચ પંચેન્દ્રિયમાં તેર પ્રકારની પ્રયોગ ગતિ અને મનુષ્યોમાં પંદર પ્રકારની પ્રયોગ ગતિ હોય છે.

**તતગતિ :–**

**૨૦ से किं तं भंते ! ततगई ? गोयमा ! ततगई जे णं जं गामं वा** *जाव* **सण्णिवेसं वा संपट्ठिए असंपए अंतरापहे वट्टइ । से तं ततगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તતગતિ શું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તતગતિ એટલે જે ગામ અથવા સન્નિવેશ માટે નીકળેલી વ્યક્તિ તે સ્થાનમાં પહોંચી ન હોય, વચ્ચે માર્ગમાં ચાલતો હોય, તે સમયની ગતિને તતગતિ કહે છે.

**બંધન–છેદન ગતિ :–**

**૨૧ से किं तं भंते ! बंधणच्छेयणगई ? गोयमा ! बंधणच्छेयणगई जे णं जीवो वा सरीराओ, सरीरं या जीवाओ । से तं बंधणच्छेयणगई।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે બંધનછેદન ગતિનું સ્વરૂપ કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શરીરથી મુક્ત જીવની અને જીવથી મુક્ત શરીરની ગતિને બંધનછેદન ગતિ કહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં બંધન-છેદન ગતિનું નિરૂપણ છે. બંધનનું છેદન થવાથી જે ગતિ થાય તે બંધન-છેદન ગતિ છે. જીવને આયુષ્યકર્મનું બંધન હોય ત્યાં સુધી આ શરીરમાં રહેવું પડે છે. જ્યારે તે બંધન છૂટે ત્યારે શરીર જીવથી મુક્ત થાય અને જીવ શરીરથી મુક્ત થાય છે. જીવથી મુક્ત થયેલા શરીરની અને શરીરથી મુક્ત થયેલા જીવની જે ગતિ થાય, તેને બંધન છેદન ગતિ કહે છે.

**ઉપપાત ગતિ :–**

**२२ से किं तं भंते ! उववायगई ? गोयमा ! उववायगई तिविहा पण्णत्ता, तं जहा- खेत्तोववायगई, भवोववायगई, णोभवोववायगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપપાત ગતિનું સ્વરૂપ કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઉપપાતગતિના ત્રણ પ્રકાર છે, જેમકે– (૧) ક્ષેત્રોપપાતગતિ (૨) ભવોપપાતગતિ અને (૩) નોભવોપપાતગતિ.

**२३ से किं तं भंते ! खेत्तोववायगई ? गोयमा ! खेत्तोववायगई पंचविहा पण्णत्ता, तं जहा- णेरइयखेत्तो- ववायगई, तिरिक्खजोणियखेत्तोववायगई, मणूसखेत्तोववायगई, देवखेत्तोववायगई, सिद्धखेत्तोववायगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્ષેત્રોપપાતગતિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ક્ષેત્રોપપાતગતિના પાંચ પ્રકાર છે. જેમ કે– (૧) નૈરયિક ક્ષેત્રોપપાતગતિ, (૨) તિર્યંચયોનિક ક્ષેત્રોપપાત ગતિ, (૩) મનુષ્ય ક્ષેત્રોપપાત ગતિ, (૪) દેવ ક્ષેત્રોપપાતગતિ અને (૫) સિદ્ધ ક્ષેત્રોપપાતગતિ.

**२४ से किं तं भंते ! णेरइयखेत्तोववायगई ? गोयमा ! णेरइयखेत्तोववायगई सत्तविहा पण्णत्ता, तं जहा- रयणप्पभापुढविणेरइयखेत्तोववायगई *जाव* अहेसत्तमापुढविणेरइयखेत्तोववायगई । से तं णेरइयखेत्तोववायगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક ક્ષેત્રોપપાતગતિના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક ક્ષેત્રોપપાતગતિ સાત પ્રકારની છે– રત્નપ્રભા પૃથ્વી નૈરયિક ક્ષેત્રોપપાતગતિ ***યાવત્*** અધઃસપ્તમ (અંતિમ સાતમી) પૃથ્વી નૈરયિક ક્ષેત્રોપપાતગતિ. આ નૈરયિક ક્ષેત્રોપપાત ગતિની પ્રરૂપણા છે.

**२५ से किं तं भंते ! तिरिक्खजोणियखेत्तोववायगई ? गोयमा ! तिरिक्खजोणियखेत्तोववायगई पंचविहा पण्णत्ता, तं जहा- एगिंदिय तिरिक्खजोणिय खेत्तोववायगई *जाव* पंचेंदियतिरिक्खजोणिय खेत्तोववायगई। से तं तिरिक्खजोणिय खेत्तोववायगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચયોનિક ક્ષેત્રોપપાત ગતિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) એકેન્દ્રિય તિર્યંચયોનિક ક્ષેત્રોપપાતગતિ, (૨) બેઇન્દ્રિય તિર્યંચયોનિક ક્ષેત્રોપપાતગતિ, (૩) તેઇન્દ્રિય તિર્યંચયોનિક ક્ષેત્રોપપાતગતિ, (૪) ચૌરેન્દ્રિય તિર્યંગ્યોનિક ક્ષેત્રોપપાતગતિ અને (૫) પંચેન્દ્રિય તિર્યંચયોનિક ક્ષેત્રોપપાતગતિ. આ તિર્યંચયોનિક ક્ષેત્રોપપાતગતિનું નિરૂપણ છે.

**२६ से किं तं भंते ! मणूसखेत्तोववायगई ? गोयमा ! मणूसखेत्तोववायगई दुविहा पण्णता, तं जहा- सम्मुच्छिममणूसखेतोववायगई गब्भवक्कंतियमणुस्सखेत्तोववायगई । से तं मणूसखेत्तोववायगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્ય ક્ષેત્રોપપાતગતિના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના

બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સંમૂર્ચ્છિમ મનુષ્ય ક્ષેત્રોપપાત ગતિ અને (૨) ગર્ભજ મનુષ્ય ક્ષેત્રોપપાતગતિ. આ મનુષ્યક્ષેત્રોપપાત ગતિનું પ્રતિપાદન છે.

**૨૭ से किं तं भंते ! देवखेत्तोववायगई ? गोयमा ! देवखेत्तोववायगई चउव्विहा पण्णत्ता, तं जहा- भवणवइ *जाव* वेमाणियदेवखेत्तोववाय गई । से तं देवखेत्तोववायगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવ ક્ષેત્રોપપાતગતિના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે – (૧) ભવનપતિદેવ ક્ષેત્રોપપાતગતિ, (૨) વાણવ્યંતર દેવ ક્ષેત્રોપપાતગતિ, (૩) જ્યોતિષ્કદેવ ક્ષેત્રોપપાતગતિ અને (૪) વૈમાનિકદેવ ક્ષેત્રોપપાત ગતિ. આ દેવ ક્ષેત્રોપપાતગતિનું નિરૂપણ છે.

**૨૮ से किं तं भंते ! सिद्धखेत्तोववायगई ?**

**गोयमा ! सिद्धखेत्तोववायगई अणेगविहा पण्णत्ता, तं जहा- जंबुद्दीवे दीवे भरहेरवयवाससपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई, जंबुद्दीवे दीवे चुल्लहिमवंत-सिहरिवासहरपव्वयसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई, जंबुद्दीवे दीवे हेमवय-हेरण्णवयवाससपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई, जंबुद्दीवे दीवे सद्दावइ-वियडावतिवट्टवेयड्ढसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई, जंबुद्दीवे दीवे महाहिमवंत-रुप्पिवासहरपव्वयसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई, जंबुद्दीवे दीवे हरिवास-रम्मगवाससपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई, जंबुद्दीवे दीवे गंधावई-मालवंतपरियाय-वट्टवेयड्ढसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई, जंबुद्दीवे दीवे णिसढ णीलवंतवासहरपव्वयसपक्खिं सपडिदिसिं सिद्ध- खेत्तोववायगई, जंबुद्दीवे दीवे पुव्वविदेह-अवरविदेहसपक्खिं सपडिदिसं सिद्धखेत्तोववायगई, जंबुद्दीवे दीवे देवकुरुत्तरकुरुसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई, जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स सपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई, लवणसमुद्दे सपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई, धायइसंडे दीवे पुरिमद्ध पच्चत्थिमद्ध *जाव* मंदर पव्वय सपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई, कालोयसमुद्दे सपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई, पुक्खरवर-दीवड्ढ-पुरिमद्ध पच्छिमद्ध भरह एरवयवास सपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई । एवं *जाव* मंदर पव्वय सपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई। से तं सिद्धखेत्तोववायगई । से तं खेत्तोववायगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સિદ્ધ ક્ષેત્રોપપાતગતિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સિદ્ધ ક્ષેત્રોપપાતગતિના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરત અને ઐરવત વર્ષ ક્ષેત્રમાં બધી દિશાઓમાં, બધી વિદિશાઓમાંથી સિદ્ધ ક્ષેત્રોપપાત ગતિ છે, જંબૂદ્વીપ નામના દ્વીપમાં લઘુ હિમવાન અને શિખરી વર્ષધર પર્વતમાં બધી દિશાઓ અને વિદિશાઓમાંથી સિદ્ધ ક્ષેત્રોપપાતગતિ હોય છે, જંબૂદ્વીપ નામના દ્વીપમાં હેમવય અને હિરણ્યવય ક્ષેત્રમાં બધી દિશાઓ અને વિદિશાઓમાંથી સિદ્ધ ક્ષેત્રોપપાતગતિ છે, જંબૂદ્વીપ નામના દ્વીપમાં શબ્દાપાતી અને

વિકટાપાતી વૃત્તવૈતાઢય પર્વતની બધી દિશાઓ-વિદિશાઓમાંથી સિદ્ધક્ષેત્રોપપાતગતિ છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મહાહિમવંત અને રુક્મિ વર્ષધર પર્વતની બધી દિશાઓ-વિદિશાઓમાંથી સિદ્ધક્ષેત્રોપપાતગતિ છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં હરિવર્ષ અને રમ્યક્વર્ષ ક્ષેત્રમાં બધી દિશાઓ-વિદિશાઓમાંથી સિદ્ધ ક્ષેત્રોપપાતગતિ છે, જંબૂદ્વીપ નામના દ્વીપમાં ગંધાપાતી અને માલ્યવન્તપર્યાય વૃત્તવૈતાઢયપર્વતમાં બધી દિશાઓ- વિદિશાઓમાંથી સિદ્ધક્ષેત્રોપપાત ગતિ છે, જંબૂદ્વીપ નામના દ્વીપમાં નિષધ અને નીલવંત વર્ષધર પર્વતની બધી દિશાઓ-વિદિશાઓમાંથી સિદ્ધક્ષેત્રોપપાતગતિ છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં પૂર્વવિદેહ અને અપરવિદેહમાં બધી દિશાઓ-વિદિશાઓમાંથી સિદ્ધક્ષેત્રોપપાતગતિ છે, જંબૂદ્વીપ નામના દ્વીપમાં દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રમાં બધી દિશા-વિદિશાઓમાંથી સિદ્ધક્ષેત્રોપપાતગતિ છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની બધી દિશાઓ-વિદિશાઓમાંથી સિદ્ધક્ષેત્રોપપાતગતિ છે, લવણ સમુદ્રમાં બધી દિશાઓ અને વિદિશાઓમાંથી સિદ્ધક્ષેત્રોપપાત ગતિ છે. ધાતકીખંડ દ્વીપમાં પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ ***યાવત્*** મંદર પર્વતની બધી દિશાઓમાંથી સિદ્ધક્ષેત્રોપપાત ગતિ છે, કાલોદધિ સમુદ્રમાં બધી દિશાઓ-વિદિશઓમાંથી સિદ્ધક્ષેત્રોપપાત ગતિ છે. પુષ્કરવર દ્વીપાર્ધમાં પૂર્વાર્દ્ધના ભરત અને ઐરવતક્ષેત્રોમાં બધી દિશાઓ અને વિદિશાઓમાંથી સિદ્ધક્ષેત્રોપપાત ગતિ છે ***યાવત્*** પુષ્કરવર દ્વીપાર્ધના પશ્ચિમાર્ધ મંદરપર્વતમાં બધી દિશાઓ-વિદિશાઓમાંથી સિદ્ધક્ષેત્રોપપાતગતિ છે. આ સિદ્ધક્ષેત્રોપપાતગતિનું વર્ણન છે. આ ક્ષેત્રોપપાતગતિનું વર્ણન છે.

**२९ से किं तं भंते ! भवोववायगई ? गोयमा ! भवोववायगई चउव्विहा पण्णत्ता, तं जहा- णेरइय भवोववायगई** *जाव* **देवभवोववाय गई ।**

**ભાવાર્થ:– પ્રશ્ન–** હે ભગવન્! ભવોપપાતગતિનું સ્વરૂપ કેવું છે? **ઉત્તર–** હે ગૌતમ! ભવોપપાતગતિના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે–નૈરયિકભવોપપાતગતિ ***યાવત્*** દેવભવોપપાતગતિ.

**३० से किं तं भंते ! णेरइयभवोववायगई ? गोयमा ! णेरइयभवोववायगई सत्तविहा पण्णत्ता, तं जहा- रयणप्पभा पुढवी** *जाव* **अहेसत्तमापुढवी; एवं सिद्धवज्जो भेओ भाणियव्वो, जो चेव खेत्तोववायगईए सो चेव भवोववायगईए । से तं भवोववायगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક ભવોપપાત ગતિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક ભવોપપાતગતિના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– રત્નપ્રભા નરક પૃથ્વી ***યાવત્*** અધઃસપ્તમ નરક પૃથ્વી આદિ, આ રીતે સિદ્ધોને છોડીને ક્ષેત્રોપપાતગતિમાં કહેલા બધા ભેદ અહીં ભવોપપાત ગતિમાં કહેવા જોઈએ. આ ભવોપપાતગતિનું નિરૂપણ છે.

**३१ से किं तं भंते ! णोभवोववायगई ? गोयमा ! णोभवोववायगई दुविहा पण्णत्ता, तं जहा- पोग्गल- णोभवोववायगई य सिद्ध-णोभवोववायगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નોભવોપપાત ગતિનું સ્વરૂપ કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નોભવોપપાતગતિના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પુદ્ગલ નોભવોપપાતગતિ અને સિદ્ધ નોભવોપપાતગતિ.

**३२ से किं तं भंते ! पोग्गल-णोभवोववायगई ?**

**गोयमा ! पोग्गल-णोभवोवायगई जण्णं परमाणुपोग्गले लोगस्स पुरत्थिमिल्लाओ**

**चरिमंताओ पच्छिमिल्लं चरिमंतं एगसमएणं गच्छइ, पच्छिमिल्लाओ वा चरिमंताओ पुरत्थिमिल्लं चरिमंतं एगसमएणं गच्छइ, दाहिणिल्लाओ वा चरिमंताओ उत्तरिल्लं चरिमंतं एगसमएणं गच्छइ, एवं उत्तरिल्लाओ दाहिणिल्लं, उवरिल्लाओ हेट्ठिल्लं, हेट्ठिल्लाओ वा उवरिल्लं । से तं पोग्गल-णोभवोववायगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પુદ્ગલ નોભવોપપાતગતિનું સ્વરૂપ કેવું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે પુદ્ગલ પરમાણુ એક સમયમાં લોકના પૂર્વી ચરમાંતથી પશ્ચિમી ચરમાંત સુધી જાય છે, એક સમયમાં પશ્ચિમી ચરમાંતથી પૂર્વી ચરમાંત સુધી જાય, એક સમયમાં દક્ષિણી ચરમાંતથી ઉત્તરી ચરમાંત સુધી જાય. આ જ રીતે ઉત્તરી ચરમાંતથી દક્ષિણી ચરમાંત, ઊર્ધ્વ ચરમાંતથી અધો ચરમાંત અને અધો ચરમાંતથી ઊર્ધ્વ ચરમાંત સુધી એક સમયમાં જાય; આ ગતિને પુદ્ગલ નોભવોપપાત ગતિ કહે છે. આ પુદ્ગલ નોભવોપપાતગતિનું નિરૂપણ છે.

**૩૩ से किं तं भंते ! सिद्धणोभवोववायगई ? गोयमा ! सिद्धणोभवोववायगई दुविहा पण्णत्ता, तं जहा- अणंतरसिद्धणोभवोववायगई य परंपरसिद्धणोभवोववायगई य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે સિદ્ધ નોભવોપપાતગતિના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સિદ્ધ નોભવોપપાત ગતિના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– અનંતરસિદ્ધ નોભવોપપાત ગતિ અને પરંપર સિદ્ધ નોભવોપપાતગતિ.

**૩૪ से किं तं भंते ! अणंतरसिद्धणोभवोववायगई ? गोयमा ! अणंतरसिद्धणोभवोववायगई पण्णरसविहा पण्णत्ता, तं जहा- तित्थसिद्ध अणंतरसिद्ध णोभवोववायगई य** *जाव* **अणेगसिद्धणोभवोववायगई य । से तं अणंतरसिद्धणोभवोववायगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનંતરસિદ્ધ ભવોપપાતગતિનું સ્વરૂપ કેવું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતર સિદ્ધ ભવોપપાત ગતિના પંદર પ્રકાર છે, તે આ પ્રમાણે છે–તીર્થસિદ્ધ અનંતર સિદ્ધ નોભવોપપાતગતિ ***યાવત્*** અનેક સિદ્ધ અનંતર સિદ્ધ નોભવોપપાતગતિ. આ અનંતર સિદ્ધ નોભવોપપાત ગતિનું નિરૂપણ છે.

**૩૫ से किं तं भंते ! परंपरसिद्धणोभवोववायगई ? गोयमा ! परंपरसिद्धणोभवोववायगई अणेगविहा पण्णत्ता, तं जहा- अपढम समयसिद्ध णोभवोववायगई एवं दुसमयसिद्धणोभवोववायगई** *जाव* **अणंतसमयसिद्धणोभवोववायगई । से तं परंपरसिद्धणोभवोववायगई । से तं सिद्ध णोभवोववायगई। से तं णोभवोववायगई । से तं उववायगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરંપરસિદ્ધ નોભવોપપાત ગતિનું સ્વરૂપ કેવું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પરંપરસિદ્ધ નોભવોપપાત ગતિના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– અપ્રથમ સમય સિદ્ધ નોભવોપપાત ગતિ, દ્વિસમયસિદ્ધ નોભવોપપાતગતિ ***યાવત્*** ત્રિસમયથી લઈને સંખ્યાત સમય, અસંખ્યાત સમય અને અનંત સમયસિદ્ધ નોભવોપપાત ગતિ. આ પરંપરસિદ્ધ નોભવોપપાત ગતિનું નિરૂપણ છે. આમ સિદ્ધ નોભવોપપાતગતિ, ભવોપપાતગતિ તથા ઉપપાતગતિનું વર્ણન પૂર્ણ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ઉપપાતગતિના ભેદ-પ્રભેદોનું નિરૂપણ છે.

**उपपातः प्रादुर्भावः ।** ઉપપાત એટલે ઉત્પન્ન થવું. તેના ત્રણ પ્રકાર છે. (૧) ક્ષેત્રોપપાતગતિ (૨) ભવોપપાતગતિ (૩) નોભવોપપાતગતિ.

**क्षेत्रोपपातगति क्षेत्रं-आकाशं यत्र नारकादयो जन्तवः सिद्धाः, पुद्‌गला वा अवतिष्ठन्ते ।** ક્ષેત્ર એટલે આકાશ. જ્યાં નૈરયિક આદિ જીવ સિદ્ધ અને પુદ્‌ગલ સ્થિત થાય છે, તે આકાશપ્રદેશને ક્ષેત્ર કહે છે. તે તે ક્ષેત્રમાં જીવાદિનું જવું અને સ્થિત થવું તે ક્ષેત્રોપપાતગતિ છે. તેના પાંચ પ્રકાર છે.

**નરકક્ષેત્રોપપાતગતિ–** નરકરૂપ ક્ષેત્રમાં જીવનું સ્થિત થવું. તે નરકક્ષેત્રોપપાતગતિ છે. સાત નરકની અપેક્ષાએ નરકક્ષેત્રોપપાતગતિના સાત પ્રકાર છે.

**તિર્યંચક્ષેત્રોપપાતગતિ–** તિર્યંચ જીવો જે ક્ષેત્રમાં સ્થિત થાય તેને તિર્યંચક્ષેત્ર કહે છે. તે તે ક્ષેત્રમાં તિર્યંચ જીવોનું જવું અને સ્થિત થવું, તેને તિર્યંચક્ષેત્રોપપાતગતિ કહે છે. જાતિની અપેક્ષાએ તિર્યંચ જીવોના એકેન્દ્રિય બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય રૂપ પાંચ ભેદ હોવાથી તિર્યંચક્ષેત્રોપપાતગતિના પાંચ ભેદ છે.

**મનુષ્યક્ષેત્રોપપાતગતિ–** મનુષ્યો જ્યાં સ્થિત થાય તેને મનુષ્યક્ષેત્ર કહે છે. તે તે ક્ષેત્રમાં મનુષ્યોનું જવું અને સ્થિત થવું, તેને મનુષ્યક્ષેત્રોપપાતગતિ કહે છે. સંમૂર્ચ્છિમ મનુષ્ય અને ગર્ભજ મનુષ્યરૂપ મનુષ્યના બે ભેદ હોવાથી મનુષ્યક્ષેત્રોપપાતગતિના બે ભેદ છે.

**દેવક્ષેત્રોપપાતગતિ–** દેવો જ્યાં સ્થિત થાય, તેને દેવક્ષેત્ર કહે છે. તે તે ક્ષેત્રમાં દેવોનું જવું અને સ્થિત થવું, તેને દેવક્ષેત્રોપપાતગતિ કહે છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક રૂપ દેવોના મુખ્ય ચાર પ્રકાર હોવાથી દેવક્ષેત્રોપપાતગતિના પણ ચાર પ્રકાર છે.

**સિદ્ધક્ષેત્રોપપાતગતિ–** સિદ્ધ થયેલા જીવો સિદ્ધક્ષેત્રમાં જઈને સ્થિત થાય તેને સિદ્ધક્ષેત્ર કહે છે. અઢીદ્વીપ ક્ષેત્રમાંથી કર્મોથી મુક્ત થયેલા મનુષ્યો સર્વદિશા કે વિદિશામાંથી ઋજુગતિથી એક સમય માત્રમાં સિદ્ધક્ષેત્રમાં જાય છે. સૂત્રકારે મનુષ્યક્ષેત્રના વિવિધ વિભાગોની અપેક્ષાએ સિદ્ધક્ષેત્રપપાતગતિના ૫૭ ભેદ કર્યા છે.

**જંબૂદ્વીપના ૧૧ ક્ષેત્ર :–** (૧) ભરત–ઐરવતક્ષેત્ર (૨)ચુલ્લહિમવંત વર્ષધર પર્વત અને શિખરી વર્ષધર પર્વત (૩) હેમવત અને હૈરણ્યવતક્ષેત્ર (૪) શબ્દાપાતી અને વિકટાપાતી વૃત્ત વૈતાઢયપર્વત (૫) મહા હિમવંત અને રુકિમ વર્ષધર પર્વત (૬) હરિવર્ષ અને રમ્યકવર્ષ ક્ષેત્ર (૭) ગંધાપાતી અને માલ્યવંત વૃત્ત વૈતાઢ્ય પર્વત (૮) નિષધ અને નીલવંત વર્ષધર પર્વત (૯) પૂર્વવિદેહ અને પશ્ચિમવિદેહ ક્ષેત્ર (૧૦) દેવકુરુ અને ઉત્તરકુરુક્ષેત્ર (૧૧) મેરુપર્વત (૧૨ થી ૩૩) ધાતકીખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધના પૂર્વવત્ ૧૧–૧૧ ક્ષેત્ર ગણતાં બાવીસ ક્ષેત્રો અને તે જ રીતે (૩૪ થી ૫૫) પુષ્કરાર્દ્ધ દ્વીપના ૨૨ ક્ષેત્રો (૫૬) લવણસમુદ્ર અને (૫૭) કાલોદધિ સમુદ્ર. આ પ્રત્યેક ક્ષેત્રની ચારે દિશાઓ અને વિદિશામાંથી મનુષ્ય ઋજુગતિથી સિદ્ધક્ષેત્રમાં જાય છે, તેને સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહે છે

**ભવોપપાતગતિ–** કર્મયુક્ત જીવની નારકાદિ અવસ્થાને ભવ કહે છે અથવા કર્માધીન જીવનું નારકાદિપણે રહેવું, તેને ભવ કહે છે. જીવોનું તે તે ભવને પ્રાપ્ત થવું તે ભવોપપાતગતિ કહેવાય છે. નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવરૂપ ભવના ચાર પ્રકાર હોવાથી ભવોપપાતગતિના ચાર પ્રકાર છે. તેના ભેદ-પ્રભેદોનું કથન

ક્ષેત્રોપપાતગતિની સમાન છે. સિદ્ધ જીવો કર્મમુક્ત છે. તેથી ભવોપપાતગતિમાં તેનો સમાવેશ થતો નથી.

**નોભવોપપાતગતિ–** કર્મોથી રહિત હોય તેવા પુદ્ગલ તથા સિદ્ધોની ગતિને નોભવોપપાતગતિ કહે છે.

**પુદ્ગલ નોભવોપપાતગતિ–** પુદ્ગલ પરમાણુના લોકના એક ચરમાંતથી બીજા ચરમાંત સુધી જવાને પુદ્ગલનોભવોપપાતગતિ કહે છે. સૂત્રકારે તેના છ પ્રકાર કહ્યા છે, પુદ્ગલનું એક સમયમાં (૧) લોકના પૂર્વી ચરમાંતથી પશ્ચિમી ચરમાંત સુધી જવું. (૨) પશ્ચિમી ચરમાંતથી પૂર્વી ચરમાંત સુધી જવું. (૩) ઉત્તરી ચરમાંતથી દક્ષિણી ચરમાંત સુધી જવું. (૪) દક્ષિણી ચરમાંતથી ઉત્તરી ચરમાંત સુધી જવું. (૫) ઊર્ધ્વ ચરમાંતથી અધો ચરમાંત સુધી જવું. (૬) અધો ચરમાંતથી ઊર્ધ્વ ચરમાંત સુધી જવું.

**સિદ્ધ નોભવોપપાતગતિ–** કર્મમુક્ત સિદ્ધ જીવોની ગતિને સિદ્ધ નોભવોપપાતગતિ કહે છે. સિદ્ધના બે ભેદની અપેક્ષાએ તેના બે ભેદ છે– અનંતરસિદ્ધ નોભવોપપાતગતિ અને પરંપરસિદ્ધ નોભવોપપાતગતિ. અનંતરસિદ્ધ નોભવોપપાતગતિના તીર્થસિદ્ધા, અતીર્થસિદ્ધા આદિ પંદર પ્રકાર છે. પરંપરસિદ્ધ નોભવોપપાત ગતિના અપ્રથમ સમય સિદ્ધા, દ્વિસમય સિદ્ધા ***યાવત્*** દશ સમય, સંખ્યાત સમય, અસંખ્યાત સમય અને અનંત સમયસિદ્ધા આદિ છ પ્રકાર છે.

**વિહાયોગતિ :–**

**३६ से किं तं भंते ! विहायगई ?**

**गोयमा ! विहायगई सत्तरसविहा पण्णत्ता, तं जहा- फुसमाणगई, अफुसमाणगई, उवसंपज्जमाणगई, अणुवसंपज्जमाणगई, पोग्गलगई, मंडूयगई, णावागई, णयगइ, छायागई, छायाणुवायगई, लेस्सागई, लेस्साणुवायगई, उद्दिस्सपविभत्तगई, चउपुरिसपविभत्तगई, वंकगई, पंकगई, बंधणविमोयणगई।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વિહાયોગતિનું સ્વરૂપ કેવું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વિહાયોગતિના સત્તર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સ્પૃશદ્ગતિ (૨) અસ્પૃશદ્ગતિ (૩) ઉપસંપદ્યમાનગતિ (૪) અનુપસંપદ્યમાનગતિ (૫) પુદ્ગલગતિ (૬) મંડૂક ગતિ (૭) નૌકા (નાવ) ગતિ (૮) નયગતિ (૯) છાયાગતિ (૧૦) છાયાનુપાતગતિ (૧૧) લેશ્યાગતિ (૧૨) લેશ્યાનુપાતગતિ (૧૩) ઉદ્દિશ્યપ્રવિભક્ત ગતિ (૧૪) ચતુઃપુરુષ પ્રવિભક્ત ગતિ (૧૫) વક્રગતિ (૧૬) પંકગતિ અને (૧૭) બંધન વિમોચન ગતિ.

**३७ से किं तं भंते ! फुसमाणगई ? गोयमा ! फुसमाणगई- जण्णं परमाणुपोग्गले दुपएसिय** *जाव* **अणंतपदेसियाणं अण्णमण्णं फुसित्ता णं गई पवत्तइ । से तं फुसमाणगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સ્પૃશદ્ગતિ કોને કહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પરમાણુ પુદ્ગલ દ્વિપ્રદેશી, ત્રિપ્રદેશી, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દશ, સંખ્યાત, અસંખ્યાત કે અનંતપ્રદેશી સ્કંધોની એક બીજાનો સ્પર્શ કરતાં કરતાં જે ગતિ થાય છે, તે સ્પૃશદ્ગતિ છે.

**३८ से किं तं भंते ! अफुसमाणगई ? गोयमा ! अफुसमाणगई- जण्णं एएसिं चेव अफुसित्ता णं गई पवत्तइ। से तं अफुसमाणगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસ્પૃશદ્ગતિ કોને કહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પરમાણુથી લઈ અનંત પ્રદેશી સુધીના સ્કંધોની પરસ્પર સ્પર્શ કર્યા વિના જ જે ગતિ થાય છે, તે અસ્પૃશદ્ગતિ છે.

**૩૯ से किं तं भंते ! उवसंपज्जमाणगई ? गोयमा ! उवसंपज्जमाणगई- जण्णं रायं वा जुवरायं वा ईसरं वा माडंबियं वा कोडुंबियं वा इब्भं वा सेट्ठिं वा सेणावइं वा सत्थवाहं वा उवसंपज्जित्ता णं गच्छइ। से तं उवसंपज्जमाण गई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે ઉપસંપદ્યમાનગતિ કોને કહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમાં રાજા, યુવરાજ, ઈશ્વર(ઐશ્વર્યશાળી) તલવર (રાજા દ્વારા નિયુક્ત પટ્ટધર શાસક), માડંબિક(માંડલાધિપતિ), ઈભ્ય(ધનાઢય), શેઠ, સેનાપતિ કે સાર્થવાહનો આશ્રય લઈને ગતિ થાય, તેને ઉવસંપદ્યમાનગતિ કહે છે.

**૪૦ से किं तं भंते ! अणुवसंपज्जमाणगई ? गोयमा ! अणुवसंपज्जमाणगई- जण्णं एएसिं चेव अण्णमण्णं अणुवसंपज्जित्ता णं गच्छइ । से तं अणुवसंपज्जमाणगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનુપસંપદ્યમાન ગતિ કોને કહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! રાજા આદિનો આશ્રય લીધા વિના જે ગતિ થાય, તેને અનુપસંપદ્યમાન ગતિ કહે છે.

**૪૧ से किं तं भंते ! पोग्गलगई ? गोयमा ! पोग्गलगई- जण्णं परमाणुपोग्गलाणं** *जाव* **अणंतपएसियाणं खंधाणं गई पवत्तइ । से तं पोग्गलगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પુદ્ગલ ગતિ કોને છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પરમાણુ પુદ્ગલથી લઈ અનંત પ્રદેશી સુધીના સ્કંધોની ગતિને પુદ્ગલ ગતિ કહે છે.

**૪૨ से किं तं भंते ! मंडूयगई ? गोयमा ! मंडूयगई- जण्णं मंडूए उप्फिडिया उप्फिडिया गच्छइ । से तं मंडूयगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મંડૂક ગતિ કોને કહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! દેડકાની જેમ ઉછળી-ઉછળી(કૂદી-કૂદી) ને ગતિ કરે છે, તેને મંડૂકગતિ કહે છે.

**૪૩ से किं तं भंते ! णावागई ? गोयमा ! णावागई जण्णं- णावा पुव्ववेयालीओ दाहिणवेयालिं जलपहेणं गच्छइ, दाहिणवेयालीओ या अवरवेयालिं जलपहेणं गच्छइ । से तं णावागइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૌકાગતિ કોને છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૌકા જળમાર્ગે પૂર્વ કિનારેથી દક્ષિણ-કિનારે જાય છે અને દક્ષિણ-કિનારાથી અન્ય કિનારે જાય છે, તેની ગતિને નૌકાગતિ કહે છે.

**૪૪ से किं तं भंते ! णयगई ? गोयमा ! णयगई- जण्णं णेगम-संगह-ववहार-उज्जुसुय-सद्द-समभिरूढ-एवंभूयाणं णयाणं जा गई अहवा सव्वणया वि जं इच्छंति । से तं णयगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નયગતિ કોને કહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત, આ સાત નયોની પ્રવૃત્તિને નયગતિ કહે છે.

**૪૫** **से किं तं भंते ! छायागई ? गोयमा ! छायागई- जण्णं हयच्छायं वा गयच्छायं वा णरच्छायं वा किण्णरच्छायं वा महोरगच्छायं वा गंधव्वच्छायं वा उसहच्छायं वा रहच्छायं व छत्तच्छायं वा उवसंपज्जित्ता णं गच्छइ । से तं छायागई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! છાયાગતિ કોને કહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અશ્વની છાયા, હાથીની છાયા, મનુષ્યની છાયા, કિન્નરની છાયા, મહોરગની છાયા, ગંધર્વની છાયા, વૃષભ છાયા, રથ છાયા, છત્ર છાયાનો આશ્રય કરીને જે ગતિ થાય છે, તેને છાયાગતિ કહે છે.

**૪૬** **से किं तं भंते ! छायाणुवायगई ? गोयमा ! छायाणुवायगई- जण्णं पुरिसं छाया अणुगच्छइ णो पुरिसे छायं अणुगच्छइ । से तं छायाणुवायगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! છાયાનુપપાતગતિ કોને કહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! છાયા, પુરુષ આદિનું અનુસરણ કરે છે, પરંતુ પુરુષ, છાયાનું અનુસરણ કરતો નથી, તેને છાયાનુપાતગતિ કહે છે.

**૪૭** **से किं तं भंते ! लेस्सागई ?**

**गोयमा ! लेस्सागई- जण्णं कण्हलेस्सा णीललेस्सं पप्प तारूवत्ताए तावण्णत्ताए तागंधत्ताए तारसत्ताए ताफासत्ताए भुज्जो भुज्जो परिणमइ, एवं णीललेस्सा काउलेस्सं पप्प तारूवत्ताए** *जाव* **ताफासत्ताए परिणमइ, एवं काउलेस्सा वि तेउलेस्सं, तेउलेस्सा वि पम्हलेस्सं, पम्हलेस्सा वि सुक्कलेस्सं पप्प तारूवत्ताए** *जाव* **परिणमइ । से तं लेस्सागई।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લેશ્યાગતિ કોને કહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કૃષ્ણ લેશ્યાના દ્રવ્યો, નીલ લેશ્યાના દ્રવ્યોને પામીને તેના વર્ણરૂપે, તેના ગંધરૂપે, તેના રસરૂપે તથા તેના સ્પર્શરૂપે વારંવાર પરિણત થાય છે. આ રીતે નીલલેશ્યા પણ કાપોતલેશ્યાને પ્રાપ્ત થઈ તેના વર્ણાદિ રૂપે પરિણત થાય છે, કાપોતલેશ્યા પણ તેજોલેશ્યારૂપે, તેજોલેશ્યા પદ્મલેશ્યારૂપે અને પદ્મલેશ્યા શુક્લલેશ્યાને પ્રાપ્ત થઈને તેના વર્ણાદિ રૂપે પરિણત થાય છે, તેને લેશ્યાગતિ કહે છે.

**૪૮** **से किं तं भंते ! लेस्साणुवायगई ? गोयमा ! लेस्साणुवायगई- जल्लेस्साइं दव्वाइं परियाइत्ता कालं करेति तल्लेस्सेसु उववज्जति। तं जहा- कण्हलेस्सेसु वा** *जाव* **सुक्कलेस्सेसु वा। से तं लेस्साणुवायगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લેશ્યાનુપાત ગતિ કોને કહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવ કૃષ્ણ આદિ જે લેશ્યાના દ્રવ્યો ગ્રહણ કરીને મૃત્યુ પામે છે, તે જ લેશ્યાવાળામાં ઉત્પન્ન થાય છે, તેને લેશ્યાનુપાત ગતિ કહે છે.

**૪૯** **से किं तं भंते ! उद्दिस्सपविभत्तगई ? गोयमा ! उद्दिस्सपविभत्तगई- जे णं आयरियं वा उवज्झायं वा थेरं वा पवत्तिं वा गणिं वा गणहरं वा गणावच्छेइयं वा उद्दिसिय उद्दिसिय गच्छइ । से तं उद्दिस्सपविभत्तगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉદ્દિશ્ય પ્રવિભક્તગતિ કોને કહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આચાર્ય,

ઉપાધ્યાય, સ્થવિર, પ્રવર્ત્તક, ગણિ, ગણધર અથવા ગણાવચ્છેદકને ઉદ્દેશીને જે ગતિ થાય, તેને ઉદ્દિશ્ય પ્રવિભક્ત ગતિ કહે છે.

**૫૦ से किं तं भंते ! चउपुरिसपविभत्तगई ? गोयमा ! चउपुरिसपविभत्तगई- से जहाणामए चत्तारि पुरिसा समगं पट्ठित्ता समगं पज्जुवट्ठिया; समगं पट्ठित्ता विसमं पज्जुवट्ठिया; विसमं पट्ठित्ता समगं पज्जुवट्ठिया; विसमं पट्ठित्ता विसमं पज्जुवट्ठिया । से तं चउपुरिसपविभत्तगई।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચતુઃપુરુષ પ્રવિભક્ત ગતિ કોને કહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) કોઈ ચાર પુરુષોએ એક સાથે પ્રસ્થાન કર્યું અને એક સાથે જ પહોંચ્યા, (૨) ચાર પુરુષોનું એક જ સાથે પ્રસ્થાન થયું પરંતુ ભિન્ન-ભિન્ન સમયે પહોંચ્યા (૩) ચાર પુરુષોનું પ્રસ્થાન ભિન્ન-ભિન્ન સમયે થયું પણ એક સાથે પહોંચ્યા અને (૪) ચાર પુરુષોનું પ્રસ્થાન પણ ભિન્ન-ભિન્ન સમયે થયું અને ભિન્ન-ભિન્ન સમયે પહોંચ્યા. આ ચાર પુરુષોની ચતુર્વિકલ્પાત્મક ગતિને ચતુઃપુરુષ પ્રવિભક્ત ગતિ કહે છે.

**૫૧ से किं तं भंते ! वंकगई ? गोयमा ! वंकगई- चउव्विहा पण्णत्ता, तं जहा- घट्टणया, थंभणया, लेसणया, पवडणया, से तं वंकगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વક્રગતિ કોને કહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વક્રગતિના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઘટ્ટનતા (૨) સ્તંભનતા, (૩) શ્લેષણતા અને (૪) પ્રપતનતા. આ વક્રગતિનું નિરૂપણ છે.

**૫૨ से किं तं भंते ! पंकगई ? गोयमा ! पंकगई- से जहाणामए केइ पुरिसे सेयंसि वा पंकंसि वा उदयंसि वा कायं उव्वहिया गच्छइ । से तं पंकगई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંકગતિ કોને કહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જેમ કોઈ પુરુષ કાદવ, કીચડ કે જળમાં પોતાના શરીરને ટેકો આપીને જે ગતિ કરે, તે પંકગતિ છે.

**૫૩ से किं तं भंते ! बंधणविमोयणगई ?**

**गोयमा ! बंधणविमोयणगई- जण्णं अंबाण वा अंबाडगाण वा माउलुंगाण वा बिल्लाण वा कविट्ठाण वा भल्लाण वा फणसाण वा दाडिमाण वा पारेवताण वा अक्खोडाण वा चोराण वा बोराण वा तिंदुयाण वा पक्काणं परियागयाणं बंधणाओ विप्पमुक्काणं णिव्वाघाए णं अहे वीससाए गई पवत्तइ। से तं बंधणविमोयणगई। से तं विहायगई । से तं गइप्पवाए।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બંધનવિમોચન ગતિ કોને કહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અત્યંત પાકેલા અને બંધનથી છૂટા(જુદા) પડેલા કેરી, આમ્રાતક, બિજોરા, બીલા, કોઠા, સીતાફળ, દાડમ, પારાવત, અખરોટ, ચોરાફળ(ચાર), બોર અને તિંદુક ફળોની નિર્વ્યાઘાત પ્રતિબંધ રહિત સ્વાભાવિક નીચે તરફ ગતિ થાય છે, તેને બંધન વિમોચનગતિ કહે છે. આ બંધન વિમોચન ગતિનું નિરૂપણ છે. આ રીતે વિહાયોગતિની પ્રરૂપણા અને ગતિ પ્રપાતનું વર્ણન પૂર્ણ થાય છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં વિહાયોગતિના ભેદોનું વિસ્તૃત વર્ણન છે.

**વિહાયોગતિ :–** આકાશમાં થનારી ગતિને વિહાયોગતિ કહે છે. તેના સત્તર પ્રકાર છે– **(૧) સ્પૃશદ્ગતિ–** પરમાણુ કે દ્વિપ્રદેશી આદિ સ્કંધોની અન્ય વસ્તુઓ સાથે સ્પર્શ કરતાં-કરતાં એકથી વધુ સમયની જે ગતિ થાય છે, તે સ્પૃશદ્ગતિ કહેવાય છે. **(૨) અસ્પૃશદ્ગતિ–** પરમાણુ આદિ એક સમયમાં એક લોકાંતથી બીજા લોકાંત સુધી પહોંચે છે, આવી એક સમયની જે ગતિ થાય, તે અસ્પૃશદ્ ગતિ છે. સિદ્ધોની ગતિ પણ અસ્પૃશદ્ ગતિ છે. **(૩) ઉપસંપદ્યમાનગતિ–** કોઈ સ્પષ્ટ હેતુપૂર્વક બીજાનો આશ્રય લઈને થતી ગતિ. જેમ કે મોટા સાર્થવાહનો આશ્રય લઈ અન્ય વ્યાપારીઓનું ગમન કરવું , ગુરુના આશ્રયે શિષ્યનું ગમન કરવું , તે ઉપસંપદ્યમાન ગતિ છે. **(૪) અનુપસંપદ્યમાનગતિ–** કોઈનો પણ આશ્રય લીધા વગર ગમન કરવું. **(૫) પુદ્ગલગતિ–** પુદ્ગલની ગતિ **(૬) મંડૂકગતિ–** કૂદતાં-કૂદતાં દેડકાની જેમ ગમન કરવું **(૭) નૌકાગતિ–** નૌકાદિ દ્વારા મહાનદી આદિમાં ગમન કરવું **(૮) નયગતિ–** નૈગમાદિ નયો દ્વારા સ્વમતની પુષ્ટિ કરવી અથવા બધા નયો દ્વારા પરસ્પર સાપેક્ષપણે પ્રમાણથી અબાધિત વસ્તુની સ્થાપના કરવી નયગતિ છે. **(૯) છાયાગતિ–** છાયાનું અનુસરણ કરીને થતી ગતિ. **(૧૦) છાયાનુપાતગતિ–** છાયા પોતાના નિમિત્તભૂત પુરુષનું અનુસરણ કરીને ગતિ કરે તે છાયાનુપાત ગતિ છે. કારણકે છાયા પુરુષનું અનુસરણ કરે છે, પરંતુ પુરુષ છાયાનું અનુસરણ કરતો નથી. **(૧૧) લેશ્યાગતિ–** તિર્યંચો અને મનુષ્યોની દ્રવ્ય-ભાવ લેશ્યા પરિવર્તન પામે છે. કૃષ્ણાદિ લેશ્યાના પુદ્ગલો, નીલાદિ લેશ્યાના પુદ્ગલોને પ્રાપ્ત કરીને, નીલાદિ વર્ણ અને ગંધાદિરૂપે પરિણત થાય છે. લેશ્યાના પુદ્ગલોની તે ગતિ લેશ્યાગતિ છે **(૧૨) લેશ્યાનુપાત ગતિ–** લેશ્યા અનુસાર જીવની ગતિ થાય, તે લેશ્યાનુપાતગતિ છે. જીવ લેશ્યા દ્રવ્યોનું અનુસરણ કરે છે, લેશ્યા દ્રવ્ય જીવનું અનુસરણ કરતા નથી. જે લેશ્યામાં જીવ મૃત્યુ પામે છે, તે જ લેશ્યા સ્થાનમાં જીવ જન્મ ધારણ કરે છે. **(૧૩) ઉદ્દિશ્યપ્રવિભક્તગતિ–** પ્રવિભક્ત એટલે પ્રતિનિયત– નિશ્ચિત. આચાર્યદિની પાસે ધર્મોપદેશ સાંભળવા કે પ્રશ્ન પૂછવા માટે જે ગમન કરાય છે, તે ઉદ્દિશ્ય પ્રવિભક્ત ગતિ છે. **(૧૪) ચતુઃપુરુષ પ્રવિભક્તગતિ–** ચાર પ્રકારના પુરુષોની ચાર પ્રકારની પ્રવિભક્ત-પ્રતિનિયત ગતિ ચતુઃપુરુષ પ્રવિભક્ત ગતિ કહેવાય છે. **૧.** ચાર પુરુષો એક સાથે નીકળ્યા અને એક સાથે પહોંચ્યા **૨.** ચાર પુરુષો એક સાથે નીકળ્યા પણ એક સાથે ન પહોંચ્યા **૩.** ચાર પુરુષો એક સાથે ન નીકળ્યા પણ એક સાથે પહોંચ્યા. **૪.** ચાર પુરુષો એક સાથે ન નીકળ્યા અને એક સાથે ન પહોંચ્યા. આ ચાર પ્રકારની ગતિને ચતુઃપુરુષ પ્રવિભક્તગતિ કહે છે. **(૧૫) વક્રગતિ–** ચાર પ્રકારની છે– **૧. ઘટ્ટનતા–** કોઈ પદાર્થને અડી-અડીને ચાલવું(લંગડા પગે ચાલવું) **૨. સ્તંભન–** અટકી-અટકીને ચાલવું **૩. શ્લેષણ–** શરીરના એક અંગથી બીજા અંગનો સ્પર્શ કરીને ચાલવું **૪. પ્રપતન–** પડતાં-પડતાં ચાલવું. આ ચારે પ્રકારની ગતિ અનિષ્ટ અને અપ્રશસ્ત હોવાથી તેને વક્રગતિ કહે છે. **(૧૬) પંકગતિ–** પંક અર્થાત્ કાદવ, કીચડ; તેમાં ગતિ કરવી. ઉપલક્ષણથી પંક શબ્દથી 'જળ'નું પણ ગ્રહણ કરવું જોઈએ તેથી પંક કે જળમાં પોતાના શરીરને ટેકવીને અથવા અન્ય કોઈની સાથે પોતાના પગ વગેરે બાંધીને તેના બળથી ચાલવું-સ્વીમીંગ રીંગના સહારે નદી કે જળાશયોમાં તરવાની જે ગતિ છે તે પંકગતિ **(૧૭) બંધન- વિમોચન ગતિ–** આમ્ર આદિ ફળોની પોતાની ડાળી આદિના બંધનથી છૂટા પડીને સ્વાભાવિક રીતે નીચે પડવાની ગતિને બંધન-વિમોચન ગતિ કહે છે.

**ગતિ પ્રપાત**

- પ્રયોગ ગતિ (૧૫)
  - ૪. મન પ્રયોગ
  - ૪. વચન પ્રયોગ
  - ૭. કાય પ્રયોગ
- તત ગતિ (૧)
- બંધન છેદન ગતિ (૧)
- ઉપપાત ગતિ (૧૨૭)
  - ક્ષેત્રોપપાત ગતિ (૭૫)
    - નરક ક્ષેત્રોપપાત ગતિ (૭)
      - સાત નરકના સાત ભેદ
    - તિર્યંચ ક્ષેત્રો૦ (૫)
      - એકેન્દ્રિય
      - બેઈન્દ્રિય
      - તેઈન્દ્રિય
      - ચૌરેન્દ્રિય
      - પંચેન્દ્રિય
    - મનુષ્ય ક્ષેત્રો૦ (૨)
      - સંમૂર્ચ્છિમ મનુષ્ય
      - ગર્ભજ મનુષ્ય
    - દેવ ક્ષેત્રો૦ (૪)
      - ભવનપતિ દેવ
      - વ્યંતર દેવ
      - જ્યોતિષી દેવ
      - વૈમાનિક દેવ
    - સિદ્ધ ક્ષેત્રો૦ (૫૭)
      - જંબૂદ્વીપ–૧૧
      - ધાતકીખંડ–૨૨
      - પુષ્કરાર્દ્ધ–૨૨
      - લવણસમુદ્ર
      - કાલોદધિ
      - ૫૭ ક્ષેત્રમાંથી સિદ્ધ થાય છે.
  - ભવોપપાત ગતિ (૧૮)
    - નરકી ભવોપપાત (૭)
    - તિર્યંચ ભવોપપાત (૫)
    - મનુષ્ય ભવોપપાત (૨)
    - દેવ ભવોપપાત (૪)
  - નોભવોપપાત ગતિ (૩૪)
    - પુદ્ગલનોભવોપપાત (૬)
      - ૧ પૂર્વી ચરમાંત થી પશ્ચિમી ચરમાંતે
      - ૨. પશ્ચિમી ચરમાંતથી પૂર્વી ચરમાંતે
      - ૩ ઉત્તરી ચરમાંતથી દક્ષિણી ચરમાંતે
      - ૪ દક્ષિણી ચરમાંતથી ઉત્તરી ચરમાંતે
      - ૫ ઊર્ધ્વ ચરમાંતથી અધો ચરમાંતે
      - ૬ અધો ચરમાંતથી ઊર્ધ્વ ચરમાંતે
      - પુદ્ગલનું ગમન થાય તે
    - સિદ્ધ નોભવોપપાત (૨૮)
      - અનંતર સિદ્ધ (૧૫)
        - તીર્થ સિદ્ધ આદિ
      - પરંપરસિદ્ધ (૧૩)
        - ૧ અપ્રથમ સમય સિદ્ધ
        - ૨ દ્વિસમય સિદ્ધ
        - યાવત્
        - ૧૦ દશ સમય સિદ્ધ
- વિહાયોગતિ (૧૭)
  - ૧ સ્પૃશદ્ ગતિ
  - ૨ અસ્પૃશદ્
  - ૩ ઉપસંપદ્યમાન
  - ૪ અનુપસંદ્યમાન
  - ૫ પુદ્ગલ ગતિ
  - ૬ મંડૂક ગતિ
  - ૭ નૌકા ગતિ
  - ૮ નય ગતિ
  - ૯ છાયા ગતિ
  - ૧૦ છાયાનુપાત
  - ૧૧ લેશ્યા ગતિ
  - ૧૨ લેશ્યાનુપાત
  - ૧૩ ઉદ્દિશ્ય પ્રવિભક્ત
  - ૧૪ ચતુઃપુરુષ પ્રવિભક્ત
  - ૧૫ વક્રગતિ
  - ૧૬ પંકગતિ
  - ૧૭ બંધન વિમોચન ગતિ

**॥ સોળમું પદ સંપૂર્ણ ॥**

# સત્તરમું પદ

## પરિચય

આ પદનું નામ **'લેશ્યાપદ'** છે.

લેશ્યા એ જીવનું એક પરિણામ વિશેષ છે. આધ્યાત્મિકવિકાસમાં લેશ્યાનું અત્યંત મહત્ત્વ હોવાથી આ પદમાં વિવિધ દષ્ટિકોણથી છ ઉદ્દેશકોમાં લેશ્યા સંબંધી વિચારણા છે.

લેશ્યા આત્મા અને કર્મનું જોડાણ કરાવનારું માધ્યમ છે. લેશ્યા સંસારી જીવોનું પરિણામ વિશેષ છે. તેના બે ભેદ છે– દ્રવ્ય લેશ્યા અને ભાવલેશ્યા. આત્મ પરિણામો ભાવલેશ્યા છે અને તે અરૂપી છે. ભાવલેશ્યાના કારણે જે પુદ્ગલોનું ગ્રહણ થાય તે દ્રવ્યલેશ્યા છે. ભાવલેશ્યા અને દ્રવ્યલેશ્યા પરસ્પર સંબંધિત છે અર્થાત્ પ્રાયઃ ભાવલેશ્યા અનુસાર દ્રવ્યલેશ્યા થાય છે અને ક્યારેક દ્રવ્યલેશ્યા અનુસાર ભાવલેશ્યા પરિવર્તન પામે છે. દ્રવ્ય અને ભાવ બંને પ્રકારની લેશ્યાના છ-છ પ્રકાર છે– કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા. પ્રસ્તુત પદના છ એ ઉદ્દેશકમાં લેશ્યા સંબંધિત ભિન્ન ભિન્ન વિષયોનું નિરૂપણ છે.

**પ્રથમ ઉદ્દેશકમાં** નારક આદિ ચોવીશ દંડકવર્તી જીવોના આહાર, શરીર, શ્વાસોશ્વાસ, કર્મ, વર્ણ, લેશ્યા, વેદના, ક્રિયા અને આયુષ્યની સમાનતા-વિષમતા સંબંધી વિચારણા છે. ત્યાર પછી કૃષ્ણાદિ લેશ્યા-વાળા જીવોના વિષયમાં આહાર આદિ નવ દ્વારોથી વિચારણા કરવામાં આવી છે.

**બીજા ઉદ્દેશકમાં** લેશ્યાના છ ભેદોનું કથન કરીને ચારે ય ગતિના જીવોને પ્રાપ્ત થતી લેશ્યાઓ અને તે લેશ્યાવાળા ૨૪ દંડકવર્તી જીવોના અલ્પબહુત્વની વિસ્તૃત પ્રરૂપણા છે. અંતમાં કૃષ્ણાદિ લેશ્યા-વાળા જીવોમાં અલ્પર્દ્ધિક અનેક મહર્દ્ધિકનું કથન છે.

**ત્રીજા ઉદ્દેશકમાં** કૃષ્ણાદિલેશ્યા યુક્ત ૨૪ દંડકવર્તી જીવોની ઉત્પત્તિ અને ઉદ્વર્તનના સંબંધમાં એકવચન તથા બહુવચનની અપેક્ષાએ અને સામુહિક લેશ્યાની અપેક્ષાએ વિચારણા છે. જે લેશ્યામાં જીવનું મૃત્યુ થાય તે જ લેશ્યાસ્થાનમાં તેનો જન્મ થાય છે અર્થાત્ "મૃત્યુ અને નવા જન્મ સમયની એક જ લેશ્યા હોય છે," આ સિદ્ધાંતની પુષ્ટિ કરી છે. ત્યારપછી તે તે લેશ્યા યુક્ત જીવોના અવધિજ્ઞાનની વિષય મર્યાદા તથા તે તે લેશ્યા સંપન્ન જીવોમાં પ્રાપ્ત થતાં જ્ઞાન અને તેની વિષય મર્યાદાની પ્રરૂપણા છે.

**ચોથા ઉદ્દેશકમાં** મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવોની અપેક્ષાએ એક લેશ્યાના, અન્ય લેશ્યારૂપે થતાં પરિણમનની પ્રક્રિયા દષ્ટાંત દ્વારા સમજાવી છે ત્યારપછી છ એ લેશ્યાના પૃથક્-પૃથક્ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શનું; લેશ્યાઓના પરિણામ, પ્રદેશો, પ્રદેશાવગાહ, વર્ગણા અને લેશ્યાસ્થાન વગેરે વિષયોનું નિરૂપણ છે.

**પાંચમા ઉદ્દેશકમાં** નરક અને દેવગતિના જીવોની અપેક્ષાએ લેશ્યા પરિણમનનો નિષેધ કર્યો છે. નરક અને દેવભવમાં ભવપર્યંત દ્રવ્યલેશ્યા અવસ્થિત હોય છે. તે જીવો ભવ સ્વભાવથી એક જ લેશ્યા દ્રવ્યોને ગ્રહણ કરે છે. તે લેશ્યાઓનું અન્ય લેશ્યામાં પરિણમન–પરિવર્તન થતું નથી, પરંતુ જે નવીન લેશ્યા દ્રવ્યોનો સંયોગ થાય તેની છાયા માત્ર તેમની મૌલિક લેશ્યામાં ઝળકે છે અને શુભાશુભ લેશ્યા દ્રવ્યના સંયોગ અનુસાર તે-તે મૌલિક લેશ્યામાં કંઈક ઉત્કર્ષ અને અપકર્ષ થાય છે અર્થાત્ પોતાની લેશ્યાથી નિમ્નતર

લેશ્યાના સંયોગે મૂળ લેશ્યામાં અપકર્ષ(હીનતા) થાય છે અને પોતાની લેશ્યાથી ઉચ્ચતર લેશ્યાનો સંયોગ થતાં મૂળ લેશ્યામાં ઉત્કર્ષ(ઉચ્ચતા) થાય છે.

**છટ્ઠા ઉદ્દેશકમાં** ભરત ક્ષેત્ર આદિના મનુષ્ય અને મનુષ્યાણીઓની લેશ્યા સંબંધી ચર્ચા છે. તેમાં એ પણ દર્શાવ્યું છે કે માતા-પિતા અને ગર્ભસ્થ જીવોની લેશ્યામાં સમાનતા અને વિષમતા હોય શકે છે.

આ રીતે પ્રસ્તુત પદના છ એ ઉદ્દેશકોમાં લેશ્યા સંબંધિત વિશિષ્ટ-વિશિષ્ટ વિષયોનું વર્ણન છે; જે આ પદની આગવી વિશેષતા છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન—૩૪ લેશ્યાધ્યયનમાં પણ છ એ લેશ્યાના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પરિણામ પ્રકાર વગેરે વિષયોનું વર્ણન છે. તે ઉપરાંત ત્યાં છ એ લેશ્યાના પરિણામ અને ચાર ગતિની અપેક્ષાએ લેશ્યાની સ્થિતિનું વિશેષ વર્ણન છે.

❖❖❖❖❖

# સત્તરમું લેશ્યા પદ : પ્રથમ ઉદ્દેશક

**ઉદ્દેશકના વિષયો :–**

**૧** **आहार सम सरीरा, उस्सासे कम्म वण्ण लेस्सासु ।**
**समवेयण समकिरिया, समाउया चेव बोद्धव्वा ॥१॥**

**ભાવાર્થ :– [ગાથાર્થ]** (૧) સમાહાર, સમશરીર અને સમ ઉચ્છ્વાસ (૨) કર્મ (૩) વર્ણ (૪) લેશ્યા (૫) સમવેદના (૬) સમક્રિયા તથા (૭) સમાયુષ્ક. આ ઉદ્દેશકમાં સાત વિષયોનું નિરૂપણ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ગાથારૂપે ઉદ્દેશકના વિષયભૂત સમાહાર આદિ દ્વારોનો નામોલ્લેખ છે. તે દ્વારોની સંખ્યા અપેક્ષાએ સાત અને નવ, એમ બે પ્રકારે ગણવામાં આવી છે.

આ ગાથાના પૂર્વાર્ધમાં 'સમ' શબ્દનો પ્રયોગ એકવાર કરવામાં આવ્યો છે, તેનો સંબંધ પ્રત્યેક પદની સાથે કરવો જોઈએ. જેમ કે– (૧) સમાહાર, (૨) સમશરીર, (૩) સમઉચ્છ્વાસ, (૪) સમકર્મ, (૫) સમવર્ણ, (૬) સમલેશ્યા, (૭) સમવેદના, (૮) સમક્રિયા અને (૯) સમાયુષ્ક.

આ ઉદ્દેશકમાં ૨૪ દંડકના જીવો અને સલેશી જીવો તથા કૃષ્ણલેશી આદિ જીવોમાં આહાર, શરીર આદિની સમાનતા-વિષમતાનું પ્રતિપાદન છે.

**લેશ્યા :–** (૧) જેના દ્વારા આત્માનો કર્મોની સાથે શ્લેષ થાય છે, તે લેશ્યા છે ' **लिश्यते' आत्मा कर्मणा सह अनया'** જેના દ્વારા આત્મા કર્મ વડે લેપાય છે, તે લેશ્યા છે. દ્રવ્ય અને ભાવથી તેના બે પ્રકાર છે.

**દ્રવ્ય લેશ્યા :–** જે પુદ્ગલ દ્રવ્યની સહાયતાથી આત્માના વિવિધ પરિણામો પ્રગટ થાય છે અથવા આત્માના પરિણામ અનુસાર જે પુદ્ગલ દ્રવ્યનું ગ્રહણ થાય, તે પુદ્ગલ દ્રવ્યો દ્રવ્યલેશ્યા છે. દ્રવ્યલેશ્યા પૌદ્ગલિક હોવાથી રૂપી છે. શુભ અને અશુભ દ્રવ્યોની અપેક્ષાએ તેના બે પ્રકાર છે.

**ભાવલેશ્યા :–** કર્મના ઉદય અને સંયોગ વિયોગથી થતાં આત્મ પરિણામોને ભાવલેશ્યા કહે છે. તે કષાય રંજિત હોય કે અરંજિત બંને પ્રકારના હોય, તેવા આત્મપરિણામોને લેશ્યા કહે છે. ભાવલેશ્યાના પણ બે-બે પ્રકાર છે– વિશુદ્ધ અને અવિશુદ્ધ.

અકલુષિત–વિશુદ્ધ દ્રવ્યલેશ્યાના સંયોગે કર્મના ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમથી થતાં આત્મપરિણામો વિશુદ્ધ ભાવલેશ્યા છે. તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા, તે ત્રણ વિશુદ્ધ લેશ્યા છે.

કલુષિત–અવિશુદ્ધ દ્રવ્યલેશ્યાના સંયોગે કર્મના ઉદયથી થતાં આત્મપરિણામો અવિશુદ્ધ ભાવલેશ્યા છે. કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા, તે ત્રણ અવિશુદ્ધ લેશ્યા છે. ભાવલેશ્યા આત્મપરિણામ રૂપ હોવાથી અરૂપી છે.

આ રીતે દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યા સાપેક્ષ છે. દ્રવ્યલેશ્યા પ્રમાણે આત્મપરિણામો થાય અને આત્મપરિણામો પ્રમાણે દ્રવ્યલેશ્યા યોગ્ય પુદ્ગલોનું ગ્રહણ થાય છે.

લેશ્યાનું સ્વરૂપ સમજ્યા પછી પ્રશ્ન થાય કે (૧) દ્રવ્ય લેશ્યા કર્મવર્ગણારૂપ છે ? (૨) કર્મ નિષ્યંદ રૂપ છે કે (૩) યોગના પરિણામ રૂપ છે ? ઇત્યાદિ પ્રશ્નોનું સમાધાન આ પ્રમાણે છે કે– લેશ્યા કર્મના નિષ્યંદ રૂપ કે કર્મવર્ગણા રૂપ નથી. કારણ કે સયોગી કેવળી ગુણસ્થાને ઘાતિકર્મનો અભાવ હોવા છતાં પરમ શુક્લલેશ્યાનો સદ્ભાવ છે. તેમજ અયોગી કેવળી ગુણસ્થાનમાં અઘાતિકર્મનો સદ્ભાવ હોવા છતાં લેશ્યાનો અભાવ છે. આ રીતે લેશ્યાને કર્મરૂપ માની શકાય નહીં. લેશ્યા કર્મરૂપ નથી તેથી કર્મ નિષ્યંદ(પ્રવાહ) રૂપ પણ નથી. પરિશેષ ન્યાયથી લેશ્યા યોગ પરિણામ રૂપ છે. યોગ સાથે લેશ્યાનો અન્વય અને વ્યતિરેક સંબંધ છે, જ્યાં લેશ્યા છે ત્યાં યોગ છે જ્યાં યોગ નથી ત્યાં લેશ્યા પણ નથી.

લેશ્યા યોગના પરિણામ રૂપ હોવા છતાં જ્યાં સુધી કષાયનો ઉદય હોય ત્યાં સુધી તે કષાયને ઉદ્દીપ્ત કરે છે. જેમ કે પિત્તના પ્રકોપથી ક્રોધ વધે છે. કષાયના ઉદયમાં લેશ્યાના પરિણામો કષાય રૂપ બની જાય છે. કર્મોનો સ્થિતિબંધ અને અનુભાગબંધ કષાય આધારિત છે તથા પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગ આધારિત છે. લેશ્યા યોગના પરિણામ રૂપ હોવા છતાં કષાયના ઉદયમાં કષાય રૂપ બનીને કષાયની તીવ્રતા-મંદતામાં નિમિત્ત બને છે, તેથી તે અનુભાગ બંધમાં નિમિત્ત બને છે. આ રીતે આત્મા અને કર્મના જોડાણમાં લેશ્યા મુખ્ય કારણરૂપ છે. લેશ્યા પરિણામથી જ કર્મવર્ગણાનું આત્મા સાથે જોડાણ થાય છે.

**નૈરયિકોમાં સમાહારાદિ :-**

**२ णेरइया णं भंते ! सव्वे समाहारा सव्वे समसरीरा सव्वे समुस्सासणिस्सासा ? गोयमा! णो इणट्ठे समट्ठे । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ णेरइया णो सव्वे समाहारा** *जाव* **णो सव्वे समुस्सासणिस्सासा ?**

**गोयमा ! णेरइया दुविहा पण्णत्ता, तं जहा- महासरीरा य अप्पसरीरा य । तत्थ णं जे ते महासरीरा ते णं बहुतराए पोग्गले आहारेंति, बहुतराए पोग्गले परिणामेंति, बहुतराए पोग्गले उस्ससंति, बहुतराए पोग्गले णीससंति, अभिक्खणं आहारेंति, अभिक्खणं परिणामेंति अभिक्खणं उस्ससंति, अभिक्खणं णीससंति । तत्थ णं जे ते अप्पसरीरा ते णं अप्पतराए पोग्गले आहारेंति अप्पतराए पोग्गले परिणामेंति, अप्पतराए पोग्गले उस्ससंति, अप्पतराए पोग्गले णीससंति, आहच्च आहारेंति, आहच्च परिणामेंति, आहच्च उस्ससंति, आहच्च णीससंति, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- णेरइया णो सव्वे समाहारा णो सव्वे समसरीरा णो सव्वे समुस्सासणीसासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બધા નારકીઓ સમાન આહારવાળા, સમાન શરીરવાળા તથા સમાન શ્વાસોશ્વાસવાળા છે. ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શકય નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે બધા નારકી સમાન આહારવાળા ***યાવત્*** સમાન શ્વાસોશ્વાસવાળા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! નારકીના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– મહાશરીરવાળા અને અલ્પશરીર-વાળા. તેમાંથી મહાશરીરવાળા નારકી ઘણા પુદ્ગલોનો આહાર કરે છે, ઘણા પુદ્ગલોને પરિણમાવે છે, ઘણા પુદ્ગલોને ઉશ્વાસરૂપે ગ્રહણ કરે છે, ઘણા પુદ્ગલોને નિઃશ્વાસરૂપે મૂકે છે. તેઓ વારંવાર આહાર કરે છે, વારંવાર પરિણમાવે છે, વારંવાર ઉશ્વાસરૂપે પુદ્ગલોને ગ્રહણ કરે છે અને વારંવાર નિઃશ્વાસરૂપે મૂકે

છે. અલ્પશરીરવાળા નારકીઓ અલ્પ પુદ્ગલોનો આહાર કરે છે, અલ્પ પુદ્ગલોને પરિણમાવે છે, અલ્પ પુદ્ગલોને ઉચ્છ્વાસરૂપે ગ્રહણ કરે છે અને અલ્પ પુદ્ગલોને નિઃશ્વાસરૂપે મૂકે છે. તેઓ કદાચિત્ આહાર કરે છે, કદાચિત્ પુદ્ગલોને પરિણમાવે છે, કદાચિત્ ઉચ્છ્વાસ લે છે તથા કદાચિત્ નિઃશ્વાસ મૂકે છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે બધા નૈરયિકો સમાન આહારવાળા, સમાન શરીરવાળા અને કે સમાન ઉચ્છ્વાસ-નિઃશ્વાસવાળા નથી.

**३ णेरइया णं भंते सव्वे समकम्मा ? गोयमा ! णो इणट्ठे समट्ठे । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ णेरइया णो सव्वे समकम्मा ?**

**गोयमा ! णेरइया दुविहा पण्णत्ता, तं जहा- पुव्वोववण्णगा य पच्छोववण्णगा य। तत्थ णं जे ते पुव्वोववण्णगा ते णं अप्पकम्मतरागा । तत्थ णं जे ते पच्छोववण्णगा ते णं महाकम्मतरागा। से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- णेरइया णो सव्वे समकम्मा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બધા નારકીઓ શું સમાન કર્મવાળા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે બધા નારકીઓ સમાન કર્મવાળા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! નારકીના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પૂર્વોત્પન્નક–પહેલા ઉત્પન્ન થયેલા અને પશ્ચાદુત્પન્નક–પછી ઉત્પન્ન થયેલા. તેમાં જે પૂર્વોત્પન્નક છે તે અલ્પકર્મવાળા અને પશ્ચાદુત્પન્નક તેઓ મહાકર્મવાળા છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે બધા નારકીઓ સમાન કર્મવાળા હોતા નથી.

**४ णेरइया णं भंते ! सव्वे समवण्णा ? गोयमा ! णो इणट्ठे समट्ठे । से केणट्ठेणं भंते! एवं वुच्चइ णेरइया णो सव्वे समवण्णा ?**

**गोयमा ! णेरइया दुविहा पण्णत्ता, तं जहा- पुव्वोववण्णगा य पच्छोववण्णगा य। तत्थ णं जे ते पुव्वोववण्णगा ते णं विसुद्धवण्णतरागा । तत्थ णं जे ते पच्छोववण्णगा ते णं अविसुद्धवण्णतरागा, से एएणट्ठेणं गोयमा ! एवं वुच्चइ णेरइया णो सव्वे समवण्णा।**

**एवं जहेव वण्णेण भणिया तहेव लेस्सासु वि विसुद्धलेस्सतरागा अविसुद्धलेस्सतरागा य भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બધા નારકીઓ સમાન વર્ણવાળા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે બધા નારકીઓ સમાન વર્ણવાળા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! નારકીના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પૂર્વોત્પન્નક અને પશ્ચાદુત્પન્નક. તેમાં પૂર્વોત્પન્નક વિશુદ્ધ વર્ણવાળા અને પશ્ચાદુત્પન્નક અવિશુદ્ધ વર્ણવાળા હોય છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે બધા નારકીઓ સમાન વર્ણવાળા નથી.

જે રીતે વર્ણની અપેક્ષાએ નારકીઓને વિશુદ્ધ અને અવિશુદ્ધ કહ્યા છે, તે જ રીતે લેશ્યાની અપેક્ષાએ પણ નારકીઓને વિશુદ્ધ અને અવિશુદ્ધ કહેવા જોઈએ.

**५ णेरइया णं भंते ! सव्वे समवेयणा ? गोयमा ! णो इणट्ठे समट्ठे । से केणट्ठेणं भंते! एवं वुच्चइ णेरइया णो सव्वे समवेयणा ?**

**गोयमा ! णेरइया दुविहा पण्णत्ता, तं जहा- सण्णिभूया य असण्णिभूया य । तत्थ णं जे ते सण्णिभूया ते णं महावेयणतरागा । तत्थ णं जे ते असण्णिभूया ते णं अप्पवेयणतरागा, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ णेरइया णो सव्वे समवेयणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બધા નારકીઓ સમાન વેદનાવાળા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે બધા નારકીઓ સમાન વેદનાવાળા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! નારકીના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત. સંજ્ઞીભૂત નારકીઓ મહાન વેદનાવાળા અને અસંજ્ઞીભૂત નારકીઓ અલ્પવેદનાવાળા હોય છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે બધા નારકીઓ સમાન વેદનાવાળા નથી.

**६ णेरइया णं भंते ! सव्वे समकिरिया ? गोयमा ! णो इणट्ठे समट्ठे । से केणट्ठेणं भंते! एवं वुच्चइ णेरइया णो सव्वे समकिरिया ?**

**गोयमा ! णेरइया तिविहा पण्णत्ता, तं जहा- सम्मदिट्ठी मिच्छद्दिट्ठी सम्मामिच्छद्दिट्ठी। तत्थ णं जे ते सम्मद्दिट्ठी तेसि णं चतारि किरियाओ कज्जंति, तं जहा- आरंभिया, परिग्गहिया, मायावत्तिया, अपच्चक्खाणकिरिया, तत्थ णं जे ते मिच्छद्दिट्ठी जे य सम्मामिच्छद्दिट्ठी तेसिं णिययाओ पंच किरियाओ कज्जंति, तं जहा- आरंभिया परिग्गहिया मायावत्तिया अपच्चक्खाण किरिया मिच्छादंसणवत्तिया, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ णेरइया णो सव्वे समकिरिया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બધા નારકીઓ સમાન ક્રિયાવાળા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે બધા નારકીઓ સમાન ક્રિયાવાળા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! નારકીના ત્રણ પ્રકાર છે– સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદષ્ટિ અને સમ્યગ્મિથ્યાદષ્ટિ. તેમાં સમ્યગ્દૃષ્ટિને (૧) આરંભિકી (૨) પારિગ્રહિકી (૩) માયાપ્રત્યયા અને (૪) અપ્રત્યાખ્યાન ક્રિયા, આ ચાર ક્રિયાઓ છે. મિથ્યાદષ્ટિ અને મિશ્રદષ્ટિ નૈરયિકને નિશ્ચયથી (૧) આરંભિકી (૨) પારિગ્રહિકી (૩) માયાપ્રત્યયા (૪) અપ્રત્યાખ્યાન ક્રિયા અને (૫) મિથ્યાદર્શનપ્રત્યયા; આ પાંચ ક્રિયાઓ હોય છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે બધા નારકીઓ સમાન ક્રિયાવાળા નથી.

**૭ णेरइया णं भंते ! सव्वे समाउया ? गोयमा ! णो इणट्ठे समट्ठे । से केणट्ठेणं भंते! एवं वुच्चइ ? गोयमा ! णेरइया चउव्विहा पण्णत्ता, तं जहा- अत्थेगइया समाउया समोववण्णगा, अत्थेगइया समाउया विसमोववण्णगा, अत्थेगइया विसमाउया समोववण्णगा, अत्थेगइया विसमाउया विसमोववण्णगा, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ णेरइया णो सव्वे समाउया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બધા નારકી શું સમાન આયુષ્યવાળા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે બધા નારકીઓ સમાન આયુષ્યવાળા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! નારકીના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) કેટલાક નારકી સમાન

આયુષ્યવાળા અને એક સાથે ઉત્પન્ન થયેલા હોય છે, (૨) કેટલાક સમાન આયુવાળા, પરંતુ વિષમ ઉત્પત્તિવાળા અર્થાત્ આગળ-પાછળ ઉત્પન્ન થયેલા હોય છે, (૩) કેટલાક વિષમ આયુષ્યવાળા અને એકસાથે ઉત્પન્ન થયેલા હોય છે, તથા (૪) કેટલાક વિષમ આયુવાળા અને વિષમ ઉત્પત્તિવાળા હોય છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે બધા નારકી સમાન આયુવાળા નથી.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં નૈરયિકોમાં આહાર આદિ સાત દ્વારથી સમાનતા-અસમાનતાની વિચારણા છે.

**આહાર, શરીર, શ્વાસોશ્વાસ :–** આ ત્રણે જીવનના અનિવાર્ય અંગ છે. આહારનો સંબંધ શરીર સાથે છે. સર્વ જીવોનું શરીર સમાન નથી. પ્રાયઃ જેનું શરીર મોટું, તેનો આહાર વધુ અને જેનું શરીર નાનું તેનો આહાર અલ્પ હોય છે. જેમ હાથી કરતા સસલાનો આહાર અલ્પ હોય છે, તેમ પ્રથમ નરકના નારકી કરતા સાતમી નરકના નારકીનું શરીર મોટું છે. તેથી તેની આહારની માત્રા પણ અધિક હોય છે અને તે શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલ પણ વધુ ગ્રહણ કરે છે અને છોડે છે.

**કર્મ, વર્ણ, લેશ્યા :–** આ ત્રણે જીવનના આંતરિક પક્ષથી સંબંધિત છે. સર્વ જીવોના પૂર્વકૃત કર્મો અનુસાર તેના કર્મ, વર્ણ અને લેશ્યામાં ભિન્નતા હોય છે. પૂર્વોત્પન્નક– પહેલાં ઉત્પન્ન થયેલા નૈરયિકનું આયુષ્ય તથા અશુભકર્મોનું વેદન થઈ ગયું હોય છે; તેથી તે અલ્પકર્મી અને પશ્ચાદુત્પન્નક– પાછળથી ઉત્પન્ન થયેલા નૈરયિકોને ઘણા અશુભકર્મો ભોગવવાના શેષ હોય છે, તેથી તે મહાકર્મી છે. વર્ણ અને લેશ્યા માટે પણ તે જ નિયમ છે. પૂર્વોત્પન્નક– નૈરયિકના કર્મ અલ્પ હોવાથી તેનો વર્ણ અને લેશ્યા વિશુદ્ધ થઈ જાય છે અને પશ્ચાદુપપન્નક નૈરયિકના કર્મ અધિક હોવાથી તેના વર્ણ અને લેશ્યા અવિશુદ્ધ હોય છે.

**વેદના :–** પ્રસ્તુત પ્રસંગમાં વેદના શબ્દની શાતા અને અશાતા બંને પ્રકારની વેદનાનું ગ્રહણ થાય છે. નૈરયિકોને પ્રાયઃ અશાતા વેદના જ હોય છે.

અહીં નારકીના બે ભેદ કર્યા છે– સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત. સંજ્ઞીભૂતના ચાર અર્થ થાય છે– (૧) સમ્યગ્દર્શની જીવને સંજ્ઞી અને મિથ્યાત્વીને અસંજ્ઞી કહે છે. (૨) વર્તમાનમાં જે નારકી સંજ્ઞી છે તે સંજ્ઞીભૂત અને જે અસંજ્ઞી છે(અપર્યાપ્તાવસ્થામાં) તે અસંજ્ઞીભૂત. (૩) જે નારકી પૂર્વભવમાં સંજ્ઞી પંચેન્દ્રિય હોય તે સંજ્ઞીભૂત અને જે પૂર્વભવમાં અસંજ્ઞી પંચેન્દ્રિય હોય તે અસંજ્ઞીભૂત કહેવાય છે. (૪) સંજ્ઞીભૂતનો અર્થ પર્યાપ્ત અને અસંજ્ઞીભૂતનો અર્થ અપર્યાપ્ત થાય છે.

ઉક્ત સર્વ અર્થની અપેક્ષાએ વિચારતાં સ્પષ્ટ થાય છે કે સંજ્ઞીભૂત નારકને તીવ્રવેદના અને અસંજ્ઞીભૂતને અલ્પવેદના હોય છે. સમ્યગ્દર્શની જીવને પૂર્વકૃત પાપના પશ્ચાત્તાપથી માનસિક વેદના અધિક હોય છે. સંજ્ઞીભૂતનો અર્થ સંજ્ઞી પંચેન્દ્રિય લઈએ તોપણ તે તીવ્ર અશુભ પરિણામથી સાતમી નરક સુધી જઈ મહાવેદના ભોગવે છે જ્યારે અસંજ્ઞી પંચેન્દ્રિય પ્રથમ નરક સુધી જ જાય છે, તેથી તેને અલ્પવેદના હોય છે. સંજ્ઞીભૂતનો અર્થ પર્યાપ્ત લઈએ તોપણ પર્યાપ્ત જીવને મહાવેદના અને અપર્યાપ્તાને અલ્પવેદના હોય છે.

**ક્રિયા :–** કર્મબંધનની હેતુભૂત પ્રવૃત્તિને ક્રિયા કહે છે. અહીં તેના પાંચ ભેદ ગ્રહણ થાય છે.

(૧) આરંભિકી– છકાય જીવના આરંભ-સમારંભજન્ય ક્રિયા.
(૨) પારિગ્રહિકી– મૂર્ચ્છા-આસક્તિ ભાવજન્ય ક્રિયા.

(૩) માયા પ્રત્યયિકી– માયા, કપટ અને ઉપલક્ષણથી ક્રોધ, માન, માયા અને લોભજન્ય ક્રિયા.
(૪) અપ્રત્યાખ્યાનિકી– અવિરતિ ભાવજન્ય ક્રિયા.
(૫) મિથ્યાદર્શનપ્રત્યયિકી– મિથ્યાત્વજન્ય ક્રિયા.

નારકીના ત્રણ ભેદ છે– સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ અને મિશ્રદષ્ટિ. તેમાં સમ્યગ્દષ્ટિ નૈરયિકોને પ્રથમની ચાર ક્રિયા અને મિથ્યાદષ્ટિ અને મિશ્રદષ્ટિ જીવોને પાંચે ક્રિયા લાગે છે.

**ભવનપતિ દેવોમાં સમાહારાદિ :–**

**૮ असुरकुमारा णं भंते ! सव्वे समाहारा, सव्वे समसरीरा, सव्वे समुस्सासणिस्सासा? गोयमा ! णो इणट्ठे समट्ठे, जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બધા અસુરકુમાર દેવો સમાન આહારવાળા, સમાન શરીરવાળા તથા સમાન શ્વાસોશ્વાસવાળા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી. શેષ કથન નૈરયિકોની સમાન જાણવું જોઈએ.

**૯ असुरकुमारा णं भंते ! सव्वे समकम्मा ? गोयमा ! णो इणट्ठे समट्ठे । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! असुरकुमारा दुविहा पण्णत्ता, तं जहा- पुव्वोववण्णगा य पच्छोववण्णगा य । तत्थ णं जे ते पुव्वोववण्णगा ते णं महाकम्मतरागा, तत्थ णं जे ते पच्छोववण्णगा ते णं अप्पकम्मतरागा; से एएणट्ठेणं गोयमा ! एवं वुच्चइ असुरकुमारा णो सव्वे समकम्मा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બધા અસુરકુમાર દેવો સમાન કર્મવાળા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે બધા અસુરકુમાર દેવો સમાન કર્મવાળા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમાર દેવોના બે પ્રકાર છે, યથા– પૂર્વોત્પન્નક અને પશ્ચાદુત્પન્નક. તેમાં પૂર્વોત્પન્ન દેવો મહાકર્મવાળા અને પશ્ચાદુત્પન્નક અલ્પતર કર્મવાળા છે, તેથી હે ગૌતમ! એ પ્રમાણે કહ્યું છે કે બધા અસુરકુમાર દેવો સમાન કર્મવાળા નથી.

**૧૦ असुरकुमाराणं भंते ! सव्वे समवण्णा ? गोयमा ! णो इणट्ठे समट्ठे । सेसं जहा णेरइया । णवरं- तत्थ णं जे ते पुव्वोववण्णगा ते णं अविसुद्धवण्णतरागा, तत्थ णं जे ते पच्छोववण्णगा ते णं विसुद्धवण्णतरागा ।**

**से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ असुरकुमारा सव्वे णो समवण्णा । एवं लेस्साए वि । वेयणाए जहा णेरइया । अवसेसं जहा णेरइयाणं । एवं** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બધા અસુરકુમાર દેવો સમાન વર્ણવાળા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી. શેષ કથન નૈરયિક પ્રમાણે જાણવું. વિશેષમાં– બે પ્રકારના અસુરકુમારોમાં પૂર્વોત્પન્નક અવિશુદ્ધતર વર્ણવાળા છે અને પશ્ચાદુત્પન્નક વિશુદ્ધતર વર્ણવાળા હોય છે.

તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે બધા અસુરકુમાર દેવો સમાન વર્ણવાળા નથી. આ જ રીતે તે જીવોની લેશ્યાના વિષયમાં જાણવું. અસુરકુમારોનું વેદના વિષયક કથન નૈરયિકોની વેદનાની સમાન

જાણવું જોઈએ. અસુરકુમારોની ક્રિયા અને આયુષ્યના વિષયમાં શેષ સમસ્ત નિરૂપણ નૈરયિકોની સમાન જાણવું જોઈએ. આ જ રીતે નાગકુમારોથી લઈ ***યાવત્*** સ્તનિતકુમારો સુધીનું નિરૂપણ પણ જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અસુરકુમારાદિ દશ પ્રકારના ભવનપતિ દેવોમાં આહારાદિની સમાનતા-અસમાનતાનું નિરૂપણ છે.

**આહાર, શરીર, શ્વાસોશ્વાસ :–** અસુરકુમારના શરીરની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સાત હાથની, ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના જઘન્ય અંગુલનો સંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ લાખ યોજનની છે. સાત હાથથી ન્યૂન અવગાહના ઉત્પત્તિના અંતર્મુહૂર્તમાં જ હોય છે. નારકોની જેમ દેવોમાં પણ નાના-મોટા શરીરની ભિન્નતાના આધારે તેના આહાર અને શ્વાસોશ્વાસમાં તરતમતા રહે છે. મહાશરીરીનો અધિક આહાર અને અલ્પશરીરીનો અલ્પ આહાર હોય છે. તે પણ રોમાહાર અને મનોભક્ષી બંને પ્રકારના આહારમાં ઘટિત થઈ જાય છે.

**કર્મ, વર્ણ, લેશ્યા :–** અસુરકુમાર દેવોના કર્મ, વર્ણ, લેશ્યાના વિષયમાં નૈરયિકોથી વિપરીત નિયમ હોય છે. પૂર્વોત્પન્ન દેવ મહાકર્મી, અવિશુદ્ધ વર્ણ અને અવિશુદ્ધ લેશ્યાવાળા હોય છે. દેવો ભોગવૃત્તિના કારણે તેમજ કેટલાક દેવો નારકી જીવોને ત્રાસ આપવાના કારણે અધિક કર્મબંધ કરે છે. દેવોને કર્મબંધના નિમિત્ત અધિક છે અને નિર્જરાના નિમિત્ત અલ્પ છે. તેથી પૂર્વોત્પન્ન દેવો મહાકર્મી છે. તેમજ પૂર્વોત્પન્ન જે દેવે તિર્યંચનું આયુષ્ય બાંધ્યુ હોય તે પણ મહાકર્મી હોય છે. વર્ણ અને લેશ્યાનો સંબંધ કર્મ સાથે છે. જે મહાકર્મી હોય તે અવિશુદ્ધ વર્ણ અને અવિશુદ્ધ લેશ્યાવાળા હોય છે. આ રીતે પૂર્વોત્પન્ન દેવો મહાકર્મી, અવિશુદ્ધ વર્ણ અને અવિશુદ્ધ લેશ્યાવાળા હોય છે તથા પશ્ચાદુત્પન્નક દેવો અપેક્ષાએ અલ્પકર્મી, વિશુદ્ધ વર્ણ અને વિશુદ્ધ લેશ્યાવાળા હોય છે. શેષ કથન નૈરયિકોની સમાન સમજવું જોઈએ.

**સ્થાવરો અને વિકલેન્દ્રિયોમાં સમાહારાદિ :–**

**૧૧** **पुढविक्काइया आहार-कम्म-वण्ण-लेस्साहिं जहा णेरइया ।**

**ભાવાર્થ :–** પૃથ્વીકાયિકોના આહાર, કર્મ, વર્ણ અને લેશ્યાની સમાનતા-અસમાનતા વિષયક કથન નારકીઓની સમાન જાણવું.

**૧૨** **पुढविक्काइया णं भंते ! सव्वे समवेयणा ? हंता गोयमा ! सव्वे समवेयणा । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? गोयमा ! पुढविक्काइया सव्वे असण्णी असण्णीभूयं अणिदाए वेयणं वेदेंति । से तेणट्ठेणं गोयमा ! पुढविक्काइया सव्वे समवेयणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બધા પૃથ્વીકાયિક જીવો સમાન વેદનાવાળા છે ? **ઉત્તર–** હા ગૌતમ! બધા સમાન વેદનાવાળા છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બધા પૃથ્વીકાયિક જીવો અસંજ્ઞી છે. તેઓ અસંજ્ઞીભૂત અને અનિદા–અવ્યક્ત રૂપે એક સમાન વેદનાનો અનુભવ કરે છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે બધા પૃથ્વીકાયિક સમવેદનાવાળા છે.

**१३ पुढविक्काइयाणं भंते ! सव्वे समकिरिया ? हंता गोयमा ! पुढविक्काइया सव्वे समकिरिया । से केणट्ठेणं भंते एवं वुच्चइ ?**

**गोयमा ! पुढविक्काइया सव्वे माईमिच्छद्दिट्ठी, तेसिं णेयइयाओ पंच किरियाओ कज्जंति, तं जहा- आरंभिया, परिग्गहिया, मायावत्तिया, अपच्चक्खाणकिरिया, मिच्छादंसणवत्तिया । एवं *जाव* चउरिंदिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બધા પૃથ્વીકાયિક જીવો સમાન ક્રિયાવાળા છે ? **ઉત્તર–** હા ગૌતમ ! બધા પૃથ્વીકાયિક જીવો સમાન ક્રિયાવાળા છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બધા પૃથ્વીકાયિક જીવો મિથ્યાદષ્ટિ છે, તેઓને નિશ્ચિતરૂપે પાંચ ક્રિયાઓ હોય છે. જેમકે – (૧) આરંભિકી (૨) પારિગ્રહિકી (૩) માયાપ્રત્યયા (૪) અપ્રત્યાખ્યાનક્રિયા અને (૫) મિથ્યાદર્શનપ્રત્યયા. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે બધા પૃથ્વીકાયિક જીવો સમાન ક્રિયાવાળા છે.

પૃથ્વીકાયિકોની જેમ અપ્કાયિકથી લઈને ચૌરેન્દ્રિય સુધીની સંપૂર્ણ વક્તવ્યતા (આહારાદિથી લઈને ક્રિયા પર્યંત) જાણવી જોઈએ.

**વિવેચન :–**

પૃથ્વીકાય આદિ ચાર સ્થાવરની અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. અંગુલના અસંખ્યાતમા ભાગમાં પણ અસંખ્ય ભેદ છે. આ સૂત્રના પાંચમા પદમાં કહ્યું છે કે એક પૃથ્વીકાયિક જીવ, બીજા પૃથ્વીકાયિક જીવથી અવગાહનાની અપેક્ષાએ ચૌઠ્ઠાણવડિયા છે, યથા– અસંખ્યાતમો ભાગહીન, સંખ્યાતમો ભાગહીન, સંખ્યાત ગુણહીન, અસંખ્યાત ગુણહીન. આ જ રીતે વૃદ્ધિના ચાર સ્થાન છે. તાત્પર્ય એ છે કે સર્વ પૃથ્વીકાયિક જીવોની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોવા છતાં તેમાં અસંખ્યાતગુણી તરતમતા છે. તેથી જ કોઈ અલ્પશરીરી, કોઈ મહાશરીરી હોય છે. તેના આધારે જ તેના આહાર અને શ્વાસોશ્વાસમાં તરતમતા છે.

**વેદના :–** પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય જીવો અસંજ્ઞી અને મિથ્યાત્વી છે. તેથી તે ઉન્મત્ત પુરુષની જેમ બેભાનપણે કષ્ટ ભોગવે છે. તે જીવો મનરહિત હોવાથી પોતાની વેદનાના કારણ વગેરે સમજી કે વિચારી શકતા નથી. તેથી તેની વેદનાને શાસ્ત્રકારે અનિદા–અનાભોગપણે, અવ્યક્ત રૂપે વેદાતી વેદના કહી છે.

**ક્રિયા :–** તે સર્વ જીવો મિથ્યાત્વી હોવાથી સમાન પાંચ ક્રિયાવાળા હોય છે.

**તિર્યંચ પંચેન્દ્રિયમાં સમાહારાદિ :–**

**१४ पंचिदियतिरिक्खजोणिया जहा णेरइया, णवरं किरियाहिं- सम्मद्दिट्ठि मिच्छद्दिट्ठी सम्मामिच्छद्दिट्ठी । तत्थ णं जे ते सम्मद्दिट्ठी ते दुविहा पण्णत्ता, तं जहा- असंजया य संजयासंजया य । तत्थ णं जे ते संजयासंजया तेसिं णं तिण्णि किरियाओ कज्जंति, तं जहा- आरंभिया परिग्गहिया मायावत्तिया । तत्थ णं जे ते असंजया तेसि णं चत्तारि किरियाओ कज्जंति, तं जहा- आरंभिया, परिग्गहिया, मायावतिया, अपच्चक्खाणकिरिया।**

**तत्थ णं जे ते मिच्छद्दिट्ठी जे य सम्मामिच्छद्दिट्ठी तेसिं णं णेयइयाओ पंच किरियाओ कज्जंति, तं जहा- आरंभिया, परिग्गहिया, मायावत्तिया, अपच्चक्खाणकिरिया, मिच्छादंसण- वत्तिया, सेसं तं चेव ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચ-યોનિકોનું આહારાદિ સપ્તદ્વાર વિષયક કથન નૈરયિકોની સમાન જાણવું જોઈએ. તિર્યંચ પંચેન્દ્રિયોને નૈરયિક કરતાં ક્રિયાઓમાં વિશેષતા છે કે ક્રિયાઓમાં પંચેન્દ્રિય તિર્યંચોના ત્રણ પ્રકાર છે– સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ અને મિશ્રદષ્ટિ. તેમાં સમ્યગ્દષ્ટિના બે પ્રકાર છે– અસંયત અને સંયતાસંયત. તેમાં સંયતાસંયતને આરંભિકી, પારિગ્રહિકી અને માયાપ્રત્યયા; આ ત્રણ ક્રિયા લાગે છે. અસંયતને (૧) આરંભિકી, (૨) પારિગ્રહિકી, (૩) માયા પ્રત્યયા અને (૪) અપ્રત્યાખ્યાન ક્રિયા; આ ચાર ક્રિયા લાગે છે. મિથ્યાદષ્ટિ અને મિશ્રદષ્ટિવાળા જીવોને નિશ્ચિતરૂપે (૧) આરંભિકી, (૨) પારિગ્રહિકી, (૩) માયાપ્રત્યયા, (૪) અપ્રત્યાખ્યાનક્રિયા અને (૫) મિથ્યાદર્શનપ્રત્યયા; આ પાંચ ક્રિયાઓ લાગે છે. શેષ સમસ્ત વર્ણન પૂર્વવત્ જાણવું.

**વિવેચન :–**

તિર્યંચ પંચેન્દ્રિયમાં સમાહારાદિનું કથન નૈરયિકોની સમાન છે. ક્રિયામાં ભિન્નતા છે તે સૂત્રપાઠથી સ્પષ્ટ છે.

**મનુષ્યોમાં સમાહારાદિ :–**

**१५ मणूसाणं भंते ! सव्वे समाहारा ? गोयमा ! णो इणट्ठे समट्ठे । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? गोयमा ! मणूसा दुविहा पण्णत्ता, तं जहा- महासरीरा य अप्पसरीरा य । तत्थ णं जे ते महासरीरा ते णं बहुतराए पोग्गले आहारेंति** *जाव* **बहुतराए पोग्गले णीससंति, आहच्च आहारेंति** *जाव* **आहच्च णीससंति । तत्थ णं जे ते अप्पसरीरा ते णं अप्पतराए पोग्गले आहारेंति** *जाव* **अप्पतराए पोग्गले णीससंति, अभिक्खणं आहारेंति** *जाव* **अभिक्खणं णीससंति, तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ मणूसा णो सव्वे समाहारा ।**

**सेसं जहा णेरइयाणं, णवरं किरियाहिं मणुसा तिविहा पण्णत्ता, तं जहा- सम्मद्दिट्ठी मिच्छद्दिट्ठी सम्मामिच्छद्दिट्ठी। तत्थ णं जे ते सम्मद्दिट्ठी ते तिविहा पण्णत्ता, तं जहा- संजया, असंजया, संजयासंजया । तत्थ णं जे ते संजया ते दुविहा पण्णत्ता, तं जहा- सरागसंजया य वीयरागसंजया य, तत्थ णं जे ते वीयरागसंजया ते णं अकिरिया । तत्थ णं जे ते सरागसंजया ते दुविहा पण्णत्ता, तं जहा- पमत्तसंजया य अपमत्तसंजया । तत्थ णं जे ते अपमत्तसंजया तेसिं एगा मायावत्तिया किरिया कज्जइ, तत्थ णं जे ते पमत्तसंजया तेसिं दो किरियाओ कज्जइ, तं जहा- आरंभिया मायावत्तिया । तत्थ णं जे ते संजयासंजया तेसिं तिण्णि किरियाओ कज्जंति, तं जहा- आरंभिया, परिग्गहिया, मायावत्तिया, तत्थ णं ते असंजया तेसिं चत्तारि किरियाओ कज्जंति, तं जहा- आरंभिया, परिग्गहिया, मायावत्तिया अपच्चक्खाणकिरिया। तत्थ णं जे ते मिच्छद्दिट्ठी जे य सम्मामिच्छद्दिट्ठी,**

**तेसिं पंच किरियाओ कज्जंति, तं जहा- आरंभिया, परिग्गहिया, मायावत्तिया, अपच्चक्खाणकिरिया, मिच्छादंसणवत्तिया । सेसं जहा णेरइयाणं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બધા મનુષ્યો સમાન આહારવાળા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે બધા મનુષ્યો સમાન આહારવાળા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! મનુષ્યોના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– મહાશરીરવાળા અને અલ્પ (નાના)શરીરવાળા. તેમાં મહાશરીરવાળા ઘણા પુદ્‌ગલોનો આહાર કરે છે ***યાવત્*** ઘણા પુદ્‌ગલોનું પરિણમન કરે છે ***યાવત્*** ઘણા પુદ્‌ગલોને નિઃશ્વાસરૂપે મૂકે છે, તેઓ કદાચિત આહાર કરે છે ***યાવત્*** કદાચિત નિઃશ્વાસ મૂકે છે અને જે અલ્પ શરીરવાળા છે તે અલ્પતર પુદ્‌ગલોનો આહાર કરે છે ***યાવત્*** અલ્પતર પુદ્‌ગલોનો નિઃશ્વાસ મૂકે છે, વારંવાર આહાર લે છે ***યાવત્*** વારંવાર નિઃશ્વાસ છોડે છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે બધા મનુષ્યો સમાન આહારવાળા નથી.

શેષ વેદના સુધીનું સમસ્ત વર્ણન નૈરયિકોની સમાન જાણવું જોઈએ. પરંતુ ક્રિયામાં નારકીઓ કરતાં આ પ્રમાણે વિશેષતા છે– ક્રિયાની અપેક્ષાએ મનુષ્યોના ત્રણ પ્રકાર છે, જેમ કે સમ્યગ્‌દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્ર દૃષ્ટિ. તેમાંથી સમ્યગ્‌દૃષ્ટિના ત્રણ પ્રકાર છે, જેમ કે સંયત, અસંયત અને સંયતાસંયત. તેમાંથી સંયતના બે પ્રકાર છે– સરાગ સંયત અને વીતરાગ સંયત. તેમાં વીતરાગ સંયત અક્રિય (ક્રિયા રહિત) છે.

સરાગ સંયતના બે પ્રકાર છે– પ્રમત્તસંયત અને અપ્રમત્ત સંયત. અપ્રમત્તસંયતને માયાપ્રત્યયા આ એક જ ક્રિયા હોય છે. પ્રમત્તસંયતને આરંભિકી અને માયાપ્રત્યયા આ બે ક્રિયાઓ હોય છે. સંયતાસંયતને **૧.** આરંભિકી, **૨.** પારિગ્રહિકી, **૩.** માયાપ્રત્યયા; આ ત્રણ ક્રિયા છે. અસંયતને **૧.** આરંભિકી, **૨.** પારિગ્રહિકી, **૩.** માયાપ્રત્યયા અને **૪.** અપ્રત્યાખ્યાન ક્રિયા; આ ચાર ક્રિયા હોય છે અને મિથ્યાદૃષ્ટિ અથવા મિશ્રદૃષ્ટિ મનુષ્યોને નિશ્ચિતરૂપે **૧.** આરંભિકી, **૨.** પારિગ્રહિકી, **૩.** માયા પ્રત્યયા, **૪.** અપ્રત્યાખ્યાન ક્રિયા અને **૫.** મિથ્યાદર્શન પ્રત્યયા; આ પાંચ ક્રિયાઓ હોય છે. શેષ સમસ્ત વર્ણન નૈરયિકોની સમાન જાણવું જોઈએ.

**વિવેચન :–**

મનુષ્યમાં સમાહારાદિનું કથન નૈરયિકોની સમાન જાણવું. તેમ છતાં મનુષ્યોના સમાહારાદિમાં વિશેષતા છે.

**અલ્પાહારી મહાહારી :–** દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્રના મનુષ્યનું શરીર ત્રણ ગાઉનું હોય છે. તે મહાશરીરી છે અને ઘણા પુદ્‌ગલોનો આહાર કરે છે. તેમ છતાં તે ત્રણ દિવસે અને ક્ષેત્રકાલ પ્રમાણે અત્યંત સારભૂત પુદ્‌ગલોનો આહાર કરે છે. તેઓનો આહાર પોતાના શરીર પ્રમાણે હોય છે પરંતુ બોર કે આંબળા જેટલો જ આહાર કરતા હોય તેમ આગમોમાં નથી.

અલ્પશરીરી મનુષ્ય અલ્પ અને વારંવાર આહાર કરે છે. જેમ કે બાળક. તેના આહારમાં નિઃસાર પુદ્‌ગલો અધિક હોય છે તેથી તેને વારંવાર આહાર કરવો પડે છે. આ રીતે મહાશરીરીને અધિક આહાર અને અલ્પશરીરીને અલ્પ આહાર હોય છે.

**ક્રિયા : વીતરાગ સંયત :–** જેના કષાય સર્વથા ઉપશાંત અથવા ક્ષીણ થઈ ગયા હોય તેને વીતરાગ સંયત

કહે છે. તે જીવોને ત્રણે યોગની પ્રવૃત્તિ હોવા છતાં, કષાયનો અભાવ હોવાથી, તેને પૂર્વોક્ત પાંચ ક્રિયા નથી.

**સરાગસંયત :–** જેને સંજ્વલન કષાયનો ઉદય છે, તેવા ચારિત્રવાન જીવોને સરાગસંયત કહે છે. તેમાં અપ્રમત્તસંયતને કષાયજન્ય એક માયાવત્તિયા ક્રિયા અને પ્રમત્ત સંયતને આરંભિયા અને માયાવત્તિયા બે ક્રિયા હોય છે. **सर्व प्रमत्तयोग आरम्भः** । સર્વ પ્રમત્ત યોગ આરંભરૂપ છે. તેથી સર્વ પાપથી વિરત હોવા છતાં પ્રમત્ત સંયતને આરંભિયા ક્રિયા હોય છે.

**સંયતાસંયત :–** શ્રાવકને ત્રણ ક્રિયા હોય છે. કારણ કે તે એક દેશથી પાપથી વિરામ પામ્યા છે. તે ઉપરાંત તેના આત્મપરિણામો વિરતિના જ છે. તેથી તેને અપ્રત્યાખ્યાની ક્રિયા હોતી નથી.

**અસંયત :–** જે પાપક્રિયાથી નિવૃત્ત થયા નથી તેને અસંયત કહે છે. તે સમકિતી હોવાથી મિથ્યાદર્શન–પ્રત્યયિકી ક્રિયાને છોડીને શેષ ચાર ક્રિયા તેને હોય છે.

**મિથ્યાત્વી :–** તે જીવોને પાંચે ક્રિયા હોય છે– (૧) આરંભિકી (૨) પારિગ્રહિકી (૩) માયા પ્રત્યયા (૪) અપ્રત્યાખ્યાની (૫) મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા.

### વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોમાં સમાહારાદિ :–

**१६ वाणमंतराणं जहा असुरकुमाराणं । एवं जोइसिय-वेमाणियाण वि, णवरं ते वेयणाए दुविहा पण्णत्ता, तं जहा- माईमिच्छद्दिट्ठीउववण्णगा य अमाईसम्मद्दिट्ठीउववण्णगा य । तत्थ णं जे ते माईमिच्छद्दिट्ठीउववण्णगा ते णं अप्पवेयणतरागा । तत्थ णं जे ते अमाईसम्म- द्दिट्ठीउववण्णगा ते णं महावेयणतरागा, से एएणट्ठेणं गोयमा ! एवं वुच्चइ । सेसं तहेव।**

**ભાવાર્થ :–** વાણવ્યંતર દેવોની આહાર આદિ સંબંધી સર્વ વક્તવ્યતા અસુરકુમારોની સમાન જાણવી.

તે જ રીતે જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોના આહારાદિ વિષયમાં પણ કહેવું જોઈએ. વેદનાની અપેક્ષાએ તેઓની વેદનામાં વિશેષતા છે. જ્યોતિષી અને વૈમાનિક દેવોના બે પ્રકાર છે. તે આ પ્રમાણે છે– માયીમિથ્યાદષ્ટિ ઉત્પન્નક અને અમાયી સમ્યગ્દષ્ટિ ઉત્પન્નક. તેમાં માયી મિથ્યાદષ્ટિ ઉત્પન્નક અલ્પતર વેદનાવાળા અને અમાયીસમ્યગ્દષ્ટિ ઉત્પન્નક મહાવેદનાવાળા છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે બધા વૈમાનિક દેવો સમાન વેદનાવાળા નથી. શેષ આહાર, કર્મ, વર્ણ આદિ સંબંધી કથન અસુરકુમારોની સમાન જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોની આહારાદિ વિષયક વક્તવ્યતા અસુરકુમારોના અતિદેશપૂર્વક કહેવામાં આવી છે. તેમાં જ્યોતિષી અને વૈમાનિક દેવોની વેદનામાં વિશેષતા કહી છે.

જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં અસંજ્ઞી જીવો ઉત્પન્ન થતા નથી. તેથી સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત તેવા બે ભેદ કર્યા નથી પરંતુ માયી મિથ્યાદષ્ટિ અને અમાયી સમ્યગ્દષ્ટિ તેવા બે ભેદ કર્યા છે. તેમાં માયી મિથ્યાદષ્ટિ અલ્પવેદનાવાળા અને અમાયી સમ્યગ્દષ્ટિ(શાતા વેદનીયની અપેક્ષાએ) મહાવેદનાવાળા છે.

**૨૪ દંડકના જીવોમાં આહારાદિ દ્વાર :–**

| ક્રમ | દ્વાર | નારકી, સ્થાવર અને વિકલેન્દ્રિય | તિર્યંચ પંચેન્દ્રિય | મનુષ્ય | ભવન, વ્યંતર, જ્યોતિષ્ક વૈમાનિક દેવ |
|---|---|---|---|---|---|
| ૧ | આહાર, શ્વાસ | મોટું શરીર–અધિક<br>નાનું શરીર–અલ્પ | નારકીવત્ | મોટું શરીર–અધિક અને અલ્પવાર<br>નાનું શરીર–અલ્પ અને વારંવાર | નારકીવત્ |
| ૨ | કર્મ | પૂર્વોત્પન્ન–અલ્પકર્મ<br>પશ્ચાદુત્પન્ન–મહાકર્મ | નૈરયિકવત્ | નૈરયિકવત્ | પૂર્વોત્પન્ન–મહાકર્મ<br>પશ્ચાદુત્પન્ન–અલ્પકર્મ |
| ૩–૪ | વર્ણ–લેશ્યા | પૂર્વોત્પન્ન–વિશુદ્ધ<br>પશ્ચાદુત્પન્ન–અવિશુદ્ધ | નૈરયિકવત્ | નૈરયિકવત્ | પૂર્વોત્પન્ન–અવિશુદ્ધ<br>પશ્ચાદુત્પન્ન–વિશુદ્ધ |
| ૫ | વેદના | **નારકીમાં**<br>સંજ્ઞીભૂતને મહાવેદના<br>અસંજ્ઞીભૂતને અલ્પવેદના<br>**શેષમાં**–સમાનવેદના | નૈરયિકવત્ | નૈરયિકવત્ | ભવન., વ્યંતરમાં નારકીવત્ જ્યો., વૈમા.માં માયીમિથ્યા–દષ્ટિ–અલ્પવેદના, આમાયી સમ્યગ્દષ્ટિ–મહાવેદના |
| ૬ | ક્રિયા<br>આરંભિકી<br>પારિગ્રહિકી<br>માયાપ્રત્યયા<br>અપ્રત્યાખ્યાની<br>મિથ્યાદર્શન | સમ્યગ્દષ્ટિ–૪<br>મિથ્યાદષ્ટિ–૫<br>મિશ્રદષ્ટિ–૫ | સમ્યગ્દષ્ટિ–૪<br>દેશવિરત–૩<br>મિથ્યાદષ્ટિ–૫<br>મિશ્રદષ્ટિ–૫ | વીતરાગ–અક્રિય<br>અપ્રમત–૧<br>પ્રમત્ત–૨<br>સંયતાસંયત–૩<br>અસંયત–૪<br>મિથ્યાદષ્ટિ–૫<br>મિશ્રદષ્ટિ–૫ | સમ્યગ્દષ્ટિ–૪<br>મિથ્યાદષ્ટિ–૫<br>મિશ્રદષ્ટિ–૫ |

★ **ક્રિયા દ્વારમાં– ૧ ક્રિયા** = માયાપ્રત્યયા. **૨ ક્રિયા** = માયાપ્રત્યયા અને આરંભિકી. **૩ ક્રિયા** = માયા પ્રત્યયા, આરંભિકી અને પારિગ્રહિકી. **૪ ક્રિયા** = મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા છોડીને ચાર. **૫ ક્રિયા** = સર્વેય.

**સલેશી જીવોમાં સમાહારાદિ :–**

**૧૭ सलेस्सा णं भंते! णेरइया सव्वे समाहारा समसरीरा समुस्सासणिस्सासा ? गोयमा! जहा ओहिओ गमओ भणिओ तहा सलेस्सगमओ वि णिरवसेसो भाणियव्वो** *जाव* **वेमाणिया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું સલેશી બધા નારકીઓ સમાન આહારવાળા, સમાન શરીરવાળા અને સમાન ઉચ્છ્વાસ-નિઃશ્વાસવાળા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જેમ સમુચ્ચય નૈરયિકોનો આલાપક કહ્યો છે. તે જ રીતે સલેશી નૈરયિકોથી સલેશી વૈમાનિક દેવો સુધીના જીવોના સમાહારાદિના વિષયમાં કહેવું જોઈએ.

**કૃષ્ણલેશી નીલલેશી જીવોમાં સમાહારાદિ :–**

**૧૮ कण्हलेस्सा णं भंते ! णेरइया सव्वे समाहारा समसरीरा समुस्सासणिस्सासा ?**

**गोयमा ! जहा ओहिया, णवरं– णेरइया वेयणाए माईमिच्छद्दिट्ठिउववण्णगा य अमाइसम्मद्दिट्ठि-उववण्णगा य भाणियव्वा । सेसं तहेव जहा ओहियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણ લેશી બધા નૈરયિકો સમાન આહારવાળા, સમાન શરીર-વાળા અને સમાન ઉચ્છ્વાસ-નિઃશ્વાસવાળા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જેવી રીતે સમુચ્ચય નૈરયિકોનું કથન કર્યુ છે, તે જ રીતે કૃષ્ણલેશી નૈરયિકનું કથન પણ સમજી લેવું. વિશેષતા એ છે કે વેદનામાં માયી મિથ્યાદષ્ટિ ઉપપન્નક અને અમાયી સમ્યગ્દષ્ટિ ઉપપન્નક, આ બે પ્રકાર કહેવા જોઈએ. શેષ કર્મ, વર્ણ, લેશ્યા, ક્રિયા અને આયુષ્ય આદિનું સમસ્ત કથન સમુચ્ચય નારકીની જેમ જાણવું.

**૧૧ असुरकुमारा** *जाव* **वाणमंतरा एते जहा ओहिया, णवरं– मणूसाणं किरियाहिं विसेसो** *जाव* **तत्थ णं जे ते सम्मद्दिट्ठि ते तिविहा पण्णत्ता, तं जहा– संजया असंजया संजयासंजया य, जहा ओहियाणं । जोइसिय-वेमाणिया आइल्लिगासु तिसु लेस्सासु ण पुच्छिज्जंति । एवं जहा किण्हलेस्सा चारिया तहा णीललेस्सा वि चारियव्वा ।**

**ભાવાર્થ:–** કૃષ્ણલેશી અસુરકુમારાદિ દશ ભવનપતિ દેવો, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય અને વાણવ્યંતર દેવોમાં સમાહારાદિનું કથન સમુચ્ચય અસુરકુમારની જેમ જાણવું જોઈએ, પરંતુ મનુષ્યોની ક્રિયામાં વિશેષતા છે– જે રીતે સમુચ્ચય મનુષ્યોનું ક્રિયા વિષયક કથન કર્યું છે, તેવી જ રીતે કૃષ્ણલેશી મનુષ્યોનું કથન કરવું ***યાવત્*** 'તેઓમાં સમ્યગ્દષ્ટિના ત્રણ પ્રકાર છે, સંયત, અસંયત અને સંયતાસંયત, ઈત્યાદિ કથન પૂર્વવત જાણવું જોઈએ અર્થાત્ મનુષ્યોમાં ક્રિયા વિષયક કથનમાં સરાગસંયત, વીતરાગ સંયત, પ્રમત્ત સંયત, અપ્રમત્ત સંયત આદિ ભેદ ન કરવા.

જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોમાં કૃષ્ણ, નીલ અને કાપોત, આ ત્રણ લેશ્યાઓના વિષયમાં પૃચ્છા ન કરવી. આ રીતે જેમ કૃષ્ણલેશી જીવોનો વિચાર કર્યો છે, તે જ રીતે નીલલેશી જીવોનો પણ વિચાર કરવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કૃષ્ણલેશી અને નીલલેશી જીવોમાં સમાન આહારાદિ વિષયોનું નિરૂપણ છે.

જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોને છોડીને શેષ બાવીસ દંડકના જીવોમાં કૃષ્ણલેશ્યા અને નીલલેશ્યા હોય છે.

કૃષ્ણલેશી નૈરયિકોમાં વેદનાને છોડીને શેષ સમાહાર આદિ છ વિષયોનું કથન પૂર્વવત્ જાણવું અર્થાત્ મહાશરીરવાળા કૃષ્ણલેશી નારકી જીવો અધિક પુદ્ગલોને આહાર રૂપે ગ્રહણ કરે છે, ઘણા પુદ્ગલોનું પરિણમન કરે છે, ઘણા પદ્ગલોને શ્વાસોશ્વાસ રૂપે ગ્રહણ કરે છે અને છોડે છે અને અલ્પ શરીરી કૃષ્ણલેશી નારકીઓ થોડા પુદ્ગલોને આહાર રૂપે ગ્રહણ કરે છે. થોડા પુદ્ગલોનું પરિણમન કરે છે.

પૂર્વોત્પન્ન કૃષ્ણલેશી નારકી અલ્પકર્મ, વિશુદ્ધ વર્ણ અને વિશુદ્ધ લેશ્યાવાળા હોય છે, પશ્ચાદુત્પન્નક કૃષ્ણલેશી નારકીઓ મહાકર્મ, અવિશુદ્ધવર્ણ અને અવિશુદ્ધ લેશ્યાવાળા હોય છે.

**णवरं णेरइया वेयणाए :–** સમુચ્ચય નારકીમાં અસંજ્ઞીભૂત નારકીઓને અલ્પવેદના અને સંજ્ઞીભૂત નારકીઓને મહાવેદના હોય છે, તે પ્રમાણે કથન છે. પરંતુ કૃષ્ણલેશી નારકી પાંચમી, છઠ્ઠી અને સાતમી

નરકમાં જ હોય છે અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય પ્રથમ નરકમાં જ ઉત્પન્ન થાય છે. તેથી કૃષ્ણલેશી નારકીમાં અસંજ્ઞીભૂત અને સંજ્ઞીભૂત તે પ્રમાણે ભેદ થતાં નથી. તેમાં માયી મિથ્યાદષ્ટિ અને અમાયી સમ્યગ્દષ્ટિ, તે પ્રમાણે બે ભેદ કરાય છે. મિથ્યાત્વી જીવોનો કર્મબંધ તીવ્ર હોવાથી તેને મહાવેદના અને સમ્યગ્દષ્ટિ જીવોને અલ્પવેદના હોય છે.

કૃષ્ણલેશ્યાવાળા ભવનપતિ, વ્યંતર, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં સમાહારાદિ સાતે દ્વારનું કથન સમુચ્ચય જીવો પ્રમાણે જાણવું. કૃષ્ણલેશી મનુષ્યોમાં ક્રિયા દ્વારને છોડીને શેષ છ દ્વારનું કથન સમુચ્ચય મનુષ્યો પ્રમાણે છે.

**णवरं मणुस्साणं किरियाहिं...:–** કૃષ્ણલેશી મનુષ્યોમાં એકથી છ ગુણસ્થાન જ હોય છે. તેથી કૃષ્ણલેશી મનુષ્યોના ભેદમાં સરાગ સંયત, વીતરાગ સંયત કે પ્રમત્ત સંયત અને અપ્રમત્ત સંયત, જેવા ભેદ થતા નથી. કૃષ્ણલેશી મનુષ્યોના ત્રણ પ્રકાર છે– સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ અને મિશ્રદષ્ટિ. સમ્યગ્દષ્ટિ મનુષ્યોના ત્રણ પ્રકાર છે– સંયત, સંયતાસંયત અને અસંયત. તેમાં કૃષ્ણલેશી સંયત મનુષ્યોને **आरंभिया** અને **मायावत्तिया**, આ બે ક્રિયા, સંયતાસંયતને **आरंभिया, परिग्गहिया** અને **मायावत्तिया**, આ ત્રણ ક્રિયા અને અસંયતને આરંભિયા, પરિગ્ગહિયા, માયાવત્તિયા અને **अपच्चक्खाणं** ક્રિયા, આ ચાર ક્રિયા લાગે છે. મિથ્યાત્વી અને મિશ્રદષ્ટિ જીવોને પાંચ ક્રિયા લાગે છે.

નીલલેશી જીવોમાં સાતે દ્વારનું કથન કૃષ્ણલેશી જીવોની સમાન છે.

### કાપોતલેશી જીવોમાં સમાહારાદિ :–

**૨૦ एवं काउलेस्सा णेरइएहिंतो आरब्भ** *जाव* **वाणमंतरा, णवरं– काउलेस्सा णेरइया वेयणाए जहा ओहिया ।**

**ભાવાર્થ :–** કાપોતલેશી નૈરયિકોથી લઈને વાણવ્યંતરો સુધીનું કથન પણ પૂર્વવત્ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે કાપોતલેશી નૈરયિકોની વેદનાના વિષયમાં સમુચ્ચય નૈરયિકોની સમાન કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કાપોતલેશી જીવોમાં સમાન આહારાદિનું નિરૂપણ છે.

જ્યોતિષી અને વૈમાનિક દેવોને છોડીને શેષ બાવીશ દંડકના જીવોમાં કાપોતલેશ્યા હોય છે. વેદનાને છોડીને તેના શેષ છ દ્વારનું કથન કૃષ્ણલેશી જીવોની સમાન છે.

**णवरं काउलेस्सा णेरइया वेयणाए जहा ओहिया:–** કાપોતલેશી નૈરયિકોની વેદનાનું કથન સમુચ્ચય નારકી અનુસાર જાણવું.

કાપોતલેશ્યા પહેલી અને બીજી નરકમાં હોય છે અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને પહેલી નરકમાં ઉત્પન્ન થાય ત્યારે તેની અપર્યાપ્તાવસ્થામાં તે અસંજ્ઞી કહેવાય છે, તેથી તે નારકીમાં સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત તે પ્રમાણે બે ભેદ થાય છે. અસંજ્ઞીભૂત નારકીને અલ્પવેદના અને સંજ્ઞીભૂત નારકીને મહાવેદના હોય છે.

અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને ભવનપતિ અને વ્યંતર દેવોમાં પણ જાય છે. ભવનપતિ અને વ્યંતર દેવોનું કથન નારકીની સમાન હોવાથી કાપોતલેશી ભવનપતિ અને વ્યંતરદેવોમાં સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત તે પ્રમાણે ભેદ થાય છે.

**તેજોલેશી જીવોમાં સમાહારાદિ :-**

**૨૧ तेउलेस्साणं भंते ! असुरकुमारणं सव्वे समाहारा ? गोयमा ! जहेव ओहिया तहेव, णवरं- वेयणाए जहा जोइसिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું તેજોલેશી અસુરકુમાર દેવો શું સમાહારવાળા છે ? **ઉત્તર–** હે ગૌતમ! સંપૂર્ણ વક્તવ્યતા સમુચ્ચય અસુરકુમારોના આહારાદિના કથનની જેમ સમજી લેવી જોઈએ. વિશેષતા એ છે કે તેની વેદનાના વિષયમાં જ્યોતિષ્કોની વક્તવ્યતાની જેમ કહેવું જોઈએ અર્થાત્ તેમાં સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત તેવા બે ભેદ ન કરતાં માયી મિથ્યાદષ્ટિ અને અમાયી સમ્યગ્દષ્ટિ તે પ્રમાણે બે ભેદ કરવા.

**૨૨ पुढवि-आउ-वणस्सइ-पंचेंदियतिरिक्ख-मणूसा जहा ओहिया तहेव भाणियव्वा, णवरं- मणूसा किरियाहिं जे संजया ते पमत्ता य अपमत्ता य भाणियव्वा, सरागा वीयरागा णत्थि ।**

**ભાવાર્થ :–** તેજોલેશી પૃથ્વીકાયિક, અપ્કાયિક, વનસ્પતિકાયિક,પંચેદ્રિય તિર્યંચો અને મનુષ્યોનું કથન સમુચ્ચય પૃથ્વીકાયિકાદિ જીવો પ્રમાણે કરવું જોઈએ. તેમાં વિશેષતા એ છે કે ક્રિયાઓની અપેક્ષાએ તેજોલેશી મનુષ્યોના વિષયમાં જે સંયત છે, તેના બે પ્રકાર છે– પ્રમત્ત અને અપ્રમત્ત. તેજોલેશી મનુષ્યોમાં સરાગ સંયત અને વીતરાગસંયત એવા બે ભેદ નથી.

**૨૩ वाणमंतरा तेउलेस्साए जहा असुरकुमारा । एवं जोइसिय-वेमाणिया वि । सेसं तं चेव।**

**ભાવાર્થ :–** તેજોલેશી વાણવ્યંતરોનું કથન અસુરકુમારોની સમાન જાણવું જોઈએ. તેજોલેશી જ્યોતિષ્ક અને વૈમાનિકોના વિષયમાં પણ પૂર્વવત્ જાણવું જોઈએ. શેષ આહારાદિ પદોના વિષયમાં અસુરકુમારોની સમાન જ સમજવું જોઈએ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં તેજોલેશી જીવોમાં સમાહારાદિનું પ્રતિપાદન છે.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક જાતિના દેવો, પૃથ્વી, પાણી, વનસ્પતિ, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય, તે ૧૮ દંડકના જીવોમાં તેજોલેશ્યા હોય છે.

તેમાં ભવનપતિ અને વ્યંતર દેવોમાં વેદનાને છોડીને શેષ છ દ્વારનું કથન સમુચ્ચય ભવનપતિ આદિ દેવો પ્રમાણે જાણવું

**णवरं वेयणाए जहा जोइसिया... :–** ભવનપતિ દેવોમાં વેદનાનું કથન જ્યોતિષી દેવો પ્રમાણે જાણવું.

અસંજ્ઞી તિર્યંચમાં ત્રણ અશુભ લેશ્યા જ હોય છે અને કોઈ પણ જીવ જે લેશ્યાના પરિણામમાં મૃત્યુ પામે તે જ લેશ્યા સ્થાનવાળા જીવમાં ઉત્પન્ન થાય છે. તે નિયમાનુસાર અસંજ્ઞી તિર્યંચને તેજોલેશ્યા ન હોવાથી તે ભવનપતિ કે વ્યંતર દેવમાં ઉત્પન્ન થાય ત્યારે તેજોલેશ્યાને પ્રાપ્ત કરતા નથી. તેથી તેજોલેશી ભવનપતિ અને વ્યંતર દેવોમાં સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત તે પ્રમાણે બે ભેદ થતાં નથી. તેજોલેશી ભવનપતિ અને વ્યંતર દેવોમાં જ્યોતિષીદેવોની જેમ માયી મિથ્યાદષ્ટિ ઉત્પન્નક અને અમાયી સમ્યગ્દષ્ટિ ઉત્પન્નક, તે પ્રમાણે બે ભેદ થાય છે. માયી મિથ્યાદષ્ટિ દેવોને શાતાવેદનાની અપેક્ષાએ અલ્પવેદના અને અમાયી સમ્યગ્દષ્ટિને શાતાવેદનાની અપેક્ષાએ મહાવેદના હોય છે.

તેજોલેશી જ્યોતિષી, વૈમાનિક દેવો, પૃથ્વી, પાણી, વનસ્પતિ, તિર્યંચ પંચેન્દ્રિય જીવોમાં સમાહારાદિ સાતે દ્વારનું કથન તેના સમુચ્ચય જીવો પ્રમાણે જાણવું. મનુષ્યોમાં ક્રિયાને છોડીને શેષ દ્વારોનું કથન સમુચ્ચય મનુષ્યો પ્રમાણે જાણવું.

**णवरं मणूसा किरियाहिं... :–** તેજોલેશી મનુષ્યોમાં ક્રિયામાં વિશેષતા છે. તેજોલેશ્યા એકથી સાત ગુણસ્થાન સુધી હોય છે. તેથી સંયત મનુષ્યોના બે ભેદ કરવા, અપ્રમત્તસંયત અને પ્રમત્ત સંયત. તેમાં અપ્રમત્તસંયતને એક માયાવત્તિયા ક્રિયા અને પ્રમત્ત સંયતને આરંભિયા અને માયાવત્તિયા, આ બે ક્રિયા હોય છે. તેજોલેશી સંયતાસંયત મનુષ્યોને ત્રણ ક્રિયા, તેજોલેશી સમ્યગ્દૃષ્ટિ અસંયત મનુષ્યોને ચાર ક્રિયા અને તેજોલેશી મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ મનુષ્યોને પાંચ ક્રિયા હોય છે. તેજોલેશી મનુષ્યોમાં સાત જ ગુણસ્થાન હોવાથી સરાગ સંયત અને વીતરાગ સંયત, તેવા બે ભેદ થતા નથી.

**પદ્મ–શુક્લલેશી જીવોમાં સમાહારાદિ :–**

**૨૪ एवं पम्हलेस्सा वि भाणियव्वा, णवरं जेसिं अत्थि । सुक्कलेस्सा वि तहेव जेसिं अत्थि। सव्वं तहेव जहा ओहियाणं गमओ, णवरं पम्हलेस्स-सुक्कलेस्साओ पंचेंदियतिरिक्ख- जोणियणूस-वेमाणियाणं चेव, ण सेसाणं ति ।**

**ભાવાર્થ :–** તે જ રીતે પદ્મલેશી જીવોનું કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે જે જીવોમાં પદ્મલેશ્યા હોય તેનું કથન કરવું જોઈએ. તે જ રીતે શુક્લલેશી જીવોમાં સમાહારાદિનું કથન ઔઘિક ગમકની જેમ કરવું જોઈએ. પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો અને વૈમાનિકોમાં જ હોય છે, શેષ જીવોમાં હોતી નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પદ્મલેશી અને શુક્લલેશી જીવોના સમાહારાદિનું નિરૂપણ છે.

તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય અને વૈમાનિક દેવો તે ત્રણ દંડકના જીવોમાં જ પદ્મ અને શુક્લલેશ્યા હોય છે. તે ત્રણે દંડકમાં પદ્મલેશી અને શુક્લલેશી જીવોમાં સમાહારાદિ સાતે દ્વારનું કથન સમુચ્ચય જીવોની સમાન જ જાણવું.

**॥ પ્રથમ ઉદ્દેશક સંપૂર્ણ ॥**

# સત્તરમું લેશ્યા પદ : બીજો ઉદ્દેશક

**લેશ્યાના પ્રકાર :-**

**१** **कइ णं भंते । लेस्साओ पण्णत्ताओ ? गोयमा ! छल्लेस्साओ पण्णत्ताओ । तं जहा- कण्हलेस्सा, णीललेस्सा, काउलेस्सा, तेउलेस्सा, पम्हलेस्सा, सुक्कलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લેશ્યાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! લેશ્યાના છ પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) કૃષ્ણલેશ્યા (૨) નીલલેશ્યા (૩) કાપોતલેશ્યા (૪) તેજોલેશ્યા (૫) પદ્મલેશ્યા અને (૬) શુક્લલેશ્યા.

**ચોવીશ દંડકોમાં લેશ્યા :-**

**२** **णेरइयाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ? गोयमा ! तिण्णि, तं जहा- किण्हलेस्सा णीललेस्सा काउलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોને ત્રણ લેશ્યાઓ હોય છે, તે આ પ્રમાણે છે– (૧) કૃષ્ણલેશ્યા (૨) નીલલેશ્યા અને (૩) કાપોતલેશ્યા.

**३** **तिरिक्खजोणियाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ? गोयमा ! छल्लेस्साओ, तं जहा- कण्हलेस्सा** *जाव* **सुक्कलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચયોનિક જીવોને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ તિર્યંચયોનિક જીવોને છ લેશ્યાઓ હોય છે, તે આ પ્રમાણે છે– કૃષ્ણ લેશ્યા ***યાવત્*** શુક્લ લેશ્યા.

**४** **एगिंदियाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ? गोयमा ! चत्तारि लेस्साओ, तं जहा- कण्हलेस्सा** *जाव* **तेउलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિય જીવોને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એકેન્દ્રિય જીવોને ચાર લેશ્યાઓ હોય છે, તે આ પ્રમાણે છે– (૧) કૃષ્ણલેશ્યા ***યાવત્*** તેજોલેશ્યા.

**५** **पुढविक्काइयाणं भंते ! कइ लेस्साओ ? गोयमा ! एवं चेव चत्तारि लेस्साओ । आउ-वणस्सइकाइयाण वि एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવોને તે જ રીતે ચાર લેશ્યા હોય છે. આ જ પ્રમાણે અપ્કાયિકો અને વનસ્પતિકાયિકોને પણ ઉપરોક્ત ચાર લેશ્યાઓ હોય છે.

**६** **तेउ-वाउ-बेइंदिय-तेइंदिय-चउरिंदियाणं जहा णेरइयाणं ।**

**ભાવાર્થ :–** તેજસ્કાયિક, વાયુકાયિક, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોને નૈરયિકોની સમાન

પ્રથમની ત્રણ લેશ્યાઓ હોય છે.

**૭ पंचेंदियतिरिक्खजोणियाणं भंते ! कइ लेस्साओ ? गोयमा ! छल्लेस्साओ, कण्हलेस्सा** *जाव* **सुक्कलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોને છ લેશ્યા હોય છે, જેમ કે – કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યા.

**૮ सम्मुच्छिमपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहा णेरइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંમૂર્ચ્છિમ-પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોને કેટલી લેશ્યાઓ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવોને નૈરયિકોની જેમ પ્રથમની ત્રણ લેશ્યાઓ હોય છે.

**९ गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! छल्लेसाओ, तं जहा- कण्हलेस्सा** *जाव* **सुक्कलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયોને કેટલી લેશ્યાઓ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! છ લેશ્યાઓ હોય છે, જેમકે – કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યા.

**१० तिरिक्खजोणिणीणं पुच्छा ? गोयमा ! छल्लेसाओ एयाओ चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગર્ભજ તિર્યંચ યોનિક સ્ત્રીઓને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે જ છ લેશ્યાઓ હોય છે.

**११ मणुस्साणं पुच्छा ? गोयमा ! छल्लेसाओ एयाओ चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યોને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે જ છ લેશ્યાઓ હોય છે.

**१२ सम्मुच्छिममणुस्साणं पुच्छा ? गोयमा ! जहा णेरइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંમૂર્ચ્છિમ મનુષ્યોને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોની જેમ પ્રથમની ત્રણ લેશ્યાઓ હોય છે.

**१३ गब्भवक्कंतियमणूसाणं पुच्छा ? गोयमा ! छल्लेसाओ, तं जहा- कण्हलेस्सा** *जाव* **सुक्कलेसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગર્ભજ મનુષ્યોને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! છ લેશ્યાઓ હોય છે, જેમકે – કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યા.

**१४ मणुस्सीणं पुच्छा ? गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યાણીને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ગર્ભજ મનુષ્યોની જેમ જ છ લેશ્યાઓ હોય છે.

**१५** देवाणं पुच्छा ? गोयमा ! छ लेस्साओ एयाओ चेव ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવોને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! દેવોને છ લેશ્યાઓ હોય છે.

**१६** देवीणं पुच्छा ? गोयमा ! चत्तारि, तं जहा- कण्हलेस्सा *जाव* तेउलेस्सा ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવીઓને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! દેવીઓને ચાર લેશ્યાઓ હોય છે, કૃષ્ણલેશ્યા ***યાવત્*** તેજોલેશ્યા.

**१७** भवणवासीणं भंते ! देवाणं पुच्छा ? गोयमा । एवं चेव ।एवं भवणवासिणीण वि।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભવનવાસી દેવોને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે જ રીતે પ્રથમની ચાર લેશ્યાઓ હોય છે. આ જ પ્રમાણે ભવનવાસી દેવીઓને પણ ચાર લેશ્યાઓ હોય છે.

**१८** वाणमंतरदेवाणं पुच्छा ? गोयमा ! एवं चेव । एवं वाणमंतरीण वि ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાણવ્યંતર દેવોને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ ચાર લેશ્યાઓ હોય છે. આ જ પ્રમાણે વાણવ્યંતર દેવીઓને પણ પ્રથમની ચાર લેશ્યાઓ હોય છે.

**१९** जोइसियाणं पुच्छा ? गोयमा ! एगा तेउलेस्सा ।एवं जोइसिणीण वि ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યોતિષી દેવોને કેટલી લેશ્યાઓ હોય છે. **ઉત્તર–** હે ગૌતમ ! એક તેજોલેશ્યા હોય છે. તે જ પ્રમાણે જ્યોતિષી દેવીઓને પણ એક તેજોલેશ્યા હોય છે.

**२०** वेमाणियाणं पुच्छा ? गोयमा ! तिण्णि, तं जहा- तेउलेस्सा पम्हलेस्सा सुक्कलेस्सा।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈમાનિક દેવોને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વૈમાનિક દેવોને ત્રણ લેશ્યાઓ હોય છે, જેમકે– તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા.

**२१** वेमाणिणीणं पुच्छा ? गोयमा ! एगा तेउलेसा ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈમાનિક દેવીઓને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વૈમાનિક દેવીઓને એક તેજોલેશ્યા હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના આધારે સંસારી જીવોમાં અને સ્ત્રી-પુરુષોમાં પ્રાપ્ત થતી લેશ્યાઓનું પ્રતિપાદન છે.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી કે પ્રથમ બે દેવલોકના તેજોલેશી કોઈ દેવો મૃત્યુ પામીને પૃથ્વી, પાણી કે વનસ્પતિમાં ઉત્પન્ન થાય, તો તેની અપર્યાપ્તાવસ્થામાં તેજોલેશ્યા હોય છે. તે અપેક્ષાએ એકેન્દ્રિયોમાં કે પૃથ્વી આદિ ત્રણ એકેન્દ્રિયમાં ચાર લેશ્યાનું કથન છે. તેની પર્યાપ્તાવસ્થામાં પ્રથમની ત્રણ લેશ્યાઓ જ હોય છે.

વૈમાનિક દેવીઓ પ્રથમ બે દેવલોક સુધી જ હોય છે. તેને તે સ્થાન પ્રમાણે એક તેજોલેશ્યા જ હોય

છે. અન્ય સૂત્રોના વર્ણન પ્રમાણે વૈમાનિક દેવોમાં બે દેવલોકમાં તેજોલેશ્યા છે, ત્રીજા થી પાંચમા દેવલોકમાં પદ્મલેશ્યા છે અને તેનાથી ઉપર સર્વ દેવોમાં શુક્લલેશ્યા છે.

**૨૪ દંડકમાં લેશ્યા :–**

| જીવ | લેશ્યા |
|---|---|
| સમુચ્ચય નારકી | ૩–કૃષ્ણ, નીલ, કાપોતલેશ્યા |
| પહેલી, બીજી નરકના નારકી | ૧–કાપોતલેશ્યા |
| ત્રીજી નરકના નારકી | ૨–કાપોત, નીલલેશ્યા |
| ચોથી નરકના નારકી | ૧–નીલલેશ્યા |
| પાંચમી નરકના નારકી | ૨–નીલ, કૃષ્ણલેશ્યા |
| છઠ્ઠી, સાતમી નરકના નારકી | ૧–કૃષ્ણલેશ્યા |
| ભવનપતિ અને વ્યંતર દેવ–દેવીઓ | ૪–કૃષ્ણ, નીલ, કાપોત, તેજોલેશ્યા |
| જ્યોતિષી દેવ–દેવીઓ | ૧–તેજોલેશ્યા |
| સમુચ્ચય વૈમાનિક દેવો | ૩–તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા |
| વૈમાનિક દેવીઓ | ૧–તેજોલેશ્યા |
| પ્રથમ બે દેવલોકના દેવ–દેવીઓ | ૧–તેજોલેશ્યા |
| ત્રીજા, ચોથા, પાંચમા દેવલોકના દેવો | ૧–પદ્મલેશ્યા |
| છઠ્ઠા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો | ૧–શુક્લલેશ્યા |
| તિર્યંચ પંચેન્દ્રિય અને તિર્યંચાણી | ૬–લેશ્યા |
| એકેન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય | ૪–કૃષ્ણ, નીલ, કાપોત, તેજોલેશ્યા |
| તેઉ–વાયુ, ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્ય | ૩–કૃષ્ણ, નીલ, કાપોતલેશ્યા |
| કર્મભૂમિના ગર્ભજ તિર્યંચ–તિર્યંચાણી | ૬–લેશ્યા |
| કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય–મનુષ્યાણી | ૬–લેશ્યા |
| યુગલિક તિર્યંચ અને યુગલિક મનુષ્યો | ૪–કૃષ્ણ, નીલ, કાપોત, તેજોલેશ્યા |

**સલેશી અને અલેશી જીવોનું અલ્પબહુત્વ :–**

**૨૨ एएसि णं भंते ! सलेस्साणं जीवाणं कण्हलेस्साणं *जाव* सुक्कलेस्साणं अलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा सुक्कलेस्सा, पम्हलेस्सा, संखेज्जगुणा तेउलेस्सा संखेज्जगुणा, अलेस्सा अणंतगुणा, काउलेस्सा अणंतगुणा, णीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया, सलेस्सा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સલેશી, કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશી અને અલેશી જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા શુક્લલેશી જીવો છે, તેનાથી પદ્મલેશી સંખ્યાતગુણા છે, તેનાથી તેજોલેશી સંખ્યાત ગુણા છે, તેનાથી અલેશી અનંતગુણા છે, તેનાથી કાપોતલેશી અનંતગુણા છે, તેનાથી નીલલેશી વિશેષાધિક છે, તેનાથી કૃષ્ણલેશી વિશેષાધિક છે, તેનાથી સલેશી વિશેષાધિક છે.

**વિવેચન :–**

આ સૂત્રમાં સલેશી, કૃષ્ણલેશીથી શુક્લલેશી અને અલેશી જીવોનું અલ્પબહુત્વ છે. (૧) સર્વથી થોડા શુક્લલેશી જીવો છે, કારણ કે શુક્લલેશ્યા કેટલાક તિર્યંચ પંચેન્દ્રિયો, મનુષ્યો અને છટ્ઠા દેવલોકથી ઉપરના દેવલોકના વૈમાનિક દેવોમાં હોય છે. (૨) તેનાથી પદ્મલેશી જીવો સંખ્યાતગુણા છે કારણ કે પદ્મલેશ્યા તિર્યંચ પંચેન્દ્રિયોમાં, મનુષ્યોમાં તથા ત્રીજાથી પાંચમા દેવલોકના દેવોમાં હોય છે અને આ ત્રણ દેવલોકના દેવો ઉપરના દેવલોકના દેવોથી **સંખ્યાતગુણા** છે. (૩) તેનાથી તેજોલેશી જીવો સંખ્યાતગુણા છે કારણ કે તેજોલેશ્યા બાદર પૃથ્વીકાયિકો, બાદર અપ્કાયિકો, પ્રત્યેક શરીરી વનસ્પતિકાયિકોમાં, તિર્યંચ પંચેન્દ્રિયો, મનુષ્યોમાં તથા ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાન દેવોમાં હોય છે. (૪) તેજોલેશી જીવોથી અલેશી જીવો અનંતગુણા છે, કારણ કે સિદ્ધ જીવો અનંત છે. (૫) તેનાથી કાપોતલેશી અનંતગુણા કારણ કે સાધારણ વનસ્પતિકાયિક જીવોમાં કાપોતલેશ્યા હોય છે અને તે જીવો સિદ્ધોથી અનંતગુણા છે. ક્લિષ્ટ અને ક્લિષ્ટતર અધ્યવસાયયુક્ત જીવો અપેક્ષાએ અધિક હોય છે. (૬) તેથી કાપોતલેશીથી નીલલેશી અને (૭)નીલલેશીથી કૃષ્ણલેશી જીવો વિશેષાધિક હોય છે. (૮) તેનાથી સલેશી જીવો વિશેષાધિક છે.

**સલેશી જીવોનું અલ્પબહુત્વ :–**

| જીવ પ્રકાર | પ્રમાણ | કારણ |
|---|---|---|
| ૧ શુક્લલેશી | સર્વથી થોડા | કેટલાક તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્યો અને છટ્ઠા દેવલોકથી ઉપરના દેવલોકમાં જ હોય છે. તે જીવો અલ્પસંખ્યક છે. |
| ૨ પદ્મલેશી | સંખ્યાતગુણા | ૩, ૪, ૫ દેવલોકના દેવો તથા સંખ્યાતગુણા તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં હોય છે. |
| ૩ તેજોલેશી | સંખ્યાતગુણા | ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી ૧, ૨ દેવલોકમાં; પૃથ્વી, પાણી, વનસ્પતિના અપર્યાપ્તામાં, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્યોમાં હોય છે, તેથી તે જીવો વધુ છે. |
| ૪ અલેશી | અનંતગુણા | સિદ્ધ ભગવાન અલેશી છે. |
| ૫ કાપોતલેશી | અનંતગુણા | સાધારણ વનસ્પતિકાયિક જીવો સિદ્ધોથી અનંતગુણા છે. |
| ૬ નીલલેશી | વિશેષાધિક | ક્લિષ્ટ લેશ્યાવાળા જીવો અધિક છે. |
| ૭ કૃષ્ણલેશી | વિશેષાધિક | ક્લિષ્ટતર લેશ્યાવાળા જીવો અધિકતમ છે. |
| ૮ સલેશી | વિશેષાધિક | લેશ્યા સહિતના સર્વ જીવોનો સમાવેશ થાય છે. |

**લેશ્યાની અપેક્ષાએ નૈરયિકોનું અલ્પબહુત્વ :–**

**૨૩ एएसि णं भंते ! णेरइयाणं कण्हलेस्साणं णीललेस्साणं काउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया । गोयमा ! सव्वत्थोवा णेरइया कण्हलेसा, णीललेस्सा असंखेज्जगुणा, काउलेस्सा असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી, નીલલેશી અને કાપોતલેશી નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ , તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વ થોડા કૃષ્ણલેશી નારકી છે, તેનાથી નીલલેશી નારકી અસંખ્યાત ગુણા છે અને (૩) તેનાથી કાપોતલેશી નારકી અસંખ્યાતગુણા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કૃષ્ણાદિ ત્રણ લેશ્યાયુક્ત નારકોના અલ્પબહુત્વનું કથન છે. નૈરયિકોમાં માત્ર પ્રથમની ત્રણ અશુભ લેશ્યાઓ જ હોય છે.

પ્રારંભની બે નરક પૃથ્વીઓમાં કાપોત, ત્રીજી નરક પૃથ્વીમાં કાપોત અને નીલલેશ્યા, ચોથી નરકમાં નીલ, પાંચમી નરકમાં નીલ અને કૃષ્ણ, છઠ્ઠીમાં કૃષ્ણ અને સાતમી નરકમાં પરમ કૃષ્ણલેશ્યા હોય છે.

ત્રીજા અલ્પબહુત્વ પદ પ્રમાણે સાતમી નરકમાં નૈરયિકોની સંખ્યા સર્વથી થોડી હોય છે, ત્યાર પછી ક્રમશઃ છઠ્ઠી, પાંચમી આદિ નરકમાં નૈરયિકોની સંખ્યા ક્રમશઃ અસંખ્યાતગુણ અધિક હોય છે. નારકીઓની સંખ્યાના આધારે કૃષ્ણલેશી આદિ નારકીઓનું અલ્પબહુત્વ સમજી શકાય છે.

સર્વથી થોડા કૃષ્ણલેશી નૈરયિકો છે, કારણ કે કૃષ્ણલેશ્યા છઠ્ઠી, સાતમી નરકમાં છે અને પાંચમી નરકમાં કેટલાક નૈરયિકોને જ કૃષ્ણલેશ્યા હોય છે. તેનાથી નીલલેશી નારકી અસંખ્યાતગુણા છે, નીલલેશી ચોથી નરકમાં સર્વ નારકીઓ તથા પાંચમી અને ત્રીજી નરકમાં કેટલાક નૈરયિકોને હોય છે. કાપોત લેશી નૈરયિકો અસંખ્યાતગુણા છે. કાપોતલેશ્યા પહેલી, બીજી નરકના સર્વ નૈરયિકોને તથા ત્રીજી નરકના કેટલાક નૈરયિકોને હોય છે.

**લેશ્યાની અપેક્ષાએ નૈરયિકોનું અલ્પબહુત્વ :–**

| જીવ પ્રકાર | પ્રમાણ | કારણ |
|---|---|---|
| ૧ કૃષ્ણલેશી નારકી | સર્વથી થોડા | ૫, ૬, ૭મી નરકમાં જ કૃષ્ણલેશ્યા હોય છે, તેવા જીવો અલ્પ છે. |
| ૨ નીલલેશી નારકી | અસંખ્યાતગુણા | ૩, ૪, ૫મી નરકમાં હોય છે, તે જીવોની સંખ્યા ઘણી વધુ છે. |
| ૩ કાપોતલેશી નારકી | અસંખ્યાતગુણા | ૧, ૨, ૩ નરકમાં હોય છે, ત્યાં નૈરયિકોની સંખ્યા અત્યધિક છે. |

**લેશ્યાની અપેક્ષાએ તિર્યંચોનું અલ્પબહુત્વ :–**

**૨૪ एएसि णं भंते ! तिरिक्खजोणियाणं कण्हलेस्साणं** *जाव* **सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा तिरिक्खजोणिया सुक्कलेसा, एवं जहा ओहिया, णवरं- अलेस्सवज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશી તિર્યંચયોનિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તિર્યંચ યોનિક જીવોમાં સર્વથી થોડા શુક્લલેશી છે ઈત્યાદિ કથન સમુચ્ચય જીવોના પ્રતિપાદન પ્રમાણે સમજવું જોઈએ. વિશેષતા એ છે કે તિર્યંચોમાં અલેશી ન કહેવા કારણ કે તેમાં અલેશીપણું સંભવિત નથી.

**લેશ્યાની અપેક્ષાએ એકેન્દ્રિય–વિકલેન્દ્રિયોનું અલ્પબહુત્વ :-**

**૨૫ एएसि णं भंते ! एगिंदियाणं कण्हलेस्साणं** *जाव* **तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा एगिंदिया तेउलेस्सा, काउलेस्सा अणंतगुणा, णीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશીથી તેજોલેશી સુધીના એકેન્દ્રિયોમાં કોણ, કોનાથી, અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા તેજોલેશી એકેન્દ્રિયો છે, તેનાથી કાપોતલેશી એકેન્દ્રિયો અનંતગુણા અધિક છે, તેનાથી નીલલેશી એકેન્દ્રિયો વિશેષાધિક છે અને તેનાથી પણ કૃષ્ણલેશી એકેન્દ્રિયો વિશેષાધિક છે.

**૨૬ एएसि णं भंते ! पुढविक्काइयाणं कण्हलेस्साणं** *जाव* **तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! जहा ओहिया एगिंदिया णवरं- काउलेस्सा असंखेज्जगुणा । एवं आउक्काइयाणं वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી **યાવત્** તેજોલેશી પૃથ્વીકાયિકોમાં કોણ કોનાથી, અલ્પ, બહુ , તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે સમુચ્ચય એકેન્દ્રિયોનું કથન કર્યું છે, તે જ રીતે પૃથ્વીકાયિકોના અલ્પબહુત્વનું કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે તેજોલેશીથી કાપોતલેશી સુધી પૃથ્વીકાયિકો અસંખ્યાતગુણા છે. આ જ રીતે કૃષ્ણાદિ લેશ્યાવાળા અપ્કાયિકોમાં અલ્પબહુત્વનું નિરૂપણ પણ સમજી લેવું જોઈએ.

**૨૭ एएसि णं भंते ! तेउक्काइयाणं कण्हलेस्साणं णीललेस्साणं काउलेस्साणं य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा तेउक्काइया काउलेस्सा, णीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया । एवं वाउक्काइयाण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી, નીલલેશી અને કાપોતલેશી તેજસ્કાયિકોમાં કોણ, કોનાથી, અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા કાપોતલેશી તેજસ્કાયિકો છે, તેનાથી નીલલેશી તેજસ્કાયિકો વિશેષાધિક છે અને તેનાથી કૃષ્ણલેશી તેજસ્કાયિકો વિશેષાધિક છે.આ જ રીતે કૃષ્ણાદિ લેશ્યા યુક્ત વાયુકાયિકોનું અલ્પબહુત્વ સમજી લેવું જોઈએ.

**૨૮ एएसि णं भंते ! वणस्सइकाइयाणं कण्हलेस्साणं** *जाव* **तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? जहा एगिंदियओहियाणं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશીથી લઈને તેજોલેશી વનસ્પતિકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે સમુચ્ચય એકેન્દ્રિય જીવોનું અલ્પબહુત્વ કહ્યું છે, તે જ રીતે વનસ્પતિકાયિકોનું અલ્પબહુત્વ સમજી લેવું જોઈએ.

**૨૯ बेइंदिय-तेइंदिय-चउरिंदियाणं जहा तेउक्काइयाणं ।**

**ભાવાર્થ :–** બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોનું અલ્પબહુત્વ તેજસ્કાયિકોની સમાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચાર લેશ્યાયુક્ત સમુચ્ચય એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવોના અલ્પબહુત્વનું કથન છે.

**એકેન્દ્રિયોનું અલ્પબહુત્વ :–** એકેન્દ્રિયોમાં ચાર લેશ્યા હોય છે. કૃષ્ણ, નીલ, કાપોત અને તેજોલેશ્યા. (૧) સર્વ થોડા તેજોલેશી એકેન્દ્રિયો છે, કારણ કે તેજોલેશી દેવ મૃત્યુ પામીને પૃથ્વી, પાણી કે વનસ્પતિમાં ઉત્પન્ન થાય ત્યારે તેને અપર્યાપ્તાવસ્થામાં જ તેજોલેશ્યા હોય છે. તેથી એકેન્દ્રિયમાં તેજોલેશ્યા કેટલાક બાદર પૃથ્વીકાયિક, અપ્કાયિક અને પ્રત્યેક વનસ્પતિકાયિક જીવોમાં અને એ પણ અપર્યાપ્તાવસ્થામાં જ હોય છે. સાધારણ કે સૂક્ષ્મ એકેન્દ્રિયમાં તેજોલેશી દેવો ઉત્પન્ન થતા નથી. આ રીતે એકેન્દ્રિયમાં તેજોલેશી જીવો થોડા હોય છે. (૨) તેનાથી કાપોતલેશી અનંતગુણા છે, અનંત સૂક્ષ્મ જીવો અને બાદર નિગોદ જીવોમાં કાપોતલેશી હોય છે. (૩) તેનાથી નીલલેશી અને કૃષ્ણલેશી જીવો ક્રમશઃ વિશેષાધિક છે. કારણ કે એકેન્દ્રિયોમાં ક્રમશઃ અશુભલેશી જીવો અધિક હોય છે. વનસ્પતિકાયિક જીવોને ચાર લેશ્યા હોય છે અને તેનું અલ્પબહુત્વ સમુચ્ચય એકેન્દ્રિય જીવોની જેમ જાણવું.

**લેશ્યાની અપેક્ષાએ પૃથ્વી-પાણી અને વનસ્પતિના જીવોનું અલ્પબહુત્વ :–** તેમાં (૧) સર્વથી થોડા તેજોલેશી જીવો છે (૨) તેનાથી કાપોતલેશી જીવો અસંખ્યાતગુણા છે, કારણ કે પૃથ્વી અને પાણીમાં અનંત જીવો હોતા નથી તે જીવો અસંખ્યાતા જ હોવાથી અસંખ્યાતગુણા થાય છે. (૩–૪) તેનાથી ક્રમશઃ નીલલેશી અને કૃષ્ણલેશી જીવો વિશેષાધિક છે.

**લેશ્યાની અપેક્ષાએ તેઉ-વાયુ-વિકલેન્દ્રિય જીવોનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા કાપોતલેશી જીવો છે. (૨–૩) તેનાથી નીલ અને કૃષ્ણલેશી જીવો ક્રમશઃ વિશેષાધિક છે કારણ કે તે જીવોમાં પ્રાયઃ અશુભલેશ્યાના ભાવો ક્રમશઃ અધિક અધિક હોય છે.

**લેશ્યાની અપેક્ષાએ એકેન્દ્રિયોનું અલ્પબહુત્વ :–**

| જીવ પ્રકાર | પ્રમાણ | કારણ |
|---|---|---|
| ૧ તેજોલેશી એકેન્દ્રિય | સર્વથી થોડા | કેટલાક પૃથ્વી, પાણી, વનસ્પતિને અપર્યાપ્તાવસ્થામાં જ હોય છે. |
| ૨ કાપોતલેશી એકેન્દ્રિય | અનંતગુણા | સાધારણ વનસ્પતિકાયિક જીવો અનંતા છે. |
| ૩ નીલલેશી એકેન્દ્રિય | વિશેષાધિક | અશુભ લેશ્યાવાળા જીવો કંઈક અધિક હોય છે. |
| ૪ કૃષ્ણલેશી એકેન્દ્રિય | વિશેષાધિક | અશુભ લેશ્યાવાળા જીવો કંઈક અધિકતર હોય છે. |

**લેશ્યાની અપેક્ષાએ તિર્યંચ પંચેન્દ્રિયનું અલ્પબહુત્વ :–**

**૩૦ एएसि णं भंते ! पंचेंदियतिरिक्खजोणियाणं कण्हलेस्साणं** *जाव* **सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! जहा ओहियाणं तिरिक्खिजोणियाणं, णवरं- काउलेस्सा असंखेज्जगुणा ॥१॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી પંચેન્દ્રિય તિર્યંચ યોનિકો ***યાવત્*** શુક્લલેશી પંચેંદ્રિય તિર્યંચયોનિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સમુચ્ચય તિર્યંચોના અલ્પબહુત્વની જેમ પંચેંન્દ્રિય તિર્યંચોનું અલ્પબહુત્વ કહેવું જોઈએ. વિશેષતા એ છે કે કાપોત લેશી પંચેન્દ્રિય તિર્યંચ અસંખ્યાત ગુણા છે. ॥ ૧ ॥

**३१ सम्मुच्छिमपंचेंदियतिरिक्खजोणियाणं जहा तेउक्काइयाणं ॥२॥**

**ભાવાર્થ :–** કૃષ્ણાદિ લેશ્યાયુક્ત સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનું અલ્પબહુત્વ તેજસ્કાયિકોના અલ્પબહુત્વની સમાન જાણવું જોઈએ ॥ ૨ ॥

**३२ गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणियाणं जहा ओहियाणं तिरिक्खजोणियाणं णवरं काउलेस्सा संखेज्जगुणा । एवं तिरिक्खजोणिणीण वि ॥३-४॥**

**ભાવાર્થ :–** કૃષ્ણાદિ લેશ્યા યુક્ત ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોનું અલ્પબહુત્વ સમુચ્ચય પંચેન્દ્રિય તિર્યંચોના અલ્પબહુત્વ સમાન જાણી લેવું જોઈએ. વિશેષતા એ છે કે કાપોતલેશી ગર્ભ જ પંચેન્દ્રિય તિર્યંચ સંખ્યાતગુણા કહેવા જોઈએ ॥ ૩ ॥

ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોના અલ્પબહુત્વની જેમ ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ યોનિક સ્ત્રીઓનું પણ અલ્પબહુત્વ કહેવું જોઈએ ॥ ૪ ॥

**३३ एएसि णं भंते ! सम्मुच्छिमपंचेंदियतिरिक्खजोणियाणं गब्भवक्कंतिय-पंचेंदियतिरिक्खजोणियाण य कण्हलेस्साणं** *जाव* **सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा गब्भवक्कंतिय-पंचेंदिय-तिरिक्खजोणिया सुक्कलेस्सा, पम्हलेस्सा संखेज्जगुणा, तेउलेस्सा संखेज्जगुणा, काउलेस्सा संखेज्जगुणा, णीललेस्सा, विसेसाहिया कण्हलेस्सा विसेसाहिया, काउलेस्सा सम्मुच्छिम-पंचेंदियतिरिक्खजोणिया असंखेज्जगुणा, णीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया ॥५॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચ યોનિક કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશીમાંથી કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા શુક્લલેશી ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચ છે, (૨) તેનાથી પદ્મલેશી ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ સંખ્યાતગુણા છે, (૩) તેનાથી તેજોલેશી ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ સંખ્યાતગુણા છે, (૪) તેનાથી કાપોતલેશી ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ સંખ્યાતગુણા છે, (૫) તેનાથી નીલ લેશી ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ વિશેષાધિક છે, (૬) તેનાથી કૃષ્ણલેશી ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ વિશેષાધિક છે, (૭) તેનાથી કાપોતલેશી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક અસંખ્યાતગુણા છે, (૮) તેનાથી નીલલેશી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ વિશેષાધિક છે અને (૯) તેનાથી કૃષ્ણલેશી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ વિશેષાધિક છે. ॥ ૫ ॥

**३४ एएसि णं भंते ! सम्मुच्छिमपंचेंदियतिरिक्खजोणियाणं तिरिक्खजोणिणीण य कण्ह- लेस्साणं** *जाव* **सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा ! जहेव पंचमं तहा इमंपि छट्ठं भाणियव्वं ॥६॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશી સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય તિર્યંચ યોનિકો અને

તિર્યંચયોનિક સ્ત્રીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! જેવી રીતે પાંચમા એટલે ઉપરના સૂત્રમાં કૃષ્ણાદિ લેશ્યા યુક્ત અસંજ્ઞી-સંજ્ઞી તિર્યંચયોનિક સંબંધી અલ્પબહુત્વ કહ્યું છે, તે જ રીતે આ છટ્ઠા (પ્રસ્તુત) સૂત્રગત સંમૂચ્છિર્મ પંચેન્દ્રિય તિર્યંચો અને તિર્યંચાણીઓનું અલ્પબહુત્વ કહેવું જોઈએ. ॥ ૬ ॥

**૩૫ एएसि णं भंते ! गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणियाणं तिरिक्खजोणिणीण य कण्हलेस्साणं** *जाव* **सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा गब्भवक्कंतिय-पंचेंदियतिरिक्खजोणिया सुक्कलेस्सा, सुक्कलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ, पम्हलेस्सा गब्भवक्कंतिय-पंचेंदियतिरिक्खजोणिया संखेज्जगुणा, पम्हलेस्साओ तिरिक्खजोणिणीओ, संखेज्जगुणाओ, तेउलेस्सा गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणिया, संखेज्जगुणा, तेउलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ, काउलेस्सा गब्भवक्कंतियपंचेंदिय-तिरिक्खजोणिया संखेज्जगुणा, णीललेस्सा गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणिया विसेसाहिया कण्हलेस्सा गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणिया विसेसाहिया काउलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ, णीललेस्साओ तिरिक्खजोणिणीओ विसेसाहियाओ, कण्हलेस्साओ तिरिक्खजोणिणीओ विसेसाहियाओ ॥७॥**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશી ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચયોનિકો અને તિર્યંચ સ્ત્રીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! (૧) સર્વથી થોડા શુક્લલેશી ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચયોનિકો છે, (૨) તેનાથી શુક્લલેશી ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચાણી સંખ્યાતગુણી છે, (૨) તેનાથી પદ્મલેશી ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સંખ્યાતગુણા છે, (૪) તેનાથી પદ્મલેશી ગર્ભજ તિર્યંચાણી સંખ્યાતગુણી છે, (૫) તેનાથી તેજોલેશી ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય સંખ્યાતગુણા છે. (૬) તેનાથી તેજોલેશી તિર્યંચાણી સંખ્યાતગુણી છે, (૭) તેનાથી કાપોતલેશી ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય સંખ્યાતગુણા છે, (૮) તેનાથી નીલલેશી ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ વિશેષાધિક છે, (૯) તેનાથી કૃષ્ણલેશી ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વિશેષાધિક (૧૦) તેનાથી કાપોતલેશી તિર્યંચાણી સંખ્યાતગુણી છે, (૧૧) તેનાથી નીલલેશી તિર્યંચાણી વિશેષાધિક, (૧૨) તેનાથી કૃષ્ણલેશી તિર્યંચાણી વિશેષાધિક છે. ॥ ૭ ॥

**૩૬ एएसि णं भंते ! सम्मुच्छिमपंचेंदियतिरिक्खजोणियाणं गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणियाणं तिरिक्खजोणिणीण य कण्हलेस्साणं** *जाव* **सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा गब्भवक्कंतिय पंचेंदिय तिरिक्खजोणिया सुक्कलेस्सा, सुक्कलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ, पम्हलेस्सा गब्भवक्कंतिय-तिरिक्ख जोणिया**

**संखेज्जगुणा, पम्हलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ, तेउलेस्सा गब्भवक्कंतिय-तिरिक्खजोणिया संखेज्जगुणा तेउलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ, काउलेस्सा तिरिक्खजोणिया संखेज्जगुणा, णीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया, काउलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ, णीललेस्साओ तिरिक्खजोणिणीओ विसेसाहियाओ, कण्हलेस्साओ तिरिक्खजोणिणीओ विसेसाहियाओ, काउलेस्सा सम्मुच्छिम-पंचेंदियतिरिक्ख-जोणिया असंखेज्जगुणा, णीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया ॥८॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશી સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય તિર્યંચયોનિક, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક તથા તિર્યંચાણીમાં કોણ, કોનાથી, અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા શુક્લલેશી ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો છે, (૨) તેનાથી શુક્લલેશી તિર્યંચાણી સંખ્યાતગુણી છે, (૩) તેનાથી પદ્મલેશી ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સંખ્યાતગુણા છે, (૪) તેનાથી પદ્મલેશી તિર્યંચાણી સંખ્યાતગુણી છે, (૫) તેનાથી તેજોલેશી ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સંખ્યાતગુણા છે, (૬) તેનાથી તેજોલેશી તિર્યંચાણી સંખ્યાતગુણી છે, (૭) તેનાથી કાપોતલેશી ગર્ભજ તિર્યંચ-યોનિકો સંખ્યાતગુણા, (૮) તેનાથી નીલલેશી ગર્ભજ તિર્યંચો વિશેષાધિક, (૯) તેનાથી કૃષ્ણલેશી ગર્ભજ તિર્યંચો વિશેષાધિક, (૧૦) તેનાથી કાપોતલેશી તિર્યંચાણી સંખ્યાતગુણી, (૧૧) તેનાથી નીલલેશી તિર્યંચાણી વિશેષાધિક, (૧૨) તેનાથી કૃષ્ણલેશી તિર્યંચાણી વિશેષાધિક છે, (૧૩) તેનાથી કાપોતલેશી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો અસંખ્યાતગુણા છે, (૧૪) તેનાથી નીલલેશી સંમૂર્ચ્છિમ (અસંજ્ઞી) તિર્યંચ પંચેંદ્રિય વિશેષાધિક છે અને (૧૫) તેનાથી કૃષ્ણલેશી સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેંદ્રિય વિશેષાધિક છે. ॥ ૮ ॥

**૩૭ एएसि णं भंते ! पंचेंदियतिरिक्खजोणियाणं तिरिक्खजोणिणीण य कण्हलेस्साणं** *जाव* **सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा?**

**गोयमा ! सव्वत्थोवा पंचेंदियतिरिक्खजोणिया सुक्कलेसा, सुक्कलेस्साओ तिरिक्ख-जोणिणीओ संखेज्जगुणाओ, पम्हलेस्सा पंचेंदियतिरिक्खजोणिया संखेज्जगुणा, पम्हलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ, तेउलेस्सा पंचेंदियतिरिक्खजोणिया संखेज्जगुणा तेउलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ, काउलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ, णीललेस्साओ तिरिक्खजोणिणीओ विसेसाहियाओ, कण्हलेस्साओ तिरिक्खजोणिणीओ विसेसाहियाओ, काउलेस्सा पंचेंदियतिरिक्खजोणिया असंखेज्जगुणा, णीललेस्सा पंचेंदियतिरिक्खजोणिया विसेसाहिया, कण्हलेस्सा पंचेंदिय- तिरिक्खजोणिया विसेसाहिया ॥९॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશી પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને તિર્યંચાણીમાં કોણ, કોનાથી, અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા શુક્લલેશી પંચેન્દ્રિય તિર્યંચયોનિકો છે, (૨) તેનાથી શુક્લ-લેશી તિર્યંચાણી સંખ્યાતગુણી છે, (૩) તેનાથી પદ્મલેશી પંચેન્દ્રિય તિર્યંચો સંખ્યાતગુણા છે, (૪) તેનાથી પદ્મલેશી પંચેન્દ્રિય તિર્યંચાણીઓ સંખ્યાતગુણી છે, (૫) તેનાથી તેજોલેશી પંચેન્દ્રિય તિર્યંચયોનિકો

સંખ્યાતગુણા છે, (૬) તેનાથી તેજોલેશી તિર્યંચાણી સંખ્યાતગુણી છે, (૭) તેનાથી કાપોતલેશી તિર્યંચાણી સંખ્યાતગુણી છે, (૮) તેનાથી નીલલેશી તિર્યંચાણી વિશેષાધિક છે, (૯) તેનાથી કૃષ્ણલેશી તિર્યંચાણી વિશેષાધિક છે, (૧૦) તેનાથી કાપોતલેશી તિર્યંચ પંચેન્દ્રિય અસંખ્યાતગુણા છે, (૧૧) તેનાથી નીલલેશી તિર્યંચ પંચેન્દ્રિય વિશેષાધિક છે, (૧૨) તેનાથી કૃષ્ણલેશી તિર્યંચ પંચેન્દ્રિય વિશેષાધિક છે. ॥ ૯ ॥

**૩૮ एएसि णं भंते ! तिरिक्खजोणियाणं तिरिक्खजोणिणीण य कण्हलेस्साणं** *जाव* **सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! जहेव णवमं अप्पाबहुगं तहा इमं पि, णवरं- काउलेस्सा तिरिक्खजोणिया अणंतगुणा । एवं एते दस अप्पाबहुगा तिरिक्खजोणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશી તિર્યંચયોનિકો અને તિર્યંચાણીઓમાં કોણ, કોનાથી, અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેવી રીતે નવમું કૃષ્ણાદિ લેશી તિર્યંચયોનિકો સંબંધી અલ્પબહુત્વ કહ્યું છે, તે જ રીતે દશમુ અલ્પબહુત્વ પણ સમજી લેવું જોઈએ. વિશેષતા એ છે કે કાપોતલેશી તિર્યંચયોનિકો અનંતગુણા કહેવા જોઈએ. આ પ્રમાણે તિર્યંચોના દશ અલ્પબહુત્વ થાય છે. ॥૧૦॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દશ પ્રકારે પંચેન્દ્રિય તિર્યંચના અલ્પબહુત્વનું નિરૂપણ છે. જેમાં દસમા અલ્પબહુત્વમાં સમસ્ત તિર્યંચોને સમાવિષ્ટ કરીને વિચારણા કરી છે. આ દસ પ્રકારોને ટીકાકારે બે ગાથામાં સંક્ષિપ્ત રૂપે સંકલિત કર્યા છે. યથા–

**ओहिय पणिंद समुच्छिया य, गब्भे तिरिक्ख इत्थिओ ।**
**संमुच्छिमगब्भतिरिया, समुच्छतिरिक्खी य गब्भम्मि ॥१॥**

**संमुच्छिम-गब्भ-इत्थी, पणिंदि तिरिगित्थीया य ओहित्थी ।**
**दस अप्पबहुगभेया, तिरियाणं होंति णायव्वा ॥२॥**

**અર્થ–** (૧) સમુચ્ચય પંચેન્દ્રિય તિર્યંચનું (૨) સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચનું (૩) ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચાણીનું (૪) ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો અને સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચોનું સાથે (૬) સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચો અને તિર્યંચાણીનું સાથે (૭) ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો અને તિર્યંચાણીઓનું સાથે (૮) સંમૂર્ચ્છિમ અને ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો અને ગર્ભજ તિર્યંચાણીઓનું સાથે (૯) પંચેન્દ્રિય તિર્યંચો અને તિર્યંચાણીનું સાથે (૧૦) ઔધિક તિર્યંચો અને તિર્યંચાણીઓનું સાથે અલ્પબહુત્વ.

**(૧) સમુચ્ચય તિર્યંચ પંચેન્દ્રિય :–** તિર્યંચ પંચેન્દ્રિયમાં છ લેશ્યા હોય છે. તેનું અલ્પબહુત્વ સમુચ્ચય તિર્યંચ પ્રમાણે થાય છે– (૧) સર્વથી થોડા શુક્લલેશી જીવો છે (૨) તેનાથી પદ્મલેશી તિર્યંચ પંચેન્દ્રિય સંખ્યાતગુણા છે. (૩) તેનાથી તેજોલેશી તિર્યંચ પંચેન્દ્રિય સંખ્યાતગુણ છે. (૪) તેનાથી કાપોતલેશી તિર્યંચ પંચેન્દ્રિય અસંખ્યાતગુણા છે. સમુચ્ચય તિર્યંચમાં નિગોદના જીવોનો સમાવેશ થાય છે અને નિગોદના જીવો અનંતા હોવાથી કાપોતલેશી તિર્યંચોને અનંતગુણા કહ્યા છે. પરંતુ અહીં તિર્યંચ પંચેન્દ્રિયનું અલ્પબહુત્વ હોવાથી અને પંચેન્દ્રિય તિર્યંચો અસંખ્યાતા જ હોવાથી તેને અસંખ્યાતગુણા કહ્યા છે. (૫–૬) તેનાથી નીલલેશી

અને કૃષ્ણલેશી તિર્યંચ પંચેન્દ્રિયો ક્રમશઃ વિશેષાધિક છે.

**(૨) સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય :–** તેમાં પ્રથમ ત્રણ લેશ્યા જ હોય છે. તેનું અલ્પબહુત્વ તેજસ્કાયિક જીવોની સમાન છે. સર્વથી થોડા કાપોતલેશી, તેનાથી નીલલેશી અને કૃષ્ણલેશી જીવો ક્રમશઃ વિશેષાધિક છે.

**(૩–૪) ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ તિર્યંચાણી :–** તે બંનેમાં છ લેશ્યા હોય છે. તેના બે જુદા-જુદા અલ્પબહુત્વ સમુચ્ચય તિર્યંચ પંચેન્દ્રિય પ્રમાણે જ થાય છે અર્થાત્ પ્રથમ અલ્પબહુત્વ પ્રમાણે જાણવું.

**(૫) સંમૂર્ચ્છિમ અને ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય :–** સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયમાં ત્રણ લેશ્યા અને ગર્ભજ તિર્યંચમાં છ લેશ્યા હોય છે. ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય જીવોથી સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયો અસંખ્યાતગુણા અધિક હોય છે. તેથી (૧) સર્વથી થોડા શુક્લલેશી ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય છે તેનાથી (૨ થી ૬) પદ્મ, તેજો, કાપોત, નીલ અને કૃષ્ણલેશી ગર્ભજ તિર્યંચ ક્રમશઃ સંખ્યાતગુણા છે અને (૭) તેનાથી કાપોતલેશી સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અસંખ્યાતગુણા છે. (૮–૯) તેનાથી નીલ અને કૃષ્ણલેશી સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય ક્રમશઃ વિશેષાધિક છે.

**(૬) સંમૂર્ચ્છિમ તિર્યંચ–ગર્ભજ તિર્યંચાણી :–** ગર્ભજ તિર્યંચની જેમ તિર્યંચાણીમાં પણ છ લેશ્યા છે અને સંમૂર્ચ્છિમ તિર્યંચમાં ત્રણ અશુભ લેશ્યા છે. તેનું અલ્પબહુત્વ પાંચમા અલ્પબહુત્વની સમાન છે.

**(૭) ગર્ભજ તિર્યંચ–તિર્યંચાણી :–** ગર્ભજ તિર્યંચ અને તિર્યંચાણી તે બંનેમાં છ-છ લેશ્યા હોય છે. પ્રત્યેક લેશ્યામાં સ્ત્રીઓની સંખ્યા અધિક હોય છે. સામાન્ય રીતે પણ તિર્યંચથી તિર્યંચાણી અધિક હોય છે.

(૧) સર્વથી થોડા શુક્લલેશી ગર્ભજ તિર્યંચ છે. (૨) તેનાથી શુક્લલેશી તિર્યંચાણી સંખ્યાતગુણી છે (૩-૬) આ રીતે ક્રમશઃ પદ્મલેશી, તેજોલેશી ગર્ભજ તિર્યંચ તિર્યંચાણી ક્રમશઃ સંખ્યાતગુણ અધિક છે. તેનાથી (૭) કાપોતલેશી ગર્ભજ તિર્યંચ સંખ્યાતગુણા છે (૮-૯) તેનાથી નીલલેશી અને કૃષ્ણલેશી ગર્ભજ તિર્યંચ ક્રમશઃ વિશેષાધિક છે. (૧૦) તેનાથી કાપોતલેશી તિર્યંચાણી સંખ્યાતગુણી અને તેનાથી (૧૧-૧૨) નીલલેશી અને કૃષ્ણલેશી તિર્યંચાણી ક્રમશઃ વિશેષાધિક છે.

**(૮) સંમૂર્ચ્છિમ, ગર્ભજ તિર્યંચ અને તિર્યંચાણી :–** ગર્ભજ તિર્યંચ-તિર્યંચાણી બંનેમાં છ-છ લેશ્યા અને સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયમાં પ્રથમ ત્રણ અશુભલેશ્યા હોય છે. સાતમા અલ્પબહુત્વની જેમ ગર્ભજ તિર્યંચ-તિર્યંચાણીના બાર બોલ છે અને ત્યારપછી (૧૩) કાપોતલેશી સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અસંખ્યાતગુણા છે અને (૧૪-૧૫) નીલલેશી અને કૃષ્ણલેશી સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય ક્રમશઃ વિશેષાધિક છે. કારણ કે ગર્ભજ તિર્યંચ-તિર્યંચાણીથી સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અસંખ્યાતગુણા છે.

**(૯) સમુચ્ચય પંચેન્દ્રિય તિર્યંચ–તિર્યંચાણી :–** સમુચ્ચય પંચેન્દ્રિય તિર્યંચમાં ગર્ભજ અને સંમૂર્ચ્છિમ બંને પ્રકારના તિર્યંચ પંચેન્દ્રિયોનો સમાવેશ થાય છે. સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયમાં ત્રણ અશુભ લેશ્યા અને ગર્ભજ તિર્યંચમાં છ લેશ્યા હોય છે. તેથી તેજો, પદ્મ અને શુક્લલેશી તિર્યંચો માત્ર ગર્ભજ હોય છે. તેમાંઅશુભ લેશ્યાવાળા જીવો ક્રમશઃ અધિક હોય છે.

આ રીતે તેજો આદિ ત્રણ લેશ્યાના ત્રણ બોલ અને કૃષ્ણાદિ ત્રણ લેશ્યાના છ બોલ, એમ કુલ ૯ બોલનો આ નવમું અલ્પબહુત્વ છે જે ભાવાર્થથી સ્પષ્ટ છે.

**(૧૦) સમુચ્ચય તિર્યંચ અને તિર્યંચાણી :–** સમુચ્ચય તિર્યંચમાં એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવોનો પણ સમાવેશ થાય છે. તેમાં વનસ્પતિકાયિક જીવો અનંતા હોવાથી સમુચ્ચય તિર્યંચો અનંતા થાય છે. નિગોદ

જીવોમાં પ્રથમ ત્રણ અશુભ લેશ્યા હોય છે. તેથી આ અલ્પબહુત્વમાં તેજોલેશી તિર્યંચાણીથી કાપોતલેશી તિર્યંચો અનંતગુણા થાય છે.

**લેશ્યાની અપેક્ષાએ તિર્યંચ પંચેન્દ્રિયોનું અલ્પબહુત્વ :–**

| જીવ પ્રકાર | પ્રમાણ | કારણ |
|---|---|---|
| ૧ શુક્લલેશી તિર્યંચ પંચેન્દ્રિય | સર્વથી થોડા | શુક્લલેશ્યા અલ્પ જીવોમાં જ હોય છે. |
| ૨ પદ્મલેશી તિર્યંચ પંચેન્દ્રિય | સંખ્યાતગુણા | સંખ્યાતગુણા જીવોમાં પદ્મલેશ્યા હોય છે. |
| ૩ તેજોલેશી તિર્યંચ પંચેન્દ્રિય | સંખ્યાતગુણા | પદ્મલેશી જીવોથી તેજોલેશી જીવોની સંખ્યા અધિક છે. |
| ૪ કાપોતલેશી તિર્યંચ પંચેન્દ્રિય | અસંખ્યાતગુણા | અશુભલેશ્યા ઘણા અધિક જીવોમાં હોય છે. |
| ૫ નીલલેશી તિર્યંચ પંચેન્દ્રિય | વિશેષાધિક | તે જીવો કંઈક અધિક હોય છે. |
| ૬ કૃષ્ણલેશી તિર્યંચ પંચેન્દ્રિય | વિશેષાધિક | તે જીવો કંઈક અધિકતર હોય છે. |

**લેશ્યાની અપેક્ષાએ મનુષ્યનું અલ્પબહુત્વ :–**

**૩૯ एवं मणूसाणं पि अप्पाबहुगा भाणियव्वा । णवरं पच्छिमगं अप्पाबहुगं णत्थि ।**

**ભાવાર્થ :–** આ રીતે (તિર્યંચ પંચેન્દ્રિયની જેમ જ) કૃષ્ણાદિ લેશ્યાયુક્ત મનુષ્યોનું અલ્પબહુત્વ કહેવું જોઈએ પરંતુ તેમાં અંતિમ દશમું અલ્પબહુત્વ થતું નથી અર્થાત્ નવ અલ્પબહુત્વ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં તિર્યંચોના અતિદેશપૂર્વક મનુષ્યોના અલ્પબહુત્વનું કથન છે.

મનુષ્યોના બે પ્રકાર છે ગર્ભજ મનુષ્યો અને સંમૂર્ચ્છિમ મનુષ્યો. ગર્ભજ મનુષ્યો સંખ્યાત છે અને તેમાં છ લેશ્યા હોય છે. સંમૂર્ચ્છિમ મનુષ્યો અસંખ્યાતા છે અને તેમાં પ્રથમની ત્રણ અશુભલેશ્યા હોય છે.

તિર્યંચ પંચેન્દ્રિયની જેમ જ નવ પ્રકારે મનુષ્યોનું અલ્પબહુત્વ થાય છે. તિર્યંચ પંચેન્દ્રિયના દશમા સમુચ્ચયના અલ્પબહુત્વમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના તિર્યંચોનો સમાવેશ થાય છે. તે મનુષ્યમાં શક્ય નથી, તેથી તેમાં દસમા(અંતિમ) અલ્પબહુત્વનો નિષેધ છે.

**લેશ્યાની અપેક્ષાએ દેવોનું અલ્પબહુત્વ :–**

**૪૦ एएसि णं भंते ! देवाणं कण्हलेस्साणं** *जाव* **सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा देवा सुक्कलेस्सा, पम्हलेस्सा असंखेज्जगुणा, काउलेस्सा असंखेज्जगुणा, णीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया, तेउलेस्सा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશી દેવોમાં કોણ, કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા શુક્લલેશી દેવો છે, (૨) તેનાથી પદ્મલેશી દેવો અસંખ્યાતગુણા છે. (૩) તેનાથી કાપોતલેશી દેવો અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી નીલલેશી દેવો વિશેષાધિક છે, (૫) તેનાથી કૃષ્ણલેશી દેવો વિશેષાધિક છે અને (૬) તેનાથી તેજોલેશી દેવો સંખ્યાતગુણા છે.

**૪૧ एएसि णं भंते ! देवीणं कण्हलेस्साणं** *जाव* **तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवाओ देवीओ काउलेस्साओ, णीललेस्साओ विसेसाहियाओ, कण्हलेस्साओ विसेसाहियाओ, तेउलेस्साओ संखेज्जगुणाओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** તેજોલેશી દેવીઓમાં કોણ, કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડી કાપોતલેશી દેવીઓ છે, (૨) તેનાથી નીલલેશી દેવીઓ વિશેષાધિક છે, (૩) તેનાથી કૃષ્ણલેશી દેવીઓ વિશેષાધિક છે અને (૪) તેનાથી તેજોલેશી દેવીઓ સંખ્યાત ગુણી છે.

**૪૨ एएसि णं भंते ! देवाणं देवीणं च कण्हलेस्साणं** *जाव* **सुक्कलेस्साणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा देवा सुक्कलेस्सा, पम्हलेस्सा असंखेज्जगुणा, काउलेस्सा असंखेज्जगुणा, णीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया, काउलेस्साओ देवीओ संखेज्जगुणाओ, णीललेस्साओ विसेसाहियाओ, कण्हलेस्साओ विसेसाहियाओ, तेउलेस्सा देवा संखेज्जगुणा, तेउलेस्साओ देवीओ संखेज्जगुणाओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશી દેવો તથા દેવીઓમાં કોણ, કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા શુક્લલેશી દેવો છે, (૨) તેનાથી પદ્મલેશી દેવો અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી કાપોતલેશી દેવો અસંખ્યાતગુણા છે. (૪) તેનાથી નીલલેશી દેવો વિશેષાધિક છે, (૫) તેનાથી કૃષ્ણલેશી દેવો વિશેષાધિક છે. (૬) તેનાથી કાપોતલેશી દેવીઓ સંખ્યાતગુણી છે. (૭) તેનાથી નીલલેશી દેવીઓ વિશેષાધિક છે. (૮) તેનાથી કૃષ્ણલેશી દેવીઓ વિશેષાધિક છે. તેનાથી તેજોલેશી દેવો સંખ્યાતગુણા છે અને તેનાથી તેજોલેશી દેવીઓ સંખ્યાતગુણી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય દેવ-દેવીઓના અલ્પબહુત્વનું પ્રતિપાદન છે.

**છ લેશ્યાયુક્ત સમુચ્ચય દેવોનું અલ્પબહુત્વ :–** ભવનપતિ અને વ્યંતરદેવોમાં પ્રથમની ચાર લેશ્યા, જ્યોતિષી અને પ્રથમ બે દેવલોકના દેવોમાં તેજોલેશ્યા, ત્રીજા, ચોથા અને પાંચમા દેવલોકમાં પદ્મલેશ્યા અને છઠ્ઠા દેવલોકથી સવાર્થસિદ્ધ વિમાન સુધીના દેવોમાં શુક્લેશ્યા હોય છે. આ રીતે સમુચ્ચય દેવોમાં છ એ છ લેશ્યા હોય છે. વૈમાનિક દેવોમાં ઉપર–ઉપરના દેવલોકના દેવોની સંખ્યા અલ્પ હોય છે. તે અપેક્ષાએ અલ્પબહુત્વ સમજવું.

(૧) સર્વથી થોડા શુક્લલેશી દેવો છે કારણ કે શુક્લલેશી દેવો છઠ્ઠાથી ઉપરના દેવલોકમાં જ હોય છે. તે દેવોની સંખ્યા અલ્પ છે. (૨) તેનાથી પદ્મલેશી દેવો અસંખ્યાતગુણા છે કારણ કે ત્રીજા, ચોથા અને પાંચમા દેવલોકના દેવોમાં પદ્મલેશ્યા છે. તે દેવો ઉપરના દેવલોકના દેવોથી અસંખ્યાતગુણા અધિક છે.

(૩) તેનાથી કાપોતલેશી દેવો અસંખ્યાતગુણા છે, કારણ કે ભવનપતિ અને વ્યંતર દેવો કાપોતલેશી હોય છે. (૪) તેનાથી નીલલેશી દેવો વિશેષાધિક છે કારણ કે ઘણા ભવનપતિ અને વ્યંતર દેવોમાં નીલલેશ્યા હોય છે. (૫) તેનાથી કૃષ્ણલેશી દેવો વિશેષાધિક છે કારણ કે અધિકાંશ ભવનપતિ અને વ્યંતરદેવોમાં કૃષ્ણલેશ્યા હોય છે. (૬) તેનાથી તેજોલેશી દેવો સંખ્યાતગુણા છે, કારણ કે સર્વ જ્યોતિષી દેવોમાં તેજોલેશ્યા હોય છે. ચારે જાતિના દેવોમાં જ્યોતિષી દેવોની સંખ્યા સર્વથી અધિક હોય છે. તેથી તેજોલેશી દેવોની સંખ્યા સર્વથી અધિક હોય છે.

**સમુચ્ચય ચાર લેશ્યાયુક્ત દેવીઓનું અલ્પબહુત્વ :–** ભવનપતિ અને વ્યંતર દેવીઓમાં ચાર લેશ્યા, જ્યોતિષી અને પ્રથમ બે દેવલોકની દેવીઓને તેજોલેશ્યા હોય છે.

(૧) સર્વથી થોડી કાપોતલેશી દેવીઓ હોય છે, કારણ કે કેટલીક ભવનપતિ અને વ્યંતર દેવીઓ જ કાપોતલેશી હોય છે. (૨) તેનાથી નીલલેશી દેવીઓ વિશેષાધિક છે, કારણ કે ભવનપતિ અને વ્યંતરોમાં નીલલેશી દેવીઓની સંખ્યા કંઈક અધિક હોય છે. (૩) તેનાથી કૃષ્ણલેશી દેવીઓ વિશેષાધિક છે કારણ કે ભવનપતિ અને વ્યંતર જાતિની દેવીઓમાં કૃષ્ણલેશી અધિક હોય છે. (૪) તેનાથી તેજોલેશી દેવીઓ સંખ્યાતગુણી છે કારણ કે જ્યોતિષી અને પહેલા બે દેવલોકની સર્વ દેવીઓને તેજોલેશ્યા હોય છે.

**સમુચ્ચય છ લેશ્યાયુક્ત દેવ-દેવીઓનું અલ્પબહુત્વ :–** ઉત્કૃષ્ટતાની અપેક્ષાએ દેવ કરતાં દેવીઓ બત્રીસ ગુણી અને બત્રીસ અધિક હોય છે તેથી અલ્પબહુત્વમાં સર્વત્ર દેવથી દેવીઓ સંખ્યાતગુણી હોય છે. (૧) સર્વથી થોડા શુક્લલેશી દેવો છે (૨) તેનાથી પદ્મલેશી દેવો અસંખ્યાતગુણા છે (૩) તેનાથી કાપોતલેશી દેવો અસંખ્યાતગુણા (૪-૫) તેનાથી નીલલેશી અને કૃષ્ણલેશી દેવો ક્રમશઃ વિશેષાધિક છે. (૬) તેનાથી કાપોતલેશી દેવીઓ સંખ્યાતગુણી (૭-૮) તેનાથી નીલલેશી અને કૃષ્ણલેશી દેવીઓ ક્રમશઃ વિશેષાધિક છે. (૯-૧૦) તેનાથી તેજોલેશી દેવ–દેવીઓ ક્રમશઃ સંખ્યાતગુણા છે, કારણ કે ચારે જાતિના દેવ-દેવીઓમાં જ્યોતિષી દેવ દેવીઓની સંખ્યા અધિક છે અને તેને એક તેજોલેશ્યા હોય છે. તેમજ કેટલાક ભવનપતિ અને વ્યંતર દેવ-દેવીઓને તથા પ્રથમ બે દેવલોકના સર્વ દેવ-દેવીઓને તેજોલેશ્યા હોય છે.

**લેશ્યાની અપેક્ષાએ સમુચ્ચય દેવ–દેવીઓનું અલ્પબહુત્વ :–**

| જીવ પ્રકાર | પ્રમાણ | કારણ |
|---|---|---|
| ૧ શુક્લલેશી દેવો | સર્વથી થોડા | છટ્ઠા દેવલોકથી ઉપરના દેવલોકમાં જ હોવાથી તે અલ્પસંખ્યક છે. |
| ૨ પદ્મલેશી દેવો | અસંખ્યાતગુણા | ૩, ૪, ૫ દેવલોકના દેવોની સંખ્યા અસંખ્યાતગુણી છે. |
| ૩ કાપોતલેશી દેવો | અસંખ્યાતગુણા | ભવનપતિ, વ્યંતર દેવો ઉપરના દેવોથી અસંખ્યાતગુણા છે. |
| ૪ નીલલેશી દેવો | વિશેષાધિક | ઘણા ભવનપતિ, વ્યંતર દેવોમાં નીલલેશ્યા હોય છે. |
| ૫ કૃષ્ણલેશી દેવી | વિશેષાધિક | અધિકતમ ભવનપતિ, વ્યંતરોમાં કૃષ્ણલેશ્યા હોય છે. |
| ૬ કાપોતલેશી દેવી | સંખ્યાતગુણી | દેવ કરતાં દેવીઓ ૩ર ગુણી અને ૩ર અધિક છે. |
| ૭ નીલલેશી દેવી | વિશેષાધિક | ઘણી ભવનપતિ, વ્યંતર દેવીઓમાં નીલલેશ્યા હોય છે. |
| ૮ કૃષ્ણલેશી દેવી | વિશેષાધિક | અધિકતમ ભવનપતિ, વ્યંતર દેવીઓમાં કૃષ્ણલેશ્યા હોય છે. |
| ૯ તેજોલેશી દેવો | સંખ્યાતગુણા | સર્વ દેવોમાં જ્યોતિષી દેવો અધિક છે અને તેમાં તેજોલેશ્યા હોય છે. |
| ૧૦ તેજોલેશી દેવી | સંખ્યાતગુણી | દેવોથી દેવીઓ અધિક હોય છે. |

**લેશ્યાની અપેક્ષા ભવનપતિ–વ્યંતર દેવ–દેવીઓનું અલ્પબહુત્વ :–**

**૪૩ एएसि णं भंते ! भवणवासीणं देवाणं कण्हलेस्साणं** *जाव* **तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा भवणवासी देवा तेउलेस्सा, काउलेस्सा असंखेज्जगुणा, णीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** તેજોલેશી ભવનવાસી દેવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા તેજોલેશી ભવનવાસી દેવો છે, (૨) તેનાથી કાપોતલેશી ભવનવાસી દેવો અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી નીલલેશી ભવનવાસી દેવો વિશેષાધિક છે, (૪) તેનાથી કૃષ્ણલેશી ભવનવાસી દેવો વિશષાધિક છે.

**૪૪ एएसि णं भंते ! भवणवासीणीणं देवीणं कण्हलेस्साणं** *जाव* **तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** તેજોલેશી ભવનવાસી દેવીઓમાં કોણ, કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભવનવાસી દેવો પ્રમાણે તેની દેવીઓનું અલ્પબહુત્વ જાણવું જોઈએ.

**૪૫ एएसि णं भंते ! भवणवासीणं देवाणं देवीणं च कण्हलेस्साणं** *जाव* **तेउलेस्साणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा भवणवासी देवा तेउलेस्सा, भवणवासिणीओ तेउलेस्साओ संखेज्जगुणाओ, काउलेस्सा भवणवासी असंखेज्जगुणा, णीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया, काउलेस्साओ भवणवासिणीओ संखेज्जगुणाओ, णीललेस्साओ विसेसाहियाओ, कण्हलेस्साओ विसेसाहियाओ ।**

**एवं वाणमंतराण वि तिण्णेव अप्पाबहुया जहेव भवणवासीणं तहेव भाणियव्वा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** તેજોલેશી ભવનવાસી દેવો અને દેવીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા તેજોલેશી ભવનવાસી દેવો છે, (૨) તેનાથી તેજોલેશી ભવનવાસી દેવીઓ સંખ્યાતગુણી છે, (૩) તેનાથી કાપોતલેશી દેવો અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી નીલલેશી દેવો વિશેષાધિક છે, (૫) તેનાથી કૃષ્ણલેશી દેવો વિશેષાધિક છે, (૬) તેનાથી કાપોતલેશી ભવનવાસી દેવીઓ સંખ્યાતગુણી છે, (૭) તેનાથી નીલલેશી દેવીઓ વિશેષાધિક છે અને (૮) તેનાથી કૃષ્ણલેશી દેવીઓ વિશેષાધિક છે.

ભવનવાસી દેવ-દેવીઓના અલ્પબહુત્વના કથનની જેમ વાણવ્યંતર દેવો, દેવીઓ અને

દેવ-દેવીઓનું સમ્મિલિત, આ પ્રમાણેના ત્રણે અલ્પબહુત્વ કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભવનપતિ, વ્યંતર દેવ-દેવીઓના અલ્પબહુત્વનું પ્રતિપાદન છે.

(૧) સર્વથી થોડા તેજોલેશી દેવો છે કારણ કે ભવનપતિ-વ્યંતર જાતિના દેવોમાં અલ્પ દેવોને જ તેજોલેશ્યા હોય છે (૨) તેનાથી કાપોતલેશી ભવનપતિ-વ્યંતર દેવો અસંખ્યાતગુણા છે કારણ કે ઘણા દેવોમાં કાપોતલેશ્યા હોય છે. (૩-૪) તેનાથી નીલલેશી અને કૃષ્ણલેશી દેવો ક્રમશઃ વિશેષાધિક છે કારણ કે અશુભ લેશ્યાવાળા દેવોની સંખ્યા અધિક-અધિક હોય છે.

ભવનપતિ અને વ્યંતર દેવીઓમાં પણ ચાર લેશ્યા હોય છે તેનું અલ્પબહુત્વ દેવોની સમાન છે. ભવનપતિ અને વ્યંતર દેવ-દેવીઓના સમ્મિલિત અલ્પબહુત્વમાં દેવ કરતા દેવીઓ અધિક હોય છે. તેનું અલ્પબહુત્વ ભાવાર્થથી સ્પષ્ટ છે.

**લેશ્યાની અપેક્ષાએ ભવનપતિ, વ્યંતર દેવ–દેવીઓનું અલ્પબહુત્વ :–**

| જીવ પ્રકાર | પ્રમાણ | કારણ |
|---|---|---|
| ૧ તેજોલેશી દેવ | સર્વથી થોડા | કેટલાક દેવોમાં જ તેજોલેશ્યા હોય છે. |
| ૨ તેજોલેશી દેવી | સંખ્યાતગુણી | દેવ કરતાં દેવી ૩૨ અધિક ૩૨ ગુણી છે. |
| ૩ કાપોતલેશી દેવ | અસંખ્યાતગુણા | ઘણા દેવોમાં હોય છે. |
| ૪ નીલલેશી દેવ | વિશેષાધિક | અશુભલેશી દેવો અધિક હોય છે. |
| ૫ કૃષ્ણલેશી દેવ | વિશેષાધિક | અશુભતમ લેશ્યા અધિક દેવોમાં હોય છે. |
| ૬ કાપોતલેશી દેવી | સંખ્યાતગુણી | દેવ કરતા દેવીઓની સંખ્યા અધિક છે. |
| ૭ નીલલેશી દેવી | વિશેષાધિક | અશુભલેશ્યા કંઈક અધિક દેવીઓમાં હોય છે. |
| ૮ કૃષ્ણલેશી દેવી | વિશેષાધિક | અશુભતમ લેશ્યાવાળી દેવીઓ કંઈક અધિક હોય છે. |

**લેશ્યાની અપેક્ષાએ જ્યોતિષી દેવ–દેવીઓનું અલ્પબહુત્વ :–**

**૪૬ एएसि णं भंते ! जोइसियाणं देवाणं देवीणं च तेउलेस्साणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा जोइसियदेवा तेउलेस्सा, जोइसिणीदेवीओ तेउलेस्साओ संखेज्जगुणाओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેજોલેશી જ્યોતિષ્ક દેવોમાં અને દેવીઓમાં કોણ, કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા તેજોલેશી જ્યોતિષ્કદેવો છે અને તેનાથી તેજોલેશી તેની દેવીઓ સંખ્યાતગુણી છે.

**લેશ્યાની અપેક્ષાએ વૈમાનિક દેવ–દેવીઓનું અલ્પબહુત્વ :–**

**૪૭ एएसि णं भंते ! वेमाणियाणं देवाणं तेउलेस्साणं पम्हलेस्साणं सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा वेमाणिया देवा सुक्कलेस्सा, पम्हलेस्सा असंखेज्जगुणा, तेउलेस्सा असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેજોલેશી, પદ્મલેશી અને શુક્લલેશી વૈમાનિક દેવોમાં કોણ, કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી અલ્પ શુક્લલેશી વૈમાનિક દેવો છે, તેનાથી પદ્મલેશી વૈમાનિક દેવો અસંખ્યાતગુણા છે અને તેનાથી તેજોલેશી વૈમાનિક દેવો અસંખ્યાતગુણા છે.

**૪૮ एएसि णं भंते ! वेमाणिया णं देवाणं देवीणं च तेउलेस्साणं पम्हलेस्साणं सुक्कलेस्साणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा वेमाणियाणं देवा सुक्कलेस्सा, पम्हलेस्सा असंखेज्जगुणा, तेउलेस्सा असंखेज्जगुणा, तेउलेस्साओ वेमाणिणीओ देवीओ संखेज्जगुणाओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેજોલેશી, પદ્મલેશી અને શુક્લલેશી વૈમાનિક દેવો અને દેવીઓમાં કોણ, કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા શુક્લલેશી વૈમાનિક દેવો છે. (૨) તેનાથી પદ્મલેશી દેવો અસંખ્યાતગુણા છે. (૩) તેનાથી તેજોલેશી દેવો અસંખ્યાતગુણા છે. (૪) તેનાથી તેજોલેશી વૈમાનિક દેવીઓ સંખ્યાતગુણી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વૈમાનિક દેવ-દેવીઓના અલ્પબહુત્વનું નિરૂપણ છે.

પ્રથમ બે દેવલોકના દેવ-દેવીઓને એક તેજોલેશ્યા, ત્રીજા, ચોથા અને પાંચમા દેવલોકમાં પદ્મલેશ્યા અને છઠ્ઠાથી ઉપરના દેવલોકમાં એક શુક્લલેશ્યા છે.

**વૈમાનિક દેવોનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા શુક્લલેશી દેવો છે કારણ કે છઠ્ઠાથી ઉપરના દેવલોકમાં જ શુક્લલેશ્યા હોય છે અને ઉપર-ઉપરના દેવલોકમાં દેવોની સંખ્યા અલ્પ હોય છે. (૨) તેનાથી પદ્મલેશી દેવો અસંખ્યાતગુણા છે, કારણ કે ત્રીજા, ચોથા અને પાંચમા દેવલોકમાં પદ્મલેશ્યા હોય છે. તેમાં વિમાન વધુ છે, તેથી શુક્લલેશી દેવોથી તે અસંખ્યાતગુણા થઈ જાય છે. (૩) તેનાથી તેજોલેશી દેવો અસંખ્યાતગુણા છે. કારણ કે પ્રથમ બે દેવલોકમાં તેજોલેશ્યા હોય છે, તેમાં વિમાન વધુ છે અને દેવો કરતાં દેવીઓ દેવો કરતાં વધુ હોય છે, તેથી તેજોલેશીની સંખ્યા પદ્મલેશી દેવોથી અસંખ્યાતગુણી થઈ જાય છે.

વૈમાનિક દેવીઓ પ્રથમ બે દેવલોકમાં જ છે અને ત્યાં એક માત્ર તેજોલેશ્યા જ હોય છે તેથી લેશ્યાની અપેક્ષાએ દેવીઓનું અલ્પબહુત્વ થતું નથી.

**વૈમાનિક દેવ–દેવીઓનું સમ્મિલિત અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા શુક્લલેશી વૈમાનિક દેવો છે. (૨-૩) તેનાથી પદ્મલેશી અને તેજોલેશી દેવો પૂર્વવત્ ક્રમશઃ અસંખ્યાતગુણા છે (૪) તેનાથી તેજોલેશી દેવીઓ સંખ્યાતગુણી છે, કારણ કે દેવ કરતાં દેવીઓની સંખ્યા ઉત્કૃષ્ટ પદે બત્રીસ ગુણી બત્રીસ અધિક છે.

**લેશ્યાની અપેક્ષાએ વૈમાનિક દેવ–દેવીઓનું અલ્પબહુત્વ :–**

| જીવ પ્રકાર | પ્રમાણ | કારણ |
|---|---|---|
| ૧ શુક્લલેશી વૈમાનિક દેવો | સર્વથી થોડા | છટ્ઠાથી ઉપરના દેવલોકમાં જ હોવાથી અલ્પસંખ્યક છે. |
| ૨ પદ્મલેશી દેવો | અસંખ્યાતગુણા | ૩, ૪, ૫ દેવલોકમાં દેવોની સંખ્યા વધુ છે. |
| ૩ તેજોલેશી દેવો | અસંખ્યાતગુણા | ૧, ૨ દેવલોકના દેવો અધિક છે. |
| ૪ તેજોલેશી દેવીઓ | સંખ્યાતગુણા | દેવોથી દેવીઓની સંખ્યા વધુ છે. |

**લેશ્યાની અપેક્ષાએ ચારે જાતિના દેવ–દેવીઓનું અલ્પબહુત્વ :–**

**૪૯ एएसि णं भंते ! भवणवासीणं वाणमंतराणं जोइसियाणं वेमाणियाण य देवाणं कण्हलेस्साणं** *जाव* **सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा वेमाणिया देवा सुक्कलेस्सा, पम्हलेस्सा असंखेज्जगुणा, तेउलेस्सा असंखेज्जगुणा ; तेउलेस्सा भवणवासी देवा असंखेज्जगुणा, काउलेस्सा असंखेज्ज- गुणा, णीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया; तेउलेस्सा वाणमंतरा देवा असंखेज्जगुणा, काउलेस्सा असंखेज्जगुणा, णीललेस्सा विसोहिया, कण्हलेस्सा विसेसाहिया; तेउलेस्सा जोइसियदेवा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશી ભવનવાસી, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોમાં કોણ, કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા શુક્લલેશી વૈમાનિક દેવો છે, (૨) તેનાથી પદ્મલેશી વૈમાનિક દેવો અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી તેજોલેશી વૈમાનિકદેવો અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી તેજોલેશી ભવનવાસી દેવો અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી કાપોતલેશી ભવનપતિ દેવો અસંખ્યાતગુણા છે, (૬) તેનાથી નીલલેશી ભવનવાસી દેવો વિશેષાધિક છે, (૭) તેનાથી કૃષ્ણલેશી ભવનવાસી દેવો વિશેષાધિક છે, (૮) તેનાથી તેજોલેશી વાણવ્યંતર દેવો અસંખ્યાતગુણા છે, (૯) તેનાથી કાપોતલેશી વાણવ્યંતર દેવો અસંખ્યાતગુણા છે, (૧૦) તેનાથી નીલલેશી વાણવ્યંતર દેવો વિશેષાધિક છે, (૧૧) તેનાથી કૃષ્ણલેશી વાણવ્યંતર દેવો વિશેષાધિક છે અને (૧૨) તેનાથી તેજોલેશી જ્યોતિષ્ક દેવો સંખ્યાતગુણા છે.

**૫૦ एएसि णं भंते ! भवणवासिणीणं वाणमंतरीणं जोइसिणीणं वेमाणिणीणं च देवीणं कण्हलेस्साणं** *जाव* **तेउलेस्साणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवाओ देवीओ वेमाणिणीओ तेउलेस्साओ; भवणवासिणीओ तेउलेस्साओ असंखेज्जगुणाओ, काउलेस्साओ असंखेज्जगुणाओ, णीललेस्साओ विसेसाहियाओ, कण्हलेस्साओ विसेसाहियाओ; तेउलेस्साओ वाणमंतरीओ देवीओ असंखेज्जगुणाओ, काउलेस्साओ असंखेज्जगुणाओ, णीललेस्साओ विसेसाहियाओ कण्हलेस्साओ विसेसाहियाओ, तेउलेस्साओ जोइसिणीओ देवीओ संखेज्जगुणाओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશી ભવનવાસી, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડી તેજોલેશી વૈમાનિક દેવીઓ છે, (૨) તેનાથી તેજોલેશી ભવનપતિ દેવીઓ અસંખ્યાતગુણી છે. (૩) તેનાથી કાપોતલેશી ભવનવાસી દેવીઓ અસંખ્યાતગુણી છે. (૪) તેનાથી નીલલેશી ભવનવાસી દેવીઓ વિશેષાધિક છે, (૫) તેનાથી કૃષ્ણલેશી ભવનવાસી દેવીઓ વિશેષાધિક છે, (૬) તેનાથી તેજોલેશી વાણવ્યંતરની દેવીઓ અસંખ્યાતગુણી છે. (૭) તેનાથી કાપોતલેશી વાણવ્યંતર દેવીઓ અસંખ્યાતગુણી છે, (૮) તેનાથી નીલલેશી વ્યંતરદેવીઓ વિશેષાધિક છે, (૯) તેનાથી કૃષ્ણલેશી વ્યંતર દેવીઓ વિશેષાધિક છે અને (૧૦) તેનાથી તેજોલેશી જ્યોતિષ્ક દેવીઓ સંખ્યાતગુણી છે.

**૫૧ एएसि णं भंते ! भवणवासीणं** *जाव* **वेमाणियाणं देवाण य देवीण य कण्हलेस्साणं** *जाव* **सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा?**

**गोयमा ! सव्वत्थोवा वेमाणिया देवा सुक्कलेस्सा, पम्हलेस्सा असंखेज्जगुणा, तेउलेस्सा असंखेज्जगुणा, तेउलेस्साओ वेमाणिणीओ देवीओ संखेज्जगुणाओ, तेउलेस्सा भवणवासी देवा असंखेज्जगुणा, तेउलेस्साओ भवणवासिणीओ देवीओ संखेज्जगुणाओ, काउलेस्सा भवणवासी असंखेज्जगुणा, णीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया, काउलेस्साओ भवणवासिणीओ संखेज्जगुणाओ, णीललेसाओ विसेसाहियाओ, कण्हलेसाओ विसेसाहियाओ, तेउलेस्सा वाणमंतरा असंखेज्जगुणा, तेउलेस्साओ वाणमंतरीओ संखेज्जगुणाओ, काउलेस्सा वाणमंतरा असंखेज्जगुणा, णीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया, काउलेस्साओ वाणमंतरीओ संखेज्जगुणाओ, णीललेस्साओ विसेसाहियाओ, कण्हलेस्साओ विसेसाहियाओ, तेउलेस्सा जोइसिया संखेज्जगुणा, तेउलेस्साओ जोइसिणीओ संखेज्जगुणाओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલશી ***યાવત્*** શુક્લલેશી ભવનવાસી, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવ અને દેવીઓમાં કોણ, કોનાથી, અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ભગવન્ ! (૧) સર્વથી થોડા શુક્લલેશી વૈમાનિક દેવો છે, (૨) તેનાથી પદ્મલેશી વૈમાનિક દેવો અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી તેજોલેશી વૈમાનિક દેવો અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી તેજોલેશી વૈમાનિક દેવીઓ સંખ્યાતગુણા છે, (૫) તેનાથી તેજોલેશી ભવનવાસી દેવો અસંખ્યાતગુણા છે. (૬) તેનાથી તેજોલેશી ભવનવાસી દેવીઓ સંખ્યાતગુણી છે, (૭) તેનાથી કાપોતલેશી ભવનવાસી દેવો અસંખ્યાતગુણા છે, (૮) તેનાથી નીલલેશી ભવનવાસી દેવો વિશેષાધિક છે, (૯) તેનાથી કૃષ્ણલેશી ભવનવાસી દેવો વિશેષાધિક છે, (૧૦) તેનાથી કાપોતલેશી ભવનવાસી દેવીઓ સંખ્યાતગુણી છે, (૧૧) તેનાથી નીલલેશી ભવનવાસીદેવીઓ વિશેષાધિક છે, (૧૨) તેનાથી કૃષ્ણલેશી ભવનવાસી દેવીઓ વિશેષાધિક છે, (૧૩) તેનાથી તેજોલેશી વાણવ્યંતર દેવો અસંખ્યાતગુણા છે, (૧૪) તેનાથી તેજોલેશી વાણવ્યંતર દેવીઓ સંખ્યાતગુણી છે, (૧૫) તેનાથી કાપોતલેશી વાણવ્યંતર દેવો અસંખ્યાતગુણા છે, (૧૬) તેનાથી નીલલેશી વ્યંતરદેવો વિશેષાધિક છે, (૧૭) તેનાથી કૃષ્ણલેશી વ્યતંરદેવો વિશેષાધિક છે, (૧૮) તેનાથી કાપોતલેશી વ્યંતર દેવીઓ સંખ્યાતગુણી છે, (૧૯) તેનાથી નીલલેશી વ્યંતરદેવીઓ વિશેષાધિક છે, (૨૦) તેનાથી કૃષ્ણલેશી વ્યંતર દેવીઓ વિશેષાધિક છે, (૨૧) તેનાથી તેજોલેશી જ્યોતિષ્કદેવો સંખ્યાતગુણા છે અને

(૨૨) તેનાથી તેજોલેશી જ્યોતિષી દેવીઓ સંખ્યાતગુણી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં લેશ્યાની અપેક્ષાએ ચારે જાતિના દેવોનું, દેવીઓનું અને દેવ-દેવીઓનું સાથે અલ્પબહુત્વ છે.

**દેવોનું અલ્પબહુત્વ :–** ચારે જાતિના દેવ-દેવીઓમાં ત્રીજા પદના ૯૮ બોલની અલ્પબહુત્વ પ્રમાણે વૈમાનિક જાતિના દેવ-દેવીઓની સંખ્યા અલ્પ છે. ત્યારપછી ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષી દેવ-દેવીઓની સંખ્યા ક્રમશઃ અધિક-અધિક છે. તે પ્રમાણે અલ્પબહુત્વ કરતાં (૧) સર્વથી થોડા શુક્લલેશી વૈમાનિક દેવો છે. (૨-૩) તેનાથી પદ્મલેશી અને તેજોલેશી વૈમાનિક દેવો પૂર્વવત્ ક્રમશઃ અસંખ્યાતગુણા છે. (૪) તેનાથી તેજોલેશી ભવનપતિ દેવો અસંખ્યાતગુણા છે કારણ કે ભવનો વધુ છે અને અલ્પ સ્થિતિવાળા ઘણા દેવોમાં તેજોલેશ્યા હોય છે. (૫) તેનાથી કાપોતલેશી ભવનપતિ દેવો અસંખ્યાતગુણા છે. કારણ કે અલ્પ ઋદ્ધિવાળા ઘણા ભવનપતિ દેવોમાં કાપોતલેશ્યા હોય છે. (૬-૭) તેનાથી નીલલેશી અને કૃષ્ણલેશી ભવનપતિ દેવો ક્રમશઃ અધિક હોય છે. કારણ કે તેમાં અશુભલેશી દેવોનું પ્રમાણ ક્રમશઃ અધિક હોય છે. (૮) તેનાથી તેજોલેશી વ્યંતર દેવો અસંખ્યાતગુણા છે કારણ કે વ્યંતર દેવ-દેવીઓની સંખ્યા (ત્રીજા અલ્પબહુત્વ પદ પ્રમાણે) ભવનપતિ કરતાં વધુ છે. (૯) તેનાથી કાપોતલેશી વ્યંતર દેવો અસંખ્યાતગુણા છે. કારણ કે કાપોતલેશી અલ્પ ઋદ્ધિવાળા દેવોની સંખ્યા ઘણી વધારે હોય છે. (૧૦-૧૧) તેનાથી નીલલેશી અને કૃષ્ણલેશી દેવો ક્રમશઃ વિશેષાધિક છે. (૧૨) તેનાથી તેજોલેશી જ્યોતિષી દેવો સંખ્યાતગુણા છે. કારણ કે ચારે જાતિના દેવોમાં જ્યોતિષી દેવોની સંખ્યા અધિક છે.

**દેવીઓનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડી તેજોલેશી વૈમાનિક દેવીઓ (૨-૩) તેનાથી તેજોલેશી અને કાપોતલેશી ભવનપતિ દેવીઓ ક્રમશઃ અસંખ્યાતગુણી છે. કારણ કે વૈમાનિક દેવ-દેવીઓથી ભવનપતિ-દેવીઓ વધુ હોય છે. (૪-૫) તેનાથી નીલલેશી અને કૃષ્ણલેશી ભવનપતિ દેવીઓ વિશેષાધિક છે. તે જ રીતે (૬-૭) તેનાથી તેજોલેશી અને કાપોતલેશી વ્યંતર દેવીઓ ક્રમશઃ અસંખ્યાતગુણી છે, કારણ કે ભવનપતિ દેવો કરતાં વ્યંતર દેવીઓ વધુ હોય છે. (૮-૯) તેનાથી નીલલેશી અને કૃષ્ણલેશી વ્યંતર દેવીઓ વિશેષાધિક છે. (૧૦) તેનાથી તેજોલેશી જ્યોતિષી દેવીઓ સંખ્યાતગુણી છે. ચારે જાતિના દેવો અને દેવીઓનું સમ્મિલિત અલ્પબહુત્વ ભાવાર્થથી સ્પષ્ટ છે.

**જીવોમાં લેશ્યાના ૪૬ પ્રકારના અલ્પબહુત્વ :–**

| જીવ પ્રકાર | | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | અલેશી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સમુચ્ચય જીવ | ૭ વિશે૰ | ૬ વિશે૰ | ૫ અનંત | ૩ સંખ્યા૰ | ૨ સંખ્યા૰ | ૧ થોડા | ૪ અનંત |
| ૨ | નારકી | ૧ થોડા | ૨ અસં૰ | ૩ અસં૰ | × | × | × | × |
| ૩ | સમુચ્ચય તિર્યંચ | ૬ વિશે૰ | ૫ વિશે૰ | ૪ અનંત | ૩ સંખ્યા૰ | ૨ સંખ્યા૰ | ૧ થોડા | × |
| ૪-૫ | એકેન્દ્રિય અથવા વનસ્પતિ | ૪ વિશે૰ | ૩ વિશે૰ | ૨ અનંત | ૧ થોડા | × | × | × |

| | જીવ પ્રકાર | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | અલેશી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬-૭ | પૃથ્વી, પાણી | ૪ વિશે૦ | ૩ વિશે૦ | ૨ અસં૦ | ૧ થોડા | × | × | × |
| ૮-૧૨ | તેઉકાય, વાયુકાય, ત્રણ વિકલેન્દ્રિય | ૩ વિશે૦ | ૨ વિશે૦ | ૧ થોડા | × | × | × | × |
| ૧૩ | પંચેન્દ્રિય તિર્યંચ | ૬ વિશે૦ | ૫ વિશે૦ | ૪ અસં૦ | ૩ સંખ્યા૦ | ૨ સંખ્યા૦ | ૧ થોડા | × |
| ૧૪ | સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય | ૩ વિશે૦ | ૨ વિશે૦ | ૧ થોડા | × | × | × | × |
| ૧૫–૧૬ | ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને તિર્યંચાણી | ૬ વિશે૦ | ૫ વિશે૦ | ૪ સંખ્યા૦ | ૩ સંખ્યા૦ | ૨ સંખ્યા૦ | ૧ થોડા | × |
| ૧૭-૧૮ | સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય સાથે | ૯ વિશે૦ | ૮ વિશે૦ | ૭ અસં૦ | × | × | × | × |
| | ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અથવા તિર્યંચાણી (સમ્મિલિત) | ૬ વિશે૦ | ૫ વિશે૦ | ૪ સંખ્યા૦ | ૩ સંખ્યા૦ | ૨ સંખ્યા૦ | ૧ થોડા | × |
| ૧૯ | ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય | ૯ વિશે૦ | ૮ વિશે૦ | ૭ સંખ્યા૦ | ૫ સંખ્યા૦ | ૩ સંખ્યા૦ | ૧ થોડા | × |
| | તિર્યંચાણી (સમ્મિલિત) | ૧૨ વિશે૦ | ૧૧ વિશે૦ | ૧૦ સંખ્યા૦ | ૬ સંખ્યા૦ | ૪ અસં૦ | ૨ સંખ્યા૦ | × |
| ૨૦ | સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય | ૧૫ વિશે૦ | ૧૪ વિશે૦ | ૧૩ અસં૦ | × | × | × | × |
| | ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય | ૯ વિશે૦ | ૮ વિશે૦ | ૭ સંખ્યા૦ | ૫ સંખ્યા૦ | ૩ સંખ્યા૦ | ૧ થોડા | × |
| | તિર્યંચાણી (સમ્મિલિત) | ૧૨ વિશે૦ | ૧૧ વિશે૦ | ૧૦ સંખ્યા૦ | ૬ સંખ્યા૦ | ૪ સંખ્યા૦ | ૨ સંખ્યા૦ | × |
| ૨૧ | પંચેન્દ્રિય તિર્યંચ | ૧૨ વિશે૦ | ૧૧ વિશે૦ | ૧૦ અસં૦ | ૫ સંખ્યા૦ | ૩ સંખ્યા૦ | ૧ થોડા | × |
| | તિર્યંચાણી (સમ્મિલિત) | ૯ વિશે૦ | ૮ વિશે૦ | ૭ સંખ્યા૦ | ૬ સંખ્યા૦ | ૪ સંખ્યા૦ | ૨ સંખ્યા૦ | × |
| ૨૨ | સમુચ્ચય તિર્યંચ | ૧૨ વિશે૦ | ૧૧ વિશે૦ | ૧૦ અનંત | ૫ સંખ્યા૦ | ૩ સંખ્યા૦ | ૧ થોડા | × |
| | તિર્યંચાણી (સમ્મિલિત) | ૯ વિશે૦ | ૮ વિશે૦ | ૭ સંખ્યા૦ | ૬ સંખ્યા૦ | ૪ સંખ્યા૦ | ૨ સંખ્યા૦ | |
| ૨૩-૨૫ | સમુચ્ચય મનુષ્યો, ગર્ભજ મનુષ્યો અને મનુષ્યાણી | ૬ વિશે૦ | ૫ વિશે૦ | ૪ અસં૦ | ૩ સંખ્યા૦ | ૨ સંખ્યા૦ | ૧ થોડા | × |

| જીવ પ્રકાર | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | અલેશી |
|---|---|---|---|---|---|---|---|
| ૨૬ સંમૂર્ચ્છિમ મનુષ્યો | ૩<br>વિશે૦ | ૨<br>વિશે૦ | ૧<br>થોડા | × | × | × | × |
| ૨૭ ગર્ભજ મનુષ્યો | ૯<br>વિશે૦ | ૮<br>વિશે૦ | ૭<br>સંખ્યા૦ | ૫<br>સંખ્યા૦ | ૩<br>સંખ્યા૦ | ૧<br>થોડા | × |
| મનુષ્યાણી (સમ્મિલિત) | ૧૨<br>વિશે૦ | ૧૧<br>વિશે૦ | ૧૦<br>સંખ્યા૦ | ૬<br>સંખ્યા૦ | ૪<br>સંખ્યા૦ | ૨<br>સંખ્યા૦ | × |
| ૨૮-૨૯ ગર્ભજ મુનષ્યો અથવા મનુષ્યાણી અને | ૬<br>વિશે૦ | ૫<br>વિશે૦ | ૪<br>સંખ્યા૦ | ૩<br>સંખ્યા૦ | ૨<br>સંખ્યા૦ | ૧<br>થોડા | × |
| સંમૂર્ચ્છિમ મનુષ્યો (સમ્મિલિત) | ૯<br>વિશે૦ | ૮<br>વિશે૦ | ૭<br>અસં૦ | × | × | × | × |
| ૩૦ ગર્ભજ મનુષ્ય | ૯<br>વિશે૦ | ૮<br>વિશે૦ | ૭<br>સંખ્યા૦ | ૫<br>સંખ્યા૦ | ૩<br>સંખ્યા૦ | ૧<br>થોડા | × |
| ગર્ભજ મનુષ્યાણી | ૧૨<br>વિશે૦ | ૧૧<br>વિશે૦ | ૧૦<br>સંખ્યા૦ | ૬<br>સંખ્યા૦ | ૪<br>સંખ્યા૦ | ૨<br>સંખ્યા૦ | × |
| સંમૂર્ચ્છિમ મનુષ્યો (સમ્મિલિત) | ૧૫<br>વિશે૦ | ૧૪<br>વિશે૦ | ૧૦<br>અસં૦ | ૫ | ૩ | ૧ | × |
| ૩૧ સમુચ્ચય મનુષ્યો | ૧૨<br>વિશે૦ | ૧૧<br>વિશે૦ | ૧૦<br>અસં૦ | ૫<br>સંખ્યા૦ | ૩<br>સંખ્યા૦ | ૧<br>થોડા | × |
| મનુષ્યાણી (સમ્મિલિત) | ૯<br>વિશે૦ | ૮<br>વિશે૦ | ૭<br>સંખ્યા૦ | ૬<br>સંખ્યા૦ | ૪<br>સંખ્યા૦ | ૨<br>સંખ્યા૦ | × |
| ૩૨ સમુચ્ચય દેવ | ૫<br>વિશે૦ | ૪<br>વિશે૦ | ૩<br>અસં૦ | ૬<br>સંખ્યા૦ | ૨<br>અસં૦ | ૧<br>થોડા | × |
| ૩૩ સમુચ્ચય દેવી | ૩<br>વિશે૦ | ૨<br>વિશે૦ | ૧<br>થોડા | ૪<br>સંખ્યા૦ | × | × | × |
| ૩૪ સમુચ્ચય દેવ | ૫<br>વિશે૦ | ૪<br>વિશે૦ | ૩<br>અસં૦ | ૯<br>સંખ્યા૦ | ૨<br>અસં૦ | ૧<br>થોડા | × |
| સમુચ્ચય દેવી (સમ્મિલિત) | ૮<br>વિશે૦ | ૭<br>વિશે૦ | ૬<br>સંખ્યા૦ | ૧૦<br>સંખ્યા૦ | × | × | × |
| ૩૫–૩૮ ભવનપતિ દેવ અથવા દેવી વ્યંતર દેવ અથવા દેવી | ૪<br>વિશે૦ | ૩<br>વિશે૦ | ૨<br>અસં૦ | ૧<br>થોડા | × | × | × |
| ૩૯–૪૦ ભવનપતિ–વ્યંતર દેવ, | ૫<br>વિશે૦ | ૪<br>વિશે૦ | ૩<br>અસં૦ | ૧<br>થોડા | × | × | × |
| ભવનપતિ વ્યંતર દેવ-દેવી (સમ્મિલિત) | ૮<br>વિશે૦ | ૭<br>વિશે૦ | ૬<br>સંખ્યા૦ | ૨<br>સંખ્યા૦ | × | × | × |

| | જીવ પ્રકાર | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | અલેશી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪૧ | જ્યોતિષી દેવ | × | × | × | ૧ થોડા | × | × | × |
| | જ્યોતિષી દેવી (સમ્મિલિત) | × | × | × | ૨ સંખ્યા૰ | × | × | × |
| ૪૨ | વૈમાનિક દેવ | × | × | × | ૩ અસં૰ | ૨ અસં૰ | ૧ થોડા | × |
| ૪૩ | વૈમાનિક દેવ | × | × | × | ૩ અસં૰ | ૨ અસં૰ | ૧ થોડા | × |
| | વૈમાનિક દેવી (સમ્મિલિત) | × | × | × | ૪ સંખ્યા૰ | × | × | × |
| ૪૪ | ભવનપતિ દેવ | ૭ વિશે૰ | ૬ વિશે૰ | ૫ અસં૰ | ૪ અસં૰ | × | × | × |
| | વ્યંતર દેવ | ૧૧ વિશે૰ | ૧૦ વિશે૰ | ૯ અસં૰ | ૮ અસં૰ | × | × | × |
| | જ્યોતિષી દેવ | × | × | × | ૧૨ સંખ્યા૰ | × | × | × |
| | વૈમાનિક દેવ (સમ્મિલિત) | × | × | × | ૩ અસં૰ | ૨ અસં૰ | ૧ થોડા | × |
| ૪૫ | ભવનપતિ દેવી | ૫ વિશે૰ | ૪ વિશે૰ | ૩ અસં૰ | ૨ અસં૰ | × | × | × |
| | વ્યંતર દેવી | ૯ વિશે૰ | ૮ વિશે૰ | ૭ અસં૰ | ૬ અસં૰ | × | × | × |
| | જ્યોતિષી દેવી | × | × | × | ૧૦ સંખ્યા૰ | × | × | × |
| | વૈમાનિક દેવી (સમ્મિલિત) | × | × | × | ૧ થોડા | × | × | × |
| ૪૬ | ભવનપતિ દેવ | ૯ વિશે૰ | ૮ વિશે૰ | ૭ અસં૰ | ૫ અસં૰ | × | × | × |
| | ભવનપતિ દેવી | ૧૨ વિશે૰ | ૧૧ વિશે૰ | ૧૦ સંખ્યા | ૬ સંખ્યા૰ | × | × | × |
| | વ્યંતર દેવ | ૧૭ વિશે૰ | ૧૬ વિશે૰ | ૧૫ અસં૰ | ૧૩ સંખ્યા૰ | × | × | × |
| | વ્યંતર દેવી | ૨૦ વિશે૰ | ૧૯ વિશે૰ | ૧૮ વિશે૰ | ૧૪ સંખ્યા૰ | × | × | × |

| જીવ પ્રકાર | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | અલેશી |
|---|---|---|---|---|---|---|---|
| જ્યોતિષી દેવ | × | × | × | ૨૧ સંખ્યા૦ | × | × | × |
| જ્યોતિષી દેવી | × | × | × | ૨૨ સંખ્યા૦ | × | × | × |
| વૈમાનિક દેવ | × | × | × | ૩ અસં૦ | ૨ અસં૦ | ૧ થોડા | × |
| વૈમાનિક દેવી(સમ્મિલિત) | × | × | × | ૪ સંખ્યા૦ | × | × | × |

★ સંખ્યા. = સંખ્યાતગુણા, અસં. = અસંખ્યાતગુણા, અનંત = અનંતગુણા, વિશે. = વિશેષાધિક. ૧,૨,૩ ક્રમાંકનાનુસાર અલ્પબહુત્વ સમજવું.

**લેશ્યા સાથે અલ્પ–મહર્દ્ધિક જીવોની વિચારણા :-**

**૫૨ एएसि णं भंते ! जीवाणं कण्हलेस्साणं *जाव* सुक्कलेस्साणं च कयरे कयरेहिंतो अप्पिड्ढिया वा महिड्ढिया वा ?**

**गोयमा ! कण्हलेस्सेहिंतो णीललेस्सा महिड्ढिया, णीललेस्सेहिंतो काउलेस्सा महिड्ढिया, एवं काउलेस्साहिंतो तेउलेस्सा महिड्ढिया, तेउलेस्सेहिंतो पम्हलेस्सा महिड्ढिया, पम्हलेस्सेहिंतो सुक्कलेस्सा महिड्ढिया, सव्वप्पिड्ढिया जीवा किण्हलेस्सा, सव्वमहिड्ढिया जीवा सुक्कलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશી જીવોમાં કોણ કોનાથી અલ્પ ઋદ્ધિ-વાળા અથવા મહા ઋદ્ધિવાળા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કૃષ્ણલેશી જીવોથી નીલલેશી મહર્દ્ધિક છે, નીલલેશી જીવોથી કાપોતલેશી જીવો મહર્દ્ધિક છે, કાપોત લેશી જીવોથી તેજોલેશી જીવો મહર્દ્ધિક છે, તેજોલેશી જીવોથી પદ્મલેશી જીવો મહર્દ્ધિક છે અને પદ્મલેશી જીવોથી શુક્લલેશી જીવો મહર્દ્ધિક છે, કૃષ્ણલેશી જીવો સર્વ અલ્પ ઋદ્ધિવાળા છે અને શુક્લ લેશી જીવો સર્વથી મહાઋદ્ધિવાળા છે.

**૫૩ एएसि णं भंते ! णेरइयाणं कण्हलेस्साणं णीललेस्साणं काउलेस्साणं च कयरे कयरेहिंतो अप्पिड्ढिया वा महिड्ढिया वा ?**

**गोयमा! कण्हलेस्सेहिंतो णीललेस्सा महिड्ढिया, णीललेस्सेहिंतो काउलेस्सा महिड्ढिया, सव्वप्पिड्ढिया णेरइया कण्हलेस्सा, सव्वमहिड्ढिया णेरइया काउलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી, નીલલેશી અને કાપોતલેશી નૈરયિકોમાં કોણ, કોનાથી, અલ્પ ઋદ્ધિવાળા છે અથવા મહાઋદ્ધિવાળા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કૃષ્ણલેશી નૈરયિકોથી નીલલેશી નૈરયિકો મહર્દ્ધિક છે, નીલલેશી નૈરયિકોથી કાપોતલેશી નૈરયિકો મહર્દ્ધિક છે. ત્રણે ય લેશીમાં કૃષ્ણલેશી નૈરયિકો સહુથી અલ્પ ઋદ્ધિવાળા છે અને

કાપોતલેશી નૈરયિકો સહુથી મહાઋદ્ધિવાળા છે.

**૫૪ एएसि णं भंते ! तिरिक्खजोणियाणं कण्हलेस्साणं** *जाव* **सुक्कलेस्साणं च कयरे कयरेहिंतो अप्पिड्ढिया वा महिड्ढिया वा ? गोयमा ! जहा जीवा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશી તિર્યંચયોનિકોમાં કોણ, કોનાથી અલ્પર્દ્ધિક અથવા મહર્દ્ધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સમુચ્ચય જીવોની જેમ તિર્યંચ યોનિકોની અલ્પર્દ્ધિકતા અને મહર્દ્ધિકતા જાણવી જોઈએ.

**૫૫ एएसि णं भंते ! एगिंदियतिरिक्खजोणियाणं कण्हलेस्साणं** *जाव* **तेउलेस्साणं च कयरे कयरेहिंतो अप्पिड्ढिया वा महिड्ढिया वा ?**

**गोयमा ! कण्हलेस्सेहिंतो, एगिंदियतिरिक्खजोणिएहिंतो णीललेस्सा महिड्ढिया, णीललेस्सेहिंतो काउलेस्सा महिड्ढिया, काउलेस्सेहिंतो तेउलेस्सा महिड्ढिया, सव्वप्पिड्ढिया एगिंदियतिरिक्खजोणिया कण्हलेस्सा, सव्वमहिड्ढिया तेउलेस्सा ।**

**एवं पुढविक्काइयाण वि । एवं एएणं अभिलावेणं जहेव लेस्साओ भाणियाओ तहेव णेयव्वं** *जाव* **चउरिंदिया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** તેજોલેશી એકેન્દ્રિય તિર્યંચયોનિકોમાં કોણ, કોનાથી અલ્પર્દ્ધિક કે મહર્દ્ધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કૃષ્ણલેશી એકેન્દ્રિય તિર્યંચોની અપેક્ષાએ નીલલેશી એકેન્દ્રિયો મહર્દ્ધિક છે, નીલલેશી એકેન્દ્રિયોથી કાપોતલેશી મહર્દ્ધિક છે, કાપોતલેશી એકેન્દ્રિયોથી તેજોલેશી એકેન્દ્રિયો મહર્દ્ધિક છે. સર્વથી અલ્પ ઋદ્ધિવાળા કૃષ્ણલેશી એકેન્દ્રિયો અને સર્વથી મહાઋદ્ધિવાળા તેજોલેશી એકેન્દ્રિયો છે.

આ જ પ્રમાણે પૃથ્વીકાયિકોના વિષયમાં પણ જાણવું જોઈએ. આ જ રીતે ચૌરેન્દ્રિય જીવો સુધી જેનામાં જેટલી લેશ્યાઓ હોય તે જ ક્રમથી પૂર્વોક્ત આલાપક અનુસાર અલ્પઋદ્ધિ અને મહાઋદ્ધિનું કથન સમજી લેવું જોઈએ.

**૫૬ पंचेंदियतिरिक्खजोणियाणं तिरिक्खजोणिणीणं सम्मुच्छिमाणं गब्भवक्कंतियाण य सव्वेसिं भाणियव्वं** *जाव* **अप्पिड्ढिया वेमाणिया देवा तेउलेस्सा, सव्वमहिड्ढिया वेमाणिया देवा सुक्कलेस्सा। केइ भणंति-चउवीसदंडएणं इड्ढी भाणियव्वा ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચો, તિર્યંચ સ્ત્રીઓ સંમૂર્ચ્છિમ અને ગર્ભજ જીવોમાં જે જીવોને જેટલી લેશ્યા હોય, તે પ્રમાણે કૃષ્ણલેશીથી લઈને શુક્લ લેશ્યા પર્યંતનું કથન સમજી લેવું જોઈએ ***યાવત્*** વૈમાનિક દેવોમાં તેજોલેશી દેવો સર્વથી અલ્પર્દ્ધિક છે અને શુક્લ લેશી દેવો સર્વથી મહર્દ્ધિક છે.

કેટલાંક આચાર્યોનું માનવું છે કે ૨૪ દંડકોને લઈને ઋદ્ધિનું કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કૃષ્ણાદિ લેશ્યાયુક્ત જીવો અને એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોની અલ્પઋદ્ધિ

અને મહાઋદ્ધિનું વર્ણન છે.

સામાન્ય રીતે પૂર્વ-પૂર્વની કૃષ્ણાદિ લેશ્યાવાળા અલ્પર્દ્ધિક છે અને ક્રમશઃ ઉત્તરોત્તર લેશ્યાવાળા મહર્દ્ધિક છે. આ જ પ્રમાણે નૈરયિકો, તિર્યંચો, મનુષ્યો અને દેવોના વિષયમાં, જે જીવોમાં જેટલી લેશ્યા હોય તે પ્રમાણે તેમાં અલ્પર્દ્ધિકપણું અને મહર્દ્ધિકપણું સમજી લેવું જોઈએ.

**केइ भणंतिः–** પ્રસ્તુત ઉપલબ્ધ સૂત્ર પાઠમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના ક્રમથી અલ્પર્દ્ધિક મહર્દ્ધિકનું કથન છે. પરંતુ **केइ भणंति**આ પાઠથી એમ સૂચવ્યું છે કે અહીં કેટલાક આચાર્યોના મતે ૨૪ દંડકના ક્રમથી અલ્પર્દ્ધિક-મહર્દ્ધિકના કથનનો પાઠ છે. આ પ્રકારની સૂચના દેવર્દ્ધિગણિ આચાર્યના શાસ્ત્ર લેખનના સમયે સૂત્રપાઠોમાં કરવામાં આવી છે એવી પરંપરા સર્વ માન્ય છે.

**॥ બીજો ઉદ્દેશો સંપૂર્ણ ॥**

# સત્તરમું લેશ્યા પદ : ત્રીજો ઉદ્દેશક

**ચોવીશ દંડકના જીવોમાં ઉત્પત્તિ અને ઉદ્વર્તન :–**

**૧ णेरइए णं भंते ! णेरइएसु उववज्जति ? अणेरइए णेरइएसु उववज्जति ? गोयमा ! णेरइए णेरइएसु उववज्जइ, णो अणेरइए णेरइएसु उववज्जति । एवं *जाव* वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નારકી નરકમાં ઉત્પન્ન થાય છે કે અનારકી નરકમાં ઉત્પન્ન થાય છે? **ઉત્તર–** હે ગૌતમ ! નારકી નરકમાં ઉત્પન્ન થાય છે, અનારકી નરકમાં ઉત્પન્ન થતો નથી. આ જ રીતે ભવનપતિથી લઈને વૈમાનિક સુધી પ્રત્યેક જીવની ઉત્પત્તિ સંબંધી કથન કરવું જોઈએ.

**૨ णेरइए णं भंते ! णेइएहिंतो उव्वट्टइ ? अणेरइए णेरइएहिंतो उव्वट्टइ ? गोयमा ! अणेरइए णेरइएहिंतो उव्वट्टति, णो णेरइए णेरइएहिंतो उव्वट्टइ । एवं *जाव* वेमाणिए, णवरं- जोइसिय-वेमाणिएसु चयणं ति अभिलाओ कायव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક નરકમાંથી ઉદ્વર્તન કરે છે અર્થાત્ નીકળે છે કે અનૈરયિક નરકમાંથી નીકળે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનૈરયિક(નારકી સિવાયનો જીવ) નરકમાંથી નીકળે છે. નૈરયિક નરકમાંથી નીકળતો નથી.

આ જ પ્રમાણે વૈમાનિક સુધીના ચોવીસ દંડકમાં ઉદ્વર્તન સંબંધી કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે જ્યોતિષ્ક અને વૈમાનિકના વિષયમાં 'ચ્યવન' શબ્દનો પ્રયોગ કરવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ઉત્પત્તિ અને ઉદ્વર્તન સંબંધી ૠજુસૂત્રનયની અપેક્ષાએ પ્રરૂપણા કરી છે.

**णेरइए णेरइएसु उववज्जइ...** નૈરયિક, નરકમાં ઉત્પન્ન થાય છે. વ્યવહારનયથી નારકી મરીને નરકમાં જન્મ ધારણ કરતા નથી. કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય જીવ મરીને નરકમાં ઉત્પન્ન થાય છે પરંતુ ૠજુસૂત્ર નયની દષ્ટિએ નારકી જ નરકમાં ઉત્પન્ન થાય છે.

તેનો આશય એ છે કે જીવને નરકાયુષ્યનો ઉદય થાય ત્યારથી જ તે નૈરયિક કહેવાય છે. નરકમાં ઉત્પન્ન થનાર મનુષ્ય કે તિર્યંચ પંચેન્દ્રિય જીવ પોતાનું મનુષ્ય કે તિર્યંચ ગતિનું આયુષ્ય પૂર્ણ કરીને મૃત્યુ પામે ત્યારથી જ તેના નરકાયુષ્યનો પ્રારંભ થઈ જાય છે અર્થાત્ વિગ્રહગતિમાં તેને નરકાયુષ્યનો જ ઉદય હોય અને ત્યારથી જ તે નારકી કહેવાય છે. આ રીતે ૠજુસૂત્રનયની દષ્ટિએ જીવ જ્યારે નરકમાં ઉત્પન્ન થાય, ત્યારે તેની નારક પર્યાયનો પ્રારંભ થઈ જવાથી તે નારક હોય છે. તેથી સૂત્રકારે કહ્યું છે કે નૈરયિક, નરકમાં ઉત્પન્ન થાય છે; અનૈરયિક અર્થાત્ તિર્યંચાયુ કે મનુષ્યાયુનું વેદન કરનાર જીવ નરકમાં ઉત્પન્ન થતો નથી. આ જ રીતે ચોવીસે દંડકના જીવોમાં સમજવું.

**अणेरइए णेरइएहिंतो उव्वट्टइ...** અનૈરયિક, નરકમાંથી ઉદ્વર્તન પામે છે અર્થાત્ નીકળે છે. જીવનું નરક ભવનું આયુષ્ય પૂર્ણ થાય ત્યારે જ તેનું મૃત્યુ થાય અને તે જીવ નરકમાંથી નીકળે છે, નરકાયુષ્ય પૂર્ણ

થાય ત્યારપછી તે જીવને અન્ય આયુષ્યનો ઉદય પ્રારંભ થઈ જવાથી તે નારક કહેવાતો નથી. તે જીવ જે ગતિમાં જન્મ ધારણ કરવાનો હોય, તે ભવના આયુષ્યનો ઉદય થઈ જવાથી તે જીવ ઋજુસૂત્રનયથી તે નામે ઓળખાય છે. તેથી અનૈરયિક, નરકમાંથી નીકળે છે, તેવું સૂત્રકારનું કથન ઋજુસૂત્રનય પ્રમાણે છે.

જેવી રીતે અપરાધી વ્યક્તિ જ જેલમાં જાય છે અને નિરપરાધી વ્યક્તિ જેલમાંથી બહાર નીકળે છે. જ્યારે તે વ્યક્તિ અપરાધ કરે ત્યારે જ તેને સજા થાય અર્થાત્ જેલમાં પ્રવેશ કરે ત્યારે તે સાહુકાર હોવા છતાં પણ અપરાધી કહેવાય છે અને તેની સજાની મર્યાદા પૂર્ણ થાય ત્યાર પછી તે જેલમાંથી બહાર નીકળે છે અને તે સમયે તે નિરપરાધી કહેવાય છે. તેથી અપરાધી વ્યક્તિ જેલમાં જાય છે અને નિરપરાધી વ્યક્તિ જેલમાંથી બહાર નીકળે છે.

આ રીતે ૨૪ દંડકના જીવોના ઉદ્વર્તનમાં સમજવું પરંતુ જ્યોતિષી અને વૈમાનિક દેવો માટે 'ઉદ્વર્તન' શબ્દપ્રયોગના સ્થાને 'ચ્યવન' શબ્દનો પ્રયોગ થાય છે.

**સલેશી જીવોમાં ઉત્પત્તિ અને ઉદ્વર્તન :–**

**३** **से णूणं भंते ! कण्हलेस्से णेरइए कण्हलेसेसु णेरइएसु उववज्जइ ? कण्हलेसे उव्वट्टइ ? जल्लेस्से उववज्जइ तल्लेसे उव्वट्टइ ?**

**हंता गोयमा ! कण्हलेसे णेरइए कण्हलेसेसु णेरइएसु उववज्जइ, कण्हलेसे उव्वट्टइ, जल्लेसे उववज्जइ तल्लेसे उव्वट्टइ । एवं णीललेसे वि काउलेसे वि । एवं असुरकुमारा वि** *जाव* **थणियकुमारा वि । णवरं तेउलेस्सा अब्भहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણલેશી નૈરયિક, કૃષ્ણલેશી નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે અને તે કૃષ્ણલેશી રૂપે જ નરકમાંથી નીકળે છે ? જે લેશ્યામાં ઉત્પન્ન થાય છે, તે જ લેશ્યામાં મૃત્યુ પામે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! કૃષ્ણલેશી નૈરયિક કૃષ્ણલેશી નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે અને તે કૃષ્ણલેશ્યામાં જ મૃત્યુ પામે છે. જે લેશ્યામાં તે ઉત્પન્ન થાય છે તે જ લેશ્યામાં મૃત્યુ પામે છે.

આ જ રીતે નીલલેશી અને કાપોતલેશી નૈરયિકના ઉત્પત્તિ અને ઉદ્વર્તન પણ સમજી લેવા જોઈએ. આ રીતે અસુરકુમારોથી સ્તનિતકુમારો સુધી ઉત્પત્તિ અને ઉદ્વર્તનનું કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે ભવનપતિ દેવોમાં તેજોલેશ્યાનું કથન અધિક કરવું જોઈએ.

**४** **से णूणं भंते ! कण्हलेस्से पुढविक्काइए कण्हलेस्सेसु पुढविक्काइएसु उववज्जइ? कण्हलेस्से उव्वट्टइ ? जल्लेसे उववज्जइ तल्लेसे उव्वट्टइ ?**

**हंता गोयमा ! कण्हलेस्से पुढविक्काइए कण्हलेस्सेसु पुढविक्काइएसु उववज्जइ; सिय कण्हलेस्से उव्वट्टइ, सिय णीललेस्से उव्वट्टइ, सिय काउलेस्से उव्वट्टइ, सिय जल्लेसे उव्वज्जइ तल्लेसे उव्वट्टइ । एवं णीललेस्सा काउलेस्सा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણલેશી પૃથ્વીકાયિક, કૃષ્ણલેશી પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય છે? શું તે કૃષ્ણલેશ્યાના પરિણામમાં જ મૃત્યુ પામે છે ? શું જે લેશ્યામાં ઉત્પન્ન થાય છે, તે જ લેશ્યામાં મૃત્યુ પામે છે ?

**ઉત્તર**– હા, ગૌતમ ! કૃષ્ણલેશી પૃથ્વીકાયિક કૃષ્ણલેશી પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય છે, પરંતુ મૃત્યુ સમયે તેને કદાચિત્ કૃષ્ણલેશ્યા, કદાચિત્ નીલલેશ્યા અને કદાચિત્ કાપોતલેશ્યાના પરિણામો આવે છે. કદાચિત્ જે લેશ્યામાં ઉત્પન્ન થયા હોય, તે જ લેશ્યાના પરિણામમાં મૃત્યુ પામે છે. તે જ રીતે નીલલેશી અને કાપોતલેશી પૃથ્વીકાયિકોમાં ઉત્પત્તિ અને ઉદ્વર્તનના વિષયમાં જાણવું જોઈએ.

**૫ से णूणं भंते ! तेउलेसे पुढविक्काइए तेउलेस्सेसु पुढविक्काएसु उववज्जइ ? तेउलेस्से उव्वट्टइ ? जल्लेसे उववज्जइ तल्लेसे उव्वट्टइ ?**

**हंता गोयमा ! तेउलेसे पुढविकाइए तेउलेसेसु पुढविक्काइएसु उववज्जइ, सिय कण्हलेस्से उव्वट्टइ, सिय णीललेस्से उव्वट्टइ, सिय काउलेस्से उव्वट्टइ; तेउलेसे उववज्जइ, णो चेव णं तेउलेस्से उव्वट्टइ ।**

**एवं आउक्काइय-वणस्सइकाइया वि । तेऊ वाऊ एवं चेव, णवरं- एएसिं तेउलेस्सा णत्थि । बिय-तिय-चउरिंदिया एवं चेव तिसु लेसासु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! તેજોલેશી પૃથ્વીકાયિક શું તેજોલેશી પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થાય છે ? શું તે તેજોલેશ્યામાં મૃત્યુ પામે છે ? શું તે જે લેશ્યામાં ઉત્પન્ન થાય, તે જ લેશ્યામાં મૃત્યુ પામે છે ?

**ઉત્તર**– હા, ગૌતમ ! તેજોલેશી પૃથ્વીકાયિક, તેજોલેશી પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થાય છે પરંતુ ઉદ્વર્તન સમયે કદાચિત્ કૃષ્ણલેશ્યા, કદાચિત્ નીલલેશ્યા અને કદાચિત્ કાપોતલેશ્યાના પરિણામો હોય છે. પૃથ્વીકાયિક જીવ તેજોલેશ્યામાં ઉત્પન્ન થાય છે પરંતુ તેજોલેશ્યામાં મૃત્યુ પામતા નથી.

આ જ રીતે અપ્કાય અને વનસ્પતિકાયિક જીવોનું કથન કરવું જોઈએ. તે જ રીતે તેઉકાય અને વાયુકાયિક જીવોનું કથન પણ કરવું જોઈએ પરંતુ તેમાં તેજોલેશ્યાનું કથન ન કરવું.

તે જ રીતે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોમાં ઉત્પત્તિ અને ઉદ્વર્તન સંબંધી કથન કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યામાં જાણવું જોઈએ.

**૬ पंचेंदियतिरिक्खजोणिया मणूसा य जहा पुढविक्काइया आदिल्लियासु तिसु लेस्सासु भणिया तहा छसु वि लेसासु भाणियव्वा । णवरं छप्पि लेसाओ चारियव्वाओ ।**

**ભાવાર્થ :**– જે રીતે પૃથ્વીકાયિકોમાં પ્રારંભની ત્રણ લેશ્યાનું કથન કર્યું છે, તે જ રીતે પંચેન્દ્રિય તિર્યંચયોનિકો અને મનુષ્યોમાં ઉત્પત્તિ અને ઉદ્વર્તન સંબંધી કથન છ એ લેશ્યામાં કરવું જોઈએ.

**૭ वाणमंतरा जहा असुरकुमारा से णूणं भंते ! तेउलेस्से जोइसिए तेउलेसेसु जोइसिएसु उववज्जइ ? जहेव असुरकुमारा । एवं वेमाणिया वि । णवरं दोण्ह वि चयंतीति अभिलावो ।**

**ભાવાર્થ :**– વાણવ્યંતર દેવોની ઉત્પત્તિ અને ઉદ્વર્તના સંબંધી વક્તવ્યતા અસુરકુમાર દેવોની સમાન જાણવી. **પ્રશ્ન**– હે ભગવન્ ! શું તેજોલેશી જ્યોતિષ્કદેવ તેજોલેશી જ્યોતિષ્ક દેવોમાં ઉત્પન્ન થાય છે ? શું તેજોલેશ્યામાં જ ચ્યવન કરે છે ? **ઉત્તર**– જેવી રીતે અસુરકુમારોના વિષયમાં કહ્યું છે, તે જ રીતે જ્યોતિષ્ક દેવોના વિષયમાં સમજવું જોઈએ.

તે જ રીતે વૈમાનિક દેવોમાં ઉત્પત્તિ અને ઉદ્‌વર્તનના વિષયમાં પણ કહેવું જોઈએ. વિશેષતા એ છે કે બંને પ્રકારના જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો માટે 'ઉદ્‌વર્તન'ના સ્થાને 'ચ્યવન' કરે છે; તે પ્રમાણે શબ્દપ્રયોગ કરવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં લેશ્યાની અપેક્ષાએ ૨૪ દંડકવર્તી જીવોમાં ઉત્પત્તિ અને ઉદ્‌વર્તનાની પ્રરૂપણા છે. જીવ જે લેશ્યામાં મૃત્યુ પામે તે જ લેશ્યાસ્થાનમાં તેનો જન્મ થાય છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું કથન છે કે

**अंतोमुहुत्तम्मि गए, अंतोमुहुत्तम्मि सेसए चेव ।**
**लेस्साहि परिणयाहिं, जीवा गच्छंति परलोयं ॥ અધ્ય.૩૪/૬૦**

કોઈ પણ લેશ્યા પરિણામનું અંતર્મુહૂર્ત વ્યતીત થયા પછી અને અંતર્મુહૂર્ત શેષ રહે ત્યારે જ જીવનું મૃત્યુ થાય છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે જીવ **जल्लेसे मरइ तल्लेसे उववज्जइ** જે લેશ્યામાં મૃત્યુ પામે તે જ લેશ્યામાં તેનો જન્મ થાય છે.

**સલેશી નારકી–દેવોમાં ઉત્પત્તિ અને ઉદ્‌વર્તન–** કોઈ કૃષ્ણલેશી મનુષ્ય કે તિર્યંચ પંચેન્દ્રિય પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને નરકમાં ઉત્પન્ન થાય ત્યારે તે કૃષ્ણલેશી નરકમાં જ ઉત્પન્ન થાય છે અને ત્યાં ભવપર્યંત તે જ દ્રવ્ય લેશ્યા રહે છે, કારણ કે તે જીવોને લેશ્યાનું પરિવર્તન થતું નથી. તેથી કૃષ્ણલેશી નારકીનું મૃત્યુ પણ કૃષ્ણલેશ્યામાં જ થાય છે. આ જ રીતે નીલલેશી નારકી નીલલેશ્યામાં અને કાપોતલેશી નારકી કાપોત લેશ્યામાં જ મૃત્યુ પામે છે.

આ જ નિયમ અનુસાર ભવનપતિ આદિ દેવોને પણ જન્મ અને મૃત્યુ સમયે તેમજ ભવપર્યંત એક જ લેશ્યા હોય છે. તેથી દેવોને જન્મ સમયે જે લેશ્યા હોય તે જ લેશ્યામાં તેનું મૃત્યુ થાય છે.

નારકીઓ અને દેવોને ભવપર્યંત દ્રવ્યલેશ્યામાં પરિવર્તન થતું નથી પરંતુ ભાવલેશ્યામાં અર્થાત્ આત્મપરિણામોમાં પરિવર્તન થઈ શકે છે.

**સલેશી મનુષ્ય–તિર્યંચમાં ઉત્પત્તિ અને ઉદ્‌વર્તન–** મનુષ્ય અને તિર્યંચ જે લેશ્યામાં મૃત્યુ પામે તે જ લેશ્યામાં જન્મ ધારણ કરે છે પરંતુ તે જીવો જે લેશ્યામાં જન્મ ધારણ કરે તે જ લેશ્યામાં મૃત્યુ પામે તેવો એકાંતે નિયમ નથી કારણ કે તેના જીવનમાં મુહૂર્તે મુહૂર્તે લેશ્યાનું પરિવર્તન થયા જ કરે છે, તેથી કૃષ્ણલેશ્યામાં ઉત્પન્ન પૃથ્વીકાયિક જીવો, નીલલેશ્યા કે કાપોતલેશ્યાના પરિણામમાં મૃત્યુ પામી શકે છે અને ક્યારેક કૃષ્ણલેશ્યામાં પણ મૃત્યુ પામે છે. આ રીતે મનુષ્યો અને તિર્યંચોને પોતાની સંભવિત લેશ્યામાંથી કોઈ પણ એક લેશ્યામાં મૃત્યુ થઈ શકે છે, પરંતુ તિર્યંચોમાં પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં તેજોલેશ્યા સંબંધી અપવાદ છે.

**तेउलेसे उववज्जइ, णो चेव णं तेउलेस्से उव्वट्टइ–** પૃથ્વી, પાણી અને વનસ્પતિ તેજોલેશ્યામાં જન્મ ધારણ કરે છે પરંતુ તેજોલેશ્યામાં મૃત્યુ પામતા નથી. તેજોલેશી દેવો પૃથ્વી, પાણી કે વનસ્પતિમાં ઉત્પન્ન થાય તો ત્યાં અપર્યાપ્તાવસ્થામાં તેજોલેશ્યા હોય છે અને તે પર્યાપ્તાવસ્થામાં પ્રાપ્ત થતા પહેલાં જ લેશ્યા પરિવર્તન પામે છે, પછી જીવનપર્યંત તે લેશ્યા હોતી નથી. પૃથ્વીકાયિકાદિ પોતાના ભવસ્વભાવથી જ તેજોલેશ્યાને યોગ્ય પુદ્‌ગલ ગ્રહણ કરી શકતા નથી, તેથી પૃથ્વીકાયિકાદિ જીવોને જન્મ સમયે તેજોલેશ્યા

હોવા છતાં મૃત્યુ સમયે તેજોલેશ્યા હોતી નથી. તે જીવો કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા કે કાપોતલેશ્યામાંથી કોઈ પણ લેશ્યામાં મૃત્યુ પામી શકે છે.

શેષ જીવો પોતાની સંભવિત કોઈ પણ લેશ્યામાં મૃત્યુ પામે છે. તેઉકાય, વાયુકાય, ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચપંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્યો પ્રથમ ત્રણ લેશ્યામાંથી કોઈ પણ લેશ્યામાં, સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્યો છ લેશ્યામાંથી કોઈ પણ લેશ્યામાં મૃત્યુ પામે છે.

**૨૪ દંડકોમાં સામૂહિક લેશ્યાની અપેક્ષાએ ઉત્પાદ-ઉદ્વર્તન :–**

**૮ से णूणं भंते ! कण्हलेस्से णीललेस्से काउलेस्से णेरइए कण्हलेस्सेसु णीललेस्सेसु काउलेस्सेसु णेरइएसु उववज्जइ ? कण्हलेस्से णीललेस्से काउलेस्से उव्वट्टइ जल्लेसे उववज्जइ तल्लेसे उव्वट्टइ ?**

**हंता गोयमा ! कण्हलेस्स-णीललेस्स-काउलेस्सेसु उववज्जइ** *जाव* **जल्लेसे उववज्जइ तल्लेसे उव्वट्टइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી, નીલલેશી અને કાપોતલેશી નૈરયિક શું ક્રમશઃ કૃષ્ણલેશી, નીલલેશી અને કાપોતલેશી નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? શું તે ક્રમશઃ કૃષ્ણલેશ્યા,નીલલેશ્યા અને કાપોત લેશ્યામાં જ ઉદ્વર્તન કરે છે ? અર્થાત્ જે લેશ્યાયુક્ત થઈને જન્મે છે, શું તે જ લેશ્યામાં મૃત્યુ પામે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે ક્રમશઃ કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યાયુક્ત નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ***યાવત્*** જે લેશ્યામાં જન્મે છે તે જ લેશ્યામાં મૃત્યુ પામે છે.

**૯ से णूणं भंते ! कण्हलेस्से** *जाव* **तेउलेस्से असुरकुमारे कण्हलेस्सेसु** *जाव* **तेउलेस्सेसु असुरकुमारेसु उववज्जइ ? एवं जहेव णेरइए तहा असुरकुमारे वि** *जाव* **थणियकुमारे वि।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણલેશી ***યાવત્*** તેજોલેશી અસુરકુમાર દેવ કૃષ્ણલેશ્યા ***યાવત્*** તેજોલેશ્યાયુક્ત અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે ? ***યાવત્*** તે જીવો જે લેશ્યામાં ઉત્પન્ન થાય છે, તે જ લેશ્યામાં મૃત્યુ પામે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! જે રીતે નૈરયિકોના સંબંધમાં કહ્યું છે તે જ રીતે અસુરકુમારથી લઈ સ્તનિતકુમારો સુધીના વિષયમાં પણ કહેવું જોઈએ.

**૧૦ से णूणं भंते ! कण्हलेस्से** *जाव* **तेउलेस्से पुढविकाइए कण्हलेस्सेसु** *जाव* **तेउलेस्सेसु पुढविकाइएसु उववज्जइ, एवं** *जाव* **तल्लेसे उव्वट्टइ ?**

**हंता गोयमा ! कण्हलेस्से** *जाव* **तेउलेस्से पुढविकाइए कण्हलेस्सेसु** *जाव* **तेउलेस्सेसु पुढविक्काइएसु उववज्जइ, सिय कण्हलेस्से उव्वट्टइ सिय णीललेस्से, सिय काउलेस्से उव्वट्टइ, सिय जल्लेस्से उववज्जइ तल्लेसे उव्वट्टइ, णवरं– तेउलेस्से उववज्जइ, णो चेव णं तेउलेस्से उव्वट्टइ। एवं आउक्काइय-वणस्सइकाइया वि भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણલેશી ***યાવત્*** તેજોલેશી પૃથ્વીકાયિક શું કૃષ્ણલેશી ***યાવત્*** તેજોલેશી પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય છે ? ***યાવત્*** જે લેશ્યામાં ઉત્પન્ન થાય છે તે જ લેશ્યામાં મૃત્યુ પામે છે?

**ઉત્તર–** હા. ગૌતમ ! કૃષ્ણલેશી ***યાવત્*** તેજોલેશી પૃથ્વીકાયિક ક્રમશઃ કૃષ્ણલેશી ***યાવત્*** તેજોલેશી પૃથ્વીકાયિકોમાં જન્મ લે છે પરંતુ તે જીવનું ઉદ્‌વર્તન–મૃત્યુ કદાચિત્ કૃષ્ણલેશ્યામાં, કદાચિત્ નીલેલેશ્યામાં અને કદાચિત્ કાપોતલેશ્યામાં થાય છે. કદાચિત જે લેશ્યામાં ઉત્પન્ન થાય છે, તે જ લેશ્યામાં મૃત્યુ પામે છે પરંતુ તેમાં વિશેષતા એ છે કે તેજોલેશ્યાથી યુક્ત થઈને ઉત્પન્ન તો થાય છે પરંતુ તેજોલેશ્યામાં મૃત્યુ થતું નથી.

તે જ રીતે અપ્કાયિકો અને વનસ્પતિકાયિકોમાં પણ જાણવું જોઈએ.

**૧૧ से णूणं भंते ! कण्हलेस्से णीललेस्से काउलेस्से तेउक्काइए कण्हलेसेसु णीललेसेसु काउलेसेसु तेउक्काइएसु उववज्जइ ? कण्हलेसे णीललेसे काउलेसे उव्वट्टइ ? जल्लेसे उववज्जइ तल्लेसे उव्वट्टइ ?**

**हंता गोयमा ! कण्हलेस्से णीललेस्से काउलेस्से तेउक्काइए कण्हलेसेसु णीललेसेसु काउलेसेसु तेउक्काइएसु उववज्जइ, सिय कण्हलेसे उव्वट्टइ सिय णीललेसे सिय काउलेस्से उव्वट्टइ, सिय जल्लेसे उववज्जइ तल्लेसे उव्वट्टइ । एवं वाउक्काइया बेइंदिय तेइंदिय चउरिंदिया वि भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણલેશી, નીલલેશી અને કાપોતલેશી તેજસ્કાયિક જીવ કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યામાં ઉત્પન્ન થાય છે ? શું તે જીવ કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યામાં મૃત્યુ પામે છે ? શું તે જીવ જે લેશ્યામાં ઉત્પન્ન થાય છે તે જ લેશ્યામાં મૃત્યુ પામે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! કૃષ્ણલેશી, નીલલેશી અને કાપોતલેશી તેજસ્કાયિક કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા યુક્ત તેજસ્કાયિકમાં ઉત્પન્ન થાય છે, પરંતુ તે જીવ કદાચિત કૃષ્ણલેશ્યામાં, કદાચિત નીલલેશ્યામાં અને કદાચિત્ કાપોતલેશ્યામાં મૃત્યુ પામે છે અને કદાચિત્ જે લેશ્યામાં ઉત્પન્ન થાય છે, તે જ લેશ્યામાં મૃત્યુ પામે છે.

આ રીતે વાયુકાયિક, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોના સંબંધમાં કહેવું જોઈએ.

**૧૨ से णूणं भंते ! कण्हलेसे** *जाव* **सुक्कलेसे पंचेदियतिरिक्खजोणिए कण्हलेसेसु** *जाव* **सुक्कलेसेसु पंचेदियतिरिक्खजोणिएसु उववज्जइ, एवं** *जाव* **तल्लेसे उव्वट्टइ ?**

**हंता गोयमा ! कण्हलेस्से** *जाव* **सुक्कलेस्से पंचेंदियतिरिक्खजोणिए कण्हलेस्सेसु** *जाव* **सुक्कलेस्सेसु पंचेंदियतिरिक्खजोणिएसु उववज्जइ, सिय कण्हलेस्से उव्वट्टइ** *जाव* **सिय सुक्कलेस्से उव्वट्टइ, सिय जल्लेसे उववज्जइ तल्लेसे उव्वट्टइ । एवं मणूसे वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણલેશી ***યાવત્*** શુકલલેશી પંચેંદ્રિયતિર્યંચ, કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યા યુક્ત પંચેંદ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે ? આ રીતે ***યાવત્*** તે જ લેશ્યામાં મૃત્યુ પામે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશી તિર્યંચ પંચેદ્રિય કૃષ્ણલેશી ***યાવત્*** શુકલલેશી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉત્પન્ન થાય છે. પરંતુ તે જીવ કદાચિત્ કૃષ્ણલેશ્યામાં ***યાવત્*** કદાચિત્ શુક્લ લેશ્યામાં મૃત્યુ પામે છે અને કદાચિત્ જે લેશ્યામાં ઉત્પન્ન થાય છે, તે જ લેશ્યામાં પણ મૃત્યુ પામે. તે જ રીતે મનુષ્યોમાં પણ જાણવું જોઈએ.

**૧૩ वाणमंतरे जहा असुरकुमारे । जोइसिय-वेमाणिए वि एवं चेव । णवरं जा जस्स लेस्सा। दोण्ह वि चयणं ति भाणियव्वं ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતરદેવોમાં ઉત્પત્તિ અને ઉદ્વર્તન સંબંધી વક્તવ્યતા અસુરકુમારની જેમ જાણવી.

તે જ રીતે જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોમાં ઉત્પત્તિ અને ઉદ્વર્તન સંબંધી કથન જાણવું જોઈએ. તેમાં વિશેષતા એ છે કે જે દેવોમાં જેટલી લેશ્યાઓ હોય, તેટલી લેશ્યાઓનું કથન કરવું જોઈએ તથા બંને માટે ઉદ્વર્તનના સ્થાને 'ચ્યવન' શબ્દપ્રયોગ કરવો જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકવર્તી પ્રત્યેક દંડકના જીવોની સંભવિત લેશ્યાઓને લઈને સામૂહિકરૂપે ઉત્પત્તિ અને ઉદ્વર્તનની પુનઃ પ્રરૂપણા છે.

જો કે સૂત્રકારે ૨૪ દંડકના પ્રત્યેક-જીવની એક-એક લેશ્યાની અપેક્ષાએ ઉત્પત્તિ અને ઉદ્વર્તન સંબંધી પ્રરૂપણા કરી છે, તેમ છતાં વિભિન્ન લેશ્યાવાળા ઘણા નૈરયિકાદિ જીવો તે તે ગતિમાં ઉત્પન્ન થાય છે ત્યારે વસ્તુ સ્થિતિ અન્યથા પણ હોય, કારણકે એક-એક વ્યક્તિના ધર્મની અપેક્ષાએ સમુદાયનો ધર્મ ક્વચિત્ અન્યથા જણાય છે. તેથી તે આશંકા દૂર કરવા જે જીવોમાં જેટલી લેશ્યાઓ સંભવે છે, તે જીવોમાં તેટલી બધી લેશ્યાઓની અપેક્ષાએ પૂર્વોક્ત વિષય સામૂહિકરૂપે ફરીથી પ્રતિપાદિત કર્યો છે.

**લેશ્યાની અપેક્ષાએ નૈરયિકોમાં અવધિજ્ઞાન-દર્શનની તરતમતા :–**

**૧૪ कण्हलेस्से णं भंते ! णेरइए कण्हलेस्से णेरइयं पणिहाए ओहिणा सव्वओ समंता समभिलोएमाणे समभिलोएमाणे केवइयं खेत्तं जाणइ ? केवइयं खेत्तं पासइ ? गोयमा ! णो बहुयं खेत्तं जाणइ, णो बहुयं खेत्तं पासइ, णो दूरं खेत्तं जाणइ, णो दूरं खेत्तं पासइ, इत्तरियमेव खेत्तं जाणइ, इत्तरियमेव खेत्तं पासइ ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ कण्हलेसे णं णेरइए तं चेव** *जाव* **इत्तरियमेवखेत्तं पासइ ? गोयमा ! से जहाणामए केइ पुरिसे बहुसमरमणिज्जंसि भूमिभागंसि ठिच्चा सव्वओ समंता समभिलोएज्जा, तए णं से पुरिसे धरणितलगतं पुरिसं पणिहाए सव्वओ समंता समभिलोएमाणे समभिलोएमाणे णो बहुयं खेत्तं जाणइ** *जाव* **इत्तरियमेव खेत्तं**

**पासइ। से एएणट्ठेणं गोयमा ! एवं वुच्चइ कण्हलेसे णं णेरइए** *जाव* **इत्तरियमेव खेत्तं पासइ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી એક નૈરયિક, કૃષ્ણલેશી બીજા નારકીની અપેક્ષાએ અવધિજ્ઞાન દ્વારા બધી દિશાઓ અને વિદિશાઓનું સમાવલોકન કરતો કેટલા ક્ષેત્રને જાણે છે અને અવધિદર્શનથી કેટલા ક્ષેત્રને જુએ છે ? અર્થાત્ તે બંને કૃષ્ણલેશી નારકીનું અવધિજ્ઞાન એક સમાન છે કે તેમાં કાંઈ ન્યૂનાધિકતા છે?

**ઉત્તર–** હે ગૌતમ ! તે નૈરયિક એક-બીજાથી અધિક ક્ષેત્રને જાણતા નથી કે અધિકક્ષેત્રને જોતા નથી, અધિક દૂરના ક્ષેત્રને જાણતા નથી કે વધુ દૂરવર્તી ક્ષેત્રોને જોતા નથી પરંતુ કંઈક હીનાધિક ક્ષેત્રને જાણે છે અને કંઈક હીનાધિક ક્ષેત્રને જુએ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કૃષ્ણલેશી નારકી ઘણા ક્ષેત્રને જાણતા નથી ***યાવત્*** કંઈક હીનાધિક ક્ષેત્રને જુએ છે.

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કોઈ પુરુષ અત્યંત સમ અને રમણીય ભૂમિભાગ પર ઊભો રહીને ચારેય તરફ બધી દિશાઓ અને વિદિશાઓમાં જુએ, તો તે પુરુષ ભૂતલ પર સ્થિત અન્ય પુરુષની અપેક્ષાએ બધી દિશાઓ-વિદિશાઓમાં જોતાં જોતાં અધિક ક્ષેત્રને જાણતો નથી કે અધિકક્ષેત્રને જોતો નથી પરંતુ કંઈક હીનાધિક ક્ષેત્રને જાણે છે અને કંઈક હીનાધિક ક્ષેત્રને જુએ છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે કૃષ્ણલેશી નારકી ***યાવત્*** કંઈક હીનાધિક ક્ષેત્રને જાણે અને જુએ છે.

**१५ णीललेसे णं भंते ! णेरइए कण्हलेसं णेरइयं पणिहाय ओहिणा सव्वओ समंता समभिलोएमाणे समभिलोएमाणे केवइयं खेत्तं जाणइ ? केवइयं खेत्तं पासइ ? गोयमा ! बहुतरागं खेत्तं जाणइ, बहुतरागं खेत्तं पासइ, दूरतरागं खेत्तं जाणइ, दूरतरागं खेत्तं पासइ, वितिमिरतरागं खेत्तं जाणइ वितिमिरतरागं खेत्तं पासइ, विसुद्धतरागं खेत्तं जाणइ विसुद्धतरागं खेत्तं पासइ ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ णीललेस्से णं णेरइए कण्हलेस्सं णेरइयं पणिहाय** *जाव* **विसुद्धतराग खेत्तं पासइ ? गोयमा ! से जहाणामए केइ पुरिसे बहुसमरमणिज्जाओ भूमिभागाओ पव्वयं दुरुहइ, दुरुहित्ता सव्वओ समंता समभिलोएज्जा, तए णं से पुरिसे धरणितलगयं पुरिसं पणिहाय सव्वओ समंता समभिलोएमाणे समभिलोएमाणे बहुतरागं खेत्तं जाणइ** *जाव* **विसुद्धतरागं खेत्तं पासइ । से एएणट्ठेणं गोयमा ! एवं वुच्चइ णीललेस्से णेरइए, कण्हलेस्सं णेरइयं पणिहाय** *जाव* **विसुद्धतरागं खेत्तं पासइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નીલલેશી નારકી, કૃષ્ણલેશી નારકીની અપેક્ષાએ બધી દિશાઓ અને વિદિશાઓમાં અવધિજ્ઞાન દ્વારા જાણતો કેટલા ક્ષેત્રને જાણે છે અને અવધિદર્શનથી કેટલા ક્ષેત્રને જુએ છે ? અર્થાત્ નીલલેશી અને કૃષ્ણલેશી નારકીનું અવધિજ્ઞાન એક સમાન છે કે તેમાં કાંઈ ન્યૂનાધિકતા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે નીલલેશી નારકી, કૃષ્ણલેશી નારકી કરતાં ઘણાં ક્ષેત્રને જાણે છે અને ઘણાં ક્ષેત્રને જુએ છે, દૂરવર્તી ક્ષેત્રને જાણે છે અને દૂરવર્તી ક્ષેત્રને જુએ છે, તે ક્ષેત્રને વિતિમિરતર–ભ્રાન્તિરહિત પણે જાણે છે અને જુએ છે તથા તે ક્ષેત્રને વિશુદ્ધતર–અત્યંત સ્ફુટપણે જાણે છે અને વિશુદ્ધતર જુએ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નીલલેશી નારકી, કૃષ્ણલેશી નારકીની અપેક્ષાએ ***યાવત્*** ક્ષેત્રને વિશુદ્ધતર જાણે છે અને જુએ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કોઈ પુરુષ અત્યંત સમ રમણીય ભૂમિભાગથી પર્વત પર ચઢીને બધી દિશાઓ-વિદિશાઓમાં અવલોકન કરે, તો તે પુરુષ ભૂતલ પર સ્થિત પુરુષની અપેક્ષાએ બધી તરફ જોતાં-જોતાં ઘણાં ક્ષેત્રને જાણે છે અને જુએ છે ***યાવત્*** ક્ષેત્રને વિશુદ્ધતર જાણે અને જુએ છે. તેથી હે ગૌતમ! એ પ્રમાણે કહ્યું છે કે નીલલેશી નારકી, કૃષ્ણલેશી નારકીની અપેક્ષાએ ઘણા ક્ષેત્રને ***યાવત્*** ક્ષેત્રને વિશુદ્ધતર જાણે અને જુએ છે.

**૧૬ काउलेसे णं भंते ! णेरइए णीललेस्सं णेरइयं पणिहाय ओहिणा सव्वओ समंता समभिलोएमाणे समभिलोएमाणे केवइयं खेत्तं जाणइ ? केवइयं खेत्तं पासइ ? गोयमा ! बहुतरागं खेत्तं जाणइ बहुतरागं खेत्तं पासइ** *जाव* **विसुद्धतरागं खेत्तं पासइ ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ- काउलेसे णं णेरइए** *जाव* **विसुद्धतरागं खेत्तं पासइ? गोयमा ! से जहाणामए केइ पुरिसे बहुसमरमणिज्जाओ भूमिभागाओ पव्वयं दुरुहइ, दुरुहत्ति रुक्खं दुरुहइ, दुरुहित्ता दो वि पाए उच्चाविय सव्वओ समंता समभिलोएज्जा, तए णं से पुरिसे पव्वयगयं धरणितलगयं च पुरिसं पणिहाय सव्वओ समंता समभिलोएमाणे समभिलोएमाणे बहुतरागं खेत्तं जाणइ बहुतरागं खेत्तं पासइ** *जाव* **विसुद्धतरागं खेत्तं पासइ । से एएणट्ठेणं गोयमा ! एवं वुच्चइ काउलेस्से णं णेरइए णीललेस्सं णेरइयं पणिहाय तं चेव** *जाव* **विसुद्धतरागं खेत्तं पासइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કાપોતલેશી નારકી, નીલલેશી નારકીની અપેક્ષાએ બધી દિશાઓ અને વિદિશાઓમાં અવધિજ્ઞાન દ્વારા જોતાં કેટલા ક્ષેત્રને જાણે છે અને કેટલા ક્ષેત્રને જુએ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કાપોતલેશી નારકી, નીલલેશી નારકીની અપેક્ષાએ ઘણા ક્ષેત્રને જાણે છે અને ઘણા ક્ષેત્રને જુએ છે. તે દૂરવર્તી ક્ષેત્રને જાણે છે અને દૂરવર્તી ક્ષેત્રને જુએ છે ***યાવત્*** ક્ષેત્રને વિશુદ્ધતર જાણે છે અને જુએ છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કાપોતલેશી નારક ***યાવત્*** વિશુદ્ધતર ક્ષેત્રને જાણે અને જુએ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કોઈ પુરુષ અત્યંત સમ રમણીય ભૂભાગથી પર્વત પર ચઢી જાય, પછી પર્વત ઉપરના વૃક્ષ પર ચઢી, બંને પગોને ઊંચા કરીને ચારેય દિશાઓ-વિદિશાઓમાં જુએ, તો તે પર્વતગત પુરુષ ભૂમિગત પુરુષની અપેક્ષાએ સર્વ દિશાઓમાં જોતાં જોતાં ઘણાં ક્ષેત્રને જાણે છે અને ઘણાં ક્ષેત્રને જુએ છે ***યાવત્*** તે ક્ષેત્રને વિશુદ્ધતર જાણે અને જુએ છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે કાપોતલેશી નારકી નીલલેશી નારકીની અપેક્ષાએ ***યાવત્*** અધિક ક્ષેત્રને તથા વિશુદ્ધતરરૂપે જાણે અને જુએ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કૃષ્ણાદિ લેશ્યાવાળા નૈરયિકોની અવધિજ્ઞાન-દર્શનથી જાણવા જોવાની શક્તિની તારતમ્યતાનું દષ્ટાંત સાથે નિરૂપણ છે.

નૈરયિકોને ભવપ્રત્યયિક અવધિજ્ઞાન હોવાથી પ્રત્યેક નારકીને જન્મથી જ અવધિજ્ઞાન હોય છે પરંતુ નીચે-નીચેની નરકમાં અવધિજ્ઞાનનો વિષય ક્રમશઃ અલ્પ અલ્પતમ છે.

**સાતે નરકમાં લેશ્યા અને અવધિજ્ઞાનનો વિષય :–**

| નરક | લેશ્યા | જઘન્ય વિષય | ઉત્કૃષ્ટ વિષય |
|---|---|---|---|
| પ્રથમ નરક | કાપોતલેશી નારકી | સાડા ત્રણ ગાઉ | ચાર ગાઉ |
| બીજી નરક | કાપોતલેશી નારકી | ત્રણ ગાઉ | સાડા ત્રણ ગાઉ |
| ત્રીજી નરક | કાપોત-નીલલેશી નારકી | અઢી ગાઉ | ત્રણ ગાઉ |
| ચોથી નરક | નીલલેશી નારકી | બે ગાઉ | અઢી ગાઉ |
| પાંચમી નરક | નીલ-કૃષ્ણલેશી નારકી | દોઢ ગાઉ | બે ગાઉ |
| છઠ્ઠી નરક | કૃષ્ણલેશી નારકી | એક ગાઉ | દોઢ ગાઉ |
| સાતમી નરક | કૃષ્ણલેશી નારકી | અર્ધો ગાઉ | એક ગાઉ |

**બે કૃષ્ણલેશી નૈરયિકોના જ્ઞાનમાં તરતમતા–** બે કૃષ્ણલેશી નારકીના અવધિજ્ઞાનના વિષયમાં તરતમતા હોય છે. કૃષ્ણલેશ્યા પાંચમી, છઠ્ઠી અને સાતમી ત્રણ નરકના નારકીને હોય છે અને તેમાં કંઈક હીનાધિકતા હોય છે, જેમ એક પુરુષ સમતલ પૃથ્વી પર ઊભો હોય અને એક પુરુષ એકાદ–બે પગથિયા જેટલા નીચેના ક્ષેત્રમાં ઊભો હોય, તો તે બંને પુરુષના દષ્ટિગત ક્ષેત્રમાં આંશિક તરતમતા થાય છે. તેમ સમાન લેશ્યા- વાળા નૈરયિકોના અવધિજ્ઞાનમાં આંશિક ન્યૂનાધિકતા હોય છે. સાતમી નરકના કૃષ્ણલેશી નૈરયિકની અપેક્ષાએ છઠ્ઠી અને પાંચમી નરકના નૈરયિકોના અવધિજ્ઞાનની ક્ષેત્ર સીમા અધિક હોય છે.

**કૃષ્ણ, નીલ અને કાપોતલેશી નૈરયિકના જ્ઞાનમાં તરતમતા :–** કૃષ્ણલેશી નારકીના અવધિજ્ઞાનથી નીલલેશી નારકીના અવધિજ્ઞાનની તરતમતા અધિક હોય છે. જેમ સમતલ પૃથ્વી પરથી જોનાર પુરુષની અપેક્ષાએ પર્વત પરથી જોનાર પુરુષ ચારે દિશા-વિદિશાઓમાં અધિક જોઈ શકે છે, દૂર સુધી જોઈ શકે અને સ્પષ્ટ જોઈ શકે છે તેમ કૃષ્ણલેશી નારકીની અપેક્ષાએ નીલલેશી નારકી અધિક ક્ષેત્રને જોઈ શકે, દૂરવર્તી ક્ષેત્રને જાણી શકે અને વિશુદ્ધ રૂપે જાણી શકે છે.

તે જ રીતે નીલલેશી નારકીની અપેક્ષાએ કાપોતલેશી નારકીના અવધિજ્ઞાનનું ક્ષેત્ર અધિક હોય છે અને તેનું જ્ઞાન વિશુદ્ધ હોય છે. આ રીતે અવિશુદ્ધ લેશ્યાવાળા જીવોની અપેક્ષાએ વિશુદ્ધ, વિશુદ્ધતર લેશ્યા- વાળા જીવોનું જ્ઞાન અધિક હોય છે.

**કૃષ્ણાદિ લેશ્યાયુક્ત જીવોમાં જ્ઞાન :–**

**१७ कण्हलेस्से णं भंते ! जीवे कइसु णाणेसु होज्जा ?**

**गोयमा ! दोसु वा तिसु वा चउसु वा णाणेसु होज्जा, दोसु होमाणे आभिणिबोहिय-सुयणाणेसु होज्जा, तिसु होमाणे आभिणिबोहिय-सुयणाण-ओहिणाणेसु होज्जा, अहवा तिसु होमाणे आभिणिबोहिय-सुयणाण-मणपज्जवणाणेसु होज्जा, चउसु होमाणे आभिणिबोहियणाण-सुयणाण-ओहिणाण-मणपज्जवणाणेसु होज्जा । एवं *जाव* पम्हलेस्से।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી જીવ કેટલા જ્ઞાનમાં હોય છે અર્થાત્ કૃષ્ણલેશી જીવોને કેટલા જ્ઞાન હોય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! બે, ત્રણ અથવા ચાર જ્ઞાન હોય છે. જો બે જ્ઞાન હોય તો મતિ અને શ્રુતજ્ઞાન હોય છે. ત્રણ જ્ઞાન હોય તો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન અથવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન હોય છે અને ચાર જ્ઞાન હોય તો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાનમાં હોય છે.

આ જ રીતે નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા અને પદ્મલેશ્યાવાળા જીવમાં જ્ઞાનની પ્રરૂપણા સમજી લેવી જોઈએ.

**૨૨ सुक्कलेस्से णं भंते ! जीवे कइसु णाणेसु होज्जा ? गोयमा ! दोसु वा तिसु वा चउसु वा एगम्मि वा होज्जा, दोसु होमाणे आभिणिबोहियणाण एवं जहेव कण्हलेस्साणं तहेव भाणियव्वं** *जाव* **चउहिं, एगम्मि होमाणे एगम्मि केवलणाणे होज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! શુક્લલેશ્યાવાળો જીવને કેટલા જ્ઞાન હોય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! શુક્લલેશી જીવને બે, ત્રણ, ચાર કે એક જ્ઞાન હોય છે. જો બે જ્ઞાન હોય તો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે, ત્રણ કે ચાર જ્ઞાન હોય તો કૃષ્ણલેશીના કથનનાનુસાર જાણવું અને જો એક જ્ઞાન હોય તો એક કેવળજ્ઞાન હોય છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં છ લેશ્યામાં જ્ઞાનનું પ્રતિપાદન છે.

કોઈ પણ જીવને ઓછામાં ઓછા મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન, આ બે જ્ઞાન હોય છે. જો તે જીવને અવધિજ્ઞાન હોય તો તે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન; આ ત્રણ જ્ઞાન હોય અથવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન; આ ત્રણ જ્ઞાન હોય છે. આ રીતે ત્રણ જ્ઞાનના બે વિકલ્પો છે.

અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાનની પ્રાપ્તિમાં કોઈ ક્રમ નિશ્ચિત નથી અને તેને સંબંધ પણ નથી, તેથી કોઈ જીવને અવધિજ્ઞાનની પ્રાપ્તિ વિના પણ મન:પર્યવજ્ઞાન થઈ શકે છે અને કોઈ જીવને અવધિજ્ઞાનની પ્રાપ્તિ પછી પણ મન:પર્યવજ્ઞાન થાય છે.

જો કોઈ જીવને ચાર જ્ઞાન હોય તો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન હોય છે અને એક જ્ઞાન હોય, તો એક માત્ર કેવળજ્ઞાન હોય છે. કેવળજ્ઞાન પૂર્ણજ્ઞાન હોવાથી તેની પ્રાપ્તિ પછી મતિજ્ઞાન આદિ ચારે જ્ઞાન રહેતા નથી, તેમાં જ સમાવિષ્ટ થઈ જાય છે, વિલીન થઈ જાય છે.

**પ્રથમ પાંચ લેશ્યામાં જ્ઞાન :**– કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યામાં એકથી છ ગુણસ્થાન અને તેજોલેશ્યા તથા પદ્મલેશ્યામાં એકથી સાત ગુણસ્થાન હોય છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન ચોથાથી બારમા ગુણસ્થાન સુધી અને મન:પર્યવજ્ઞાન છટ્ઠાથી બારમા ગુણસ્થાન સુધી હોય છે. તેથી આ પાંચ લેશ્યાયુક્ત જીવોને બે જ્ઞાન, ત્રણજ્ઞાન અથવા ચાર જ્ઞાન હોય શકે છે.

**કૃષ્ણ આદિ ત્રણ લેશ્યામાં મન:પર્યવજ્ઞાન :**– મન:પર્યવજ્ઞાનની પ્રાપ્તિ અત્યંત વિશુદ્ધ પરિણામી અપ્રમત્ત સંયતીને જ એટલે કે સાતમા ગુણસ્થાનવર્તી જીવને જ થાય છે. તેમ છતાં મન:પર્યવજ્ઞાનની પ્રાપ્તિ પછી તેને છટ્ઠું પ્રમત્તસંયત ગુણસ્થાન પ્રાપ્ત થઈ શકે છે. છટ્ઠા ગુણસ્થાનમાં તે જીવને કૃષ્ણાદિ છ એ લેશ્યા હોઈ શકે છે અને તેમાં મન:પર્યવજ્ઞાન રહી શકે છે.

પ્રત્યેક લેશ્યાના અસંખ્યાત અધ્યવસાયસ્થાન છે. કૃષ્ણ આદિ અશુભ લેશ્યાઓના અત્યંત મંદ પરિણામો છટ્ઠા ગુણસ્થાને હોય છે. આ કારણે તેમાં મનઃપર્યવજ્ઞાન સંભવિત થાય છે.

**શુક્લલેશ્યામાં જ્ઞાન–** શુક્લલેશ્યામાં એકથી તેર ગુણસ્થાન હોય છે. તેરમા ગુણસ્થાનની અપેક્ષાએ શુક્લલેશ્યામાં એક કેવળજ્ઞાન અને ચોથાથી બારમા ગુણસ્થાનની અપેક્ષાએ તેમાં બે, ત્રણ કે ચાર જ્ઞાન હોય છે.

**સલેશી જીવોમાં સંભવિત જ્ઞાન :–**

| સલેશી જીવ | જ્ઞાનસંખ્યા | મતિજ્ઞાન | શ્રુતજ્ઞાન | અવધિજ્ઞાન | મનઃપર્યવજ્ઞાન | કેવળજ્ઞાન |
|---|---|---|---|---|---|---|
| કૃષ્ણાદિ **પાંચલેશ્યામાં** | ૨ | ✓ | ✓ | × | × | × |
| | ૩ | ✓ | ✓ | ✓ | × | × |
| | ૩ | ✓ | ✓ | × | ✓ | × |
| | ૪ | ✓ | ✓ | ✓ | ✓ | × |
| શુક્લલેશીમાં | ૨ | ✓ | ✓ | × | × | × |
| | ૩ | ✓ | ✓ | ✓ | × | × |
| | ૩ | ✓ | ✓ | × | ✓ | × |
| | ૪ | ✓ | ✓ | ✓ | ✓ | × |
| | ૧ | × | × | × | × | ✓ |

**॥ તૃતીય ઉદ્દેશક સંપૂર્ણ ॥**

# સત્તરમું લેશ્યા પદ : ચોથો ઉદ્દેશક

**ચોથા ઉદ્દેશકના વિષયો :–**

**१** परिणाम वण्ण रस गंध, सुद्ध अपसत्थ संकिलिट्ठुण्हा ।
गइ परिणाम पएसोगाढ, वग्गण ठाणाणमप्पबहुं ॥१॥

**ગાથાર્થ:–** (૧) પરિણમન (૨) વર્ણ (૩) રસ (૪) ગંધ (૫) શુદ્ધ-અશુદ્ધ (૬) પ્રશસ્ત અપ્રશસ્ત (૭) સંક્લિષ્ટ-અસંકલિષ્ટ (૮) ઉષ્ણ-શીત (૯) ગતિ (૧૦) પરિણામ (પ્રકાર) (૧૧) પ્રદેશ (૧૨) અવગાઢ (૧૩) વર્ગણા (૧૪) લેશ્યા-સ્થાન અને (૧૫) અલ્પબહુત્વ. આ પંદર વિષયોનું વર્ણન આ ચોથા ઉદ્દેશકમાં છે.

**લેશ્યાના છ પ્રકાર :–**

**२ कइ णं भंते ! लेस्साओ पण्णत्ताओ ? गोयमा ! छल्लेसाओ पण्णत्ताओ, तं जहा- कण्हलेस्सा** *जाव* **सुक्कलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લેશ્યાઓ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! લેશ્યાઓ છ છે, તે આ પ્રમાણે છે– કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યા.

**(૧) લેશ્યા પરિણમન :–**

**३ से णूणं भंते ! कण्हलेस्सा णीललेस्सं पप्प तारूवत्ताए तावण्णत्ताए तागंधत्ताए तारसत्ताए ताफासत्ताए भुज्जो भुज्जो परिणमइ ? हंता गोयमा ! कण्हलेस्सा णीललेस्सं पप्प तारूवत्ताए तावण्णत्ताए तागंधत्ताए तारसत्ताए ताफासत्ताए भुज्जो-भुज्जो परिणमइ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ- कण्हलेस्सा णीललेस्सं पप्प तारूवत्ताए** *जाव* **भुज्जो-भुज्जो परिणमइ ? गोयमा ! से जहाणामए खीरे दूसिं पप्प सुद्धे वा वत्थे रागं पप्प तारूवत्ताए तावण्णत्ताए तागंधत्ताए तारसत्ताए ताफासत्ताए भुज्जो-भुज्जो परिणमइ । से एएणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- कण्हलेस्सा णीललेस्सं पप्प तारूवत्ताए** *जाव* **भुज्जो-भुज्जो परिणमइ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાને પામીને તેના સ્વરૂપે, તેના વર્ણરૂપે, તેના ગંધરૂપે, તેના રસરૂપે, તેના સ્પર્શરૂપે વારંવાર પરિણમે છે ? **ઉત્તર–** હા ગૌતમ ! કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાને પામીને તેના સ્વરૂપે ***યાવત્*** વારંવાર પરિણમે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાને પ્રાપ્ત થઈને તેના રૂપે ***યાવત્*** વારંવાર પરિણમે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જેમ દૂધ, છાશને પામીને અથવા શ્વેત વસ્ત્ર, લાલ-પીળા વગેરે રંગોને પામીને તે સ્વરૂપે, તેના વર્ણરૂપે, તેના ગંધરૂપે, તેના રસરૂપે અને તે જ સ્પર્શરૂપે વારંવાર પરિણમે છે, તેમ કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાને પામીને તે રૂપે પરિણમે છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે કૃષ્ણલેશ્યા,

નીલલેશ્યાને પામીને તે જ રૂપે ***યાવત્*** વારંવાર પરિણમે છે.

**૪ एवं एएणं अभिलावेणं णीललेस्सा काउलेस्सं पप्प, काउलेस्सा तेउलेस्सं पप्प, तेउलेस्सा, पम्हलेस्सं पप्प, पम्हलेस्सा सुक्कलेस्सं पप्प** *जाव* **भुज्जो भुज्जो परिणमइ ।**

**ભાવાર્થ :–** આ જ પૂર્વોક્ત કથન અનુસાર નીલલેશ્યા કાપોતલેશ્યાને પામીને, કાપોતલેશ્યા તેજોલેશ્યાને પામીને, તેજોલેશ્યા પદ્મલેશ્યાને પામીને અને પદ્મલેશ્યા શુક્લલેશ્યાને પામીને તે-તે રૂપે ***યાવત્*** વારંવાર પરિણમે છે.

**૫ से णूणं भंते ! कण्हलेस्सा णीललेस्सं काउलेस्सं तेउलेस्सं पम्हलेस्सं सुक्कलेस्सं पप्प तारूवत्ताए तावण्णत्ताए तागंधत्ताए तारसत्ताए ताफासत्ताए भुज्जो भुज्जो परिणमइ?**

**हंता गोयमा ! कण्हलेस्सा णीललेस्सं पप्प** *जाव* **सुक्कलेस्सं पप्प तारूवत्ताए तावण्णत्ताए तागंधत्ताए तारसत्ताए ताफासत्ताए भुज्जो भुज्जो परिणमइ ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ- किण्हलेस्सा णीललेस्सं** *जाव* **सुक्कलेस्सं पप्प तारूवत्ताए** *जाव* **भुज्जो भुज्जो परिणमइ ? गोयमा ! से जहाणामए वेरुलियमणी सिया किण्णसुत्तए वा णीलसुत्तए वा लोहियसुत्तए वा हालिद्दसुत्तए वा सुक्किल्लसुत्तए वा आइए समाणे तारूवत्ताए** *जाव* **भुज्जो भुज्जो परिणमइ । से एएणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- किण्हलेस्सा णीललेस्सं पप्प** *जाव* **सुक्कलेस्सं पप्प तारूवत्ताए** *जाव* **भुज्जो भुज्जो परिणमइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા શું નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાને પ્રાપ્ત થઈને તે-તે લેશ્યાના સ્વરૂપે, તેના વર્ણરૂપે, તેના ગંધરૂપે, તેના રસરૂપે, તેના સ્પર્શરૂપે વારંવાર પરિણમે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાને ***યાવત્*** શુક્લલેશ્યાને પામીને તે-તે લેશ્યાના સ્વરૂપે ***યાવત્*** વારંવાર પરિણમે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યાને પામીને તેના જ સ્વરૂપે ***યાવત્*** વારંવાર પરિણમે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કોઈ વૈડૂર્યમણિને કાળા રંગના દોરામાં, નીલા રંગના દોરામાં, લાલ રંગના દોરામાં, પીળા રંગના દોરામાં કે શ્વેત(સફેદ) રંગના દોરામાં પરોવવામાં આવે, તો તે વૈડૂર્યમણિ તે દોરાના રૂપે ***યાવત્*** તેના જ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શરૂપે વારંવાર પરિણમે છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યાને પામીને તે તે લેશ્યાઓના સ્વરૂપે ***યાવત્*** વારંવાર પરિણમે છે.

**૬ से णूणं भंते ! णीललेस्सा किण्हलेस्सं** *जाव* **सुक्कलेस्सं पप्प तारूवत्ताए** *जाव* **भुज्जो भुज्जो परिणमइ ? हंता गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નીલલેશ્યા શું કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યાને પામીને તેના જ સ્વરૂપે ***યાવત્*** વારંવાર પરિણમે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! તે-તે રૂપે પરિણમે છે.

**૭ एवं काउलेस्सा कण्हलेस्सं णीललेस्सं तेउलेस्सं पम्हलेस्सं सुक्कलेस्सं, एवं तेउलेस्सा किण्हलेसं णीललेसं काउलेसं पम्हलेसं सुक्कलेसं, एवं पम्हलेस्सा कण्हलेसं**

**णीललेसं काउलेसं तेउलेसं सुक्कलेस्सं पप्प** *जाव* **भुज्जो भुज्जो परिणमइ ।**

**ભાવાર્થ :–** આ જ રીતે કાપોતલેશ્યા– કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાને પામીને; આ જ રીતે તેજોલેશ્યા– કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાને પામીને; પદ્મલેશ્યા– કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, શુક્લલેશ્યાને પામીને તે-તે રૂપે તેના જ સ્વરૂપે વારંવાર પરિણમે છે.

**૮ से णूणं भंते ! सुक्कलेस्सा किण्हलेस्सं णीललेस्सं काउलेस्सं तेउलेस्सं पम्हलेस्सं पप्प** *जाव* **भुज्जो भुज्जो परिणमइ ? हंता गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શુક્લલેશ્યા શું કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યાને પ્રાપ્ત થઈનેતેના રૂપે, તેના વર્ણરૂપે, ગંધાદિરૂપે વારંવાર પરિણમે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! તે-તે વારંવાર પરિણમે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કૃષ્ણાદિ લેશ્યાઓના વિવિધ પ્રકારના પરિણમનની પ્રરૂપણા છે.

**લેશ્યા પરિણમનઃ–** પરિણમન = પરિવર્તન. એક લેશ્યાદ્રવ્યના પુદ્ગલોનું બીજી લેશ્યા દ્રવ્યના પુદ્ગલ રૂપે તથા તેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શરૂપે પરિવર્તિત થવાને, એક લેશ્યા દ્રવ્યોનું અન્ય લેશ્યાદ્રવ્ય રૂપે થતાં પરિણમનને લેશ્યા પરિણામ કહે છે.

નારકી અને દેવતાના ભવમાં દ્રવ્યલેશ્યા ભવપર્યંત અવસ્થિત રહે છે. મનુષ્ય અને તિર્યંચભવમાં ભાવલેશ્યા પ્રમાણે દ્રવ્યલેશ્યામાં પરિવર્તન થયા કરે છે. પુદ્ગલના પરિણમનના સિદ્ધાંતાનુસાર એક લેશ્યા દ્રવ્યના પુદ્ગલો અન્ય લેશ્યાદ્રવ્યના પુદ્ગલોનો સંયોગ પામીને તે-તે સ્વરૂપે પરિણમન પામે છે.

લેશ્યાનું પોતાનું સ્વરૂપ છોડી અન્ય લેશ્યારૂપે પરિણત થવું અને લેશ્યાનું પોતાના સ્વરૂપનો ત્યાગ કર્યા વિના અન્ય લેશ્યારૂપે પરિણત થવું, આ પરિણમનના બે સિદ્ધાંતોને અહીં બે દષ્ટાંત દ્વારા સમજાવ્યા છે– (૧) જેમ દૂધ, દહીંનો સંયોગ પામીને ક્રમશઃ દહીંના વર્ણ,ગંધ, રસ અને સ્પર્શ રૂપે પરિણત થઈને દહીં સ્વરૂપ બની જાય છે. અથવા જેમ શ્વેત વસ્ત્ર મજીઠીઓ આદિ કોઈ પણ રંગના પુદ્ગલોનો સંયોગ પામીને ક્રમશઃ તેના વર્ણ, ગંધ,રસ અને સ્પર્શ રૂપે પરિણત થઈને મજીઠીયા રંગ સ્વરૂપ બની જાય છે. તેમ કૃષ્ણલેશ્યાના પુદ્ગલો પણ નીલલેશ્યાના પુદ્ગલોનો સંયોગ પામીને ક્રમશઃ નીલલેશ્યાના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રૂપે પરિણત થઈને નીલલેશ્યા બની જાયછે. તે જ રીતે નીલલેશ્યા-કાપોતલેશ્યા રૂપે; કાપોતલેશ્યા-તેજોલેશ્યા રૂપે; તેજોલેશ્યા-પદ્મલેશ્યા રૂપે અને પદ્મલેશ્યા-શુક્લલેશ્યા રૂપે પરિણત થઈ શકે છે.

(૨) જે રીતે એક લેશ્યા અન્ય લેશ્યા રૂપે પરિણત થાય છે તે જ રીતે કૃષ્ણલેશ્યા, નીલાદિ પાંચ લેશ્યામાંથી કોઈ પણ લેશ્યા પુદ્ગલોના સંયોગે પોતાના સ્વરૂપનો ત્યાગ કર્યા વિના પણ તદ્રૂપે પરિણત થઈ શકે છે. જેમ વૈડૂર્યમણિ સફેદ દોરામાં પરોવતા સફેદ લાગે અને લાલ,પીળા આદિ જે રંગના દોરામાં પરોવીએ, તો તે રંગને ધારણ કરે છે. તેમ કૃષ્ણલેશ્યાના પુદ્ગલોને નીલલેશ્યા, કાપોતલેશ્યા આદિ જે લેશ્યાના પુદ્ગલોનો સંયોગ થાય, તે લેશ્યા રૂપે દેખાવ માત્રથી પરિણત થઈ જાય છે.

આ રીતે છએ લેશ્યાઓ એકબીજામાં બંને રીતે પરિણમન પામતી રહે છે. મનુષ્ય અને તિર્યંચમાં દ્રવ્યલેશ્યા પલટાતી રહે છે. જેમ દૂધ-દહીં રૂપે પરિણમી જાય છે, તેમ મનુષ્ય-તિર્યંચની લેશ્યા પોતાના સ્વરૂપનો ત્યાગ કરી અન્ય લેશ્યાદ્રવ્યના સ્વરૂપને પ્રાપ્ત કરે છે.

નારકીઓ અને દેવોમાં દ્રવ્યલેશ્યા અવસ્થિતછે. તેના લેશ્યાદ્રવ્યો ભવપર્યંત અવસ્થિત હોય છે. વૈડુર્યમણિ કાળા આદિ દોરાને પ્રાપ્ત કરી કાળાવર્ણ રૂપે પરિણત થતું નથી પરંતુ પોતાના સ્વરૂપનો ત્યાગ કર્યા વિના જ તે-તે પર્યાયને ધારણ કરે છે, તેમ નારકી અને દેવમાં લેશ્યાદ્રવ્યો ભવપર્યંત અવસ્થિત હોય છે તેથી અન્ય લેશ્યા દ્રવ્યને માત્ર ગ્રહણ કરીને ધારણ કરે છે, પરંતુ તે લેશ્યા દ્રવ્યોના રૂપમાં પરિવર્તન પામતી નથી. ચારે ગતિના આ બે પ્રકારના પરિણામને સમજાવવા સૂત્રમાં બે પ્રકારના દષ્ટાંત રજૂ કરવામાં આવ્યા છે.

**(૨) લેશ્યા-વર્ણ :–**

**९ कण्हलेस्सा णं भंते ! वण्णेणं केरिसिया पण्णत्ता ?**

**गोयमा ! से जहाणामए जीमूए इ वा अंजणे इ वा खंजणे इ वा कज्जले इ वा गवले इ वा गवलवलए इ वा जंबूफलए इ वा अद्दारिट्ठए इ वा परपुट्ठे इ वा भमरे इ वा भमरावली इ वा गयकलभे इ वा किण्हकेसे इ वा आगासथिग्गले इ वा किण्हासोए इ वा किण्हकणवीरए इ वा किण्हबंधुजीवए इ वा, भवेयारूवा ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे, किण्हलेस्सा णं एत्तो अणिट्ठतरिया चेव अकंततरिया चेव अप्पियतरिया चेव अमणुण्णतरिया चेव अमणामतरिया चेव वण्णेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાનો વર્ણ કેવો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કોઈ જીમૂત (વર્ષારંભકાલિક મેઘ), આંખોમાં આંજવાનું સૌવીરાદિ અંજન, ગાડી-ગાડાની ધરીનું કીલ કે દિવાની મશ, કાજળ, ભેંસનું શીંગડું, ભેંસના શીંગડાંનો સમૂહ,જાંબુફળ, લીલા અરીઠાનું ફૂલ, કોયલ, ભમરો, ભમરાની પંક્તિ, હાથીનું બચ્ચું, કાળા વાળ (કૃષ્ણકેસર-કાળાં બકુલનું ઝાડ), આકાશ થીગડું(લોકાકાશ), મેઘાચ્છાદિત આકાશખંડ, કૃષ્ણ અશોક, કાળી કણેર અને કાળા બંધુજીવક વૃક્ષ ઈત્યાદિ, શું આ બધા કાળા પદાર્થો જેવો કૃષ્ણ લેશ્યાનો વર્ણ હોય ? હે ગૌતમ ! તેમ નથી, પરંતુ ઉપરોક્ત વસ્તુઓથી પણ વિશેષ અનિષ્ટતર, અકાંત-અસુંદર, અપ્રિય, અમનોજ્ઞ અને અમનોહર વર્ણ કૃષ્ણલેશ્યાનો હોય છે.

**१० णीललेस्सा णं भंते ! केरिसिया वण्णेणं पण्णत्ता ?**

**गोयमा ! से जहाणामए भिंगे इ वा भिंगपत्ते इ वा चासे इ वा चासपिच्छे इ वा सुए इ वा सुयपिच्छे इ वा सामा इ वा वणराई इ वा उच्चंतए इ वा पारेवयगीवा इ वा मोरगीवा इ वा हलधरवसणे इ वा अयसिकुसुमे इ वा बाणकुसुमे इ वा अंजणकेसियाकुसुमे इ वा णीलुप्पले इ वा णीलासोए इ वा णीलकणवीरए इ वा णीलबंधुजीवए इ वा, भवेयारूवा? गोयमा ! णो इणट्ठे समट्ठे, एत्तो अणिट्ठतरिया चेव *जाव* अमणामतरिया चेव वण्णेणं पण्णत्ता?**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નીલલેશ્યાનો વર્ણ કેવો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કોઈ ભૃંગપક્ષી, ભૃંગપક્ષીની પાંખ, ચાસપક્ષી, ચાસપક્ષીની પાંખ, પોપટ, પોપટની પાંખ, પ્રિયંગુલતા, વનરાજી, દંતરાગ–દાંતને રંગવાનું દ્રવ્ય, કબૂતરની ગ્રીવા, મોરની ગ્રીવા, બળદેવના નીલ વસ્ત્ર, અળસીનાં ફૂલ, બાણ વૃક્ષનું ફૂલ, અંજન કોશિકાનું ફૂલ, નીલકમળ, નીલ અશોક, નીલું કણવીર કે નીલું બંધુજીવક વૃક્ષ ઇત્યાદિ, શું આ બધા નીલા પદાર્થો જેવો નીલલેશ્યાનો વર્ણ હોય ? હે ગૌતમ ! તેમ નથી, પરંતુ ઉપરોક્ત વસ્તુઓથી પણ વિશેષ અનિષ્ટતર, અકાંત-અસુંદર, અપ્રિય, અમનોજ્ઞ અને અમનોહર વર્ણ નીલલેશ્યાનો હોય છે.

**११ काउलेस्सा णं भंते ! केरिसिया वण्णेणं पण्णत्ता ?**

**गोयमा ! से जहाणामए खयरसारे इ वा कयरसारे इ वा धमाससारे इ वा तंबे इ वा तंबकरोडए इ वा तंबच्छिवाडिया इ वा वाइंगणिकुसुमए इ वा कोइलच्छदकुसुमए इ वा जवासाकुसुमे इ वा कलकुसुमे इ वा, भवेयारूवा ? गोयमा ! णो इणट्ठे समट्ठे, काउलेस्सा णं एत्तो अणिट्ठतरिया चेव *जाव* अमणामतरिया चेव वण्णेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાપોતલેશ્યાનો વર્ણ કેવો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેવો ખદિર વૃક્ષનો મધ્ય ભાગ, કેર નામના વૃક્ષનો મધ્ય ભાગ, ધમાસવૃક્ષનો મધ્ય ભાગ, તાંબુ કે તાંબાની કટોરી, રીંગણીનાં પુષ્પ, કોકિલચ્છદ વૃક્ષનું ફૂલ, જવાસાનું ફૂલ કળ કુસુમ(ધાન્ય વિશેષનું ફૂલ) ઈત્યાદિ, શું આ બધા કથ્થાઈ રંગના પદાર્થો જેવો કાપોતલેશ્યાનો વર્ણ હોય ? હે ગૌતમ! તેમ નથી, પરંતુ ઉપરોક્ત વસ્તુઓથી પણ વિશેષ અનિષ્ટતર, અકાંત-અસુંદર, અપ્રિય, અમનોજ્ઞ અને અમનોહર વર્ણ કાપોતલેશ્યાનો હોય છે.

**१२ तेउलेस्सा णं भंते ! केरिसिया वण्णेणं पण्णत्ता ?**

**गोयमा ! से जहाणामए ससरुहिरे इ वा उरब्भरुहिरे इ वा वराहरुहिरे इ वा संबररुहिरे इ वा मणुस्सरुहिरे इ वा बालिंदगोवे इ वा बालदिवागरे इ वा संझब्भरागे इ वा गुंजद्धरागे इ वा जाइहिंगुलए इ वा पवालंकुरे इ वा लक्खारसे इ वा लोहियक्खमणी इ वा किमिरागकंबले इ वा गयतालुए इ वा चीणपिट्ठरासी इ वा पारिजायकुसुमे इ वा जासुमणाकुसुमे इ वा किंसुयपुप्फरासी इ वा रत्तुप्पले इ वा रत्तासोगे इ वा रत्तकणवीरए इ वा रत्तबंधुजीवए इ वा, भवेयारूवा? गोयमा! णो इणट्ठे समट्ठे, तेउलेस्सा णं एत्तो इट्ठतरिया चेव *जाव* मणामतरिया चेव वण्णेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેજોલેશ્યાનો વર્ણ કેવો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ સસલાનું લોહી, ઘેટાનું લોહી, ડુક્કરનું લોહી, સંબર(હરણની એક જાતિ)નું લોહી, મનુષ્યનું લોહી, તત્કાળ જન્મેલો ઈન્દ્રગોપ, ઉદિત થતો સૂર્ય, સંધ્યાનો રંગ, અર્ધ ચણોઠીનો રંગ, ઉત્તમ જાતિનો હિંગળો, પ્રવાલ-મૂંગાનો અંકુર, લાક્ષારસ, લોહિતાક્ષમણિ, કિરમજીના રંગવાળી કંબલ, હાથીનું તાળવું, ચીન-મસુર નામના લાલ દ્રવ્યનું ચૂર્ણ,પારિજાતકુસુમ, જપાકુસુમ, કેસૂડાનાં ફૂલનો સમૂહ,

લાલકમળ, લાલ અશોક, લાલ કણેર અથવા લાલ બંધુજીવક ઇત્યાદિ, શું આ બધા લાલ રંગના પદાર્થો જેવો તેજોલેશ્યાનો વર્ણ હોય ? હે ગૌતમ ! તેમ નથી, પરંતુ ઉપરોક્ત વસ્તુઓથી પણ વિશેષ ઈષ્ટતર, કાંત-સુંદર, પ્રિય, મનોજ્ઞ અને મનોહર વર્ણ તેજોલેશ્યાનો હોય છે.

**१३ पम्हलेस्सा णं भंते ! केरिसिया वण्णेणं पण्णत्ता ?**

**गोयमा ! से जहाणामए चंपे इ वा चंपयछल्ली इ वा चंपभेदे इ वा हलिद्दा इ वा हलिद्दगुलिया इ वा हलिद्दाभेए इ वा हरियाले इ वा हरियालगुलिया इ वा हरियालभेए इ वा चिउरे इ वा चिउररागे इ वा सुवण्णसिप्पी इ वा वरकणगणिहसे इ वा वरपुरिसवसणे इ वा अल्लइकुसुमे इ वा चंपयकुसुमे इ वा कणियारकुसुमे इ वा कुहंडियाकुसुमे इ वा सुवण्णजूहिया इ वा सुहिरण्णियाकुसुमे इ वा कोरेंटमल्लदामे इ वा पीयासोगे इ वा पीय- कणवीरए इ वा पीयबंधुजीवए इ वा, भवेयारूवा ? गोयमा ! णो इणट्ठे समट्ठे, पम्हलेस्सा णं एत्तो इट्ठतरिया चेव *जाव* मणामतरिया चेव वण्णेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પદ્મલેશ્યાનો વર્ણ કેવો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કોઈ ચંપો, ચંપાની છાલ, ચંપકનો ટુકડો, હળદર, હળદરની ગોળી, હળદરનો ટુકડો, હડતાલ, હડતાલગુટિકા કે હડતાલનો ટુકડો, ચિકુર નામની પીળી વસ્તુ, ચિકુરનો રંગ, સુવર્ણની છીપ, કસોટીના પત્થર પર ખેંચેલી શ્રેષ્ઠ સુવર્ણની રેખા, વાસુદેવનું વસ્ત્ર-પિતાંબર, અળસીનું ફૂલ, ચંપાનું ફૂલ, કણેરનું ફૂલ, કૂષ્માંડ કુસુમ-કોળાનાં ફૂલો, જૂહીના ફૂલો, સુહિરણ્યિકા કુસુમ, કોરંટની માળા, પીળો અશોક, પીળો કણવીર, પીળું બંધુ જીવક વૃક્ષ ઇત્યાદિ, શું આ બધા પીળા વર્ણના પદાર્થો જેવો પદ્મલેશ્યાનો વર્ણ હોય ? હે ગૌતમ ! તેમ નથી, પરંતુ ઉપરોક્ત વસ્તુઓથી પણ વિશેષ ઈષ્ટતર, કાંત-સુંદર, પ્રિય, મનોજ્ઞ અને મનોહર વર્ણ પદ્મલેશ્યાનો હોય છે.

**१४ सुक्कलेस्सा णं भंते ! केरिसया वण्णेणं पण्णत्ता ?**

**गोयमा ! से जहाणामए अंके इ वा संखे इ वा चंदे इ वा कुंदे इ वा दगे इ वा दगरए इ वा दही इ वा दहिघणे इ वा खीरे इ वा खीरपूरे इ वा सुक्कछिवाडिया इ वा पेहुणमिंजिया इ वा धंतधोयरुप्पपट्टे इ वा सारइयबलाहए इ वा कुमुददले इ वा पोंडरियदले इ वा सालिपिट्ठरासी इ वा कुडगपुप्फरासी इ वा सिंदुवारवर- मल्लदामे इ वा सेयासोए इ वा सेयकणवीरे इ वा सेयबंधुजीवए इ वा, भवेयारूया । गोयमा ! णो इणट्ठे समट्ठे, सुक्कलेस्सा णं एत्तो इट्ठतरिया चेव कंततरिया चेव पियतरिया चेव मणुण्णतरिया चेव मणामतरिया चेव वण्णेणं पण्णत्ता ।**

**પ્રશ્ન–** હે ભગવન્ ! શુક્લલેશ્યાનો વર્ણ કેવો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કે અંકરત્ન, શંખ, ચંદ્ર, કુન્દ-મોગરો, સ્વચ્છ પાણી, પાણીનાં બિંદુ, દહીં, દહીંનો પિંડ, દૂધ, દૂધનો ઉભરો, સુકાયેલી વાલ વગેરેની ફળી, મોરપીંછનો મધ્યભાગ, તપાવેલા સ્વચ્છ રૂપાની પાટ, શરત્કાલીન મેઘ, કુમુદપત્ર, પુંડરિક પત્ર, ચોખાના લોટનો ઢગલો, કુટજ પુષ્પોની રાશિ,

સિંદુવાર ફૂલની માળા, શ્વેત અશોક, શ્વેત કણવીર અને શ્વેતબંધુ જીવક ઇત્યાદિ, શું આ બધા શ્વેત વર્ણના પદાર્થો જેવો શુક્લલેશ્યાનો વર્ણ હોય ? હે ગૌતમ ! તેમ નથી, પરંતુ ઉપરોક્ત વસ્તુઓથી પણ વિશેષ ઈષ્ટતર, કાંત-સુંદર, પ્રિય, મનોજ્ઞ અને મનોહર વર્ણ શુક્લલેશ્યાનો હોય છે.

**१५ एयाओ णं भंते ! छल्लेस्साओ कइसु वण्णेसु साहिज्जंति ?**

**गोयमा ! पंचसु वण्णेसु साहिज्जंति, तं जहा- कण्हलेस्सा कालएणं वण्णेणं साहिज्जइ, णीललेस्सा णीलएणं वण्णेणं साहिज्जइ, काउलेस्सा काललोहिएणं वण्णेणं साहिज्जइ, तेउलेस्सा लोहिएणं वण्णेणं साहिज्जइ, पम्हलेस्सा हालिद्दएणं वण्णेणं साहिज्जइ, सुक्कलेस्सा सुक्किलएणं वण्णेणं साहिज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! છ એ લેશ્યાઓનું કથન કેટલાં વર્ણો દ્વારા કરાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પાંચ વર્ણો દ્વારા થાય છે, તે આ પ્રમાણે છે– કૃષ્ણલેશ્યાનું કાળા વર્ણથી, નીલલેશ્યાનું નીલ(બ્લુ અને લીલા) વર્ણથી, કાપોતલેશ્યાનું કાળા+લાલ = કથ્થાઈ વર્ણથી, તેજોલેશ્યાનું લાલ વર્ણથી, પદ્મલેશ્યાનું પીળા વર્ણથી અને શુક્લલેશ્યાનું શ્વેતવર્ણથી કથન કરાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં છ એ લેશ્યાઓના વર્ણનું કથન વિવિધ પદાર્થોની પૃથક્-પૃથક્ વર્ણયુક્ત ઉપમાઓ દ્વારા કર્યું છે. દ્રવ્ય લેશ્યા પૌદગલિક હોવાથી લેશ્યાદ્રવ્યોમાં વિશેષ પ્રકારના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે. છ એ લેશ્યાદ્રવ્યના વર્ણ ભાવાર્થથી સ્પષ્ટ છે. પ્રસ્તુત સૂત્રોમાં ગૌતમ સ્વામી દ્વારા પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં ભગવાને અનેક ઉપમાઓ દ્વારા સ્વતઃ પ્રશ્ન કરીને 'ગૌતમ'ના સંબોધન પૂર્વક સ્પષ્ટીકરણ કર્યું હોય તે પ્રકારની વાક્યાવલી છે.

**(૩) લેશ્યા રસ :–**

**१६ कण्हलेस्सा णं भंते ! केरिसिया आसाएणं पण्णत्ता ?**

**गोयमा ! से जहाणामए णिंबे इ वा णिंबसारे इ वा णिंबछल्ली इ वा णिंबफाणिए इ वा कुडए इ वा कुडगफले इ वा कुडगछल्ली इ वा कुडगफाणिए इ वा कडुगतुंबी इ वा कडुगतुंबीफले इ वा खारतउसी इ वा खारतउसीफले इ वा देवदाली इ वा देवदालिपुप्फे इ वा मियवालुंकी इ वा मियवालुंकीफले इ वा घोसाडिए इ वा घोसाडइफले इ वा कण्हकंदए इ वा वज्जकंदए इ वा, भवेयारूवा ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे । कण्हलेस्सा णं एत्तो अणिट्ठतरिया चेव** *जाव* **अमणामतरिया चेव आसाएणं पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાનો આસ્વાદ(રસ) કેવો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ લીંબડો, લીંબડાનો મધ્ય ભાગ, લીંબડાની છાલ, લીંબડાનો કવાથ, કુટજનું વૃક્ષ, કુટજ વૃક્ષનું ફળ, કુટજ વૃક્ષની છાલ, કુટજનો કવાથ, કડવી તૂંબી, કડવી તૂંબીનું ફળ, કડવી

કાકડી, કડવી કાકડીનું ફળ, દેવદાલી–રોહિણી,રોહિણીનું પુષ્પ, મૃગવાલુંકા, મૃગવાલુંકાનું ફળ (ઈન્દ્રજવ), કડવાં તુરીયા, કડવાં તુરીયાનું ફળ, કૃષ્ણકંદ અને વજ્રકંદ ઇત્યાદિ, શું આ બધા કડવા રસવાળા પદાર્થો જેવો કૃષ્ણલેશ્યાનો રસ હોય ? હે ગૌતમ ! તેમ નથી, પરંતુ ઉપરોક્ત વસ્તુઓથી પણ વિશેષ અનિષ્ટતર, અકાંત-અસુંદર, અપ્રિય, અમનોજ્ઞ અને અમનોહર રસ કૃષ્ણલેશ્યાનો હોય છે.

**૧૭** णीललेस्सा णं भंते ! केरिसिया आसाएणं पण्णत्ता ?

**गोयमा ! से जहाणामए भंगी ति वा भंगीरए इ वा पाढा इ वा चविता इ वा चित्तामूलए इ वा पिप्पलीमूलए इ वा पिप्पली इ वा पिप्पलिचुण्णे इ वा मिरीए इ वा मिरियचुण्णे इ वा सिंगबेरे इ वा सिंगबेरचुण्णे इ वा, भवेयारूवा ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे, णीललेस्सा णं एत्तो अणिट्ठतरिया चेव** *जाव* **अमणामतरिया चेव आसाएणं पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નીલલેશ્યાનો રસ–સ્વાદ કેવો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કોઈ ભંગી(ભૃંગી નામની માદકવનસ્પતિ અથવા ભંગી વનસ્પતિની રજ), પાઠા–વનસ્પતિ વિશેષ, ચવિતા–તીખા રસવાળી વનસ્પતિ, ચિત્રમૂલક, પીપર, પીપરીમૂળ, પીપરચૂર્ણ, મરી, મરીનું ચૂર્ણ, સૂંઠ અને સૂંઠનું ચૂર્ણ, ઇત્યાદિ, શું આ બધા તીખા રસવાળા પદાર્થો જેવો નીલલેશ્યાનો રસ હોય ? હે ગૌતમ ! તેમ નથી, પરંતુ ઉપરોક્ત વસ્તુઓથી પણ વિશેષ અનિષ્ટતર, અકાંત-અસુંદર, અપ્રિય, અમનોજ્ઞ અને અમનોહર રસ નીલલેશ્યાનો હોય છે.

**૧૮** काउलेस्साए णं भंते ! केरिसिया आसाएणं पण्णत्ता ?

**गोयमा ! से जहाणामए अंबाण वा अंबाडगाण वा माउलुंगाण वा बिल्लाण वा कविट्ठाण वा भट्ठाण वा फणसाण वा दालिमाण वा पारेवयाण वा अक्खोडाण वा पोराण वा बोराण वा तेंदुयाण वा अपक्काणं अपरियागाणं वण्णेणं अणुववेयाणं गंधेण अणुववेयाणं फासेणं अणुववेयाणं, भवेयारूवा ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे एत्तो अणिट्ठतरिया चेव** *जाव* **एत्तो अमणामतरिया चेव काउलेस्सा आसाएणं पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાપોતલેશ્યાનો રસ કેવો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કોઈ આમ્ર, આમ્રફળ–કેરી, બીજોરા, બીલા, કોઠા, ભાઠા, ફણસ, દાડમ, પારાપત–પારેવાના રંગનું ખાટા રસનું ફળ, અખરોટ, મોટા બોર, બોર, તિન્દુક વગેરે ફળ સંપૂર્ણ પાકેલાં ન હોય, પાકેલાં ફળ જેવાં વર્ણથી રહિત, ગંધથી રહિત અને સ્પર્શથી રહિત હોય, તેવા તૂરા રસવાળા ફળો જેવો કાપોતલેશ્યાનો રસ હોય ? હે ગૌતમ ! તેમ નથી, પરંતુ ઉપરોક્ત વસ્તુઓથી પણ વિશેષ અનિષ્ટતર, અકાંત-અસુંદર, અપ્રિય, અમનોજ્ઞ અને અમનોહર રસ કાપોતલેશ્યાનો હોય છે.

**૧૯** तेउलेस्सा णं भंते ! केरिसिया आसाएणं पण्णत्ता ?

गोयमा ! से जहाणामए अंबाण वा *जाव* तेंदुयाण वा पक्काणं परियावण्णाणं उववेताणं पसत्थेणं वण्णेणं *जाव* पसत्थेणं भवेयारूवे ? गोयमा ! णो इणट्ठे समट्ठे । एत्तो अणिट्ठतरिया चेव *जाव* मणामतरिया चेव तेउलेस्सा आसाएणं पण्णत्ता ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેજોલેશ્યાનો રસ કેવો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કોઈ આમ્ર, આમ્રફળ ***યાવત્*** તિંદુક ફળ, પરિપક્વ હોય, પરિપક્વતાના કારણે પ્રશસ્ત વર્ણ, ગંધ અને સ્પર્શથી યુક્ત હોય, તેવા મીઠા રસવાળા પદાર્થો જેવો શું તેજોલેશ્યાનો રસ હોય ? હે ગૌતમ ! તેમ નથી, પરંતુ ઉપરોક્ત વસ્તુઓથી પણ વિશેષ ઈષ્ટતર, કાંત-સુંદર, પ્રિય, મનોજ્ઞ અને મનોહર રસ તેજોલેશ્યાનો હોય છે.

**૨૦** पम्हलेस्साए णं भंते ! केरिसिया आसाएणं पण्णत्ता ?

गोयमा ! से जहाणामए चंदप्पभा इ वा मणिसिलागा इ वा वरसीधू इ वा वरवारुणी ति वा पत्तासवे इ वा पुप्फासवे इ वा फलासवे इ वा चोयासवे इ वा आसवे इ वा मधू इ वा मेरए इ वा काविसाणए इ वा खज्जूरसारए इ वा मुद्दियासारए इ वा सुपक्कखोयरसे इ वा अट्ठपिट्ठणिट्ठिया इ वा जंबूफलकालिया इ वा वरपसण्णा इ वा आसला मासला पेसला ईसी ओट्ठावलंबिणी ईसिं वोच्छेयकडुई ईसी तंबच्छिकरणी उक्कोसमयपत्ता वण्णेणं उववेया *जाव* फासेणं आसायणिज्जा वीसायणिज्जा पीणणिज्जा विंहणिज्जा दीवणिज्जा दप्पणिज्जा मयणिज्जा सव्विंदिय-गायपल्हायणिज्जा, भवेयारूवा ?

गोयमा ! णो इणट्ठे समट्ठे । पम्हलेस्सा णं एत्तो इट्ठतरिया चेव *जाव* मणामतरिया चेव आसाएणं पण्णत्ता ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પદ્મલેશ્યાનો રસ કેવો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ ચંદ્રપ્રભા–એક મદિરા વિશેષ, મણિશલાકા, શ્રેષ્ઠ સિંધુ નામનું મદ્ય, શ્રેષ્ઠ વારુણી મદિરા, પત્રાસવ-ધતુરાનાં પાંદડાંમાંથી બનાવેલી મદિરા, પુષ્પાસવ, ફલાસવ, ચોયાસવ-ચોય નામના સુગંધિત દ્રવ્યનો આસવ, સામાન્ય આસવ, મદ્ય, મૈરેય, કાપિશાયન નામનું મદ્ય, ખજૂરનો સાર, દ્રાક્ષાસાર, સુપક્વ ઈક્ષુરસ, આઠ પ્રકારના પિષ્ટ વડે બનેલો પદાર્થ, જાંબુ ફળ જેવી કાળી સ્વાદિષ્ટ વસ્તુ, શ્રેષ્ઠ પ્રસન્ના નામની મદિરા(જે અત્યંત સ્વાદિષ્ટ હોય), મનોજ્ઞ, અત્યંત સ્વાદિષ્ટ હોવાથી ઝટપટ મોઢે માંડવાનું મન થાય તેવી મુખ માધુર્યકારિણી પીધા પછી એલાયચી,લવિંગ વગેરે દ્રવ્યના મિશ્રણથી કાંઈક તીખી, તામ્રાક્ષિકરણી-પીધા પછી આંખને તામ્રવર્ણી કરનારી, ઉત્કૃષ્ટ માદક હોય, જે પ્રશસ્ત વર્ણ, ગંધ, સ્પર્શથી યુક્ત હોય, આસ્વાદનીય, વિશેષ રીતે આસ્વાદનીય, તૃપ્તિકારક, વૃદ્ધિકારક, ઉત્તેજિત કરનારી, મદજનક, બધી ઈન્દ્રિયો અને શરીરને આહ્લાદજનક હોય ઈત્યાદિ, શું આ બધા મીઠા રસવાળા પદાર્થો જેવો પદ્મલેશ્યાનો રસ હોય ? હે ગૌતમ ! તેમ નથી, પરંતુ ઉપરોક્ત વસ્તુઓથી પણ વિશેષ ઈષ્ટતર, કાંત-સુંદર, પ્રિય, મનોજ્ઞ અને મનોહર રસ પદ્મલેશ્યાનો હોય છે.

**૨૧** सुक्कलेस्सा णं भंते ! केरिसिया आसाएणं पण्णत्ता ?

**गोयमा ! से जहाणामए गुले इ वा, खंडे इ वा सक्करा इ वा मच्छंडिया इ वा पप्पडमोदए इ वा भिसकंदे इ वा पुप्फुत्तरा इ वा पउमुत्तरा इ वा आयंसिया इ वा सिद्धत्थिया इ वा आगासफालिओवमा इ वा अणोवमाइ वा, भवेयारूवा ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे, सुक्कलेस्सा णं एत्तो इट्ठतरिया चेव कंततरिया `व पियतरिया चेव मणामतरिया चेव आसाएणं पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શુક્લલેશ્યાનો રસાસ્વાદ કેવો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ ગોળ, ખાંડ, સાકર, ખડી સાકર, મોદક વિશેષ(ખાંડનો પાપડ), ભિસકંદ, પુષ્પોત્તરા, પદ્મોત્તરા, આદર્શિકા, સિદ્ધાર્થિકા, આકાશ સ્ફટિકોપમા, અનુપમા (પુષ્પોત્તરાથી લઈ અનુપમા સુધીના નામ વિવિધ પ્રકારના મિષ્ટાનોના છે.) ઈત્યાદિ, શું આ બધા મીઠા રસવાળા પદાર્થો જેવો શુક્લલેશ્યાનો રસ હોય ? હે ગૌતમ ! તેમ નથી, પરંતુ ઉપરોક્ત વસ્તુઓથી પણ વિશેષ ઈષ્ટતર, કાંત-સુંદર, પ્રિય, મનોજ્ઞ અને મનોહર રસ શુક્લલેશ્યાનો હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં છ લેશ્યાઓના રસોનું નિરૂપણ વિવિધ વસ્તુઓની ઉપમા દ્વારા કરવામાં આવ્યું છે. પ્રથમ ત્રણ અશુભ લેશ્યાનો રસ અનિષ્ટ, અપ્રિયકર, અમનોજ્ઞતર અને અવાંછનીય હોય છે. અંતિમ ત્રણ શુભ લેશ્યાનો રસ ઈષ્ટતર, કાંતતર, પ્રિયતર, મનોજ્ઞ અને મનોહર હોય છે.

**(૪) લેશ્યા-ગંધ :–**

**२२ कइ णं भंते ! लेस्साओ दुब्भिगंधाओ पण्णत्ताओ ? गोयमा ! तओ लेस्साओ दुब्भिगंधाओ पण्णत्ताओ, तं जहा- किण्हलेस्सा णीललेस्सा काउलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેટલી લેશ્યાઓ દુર્ગંધવાળી હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ લેશ્યાઓ દુર્ગંધવાળી હોય છે, તે આ પ્રમાણે છે– કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા.

**२३ कइ णं भंते ! लेस्साओ सुब्भिगंधाओ पण्णत्ताओ ? गोयमा ! तओ लेस्साओ सुब्भिगंधाओ पण्णत्ताओ, तं जहा- तेउलेस्सा पम्हलेस्सा सुक्कलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેટલી લેશ્યાઓ સુગંધવાળી હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ લેશ્યાઓ સુગંધવાળી છે, તે આ પ્રમાણે છે– તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં છએ લેશ્યાદ્રવ્યોની ગંધનું પ્રતિપાદન છે. પ્રથમ ત્રણ લેશ્યાના દ્રવ્યો દુર્ગંધયુક્ત અને અંતિમ ત્રણ લેશ્યાઓના દ્રવ્યો સુગંધયુક્ત હોય છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ચોત્રીસમા લેશ્યાધ્યયનમાં લેશ્યાદ્રવ્યની દુર્ગંધ અને સુગંધનું કથન ઉપમાઓ દ્વારા કર્યું છે.

जह गोमडस्स गंधो, सुणगमडस्स व जहा अहिमडस्स ।
एत्तो उ अणंतगुणो, लेस्साणं अपसत्थाणं ॥१६॥

**અર્થ–** ગાય-ભેંસ-સાપ આદિના મૃત કલેવરોથી પણ અનંતગુણી દુર્ગંધયુક્ત પ્રથમ ત્રણ અશુભ (કૃષ્ણ-નીલ-કાપોત) લેશ્યાઓ હોય છે.

जह सुरभिकुसुमगंधो, गंधवासाणपिस्समाणाणं ।
एत्तो उ अणंतगुणो, पसत्थलेस्साण तिण्हंपि ॥१७॥

**અર્થ–** સુગંધિતપુષ્પોના પીસાતા (ખંડાતા) સુગંધીદ્રવ્યોથી પણ અનંતગુણી ઉત્કૃષ્ટ સુગંધયુક્ત અંતિમ ત્રણ શુભ (તેજો, પદ્મ, શુક્લ) લેશ્યાઓ હોય છે.

**(૫ થી ૯) શુદ્ધ-પ્રશસ્તાદિ દ્વાર :-**

**૨૪ एवं तओ अविसुद्धाओ तओ विसुद्धाओ, तओ अप्पसत्थाओ तओ पसत्थाओ, तओ संकिलिट्ठाओ तओ असंकिलिट्ठाओ, तओ सीयलुक्खाओ तओ णिद्धुण्हाओ, तओ दुग्गइगामिणीओ तओ सुगइगामिणीओ ।**

**ભાવાર્થ :–** આ જ પ્રમાણે પ્રથમની ત્રણ લેશ્યાઓ અવિશુદ્ધ અને અંતિમની ત્રણ લેશ્યાઓ વિશુદ્ધ છે. ત્રણ લેશ્યાઓ અપ્રશસ્ત છે અને ત્રણ લેશ્યાઓ પ્રશસ્ત છે; પ્રથમની ત્રણ લેશ્યાઓ સંક્લિષ્ટ અને અંતિમ ત્રણ લેશ્યાઓ અસંકિલષ્ટ છે; પ્રથમની ત્રણ શીત અને રૂક્ષ-સ્પર્શયુક્ત છે અને અંતિમ ત્રણ ઉષ્ણ તથા સ્નિગ્ધ-સ્પર્શયુક્ત છે; પ્રથમની ત્રણ લેશ્યાઓ દુર્ગતિગામિની-દુર્ગતિમાં લઈ જનારી છે અને અંતિમ ત્રણ લેશ્યાઓ સુગતિગામિની-સદ્ગતિમાં લઈ જનારી છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં શુદ્ધ, પ્રશસ્ત, અસંકિલષ્ટ, સ્પર્શ અને ગતિ, આ પાંચ દ્વારોનું નિરૂપણ છે.

**(૫) અવિશુદ્ધ–શુદ્ધ દ્વાર :–** પ્રારંભની ત્રણ લેશ્યાઓ અપ્રશસ્ત વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળી હોવાથી અવિશુદ્ધ હોય છે અને અંતિમ ત્રણ લેશ્યાઓ પ્રશસ્ત વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળી હોવાથી વિશુદ્ધ હોય છે.

**(૬) અપ્રશસ્ત–પ્રશસ્ત દ્વાર :–** પ્રારંભની ત્રણ લેશ્યા અપ્રશસ્ત દ્રવ્યરૂપ તથા અપ્રશસ્ત અધ્યવસાયમાં નિમિત્ત રૂપ હોવાથી અપ્રશસ્ત છે. અંતિમ ત્રણ લેશ્યાઓ શુભ દ્રવ્યરૂપ અને શુભ અધ્યવસાયમાં નિમિત્ત રૂપ હોવાથી પ્રશસ્ત છે.

**(૭) સંકિલષ્ટ–અસંકિલષ્ટ દ્વાર :–** પ્રથમની ત્રણ લેશ્યાઓ આર્તધ્યાન-રૌદ્રધ્યાન યોગ્ય અધ્યવસાયના નિમિત્તભૂત હોવાથી સંક્લિષ્ટ છે અને અંતિમ ત્રણ લેશ્યાઓ ધર્મધ્યાન યોગ્ય અધ્યવસાયના નિમિત્તભૂત હોવાથી અસંકિલષ્ટ હોય છે.

**(૮) સ્પર્શ પ્રરૂપણાધિકાર :–** પ્રારંભની ત્રણ લેશ્યા દ્રવ્યનો શીત અને રૂક્ષ સ્પર્શ છે. શીત અને રૂક્ષ સ્પર્શ ચિત્તમાં અસ્વસ્થતા ઉત્પન્ન કરવામાં નિમિત્ત રૂપ બને છે, જ્યારે અંતિમ ત્રણ લેશ્યાઓ સ્નિગ્ધ-ઉષ્ણ સ્પર્શવાળી છે. ઉષ્ણ-સ્નિગ્ધ સ્પર્શ ચિત્તમાં સંતોષ ઉત્પન્ન કરવામાં નિમિત્ત રૂપ બને છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૩૪મા લેશ્યા અધ્યયનમાં શુભ અને અશુભ લેશ્યા દ્રવ્યના સ્પર્શનું કથન વિવિધ ઉપમાઓ દ્વારા કર્યું છે.

**जह करवयस्स फासो, गोजिब्भाए व सागपत्ताणं ।**
**एतो वि अणंतगुणो, लेस्साणां अप्पसत्थाणं ॥१८॥**

**અર્થ–** જેવો કરવત, ગાયની જીભ અને સાગપત્રનો સ્પર્શ કર્કશ હોય છે, તેનાથી અનંતગુણ અધિક કર્કશ સ્પર્શ પ્રથમ ત્રણ અપ્રશસ્ત લેશ્યાનો હોય છે.

**जह बूरस्स व फासो, णवणीयस्स व सिरीसकुसुमाणं ।**
**एतो वि अणंतगुणो, पसत्थ लेस्साण तिण्हंपि ॥१९॥**

**અર્થ–** જેવો બૂર નામની વનસ્પતિ, માખણ, શિરીષ પુષ્પનો સ્પર્શ સ્નિગ્ધ હોય છે, તેનાથી અનંતગુણ અધિક અંતિમ ત્રણ પ્રશસ્ત લેશ્યાનો સ્પર્શ હોય છે.

**(૯) દુર્ગતિ-સુગતિ દ્વાર :–** પ્રારંભની ત્રણ લેશ્યાઓ સંકિલષ્ટ અધ્યવસાયનું કારણ હોવાથી દુર્ગતિમાં લઈ જનારી છે, અંતિમ ત્રણ પ્રશસ્ત લેશ્યાઓ અસંક્લિષ્ટ અધ્યવસાયનું કારણ હોવાથી સુગતિમાં લઈ જનારી છે.

**(૧૦) લેશ્યા–પરિણામ પ્રકાર :–**

**૨૫ कण्हलेस्सा णं भंते ! कइविहं परिणामं परिणमइ ?**

**गोयमा ! तिविहं वा णवविहं वा सत्तावीसइविहं वा एक्कासीइविहं वा बेतेयालसतविहं वा बहुं वा बहुविहं वा परिणामं परिणमइ । एवं** *जाव* **सुक्कलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા કેટલા પ્રકારના પરિણામમાં પરિણત થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કૃષ્ણલેશ્યા ત્રણ પ્રકારના, નવ પ્રકારના, સત્યાવીશ પ્રકારના, એક્યાશી પ્રકારના કે બસો તેંતાલીશ પ્રકારના અથવા અનેક-અનેક પ્રકારના પરિણામમાં પરિણત થાય છે. કૃષ્ણલેશ્યાનાં પરિણામોના કથનની જેમ નીલલેશ્યાથી લઈને શુક્લલેશ્યા સુધીના પરિણામોનું કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કૃષ્ણાદિ છએ લેશ્યાઓના વિભિન્ન પ્રકારના પરિણામોનું નિરૂપણ છે.

પ્રત્યેક લેશ્યાના પરિણામોમાં અનેક પ્રકારની વિવિધતા હોય છે પરંતુ તેના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ, આ **ત્રણ પ્રકાર** થાય છે. જઘન્ય પરિણામમાં પણ અનેક પ્રકારની વિવિધતા હોવાથી તેના પુનઃ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ, આ ત્રણ પ્રકાર થાય. આ રીતે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ પરિણામના ત્રણ ત્રણ ભેદ થતાં ૩×૩ = **નવ ભેદ** થાય. તે નવ ભેદના ફરી ત્રણ-ત્રણ ભેદ થતાં ૨૭ ભેદ થાય છે. આ સત્યાવીશ ભેદોના ફરી જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ ભેદ થતાં ૮૧ પ્રકાર થાય છે. તેના ફરી ત્રણ-ત્રણ ભેદ થતાં ૨૪૩ ભેદ થાય છે. આ પ્રમાણે ઉત્તરોત્તર ભેદ-પ્રભેદ કરતાં એક-એક લેશ્યાના અનેક-અનેક પરિણામો થાય છે.

**(૧૧) લેશ્યા પ્રદેશ :–**

**૨૬ कण्हलेस्सा णं भंते ! कइपएसिया पण्णत्ता ? गोयमा ! अणंतपएसिया पण्णत्ता । एवं** *जाव* **सुक्कलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાના કેટલા પ્રદેશો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કૃષ્ણલેશ્યાના અનંત પ્રદેશો હોય છે. આ જ પ્રમાણે નીલલેશ્યાથી શુક્લલેશ્યા સુધીના અનંત પ્રદેશો હોય છે.

**વિવેચન :–**

કૃષ્ણલેશ્યા આદિ છએ દ્રવ્યલેશ્યા યોગ્ય પુદ્ગલો, અનંતપ્રદેશી જ હોય છે. કારણ કે જીવગ્રાહ્ય પ્રત્યેક વર્ગણાઓ અનંતપ્રદેશી હોય છે.

**(૧૨) લેશ્યા–અવગાઢ પ્રદેશ :–**

**૨૭ कण्हलेस्सा णं भंते ! कइपएसोगाढा पण्णत्ता ? गोयमा ! असंखेज्जपएसोगाढा पण्णत्ता। एवं** *जाव* **सुक्कलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા કેટલા આકાશપ્રદેશોમાં અવગાઢ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કૃષ્ણલેશ્યા અસંખ્યાત આકાશ પ્રદેશોમાં અવગાઢ છે. આ જ પ્રમાણે શુક્લલેશ્યા સુધીની છએ લેશ્યા અસંખ્યાત પ્રદેશાવગાઢ હોય છે.

**વિવેચન :–**

જીવગ્રાહ્ય પ્રત્યેક અનંતપ્રદેશી વર્ગણાઓ અસંખ્યપ્રદેશાવગાઢ જ હોય છે.તેથી લેશ્યા યોગ્ય પ્રત્યેક વર્ગણાઓ અસંખ્યપ્રદેશાવગાઢ હોય છે અને છએ લેશ્યાની અનંતાનંત વર્ગણાઓ પણ અસંખ્યપ્રદેશાવગાઢ જ હોય છે કારણ કે લોકાકાશના અસંખ્ય પ્રદેશ જ છે.

**(૧૩) લેશ્યા વર્ગણા :–**

**૨૮ कण्हलेस्साए णं भंते ! केवइयाओ वग्गणाओ पण्णत्ताओ ?**

**गोयमा ! अणंताओ वग्गणाओ पण्णत्ताओ । एवं** *जाव* **सुक्कलेस्साए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાની કેટલી વર્ગણાઓ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનંત વર્ગણાઓ હોય છે. આ જ રીતે શુક્લલેશ્યા સુધીની છએ લેશ્યાની અનંત વર્ગણાઓ હોય છે.

**વિવેચન :–**

ઔદારિક શરીર યોગ્ય પરમાણુઓના સમૂહને ઔદારિક વર્ગણા કહે છે. તે જ રીતે કૃષ્ણલેશ્યા યોગ્ય પરમાણુઓના સમૂહને કૃષ્ણલેશ્યા વર્ગણા કહે છે. તે છએ લેશ્યા યોગ્ય પુદ્ગલ દ્રવ્યના વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ ભિન્ન ભિન્ન હોવાથી છએ લેશ્યાની વર્ગણા પણ ભિન્ન હોય છે. વર્ણાદિની તરતમતાથી પ્રત્યેક લેશ્યાની અનંત અનંત વર્ગણાઓ હોય છે.

**(૧૪) લેશ્યા સ્થાનઃ–**

**૨૯ केवइया णं भंते ! कण्हलेस्साठाणा पण्णत्ता ? गोयमा ! असंखेज्जा कण्हलेस्साठाणा पण्णत्ता । एवं** *जाव* **सुक्कलेस्साए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાના સ્થાન–તરતમતારૂપ ભેદ કેટલા છે ? **ઉત્તર–** હે

ગૌતમ! કૃષ્ણલેશ્યાના અસંખ્યાત સ્થાન છે. આ જ રીતે ***યાવત્*** શુક્લલેશ્યાના અસંખ્યાત સ્થાન હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અસંખ્યાત લેશ્યા સ્થાનોનું કથન છે.

**प्रकर्षापकर्षकृत स्वरूप भेदरूपाणि स्थानानि :–** પ્રકર્ષતા = અધિકતા અને અપકર્ષતા = ન્યૂનતા અર્થાત્ શુદ્ધિ-અશુદ્ધિની તરતમતાના આધારે થતાં ભેદોને **લેશ્યાસ્થાન** કહે છે. કૃષ્ણાદિ છએ લેશ્યામાં શુદ્ધિ–અશુદ્ધિની તરતમતાના આધારે અસંખ્યાત ભેદ થાય છે. તે લેશ્યાસ્થાનોનું પ્રમાણ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ૩૪મા અધ્યયનમાં ક્ષેત્ર અને કાલની અપેક્ષાએ સ્પષ્ટ કર્યું છે.

**असंखेज्जाणुसप्पिणीण, ओसप्पिणीण जे समया ।**
**संखाईया लोगा, लेस्साणं हौंति ठाणाइं ॥३३॥**

અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીના જેટલા સમય હોય તેટલા અથવા અસંખ્યાતા લોકના જેટલા આકાશપ્રદેશો હોય તેટલા લેશ્યાઓનાં સ્થાનો(વિકલ્પો) છે. વિશેષતા એ છે કે કૃષ્ણાદિ ત્રણ અશુભ ભાવલેશ્યાઓના સ્થાન સંક્લિષ્ટ હોય છે અને તેજોલેશ્યાદિ ત્રણ શુભ ભાવલેશ્યાઓનાં સ્થાન વિશુદ્ધ હોય છે.

પ્રસ્તુત ઉદ્દેશકમાં દ્રવ્યલેશ્યાની જ વિસ્તૃત વિચારણા હોવાથી લેશ્યાસ્થાનોમાં પણ દ્રવ્યલેશ્યાના સ્થાનો જ સમજવા જોઈએ.

ભાવલેશ્યાના કારણભૂત કૃષ્ણાદિ દ્રવ્યોનો સમૂહ દ્રવ્યલેશ્યાસ્થાન કહેવાય છે. એક ચોક્કસ પ્રકારના આત્મપરિણામો એક લેશ્યાસ્થાન કહેવાય છે. તે જ રીતે તે એક ચોક્કસ પ્રકારના આત્મપરિણામના કારણભૂત અનંતદ્રવ્યો પણ એક પરિણામનું કારણ હોવાથી એક સ્થાનરૂપ છે. ભાવલેશ્યાના અસંખ્યાતા સ્થાન હોવાથી દ્રવ્યલેશ્યાસ્થાનો પણ અસંખ્યાતા છે. સંક્ષેપથી તેના બે પ્રકાર છે– જઘન્ય અને ઉત્કૃષ્ટ. જઘન્ય આત્મપરિણામોના હેતુભૂત દ્રવ્યો જઘન્ય સ્થાન અને ઉત્કૃષ્ટ આત્મપરિણામોના હેતુભૂત દ્રવ્યો ઉત્કૃષ્ટ સ્થાન છે. જે મધ્યસ્થાનો છે તેમાંથી જઘન્ય સ્થાનની નિકટવર્તી હોય, તેનો સમાવેશ જઘન્ય સ્થાનમાં અને ઉત્કૃષ્ટ સ્થાનની નિકટવર્તી હોય તેનો સમાવેશ ઉત્કૃષ્ટ સ્થાનમાં થાય છે. જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને પ્રકારના લેશ્યાસ્થાનો અસંખ્યાતા થાય છે.

જે રીતે સ્ફટિક મણિની પાસે જપાકુસુમ રાખતા સ્ફટિક મણિમાં લાલાશ દેખાય છે. જો જપાકુસુમમાં એક ગુણ અધિક રક્તતા હોય તો સ્ફટિક મણિમાં એક ગુણ અધિક રક્તતા પ્રતીત થાય છે. તે રીતે એક એક ગુણની વૃદ્ધિથી લાલાશમાં અસંખ્યાતા ભેદ થાય છે. ગુણોની અલ્પતાથી તે સર્વ જઘન્ય સ્થાન કહેવાય છે. તે જ રીતે ઉત્કૃષ્ટ સ્થાનના પણ અસંખ્યાત ભેદ થાય છે. આ રીતે પ્રત્યેક લેશ્યાના અસંખ્યાત સ્થાન થાય છે.

**(૧૫) અલ્પબહુત્વ :–**

**૩૦ एतेसि णं भंते ! कण्हलेस्साठाणाणं** *जाव* **सुक्कलेस्साठाणाणं च जहण्णगाणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा जहण्णगा काउलेस्साठाणा दव्वट्ठयाए, जहण्णगा**

**णीललेस्साठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, जहण्णगा कण्हलेस्साठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, जहण्णगा तेउलेस्साठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, जहण्णगा पम्हलेस्साठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, जहण्णगा सुक्कलेस्साठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा । पएसट्ठयाए-सव्वत्थोवा जहण्णगा काउलेस्साठाणा पएसट्ठयाए, जहण्णगा णीललेस्साठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, जहण्णगा कण्हलेस्साठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, जहण्णगा तेउलेस्साठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, जहण्णगा पम्हलेस्साठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, जहण्णगा सुक्कलेस्साठाणा पएसट्ठयाए असंखेज्जगुणा; दव्वट्ठपएसयाए-सव्वत्थोवा जहण्णगा काउलेस्साठाणा दव्वट्ठयाए, जहण्णगा णीललेस्साठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, एवं कण्हलेस्साठाणा तेउलेस्साठाणा पम्हलेस्साठाणा; जहण्णगा सुक्कलेस्साठाणा दवट्ठयाए असंखेज्जगुणा, जहण्णएहिंतो दव्वट्ठयाए सुक्कलेस्सट्ठाणेहिंतो जहण्णगा काउलेस्साठाणा पएसट्ठयाए अणंतगुणा, जहण्णगा णीललेस्साठाणा पएसट्ठयाए असंखेज्जगुणा । एवं *जाव* सुक्कलेस्सट्ठाणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યાનાં જઘન્ય સ્થાનોમાંથી દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ અને દ્રવ્ય-પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી, અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! દ્રવ્યની અપેક્ષાએ– (૧) સર્વથી થોડા કાપોતલેશ્યાના જઘન્ય સ્થાન છે, (૨) તેનાથી નીલલેશ્યાના જઘન્ય સ્થાન અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી કૃષ્ણલેશ્યાના જઘન્ય સ્થાન અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી તેજોલેશ્યાના જઘન્ય સ્થાન અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી પદ્મલેશ્યાના જઘન્યસ્થાન અસંખ્યાતગુણા છે, તેનાથી શુક્લલેશ્યાના જઘન્યસ્થાન અસંખ્યાતગુણા છે.

**પ્રદેશોની અપેક્ષાએ :–** (૧) સર્વથી થોડા કાપોતલેશ્યાના જઘન્ય સ્થાન છે, (૨) તેનાથી નીલલેશ્યાના જઘન્ય સ્થાન અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી કૃષ્ણલેશ્યાના જઘન્ય સ્થાન અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી તેજોલેશ્યાના જઘન્યસ્થાન અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી પદ્મલેશ્યાના જઘન્યસ્થાન અસંખ્યાતગુણા છે, (૬) તેનાથી શુક્લલેશ્યાના જઘન્યસ્થાન અસંખ્યાતગુણા છે.

**દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ :–** (૧) સર્વથી થોડા દ્રવ્યની અપેક્ષાએ કાપોતલેશ્યાના જઘન્ય સ્થાન (૨) તેનાથી નીલલેશ્યાના જઘન્ય સ્થાન, દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી કૃષ્ણલેશ્યાના જઘન્ય સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે, તે જ રીતે (૪-૫-૬) તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાના જઘન્યસ્થાન ક્રમશઃ દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે. (૭) દ્રવ્યની અપેક્ષાએ શુક્લ લેશ્યાના જઘન્ય સ્થાનોથી, કાપોતલેશ્યાના જઘન્યસ્થાન પ્રદેશોની અપેક્ષાએ અનંતગુણા છે, (૮) તેનાથી નીલલેશ્યાના જઘન્યસ્થાનો પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે, તે જ રીતે (૯થી૧૨) કૃષ્ણલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાના જઘન્ય સ્થાન પ્રદેશોની અપેક્ષાએ ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે.

**३१ एएसि णं भंते ! कण्हलेस्सट्ठाणाणं *जाव* सुक्कलेस्सट्ठाणाण य उक्कोसगाणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ।**

**गोयमा ! सव्वत्थोवा उक्कोसगा काउलेस्सट्ठाणा दव्वट्ठयाए, उक्कोसगा**

**णीललेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, एवं जहेव जहण्णगा तहेव उक्कोसगा वि, णवरं उक्कोस त्ति अभिलावो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યાના ઉત્કૃષ્ટ સ્થાનોમાં દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ તથા દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ કોણ, કોનાથી, અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા કાપોતલેશ્યાનાં ઉત્કૃષ્ટસ્થાન દ્રવ્યની અપેક્ષાએ છે, તેનાથી નીલલેશ્યાના ઉત્કૃષ્ટસ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે. આ રીતે જઘન્ય સ્થાનોનાં અલ્પબહુત્વની જેમ ઉત્કૃષ્ટ સ્થાનોનું પણ અલ્પબહુત્વ સમજી લેવું જોઈએ. વિશેષતા એ છે કે 'જઘન્ય' શબ્દના સ્થાને 'ઉત્કૃષ્ટ' શબ્દ કહેવો જોઈએ.

**३२ एएसि णं भंते ! कण्हलेस्सट्ठाणाणं *जाव* सुक्कलेस्सट्ठाणाण य जहण्णुक्कोसगाणं दव्वट्ठयाए, पएसट्ठयाए, दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा?**

**गोयमा ! सव्वत्थोवा जहण्णगा काउलेस्सट्ठाणा दव्वट्ठयाए, जहण्णगा णीललेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, एवं कण्हलेस्सट्ठाणा तेउलेस्सट्ठाणा पम्हलेस्सट्ठाणा, जहण्णगा सुक्कलेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा । जहण्णएहिंतो सुक्कलेस्सट्ठाणेहिंतो दव्वट्ठयाए उक्कोसा काउलेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, उक्कोसा णीललेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, एवं कण्हलेस्सट्ठाणा तेउलेसट्ठाणा पम्हलेस्सट्ठाणा, उक्कोसा सुक्कलेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा । पएसट्ठयाए- सव्वत्थोवा जहण्णगा काउलेस्सट्ठाणा पएसट्ठयाए, जहण्णगा णीललेस्सट्ठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, एवं जहेव दव्वट्ठयाए तहेव पएसट्ठयाए वि भाणियव्वं, णवरं पएसट्ठयाए त्ति अभिलावविसेसो । दव्वट्ठपएसट्ठयाए- सव्वत्थोवा जहण्णगा काउलेस्सट्ठाणा दव्वट्ठयाए , जहण्णगा णीललेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, एवं कण्हलेस्सट्ठाणा तेउलेस्सट्ठाणा पम्हलेस्सट्ठाणा, जहण्णया सुक्कलेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा । जहण्णएहिंतो सुक्कलेस्सट्ठाणेहिंतो दव्वट्ठयाए उक्कोसा काउलेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, उक्कोसा णीललेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, एवं कण्हलेस्सट्ठाणा तेउलेस्सट्ठाणा पम्हलेस्सट्ठाणा, उक्कोसगा सुक्कलेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा । उक्कोसएहिंतो सुक्कलेस्सट्ठाणेहिंतो दव्वट्ठयाए जहण्णगा काउलेस्सट्ठाणा पएसट्ठयाए अणंतगुणा, जहण्णगा णीललेस्सट्ठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, एवं कण्हलेस्सट्ठाणा तेउलेस्सट्ठाणा पम्हलेस्सट्ठाणा, जहण्णगा सुक्कलेस्सट्ठाणा असंखेज्जगुणा, जहण्णएहिंतो सुक्कलेस्सट्ठाणेहिंतो पएसट्ठयाए, उक्कोसा काउलेस्सट्ठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, उक्कोसया णीललेस्सट्ठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, एवं कण्हलेस्सट्ठाणा तेउलेस्सट्ठाणा पम्हलेस्सट्ठाणा, उक्कोसया सुक्कलेस्सट्ठाणा पएसट्ठयाए असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યાનાં જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થાનોમાં, દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ તથા દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ કોણ, કોનાથી, અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા દ્રવ્યની અપેક્ષાએ કાપોતલેશ્યાનાં જઘન્ય સ્થાનો છે. તેનાથી નીલલેશ્યાનાં જઘન્ય સ્થાનો અસંખ્યાતગુણા છે. તેનાથી કૃષ્ણલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાના જઘન્ય સ્થાન દ્રવ્યની અપેક્ષાએ ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે. દ્રવ્યની અપેક્ષાએ શુક્લલેશ્યાના જઘન્ય સ્થાનથી, કાપોતલેશ્યાના ઉત્કૃષ્ટ સ્થાનો અસંખ્યાતગુણા છે, તેનાથી નીલલેશ્યાના ઉત્કૃષ્ટ સ્થાનો દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે, આ જ પ્રમાણે કૃષ્ણલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાનાં ઉત્કૃષ્ટ સ્થાન ઉત્તરોત્તર દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે.

પ્રદેશોની અપેક્ષાએ સર્વથી અલ્પ કાપોતલેશ્યાનાં જઘન્ય સ્થાન છે, તેનાથી નીલલેશ્યાના જઘન્ય સ્થાન, પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે, આ જ પ્રમાણે જેમ દ્રવ્યની અપેક્ષાએ અલ્પબહુત્વનું કથન કર્યું છે, તેમ પ્રદેશોની અપેક્ષાએ પણ અલ્પબહુત્વ કહેવું જોઈએ. વિશેષતા એ છે કે અહીં 'પ્રદેશોની અપેક્ષાએ' એમ કથન કરવું જોઈએ.

દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ, સર્વથી થોડા કાપોતલેશ્યાના જઘન્યસ્થાન દ્રવ્યની અપેક્ષાએ છે, તેનાથી નીલલેશ્યાના જઘન્યસ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે, આ જ રીતે કૃષ્ણલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાના જઘન્ય સ્થાન દ્રવ્યની અપેક્ષાએ ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે, દ્રવ્યની અપેક્ષાએ શુક્લલેશ્યાના જઘન્ય સ્થાનથી, કાપોતલેશ્યાના ઉત્કૃષ્ટ સ્થાન અસંખ્યાતગુણા છે, તેનાથી દ્રવ્યની અપેક્ષાએ નીલલેશ્યાના ઉત્કૃષ્ટસ્થાન અસંખ્યાતગુણા છે, આ જ પ્રમાણે કૃષ્ણલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાના ઉત્કૃષ્ટ સ્થાન દ્રવ્યની અપેક્ષાએ ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે. દ્રવ્યની અપેક્ષાએ શુક્લલેશ્યાના ઉત્કૃષ્ટ સ્થાનથી, કાપોતલેશ્યાના જઘન્ય સ્થાન પ્રદેશોની અપેક્ષાએ અનંતગુણા છે, તેનાથી નીલલેશ્યાના જઘન્ય સ્થાન પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે, આ જ રીતે કૃષ્ણલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાના જઘન્ય સ્થાન પ્રદેશોની અપેક્ષાએ ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે. પ્રદેશોની અપેક્ષાએ શુક્લલેશ્યાના જઘન્ય સ્થાનથી, કાપોતલેશ્યાના ઉત્કૃષ્ટ સ્થાનો પ્રદેશોથી અસંખ્યાતગુણા છે, તેનાથી નીલલેશ્યાના ઉત્કટ સ્થાનો પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે, આ જ રીતે કૃષ્ણલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાના ઉત્કૃષ્ટ સ્થાનો પ્રદેશોની અપેક્ષાએ ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં છ એ લેશ્યાઓનાં જઘન્ય અને ઉત્કૃષ્ટસ્થાનના અલ્પબહુત્વનું દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ અને દ્રવ્ય તથા પ્રદેશોની અપેક્ષાએ પ્રતિપાદન કર્યું છે.

પ્રત્યેક લેશ્યાના જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થાનો અસંખ્યાતા છે. અસંખ્યાતના અસંખ્યાત ભેદ હોવાથી તેમાં તરતમતા થાય છે. દ્રવ્યથી, પ્રદેશથી અને દ્રવ્ય-પ્રદેશથી તેનું અલ્પબહુત્વ ભાવાર્થમાં સ્પષ્ટ છે.

જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થાનોમાં દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ તથા દ્રવ્ય-પ્રદેશોની અપેક્ષાએ સર્વથી થોડા કાપોતલેશ્યાનાં સ્થાન છે. તેનાથી નીલ, કૃષ્ણ, તેજો, પદ્મ અને શુક્લલેશ્યાના

સ્થાન ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે. તેમાં પ્રદેશોની અપેક્ષાએ શુક્લલેશ્યાનાં સ્થાનોથી કાપોતલેશ્યાનાં સ્થાનો અનંતગુણા છે. આ રીતે ઉક્ત સર્વ અલ્પબહુત્વ દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ કર્યું છે.

**છ લેશ્યાના વર્ણાદિ દ્વારઃ–**

| દ્વાર | કૃષ્ણલેશ્યા | નીલલેશ્યા | કાપોતલેશ્યા | તેજોલેશ્યા | પદ્મલેશ્યા | શુક્લલેશ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧. પરિણમન | પ્રત્યેક લેશ્યા છ એ લેશ્યા રૂપે પરિણમન પામે છે. | | | | | |
| ૨. વર્ણ | કાળો | નીલો બ્લુ / લીલો | કાળો+લાલ = કથ્થાઈ | લાલ | પીળો | સફેદ |
| ૩. રસ | કડવો | તીખો | કાચી કેરી જેવો તૂરો | પાકી કેરી જેવો મીઠો | શ્રેષ્ઠ મદિરા જેવો મીઠો | શ્રેષ્ઠ મીઠાઈ જેવો મીઠો |
| ૪. ગંધ | મૃત કલેવરથી અનંતગુણ દુર્ગંધ | | | સુગંધી પુષ્પથી અનંતગુણ સુગંધ | | |
| ૫. અવિશુદ્ધ–વિશુદ્ધ | અપ્રશસ્ત વર્ણાદિરૂપ હોવાથી અવિશુદ્ધ | | | પ્રશસ્ત વર્ણાદિરૂપ હોવાથી વિશુદ્ધ | | |
| ૬. અપ્રશસ્ત–પ્રશસ્ત | અશુભ અધ્યવસાયનું નિમિત્ત હોવાથી અપ્રશસ્ત | | | શુભ અધ્યવસાયનું નિમિત્ત હોવાથી પ્રશસ્ત | | |
| ૭. અસંક્લિષ્ટ–સંક્લિષ્ટ | આર્ત–રૌદ્ર ધ્યાનનું નિમિત્ત હોવાથી સંક્લિષ્ટ | | | ધર્મધ્યાનનું નિમિત્ત હોવાથી અસંક્લિષ્ટ | | |
| ૮. સ્પર્શ | કરવત આદિ જેવો રૂક્ષ અને શીત | | | માખણ જેવો સ્નિગ્ધ અને ઉષ્ણ | | |
| ૯. દુર્ગતિ–સુગતિ | દુર્ગતિગામિની | | | સુગતિગામિની | | |
| ૧૦. પરિણામ પ્રકાર | પ્રત્યેક લેશ્યાના ૩, ૯, ૨૭, ૮૧, ૨૪૩ વગેરે અનેક પ્રકાર | | | | | |
| ૧૧. પ્રદેશ | પ્રત્યેક લેશ્યા વર્ગણાના અનંતપ્રદેશો | | | | | |
| ૧૨. અવગાઢ પ્રદેશ | પ્રત્યેક લેશ્યા દ્રવ્ય અસંખ્યપ્રદેશાવગાઢ | | | | | |
| ૧૩. વર્ગણા | પ્રત્યેક લેશ્યા દ્રવ્યની અનંત અનંત વર્ગણા | | | | | |
| ૧૪. લેશ્યાસ્થાન | પ્રત્યેક લેશ્યાના અસંખ્યાત સ્થાન | | | | | |

**।। ચોથો ઉદ્દેશક સંપૂર્ણ ।।**

# સત્તરમું લેશ્યાપદ : પાંચમો ઉદ્દેશક

**લેશ્યાઓના છ પ્રકાર :–**

**१ कइ णं भंते लेस्साओ पण्णत्ताओ ? गोयमा ! छल्लेसाओ पण्णत्ताओ, तं जहा- कण्हलेस्सा** *जाव* **सुक्कलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લેશ્યાઓ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! લેશ્યાઓ છ છે– કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યા.

**२ से णूणं भंते ! कण्हलेस्सा णीललेस्सं पप्प तारूवत्ताए तावण्णत्ताए तागंधत्ताए तारसत्ताए ताफासत्ताए भुज्जो-भुज्जो परिणमइ ? इतो आढत्तं जहा चउत्थुद्देसए तहा भाणियव्वं** *जाव* **वेरुलियमणिदिट्ठंतो त्ति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પ્રાપ્ત થઈને તેના જ સ્વરૂપમાં, તેના જ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શરૂપે વારંવાર પરિણમે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચતુર્થ ઉદ્દેશકમાં કહ્યું છે તે પ્રમાણે વૈડૂર્યમણિના દષ્ટાંત સુધી કહેવું જોઈએ.

**નારકી દેવોમાં અવસ્થિત લેશ્યા :–**

**३ से णूणं भंते ! कण्हलेस्सा णीललेस्सं पप्प णो तारूवत्ताए णो तावण्णत्ताए णो तागंधत्ताए णो तारसत्ताए णो ताफासत्ताए भुज्जो-भुज्जो परिणमइ ?**

**हंता गोयमा ! कण्हलेस्सा णीललेस्सं पप्प णो तारूवत्ताए णो तावण्णत्ताए णो तागंधत्ताए णो तारसत्ताए णो ताफासत्ताए भुज्जो-भुज्जो परिणमइ ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? गोयमा ! आगारभावमायाए वा से सिया पलिभागभावमायाए वा से सिया कण्हलेस्सा णं सा, णो खलु सा णीललेस्सा, तत्थ गया उस्सक्कइ से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- कण्हलेस्सा णीललेस्सं पप्प णो तारूवत्ताए** *जाव* **भुज्जो-भुज्जो परिणमइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું(નારકીઓની) કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાને પ્રાપ્ત થઈ, નીલલેશ્યાના સ્વભાવરૂપે તથા તેના વર્ણરૂપે, ગંધરૂપે, રસરૂપે અને સ્પર્શરૂપે વારંવાર પરિણમતી નથી ? **ઉત્તર–** હા, ગૌતમ! કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાને પ્રાપ્ત થઈને તેના સ્વભાવ રૂપે, કે તેના વર્ણ રૂપે, ગંધરૂપે, રસ રૂપે કે સ્પર્શરૂપે વારંવાર પરિણમતી નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાને પામી તેના સ્વરૂપે ***યાવત્*** તેના સ્પર્શરૂપે વારંવાર પરિણમતી નથી? **ઉત્તર–** હે ગૌતમ ! તે આકારભાવ–છાયા માત્ર વડે અથવા તેના પ્રતિભાગ–પ્રતિબિંબ માત્ર વડે નીલલેશ્યા થાય છે, પરંતુ વાસ્તવમાં કૃષ્ણલેશ્યા નીલલેશ્યા રૂપે પરિણમન

પામતી નથી, કૃષ્ણલેશ્યા જ રહે છે. કૃષ્ણલેશ્યા પોતાના સ્વરૂપમાં ઉત્કર્ષને પ્રાપ્ત થાય છે. તેથી હે ગૌતમ! એ પ્રમાણે કહ્યું છે કે કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને તદ્રૂપે ***યાવત્*** વારંવાર પરિણમતી નથી.

**૪ से णूणं भंते ! णीललेस्सा काउलेस्सं पप्प णो तारूवत्ताए** *जाव* **भुज्जो-भुज्जो परिणमइ ? हंता गोयमा ! णीललेस्सा काउलेस्सं पप्प णो तारूवत्ताए** *जाव* **भुज्जो-भुज्जो परिणमइ ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-णीललेस्सा काउलेस्सं पप्प णो तारूवत्ताए** *जाव* **भुज्जो-भुज्जो परिणमइ ? गोयमा ! आगारभावमायाए वा से सिया पलिभागभावमायाए वा सिया णीललेस्सा णं सा, णो खलु सा काउलेस्सा, तत्थ गया उस्सक्कइ वा ओसक्कइ वा, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- णीललेस्सा काउलेस्सं पप्प णो तारूवत्ताए** *जाव* **भुज्जो- भुज्जो परिणमइ । एवं काउलेस्सा तेउलेस्सं पप्प, तेउलेस्सा पम्हलेस्सं पप्प, पम्हलेस्सा सुक्कलेस्सं पप्प ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નીલલેશ્યા, કાપોતલેશ્યાને પામી તેના સ્વરૂપે ***યાવત્*** તેના સ્પર્શરૂપે પરિણમતી નથી ? **ઉત્તર–** હા ગૌતમ ! નીલલેશ્યા, કાપોતલેશ્યાને પામીને તેના સ્વરૂપે ***યાવત્*** તેના સ્પર્શરૂપે વારંવાર પરિણમતી નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નીલલેશ્યા, કાપોતલેશ્યાને પામીને તેના સ્વરૂપે ***યાવત્*** તેના સ્પર્શરૂપે વારંવાર પરિણમતી નથી ? **ઉત્તર–** હે ગૌતમ ! નીલલેશ્યા આકાર ભાવમાત્રથી જ અથવા પ્રતિબિંબ માત્રથી જ કાપોતલેશ્યા થાય છે. વાસ્તવમાં નીલલેશ્યા જ રહે છે, કાપોતલેશ્યા રૂપે પરિણમન પામતી નથી. નીલલેશ્યા પોતાના સ્થાનમાં રહીને ઘટતી-વધતી રહે છે.

તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે નીલલેશ્યા, કાપોતલેશ્યાને પામી, તેના સ્વરૂપે ***યાવત્*** તેના વર્ણાદિરૂપે વારંવાર પરિણમતી નથી.

આ જ રીતે કાપોતલેશ્યા, તેજોલેશ્યાને પામીને; તેજોલેશ્યા, પદ્મલેશ્યાને પામીને અને પદ્મલેશ્યા, શુક્લલેશ્યાને પામીને, તેના સ્વરૂપે ***યાવત્*** તેના સ્પર્શરૂપે વારંવાર પરિણમતી નથી.

**૫ से णूणं भंते ! सुक्कलेस्सा पम्हलेस्सं पप्प णो तारूवत्ताए** *जाव* **भुज्जो-भुज्जो परिणमइ? हंता गोयमा ! सुक्कलेस्सा तं चेव ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ- सुक्कलेस्सा** *जाव* **णो परिणमइ ? गोयमा ! आगारभावमायाए वा** *जाव* **सुक्कलेस्सा णं सा, णो खलु सा पम्हलेस्सा, तत्थ गया ओसक्कइ, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ** *जाव* **णो परिणमइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું શુક્લલેશ્યા, પદ્મલેશ્યાને પામી તેના સ્વરૂપે ***યાવત્*** તેના સ્પર્શ રૂપે વારંવાર પરિણમતી નથી ? **ઉત્તર–** હા ગૌતમ ! શુક્લલેશ્યા, પદ્મલેશ્યાને પામી તેના સ્વરૂપે પરિણત થતી નથી. ઈત્યાદિ સંપૂર્ણ કથન પૂર્વવત્ કહેવું જોઈએ.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે શુક્લલેશ્યા પદ્મલેશ્યાને પામી ***યાવત્*** તેના સ્પર્શ રૂપે વારંવાર પરિણમતી નથી ? **ઉત્તર–** હે ગૌતમ ! તે આકારે-છાયા માત્રથી કે પ્રતિબિંબ માત્રથી ***યાવત્*** પદ્મલેશ્યા જેવી પ્રતીત થાય છે, વાસ્તવમાં તે શુક્લલેશ્યા જ રહે છે, તે પદ્મલેશ્યા રૂપે પરિણમન પામતી નથી. શુક્લલેશ્યા પોતાના સ્વરૂપમાં રહીને અપકર્ષ-હીનભાવને પામે છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે

કહ્યું છે કે ***યાવત્*** શુક્લલેશ્યા, પદ્મલેશ્યાને પામી તેના સ્વરૂપે પરિણમતી નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં એક લેશ્યા બીજી લેશ્યાને પામીને તેના સ્વરૂપે પરિણત થવાનો નિષેધ કરવામાં આવ્યો છે.

ઉદ્દેશકે–૪માં મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવોની અપેક્ષાએ લેશ્યા પરિણમનના સિદ્ધાંતનું પ્રતિપાદન છે અને આ ઉદ્દેશકમાં દેવતા અને નારકીઓની અપેક્ષાએ અન્ય લેશ્યાદ્રવ્યનો સંયોગ થવા છતાં લેશ્યા પરિણમનનો નિષેધ કર્યો છે. દેવ અને નારક પોતાના પૂર્વભવગત અંતિમ અંતર્મુહૂર્તથી લઈ આગામી ભવના પ્રથમ અંતર્મુહૂર્ત સુધી તે જ લેશ્યામાં અવસ્થિત રહે છે. તેથી દેવો અને નારકીઓની લેશ્યામાં કૃષ્ણાદિ અન્ય લેશ્યાઓનાં દ્રવ્યોનો સંપર્ક થવા છતાં પણ તે પરસ્પર પરિણમન પામતી નથી. નારકી અને દેવોમાં દ્રવ્યલેશ્યા અવસ્થિત હોય છે, ભાવલેશ્યામાં પરિવર્તન થઈ શકે છે.

કૃષ્ણલેશ્યા દ્રવ્યો સાથે નીલલેશ્યા દ્રવ્યનો સંયોગ થાય, ત્યારે કૃષ્ણલેશ્યાના દ્રવ્યો પર નીલલેશ્યાની છાયા-ઝલક માત્ર પડે છે, તેથી તે નીલલેશ્યા જેવી લાગે છે. જેમ દર્પણ આદિમાં પ્રતિબિંબ પડે ત્યારે દર્પણાદિ તે વસ્તુરૂપે પ્રતીત થાય છે. તે જ રીતે કૃષ્ણલેશ્યા સાથે નીલલેશ્યાનો સંયોગ થાય ત્યારે કૃષ્ણલેશ્યાના દ્રવ્યો પર નીલલેશ્યાનાં દ્રવ્યોનું પ્રતિબિંબ પડે છે, ત્યારે કૃષ્ણલેશ્યા નીલલેશ્યા રૂપે પ્રતિબિંબિત થાય છે, પરંતુ તે નીલલેશ્યા રૂપે પરિણત થતી નથી. જેમ દર્પણ પોતે પોતાના સ્વરૂપમાં જ રહે છે, તેનામાં પ્રતિબિંબિત થનાર વસ્તુરૂપે તે પરિણમન પામતું નથી. તેમ કૃષ્ણલેશ્યા પર નીલલેશ્યાનું પ્રતિબિંબ પડતા તે નીલલેશ્યા જેવી જણાય છે, પરંતુ વાસ્તવમાં નીલલેશ્યારૂપે પરિણમતી નથી. ચોથા ઉદ્દેશકમાં દહીંના સંયોગે દૂધ દહીં રૂપે પરિણમે છે; તે દષ્ટાંત દ્વારા મનુષ્ય અને તિર્યંચની લેશ્યાનું પરિણમન ઘટિત કર્યું છે. વૈડુર્યમણિમાં લાલ વગેરે રંગના દોરાના સંયોગે તે મણિ લાલ રંગને પ્રાપ્ત કરતો નથી પણ લાલ પ્રતીત થાય છે; આ દષ્ટાંત દ્વારા પ્રસ્તુત ઉદ્દેશકમાં દેવતા-નારકીના લેશ્યા અપરિણમનનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે. પ્રસ્તુત બંને ઉદ્દેશકોમાં નારકી-દેવ કે તિર્યંચ-મનુષ્યનો ઉલ્લેખ નથી તો પણ અર્થાપત્તિથી તે પ્રમાણે સમજી શકાય છે.

**तत्थ गया उस्सक्कइ :–** ઉત્કર્ષને પામે છે.અશુભ લેશ્યાના દ્રવ્યોને શુભલેશ્યા દ્રવ્યનો સંયોગ થાય ત્યારે શુભલેશ્યાના પ્રભાવે આંશિક રીતે ઉત્કર્ષ શ્રેષ્ઠતાને પામે છે, તેથી શુભ રૂપે પ્રતીત થાય છે. કૃષ્ણલેશ્યા દ્રવ્યોને નીલલેશ્યા, કાપોતલેશ્યા આદિ કોઈ પણ લેશ્યા દ્રવ્યોનો સંયોગ થાય ત્યારે નીલાદિ લેશ્યા દ્રવ્યો કૃષ્ણલેશ્યા દ્રવ્યોથી શુભ હોવાથી કૃષ્ણલેશ્યા આંશિક રૂપે શુભ પ્રતીત થાય છે.

**तत्थ गया ओसक्कइ :–** અપકર્ષને, હીનભાવને પામે છે. શુભલેશ્યા દ્રવ્યોને અશુભલેશ્યા દ્રવ્યનો સંયોગ થાય ત્યારે અશુભલેશ્યાના પ્રભાવે તે આંશિક રીતે અપકર્ષ-હીનતા પામે છે તેથીઅશુભ રૂપે પ્રતીત થાય છે. શુક્લલેશ્યા દ્રવ્યોને પદ્મલેશ્યા, તેજોલેશ્યા આદિ કોઈ પણ લેશ્યા દ્રવ્યનો સંયોગ થાય ત્યારે પદ્મ આદિ લેશ્યા દ્રવ્યો શુક્લલેશ્યાથી અશુભ હોવાથી શુક્લલેશ્યા આંશિક રૂપે અશુભ પ્રતીત થાય છે.

આ રીતે છએ લેશ્યાઓ પરસ્પરના સંયોગમાં ઉત્કર્ષ કે અપકર્ષને પામે છે.

**॥ પાંચમો ઉદ્દેશક સંપૂર્ણ ॥**

# સત્તરમું લેશ્યાપદ : છઠ્ઠો ઉદ્દેશક

**લેશ્યાના છ પ્રકાર :–**

**१ कइ णं भंते ! लेस्साओ पण्णत्ताओ ? गोयमा ! छल्लेसाओ पण्णत्ताओ, तं जहा- कण्हलेस्सा** *जाव* **सुक्कलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લેશ્યાઓ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! લેશ્યાઓ છ કહી છે, તે આ પ્રમાણે છે– કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યા.

**મનુષ્યોમાં લેશ્યાઓ :–**

**२ मणुस्साणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ? गोयमा ! छल्लेसाओ पण्णत्ताओ, तं जहा- कण्हलेस्सा** *जाव* **सुक्कलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યોમાં કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! છ લેશ્યાઓ હોય છે, તે આ પ્રમાણે છે– કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યા.

**३ मणुस्सीणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ? गोयमा ! छल्लेसाओ पण्णत्ताओ, तं जहा- कण्हलेस्सा** *जाव* **सुक्कलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યાણીઓમાં કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! છ લેશ્યાઓ હોય છે, તે આ પ્રમાણે છે– કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યા.

**४ कम्मभूमयमणूसाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ? गोयमा ! छ, तं जहा- कण्हलेस्सा** *जाव* **सुक्कलेस्सा । एवं कम्मभूमयमणूसीण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કર્મભૂમિજ મનુષ્યોમાં કેટલી લેશ્યાઓ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! છ એ લેશ્યાઓ હોય છે, તે આ પ્રમાણે છે– કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યા. આ જ પ્રમાણે કર્મભૂમિજ મનુષ્યાણીઓમાં પણ છ લેશ્યા હોય છે.

**५ भरहेरवयमणूसाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ? गोयमा ! छ, तं जहा- कण्हलेस्सा** *जाव* **सुक्कलेस्सा । एवं मणुस्सीण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભરતક્ષેત્ર અને ઐરવત ક્ષેત્રના મનુષ્યોમાં કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! છ લેશ્યા હોય છે, તે આ પ્રમાણે છે– કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યા. આ જ રીતે ભરત અને ઐરવત ક્ષેત્રની મનુષ્યાણીઓમાં પણ છ લેશ્યાઓ હોય છે.

**६ पुव्वविदेह-अवरविदेहकम्मभूमयमणूसाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ? गोयमा ! छ लेस्साओ पण्णत्ताओ, तं जहा- कण्हलेस्सा** *जाव* **सुक्कलेस्सा ।एवं मणुस्सीण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૂર્વવિદેહ અને અપરવિદેહના કર્મભૂમિજ મનુષ્યોમાં કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! છ લેશ્યાઓ હોય છે, તે આ પ્રમાણે છે– કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યા. આ જ રીતે તે બંને ક્ષેત્રની મનુષ્યાણીઓમાં પણ છ લેશ્યા હોય છે.

**૭ अकम्मभूयमणूसाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ? गोयमा ! चत्तारि लेस्साओ पण्णत्ताओ, तं जहा- कण्हलेस्सा** *जाव* **तेउलेस्सा । एवं अकम्मभूमयमणूसीण वि । एवं अंतरदीवयमणूसाणं मणुस्सीण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અકર્મભૂમિજ મનુષ્યોમાં કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ! ચાર લેશ્યાઓ હોય છે, તે આ પ્રમાણે છે– કૃષ્ણલેશ્યા ***યાવત્*** તેજોલેશ્યા. આ જ રીતે અકર્મભૂમિજ મનુષ્યાણીઓમાં પણ ચાર લેશ્યાઓ હોય છે. આ જ રીતે અન્તરદ્વીપજ મનુષ્યો અને મનુષ્યાણીઓમાં પણ ચાર લેશ્યાઓ હોય છે.

**૮ हेमवय-हेरण्णवयअकम्मभूमय-मणुस्साणं मणुस्सीण य कइ लेस्साओ पण्णत्ताओ? गोयमा ! चत्तारि, तं जहा- कण्हलेस्सा** *जाव* **तेउलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! હેમવત અને હેરણ્યવત અકર્મભૂમિજ મનુષ્યો અને મનુષ્યાણીઓમાં કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બંને ક્ષેત્રોના મનુષ્યો અને મનુષ્યાણીઓમાં ચાર લેશ્યાઓ હોય છે, તે આ પ્રમાણે છે– કૃષ્ણલેશ્યા ***યાવત્*** તેજોલેશ્યા.

**૯ हरिवास-रम्मयवासअकम्मभूमयमणुस्साणं मणुस्सीण य पुच्छा ? गोयमा ! चत्तारि । तं जहा- कण्हलेस्सा** *जाव* **तेउलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! હરિવર્ષ અને રમ્યક્વર્ષના અકર્મભૂમિજ મનુષ્યો અને મનુષ્યાણીઓમાં કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચાર લેશ્યાઓ હોય છે, તે આ પ્રમાણે છે– કૃષ્ણલેશ્યા ***યાવત્*** તેજોલેશ્યા. .

**૧૦ देवकुरूत्तरकुरुअकम्मभूमयमणुस्साणं एवं चेव । एएसिं चेव मणूसीणं एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–**દેવકુરુ અને ઉત્તરકુરુક્ષેત્રના અકર્મભૂમિજ મનુષ્યો અને મનુષ્યાણીઓમાં પણ આ જ પ્રમાણે ચાર લેશ્યાઓ હોય છે

**૧૧ धायइसंड पुरिमद्धे एवं चेव, पच्छिममद्धे वि, एवं पुक्खरद्धे वि भाणियव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ધાતકીખંડના પૂર્વાર્ધ તથા પશ્ચિમાર્ધના અકર્મભૂમિજ મનુષ્યો અને મનુષ્યાણીઓમાં પણ આ જ પ્રમાણે ચાર લેશ્યાઓ હોય છે. આ જ રીતે પુષ્કરાર્દ્ધ દ્વીપમાં પણ કહેવું જોઈએ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં કર્મભૂમિ અને અકર્મભૂમિના વિવિધ ક્ષેત્રોના મનુષ્યો અને મનુષ્યાણીઓમાં લેશ્યાની પ્રરૂપણા છે.

પ્રત્યેક ક્ષેત્રના કર્મભૂમિજ મનુષ્યો અને મનુષ્યાણીઓમાં છ લેશ્યાઓ હોય છે અને અકર્મભૂમિજ

મનુષ્યો અને મનુષ્યાણીઓમાં ચાર લેશ્યાઓ હોય છે. અકર્મભૂમિજ મનુષ્ય-મનુષ્યાણીમાં પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા હોતી નથી.

**લેશ્યા અને ગર્ભોત્પત્તિ :-**

**१२ कण्हलेस्से णं भंते ! मणूसे कण्हलेस्सं गब्भं जणेज्जा ? हंता गोयमा ! जणेज्जा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી મનુષ્ય કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે છે ? **ઉત્તર–** હા ગૌતમ ! તે ઉત્પન્ન કરે છે.

**१३ कण्हस्लेस्से णं भंते मणूसे णीललेस्सं गब्भं जणेज्जा ? हंता गोयमा ! जणेज्जा । एवं काउलेस्सं तेउलेस्सं पम्हलेस्सं सुक्कलेस्सं छप्पि आलावगा भाणियव्वा ।**

**एवं णीललेसेणं, काउलेसेणं, तेउलेसेणं, पम्हलेसेणं, सुक्कलेसेणं वि, एवं एते छत्तीसं आलावगा ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી મનુષ્ય નીલલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! તે ઉત્પન્ન કરે છે. આ રીતે કૃષ્ણલેશી મનુષ્ય કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લ- લેશ્યાવાળા ગર્ભની ઉત્પત્તિના વિષયમાં આલાપક કહેવો જોઈએ.

આ રીતે કૃષ્ણલેશ્યાની જેમ નીલલેશ્યાવાળા તેમજ કાપોત, તેજો, પદ્મ અને શુક્લ લેશ્યાવાળા પ્રત્યેક મનુષ્યથી આ જ પ્રમાણે પૂર્વોક્ત છ લેશ્યાવાળા ગર્ભની ઉત્પત્તિ સંબંધી છ-છ આલાપક હોવાથી બધા મળી છત્રીશ આલાપક થાય છે.

**१४ कण्हलेस्सा णं भंते ! इत्थिया कण्हलेस्सं गब्भं जणेज्जा ? हंता गोयमा ! जणेज्जा। एवं एए वि छत्तीसं आलावगा ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણલેશી સ્ત્રી કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! ઉત્પન્ન કરે છે. આ રીતે પૂર્વવત્ છત્રીશ આલાપક કહેવા જોઈએ.

**१५ कण्हलेस्से णं भंते ! मणूसे कण्हलेसाए इत्थियाए कण्हलेस्सं गब्भं जणेज्जा ? हंता गोयमा ! जणेज्जा । एवं एते छत्तीसं आलावगा ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી મનુષ્ય શું કૃષ્ણલેશી સ્ત્રીથી કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે છે ? **ઉત્તર–** હા ગૌતમ ! તે ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે પૂર્વવત્ છત્રીશ આલાપક થાય છે.

**१६ कम्मभूमयकण्हलेस्से णं भंते ! मणुस्से कण्हलेस्साए इत्थियाए कण्हलेस्सं गब्भं जणेज्जा? हंता गोयमा ! जणेज्जा । एवं एते वि छत्तीसं आलावगा ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી કર્મભૂમિજ મનુષ્ય કૃષ્ણલેશી સ્ત્રીથી કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે છે ? **ઉત્તર–** હા ગૌતમ ! ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે તેના છત્રીશ આલાપક જાણવા.

**१७ अकम्मभूमयकण्हलेसे णं भंते ! मणूसे अकम्मभूमयकण्हलेस्साए इत्थियाए**

**अकम्मभूमयकण्हलेस्सं गब्भं जणेज्जा ? हंता गोयमा ! जणेज्जा, णवरं चउसु लेसासु सोलस आलावगा । एवं अंतरदीवगा वि ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી અકર્મભૂમિજ મનુષ્ય કૃષ્ણલેશી અકર્મભૂમિજ સ્ત્રીથી કૃષ્ણ લેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! તે ઉત્પન્ન કરે છે. વિશેષતા એ છે કે તેઓમાં ચાર લેશ્યાથી સંબંધિત કુલ સોળ આલાપક થાય છે. આ જ પ્રમાણે(અકર્મભૂમિજની જેમ) કૃષ્ણલેશી અંતરદ્વીપજ સ્ત્રીથી અંતરદ્વીપજ કૃષ્ણાદિ લેશ્યાવાળા ગર્ભની ઉત્પત્તિ સંબંધી સોળ આલાપક થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં માતા-પિતાની અને ગર્ભસ્થ જીવની લેશ્યા સંબંધી સ્વતંત્રતાનું નિરૂપણ છે.

માતા-પિતાનો કે ગર્ભસ્થ બાળકનો આત્મા સ્વતંત્ર હોવાથી તત્સંબંધી લેશ્યા પણ સ્વતંત્ર હોય છે. તેથી કૃષ્ણલેશી મનુષ્ય છ લેશ્યામાંથી કોઈ પણ લેશ્યાવાળા બાળકને જન્મ આપી શકે છે. આ જ રીતે છએ લેશ્યા- વાળી મનુષ્યાણી છએ લેશ્યાવાળા ગર્ભને ધારણ કરે છે. તેથી કૃષ્ણલેશ્યાથી છ લેશ્યાવાળા ગર્ભ ઉત્પન્ન થવાથી તેના છ આલાપક થાય છે. શેષ નીલાદિ લેશ્યાઓના પણ છ-છ આલાપક થવાથી (૬×૬ = ૩૬)છત્રીશ વિકલ્પ થાય છે ॥૧॥ તે જ રીતે કૃષ્ણાદિ છ એ લેશ્યાવાળી સ્ત્રીઓમાંથી પ્રત્યેક લેશ્યાવાળી સ્ત્રીથી પ્રત્યેક લેશ્યાવાળા ગર્ભની ઉત્પત્તિ સંબંધી છત્રીશ આલાપક થાય છે. ॥૨॥ કૃષ્ણાદિ લેશ્યાવાળા પુરુષ દ્વારા કૃષ્ણાદિ લેશ્યાવાળી સ્ત્રીથી કૃષ્ણાદિ લેશ્યાવાળા ગર્ભની ઉત્પત્તિ સંબંધી પણ છત્રીશ આલાપક છે. ॥૩॥

અકર્મભૂમિજ, અંતરદ્વીપજ મનુષ્યોને પ્રથમ ચાર લેશ્યા હોય છે અને ત્યાં ઉત્પન્ન થતાં ગર્ભને પણ ચાર લેશ્યા હોય છે. તેથી તેના ગર્ભની ઉત્પત્તિ સંબંધી ૧૬-૧૬ (સોળ-સોળ) આલાપક થાય છે.

**॥ છઠ્ઠો ઉદ્દેશક સંપૂર્ણ ॥**

**॥ સત્તરમું પદ સંપૂર્ણ ॥**

# અઢારમું : પદ

## પરિચય

આ પદનું નામ **કાયસ્થિતિ** પદ છે.

**કાયસ્થિતિ :–** આ પદમાં 'કાય' નો અર્થ પર્યાય થાય છે. જીવની સામાન્યરૂપ કે વિશેષરૂપ પર્યાયમાં નિરંતર રહેવાની સ્થિતિને કાયસ્થિતિ કહે છે. આ પદમાં ચોવીશ દંડકવર્તી જીવ અને અજીવની પોત-પોતાના પર્યાયમાં નિરંતર રહેવાની કાલમર્યાદાનું નિરૂપણ બાવીસ દ્વારના માધ્યમથી કર્યું છે.

ચોથા સ્થિતિપદમાં ચોવીશ દંડકવર્તી જીવોની **ભવસ્થિતિ** અર્થાત્ એક ભવની અપેક્ષાએ આયુષ્યની વિચારણા છે, જ્યારે આ પદમાં એક જીવ મરીને વારંવાર તે જ યોનિ કે પર્યાયમાં જન્મ ધારણ કરે, કાલ વ્યતીત કરે, તો તે બધા ભવોના આયુષ્યનો અથવા તે પર્યાયની કાલમર્યાદાનો કુલ સરવાળો છે, તેને **કાયસ્થિતિ** કહેવાય છે.

**(૧) જીવ દ્વાર–** જીવનું અસ્તિત્વ સર્વકાળમાં છે, તેથી તેની કાયસ્થિતિ શાશ્વતકાલની છે.

**(૨) ગતિ દ્વાર–** ચારે ય ગતિઓના સ્ત્રી-પુરુષ રૂપ પર્યાયની કાલાવસ્થિતિની વિચારણા છે.

**(૩) ઇન્દ્રિય દ્વાર–** સઇન્દ્રિય, અનિન્દ્રિય તથા એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના પર્યાપ્ત અને અપર્યાપ્ત જીવોની સ્વ-સ્વપર્યાયમાં કાલાવસ્થિતિની વિચારણા છે.

આ રીતે ૨૨ દ્વારમાં ૧૯૫ પ્રકારે ક્રમશઃ કાયસ્થિતિનું નિરૂપણ છે.

❖❖❖❖❖

# અઢારમું પદ : કાયસ્થિતિ

**પદના વિષય દર્શક બાવીસ દ્વાર :-**

**१** जीव गइ इंदिय काए, जोए वेए कसाय लेस्सा य ।
सम्मत्त णाण दंसण, संजय उवओग आहारे ॥१॥
भासग परित्त पज्जत्त, सुहुम सण्णी भवत्थि चरिमे य ।
एएसिं तु पयाणं, कायठिई होइ णायव्वा ॥२॥

**ભાવાર્થ :–** (૧) જીવ (૨) ગતિ (૩) ઈન્દ્રિય (૪) કાય (૫) યોગ (૬) વેદ (૭) કષાય (૮) લેશ્યા (૯) સમ્યક્ત્વ (૧૦) જ્ઞાન (૧૧) દર્શન (૧૨) સંયત (૧૩) ઉપયોગ (૧૪) આહાર (૧૫) ભાષક (૧૬) પરિત્ત (૧૭) પર્યાપ્ત (૧૮) સૂક્ષ્મ (૧૯) સંજ્ઞી (૨૦) ભવ(સિદ્ધિક) (૨૧) અસ્તિ (૨૨) ચરમ; આ પદોની કાયસ્થિતિ જાણવી જોઈએ.

**વિવેચન :-**

પ્રસ્તુત બે ગાથામાં આ પદના વિષયોના નામ નિર્દેશ છે. તે જીવાદિ બાવીશ દ્વારોના આધારે, કાયસ્થિતિનું વર્ણન છે, તે બાવીસ દ્વારના ૧૯૫ ઉત્તરભેદ થાયછે.

**કાયસ્થિતિ :–** કાય = પર્યાય, અવસ્થા. પર્યાયના બે પ્રકાર છે– સામાન્ય અને વિશેષ. જીવનું જીવત્વ તે સામાન્ય પર્યાય છે અને નારકત્વ, મનુષ્યત્વ, પંચેન્દ્રિયત્વ આદિ વિવિધ અવસ્થાઓ જીવની વિશેષ પર્યાય-અવસ્થા છે.

જીવની સામાન્ય કે વિશેષ પર્યાય-અવસ્થાની કાલમર્યાદાને કાયસ્થિતિ કહે છે. જીવના જીવત્વ પર્યાયની કાલમર્યાદા, તે જીવની કાયસ્થિતિછે. જીવના નારકત્વ પર્યાયની કાલમર્યાદા, તે નારક અવસ્થાની કાયસ્થિતિ છે.

એક જ ભવની કાલમર્યાદાને ભવસ્થિતિ કહે છે અને એક જ કાયમાં નિરંતર થતાં એક કે અનેક ભવ સંબંધી કાલમર્યાદાને કાયસ્થિતિ કહે છે. જેમ કે પૃથ્વીકાયની એક ભવની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨,૦૦૦ વર્ષની છે. પરંતુ તે પૃથ્વીકાયનો જીવ નિરંતર પૃથ્વીકાયમાં જ અસંખ્યાત જન્મ-મરણ કરે, તો પૃથ્વીકાયની કાયસ્થિતિ અસંખ્યાતકાલની થાય છે. જીવ અસંખ્યાતકાલ પર્યંત પૃથ્વીકાય રૂપે રહી શકે છે.

આ રીતે સૂત્રકારે બાવીસ દ્વારના ક્રમશઃ ૧૯૫ ઉત્તરભેદોની કાયસ્થિતિનું કથન કર્યું છે.

**કાયસ્થિતિ સંબંધી ૨૨ દ્વારોના ૧૯૫ ભેદ :–**

| ક્રમ | દ્વાર | ભેદ | વિગત |
|---|---|---|---|
| ૧ | જીવ | ૧ | ૧. સમુચ્ચય જીવ |
| ૨ | ગતિ | ૨૨ | નરક, તિર્યંચ, તિર્યંચાણી, મનુષ્ય, મનુષ્યાણી, દેવ, દેવી, આ સાત સમુચ્ચય, સાત અપર્યાપ્ત અને સાત પર્યાપ્ત, કુલ ૨૧ અને ૨૨મા સિદ્ધ |

| ક્રમ | દ્વાર | ભેદ | વિગત |
|---|---|---|---|
| ૩ | ઇન્દ્રિય | ૧૯ | ૧ સઇન્દ્રિય અને ૫ એકેન્દ્રિયાદિ, આ છ સમુચ્ચય અને ૬ અપર્યાપ્ત+૬ પર્યાપ્ત=૧૮+૧ અનિંદ્રિય = ૧૯ |
| ૪ | કાય | ૭૩ | સકાયનો એક, પૃથ્વી આદિના છ, આ સાત સમુચ્ચય + ૭ અપર્યાપ્ત + ૭ પર્યાપ્ત = ૨૧ અને સૂક્ષ્મના ૨૧, બાદરના ૩૦ તથા અકાયનો એક, કુલ ૨૧ + ૨૧ + ૩૦ + ૧ = ૭૩ |
| ૫ | યોગ | ૫ | સયોગી–૧, યોગ–૩, અયોગી–૧ = ૫ |
| ૬ | વેદ | ૫ | સવેદી–૧, વેદ–૩, અવેદી–૧ = ૫ |
| ૭ | કષાય | ૬ | સકષાયી–૧, કષાય–૪, અકષાયી–૧ = ૬ |
| ૮ | લેશ્યા | ૮ | સલેશી–૧, લેશ્યા–૬, અલેશી–૧ = ૮ |
| ૯ | સમ્યક્ત્વ | ૩ | ૩ દષ્ટિ = ૩ |
| ૧૦ | જ્ઞાન | ૧૦ | સજ્ઞાની–૧, જ્ઞાની–૫, અજ્ઞાની–૧, અજ્ઞાન–૩ = ૧૦ |
| ૧૧ | દર્શન | ૪ | ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન = ૪ |
| ૧૨ | સંયત | ૪ | સંયત, અસંયત, સંયતાસંયત, નોસંયત નોઅસંયત = ૪ |
| ૧૩ | ઉપયોગ | ૨ | સાકારોપયોગ, અનાકારોપયોગ = ૨ |
| ૧૪ | આહાર | ૬ | છદ્મસ્થ આહારક, કેવલી આહારક, છદ્મસ્થ અનાહારક, સિદ્ધ કેવલી અણાહારક, સજોગી ભવસ્થકેવલી અણાહારક, અજોગી ભવસ્થ કેવલી અણાહારક = ૬ |
| ૧૫ | ભાષક | ૨ | ભાષક, અભાષક = ૨ |
| ૧૬ | પરિત્ત | ૫ | સંસાર પરિત્ત, સંસાર અપરિત્ત, કાય પરિત્ત, કાય અપરિત્ત, નોઅપરિત્ત નોપરિત્ત = ૫ |
| ૧૭ | પર્યાપ્ત | ૩ | પર્યાપ્ત, અપર્યાપ્ત, નોપર્યાપ્ત નોઅપર્યાપ્ત = ૩ |
| ૧૮ | સૂક્ષ્મ | ૩ | સૂક્ષ્મ, બાદર, નોસૂક્ષ્મ નોબાદર = ૩ |
| ૧૯ | સંજ્ઞી | ૩ | સંજ્ઞી, અસંજ્ઞી, નોસંજ્ઞી નોઅસંજ્ઞી = ૩ |
| ૨૦ | ભવી | ૩ | ભવી, અભવી, નોભવી નોઅભવી = ૩ |
| ૨૧ | અસ્તિકાય | ૬ | ધર્માસ્તિકાય આદિ દ્રવ્ય = ૬ |
| ૨૨ | ચરિમ | ૨ | ચરિમ, અચરિમ = ૨ |

**જીવદ્વાર :–**

**૨ जीवे णं भंते ! जीवे त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! सव्वद्धं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ કેટલા કાળ સુધી જીવપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવ સદાકાળ જીવપણે રહે છે.

**વિવેચનઃ–**

પ્રસ્તુત સૂત્રમાં સમુચ્ચયજીવોની કાયસ્થિતિનું નિરૂપણ છે.

જીવનું જીવત્વ અનાદિ અનંત હોવાથી શાશ્વત છે. જીવ હંમેશાં જીવન પર્યાયથી યુક્ત રહે છે. જે જીવનપર્યાયથી યુક્ત હોય તે જ જીવ કહેવાય છે. જીવનનો અર્થ છે– પ્રાણધારણ કરવા. પ્રાણના બે પ્રકાર

દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ. દ્રવ્યપ્રાણના દશ પ્રકાર છે– પાંચ ઇન્દ્રિયના પાંચ પ્રાણ; મન,વચન અને કાયા, આ ત્રણ યોગના ત્રણ પ્રાણ તથા શ્વાસોચ્છ્વાસ પ્રાણ અને આયુષ્ય પ્રાણ. ભાવપ્રાણના ચાર પ્રકાર છે– જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય. સંસારી જીવોમાં આયુષ્ય કર્માનુભવરૂપ પ્રાણ હંમેશાં રહે છે. સંસારી જીવ આયુષ્યકર્મના આધારે જીવી રહ્યો છે તેથી તે જીવ છે અને સિદ્ધનો જીવ દ્રવ્યપ્રાણોથી રહિત હોવા છતાં પણ જ્ઞાનાદિરૂપ ભાવપ્રાણોના સદ્ભાવથી હંમેશાં જીવનપર્યાયથી યુક્ત રહે છે, તેથી તે જીવ કહેવાય છે. આ રીતે જીવની કોઈ પણ અવસ્થામાં તેનું જીવત્વ સર્વકાળભાવી છે.

**(૨) ગતિ દ્વાર :–**

**३** **णेरइए णं भंते ! णेरइए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નારકી કેટલા કાળ સુધી નારકીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નારકી જઘન્ય દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ સુધી નારકીપણે રહે છે.

**४** **तिरिक्खजोणिए णं भंते ! तिरिक्खजोणिए त्ति कालओ केवचिरं होइ ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं, अणंताओ उस्सप्पिणि-ओसप्पिणीओ कालओ, खेत्तओ अणंता लोगा, असंखेज्जा पोग्गल-परियट्टा, ते णं पोग्गलपरियट्टा आवलियाए असंखेज्जइभागो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચયોનિક જીવ કેટલા કાળ સુધી તિર્યંચયોનિકપણે રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તિર્યંચયોનિક જીવ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ સુધી તિર્યંચપણે રહે છે. તે કાળથી અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ સુધી, ક્ષેત્રથી અનંતલોક, અસંખ્યાત પુદ્ગલપરાવર્તન સુધી તિર્યંચ-તિર્યંચપણે રહે છે. તે પુદ્ગલ પરાવર્તન આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ જાણવા જોઈએ.

**५** **तिरिक्खजोणिणी णं भंते ! तिरिक्खजोणिणी त्ति कालओ केवचिरं होइ ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं पुव्वकोडि-पुहुत्त-अब्भहियाइं । एवं मणूसे वि । मणूसी वि एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચાણી કેટલા કાળ સુધી તિર્યંચાણીપણે રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનેક ક્રોડપૂર્વ વર્ષ અધિક ત્રણ પલ્યોપમ સુધી તિર્યંચાણીપણે રહે છે. આ જ રીતે મનુષ્ય-મનુષ્યાણીની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ છે.

**६** **देवे णं भंते ! देवे त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहेव णेरइए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવ કેટલા કાળ સુધી દેવપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોની કાયસ્થિતિ પ્રમાણે જ દેવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ છે.

**७** **देवी णं भंते ! देवीति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं उक्कोसेणं पणपण्णं पलिओवमाइं ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! દેવી કેટલા કાળ સુધી દેવીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ પંચાવન પલ્યોપમ સુધી દેવીપણે રહે છે.

**૮ सिद्धे णं भंते ! सिद्धे त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! सादीएअपज्जवसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સિદ્ધ જીવ કેટલા કાળ સુધી સિદ્ધપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સિદ્ધ જીવની કાયસ્થિતિ સાદિ અનંત કાલની છે.

**૯ णेरइय-अपज्जत्तए णं भंते ! णेरइय-अपज्जत्तए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेण वि अंतोमुहुत्तं । एवं *जाव* देवी अपज्जत्तिया ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્ત નારકી કેટલો કાળ અપર્યાપ્ત નારકીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અપર્યાપ્ત નારકી જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી અપર્યાપ્ત નારકીપણે રહે છે. આ જ રીતે તિર્યંચ-તિર્યંચાણી, મનુષ્ય-મનુષ્યાણી અને દેવ-દેવીની અપર્યાપ્ત અવસ્થા અંતર્મુહૂર્ત સુધીની હોય છે.

**૧૦ णेरइय-पज्जत्तए णं भंते ! णेरइय-पज्जत्तए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहणेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત નારકી, પર્યાપ્ત નારકીપણે કેટલા કાળ સુધી રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન તેત્રીશ સાગરોપમ સુધી પર્યાપ્ત નારકીપણે રહે છે.

**૧૧ तिरिक्खजोणियपज्जत्तए णं भंते ! तिरिक्खजोणियपज्जत्तए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं अंतोमुहुत्तूणाइं । एवं तिरिक्खजोणिणीपज्जत्तिया वि । मणूसे मणूसी वि एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત તિર્યંચ કેટલા કાળ સુધી પર્યાપ્ત તિર્યંચપણે રહે છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમ સુધી પર્યાપ્ત તિર્યંચપણે રહે છે. આ જ રીતે પર્યાપ્ત તિર્યંચાણીની કાયસ્થિતિના વિષયમાં પણ જાણવું જોઈએ. આ જ રીતે પર્યાપ્ત મનુષ્ય અને મનુષ્યાણીની કાયસ્થિતિના વિષયમાં પણ જાણવું જોઈએ.

**૧૨ देवपज्जत्तए जहा णेरइयपज्जत्तए । देविपज्जत्तिया णं भंते ! देविपज्जत्तिय त्ति कालओ केवचिरं होई ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं पणपण्णं पलिओवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :–** પર્યાપ્ત દેવની કાયસ્થિતિના વિષયમાં પર્યાપ્ત નૈરયિકની સમાન જાણવું જોઈએ. **પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત દેવી કેટલા કાળ સુધી પર્યાપ્ત દેવીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન પંચાવન પલ્યોપમ સુધી પર્યાપ્ત દેવીપણે રહે છે.

**વિવેચન :–**

**નારકીની તથા દેવ-દેવીની કાયસ્થિતિ :–** નારકી કે દેવ-દેવીની કાયસ્થિતિ એક ભવ આશ્રી જ હોય છે, કારણ કે નરક કે દેવગતિનો જીવ મરીને ફરી નરક કે દેવગતિમાં ઉત્પન્ન થતો નથી. તેથી આ બંને

ગતિમાં જે તેની ભવસ્થિતિ છે તે જ તેની કાયસ્થિતિ છે. નારકી-દેવતાની કાયસ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની છે.

દેવીઓ બીજા ઈશાન દેવલોક સુધી જ હોય છે. તેની કાયસ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષ ઉત્કૃષ્ટ પંચાવન પલ્યોપમની છે.

**તિર્યંચની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાલની છે. કોઈ જીવ તિર્યંચગતિનું અંતર્મુહૂર્ત આયુષ્ય પૂર્ણ કરીને તુરંત નરકાદિ અન્ય કોઈ પણ ગતિમાં ઉત્પન્ન થાય તો તિર્યંચની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની થાય છે.

કોઈ જીવ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય કે તિર્યંચપંચેન્દ્રિયમાં નિરંતર જન્મ-મરણ કરે તો તિર્યંચગતિમાં વનસ્પતિકાયિક જીવોની અપેક્ષાએ અનંતકાલ વ્યતીત થાય છે, તેથી તિર્યંચની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનંતકાલની(વનસ્પતિકાલની)થાય છે. તે વનસ્પતિકાલની સ્પષ્ટતા ક્ષેત્રથી અને કાલથી એમ બે પ્રકારે કરવામાં આવી છે.

**વનસ્પતિકાલ :– ક્ષેત્રથી** અનંત લોકપ્રમાણ છે. સમયે સમયે એક-એક આકાશપ્રદેશને બહાર કાઢતા અનંત લોક પ્રમાણ આકાશ પ્રદેશોનો અપહાર થાય, ખાલી થાય; તેટલો કાલ જાણવો. **કાલથી** અનંત ઉત્સર્પિણી કાલ પ્રમાણ અથવા અસંખ્યાત પુદ્ગલ પરાવર્તન પ્રમાણછે. તે અસંખ્યાતની રાશિ આવલિકાના અસંખ્યાતમા ભાગ સમય પ્રમાણ છે અર્થાત્ આવલિકાના અસંખ્યાતમા ભાગમાં અસંખ્યાત સમય વ્યતીત થાય છે. તેથી તેટલા પુદ્ગલ પરાવર્તન જાણવા.

**તિર્યંચાણીની કાયસ્થિતિ :–** તેની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ અનેક ક્રોડપૂર્વ અધિક ત્રણ પલ્યોપમની છે. કોઈ જીવ અંતર્મુહૂર્તનું તિર્યંચ આયુષ્ય ભોગવીને નરકાદિ કોઈ પણ ગતિમાં જન્મ ધારણ કરે તો તેની જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્તની થાય છે. **नरतिरियाण सत्तट्ठ भवा** । કોઈ પણ જીવ સંજ્ઞી તિર્યંચ અને મનુષ્ય ભવમાં નિરંતર સાત કે આઠ વાર ઉત્પન્ન થઈ શકે છે. તેમાં સાત ભવ ક્રોડપૂર્વના આયુષ્યના અને આઠમા અંતિમ ભવમાં દેવકુરુ આદિ ક્ષેત્રમાં યુગલિક થાય. ત્યાં યુગલિકની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની છે. યુગલિક મરીને અવશ્ય દેવલોકમાં ઉત્પન્ન થાય છે. તેથી તેની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સાત ક્રોડપૂર્વ અધિક ત્રણ પલ્યોપમની થાય છે. શાસ્ત્રકાર તેને અનેક ક્રોડ પૂર્વ અધિક ત્રણ(અનેક) પલ્યોપમ કહે છે.

**મનુષ્ય-મનુષ્યાણીની કાયસ્થિતિ–** મનુષ્યના ભવની પ્રાપ્તિ પણ નિરંતર સાત કે આઠ વાર થાય છે. તેથી મનુષ્ય-મનુષ્યાણીની કાયસ્થિતિ, તિર્યંચ-તિર્યંચાણીની કાયસ્થિતિની જેમ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનેક ક્રોડપૂર્વ અધિક ત્રણ પલ્યોપમની છે.

**સિદ્ધ જીવની કાયસ્થિતિ :–** સિદ્ધ જીવ સાદિ અનંત હોય છે. સિદ્ધ પર્યાયની આદિ છે પણ અંત નથી, તેથી તેની સ્થિતિ સાદિ અનંત છે.

**અપર્યાપ્તા નારકી આદિની કાયસ્થિતિ :–** કોઈ પણ જીવની અપર્યાપ્તાવસ્થા અંતર્મુહૂર્ત રહે છે. ચારે ગતિના જીવો અપર્યાપ્તપણે અંતર્મુહૂર્ત સુધી રહે છે, તેથી અપર્યાપ્તાની કાયસ્થિતિ અંતર્મુહૂર્તની કહી છે.

**પર્યાપ્તા નારકી અને દેવ-દેવીની કાયસ્થિતિ :–** તે તે જીવોની એક ભવની સ્થિતિમાંથી અપર્યાપ્તાવસ્થાનું અંતર્મુહૂર્ત ન્યૂન કરતાં પર્યાપ્તા નારકી આદિની કાયસ્થિતિ થાય. તે પ્રમાણે પર્યાપ્તા નારકી– દેવોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩ સાગરોપમની છે. પર્યાપ્તા દેવીની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૫૫ પલ્યોપમની છે.

**પર્યાપ્તા તિર્યંચ-તિર્યંચાણી, મનુષ્ય-મનુષ્યાણીની કાયસ્થિતિ :–** મનુષ્ય અને તિર્યંચનું ઉત્કૃષ્ટ આયુષ્ય

ત્રણ પલ્યોપમનું છે. તેમાંથી અપર્યાપ્તાવસ્થાનું અંતર્મુહૂર્ત ન્યૂન કરતાં પર્યાપ્તા તિર્યંચાદિની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમની છે.

ચારે ગતિના અપર્યાપ્તા-પર્યાપ્તા જીવોની કાયસ્થિતિને જોતાં સ્પષ્ટ થાય છે કે પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે એક ભવની અપેક્ષાએ જ પર્યાપ્તા-અપર્યાપ્તા જીવોની કાયસ્થિતિનું કથન કર્યું છે. તેથી અહીં કરણ અપર્યાપ્તા અને કરણ પર્યાપ્તા જીવોને જ ગ્રહણ કર્યા છે. સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ થઈ ન હોય તે જીવોને **કરણ અપર્યાપ્તા** અને સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ થઈ જાય તે જીવોને **કરણપર્યાપ્તા** કહે છે.

કોઈ પણ જીવ ઉત્પત્તિના પ્રારંભમાં અંતર્મુહૂર્ત પર્યંત અપર્યાપ્તાવસ્થામાં રહે છે ત્યાર પછી જીવનપર્યંત પર્યાપ્તપણે રહે છે. એક ભવનું આયુષ્ય પૂર્ણ થતાં જ્યાં જન્મ થાય ત્યાં પુનઃ અપર્યાપ્તાવસ્થા જ પ્રાપ્ત થાય છે, તેથી કરણ અપર્યાપ્તા કે કરણ પર્યાપ્તાવસ્થાની નિરંતરતા એકભવ પૂરતી સીમિત રહે છે.

**ગતિની અપેક્ષાએ જીવોની કાયસ્થિતિ :–**

| | જીવ પ્રકાર | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ | કારણ |
|---|---|---|---|---|
| ૧-૨ | નારકી–દેવ | ૧૦,૦૦૦ વર્ષ | ૩૩ સાગરોપમ | ભવસ્થિતિ અને કાયસ્થિતિ સમાન છે. |
| ૩ | દેવી | ૧૦,૦૦૦ વર્ષ | ૫૫ પલ્યોપમ | ભવસ્થિતિ અને કાયસ્થિતિ સમાન છે. |
| ૪ | તિર્યંચ | અંતર્મુહૂર્ત | અનંતકાળ | વનસ્પતિકાયિક જીવોની અપેક્ષાએ |
| ૫-૭ | તિર્યંચાણી,<br>મનુષ્ય, મનુષ્યાણી | અંતર્મુહૂર્ત | અનેક ક્રોડપૂર્વ<br>(૭ ક્રોડપૂર્વ વર્ષ)<br>અધિક ત્રણ<br>પલ્યોપમ | સંજ્ઞી તિર્યંચ અને મનુષ્યના ક્રોડપૂર્વ વર્ષના<br>આયુષ્યના સાત ભવ અને આઠમો ભવ ત્રણ<br>પલ્યોપમવાળા યુગલિકનો થાય ત્યારે<br>ઉત્કૃષ્ટ કાયસ્થિતિ થાય છે. |
| | આ ૭ બોલના અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અપર્યાપ્તાવસ્થાની સ્થિતિ જ અંતર્મુહૂર્તની છે. |
| | પર્યાપ્તા નારકી–દેવ | અંતર્મુહૂર્ત ન્યૂન | અંતર્મુહૂર્ત ન્યૂન | સમુચ્ચય સ્થિતિમાંથી અપર્યાતાવસ્થાનું |
| | <br>પર્યાપ્તા દેવી | ૧૦,૦૦૦ વર્ષ<br>અંતર્મુહૂર્ત ન્યૂન | ૩૩ સાગરોપમ<br>અંતર્મુહૂર્ત ન્યૂન | અંતર્મુહૂર્ત ન્યૂન થાય છે.<br>સમુચ્ચય સ્થિતિમાંથી અપર્યાતાવસ્થાનું |
| | <br>પર્યાપ્તા તિર્યંચ–તિર્યંચાણી, | ૧૦,૦૦૦ વર્ષ<br>અંતર્મુહૂર્ત | ૫૫ પલ્યોપમ<br>અંતર્મુહૂર્ત ન્યૂન | અંતર્મુહૂર્ત ન્યૂન થાય છે.<br>કરણ પર્યાપ્તા જીવોના એક ભવની સ્થિતિની |
| | પર્યાપ્તા મનુષ્ય–મનુષ્યાણી<br>સિદ્ધ | <br>× | ત્રણ પલ્યોપમ<br>સાદિ અનંત | ગણના થાય છે.<br>સિદ્ધોની આદિ છે પરંતુ અંત નથી. |

★ નારકી, દેવો લબ્ધિ અપર્યાપ્તા હોતા નથી, તેથી અહીં કરણ અપર્યાપ્તા-પર્યાપ્તાની અપેક્ષાએ કાયસ્થિતિ છે.

**વિશેષ :–** (૧) જઘન્ય અને ઉત્કૃષ્ટ સિવાય અન્ય કોઈપણ પ્રકારે અલ્પાધિક આયુષ્યના ભવ થાય તો તેને મધ્યમ કાયસ્થિતિ સમજી લેવી જોઈએ (૨) નારકી દેવતા અને યુગલિક જીવો માત્ર કરણ અપર્યાપ્તા જ હોય છે. લબ્ધિ અપર્યાપ્ત હોતા નથી. તેથી તેઓની પર્યાપ્તાની કાયસ્થિતિ પણ કરણ પર્યાપ્તની અપેક્ષાએ તેની સમુચ્ચય સ્થિતિમાંથી એક અંતર્મુહૂર્ત ન્યૂન થાય છે. તે સિવાય સર્વ પર્યાપ્તાની કાયસ્થિતિના કથનમાં લબ્ધિ પર્યાપ્તાની ગણના થાય છે.

**(૩) ઈન્દ્રિય દ્વાર :-**

**१३ सइंदिए णं भंते ! सइंदिए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! सइंदिए दुविहे पण्णत्ते, तं जहा- अणाईए वा अपज्जवसिए, अणाईए वा सपज्जवसिए ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! સઈન્દ્રિય (ઇન્દ્રિય સહિત) જીવ સઈન્દ્રિય રૂપે કેટલા કાળ સુધી રહે છે? **ઉત્તર–** હે ગૌતમ ! સઈન્દ્રિય જીવોના બે પ્રકાર છે – (૧) અનાદિ અનંત અને (૨) અનાદિ સાંત.

**१४ एगिंदिए णं भंते ! एगिंदिए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं; वणस्सइकालो ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિય જીવ એકેન્દ્રિયપણે કેટલા કાળ સુધી રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ–વનસ્પતિકાલ સુધી એકેન્દ્રિયપણે રહે છે.

**१५ बेइंदिए णं भंते ! बेइंदिए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जं कालं ।एवं तेइंदिय चउरिंदिए वि ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવ બેઇન્દ્રિયપણે કેટલા કાળ સુધી રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ સુધી બેઇન્દ્રિયપણે રહે છે. આ રીતે તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયની કાયસ્થિતિના વિષયમાં પણ જાણવું જોઈએ.

**१६ पंचेंदिए णं भंते ! पंचेंदिए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसहस्सं साइरेगं ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય કેટલા કાળ સુધી પંચેન્દ્રિયપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ એક હજાર સાગરોપમથી કાંઈક અધિક કાલ સુધી પંચેન્દ્રિયપણે રહે છે.

**१७ अणिंदिए णं भंते ! अणिंदिएत्ति पुच्छा ? गोयमा ! सादीए अपज्जवसिए ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! અનિન્દ્રિય જીવ કેટલા કાળ સુધી અનિન્દ્રિયપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનિન્દ્રિય સાદિ અનંતકાળ સુધી અનિન્દ્રિયપણે રહે છે.

**१८ सइंदिय अपज्जत्तए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेण वि अंतोमुहुत्तं। एवं *जाव* पंचेंदिय अपज्जत्तए ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! સઈન્દ્રિય અપર્યાપ્ત કેટલા કાળ સુધી સઈન્દ્રિય અપર્યાપ્તપણે રહે છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી સઈન્દ્રિય અપર્યાપ્તપણે રહે છે. આ જ રીતે એકેન્દ્રિય અપર્યાપ્તથી લઈને પંચેન્દ્રિય અપર્યાપ્ત સુધીના વિષયમાં જાણવું જોઈએ.

**१९ सइंदियपज्जत्तए णं भंते ! सइंदियपज्जत्तए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसयपुहत्तं साइरेगं ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! સઈન્દ્રિય-પર્યાપ્ત કેટલા કાળ સુધી સઈન્દ્રિય પર્યાપ્તપણે રહે છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનેક સો સાગરોપમથી કાંઈક અધિક કાલ સુધી સઈન્દ્રિય પર્યાપ્તપણે રહે છે.

**२० एगिंदियपज्जत्तए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं वाससहस्साइं ।**

**भावार्थ :– પ્રશ્ન**– હે ભગવન્ ! એકેન્દ્રિય પર્યાપ્ત કેટલા કાળ સુધી પર્યાપ્ત એકેન્દ્રિયપણે રહે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત હજાર વર્ષો સુધી તે એકેન્દ્રિય-પર્યાપ્તપણે રહે છે.

**२१ बेइंदियपज्जत्तए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं वासाइं ।**

**भावार्थ :– પ્રશ્ન**– હે ભગવન્ ! પર્યાપ્ત બેઈન્દ્રિય કેટલા કાળ સુધી પર્યાપ્ત બેઇન્દ્રિયપણે રહે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત વર્ષો સુધી પર્યાપ્ત બેઇન્દ્રિયપણે રહે છે.

**२२ तेइंदियपज्जत्तए णं भंते ! तेइंदियपज्जत्तए त्ति पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं राइंदियाइं ।**

**भावार्थ :– પ્રશ્ન**– હે ભગવન્ ! પર્યાપ્ત તેઈન્દ્રિય કેટલા કાળ સુધી પર્યાપ્ત તેઈન્દ્રિયપણે રહે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત રાત્રિ-દિન સુધી તેઈન્દ્રિય પર્યાપ્તપણે રહે છે.

**२३ चउरिंदियपज्जत्तए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जा मासा ।**

**भावार्थ :– પ્રશ્ન**– હે ભગવન્ ! પર્યાપ્ત ચૌરેન્દ્રિય કેટલા કાળ સુધી પર્યાપ્તા ચૌરેન્દ્રિયપણે રહે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત મહિના સુધી ચૌરેન્દ્રિય પર્યાપ્તપણે રહે છે.

**२४ पंचेंदियपज्जत्तए णं भंते ! पंचेंदियपज्जत्तए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसयपुहुत्तं ।**

**भावार्थ :– પ્રશ્ન**– હે ભગવન્ ! પર્યાપ્ત પંચેન્દ્રિય કેટલા કાળ સુધી પર્યાપ્ત પંચેન્દ્રિયપણે રહે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનેક સો સાગરોપમ સુધી પંચેન્દ્રિય પર્યાપ્તપણે રહે છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં સઈન્દ્રિય અને એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોની અને તેના પર્યાપ્ત-અપર્યાપ્તાની કાયસ્થિતિનું નિરૂપણ છે.

**સઈન્દ્રિય-અનિન્દ્રિય :–** ઈન્દ્રિય સહિતના જીવને સઈન્દ્રિય અને ઈન્દ્રિય રહિતના જીવને અનિન્દ્રિય કહે છે.

**સઈન્દ્રિયની કાયસ્થિતિ :–** કોઈ પણ જીવનું સંસાર પરિભ્રમણ અનાદિ છે. તેમજ જીવનું સઈન્દ્રિયપણું પણ અનાદિકાલીન છે. જ્યારે તે કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત કરે છે, ત્યારે તે જીવ અનિન્દ્રિયપણાને પ્રાપ્ત કરે છે. ત્યાર પછી સિદ્ધાવસ્થામાં અનિન્દ્રિયપણું અનંતકાલ સુધી રહે છે. તેથી જે જીવ કદાપિ મોક્ષ પ્રાપ્ત કરવાના નથી તેવા અભવી જીવોની અપેક્ષાએ સઈન્દ્રિયની કાયસ્થિતિ અનાદિ અનંત છે અને

મોક્ષગામી ભવી જીવોની અપેક્ષાએ સઈન્દ્રિયની કાયસ્થિતિ અનાદિ સાંત છે.

**સઈન્દ્રિય અપર્યાપ્તની કાયસ્થિતિ :–** જઘન્ય-ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે. તે જ રીતે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના અપર્યાપ્ત જીવોની કાયસ્થિતિ જઘન્ય-ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**સઈન્દ્રિય પર્યાપ્તની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનેક સો સાગરોપમની છે.

કોઈપણ જીવની કરણ પર્યાપ્તાવસ્થા તો એક ભવ પૂરતી જ હોય છે અને એક ભવની પર્યાપ્તાવસ્થાની ઉત્કૃષ્ટ સ્થિતિ નારકી કે દેવ ભવની અપેક્ષાએ અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩ સાગરોપમની છે.

પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે પંચેન્દ્રિય પર્યાપ્તાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનેક સો સાગરોપમની કહી છે. તેથી સ્પષ્ટ થાય છે કે અહીં સૂત્રકારે લબ્ધિપર્યાપ્તા જીવોની અપેક્ષાએ કાયસ્થિતિનું કથન કર્યું છે.

જે જીવ અપર્યાપ્ત નામકર્મના ઉદયે સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કરતા નથી, અપર્યાપ્તાવસ્થામાં જ મૃત્યુ પામે છે તે **લબ્ધિ અપર્યાપ્તા** છે અને જે જીવ પર્યાપ્ત નામકર્મના ઉદયે સ્વયોગ્ય પર્યાપ્તિ અવશ્ય પૂર્ણ કરે છે તે **લબ્ધિ પર્યાપ્તા** છે. લબ્ધિપર્યાપ્તાવસ્થા નામકર્મ સાપેક્ષ હોવાથી તેનો ઉદય વિગ્રહગતિમાં, અપર્યાપ્તાવસ્થામાં અને પર્યાપ્તાવસ્થામાં, તે ત્રણે અવસ્થામાં હોય છે. તેથીજ કોઈ પણ જીવ એક ભવમાંથી બીજા ભવમાં જાય, તોપણ પર્યાપ્ત નામકર્મના ઉદયે લબ્ધિ પર્યાપ્તાવસ્થાનું સાતત્ય જળવાઈ રહે છે. ચાર ગતિમાં ભવભ્રમણ કરતાં પર્યાપ્ત નામકર્મના ઉદયનું સાતત્ય સાધિક અનેક સો સાગરોપમ સુધી રહે છે અને તેથી જ સઈન્દ્રિય પર્યાપ્તાવસ્થાની કાયસ્થિતિ અનેક સો સાગરોપમની થાય છે. ત્યાર પછી જીવ લબ્ધિ અપર્યાપ્તાનો ભવ પ્રાપ્ત કરે જ.

આ રીતે પ્રસ્તુત પ્રસંગમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના પર્યાપ્તા જીવોની કાયસ્થિતિનું કથન લબ્ધિપર્યાપ્તા જીવોની અપેક્ષાએ છે.

**એકેન્દ્રિય પર્યાપ્તાની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત હજાર વર્ષની છે. કારણ કે પૃથ્વીકાયિકની ઉત્કૃષ્ટ સ્થિતિ બાવીશ હજાર વર્ષની, અપ્કાયિકની ૭ હજાર વર્ષ, તેઉકાયની ત્રણ અહોરાત્ર, વાયુકાયિકની ૩ હજાર વર્ષ અને વનસ્પતિકાયિકની ૧૦ હજાર વર્ષ છે. શ્રીભગવતી સૂત્ર શતક–૨૪ અનુસાર પૃથ્વીકાયિક આદિ પાંચે સ્થાવરમાં ઉત્કૃષ્ટ સ્થિતિના નિરંતર આઠ ભવ થાય છે. જઘન્ય અને મધ્યમ સ્થિતિના અનેક ભવ થઈ શકે છે.પાંચે સ્થાવર જીવોની એક ભવની સ્થિતિ હજાર વર્ષની ગણનામાં જ હોવાથી તેના અનેક ભવોની પર્યાપ્તાવસ્થાની સ્થિતિ કે ઉત્કૃષ્ટ સ્થિતિના આઠ ભવની સ્થિતિ સંખ્યાત હજાર વર્ષ જ થાય છે.

**અનિન્દ્રિયની કાયસ્થિતિ :–** અનાદિકાલથી સંસાર પરિભ્રમણ કરનારા જીવને કેવળજ્ઞાન–કેવળદર્શન પ્રાપ્ત થાય ત્યારે તેના અનિન્દ્રિયપણાનો પ્રારંભ થાયછે. ત્યાર પછી સિદ્ધાવસ્થામાં તે અનંતકાલ પર્યંત અનિન્દ્રિયપણે જ રહે છે તેથી અનિન્દ્રિયની કાયસ્થિતિ સાદિ અનંતકાલની છે.

**વિકલેન્દ્રિયની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાલની છે. કોઈ પણ જીવ વિકલેન્દ્રિયમાં નિરંતર સંખ્યાતા ભવ કરી શકે છે, તેથી તેની કાયસ્થિતિ સંખ્યાતકાલની થાય છે. **विगलिंदियाण य वास-सहस्सा संखिज्जा** । વિકલેન્દ્રિય જીવોની કાયસ્થિતિનો સંખ્યાતો કાલ સંખ્યાત હજાર વર્ષ પ્રમાણ છે.

**વિકલેન્દ્રિય પર્યાપ્તાની કાયસ્થિતિ :–** શ્રી ભગવતી સૂત્ર શતક–૨૪ અનુસાર વિકલેન્દ્રિય જીવો પર્યાપ્તાવસ્થામાં ઉત્કૃષ્ટ સ્થિતિના નિરંતર આઠ ભવ અને જઘન્ય અને મધ્યમ સ્થિતિના અનેક ભવ કરે છે.

બેઇન્દ્રિયની એક ભવની ઉત્કૃષ્ટ સ્થિતિ બાર વર્ષ, તેઇન્દ્રિયની ૪૯ દિવસ અને ચૌરેન્દ્રિયની છ

માસની છે. તેની ઉત્કૃષ્ટ સ્થિતિના આઠ ભવની સ્થિતિ ક્રમશઃ ૧૨×૮=૯૬ વર્ષ, ૪૯ દિવસ × ૮ = ૩૯૨ દિવસ અને ૬ માસ × ૮ = ૪૮ માસ થાય છે. તેની જઘન્ય કે મધ્યમ સ્થિતિના અનેક ભવોની સ્થિતિ પણ તેટલી જ થાય છે, તેનાથી અધિક થતીનથી. તેથી બેઇન્દ્રિય પર્યાપ્તાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાત વર્ષ, તેઇન્દ્રિય પર્યાપ્તાની સંખ્યાતા દિવસ અને ચૌરેન્દ્રિય પર્યાપ્તાની સ્થિતિ સંખ્યાતા માસની થાય છે.

**પંચેન્દ્રિયની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક એક હજાર સાગરોપમની છે. કોઈ પણ જીવ નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ, તે ચારે ગતિમાં પરિભ્રમણ કરતાં પંચેન્દ્રિયપણામાં નિરંતર સાધિક એક હજાર સાગરોપમકાલ વ્યતીત કરી શકે છે.

યથા– કોઈ મનુષ્ય બારમા દેવલોકમાં નિરંતર સાત ભવ કરે, તેમાં ત્રણ ભવ દેવલોકના થાય. બારમા દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨ સાગરોપમની છે, તેથી ૨૨×૩=૬૬ સાગરોપમ થાય. ત્યાર પછી મનુષ્ય અને છટ્ઠી નરકમાં નિરંતર આઠ ભવ કરે. તેમાં નારકીના ચાર ભવ થાય. છટ્ઠી નરકની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨ સાગરોપમની છે તેથી ૨૨×૪=૮૮ સાગરોપમ થાય. ત્યાર પછી પુનઃ મનુષ્ય કે તિર્યંચગતિને પ્રાપ્ત કરી પુનઃ નરક કે દેવલોકમાં ગમનાગમન કરે. આ રીતે ચારે ગતિમાં પંચેન્દ્રિયપણે જન્મ-મરણ કરતાં નરક અને દેવ ગતિમાં એક હજાર સાગરોપમકાલ વ્યતીત થાય છે અને વચ્ચે મનુષ્ય કે તિર્યંચભવમાં થયેલા જન્મ-મરણના કાલની ગણના કરતાં સાધિક એક હજાર સાગરોપમની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ થાય છે.

**પંચેન્દ્રિય પર્યાપ્તાની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનેક સો સાગરોપમની છે. કોઈ સંજ્ઞી મનુષ્ય કે સંજ્ઞી તિર્યંચ વૈમાનિક દેવમાં કે નરકગતિમાં ઉત્કૃષ્ટ સ્થિતિના નિરંતર આઠ ભવ કરે તો પંચેન્દ્રિય પર્યાપ્તાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનેક સો સાગરોપમની થાય છે.

**ઈન્દ્રિયની અપેક્ષાએ કાયસ્થિતિ :–**

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| સઇન્દ્રિય | × | અનાદિ અનંત | અભવીની અપેક્ષાએ અનાદિ અનંત |
| | × | અનાદિ સાંત | મોક્ષગામી ભવીની અપેક્ષાએ અનાદિ સાંત |
| એકેન્દ્રિય | અંતર્મુહૂર્ત | અનંતકાલ(વનસ્પતિકાલ) અસંખ્ય પુદ્‍ગલ પરાવર્તન | વનસ્પતિકાયિક જીવોની અપેક્ષાએ |
| ત્રણ વિકલેન્દ્રિય | અંતર્મુહૂર્ત | સંખ્યાતકાલ | નિરંતર સંખ્યાત ભવ કરે તે અપેક્ષાએ |
| પંચેન્દ્રિય | અંતર્મુહૂર્ત | સાધિક હજાર સાગરોપમ | ચારે ગતિમાં પરિભ્રમણની અપેક્ષાએ |
| સઇન્દ્રિય અને એકે૰થી પંચે૰ના અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અપર્યાપ્તાવસ્થાનું સાતત્ય તેટલું જ હોવાથી |
| સઇન્દ્રિય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અનેક સો સાગરોપમ | પંચેન્દ્રિય પર્યાપ્તાની અપેક્ષાએ |
| એકેન્દ્રિય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ | એકેન્દ્રિયની ભવ સ્થિતિ હજારો વર્ષમાં હોવાથી |
| બેઇન્દ્રિય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા વર્ષ | તેની ભવ સ્થિતિ વર્ષોમાં હોવાથી |
| તેઇન્દ્રિય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા અહોરાત્ર | તેની ભવસ્થિતિ અહોરાત્રમાં હોવાથી |
| ચૌરેન્દ્રિય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાત માસ | તેની ભવસ્થિતિ માસમાં હોવાથી |

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| પંચેન્દ્રિય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અનેક સો સાગરોપમ | પંચેન્દ્રિયમાં નારકી, દેવતાની સ્થિતિ સાગરોપમમાં હોવાથી |
| અનિન્દ્રિય | × | સાદિ અનંત | સિદ્ધ ભગવાનની અપેક્ષાએ |
| ★ અહીં પર્યાપ્તા જીવોની કાયસ્થિતિનું કથન લબ્ધિ પર્યાપ્તા જીવોની અપેક્ષાએ છે. કારણ કે આ બોલોમાં નારકી, દેવતા કે યુગલિકની સ્વતંત્ર અપેક્ષાવાળો એકે ય બોલ નથી. | | | |

**(૪) કાય દ્વાર :-**

**૨૫ सकाइए णं भंते ! सकाइए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! सकाइए दुविहे पण्णत्ते, तं जहा- अणादीए वा अपज्जवसिए, अणादीए वा सपज्जवसिए ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! સકાયિક જીવ કેટલા કાળ સુધી સકાયિકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ! સકાયિક જીવના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અનાદિ અનંત (૨) અને અનાદિ સાંત.

**૨૬ पुढविक्काइए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं, असंखेज्जाओ उस्सप्पिणीओसप्पिणीओ कालओ, खेत्तओ असंखेज्जा लोगा । एवं आउ-तेउ-वाउक्काइया वि ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ કેટલા કાળ સુધી પૃથ્વીકાયિકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ; કાળની અપેક્ષાએ અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ અને ક્ષેત્રથી અસંખ્યાત લોકાકાશના પ્રદેશ પ્રમાણ પૃથ્વીકાયિકપણે રહે છે.

આ જ રીતે અપ્કાયિક, તેજસ્કાયિક અને વાયુકાયિક જીવો પણ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ સુધી પોત-પોતાની પર્યાયપણે રહે છે.

**૨૭ वणस्सइकाइया णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतंकालं, अणंताओ उस्सप्पिणी- ओसप्पिणीओ कालओ, खेत्तओ अणंता लोगा, असंखेज्जा पोग्गलपरियट्टा, ते णं पोग्गलपरियट्टा आवलियाए असंखेज्जइभागे ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! વનસ્પતિકાયિક જીવ કેટલા કાળ સુધી વનસ્પતિકાયિકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ સુધી વનસ્પતિકાયિકપણે નિરંતર રહે છે. તે અનંતકાળ **કાલથી**–અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી કાલ પ્રમાણ અને **ક્ષેત્રથી** અનંતલોક પ્રમાણ તથા આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ અસંખ્યાત પુદ્ગલ પરાવર્તન પ્રમાણ છે.

**૨૮ तसकाइए णं भंते! तसकाइए त्ति पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दो सागरोवमसहस्साइं संखेज्ज-वासअब्भहियाइं ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! ત્રસકાયિક જીવ, કેટલા કાળ સુધી ત્રસકાયિકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્રસકાયિક જીવ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતવર્ષ અધિક બે હજાર સાગરોપમ સુધી ત્રસકાયિકપણે રહે છે.

**२९ अकाइए णं भंते ! पुच्छा ? गोयमा ! अकाइए सादीए अपज्जवसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અકાયિક જીવ કેટલા કાળ સુધી અકાયિકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અકાયિક–સિદ્ધ સાદિ અનંતકાલ અકાયિકપણે રહે છે.

**३० सकाइयअपज्जत्तए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं । एवं *जाव* तसकाइय अपज्जतए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સકાયિક અપર્યાપ્ત કેટલા કાળ સુધી સકાયિક અપર્યાપ્તપણે રહે છે? **ઉત્તર–** હે ગૌતમ ! તે જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી જ સકાયિક અપર્યાપ્તપણે રહે છે. આ જ રીતે ત્રસકાયિક અપર્યાપ્તા સુધી જાણવું જોઈએ.

**३१ सकाइयपज्जत्तए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसयपुहत्तं साइरेगं ?**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સકાયિક પર્યાપ્ત કેટલા કાલ સુધી સકાયિક પર્યાપ્તપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક અનેક સો સાગરોપમ સુધી સકાયિક પર્યાપ્તપણે રહે છે.

**३२ पुढविक्काइयपज्जत्तए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं वाससहस्साइं । एवं आउकाइए वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક પર્યાપ્તા કેટલા કાલ સુધી પૃથ્વીકાયિક પર્યાપ્તપણે રહે છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત હજાર વર્ષો સુધી પૃથ્વીકાયિક પર્યાપ્તાપણે રહે છે. આ જ રીતે અપ્કાયિક પર્યાપ્તાના વિષયમાં પણ જાણવું જોઈએ.

**३३ तेउक्काइयपज्जत्तए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं राइंदियाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેજસ્કાયિક પર્યાપ્તા કેટલા કાળ સુધી તેજસ્કાયિક પર્યાપ્તપણે રહે છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતા–અહોરાત્રિ (રાત્રિ-દિવસ) સુધી તેજસ્કાયિક પર્યાપ્તપણે રહે છે.

**३४ वाउक्काइयपज्जत्तए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं वाससहस्साइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાયુકાયિક પર્યાપ્ત કેટલા કાલ સુધી વાયુકાયિક પર્યાપ્તપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત હજાર વર્ષ સુધી વાયુકાયિક પર્યાપ્તપણે રહે છે.

**३५ वणस्सइकाइयपज्जत्तए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं वाससहस्साइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વનસ્પતિકાયિક પર્યાપ્ત જીવો કેટલા કાલ સુધી વનસ્પતિકાયિક પર્યાપ્તપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત હજાર વર્ષો સુધી વનસ્પતિકાયિક પર્યાપ્તપણે રહે છે.

**૩૬** **तसकाइयपज्जत्तए णं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसयपुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ત્રસકાયિક પર્યાપ્તા કેટલા કાલ સુધી ત્રસકાયિક પર્યાપ્તપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક અનેક સો સાગરોપમ સુધી ત્રસકાયિક પર્યાપ્તપણે રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સકાયિક, પૃથ્વી આદિ ષટ્કાયિક અને અકાયિક જીવોની કાયસ્થિતિનું કથન છે.

**સકાયિક :–** કાયાની અપેક્ષાએ સંસારી જીવોના છ ભેદ થાય છે. સકાયિકમાં તે સર્વનો સમાવેશ થાય છે. તેની કાયસ્થિતિ અભવી જીવોની અપેક્ષાએ અનાદિ અનંત અને ભવી જીવોની અપેક્ષાએ અનાદિ સાંત હોય છે.

**સકાયિક અપર્યાપ્તાની કાયસ્થિતિ :–** સકાયિક અને પૃથ્વીકાય આદિ ષટ્કાયના અપર્યાપ્તા જીવોની કાયસ્થિતિ જઘન્ય-ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**સકાયિક પર્યાપ્તાની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનેક સો સાગરોપમની છે. તે લબ્ધિપર્યાપ્તા જીવોની અપેક્ષાએ થાય છે.

**પૃથ્વીકાય આદિ ચાર સ્થાવરની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલની છે. પૃથ્વીકાય, અપ્કાય આદિ કોઈ પણ સ્થાનમાં જીવ નિરંતર અસંખ્ય ભવ કરે છે. તેથી તેની કાયસ્થિતિ અસંખ્યાતકાલની થાય છે. અસંખ્યાતકાલનું સ્પષ્ટીકરણ ક્ષેત્ર અને કાલથી કરી શકાય છે. તે કાલથી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાલ પ્રમાણ છે અને ક્ષેત્રથી અસંખ્યાત લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે.

**પૃથ્વી આદિ ચાર સ્થાવરના પર્યાપ્તાની કાયસ્થિતિ :–** પાંચે સ્થાવર જીવો પર્યાપ્તાવસ્થામાં ઉત્કૃષ્ટ સ્થિતિના નિરંતર આઠ ભવ કરે છે. પૃથ્વીકાયની એક ભવની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨,૦૦૦વર્ષની છે, તેથી આઠ ભવની ૨૨૦૦૦×૮=૧,૭૬,૦૦૦ વર્ષ થાય. તે જ રીતે અપ્કાયની એક ભવની સ્થિતિ ૭૦૦૦ વર્ષની હોવાથી આઠ ભવની સ્થિતિ ૫૬૦૦૦ વર્ષ, તેઉકાયની એક ભવની સ્થિતિ ત્રણ અહોરાત્રની હોવાથીઆઠ ભવની ૨૪ અહોરાત્ર અને વાયુકાયની એક ભવની સ્થિતિ ૩૦૦૦ વર્ષની હોવાથી આઠ ભવની સ્થિતિ ૨૪૦૦૦ વર્ષ થાય છે. તે જીવ જઘન્ય કે મધ્યમ સ્થિતિમાં પર્યાપ્તપણે અનેક ભવ કરે, તો પણ તેની કાયસ્થિતિ તેનાથી અધિક થતી નથી.

તેથી પૃથ્વીકાય, અપ્કાય અને વાયુકાયના પર્યાપ્તા જીવોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાત હજાર વર્ષ અને તેજસ્કાયના પર્યાપ્તા જીવોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાતા અહોરાત્રની થાય છે.

**पुढवीकाल**– પૃથ્વીકાયની કાયસ્થિતિ અસંખ્યાતકાળની છે. તે **કાળથી** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીના સમય પ્રમાણ અને **ક્ષેત્રથી** અસંખ્યાત લોકના આકાશપ્રદેશ પ્રમાણ છે. આ અસંખ્યાત કાળ માટે **પુઢવીકાલ** શબ્દ રૂઢ થયેલ છે. તેથી જ્યાં પુઢવીકાલ શબ્દ પ્રયોગ હોય ત્યાં પૃથ્વીકાયની કાયસ્થિતિ પ્રમાણ અસંખ્યાતકાળ ગ્રહણ થાય છે.

**વનસ્પતિકાયની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાલ–વનસ્પતિકાલ પ્રમાણ છે. કોઈ જીવ ભવભ્રમણ કરતાં સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદમાં નિરંતર જન્મ મરણ કરતા રહે તો, બંને મળીને અનંતકાલ વ્યતીત થાય છે. વનસ્પતિનો અનંત કાલ, **કાલથી** અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી કાલપ્રમાણ, **ક્ષેત્રથી** અનંત લોકાકાશના પ્રદેશ પ્રમાણ તથા આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય જેટલા અસંખ્ય પુદ્ગલ પરાવર્તન પ્રમાણ છે.

**વનસ્પતિકાયના પર્યાપ્તાની કાયસ્થિતિ :–** વનસ્પતિકાયની એક ભવની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષની છે, ઉત્કૃષ્ટ સ્થિતિના નિરંતર આઠ ભવ થાય અથવા જઘન્ય કે મધ્યમ સ્થિતિના અનેક ભવ કરે, તો પણ તેની પર્યાપ્તાવસ્થાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ૮૦,૦૦૦ વર્ષ અર્થાત્ સંખ્યાતા હજાર વર્ષની થાય છે.

**ત્રસકાયની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતા વર્ષ અધિક ૨૦૦૦ સાગરોપમની છે. કોઈ પણ જીવ સાધિક એક હજાર સાગરોપમ સુધી પંચેન્દ્રિયપણે રહીને વિકલેન્દ્રિયમાં જાય અને ફરી પંચેન્દ્રિયમાં જન્મ-મરણ કરતાં સાધિક એક હજાર સાગરોપમકાલ વ્યતીત કરે, તો ત્રસકાયની કાયસ્થિતિ સંખ્યાતા વર્ષ અધિક બે હજાર સાગરોપમની થાય છે.

**ત્રસકાય પર્યાપ્તાની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનેક સો સાગરોપમની છે. જોકે કેવળ પંચેન્દ્રિય પર્યાપ્તાની કાયસ્થિતિ અનેક સો સાગરોપમની છે તેમ છતાં બેઈન્દ્રિયની સંખ્યાતા વર્ષ, તેઈન્દ્રિયની સંખ્યાતા દિવસ અને ચૌરેન્દ્રિયની સંખ્યાતા માસની કાયસ્થિતિ, પંચેન્દ્રિયની કાયસ્થિતિની અપેક્ષાએ અત્યંત અલ્પ છે તેથી તેને પંચેન્દ્રિયના પર્યાપ્તની કાયસ્થિતિમાં મેળવતાં પણ ત્રસકાયની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનેક સો સાગરોપમ કાલમાં સમાવિષ્ટ થઈ જાય છે.

**અકાયિક જીવોની કાયસ્થિતિ :–** જીવ જ્યારે સર્વ કર્મોથી મુક્ત થાય ત્યારે અકાયિક અવસ્થાને પ્રાપ્ત કરે છે. તે જીવોની સ્થિતિ સાદિ અનંતકાલની છે.

**પૃથ્વી આદિ છ કાયની અપેક્ષાએ જીવોની કાયસ્થિતિ :–**

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| સકાયિક અભવી | – | અનાદિ અનંત | અભવીની અપેક્ષાએ |
| ભવી | – | અનાદિ સાંત | મોક્ષગામી ભવી જીવોની અપેક્ષાએ |
| પૃથ્વીકાયિક, અપ્કાય તેજસ્કાય, વાયુકાય | અંતર્મુહૂર્ત | અસંખ્યાતકાલ, પુઢવીકાલ | નિરંતર અસંખ્યાત ભવ કરે. |
| વનસ્પતિકાયિક | અંતર્મુહૂર્ત | અનંતકાલ–વનસ્પતિકાલ | સૂક્ષ્મ–બાદર બંને પ્રકારના નિગોદમાં મળીને જીવ અનંત ભવ કરે છે. |
| ત્રસકાય | અંતર્મુહૂર્ત | સાધિક બે હજાર સાગરોપમ | પંચેન્દ્રિયપણે સાધિક હજાર સાગરોપમ રહીને વિકલેન્દ્રિયપણે જન્મ–મરણ કરી પુનઃ પંચેન્દ્રિયપણે સાધિક હજાર સાગરોપમ રહે છે. |
| સકાયિક અને પૃથ્વીથી ત્રસકાયના અપર્યાપ્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અપર્યાપ્તાવસ્થાનું સાતત્ય તેટલું જ રહે છે. |
| સકાયિક પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સાધિક અનેક સો સાગરોપમ | લબ્ધિ પર્યાપ્તા, પંચેન્દ્રિય જીવોની અપેક્ષાએ છે. |
| ચાર સ્થાવર પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ | એક ભવની હજારો વર્ષોની સ્થિતિ હોવાથી |
| તેઉકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા અહોરાત્ર | એક ભવની સ્થિતિ અહોરાત્રમાં હોવાથી |
| ત્રસકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સાધિક અનેક સો સાગરોપમ | પંચેન્દ્રિય જીવોની મુખ્યતાએ થાય છે. |
| અકાયિક | × | સાદિ અનંત | સિદ્ધ ભગવાનની સ્થિતિ સાદિ અનંતકાલની છે. |

**સૂક્ષ્મ-બાદર જીવોની કાયસ્થિતિ :-**

**૩૭ सुहुमे णं भंते ! सुहुमे त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं असंखेज्जाओ उस्सप्पिणीओसप्पिणीओ कालओ, खेत्तओ असंखेज्जा लोगा ।**

**ભાવાર્થ :- પ્રશ્ન**– હે ભગવન્ ! સૂક્ષ્મ જીવ કેટલા કાળ સુધી સૂક્ષ્મપણે રહે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ સુધી સૂક્ષ્મપણે રહે છે. તે અસંખ્યાત કાલ, **કાલથી** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ પ્રમાણ છે અને **ક્ષેત્રથી** અસંખ્યાત લોક પ્રમાણ છે.

**૩૮ सुहुमपुढविक्काइए सुहुमआउक्काइए सुहुमतेउक्काइए सुहुमवाउक्काइए सुहुम-वणस्सइकाइए सुहुमणिगोदे वि जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं, असंखेज्जाओ उस्सप्पिणीओसप्पिणीओ कालओ, खेत्तओ असंखेज्जा लोगा ।**

**ભાવાર્થ :-** સૂક્ષ્મ પૃથ્વીકાયિક, સૂક્ષ્મ અપ્કાયિક, સૂક્ષ્મ તેજસ્કાયિક, સૂક્ષ્મ વાયુકાયિક, સૂક્ષ્મ વનસ્પતિકાયિક અને સૂક્ષ્મ નિગોદ પણ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ સુધી પોતપોતાના પર્યાયપણે રહે છે. તે અસંખ્યાતકાલ **કાલથી** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ પ્રમાણ અને **ક્ષેત્રથી** અસંખ્યાતલોક પ્રમાણ છે.

**૩૯ सुहुमे णं भंते ! अपज्जत्तए सुहुम अपज्जत्तए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :- પ્રશ્ન**– હે ભગવન્ ! સૂક્ષ્મ અપર્યાપ્ત જીવો, કેટલા કાળ સુધી સૂક્ષ્મ અપર્યાપ્તપણે રહે છે? **ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી સૂક્ષ્મ અપર્યાપ્તપણે રહે છે.

**૪૦ पुढविक्काइय-आउक्काइए-तेउक्काइए-वाउक्काइय-वणस्सइ-काइयाण य एवं चेव। पज्जत्तयाण वि एवं चेव ।**

**ભાવાર્થ :-** આ જ રીતે સૂક્ષ્મ પૃથ્વીકાયિક, સૂક્ષ્મ અપ્કાયિક, સૂક્ષ્મ તેજસ્કાયિક, સૂક્ષ્મવાયુકાયિક અને સૂક્ષ્મ વનસ્પતિકાયિકના અપર્યાપ્તની કાયસ્થિતિના વિષયમાં પણ જાણવું જોઈએ. સમુચ્ચય સૂક્ષ્મ પર્યાપ્ત જીવો તથા સૂક્ષ્મ પૃથ્વીકાયિકાદિના પર્યાપ્ત જીવોના વિષયમાં પણ પૂર્વવત્(અંતર્મુહૂર્ત)જાણવું જોઈએ.

**૪૧ बादरे णं भंते ! बादरे त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्ज कालं, असंखेज्जाओ उसप्पिणीओसप्पिणीओ कालओ, खेत्तओ अंगुलस्स असंखेज्जइभागं ।**

**ભાવાર્થ :- પ્રશ્ન**– હે ભગવન્ ! બાદર જીવ કેટલા કાળ સુધી બાદરપણે રહે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ સુધી બાદરપણે રહે છે. તે બાદરકાલ, **કાલથી** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ પ્રમાણ અને **ક્ષેત્રથી** અંગુલના અસંખ્યાતમા ભાગના આકાશ પ્રદેશ પ્રમાણ છે.

**૪૨ बादरपुढविक्काइए णं भंते ! बादरपुढविक्काइए त्ति पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सत्तरिसागरोवकोडाकोडीओ । एवं बादरआउक्काइए वि** *जाव* **बादरवाउक्काइए वि।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર પૃથ્વીકાયિક કેટલા કાળ સુધી બાદર પૃથ્વીકાયિકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ સુધી બાદર પૃથ્વીકાયિકપણે રહે છે. આ જ રીતે બાદર અપ્કાયિક ***યાવત્*** બાદર વાયુકાયિકના વિષયમાં પણ જાણવું જોઈએ.

**૪૩ बादरवणस्सइकाइए णं भंते ! बादरवणस्सइकाइए त्ति पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्ज कालं** *जाव* **खेत्तओ अंगुलस्स असंखेज्जइभागं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર વનસ્પતિકાયિક કેટલા કાળ સુધી બાદર વનસ્પતિકાયપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ સુધી રહે છે. તે અસંખ્યાતકાલ, **કાલથી** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ પ્રમાણ છે. **ક્ષેત્રથી** અંગુલના અસંખ્યાત ભાગના આકાશ પ્રદેશ પ્રમાણ છે.

**૪૪ पत्तेयसरीरबादरवणस्सइकाइए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सत्तरिसागरोवमकोडाकोडीओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક કેટલા કાલ સુધી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિકપણે રહે છે. **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ સુધી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિકપણે રહે છે.

**૪૫ णिगोए णं भंते! णिगोए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं, अणंताओ उस्सप्पिणी-ओसप्पिणीओ कालओ, खेत्तओ अड्ढाइज्जा पोग्गलपरियट्टा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નિગોદ કેટલા કાળ સુધી નિગોદપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ સુધી નિગોદપણે રહે છે. તે અનંતકાલ, **કાલથી** અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ પ્રમાણ અને **ક્ષેત્રથી** અઢી પુદ્ગલ પરાવર્તન કાલ પ્રમાણ છે.

**૪૬ बादरणिगोदे णं भंते! बादर णिगोदे पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सत्तरिसागरोवमकोडाकोडीओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર નિગોદ, કેટલા કાળ સુધી બાદર નિગોદપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ! તે જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ સુધી બાદર નિગોદપણે નિરંતર રહે છે.

**૪૭ बादरतसकाइए णं भंते ! बादरतसकाइए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दो सागरोवमसहस्साइं संखेज्जवासअब्भहियाइं । एएसिं चेव अपज्जत्तगा सव्वे वि जहण्णेणं वि उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર ત્રસકાયિક કેટલા કાળ સુધી બાદર ત્રસકાયિકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત વર્ષ અધિક બે હજાર સાગરોપમ સુધી બાદર ત્રસકાયિકપણે રહે છે. આ બાદર જીવોના અપર્યાપ્તા જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી પોતપોતાના પર્યાયમાં અપર્યાપ્તપણે રહે છે.

**૪૮ बादरपज्जत्तए णं भंते ! बादरपज्जत्तए त्ति पुच्छा ? गोयमा ! जहणेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसयपुहुत्तं साइरेगं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર પર્યાપ્તા કેટલા કાળ સુધી બાદર પર્યાપ્તપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક અનેક સો સાગરોપમ સુધી બાદર પર્યાપ્તપણે રહે છે.

**૪૯ बादरपुढविक्काइयपज्जत्तए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं वाससहस्साइं । एवं आउक्काइए वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તા કેટલા કાળ સુધી બાદર પૃથ્વીકાયિકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત હજાર વર્ષો સુધી બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તપણે રહે છે. આ જ રીતે બાદર અપ્કાયિક પર્યાપ્તાના વિષયમાં પણ જાણવું જોઈએ.

**૫૦ तेउक्काइयपज्जत्तए णं भंते ! तेउक्काइयपज्जत्तए त्ति पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं राइंदियाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેજસ્કાયિક પર્યાપ્તા કેટલા કાળ સુધી તેજસ્કાયિક પર્યાપ્તાપણે રહે છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતા રાત્રિ-દિન સુધી તેજસ્કાયિક પર્યાપ્તપણે રહે છે.

**૫૧ वाउक्काइए वणस्सइकाइए पत्तेयसरीरबायरवणस्सइकाइए य पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं वाससहस्साइं ।**

**ભાવાર્થ:– પ્રશ્ન–** હે ભગવન્ ! વાયુકાયિક, વનસ્પતિકાયિક અને પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિકના પર્યાપ્તા જીવો કેટલા કાલ સુધી પોત-પોતાની કાયમાં પર્યાપ્તપણે રહેછે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત હજાર વર્ષો સુધી પોતપોતાના પર્યાયમાં પર્યાપ્તપણે રહે છે.

**૫૨ णिगोयपज्जत्तए णं भंते ! बादरणिगोयपज्जत्तए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! दोण्णि वि जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નિગોદ પર્યાપ્તા અને બાદર નિગોદ પર્યાપ્તા, કેટલા કાલ સુધી ક્રમશઃ નિગોદ પર્યાપ્તા અને બાદર નિગોદ પર્યાપ્તપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બંને જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી નિગોદ પર્યાપ્તા અને બાદર નિગોદ પર્યાપ્તપણે રહે છે

**૫૩ बादरतसकाइयपज्जत्तए णं भंते ! बादरतसकाइयपज्जत्तए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसयपुहुत्तं साइरेगं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર ત્રસકાયિક પર્યાપ્તા કેટલા કાળ સુધી બાદર ત્રસકાયિક પર્યાપ્તાપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક અનેક સો સાગરોપમ સુધી બાદર ત્રસકાયિક પર્યાપ્તાપણે રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સૂક્ષ્મ-બાદર જીવોની કાયસ્થિતિનું કથન છે.

**સૂક્ષ્મ જીવોની કાયસ્થિતિ :–** (૧) સમુચ્ચય સૂક્ષ્મ જીવો, (૨) સૂક્ષ્મ પૃથ્વીકાય, (૩) સૂક્ષ્મ અપ્કાય, (૪) સૂક્ષ્મ તેઉકાય,(૫) સૂક્ષ્મ વાયુકાય (૬)સૂક્ષ્મ વનસ્પતિકાય (૭) સૂક્ષ્મ નિગોદ. આ સાત બોલની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલની છે.

આ સાતે બોલના જીવોની અપર્યાપ્તા કે પર્યાપ્તામાંથી કોઈ પણ એક અવસ્થાની કાયસ્થિતિ અંતર્મુહૂર્ત છે પરંતુ પર્યાપ્તા અને અપર્યાપ્તા બંને અવસ્થા મળીને અસંખ્યાત કાલ વ્યતીત કરે છે. તે કાલથી અસંખ્યાતા ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ પ્રમાણ અને ક્ષેત્રથી અસંખ્યાતા લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે. સૂક્ષ્મ જીવોની કાયસ્થિતિના કાલ પ્રમાણને **પુઢવીકાલ**(પૃથ્વીકાલ) કહે છે.

પ્રસ્તુત પ્રસંગમાં સૂક્ષ્મ વનસ્પતિકાયિક જીવોની કાયસ્થિતિનું કથન વ્યવહાર રાશિના જીવોની અપેક્ષાએ છે.

જે જીવ અનાદિકાલથી સૂક્ષ્મ નિગોદપણે જ જન્મ-મરણ કરે છે. જે જીવે અન્ય કોઈ પણ ગતિ કે જાતિમાં જન્મ-મરણ કર્યા જ ન હોય તેવા અવ્યવહાર રાશિના જીવોની કાયસ્થિતિની ગણના થતીનથી.

જે જીવ કાલલબ્ધિના યોગે અવ્યવહાર રાશિમાંથી બહાર નીકળીને અન્ય ગતિ કે જાતિમાં જન્મ-મરણ કરે છે તે વ્યવહાર રાશિના જીવો ભવભ્રમણ કરતાં પુનઃ સૂક્ષ્મ વનસ્પતિમાં જન્મ-મરણ કરે તેની કાલગણના સૂક્ષ્મ વનસ્પતિકાયની કાયસ્થિતિ કહેવાય છે.

**सुहुमणिगोदे वि... :–** અહીં સાત બોલમાં સૂક્ષ્મ વનસ્પતિકાયના કથન પછી સૂક્ષ્મ નિગોદનું પૃથક્ કથન છે. સૂક્ષ્મ વનસ્પતિકાય અનંતકાય(નિગોદ) રૂપ જ છે, તેથી તેમાં સૂક્ષ્મ વનસ્પતિ જીવ અને સૂક્ષ્મ નિગોદ જીવ એવા ભેદ સંભવિત નથી. માટે આ પાઠ વિચારણીય છે.

**સમુચ્ચય બાદર જીવોની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલની છે. તે અસંખ્યાત કાલ, **કાલથી** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલના સમય પ્રમાણ અને **ક્ષેત્રથી** અંગુલના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશ પ્રમાણ છે.

**सुहुमो य होइ कालो तत्तो सुहुमयरं हवइ खित्तं** । કાલ સૂક્ષ્મ છે પરંતુ ક્ષેત્ર તેનાથી પણ અત્યંત સૂક્ષ્મ છે તેથી અંગુલના અસંખ્યાતમા ભાગમાં પણ અસંખ્યાતા આકાશ પ્રદેશ છે.

સમુચ્ચય સૂક્ષ્મ જીવોની અને સમુચ્ચય બાદર જીવોની કાયસ્થિતિ અસંખ્યાતકાલ છે. તે બંનેની કાયસ્થિતિ **કાલથી** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ પ્રમાણ છે પરંતુ સૂક્ષ્મ અને બાદર જીવોની કાયસ્થિતિમાં ક્ષેત્રની અપેક્ષાએ તરતમતા છે. સૂક્ષ્મ જીવોની કાયસ્થિતિ અસંખ્યાત લોકના આકાશપ્રદેશ પ્રમાણ છે અને બાદર જીવોની કાયસ્થિતિ અંગુલના અસંખ્યાતમા ભાગના આકાશ પ્રદેશ પ્રમાણ છે. આ રીતે સૂક્ષ્મ અને બાદર જીવોની કાયસ્થિતિને જોતાં સ્પષ્ટ થાય છે કે સૂક્ષ્મ જીવોની કાયસ્થિતિથી બાદર જીવોની કાયસ્થિતિ અલ્પ છે. બાદર જીવોની કાયસ્થિતિના કાલપ્રમાણને **બાદરકાલ** કહે છે. બાદર જીવોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિનું કથન બાદર વનસ્પતિકાયિક જીવોની અપેક્ષાએ છે.

બાદર પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુકાયની, તે દરેકના અપર્યાપ્તા અને પર્યાપ્તાની કાયસ્થિતિ સૂત્રાર્થથી સ્પષ્ટ થાય છે.

**બાદર વનસ્પતિની કાયસ્થિતિ :–** બાદર વનસ્પતિના બે ભેદ છે– પ્રત્યેક શરીરી વનસ્પતિ અને સાધારણ શરીરી વનસ્પતિ. સમુચ્ચય બાદર વનસ્પતિની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલ- બાદરકાલ પ્રમાણ છે. પ્રત્યેક વનસ્પતિની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની અને પ્રત્યેક વનસ્પતિના પર્યાપ્તાની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ સંખ્યાત હજાર વર્ષની છે.

સાધારણ શરીરી બાદર વનસ્પતિની કાયસ્થિતિના કથનમાં સૂત્રકારે સહુ પ્રથમ સમુચ્ચય નિગોદની કાયસ્થિતિનું કથન કર્યું છે. તેમાં સૂક્ષ્મ અને બાદર બંને પ્રકારના નિગોદનો સમાવેશ થાય છે. સમુચ્ચય નિગોદ જીવોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાલની છે, તે **કાલથી** અનંત ઉત્સર્પિણી- અવસર્પિણીકાલ પ્રમાણ અને **ક્ષેત્રથી** અઢી પુદ્ગલ પરાવર્તનકાલની છે. જીવ સૂક્ષ્મ અને બાદર બંને પ્રકારના નિગોદમાં જન્મ-મરણ કરતાં આટલો કાલ પસાર કરે છે. બાદર નિગોદની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે.

સમુચ્ચય નિગોદ અને બાદર નિગોદના અપર્યાપ્ત અને પર્યાપ્તાની કાયસ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની જ છે. સમુચ્ચય નિગોદના પર્યાપ્તપણે જીવ અંતર્મુહૂર્ત જ રહે છે અને અપર્યાપ્તપણે પણ અંતર્મુહૂર્ત જ રહે છે પરંતુ તે જીવ નિગોદના પર્યાપ્તા અને અપર્યાપ્તા બંને અવસ્થામાં જન્મ-મરણ કરતાં અનંતકાલ વ્યતીત કરે છે. ત્રસકાયની સ્થિતિ સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

**સૂક્ષ્મ–બાદર જીવોની કાયસ્થિતિ :–**

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| સમુચ્ચય સૂક્ષ્મ જીવ, સૂક્ષ્મ પૃથ્વી,અપ૦,તેઉ૦, વાયુ૦,વનસ્પતિ અને સૂક્ષ્મ નિગોદ(શરીર) | અંતર્મુહૂર્ત | અસંખ્યાતકાલ, પુઢવીકાલ ક્ષેત્રથી અસંખ્ય લોકના આકાશપ્રદેશ પ્રમાણ. | સૂક્ષ્મ અપર્યાપ્તા અને સૂક્ષ્મ પર્યાપ્તા આ બંને અવસ્થાની ગણના કરતાં સૂક્ષ્મ જીવ અસંખ્યાતકાલ સુધી સૂક્ષ્મપણે રહે છે. |
| સૂક્ષ્મ જીવ, સૂક્ષ્મ પૃથ્વી આદિના અપર્યાપ્તા તથા પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | સૂક્ષ્મ અપર્યાપ્તા કે સૂક્ષ્મ પર્યાપ્તા કોઈપણ એક અવસ્થામાં જીવ અંતર્મુહૂર્ત સુધી જ રહે છે. |
| સમુચ્ચય બાદર | અંતર્મુહૂર્ત | અસંખ્યાતકાલ(બાદર કાલ) ક્ષેત્રથીઅંગુલના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશ પ્રમાણ | બાદરપણે નિરંતર અસંખ્યાત ભવ થાય છે. બાદર વનસ્પતિકાયની મુખ્યતાએ અસંખ્યાતકાલ (બાદરકાલ) પ્રમાણ કાયસ્થિતિ છે. |
| બાદર પૃથ્વી, અપ૦, તેઉ૦, વાયુ૦ | અંતર્મુહૂર્ત | ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ | વનસ્પતિ સિવાયના ચારે ય બાદરકાયમાં નિરંતર જીવ તેટલો જ કાલ રહે છે. |
| સમુચ્ચય બાદર વનસ્પતિ | અંતર્મુહૂર્ત | અસંખ્યાતકાલ(બાદરકાલ) | પ્રત્યેક અને સાધારણ બંને પ્રકારની વનસ્પતિમાં થતાં જન્મ-મરણના કાલની ગણના છે. |
| પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિ | અંતર્મુહૂર્ત | ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ | ફક્ત પ્રત્યેક વનસ્પતિની કાયસ્થિતિ ચાર સ્થાવર પ્રમાણે જ થાય છે. |

| | | | |
|---|---|---|---|
| સમુચ્ચય નિગોદ | અંતર્મુહૂર્ત | અનંતકાલ, અઢી પુદ્‌ગલ પરાવર્તન | સૂક્ષ્મ–બાદર બંને પ્રકારના નિગોદ મળીને અનંત કાલ થાય છે. |
| બાદર નિગોદ | અંતર્મુહૂર્ત | ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ | ફક્ત બાદર નિગોદપણે રહેવાની કાલમર્યાદા તેટલી જ છે. |
| બાદર ત્રસકાય | અંતર્મુહૂર્ત | સંખ્યાત વર્ષ અધિક ૨૦૦૦ સાગરોપમ | એકેન્દ્રિય સિવાયના સર્વ સ્થાનમાં ભવભ્રમણ કરતાં તેટલો કાલ થાય છે. |
| સમુચ્ચય બાદરાદિ સર્વ બોલના અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અપર્યાપ્તાવસ્થાનું સાતત્ય તેટલું જ હોય છે. |
| સમુચ્ચય બાદર પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સાધિક અનેક સો સાગરોપમ | પંચેન્દ્રિય જીવોની મુખ્યતાએ થાય છે. વિકલેન્દ્રિય અને એકેન્દ્રિયમાં ઉત્કૃષ્ટ સંખ્યાતા વર્ષ જ થાય છે. |
| બાદર પૃથ્વી, અપ્૦, વાયુકાયના પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ | એક ભવનું આયુષ્ય હજારો વર્ષનું હોવાથી |
| બાદર તેઉકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા અહોરાત્ર | એક ભવની સ્થિતિનું પ્રમાણ ત્રણ અહોરાત્રનું હોવાથી |
| સમુચ્ચય બાદર વનસ્પતિના તથા પ્રત્યેક વન૦ના પર્યા૦ | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ | એક ભવની સ્થિતિનું પ્રમાણ હજારો વર્ષનું હોવાથી. |
| સમુચ્ચય નિગોદ, બાદર નિગોદ પર્યાપ્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | નિગોદના પર્યાપ્તા કે અપર્યાપ્તા કોઈપણ એક અવસ્થામાં જીવનું અંતર્મુહૂર્ત સુધી જ સાતત્ય હોવાથી |
| બાદર ત્રસકાય પર્યાપ્ત | અંતર્મુહૂર્ત | સાધિક અનેક સો સાગરોપમ | પંચેન્દ્રિય જીવોની મુખ્યતાએ |

**(૫) યોગ દ્વાર :-**

**૫૪ सजोगी णं भंते ! सजोगि त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! सजोगी दुविहे पण्णत्ते, तं जहा- अणाईए वा अपज्जवसिए, अणाईए वा सपज्जवसिए ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્‌ ! જીવ કેટલા કાળ સુધી સયોગીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સયોગી જીવના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અનાદિ અનંત અને (૨) અનાદિ સાંત.

**૫૫ मणजोगी णं भंते ! मणजोगी त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं । एवं वयजोगी वि ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્‌ ! મનયોગી કેટલા કાળ સુધી મનયોગીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય; ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી રહે છે. આ જ રીતે વચનયોગીની કાયસ્થિતિ પણ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૫૬** **कायजोगी णं भंते ! कायजोगि त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वणस्सइकालो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાયયોગી કેટલાકાળ સુધી કાયયોગીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ સુધી રહે છે.

**૫૭** **अजोगी णं भंते ! अजोगीति कालओ केवचिरं होइ ? गोयमा ! साईए अपज्जवसिए ।**

**ભાવાર્થ : પ્રશ્ન–** હે ભગવન્ ! અયોગી કેટલા કાળ સુધી અયોગીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાદિ અનંતકાળ સુધી રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સયોગી, મનયોગી, વચનયોગી, કાયયોગી અને અયોગીની કાયસ્થિતિ સંબંધી પ્રરૂપણા છે.

**સયોગી :–** મન, વચન અને કાયાના વ્યાપારને યોગ કહે છે. જે જીવ યોગસહિત હોય, તેને સયોગી કહે છે. જન્મથી મૃત્યુપર્યંત કાયયોગ તો હોય જ છે પરંતુ મનયોગ, વચનયોગમાં તેમ નથી. મનોવર્ગણાના પુદ્ગલને મન રૂપે પરિણમાવી તે પુદ્ગલને મૂકે છે ત્યારે જ તે જીવ મનયોગી હોય છે અને ભાષાવર્ગણાના પુદ્ગલને ગ્રહણ કરી, ભાષા રૂપે પરિણમાવીને તે પુદ્ગલને મૂકે ત્યારે જ તે જીવ વચનયોગી હોય છે. તે અપેક્ષાએ જ અહીં તેની કાયસ્થિતિ સમજાવવામાં આવી છે. ભવભ્રમણ કરતો જીવ અનાદિકાલથી જ સયોગી હોય છે. સયોગી અવસ્થા તેરમા ગુણસ્થાન સુધી હોય છે. જ્યારે તે જીવ ચૌદમા ગુણસ્થાનને પ્રાપ્ત કરે, ત્યારે અયોગી થાય છે.

જે જીવ કદાપિ અયોગી કેવળી અવસ્થાને પ્રાપ્ત કરવાના જ નથી તેવા અભવી જીવોને સયોગીપણું અનંતકાલ સુધી રહે છે. તેથી અભવી જીવોની અપેક્ષાએ સયોગીપણું **અનાદિ અનંત** છે અને જે જીવો અયોગી કેવળી અવસ્થાને પ્રાપ્ત કરવાના છે, તેવા ભવી જીવોની અપેક્ષાએ સયોગીપણું **અનાદિ સાંત** છે.

**અયોગીની કાયસ્થિતિ :–** ચૌદમા ગુણસ્થાનવર્તી જીવો તથા સિદ્ધના જીવો અયોગી હોય છે. સિદ્ધાવસ્થાની આદિ તો થાય છે પણ અંત થતો નથી તેથી અયોગીપણું સાદિ અનંત છે.

**મનયોગીની કાયસ્થિતિ :–** મનયોગી જીવ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી મનયોગીપણે રહે છે. જ્યારે કોઈ જીવ પ્રથમ સમયમાં ઔદારિક કાયયોગ દ્વારા મનોયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને, બીજા સમયમાં તેને મનરૂપે પરિણમાવીને ત્યાગે છે અને ત્રીજા સમયમાં જો અટકી જાય અથવા મૃત્યુ પામે, તો મનોયોગીની સ્થિતિ જઘન્ય એક સમયની થાય. જ્યારે જીવ નિરંતર મનોયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી, તેને મન રૂપે પરિણમાવીને ત્યાગ કરે, તો તે અંતર્મુહૂર્ત સુધી જ મનોવર્ગણાના પુદ્ગલોનું ગ્રહણ-નિસર્ગ કરી શકે. ત્યાર પછી અવશ્ય અટકી જાય અને એક સમય કે અંતર્મુહૂર્તના વ્યવધાન પછી બીજીવાર મનોવર્ગણાનું ગ્રહણ-નિસર્ગ કરે છે. કાળની સૂક્ષ્મતાના કારણે સામાન્ય મનુષ્યને વચ્ચેના વ્યવધાનનો અનુભવ થતો નથી, તેથી મનોયોગીની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની થાય છે.

**વચનયોગીની કાયસ્થિતિ :–** વચનયોગીની કાયસ્થિતિ મનોયોગી સમાન છે. વચનયોગી જીવ ભાષા યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને છોડે છે ત્યારે ભાષા બોલાય છે. લાંબા સમય સુધી બોલતી વ્યક્તિને ભાષા

દ્રવ્યનું ગ્રહણ-નિસર્ગ અંતર્મુહૂર્ત સુધી જ થાય છે, પછી વ્યવધાન પડે છે.

**કાયયોગીની કાયસ્થિતિ :–** કાયયોગી જીવ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ સુધી કાયયોગી રહે છે. બેઇન્દ્રિયાદિ જીવોમાં વચનયોગ અને સંજ્ઞી પંચેન્દ્રિયમાં મનોયોગ હોય છે. જીવ મનોયોગ કે વચનયોગની પ્રવૃત્તિ માટે મનોવર્ગણા કે ભાષાવર્ગણાના પુદ્‌ગલોનું ગ્રહણ કાયયોગ દ્વારા જ કરે છે, તેથી તે બંને યોગની પ્રવૃત્તિમાં કાયયોગ તો હોય જ છે, પરંતુ વચનયોગ કે મનોયોગની પ્રવૃત્તિ થતી હોય ત્યારે મનોયોગ કે વચનયોગની મુખ્યતા અને કાયયોગની ગૌણતા હોય છે. મનોયોગ કે વચનયોગના વ્યાપાર પછી પુનઃ કાયયોગ સ્વતંત્ર રીતે પ્રવૃત્ત થાય તે અપેક્ષાએ કાયયોગનો પ્રારંભ ગણાય છે અને મનોયોગ કે વચનયોગના વ્યાપાર સમયે કાયયોગનો અંત ગણાય છે. આ રીતે કાયયોગ સાદિ સાંત થાય છે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની છે. અંતર્મુહૂર્ત પછી ફરી તે જીવ મન-વચનયોગમાં પ્રવૃત્ત થાય છે.

કાયયોગીની ઉત્કૃષ્ટ સ્થિતિ વનસ્પતિકાલ પ્રમાણ છે. કોઈ પણ જીવ બેઇન્દ્રિયાદિ જાતિમાં જન્મ ધારણ કરીને ત્રસપણાને પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તે જીવ સ્થાવરપણામાં જ રહે છે. સ્થાવર જીવોમાં એક માત્ર કાયયોગ જ હોય છે. વનસ્પતિકાયિક જીવોની અપેક્ષાએ સ્થાવરપણામાં જીવ અનંતકાલ વ્યતીત કરે છે. તેથી કાયયોગીની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનંતકાલની છે. તે અનંતકાલ, વનસ્પતિકાયિક જીવોની કાયસ્થિતિ પ્રમાણ હોય છે. તેથી તેને માટે સૂત્રમાં **વનસ્પતિકાલ** શબ્દપ્રયોગ કર્યો છે.

**યોગની અપેક્ષાએ જીવોની કાયસ્થિતિ :–**

| યોગ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ | કારણ |
|---|---|---|---|
| સયોગી | × | અનાદિ અનંત | અભવી જીવોની અપેક્ષાએ |
| | | અનાદિ સાંત | ભવી જીવોની અપેક્ષાએ |
| મનયોગી | એક સમય | અંતર્મુહૂર્ત | મનોવર્ગણાના પુદ્‌ગલોનું ગ્રહણ-નિસર્ગ અંતર્મુહૂર્ત સુધી જ થાય છે. |
| વચનયોગી | એક સમય | અંતર્મુહૂર્ત | ભાષા વર્ગણાના પુદ્‌ગલોનું ગ્રહણ-નિસર્ગ અંતર્મુહૂર્ત સુધી જ થાય છે. |
| કાયયોગી | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ | વનસ્પતિકાલમાં એક માત્ર કાયયોગ હોય છે. |
| અયોગી | × | સાદિ અનંત | સિદ્ધ ભગવાનની અપેક્ષાએ. |

**(૬) વેદ દ્વાર :–**

**૫૮ सवेदए णं भंते ! सवेदए त्ति कालओ केवचिरं होइ ?**

**गोयमा ! सवेदए तिविहे पण्णत्ते, तं जहा– अणाईए वा अपज्जवसिए, अणाईए वा सपज्जवसिए, साईए वा सपज्जवसिए । तत्थ णं जे से साईए सपज्जवसिए से जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं, अणंताओ उस्सप्पिणी-ओसप्पिणीओ कालओ, खेत्तओ अवड्ढं पोग्गलपरियट्टं देसूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સવેદી જીવ કેટલા કાળ સુધી સવેદીપણે રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સવેદી જીવોના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અનાદિ અનંત, (૨) અનાદિ સાંત અને (૩) સાદિ સાંત. તેમાંથી જે સાદિ સાંત છે તે જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ સુધી નિરંતર સવેદીપણે રહે છે. તે કાળથી અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી કાલપ્રમાણ તથા ક્ષેત્રની અપેક્ષાએ દેશોન અર્ધ પુદ્‍ગલપરાવર્તનકાળ સુધી સવેદીપણે રહે છે.

**૫૯** **इत्थिवेदे णं भंते ! इत्थिवेदे त्ति कालओ केवचिरं होइ ?**

**गोयमा ! एगेणं आएसेणं जहण्णेणं एक्कं समयं उक्कोसेणं दसुत्तरं पलिओवमसयं पुव्वकोडिपुहुत्तमब्भहियं, एगेणं आएसेणं जहण्णेणं एगं समयं उक्कोसेणं अट्ठारस पलिओवमाइं पुव्वकोडिपुहुत्तमब्भहियाइं, एगेणं आएसेणं जहण्णेणं एगं समयं उक्कोसेणं चोद्दस पलिओवमाइं पुव्वकोडिपुहुत्तमब्भहियाइं, एगेणं आएसेणं जहण्णेणं एगं समयं उक्कोसेणं पलिओवमसयं पुव्वकोडिपुहुत्तमब्भहियं, एगेणं आएसेणं जहण्णेणं एगं समयं उक्कोसेणं पलिओवमपुहुत्तं पुव्वकोडिपुहुत्तमब्भहियं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સ્ત્રીવેદી જીવ, સ્ત્રી વેદીપણે કેટલા કાળ સુધી રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) એક અપેક્ષાએ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અનેક ક્રોડપૂર્વ વર્ષ અધિક એકસો દશ પલ્યોપમ, (૨) એક અપેક્ષાએ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અનેક ક્રોડપૂર્વ વર્ષ અધિક અઢાર પલ્યોપમ, (૩) એક અપેક્ષાએ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અનેક ક્રોડપૂર્વ વર્ષ અધિક ચૌદ પલ્યોપમ, (૪) એક અપેક્ષાએ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનેક ક્રોડપૂર્વ વર્ષ અધિક એકસો પલ્યોપમ અને (૫) એક અપેક્ષાએ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અનેક ક્રોડપૂર્વ વર્ષ અધિક અનેક પલ્યોપમ સુધી સ્ત્રીવેદીપણે રહે છે.

**૬૦** **पुरिसवेदे णं भंते ! पुरिसवेदे त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसयपुहुत्तं साइरेगं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પુરુષવેદી જીવ પુરુષવેદીપણે કેટલા કાળ સુધી રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક અનેક સો સાગરોપમ સુધી પુરુષવેદીપણે રહે છે.

**૬૧** **णपुंसगवेदे णं भंते ! णपुंसगवेदे त्ति पुच्छा ? गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं वणस्सइकालो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નપુંસકવેદી જીવ નપુંસકવેદીપણે કેટલા કાળ સુધી રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ સુધી નપુંસકવેદીપણે રહે છે.

**૬૨** **अवेदए णं भंते ! अवेदए त्ति पुच्छा ? गोयमा ! अवेदए दुविहे पण्णत्ते, तं जहा- सादीए वा अपज्जवसिए, सादीए वा सपज्जवसिए, । तत्थ णं जे से सादीए सपज्जवसिए से जहण्णेणं एक्कं समयं उक्कोसेणं अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અવેદી જીવ અવેદીપણે કેટલા કાળ સુધી રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અવેદીના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સાદિ અનંત અને (૨) સાદિ સાંત, તેમાં જે સાદિ સાંત છે, તે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી નિરંતર અવેદીપણે રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સવેદી, અવેદી અને સ્ત્રી, પુરુષ, નપુંસકવેદીની કાયસ્થિતિનું નિરૂપણ કર્યું છે.

**સવેદીની કાયસ્થિતિ :–** સ્ત્રી, પુરુષ કે નપુંસકવેદ સહિત હોય તેને સવેદી કહે છે. દરેક સંસારી જીવ અનાદિકાલથી સવેદી જ હોય છે. કેટલાક જીવો સાધનાના પુરુષાર્થથી શ્રેણીને પ્રાપ્ત કરે તે અવેદીપણાને પ્રાપ્ત કરે છે અને કેટલાક જીવો કદાપિ સાધનાનો પુરુષાર્થ કરવાના જ નથી. તે જીવોના સવેદીપણાનો અંત ક્યારે ય થતો નથી. આ રીતે જીવોની ભિન્ન ભિન્ન પ્રકારની યોગ્યતાના આધારે સવેદીપણાની કાયસ્થિતિનું કથન ત્રણ પ્રકારે થાય છે– **(૧) અનાદિ અનંત–** અભવી જીવો કદાપિ અવેદીપણાને પ્રાપ્ત થતાં નથી તેથી તેની અપેક્ષાએ સવેદીની કાયસ્થિતિ અનાદિ અનંતકાલની છે. **(૨) અનાદિ સાંત–** જે જીવો ક્યારેક તો ઉપશમ શ્રેણી કે ક્ષપક શ્રેણી પર આરૂઢ થવાના છે, તેવા ભવી જીવો શ્રેણીને પ્રાપ્ત કરે ત્યારે અવેદી બને છે ત્યારે તેના સવેદીપણાનો અંત આવે છે તેથી ભવી જીવોની અપેક્ષાએ સવેદીની સ્થિતિ અનાદિ સાંત છે. **(૩) સાદિ સાંત–** જે જીવ ઉપશમ શ્રેણી પામીને અવેદીપણાને પ્રાપ્ત કરે છે, તે જીવ ઉપશમ શ્રેણીથી પડિવાઈ થઈને ફરી સવેદી અવસ્થા પ્રાપ્ત કરે છે. તેને સવેદીપણાનો પ્રારંભ થાય છે તેથી સાદિ કહેવાય છે અને ઉપશમ શ્રેણીથી પડિવાઈ થયેલો જીવ ફરી અર્ધ પુદ્ગલપરાવર્તનમાં અવશ્ય વેદનો ક્ષય કરી સવેદી અવસ્થાનો અંત કરે છે. તેવા જીવોની અપેક્ષાએ સવેદીની કાયસ્થિતિ સાદિ સાંત છે.

**સ્ત્રી વેદીની કાયસ્થિતિ :–** સૂત્રકારે વિવિધ અપેક્ષાએ પાંચ પ્રકારે સ્ત્રીવેદી જીવોની કાયસ્થિતિનું કથન કર્યું છે. સ્ત્રીવેદીની જઘન્ય કાયસ્થિતિ એક સમયની છે, કોઈ સ્ત્રી ઉપશમ શ્રેણીમાં ત્રણ વેદોનો ઉપશમ કરીને અવેદી અવસ્થા પ્રાપ્ત કરીને ત્યારપછી પડિવાઈ થઈ એક સમય સ્ત્રીવેદનો અનુભવ કરે, ફરી બીજા સમયમાં મૃત્યુ પામી દેવગતિમાં દેવપણે ઉત્પન્ન થાય છે. તે જીવ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થતો હોવાથી અવશ્ય પુરુષવેદી હોય છે. અનુત્તર વિમાનમાં સ્ત્રીવેદ નથી. તેથી સ્ત્રીવેદીની જઘન્ય એક સમયની કાયસ્થિતિ ઘટિત થાય છે. સ્ત્રીવેદીની ઉત્કૃષ્ટ સ્થિતિનું કથન પાંચ પ્રકારે છે.

**(૧) પ્રથમ આદેશાનુસાર :–** અનેક ક્રોડપૂર્વ વર્ષ અધિક એકસો દશ પલ્યોપમ છે. કોઈ જીવ ક્રોડપૂર્વની સ્થિતિએ મનુષ્યાણીમાં કે તિર્યંચાણીમાં કાળ કરીને બીજા દેવલોકમાં પંચાવન પલ્યોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ-વાળી અપરિગૃહિતા દેવીઓમાં દેવીરૂપે ઉત્પન્ન થાય અને ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી ફરી ક્રોડપૂર્વની આયુષ્ય- વાળી મનુષ્યાણીમાં કે તિર્યંચાણીમાં સ્ત્રીપણે ઉત્પન્ન થઈને, ફરી બીજીવાર બીજા દેવલોકમાં પંચાવન પલ્યોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળી અપરિગૃહિતા દેવીપણે ઉત્પન્ન થાય અને પછી મનુષ્યાણી કે તિર્યંચાણી રૂપે ક્રોડપૂર્વની સ્થિતિ પ્રાપ્ત કરે છે. તેથી તેની બે ક્રોડપૂર્વરૂપે અનેક ક્રોડપૂર્વની સ્થિતિ થાય છે અને બીજા દેવલોકમાં બે વારમાં ૫૫+૫૫ = ૧૧૦ પલ્યોપમની સ્થિતિ થાય છે. આ રીતે સ્ત્રીવેદીની સ્થિતિ અનેક ક્રોડપૂર્વ વર્ષ અધિક ૧૧૦ પલ્યોપમની થાય છે. અહીં અનેક ક્રોડપૂર્વમાં ૪ ભવોની અપેક્ષાએ બે ક્રોડપૂર્વ છે. કારણ કે દેવીના લગાતાર બે ભવ જ થાય છે, અધિક ભવ થતા નથી;તે આ વર્ણનથી જ સ્પષ્ટ થાય છે. જો દેવી સાથેના ચાર ભવો સિવાય તિર્યંચાણી કે મનુષ્યાણીના સ્વતંત્ર રીતે ક્રોડપૂર્વની સ્થિતિના લગાતાર (જેટલા) ભવ થાય તો તેનો સમાવેશ પણ અનેક ક્રોડપૂર્વમાં થઈ શકે છે.

**(૨) દ્વિતીય આદેશાનુસાર :–** અનેક ક્રોડપૂર્વ વર્ષ અધિક અઢાર પલ્યોપમની સ્થિતિ છે. જો તે જીવ પૂર્વવત્ ક્રોડપૂર્વ વર્ષની સ્થિતિ સહિત બીજા દેવલોકમાં પરિગૃહિતા દેવીરૂપે ઉત્કૃષ્ટ ૯ પલ્યોપમની સ્થિતિએ બે વાર ઉત્પન્ન થાય, તો સ્ત્રીવેદીની કાયસ્થિતિ અનેક ક્રોડપૂર્વ અધિક ૧૮ પલ્યોપમની થાય છે.

**(૩) ત્રીજા આદેશા(અપેક્ષા)નુસાર :–** અનેક ક્રોડપૂર્વ અધિક ચૌદ પલ્યોપમની સ્થિતિ છે. કોઈ જીવ પહેલા દેવલોકમાં પરિગૃહિતા દેવીમાં ઉત્કૃષ્ટ સાત પલ્યોપમની સ્થિતિએ બે વાર ઉત્પન્ન થાય અને તેની સાથે મનુષ્યાણી કે તિર્યંચાણીના પૂર્વક્રોડ વર્ષના બે ભવ કરે, તો સ્ત્રીવેદીની કાયસ્થિતિ અનેક ક્રોડપૂર્વ વર્ષ સાધિક ચૌદ પલ્યોપમની થાય છે.

**(૪) ચતુર્થ આદેશાનુસાર :–** અનેક ક્રોડપૂર્વ અધિક સો પલ્યોપમની સ્થિતિ છે. કોઈ જીવ પ્રથમ દેવલોકમાં ૫૦ પલ્યોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળી અપરિગૃહિતા દેવીમાં પૂર્વોક્ત રીતે બે વાર ઉત્પન્ન થાય અને તેની સાથે મનુષ્યાણી કે તિર્યંચાણીના ક્રોડપૂર્વ વર્ષના બે ભવ કરે તો તે અપેક્ષાએ અનેક ક્રોડપૂર્વ વર્ષ અધિક એકસો પલ્યોપમની સ્થિતિ થાય છે.

**(૫) પાંચમા આદેશાનુસાર :–** અનેક ક્રોડપૂર્વ વર્ષ અધિક અનેક પલ્યોપમની સ્થિતિ છે. કોઈ જીવ ક્રોડપૂર્વ વર્ષની આયુષ્યવાળી મનુષ્યાણી કે તિર્યંચાણીમાં લગાતાર અનેક ભવ કરે અને દેવીરૂપે ભવ ન કરે, તો તે ક્રોડપૂર્વ વર્ષના સાત ભવ કરી આઠમા ભવમાં દેવકુરુ આદિ ક્ષેત્રોમાં ત્રણ પલ્યોપમની સ્થિતિવાળી યુગલિક સ્ત્રીપણે ઉત્પન્ન થાય પછી પુરુષ વેદના ભવ કરે તો તેને સાત ક્રોડપૂર્વ વર્ષ અને ત્રણ પલ્યોપમ કુલ મળીને અનેક ક્રોડપૂર્વ વર્ષ અધિક અનેક પલ્યોપમની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

**પુરુષવેદની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાધિક અનેક સો સાગરોપમની છે. કોઈ જીવ ભવભ્રમણ કરતાં પુરુષવેદને પ્રાપ્ત થાય ત્યાં અંતર્મુહૂર્ત રહીને આયુષ્ય પૂર્ણ કરીને અન્ય વેદમાં ઉત્પન્ન થાય, તો તેની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે.

સ્ત્રીવેદીની જઘન્ય એક સમયની સ્થિતિ ઉપશમ શ્રેણીથી પતિત થયેલી સ્ત્રીઓની અપેક્ષાએ ઘટી શકે છે પરંતુ ઉપશમશ્રેણીથી પતિત થયેલો પુરુષ પુરુષવેદને પ્રાપ્ત કરીને એક જ સમયમાં કાલધર્મ પામે, તો પણ તે જીવ દેવલોકમાં અવશ્ય પુરુષવેદને જ પામે છે તેથી પુરુષવેદની એક સમયની સ્થિતિ ઘટિત થતી નથી. તે સિવાય સ્વાભાવિક રીતે જ સ્ત્રીવેદની સ્થિતિ જઘન્ય એક સમયની હોય છે અને પુરુષવેદની સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે. તેમ પણ સમજી શકાય છે. કારણ કે નિર્ગ્રંથપણામાં કેટલાક પરિણામો ક્ષયોપશમ અને ઉદય પ્રમાણે એક સમયના થાય છે.

પુરુષવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક અનેક સો સાગરોપમની છે. કોઈ પુરુષવેદી જીવ તિર્યંચ-મનુષ્ય અને દેવોમાં નિરંતર ગમનાગમન કરે, તો દેવપણે અનેક સો સાગરોપમની સ્થિતિ પૂર્ણ થાય અને તિર્યંચ-મનુષ્યના ભવોની સ્થિતિ સાધિકની ગણનામાં થાય છે.

**નપુંસકવેદની કાયસ્થિતિ :–** જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અનંતકાલ–વનસ્પતિકાલ પ્રમાણ છે. જઘન્ય એક સમયની સ્થિતિ સ્ત્રીવેદની જેમ ઉપશમશ્રેણીથી પતિત થયેલા જીવોની અપેક્ષાએ છે અને કોઈ પણ જીવ અનંતકાલ પર્યંત વનસ્પતિમાં જ જન્મ-મરણ કરે તો વનસ્પતિકાયિક જીવો નપુંસક હોવાથી નપુંસકવેદની કાયસ્થિતિ વનસ્પતિકાલ પ્રમાણ થાય છે.

**અવેદકની કાયસ્થિતિ :–** અવેદી જીવોના બે પ્રકાર છે– (૧) સાદિ અનંત (૨) સાદિ સાંત. કોઈ પણ જીવ ત્રણે પ્રકારના વેદનો ઉપશમ કે ક્ષય કરે ત્યારે તેના અવેદીપણાનો પ્રારંભ–સાદિ થાય છે. જે જીવોએ વેદનો ક્ષય કર્યો છે તેવા જીવો સિદ્ધ અવસ્થામાં હંમેશાં અવેદી જ રહે છે. તેઓ પુનઃ સવેદીપણાને પ્રાપ્ત

થતા નથી. તેવા જીવોની અપેક્ષાએ અવેદીની કાયસ્થિતિ સાદિ અનંતકાલની છે. જે જીવોએ વેદનો ઉપશમ કર્યો છે તેવા જીવો જઘન્ય એક સમયમાં અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તમાં ફરી સવેદીપણાને પ્રાપ્ત કરે છે. તેવા જીવોની અપેક્ષાએ અવેદીની સ્થિતિ સાદિ સાંત છે. ઉપશમ શ્રેણીની કાલમર્યાદા જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે. કોઈ જીવ અવેદીપણાને પ્રાપ્ત કરીને એક સમયમાં જ મૃત્યુ પામે અને દેવલોકમાં ઉત્પન્ન થાય, તો ત્યાં પુરુષવેદને પ્રાપ્ત કરે છે. તેના અવેદીપણાની સ્થિતિ એક સમયની થાય છે અને કોઈ જીવ અંતર્મુહૂર્ત પર્યંત અવેદીપણે રહે ત્યાર પછી ઉપશમ શ્રેણીથી પતિત થાય અથવા મૃત્યુ પામીને સવેદીપણાને પ્રાપ્ત કરે, તો અવેદીની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની થાય છે.

**વેદની અપેક્ષાએ જીવોની કાયસ્થિતિ :–**

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| ૧ સવેદી | – | અનાદિ અનંત | અભવી જીવોની અપેક્ષાએ |
| | | અનાદિ સાંત | ભવી જીવોની અપેક્ષાએ |
| સાદિ સાંત સવેદી | અંતર્મુહૂર્ત | અર્ધ પુદ્ગલ પરાવર્તન | ઉપશમ શ્રેણી પ્રાપ્ત કરેલા જીવોની અપેક્ષાએ તે જીવ તેટલા કાલમાં અવશ્ય મોક્ષે જતા હોવાથી |
| ૨ સ્ત્રીવેદી | એક સમય | **૧.** પૂર્વકોટિ પૃથક્ત્વ અધિક ૧૧૦ પલ્યોપમ | ૬ ભવ મનુષ્ય–તિર્યંચ સ્ત્રીના + બે ભવ બીજા દેવલોકની અપરિગ્રહિતા દેવીની ઉત્કૃષ્ટ સ્થિતિમાં |
| | | **૨.** પૂર્વકોટિ પૃથક્ત્વ અધિક ૧૮ પલ્યોપમ | ૬ ભવ મનુષ્ય–તિર્યંચ સ્ત્રીના + બે ભવ બીજા દેવલોકની પરિગૃહિતા દેવીની ઉત્કૃષ્ટ સ્થિતિમાં |
| | | **૩.** પૂર્વકોટિ પૃથક્ત્વ અધિક ૧૪ પલ્યોપમ | ૬ ભવ મનુષ્ય કે તિર્યંચ સ્ત્રીના + બે ભવ પ્રથમ દેવલોકની પરિગૃહિતા દેવીની ઉત્કૃષ્ટ સ્થિતિમાં |
| | | **૪.** પૂર્વકોટિ પૃથક્ત્વ અધિક ૧૦૦ પલ્યોપમ | ૬ ભવ મનુષ્ય–તિર્યંચ સ્ત્રીના + બે ભવ પ્રથમ દેવલોકની અપરિગૃહિતા દેવીની ઉત્કૃષ્ટ સ્થિતિમાં |
| | | **૫.** સાત ક્રોડપૂર્વ વર્ષ અને ત્રણ પલ્યોપમ | ૭ ભવ મનુષ્ય કે તિર્યંચ સ્ત્રીના + એક ભવ ત્રણ પલ્યોપમની સ્થિતિની યુગલિક સ્ત્રીનો |
| ૩ પુરુષવેદી | અંતર્મુહૂર્ત | સાધિક અનેક સો સાગરોપમ | મનુષ્ય–તિર્યંચ અને દેવના ભવોની અપેક્ષાએ |
| ૪ નપુંસકવેદી | એક સમય | વનસ્પતિકાલ | વનસ્પતિકાયની અપેક્ષાએ |
| ૫ ક્ષીણ અવેદી | × | સાદિ અનંત | સિદ્ધ ભગવાનની અપેક્ષાએ |
| ઉપશાંત અવેદી | એક સમય | અંતર્મુહૂર્ત | ઉપશમ શ્રેણીની અપેક્ષાએ. |

**(૭) કષાય દ્વાર :–**

**६३ सकसाई णं भंते ! सकसाईति कालओ केवचिरं होइ ? गोयमा ! सकसाई तिविहे पण्णत्ते, तं जहा- अणाईए वा अपज्जवसिए, अण्णाईए वा सपज्जवसिए, साइए वा सपज्जवसिए *जाव* अवड्ढं पोग्गलपरियट्टं देसूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સકષાયી જીવ કેટલા કાળ સુધી સકષાયીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સકષાયી જીવના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અનાદિ અનંત(૨) અનાદિ સાંત અને (૩) સાદિ સાંત. તેમાંથી જે સાદિ સાંત છે, તેનું કથન સવેદીના કથનાનુસાર ***યાવત્*** ક્ષેત્રથી દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તનકાલ સુધી રહે છે.

**૬૪ कोहकसाई णं भंते ! कोहकसाई ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेण वि अंतोमुहुत्तं । एवं *जाव* मायाकसाई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્રોધકષાયી કેટલા કાળ સુધી ક્રોધકષાયીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી ક્રોધકષાયીપણે રહે છે. આ રીતે માનકષાયી અને માયા કષાયીની સ્થિતિ જાણવી જોઈએ.

**૬૫ लोभकसाई णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોભકષાયી કેટલા કાળ સુધી લોભકષાયીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી રહે છે.

**૬૬ अकसाई णं भंते ! अकसाई ति कालओ केवचिरं होई ? गोयमा ! अकसाई दुविहे पण्णत्ते। तं जहा- साईए वा अपज्जवसिए, साईए वा सपज्जवसिए । तत्थ णं जे साईए सपज्जवसिए से जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અકષાયી કેટલા કાલ સુધી અકષાયીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અકષાયી જીવોના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સાદિ અનંત અને (૨) સાદિ સાંત. તેમાંથી જે સાદિ સાંત છે, તે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી અકષાયીપણે રહે છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં સકષાયી, અકષાયી તથા ક્રોધાદિ ચારે કષાયીની કાયસ્થિતિનું કથન છે.

**સકષાયીની કાયસ્થિતિ :–** જે જીવ કષાયસહિત હોય છે, તે સકષાયી કહેવાય છે. સવેદક જીવોની જેમ સકષાયી જીવો પણ ત્રણ પ્રકારના હોય છે.

**(૧) અનાદિ અનંત–** જેના કષાયોનો ક્યારેય વિચ્છેદ થવાનો નથી, તેવા જીવોની અપેક્ષાએ સકષાયીની સ્થિતિ અનાદિ અનંત છે. **(૨) અનાદિ સાંત–** જે જીવ ભવિષ્યમાં ઉપશમ કે ક્ષપક શ્રેણિ પ્રાપ્ત કરીને અગિયારમા કે બારમા ગુણસ્થાનમાં કષાયોનો અંત કરવાના છે તેવા ભવી જીવોની અપેક્ષાએ સકષાયીની સ્થિતિ અનાદિ સાંત છે. **(૩) સાદિ સાંત–** જે જીવ ઉપશમ શ્રેણી પ્રાપ્ત કરી, તેમાં અકષાયી થઈને, પડિવાઈ થતાં સકષાયી થઈ જાય છે, તે સાદિ સકષાયી કહેવાય છે. તે પડિવાઈના કષાયોદયનો ભવિષ્યમાં અંત પણ થવાનો છે, તેથી તેમાં સાદિ સાંત ભંગ ઘટિત થાય છે.

સાદિ સાંત સકષાયી જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ–અર્ધ પુદ્ગલ પરાવર્તનકાલ સુધી સકષાયી રહે છે.

**ક્રોધ-માન-માયા કષાયીની કાયસ્થિતિ :–** આ ત્રણે કષાયો જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત પ્રમાણ જ

રહે છે. તે કષાયો જીવના તથાપ્રકારના સ્વભાવથી જ એક સમય કે અનેક મુહૂર્ત પ્રમાણ રહેતા નથી.

**લોભકષાયીની કાયસ્થિતિ :–** જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે. કોઈ જીવ ઉપશમ શ્રેણીમાં સૂક્ષ્મ લોભને ઉપશાંત કરીને વીતરાગ દશાને પ્રાપ્ત કરે, ત્યાર પછી ઉપશમ શ્રેણીથી પતિત થઈને દશમે ગુણસ્થાને આવે, ત્યાં એક સમય લોભનું વેદન કરીને તુરત જ કાલધર્મ પામીને દેવલોકમાં ઉત્પન્ન થાય અને દેવલોકમાં તેને ક્રોધ, માન કે માયા કષાયનો ઉદય થાય ત્યારે લોભકષાયની જઘન્ય એક સમયની સ્થિતિ ઘટિત થાય છે. તે સિવાય જીવનો તથાપ્રકારનો સ્વભાવ છે કે તે એક સમયમાત્ર લોભકષાયનું વેદન કરીને  કષાયાંતર ભાવને પ્રાપ્ત કરે છે. ક્રોધ, માન કે માયા માટે તેમ થતું નથી. તેમજ ઉપશમ શ્રેણીથી પતિત થયેલો જીવ ક્રોધ, માન કે માયાના ઉદય પછી એક સમયમાં જ કાલધર્મ પામે, તો પણ તે જીવને આગામી ભવમાં અંતર્મુહૂર્ત સુધી તે જ કષાયનો ઉદય રહે છે.

આ રીતે શ્રેણીને પ્રાપ્ત થયેલા જીવના મૃત્યુની અપેક્ષાએ અને શ્રેણીને અપ્રાપ્ત સંયત જીવ તથાપ્રકારના સ્વભાવે જ પરિણામોના પરિવર્તનથી પણ એક સમયમાં લોભકષાયનું વેદન કરી શકે છે અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી લોભકષાયનો ઉદય રહે છે.

**અકષાયીની કાયસ્થિતિ :–** તેના બે પ્રકાર છે– (૧) ક્ષીણકષાયી જીવોની સ્થિતિ સિદ્ધોની અપેક્ષાએ સાદિ અનંતકાલની છે અને (૨) ઉપશાંત કષાયી જીવોની સ્થિતિ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે, કારણ કે અગિયારમા ગુણસ્થાનની સ્થિતિ જ તેટલી છે.

**કષાયની અપેક્ષાએ જીવોની કાયસ્થિતિ :–**

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| સકષાયી | × | અનાદિ અનંત | અભવી જીવોની અપેક્ષાએ |
| | | અનાદિ સાંત | ભવી જીવોની અપેક્ષાએ |
| સાદિ સાંત સકષાયી | અંતર્મુહૂર્ત | અર્ધ પુદ્ગલ પરાવર્તન | ઉપશમ શ્રેણી પ્રાપ્ત કરેલા જીવોની અપેક્ષાએ. તે જીવ તેટલા કાલમાં અવશ્ય મોક્ષે જાય છે. |
| ક્રોધ, માન, માયા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | ઉદય સ્વભાવથી |
| લોભ કષાયી | એક સમય | અંતર્મુહૂર્ત | ઉદય સ્વભાવથી |
| ક્ષીણ કષાયી | × | સાદિ અનંત | સિદ્ધ ભગવાનની અપેક્ષાએ |
| ઉપશાંત કષાયી | એક સમય | અંતર્મુહૂર્ત | ઉપશમ શ્રેણીની અપેક્ષાએ. |

**(૮) લેશ્યા દ્વાર :–**

**૬૭ सलेस्से णं भंते ! सेलेस्से त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! सलेस्से दुविहे पण्णत्ते, तं जहा- अणाइए वा अपज्जवसिए, अणाइए वा सपज्जवसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સલેશી જીવ કેટલા કાળ સુધી સલેશીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ! સલેશી જીવોના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અનાદિ અનંત (૨) અનાદિ સાંત.

**૬૮ कण्हलेस्से णं भंते ! कण्हलेस्से त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तमब्भहियाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી જીવ કેટલા કાળ સુધી કૃષ્ણલેશીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમ સુધી કૃષ્ણલેશીપણે રહે છે

**૬૯ णीललेस्से णं भंते! णीललेस्से त्ति पुच्छा ? गोयमा! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दस सागरोवमाइं पलिओवमा-संखेज्जइभागमब्भहियाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નીલલેશી જીવ કેટલા કાળ સુધી નીલલેશીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક દશ સાગરોપમ સુધી નીલલેશીપણે રહે છે.

**૭૦ काउलेस्से णं भंते! काउलेस्से त्ति पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि सागरोवमाइं पलिओवमासंखेज्जइभागमब्भहियाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાપોતલેશી જીવ કેટલા કાળ સુધી કાપોતલેશીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક ત્રણ સાગરોપમ સુધી કાપોતલેશીપણે રહે છે.

**૭૧ तेउलेस्से णं भंते ! तेउलेस्से त्ति पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दो सागरोवमाइं पलिओवमासंखेज्जइभागमब्भहियाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેજોલેશી જીવ કેટલા કાળ સુધી તેજોલેશીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક બે સાગરોપમ સુધી તેજોલેશીપણે રહે છે.

**૭૨ पम्हलेस्से णं भंते! पम्हलेस्से त्ति पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दस सागरोवमाइं अंतोमुहुत्तमब्भहियाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પદ્મલેશી જીવ કેટલા કાળ સુધી પદ્મલેશીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અધિક દશસાગરોપમ સુધી પદ્મલેશીપણે રહે છે.

**૭૩ सुक्कलेस्से णं भंते! सुक्कलेस्से त्ति पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तेत्तीस सागरोवमाइं अंतोमुहुत्तमब्भहियाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શુક્લલેશી જીવ કેટલા કાળ સુધી શુક્લલેશીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમ સુધી શુક્લલેશીપણે રહે છે.

**૭૪ अलेस्से णं भंते ! अलेस्से त्ति पुच्छा ? गोयमा ! साईए अपज्जवसिए ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! અલેશી જીવ કેટલા કાળ સુધી અલેશીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ! સાદિ અનંતકાલ સુધી અલેશીપણે રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સલેશી, અલેશી તથા કૃષ્ણાદિ છ લેશ્યાયુક્ત જીવોની કાયસ્થિતિનું નિરૂપણ છે.

**સલેશી જીવોની કાયસ્થિતિ :–** છ લેશ્યામાંથી કોઈ પણ લેશ્યાના પરિણામ સહિત હોય, તેને સલેશી કહે છે. લેશ્યાના પરિણામો અનાદિકાલીન છે. જીવ જ્યારે ચૌદમા ગુણસ્થાને અયોગીપણાને પ્રાપ્ત કરે છે, ત્યારે તે અલેશી થાય છે, ત્યાં સુધી પ્રત્યેક જીવ સલેશી જ હોય છે. સલેશી જીવોના બે પ્રકાર છે– (૧) કેટલાક જીવો અલેશીપણાને ક્યારે ય પ્રાપ્ત થતા જ નથી તેવા અભવી જીવોની અપેક્ષાએ સલેશીપણું અનાદિ અનંત છે અને (૨) કેટલાક ભવી જીવો ભવિષ્યમાં અલેશીપણાને પ્રાપ્ત કરે છે તેની અપેક્ષાએ સલેશીપણું અનાદિ સાંત છે.

**છ લેશ્યાઓની કાયસ્થિતિ :–** તિર્યંચો અને મનુષ્યોના લેશ્યાદ્રવ્ય અંતર્મુહૂર્ત સુધી એકસરખા રહે છે અને ત્યારપછી અવશ્ય બદલાય છે. દેવો અને નારકીઓની લેશ્યા પૂર્વભવના અંતિમ અંતર્મુહૂર્તથી પ્રારંભીને આગામી ભવના પ્રથમ અંતર્મુહૂર્ત સુધી એક સમાન રહે છે.

છએ લેશ્યાઓની જઘન્ય અંતર્મુહૂર્તની સ્થિતિ મનુષ્યો અને તિર્યંચોની અપેક્ષાએ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ દેવો અને નૈરયિકોની અપેક્ષાએ ભિન્ન-ભિન્ન છે. તે આ પ્રમાણે છે–

**કૃષ્ણલેશ્યાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ :–** અંતર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમની છે. આ કાલમાન સાતમી નરકના નારકીની અપેક્ષાએ છે. સાતમી નરકમાં કૃષ્ણલેશ્યા હોય છે. ત્યાંની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમની છે. પૂર્વ અને આગામી ભવનું અંતર્મુહૂર્ત ઉમેરતાં અંતર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમની સ્થિતિ થાય છે.

**નીલલેશ્યાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ :–** પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક દશ સાગરોપમની છે. આ કાલમાન પાંચમી નરકપૃથ્વીના નારકીની અપેક્ષાએ છે. પાંચમી નરકમાં કેટલાક નૈરયિકોને નીલલેશ્યા હોય છે અને તેની સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમો ભાગ અધિક દશ સાગરોપમની છે. પૂર્વભવ અને આગામી ભવનો અંતર્મુહૂર્તકાળ પલ્યોપમની અંતર્ગત સમ્મિલિત થઈ જાય છે, તેથી તેનું અલગ કથન કર્યું નથી.

**કાપોતલેશ્યાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ :–** પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક ત્રણ સાગરોપમની છે. કાપોતલેશ્યા પહેલી નરકથી લઈ ત્રીજી નરક સુધી હોય છે પરંતુ ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીજી નરકની અપેક્ષાએ છે.

**તેજોલેશ્યાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ :–** પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક બે સાગરોપમની છે. આ કથન બીજા ઈશાન દેવલોકના દેવોની અપેક્ષાએ છે, કારણ કે ઈશાન દેવલોકના દેવો તેજોલેશી જ હોય છે અને તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ પણ સાધિક બે સાગરોપમની અર્થાત્ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક બે સાગરોપમની છે.

**પદ્મલેશ્યાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ :–** અંતર્મુહૂર્ત અધિક દશ સાગરોપમ છે. આ કથન પાંચમા દેવલોકના દેવોની અપેક્ષાએ છે. તેઓને એક માત્ર પદ્મલેશ્યા જ હોય છે. તેમજ તેઓની ઉત્કૃષ્ટ સ્થિતિ દસ સાગરોપમની છે. તેની સ્થિતિમાં પૂર્વભવ અને આગામી ભવના અંતર્મુહૂર્તને અધિક સમજવું.

**શુક્લલેશ્યાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ :–** અંતર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમ છે. આ કથન અનુત્તર-વિમાનવાસી દેવોની અપેક્ષાએ છે. કારણ કે તેઓમાં એક શુક્લલેશ્યા જ હોય છે. તેમની તેત્રીસ સાગરોપમની સ્થિતિમાં પૂર્વ ભવ અને આગામી ભવનું અંતર્મુહૂર્ત અધિક સમજવું.

**અલેશી જીવોની કાયસ્થિતિ :–** અલેશી જીવ અયોગી કેવળી અને સિદ્ધ છે. તેઓ સદાકાળ અલેશી જ રહે છે, તેથી અલેશીની સ્થિતિ સાદિ અનંત કાલની છે.

**લેશ્યાઓની અપેક્ષાએ જીવોની કાયસ્થિતિ :–**

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| ૧ સલેશી | × | અનાદિ અનંત | અભવી જીવોની અપેક્ષાએ |
| | | અનાદિ સાંત | ભવી જીવોની અપેક્ષાએ |
| ૨ કૃષ્ણલેશી | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગરોપમ | સાતમી નરકના નારકીની અપેક્ષાએ |
| ૩ નીલલેશી | અંતર્મુહૂર્ત | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક દશ સાગરોપમ | પાંચમી નરકના નારકીની અપેક્ષાએ |
| ૪ કાપોતલેશી | અંતર્મુહૂર્ત | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક ત્રણ પલ્યોપમ | ત્રીજી નરકના નારકીની અપેક્ષાએ |
| ૫ તેજોલેશી | અંતર્મુહૂર્ત | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક બે સાગરોપમ | બીજા દેવલોકના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિની અપેક્ષાએ |
| ૬ પદ્મલેશી | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત અધિક દશ સાગરોપમ | પાંચમા દેવલોકના દેવોની અપેક્ષાએ |
| ૭ શુક્લલેશી | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગરોપમ | અનુત્તર વિમાનના દેવોની અપેક્ષાએ |
| ૮ અલેશી | × | સાદિ અનંત | સિદ્ધ ભગવાનની અપેક્ષાએ. |

**(૯) સમ્યક્ત્વ દ્વાર :–**

**૭૫ सम्मद्दिट्ठी णं भंते ! सम्मद्दिट्ठी त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! सम्मद्दिट्ठी दुविहे पण्णत्ते, तं जहा- साईए वा अपज्जवसिए, साईए वा सपज्जवसिए । तत्थ णं जे से साईए सपज्जवसिए से जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं छावट्ठिं सागरोवमाइं साइरेगाइं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સમ્યગ્દૃષ્ટિ કેટલા કાળ સુધી સમ્યગ્દૃષ્ટિ રૂપે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સમ્યક્દૃષ્ટિના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સાદિ અનંત અને (૨) સાદિ સાંત. તેમાંથી જે સાદિ સાંત છે તે જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક છાસઠ સાગરોપમ સુધી સમ્યગ્દૃષ્ટિપણે રહે છે.

**૭૬ मिच्छद्दिट्ठी णं भंते ! मिच्छद्दिट्ठि त्ति कालओ केवचिरं होइ ?**

**गोयमा ! मिच्छद्दिट्ठी तिविहे पण्णत्ते, तं जहा- अणाईए वा अपज्जवसिए, अणाईए वा सपज्जवसिए, साईए वा सपज्जवसिए । तत्थ णं जे से साईए सपज्जवसिए से जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं, अणंताओ उस्सप्पिणि-ओसप्पिणीओ कालओ, खेत्तओ** *जाव* **अवड्ढं पोग्गलपरियट्टं देसूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મિથ્યાદૃષ્ટિ કેટલા કાળ સુધી મિથ્યાદૃષ્ટિપણે રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મિથ્યાદૃષ્ટિના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અનાદિ અનંત, (૨) અનાદિ સાંત અને (૩) સાદિ સાંત. તેમાંથી જે સાદિ સાંત છે, તે જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ સુધી મિથ્યાદૃષ્ટિપણે રહે છે. તેમાં **કાલથી** અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી પ્રમાણ કાલ અને **ક્ષેત્રથી**

*યાવત્* દેશોન અર્ધ પુદ્ગલ-પરાવર્તનકાલ સુધી મિથ્યાદષ્ટિપણે રહે છે.

**૭૭** **सम्मामिच्छद्दिट्ठी णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! મિશ્રદષ્ટિ કેટલા કાળ સુધી મિશ્રદષ્ટિપણે રહે છે ? **ઉત્તર**– હે ગૌતમ! તે જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી મિશ્રદષ્ટિપણે રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ અને મિશ્રદષ્ટિની કાયસ્થિતિનું નિરૂપણ છે.

**સમ્યગ્દષ્ટિની કાયસ્થિતિ :–** દષ્ટિ એટલે દષ્ટિકોણ–વિચારધારા. જેનો દષ્ટિકોણ યથાર્થ હોય, જિનેશ્વરોના સિદ્ધાંતોથી વિપરીત ન હોય, તેને સમ્યગ્દષ્ટિ કહે છે અર્થાત્ જેને જિનપ્રણીત તત્ત્વો પર યથાર્થપણે શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ હોય તેને **સમ્યગ્દષ્ટિ** કહે છે. પ્રત્યેક જીવ અનાદિકાલથી મિથ્યાદષ્ટિ હોય છે, તેને જ્યારે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય ત્યારે તેના સમ્યગ્દર્શનની સાદિ થાય છે.

સમ્યગ્દષ્ટિ જીવોના બે પ્રકાર છે– **(૧) સાદિ અનંત**– જે સમ્યક્ત્વ આવ્યા પછી જાય નહીં, તે સાદિ અનંત છે. ક્ષાયિક સમકિત આવ્યા પછી જતું નથી તેથી તેની સ્થિતિ સાદિ અનંતકાલની છે. **(૨) સાદિ સાંત**– ક્ષાયોપશમિક અને ઔપશમિક સમ્યક્ત્વ સાદિ સાંત છે. ઔપશમિક સમ્યક્ત્વ અંતર્મુહૂર્ત સુધી અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ સાધિક છાસઠ સાગરોપમ સુધી રહે છે. ત્યાર પછી તેમાં પરિવર્તન આવે છે. કોઈ જીવ બે વાર ૩૩ સાગરોપમની સ્થિતિએ અનુત્તર વિમાનોમાં અથવા ત્રણ વાર બાવીસ સાગરોપમની સ્થિતિએ બારમા અચ્યુત કલ્પમાં સમ્યક્ત્વ સાથે ઉત્પન્ન થાય તો ૬૬ સાગરોપમ કાળ વ્યતીત થઈ જાય. કિંચિત્ અધિક કાળ છે તે વચ્ચેના મનુષ્યભવોની અપેક્ષાએ સમજવો જોઈએ. આ રીતે ઉપશમ સમકિતીની સ્થિતિ અંતર્મુહૂર્તની અને ક્ષયોપશમ સમકિતીની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૬૬ સાગરોપમની છે.

**મિથ્યાદષ્ટિની કાયસ્થિતિ :–** જેનો દષ્ટિકોણ–વિચારધારા યથાર્થ ન હોય, જિનેશ્વરોના સિદ્ધાંતથી વિપરીત હોય તેમજ જેને જિનપ્રણીત તત્ત્વો પર શ્રદ્ધા, પ્રતીતિ કે રુચિ ન હોય, તે મિથ્યાદષ્ટિ છે. મિથ્યાદષ્ટિ જીવોના ત્રણ પ્રકાર છે. **(૧) અનાદિ અનંત**– જે અનાદિકાળથી મિથ્યાદષ્ટિ છે અને અનંતકાળ સુધી મિથ્યાત્વી જ રહેવાના છે તેવા અભવી જીવોના મિથ્યાત્વની સ્થિતિ અનાદિ-અનંતકાલની છે. **(૨) અનાદિ-સાંત**– જે અનાદિકાળથી મિથ્યાદષ્ટિ તો છે, પરંતુ ભવિષ્યમાં જેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાની છે. તેવા ભવ્ય જીવોના મિથ્યાત્વની સ્થિતિ અનાદિ સાંત છે. (૩) **સાદિ-સાંત**– જે જીવ સમ્યક્ત્વનું વમન કરીને મિથ્યાદષ્ટિ થઈ ગયો હોય અને ભવિષ્યમાં ફરી સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનો છે. તેવા પડિવાઈ સમ્યગ્દષ્ટિનું મિથ્યાત્વ સાદિ-સાંત કહેવાય છે.

સાદિ સાંત મિથ્યાદષ્ટિની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની છે; તે અંતર્મુહૂર્ત સુધી મિથ્યાદષ્ટિ રહે, ત્યાર પછી ફરીથી તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ જાય છે. ઉત્કૃષ્ટ અનંતકાલ સુધી તે મિથ્યાદષ્ટિપણે રહે છે. અનંતકાલ વ્યતીત થઈ ગયા પછી તેને અવશ્ય સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. તે અનંતકાલ, **કાલથી** અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી પ્રમાણ છે તથા **ક્ષેત્રથી** *યાવત્* દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તન પ્રમાણ છે.

**મિશ્રદષ્ટિની કાયસ્થિતિ :–** જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની જ છે. તથાપ્રકારના સ્વભાવથી અંતર્મુહૂર્ત પછી અવશ્ય તેની દષ્ટિનું પરિવર્તન થઈ જાય છે.

**દષ્ટિની અપેક્ષાએ જીવોની કાયસ્થિતિ :–**

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ | – | સાદિ અનંત | સિદ્ધ ભગવાનની અપેક્ષાએ |
| ઉપશમ સમ્યગ્દૃષ્ટિ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | ત્યારપછી અવશ્ય પરિવર્તન થાય |
| ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ | અંતર્મુહૂર્ત | સાધિક ૬૬ સાગરોપમ | ૩૩ સાગરોપમની સ્થિતિએ બે વાર અનુત્તર વિમાન માં અથવા ૨૨ સાગરોપમની સ્થિતિએ ત્રણ વાર બારમા દેવલોક માં ઉત્પન્ન થાય તે અપેક્ષાએ. |
| સાસ્વાદન સમ્યગ્દષ્ટિ | એક સમય | છ આવલિકા | ત્યારપછી અવશ્ય મિથ્યાત્વને પામે |
| વેદક સમ્યગ્દૃષ્ટિ | એક સમય | એક સમય | ક્ષાયોપશમિક સમક્તિના ચરમ સમયને જ વેદક સમક્તિ કહે છે. |
| મિથ્યાદષ્ટિ | – | અનાદિ અનંત | અભવી જીવોની અપેક્ષાએ |
| | – | અનાદિ સાંત | ભવી જીવોની અપેક્ષાએ |
| સાદિ સાંત મિથ્યાદષ્ટિ | અંતર્મુહૂર્ત | અર્ધ પુદ્ગલ પરાવર્તનકાલ | પડિવાઈ સમ્યગ્દૃષ્ટિ જીવોની અપેક્ષાએ, તેટલા કાલમાં તે જીવો અવશ્ય સમકિત પામે. |
| મિશ્રદષ્ટિ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | સ્વભાવથી |

**(૧૦) જ્ઞાન દ્વાર :-**

**૭૮ णाणी णं भंते ! णाणीति कालओ केवचिरं होइ ? गोयमा ! णाणी दुविहे पण्णत्ते। तं जहा- साईए वा अपज्जवसिए, साईए वा सपज्जवसिए । तत्थ णं जे से साईए सपज्जवसिए से जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं छावट्ठिं सागरोवमाइं साइरेगाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાની જીવ કેટલા કાળ સુધી નિરંતર જ્ઞાની રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ! જ્ઞાનીના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સાદિ અનંત અને (૨) સાદિ– સાંત. તેમાંથી જે સાદિ સાંત છે, તે જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક છાસઠ સાગરોપમ સુધી નિરંતર જ્ઞાનીપણે રહે છે.

**૭૯ आभिणिबोहियणाणी णं भंते ! पुच्छा ? गोयमा ! एवं चेव । एवं सुयणाणी वि । ओहिणाणी वि एवं चेव, णवरं जहणेणं एक्कं समयं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આભિનિબોધિક જ્ઞાની કેટલા કાળ સુધી આભિનિબોધિક જ્ઞાની રૂપે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સમુચ્ચય જ્ઞાનીની જેમ જાણવું. આ જ રીતે શ્રુતજ્ઞાનીની સ્થિતિ પણ જાણવી. અવધિજ્ઞાનીની સ્થિતિ પણ આ જ પ્રમાણે છે, વિશેષતા એ છે કે તેની જઘન્ય સ્થિતિ એક સમયની હોય છે.

**૮૦ मणपज्जवणाणी णं भंते ! मणपज्जवणाणीति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं देसूणं पुव्वकोडि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનઃપર્યવજ્ઞાની કેટલા કાળ સુધી નિરંતર મનઃપર્યવજ્ઞાનીપણે રહે

છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ વર્ષ સુધી રહે છે.

**૮૧ केवलणाणी णं भंते ! पुच्छा ? गोयमा ! साईए अपज्जवसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવળજ્ઞાની કેટલા કાળ સુધી કેવળજ્ઞાનીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ! કેવળજ્ઞાની સાદિ અનંતકાલ સુધી રહે છે.

**૮૨ अण्णाणी मइअण्णाणी सुयअण्णाणी णं भंते ! पुच्छा ?**

**गोयमा ! अण्णाणी मइअण्णाणी सुयअण्णाणी तिविहे पण्णत्ते, तं जहा- अणाईए वा अपज्जवसिए, अणाईए वा सपज्जवसिए, साईए वा सपज्जवसिए । तत्थ णं जे से साईए सपज्जवसिए से जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं, अणंताओ उस्सप्पिणि-ओसप्पिणीओ कालओ, खेत्तओ** *जाव* **अवड्ढं पोग्गलपरियट्टं देसूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની કેટલા કાળ સુધી અજ્ઞાનીરહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અજ્ઞાની, મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાનીના ત્રણ-ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અનાદિ અનંત, (૨) અનાદિ સાંત અને (૩) સાદિ સાંત. તેમાંથી જે સાદિ સાંત છે, તે જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ સુધી પોત-પોતાના પર્યાયોમાં રહે છે. **કાલથી** અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલપ્રમાણ અને **ક્ષેત્રથી** ***યાવત્*** દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તનકાલ સુધી નિરંતર પોત-પોતાના પર્યાયોમાં રહે છે.

**૮૩ विभंगणाणी णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं देसूणाए पुव्वकोडीए अब्भहियाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વિભંગજ્ઞાની કેટલા સમય સુધી વિભંગજ્ઞાનીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય સુધી અને ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ વર્ષ અધિક તેત્રીશ સાગરોપમ સુધી તે વિભંગ જ્ઞાનીપણે રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સામાન્ય જ્ઞાની, પાંચ પ્રકારના જ્ઞાની, સામાન્ય અજ્ઞાની, મત્યાદિ અજ્ઞાનીની કાયસ્થિતિનું પ્રતિપાદન છે.

**જ્ઞાની-અજ્ઞાની :–** મતિ–શ્રુત આદિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી સમ્યગ્દષ્ટિ જીવને જે જ્ઞાન પ્રાપ્ત થાય, તે સમ્યગ્ જ્ઞાન કહેવાય છે અને તે સમ્યગ્જ્ઞાનયુક્ત જીવને જ્ઞાની કહે છે. મતિ–શ્રુત આદિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મિથ્યાદષ્ટિને થતા જ્ઞાનને મિથ્યાજ્ઞાન(અજ્ઞાન) કહે છે અને મિથ્યાજ્ઞાનવાળા જીવને અજ્ઞાની કહે છે.

**જ્ઞાનીની કાયસ્થિતિ :–** જ્ઞાનીના બે પ્રકાર છે– (૧) સાદિ અનંત અને (૨) સાદિ સાંત. જ્ઞાનના પાંચ પ્રકાર છે– મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન. તેમાંથી પ્રથમ ચાર જ્ઞાન ક્ષાયોપશમિક જ્ઞાન છે. તે ચાર જ્ઞાનયુક્ત જ્ઞાની સાદિ સાંત છે. તેની સ્થિતિ ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવોની જેમ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક ૬૬ સાગરોપમની છે.

કેવળજ્ઞાન ક્ષાયિક જ્ઞાન છે. તે આવ્યા પછી નાશ પામતું નથી, તેથી સિદ્ધ ભગવાનની અપેક્ષાએ તેની કાયસ્થિતિ સાદિ અનંતકાલની છે.

**મતિ-શ્રુતજ્ઞાનીની કાયસ્થિતિ :–** સમ્યગ્દૃષ્ટિ જીવો જ જ્ઞાની કહેવાય છે અને દરેક જીવને ઓછામાં ઓછા મતિ-શ્રુતજ્ઞાન હોય છે તેથી સમ્યગ્દૃષ્ટિ જીવોની જેમ મતિ-શ્રુતજ્ઞાનીની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક ૬૬ સાગરોપમની છે.

**અવધિજ્ઞાનીની કાયસ્થિતિ :–** જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સાધિક ૬૬ સાગરોપમની છે. કોઈ પણ જીવને અવધિજ્ઞાન ઉત્પન્ન થાય અને વિચારોની ચલ-વિચલતાથી અથવા ક્ષયોપશમની વિચિત્રતાથી બીજા સમયે તેનું અવધિજ્ઞાન નષ્ટ થઈ જાય કે વિભંગજ્ઞાનમાં પરિવર્તિત થઈ જાય તો અવધિજ્ઞાનની એક સમયની સ્થિતિ ઘટિત થાય છે. તેમજ ક્યારેક કોઈ અવધિજ્ઞાનીનું બીજા સમયે જ મૃત્યુ થાય અને તે તિર્યંચપણે ઉત્પન્ન થાય તો તિર્યંચને જન્મ સમયે અવધિજ્ઞાન ન હોવાથી તેનું અવધિજ્ઞાન નાશ પામે છે ત્યારે પણ અવધિજ્ઞાનની એક સમયની સ્થિતિ ઘટિત થાય છે.

કોઈ જીવ અપ્રતિપાતિ અવધિજ્ઞાન સહિત બે વાર અનુત્તર વિમાનમાં અથવા ત્રણ વાર બારમા દેવલોકમાં ઉત્પન્ન થાય, તો અવધિજ્ઞાનની ઉત્કૃષ્ટ ૬૬ સાગરોપમની સ્થિતિ થાય છે અને મનુષ્યના ભવની સ્થિતિની ગણના સાધિકમાં થાય છે.

**મનઃપર્યવજ્ઞાનીની કાયસ્થિતિ :–** જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ દેશોન ક્રોડ પૂર્વ વર્ષની છે. અપ્રમત્ત અવસ્થામાં વર્તતા સંયતને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે અને તે એક સમયમાં જ મૃત્યુ પામે કે ઉદય અથવા ક્ષયોપશમમાં પરિવર્તન થાય તેથી મનઃપર્યવજ્ઞાન નષ્ટ થઈ જાય, ત્યારે મનઃપર્યવજ્ઞાનની જઘન્ય સ્થિતિ એક સમયની થાય છે. જ્યારે કોઈ મનુષ્ય નવ વર્ષની ઉંમરે સંયત બન્યા પછી અપ્રમત્તાવસ્થામાં મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત કરી ક્રોડપૂર્વ વર્ષના આયુષ્ય સુધી મનઃપર્યવજ્ઞાની રહે છે, ત્યારે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોન ક્રોડપૂર્વ વર્ષની થાય છે.

**સમુચ્ચય અજ્ઞાની તથા મતિ-શ્રુત અજ્ઞાનીની કાયસ્થિતિ :–** મિથ્યાત્વી જીવોની જેમ તેના ત્રણ પ્રકાર છે–(૧) અનાદિ અનંત–અભવી જીવોની અપેક્ષા (૨) અનાદિ સાંત–ભવી જીવોની અપેક્ષા અને (૩) સાદિ સાંત–પડિવાઈ સમ્યગ્દૃષ્ટિની અપેક્ષા.

**વિભંગજ્ઞાનીની કાયસ્થિતિ :–** જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ વર્ષ અધિક તેત્રીશ સાગરોપમની છે. જ્યારે કોઈ પંચેંદ્રિય તિર્યંચ, મનુષ્ય કે દેવ અવધિજ્ઞાનને પ્રાપ્ત કરે અને પછી મિથ્યાત્વને પામે, ત્યારે મિથ્યાત્વની પ્રાપ્તિના સમયે મિથ્યાત્વના પ્રભાવથી તેનું અવધિજ્ઞાન, વિભંગજ્ઞાનપણે પરિણમે છે. ત્યાર પછી બીજા જ સમયમાં તે વિભંગજ્ઞાની દેવ, તિર્યંચ પંચેંદ્રિય કે મનુષ્યનું મૃત્યુ થઈ જાય ત્યારે વિભંગજ્ઞાન એક સમય સુધી રહે છે.

મનુષ્ય કે તિર્યંચને જન્મથી વિભંગજ્ઞાન હોતું નથી, પર્યાપ્ત થયા પછી યથાયોગ્ય સમયે તેને વિભંગજ્ઞાન ઉત્પન્ન થઈ શકે છે, તેથી અહીં દેશોન ક્રોડપૂર્વ વર્ષનું કથન છે. ૩૩ સાગરોપમનું કથન સાતમી નરકની અપેક્ષાએ છે. આ રીતે મનુષ્ય, તિર્યંચ પર્યાપ્ત થયા પછી ક્યારેક વિભંગજ્ઞાન પ્રાપ્ત કરી ક્રોડપૂર્વ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી સાતમી નરકના નારકીની ૩૩ સાગરોપમની સ્થિતિ પ્રાપ્ત કરે, ત્યાં જીવનપર્યંત વિભંગ જ્ઞાન રહે, ત્યાંથી મૃત્યુ થાય ત્યારે તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થતાં વિભંગજ્ઞાન નાશ પામે. આ રીતે વિભંગજ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોન ક્રોડપૂર્વ વર્ષ અધિક તેત્રીસ સાગરોપમ ઘટિત થાય છે. તિર્યંચ પંચેંદ્રિયને અપર્યાપ્તાવસ્થામાં કે વાટે વહેતા વિભંગજ્ઞાન હોતું નથી, તેથી વિભંગજ્ઞાનની સ્થિતિ તેનાથી અધિક થતી નથી.

**જ્ઞાન–અજ્ઞાનની અપેક્ષાએ જીવોની કાયસ્થિતિ :–**

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| સમુચ્ચય જ્ઞાની | – | સાદિ અનંત | કેવળજ્ઞાનીની અપેક્ષાએ |
| | | સાદિ સાંત | પ્રથમ ચાર જ્ઞાનની અપેક્ષાએ |
| મતિ–શ્રુતજ્ઞાની | અંતર્મુહૂર્ત | સાધિક ૬૬ સાગરોપમ | સમ્યગ્દૃષ્ટિની સ્થિતિની અપેક્ષાએ |
| અવધિજ્ઞાની | એક સમય | સાધિક ૬૬ સાગરોપમ | સમ્યગ્દૃષ્ટિની સ્થિતિની અપેક્ષાએ |
| મનઃપર્યવજ્ઞાની | એક સમય | દેશોન પૂર્વક્રોડ વર્ષ | સંયમીની સ્થિતિની અપેક્ષાએ |
| કેવળજ્ઞાની | – | સાદિ અનંત | સિદ્ધ ભગવાનની અપેક્ષાએ |
| સમુચ્ચય અજ્ઞાની, | | અનાદિ–અનંત | અભવી જીવોની અપેક્ષાએ |
| મતિ–શ્રુત અજ્ઞાની | | અનાદિ સાંત | ભવી જીવોની અપેક્ષાએ |
| સાદિ સાંત અજ્ઞાની | અંતર્મુહૂર્ત | અર્ધ પુદ્ગલ પરાવર્તનકાલ | પડિવાઈ સમ્યગ્દૃષ્ટિ જીવોની અપેક્ષાએ, તેટલા કાલ પછી તે અવશ્ય જ્ઞાની થાય. |
| વિભંગજ્ઞાન | એક સમય | દેશોન પૂર્વક્રોડ વર્ષ અધિક ૩૩ સગારોપમ | મનુષ્ય કે તિર્યંચના ભવના દેશોન ક્રોડ પૂર્વ વર્ષ + સાતમી નરકની ઉત્કૃષ્ટ સ્થિતિ |

**(૧૧) દર્શન દ્વાર :–**

**૮૪ चक्खुदंसणी णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरो- वमसहस्सं साइरेगं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચક્ષુદર્શની કેટલા કાળ સુધી ચક્ષુદર્શનીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાધિક એક હજાર સાગરોપમ સુધી રહે છે.

**૮૫ अचक्खुदंसणी णं भंते ! अचक्खुदंसणीति कालओ केवचिरं होइ ? गोयमा ! अचक्खुदंसणी दुविहे पण्णत्ते, तं जहा- अणाईए वा अपज्जवसिए, अणाईए वा सपज्ज- वसिए।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અચક્ષુદર્શની કેટલા કાળ સુધી અચક્ષુદર્શનીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અચક્ષુદર્શનીના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અનાદિ અનંત અને (૨) અનાદિ સાંત.

**૮૬ ओहिदंसणी णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं दो छावट्ठीओ सागरोवमाणं साइरेगाओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અવધિદર્શની, કેટલા કાળ સુધી અવધિદર્શનીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક બે છાસઠ સાગરોપમ સુધી રહે છે.

**૮૭ केवलदंसणी णं भंते ! पुच्छा ? गोयमा ! साईए अपज्जवसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવળદર્શની કેટલા કાળ સુધી કેવળદર્શનીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેવળદર્શની સાદિ અનંતકાલ સુધી કેવળ દર્શનીપણે રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચાર દર્શનની કાયસ્થિતિનું પ્રતિપાદન છે.

**ચક્ષુદર્શનની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક એક હજાર સાગરોપમની છે. એકેન્દ્રિયાદિ કોઈ પણ જીવ ચૌરેન્દ્રિય કે પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય, ત્યાં ચક્ષુદર્શનને પ્રાપ્ત કરે ત્યાં અંતર્મુહૂર્તનું આયુષ્ય પૂર્ણ કરીને પુનઃ એકેન્દ્રિયાદિમાં ઉત્પન્ન થાય, તો ચક્ષુદર્શનની જઘન્ય અંતર્મુહૂર્તની સ્થિતિ ઘટિત થાય છે. અને કોઈ જીવ નિરંતર ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિયમાં જ જન્મ-મરણ કરે, તો પંચેન્દ્રિયની કાયસ્થિતિની અપેક્ષાએ ચક્ષુદર્શનની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક હજાર સાગરોપમની થાય છે.

કોઈ પણ જીવ એક ભવનું આયુષ્ય પૂર્ણ કરીને અન્ય ગતિમાં જન્મ ધારણ કરવા ગતિ કરે છે ત્યારે તેની વાટે વહેતી અવસ્થામાં દ્રવ્યેન્દ્રિયનો અભાવ હોવાથી ચક્ષુદર્શન હોતું નથી પરંતુ તે જીવમાં ભાવેન્દ્રિયનો સદ્‌ભાવ હોવાથી ભવિષ્યમાં અવશ્ય દ્રવ્યેન્દ્રિય પ્રાપ્ત કરીને ચક્ષુદર્શનને પ્રાપ્ત કરશે. આ રીતે લબ્ધિની અપેક્ષાએ ચક્ષુદર્શનનું સાતત્ય સાધિક એક હજાર સાગરોપમ સુધી રહે છે. આ રીતે અહીં ભાવેન્દ્રિયની અપેક્ષાએ ચક્ષુદર્શનની કાયસ્થિતિનું નિરૂપણ છે. અન્યત્ર(ભગવતી સૂત્ર શતક–૧૩, ઉદ્દેશક–૧/૨માં તથા બીજા આગમોમાં પણ) વાટેવહેતા જીવમાં અને અપર્યાપ્તા જીવમાં ચક્ષુદર્શનનો નિષેધ મળે છે, ત્યાં દ્રવ્યેન્દ્રિયની અપેક્ષાએ નિરૂપણ છે. આમ, શાસ્ત્રોમાં સાપેક્ષ નિરૂપણ અનેક સ્થાનોમાં પ્રાપ્ત થાય છે.

**અચક્ષુદર્શનની કાયસ્થિતિ :–** સંસારી કોઈ પણ જીવને કેવળદર્શન પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી અચક્ષુદર્શન હોય જ છે. તેના બે પ્રકાર છે– (૧) અભવીની અપેક્ષાએ અનાદિ અનંત અને (૨) મોક્ષગામી ભવી જીવોની અપેક્ષાએ અનાદિ સાંત છે.

**અવધિદર્શનની કાયસ્થિતિ :–** જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સાધિક ૧૩૨ સાગરોપમની છે. અવધિજ્ઞાની કે વિભંગજ્ઞાની બંનેને અવધિદર્શન હોય છે. કોઈ મનુષ્ય કે તિર્યંચ પંચેન્દ્રિયને પ્રતિપાતિ અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય અને બીજા જ સમયે પરિણામોના પરિવર્તનથી કે મૃત્યુ પામતાં તે અવધિદર્શનનો નાશ થઈ જાય તો તેની જઘન્ય એક સમયની સ્થિતિ ઘટિત થાય છે.

ઉત્કૃષ્ટ સાધિક ૧૩૨ સાગરોપમની સ્થિતિ છે. અવધિજ્ઞાનની સ્થિતિ સાધિક ૬૬ સાગરોપમ છે અને વિભંગજ્ઞાનની સ્થિતિ પૂર્વકોટિ વર્ષ અધિક ૩૩ સાગરોપમ છે, તેથી કોઈ પણ જીવ નિરંતર અવધિજ્ઞાનમાંથી વિભંગજ્ઞાન અને વિભંગજ્ઞાનમાંથી અવધિજ્ઞાનને પ્રાપ્ત કરતો ૧૩૨ સાગરોપમ કાલ વ્યતીત કરે, તો અવધિદર્શનની ઉત્કૃષ્ટ સ્થિતિ ઘટિત થાય છે, તે આ પ્રમાણે સમજવી–

કોઈ અવધિજ્ઞાની મનુષ્ય બારમા દેવલોકની ૨૨ સાગરોપમની સ્થિતિમાં નિરંતર ત્રણ ભવ કરે; ત્યાર પછી મનુષ્ય ભવમાં અલ્પ સમય માટે વિભંગજ્ઞાન પ્રાપ્ત કરી પુનઃ અવધિજ્ઞાન પ્રાપ્ત કરે અને ત્યાર પછી પ્રથમ ગ્રૈવેયકના ૨૨ સાગરોપમના ત્રણ ભવ કે અનુત્તર વિમાનના ૩૩ સાગરોપમના બે ભવ અવધિજ્ઞાન સાથે કરે; તો આ રીતે અવધિદર્શનની બે ૬૬(૧૩૨)સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ ઘટિત થાય છે. ટીકાકારે અહીં સાતમી નરકની સાથે ઉત્કૃષ્ટ સ્થિતિને ઘટિત કરી છે. તેમાં વિભંગજ્ઞાન સહિત તિર્યંચમાં ઉત્પત્તિ કહી છે, તે ભગવતી સૂત્ર શતક ૧૩ ઉદ્દેશક–૧/૨ અનુસાર ઉપયુક્ત થતી નથી. કારણ કે તિર્યંચમાં વિભંગજ્ઞાન લઈને કોઈ ઉત્પન્ન થઈ શકે નહીં.

આ રીતે બારમા દેવલોકના ત્રણ ભવ અને નવ ગ્રૈવેયકના ત્રણ ભવ કે અનુત્તર વિમાનના બે ભવ

અને વચ્ચે મનુષ્યોના ભવ થતાં કુલ અવધિદર્શન સહિત જીવ સાધિક ૧૩૨ સાગરોપમ કાલ પૂર્ણ કરે છે. તેમાં કોઈ પણ પ્રકારનો સૈદ્ધાંતિક વિરોધ થતો નથી.

**કેવલદર્શનની કાયસ્થિતિ :–** કેવલદર્શન પ્રાપ્ત થયા પછી જતું નથી. સિદ્ધ ભગવાનની અપેક્ષાએ તેની સ્થિતિ સાદિ અનંતકાલની છે.

**દર્શનની અપેક્ષાએ જીવોની કાયસ્થિતિ :–**

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| ૧ ચક્ષુદર્શની | અંતર્મુહૂર્ત | સાધિક ૧૦૦૦ સાગરોપમ | ચૌરેન્દ્રિય–પંચેન્દ્રિયના ઉત્કૃષ્ટ ભવોની અપેક્ષાએ |
| ૨ અચક્ષુદર્શની | × | અનાદિ અનંત<br>અનાદિ સાંત | અભવી જીવોની અપેક્ષાએ<br>ભવી જીવોની અપેક્ષાએ |
| ૩ અવધિદર્શની | એક સમય | સાધિક ૧૩૨ સાગરોપમ (બે છાસઠ સાગરોપમ) | મનુષ્યના બારમા દેવલોકમાં અવધિજ્ઞાન સાથે ત્રણ ભવ થાય, ત્યારપછી મનુષ્યના ભવમાં વિભંગજ્ઞાન આવીને પુનઃ અવધિજ્ઞાન પ્રાપ્ત થાય. ત્યારપછી અવધિજ્ઞાન સાથે ત્રણ ભવ નવ ગ્રૈવેયકના અથવા બે ભવ અનુત્તર વિમાનના થાય |
| ૪ કેવળ દર્શની | – | સાદિ અનંત | સિદ્ધ ભગવાનની અપેક્ષાએ |

**(૧૨) સંયત દ્વાર :–**

**૮૮ संजए णं भंते ! संजए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं देसूणं पुव्वकोडिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંયત કેટલા કાળ સુધી સંયતપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ વર્ષ સુધી સંયતપણે રહે છે.

**૮૯ असंजए णं भंते ! असंजए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! असंजए तिविहे पण्णत्ते, तं जहा- अणाईए वा अपज्जवसिए, अणाईए वा सपज्जवसिए, साईए वा सपज्जवसिए । तत्थ णं जे से साईए सपज्जवसिए से जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं, अणंताओ उस्सप्पिणी-ओसप्पिणीओ कालओ, खेत्तओ अवड्ढं पोग्गलपरियट्टं देसूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસંયત કેટલા કાળ સુધી અસંયતપણે રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસંયતના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અનાદિ અનંત, (૨) અનાદિ સાંત અને (૩) સાદિ સાંત. તેમાંથી જે સાદિ સાંત છે, તે જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ સુધી અસંયતપણે રહે છે તેમાં **કાળથી** અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ પ્રમાણ અને **ક્ષેત્રથી *યાવત્*** દેશોન અર્ધ પુદ્‌ગલ પરાવર્તન કાલ પ્રમાણ અસંયતપણે રહે છે.

**૯૦ संजयासंजए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं देसूणं पुव्वकोडिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંયતાસંયત કેટલા કાલ સુધી સંયતાસંયતપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ વર્ષ સુધી સંયતાસંયતપણે રહે છે.

**૬૧** **णोसंजए णोअसंजए णोसंजयासंजए णं भंते ! पुच्छा ? गोयमा ! साईए अपज्जवसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નોસંયત નોઅસંયત નોસંયતાસંયત કેટલા કાળ સુધી નોસંયત, નોઅસંયત, નોસંયતાસંયતપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સાદિ-અનંત છે

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સંયત, અસંયત અને સંયતાસંયત આદિની કાયસ્થિતિનું કથન છે.

**સંયતની કાયસ્થિતિ :–** જે મનુષ્યો જીવનપર્યંત સર્વ પાપકારી પ્રવૃત્તિથી સર્વ પ્રકારે વિરત થઈ ગયા હોય તેને સંયત કહે છે. તેની સ્થિતિ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ વર્ષની છે. કોઈ જીવને ચારિત્રનાં પરિણામ આવ્યા પછી બીજા સમયે મૃત્યુ થઈ જાય અથવા ચારિત્ર મોહનીયકર્મનો ઉદય થઈ જાય તો, તેની સંયતાવસ્થાની સ્થિતિ એક સમયની થાય છે. **सर्वविरति परिणामस्य तदावरण कर्म क्षयोपशम वैचित्र्यतः समयेकं संभवात् ।**

ઉત્કૃષ્ટ દેશોન ક્રોડ પૂર્વ વર્ષની છે કારણ કે ક્રોડપૂર્વ વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય ચારિત્રનો સ્વીકાર કરી શકે છે. ક્રોડપૂર્વ વર્ષના આયુષ્યવાળા કોઈ મનુષ્ય નવમા વર્ષે ચારિત્રનો સ્વીકાર કરે અને જીવનપર્યંત ચારિત્રનું પાલન કરે તો તેની ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોન ક્રોડ પૂર્વ વર્ષની થાય છે. ચારિત્રનું પાલન એક ભવ પૂરતું સીમિત હોય છે. ભવાંતરમાં તેની પરંપરા રહેતી નથી તેથી સંયત કે સંયતાસંયતની કાયસ્થિતિ એક ભવની અપેક્ષાએ જ હોય છે.

**અસંયતની કાયસ્થિતિ :–** પાપકારી પ્રવૃત્તિથી વિરામ પામ્યા ન હોય, તેને અસંયત કહે છે, તેના ત્રણ પ્રકાર છે–**(૧) અનાદિ અનંત–** જે ક્યારેય સંયમી થયા નથી અને થવાના નથી તેવા અભવી જીવોની અપેક્ષાએ અસંયત જીવોની સ્થિતિ અનાદિ અનંતકાલની છે. **(૨) અનાદિ સાંત–** જે ભવિષ્યમાં સંયમી બનશે તેવા ભવી જીવોની અપેક્ષાએ અસંયત જીવોની સ્થિતિ અનાદિ સાંત છે. **(૩) સાદિ સાંત–** પડિવાઈ સંયતની અપેક્ષાએ અસંયત જીવોની સ્થિતિ સાદિ સાંત છે. સાદિ-સાંત અસંયત જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ સુધી અસંયતપણે રહે છે. તે અનંતકાલ, **કાલથી** અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ પ્રમાણ અને **ક્ષેત્રથી** અનંત લોક પ્રમાણ ખંડના આકાશ પ્રદેશોનો અપહાર થાય તેટલા પ્રમાણે હોય છે તેમજ દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તન કાલ પ્રમાણ પછી અવશ્ય તેને ફરીથી સંયમની પ્રાપ્તિ થાય છે.

**સંયતાસંયતની કાયસ્થિતિ :–** જે જીવ પાપકારી પ્રવૃત્તિથી એક દેશથી વિરામ પામ્યા હોય અને એક દેશથી વિરામ પામ્યા ન હોય, તેવા દેશવિરતિ શ્રાવકને સંયતાસંયત કહે છે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ વર્ષોની છે. દેશવિરતિનો સ્વીકાર બે કરણ, ત્રણ યોગ આદિ અનેક વિકલ્પોથી થાય છે, તેના સ્વીકારમાં તથાપ્રકારના સ્વભાવથી જ અંતર્મુહૂર્તનો કાલ વ્યતીત થાય છે તેથી તેની જઘન્ય સ્થિતિ સંયતની જેમ મૃત્યુની અપેક્ષાએ પણ એક સમયની બનતી નથી, ઉત્કૃષ્ટ સ્થિતિ સંયતની સમાન છે.

**નોસંયત નોઅસંયત નોસંયતાસંયતની કાયસ્થિતિ :–** જે જીવ સંયમ, અસંયમ કે સંયમાસંયમના ભાવોથી પર હોય, તેવા સિદ્ધ ભગવાનને નોસંયત નોઅસંયત નોસંયતાસંયત કહે છે. તેઓની સ્થિતિ સાદિ અનંતકાલની છે.

**સંયત આદિની અપેક્ષાએ જીવોની કાયસ્થિતિ :–**

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| ૧ સંયત | એક સમય | દેશોન ક્રોડપૂર્વ વર્ષ | ક્રોડપૂર્વ વર્ષના આયુષ્યવાળા મનુષ્યો દેશોન નવ વર્ષે ચારિત્રનો સ્વીકાર કરતા હોવાથી |
| ૨ અસંયત | – | અનાદિ અનંત | અભવી જીવોની અપેક્ષાએ |
| | – | અનાદિ સાંત | ભવી જીવોની અપેક્ષાએ |
| સાદિ સાંત અસંયત | અંતર્મુહૂર્ત | દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તન | પૂર્વે સંયત ભાવ પામેલા જીવોની અપેક્ષાએ તેટલા સમય પછી અવશ્ય સંયત ભાવ પામે |
| ૩ સંયતાસંયત | અંતર્મુહૂર્ત | દેશોન ક્રોડ પૂર્વ વર્ષ | મનુષ્ય–તિર્યંચના ઉત્કૃષ્ટ આયુષ્યની અપેક્ષાએ |
| ૪ નોસંયત નોઅસંયત, નોસંયતાસંયત | – | સાદિ અનંત | સિદ્ધ ભગવાનની અપેક્ષાએ |

**(૧૩) ઉપયોગ દ્વાર :-**

**९२ सागारोवउत्ते णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेणं वि अंतोमुहुत्तं। अणागारोवउत्ते वि एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સાકારોપયોગ યુક્ત જીવ નિરંતર કેટલા કાળ સુધી સાકારોપયોગપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી સાકારોપયોગથી યુક્ત રહે છે. અનાકારોપયોગયુક્ત જીવનો અવસ્થાનકાળ પણ આ જ પ્રમાણે સમજવો.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં સાકાર–અનાકાર ઉપયોગની કાયસ્થિતિનું નિરૂપણ છે.

**સાકારોપયોગ તથા અનાકારોપયોગની કાયસ્થિતિ :–** જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની હોય છે. આ કથન છદ્મસ્થની અપેક્ષાએ છે, કેવળી ભગવાનનો સાકાર અને અનાકાર ઉપયોગ જઘન્ય અને ઉત્કૃષ્ટ એક સમયનો જ હોય છે.

**ઉપયોગની અપેક્ષાએ જીવોની કાયસ્થિતિ :–**

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| સાકાર–અનાકાર ઉપયોગી છદ્મસ્થ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | સ્વભાવથી |
| સાકાર–અનાકાર ઉપયોગી કેવળી | એક સમય | એક સમય | સ્વભાવથી |

**(૧૪) આહાર દ્વાર :-**

**९३ आहारए णं भंते ! पुच्छा ? गोयमा ! आहारए दुविहे पण्णत्ते, तं जहा- छउमत्थआहारए य केवलिआहारए य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આહારક જીવ કેટલા કાળ સુધી આહારકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આહારકના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– છદ્મસ્થ આહારક અને કેવળી આહારક.

**૧૩ छउमत्थाहारए णं भंते ! छउमत्थाहाराए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं खुड्डागभवग्गहणं दुसमऊणं, उक्कोसेणं असंखेज्जकालं, असंखेज्जाओ उस्सप्पिणी- ओसप्पिणीओ कालओ, खेत्तओ अंगुलस्स असंखेज्जइभागं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! છદ્મસ્થ આહારક કેટલા કાળ સુધી છદ્મસ્થ આહારક રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય બે સમય ન્યૂન ક્ષુલ્લકભવ પ્રમાણ અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ સુધી નિરંતર છદ્મસ્થ આહારકપણે રહે છે. તે અસંખ્યાતકાલ, **કાળથી** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ પ્રમાણ છે તથા **ક્ષેત્રથી** અંગુલના અસંખ્યાતમા ભાગના આકાશ પ્રદેશ પ્રમાણ સમજવો જોઈએ.

**૧૫ केवलिआहारए णं भंते ! केवलिआहारए त्ति कालओ केवचिरं होइ ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं देसूणं पुव्वकोडिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવળી આહારક કેટલા કાળ સુધી કેવળી આહારકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ વર્ષ સુધી રહે છે.

**૧૬ अणाहारए णं भंते ! अणाहारए त्ति पुच्छा ? गोयमा ! अणाहारए दुविहे पण्णत्ते, तं जहा- छउमत्थअणाहारए य, केवलिअणाहारए य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનાહારક જીવ કેટલા કાળ સુધી નિરંતર અનાહારકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનાહારકના બે પ્રકાર છે, જેમ કે– (૧) છદ્મસ્થ અનાહારક અને (૨) કેવળી અનાહારક.

**૧૭ छउमत्थअणाहारए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं दो समया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! છદ્મસ્થ અનાહારક કેટલા કાળ સુધી છદ્મસ્થ અનાહારકપણે રહે છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બે સમય સુધી છદ્મસ્થ અનાહારકપણે રહે છે.

**૧૮ केवलिअणाहारए णं भंते! केवलिअणाहारए त्ति कालओ केवचिरं होइ ? गोयमा! केवलि-अणाहारए दुविहे पण्णत्ते, तं जहा- सिद्धकेवलि-अणाहारए य, भवत्थ केवलि-अणाहारए य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવળી અનાહારક કેટલા કાળ સુધી કેવળી અનાહારકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેવળી અનાહારકના બે પ્રકાર છે– (૧) સિદ્ધકેવળી અનાહારક અને (૨) ભવસ્થ કેવળી અનાહારક.

**૧૯ ૧૯ सिद्धकेवलिअणाहारए णं भंते ! पुच्छा ? गोयमा ! साईए अपज्जवसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સિદ્ધ કેવળી અનાહારક કેટલા કાળ સુધી સિદ્ધ કેવળી અનાહારકપણે

રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સાદિ-અનંત કાળ પર્યંત સિદ્ધ કેવળી અનાહારકપણે રહે છે.

**૧૦૦ भवत्थकेवलिअणाहारए णं भंते! पुच्छा ? गोयमा ! भवत्थकेवलिअणाहारए दुविहे पण्णत्ते, तं जहा- सजोगिभवत्थ केवलिअणाहारए य, अजोगिभवत्थकेवलिअणाहारए य।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભવસ્થ કેવળી અનાહારક કેટલા કાલ સુધી ભવસ્થ કેવળી અનાહારકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભવસ્થ કેવળી અનાહારકના બે પ્રકાર છે– (૧) સયોગી ભવસ્થ કેવળી અનાહારક અને (૨) અયોગી ભવસ્થ કેવળી અનાહારક.

**૧૦૧ सजोगिभवत्थकेवलिअणाहारए णं भंते ! पुच्छा ? गोयमा ! अजहण्णमणुक्कोसेणं तिण्णि समया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સયોગી ભવસ્થ કેવળી અનાહારક કેટલા કાલ સુધી સયોગી ભવસ્થ કેવળી અનાહારકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અજઘન્ય-અનુત્કૃષ્ટ ત્રણ સમય સુધી સયોગી ભવસ્થ કેવળી અનાહારકપણે રહે છે.

**૧૦૨ अजोगिभवत्थकेवलिअणाहारए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અયોગી ભવસ્થ કેવળી અનાહારક કેટલા કાલ સુધી અયોગી ભવસ્થ કેવળી અનાહારકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી અયોગી ભવસ્થ કેવળી અનાહારકપણે રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં આહારક અને અનાહારક જીવોની કાયસ્થિતિની પ્રરૂપણા છે.

**આહારક-અનાહારક :–** કોઈ પણ જીવ ત્રણ સ્થૂલ શરીર અને છ પર્યાપ્તિને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરતો હોય ત્યારે **આહારક** કહેવાય છે અને તથાપ્રકારના પુદ્ગલોને ગ્રહણ કરતો ન હોય ત્યારે તે **અનાહારક** કહેવાય છે. કોઈ પણ ગતિમાં જન્મ ધારણ કરનાર જીવ જન્મથી મૃત્યુપર્યંત આહારક જ હોય છે. તેની વાટે વહેતી અવસ્થામાં પણ જો તે એક સમયની ઋજુગતિથી ઉત્પન્ન થાય, તો આહારક જ રહે છે પરંતુ તે જીવ બે કે ત્રણ સમયની વક્રગતિએ ઉત્પન્ન થાય, તો એક કે બે સમય અનાહારક થાય છે.

તે ઉપરાંત કેવળી સમુદ્ઘાતમાં ત્રીજા, ચોથા અને પાંચમા સમયે અને અયોગી અવસ્થાના અંતર્મુહૂર્તમાં જીવ અનાહારક રહે છે. આહારકના બે પ્રકાર છે– છદ્મસ્થ આહારક અને કેવળી આહારક.

**છદ્મસ્થ આહારકની કાયસ્થિતિ :–** જઘન્ય બે સમય ન્યૂન ક્ષુલ્લકભવ પ્રમાણ અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલ સુધી જીવ નિરંતર આહારક રહે છે. ક્ષુલ્લકભવ એટલે નાનામાં નાનો ૨૫૬ આવલિકાનો ભવ. તેટલા આયુષ્યવાળો કોઈ જીવ ત્રણ સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય, તો તે જીવ બે સમય અનાહારક હોય અને ત્યાર પછી તેના ભવપર્યંત આહારક જ હોય છે, તેથી છદ્મસ્થ આહારકની સ્થિતિ જઘન્ય બે સમય ન્યૂન ક્ષુલ્લકભવ પ્રમાણ કહી છે.

કોઈ જીવ અસંખ્યાતકાલ સુધી મૃત્યુ પામીને નિરંતર ઋજુગતિથી જ જાય તો તે જીવ અસંખ્યાત કાલ સુધી નિરંતર આહારક રહે છે. **एतावतः कालादूर्ध्वमवश्यं विग्रहगति भवति** । ત્યાર પછી અવશ્ય તે જીવ મૃત્યુ પામીને વક્રગતિએ જ જાય છે. તેથી તે જીવ એક કે બે સમય અનાહારકપણાને પામે છે. આ રીતે આહારકની ઉત્કૃષ્ટ સ્થિતિ અસંખ્યાતકાલની છે. તે અસંખ્યાતકાલ, **કાલથી** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ પ્રમાણ અને **ક્ષેત્રથી** અંગુલના અસંખ્યાતમા ભાગના આકાશ પ્રદેશ પ્રમાણ અર્થાત્ બાદરકાલ પ્રમાણ આહારક રહે છે.

**કેવળીઆહારકની કાયસ્થિતિ :–** કેવળીની સ્થિતિ પ્રમાણે જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ વર્ષની છે. અનાહારક જીવોના પણ બે પ્રકાર છે– છદ્મસ્થ અનાહારક અને કેવળી અનાહારક.

**છદ્મસ્થ અનાહારકની કાયસ્થિતિ :–** છદ્મસ્થ જીવ જન્મથી મૃત્યુ પર્યંત આહારક જ હોય છે પરંતુ ભવાંતરમાં ગમન કરતા તે બે કે ત્રણ સમયની વિગ્રહગતિએ ઉત્પન્ન થાય ત્યારે એક કે બે સમય અનાહારક હોય છે. તેથી તેની સ્થિતિ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બે સમયની છે.

શ્રી ભગવતી સૂત્રના શ્રેણીશતક અનુસાર જીવ ચાર કે પાંચ સમયની વિગ્રહગતિથી પણ ઉત્પન્ન થાય, તો તે ત્રણ કે ચાર સમય અનાહારક રહે છે પરંતુ તેવા જીવો અત્યંત અલ્પ હોવાથી પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે તેની ગણના કરી નથી.

કેવળી અનાહારકના બે પ્રકાર છે– (૧) સિદ્ધકેવળી અનાહારક અને (૨) ભવસ્થ કેવળી અનાહારક. ભવસ્થકેવળી અનાહારકના બે પ્રકાર છે–(૧) સયોગી કેવળી અનાહારક અને (૨) અયોગી કેવળી અનાહારક.

**સિદ્ધકેવળી અનાહારકની સ્થિતિ :–** સાદિ અનંતકાલની છે.

**ભવસ્થ સયોગીકેવળી અનાહારકની સ્થિતિ :–** કોઈ કેવળી ભગવાન સયોગી અવસ્થામાં કેવળી સમુદ્ઘાત કરે ત્યારે તે સમુદ્ઘાતના આઠ સમયમાંથી ત્રીજા, ચોથા અને પાંચમા સમયે અનાહારક હોય છે.

કેવળી સમુદ્ઘાતમાં કેવળી ભગવાનના આત્મપ્રદેશો પ્રથમ સમયે દંડાકારે, બીજા સમયે કપાટાકાર, ત્રીજા સમયે મંથનાકાર અને ચોથા સમયે લોકવ્યાપી થાય છે. પાંચમા સમયે આંતરાઓનું સંહરણ કરે છે, છઠ્ઠા સમયે મંથાન સંહરે છે, સાતમા સમયે કપાટ અને ત્યાર પછી આઠમા સમયે દંડ સંહરીને તેના આત્મપ્રદેશો શરીર પ્રમાણ થઈ જાય છે. કેવળી સમુદ્ઘાતની આઠ સમયની આ પ્રક્રિયામાં કેવળી ભગવાન પ્રથમ અને આઠમા સમયમાં ઔદારિક કાયયોગી હોય છે, સાતમા, છઠ્ઠા અને બીજા સમયમાં ઔદારિક મિશ્રયોગી અને ત્રીજા, ચોથા, પાંચમા આ ત્રણ સમયમાં કાર્મણ કાયયોગી હોય છે. કાર્મણ કાયયોગીમાં પ્રવર્તમાન જીવ અવશ્ય અનાહારક હોય છે.તેથી સયોગી ભવસ્થ કેવળી અનાહારકની સ્થિતિ જઘન્ય, ઉત્કૃષ્ટ ત્રણ સમયની જ હોય છે.

**અયોગી ભવસ્થકેવળી અનાહારકની સ્થિતિ :–** ચૌદમા ગુણસ્થાને જીવ અયોગી અવસ્થાને પામે છે. ચૌદમા ગુણસ્થાનની સ્થિતિ અનુસાર તેની અનાહારક અવસ્થાની સ્થિતિ પાંચ હ્રસ્વ અક્ષરના ઉચ્ચારણકાલ પ્રમાણ થાય છે. તેના માટે જ સૂત્રમાં જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની સ્થિતિ કહી છે.

**આહારક–અનાહારક જીવોની કાયસ્થિતિ :–**

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| ૧ છદ્મસ્થ આહારક | બે સમય ન્યૂન ક્ષુલ્લક ભવ(૨૫૬ આવલિકા નો ભવ) | અસંખ્યાતકાલ (બાદરકાલ) | જીવ અસંખ્યાતકાલ સુધી જ ઋજુગતિથી ઉત્પન્ન થઈ શકે છે. |
| ૨ કેવળી આહારક | અંતર્મુહૂર્ત | દેશોન ક્રોડપૂર્વ | કેવળી ભગવાનની સ્થિતિની અપેક્ષાએ |
| ૩ છદ્મસ્થ અનાહારક | એક સમય | બે સમય | બે કે ત્રણ સમયની વિગ્રહગતિની અપેક્ષાએ |
| ૪ સિદ્ધસ્થ કેવળી અનાહારક | × | સાદિ અનંત | સિદ્ધ ભગવાનની સ્થિતિની અપેક્ષાએ |
| ૫ ભવસ્થ સયોગી કેવળી અનાહારક | ત્રણ સમય | ત્રણ સમય | કેવળી સમુદ્ઘાતની અપેક્ષાએ |
| ૬ ભવસ્થ અયોગી કેવળી અનાહારક | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | ચૌદમા ગુણસ્થાની અપેક્ષાએ |

**(૧૫) ભાષક દ્વાર :–**

**૧૦૩ भासए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं एक्क समयं, उक्कोसेणं अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાષક જીવ કેટલા કાળ સુધી ભાષકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી ભાષકપણે રહે છે.

**૧૦૪ अभासए णं भंते ! पुच्छा ? गोयमा ! अभासए दुविहे पण्णत्ते, तं जहा- साईए वा अपज्जवसिए, साईए वा सपज्जवसिए, तत्थ णं जे से साईए वा सपज्जवसिए से जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं वणस्सइ कालो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અભાષક જીવ કેટલા કાળ સુધી અભાષકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અભાષકના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સાદિ અનંત અને (૨) સાદિ સાંત. તેમાંથી જે સાદિ સાંત છે તે જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાલ પર્યંત અભાષકપણે રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભાષક અને અભાષક જીવોની કાયસ્થિતિનું પ્રતિપાદન છે.

**ભાષકની કાયસ્થિતિ :–** કોઈ જીવ વચનયોગનો પ્રયોગ કરીને એક જ સમયમાં અટકી જાય અથવા મૃત્યુ પામે તો ભાષકની સ્થિતિ જઘન્ય એક સમયની થાય છે અને નિરંતર અંતર્મુહૂર્ત સુધી ભાષાનો પ્રયોગ કરે, તો ત્યાર પછી અવશ્ય અંતર પડે છે, તેથી તેની ઉત્કૃષ્ટ સ્થિતિ વચનયોગની જેમ અંતર્મુહૂર્તની છે.

**અભાષકની કાયસ્થિતિ :–** અભાષક જીવોના બે પ્રકાર છે– સિદ્ધ અને સંસારી. (૧) સિદ્ધ અભાષકની સ્થિતિનો પ્રારંભ થાય છે પરંતુ તેનો અંત થતો નથી, તેથી તેની સ્થિતિ સાદિ અનંતકાલની છે. (૨) સંસારી અભાષકની

સ્થિતિ– સંસારીજીવો ત્રસથી સ્થાવરમાં અને સ્થાવરથી ત્રસમાં જન્મ મરણ કરતા જ રહે છે. તેથી સંસારી અભાષકમાં સાદિ સાંતનો જ ભંગ થાય છે અને તેની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાલ પ્રમાણ છે. કોઈ બેઇન્દ્રિયાદિ જીવ એકેન્દ્રિયમાં જન્મ ધારણ કરે, ત્યાં અભાષકપણે અંતર્મુહૂર્તનું આયુષ્ય પૂર્ણ કરીને પુનઃ બેઇન્દ્રિયાદિ માં જન્મ ધારણ કરીને ભાષક બને, તો અભાષકની જઘન્ય અંતર્મુહૂર્તની સ્થિતિ થાય છે. તે જીવ જ્યારે અનંતકાલ સુધી વનસ્પતિકાયમાં જ જન્મ-મરણ કરે, તો તે ઉત્કૃષ્ટ અનંતકાલ પર્યંત અભાષક રહે છે.

***નોંધ :–*** *શ્રી પ્રજ્ઞાપના સૂત્રની ઘણી પ્રતોમાં અભાષકના ત્રણ ભેદનો પાઠ છે. યથા–* ***अभासए तिविहे पण्णत्ते, तं जहा- अणाईए वा अपज्जवसिए, अणाईए वा सपज्जवसिए, साईए वा सपज्जवसिए ।***

*આ પાઠમાં બે ભંગ અનાદિના છે પરંતુ પ્રસ્તુત કાયસ્થિતિ પદ પ્રમાણે વનસ્પતિકાલથી વધુ કોઈ એકેન્દ્રિય જીવની પણ કાયસ્થિતિ નથી માટે કોઈ પણ અભાષક જીવમાં અનાદિ અનંતનો ભંગ સંભવિત નથી. તેથી અનાદિના બે ભંગવાળો પાઠ સમીચીન થતો નથી. તેમજ ઉપરોક્ત ત્રણ ભંગવાળા પાઠમાં સિદ્ધ માટે થતો સાદિ અનંતનો ભંગ પણ નથી. પ્રસ્તુત પ્રસંગમાં તેનું કથન આવશ્યક છે. આ રીતે પ્રતોમાં મળતો અભાષકના ત્રણ ભેદવાળો પાઠ સુસંગત ન લાગતાં અભાષકના બે ભેદવાળા પાઠનો પ્રસ્તુતમાં મૌલિક રૂપે સ્વીકાર કર્યો છે અને વૈકલ્પિક મળતાં પાઠની વિચારણા અહીં વિવેચનમાં કરી છે. જીવાભિગમ સૂત્ર અને તેની ટીકામાં પણ અભાષકના બે ભેદનો પાઠ અને વ્યાખ્યા છે. બે ભંગ– સાદિ અનંત અને સાદિ સાંત, યુક્તિ સંગત છે.*

**ભાષક–અભાષક જીવોની કાયસ્થિતિ :–**

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| ભાષક | એક સમય | અંતર્મુહૂર્ત | વચન યોગની અપેક્ષાએ |
| અભાષક(સિદ્ધ) | × | સાદિ અનંત | સિદ્ધ ભગવાનની અપેક્ષાએ |
| અભાષક(સંસારી) | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ | વનસ્પતિકાયિક જીવોની અપેક્ષાએ. |

**(૧૬) પરિત્ત દ્વાર :–**

**१०५ परित्ते णं भंते ! पुच्छा ? गोयमा ! परित्ते दुविहे पण्णत्ते, तं जहा- कायपरित्ते य, संसारपरित्ते य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરિત્ત જીવ કેટલા કાળ સુધી પરિત્તપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પરિત્તના બે પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) કાયપરિત્ત અને (૨) સંસાર પરિત્ત.

**१०६ कायपरित्ते णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुढविकालो-असंखेज्जाओ उस्सप्पिणी-ओसप्पिणीओ कालओ, खेत्तओ असंखेज्जा लोगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાયપરિત્ત કેટલા કાળ સુધી કાયપરિત્તપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૃથ્વીકાળ સુધી કાયપરિત્તપણે નિરંતર રહે છે. તે અસંખ્યકાલ, **કાલથી** અસંખ્યાત ઉત્સર્પિણી- અવસર્પિણીકાલ પ્રમાણ છે અને **ક્ષેત્રથી** અસંખ્ય લોકખંડના પ્રદેશ પ્રમાણ છે.

**१०७ संसारपरित्ते णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं**

**कालं** *जाव* **अवड्ढं पोग्गलपरियट्टं देसूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંસારપરિત્ત જીવ કેટલા કાળ સુધી સંસારપરિત્તપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ સુધી ***યાવત્*** દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તનકાલ સુધી સંસારપરિત્તપણે રહે છે.

**૧૦૮ अपरित्ते णं भंते ! पुच्छा ? गोयमा ! अपरित्ते दुविहे पण्णत्ते, तं जहा- कायअपरित्ते य, संसारअपरित्ते य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપરિત્ત જીવ કેટલા કાલ સુધી અપરિત્તપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અપરિત્તના બે પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) કાયઅપરિત્ત અને (૨) સંસાર અપરિત્ત.

**૧૦૯ कायअपरित्ते णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतकालं** *जाव* **वणस्सइकालो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાયઅપરિત્ત કેટલા કાળ સુધી કાયઅપરિત્તપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ સુધી કાયઅપરિત્તપણે રહે છે.

**૧૧૦ संसारअपरित्ते णं भंते ! पुच्छा ? गोयमा ! संसारअपरित्ते दुविहे पण्णत्ते, तं जहा- अणाईए वा अपज्जवसिए, अणाईए वा सपज्जवसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંસાર અપરિત્ત કેટલા કાળ સુધી સંસારઅપરિત્તપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સંસારઅપરિત્તના બે પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) અનાદિ અનંત અને (૨) અનાદિ સાંત.

**૧૧૧ णोपरित्ते-णोअपरित्ते णं भंते! पुच्छा ? गोयमा ! साईए अपज्जवसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નોપરિત્ત નોઅપરિત્ત કેટલા કાળ સુધી નોપરિત્ત નોઅપરિત્તપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સાદિ અનંત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પરિત્ત, અપરિત્ત અને નોપરિત્ત નોઅપરિત્ત જીવોની કાયસ્થિતિની પ્રરૂપણા છે. પરિત્ત=સીમિત અથવા મર્યાદિત. પરિત્તના બે પ્રકાર છે. કાયપરિત્ત અને સંસારપરિત્ત.

**કાયપરિત્ત :–** કાય = શરીર. પરિમિત શરીરી અર્થાત્ પ્રત્યેક શરીરી જીવોને કાયપરિત્ત કહે છે. તે જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પુઢવીકાલ અર્થાત્ અસંખ્યાતકાળ સુધી કાયપરિત્તપણે રહે છે. જે કોઈ જીવ નિગોદથી નીકળીને પ્રત્યેક શરીરમાં ઉત્પન્ન થાય છે, ત્યાં અંતર્મુહૂર્ત સુધી કાયપરિત્તપણે રહીને પુનઃ સાધારણ વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય, તો કાયપરિત્તની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની થાય છે અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ સુધી કાયપરિત્ત નિરંતર રહે છે. અહીં અસંખ્યાતકાળ પૃથ્વીકાયની કાયસ્થિતિ જેટલો સમજવો જોઈએ. તે કાલની અપેક્ષાએ અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાલપ્રમાણ અને ક્ષેત્રની અપેક્ષાએ અસંખ્યાત લોકપ્રમાણ છે. ત્યાર પછી તે જીવ અવશ્ય નિગોદમાં જાય અથવા મોક્ષે જાય છે.

**સંસારપરિત્ત :–** સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાથી જેનો સંસાર પરિભ્રમણકાળ પરિમિત થઈ ગયો હોય. તેમજ જે જીવોનું સંખ્યાત કે અસંખ્યાત કાલ જ સંસાર પરિભ્રમણ શેષ રહ્યું હોય, તેને સંસાર પરિત્ત કહે છે. તે જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાલ એટલે અર્ધપુદ્ગલ પરાવર્તન કાલ સુધી સંસાર પરિત્તપણે રહે છે.

કોઈ જીવ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને અંતર્મુહૂર્તમાં અંતકૃત કેવળી થઈને મોક્ષે જાય, તો તેની જઘન્ય અંતર્મુહૂર્તની સ્થિતિ થાય છે. અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી જો તે જીવ સમ્યગ્દર્શનથી પતિત થઈ જાય અને દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તનકાલ સુધી સંસાર પરિભ્રમણ કરીને પછી મોક્ષ જાય, તો તેની પરિત્ત સંસારની ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે.

**કાયઅપરિત્ત :–** અનંતકાયિક જીવ કાય અપરિત્ત કહેવાય છે તથા કાય અપરિત્ત જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિ કાળ(અનંતકાળ) સુધી નિરંતર કાય અપરિત્તપણે રહે છે. જ્યારે કોઈ જીવ પ્રત્યેક શરીરમાં જન્મ-મરણ કરીને નિગોદમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં અંતર્મુહૂર્ત સુધી રહીને ફરી પ્રત્યેક શરીરીરૂપે ઉત્પન્ન થાય,તો તેની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત થાય છે. ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ જેટલો અનંતકાળ સમજવો જોઈએ. ત્યાર પછી તે જીવ અવશ્ય ત્યાંથી નીકળીને પ્રત્યેક શરીરીપણે જન્મ ધારણ કરે છે.

સૂત્રકારે કાયઅપરિત્તની કાયસ્થિતિ વનસ્પતિકાલ પ્રમાણ કહી છે પરંતુ નિગોદના સાધારણ શરીરી જીવો કાય અપરિત્ત છે. ચોથા કાય દ્વારમાં સમુચ્ચય નિગોદની કાયસ્થિતિ અનંતકાલમાં અઢી પુદ્ગલ પરાવર્તનકાલપ્રમાણ કહી છે. તેથી કાયઅપરિત્તની કાયસ્થિતિ અઢી પુદ્ગલપરાવર્તનકાલની જ હોવી જોઈએ. પ્રસ્તુત પ્રસંગમાં કોઈ પણ કારણથી મૂળપાઠમાં **जाव..** પાઠમાં કંઈક ક્ષતિ થઈ ગઈ હોય તેમ જણાય છે. વૃત્તિકારે પણ સૂત્રને અનુસરીને જ તે અનંતકાલની સ્થિતિને વનસ્પતિકાલ પ્રમાણ કહી છે. **उक्कोसेणं अणंत कालं** *जाव* **वणस्सइकालो** ના સ્થાને *जाव* **अड्ढाइज्जा पोग्गलपरियट्टा** પાઠ યથોચિત લાગે છે.

**સંસાર અપરિત્ત :–** જેનું અનંતકાલનું સંસાર પરિભ્રમણ શેષ હોય, તેને સંસાર અપરિત્ત કહે છે. તેના બે પ્રકાર છે– **(૧) અનાદિ અનંત–** જેના સંસારનો અંત-વિચ્છેદ ક્યારેય થવાનો ન હોય તેવા અભવી જીવોની અપેક્ષાએ તે અનાદિ અનંત સંસાર અપરિત્ત કહેવાય છે. **(૨) અનાદિ સાંત–** જેના સંસારનો અંત થવાનો છે તેવા ભવી જીવો અનાદિ સાંત સંસાર અપરિત્ત કહેવાય છે.

**નોપરિત્ત નોઅપરિત્ત :–** સિદ્ધને નોપરિત્ત નોઅપરિત્ત કહે છે. તેની સ્થિતિ સાદિ અનંત છે.

**પરિત્ત–અપરિત્તની કાયસ્થિતિ :–**

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| કાય પરિત્ત | અંતર્મુહૂર્ત | અસંખ્યાતકાલ(પૃથ્વીકાલ) | પૃથ્વીકાયની કાયસ્થિતિની અપેક્ષાએ |
| સંસાર પરિત્ત | અંતર્મુહૂર્ત | અર્ધપુદ્ગલ પરાવર્તનકાલ | એકવાર સમ્યગ્દર્શનની સ્પર્શના થયેલો જીવ અવશ્ય અર્ધપુદ્ગલ પરાવર્તનકાલમાં મોક્ષે જતો હોવાથી |
| કાય અપરિત્ત | અંતર્મુહૂર્ત | અનંતકાલ | વનસ્પતિકાયિક જીવોની કાયસ્થિતિની અપેક્ષાએ |
| સંસાર અપરિત્ત | × | અનાદિ–અનંત | અભવી જીવોની અપેક્ષાએ |
| | | અનાદિ સાંત | ભવી જીવોની અપેક્ષાએ |

**(૧૭) પર્યાપ્ત દ્વાર :–**

**११२ पज्जत्तए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवम-सयपुहत्तं साइरेगं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત જીવ કેટલા કાલ સુધી નિરંતર પર્યાપ્તાપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ કંઈક અધિક અનેક સો સાગરોપમ સુધી નિરંતર પર્યાપ્તપણે રહે છે.

**११३ अपज्जत्तए णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્ત જીવ, કેટલા કાલ સુધી નિરંતર અપર્યાપ્તાપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી અપર્યાપ્તપણે રહે છે.

**११४ णोपज्जत्तए णोअपज्जत्तए णं भंते ! पुच्छा ? गोयमा ! साईए अपज्जवसिए ।**

**ભાવાર્થ:– પ્રશ્ન–** હે ભગવન્ ! નોપર્યાપ્ત નોઅપર્યાપ્ત જીવ કેટલા કાળ સુધી નોપર્યાપ્ત નોઅપર્યાપ્તપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ સાદિ અનંતકાલની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પર્યાપ્તા, અપર્યાપ્તા અને નોપર્યાપ્ત નોઅપર્યાપ્ત જીવોની કાયસ્થિતિનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

**પર્યાપ્તાની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક અનેક સો સાગરોપમની છે. કોઈ જીવ અંતર્મુહૂર્તનું આયુષ્ય પૂર્ણ કરીને અપર્યાપ્તપણે જન્મ ધારણ કરે, તો પર્યાપ્તાની જઘન્ય અંતર્મુહૂર્તની સ્થિતિ થાય છે.

કોઈ જીવ ચારે ગતિમાં પરિભ્રમણ કરતાં ઉત્કૃષ્ટ અનેક સો સાગરોપમ સુધી નિરંતર લબ્ધિ પર્યાપ્તપણે રહે તો તે પર્યાપ્તાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ થાય છે. અહીં લબ્ધિપર્યાપ્તા જીવોની અપેક્ષાએ કાયસ્થિતિનું કથન છે. લબ્ધિ પર્યાપ્તાના ભવો નિરંતર અનેક સો સાગરોપમ સુધી થઈ શકે છે. દરેક જીવ જ્યાં જન્મ ધારણ કરે ત્યાં અંતર્મુહૂર્ત સુધી અપર્યાપ્ત રહે જ છે. પરંતુ તે અપર્યાપ્તા અવસ્થામાં પણ પર્યાપ્ત નામકર્મનો ઉદય હોવાથી તે જીવ લબ્ધિપર્યાપ્તા કહેવાય છે. આ રીતે લબ્ધિ પર્યાપ્તાની અપેક્ષાએ પર્યાપ્તાવસ્થાનું સાતત્ય નિરંતર ઉત્કૃષ્ટ સાધિક અનેક સો સાગરોપમ સુધી રહે છે.

**અપર્યાપ્તાની કાયસ્થિતિ :–** જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે. જીવાભિગમ સૂત્ર, પ્રજ્ઞાપના સૂત્ર અને ભગવતી સૂત્ર આદિ અનેક શાસ્ત્રોમાં અપર્યાપ્તની સ્થિતિ કે કાયસ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની જ કહી છે. તેથી સ્પષ્ટ થાય છે કે કરણ અપર્યાપ્ત કે લબ્ધિ અપર્યાપ્તની સ્થિતિ તો એક ભવની જ હોય છે અને કાયસ્થિતિ અનેક ભવોની અપેક્ષાએ હોય છે. તેમ છતાં આ સર્વ આગમોને જોતાં સ્પષ્ટ થાય છે કે અપર્યાપ્ત નામકર્મના ઉદયમાં એટલે લબ્ધિ અપર્યાપ્ત અવસ્થામાં જીવ નિરંતર જેટલા ભવ કરી શકે તેનો સરવાળો અંતર્મુહૂર્તનો જ થાય છે અર્થાત્ જીવ અપર્યાપ્ત અવસ્થાના કેટલાક ભવો અંતર્મુહૂર્તના કરીને વચ્ચે પર્યાપ્તાના ભવો કરતો રહે તો જ ત્યાં ને ત્યાં તેના અસંખ્ય કે અનંત ભવો થઈ

શકે છે. અન્યથા એકલા અપર્યાપ્તના ૨૫૬ આવલિકાના હિસાબે ઉત્કૃષ્ટ ૬૫૫૩૬થી ઓછા ભવો થઈ શકે અને તેનો સરવાળો અંતર્મુહૂર્ત જેટલો રહી શકે. આ રીતે અપર્યાપ્તાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સમજવી. શ્રી ભગવતી સૂત્રના ગમ્મા શતકમાં જઘન્ય ગમ્મામાં અંતર્મુહૂર્તની સ્થિતિવાળામાં પર્યાપ્તા કે અપર્યાપ્તાના સર્વ ભવોનો સમાવેશ હોવાથી તે તે ગમ્મામાં અસંખ્ય કે અનંત ભવો થઈ શકે છે. શાસ્ત્રકારનો આશય ત્યાં જઘન્ય ગમ્મામાં અંતર્મુહૂર્તમાં સમાવિષ્ટ થતી સર્વે સ્થિતિનું સંકલન, જઘન્ય સ્થિતિમાં સમજી લેવાથી છે. પરંતુ ત્યાં પર્યાપ્ત અપર્યાપ્તનો ભેદ વિવક્ષિત નથી, માટે અનેક શાસ્ત્રોમાં કથિત અપર્યાપ્તાની કાયસ્થિતિમાં ગમ્મા શતકના કથનથી કોઈ વિરોધ ન સમજવો જોઈએ.

**નોપર્યાપ્ત નોઅપર્યાપ્તાની કાયસ્થિતિ :–** પર્યાપ્ત કે અપર્યાપ્તાવસ્થાથી રહિત હોય, તેવા સિદ્ધ ભગવાન નોપર્યાપ્ત નોઅપર્યાપ્ત કહેવાય છે. તેની કાયસ્થિતિ સાદિ અનંતકાલની છે.

**પર્યાપ્તા–અપર્યાપ્તાની કાયસ્થિતિ :–**

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| ૧ પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સાધિક અનેક સો સાગરોપમ | લબ્ધિ પર્યાપ્તા જીવોની અપેક્ષાએ |
| ૨ અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અપર્યાપ્તા અવસ્થાનું સાતત્ય તેટલું જ રહેતું હોવાથી |
| ૩ નોપર્યાપ્તા–નોઅપર્યાપ્તા | – | સાદિ અનંત | સિદ્ધ ભગવાનની અપેક્ષાએ |

**(૧૮) સૂક્ષ્મ દ્વાર :–**

**११५ सुहुमे णं भंते ! सुहुमे त्ति पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुढवि- कालो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ જીવ કેટલા કાળ સુધી સૂક્ષ્મપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પુઢવીકાલ સુધી સૂક્ષ્મપણે રહે છે.

**११६ बादरे णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्ज कालं *जाव* खेत्तओ अंगुलस्स असंखेज्जइभागं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર જીવ કેટલા કાલ સુધી બાદરપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલ સુધી બાદરપણે રહે છે, તે અસંખ્યાતકાલ, **કાળથી** અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી પ્રમાણ છે અને **ક્ષેત્રથી** અંગુલના અસંખ્યાતમા ભાગના આકાશ પ્રદેશ પ્રમાણ છે.

**११६ णोसुहुम णोबादरे णं भंते ! पुच्छा ? गोयमा ! साईए अपज्जवसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નોસૂક્ષ્મ નોબાદર કેટલા કાલ સુધી નોસૂક્ષ્મ નોબાદરપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ સાદિ અનંતકાલની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સૂક્ષ્મ, બાદર, નોસૂક્ષ્મ નોબાદરની કાયસ્થિતિનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**સૂક્ષ્મની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલ–પૃથ્વીકાલ પ્રમાણ છે. કોઈ પણ જીવ પૃથ્વી, પાણી આદિ પાંચ સ્થાવરમાં સૂક્ષ્મપણે જન્મ-મરણ કરે, તો ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલ સુધી રહે છે. તે અસંખ્યાતકાલમાં **કાલની** અપેક્ષાએ અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ વ્યતીત થાય છે અને **ક્ષેત્રની** અપેક્ષાએ અસંખ્યાત લોકના આકાશ પ્રદેશ પ્રમાણ અર્થાત્ પુઢવીકાલ પ્રમાણ છે.

**બાદરની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલ–બાદરકાલ પ્રમાણ છે. તે અસંખ્યાતકાલમાં **કાલની** અપેક્ષાએ અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ વ્યતીત થાય છે અને ક્ષેત્રની અપેક્ષાએ અંગુલના અસંખ્યાતમા ભાગના આકાશ પ્રદેશ પ્રમાણ થાય છે.

આ રીતે સૂક્ષ્મ અને બાદર બંનેની કાયસ્થિતિ અસંખ્યાત કાલની હોવા છતાં ક્ષેત્રની અપેક્ષાની બંનેની સ્થિતિમાં તરતમતા જણાય છે, તેથી સ્પષ્ટ થાય છે કે, બાદરથી સૂક્ષ્મ જીવોની કાયસ્થિતિ અધિક છે.

**નોસૂક્ષ્મ નોબાદર જીવોની કાયસ્થિતિ :–** સિદ્ધના જીવો નોસૂક્ષ્મ નોબાદર છે. તેની સ્થિતિ સાદિ અનંત કાલની છે.

**સૂક્ષ્મ–બાદર જીવોની કાયસ્થિતિ :–**

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| સૂક્ષ્મ | અંતર્મુહૂર્ત | અસંખ્યાતકાલ(પુઢવીકાલ) | સમુચ્ચય સૂક્ષ્મ જીવોની અપેક્ષાએ માત્ર સૂક્ષ્મમાં જીવ અસંખ્ય કાલ સુધી જ રહે. |
| બાદર | અંતર્મુહૂર્ત | અસંખ્યાતકાલ(બાદરકાલ) | સમુચ્ચય બાદર જીવોની અપેક્ષાએ માત્ર બાદરમાં અસંખ્યકાલ સુધી જ રહે. પુઢવીકાલથી બાદર કાલ બહુ નાનો છે. |
| નોસૂક્ષ્મ નોબાદર | × | સાદિ અનંત | સિદ્ધ ભગવાનની અપેક્ષાએ. |

**(૧૯)સંજ્ઞી દ્વાર :–**

**૧૧૮ सण्णी णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसयपुहत्तं साइरेगं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંજ્ઞી જીવ કેટલા કાળ સુધી સંજ્ઞીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક અનેક સો સાગરોપમ સુધી સંજ્ઞીપણે રહે છે.

**૧૧૯ असण्णी णं भंते ! पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वणस्सइकालो।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસંજ્ઞી જીવ કેટલા કાલ સુધી અસંજ્ઞીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ સુધી અસંજ્ઞીપણે રહે છે.

**૧૧૯ णोसण्णी णोअसण्णी णं भंते ! पुच्छा ? गोयमा ! साईए अपज्जवसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નોસંજ્ઞી નોઅસંજ્ઞી જીવ કેટલા કાલ સુધી નોસંજ્ઞી નોઅસંજ્ઞીપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ સાદિ-અનંતકાલની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સંજ્ઞી, અસંજ્ઞી, નોસંજ્ઞી-નોઅસંજ્ઞી જીવોની કાયસ્થિતિની પ્રરૂપણા છે.

**સંજ્ઞીની કાયસ્થિતિ :–** જ્યારે કોઈ જીવ અસંજ્ઞીપણાથી નીકળીને સંજ્ઞીપણાનો ભવ ધારણ કરી અંતર્મુહૂર્ત રહીને, ફરી અસંજ્ઞીપણે ઉત્પન્ન થાય છે, ત્યારે તે અંતર્મુહૂર્ત સુધી જ સંજ્ઞી અવસ્થામાં રહે છે અને કોઈ જીવ મનુષ્ય અને નારકી અથવા વૈમાનિક દેવમાં ભવભ્રમણ કર્યા કરે તો, ઉત્કૃષ્ટ કાંઈક અધિક અનેક સો સાગરોપમ કાળ સુધી નિરંતર સંજ્ઞીપણે રહે છે.

**અસંજ્ઞીની કાયસ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ સુધી અસંજ્ઞી જીવ નિરંતર અસંજ્ઞીપણે રહે છે.

**નોસંજ્ઞી-નોઅસંજ્ઞીની કાયસ્થિતિ :–** કેવળી ભગવાન અને સિદ્ધ ભગવાન નોસંજ્ઞી નોઅસંજ્ઞી છે. સિદ્ધની અપેક્ષાએ તેની સ્થિતિ સાદિ અનંત છે.

**સંજ્ઞી–અસંજ્ઞી જીવોની કાયસ્થિતિ :–**

| જીવ પ્રકાર | જઘન્ય | ઉત્કૃષ્ટ | કારણ |
|---|---|---|---|
| ૧ સંજ્ઞી | અંતર્મુહૂર્ત | સાધિક અનેક સો સાગરોપમ | ચાર ગતિની અપેક્ષાએ. |
| ૨ અસંજ્ઞી | અંતર્મુહૂર્ત | અનંતકાલ(વનસ્પતિકાલ) | વનસ્પતિકાયિકની મુખ્યતાએ |
| ૩ નોસંજ્ઞી નોઅસંજ્ઞી | – | સાદિ અનંત | સિદ્ધ ભગવાનની અપેક્ષાએ |

**(૨૦) ભવસિદ્ધિક દ્વાર :–**

**१२१ भवसिद्धिए णं भंते ! पुच्छा ? गोयमा ! अणाईए सपज्जवसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભવસિદ્ધિક જીવ કેટલા કાળ સુધી ભવસિદ્ધિકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે અનાદિ સાંત છે.

**१२२ अभवसिद्धिए णं भंते ! पुच्छा ? गोयमा ! अणाईए अपज्जवसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અભવસિદ્ધિક જીવ કેટલા કાળ સુધી અભવસિદ્ધિકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનાદિ-અનંત છે.

**१२३ णोभवसिद्धिय णोअभवसिद्धिए णं भंते ! पुच्छा ? गोयमा ! साईए अपज्जवसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિક કેટલા કાલ સુધી નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિકપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાદિ-અનંત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભવસિદ્ધિક, અભવસિદ્ધિક અને નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક જીવોની કાયસ્થિતિનું નિરૂપણ કર્યું છે.

**ભવસિદ્ધિકની કાયસ્થિતિ :–** ભવ્યત્વ પરિણામિક ભાવ છે, તેથી તે અનાદિ છે પરંતુ મુક્તિ પ્રાપ્ત થતાં તેનો અંત થાય છે, તેથી તે અનાદિ સાંત છે.

**અભવસિદ્ધિકની કાયસ્થિતિ :–** અભવ્યત્વ પણ પારિણામિક ભાવ છે, તેથી અનાદિ છે. અભવી જીવોના અભવીપણાનો ક્યારેય અંત થતો નથી, તેથી તે અનાદિ અનંત છે.

**નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિકની કાયસ્થિતિ :–** તે ભાવ સિદ્ધોમાં હોય છે. સિદ્ધોની અપેક્ષાએ તેની સ્થિતિ સાદિ અનંતકાલની છે.

**ભવસિદ્ધિક-અભવસિદ્ધિક જીવોની સ્થિતિ :–**

| જીવ | સ્થિતિ | કારણ |
|---|---|---|
| ૧ ભવસિદ્ધિક | અનાદિ સાંત | પારિણામિક ભાવ છે અને મોક્ષે જાય ત્યારે તેનો અંત થાય છે. |
| ૨ અભવસિદ્ધિક | અનાદિ-અનંત | પારિણામિક ભાવ છે અને તેનો અંત થતો નથી. |
| ૩ નોભવસિદ્ધક નોઅભવસિદ્ધિક | સાદિ અનંત | સિદ્ધ ભગવાનની આદિ છે પરંતુ તેનો અંત નથી. |

**(૨૧) અસ્તિકાય દ્વાર :–**

**૧૨૪ धम्मत्थिकाए णं भंते ! पुच्छा । गोयमा ! सव्वद्धं । एवं** *जाव* **अद्धासमए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધર્માસ્તિકાય કેટલા કાલ સુધી ધર્માસ્તિકાયપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સર્વકાળ રહે છે. આ જ રીતે ***યાવત્*** અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમય(કાળ દ્રવ્ય)ની સ્થિતિ પણ જાણવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં છએ દ્રવ્યોની કાળમર્યાદાનું નિરૂપણ છે. ધર્માસ્તિકાયાદિ છએ દ્રવ્યો અનાદિ અનંત છે. તેઓ હંમેશાં પોતાના સ્વરૂપમાં અવસ્થિત રહે છે.

**(૨૨) ચરમ દ્વાર :–**

**૧૨૫ चरिमे णं भंते ! पुच्छा ? गोयमा ! अणाईए सपज्जवसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચરમ જીવ કેટલા કાળ સુધી ચરમપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનાદિ-સાંત હોય છે.

**૧૨૬ अचरिमे णं भंते ! पुच्छा ? गोयमा ! अचरिमे दुविहे पण्णत्ते तं जहा- अणाईए वा अपज्जवसिए, साईए वा अपज्जवसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અચરમ જીવ કેટલા કાળ સુધી અચરમપણે રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અચરમના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અનાદિ અનંત અને (૨) સાદિ-અનંત.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચરમ-અચરમ જીવોની કાયસ્થિતિનું પ્રતિપાદન છે.

**ચરમ-અચરમ :–** જેનો ભવ **ચરમ** અર્થાત્ અંતિમ હોય, તે ચરમ કહેવાય છે, જે ચરમ અર્થાત્ અંતિમ ભવને કે અંતિમ સ્થિતિને પ્રાપ્ત કરવાના હોય, તેવા ભવી જીવોને પણ ચરમ કહે છે. તેની સ્થિતિ ભવી જીવોની અપેક્ષાએ અનાદિ સાંત છે.

જેના ભવનો અને સ્થિતિનો કદાપિ અંત થવાનો નથી. તેને અચરમ કહે છે. અભવી જીવોના અભવીપણાનો કદાપિ અંત થતો નથી તેથી તે અચરમ છે. તેની સ્થિતિ અનાદિ અનંત છે. તે જ રીતે સિદ્ધ જીવોની સિદ્ધ પર્યાયનો પણ કદાપિ અંત થતો નથી, તેથી તેઓ પણ અચરમ કહેવાય છે. તેની સ્થિતિ સાદિ અનંત છે.

**ચરમ–અચરમ જીવોની કાયસ્થિતિ :–**

| જીવ | સ્થિતિ | કારણ |
|---|---|---|
| ૧ ચરમ જીવ | અનાદિ સાંત | ભવી જીવોની અપેક્ષાએ(મોક્ષમાં જવાના છે તેથી) |
| ૨ અચરમ જીવ | અનાદિ અનંત | અભવી જીવોની અપેક્ષાએ(ક્યારે ય અંત થતો નથી.) |
| | સાદિ અનંત | સિદ્ધ ભગવાનની અપેક્ષાએ. (ક્યારે ય અંત થતો નથી.) |

**॥ અઢારમું પદ સંપૂર્ણ ॥**

# ઓગણીશમું પદ

## પરિચય

આ પદનું નામ **સમ્યક્ત્વ પદ** છે.

સમ્યક્ત્વ એટલે સમ્યગ્દર્શન. પ્રસ્તુત પદમાં સમ્યગ્દર્શન, મિથ્યાદર્શન અને મિશ્રદર્શન, એમ ત્રણે ય દર્શન સંબંધી વિચારણા છે. સમ્યગ્દર્શનમાં દર્શન શબ્દ, ચક્ષુ દ્વારા જોવાના અર્થમાં નહિ પરંતુ પદાર્થના વાસ્તવિક અને યથાતથ્ય જ્ઞાન તથા શ્રદ્ધાના અર્થમાં છે. તાત્પર્ય એ છે કે જિનેશ્વર કથિત તત્ત્વોની સમ્યક સમજ અને સમ્યક શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન–સમ્યક્ત્વ છે. સમ્યગ્દર્શનથી વિપરીત અવસ્થા એટલે અસમ્યક્ સમજ અને અસમ્યક્ શ્રદ્ધા, તે મિથ્યાદર્શન–મિથ્યાત્વ છે અને બંને પ્રકારની મિશ્ર અવસ્થા તે મિશ્રદર્શન–મિશ્રદષ્ટિ છે.

અનાદિકાલથી પ્રત્યેક સંસારી જીવ મિથ્યાદષ્ટિ જ હોય છે. ત્યાર પછી કાલલબ્ધિ પૂર્ણ થતાં ક્યારેક આત્મ પુરુષાર્થથી મિથ્યાત્વ મોહનીયકર્મનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થાય ત્યારે જીવને સમ્યગ્દષ્ટિ–સમ્યક્ત્વ પ્રગટ થાય છે અને ત્યાર પછી ક્યારેક મિશ્ર મોહનીય કર્મના ઉદયે જીવને મિશ્રદષ્ટિ પણ થાય છે.

જીવને એક સમયમાં એક જ દષ્ટિ હોય છે. દંડકની અપેક્ષાએ ૨૪ દંડકના જીવોમાં મિથ્યાદષ્ટિ હોય છે અને ત્રણ વિકલેન્દ્રિય અને ૧૬ પંચેન્દ્રિય, કુલ–૧૯ દંડકોમાં સમ્યગ્દષ્ટિ હોય છે. નૈરયિકોનો એક દંડક, દેવોના ૧૩ દંડક, સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યનો એક-એક દંડક, એમ કુલ ૧૬ પંચેન્દ્રિય દંડકના જીવોને મિશ્રદષ્ટિ હોય છે.

દંડકમાં સંખ્યાની અપેક્ષાએ પાંચ એકેન્દ્રિયોમાં એક મિથ્યાદષ્ટિ, ત્રણ વિકલેન્દ્રિયોમાં સમ્યગ્ અને મિથ્યા એમ બે દષ્ટિ, શેષ પંચેન્દ્રિયના ૧૬ દંડકમાં ત્રણ દષ્ટિ હોય છે.

દંડકમાં પર્યાપ્ત અપર્યાપ્તની અપેક્ષાએ (૧) મિથ્યાદષ્ટિ–૨૪ દંડકના પર્યાપ્ત-અપર્યાપ્તમાં હોય છે. (૨) સમ્યગ્દષ્ટિ–ત્રણ વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય ૧૬, એમ ૧૯ દંડકોના અપર્યાપ્ત તથા પંચેન્દ્રિય ૧૬, દંડકના પર્યાપ્તામાં હોય છે. (૩) મિશ્રદષ્ટિ પંચેન્દ્રિયોના ૧૬, દંડકોના પર્યાપ્તામાં જ હોય છે, અપર્યાપ્તામાં હોતી નથી.

સમ્યગ્દર્શન એ સાધના માર્ગનું અનિવાર્ય અંગ છે. સમ્યગ્દર્શનના પ્રભાવે જ જ્ઞાન અને ચારિત્ર સમ્યક બને છે. મિથ્યાદર્શન અનંત સંસાર પરિભ્રમણનું મૂળભૂત કારણ છે. આ રીતે જીવના સંસાર પરિભ્રમણ અને મોક્ષમાર્ગમાં મિથ્યાદર્શન અને સમ્યગ્દર્શનના પ્રાધાન્યને સ્વીકારીને આગમ ગ્રંથોમાં તેમજ અન્ય ગ્રંથોમાં અનેક સ્થાને ત્રણ પ્રકારના દર્શન, તેનું સ્વરૂપ વગેરે વિષયોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

❖❖❖❖❖

# ઓગણીસમું પદ : સમ્યક્ત્વ

**જીવોમાં સમ્યગ્દષ્ટિ આદિ :–**

**१** **जीवा णं भंते ! किं सम्मद्दिट्ठी मिच्छद्दिट्ठी सम्मामिच्छद्दिट्ठी ? गोयमा ! जीवा सम्मद्दिट्ठी वि मिच्छद्दिट्ठी वि सम्मामिच्छद्दिट्ठी वि । एवं णेरइया वि । असुरकुमारा वि एवं** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ શું સમ્યગ્દષ્ટિ છે, મિથ્યાદષ્ટિ છે કે સમ્યગ્મિથ્યાદષ્ટિ (મિશ્રદષ્ટિ) છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવ સમ્યગ્દષ્ટિ પણ છે, મિથ્યાદષ્ટિ પણ છે અને મિશ્રદષ્ટિ પણ છે. આ પ્રમાણે નૈરયિક જીવોમાં ત્રણે ય દષ્ટિઓ છે. અસુરકુમારોથી લઈ સ્તનિતકુમાર સુધીના ભવનપતિ દેવોમાં પણ ત્રણે ય દષ્ટિઓ છે.

**२** **पुढविक्काइया णं भंते ! किं सम्मदिट्ठी मिच्छद्दिट्ठी सम्मामिच्छद्दिट्ठी ? गोयमा ! पुढविक्काइया णो सम्मद्दिट्ठी, मिच्छद्दिट्ठी, णो सम्मामिच्छद्दिट्ठी । एवं** *जाव* **वणस्सइकाइया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો શું સમ્યગ્દષ્ટિ છે, મિથ્યાદષ્ટિ છે કે મિશ્રદષ્ટિ છે? **ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવ સમ્યગ્દષ્ટિ નથી, મિથ્યાદષ્ટિ હોય છે અને મિશ્રદષ્ટિ નથી. આ જ પ્રમાણે અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક જીવોના વિષયમાં જાણવું જોઈએ અર્થાત્ પાંચે ય સ્થાવર જીવોમાં એક મિથ્યાદષ્ટિ હોય છે.

**३** **बेइंदिया णं भंते ! किं सम्मदिट्ठी मिच्छादिट्ठी सम्मामिच्छद्दिट्ठी ? गोयमा ! बेइंदिया सम्मद्दिट्ठी वि, मिच्छद्दिट्ठी वि, णो सम्मामिच्छद्दिट्ठी । एवं** *जाव* **चउरिंदिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવો શું સમ્યગ્દષ્ટિ છે, મિથ્યાદષ્ટિ છે કે મિશ્રદષ્ટિ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બેઇન્દ્રિય જીવો સમ્યગ્દષ્ટિ પણ હોય છે, મિથ્યાદષ્ટિ પણ હોય છે, મિશ્રદષ્ટિ હોતા નથી. આ જ રીતે ચૌરેન્દ્રિય સુધી જાણવું.

**४** **पंचेंदियतिरिक्खजोणिया मणुस्सा वाणमंतरजोइसियवेमाणिया य सम्मद्दिट्ठी वि, मिच्छद्दिट्ठी वि, सम्मामिच्छद्दिट्ठी वि ।**

**ભાવાર્થ :–** પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યો તથા વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો સમ્યગ્દષ્ટિ પણ હોય છે, મિથ્યાદષ્ટિ પણ હોય છે અને મિશ્રદષ્ટિ પણ હોય છે.

**५** **सिद्धा णं भंते ! किं सम्मदिट्ठी मिच्छादिट्ठी सम्मामिच्छद्दिट्ठी पुच्छा ? गोयमा ! सिद्धा णं सम्मद्दिट्ठी, णो मिच्छद्दिट्ठी णो सम्मामिच्छद्दिट्ठी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સિદ્ધ ભગવાન શું સમ્યગ્દષ્ટિ છે, મિથ્યાદષ્ટિ છે કે મિશ્રદષ્ટિ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સિદ્ધ ભગવાન સમ્યગ્દષ્ટિ છે, તેઓ મિથ્યાદષ્ટિ કે મિશ્રદષ્ટિ નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય, સંસારી જીવો અને સિદ્ધજીવોમાં દષ્ટિનું નિરૂપણ છે. વીતરાગ સિદ્ધાંતના જ્ઞાન અને શ્રદ્ધાની અપેક્ષાએ દષ્ટિના ત્રણ પ્રકાર છે.

**(૧) સમ્યગ્દષ્ટિ :– सम्यग्-अविपरीता दृष्टि-दर्शनं रुचिस्तत्त्वानि प्रति येषां ते सम्यग्दृष्टिकाः ।** જીવાદિ તત્ત્વો પ્રતિ જેની યથાર્થ દષ્ટિ–શ્રદ્ધા, રુચિ હોય તે સમ્યગ્દષ્ટિ છે.

**(૨) મિથ્યાદષ્ટિ :–** સમ્યગ્દષ્ટિથી વિપરીત દષ્ટિ હોય અર્થાત્ જે જીવાદિ તત્ત્વોને યથાર્થ રૂપે જાણતા નથી કે શ્રદ્ધા કરતા નથી, તે મિથ્યાદષ્ટિ છે.

**(૩) મિશ્રદષ્ટિ :– सम्यग् मिथ्या च दृष्टिर्येषां ते सम्यग्मिथ्यादृष्टिकाः जिनोक्त भावान् प्रति उदासीनाः।** – જે જીવોની દષ્ટિ સમ્યક્ પણ ન હોય અને મિથ્યા પણ ન હોય, જે જિનેશ્વરના વચનો પ્રતિ રુચિ કે અરુચિ બંને પ્રકારના ભાવોથી રહિત ઉદાસીન હોય તે મિશ્રદષ્ટિ છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં જ મિશ્રદષ્ટિ હોય છે. તેની સ્થિતિ અંતર્મુહૂર્તની જ છે. ત્યાર પછી તે જીવ સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદષ્ટિને પ્રાપ્ત કરે છે. કોઈ પણ જીવને અપર્યાપ્તાવસ્થામાં મિશ્રદષ્ટિ હોતી નથી. મિશ્રદષ્ટિમાં આયુષ્યનો બંધ થતો નથી કે જીવનું મૃત્યુ પણ થતું નથી.

આ ત્રણે દષ્ટિ પરસ્પર પ્રતિપક્ષી અર્થાત્ એક જીવમાં એકી સાથે તે દષ્ટિઓ હોતી નથી પરંતુ એક સમયમાં કોઈ પણ એક દષ્ટિ જ હોય છે. સમૂહની અપેક્ષાએ અર્થાત્ દંડક આદિમાં બે-ત્રણ દષ્ટિ હોય છે.

**નારક–દેવોમાં દષ્ટિ :–** સમૂહની અપેક્ષાએ નારકી તથા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવ આ પ્રત્યેક દંડકમાં ત્રણ-ત્રણ દષ્ટિ હોય છે અને એક જીવને પણ એક ભવમાં ત્રણ દષ્ટિ હોઈ શકે છે પરંતુ દરેક જીવને એક સમયમાં એક દષ્ટિ જ હોય છે.

અહીં દેવોનું કથન દંડક અનુસાર છે પરંતુ તેના અન્ય ભેદોમાંથી ત્રણ કિલ્વીષી અને ૧૫ પરમાધામી દેવોમાં એક મિથ્યાદષ્ટિ હોય છે અને અનુત્તરવિમાનના દેવોમાં એક સમ્યગ્દષ્ટિ જ હોય છે. છ નરકના અપર્યાપ્તમાં બે દષ્ટિ અને સાતમી નરકના અપર્યાપ્તમાં એક મિથ્યાદષ્ટિ હોય છે. સર્વ પર્યાપ્ત નરક અને દેવોમાં ત્રણ દષ્ટિ હોય છે.

**તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં દષ્ટિ :–** સમુચ્ચય કથનની અપેક્ષાએ આ બંને દંડકના જીવોમાં ત્રણ-ત્રણ દષ્ટિ હોય છે. તેમ છતાં ભેદ-પ્રભેદોની અપેક્ષાએ સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં એક મિથ્યાદષ્ટિ અને કર્મભૂમિના સંજ્ઞી મનુષ્યોમાં ત્રણ દષ્ટિ છે. કર્મભૂમિ અને અકર્મભૂમિના સમસ્ત મનુષ્ય-તિર્યંચ યુગલિકોમાં દષ્ટિનું પરિવર્તન થતું ન હોવાથી ત્યાં મિશ્રદષ્ટિ હોતી નથી. તેઓને બે દષ્ટિ હોય છે, પરંતુ ખેચર તિર્યંચ યુગલિકમાં એક મિથ્યાદષ્ટિ હોય છે. ૫૬ અંતરદ્વીપના સમસ્ત યુગલિક તિર્યંચ કે મનુષ્યમાં એક મિથ્યાદષ્ટિ જ હોય છે.

**પાંચ સ્થાવરમાં દષ્ટિ :–** પાંચ સ્થાવર જીવોમાં એક મિથ્યાદષ્ટિ જ હોય છે. તેમાં આત્મવિકાસ કે વિશિષ્ટ પુરુષાર્થના અભાવે સમ્યગ્દષ્ટિ અને મિશ્રદષ્ટિનો નિષેધ છે.

**ત્રણ વિકલેન્દ્રિયોમાં દષ્ટિ :–** તેમાં સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ બે દષ્ટિ હોય છે, કોઈ જીવ સમ્યગ્દર્શનથી પતિત થતાં મિથ્યાત્વને પ્રાપ્ત થાય તે પહેલાં આયુષ્ય પૂર્ણ કરીને વિકલેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય તે અપેક્ષાએ વિકલેન્દ્રિય જીવોની અપર્યાપ્ત દશામાં સાસ્વાદન સમકિત હોય છે. તે સિવાય સમસ્ત અપર્યાપ્તા અને પર્યાપ્તા વિકલેન્દ્રિયોમાં એક મિથ્યાદષ્ટિ જ હોય છે.

**સિદ્ધોમાં દષ્ટિ :–** એક સમ્યગ્દષ્ટિ(ક્ષાયક સમ્યકત્વ) જ હોય છે.

**જીવોમાં દષ્ટિ :–**

| જીવ | અપર્યાપ્તામાં દષ્ટિ | પર્યાપ્તામાં દષ્ટિ |
|---|---|---|
| ૧ થી ૬ નરક | ૨ સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ | ૩ દષ્ટિ |
| ૭ મી નરક | ૧ મિથ્યાદષ્ટિ | ૩ દષ્ટિ |
| ૧૦ ભવનપતિ દેવ | ૨ દષ્ટિ – મિશ્ર દષ્ટિ વર્જીને | ૩ દષ્ટિ |
| ૧૫ પરમાધામી દેવ | ૧ મિથ્યાદષ્ટિ | ૧ મિથ્યાદષ્ટિ |
| વ્યંતર દેવ | ૨ દષ્ટિ – મિશ્ર દષ્ટિ વર્જીને | ૩ દષ્ટિ |
| જ્યોતિષી દેવ | ૨ દષ્ટિ– મિશ્ર દષ્ટિ વર્જીને | ૩ દષ્ટિ |
| ૧૨ દેવલોક અને ૯ ગ્રૈવેયક | ૨ દષ્ટિ– મિશ્ર દષ્ટિ વર્જીને | ૩ દષ્ટિ |
| ૯ લોકાંતિક દેવ | ૨ દષ્ટિ– મિશ્ર દષ્ટિ વર્જીને | ૩ દષ્ટિ (પરંપરાએ મુખ્ય દેવોમાં સમ્યગ્દષ્ટિ) |
| ૩ કિલ્વીષી | ૧ મિથ્યાદષ્ટિ | ૧ મિથ્યાદષ્ટિ |
| ૫ અનુત્તર વિમાન | ૧ સમ્યગ્દષ્ટિ | ૧ સમ્યગ્દષ્ટિ |
| ૫ સ્થાવર | ૧ મિથ્યાદષ્ટિ | ૧ મિથ્યાદષ્ટિ |
| ૩ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | ૨ સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ | ૧ મિથ્યાદષ્ટિ |
| સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | ૨ દષ્ટિ– મિશ્ર દષ્ટિ વર્જીને | ૩ દષ્ટિ |
| સ્થલચર યુગલિક | ૨ સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ | ૨ દષ્ટિ |
| ખેચર યુગલિક | ૧ મિથ્યાદષ્ટિ | ૧ મિથ્યાદષ્ટિ |
| સંમૂર્ચ્છિમ મનુષ્ય | ૧ મિથ્યાદષ્ટિ | ૧ મિથ્યાદષ્ટિ |
| કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય | ૨ દષ્ટિ– મિશ્ર દષ્ટિ વર્જીને | ૩ દષ્ટિ |
| કર્મભૂમિના યુગલિક અને ૩૦ અકર્મભૂમિના યુગલિક મનુષ્ય | ૨ દષ્ટિ– મિશ્ર દષ્ટિ વર્જીને | ૨ દષ્ટિ |
| ૫૬ અંતરદ્વીપના યુગલિક મનુષ્ય અને તિર્યંચ | ૧ મિથ્યાદષ્ટિ | ૧ મિથ્યાદષ્ટિ |
| સિદ્ધ | ૧ સમ્યગ્દષ્ટિ (તેઓ નોપર્યાપ્ત નોઅપર્યાપ્ત છે.) | |

**॥ ઓગણીશમું પદ સંપૂર્ણ ॥**

# વીસમું પદ

## પરિચય

આ પદનું નામ **અંતક્રિયા પદ** છે. તેમાં વિવિધ દૃષ્ટિકોણથી અંતક્રિયા અને તેને લગતી કેટલીક પ્રાપ્ત થનારી ઉપલબ્ધિઓની વિચારણા છે.

અંતક્રિયા એટલે ભવપરંપરાનો તથા કર્મોનો સર્વથા અંત કરનારી ક્રિયા અર્થાત્ મોક્ષ પ્રાપ્તિને યોગ્ય ક્રિયાને અંતક્રિયા કહે છે. આ પદમાં વિષયનું પ્રતિપાદન દશ દ્વારોના માધ્યમે કર્યું છે.

**(૧) અંતક્રિયા દ્વાર :–** ૨૪ દંડકના જીવોમાંથી માત્ર મનુષ્યો જ જ્ઞાન, દર્શન અને ચારિત્રની પૂર્ણતાને પામીને અંતક્રિયા કરી શકે છે. શેષ ૨૩ દંડકના જીવોમાં અંતક્રિયા કરવાની યોગ્યતાનો અભાવ છે. તે જીવો ભવપરંપરામાં મનુષ્ય જન્મ પામીને અંતક્રિયા કરી શકે છે.

**(૨) અનંતર દ્વાર :–** ૨૪ દંડકના જીવોમાંથી કયા જીવો અનંતર મનુષ્ય ભવમાં અને કયા જીવો પરંપર મનુષ્ય ભવમાં અંતક્રિયા કરી શકે છે, તેની વિચારણા છે. તેઉકાય, વાઉકાય તથા ત્રણ વિકલેન્દ્રિય આ પાંચ દંડકના જીવો અને અંતિમ ત્રણ નરકના જીવો અનંતર ભવમાં અંતક્રિયા કરી શકતા નથી પરંતુ પરંપર ભવમાં ક્યારેક મનુષ્ય જન્મ પામીને અંતક્રિયા કરી શકે છે. શેષ ૧૯ દંડકના જીવો(પૃથ્વી, પાણી, વનસ્પતિ સહિત પંચેન્દ્રિય જીવો) અને પ્રથમ ૪ નરકના જીવો અનંતર અને પરંપર બંને પ્રકારે અંતક્રિયા કરી શકે છે.

**(૩) એક સમયદ્વાર :–** અનંતરાગત અંતક્રિયા કરી શકનાર નૈરયિકાદિ એક સમયમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ કેટલી સંખ્યામાં અંતક્રિયા કરે છે ? તેની પ્રરૂપણા છે.

**(૪) ઉદ્વૃતદ્વાર :–** નૈરયિકાદિ ૨૪ દંડકના જીવો મૃત્યુ પામી ૨૪ દંડકમાં ક્યાં ક્યાં ઉત્પન્ન થાય છે તેનું વર્ણન છે. તે ઉપરાંત મૃત્યુ પામી તે-તે સ્થાનોમાં ગયા પછી જીવ ક્રમશઃ ધર્મશ્રવણ, બોધ(ધર્મ), શ્રદ્ધા, મતિ-શ્રુતજ્ઞાન, વ્રતગ્રહણ, અવધિજ્ઞાન, અણગારત્વ, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન અને અંતક્રિયા આ દશ બોલમાંથી કેટલા બોલ(સિદ્ધિ) પ્રાપ્ત કરી શકે છે ? તેની વિચારણા છે.

**(૫) તીર્થંકરદ્વાર :–** ૨૪ દંડકના જીવોમાંથી કયા જીવો મરીને, સીધા મનુષ્યભવમાં આવીને તીર્થંકર પદવી પામી શકે છે. તીર્થંકર પદવી ન પામનારા જીવો અંતક્રિયા (મોક્ષ), વિરતિ, વિરતાવિરતિ (શ્રાવકપણું), સમ્યક્ત્વ ધર્મશ્રવણ, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન આદિમાંથી શું મેળવી શકે છે ? તેની વિચારણા છે.

**૬ થી ૧૦ દ્વારમાં–** ક્રમશઃ ચક્રવર્તીપદ, બળદેવપદ, વાસુદેવપદ, માંડલિકપદ અને ચક્રવર્તીનાં ૧૪ રત્નોની આગતિનું નિરૂપણ છે.

અંતે અસંયત ભવ્યદ્રવ્યદેવ, અવિરાધક સંયમી, વિરાધક સંયમી,અવિરાધક શ્રાવક, વિરાધક શ્રાવક, અસંજ્ઞી તિર્યંચ તાપસ, કાન્દર્પિક, ચરક પરિવ્રાજક, કિલ્વિષિક, સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, આજીવિક, આભિયોગિક, દર્શન ભ્રષ્ટ સ્વલિંગી જીવોની દેવોમાં ઉત્પત્તિ અને ચાર પ્રકારના અસંજ્ઞી આયુષ્ય સંબંધી નિરૂપણ છે.

❖❖❖❖❖

# વીસમું પદ : અંતક્રિયા

**પદના વિષય દર્શક દસ દ્વાર :-**

**१** **णेरइय अंतकिरिया, अणंतरं एगसमय उव्वट्टणा ।**
**तित्थयर चक्कि बल, वासुदेव मंडलिय रयणा य ॥१॥**

**ભાવાર્થ :– ગાથાર્થ–** (૧) નૈરયિક આદિ જીવોની અંતક્રિયા, (૨) અનંતરાગત જીવોની અંતક્રિયા, (૩) એક સમયમાં અંતક્રિયા, (૪) જીવોની ઉત્પત્તિ, (૫) તીર્થંકર, (૬) ચક્રવર્તી, (૭) બળદેવ, (૮) વાસુદેવ, (૯) માંડલિક અને (૧૦) રત્ન.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્ર(ગાથા)માં સંપૂર્ણ પદમાં વર્ણિત અંતક્રિયા આદિ દશ વિષયોના નામ નિર્દેશ કરવામાં આવ્યા છે.

**(૧) અંતક્રિયા દ્વાર :–** નારકાદિ ૨૪ દંડકોના જીવોની અંતક્રિયા સંબંધી પ્રરૂપણા છે.

**(૨) અનંતર દ્વાર :–** ૨૪ દંડકના જીવોમાંથી અનંતરાગત અને પરંપરાગત જીવની અંતક્રિયાનું નિરૂપણ છે.

**(૩) એક સમય દ્વાર :–** એક સમયમાં અંતક્રિયા કરનાર જીવોની સંખ્યા સંબંધિત પ્રશ્નોત્તર છે.

**(૪) જીવોની ઉત્પત્તિ દ્વાર :–** ૨૪ દંડકના જીવોની ૨૪ દંડકમાંથી ઉત્પત્તિના કથન સાથે તે-તે જીવોના ધર્મશ્રવણાદિ અધ્યાત્મવિકાસનું નિરૂપણ છે.

**(૫) તીર્થંકર દ્વાર :–** ૨૪ દંડકના જીવો મનુષ્ય જન્મ ધારણ કરીને તીર્થંકરપદ પામી શકે, તેનું વર્ણન છે.

**(૬) ચક્રી દ્વાર :–** ૨૪ દંડકમાંથી મનુષ્યમાં આવીને ચક્રવર્તીપદ કોણ પામે, તેની વિચારણા છે.

**(૭) બળદેવ દ્વાર :–** બળદેવ પદની પ્રાપ્તિ સંબંધી વર્ણન છે.

**(૮) વાસુદેવ દ્વાર :–** વાસુદેવ પદની પ્રાપ્તિ સંબંધી વર્ણન છે.

**(૯) માંડલિક દ્વાર :–** માંડલિક રાજાના પદની પ્રાપ્તિ સંબંધી નિરૂપણ છે.

**(૧૦) રત્ન દ્વાર :–** ચક્રવર્તીનાં ચૌદ રત્નોની પ્રાપ્તિ સંબંધી નિરૂપણ છે.

**(૧)અંતક્રિયા દ્વાર :-**

**२** **जीवे णं भंते ! अंतकिरियं करेज्जा ? गोयमा ! अत्थेगइए करेज्जा, अत्थेगइए णो करेज्जा । एवं णेरइए** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ અંતક્રિયા કરે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! કોઈ જીવ અંતક્રિયા કરે છે અને કોઈ જીવ અંતક્રિયા કરતા નથી. આ જ રીતે નૈરયિકથી લઈ વૈમાનિક સુધીના જીવોની અંતક્રિયાના વિષયમાં પણ સમજી લેવું જોઈએ.

**३** **णेरइए णं भंते ! णेरइएसु अंतकिरियं करेज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ : પ્રશ્ન–** હે ભગવન્ ! નારકી શું નરકગતિમાં રહીને અંતક્રિયા કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી.

**૪ णेरइए णं भंते ! असुरकुमारेसु अंतकिरियं करेज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं** *जाव* **वेमाणिएसु, णवरं मणूसेसु अंतकिरियं अत्थेगइए करेज्जा, अत्थेगइए णो करेज्जा। एवं असुरकुमारे** *जाव* **वेमाणिए । एवमेते चउवीसं चउवीसदंडगा ।**

**ભાવાર્થ : પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક શું અસુરકુમાર જાતિના દેવભવમાં અંતક્રિયા કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી. તે જ રીતે વૈમાનિકો સુધીના દંડકમાં અંતક્રિયા સંબંધી અશક્યતા સમજી લેવી જોઈએ પરંતુ તેમાં વિશેષતા એ છે કે કેટલાક નારકી જીવો મનુષ્યમાં આવીને અંતક્રિયા કરે છે અને કેટલાક કરતા નથી.

આ રીતે નારકીની સમાન શેષ અસુરકુમારથી લઈ વૈમાનિક દેવ પર્યંત ૨૩ દંડકનું કથન કરવું જોઈએ અર્થાત્ તે સર્વ દંડકના જીવો એક માત્ર મનુષ્યપણે ઉત્પન્ન થઈને અંતક્રિયા કરે છે અન્યત્ર ક્યાંય અંતક્રિયા કરતા નથી. આ રીતે ૨૪ દંડકના જીવોમાંથી પ્રત્યેક જીવનું ચોવીશ દંડકોમાં અંતક્રિયા સંબંધી નિરૂપણ કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જીવોની અંતક્રિયાનું નિરૂપણ છે.

**अंतकिरियं :–** અંતક્રિયા, મોક્ષ. અંતક્રિયા શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે છે– **अंतकिरियामिति-अंतः अवसानं, तच्च प्रस्तावादिह कर्मणामवसातव्यम्, तस्य क्रियाकरणमंतक्रिया-कर्मान्तकरण मोक्ष इति भावार्थः ।** અંત, સમાપ્તિ. પ્રસંગાનુસાર અહીં **કર્મોનો અંત** આ અર્થ સમજવો. તેની ક્રિયા=તે સંબંધીક્રિયા, તે અંતક્રિયા અર્થાત્ કર્મોનો અંત કરવા રૂપ મોક્ષ. સંક્ષેપમાં– મોક્ષ પ્રાપ્તિની ક્રિયા. આ પદમાં મુખ્ય દશ વિષયોનું નિરૂપણ છે. તેમાંથી પ્રારંભના ત્રણ વિષયો અંતક્રિયા સંબંધી એટલે મોક્ષ પ્રાપ્તિ સંબંધી હોવાથી આ પદનું નામ અંતક્રિયા છે. તે સિવાય સાત વિષયો આગતિ-ગતિ સંબંધી છે.

જૈનદર્શનની માન્યતા અનુસાર પ્રત્યેક જીવ અનાદિકાલથી પોતાના સ્વરૂપનો અજાણ હોવાથી ભવભ્રમણ કરી રહ્યો છે, જન્મ-મરણના ચક્રમાં ફરી રહ્યો છે પરંતુ જ્યારે જીવને પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય ત્યાર પછી સવળા પુરુષાર્થે તે સર્વ કર્મોથી મુક્ત થઈ શકે છે. જે જીવો તથાપ્રકારનો પુરુષાર્થ કરતા નથી તે અંતક્રિયા કરતા નથી.

વિશેષમાં મોક્ષગમનની યોગ્યતાવાળા ભવી જીવો મનુષ્ય જન્મમાં સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રની સાધના કરતાં તેની પરિપૂર્ણતા માટે પુરુષાર્થ કરે છે, તેવા જીવો સર્વ કર્મોનો ક્ષય કરીને અંતક્રિયા કરે છે. મોક્ષગમનની યોગ્યતા ન હોય તેવા અભવી જીવો જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરી શકતા નથી, તેથી તે જીવો અંતક્રિયા કરી શકતા નથી; પરંતુ તે અભવી જીવો વ્યવહારથી ચારિત્રનો સ્વીકાર કરીને, તેનું યથોચિત પાલન કરતાં નવગ્રૈવેયક સુધીના દેવોમાં ઉત્પન્ન થઈને ભૌતિક સુખોને મેળવી શકે છે.

સંક્ષેપમાં ભવી જીવો અંતક્રિયા કરે છે, અભવી જીવો અંતક્રિયા કરતા નથી. ૨૪ દંડકના ભવી જીવોમાંથી **એક કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો જ અંતક્રિયા કરી શકે છે, અન્ય કોઈ પણ જીવો અંતક્રિયા કરતા નથી.**

કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો ચારિત્ર અંગીકાર કરી શકે છે તેથી તે જીવો પૂર્ણપણે ચારિત્રની આરાધના કરીને અંતક્રિયા કરી શકે છે. મનુષ્યને છોડીને શેષ ૨૩ દંડકના જીવો ચારિત્રની આરાધના કરી શકતા ન હોવાથી અંતક્રિયા કરી શકતા નથી. જોકે ૨૩ દંડકના જીવો તે ભવમાં અંતક્રિયા કરતા નથી તોપણ તે જીવો ભવિષ્યમાં મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને યોગ્ય પુરુષાર્થ દ્વારા અંતક્રિયા કરી શકે છે.

પ્રસ્તુત સૂત્રોમાં પ્રત્યેક દંડકના જીવોમાં ૨૪-૨૪ દંડકની અપેક્ષાએ પ્રશ્નોત્તર સંક્ષેપમાં છે. તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

આ રીતે ૨૪ દંડકના જીવોમાં પરસ્પર ૨૪ દંડકની અપેક્ષાએ ૨૪×૨૪=૫૭૬ પ્રશ્નોત્તર થાય છે.

**(૨) અનંતર દ્વાર :–**

**૫ णेरइया णं भंते! किं अणंतरागया अंतकिरियं करेंति, परंपरागया अंतकिरियं करेंति? गोयमा ! अणंतरागया वि अंतकिरियं करेंति, परंपरागया वि अंतकिरियं करेंति । एवं रयणप्पभापुढविणेरइया वि** *जाव* **पंकप्पभापुढविणेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નારકી જીવો શું અનંતરાગત અંતક્રિયા કરે છે કે પરંપરાગત અંતક્રિયા કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતરાગત અંતક્રિયા પણ કરે છે અને પરંપરાગત અંતક્રિયા પણ કરે છે. આ જ રીતે પ્રથમ રત્નપ્રભાપૃથ્વીના નૈરયિકોથી લઈને ચોથી પંકપ્રભા નરકભૂમિના નૈરયિકો સુધીની અંતક્રિયાના વિષયમાં જાણવું જોઈએ.

**૬ धूमप्पभापुढविणेरइया णं भंते ! किं अणंतरागया अंतकिरियं करेंति, परंपरागया अंतकिरियं करेंति ? गोयमा ! णो अणंतरागया अंतकिरियं करेंति, परंपरागया अंतकिरियं करेंति । एवं** *जाव* **अहेसत्तमा पुढविणेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પાંચમી ધૂમપ્રભાપૃથ્વીના નૈરયિકો શું અનંતરાગત અંતક્રિયા કરે છે કે પરંપરાગત અંતક્રિયા કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે જીવો અનંતરાગત અંતક્રિયા કરતા નથી, પરંતુ પરંપરાગત અંતક્રિયા કરે છે. આ જ રીતે સાતમી નરક પૃથ્વીના નૈરયિકોની અંતક્રિયાના વિષયમાં જાણવું જોઈએ.

**૭ असुरकुमारा** *जाव* **थणियकुमारा, पुढवि-आउ-वणस्सइकाइया य अणंतरागया वि अंतकिरियं करेंति, परंपरागया वि अंतकिरियं करेंति ।**

**ભાવાર્થ :–** અસુરકુમારથી સ્તનિતકુમાર સુધીના ભવનપતિ દેવો તથા પૃથ્વીકાયિકો, અપ્કાયિકો અને વનસ્પતિકાયિકો અનંતરાગત અંતક્રિયા પણ કરે છે અને પરંપરાગત અંતક્રિયા પણ કરે છે.

**૮ तेउ-वाउ-बेइंदिय-तेइंदिय-चउरिंदिया णो अणंतरागया अंतकिरियं पकरेंति, परंपरागया अंतकिरियं पकरेंति । सेसा अणंतरागया वि अंतकिरियं पकरेंति, परंपरागया वि अंतकिरियं पकरेंति ।**

**ભાવાર્થ :–** તેજસ્કાયિક, વાયુકાયિક, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવો અનંતરાગત અંતક્રિયા કરતા નથી, પરંતુ તે જીવો પરંપરાગત અંતક્રિયા કરે છે. શેષ સર્વ જીવો અર્થાત્ તિર્યંચપંચેન્દ્રિયો, મનુષ્યો તથા વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો અનંતરાગત અને પરંપરાગત બંને રીતે અંતક્રિયા કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અનંતરાગત અને પરંપરાગત અંતક્રિયા સંબંધી નિરૂપણ છે.

**અનંતરાગતની અંતક્રિયા :–** નરક આદિ ભવમાંથી નીકળીને સીધા જ મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી, કર્મોનો અંત કરનારની અંતક્રિયા અનંતરાગતની અંતક્રિયા કહેવાય છે.

**પરંપરાગતની અંતક્રિયા :–** નરક આદિ ભવમાંથી નીકળીને તિર્યંચ આદિ ગતિના એક કે અનેક ભવો પ્રાપ્ત કર્યા પછી મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી કર્મોનો અંત કરનારની અંતક્રિયા પરંપરાગતની અંતક્રિયા કહેવાય છે.

**નૈરયિકોમાં બંને પ્રકારની અંતક્રિયા :–** સમુચ્ચય નારકી જીવ બંને પ્રકારની અંતક્રિયા કરે છે. તેમાં કેટલાક નૈરયિકો નરકમાંથી નીકળીને સીધા મનુષ્યમાં આવી અનંતરાગત અંતક્રિયા કરે છે અને કેટલાક નૈરયિકો નરકમાંથી નીકળી તિર્યંચ આદિના એક કે અનેક ભવ કરીને પરંપરાગત અંતક્રિયા કરે છે.

રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા અને પંકપ્રભા, આ ચારે નરક ભૂમિઓના નારકી અનંતરાગત અને પરંપરાગત બંને પ્રકારની અંતક્રિયા કરે છે. શેષ ધૂમપ્રભા, તમઃપ્રભા અને તમસ્તમઃપ્રભા, આ ત્રણ નરકભૂમિઓના નારકી જીવો માત્ર પરંપરાગત અંતક્રિયા કરે છે; કારણ કે પ્રથમ ચાર નરકના નારકી જ અનંતર મનુષ્ય જન્મ પામીને મોક્ષે જાય છે. પાંચમી, છઠ્ઠી નરકના નારકી અનંતર મનુષ્ય જન્મ ધારણ કરે છે, પણ કેવળ જ્ઞાન પામી શકતા નથી. તે જીવો મનઃપર્યવજ્ઞાન પ્રાપ્તિ સુધીનો જ આત્મવિકાસ કરી શકે છે.

**અસુરકુમારાદિ ૧૮ દંડકોમાં બંને પ્રકારની અંતક્રિયા :–** અસુરકુમારાદિ ૧૦ ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો તથા પૃથ્વી, પાણી, વનસ્પતિ, તિર્યંચ પંચેંદ્રિય અને મનુષ્ય; આ અઢાર દંડકના જીવો અનંતરાગત અને પરંપરાગત બંને પ્રકારની અંતક્રિયા કરે છે. તે જીવો સીધા મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને પણ અનંતરાગત અંતક્રિયા કરે છે અને વચ્ચે અન્ય ભવ કરીને પછી પણ મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી ત્યાં પરંપરાગત અંતક્રિયા કરે છે.

**તેજસ્કાયિક આદિ પાંચ દંડકોમાં એક પ્રકારની અંતક્રિયા :–** તેજસ્કાયિક, વાયુકાયિક અને ત્રણ વિકલેંદ્રિય; આ પાંચ દંડકના જીવો ધૂમપ્રભા આદિ ત્રણ નરકના નારકીની જેમ અનંતરાગત અંતક્રિયા કરતા નથી પરંતુ પરંપરાગત અંતક્રિયા કરે છે. તેમાં તેજસ્કાયિક અને વાયુકાયિક જીવો મરીને મનુષ્ય થતા નથી અને વિકલેન્દ્રિય જીવો મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને પણ સ્વભાવથી જ અનંતરાગત અંતક્રિયા કરતા નથી.

**(૩) એક સમય દ્વાર :–**

**૯ अणंतरागया णं भंते ! णेरइया एगसमएणं केवइया अंतकिरियं पकरेंति ? गोयमा! जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं दस । रयणप्पभापुढविणेरइया वि एवं चेव *जाव* वालुयप्पभापुढविणेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેટલા અનંતરાગત નારયિકો એક સમયમાં અંતક્રિયા કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક સમયમાં જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ દશ નૈરયિકો અનંતરાગત અંતક્રિયા કરે છે. તે જ રીતે રત્નપ્રભા પૃથ્વી ***યાવત્*** વાલુકાપ્રભા પૃથ્વીના ઉત્કૃષ્ટ દશ નૈરયિકો અનંતરાગત અંતક્રિયા કરે છે.

**૧૦ अणंतरागया णं भंते ! पंकप्पभापुढविणेरइया एगसमएणं केवइया अंतकिरियं पकरेंति? गोयमा ! जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं चत्तारि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંકપ્રભાપૃથ્વીના કેટલા નૈરયિકો એક સમયમાં અનંતરાગત અંતક્રિયા કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ ચાર નૈરયિકો અનંતરાગત અંતક્રિયા કરે છે.

**११** **अणंतरागया णं भंते ! असुरकुमारा एगसमएणं केवइया अंतकिरियं पकरेंति ? गोयमा ! जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं दस ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેટલા અસુરકુમારો એક સમયમાં અનંતરાગત અંતક્રિયા કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક સમયમાં જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ દશ અસુરકુમાર દેવો અનંતરાગત અંતક્રિયા કરે છે.

**१२** **अणंतरागयाओ णं भंते ! असुरकुमारीओ एगसमएणं केवइयाओ अंतकिरियं पकरेंति? गोयमा ! जहण्णेणं एक्का वा दो वा तिण्णि वा, उक्कोसेणं पंच । एवं जहा असुरकुमारा सदेवीया तहा** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેટલી અસુરકુમાર દેવીઓ એક સમયમાં અનંતરાગત અંતક્રિયા કરે છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ પાંચ અસુરકુમાર દેવીઓ અનંતરાગત અંતક્રિયા કરે છે. આ જ રીતે સ્તનિતકુમારો સુધીના ભવનપતિ દેવદેવીઓની એક સમયમાં અંતક્રિયા સંબંધી સંખ્યા જાણવી જોઈએ. અર્થાત્ એક સમયમાં સ્તનિતકુમાર સુધીના દશ દેવો અને પાંચ દેવીઓ અનંતરાગત અંતક્રિયા કરે છે.

**१३** **अणंतरागया णं भंते ! पुढविक्काइया एगसमएणं केवइया अंतकिरियं पकरेंति ?**

**गोयमा ! जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं चत्तारि । एवं आउक्काइया वि चत्तारि । वणस्सइकाइया छ । पंचेंदियतिरिक्खजोणिया दस । तिरिक्खजोणिणीओ दस । मणूसा दस । मणूसीओ वीसं । वाणमंतरा दस । वाणमंतरीओ पंच । जोइसिया दस । जोइसिणीओ वीसं । वेमाणिया अट्ठसयं । वेमाणिणीओ वीसं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેટલા પૃથ્વીકાયિક જીવો એક સમયમાં અનંતરાગત અંતક્રિયા કરે છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક, બે અને ત્રણ, ઉત્કૃષ્ટ ચાર પૃથ્વીકાયિક જીવો અનંતરાગત અંતક્રિયા કરે છે.

આ જ રીતે એક સમયમાં જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ ચાર અપ્કાયિક જીવો અનંતરાગત અંતક્રિયા કરે છે; છ વનસ્પતિકાયિક, દશ તિર્યંચ પંચેન્દ્રિય, દશ તિર્યંચાણી, દશ મનુષ્ય, વીસ મનુષ્યાણી, દશ વાણવ્યંતર, પાંચ વાણવ્યંતરદેવીઓ, દશ જ્યોતિષ્ક દેવો, વીસ જ્યોતિષ્ક દેવીઓ, એકસો આઠ વૈમાનિક દેવો, વીસ વૈમાનિક દેવીઓ મનુષ્યમાં આવીને અનંતરાગત અંતક્રિયા કરે છે.

**વિવેચન :–**

બીજા અનંતર દ્વારમાં સૂત્રકારે ૨૪ દંડકમાંથી કયા દંડકના જીવો અનંતર(અંતર વિના) મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને અંતક્રિયા કરે છે તેનું સ્પષ્ટીકરણ કર્યું છે. ત્રીજા **એક સમય દ્વાર**માં નરકાદિમાંથી નીકળીને, મનુષ્ય જન્મ ધારણ કરી એક સમયમાં સિદ્ધ થતાં જીવોની સંખ્યાનું નિરૂપણ છે.

**નૈરયિકો :–** સમુચ્ચય નરક ગતિમાંથી નીકળીને મનુષ્ય જન્મ પ્રાપ્ત કરનારા જીવોમાંથી એક સમયમાં

જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ દશ જીવો અંતક્રિયા કરે છે. પહેલી, બીજી તથા ત્રીજી નરકમાંથી નીકળીને મનુષ્ય જન્મ પ્રાપ્ત કરનારા જીવોમાંથી પણ એક સમયમાં જઘન્ય, એક, બે, ત્રણ ઉત્કૃષ્ટ દશ જીવો અંતક્રિયા કરે છે અને ચોથી નરકના નીકળેલા જીવોમાંથી એક સમયમાં ઉત્કૃષ્ટ ચાર જીવો અંતક્રિયા કરે છે. આ રીતે અન્ય દંડકના જીવોની સંખ્યાનું કથન ભાવાર્થથી સ્પષ્ટ છે.

**જીવોમાં અંતક્રિયા અને તેનું પ્રમાણ :– [અંતક્રિયા મનુષ્ય ભવમાં જ થાય]**

| જીવ પ્રકાર | અનંતર ભવમાં અંતક્રિયા | | |
|---|---|---|---|
| | થાય કે નહીં | જઘન્ય સંખ્યા | ઉત્કૃષ્ટ સંખ્યા |
| એક થી ત્રણ નરકથી | ✓ | ૧, ૨, ૩ | ૧૦ |
| ચોથી નરક | ✓ | ૧, ૨, ૩ | ૪ |
| પાંચ થી સાત નરક | × | – | – |
| ભવન–વ્યંતર દેવ | ✓ | ૧, ૨, ૩ | ૧૦ |
| ભવન–વ્યંતર દેવી | ✓ | ૧, ૨, ૩ | ૫ |
| જ્યોતિષી દેવ | ✓ | ૧, ૨, ૩ | ૧૦ |
| જ્યોતિષી દેવી | ✓ | ૧, ૨, ૩ | ૨૦ |
| વૈમાનિક દેવ | ✓ | ૧, ૨, ૩ | ૧૦૮ |
| વૈમાનિક દેવી | ✓ | ૧, ૨, ૩ | ૨૦ |
| પૃથ્વીકાય, અપ્કાય | ✓ | ૧, ૨, ૩ | ૪ |
| વનસ્પતિકાય | ✓ | ૧, ૨, ૩ | ૬ |
| તેઉકાય–વાયુકાય | × | – | – |
| વિકલેન્દ્રિય | × | – | – |
| તિર્યંચ પંચેન્દ્રિય,તિર્યંચાણી | ✓ | ૧, ૨, ૩ | ૧૦ |
| મનુષ્ય | ✓ | ૧, ૨, ૩ | ૧૦ |
| મનુષ્યાણી | ✓ | ૧, ૨, ૩ | ૨૦ |

**નોંધ :–** પરંપર ક્રિયા સર્વે ય જીવોને થઈ શકે છે. સંખ્યાનું કથન અનંતર અંતક્રિયામાં જ થાય છે, કારણ કે વચ્ચે કેટલાય ભવો થવાના છે તેથી જ્યારે તે જીવની અનંતર સિદ્ધના બોલમાં ગણના થાય, ત્યારે જ તેની સંખ્યાનું કથન કોષ્ટક પ્રમાણે થાય છે.

**(૪) ગતિ દ્વાર : નૈરયિકોની ગતિ અને ધર્મ શ્રવણાદિની પ્રાપ્તિ :–**

**૧૪ णेरइए णं भंते ! णेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता णेरइएसु उववज्जेज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નારકી, નારકમાંથી ઉદ્વર્તન કરીને–નીકળીને શું અનંતર (વ્યવધાન

વિના–સીધા)નારકમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તે શક્ય નથી.

**१५** **णेरइए णं भंते ! णेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता असुरकुमारेसु उववज्जेज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं णिरंतरं** *जाव* **चउरिंदिएसु पुच्छा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! નારકી, નરકમાંથી નીકળીને શું અનંતર અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તે શક્ય નથી. હે ભગવન્ ! આ જ રીતે નારકી નરકમાંથી નીકળીને અનંતર શું નાગકુમારથી લઈ ચૌરેન્દ્રિય સુધીમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તે શક્ય નથી.

**१६** **णेरइए णं भंते ! णेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता पंचेंदियतिरिक्खजोणिएसु उववज्जेज्जा? गोयमा ! अत्थेगइए उववज्जेज्जा, अत्थेगइए णो उववज्जेज्जा ।**

**जे णं भंते ! णेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता पंचेंदियतिरिक्खजोणिएसु उववज्जेज्जा से णं केवलिपण्णत्तं धम्मं लभेज्जा सवणयाए ? गोयमा ! अत्थेगइए लभेज्जा अत्थेगइए णो लभेज्जा ।**

**जे णं भंते ! केवलिपण्णत्तं धम्मं लभेज्जा सवणयाए से णं केवलं बोहिं बुज्झेज्जा? गोयमा ! अत्थेगइए बुज्झेज्जा, अत्थेगइए णो बुज्झेज्जा ।**

**जे णं भंते ! केवलं बोहिं बुज्झेज्जा से णं सद्दहेज्जा पत्तिएज्जा रोएज्जा ? गोयमा! सद्दहेज्जा पत्तिएज्जा रोएज्जा ।**

**जे णं भंते ! सद्दहेज्जा पत्तिएज्जा रोएज्जा से णं आभिणिबोहियणाण-सुयणाणाइं उप्पाडेज्जा ? हंता ! गोयमा ! उप्पाडेज्जा ।**

**जे णं भंते ! आभिणिबोहियणाण-सुयणाणाइं उप्पाडेज्जा से णं संचाएज्जा सीलं वा वयं वा गुणं वा वेरमणं वा पच्चक्खाणं वा पोसहोववासं वा पडिवज्जित्तए ? गोयमा ! अत्थेगइए संचाएज्जा, अत्थेगइए णो संचाएज्जा ।**

**जे णं भंते ! संचाएज्जा सीलं वा** *जाव* **पोसहोववासं वा पडिवज्जित्तए से णं ओहिणाणं उप्पाडेज्जा ? गोयमा ! अत्थेगइए उप्पाडेज्जा, अत्थेगइए णो उप्पाडेज्जा ।**

**जे णं भंते ओहिणाणं उप्पाडेज्जा से णं संचाएज्जा मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! નારકી, નરકમાંથી નીકળીને વ્યવધાન વિના સીધા તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! કેટલાક જીવો ઉત્પન્ન થાય, કેટલાક જીવો ઉત્પન્ન થતા નથી.

**પ્રશ્ન**– હે ભગવન્ ! જે નારકી, નરકમાંથી નીકળીને સીધા તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે, તે શું કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ પ્રાપ્ત કરી શકે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તેમાંથી કેટલાક જીવો ધર્મ શ્રવણને પ્રાપ્ત કરી શકે છે અને કેટલાક કરી શકતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરે છે, તે શું કેવળ બોધિને અર્થાત્ શુદ્ધ સમજણને પ્રાપ્ત કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક કેવળ બોધિને પ્રાપ્ત થાય અને કેટલાક પ્રાપ્ત થતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જેઓ કેવળ બોધિને–શુદ્ધ સમજણને પામે છે, શું તેના પર શ્રદ્ધા, પ્રતીતિ તથા રુચિ કરે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! શ્રદ્ધા, પ્રતીતિ તથા રુચિ કરે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે તેના પર શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરે છે, શું તે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! તે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કરે છે, તે શું શીલ, વ્રત, ગુણ, વિરમણ, પ્રત્યાખ્યાન અથવા પૌષધોપવાસ અંગીકાર કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક જીવો કરે અને કેટલાક કરતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે શીલ ***યાવત્*** પૌષધોપવાસ અંગીકાર કરે છે, શું તે અવધિજ્ઞાનને પ્રાપ્ત કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક અવધિજ્ઞાન પ્રાપ્ત કરે છે અને કેટલાક પ્રાપ્ત કરતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે અવધિજ્ઞાનને પ્રાપ્ત કરે છે, શું તે મુંડિત થઈને ગૃહસ્થ જીવનનો ત્યાગ કરીને અણગાર ધર્મમાં પ્રવ્રજિત થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી.

**१७** **णेरइए णं भंते ! णेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता मणूसेसु उववज्जेज्जा ? गोयमा ! अत्थेगइए उववज्जेज्जा, अत्थेगइए णो उववज्जेज्जा ।**

**जे णं भंते ! उववज्जेज्जा से णं केवलिपण्णत्तं धम्मं लभेज्जा सवणयाए ? गोयमा ! जहा पंचेदियतिरिक्खजोणिएसु** *जाव* **जे णं भंते ! ओहिणाणं उप्पाडेज्जा से णं संचाएज्जा मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए ? गोयमा ! अत्थेगइए संचाएज्जा, अत्थेगइए णो संचाएज्जा ।**

**जे णं भंते! संचाएज्जा मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए से णं मणपज्जव- णाणं उप्पाडेज्जा ? गोयमा ! अत्थेगइए उप्पाडेज्जा, अत्थेगइए णो उप्पाडेज्जा।**

**जे णं भंते ! मणपज्जवणाणं उप्पाडेज्जा से णं केवलणाणं उप्पाडेज्जा ? गोयमा ! अत्थेगइए उप्पाडेज्जा, अत्थेगइए णो उप्पाडेज्जा ।**

**जे णं भंते ! केवलणाणं उप्पाडेज्जा से णं सिज्झेज्जा बुज्झेज्जा मुच्चेज्जा सव्व- दुक्खाणं अंतं करेज्जा ? गोयमा ! सिज्झेज्जा** *जाव* **सव्वदुक्खाणं अंतं करेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નારકી, નરકમાંથી નીકળીને શું સીધા મનુષ્યમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમાંથી કેટલાક જીવો મનુષ્યમાં ઉત્પન્ન થાય છે અને કેટલાક ઉત્પન્ન થતાં નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે મનુષ્યમાં ઉત્પન્ન થાય છે, તે શું કેવળી પ્રરૂપિત ધર્મશ્રવણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના વિષયમાં ધર્મશ્રવણથી લઈને અવધિજ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યાં સુધીનું કથન કર્યું છે, તે જ રીતે અહીં પણ કહેવું જોઈએ.

**પ્રશ્ન**– હે ભગવન્ ! જે મનુષ્ય અવધિજ્ઞાન પ્રાપ્ત કરે છે, તે શું તે મુંડિત થઈને ગૃહસ્થ ધર્મનો ત્યાગ કરીને અણગાર ધર્મમાં પ્રવ્રજિત થાય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તેમાંથી કેટલાક પ્રવ્રજિત થાય છે અને કેટલાક પ્રવ્રજિત થતા નથી.

**પ્રશ્ન**– હે ભગવન્ ! જે મનુષ્ય મુંડિત થઈને ગૃહસ્થધર્મનો ત્યાગ કરીને અણગારધર્મમાં પ્રવ્રજિત થાય છે, શું તે મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત કરે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! કેટલાક જીવો મનઃપર્યવજ્ઞાનને પ્રાપ્ત કરે છે અને કેટલાક પ્રાપ્ત કરતા નથી.

**પ્રશ્ન**– હે ભગવન્ ! જે મનઃપર્યવજ્ઞાનને પ્રાપ્ત કરે છે, તે શું કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! કેટલાક કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે અને કેટલાક પ્રાપ્ત કરતા નથી.

**પ્રશ્ન**– હે ભગવન્ ! જે મનુષ્ય કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે, તે શું સિદ્ધ, બુદ્ધ, મુક્ત ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તે અવશ્ય સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈ ***યાવત્*** સમસ્ત દુઃખોનો અંત કરે છે.

**૧૮ णेरइए णं भंते ! णेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता वाणमंतर-जोइसिय- वेमाणिएसु उववज्जेज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! નારકી, નરકમાંથી નીકળીને શું સીધા વાણવ્યંતર, જ્યોતિષ્ક કે વૈમાનિકોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તે શક્ય નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં નારકી જીવો, ૨૪ દંડકોમાં ક્યાં ક્યાં ઉત્પન્ન થાય છે અને ત્યાં ધર્મ શ્રવણથી લઈને મુક્તિ સુધીના લાભને મેળવી શકે છે કે નહીં ? તેની છણાવટ છે.

**ઉત્પત્તિ :–** નારકી મરીને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. શેષ દંડકમાં(દેવો, એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયોમાં) નૈરયિકો ઉત્પન્ન થતા નથી.

**તિર્યંચમાં ધર્મ શ્રવણાદિ :–** નરકમાંથી નીકળીને તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થનારા કેટલાક જીવો કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરે છે અને કેટલાક જીવો ધર્મ શ્રવણ કરતા નથી. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં પણ મનુષ્યોની જેમ પાંચ ઇન્દ્રિય અને મન હોવાથી કેટલાક હળુકર્મી જીવો તીર્થંકરોના સમવસરણમાં અથવા સાધુ ભગવંતોના સાંનિધ્યમાં જઈને (૧) ધર્મ શ્રવણ કરે છે, ધર્મ શ્રવણનો સંયોગ પ્રાપ્ત થઈ જાય છે. જે જીવ ધર્મ શ્રવણ કરે છે તે જીવ તેની વિચારણા કરીને (૨) સમ્યક્ બોધ(સમજણ) શ્રદ્ધા–પ્રતીતિ–રુચિ અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં જ તેનું અજ્ઞાન જ્ઞાનમાં પરિણત થાય છે. તેથી (૪) મતિ–શ્રુતજ્ઞાનને પ્રાપ્ત થાય છે. ત્યાર પછી (૫) શ્રાવક વ્રતનો સ્વીકાર કરે છે. વ્રતપાલનના પરિણામો વૃદ્ધિંગત થતાં કેટલાક જીવોને (૬) અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન પ્રગટ થાય છે. તિર્યંચ પંચેન્દ્રિયને પાંચ ગુણસ્થાન હોવાથી તે જીવો શ્રાવક વ્રતનો સ્વીકાર કરી શકે છે. પરંતુ (૭) સાધુપણાનો સ્વીકાર કરી શકતા નથી અને સાધુપણાનો સ્વીકાર થતો ન હોવાથી તેને (૮) મનઃપર્યવજ્ઞાન કે (૯) કેવળજ્ઞાન પ્રગટ થતું નથી અને (૧૦)તે જીવો સિદ્ધ થતા નથી. આ રીતે તિર્યંચ પંચેન્દ્રિયના ભવમાં ધર્મશ્રવણ આદિ છ બોલની પ્રાપ્તિ થાય છે.

**મનુષ્યમાં ધર્મશ્રવણાદિ :–** મનુષ્યો સ્વપુરુષાર્થથી ચૌદ ગુણસ્થાનોને પ્રાપ્ત કરી શકે છે તેથી સર્વ પ્રકારના ધાર્મિક આધ્યાત્મિક વિકાસને પ્રાપ્ત કરતાં તેઓ સિદ્ધિની પ્રાપ્તિ કરી શકે છે.

નરકમાંથી નીકળીને મનુષ્યમાં ઉત્પન્ન થનારા જીવોમાંથી કેટલાક હળુકર્મી જીવો ધર્મશ્રવણ, સમ્યગ્બોધ, શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ, મતિ-શ્રુતજ્ઞાન, શ્રાવકવ્રતનો સ્વીકાર, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે અને અંતે સિદ્ધ પણ થાય છે. કેટલાક જીવો તથાપ્રકારના કર્મોના ઉદયે ધર્મશ્રવણ આદિ પ્રાપ્ત કરી શકતા નથી.

ધર્મશ્રવણ આદિ પ્રત્યેક બોલની પ્રાપ્તિ ક્રમશઃ થાય છે. જે જીવોને તદાવરણીય કર્મોનો ક્ષયોપશમ થાય, તે તે જીવોને તે તે બોલની પ્રાપ્તિ થાય છે. અન્ય જીવોને તે તે બોલની પ્રાપ્તિ થતી નથી, તેથી સૂત્રકારે પ્રત્યેક પ્રશ્નના ઉત્તર વૈકલ્પિક આપ્યા છે.

**उवट्टित्ता :–** ઉદ્વર્તન. અહીં આ શબ્દનો પ્રયોગ સમસ્ત ગતિઓમાં થનારા 'મૃત્યુ' માટે કરવામાં આવ્યો છે. અન્યત્ર નરક, ભવનવાસી, વાણવ્યંતરના મૃત્યુ માટે **ઉદ્વર્તન**; તિર્યંચ, મનુષ્યના મૃત્યુ માટે **કાળધર્મ** અને વૈમાનિકો, જ્યોતિષ્ક દેવોના મૃત્યુ માટે **ચ્યવન** શબ્દપ્રયોગ થાય છે.

**केवलं बोहिं बुज्झेजा :–** તેના વિવિધ અર્થ થાય છે– (૧) કેવળીપ્રરૂપિત વિશુદ્ધ ધર્મની પ્રાપ્તિ થવી (૨) જિનપ્રરૂપિત તત્ત્વોનું જ્ઞાન, સમજણ, બોધ થવો. (૩) કેવળી ભગવાન દ્વારા સાક્ષાત્ બોધને પ્રાપ્ત થવું. (૪) કેવળી ભગવાન દ્વારા ઉપદિષ્ટ જિનવાણી દ્વારા બોધને પ્રાપ્ત થવું.

**सीलं वा वयं वा..શીલ આદિ :–** શીલ-બ્રહ્મચર્ય; વ્રત-વિવિધ દ્રવ્યાદિ વિષયક નિયમ; ગુણ–ઉત્તર ગુણ; વિરમણ– અતીત સ્થૂળ પ્રાણાતિપાત આદિથી વિરતિ, પ્રત્યાખ્યાન– અનાગતકાલીન સ્થૂળ પ્રાણાતિપાત આદિનો ત્યાગ, પૌષધોપવાસ– પૌષધ-એટલે આત્મગુણોનું પોષણ કરનાર અનુષ્ઠાન. તેની આરાધના કરવી.

**सिज्झेज्जा बुज्झेज्जा मुच्चेज्जा :– सिज्झेज्जा**– સર્વકાર્ય સિદ્ધ કરી લે છે, કૃતકૃત્ય થઈ જાય છે. **बुज्झेज्जा**– સમસ્ત લોકાલોકના સ્વરૂપને જાણે-દેખે છે, **मुच्चेज्जा**– ભવોપગ્રાહી ચાર અઘાતિ કર્મોથી મુક્ત થઈ જાય છે.

**ભવનપતિ દેવોની ગતિ અને ધર્મશ્રવણાદિની પ્રાપ્તિ :-**

**૧૯ असुरकुमारे णं भंते ! असुरकुमारेहिंतो अणंतरं उव्वट्टित्ता णेरइएसु उववज्जेज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! શું અસુરકુમાર, અસુરકુમારોમાંથી નીકળીને સીધા નારકીમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તે શક્ય નથી.

**૨૦ असुरकुमारे णं भंते ! असुरकुमारेहिंतो अणंतरं उव्वट्टित्ता असुरकुमारेसु उववज्जिज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं *जाव* थणियकुमारेसु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! શું અસુરકુમાર, અસુરકુમારમાંથી નીકળીને સીધા અસુરકુમારમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તે શક્ય નથી. આ જ રીતે ***યાવત્*** સ્તનિતકુમારોમાં પણ ઉત્પન્ન થતા નથી.

**૨૧ असुरकुमारे णं भंते! असुरकुमारहिंतो अणंतर उव्वट्टित्ता पुढविक्काइएसु उववज्जेज्जा ? हंता गोयमा ! अत्थेगइए उजवजेज्जा, अत्थेगइए णो उववज्जेज्जा ।**

**ભાવાર્થ :–પ્રશ્ન**– હે ભગવન્ ! શું અસુરકુમાર, અસુરોકુમારોમાંથી નીકળી સીધા પૃથ્વીકાયમાં

ઉત્પન્ન થાય છે ? **ઉત્તર**– હા, ગૌતમ ! કેટલાક પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય છે અને કેટલાક ઉત્પન્ન થતા નથી.

**૨૨ जे णं भंते ! उववज्जेज्जा से णं केवलिपण्णत्तं धम्मं लभेज्जा सवणयाए ? गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं आउ-वणस्सईसु वि ।**

**ભાવાર્થ :–પ્રશ્ન**– હે ભગવન્ ! જે પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય છે, તે શું કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરી શકે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તે શક્ય નથી. આ જ રીતે અપ્કાયિક અને વનસ્પતિકાયિક જીવોના વિષયમાં જાણવું જોઈએ.

**૨૩ असुरकुमारे णं भंते ! असुरकुमारेहिंतो अणंतरं उव्वट्टित्ता तेउ-वाउ-बेइंदिय-तेइंदिय-चउरिंदिएसु उववज्जेज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे । अवसेसेसु पंचसु पंचेदियतिरिक्ख-जोणियादिसु असुरकुमारे जहा णेरइए । एवं** *जाव* **थणियकुमारे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! શું અસુરકુમાર, અસુરકુમારમાંથી નીકળીને સીધા તેજસ્કાયિક, વાયુકાયિક, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય જીવોમાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! તે શક્ય નથી. શેષ પંચેન્દ્રિય તિર્યંચયોનિક મનુષ્ય, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકમાં અસુરકુમારની ઉત્પત્તિ આદિની વક્તવ્યતા નૈરયિકની સમાન જાણવી જોઈએ. આ જ રીતે સ્તનિતકુમાર સુધી જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભવનપતિ દેવોની ગતિ અને તે તે સ્થાનોમાં ધર્મશ્રવણ આદિ દશ બોલની પ્રાપ્તિનું સંક્ષિપ્ત નિરૂપણ છે.

ભવનપતિદેવો મરીને સીધા પૃથ્વી, પાણી, વનસ્પતિ, સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય, આ પાંચ દંડકમાં ઉત્પન્ન થાય છે. તેમાં પૃથ્વી, પાણી અને વનસ્પતિકાયિક જીવોમાં એક સ્પર્શેન્દ્રિય જ હોવાથી તે જીવો ધર્મ શ્રવણાદિ એક પણ બોલને પ્રાપ્ત કરી શકતા નથી. ભવનપતિ દેવો સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે તદાવરણીય કર્મના ક્ષયોપશમથી ધર્મ શ્રવણ, કેવલબોધિ, ધર્મશ્રદ્ધા, પ્રતીતિ-રુચિ(સમ્યગ્દર્શન), મતિ-શ્રુતજ્ઞાન, શીલાદિ વ્રતોનો સ્વીકાર તથા અવધિજ્ઞાનને પામે છે. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં દેશવિરતિ શ્રાવક બનવાની જ યોગ્યતા હોય છે, તેથી તે જીવો અણગાર ધર્મનો સ્વીકાર, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન કે સિદ્ધિ પ્રાપ્ત કરી શકતા નથી.

ભવનપતિ દેવો મનુષ્યોમાં ઉત્પન્ન થાય ત્યારે ધર્મ શ્રવણથી સિદ્ધિપર્યંતના દશે બોલ પામી શકે છે. કારણ કે ભવનપતિ દેવોમાંથી નીકળેલા જીવો સિદ્ધ થઈ શકે છે.

**પાંચ સ્થાવરોની ગતિ અને ધર્મશ્રવણાદિની પ્રાપ્તિ :–**

**૨૪ पुढविकाइए णं भंते ! पुढविक्काइएहिंतो अणंतरं उव्वट्टित्ता णेरइएसु उववज्जेज्जा? गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं असुरकुमारेसु वि** *जाव* **थणियकुमारेसु वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ, પૃથ્વીકાયિકોમાંથી નીકળીને શું અનંતર– સીધા નૈરયિકોમાં ઉત્પન્ન થઈ શકે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તે શક્ય નથી. આ જ રીતે અસુરકુમારોથી

સ્તનિતકુમારો સુધીના દેવોમાં જાણવું જોઈએ.

**૨૫ पुढविक्काइए णं भंते ! पुढविक्काइएहिंतो अणंतरं उव्वट्टित्ता पुढविक्काइएसु उववज्जेज्जा? गोयमा ! अत्थेगइए उववज्जेज्जा, अत्थेगइए णो उववज्जेज्जा ।**

**जे णं भंते ! उववज्जेज्जा से णं केवलिपण्णत्तं धम्मं लभेज्जा सवणयाए ? गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं आउक्काइययादिसु णिरंतरं भाणियव्वं *जाव* चउरिंदिएसु ।**

**पंचेंदियतिरिक्खजोणिय-मणूसेसु जहा णेरइए । वाणमंतर-जोइसिय-वेमाणिएसु पडिसेहो। एवं जहा पुढविक्काइओ भणिओ तहेव आउक्काइओ वि वणस्सइकाइओ वि भाणियव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ, પૃથ્વીકાયિકોમાંથી નીકળીને સીધા પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક ઉત્પન્ન થાય અને કેટલાક ઉત્પન્ન થતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય છે, તે શું તે કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરે છે? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી. આ જ રીતે અપ્કાયિકથી લઈ ચૌરેન્દ્રિય સુધીના જીવોની અનંતર ઉત્પત્તિ વિષયક જાણવું જોઈએ.

પૃથ્વીકાયિક જીવોની પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યોમાં ઉત્પત્તિ વિષયક વક્તવ્યતા નૈરયિકની સમાન જાણવી જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોમાં પૃથ્વીકાયિકની ઉત્પત્તિ થતી નથી.

જે રીતે પૃથ્વીકાયિકોનું ૨૪ દંડકમાં ઉત્પત્તિવિષયક કથન કર્યું છે, તે જ રીતે અપ્કાયિક અને વનસ્પતિકાયિકના વિષયમાં પણ કહેવું જોઈએ.

**૨૬ तेउक्काइए णं भंते ! तेउक्काइएहिंतो अणंतरं उव्वट्टित्ता णेरइएसु उववज्जेज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं असुरकुमारेसु वि *जाव* थणियकुमारेसु वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેજસ્કાયિક જીવ, તેજસ્કાયિકોમાંથી નીકળી સીધા નારકોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી. આ જ રીતે અસુરકુમારોથી લઈ સ્તનિતકુમારો સુધીમાં પણ ઉત્પત્તિનો નિષેધ સમજવો જોઈએ.

**૨૭ पुढविक्काइय-आउ-तेउ-वाउ-वणस्सइ-बेइंदिय-तेइंदिय-चउरिंदिएसु अत्थेगइए उववज्जेज्जा, अत्थेगइए णो उववज्जेज्जा। जे णं भंते! उववज्जेज्जा से णं केवलिपण्णत्तं धम्मं लभेज्जा सवणयाए ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :–** તેજસ્કાયિક જીવ તેજસ્કાયિકમાંથી નીકળીને સીધા પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિકોમાં તથા બેઇન્દ્રિય-તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયોમાં કેટલાક ઉત્પન્ન થાય છે અને કેટલાક ઉત્પન્ન થતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે તેજસ્કાયિક ઉપરોક્ત સ્થાનોમાં ઉત્પન્ન થાય છે, તે શું કેવળી-પ્રરૂપિત ધર્મ શ્રવણ કરી શકે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી.

**૨૮ तेउक्काइए णं भंते ! तेउक्काइएहिंतो अणंतरं उव्वट्टित्ता पंचेंदिय-तिरिक्खजोणिएसु उववज्जेज्जा? गोयमा ! अत्थेगइए उववज्जेज्जा, अत्थेगइए णो उववज्जेज्जा ।**

**जे णं भंते ! उववजेज्जा से णं केवलिपण्णत्तं धम्मं लभेज्जा सवणयाए ? गोयमा ! अत्थेगइए लभेज्जा, अत्थेगइए णो लभेज्जा ।**

**जे णं भंते ! केवलिपण्णत्तं धम्मं लभेज्जा सवणयाए से णं केवलं बोहिं बुज्झेज्जा? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :–પ્રશ્ન–** હે ભગવન્ ! તેજસ્કાયિક જીવ, તેજસ્કાયિકોમાંથી નીકળીને શું સીધા પંચેંદ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક ઉત્પન્ન થાય છે અને કેટલાક ઉત્પન્ન થતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે ઉત્પન્ન થાય છે, તે કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ! કેટલાક ધર્મ શ્રવણ કરે છે અને કેટલાક કરતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે તેજસ્કાયિક જીવ તિર્યંચ પંચેન્દ્રિયના ભવમાં કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરે છે, તે શું કેવળબોધિ–ધર્મ સમજણને પ્રાપ્ત કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી.

**२९ मणूस-वाणमंतर-जोइसिय-वेमाणिएसु पुच्छा ? गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं जहेव तेउक्काइए णिरंतरं एवं वाउक्काइए वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેજસ્કાયિક જીવ તેજસ્કાયિકમાંથી નીકળીને સીધો મનુષ્ય તથા વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી. જેમ તેજસ્કાયિક જીવની અનંતર ઉત્પત્તિ આદિના વિષયમાં કહ્યું તેમ વાયુકાયિકના વિષયમાં પણ જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પાંચ સ્થાવરોની ગતિનું અને ત્યાં પ્રાપ્ત થતાં ધર્મશ્રવણાદિ દશ બોલોનું વર્ણન છે.

**પૃથ્વી, પાણી અને વનસ્પતિના** જીવો મરીને સીધા પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય, આ ઔદારિકના દશ દંડકોમાં ઉત્પન્ન થાય છે. તેમાંથી પૃથ્વી, પાણી, વનસ્પતિ મરીને પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે તે ધર્મ શ્રવણાદિ એક પણ બોલની પ્રાપ્તિ કરી શકતા નથી કારણ કે ધર્મ શ્રવણાદિ દશ બોલોની પ્રાપ્તિ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ થાય છે.

પૃથ્વી, પાણી, વનસ્પતિ મરીને તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે જેને તદાવરણીય કર્મોનો ક્ષયોપશમ થાય તે જીવ ધર્મ શ્રવણ, કેવલબોધિ, સમ્યગ્દર્શન, મતિ-શ્રુતજ્ઞાન, શીલાદિ વ્રતોનો સ્વીકાર અને અવધિજ્ઞાન, આ છ બોલને પામી શકે છે. અણગારધર્માદિ અંતિમ ચાર બોલને પામી શકતા નથી.

પૃથ્વી, પાણી, વનસ્પતિ મરીને મનુષ્યમાં ઉત્પન્ન થાય ત્યારે કેટલાક જીવો ધર્મ શ્રવણાદિ દશે બોલોને પ્રાપ્ત કરે છે, કારણ કે પૃથ્વી, પાણી અને વનસ્પતિમાંથી નીકળેલા જીવો સિદ્ધ થઈ શકે છે. જેને તદાવરણીય કર્મોનો ઉદય હોય તેવા જીવો ધર્મ શ્રવણાદિ પ્રાપ્ત કરતા નથી.

**તેઉકાય અને વાયુકાયના** જીવો મરીને સીધા પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિય, આ ઔદારિકના નવ દંડકમાં જ ઉત્પન્ન થાય છે. તે જીવો પાંચ સ્થાવર કે ત્રણ વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે ધર્મ શ્રવણાદિ પ્રાપ્ત કરી શકતા નથી. તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે ધર્મ શ્રવણ જ પ્રાપ્ત કરી શકે છે. તેઉકાય અને વાયુકાયના જીવો તથાપ્રકારના સ્વભાવે મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી શકતા નથી.

**વિકલેન્દ્રિયોની ગતિ અને ધર્મ શ્રવણાદિની પ્રાપ્તિ :–**

**૩૦ बेइंदिए णं भंते ! बेइंदिएहिंतो अणंतरं उव्वट्टित्ता णेरइएसु उववज्जेज्जा ? गोयमा ! जहा पुढविक्काइए, णवरं मणूसेसु** *जाव* **मणपज्जवणाणं उप्पाडेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બેઇન્દ્રિય જીવ, બેઇન્દ્રિયોમાંથી નીકળીને સીધા નારકીઓમાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ પૃથ્વીકાયિક જીવોની દસ દંડકોમાં ઉત્પત્તિના વિષયમાં કહ્યું છે, તે જ રીતે બેઇન્દ્રિય જીવોના વિષયમાં પણ જાણવું જોઈએ. તેમાં વિશેષતા એ છે કે પૃથ્વીકાયિક જીવો મનુષ્યોમાં ઉત્પન્ન થઈને ***યાવત્*** મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત કરે છે, ત્યાં સુધી કથન કરવું.

**૩૧ जे णं भंते ! मणपज्जवणाणं उप्पाडेज्जा से णं केवलणाणं उप्पाडेज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं तेइंदिय-चउरिंदिया वि** *जाव* **मणपज्जवणाणं उप्पाडेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત કરે છે, તે શું કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે ?
**ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી. આ જ રીતે તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય જીવ ***યાવત્*** મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ત્રણ વિકલેન્દ્રિય જીવોની ગતિ અને ત્યાં પ્રાપ્ત થતાં ધર્મ શ્રવણ આદિ બોલોની વિચારણા છે.

ત્રણ વિકલેન્દ્રિય જીવો મરીને પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય આ ઔદારિકના દશ દંડકોમાં ઉત્પન્ન થાય છે.

ત્રણ વિકલેન્દ્રિય જીવો મરીને પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય તો ત્યાં શ્રવણ શક્તિના અભાવે ધર્મ શ્રવણાદિ એક પણ બોલને પ્રાપ્ત કરી શકતા નથી.

ત્રણ વિકલેન્દ્રિય જીવો મરીને તિર્યંચપંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે કેટલાક જીવો તદાવરણીય કર્મના ક્ષયોપશમથી ધર્મ શ્રવણ, ધર્મ સમજણ, સમ્યગ્દર્શન, મતિ-શ્રુતજ્ઞાન, શીલવ્રતાદિનો સ્વીકાર અને અવધિજ્ઞાન, આ છ બોલને પામી શકે છે. અણગાર ધર્મ આદિ અંતિમ ચાર બોલને પામી શકતા નથી.

ત્રણ વિકલેન્દ્રિય જીવો મરીને મનુષ્યમાં ઉત્પન્ન થાય ત્યારે કેટલાક જીવો તદાવરણીય કર્મના ક્ષયોપશમથી ધર્મ શ્રવણ, કેવલબોધિ, સમ્યગ્દર્શન, મતિ-શ્રુતજ્ઞાન, શીલવ્રતાદિનો સ્વીકાર, અવધિજ્ઞાન, અણગારધર્મ અને મનઃપર્યવજ્ઞાન, આ આઠ બોલને પામી શકે છે.

ત્રણ વિકલેન્દ્રિયોમાંથી નીકળીને મનુષ્ય જન્મ પ્રાપ્ત કરનાર જીવો દીક્ષા લઈ શકે છે. મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે પરંતુ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સિદ્ધ થઈ શકતા નથી, તેથી તે જીવો કેવળ જ્ઞાન અને સિદ્ધિ, આ બે બોલને પ્રાપ્ત કરી શકતા નથી.

**તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોની ગતિ તથા ધર્મ શ્રવણાદિની પ્રાપ્તિ :–**

**૩૨ पंचेंदियतिरिक्खजोणिए णं भंते ! पंचिंदियतिरिक्खजोणिएहिंतो अणंतरं उव्वट्टित्ता**

**णेरइएसु उववज्जेजा ? गोयमा ! अत्थेगइए उववज्जेज्जा, अत्थेगइए णो उववज्जेज्जा ।**

**जे णं भंते ! उववज्जेज्जा से णं केवलिपण्णत्तं धम्मं लभेज्जा सवणयाए ? गोयमा! अत्थेगइए लभेज्जा, अत्थेगइए णो लभेज्जा ।**

**जे णं केवलिपण्णत्तं धम्मं लभेज्जा सवणयाए से णं केवलं बोहिं बुज्झेज्जा। गोयमा ! अत्थेगइए बुज्झेज्जा, अत्थेगइए णो बुज्झेज्जा ।**

**जे णं भंते ! केवलं बोहिं बुज्झेज्जा से णं सद्दहेज्जा पत्तिएज्जा रोएज्जा ? हंता गोयमा !** *जाव* **रोएज्जा ।**

**जे णं भंते ! सद्दहेज्जा पत्तिएज्जा, रोएज्जा से णं आभिणिबोहियणाण-सुयणाण-ओहिणाणाणि उप्पाडेज्जा ? हंता गोयमा ! उप्पाडेज्जा ।**

**जे णं भंते ! आभिणिबोहियणाण-सुयणाण-ओहिणाणाइं उप्पाडेज्जा से णं संचाएज्जा सीलं वा** *जाव* **पडिवज्जित्तए ? गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं असुरकुमारेसु वि** *जाव* **थणियकुमारेसु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું પંચેન્દ્રિય તિર્યંચ, પંચેન્દ્રિય તિર્યંચોમાંથી નીકળીને સીધા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક ઉત્પન્ન થાય છે અને કેટલાક ઉત્પન્ન થતાં નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! નરકમાં ઉત્પન્ન થઈને શું તે કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક કરે છે અને કેટલાક કરતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવ કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરે છે, શું તે કેવળબોધિને પ્રાપ્ત કરે છે? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક કેવળબોધિને પામે અને કેટલાક કેવળબોધિને પ્રાપ્ત કરતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે કેવળબોધિને પામે છે, તે તેના ઉપર શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! કેટલાક શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરે છે અને કેટલાક કરતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરે છે, તે આભિનિબોધિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન પ્રાપ્ત કરે છે ? **ઉત્તર–** હા. ગૌતમ ! તે ત્રણેય જ્ઞાન પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન પ્રાપ્ત કરે છે, શું તે શીલવ્રતથી લઈને પૌષધોપવાસ અંગીકાર કરી શકે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી.

આ જ રીતે તિર્યંચ પંચેન્દ્રિયમાંથી નીકળીને અસુરકુમારથી લઈ સ્તનિતકુમાર સુધીની ઉત્પત્તિ વિષયક વક્તવ્યતા નારકીની સમાન જાણવી.

**૩૩ एगिंदिय-विगलिंदिएसु जहा पुढविक्काइए ।पंचिंदियतिरिक्खजोणिएसु मणूसेसु य जहा णेरइए । वाणमंतर-जोइसिय-वेमाणिएसु जहा णेरइएसु उववज्जेज्जत्ति पुच्छा भणिया। एवं मणूसे वि ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચોની એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવોમાં ઉત્પત્તિની વક્તવ્યતા પૃથ્વીકાયિક જીવોની ઉત્પત્તિ સમાન જાણવી જોઈએ.

પંચેન્દ્રિય તિર્યંચોની પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યમાં ઉત્પત્તિ વિષયક વક્તવ્યતા નૈરયિકની પંચેન્દ્રિય તિર્યંચમાં અને મનુષ્યમાં ઉત્પત્તિની પ્રરૂપણાની સમાન જાણવી જોઈએ.

પંચેન્દ્રિય તિર્યંચોનું વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકદેવોમાં ઉત્પત્તિ વિષયક કથન તેના નૈરયિકોમાં ઉત્પત્તિના કથન સમાન જાણવું જોઈએ. આ જ રીતે ચોવીસ દંડકોમાં મનુષ્યોની ઉત્પત્તિ વિષયક કથન પણ જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યની ગતિ અને ત્યાં તેને પ્રાપ્ત થતાં ધર્મ શ્રવણાદિ દસ બોલોની વિચારણા છે.

તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય મરીને સીધા ૨૪ દંડકમાં ઉત્પન્ન થઈ શકે છે. તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય મરીને **નારકી-દેવોના તેર દંડકમાં** ઉત્પન્ન થાય ત્યારે કેટલાક જીવો તદાવરણીય કર્મોના ક્ષયોપશમથી ધર્મ શ્રવણ, કેવળબોધિ, સમ્યગ્દર્શન, મતિ-શ્રુત અને અવધિજ્ઞાન, તે પાંચ બોલને પ્રાપ્ત કરી શકે છે.

દેવો પોતાની વૈક્રિય લબ્ધિથી તીર્થંકરોના સમવસરણમાં અથવા અન્ય મુનિ ભગવંતો પાસે જઈને ધર્મ શ્રવણ કરી શકે છે. નારકી જીવો તીર્થંકરોના સમવસરણ આદિમાં આવી શકતા નથી પરંતુ તે પોતાના મિત્ર દેવો દ્વારા ધર્મ શ્રવણાદિ પ્રાપ્ત કરે છે. તે જીવો સંજ્ઞી હોવાથી ધર્મ શ્રવણ પ્રાપ્ત કર્યા પછી તેની વિચારણા કરીને કેવલબોધિ અને સમ્યગ્દર્શન પણ પામે છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાથી તેના ત્રણ અજ્ઞાન જ્ઞાનમાં પરિણત થતાં મતિ-શ્રુત-અવધિજ્ઞાન પ્રગટ થાય છે.

નારકી અને દેવો તદાવરણીયકર્મોના ઉદયે વ્રત પચ્ચક્ખાણનો સ્વીકાર કરી શકતા નથી. તેથી શીલાદિ, શ્રાવકવ્રત, અણગારધર્મ, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન અને સિદ્ધ, તે પાંચ બોલને પ્રાપ્ત કરી શકતા નથી.

તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો મરીને **પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયોમાં** ઉત્પન્ન થાય, ત્યારે તદાવરણીય કર્મના ઉદયે ધર્મશ્રવણાદિ એક પણ બોલની પ્રાપ્તિ કરી શકતા નથી.

તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો મરીને **તિર્યંચ પંચેન્દ્રિયમાં** ઉત્પન્ન થાય ત્યારે કેટલાક જીવો તદાવરણીય કર્મોના ક્ષયોપશમથી ધર્મ શ્રવણ, કેવલબોધિ, સમ્યગ્દર્શન, મતિ-શ્રુતજ્ઞાન, શીલાદિવ્રતનો સ્વીકાર અને અવધિજ્ઞાન, તે છ બોલને પ્રાપ્ત કરી શકે છે. અણગારધર્મ આદિ અંતિમ ચાર બોલને પ્રાપ્ત કરી શકતા નથી.

તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો મરીને **મનુષ્યોમાં** ઉત્પન્ન થાય ત્યારે ધર્મ શ્રવણાદિ દસે બોલોને પ્રાપ્ત કરી શકે છે.

પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે શીલાદિવ્રતના–શ્રાવકવ્રતના સ્વીકાર પછી અવધિજ્ઞાન સંબંધિત પ્રશ્ન પૂછ્યો છે પરંતુ પ્રત્યેક જીવને શ્રાવક વ્રતના સ્વીકાર પછી જ અવધિજ્ઞાન પ્રગટ થાય તેવું એકાંતે નથી. ક્યારેક અવધિજ્ઞાન પ્રગટ થયા પછી પણ કેટલાક જીવો શ્રાવક વ્રત કે સાધુના મહાવ્રતનો સ્વીકાર કરે છે.

તે જ રીતે અવધિજ્ઞાન પ્રગટ થાય ત્યાર પછી જ મનઃપર્યવજ્ઞાન થાય તેવો પણ નિયમ નથી. કેટલાક જીવોને મતિ-શ્રુતજ્ઞાન પછી મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને કેટલાક જીવોને અવધિજ્ઞાન કે મનઃપર્યવજ્ઞાન ન હોવા છતાં મતિ-શ્રુતજ્ઞાન પછી કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે.

આ રીતે દશે બોલની પ્રાપ્તિ ક્યારેક ક્રમશઃ પણ થાય અને ક્યારેક તેમાં વ્યુત્ક્રમ પણ થઈ શકે છે.

**વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક દેવોની ગતિ અને ધર્મશ્રવણાદિની પ્રાપ્તિ :-**

**૩૪** **वाणमंतर-जोइसिय-वेमाणिए जहा असुरकुमारे ।**

**ભાવાર્થ :-** આ જ પ્રમાણે વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકના ઉત્પાદનું કથન અસુરકુમાર દેવોની સમાન જાણવું.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોની ગતિ તથા તેને પ્રાપ્ત થતાં ધર્મ શ્રવણ આદિ દસ બોલોનું પ્રતિપાદન અસુરકુમારદેવોના અતિદેશપૂર્વક કર્યું છે.

ઉપરોક્ત ત્રણે પ્રકારના દેવો મરીને સીધા પૃથ્વી, પાણી, વનસ્પતિ, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય આ પાંચ દંડકમાં ઉત્પન્ન થાય છે. તેમાંથી પૃથ્વી, પાણી, વનસ્પતિમાં ધર્મ શ્રવણાદિ પ્રાપ્ત કરી શકતા નથી. તિર્યંચ પંચેન્દ્રિયમાં ધર્મ શ્રવણ આદિ છ બોલ અને મનુષ્યોમાં ધર્મ શ્રવણાદિ દશે બોલ પામી શકે છે.

**જીવોને ધર્મ શ્રવણ આદિ ૧૦ બોલની પ્રાપ્તિ :-** [(૧) ધર્મ શ્રવણ (૨) કેવલબોધિ–ધર્મ સમજણ (૩) શ્રદ્ધા (૪) મતિ-શ્રુતજ્ઞાન (૫) અવધિજ્ઞાન (૬) વ્રત–નિયમ (૭) સંયમ (૮) મનઃપર્યવજ્ઞાન (૯) કેવલ જ્ઞાન (૧૦) અંતક્રિયા– મોક્ષ]

| જીવ | બોલ સંખ્યા | વિવરણ |
|---|---|---|
| નારકી–દેવતા | ૫ | પ્રારંભના પાંચ બોલ પામે, વ્રત-નિયમાદિ પામે નહીં |
| એકેન્દ્રિય | × | શ્રવણની યોગ્યતા નથી |
| વિકલેન્દ્રિય | × | યોગ્યતા નથી. અપર્યાપ્તાવસ્થામાં મતિ-શ્રુતજ્ઞાન હોય |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૬ | પ્રારંભના છ બોલ પામે, સંયમાદિ ચાર બોલ પામે નહીં |
| મનુષ્ય | ૧૦ | દશે બોલ પામી શકે છે. |

**૨૪ દંડકમાંથી ચારે ગતિમાં આવેલા જીવોને દશ બોલની પ્રાપ્તિ :-**

| આગત જીવ | નરકગતિમાં ૫ બોલમાં | દેવગતિમાં ૫ બોલ | સંજ્ઞી તિ.માં ૬ બોલ | મનુષ્યમાં ૧૦ બોલ | વિવરણ |
|---|---|---|---|---|---|
| ૧ થી ૪ નરકમાંથી | × | × | ૬ | ૧૦ | મનુષ્ય અને તિર્યંચમાં યથાયોગ્ય સર્વ બોલ પામે. |
| ૫ મી નરકમાંથી | × | × | ૬ | ૭ | મનુષ્યગતિમાં સંયમ સ્વીકારે પણ મનઃપર્યવ જ્ઞાનાદિ ત્રણ બોલ પામે નહીં |

| આગત જીવ | નરકગતિમાં ૫ બોલમાં | દેવગતિમાં ૫ બોલ | સંજ્ઞી તિ.માં ૬ બોલ | મનુષ્યમાં ૧૦ બોલ | વિવરણ |
|---|---|---|---|---|---|
| ૬ ઠ્ઠી નરક | × | × | ૬ | ૬ | મનુષ્ય જન્મમાં શ્રાવક વ્રત સ્વીકારે પણ સંયમાદિ ચાર બોલ પામે નહીં. |
| ૭ મી નરક | × | × | ૫ | × | એક તિર્યંચ ગતિમાં જ જાય છે. ત્યાં યથાયોગ્ય ૬ બોલ પામે. |
| ભવન. વ્યંતર, જ્યોતિષી અને ૮ દેવલોકમાંથી | × | × | ૬ | ૧૦ | મનુષ્ય અને તિર્યંચગતિમાં યથાયોગ્ય સર્વ બોલ પામે. |
| ૯મા દેવલોકથી લઈને સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી | × | × | × | ૧૦ | એક મનુષ્યગતિમાં જ જાય છે. યથાયોગ્ય બોલ પામે છે. |
| પૃથ્વી,પાણી,વન૦માંથી | × | × | ૬ | ૧૦ | યથાયોગ્ય સર્વ બોલ પામે |
| તેઉકાય-વાયુકાયમાંથી | × | × | ૧ | × | એક તિર્યંચગતિમાં જાય. |
| વિકલેન્દ્રિયમાંથી | × | × | ૬ | ૮ | તિર્યંચ ગતિમાં યથાયોગ્ય છ બોલ પામે અને મનુષ્ય થાય ત્યાં આઠ બોલ પામે, અંતિમ બે બોલ પામતા નથી. |
| તિર્યંચ પંચેન્દ્રિયમાંથી | ૫ | ૫ | ૬ | ૧૦ | ચારે ગતિમાં યથાયોગ્ય બોલ પામે. |
| મનુષ્યમાંથી | ૫ | ૫ | ૬ | ૧૦ | ચારે ગતિમાં યથાયોગ્ય બોલ પામે. |

★ નરક અને દેવગતિમાં પ્રારંભના પાંચ બોલની પ્રાપ્તિ થઈ શકે છે. સંજ્ઞી તિર્યંચમાં પ્રારંભના છ બોલની પ્રાપ્તિ થઈ શકે છે. કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોને દસે ય બોલની પ્રાપ્તિ થઈ શકે છે. પાંચ સ્થાવર કે વિકલેન્દ્રિયોને ધર્મશ્રવણાદિ એક પણ બોલની પ્રાપ્તિ થતી નથી.

**(૫) તીર્થંકર દ્વાર :–**

**૩૫ रयणप्पभापुढविणेरइए णं भंते ! रयणप्पभापुढविणेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता तित्थयरत्तं लभेज्जा ? गोयमा ! अत्थेगइए लभेज्जा, अत्थेगइए णो लभेज्जा । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ- अत्थेगइए लभेज्जा, अत्थेगइए णो लभेज्जा ?**

**गोयमा ! जस्स णं रयणप्पभापुढविणेरइयस्स तित्थयरणाम-गोयाइं कम्माइं बद्धाइं पुट्ठाइं णिधत्ताइं कडाइं पट्ठवियाइं णिविट्ठाइं अभिणिविट्ठाइं अभिसमण्णागयाइं उदिण्णाइं; णो उवसंताइं भवंति से णं रयणप्पभापुढविणेरइए रयणप्पभापुढविणेरइएहिंतो अणंतरं**

**उव्वट्टित्ता तित्थयरत्तं लभेज्जा, जस्स णं रयणप्पभापुढविणेरइयस्स तित्थयरणाम-गोयाइं कम्माइं णो बद्धाइं *जाव* णो उदिण्णाइं; उवसंताइं भवंति, से णं रयणप्पभापुढविणेरइए हिंतो अणंतरं उव्वट्टित्ता तित्थयरत्तं णो लभेज्जा । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ अत्थेगइए लभेज्जा अत्थेगइए णो लभेज्जा ।**

**एवं *जाव* वालुयप्पभापुढविणेरइएहिंतो तित्थगरत्तं लभेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકો તે નરકમાંથી નીકળીને સીધા તીર્થંકર થઈ શકે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક જીવો તીર્થંકર થાય છે અને કેટલાક જીવો તીર્થંકર થતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે રત્નપ્રભા પૃથ્વીના નારકી સીધા મનુષ્ય જન્મ ધારણ કરીને કેટલાક જીવો તીર્થંકર થાય છે અને કેટલાક જીવો તીર્થંકર થતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રત્નપ્રભા-પૃથ્વીના નૈરયિકે પૂર્વ ભવમાં તીર્થંકર નામ-ગોત્રકર્મનો બંધ કર્યો છે, તીર્થંકર નામકર્મ સ્પૃષ્ટ, નિધત્ત, નિકાચિત કર્યું છે, પ્રસ્થાપિત કર્યું છે, નિવિષ્ટ, અભિનિવિષ્ટ કર્યું છે, અભિસમન્વાગત-ઉદયાભિમુખ અને ઉદયમાં લાવેલું છે, જેણે તીર્થંકર નામકર્મને ઉપશાંત કર્યું નથી, તેવા નારકી રત્નપ્રભા પૃથ્વી નરકમાંથી નીકળીને મનુષ્ય ભવમાં ઉત્પન્ન થઈ, તીર્થંકરપણું પામે છે. જે રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકે તીર્થંકર નામકર્મનો બંધ કર્યો નથી ***યાવત્*** તીર્થંકર નામકર્મને ઉદયમાં આવવા યોગ્ય કર્યું નથી અથવા જેનું તીર્થંકર નામકર્મ ઉપશાંત છે, તેવા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક નરકમાંથીનીકળીને મનુષ્ય ભવમાં તીર્થંકર થતા નથી.

તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે કેટલાક તીર્થંકરપણું પામે છે અને કેટલાક પામતાં નથી.

આ જ રીતે ***યાવત્*** વાલુકાપ્રભા પૃથ્વીના નૈરયિકો નરકમાંથી નીકળીને મનુષ્યભવ પ્રાપ્ત કરીને કેટલાક નારકીઓ તીર્થંકર થાય છે અને કેટલાક તીર્થંકર થતાં નથી.

**३६ पंकप्पभापुढविणेरइए णं भंते ! पंकप्पभापुढविणेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता तित्थयरत्तं लभेज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे, अंतकिरियं पुण करेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું ચોથી પંકપ્રભાપૃથ્વીના નારકી, પંકપ્રભાપૃથ્વી નરકમાંથી નીકળી સીધા મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને તીર્થંકર થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી, પરંતુ તે અંતક્રિયા કરી શકે છે.

**३७ धूमप्पभापुढविणेरइए णं भंते ! अणंतरं उवट्टित्ता तित्थयरत्तं लभेज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे, विरतिं पुण लभेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું ધૂમપ્રભાપૃથ્વીના નૈરયિક ધૂમપ્રભા પૃથ્વી નરકમાંથી નીકળીને સીધા મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને તીર્થંકર થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી, પરંતુ તે સર્વવિરતિપણું પામી શકે છે.

**३८ तमापुढविणेरइए णं भंते! अणंतरं उवट्टित्ता तित्थयरत्तं लभेज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे, विरयाविरइं पुण लभेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું છઠ્ઠી તમઃપ્રભાપૃથ્વીના નૈરયિક છઠ્ઠી નરકમાંથી નીકળીને સીધા મનુષ્ય જન્મ પામીને તીર્થંકર થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી, પરંતુ તે દેશવિરતિપણું એટલે શ્રાવકપણું પામી શકે છે.

**૩૯ अहेसत्तमापुढविणेरइए णं भंते ! अणंतरं उवट्टित्ता तित्थयरत्तं लभेज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे, सम्मत्तं पुण लभेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું સાતમી અધઃસપ્તપૃથ્વીમાંથી નીકળીને સીધા મનુષ્ય જન્મ પામીને તીર્થંકર થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી, પરંતુ તે સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે.

**૪૦ असुरकुमारे णं भंते ! अणंतरं उवट्टित्ता तित्थयरत्तं लभेज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे, अंतकिरियं पुण करेज्जा । एवं णिरंतरं *जाव* आउक्काइए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અસુરકુમાર દેવ અસુરકુમારમાંથી નીકળીને સીધા મનુષ્ય જન્મ પામીને તીર્થંકર થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી પરંતુ તેઓ અંતક્રિયા કરી શકે છે.

આ જ રીતે નાગકુમારથી લઈ દશે ભવનપતિદેવો, પૃથ્વીકાયિક અને અપ્કાયિક સુધીના જીવો પોત પોતાના ભવમાંથી નીકળીને સીધા તીર્થંકરપણું પામતા નથી, પરંતુ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

**૪૧ तेउक्काइए णं भंते ! तेउक्काइएहिंतो अणंतरं उव्वट्टित्ता तित्थयरत्तं लभेज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे, केवलिपण्णत्तं धम्मं लभेज्जा सवणयाए । एवं वाउक्काइए वि।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું તેજસ્કાયિક જીવ, તેજસ્કાયિકોમાંથી નીકળીને સીધા મનુષ્યભવમાં જન્મ ધારણ કરીને તીર્થંકર થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી, પરંતુ તે કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરી શકે છે. આ જ રીતે વાયુકાયિકોના વિષયમાં પણ જાણવું જોઈએ.

**૪૨ वणस्सइकाइए णं भंते ! पुच्छा ? गोयमा ! णो इणट्ठे समट्ठे, अंतकिरियं पुण करेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું વનસ્પતિકાયિક જીવો વનસ્પતિકાયમાંથી નીકળીને સીધા મનુષ્ય જન્મ પામીને તીર્થંકર થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી, પરંતુ તેઓ અંતક્રિયા કરી શકે છે.

**૪૩ बेइंदिय-तेइंदिय-चउरिंदिए णं भंते ! पुच्छा ? गोयमा ! णो इणट्ठे समट्ठे, मणपज्जवणाणं पुण उप्पाडेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરેંદ્રિય જીવો ત્યાંથી નીકળીને સીધા મનુષ્યજન્મ પામીને તીર્થંકર થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી, પરંતુ તે જીવો મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

**૪૪ पंचेदियतिरिक्खजोणिय-मणूस-वाणमंतर-जोइसिए णं भंते ! पुच्छा ? गोयमा ! णो इणट्ठे समट्ठे, अंतकिरियं पुण करेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક, મનુષ્ય, વાણવ્યંતર અને જ્યોતિષી દેવો ત્યાંથી નીકળીને સીધા મનુષ્યજન્મ પામીને તીર્થંકર થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી, પરંતુ તેઓ અંતક્રિયા કરી શકે છે.

**૪૫ सोहम्मगदेवे णं भंते ! अणंतरं चयं चइत्ता तित्थयरत्तं लभेज्जा? गोयमा ! अत्थेगइए लभेज्जा, अत्थेगइए णो लभेज्जा, एवं जहा रयणप्पभापुढविणेरइए । एवं** *जाव* **सव्वट्ठ- सिद्धगदेवे।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું સૌધર્મકલ્પ–પ્રથમ દેવલોકના દેવ, ત્યાંથી ચ્યવન કરી સીધા મનુષ્ય જન્મ પામીને તીર્થંકર થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! રત્નપ્રભાપૃથ્વીની જેમ કેટલાક જીવો તીર્થંકર થાય છે અને કેટલાક જીવો તીર્થંકર થતાં નથી. આ જ રીતે બીજા દેવલોકના દેવથી લઈને સર્વાર્થ સિદ્ધ વિમાન સુધીના વૈમાનિક દેવોને માટે જાણવું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવોમાંથી કયા જીવો તીર્થંકર થાય કે ન થાય તે વિષયનું નિરૂપણ છે. પ્રથમ ત્રણ નરકના નૈરયિકો અને વૈમાનિક દેવોમાંથી નીકળી સીધા મનુષ્ય જન્મ પ્રાપ્ત કરનાર જીવો જ તીર્થંકર પદ પામી શકે છે. અન્ય સ્થાનેથી મનુષ્યમાં આવનારા જીવો તીર્થંકરપદ પામી શકતા નથી.

રત્નપ્રભાદિ ત્રણ નરક પૃથ્વીના જે નારકી તથા વૈમાનિક દેવોએ પૂર્વભવમાં તીર્થંકર નામકર્મનો બંધ કર્યો હોય, અને તે બંધાયેલું કર્મ ઉદયમાં આવ્યું હોય, તે જ રીતે જીવો તીર્થંકરપદ પ્રાપ્ત કરે છે અને જેણે પૂર્વે તીર્થંકર નામ કર્મનો બંધ જ કર્યો નથી અથવા બંધ કરવા છતાં જેનો ઉદય થયો નથી, તે તીર્થંકરપદ પામી શકતા નથી.

નારકી અને વૈમાનિક દેવભવ સિવાયના ભવમાંથી આવેલા મનુષ્યો તીર્થંકર પદ પામી શકતા નથી. તેમાંથી કેટલાક જીવો અંતક્રિયા કરી શકે છે, કેટલાક જીવો સર્વવિરતિ, દેશવિરતિ કે સમ્યક્ત્વને પામી શકે છે.

જેમકે ચોથી નરકમાંથી નીકળેલા જીવો સામાન્ય કેવળીપણે મોક્ષે જઈ શકે છે અર્થાત્ તેઓ અંતક્રિયા કરી શકે છે. પાંચમી નરકમાંથી નીકળેલા સર્વવિરતિ, છઠ્ઠી નરકમાંથી નીકળેલા દેશવિરતિ અને સાતમી નરકમાંથી નીકળેલા સમ્યક્ત્વ પામી શકે છે.

ભવનપતિ વ્યંતર, જ્યોતિષી દેવો, પૃથ્વી, પાણી, વનસ્પતિ, તિર્યંચપંચેન્દ્રિય અને મનુષ્ય ભવમાંથી નીકળીને આવેલા મનુષ્યો તીર્થંકર પદ પામી શકતા નથી પરંતુ અંતક્રિયા કરી શકે છે. તેઉકાય અને વાયુકાયના જીવો મરીને મનુષ્ય જન્મ જ પ્રાપ્ત કરી શકતા નથી. ત્રણ વિકલેન્દ્રિય જીવો મરીને, મનુષ્ય જન્મ પામે છે પરંતુ તે જીવો અંતક્રિયા કરી શકતા નથી, તેમ છતાં સર્વવિરતિ ધારણ કરી શકે છે.

**बद्धाइं... :– बद्धाइं** સૂતરથી બંધાયેલા સોયના ઢગલાની જેમ આત્માની સાથે તીર્થંકર નામ ગોત્ર આદિ કર્મોનો સાધારણ સંયોગ થાય તે 'બદ્ધ' કર્મ કહેવાય છે. **पुट्ठाइं**– અગ્નિમાં તપાવ્યા પછી ઘણ વડે ટીપેલા સોયના જથ્થાની જેમ 'સ્પૃષ્ટ' (સ્પર્શ્યા) હોય, **निधत्ताइं** ઉદ્વર્ત્તનાકરણ અને અપવર્ત્તનાકરણ સિવાયના શેષ કરણ જેમાં લાગુ ન પડે – તેવી રીતે કર્મોને વ્યવસ્થાપિત કરવા 'નિધત્ત' છે. **कडाइं**– કૃતકર્મોને નિકાચિત– સર્વ કરણોને અયોગ્ય કર્યા હોય, **पट्ठवियाइं**– મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્તા, સુભગ, આદેય, યશઃકીર્તિ નામ કર્મ વગેરે નામકર્મની અન્ય પ્રકૃતિઓના ઉદય સાથે કર્મોને પ્રસ્થાપિત કર્યા હોય, **णिविट्ठाइं**– નિર્વિષ્ટ બદ્ધ કર્મોને તીવ્ર વિપાકજનક કર્યા હોય, **अभिनिविट्ठाइं**– અભિનિવિષ્ટ બદ્ધ કર્મોને વિશુદ્ધ, વિશુદ્ધતર અધ્યવસાયથી અતિ તીવ્ર વિપાકજનક કર્યા હોય, **अभिसमन्नागयाइं**– બદ્ધ કર્મોને ઉદયાભિમુખ કરેલા હોય, **उदिण्णाइं**– કર્મોને વિપાકોદયને પ્રાપ્ત કરેલા હોય, કર્મ પોતાના ફળનું વેદન

કરાવે તેને ઉદયપ્રાપ્ત કહે છે. **णो उवसंताइं**– કર્મોને ઉપશાંત ન કરવા તેના અહીં બે અર્થ છે– (૧) કર્મબંધનો સર્વથા અભાવ થયો ન હોય, (૨) નિકાચિત આદિ અવસ્થાથી રહિત ન કર્યા હોય.

**(૬) ચક્રવર્તી દ્વાર :-**

**૪૬ रयणप्पभापुढविणेरइए णं भंते ! अणंतरं उव्वट्टित्ता चक्कवट्टित्तं लभेज्जा ? गोयमा! अत्थेगइए लभेज्जा, अत्थेगइए णो लभेज्जा । से केणट्ठेणं भंते । एवं वुच्चइ ? गोयमा ! जहा रयणप्पभापुढविणेरइयस्स तित्थयरत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક નરકમાંથી નીકળીને શું ચક્રવર્તીપદ પ્રાપ્ત કરી શકે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! કેટલાક જીવો ચક્રવર્તી પદ પ્રાપ્ત કરે છે અને કેટલાક પ્રાપ્ત કરતા નથી.

**પ્રશ્ન**– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કેટલાક જીવો ચક્રવર્તી પદ પામે છે અને કેટલાક જીવો પામતા નથી ? **ઉત્તર**– હે ગૌતમ ! જેવી રીતે રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોના તીર્થંકરપદ પ્રાપ્તિના વિષયમાં કથન કર્યું છે, તે જ રીતે અહીં ચક્રવર્તીપદ પ્રાપ્તિ માટે સમજી લેવું જોઈએ.

**૪૭ सक्करप्पभापुढविणेरइए णं भंते ! अणंतरं उव्वट्टित्ता चक्कवट्टित्तं लभेज्जा ? गोयमा णो इणट्ठे समट्ठे । एवं** *जाव* **अहेसत्तमापुढविणेरइए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! શું શર્કરાપ્રભાપૃથ્વીના નૈરયિક નરકમાંથી નીકળીને ચક્રવર્તીપદ પામે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તે શક્ય નથી. આ જ રીતે સાતમી અધઃસપ્તમ પૃથ્વીના નૈરયિક સુધી જાણવું જોઈએ.

**૪૮ तिरिय-मणुएहिंतो णं भंते ! अणंतरं उव्वट्टित्ता चक्कवट्टित्तं लभेज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! શું તિર્યંચયોનિકો અને મનુષ્યો પોત-પોતાના ભવમાંથી નીકળીને મનુષ્યભવ પામીને ચક્રવર્તીપદ પ્રાપ્ત કરે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તે શક્ય નથી.

**૪૯ भवणवइ-वाणमंतर-जोइसिय-वेमाणिएहिंतो णं भंते ! अणंतर उव्वट्टित्ता चक्कवट्टित्तं लभेज्जा? गोयमा ! अत्थेगइए लभेज्जा, अत्थेगइए णो लभेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! શું ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવ પોત-પોતાના ભવમાંથી નીકળીને મનુષ્યભવ પામીને ચક્રવર્તીપદ પામે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! કેટલાક ચક્રવર્તીપદ પામે છે અને કેટલાક પામતા નથી.

**વિવેચન :-**

પ્રસ્તુત સાતમાં દ્વારમાં ૨૪ દંડકના જીવોને ચક્રવર્તીપદ પ્રાપ્તિની વિચારણા કરવામાં આવી છે.

પ્રથમ નરકના નારકી તથા ચારે ય પ્રકારના દેવો, પોત-પોતાના ભવમાંથી નીકળીને મનુષ્ય ભવ પામી ચક્રવર્તી પદને પ્રાપ્ત કરે છે. શેષ સ્થાનોથી નીકળીને મનુષ્ય ભવને પ્રાપ્ત કરનારા કોઈપણ જીવો ચક્રવર્તીપદ પામતા નથી.

**जहा रयणप्पभापुढवि णेरइयस्स तित्थगरत्ते... :–** અહીં ચક્રવર્તી પદ પ્રાપ્તિના કારણ દર્શાવવા માટે તીર્થંકર પદ પ્રાપ્તિના કથનનો અતિદેશ કર્યો છે. તેનું તાત્પર્ય એ છે કે જે નારકી દેવતા પોતપોતાના ભવમાંથી નીકળીને મનુષ્ય જન્મ પામે છે. તેમાંથી જે જીવોએ પૂર્વભવમાં તીર્થંકર નામકર્મની જેમ ચક્રવર્તી પદને યોગ્ય કર્મ બાંધ્યું હોય અને તે કર્મને સ્પૃષ્ટ, નિધત્ત, નિકાચિત કર્યું હોય તથા મનુષ્ય ભવમાં તે કર્મ ઉદયમાં આવી ગયું હોય અને તે કર્મ ઉપશાંત ન હોય, તો તે જીવ ચક્રવર્તીપદ પામી શકે છે અને જે જીવે પૂર્વભવમાં તથાપ્રકારના નામકર્મનો બંધાદિ ન કર્યો હોય, અથવા તે કર્મ ઉદયમાં ન આવ્યું હોય, તો તે જીવો ચક્રવર્તી પદ પામી શકતા નથી.

નામકર્મની ઉત્તર પ્રકૃતિઓમાં એક પ્રકૃતિ તીર્થંકર નામકર્મ છે પરંતુ ચક્રવર્તી નામકર્મ નામની પ્રકૃતિ નથી. તેથી ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ આદિ ઉત્તમ પદવીને યોગ્ય નામકર્મ તીર્થંકર નામકર્મની અંતર્ગત છે, તીર્થંકર નામકર્મના દલિકોની અને તેના તીવ્ર–મંદાદિ રસની તરતમતાથી ઉત્તમ પદવીઓ પ્રાપ્ત થાય છે.

પ્રસ્તુત સૂત્રોમાં સૂત્રકારે સમુચ્ચય ચારે જાતિના દેવોનું કથન કર્યું છે. તેમાં પરમાધામી અને કિલ્વીષી દેવો એકાંત મિથ્યાત્વી છે. મિથ્યાત્વી જીવો મરીને કોઈપણ શ્રેષ્ઠ પદવી પ્રાપ્ત કરી શકતા નથી. તેથી ચારે જાતિના ૯૯ પ્રકારના દેવોમાંથી પંદર પરમાધામી દેવો અને ત્રણ કિલ્વીષી, આ અઢાર જાતિના દેવોને છોડીને કુલ ૮૧ જાતિના દેવો અને પ્રથમ નરકના નારકી, આ ૮૨ ભેદના જીવો મરીને ચક્રવર્તી પદને પામે છે.

**(૭) બળદેવ દ્વાર :–**

**૫૦ एवं बलदेवत्तं पि, णवरं- सक्करप्पभापुढविणेरइए वि लभेज्जा ।**

**ભાવાર્થ :–** આ જ રીતે(ચક્રવર્તી પદની જેમ) બળદેવપદના વિષયમાં પણ સમજી લેવું જોઈએ. તેમાં વિશેષતા એ છે કે શર્કરાપ્રભાપૃથ્વી(બીજી નરક)ના નૈરયિક પણ બળદેવપણું પામી શકે છે.

**વિવેચન :–**

પ્રથમ બે નરકના નારકી અને પૂર્વવત્ ૮૧ પ્રકારના દેવો કુલ ૮૩ ભેદના જીવો મરીને મનુષ્યભવમાં આવીનુે બળદેવ પદને પામી શકે છે.

**(૮) વાસુદેવ દ્વાર :–**

**૫૧ एवं वासुदेवत्तं दोहिंतो पुढवीहिंतो वेमाणिएहिंतो य अणुत्तरोववाइय-वज्जेहिंतो । सेसेसु णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :–** આ જ રીતે બે નરકમાંથી અને અનુત્તરૌપપાતિક દેવોને છોડીને શેષ વૈમાનિક દેવોમાંથી નીકળીને મનુષ્ય જન્મ પામીને જીવો વાસુદેવ પદ પામે છે. શેષ જીવો વાસુદેવ પદ પામી શકતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં વાસુદેવની આગતિનું નિરૂપણ છે. પાંચ અનુત્તર વિમાનના દેવોને છોડીને ૧૨ દેવલોક નવ લોકાંતિક અને નવગ્રૈવેયક, આ ૩૦ ભેદ વૈમાનિક દેવના અને પ્રથમ બે નરકના નારકી, કુલ ૩૨ પ્રકારના જીવો મરીને મનુષ્યભવમાં વાસુદેવ પદને પ્રાપ્ત કરી શકે છે. અન્ય સ્થાનમાંથી આવેલા

મનુષ્યો વાસુદેવ પદને પામી શકતા નથી.

**वेमाणिएहिंतो य अणुत्तरोववाइय वज्जेहिंतो...** અનુત્તર વિમાનમાંથી આવેલા મનુષ્યો વાસુદેવ પદને પામી શકતા નથી. વાસુદેવોની ગતિ ૭ નરકની છે અને અનુત્તર વિમાનમાંથી આવેલા જીવ નરકમાં જતા નથી માટે વાસુદેવની આગતિમાં અનુત્તર વિમાનના દેવોને ટાળી દીધા છે. અહીં વૈમાનિકનું જ કથન હોવાથી ભવનપતિ વ્યંતર અને જ્યોતિષી દેવોનું સ્વતઃ નિષેધ થઈ જાય છે અને વૈમાનિકમાં સમુચ્ચય રીતે અનુત્તર વિમાનના દેવોનું નિષેધ છે, તોપણ કિલ્વિષી દેવોનો નિષેધ સમજી લેવો જોઈએ, કારણ કે તે જીવો કોઈ પણ શ્રેષ્ઠ પદવી પામતા નથી.

**(૯) માંડલિક દ્વાર :–**

**૫૨ मंडलियत्तं अहेसत्तमा-तेउ-वाउवज्जेहिंतो ।**

**ભાવાર્થ :–** સાતમી અધઃસપ્તમ નરક પૃથ્વીના નૈરયિકો તથા તેજસ્કાયિક, વાયુકાયિકોને છોડીને શેષ સર્વ સ્થાનમાંથી નીકળીને મનુષ્ય જન્મને પ્રાપ્ત કરનાર જીવો માંડલિક રાજા(કોઈપણ એક દેશના રાજ)નું પદ પામી શકે છે.

**વિવેચન :–**

સાતમી નરક, તેઉકાય અને વાયુકાય આ ત્રણ સ્થાનેથી નીકળેલા જીવો મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી શકતા નથી, તેથી તે જીવો માંડલિક પદવી પામી શકતા નથી. તે સિવાયના શેષ સર્વ જીવો મનુષ્ય જન્મ પામીને માંડલિક રાજાનું પદ પામી શકે છે. અહીં પણ પરમાધામી અને ત્રણ કિલ્વિષી દેવોનો નિષેધ સમજી લેવો જોઈએ.

**(૧૦) ચૌદ રત્ન દ્વાર :–**

**૫૩ सेणावइरयणत्तं गाहावइरयणत्तं वड्ढइरयणत्तं पुरोहियरयणत्तं इत्थिरयणत्तं च एवं चेव, णवरं अणुत्तरोववाइयवज्जेहिंतो ।**

**ભાવાર્થ :–** સેનાપતિરત્નપદ, ગાથાપતિરત્નપદ, વાર્ધિકીરત્નપદ, પુરોહિતરત્ન અને સ્ત્રીરત્નના પદની પ્રાપ્તિના સંબંધમાં પણ આ જ પ્રમાણે(માંડલિક પદ જેમ) જાણવું જોઈએ. વિશેષતા માત્ર એ છે કે અનુત્તરૌપપાતિક દેવો સેનાપતિરત્ન આદિ પદ પામતા નથી.

**૫૪ आसरयणत्तं हत्थिरयणत्तं च रयणप्पभाओ णिरंतरं** *जाव* **सहस्सारो अत्थेगइए लभेज्जा, अत्थेगइए णो लभेज्जा ।**

**ભાવાર્થ :–** રત્નપ્રભાપૃથ્વીથી લઈ સહસ્રાર દેવલોકના દેવો સુધીના જીવોમાંથી કેટલાક જીવો અશ્વરત્ન તથા હસ્તિરત્નપદને પામે છે અને કેટલાક જીવો પામતા નથી અર્થાત્ નવમા દેવલોકથી અનુત્તર વિમાન સુધીના દેવોને છોડીને શેષ સર્વ જીવો માંડલિક પદની જેમ આ બે પદવી પામી શકે છે.

**૫૫ चक्करयणत्तं छत्तरयणत्तं चम्मरयणत्तं दंडरयणत्तं असिरयणत्तं मणिरयणत्तं कागिणि-**

**रयणत्तं एतेसि णं असुरकुमारेहिंतो आरद्धं णिरंतरं** *जाव* **ईसाणेहिंतो उववाओ, सेसेहिंतो णो इणट्ठे समट्ठे।**

**ભાવાર્થ :–** ચક્રરત્ન, છત્રરત્ન, ચર્મરત્ન, દંડરત્ન, અસિરત્ન, મણિરત્ન અને કાકિણીરત્ન આદિ સાત એકેન્દ્રિય રત્નોમાં અસુરકુમાર ***યાવત્*** ઈશાનકલ્પના દેવો સુધીના કોઈ પણ જીવો ઉત્પન્ન થઈ શકે છે, શેષ ભવોમાંથી આવેલાં જીવોમાં સાત એકેન્દ્રિયરત્ન થવાની યોગ્યતા હોતી નથી અર્થાત્ સાતે ય નારકી અને ત્રીજા દેવલોકથી ઉપરના દેવો આ સાત રત્નોપણે ઉત્પન્ન થતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચક્રવર્તીના ચૌદ રત્નની આગતિનું વિધિ-નિષેધપૂર્વક વર્ણન છે.

**સાત પંચેન્દ્રિય રત્નની આગતિ :–** ચક્રવર્તીના ચૌદ રત્નમાંથી સેનાપતિ, ગાથાપતિ, પુરોહિત, વાર્ધકી અને સ્ત્રીરત્ન તે પાંચ રત્ન પંચેન્દ્રિય મનુષ્ય છે.

સાતમી નરકના નારકી, તેઉકાય, વાયુકાય અને અનુત્તરૌપપાતિક દેવોને છોડીને શેષ ચારે ગતિના જીવોમાંથી જે જીવો મનુષ્ય જન્મ ધારણ કરવાને યોગ્ય છે, તેવા ૧ થી ૬ નરકના નારકી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી દેવો તથા અનુત્તર વિમાનના દેવોને છોડીને શેષ વૈમાનિક દેવો, પૃથ્વી, પાણી, વનસ્પતિ, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય મરીને સેનાપતિરત્ન આદિ પાંચરત્નપણે જન્મ પામી શકે છે.

**અશ્વરત્ન અને હસ્તિરત્ન :–** આ બે રત્ન પંચેન્દ્રિય તિર્યંચ છે. વૈમાનિક દેવોમાંથી નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાન સુધીના દેવોને છોડીને શેષ ચારે ગતિના જીવો આ પદવી પામી શકે છે. કારણ કે નવમાં દેવલોકથી ઉપરના દેવલોકના દેવો એક મનુષ્ય ગતિમાં જ જન્મ ધારણ કરે છે તેથી તે દેવો અશ્વરત્ન કે હસ્તિરત્ન તે બંને તિર્યંચગતિ સંબંધિત રત્ન અવસ્થાને પામી શકતા નથી.

**સાત એકેન્દ્રિય રત્નની આગતિ :–** ચૌદ રત્નમાંથી ચક્રરત્ન આદિ સાત એકેન્દ્રિય છે તેથી એકેન્દ્રિયની આગતિ પ્રમાણે તેની આગતિ થાય છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને પહેલા, બીજા દેવલોકના વૈમાનિક દેવો મરીને એકેન્દ્રિય રત્નમાં ઉત્પન્ન થઈ શકે છે. સાતે નરકના નારકી કે ત્રીજા દેવલોકથી લઈને ઉપરના સર્વ દેવો મૃત્યુ પામીને એકેન્દ્રિયમાં ઉત્પન્ન થતા ન હોવાથી તે સાત એકેન્દ્રિયરત્નમાં ઉત્પન્ન થતા નથી.

તે ઉપરાંત મનુષ્ય અને તિર્યંચગતિના જીવોમાંથી એકેન્દ્રિયમાં ઉત્પન્ન થવા યોગ્ય જીવો પણ સાત એકેન્દ્રિય રત્નની પદવી પામી શકે છે.

**ભવ્ય-દ્રવ્યદેવાદિનો ઉપપાત :–**

**૫૬ अह भंते! असंजयभवियदव्वदेवाणं अविराहियसंजयमाणं विराहियसंजमाणं अविराहिय-संजमासंजमाणं विराहियसंजमासंजमाणं असण्णीणं तावसाणं कंदप्पियाणं चरग-परिव्वायगाणं किव्विसियाणं तिरिच्छियाणं आजीवियाणं आभिओगियाणं सलिंगीणं दंसणवावण्णगाणं देवलोगेसु उववज्जमाणाणं कस्स कहिं उववाओ पण्णत्तो ?**

**गोयमा ! अस्संजयभवियदव्वदेवाणं जहण्णेणं भवणवासीसु उक्कोसेणं**

**उवरिमगेवेज्जगेसु, अविराहियसंजमाणं जहण्णेणं सोहम्मे कप्पे उक्कोसेणं सव्वट्ठसिद्धे। विराहियसंजमाणं जहण्णेणं भवणवासीसु, उक्कोसेणं सोहम्मे कप्पे, अविराहियसंजमा-संजमाणं जहण्णेणं सोहम्मे कप्पे, उक्कोसेणं अच्चुए कप्पे, विराहियसंजमासंजमाणं जहण्णेणं भवणवासीसु उक्कोसेणं जोइसिएसु । असण्णीणं जहण्णेणं भवणवासीसु उक्कोसेणं वाणमंतरेसु। तावसाणं जहण्णेणं भवणवासीसु उक्कोसेणं जोइसिएसु । कंदप्पियाणं जहण्णेणं भवण- वासीसु, उक्कोसेणं सोहम्मे कप्पे, चरग-परिव्वायगाणं जहण्णेणं भवणवासीसु उक्कोसेणं बंभलोए कप्पे, किव्विसियाणं जहण्णेणं सोहम्मे कप्पे, उक्कोसेणं लंतए कप्पे । तेरिच्छियाणं जहण्णेणं भवणवासीसु, उक्कोसेणं सहस्सारे कप्पे । आजीवियाणं जहण्णेणं भवणवासीसु उक्कोसेणं अच्चुए कप्पे । एवं आभिओगाण वि । सलिंगीणं दंसणवावण्णगाणं जहण्णेणं भवणवासीसु, उक्कोसेणं उवरिमगेवेज्जएसु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસંયત ભવિક દ્રવ્યદેવ, જેઓએ સંયમની વિરાધના કરી નથી તેવા આરાધક સંયમી જેઓએ સંયમની વિરાધના કરી છે તેવા વિરાધકસંયમી, જેઓએ દેશવિરતિપણાની આરાધના કરી છે તેવા આરાધક શ્રાવક, જેઓએ દેશવિરતિપણાની વિરાધના કરી છે તેવા વિરાધક શ્રાવક, અસંજ્ઞી, તાપસ, કાન્દર્પિક, ચરક-પરિવ્રાજક, કિલ્વિષિક, તિર્યંચ–ગાય આદિ, આજીવિક મતાનુયાયી, આભિયોગિક(વિદ્યા, મંત્ર, તંત્રઆદિ કરનાર શ્રમણ), સ્વલિંગી(જિનાનુમત વેષવાળા) સાધુ જે સમ્યદર્શનથી પતિત થયેલા હોય તે જીવો, આ બધા દેવલોકમાં ઉત્પન્ન થાય તો ક્યાં-ક્યાં ઉત્પન્ન થઈ શકે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસંયત ભવિક દ્રવ્યદેવની ઉત્પત્તિ જઘન્ય ભવનવાસી અને ઉત્કૃષ્ટ નવમા ગ્રૈવેયક દેવોમાં થઈ શકે છે. જેઓએ સંયમની વિરાધના કરી નથી, એવા આરાધક સંયમીનો ઉપપાત જઘન્ય સૌધર્મકલ્પમાં અને ઉત્કૃષ્ટ સર્વાર્થસિદ્ધમાં થઈ શકે છે. સંયમના વિરાધકની ઉત્પત્તિ જઘન્ય ભવનપતિદેવોમાં અને ઉત્કૃષ્ટ સૌધર્મકલ્પમાં થાય છે. આરાધક શ્રાવકની ઉત્પત્તિ જઘન્ય સૌધર્મકલ્પમાં અને ઉત્કૃષ્ટ અચ્યુત દેવલોકમાં થાય છે. વિરાધક શ્રાવકની ઉત્પત્તિ જઘન્ય ભવનપતિદેવો અને ઉત્કૃષ્ટ જ્યોતિષ્કદેવોમાં થાય છે, અસંજ્ઞી જીવોની ઉત્પત્તિ જઘન્ય ભવનપતિ અને ઉત્કૃષ્ટ વાણવ્યંતરદેવોમાં થાય છે. તાપસોની ઉત્પત્તિ જઘન્ય ભવનપતિ અને ઉત્કૃષ્ટ જ્યોતિષ્ક દેવોમાં, કાન્દર્પિકોની ઉત્પત્તિ જઘન્ય ભવનપતિમાં અને ઉત્કૃષ્ટ સૌધર્મકલ્પમાં, ચરકપરિવ્રાજકની ઉત્પત્તિ જઘન્ય ભવનપતિ અને ઉત્કૃષ્ટ બ્રહ્મલોક કલ્પમાં, કિલ્વિષિકોની ઉત્પત્તિ જઘન્ય સૌધર્મકલ્પમાં અને ઉત્કૃષ્ટ લાંતકકલ્પમાં થાય છે. તિર્યંચોની ઉત્પત્તિ જઘન્ય ભવનપતિ અને ઉત્કૃષ્ટ સહસ્રારકલ્પમાં, આજીવિકોની ઉત્પત્તિ જઘન્ય ભવનપતિ અને ઉત્કૃષ્ટ અચ્યુતકલ્પમાં થાય છે. આ જ પ્રમાણે આભિયોગિક સાધકોની ઉત્પત્તિ પણ જઘન્ય ભવનપતિ અને ઉત્કૃષ્ટ અચ્યુતકલ્પમાં થાય છે. સ્વલિંગી દર્શન વ્યાપન્ન–સમકિતનું વમન કરેલા પડિવાઈ સમ્યગ્દષ્ટિ જિનાનુમત સાધુલિંગીની ઉત્પત્તિ જઘન્ય ભવનપતિ અને ઉત્કૃષ્ટ નવમા ગ્રૈવેયકદેવોમાં થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભવિષ્યમાં દેવગતિમાં ઉત્પન્ન થનારા વિવિધ સાધકોની ચર્ચા કરવામાં આવી છે.

**અસંયત ભવિક દ્રવ્યદેવ :–** જે ચારિત્રના પરિણામથી શૂન્ય છે તેને અસંયત કહે છે અને ભવિષ્યમાં જે દેવ થવાના છે તે ભવ્ય દ્રવ્ય દેવ કહેવાય છે અર્થાત્ ચારિત્રના પરિણામ રહિત દેવ થવા યોગ્ય જીવને અસંયત ભવ્ય દ્રવ્ય દેવ કહે છે. તેમાં એકથી ચાર ગુણસ્થાનવર્તી મનુષ્ય કે તિર્યંચનો સમાવેશ થાય છે. ભવનપતિથી બાર દેવલોક પર્યંત ઉત્પન્ન થનારા જીવોમાં વિવિધ પ્રકારના દ્રવ્ય અને ભાવથી અસંયત–સંસારી જીવોનો સમાવેશ થાય છે અને નવ ગ્રૈવેયકમાં ઉત્પન્ન થનારા જીવોમાં દ્રવ્યથી સંયત અને ભાવથી અસંયત ભવ્ય કે અભવ્ય દ્રવ્યલિંગી સાધુનો સમાવેશ થાય છે. આ રીતે આ બોલ ઘણો વિશાળ છે. છઠ્ઠાથી ચૌદમા પ્રશ્ન પર્યંતના સર્વ જીવોનો આ બોલમાં સમાવેશ થઈ જાય છે. તેમ છતાં તે જીવો વિષયક વિશેષ સ્પષ્ટીકરણ માટે પ્રત્યેકના ભિન્ન ભન્ન પ્રશ્નોત્તર છે. સંક્ષેપમાં આત્મશુદ્ધિના લક્ષ્ય વિના, બાહ્ય ક્રિયાકાંડના પાલનથી, અકામ નિર્જરા કરી જે જીવોએ દેવભવમાં ગમન યોગ્ય યોગ્યતા પ્રાપ્ત કરી છે, તેને અસંયત ભવ્ય દેવ કહે છે.

**અવિરાધક સંયમી :–** જિનાજ્ઞા અનુસાર સંયમની આરાધના કરનાર અને સમ્યક્ત્વભાવમાં પરભવનું આયુષ્ય બાંધનાર શ્રમણ અવિરાધક કે આરાધક સંયમી કહેવાય છે.

**વિરાધક સંયમી :–** મહાવ્રતો ગ્રહણ કરી, તેનું સમ્યક્ પ્રકારે પાલન ન કરનાર અને મિથ્યાત્વભવમાં જ આયુષ્યને બાંધનાર શ્રમણ વિરાધક સંયમી કહેવાય છે.

**અવિરાધક સંયમાસંયમી :–** દેશવિરતિપણાને–શ્રાવકપણાને સ્વીકારી જીવનપર્યંત અખંડપણે તેનું પાલન કરનાર અને સમકિતમાં આયુષ્ય બાંધનાર આરાધક–અવિરાધક સંયમાસંયમી કહેવાય છે.

**વિરાધક સંયમાસંયમી :–** દેશવિરતિપણાને સ્વીકારીને સમ્યક્ પ્રકારે તેનું પાલન ન કરનાર અને મિથ્યાત્વમાં આયુષ્યને બાંધનાર વિરાધક સંયમાસંયમી કહેવાય છે.

**અસંજ્ઞી :–** જેને મનોલબ્ધિ ન હોય તેવા અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવ અકામ નિર્જરા કરીને દેવગતિમાં વ્યતંર સુધી જઈ શકે છે.

**તાપસ :–** વૃક્ષના પાન આદિનો આહાર કરીને ઉદર નિર્વાહ કરનાર બાલતપસ્વી. તે દેવગતિમાં જ્યોતિષી સુધી જાય છે.

**કાંદર્પિક :–** જે સાધુ હાસ્યશીલ હોય. ચારિત્રવેશમાં રહીને વિદૂષકની જેમ અનેક ચેષ્ટાઓ કરે તે કાંદર્પિક સાધુ કહેવાય. તે પહેલા દેવલોક સુધી જાય છે.

**ચરમ પરિવ્રાજક :–** ગેરુ રંગના અને ભગવા રંગના વસ્ત્ર પહેરીને ભિક્ષા દ્વારા આજીવિકા કરનારા ત્રિદંડી, કુચ્છોટક આદિ અથવા કપિલ ઋષિના શિષ્ય. અંબડ પરિવ્રાજક વગેરે. તે પાંચમા દેવલોક સુધી જાય છે.

**કિલ્વિષિક :–** જે સાધુ વ્યવહારથી ચારિત્રવાન હોવા છતાં જ્ઞાની, કેવલી, ધર્માચાર્ય અને સર્વ સાધુઓના અવર્ણવાદ બોલે અને પાપમય ભાવનાયુક્ત હોય તે કિલ્વિષિક છે. તે છઠ્ઠા દેવલોક સુધી જાય છે.

**તિર્યંચ :–** દેશવિરતિ–શ્રાવક વ્રતનું પાલન કરનારા ઘોડા, ગાય આદિ. જેમ નંદમણિયારનો જીવ દેડકાના

ભવમાં હતો ત્યારે શ્રાવકવ્રતી હતો. તે સિવાય શુભ પરિણામોમાં આયુષ્યનો બંધ કરનારા અવ્રતી સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવ પણ ઉત્કૃષ્ટ આઠમા દેવલોક સુધી જાય છે.

**આજીવિક :–** (૧) એક વિશેષ પ્રકારના પાષંડી (૨) નગ્ન રહેનાર ગોશાલકના શિષ્ય (૩) લબ્ધિ પ્રયોગથી અજ્ઞાની લોકો દ્વારા ખ્યાતિ, પૂજા–પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા તપ અને ચારિત્રનું આચરણ કરનાર (૪) અવિવેકી લોકોમાં ચમત્કાર બતાવી આજીવિકા ચલાવનાર. આ સર્વે તપ અને ચારિત્રના પ્રભાવે ઉત્કૃષ્ટ બારમાં દેવલોક સુધી જાય છે.

**આભિયોગિક :–** બીજાને વશ કરવા વિદ્યા–મંત્ર ચૂર્ણ આદિના પ્રયોગને આભિયોગ કહે છે. જે સાધુ વ્યહવારથી સંયમનું પાલન કરતા હોવા છતાં પણ મંત્ર, તંત્ર, યંત્ર, ભૂતિકર્મ, પ્રશ્નાપ્રશ્ન, નિમિત્ત, ચૂર્ણ આદિના પ્રયોગથી અન્યને આકર્ષિત કરે, વશીભૂત કરે તેને આભિયોગિક કહે છે. તે તપના પ્રભાવે ઉત્કૃષ્ટ બારમા દેવલોક સુધી જાય છે.

**દર્શન રહિત સ્વલિંગી :–** શુદ્ધ સમકિતનો જેનામાં અભાવ છે. સાધ્વાચાર અને સ્વલિંગનો જેનામાં સદ્‌ભાવ છે. તેવા ભવી કે અભવી જીવ સ્વલિંગી દર્શન વ્યાપન્નક (દર્શન–શ્રદ્ધા રહિત) કહેવાય છે. તે વ્યવહારથી ક્રિયાના વિરાધક હોય તો જઘન્ય ભવનપતિમાં જાય છે અને વ્યવહારથી ક્રિયાના આરાધક હોય તો ઉત્કૃષ્ટ નવ ગ્રૈવેયક સુધી જાય છે.

| ક્રમ | જીવ નામ | જઘન્યતઃ | ઉત્કૃષ્ટતઃ |
|---|---|---|---|
| ૧ | અસંયત ભવિક દ્રવ્ય દેવ | ભવનપતિમાં | ઉપરના ગ્રૈવેયકમાં |
| ૨ | અવિરાધક(આરાધક) સંયમી | સૌધર્મકલ્પમાં | સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં |
| ૩ | વિરાધક સંયમી | ભવનપતિમાં | સૌધર્મ કલ્પમાં |
| ૪ | અવિરાધક(આરાધક) સંયમાસંયમી | સૌધર્મકલ્પમાં | અચ્યુત દેવલોકમાં |
| ૫ | વિરાધક સંયમાસંયમી | ભવનપતિમાં | જ્યોતિષી દેવમાં |
| ૬ | અસંજ્ઞી જીવ | ભવનપતિમાં | વાણવ્યંતરમાં |
| ૭ | તાપસો | ભવનપતિમાં | જ્યોતિષી દેવમાં |
| ૮ | કાન્દર્પિકો | ભવનપતિમાં | સૌધર્મકલ્પમાં |
| ૯ | ચરક પરિવ્રાજક | ભવનપતિમાં | બ્રહ્મલોક કલ્પમાં |
| ૧૦ | કિલ્વિષિકો | ભવનપતિમાં | લાંતક કલ્પમાં |
| ૧૧ | તિર્યંચો | ભવનપતિમાં | સહસ્રાર કલ્પમાં |
| ૧૨ | આજીવિકો | ભવનપતિમાં | અચ્યુત કલ્પમાં |
| ૧૩ | આભિયોગિક | ભવનપતિમાં | અચ્યુત કલ્પમાં |
| ૧૪ | દર્શનભ્રષ્ટ સલિંગી | ભવનપતિમાં | ઉપરના ગ્રૈવેયકમાં |

ઉપરોક્ત ૧૪ પ્રકારના જીવોમાંથી અસંયત ભવિક દ્રવ્યદેવ, આરાધક સંયમી અને આરાધક શ્રાવક નિશ્ચિતરૂપે દેવગતિમાં જ જાય છે. શેષ જીવો જે પરિણામોમાં આયુષ્યનો બંધ કરે તે અનુસાર ચારે

ગતિમાં જઈ શકે છે પરંતુ જો દેવ ગતિમાં જાય, તો પ્રસ્તુત સૂત્રાનુસાર દેવોમાં જઈ શકે છે.

**અસંજ્ઞી-આયુષ્ય :–**

**૫૭ कइविहे णं भंते ! असण्णिआउए पण्णत्ते ? गोयमा ! चउव्विहे असण्णिआउए पण्णत्ते, तं जहा- णेरइयअसण्णिआउए** *जाव* **देवअसण्णिआउए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસંજ્ઞી આયુષ્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસંજ્ઞી આયુષ્યના ચાર પ્રકાર છે. તે આ પ્રમાણે છે– નૈરયિક અસંજ્ઞી આયુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય અસંજ્ઞી આયુષ્ય, મનુષ્ય અસંજ્ઞી આયુષ્ય અને દેવ અસંજ્ઞી આયુષ્ય.

**૫૮ असण्णी णं भंते ! जीवे किं णेरइयाउयं** *जाव* **देवाउयं पकरेइ ।**

**गोयमा ! णेरइयायउयं पकरेइ** *जाव* **देवाउयं पकरेइ । णेरइयाउयं पकरेमाणे जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागं पकरेइ । तिरिक्खजोणियाउयं पकरेमाणे जहणेणं अंतोमुहुत्तं उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागं पकरेइ । एवं मणुयाउयं पि, देवाउयं जहा णेरइयाउयं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અસંજ્ઞી જીવ નૈરયિકનું આયુષ્ય બાંધે છે ***યાવત્*** શું દેવાયુષ્ય બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે નૈરયિકનું આયુષ્ય પણ બાંધે છે **યાવત્** દેવાયુનો પણ બંધ કરે છે. નરકાયુનો બંધ કરતો અસંજ્ઞી જીવ દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું આયુષ્ય બાંધે છે. તિર્યંચયોનિક આયુષ્યનો બંધ કરે, તો તે જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું આયુષ્ય બાંધે છે. આ જ રીતે મનુષ્યાયુષ્યનો બંધ કરે છે અને દેવાયુષ્યનો બંધ નૈરયિકની સમાન કરે છે.

**૫૯ एयस्स णं भंते! णेरइयअसण्णिआउयस्स** *जाव* **देवअसण्णिआउयस्स य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा, तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा! सव्वत्थोवे देवअसण्णिआउए, मणुयअसण्णिआउए असंखेज्जगुणे, तिरिक्ख- जोणियअसण्णिआउए असंखेज्जगुणे, णेरइयअसण्णिआउए असंखिज्जगुणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક અસંજ્ઞી આયુષ્ય ***યાવત્*** દેવ અસંજ્ઞી આયુષ્યમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડો દેવ અસંજ્ઞી આયુષ્ય છે, તેનાથી મનુષ્ય અસંજ્ઞી આયુષ્ય અસંખ્યાતગુણુ છે, તેનાથી તિર્યંચ યોનિક અસંજ્ઞી આયુષ્ય અસંખ્યાતગુણુ છે અને તેનાથી નૈરયિક અસંજ્ઞી આયુષ્ય અસંખ્યાતગુણું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ત્રણ સૂત્રોમાં અસંજ્ઞી આયુષ્યના પ્રકાર, તેની સ્થિતિ અને અલ્પબહુત્વનું નિરૂપણ કર્યું છે.

**અસંજ્ઞી આયુષ્ય :–** વર્તમાન ભવમાં જે જીવ વિશિષ્ટ સંજ્ઞાથી તેમજ મનોલબ્ધિથી રહિત છે તેને અસંજ્ઞી

કહે છે. તે જીવ પરલોકને યોગ્ય જે આયુષ્ય બાંધે તેને અસંજ્ઞી આયુષ્ય કહે છે.

**અસંજ્ઞી જીવો દ્વારા આયુષ્યનું ઉપાર્જન અથવા વેદન :–** અસંજ્ઞીને મનોલબ્ધિ વિકસિત ન હોવાથી તેને સારા-ખરાબનો વિવેક નથી. પરંતુ તેના આંતરિક અધ્યવસાયથી તે ચારે ગતિનું આયુષ્ય બાંધી શકે છે. અસંજ્ઞીએ બાંધેલા આયુષ્યને અસંજ્ઞી આયુષ્ય કહે છે. અસંજ્ઞી જીવ નરકાયુનો કે દેવાયુનો બંધ કરે તો જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું આયુષ્ય બાંધે છે. તેઓ નરકાયુનો બંધ કરે તો પ્રથમ નરકનો બંધ કરે છે, દેવાયુનો બંધ કરે તો ભવનપતિ કે વાણવ્યંતર જાતિની દેવગતિનો બંધ કરે છે.

તિર્યંચાયુ અને મનુષ્યાયુમાં જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનો બંધ કરે છે. ઉત્કૃષ્ટ આયુષ્ય બંધ યુગલિક તિર્યંચાયુ અને યુગલિક મનુષ્યાયુની અપેક્ષાએ સમજવો જોઈએ.

**અલ્પબહુત્વ :–** ચારે ગતિનું ઉત્કૃષ્ટ અસંજ્ઞી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. તેમ છતાં અલ્પબહુત્વમાં સર્વથી થોડું અસંજ્ઞી દેવાયુ કહ્યું છે. વ્યાખ્યાકારે તેનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું છે કે અસંજ્ઞી દેવાયુ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વનું જ છે. તેથી તે સર્વથી અલ્પ છે. ક્રોડપૂર્વ પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જ છે.

પલ્યોપમના અસંખ્યાતમા ભાગના અસંખ્યાત ભેદ છે. તેથી મનુષ્ય, તિર્યંચ અને નારકોનું અસંજ્ઞી આયુષ્ય ક્રમથી અસંખ્યગુણું છે. તે દરેક પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.

**જીવોને પદવી અને ૧૪ રત્નોની પ્રાપ્તિ :–**

**પદવી–૫** : તીર્થંકર ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ માંડલિક રાજા.

**પંચેન્દ્રિયરત્ન–૭** : સેનાપતિ, ગાથાપતિ, પુરોહિત, વાર્ધકી(અક્ષર) સ્ત્રીરત્ન, ગજરત્ન, અશ્વરત્ન

**એકેન્દ્રિયરત્ન–૭** : ચક્રરત્ન, છત્રરત્ન, ચર્મરત્ન, અસિરત્ન, મણિરત્ન, કાંગણીરત્ન, દંડરત્ન.

| આગત જીવ | ૫ પદવી | એકેન્દ્રિય રત્ન | પંચેન્દ્રિય રત્ન | વિશેષ |
|---|---|---|---|---|
| પ્રથમ નરકથી | ૫ | × | ૭ | એકેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી |
| બીજી નરકથી | ૪ | × | ૭ | ચક્રવર્તી તથા એકેન્દ્રિય રત્ન થતા નથી |
| ત્રીજી નરકથી | ૨ | × | ૭ | ચક્રવર્તી,બલદેવ,વાસુદેવ તથા એકે૦ થતા નથી |
| ચોથી નરકથી | ૧ | × | ૭ | માંડલિક રાજા થાય, એકેન્દ્રિય થતા નથી પંચેન્દ્રિય રત્ન થાય. |
| ૫–૬ નરકથી | ૧ | × | ૭ | માંડલિક રાજા થાય, એકે૦ રત્ન થતા નથી પંચેન્દ્રિય રત્ન થાય. |
| ૭મી નરકથી | × | × | ૨ | મનુષ્ય તથા એકેન્દ્રિયરત્ન થતા નથી તિર્યંચ પંચેન્દ્રિયની બે પદવી પામે. |
| ભવ૦ વ્યં૦ જ્યો૦ દેવો | ૩ | ૭ | ૭ | તીર્થંકર અને વાસુદેવ થતા નથી. |

| આગત જીવ | ૫ પદવી | એકેન્દ્રિય રત્ન | પંચેન્દ્રિય રત્ન | વિશેષ |
|---|---|---|---|---|
| ૧–૨ દેવલોકના દેવ | ૫ | ૭ | ૭ | સર્વ પદવી પામે, ૧૪ રત્ન થાય |
| ૩–૮ દેવલોકના દેવ | ૫ | × | ૭ | એકેન્દ્રિય થતા નથી |
| ૯ દેવલોકથી નવગ્રૈવેયક | ૫ | × | ૫ | એકેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિય થતા નથી |
| અનુત્તર વિમાન દેવ<br>ત્રણ સ્થાવર, વિકલેન્દ્રિય | ૪<br>૧ | ×<br>૭ | ×<br>૭ | વાસુદેવ થતા નથી, રત્ન થતા નથી.<br>માંડલિક રાજા થાય અને ચૌદ રત્ન થાય |
| તેઉકાય–વાયુકાય | × | ૭ | ૨ | મનુષ્ય થતા નથી, એકેન્દ્રિય રત્ન તથા ગજરત્ન, અશ્વરત્ન થાય |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૧ | ૭ | ૭ | માંડલિક રાજા અને ૧૪ રત્ન થાય |
| મનુષ્ય | ૧ | ૭ | ૭ | માંડલિક રાજા અને ૧૪ રત્ન થાય |
| ★ ભવ૦ = ભવનપતિ, વ્યં૦ = વ્યંતર, જયો૦ = જ્યોતિષી, ત્રણ સ્થાવર = પૃથ્વી, પાણી, વનસ્પતિ, એકે૦ = એકેન્દ્રિય અથવા એકેન્દ્રિય રત્ન . | | | | |

**॥ શ્રી પ્રજ્ઞાપના ભગવતીનું વીશમું અંતક્રિયા પદ સંપૂર્ણ ॥**

**॥ વીસમું પદ સંપૂર્ણ ॥**

**॥ શ્રી પન્નવણા સૂત્ર ભાગ–૨ સંપૂર્ણ ॥**

## પરિશિષ્ટ–૧ :

# વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા



| | વિષય | પૃષ્ટ | | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| | **પદ–૬** | | | ગતિ ચરમ આદિ | ૪૩ |
| અ | વિરહકાલ | ૫ | | **પદ–૧૧** | |
| | ચ્યવન | ૧૧ | | ભાષા | ૪૭ |
| | ઉદ્વર્તન | ૫ | | મંદકુમાર | ૫૩ |
| | ઉદ્વર્તન | ૪૨ | | પર્યાપ્તિકા ભાષા | ૬૦ |
| | સાંતર–નિરંતર ઉત્પત્તિ | ૧૫ | | અપર્યાપ્તિકા ભાષા | ૬૦ |
| | સ્વસ્થાન પરસ્થાન ઉત્પત્તિ | ૧૮ | | સત્યભાષાના દસ પ્રકાર | ૬૧ |
| | સંખ્યાત વર્ષાયુષ્ક | ૨૯ | | અસત્ય ભાષાના દસ પ્રકાર | ૬૨ |
| | કરોડ પૂર્વ વર્ષ | ૨૯ | | મિશ્ર ભાષાના દસ પ્રકાર | ૬૩ |
| | સંખ્યાત વર્ષાયુષ્ક | ૨૯ | | વ્યવહાર ભાષાના | ૬૩ |
| | સોપ ક્રમ આયુષ્ય | ૫૬ | | ભાષા વર્ગણા | ૭૩ |
| | નિરુપક્રમ આયુષ્ય | ૫૬ | | **ओगाहण वग्गणाओ** | ૭૮ |
| | નિધત્તાયુ | ૫૮ | | **ओगाहण वग्गणाओ** | ૮૦ |
| | નિષેધ રચના | ૫૮ | | ખંડ ભેદ | ૮૨ |
| | આકર્ષ | ૬૦ | | પ્રતર ભેદ | ૮૨ |
| | **आणमंति पाणमंति**આદિ | ૬૩ | | ચૂર્ણિકા ભેદ | ૮૨ |
| | સ્તોક | ૬૪ | | અનુતરિકા ભેદ | ૮૨ |
| | સંજ્ઞા(દસ સંજ્ઞા) | ૭૨ | | ઉત્કારિકા ભેદ | ૮૨ |
| | **ओसण्णं कारणं पडुच्च** | ૭૪ | | અધ્યાત્મ વચન | ૮૬ |
| | **संतइभावं पडुच्च** | ૭૪ | | ઉપનીત–અપનીત વચન | ૮૬ |
| | યોનિ | ૭૯ | | શરીર | ૯૦ |
| | અચિત્ત યોનિનું તાત્પર્ય | ૮૪ | | ઔદારિકાદિ પાંચે શરીર | ૮૦ |
| | સંવૃત્ત વિવૃત્ત યોનિ | ૮૬ | | બદ્ધ શરીર(બદ્ધેલક) | ૯૩ |
| | કૂર્મોન્નતા યોનિ | ૮૮ | | મુક્ત શરીર (મુક્કેલગ) | ૯૩ |
| | શંખાવર્તા યોનિ | ૮૮ | | વિષ્કંભ સૂચિ | ૧૦૦ |
| | વંશીપત્રા યોનિ | ૮૮ | | ક્રોધાદિ ચાર કષાય | ૧૩૮ |
| | **પદ–૧૦** | | | **खेत्त वत्थु सरीर उवहि** | ૧૪૦ |
| | ચરમ–અચરમ | ૨ | | ચય ઉપચય આદિ | ૧૪૪ |
| | અવક્તવ્ય | ૧૪ | | નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય આદિ | ૧૪૯ |

| | વિષય | પૃષ્ટ | | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| | ભાવિતાત્મા અણગાર | ૧૬૭ | | અંતક્રિયા | ૧૭૭ |
| | સંજ્ઞીભૂત–અસંજ્ઞીભૂત | ૧૭૦ | | અનંતરાગત અંતક્રિયા | ૧૭૯ |
| | **आगास थिग्गल** | ૧૭૪ | | પરંપરાગત અંતક્રિયા | ૧૭૯ |
| | અઢીદ્વીપનો વિસ્તાર(૪૫ લાખ યો.) | ૧૭૬ | | **अवट्टिता** | ૧૮૫ |
| | વ્યંજનાવગ્રહ | ૧૮૯ | | **केवलंबोहि** | ૧૮૫ |
| | અર્થાવગ્રહ | ૧૮૯ | | **सीलं, वयं वा** | ૧૮૫ |
| | ઈહા | ૨૭૦ | | **सिज्झेज्जा जुज्झेज्जादि** | ૧૮૫ |
| | અવાય | ૨૭૦ | | **जड्ढाइं पुट्ठाइं णिद्धत्ताइं** | ૧૯૪ |
| | ધારણા | ૨૭૮ | | અસંયત ભવિક દ્રવ્ય દેવ | ૨૦૧ |
| | **પદ ૧૬** | | | અવિરાધક સંયમી | ૨૦૧ |
| | પ્રયોગ | ૩ | | વિરાધક સંયમી | ૨૦૧ |
| | ઔદારિક આદિ પંદર પ્રયોગ | ૪ | | તાપસ | ૨૦૧ |
| | વિહાયોગતિ | ૩૩ | | કાંદર્પિક | ૨૦૧ |
| | બંધન વિમોચન ગતિ | ૩૪ | | ચરક પરિવ્રાજક | ૨૦૧ |
| | લેશ્યા | ૩૭ | | કિલ્વિષીક | ૨૦૧ |
| | દ્રવ્ય લેશ્યા | ૩૭ | | અજીવિક | ૨૦૧ |
| | ભાવ લેશ્યા | ૩૭ | | આભિયોગિક | ૨૦૧ |
| | ક્રિયા | ૪૭ | | દર્શન વ્યાપન્નક | ૨૦૧ |
| | સરાગ સંયત | ૪૬ | | અસંજ્ઞા આયુષ્ય | ૨૦૪ |
| | વીતરાગ સંયત | ૪૬ | | | |
| | અસંયત | ૪૬ | | | |
| | કાયાસ્થિતિ | ૧૧૮ | | | |
| | વનસ્પતિકાલ | ૧૨૨ | | | |
| | પુઢવીકાલ | ૧૩૫ | | | |
| | બાદરકાલ | ૧૩૫ | | | |
| | જ્ઞાની અજ્ઞાની | ૧૫૧ | | | |
| | સંયત અસંયતાદિ ચાર બોલ | ૧૫૬ | | | |
| | પરિત્ત | ૧૬૩ | | | |
| | કાય પરિત્તાદિ | ૧૬૩ | | | |
| | ચરમ અચરમ | ૧૬૯ | | | |
| | સમ્યગ્દષ્ટિ | ૧૭૩ | | | |
| | મિથ્યાદષ્ટિ | ૧૭૩ | | | |
| | મિશ્ર દષ્ટિ | ૧૭૩ | | | |


❖❖❖❖❖

## ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
## શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા
માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે
સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી
શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી
શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી

**શ્રુતાધાર**

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડૉ. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડૉ. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડૉ. ભારતી – ડૉ. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડૉ. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

- શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી,
  શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે — આકોલા
- શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી — આકોલા
- માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા — કોલ્હાપુર
- શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા — મુંબઈ
- માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા — મુંબઈ
- શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ — કલકત્તા

## શ્રુત સદસ્ય

- શ્રી પારિતોષ આર. શાહ — મુંબઈ
- શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ — મુંબઈ
- જૈન જાગૃતિ સેન્ટર — વાશી (મુંબઈ)
- શ્રી મુકુન્દ આર. શેઠ — મુંબઈ
- શ્રી કેતનભાઈ શાહ — મુંબઈ
- શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા — મુંબઈ
- શ્રી સુધીરભાઈ પી. શાહ — મુંબઈ
- શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા — મુંબઈ
- શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી
  હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી — કલકત્તા


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM
Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.
www.parasdham.org
www.jainaagam.org